بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا رَسُوۡلَ اللّٰہِ ﷺ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا حَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰہِ

કહેવાતા અહલે હદીષ, વહાબી, દેવબંદીઓના અક્રીદાની કુર્આન, હદીષથી રદ કરતી લાજવાબ કિતાબ....

જા અલ્ હક્ક

(હક્ક આવી ગયું અને બાતિલ ભાગ્યું)

લેખક

હકીમુલ ઉમ્મત, હઝરત મુફ્તી

અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

અનુવાદક

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(ખલીફા તાજુશરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

પ્રકાશક

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,
Web.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. :	આવૃત્તિ–૨	પ્રત : ૫૦૦
૧૦–ઝિલ હજ્જ	હિ.સ. ૧૪૪૦	ઓગસ્ટ–૨૦૧૯

Price : ₹ 320/-

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا رَسُوۡلَ اللّٰہِ ﷺ

وَعَلٰی آلِکَ وَاَصۡحَابِکَ یَا حَبِیۡبَ اللّٰہِ ﷺ

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન

કિતાબનું નામ : **જા અલ્ હક્ક**

લેખક : હકીમુલ ઉમ્મત, હઝરત મુફ્તી
અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

કંપોઝિંગ : સાદિક યાકૂબ પટેલ દયાદરવી
મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ ઈખરવી

પ્રુફ રીડિંગ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

આવૃત્તિ : બીજી ★ **નકલ :** ૫૦૦

કિંમત : **રૂા. ૩૨૦/-**

પ્રકાશન વર્ષ : ૧૦ ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૪૦
અંગ્રેજી તા. ૧૨/૦૮/૨૦૧૯, સોમવાર

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

C/o. ફયૂઝાને રઝાએ મંઝીલ, મુ.પો. **દયાદરા,**
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓફિસ), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ A/c. No. 34620100000303
Razvi Kitab Ghar IFSC Code : BARB0DAYADR
Mo. 9427464411 (PhonePe/Paytm)

❋ પ્રારંભિક વાત...	13
❋ ખુદાને ખાતર ઈન્સાફ કરશો !	13
❋ શરૂઆતના બે બોલ ...	21
❋ સૂચનાઓ	28
❋ પ્રાસ્તાવિક ચર્ચા	30
❋ તકલીદ (ઈમામની પયરવી)ની ચર્ચા	34
❋ તકલીદનો અર્થ અને તેનાં પ્રકારો	35
❋ કયા મસાઈલમાં તકલીદ કરવામાં આવે, કયામાં નહીં ?	38
❋ કોના પર તકલીદ વાજિબ છે ? કોના પર નહીં ?	39
❋ તકલીદ વાજિબ હોવાની દલીલોમાં	43
❋ મુફસ્સિરો તથા મોહદ્દિષોના કથનો	48
❋ બીજો ભાગ તકલીદે શખ્સીના બયાનમાં	50
❋ તકલીદ પર વાંધાઓ અને તેના જવાબો	53
❋ કયાસ વિશે અંતિમ ચર્ચા	61
❋ **ઈલ્મે ગયૂબની ચર્ચા**	65
❋ ગયબની વ્યાખ્યા અને તેના પ્રકારો	65
❋ જરૂરી ફાયદાકારક વાતો	67
❋ ઈલ્મ ગયબ વિશે અક્વીદો અને ઈલ્મે ગયબના મર્તબાઓ	70
❋ ઈલ્મે ગયબની સાબિતી વિશે ચર્ચા	71
❋ કુર્આની આયતોથી ઈલ્મે ગયબની સાબિતી	72
❋ ઈલ્મે ગયબ વિશે હદીષો	96
❋ ઈલ્મે ગયબના વિશે હદીષોની શરહ લખનારાઓનાં કથનો	104
❋ ઈલ્મે ગયબના વિશે ઉલમાએ ઉમ્મતના કથનોના બયાનમાં	107
❋ ઈલ્મે ગયબ વિશે વિરોધીઓનાં સમર્થન કરતાં કથનો	114
❋ ઈલ્મે ગયબ વિશે અકલી દલીલો તથા ઔલિયાના ઈલ્મે ગયબ વિશે	116
❋ **ઈલ્મે ગયબ પર વાંધાઓનું વર્ણન**	123
❋ વિરોધીઓ તરફથી કુર્આની આયતો વિશે	125

❋ ગયબના ઈન્કારમાં રજૂ કરેલી હદીષો	166
❋ ઈલ્મે ગયબની વિરૂધ્ધ ફકીહોનાં લખાણો	181
❋ ઈલ્મે ગયબ ઉપર બૌધ્ધિક વાંધાઓ	185
❋ હાઝિરો નાઝિરની ચર્ચા	**191**
❋ હાઝિરો નાઝિરના શાબ્દિક અને શરઈ અર્થની તેહકીક	191
❋ હાઝિરો નાઝિરની સાબિતી કુર્આની આયતોથી સાબિતી	**192**
❋ હાઝિરો નાઝિર હદીષોની રોશનીમાં	200
❋ હાઝિરો નાઝિરની સાબિતીમાં ફકીહો તથા ઉલમાનાં કથનો	204
❋ હાઝિરો નાઝિર વિશે વિરોધીઓની કિતાબોથી સાબિતી	213
❋ હાઝિરો નાઝિરની સાબિતીમાં બૌધ્ધિક દલીલો	215
❋ હાઝિરો નાઝિરના મસ્અલા પર વાંધાઓના જવાબો	**220**
❋ હુઝૂરને બશર તથા ભાઈ કહેવા વિશે ચર્ચા	**133**
❋ નબીની વ્યાખ્યા તથા તેમના દરજ્જાઓ	233
❋ નબીને બશર કે ભાઈ કહેવું હરામ !	236
❋ બશરીયતના મસ્અલામાં વાંધાઓના જવાબો	239
❋ યા રસૂલલ્લાહ ! પુકારવા વિશે	249
❋ નિદાએ ''યા રસૂલલ્લાહ !''ની સાબિતી	250
❋ 'યા રસૂલલ્લાહ !' પોકારવા સામે વાંધાઓના જવાબો	254
❋ ઔલિયા અલ્લાહથી મદદ માગવું કેવું ?	**264**
❋ ગૈરુલ્લાહથી મદદ માગવાની સાબિતી	264
❋ કુર્આની આયતોથી સાબિતી	264
❋ ઔલિયા અલ્લાહથી મદદ માગવા વિશે બૌધ્ધિક દલીલો	**278**
❋ ઔલિયા અલ્લાહથી મદદ માગવા બાબતે વાંધાઓ અને તેના જવાબો	**284**
❋ બિદઅતનો અર્થ અને તેના પ્રકારો	**292**
❋ બિદઅતનો અર્થ, તેના પ્રકારો તથા હુકમો	292

❋ બિદઅતના પ્રકારો અને તેના હુકમો	297
❋ બિદઅતના પ્રકારોની ઓળખ અને નિશાનીઓ	298
❋ આ વ્યાખ્યા તથા વિભાજન પર વાંધાઓ અને તેના જવાબો	302
❋ જરૂરી સૂચનો	309
❋ પ્રારંભિક વાત...	312
❋ પ્રસ્તાવના	315
❋ **કાનો સુધી હાથ ઉઠાવવા**	323
❋ કાનો સુધી હાથ ઉઠાવવા વિશે દલીલ	323
❋ બૌધ્ધિક દલીલો	326
❋ વાંધાઓ અને તેના જવાબો	326
❋ **ઢૂંટી નીચે હાથ બાંધવા સુન્નત છે**	329
❋ વાંધાઓ અને તેના જવાબો	332
❋ **નમાઝમાં 'બિસ્મિલ્લાહ' ધીમેથી પઢવું**	336
❋ બૌધ્ધિક દલીલો	339
❋ વાંધાઓ અને તેના જવાબો	339
❋ **ઈમામ પાછળ મુકતદી કિર્અત ન કરે**	343
❋ બૌધ્ધિક દલીલો	348
❋ વાંધાઓ અને તેના જવાબ	350
❋ **'આમીન' ધીરેથી કહેવી જોઈએ**	364
❋ વાંધાઓ અને તેના જવાબો	369
❋ **રફએ યદૈન કરવું (હાથો ઉઠાવવા) મના છે**	377
❋ વાંધાઓ અને તેના જવાબો	386
❋ અમારું એલાન !	388
❋ **ત્રણ તલાક વિશેનો હુકમ**	405
❋ પ્રસ્તાવના	405
❋ ત્રણ તલાક ત્રણ જ ગણાશે વિશે સાબિતી	408

❋ વિરોધીઓના વાંધાઓ અને તેના જવાબો	414
❋ **વિત્ર વાજિબ છે અને ત્રણ રકાત છે**	425
❋ વિત્ર વાજિબ હોવા વિશે હદીષો	425
❋ વિત્ર ત્રણ રકાત છે	427
❋ ત્રણ વિત્ર પર વાંધાઓ અને તેના જવાબો	431
❋ **કુનૂતે નાઝેલા પઢવી મના છે**	439
❋ કુનૂતે નાઝેલાના મસ્અલામાં વાંધાઓ તથા જવાબો	446
❋ વિત્રમાં દુઆએ કુનૂત હમેશાં પઢો	449
❋ **અત્તહિય્યાતમાં બેસવાની સ્થિતિ**	453
❋ અત્તહિય્યાતમાં બેઠક પર વાંધાઓ તથા જવાબો	457
❋ **વીસ રકાત તરાવીહ**	462
❋ વીસ રકાત તરાવીહની સાબિતી	462
❋ ૨૦ રકાત તરાવીહ પર વાંધાઓ અને જવાબો	468
❋ વહાબીઓને સવાલો	471
❋ અમારી માગણી	473
❋ **ખત્મે કુર્આન પર રોશની કરવી**	475
❋ મસ્જિદમાં રોશની કરવાની સાબિતી	475
❋ આ મસ્અલા પર વાંધાઓ અને જવાબો	479
❋ **શબીના પઢવો સવાબ છે**	487
❋ શબીનાની સાબિતી	484
❋ શબીના પર વાંધાઓ અને જવાબો	489
❋ **જમાઅતના સમયે ફજ્રની સુન્નત પઢવા વિશે**	494
❋ ફજરની સુન્નત વિશે વાંધાઓ તથા જવાબો	499
❋ **નમાઝો ભેગી કરવી મના છે**	504
❋ નમાઝો ભેગી કરવી મના છે	504
❋ મુસાફરની નમાઝ વિશે વાંધાઓ તથા જવાબો	509

❋ આપણે કરેલ અર્થનું સમર્થન	511
❋ **સફર (મુસાફરી)નું અંતર ત્રણ દિવસનો માર્ગ છે**	517
❋ હાજીઓને જરૂરી સૂચનો	517
❋ સફરનું અંતર ત્રણ દિવસ હોવાની સાબિતી	518
❋ મુસાફર વિશે મસ્અલા પર વાંધાઓ તથા જવાબો	522
❋ **સફરમાં સુન્નત તથા નફ્લ**	526
❋ સફરમાં સુન્નત, વિત્ર તથા નફલ પૂરા પઢો	526
❋ સફરમાં સુન્નત તથા નફ્લના વાંધાઓ તથા જવાબો	532
❋ જરૂરી નોંધ	535
❋ **સફરમાં કસર વાજિબ છે**	537
❋ સફરમાં કસર અનિવાર્ય છે	537
❋ સફરમાં કસ્ર ફર્ઝ વિશે વાંધાઓ તથા જવાબો	541
❋ અજબનો લતીફો !	543
❋ **ફજરની નમાઝ અજવાળામાં પઢો**	550
❋ ફજરની નમાઝમાં અજવાળુ સવાબનો સબબ છે	550
❋ ફજર અજવાળામાં પઢવા પર વાંધાઓ તથા જવાબો	556
❋ **ઝોહર ઠંડી કરીને પઢો**	563
❋ **ઝોહરના સમય બાબતે વાંધા અને જવાબો**	568
❋ **અઝાન તથા તકબીરના શબ્દો**	573
❋ વર્તમાન અઝાન તથ । ઈકામતની સાબિતી	574
❋ અઝાન તથા ઈકામત બાબતે વાંધાઓ તથા જવાબો	580
❋ **નફ્લવાળા પાછળ ફર્ઝ નમાઝ**	585
❋ નફલ્વાળા પાછળ ફર્ઝવાળાની નમાઝ નાજાઈઝ છે	585
❋ નફલવાળા પાછળ ફર્ઝ નમાઝ નથી થતી એ સંબંધે વાંધા તથા તેના જવાબ	589
❋ **લોહી તથા ઊલ્ટીથી વઝૂ તૂટી જાય છે**	594
❋ ઊલ્ટી તથા વહેતુ લોહી પણ વુઝૂ તોડે છે	594

* ઊલ્ટી તથા લોહીથી વુઝૂ તૂટી જાય એના પર વાંધાઓ અને જવાબો	599
* **નાપાક કૂવો પાક કરવા વિશે**	604
* કૂવાનું નાપાક હોવું	604
* કૂવો નાપાક થવા વિશે વાંધા અને જવાબો	610
* **ખાત્મો**	616
* **હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની વિશિષ્ટતાઓ**	616
* ઈમામે આ'ઝમનુ નામ તથા વંશ	617
* ઈમામે આ'ઝમની ખૂબીઓ તથા વિશિષ્ટતાઓ	618
* **તકલીદનું રહસ્ય**	625
* સહાબા મુકલ્લિદ કેમ ન હતા ?	626
* તકલીદ વિશે મુબારક હદીષો	630
* મુસલમાનોનો અમલ	633
* બુધ્ધિનો તકાદો	633
* વહાબી અને હદીષ	640
* **મીલાદ શરીફ વિશે ચર્ચા**	646
* મીલાદ શરીફની સાબિતી	646
* મીલાદ શરીફ પર વાંધાઓ અને તેના જવાબો	657
* **મીલાદમાં કિયામ કરવા વિશે ચર્ચા**	669
* મીલાદમાં કિયામની સાબિતી	670
* મીલાદમાં કિયામ કરવા બાબતે વાંધાઓ અને તેના જવાબો	679
* **ફાતેહા, ત્રીજીયા, દસમા, ચાલીસવાંનું બયાન**	687
* પ્રસ્તાવના	687
* ફાતેહાની સાબિતીમાં	689
* ફાતેહા પર વાંધાઓ અને તેના જવાબો	696
* **જનાઝાની નમાઝ બાદની દુઆ વિશે તેહકીક**	705
* જનાઝાની નમાઝ બાદ દુઆની સાબિતી	705

❋ દુઆ પર વાંધાઓ અને તેના જવાબો	710
❋ **ઔલિયાના મઝારો પર ગુંબદ બનાવવો કેવો?**	716
❋ ઔલિયાના મઝારો પર ઈમારતની સાબિતી	716
❋ કબ્ર પર ઈમારતો બાબતે વાંધા અને તેના જવાબો	726
❋ **મઝારો પર ફૂલો નાખવાં, ચાદરો ચઢાવવી તથા** ❋ **ચિરાગો કરવા વિશે ચર્ચા**	735
❋ ફૂલ તથા ચાદર ચઢાવવા તથા દીવો સળગાવવા વિશે સાબિતી	736
❋ ફૂલ, ચાદર ચઢાવવા,લાઈટિંગ કરવા પર વાંધાઓ અને જવાબો	743
❋ **કબ્ર પર અઝાન અપવા વિશે ચર્ચા**	755
❋ અઝાને કબ્રની સાબિતી	755
❋ અઝાને કબ્ર પર વાંધાઓ અને તેના જવાબો	761
❋ **બુઝુર્ગોના ઉર્સની ચર્ચા**	770
❋ ઉર્સની સાબિતી બાબતે ચર્ચા	770
❋ ઉર્સના મસ્અલા પર વાંધાઓ અને તેના જવાબો	773
❋ **કબરની ઝિયારત માટે સફર કરવી કેવી ?**	782
❋ ઉર્સ માટે સફર કરવાની સાબિતી	782
❋ ઉર્સ માટે સફર કરવા પર વાંધાઓ અને તેના જવાબો	786
❋ **કફની કે અલ્ફી લખવાનું વર્ણન**	790
❋ કફની કે અલ્ફી લખવાની સાબિતી	790
❋ અહદનામુ વગેરે લખવા વિશે	793
❋ કફની લખવા પર વાંધાઓ અને તેના જવાબો	796
❋ **મોટા અવાજે ઝિક્ર કરવું**	801
❋ જોરથી ઝિક્ર કરવા વિશે સાબિતી	801
❋ જોરથી ઝિક્ર કરવા પર વાંધા અને તેના જવાબો	809
❋ **ઔલિયા અલ્લાહના નામ પર જાનવર પાળવું**	820
❋ ઔલિયા અલ્લાહના નામ પર જાનવર પાળવા વિશે સાબિતી	820
❋ ઔલિયાના જાનવર વિશે વાંધાઓ તથા તેના જવાબો	824

❋ **બુઝુર્ગોના હાથ પગ ચૂમવા અને તબર્રુકોની તાઝીમ**	**834**
❋ તબર્રુકાતના બોસા (ચૂમવા) વિશે	**834**
❋ બુઝુર્ગોના હાથ પગ તથા તબર્રુકો ચૂમવા પર વાંધા અને તેના જવાબ	**840**
❋ **અબ્દુન્નબી, અબ્દુર્રસૂલ નામ રાખવા વિશે**	**849**
❋ અબ્દુન્નબી, અબ્દુલ મુસ્તફા વગેરે નામ રાખવાની સાબિતી	**849**
❋ અબ્દુન્નબી, અબ્દુલ મુસ્તફા નામ રાખવા પર વાંધા અને તેના જવાબો	**851**
❋ **ઈસ્કાતનું બયાન**	**854**
❋ ઈસ્કાતના તરીકા અને એની સાબિતી	**854**
❋ **શરઈ હિલો જાઈઝ હોવાની સાબિતી વિશે**	**856**
❋ **રોઝા નમાઝના ફિદયાનું વર્ણન**	**858**
❋**ઈસ્કાતના મસ્અલાની સાબિતી**	**860**
❋ ઈસ્કાતના હીલા પર વાંધાઓ અને તેના જવાબો	**864**
❋ **અઝાનમાં અંગૂઠા ચૂમવાનું બયાન**	**871**
❋ અંગૂઠા ચૂમવાની સાબિતી	**871**
❋ અંગૂઠા ચૂમવા પર વાંધાઓ અને તેના જવાબો	**877**
❋ **જનાઝાની આગળ મોટા અવાજે કલ્મો કે નઅત પઢવું**	**882**
❋ જનાઝા આગળ કલ્મો અથવા નઅત પઢવાની સાબિતી	**882**
❋ જનાઝા સાથે મોટેથી ઝિક્ર બાબતે વાંધા અને તેના જવાબો	**887**
❋ **ઈસ્લામી અકીદા અને દેવબંદી અકીદા**	**897**
❋ **અંબિયાની ઈજ્જતના મુન્કિરો પર અલ્લાહનો કહેર**	**897**
❋ પ્રસ્તાવના	**908**
❋ ઈસ્મતે અંબિયાની (પવિત્રતા) સાબિતી	**908**
❋ **અંબિયાની પવિત્રતા સંબંધે કુર્આની આયતો**	**911**
❋ અંબિયાની પવિત્રતા સંબંધે હદીષો	**911**
❋ નબીઓની પવિત્રતા સંબંધો ઉલમાનાં કથનો	**913**
❋ નબીઓની ઈસ્મત સંબંધે બૌધ્ધિક દલીલો	**914**
❋ ઈસ્મતે અંબિયા સંબંધે વાંધા અને જવાબ	**917**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

પ્રકાશકનુ ટાણે બે વાતો...

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! વર્તમાન સમયમાં એક હવા ખૂબ જ જોર શોરથી ઉઠી રહી છે અને તે છે ''મુસ્લિમ એકતા''ના નામની હવા ! ખૂબ જ સરસ, મીઠો અને મધૂર શબ્દ છે મુસ્લિમ એકતા. કહેવામાં આવે છે કે ''ભાઈઓ ! હાલાત ઘણા જ નાઝુક છે ! હવે સૌ કલમો પઢવાવાળા સર્વ ફિર્કાઓએ એક જ પ્લેટફોર્મ પર આવવાની જરૂર છે, મુસ્લિમોએ સંગઠિત થવાની જરૂર છે.... વગેરે.'' તો અમે કહીએ છીએ કે, ''ભાઈઓ ! અમો તો જે પ્લેટફોર્મ પર હતા તેના પર જ છીએ ! અમારા અલ્લાહ વ રસૂલ વિશેના અકીદા તે જ છે જે સહાબાએ કિરામના હતા. અને તે ''પ્લેટફોર્મ અહલે સુન્ત વ જમાઅત'' છે જે હાલ ''મસ્લકે આ'લા હઝરત''થી પણ ઓળખાય છે. તમો લોકો એ અકીદાઓને છોડીને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી તથા ઈબ્ને તૈમિયહ તથા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, મોલ્વી કાસિમ નાનોત્વી, ખલીલ અંબેઠવી, રશીદ અહમદ ગંગોહી વગેરે ખુદાના તેમજ નબી વલીના ગુસ્તાખો જેમણે સહાબાના જેવા અકીદા ત્યજી દઈ નવા નવા પ્લેટફોર્મો બનાવી લીધાં એમના અકીદા અપનાવી લીધા અને ''અહલે સુન્નત''ના પ્લેટફોર્મથી શીઆ જેમ અલગ નીકળી ગયા ! અને કૌમમાં વિવાદ, વિખવાદ, ટુકડા એવા પાડયા કે કૌમ તૂટી ગઈ, કમજોર થઈ ગઈ ! તો હવે મગરના આંસૂં શા માટે સારો છે ?! જો ખરેખર તમો ''મુસ્લિમ એકતા'' ચાહતા હોવ તો એ વહાબી, દેવબંદી, મોલ્વીઓના અકીદાઓથી તૌબા કરી લો અને પાછા

''અહલે સુન્નત''ના પ્લેટફોર્મ પર આવી જાવ ! તો અમો તમને ગળે લગાડી લઈશું, એટલું જ નહીં અમો તમારા ગુલામ બની જઈશું ! આથી વધારે શું એકતા તમારે કરવી છે ?!

પણ જો એવું સમજતા હોવ કે તમો નબી વલીની ગુસ્તાખીવાળા અક્વીદાઓ ફેલાવતા જાવ, કિતાબોમાં, બયાનોમાં એનો ફેલાવો કરતા રહો છતાં અમો તમને મુસલમાન સમજીએ, દુનિયાની તકલીફોથી ડરીને તમને ગળે લગાડીએ તો એ તમો ભીંત ભૂલો છો ! અમો જાણીએ છીએ કે જે ખુદા વ રસૂલનો ન થયો, જે વલીઓનો ન થયો, તે અમારો કેવી રીતે થઈ શકે છે ?! જેથી લોકોને ધોકો આપવાનું છોડો અને ગંભીરતાથી તમારા વહાબિયત, દેવબંદિયતના અક્વીદાઓનું નિરીક્ષણ કરો અને અલ્લાહ તૌફીક આપે તો તૌબા કરી સાચા ''અહલે સુન્નત' બની જાવ તો અમે તમારા જ છીએ !''

પ્રસ્તુત કિતાબમાં વહાબી, દેવબંદી, મૌદૂદી વગેરેના ''અહલે સુન્નત'' પર ઉઠાવેલ વાંધાઓના દરેક પ્રકારના અક્વીદા તથા મસાઈલ પર કુર્આન, હદીષ, ઉલમાના અક્વાલ, અક્વી દલીલો, વાંધાઓના જવાબ ખૂબ જ વિસ્તારથી સમજાવેલ છે જે એક ન્યાયપ્રિય દિલવાળા માટે દીવાદાંડી સમાન છે. એનો અભ્યાસ કરો અને પોતાની આખેરતની ચિંતા રાખીને ઈમાનની સલામતી શામાં છે તે સમજીને જો કોઈના જાહેરી અમલોના ભપકાથી અંજામને ગુમરાહીમાં સપડાયા હોઉ તો બહાર આવી જાવ. અલ્લાહ તૌફીક આપનાર છે.

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

૦૪–ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૪૦, અંગ્રેજી તા. ૦૯–૦૮–૨૦૧૯, મંગળવાર



પ્રારંભિક વાત...



અઝ :પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક,

નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

ખુદાને ખાતર ઈન્સાફ કરશો !!!

સુજ્ઞ વાંચકો ! એક વાત માટે તો સૌ સહમત છે કે **ઈમાન** વિના જે મરશે ગમે તેવો **આલિમ** કે **આબિદ** કહેવાતો હોય તો પણ હમેશાંની જહન્નમમાં જશે. દા.ત. શૈતાન, કે જે ફરિશ્તાઓનો ઉસ્તાદ હતો એવો મહાન આલિમ હતો અને ભારે તૌહીદવાળો આબિદ પણ ખૂબ મોટો હતો. પણ ઘમંડમાં આવીને હઝરત આદમ عليه الصلوٰة والتسليم ને સજદો કરવાના રબ તઆલાના હુકમને ન માન્યો, તો **રબ તઆલાએ તેને કાફિરનો ફત્વો આપ્યો** અને જન્નતથી કાઢી મૂકયો. ટૂંકમાં બેઈમાન હમેશાંની જહન્નમમાં જશે.

માટે દુનિયાની ભાગદોડમાં, દુનિયાવી લાભો પામવામાં ખૂબ જ ખરા ખોટાની ચોકસાઈ ચીવટપૂર્વક કરનાર હે ઈન્સાન ! **ઈમાન** તથા **કુફ્ર**ને પણ ઓળખવું તારા માટે ફર્ઝ છે, નહીં તો કયાંક હમેશાં માટે જહન્નમની ખાડીમાં ધકેલાઈ ન જાય !

વહાબી ફિર્કો જેનો પાયો જ તૌહીદની આડમાં નબી વલીની તૌહીન કરવા પર રચાયો છે. જેની અસલિયત વિશે **રહનુમાએ હક્ક, તૌહીદ તથા શિર્ક, વહાબીની કહાની હમ્ફેની જબાની, સુન્ની કોણ ? ઝલઝલા, જાઅલ હક્ક** (ભાગ ૧ તથા ૨).... વગેરે કિતાબો ગુજરાતીમાં બહાર પડી ચૂકી છે. આ વહાબી ફિર્કાની શાખો **દેવબંદી–તબ્લીગી જમાઅત અહલે હદીષ યાને ગૈર મુકલ્લિદ તથા કહેવાતા જમાઅતે ઈસ્લામી યાને મૌદૂદી...** વગેરે છે. અહીં મારે **"અહલે હદીષ"**ની ખબાષતનો ઉલ્લેખ કરવો છે, ધ્યાનથી વાંચશો.

"મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી" જે **દેવબંદીઓનો** પણ તથા **અહલે હદીષ**નો પણ પેશવા છે, તેની કુખ્યાત કિતાબ **'તકવિયતુલ્ ઈમાન'** તેમની નજીક જાણે કે કુર્આનથીય વિશેષ સ્થાને છે ! કેમ કે તેમાં દર્શાવેલા કુફ્રી અકીદાની રદમાં કુર્આન–હદીષ પેશ કરવામાં આવે છે છતાં આ બંને **દેવબંદી** તથા **અહલે હદીષ** તેને સ્વીકારવા તૈયાર નથી થતા ! એમની નજીક તો એ જ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની લખેલી વાત છેલ્લી વાત છે !

વળી, **આશ્ચર્યની વાત** એ છે કે જે વાતોને "તકવિયતુલ ઈમાન" કિતાબમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ શિર્ક લખી છે, દા.ત. "મરી ગયા બાદ કબરમાં કોઈને ખબર થવાનું માનવું શિર્ક છે" તો એથી ઉલ્ટુ દેવબંદીઓની કિતાબ **અરવાહે ષલાષા**માં લખ્યું છે કે **"મૃત્યુ બાદ કાસિમ નાનોત્વીને ખબર પડી કે દા. ઉ. દેવબંદમાં ઝઘડો થયો છે તેને થાળે પાડવા મૌલાના રફીઉદ્દીન સાહબ પાસે કબરમાંથી તેમના આવવાનો બનાવ લખેલો છે."** (અરવાહે ષલાષા, પેજ–૨૪૨) ઉપરાંત એવા પુષ્કળ બનાવો દેવબંદી મોલ્વીઓની મહાનતા સાબિત કરતા લખ્યા છે ! નબી વલી માટે એવી વાત કરો તો **શિર્ક ! શિર્ક !** ની બુમો પાડનારા આ ઈમાનના જૂઠા દાવેદારો ઈસ્લામના દુશ્મન નથી તો શું છે ? ધ્યાનપૂર્વક એનો અભ્યાસ કરો, અને ખૂદ જ ખુદાનો ખૌફ રાખી હક્ક વાતનો ફૅંસલો કરો કે હક્ક કઈ બાજુ છે. નેક અમલ કરવો અતિ જરૂરી છે પણ ઈમાન વિના સર્વ બેકાર છે, માટે કોઈના જાહેરી અમલોથી અંજાઈ ન જાવ !

વહાબી દેવબંદીઓ ! લોકોને છેતરવા પોતાને સુન્ની જાહેર કરે છે અને

પોતાના માસિક અંક પર લખે છે **"અહલે સુન્નત વ જમાઅતનુ તર્જુમાન"** જેમ કે કંથારીયા (તા. ભરૂચ) દા.ઉ.ના માસિકના ટાઈટલ પર લખતા રહે છે. જ્યારે કે તેમના અકીદા કિતાબ "તકવિયતુલ ઈમાન" વાળા છે અને હરગિઝ એ અહલે સુન્નતના અકીદા નથી. (એ જાણવા માટે મંગાવો "સુન્ની કોણ ?" કિતાબ દા. ઉ. શાહેઆલમ, જમાલપૂર રોડ, અમદાવાદ)

એ જ વહાબી, દેવબંદી, અહલે હદીષવાળાની કિતાબ તકવિયતુલ ઈમાન (કે જેમાં આયતો તથા હદીષોનો પોતાના મરજી મુજબ તર્જુમો ખુલાસો રજુ કરી ઈલ્મે ગયબ વગેરેને શિર્ક દર્શાવેલ છે.) તેનો ગુજરાતી અનુવાદ મૌલાના હસન ભડકોદ્રવીએ કર્યો હતો અને દા.ઉ. કંથારીયાથી **ઈ.સ. ૧૯૮૯માં પ્રકાશન નં. ૯૬** રૂપે છપાયો. કંથારીયાની એ અસલ ગુજરાતી "તકવિયતુલ ઈમાન" કિતાબ અમારી પાસે મૌજૂદ છે. તેમાં તૌહીદની આડમાં નબી વલીને તદ્દન હલકા દર્શાવવામાં આવ્યો છે, અલ્લાહે તેમને કાંઈ જ અધિકારો આપ્યા જ નથી. એટલે સુધી લખે છે કે :

"વળી, આ બાબતમાં નબી, વલી, જિન્નાત, શૈતાન, ભૂત, પલીત અને પરી વગેરે સર્વ એક સરખાં છે." (તકવિયતુલ ઈમાન ગુજરાતી, પેજ નં. ૩૧) એટલે કે **શૈતાન, ભૂત, પલીત જેવી રીતે લાચાર તેવી રીતે નબી વલીને પણ અલ્લાહે કાંઇ આપ્યું નથી !** અને એવું સાબિત કરવાની કોશિશ કરી છે કે :–

"દરેક મખ્લૂક ચાહે તે નાનો હોય કે મોટો અલ્લાહની શાનની સામે ઢેડચમારથી પણ અપમાનિત છે." (ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૪૭) કહે છે કે અહીં અંબિયા, અવલિયાની વાત અમે કયાં લખી છે ?! અમે તો નાની મોટી મખ્લૂક લખ્યું છે ! એટલે કે સફાઈ પેશ કરે છે ! પેજ–૩૧ ઉપર તો સ્પષ્ટ લખ્યું કે **"નબી, વલી, જિન્નાત, શૈતાન, ભૂત, પલીત સર્વ એક સરખાં છે."** અને અહીં ડાહ્યા બની સફાઈ પેશ કરે છે ! તેમને પૂછો કે નાનો તે કોણ મખ્લૂકમાં ને મોટો તે કોણ ? મખ્લૂકમાં સૌથી મોટો કોણ ? કહેશે કે હુઝૂર عليه الصلوة والتسليم ! તો પછી શું આ શબ્દો મોટી મખ્લૂક (હુઝૂર તથા તમામ નબી વલી) માટે અપમાનજનક શબ્દો નથી કે **"તેઓ ઢેડ ચમારથી પણ અપમાનિત છે."**

એટલે ઢેડ ચમાર એટલા અપમાનિત નથી જેટલા તેઓ છે ! તેમની તૌહીદ સમજાવવાની રીત તો જુઓ ! શું કોઈ સહાબીએ, તાબઈએ કે વલીએ આ રીતે તૌહીદ સમજાવી છે ?! શું આનુ નામ જ તૌહીદ છે ?! શું તૌહીદને રજુ કરવા નબી વલીનુ અપમાન અનિવાર્ય છે ?! ધિક્કાર છે એવી તૌહીદવાળાઓ પર ! મુસલમાનો ! સમજો ! અને ઈમાન બચાવો !

હા ! આ ડાહ્યા તૌહીદ શીખવનારા એ જ ગુજરાતી **તકવિયતુલ ઈમાન**માં લખે છે કે :–

"આ આયતથી ફલિત થયું કે અદબપૂર્વક ઉભા થવું, એને પુકારવું અને એનુ નામ જપવું તે કામો પૈકીનાં છે જેમને અલ્લાહ તઆલાએ ખાસ પોતાની તાઝીમ માટે નિયુકત કરેલાં છે. **અલ્લાહ સિવાય કોઈની સાથે આવુ વર્તન નર્યું શિર્ક લેખાશે."** (ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૧૦૪)

દેવબંદીઓ ! દારુલ ઉલૂમ દેવબંદની શતાબ્દી મનાવી તેમાં ઈંદિરા ગાંધીને બોલાવી તેને તાઝીમ સાથે સ્ટેજ પર ખુરસી પર બેસાડીને મોલ્વીઓ નીચે બેઠા હતા ! અને તેણી માટે **ઝિંદાબાદ**ના નારા દેવબંદી મોલ્વીઓએ માર્યા હતા, તે શિર્કનો કયો પ્રકાર કહેવાશે ?! ત્યારે શિર્ક યાદ ન રહ્યું !!

હમ આહ ભી કરતે હૈં તો હો જાતે હૈં બદનામ
વો કત્લ ભી કરતે હૈં તો ચર્ચા ભી નહીં હોતા

કોઈ માણસ માટે તમે અદબપૂર્વક ઉભા થયા તો તમે શિર્ક કર્યું ! તેને પોકારો તો શિર્ક કર્યું ! તેનું નામ બોલતા રહો તો શિર્ક કર્યું ! મનઘડત શિર્કની વ્યાખ્યાથી ખૂદ તેના લેખક તથા અનુવાદક હસન ભડકોદ્રવી પણ બચી શકે છે ?! અદબ માટે ઉભા થવાના પ્રસંગો તો દરેકને બને છે, તો શિર્કથી કોણ બચશે ?

એ જ કંથારીયાની ગુજરાતી **'તકવિયતુલ ઈમાન'** કિતાબના **પેજ નં. ૧૬૪** ઉપર લખે છે કે :–

"એ જ પ્રમાણે વાત વાતમાં આમ કહેવું "તમે તો અમારા જાન–માલના માલિક છો, અમે તમારા અધિકારમાં છીએ, જે ચાહો કરો" તદ્દન જૂઠું અને **શિર્કભર્યું** છે." *(ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૧૬૪)*

આ કથન તથા કાનૂન શિર્કની તાલીમ માટે ઈસ્માઈલ દહેલ્વીએ ઉપરોકત કિતાબમાં વર્ણવ્યો છે, હવે એ જ કંથારીયાવાળાના પ્રિય મોલ્વી રશીદ અહમદ ગંગોહીના અંગ્રેજી હુકૂમત સાથે આજીજીભર્યા જઝબાતને રજુ કરતાં "તઝકેરતુર્રશીદ"માં છે કે :–

"હું જ્યારે હકીકતમાં (અંગ્રેજ) સરકારનો ફર્માંબરદાર (આજ્ઞાંકિત) છું તો જૂઠા આક્ષેપોથી મારો વાળ વાંકો થશે નહીં, જો માર્યો પણ જઈશ તો **(અંગ્રેજ) સરકાર "માલિક" છે, તેને "અધિકાર" છે જે ચાહે કરે!"** *(તઝકેરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૮૦, લેખક : આશિક ઈલાહી મેરઠી)*

શું કહેવું છે **મોલ્વી રશીદ અહમદ ગંગોહી**ના વિશે ભડકોદ્રવીનું ?! **શું અંગ્રેજ તેમનો ખુદા છે કે તેમના માટે "માલિક" તથા "અધિકારવાળા" તથા "જે ચાહે તે કરે!" કહ્યું તો શિર્ક નહીં થાય!** અને અલ્લાહ عزوجل ના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે કહેવામાં આવે તો શિર્ક ગણાય ! વાંચકો ફૈસલો કરે કે સચ્ચાઈ કયાં છે ?!

પ્રિય વાંચકો ! પોતાના માનીતા મૌલાનાથી કેટલી મહોબ્બત છે કે તેમને મુશ્રિક કહેવાની વાત સાબિત થશે તો નફ્ફટ બની જશે અને કાંઈ જવાબ આપશે નહીં. શું જવાબ આપે ?! કેમ કે આપની સમક્ષ બંને ચીજો રાખી છે, એક છે અકીદો, બીજી તેમની અંગ્રેજ સરકાર માટેની લાગણી રજુ કરી દીધી છે.

એ જ **તકવિયતુલ ઈમાન (ગુજરાતી)માં પેજ નં. ૩૪** ઉપર છે :

"....જ્યારે હું જીભેથી એમનુ નામ લઉં છું અથવા દિલમાં એની કલ્પના કરું છું.... તો આ બધી વાતોની એને જાણ થઈ જાય છે.... અને ખાસ મારા વિચારો અને કલ્પનાઓથી તે માહિતગાર રહે છે. આ બધી વાતોથી **શિર્ક** સાબિત થાય છે. ભલે એમનુ આ ઈલ્મ ઝાતી–આપબળે મળેલુ યા ખુદાપાકે આપેલુ સમજવામાં આવે હરેક સૂરતમાં આ શિર્કભરી માન્યતા લેખાશે." (પેજ–૩૪)

હવે એ જ દેવબંદીઓની કિતાબ તઝકેરતુર્રશીદમાં મુન્શી રહમત અલી નામના એક સાહબનો પ્રસંગ નકલ કરેલો છે કે તેમણે દિલમાં નક્કી કરી લીધું હતું કે :

"જ્યાં સુધી પીરાન પીર رضی اللہ عنہ ખ્વાબમાં તશરીફ લાવીને જાતે ઈર્શાદ નહીં ફર્માવે કે ફલાણા શખ્સથી બયૂઅત થાઉં ત્યાં સુધી બયૂઅત કરીશ નહીં. એ જ હાલતમાં એક મુદ્દત વહી ગઈ કે તેઓ એ જ ખયાલ પર જામેલા રહ્યા. છેવટે એક રાત્રે હઝરત પીરાન પીર કુદ્દેસ સિર્રહૂની ઝિયારતથી મુશર્રફ થયા. હઝરત શયખે એ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો કે આ જમાનામાં મૌલાના રશીદ અહમદ ગંગોહીને હક્ક તઆલાએ તે ઈલ્મ આપ્યો છે કે જ્યારે કોઈ હાજર થનાર અસ્સલામુઅલૈકુમ કહે છે તો **આપ તેના ઈરાદાથી વાકેફ થઈ જાય છે !** અને ઝિક્ર અશ્ગાલ તેના લાયક હોય છે તે જ બતાવે છે !" *(તઝકેરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૩૧૨)*

સાચુ ફર્માવ્યું છે ઈમામ ગઝાલી رضی اللہ عنہ એ 'મુકાશિફતુલ્ કુલૂબ'માં કે મુનાફિક શબ્દ લુગત (ડિક્ષનરી)માં "નાફિકુલ મરબૂઅ"થી નીકળેલો છે. કહે છે કે જંગલી ઉંદરો (યરબૂઅ)ના દરને બે માર્ગો હોય છે. એક દાખલ થવા માટે અને બીજો નીકળવા માટેનો હોય છે. એક માર્ગમાંથી આવે છે અને બીજામાંથી ભાગી છૂટે છે. મુનાફિકને પણ એટલા માટે મુનાફિક કહે છે કે તે જાહેરમાં તો મુસલમાનના રૂપમાં હોય છે પણ કુફ્રની તરફ નીકળી જાય છે.

હદીષ શરીફમાં છે, "મુનાફિકનું દ્રષ્ટાંત એવી નવી આવેલી બકરીની જેમ છે જે બે ટોળાંઓની વચ્ચે હોય, અને કયારેક તે આ ટોળા તરફ ભાગે છે તો કયારેક પેલા ટોળા તરફ દોડે છે. એટલે કે કોઈ એક ટોળામાં રોકાતી નથી. તે જ પ્રમાણે મુનાફિક પણ ન તો પૂરેપૂરો મુસલમાનોમાં સામેલ થાય છે અને ન કાફિરોમાં." બસ ! એ જ હાલત આ વહાબીઓની છે જેનાં દ્રષ્ટાંતો આપે ઉપર જોઈ લીધાં.

દોસ્તો ! પ્રથમ તકવિયતુલ ઈમાન, પેજ–૩૪નુ લખાણ વાંચો અને પછી આ **રશીદ અહમદ ગંગોહી**ની મહાનતા દર્શાવતુ લખાણ વાંચો. કયાં ગયું **શિર્ક !** બધું જ હજમ કરી ગયા ! આવનાર સલામ કરે કે તરત **ગંગોહી સાહબ**ને ગયબની વાત ખબર થઈ જાય કે તેનો ઈરાદો શો છે ?! **દુનિયામાં નફ્ફટાઈનું આથી વિશેષ કયું દ્રષ્ટાંત મળી શકશે કે અલ્લાહ عزوجل ના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે એવું જ કહો તો તમે મુશ્રિક ઠરો ! અને ગંગોહી**

માટે કહેતા રહો, છાપતા રહો છતાં કાંઈ વાંધો ન આવે !

અકીદા તથા માન્યતાની બાબતમાં આ છે વહાબી, દેવબંદી તથા વહાબી અહલે હદીષની હાલત ! હવે **કહેવાતા અહલે હદીષ** (ગૈરમુકલ્લિદ)ની અમુક ગંદી માન્યતાઓ પર એક નજર કરી લો !

(૦૧) ગૈર મુકલ્લિદોની દ્રષ્ટિએ રામચંદ્ર, લક્ષ્મણ તથા કૃષ્ણ 'નબી' છે જેને હિંદુઓ ભગવાન કહે છે. *(હદયતુલ મહદી, પેજ–૫૮)*

(૦૨) તેમને ત્યાં કાફિરનુ ઝબહ કરેલ જાનવર હલાલ છે. *(ઉર્ફુલજાદી, પેજ–૨૪૭)*

(૦૩) પુરૂષ એક સમયે ગમે તેટલી પત્નીઓ સાથે ચાહે નિકાહ કરી શકે છે.

(ઝફરુલ લાઝી, પેજ–૧૪૧, ઉર્ફુલજાદી, પેજ–૧૧૫)

(૦૪) ગૈર મુકલ્લિદને ત્યાં નાપાક માણસે ગુસ્લ વિના કુર્આન શરીફને સ્પર્શવું, ઉઠાવવું, મૂકવું અને હાથ લગાડવો જાઈઝ છે.

–(દલીલુત્તાલિબ, પેજ–૨૫૨, ઉર્ફુલજાદી, અલ બન્યાનુલ્ મરસૂસ)

(૦૫) તેમને ત્યાં ચાંદી સોનાના ઘરેણામાં ઝકાત વાજિબ નથી. *(બદુરિલ અહ્લહ)*

(૦૬) તેમને ત્યાં શરાબ નાપાક તથા નજીસ નથી બલ્કે પાક છે.

(દલાલુત્તાલિબ, પેજ–૪૦૪, ઉર્ફુલજાદી, પેજ–૨૪૫)

(૦૭) તેમને ત્યાં વિર્ય પાક છે. *(બદુરિલ અહ્લહ તથા અન્ય કિતાબો)*

(૦૮) તેમને ત્યાં જવાન મર્દો તથા છોકરાઓએ ચાંદીનાં ઘરેણાં પહેરવાં જાઈઝ છે. *(દલીલુત્તાલિબ, પેજ–૪૩૪)*

(૦૯) તેમને ત્યાં તમામ જાનવરોનો પેશાબ પાક છે. *(બદુરિલ અહ્લહ, પેજ–૧૪)*

(૧૦) તેમનો પેશવા શૈખ ઈબ્ને તૈમિયહ્ કહે છે કે હઝરત અલીએ ત્રણસોથી વધુ મસ્અલાઓમાં ગલતી કરી છે. (ફતાવાએ હદીષિયહ્, પેજ–૮૭) જ્યારે કે હદીષે પાકમાં તો છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, "હું ઈલ્મનો શહેર છું અને અલી તેનો દરવાજો છે." તેમના વિશે આવો ગંદો અકીદો કહેવાતા **અહલે હદીષ**નો છે. (મઆઝલ્લાહ)

(૧૧) તેમનો અકીદો છે કે ખુદા જૂઠુ બોલી શકે છે. *(સિયાનતુલ ઈમાન, પેજ–૫)*

(૧૨) તેઓ અંબિયા (અલૈહિમુસ્સલામ)થી દીની અહકામમાં ભૂલ ચૂક થવાનુ માનવાવાળા છે. *(રદ્દે તકલીદ બિ કિતાબિલ મજીદ, પેજ–૧૨)*

આ હતો **કહેવાતા અહલે હદીષ (ગૈર મુકલ્લિદો)**ના ગંદા અકીદાઓનો ટૂંક સાર. જરા તમારા દિલો દિમાગને હાજર કરીને વિચારો કે શું આવો નાપાક મઝહબ ઈસ્લામ હોઈ શકે ? માટે ગંભીરતાથી **આ વાતોને વિચારીને તેમનાથી દોસ્તી, ઉઠક, બેઠક, સગાઈ, શાદી વહેવાર ખત્મ કરો, નહીં તો તો આખેરતમાં જહન્નમ સિવાય કોઈ ઠેકાણુ રહેશે નહીં તેની નોંધ કરી લો.** મૌલા તઆલા عزوجل તેના પ્યારા હબીબ صلى الله تعالى عليه وسلم ના સદકામાં મુસલમાનોને ઈમાનનુ મૂલ્ય સમજવાની તથા આવા ગંદા અકીદાવાળાથી દૂર રહેવાની તૌફીક આપે. આમીન.

પટેલ શબ્બીર અલી રઝવી
તા. ૨–૬–૨૦૦૧, દયાદરા (તા. ભરૂચ)
૧૨–રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૨૨

શરૂઆતના બે બોલ ...

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

દીને ઈસ્લામને દુનિયામાં તશરીફ લાવવાને આજે લગભગ ૧૪૦૦ વરસો વહી ગયાં. એ અરસા દરમ્યાન આ પાક દીને હજારો બલાઓનો સામનો કર્યો છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ લહેરાતા ચમન પર ઘણીયે તેજ આંધીઓ આવી અને પોતપોતાનું જોર દેખાડીને વહી ગઈ. પણ **અલ્હમ્દુલિલ્લાહ !** કે આ ચમન એ જ પ્રમાણે હર્યોભર્યો રહ્યો. આ આફતાબ ઉપર વારંવાર અંધારીયો ઓરો ફેલાવતાં વાદળો આવ્યાં પણ આ આફતાબ એ જ પ્રમાણે ઝળહળતો રહ્યો. અને કેમ ન ચમકતો જ્યારે કે રબ તઆલા ખૂદ આ દીનનો હાફિઝ તથા નાસિર (રક્ષક તથા મદદગાર) છે. ખૂદ ફર્માવે છે : (અર્થ) : મેં જ કુર્આન ઉતાર્યું અને હું જ એનો મુહાફિઝ છું.

કયારેક એના ઉપર યઝીદી વાદળો આવ્યાં અને કયારેક હજ્જાજી આંધી આવી, કયારેક મામૂની તાકાતે એની સમક્ષ આવવાની હિંમત કરી અને કયારેક તાતારી કુવ્વતો એની સાથે ટકરાઈ. કયારેક ખારજી હંગામાએ તેનાથી મુકાબલો કર્યો અને કદીક રાફઝી તાકાતોએ એને દબાવવાની કોશિશ કરી. પણ તે સર્વે આ પહાડ સાથે ટકરાઈને ટૂકડે ટૂકડા થઈ ગઈ, અને આ પહાડ યથાવત પોતાના સ્થાને મજબૂતીની સાથે કાયમ છે અને અલ્લાહ તઆલા તેને હમેશાં હમેશાં કાયમ રાખે.

પણ આ સર્વે ફિત્નાઓમાં જબરદસ્ત ફિત્નો અને તમામ મુસીબતોમાં ખતરનાક મુસીબત વહાબીઓ નજદીઓનો ફિત્નો હતો. જેની આગાહી મુખ્બિરે સાદિક નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પ્રથમથી જ આપી હતી અને વિવિધ રીતે

આ ફિત્નાથી મુસલમાનોને આગહ કરી આપ્યા હતા. જેમ કે મિશ્કાત, ભાગ–૨, યમન તથા શામના ઝિક્રના પ્રકરણમાં બુખારીના હવાલાથી રિવાયત છે કે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે, એક દિવસ દર્યાએ રહમત મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم જોશમાં છે, બારગાહે ઈલાહીમાં હાથ ઉઠાવીને દુઆ ફર્માવવામાં આવી રહી છે, હે અલ્લાહ ! અમારા માટે અમારા શામમાં બરકત આપ ! હે અલ્લાહ ! અમને અમારા યમનમાં બરકત આપ ! હાજરજનોમાંથી અમુક જણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! દુઆ ફર્માવો કે અમારા નજદમાં બરકત આપે ! ફરી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ જ દુઆ કરી અને શામ તથા યમનનો જ ઉલ્લેખ કર્યો અને નજદનું નામ ન લીધું. તેમણે ફરી ધ્યાન દોર્યું કે એ દુઆ કરો કે નજદમાં બરકત થાય. મતલબ કે ત્રણ વાર યમન તથા શામના માટે દુઆ કરી. વારંવાર ધ્યાન ખેંચવા છતાં નજદના માટે દુઆ ન કરી, બલ્કે છેવટમાં ફર્માવ્યું, હું આ અઝલી મેહરૂમ પ્રદેશના માટે દુઆ કેવી રીતે કરું ? ત્યાં તો ઝલઝલા અને ફિત્ના થશે અને ત્યાં શૈતાનની ટોળી પેદા થશે. એનાથી જણાયું કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નિગાહે પાકમાં દજ્જાલના ફિત્ના છે પછી નજદનો ફિત્નો જેને લીધે આ પ્રમાણે ખબર આપી દીધી.

એ જ પ્રમાણે મિશ્કાત, ભાગ–૧, કિતાબુલ કેસાસ બાબે કત્લે અહલિર્રુહવમાં નિસાઈના હવાલાથી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક વખત કેટલાક માલે ગનીમતની વહેંચણી કરી રહ્યા હતા. એવામાં એક શખ્સે પાછળથી અર્ઝ કરી, હે મોહંમદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે આ વહેંચણીમાં ઈન્સાફ ન કર્યો ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગઝબનાક થઈને ફર્માવ્યું કે મારા બાદ તમને મારાથી વધીને આદિલ (ન્યાયી) મળશે નહીં ! પછી ફર્માવ્યું, આખર જમાનામાં એક કૌમ એનાથી (એ શખ્સ થકી) પેદા થશે જે કુર્આન પઢશે પણ કુર્આન તેમના હલક (ગળા)થી નીચે ઉતરશે નહીં અને તેઓ ઈસ્લામથી એ રીતે નીકળી જશે જેવી રીતે તીર શિકારથી (નીકળી જાય છે.) પછી ફર્માવ્યું, તેમની ઓળખ માથુ મુંડાવવું છે, તેઓ નીકળતા રહેશે એટલે સુધી કે તેમની આખરી જમાઅત દજ્જાલની સાથે હશે.

જો તમે તેમનાથી મળો તો જાણી લો કે તેઓ તમામ ખલ્કત (મખ્લૂક)માં બદતર છે, એમાં તેમની ઓળખ આપવામાં આવી છે. માથુ મુંડાવવું એ એવી નિશાની છે કે, આજે પણ વહાબીઓ એનાથી ખાલી મુશ્કેલીથી જ મળશે. કયાંક ફર્માવ્યું કે, "મૂર્તિપૂજકોને છોડી દેશે અને મુસલમાનોને કત્લ કરશે." જુઓ બુખારી, ભાગ–૧, કિતાબુલ અંબિયા પ્રકરણમાં યાજૂજ માજૂજનો કિસ્સો. મુસ્લિમ અને મિશ્કાત, બાબુલ મોઅજિઝાત, ભાગ–૧માં એ પણ છે કે, "જો તેમને હું પામત તો કૌમે આદની જેમ કત્લ કરી આપત !" આજે પણ દેવબંદી સામાન્યતઃ મુશ્રિકોની સાથે છે પણ નફરત કરે છે તો મુસલમાનોથી અને તેમના હુમલાઓ મુસલમાનો પર અને ખાસ કરી અહલે હરમૈન પર જ થયા.

આ ફર્માને આલી પ્રમાણે બારમી સદીમાં નજદથી મોહંમદ ઈબ્ને અબ્દુલ વહાબ પેદા થયો, તેણે મક્કા–મદીના શરીફવાળાઓ તથા અન્ય મુસલમાનો પર કેવા કેવા જુલ્મ કર્યા એની દાસ્તાન તો 'સૈફુલ જબ્બાર અને બાવારિકે મોહંમદિયહ અલા ઈર્ગામાતિન્નજદિયહ' વગેરે ઈતિહાસની કિતાબો જુઓ. તેમના કેટલાક જુલ્મો અલ્લામા શામીએ પોતાની કિતાબ રદ્દુલ મુહ્તાર, ભાગ–૩, 'બાબુલ બુગાત'ના શરૂમાં આ પ્રમાણે વર્ણન કરેલા છે :–

"જેમ કે અમારા જમાનામાં અબ્દુલ વહાબના માનનારાઓનો પ્રસંગ બન્યો કે આ લોકો નજદથી નીકળ્યા અને મક્કા તથા મદીના શરીફ પર તેમણે કબજો કર્યો. પોતાને હંબલી મઝહબના તરફ સંબંધિત કરતા હતા પરંતુ તેમનો અકીદો એ હતો કે કેવળ અમે જ મુસલમાન છીએ, અને જે અમારા અકીદાની વિરૂદ્ધ છે તે મુશ્રિક છે. એટલા માટે તેમણે અહલે સુન્નત વ જમાઅતની કત્લને જાઈઝ સમજી અને એના ઉલમાને કત્લ કર્યા. એટલે સુધી કે અલ્લાહે વહાબીઓની શૌકત તોડી અને તેમના શહેરોને વેરાન કર્યાં અને ઈસ્લામી લશ્કરોને એમના પર ફતહ આપી. આ પ્રસંગ હિ.સ. ૧૨૩૩નો છે.

"સૈફુલ જબ્બાર" વગેરેમાં તેમના અસંખ્ય જુલ્મો વર્ણન કરેલાં છે કે મક્કા મુકર્રમા તથા મદીના તૈયેબહમાં નિર્દોષોને કશાય ખચકાટ વિના કત્લ કર્યા અને હરમૈન શરીફૈનના રહેવાસીઓની ઔરતો અને છોકરીઓ સાથે ઝિના કર્યો, તેને ગુલામ બનાવ્યા અને ઔરતોને પોતાની લોંડીઓ બનાવી, સાદાતે

કિરામની ખૂબ કત્લો ગારત કરી. મસ્જિદે નબવી શરીફની તમામ કાલિન (બિછાત) અને કિંમતી ફાનુસ (માલસામાન) ઉઠાવીને નજદ લઈ ગયા. તમામ સહાબાએ કિરામ તથા અહલે બયતે એઝામની કબરોને તોડી પાડીને જમીનદોસ્ત કરી નાખી. એટલે સુધી કે એવો પણ ઈરાદો કર્યો કે ખાસ ગુંબદે ખદ્રા આસપાસ દરરોજ સવાર સાંજ ફરિશ્તાઓ સવાર સાંજ ફરિશ્તાઓ સલાતો સલામ પઢે છે તેને પણ તોડી પાડવામાં આવે ! પણ જે શખ્સ બુરી નિય્યત સાથે રોઝા પાક પર ગયો એના માટે ખુદા પાકે એક સાપ મુકર્રર કરી આપ્યો. જેણે તેને હલાક કરી નાખ્યો અને રબ્બુલ આલમીને પોતાના નબીની આ આખરી આરામગાહને તેનાથી મેહફૂઝ રાખી. મતલબ કે તેમના જુલ્મો અતિશય દર્દનાક છે જેના વર્ણનથી કલેજુ મોઢે આવી જાય છે. યઝીદે એહલે બયતની દુશ્મની તેમની જિંદગીમાં જ કરી પણ તેરસો વરસ પછી સહાબાએ કિરામ તથા અહલે બયતે એઝામને તેમની કબરોમાં સતાવવાનુ આ વહાબીઓના જ હાથે થયું. અત્યારે પણ જે કાંઈ ઈબ્ને સઊદે હરમૈન શરીફૈનમાં કર્યું તે દરેક હાજી સમક્ષ રોશન જ છે. મક્કા મુકર્રમામાં મેં ખૂદ મારી આંખો વડે જોયું કે કોઈ સહાબીની કબર શરીફનું નિશાન પણ નથી મળતું કે કોઈ ફાતેહા પણ પઢી લે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિલાદતના સ્થળમાં મેં એક સામિયાનુ લગાડેલું જોયું જ્યાં કૂતરાં તથા ગધેડાં છૂટથી હરતા ફરતા હતાં ! એ જગાએ પહેલાં એક કુબ્બો (ગુંબદ) બનેલો હતો, જ્યાં જઈને લોકો નમાઝો પઢતા હતા. અને તેની ઝિયારત કરતા હતા. આ હઝરત આમેના ખાતૂનનુ મકાન હતું અને એ જગાએ ઈસ્લામનો આફતાબ ચમકયો હતો પણ અત્યારે તેની આ પ્રમાણે બેહુર્મતી કરવામાં આવી છે.

આ તો હતા અરબસ્તાનના બનાવો પરંતુ અમારે અત્યારે હિંદુસ્તાન વિશે ચર્ચા કરવાની છે. દિલ્હીમાં એક શખ્સ પેદા થયો જેનું નામ મોલ્વી ઈસ્માઈલ હતું. તેણે મોહંમદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીની કિતાબુત્તૌહીદનો ઉર્દૂ અનુવાદ કર્યો જેનું નામ **તકવિયતુલ ઈમાન** રાખ્યું અને તેનો હિંદુસ્તાનમાં ફેલાવો કર્યો. વહાબી પણ તેને શહીદ કહે છે કેમ કે આ જનાબ એ જ 'તકવિયતુલ ઈમાન'ના લીધે સરહદી પઠાણોના હાથે કત્લ થયા હતા ! (જુઓ 'અન્વારે

આફતાબે સદાકત') પણ જાહેર એવું કરવામાં આવ્યું કે શીખોના હાથે મર્યા. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

વો વહાબિયહને જિસે દિયા હૈ લકબ શહીદો ઝબીહકા
વો શહીદ કે લિએ નજદ થા વો ઝબીહે તેગે ખય્યાર થા

જો શીખોના હાથે કત્લ થયા હોત તો અમૃતસર અથવા પૂર્વ પંજાબના કોઈ અન્ય શહેરમાં માર્યા જાત, કેમ કે એ જ જગા શીખોનુ મર્કઝ હતું, સરહદ તો પઠાણોનો મુલ્ક છે જ્યાં એ માર્યા ગયા. જેથી જણાયું કે તેમને મુસ્લિમોએ કત્લ કર્યા અને તેમની લાશ પણ ગાયબ કરી દીધી એટલા માટે એમની કબર પણ નથી.

ઈસ્માઈલ દહેલ્વીના ચાહકો બે ટોળીમાં વહેંચાયા એક તો તેઓ જેમણે ઈમામોની તકલીદ (પયરવી–અનુસરણ)નો ઈન્કાર કર્યો જેઓ **ગૈર મુકલ્લિદ કે વહાબી** કહેવાય છે. બીજા તેઓ જેમણે જોયું કે આ પ્રમાણે તકલીદનો ઈન્કાર જાહેર કરવાથી મુસલમાનો આપણાથી નફરત કરે છે તો તેઓએ પોતાને હનફી (દેખાવ પૂરતા) જાહેર કર્યા. નમાઝ, રોઝામાં તેઓ આપણી જેમ અમલ કરતા સામે આવ્યા, તેમને **ગુલાબી વહાબી** અથવા **દેવબંદી** કહે છે. અરે ! મારા આકા વ મૌલા મહબૂબે કિબ્રિયા صلی اللہ تعالیٰ علیہ وسلم નો મો'જિઝો તો જુઓ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું હતું કે ત્યાંથી (નજદથી) **કર્નુશ્શયતાન** એટલે કે શૈતાનની ગિરોહ નીકળશે, ઉર્દૂમાં **કર્નુશ્શયતાન**નો તર્જુમો છે **દેવબંદ !** ઉર્દૂમાં દેવ શયતાનને કહે છે અને 'બંદ' એ ગિરોહના અર્થમાં છે, એટલે કે **શયતાનની જગા** એટલે (દેવબંદ !) પરંતુ આ બંને ગૈર મુકલ્લિદ તથા દેવબંદીના અકીદાઓ તદ્દન સરખા છે અમલોમાં અમુક જાહેરી મતભેદ છે, મોહંમદ ઈબ્ને અબ્દુલવહાબને સારો જાણે છે, તેના અકીદાની હિમાયત કરનારા છે. જેમ કે દેવબંદના પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહી પોતાના ફતાવાએ રશીદિયહ, ભાગ–૧, કિતાબુત્તકલીદ, પેજ–૧૧૯માં લખે છે :–

"મોહંમદ ઈબ્ને અબ્દુલવહાબના મુકતદીઓને વહાબી કહે છે. તેમના અકીદા ઉમદા હતા અને મઝહબ તેમનો હંબલી હતો. અલબત્ત તેમના સ્વભાવમાં સખતાઈ હતી અને તેમના અનુયાયીઓ સારા છે, પણ હા ! જેઓ

હદથી વધી ગયા તેમનામાં ફસાદ આવી ગયો છે અને અકીદા સૌના સમાન છે. અમલોમાં ફર્ક હનફી, શાફઈ, માલિકી, હંબલી છે."—*રશીદ અહમદ*

પરંતુ વર્તમાનકાળમાં ગૈર મુકલ્લિદો (કહેવાતા એહલે હદીષ) કરતાં દેવબંદીઓ વધારે ખતરનાક છે, કેમ કે સામાન્ય મુસલમાનો તેમને ઓળખી નથી શકતા. એ લોકોએ પોતાની કિતાબોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એવી તૌહીનો કરી કે કોઈ ઉઘાડો મુશ્રિક પણ નથી કરી શકતો, તે છતાં પણ મુસલમાનોના પેશવા અને ઈસ્લામના એકલા ઠેકેદાર બની બેઠા !

મોલવી અશરફ અલી થાનવીએ 'હિફ્ઝુલ ઈમાન'માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મને જાનવરોના ઈલ્મ જેવો બતાવ્યો. મોલ્વી ખલીલ અહમદ અંબેઠવીએ પોતાની કિતાબ "બરાહિને કાતિઅહ"માં **શૈતાન** અને **મલકુલ મૌત**ના ઈલ્મને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મથી વધારે દર્શાવ્યો. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ નમાઝમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખયાલને ગધેડા તથા બળદના ખયાલથી બદતર લખ્યો. મોલવી કાસિમ નાનોત્વીએ 'તહઝીરુન્નાસ'માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખાતમુન્નબીય્યિન એટલે આખરી નબી માનવાથી ઈન્કાર કર્યો અને કહ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી અન્ય નબી આવી જાય તો પણ ખાતમિયતમાં કાંઈ ફરક આવશે નહીં, ખાતિમનો અર્થ છે અસલી નબી અને બીજા નબી છે નબીએ આરઝી (કામ ચલાઉ). એવું જ મિર્ઝા મુહમ્મદ કાદયાનીએ કહ્યું કે હું બરોઝી (આરઝી) નબી છું. મતલબ કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાની આ બારામાં તેમનો ચહીતો શાગિર્દ બન્યો.

આ લોકોને ત્યાં તૌહીદનો અર્થ છે અંબિયાની તૌહીન ! જેમ કે રાફઝીને ત્યાં હઝરત અલીથી મહોબ્બતનો અર્થ છે સહાબાની અદાવત ! જ્યારે આ તૌહીદ તો શૈતાની તૌહીદ છે. તેણે હઝરત આદમની અઝમતથી ઈન્કાર કર્યો, ખુદાનો હુકમ છતાં સજદો ન કર્યો પછી તેનો જે હશ્ર થયો તે આજ સુધી લોકો જોઈ રહ્યા છે કે દરેક જગ્યાએ તેના પર **લાહૌલ**નો માર પડે છે.

ઈસ્લામી તૌહીદ છે અલ્લાહ તઆલાને એક જાણવું અને તેના મહબૂબોની ઈજ્જત તથા અઝમત કરવી. **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ**ના

પ્રથમ ભાગમાં અલ્લાહની વહદાનિયતનો ઈકરાર છે અને બીજા ભાગમાં અઝમતે મુસ્તફાનો ઈઝહાર છે. આજ કાલ ઠેર ઠેર મુસલમાનોમાં અહલે સુન્નત અને દેવબંદીઓમાં ઝઘડા પડયા છે, દરેક જગાએ અથડામણો તથા દરેક નેક કાર્યને રોકવાની કોશિશ કરવામાં આવે છે. કયાંક ઈલ્મે ગયબ પર બહષ છે તો કયાંક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાઝિરો નાઝિર હોવા વિશે તકરાર છે, કયાંક મેહફિલે મીલાદ તથા ફાતેહા પર બહષ છે તો કયાંક ઔલિયા અલ્લાહના મઝારો પર ગુંબદ બનાવવા ન બનાવવા પર મુનાઝરા. જો કે એમાંથી દરેક મસાઈલમાં અહલે સુન્નતે આ'લા દરજ્જાની કિતાબો પ્રકાશિત કરેલી છે. જેમ કે **તકલીદ** (ઈમામની પયરવી)ના મસ્લામાં 'ઈન્તેસારુલ હક્ક' હઝરત મૌલાના ઈર્શાદ હુસૈન સાહબ رحمۃ اللہ علیہ થકી તથા **ઈલ્મે ગયબ**ના મસ્અલામાં 'અલ કલિમતુલ ઉલિયા' લેખક : હઝરત સદરુલ અફાઝિલ ઉસ્તાદી મુર્શિદી મૌલાના અલ્હાજ સૈયદ મોહંમદ નઈમુદ્દીન સાહબ મુરાદાબાદી, તીજીયા, ફાતેહા વગેરેમાં 'અનવારે સાતિઅહ' લેખક : હઝરત મૌલાના અબ્દુસ્સમીઅ 'બેદિલ' રામપૂરી અને હાઝિર નાઝિર, ઉર્સ, તથા ઝિયારતે કુબૂર તથા તમામ મસાઈલના બારામાં આ'લા હઝરત, મુજદ્દિદે મિઅતે હાઝરા, **મૌલાના અહમદ રઝાખાં સાહબ** બરેલ્વી કુદ્દસસિર્રહુલ અઝીઝ વગેરે. પણ એવો ખ્યાલ થયો કે કોઈ એવી કિતાબ લખવામાં આવે જે તમામ ચર્ચાઓને સમાવી લે, જેની પાસે એ કિતાબ હોય તે લગભગ દરેક મસ્અલામાં વિરોધીની સાથે ચર્ચા કરી શકે અને મુસલમાનોના અકીદાને એ લોકોથી બચાવી શકે. એટલા માટે મેં અલ્લાહના ભરોસાથી આ કામની હિંમત કરી. હિંમત તો કરી નાખી પણ પોતાની કમઈલ્મી અને બેસરોસામાનીનો મને પૂરેપૂરો એહસાસ છે ! શરૂ કરવું મારું કામ છે અને તેને છેડે પહોંચાડવું એ મારા રબના પર નિર્ભર છે.

હું મારા મોહતરમ દોસ્ત જનાબ મુન્શી અહમદ દીન સાહબ (સેક્રેટરી, અંજુમને ખુદ્દામે સૂફિયહ, ગુજરાત)નો દિલના ઊંડાણપૂર્વક શુક્રગુઝાર છું કે જેમણે આ કામમાં પૂરેપૂરી મદદ ફર્માવી આ (ઉર્દૂ) કિતાબ છપાવવાની વ્યવસ્થા કરી. ખુદા તઆલા તેમના માલ અને ઔલાદમાં બરકત અતા ફર્માવે, આમીન.

આ કિતાબમાં દરેક મસ્અલા પર સંક્ષિપ્તમાં પણ ભરપૂર ચર્ચા કરવામાં આવી છે. જે ભાઈઓને અધિક ચર્ચાની જરૂરત હોય તેઓ ઈલ્મે ગયબના મસ્અલામાં 'અલ કલિમતુલ ઉલિયા'નો અભ્યાસ કરે, કેમ કે આ મસ્અલાઓની આવી કિતાબ આજ સુધી નથી લખાઈ. એ જ પ્રમાણે અન્ય મસ્અલાઓની ચર્ચા માટે **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ની કિતાબો જુએ.

★ સૂચનાઓ ★

આ કિતાબમાં નીચેની વાતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે :–

૦૧. પોતાના દાવાનો ખુલાસો.

૦૨. તેની દલીલો કુર્આન, હદીષ અને બુઝુર્ગાને દીન, મોહદ્દિષો તથા મુફસ્સિરોના કથનોથી.

૦૩. તેના સમર્થનમાં વિરોધીઓની કિતાબોના હવાલા.

૦૪. વિરોધીઓના વાંધાઓ કુર્આની આયતો અને હદીષો અને ફકીહોના કથનો દ્વારા.

૦૫. વાંધાઓના જવાબો કુર્આન તથા હદીષો તથા ઉલમાના કથનોની રોશનીમાં.

૦૬. પોતાના દાવાની અકલી (બૌદ્ધિક) દલીલો.

૦૭. વિરોધીઓના અકલી વાંધાઓ

૦૮. તેના અકલી જવાબો

૦૯. એ વાતનુ પણ ધ્યાન રાખવામાં આવ્યું છે કે શકય હોય ત્યાં સુધી કિતાબોના પેજ નંબરો નકલ કરવામાં ન આવે, કેમ કે પેજો (નવી આવૃત્તિઓમાં) બદલાઈ જાય છે બલ્કે પ્રકરણ તથા ખંડ પણ બદલાઈ જાય છે અને જો તફસીરનો હવાલો હોય તો પારા, સૂરત અને આયત દર્શાવી છે.

વાંચકો ! જો ધ્યાનપૂર્વક આ કિતાબનો અભ્યાસ કરશો તો **ઈન્શાઅલ્લાહુ તઆલા** એને એક સમંદર પામશો જેમાંથી અમૂલ્ય મોતીઓ પામશો. આ કિતાબમાં સખ્ત શબ્દો તથા ગુંચવણભરી વાતોથી પરહેઝ કરવામાં આવેલ છે. ન્યાયપ્રિય લોકોથી ઉમ્મીદ છે કે **હક્ક** કબૂલ કરે અને **બાતિલ**થી બચે, કેમ કે એમાં જ દીન તથા દુનિયાની ભલાઈ છે. **વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહિ તવક્કલતુ વઈલૈહિ ઉનીબ.**

આ કિતાબનુ નામ હઝરત કિબ્લા આલિમ અમીરે મિલ્લત, શયખુલ મશાઈખ, કુતુબુલ વકત, આલિમે રબ્બાની પીર **સૈયદ જમાઅત અલી શાહ સાહબ** મોહદ્દિષે અલીપુરી દામત બરકાતુહુમુલ કુદ્સિયહએ "જાઅલ હક્કુ વ ઝહકલ બાતિલ" તજવીજ કર્યું છે. હું અતિ ગર્વ સાથે આ કિતાબને એ નામથી જાહેર કરું છું અને મારા રબથી ઉમ્મીદ કરું છું કે આ કિતાબને નામ તેવા ગુણવાળી ફર્માવે અને પોતાના ફઝલો કરમથી એને કબૂલ ફર્માવે, મારા માટે ગુનાહોનો કફ્ફારો બનાવે અને મારો ખાત્મો સારી રીતે નસીબ ફર્માવે, આમીન.

*–નાચીઝ **અહમદ યારખાં ઓઝાનવી બદાયૂની***

મુદર્રિસ મદ્રસા ખુદામે રસૂલ–ગુજરાત (પંજાબ) ૩–શાબાનુલ મોઅઝ્મ, હિ.સ. ૧૩૬૧, દોશમ્બહ્ મુબારક (પીર)ના ઈમાન અફરોઝ દિવસે આ એડીશનમાં વિષયો તથા દલીલોમાં ઘણો વધારો કરવામાં આવ્યો અને એક રિસાલો **તલાફિલ અદિલ્લહ ફી હુકિમત તલાકિષ્ષલાષહ્** વધારવામાં આવ્યો જેમાં દલીલોથી સાબિત કરવામાં આવ્યું છે કે એક ઝટકે ત્રણ તલાકો ત્રણ જ થશે ન કે એક રબ તઆલા કબૂલ ફર્માવે.

–અહમદ યારખાં નઈમી

પ્રાસ્તાવિક ચર્ચા

આ કિતાબમાં દરેક મસ્અલા બાબતે કુર્આની આયત રજુ કરવામાં આવશે અને તે આયતોની તફસીર પણ વર્ણન કરવામાં આવશે એટલા માટે તફસીરે કુર્આનના વિશે નીચે દર્શાવેલી વાતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

એક તો કુર્આનની તફસીર, બીજી કુર્આનની તાવીલ (અર્થઘટન), ત્રીજી કુર્આનની તેહરીફ (ફેરફાર). તેની અલગ અલગ વ્યાખ્યાઓ છે અને તેના અલગ અલગ હુકમો છે.

(૧) કુર્આનની તફસીર પોતાની રાય (મંતવ્ય)થી કરવી હરામ બલ્કે એના માટે નકલની જરૂરત છે. કુર્આનની જાઈઝ તાવીલ પોતાના ઈલ્મ તથા મઅરેફતના આધારે કરવી જાઈઝ અને સવાબનો સબબ છે. કુર્આને પાકની તેહરીફ (તેમાં ફેરફાર) કરવો કુફ્ર છે.

તફસીર એને કહે છે કે કુર્આને કરીમમાં તે એહવાલ બયાન કરવા જે અક્કલથી માલૂમ ન થઈ શકે તેમાં નકલની જરૂરત હોય. જેમ કે આયાતનો શાને નુઝૂલ (કયા સંજોગોમાં નાઝિલ થઈ તે) અથવા આયાતનું નાસિખ (રદ કરનાર) તથા મન્સૂખ (રદ થયેલ) હોવું. જો કોઈ શખ્સ હવાલો નકલ કર્યા વિના પોતાના મંતવ્ય અનુસાર કહી આપે કે ફલાણી આયત મન્સૂખ છે અથવા ફલાણી આયતનુ શાને નુઝૂલ આ છે, તો એ માન્ય નથી અને કહેનાર ગુનેહગાર છે.

મિશ્કાત, કિતાબુલ ઈલ્મ, ફસ્લ દોમમાં છે :–

(અર્થ) : જે શખ્સ કુર્આનમાં પોતાની રાયથી કાંઈ કહે તે પોતાનુ ઠેકાણુ જહન્નમમાં બનાવી લે. મિશ્કાતમાં એ જ જગાએ છે, **(અર્થ)** : જે શખ્સે કુર્આનમાં પોતાની રાયથી કાંઈ કહ્યું વળી સહીહ કહ્યું તો પણ તેણે ગલતી કરી.

હવે તફસીરે કુર્આનના કેટલાક મર્તબા છે તે જુઓ. તફસીરે કુર્આન બિલ કુર્આન : આ સૌથી અગ્રસ્થાને છે. ત્યાર બાદ, તફસીરે કુર્આન બિલ હદીષ : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાહિબે કુર્આન છે જેથી તેમની કુર્આની તફસીર અતિશય ઉચ્ચ ગણાશે. પછીના સ્થાને કુર્આનની તફસીર સહાબાએ કિરામના કૌલ થકી, ખાસ કરીને ફકીહ સહાબીઓ તથા ખુલફાએ રાશિદીનની તફસીર રહેશે.

હવે રહી તાબઈન તથા તબએ તાબઈનના કૌલ થકી તફસીર, એ જો રિવાયતથી છે તો મોઅતબર, નહીં તો ગૈર મોઅતબર. (માખૂઝ અઝ એલાએ કલિમતુલ્લાહ અઝ અલ્લામા ગોલરવી કુદ્દેસસિર્રહૂ)

(૨) કુર્આનની તાવીલ એ છે કે કુર્આની આયતોના વિષયો અને તેની બારીકીઓ બયાન કરે અને સર્ફી તથા નહ્વી કાયદાઓ થકી તેમાંથી વિવિધ પોઈન્ટ કાઢે, એ અહલે ઈલ્મના માટે જાઈઝ છે, એમાં નકલની જરૂરત નથી. એની સાબિતી કુર્આની આયતો અને નબવી હદીષો તથા ફકીહોના કથનોની છે.

રબ્બે કરીમ ફર્માવે છે : "તો શું તેઓ કુર્આનમાં વિચાર નથી કરતા, જો એ ગૈરે ખુદાની પાસેથી હોત તો એમાં ખૂબ જ ઈખ્તેલાફ (વિરોધાભાસ) પામત." *(પારા–૫, સૂરએ નિસાઅ)*

તફસીરે રૂહુલ બયાનમાં આ આયતો હેઠળ **યતદબ્બરૂન**ની તફસીરમાં ફર્માવે છે :–

"એટલે કે કેમ વિચાર (ચિંતન) નથી કરતા ? એના અર્થમાં અધિક સાથે કેમ નથી જોતા ? એ ખૂબીઓને જે કુર્આનમાં છે."

મિશ્કાત કિતાબુલ કેસાસ ફસ્લ અવ્વલમાં છે કે કોઈ સાહબે હઝરત અલી رضی اللہ عنہ થી પૂછયું કે, શું તમારી પાસે કુર્આન સિવાય અન્ય કાંઈ પણ અતિય્યાએ મુસ્તફા છે ? صلی اللہ تعالیٰ علیہ وسلم તો ફર્માવ્યું, "અમારી પાસે આ કુર્આન સિવાય બીજુ કાંઈ નથી, હા ! તે ઈલ્મ તથા ફહમ (સમજ) છે જે કોઈને કિતાબે ઈલાહીના વિશે અતા કરી દેવામાં આવે છે."

એ જ હદીષ હેઠળ મિર્કાતમાં છે :–

(અર્થ) : "આ ફહમનો મતલબ તે ઈલ્મ છે જેનાથી કુર્આનના અર્થો

કાઢવામાં આવે અને જેનાથી ઈશારાઓ માલૂમ થાય અને છુપાયેલા ઈલ્મનો પતો લાગે.''

આ આયત અથવા હદીષથી જણાયુ કે કુર્આની અર્થોમાં ચિંતન કરવું અને ઈલ્મ તથા બુદ્ધિથી કામ લેવું, એનાથી મસાઈલને કાઢવું **જાઈઝ** છે. દરેક જગાએ નકલની જરૂરત નથી.

હાશિયા જલાલૈનમાં છે :–

(અર્થ) : તફસીરનો શાબ્દિક અર્થ છે જાહેર કરવું અને તાવીલનો અર્થ પાછા ફરવું થશે. અને ઈલ્મે તફસીર એ કુર્આને પાકની તે હાલતોને જાણવું છે જે ઈન્સાની તાકાત પ્રમાણે અલ્લાહની મુરાદ (હેતુ)ને દર્શાવે. પછી તેના બે પ્રકારો છે, **એક** તો તફસીર, અને તે છે જે નકલ વિના માલૂમ ન થઈ શકે, **બીજી** તાવીલ, અને તાવીલ તે છે જેને અરબી કાયદાઓથી માલૂમ કરી શકાય. વળી તાવીલનો સંબંધ ફહમ (સમજ) સાથે છે. અને તાવીલનુ રાયથી જાઈઝ અને તફસીરનુ રાયથી નાજાઈઝ હોવામાં રાઝ એ છે કે તફસીર તો ખુદાએ પાક પર ગવાહી આપે છે અને તેનુ યકીન કરવાનું કે રબ તઆલાએ આ કલમાના આ જ અર્થો મુરાદ લીધા છે, અને એ બતાવ્યા વિના જાઈઝ નથી. એટલા માટે હાકિમે ફૈંસલો કરી આપ્યો કે સહાબીની તફસીર મરફુઅ હદીષના હુકમમાં છે, અને તાવીલ અમુક શકયતાઓમાંથી અમુકને અગ્રિમતા આપી દેવાનુ નામ છે, અને તે પણ યકીન વિના.

મિર્કાત શરહે મિશકાત કિતાબુલ ઈલ્મ ફસ્લ દોમમાં **મન કાલ ફિલ્કુર્આનિ બિરાયિહી**ના હેઠળ ફર્માવે છે :–

(અર્થ) : એટલે કે હદીષનો મતલબ એ છે કે કુર્આનના અર્થ અથવા તેની કિરાઅતમાં પોતાના તરફથી કલામ કરે અને લુગત અને ભાષા જાણનાર ઈમામોના કૌલથી તલાશ ન કરે, શરઈ કાયદાઓનો લેહાજ ન રાખે બલ્કે એ રીતે કહી દે કે જેવું તેની અક્કલ ચાહે, જ્યારે કે એ અર્થ એવો હોય કે જેને સમજવું નકલ પર આધારિત હોય, જેમ કે શાને નુઝૂલ અને નાસિખ તથા મન્સૂખ.

તિર્મિઝી, ભાગ–૨, કિતાબુત્તફસીરના પ્રારંભમાં છે, (અર્થ) : કેટલાક અહલે ઈલ્મ સહાબાએ કિરામ વગેરેથી એ જ રિવાયત છે કે તે હઝરાત એમાં ખૂબ જ સખતી કરતા હતા કે કુર્આનની તફસીર ઈલ્મ વિના કરવામાં આવે !

આ હદીષના હાશિયામાં મજમઉલ બહારથી નકલ ફર્માવ્યું, (અર્થ) : એ તો જાઈઝ નથી કે એ ઈબારતનો આ મતલબ હોય કે કોઈપણ કુર્આનમાં વગર સાંભળ્યે કાંઈ કહી ન શકે. કેમ કે સહાબાએ કિરામે કુર્આનની તફસીરો કરી અને આપસમાં ઘણી બધી રીતે તેઓમાં ઈખ્તેલાફ રહ્યો અને તેમની દરેક વાત તો સાંભળેલ ન હતી. તેમજ વળી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું એ દુઆ ફર્માવવું બેકાર થશે કે હે અલ્લાહ ! તેમને દીની ફિકહ (સમજ) આપ અને તેમને તાવીલ શીખવાડી આપ.

તેમજ હઝરત ઈમામ ગિઝાલીએ અહયાઉલ ઉલૂમ, ભાગ–૬ માં ચોથો ખંડ આ મકસદને લીધે મુકર્રર કર્યો છે કે કુર્આનનુ સમજવુ નકલ વિના પણ જાઈઝ છે. આપ ફર્માવે છે કે કુર્આનનો એક જાહેરી અર્થ છે અને એક બાતિની (આંતરિક). ઉલમા જાહેરી અર્થની તેહકીક (સંશોધન) કરે છે અને સૂફયાએ કિરામ બાતિનની. હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જે શખ્સ પોતાની રાયથી કુર્આનમાં કહે તે ખતાકાર છે. એનો મતલબ એ જ છે કે જે વાતોનો ઈલ્મ નકલ વિના નથી થઈ શકતો તેને રાય વડે બયાન કરવું હરામ છે. તેની સંપૂર્ણ ચર્ચા માટે અહયાઉલ ઉલૂમ શરીફના એ જ પ્રકરણ એ જ ખંડમાં જોવા મળશે. તેમજ દિનના ઈમામોનો કુર્આની આયતોમાં ઘણો ઈખ્તેલાફ રહે છે, એક જણ કોઈ જગાએ વકફ કરે છે તો બીજો બીજી જગાએ. એક જણ એ જ આયતથી એક મસ્અલો કાઢે છે તો બીજો તેની વિરૂધ્ધ, જેમ કે ઝિનાની તોહમત લગાડનારની ગવાહી, મુતશાબેહાતનો ઈલ્મ વગેરે. માટે જો તમે તમારા ઈલ્મથી અલ્લાહના કલામમાં બિલકુલ કલામ નથી કરી શકતા, દરેક દરેક વાત માટે નકલની જરૂરત છે તો આ મતભેદ કેવો ?

(૩) તેહરીફ એ છે કે કુર્આનના એવા અર્થો તથા મતલબો બયાન કરે છે જે ઉમ્મતના ઈજમાઅ અથવા ઈસ્લામી અકીદા અથવા મુફસ્સિરોના ઈજમાઅની વિરૂધ્ધ હોય, અથવા ખૂદ કુર્આની તફસીરની વિરૂધ્ધ હોય અને

એવુ કહે કે આ આયતનો તે અર્થ નથી બલ્કે આ અર્થ છે જે મેં કહ્યો, આ સ્પષ્ટ (સરીહ) કુફ્ર છે. જેમ કે કુર્આની આયતો અને કિરાઅતે મુતવાતિરહ્નો ઈન્કાર કુફ્ર છે એવી જ રીતે કુર્આનના મુતવાતિર અર્થોનો ઈન્કાર કુફ્ર છે.

[મુતવાતિર = જે હદીષના રાવીઓની ચેઈન (કડી) હોય]

જેમ કે મોલ્વી કાસિમ નાનોત્વીએ **ખાતમુન્નબિય્યીન**નો અર્થ અસલી નબી કર્યો અને આખરી નબી અર્થને અવામનો ખયાલ એટલે કે ગલત કહ્યો, અને નબુવ્વતના બે પ્રકાર એક **અસલી** બીજો **આરઝી**, જ્યારે કે ઉમ્મતનો ઈજમાઅ અને હદીષોનો ઈત્તેફાક એના પર છે કે **ખાતમુન્નબીય્યિન**નો અર્થ **'આખરી નબી'** છે, અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં અથવા બાદમાં કોઈ નવો નબી નથી આવી શકતો. (છતાં અર્થ બદલ્યા) આ તેહરીફ છે. એ પ્રમાણે કુર્આનની જે આયતોમાં ગૈરુલ્લાહને પોકારવાની મનાઈ કરવામાં આવી છે. ત્યાં મુફસ્સિરોનો ઈજમાઅ છે કે એનાથી મુરાદ ગૈરે ખુદાથી પૂજવાથી છે. એ પ્રમાણે કુર્આનની જે આયતોમાં ગૈરુલ્લાહને પોકારની મનાઈ કરવામાં આવી છે.

જેમ કે : وَلَا تَدْعُ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُكَ وَلَا يَضُرُّكَ "ખુદા સિવાય એમને ન પુકારો જે નફો નુકસાન ન પહોંચાડી શકે." (સૂ.યૂનુસ–૧૦૬)

તેમજ કુર્આન કરીમ ખૂદ એની તફસીરમાં ફર્માવે છે :–

وَمَنْ يَّدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ "જે શખ્સ ખુદાની સાથે બીજા મઅબૂદને પુકારે." (સૂ. મોઅ્મિનૂન–૧૧૭)

હવે આ તફસીર અને મુફસ્સિરોના ઈજમાઅના હોવા છતાં જે કહે કે ગૈરુલ્લાહને પોકારવું મના છે તે કુર્આનમાં તેહરીફ (ફેરફાર) કરે છે. આ ચર્ચાને ખૂબ સારી પેઠે ખયાલમાં રાખવી જોઈએ જે ખૂબ જ લાભદાયી છે તથા આગળ જતાં કામ લાગશે.

★ તકલીદ (ઈમામની પયરવી)ની ચર્ચા ★

તકલીદના પ્રકરણમાં પાંચ વાતો ખયાલમાં રાખવી જરૂરી છે :–

(૧) તકલીદનો અર્થ અને તેના પ્રકારો (૨) તકલીદ કઈ જરૂરી છે અને કઈ મના છે (૩) તકલીદ કોના પર લાઝિમ છે અને કોના પર નથી (૪) તકલીદ વાજિબ થવાની દલીલો (૫) તકલીદ પર વાંધાઓ અને તેના મુકમ્મલ જવાબો. એટલા માટે આ ચર્ચાના પાંચ વિભાગ કરવામાં આવે છે.

(પ્રથમ વિભાગ)

★ તકલીદનો અર્થ અને તેનાં પ્રકારો ★

તકલીદના બે અર્થો છે એક તો લુગવી (શબ્દકોષનો) બીજો શરઈ. શબ્દકોષમાં અર્થ છે ગળામાં હાર અથવા પટ્ટો નાખવો. તકલીદનો શરઈ અર્થ એ છે કે કોઈના કૌલ તથા ફેઅલ (વાણી તથા વર્તન)ને પોતાના માટે શરઈ રીતે લાઝિમ (જરૂરી) જાણવું, એવું સમજીને કે એનું કલામ (કથન) તથા કામ મારા માટે હુજ્જત (દલીલ) છે કેમ કે એ શરઈ મોહક્કિક છે. (શરીઅતમાં સંશોધક) છે. જેમ કે આપણે શરઈ મસાઈલમાં ઈમામ સાહબનો કૌલ તથા ફેઅલ પોતાના માટે દલીલ સમજીએ અને શરીઅતની દલીલોમાં નજર નથી કરતા.

હાશિયા હુસ્સામી બાબતો મુતાબિઅતે રસૂલિલ્લાહિ ﷺ માં પેજ–૮૬ પર 'શરહે મુખ્તસરુલ મિનાર'થી નકલ કર્યું છે, એ જ પ્રમાણે 'નુરૂલ અન્વાર'માં તકલીદની ચર્ચામાં છે કે, "તકલીદનો અર્થ છે કોઈ વ્યકિતનુ પોતાના ગૈરની પયરવી કરવું એમાં જે તેને કહેતાં સાંભળી લે અથવા કરતાં જોઈ લે તો દલીલમાં ઉતર્યા વિના એવું સમજીને કે તે તેહકીક કરનારાઓમાંથી છે." તેમજ ઈમામ ગઝાલી કિતાબુલ મુસ્તસ્ફા, ભાગ–૨ , પેજ–૩૮૭માં ફર્માવે છે : જેમ કે ઉપર આવી ગયું. મુસલ્લમુષ્ષબૂતમાં પણ એ જ પ્રમાણે દર્શાવ્યું છે. આ વ્યાખ્યાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ ની ઈતાઅત (પયરવી) કરવાને તકલીદ નથી કહી શકતા કેમ કે તેમનો દરેક કૌલ તથા ફેઅલ (વાણી–વર્તન) શરઈ દલીલ છે. તકલીદમાં શરઈ દલીલને જોવાની નથી જેથી આપણે હુઝૂર ﷺ ના ઉમ્મતી કહેવાઈશું, નહીં કે મુકલ્લિદ. એ જ પ્રમાણે સહાબાએ કિરામ તથા દીનના ઈમામો હુઝૂરના ઉમ્મતી છે,

નહીં કે મુકલ્લિદ. એ જ પ્રમાણે આલિમની ઈતાઅત (પયરવી) જે આમ મુસલમાનો કરે છે તેને પણ તકલીદ કહેવાશે નહીં, કેમ કે કોઈપણ એ આલિમોની વાત અથવા તેમના કામને પોતાના માટે હુજ્જત (દલીલ) નથી બનાવતો બલ્કે એવું સમજીને તેમની વાત માને છે કે મોલ્વી માણસ છે, કિતાબમાં જોઈને કહી રહ્યા હશે. જો સાબિત થઈ જાય કે તેમનો આ ફત્વો ગલત હતો, કિતાબની વિરૂધ્ધ હતો તો કોઈ પણ માને નહીં. એથી ઉલ્ટુ ઈમામે આઝમ અબૂ હનીફાનો કૌલ કે ભલે તે હદીષ કે કુર્આન અથવા ઉમ્મતના ઈજમાઅને જોઈને મસ્અલો ફર્માવે તો પણ કબૂલ અને પોતાના કયાસથી હુકમ આપે તો પણ કબૂલ થશે. આ તફાવત યાદ રાખશો.

તકલીદ બે પ્રકારની છે : એક તકલીદે શરઈ અને બીજી ગૈર શરઈ. તકલીદે શરઈ તો શરીઅતના હુકમોમાં કોઈની પયરવી કરવાને કહે છે જેમ કે નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત વગેરેના મસાઈલમાં દીનના ઈમામોની પયરવી કરવામાં આવે છે. અને તકલીદે ગૈર શરઈ દુનિયવી વાતોમાં કોઈની પયરવી કરવાને કહે છે. જેમ કે તબીબ (ડોકટર). લોકો ઈલ્મે તિબ્બમાં બૂ અલી સીનાની અને શાયર લોકો દાગ, અમીર અથવા મિર્ઝા ગાલિબની અથવા નહ્વી અથવા સર્ફી લોકો સેબવે અને ખલીલની પયરવી કરે છે. એવી રીતે દરેક ધંધાવાળો પોતાના ધંધામાં એ કલા (વિષય)ના માહિરોની પયરવી કરે છે એ દુનિયવી તકલીદ છે.

સૂફિયાએ કિરામ જેઓ વઝીફા તથા અમલોમાં પોતાના મશાઈખના કૌલ તથા ફેઅલની પયરવી કરે છે, એ દીની તકલીદ તો છે પણ તકલીદે શરઈ નથી બલ્કે તકલીદ ફિત્તરીકત છે. એટલા માટે આ શરઈ મસાઈલ હરામ કે હલાલમાં તકલીદ નથી. હા, જે ચીજમાં તકલીદ છે તે દીની કામ છે.

તકલીદે ગૈર શરઈ જો શરીઅતની વિરૂધ્ધ હોય તો હરામ છે અને જો ઈસ્લામ વિરૂધ્ધ ન હોય તો જાઈઝ છે. વૃધ્ધા ઔરતો પોતાના બાપ દાદાઓની કાઢેલી શાદી–ગમીની તે રસ્મોની પાબંદી કરે જે શરીઅતના વિરૂધ્ધ હોય તો તે હરામ છે અને તબીબો જે તિબ્બી (દાકતરી) મસાઈલમાં બૂ અલી સીના વગેરેની પયરવી કરે જે ઈસ્લામની વિરૂધ્ધ ન હોય તો જાઈઝ છે. આ પ્રથમ

પ્રકારની તકલીદના હરામના બારામાં કુર્આને કરીમ ઠેક ઠેકાણે મનાઈ ફર્માવે છે અને એવી તકલીદ કરનારાઓની બુરાઈ ફર્માવે છે.

وَلَا تُطِعْ مَنْ اَغْفَلْنَا قَلْبَهٗ عَنْ ذِكْرِنَا وَاتَّبَعَ هَوٰىهُ وَكَانَ اَمْرُهٗ فُرُطًا ﴿۲۸﴾

"અને તેનુ કહ્યું ન માનો જેનુ દિલ અમે અમારી યાદથી ગાફેલ કરી દીધું અને તે પોતાની ખ્વાહિશની પાછળ ચાલ્યો અને તેનુ કામ હદથી વધી ગયું.

(સૂ. કહફ–૨૮)

وَاِنْ جَاهَدٰكَ عَلٰٓى اَنْ تُشْرِكَ بِىْ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ فَلَا تُطِعْهُمَا

"અને જો તે તારાથી કોશિશ કરે કે તુ મારો શરીક ઠરાવે એને જેનો તને ઈલ્મ નથી તો એમનુ કહ્યુ ન માન." *(સૂ. લુકમાન–૧૫)*

وَاِذَا قِيْلَ لَهُمُ تَعَالَوْا اِلٰى مَآ اَنْزَلَ اللّٰهُ وَاِلَى الرَّسُوْلِ قَالُوْا حَسْبُنَا مَا وَجَدْنَا عَلَيْهِ اٰبَآءَنَا ؕ اَوَلَوْ كَانَ اٰبَآؤُهُمْ لَا يَعْلَمُوْنَ شَيْـًٔا وَّلَا يَهْتَدُوْنَ ﴿۱۰۴﴾

"અને જ્યારે એમનાથી કહેવામાં આવે કે આવે જે તરફ અલ્લાહે ઉતાર્યું અને રસૂલની તરફ (તો) કહે અમને તે બહુ છે જેના પર અમે અમારા બાપ દાદાને પામ્યા, શું ભલે તેમના બાપ દાદા કાંઈ ન જાણે અને ન રાહ પર હોય."

(સૂ. માએદહ–૧૦૪)

وَاِذَا قِيْلَ لَهُمُ اتَّبِعُوْا مَآ اَنْزَلَ اللّٰهُ قَالُوْا بَلْ نَتَّبِعُ مَآ اَلْفَيْنَا عَلَيْهِ اٰبَآءَنَا ؕ

"અને જ્યારે તેમને કહેવામાં આવે કે અલ્લાહના ઉતારેલા પર ચાલો તો કહેશે, બલ્કે અમે તો એના પર ચાલીશું જેના પર અમારા બાપ દાદાઓને પામ્યા." *(સૂ. બકરહ–૧૭૦)*

એમાં તથા એના જેવી આયતોમાં એવી તકલીદની બુરાઈ ફર્માવવામાં આવી છે, જે શરીઅતના મુકાબલામાં જાહિલ બાપ દાદાઓનાં હરામ કામો પ્રતિ જાય, અમારા બાપદાદા આવુ કરતા હતા એટલે અમારે પણ એવું જ કરવું જોઈએ, એ કામ જાઈઝ હોય કે નાજાઈઝ !

રહી શરઈ તકલીદ અને ઈમામોની ઈતાઅત (પયરવી) તો એની સાથે

આયતોને કાંઈ સંબંધ નથી. આ આયતોના આધારે ઈમામોની તકલીદને શિર્ક અથવા હરામ કહેવી તદ્દન બેદીની છે, એનો ખૂબ જ ખ્યાલ રાખશો.

(બીજો વિભાગ)

★ કયા મસાઈલમાં તકલીદ કરવામાં આવે, કયામાં નહીં ? ★

શરઈ તકલીદમાં કેટલીક તફસીલ છે. શરઈ મસાઈલ ત્રણ પ્રકારના છે :

(૧) અકીદા વિશે (૨) તે હુકમો (અહકામ) જે સ્પષ્ટ રીતે કુર્આને પાક અથવા હદીષ શરીફથી સાબિત હોય, ઈજતેહાદને એમાં દાખલ ન હોય. (૩) તે અહકામ (હુકમો) જે કુર્આન કે હદીષથી ઈસ્તિમ્બાત (કાઢવું) તથા ઈજતેહાદ કરીને કાઢવામાં આવે.

અકીદામાં કોઈની તકલીદ જાઈઝ નથી. તફસીરે રૂહુલ બયાન, સૂરએ હૂદની તફસીરમાં છે :–

(અર્થ) : જો કોઈ અમને પૂછે કે તૌહીદ તથા રિસાલત વગેરે તમે કઈ રીતે માની ? તો એવું કહેવામાં નહીં આવે કે હઝરત ઈમામ અબૂહનીફા رضی اللہ عنہ ના ફર્માવવાથી અથવા તો ફિકહે અકબરથી, બલ્કે તૌહીદ તથા રિસાલતની દલીલોથી, કેમ કે અકાઈદમાં તકલીદ નથી હોતી.

મુકદ્દમા શામી બહષે તકલીદુલ મફઝુલ મઅલ અફઝલમાં છે :–

(અર્થ) : જેનો આપણે એતેકાદ રાખીએ છીએ ફુરુઈ મસાઈલ સિવાય કે જેનો એતેકાદ રાખવો દરેક પાબંદ પર કોઈનીયે તકલીદ વિના વાજિબ છે તે અકીદા તે જ છે જેના પર અહલે સુન્નત વ જમાઅત છે. તે એહલે સુન્નત **અશાએરા** અને **માતુરીદિયહ** છે. તેમજ તફસીરે કબીર, પારા–૧૦ فَأَجِرْهُ حَتّٰى يَسْمَعَ كَلَامَ اللّٰهِમાં છે, (અર્થ) આ આયત એ વાતની દલીલ પૂર્ણ પાડે છે કે દીનમાં કેવળ તકલીદ જ પૂરતી નથી અને બેશક ! ચિંતન મનન અને દલીલ કાયમ કરવી જરૂરી છે. *(સૂ. તૌબા–૬)*

સરીહ (સ્પષ્ટ) હુકમોમાં પણ કોઈની તકલીદ જાઈઝ નથી. પાંચ નમાઝની રકાતો, ૩૦ રોઝા, રોઝામાં ખાવુ પીવુ હરામ હોવું. આ તે મસ્અલા છે જેની સાબિતી નસથી (દલીલથી) સ્પષ્ટ થયેલ છે, એટલા માટે એવું કહેવામાં નહીં આવશે કે નમાઝ પાંચ એટલા માટે છે અથવા રોઝા એક મહીનાના એટલા માટે છે કે ફિકહે અકબરમાં લખ્યું છે અથવા ઈમામ અબૂ હનીફાએ ફર્માવ્યું છે, પણ એના માટે કુર્બાન–હદીષની દલીલો આપવામાં આવશે.

જે મસાઈલ કુઆન, હદીષ અથવા ઉમ્મતના ઈજમાઅથી ઈજતેહાદ તથા ઇસ્તિમ્બાત કરીને કાઢવામાં આવે છે એમાં ગૈરમુજતહિદે તકલીદ કરવી **વાજિબ** છે. મસાઈલની જે અમે વર્હેચણી કરી દીધી અને દર્શાવી આપ્યું કે, કયા મસાઈલ તકલીદ કરવાને પાત્ર છે અને કયા નહીં, એનો ખૂબ જ લેહાઝ રાખવામાં આવે. કેટલાક પ્રસંગે ગૈરમુકલ્લિદો વાંધો ઉઠાવે છે કે મુકલ્લિદને હક્ક નથી હોતો કે દલીલોથી મસઅલા કાઢે તો પછી તમે લોકો નમાઝ તથા રોઝાના માટે કુર્આની આયતો અથવા હદીષો શા માટે પેશ કરો છો ? એ પ્રશ્નનો જવાબ પણ આ બાબતમાં આવી ગયો કે રોઝા તથા નમાઝની ફઝીયત તકલીદી મસાઈલ નથી. એ પણ જાણવા મળ્યું કે એહકામ સિવાય ખબર વગેરેમાં તકલીદ થશે નહીં જેમ કે યઝીદના કુફ્ર વિશેનો મસ્અલો વગેરે. તેમજ કયાસી મસાઈલમાં ફકીહોનું કુર્આન, હદીષથી દલીલ પેશ કરવું કેવળ માનેલા મસાઈલના સમર્થન માટે હોય છે, એ મસાઈલ પ્રથમથી જ ઈમામના કૌલથી માનેલા હોય છે તો દલીલમાં વિચાર–ચિંતન કર્યા વિનાનો એ અર્થ નથી કે મુકલ્લિદ દલીલો જુએ જ નહીં, બલ્કે એ દલીલોથી મસાઈલ હલ ન કરે (એ અર્થ છે).

(ત્રીજો વિભાગ)

★ કોના પર તકલીદ વાજિબ છે ? કોના પર નહીં ? ★

મુકલ્લફ (આકિલ તથા બાલિગ) મુસલમાન બે પ્રકારના હોય છે, એક મુજતહિદ અને બીજો ગૈર મુજતહિદ. મુજતહિદ તે છે જેમાં એટલા અંશે ઈલ્મી

લાયકાત અને કાબેલિયત હોય કે કુર્આની ઈર્શાદો તથા રહસ્યો સમજી શકે. **નાસિખ** તથા **મન્સૂખ**નો પૂરો ઈલ્મ ધરાવતો હોય. સર્ફ, નહવ તથા બલાગત વગેરેના ઈલ્મમાં એને સંપૂર્ણ મહારત હાંસલ થયેલ હોય. એહકામની (હુકમોની) તમામ આયતો અને હદીષો પર તેની નજર હોય, એ ઉપરાંત તેજ બુધ્ધિવાળો તથા સારો સમજદાર હોય. જુઓ તફસીરાતે અહહમદિયહ્ વગેરે. અને જે આ દરજ્જે ન પહોંચ્યો હોય તે ગૈર મુજતહિદ અથવા મુકલ્લિદ છે. ગૈર મુજતહિદ પર તકલીદ જરૂરી છે, મુજતહિદના માટે તકલીદ મના છે. મુજતહિદના છ તબકા છે : (૧) મુજતહિદ ફિશ્શરઅ (૨) મુજતહિદ ફિલ્ મઝહબ (૩) મુજતહિદ ફિલ્ મસાઈલ (૪) અસ્હાબુત્તખરીજ (૫) અસ્હાબુત્તરજીહ (૬) અસ્હાબુત્તમીઝ. *(મુકદ્દમા શામી બહથે તબકાતે કુબરા)*

૦૧. 'મુજતહિદ ફિશ્શરઅ' તે હઝરાત છે જેમણે ઈજતેહાદ કરવાના કાયદા બનાવ્યા. જેમ કે ચારેવ ઈમામો અબૂ હનીફા, શાફઈ, માલિક, અહમદ ઈબ્ને હંબલ رَضِیَ اللّٰہُ عَنْہُمْ.

૦૨. 'મુજતહિદ ફિલ્મઝહબ' તે હઝરાત છે જે એ ઉસૂલો (કાયદાઓ)માં તકલીદ કરે છે અને એ ઉસૂલોથી શરઈ ફુરૂઈ મસ્અલા ખૂદ કોશિશ કરી કાઢી શકે છે, જેમ કે ઈમામ અબૂ યૂસુફ તથા મોહંમદ તથા ઈબ્ને મુબારક رَضِیَ اللّٰہُ عَنْہُمْ. કે એ કાયદાઓમાં હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ના મુકલ્લિદ છે અને મસાઈલમાં ખૂદ મુજતહિદ.

૦૩. 'મુજતહિદ ફિલ્ મસાઈખ' તે હઝરાત છે જેઓ કાયદા તથા ફુરૂઈ મસાઈલમાં મુકલ્લિદ છે પણ તે મસ્અલા જેના વિશે ઈમામોની તસ્રીહ (ખુલાસો) નથી મળતી તેને કુર્આન તથા હદીષ વગેરે દલીલો વડે કાઢી શકે છે, જેમ કે ઈમામ તહાવી અને કાઝીખાન, શમ્સુલ અઈમ્મા સરખસી વગેરે.

૦૪. 'અસ્હાબે તખરીજ' તે હઝરાત છે જેઓ ઈજતેહાદ તો બિલકુલ નથી કરી શકતા, હા ! ઈમામોમાંથી કોઈના મુજમલ કૌલની તફસીલ ફર્માવી શકે છે, જેમ કે ઈમામ કર્ખી વગેરે.

૦૫. 'અસ્હાબે તર્જીહ' તે હઝરાત છે જેઓ ઈમામ સાહબની અમુક રિવાયતોમાંથી અમુકને પ્રાધાન્ય આપી શકે છે. એટલે કે જો કોઈ મસ્અલામાં હઝરાત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ના બે કૌલ રિવાયતમાં આવે તો તેમાંથી કોને અગ્રિમતા આપવી તે તેઓ નક્કી કરી શકે છે. એ જ પ્રમાણે જ્યાં ઈમામ સાહબ તથા સાહિબૈન (ઈમામ અબૂ યૂસુફ તથા મુહંમદ)નો ઈખ્તેલાફ હોય તો કોઈ એકના કૌલને અગ્રિમતા આપી શકે છે કે આ ઉલા છે, આ સહીહ છે, વગેરે. જેમ કે સાહિબે કદૂરી અને સાહિબે હિદાયહ.

૦૬. 'અસ્હાબે તમીઝ' તે હઝરાત છે જેઓ જાહેરી મઝહબ અને રિવાયતે નાદિરહ, એ જ પ્રમાણે ઝઈફ કૌલ અને કવી તથા અકવમાં, મજબૂત તથા વધુ મજબૂતમાં ફર્ક કરી શકે છે કે (જેથી) અકવાલે મરદૂદા તથા રિવાયાતે ઝઈફાને તર્ક કરી આપે અને સહીહ રિવાયતો અને મોઅતબર (વિશ્વસનીય) કૌલને લે. જેમ કે સાહિબે કન્ઝ તથા સાહિબે દુર્રે મુખ્તાર વગેરે.

જેનામાં આ છ ગુણોમાંથી કોઈ પણ ગુણ ન હોય તે કેવળ મુકલ્લિદ છે. જેમ કે આપણે અને આપણા જમાનાના આમ ઉલમા. તેમનુ કેવળ એ જ કામ છે કે કિતાબથી મસ્અલા જોઈને લોકોને બતાવે.

હું પહેલાં જણાવી ચૂકયો કે મુજતહિદે તકલીદ કરવી હરામ છે તો આ છ તબકાઓમાં જે સાહબ જે દરજ્જાનો મુજતહિદ હોય તે દરજ્જામાં કોઈની તકલીદ કરશે નહીં અને એનાથી ઉપરવાળા દરજ્જામાં મુકલ્લિદ થશે. જેમ કે ઈમામ અબૂ યૂસુફ તથા મોહંમદ رَضِیَ اللّٰہُ عَنْہُمَا કે આ હઝરાત ઉલૂમ અને કાયદામાં તો ઈમામે આઝમ رضی اللہ عنہ ના મુકલ્લિદ છે અને મસાઈલમાં પોતે મુજતહિદ હોવાથી એમાં મુકલ્લિદ નથી.

મારી આ ચર્ચાથી ગૈર મુકલ્લિદોનો એ પ્રશ્ન ઉડી ગયો કે જ્યારે ઈમામ અબૂ યૂસુફ તથા મોહંમદ رَضِیَ اللّٰہُ عَنْہُمَا હનફી છે અને મુકલ્લિદ તો પણ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની ઠેક ઠેકાણે મુખાલિફ (વિરૂધ્ધ) શા માટે કરે છે ? તો એ જ કહેવામાં આવશે કે ઉસૂલ તથા કવાઈદ (કાયદા)માં આ હઝરાત

મુકલ્લિદ છે તેમાં મુખાલિફત નથી કરતા અને ફુરૂઈ મસાઈલમાં મુખાલિફત (વિરૂધ્ધ) કરે છે, તેમાં પોતે મુજતહિદ છે કોઈના મુકલ્લિદ નથી.

એ પ્રશ્ન પણ ઉડી ગયો કે તમે પોતાને હનફી શા માટે કહો છો ? યૂસુફી કે મોહંમદી અથવા ઈબ્ને મુબારકી કહો ! કેમ કે ઘણી જગાએ તમે ઈમામ અબૂ હનીફાનો કૌલ છોડીને તેમના કૌલ પર અમલ કરો છો. એનો જવાબ એ જ કે ઈમામ અબૂ યૂસુફ તથા મોહંમદ તથા ઈબ્ને મુબારક رَضِیَ اللّٰہُ عَنْہُمْ ના તમામ અકવાલ (કથનો) ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ના ઉસૂલ તથા કવાનીન (કાનૂનો) પરથી બનેલ છે જેથી એમાંથી કોઈ પણ કૌલને લેવો હકીકતમાં ઈમામ સાહબના કૌલને લીધેલ ગણાશે. જેમ કે હદીષ પર અમલ એ હકીકતમાં કુર્આન પર જ અમલ છે. કેમ કે રબ તઆલાએ એનો હુકમ આપ્યો છે. દા.ત. ઈમામે આઝમ અબૂહનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે, કોઈ મુજતહિદ ફિલ્ મઝહબ કોઈ સહીહ હદીષ પામીને તેના પર અમલ કરે તો તે તેનાથી ગૈરમુકલ્લિદ થશે નહીં બલ્કે હનફી જ રહેશે, કેમ કે તેણે હદીષ પર ઈમામ સાહબના કાયદા અનુસાર જ અમલ કર્યો. (આ બાબતે સંપૂર્ણ ચર્ચા માટે જુઓ મુકદ્દમા શામી)

ઈમામ સાહબનું કથન કે, "કોઈ હદીષ સહીહ સાબિત થઈ જાય તો તે જ મારો મઝહબ છે"નો મતલબ એ પણ થઈ શકે છે કે જ્યારે કોઈ હદીષ સહીહ સાબિત થઈ જાય છે તો તે મારો મઝહબ બની જાય છે, એટલે કે દરેક મસ્અલા અને દરેક હદીષમાં મેં ખૂબ જ છાન બિન અને તેહકીક કરી છે ત્યારે તેને અપનાવી છે. જેમ કે હઝરત ઈમામને ત્યાં દરેક મસ્અલાની ઘણી જ છાનબિન થતી હતી. મુજતહિદ શાગિર્દો સાથે અતિશય તહકીકી ચર્ચા પછી અપનાવવામાં આવતુ હતુ.

જો સંક્ષિપ્ત ચર્ચા ધ્યાનમાં રાખવામાં આવી તો ઘણી બધી મુશ્કેલીઓને તે ઈન્શાઅલ્લાહ હલ કરી નાખશે અને ઘણી કામ લાગશે. કેટલાક ગૈર મુકલ્લિદ કહે છે કે અમારામાં ઈજતેહાદ કરવાની ક્ષમતા છે જેથી અમે કોઈની તકલીદ નથી કરતા ! એના માટે ઘણી લાંબી ચર્ચાની જરૂરત નથી, કેવળ એટલું જ દર્શાવવા ચાહું છું કે ઈજતેહાદના માટે એટલી કક્ષાના ઈલ્મની જરૂરત છે

અને તે હઝરાતને તે ઈલ્મી શકિત પ્રાપ્ત છે કે નહીં ?

હઝરત ઈમામ રાઝી, ઈમામ ગિઝાલી વગેરે, ઈમામ તિર્મિઝી તથા ઈમામ દાઉદ વગેરે, હુઝૂર ગૌષે પાક, હઝરત બાયઝીદ બુસ્તામી, શાહ બહાઉલ હક્ક નકશબંદ ઈસ્લામમાં એવા એવા પાયાના ઉલમા તથા મશાઈખ ગુજર્યા કે તેમના પર મુસલમાનો જેટલો પણ ગર્વ ન લે તે ઓછો છે. પણ તે સાહબોમાંથી કોઈ પણ મુજતહિદ ન થયા બલ્કે સર્વે મુકલ્લિદ જ થયા, ચાહે ઈમામ શાફઈના મુકલ્લિદ થયા કે ઈમામ અબૂ હનીફા વગેરેના رَضِيَ اللّٰهُ عَنْهُمْ . વર્તમાનકાળમાં કોણ એવી લાયકાત ધરાવે છે ? જ્યારે તેમનો (ઉપરોકત ઈમામોનો) ઈલ્મ મુજતહિદ બનવા માટે પૂરતો ન હતો તો જે બીચારાઓને હજી હદીષની કિતાબોનું નામ લેતાં પણ ન આવડે તેમની શી વિસાત ?!

એક સાહબે ઈજતેહાદનો દાવો કર્યો હતો, મેં તેમને કેવળ એટલું જ પૂછયું કે સૂરએ તકાષુરમાંથી તમે કેટલા મસ્અલા કાઢી શકો છો ? અને એમાં હકીકત, મજાઝ, સરીહ તથા કિયાનહ્, ઝાહિર તથા નસ કેટલા છે ? તો તે બીચારાએ તે ચીજોનાં નામો પણ સાંભળ્યાં ન હતાં !

(ચોથો વિભાગ)

★ તકલીદ વાજિબ હોવાની દલીલોમાં ★

આ વિભાગ અમે બે ભાગમાં લખીએ છીએ. પ્રથમ ભાગમાં તો કેવળ મુત્લકન્ તકલીદની દલીલો છે અને બીજામાં તકલીદે શખ્સી (વ્યકિતની તકલીદ)ની દલીલો.

પ્રથમ ભાગ તકલીદ વાજિબ હોવા વિશે : તકલીદનુ વાજિબ હોવું કુર્આની આયતો અને સહીહ હદીષો અને ઉમ્મતના અમલ તથા મુફસ્સિરોના કથનોથી સાબિત છે. તકલીદે મુત્લકન્ (સર્વ સામાન્ય તકલીદ જેમાં સર્વનો સમાવેશ છે તે) પણ અને તકલીદે મુજતહિદીન (મુજતહિદોની તકલીદ) પણ દરેક તકલીદની સાબિતી છે.

★ આયત નં. ૦૧ ★

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ

''અમને સીધે માર્ગે ચલાવ, તેમના માર્ગે જેમના પણ તેં એહસાન કર્યું.''

(સૂરએ ફાતિહા)

એનાથી જાણવા મળ્યું કે સીરાતે મુસ્તકીમ તે જ છે જેના પર અલ્લાહના નેક બંદાઓ ચાલ્યા હોય. અને તમામ મુફસ્સિરો, મોહદ્દિષો, ફકીહો, અવલિયા અલ્લાહ, ગૌષ તથા કુતુબ તથા અબ્દાલ અલ્લાહના નેક બંદાઓ છે, તે સૌ મુકલ્લિદ જ ગુજર્યા છે, જેથી તકલીદ સીધો માર્ગ છે. **કોઈ મોહદ્દિષ તથા મુફસ્સિર, વલી ગૈર મુકલ્લિદ નથી ગુજર્યો. ગૈર મુકલ્લિદ તે છે જે મુજતહિદ ન હોય છતાં તકલીદ ન કરે.** જે મુજતહિદ થઈને તકલીદ ન કરે તે ગૈર મુકલ્લિદ નથી કેમ કે મુજતહિદે તકલીદ કરવી મના છે.

★ આયત નં. ૦૨ ★

لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ۚ ''અલ્લાહ કોઈ જાન ઉપર બોજ નથી નાખતો પણ તેની તાકાત જેટલો.'' *(સૂરએ બકરહ–૨૮૬)*

આ આયતથી જાણવા મળ્યું કે તાકાતથી વધારે કામની અલ્લાહ તઆલા કોઈને તકલીફ નથી આપતો, તો જે શખ્સ ઈજતેહાદ ન કરી શકે અને કુઆનથી મસાઈલ ન કાઢી શકે, તેની પાસે તકલીદ ન કરાવવી અને તેના થકી ઈસ્તિમ્બાત કરાવવું (મસાઈલ કઢાવવા) તેના પર તેની તાકાત વિશેષ બોજ નાખવું છે. જ્યારે ગરીબ માણસ પર ઝકાત અને હજ ફર્ઝ નથી તો બેઈલ્મ ઉપર કોશિશ કરી મસાઈલ કઢાવવું કેવી રીતે જરૂરી થશે ?

★ આયત નં. ૦૩ ★

وَ السّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَ الْاَنْصَارِ وَ الَّذِيْنَ اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ ۙ رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا عَنْهُ

''અને સૌમાં આગલા પાછલા મુહાજિર તથા અન્સાર અને જેઓ ભલાઈની સાથે તેમની પયરવી કરવાવાળા થયા, અલ્લાહ તેમનાથી રાજી

અને તેઓ અલ્લાહથી રાજી." *(સૂ. તૌબા–૧૦૦)*

જાણવા મળ્યું કે અલ્લાહ તેમનાથી રાજી છે જેઓ મુહાજિર તથા અન્સારની ઈત્તેબાઅ્ (પયરવી) એટલે કે તકલીદ કરે છે. એ પણ તકલીદ થઈ.

★ આયત નં. ૦૪ ★

اَطِيْعُوا الرَّسُوْلَ وَاُولِى الْاَمْرِ مِنْكُمْ "ઈતાઅત કરો અલ્લાહની અને ઈતાઅત કરો રસૂલની અને હુકમવાળાઓની જેઓ તમારામાંથી છે."

(સૂ. નિસાઅ્–૫૯)

આ આયતમાં ત્રણ જાતોની ઈતાઅતનો હુકમ આપવામાં આવ્યો છે. (૧) અલ્લાહની (કુર્આન) (૨) રસૂલ صلى الله تعالى عليه وسلم ની (હદીષ) (૩) અમરવાળાઓની (ફિકર તથા ઈસ્તિમ્બાવાળા ઉલમા) પણ **અતીઊ** શબ્દ બે જગાએ લાવવામાં આવ્યો અલ્લાહ عزوجل ના માટે એક અને રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ના અને હુકમવાળાઓના માટે એક, કેમ કે અલ્લાહની કેવળ તેના ફર્માવવામાં જ ઈતાઅત કરવામાં આવશે ન કે તેના ફેઅલમાં અને ન તેના સુકૂતમાં. તે કાફિરોને રોશની આપે છે, કયાંક તેમને જાહેરી જીત પણ આપે છે. તેઓ કુફ કરે છે છતાં તેમને તરત અઝાબમાં નથી નાખતો. આપણે તેમાં રબ તઆલાની પયરવી નથી કરતા કે કાફિરોની મદદ કરીએ. એથી ઉલ્ટુ નબી صلى الله تعالى عليه وسلم તથા ઈમામ મુજતહિદના દરેક હુકમ, તેમનુ દરેક કાર્ય અને તેમનું કોઈને કોઈ કામ કામ કરતા જોઈને ખામોશ રહેવું, ત્રણે ચીજોમાં પયરવી કરવામાં આવશે. આ ફરકને કારણે બે જગાએ **અતીઊ** ફર્માવ્યું. જો કોઈ કહે કે **અમ્ર** વાળાઓથી મુરાદ ઈસ્લામી સુલતાન છે તો ઈસ્લામી સુલતાનની પયરવી શરઈ હુકમોમાં કરવામાં આવશે, નહીં કે શરીઅતની ખિલાફ ચીજોમાં. અને સુલતાન તે શરઈ અહકામ ઉલમા તથા મુજતહિદોથી જ માલૂમ કરશે. હુકમ તો અસલમા ફકીહનો હોય છે અને ઈસ્લામી સુલતાન તો કેવળ તેને જારી કરનારો હોય છે. તમામ પ્રજાનો હાકિમ બાદશાહ હોય છે અને બાદશાહનો હાકિમ મુજતહિદ આલિમ હોય છે. જેથી પરિણામ એ આવ્યું કે ઉલૂલ્ અમ્ર મુજતહિદ ઉલમા જ થયા અને ઈસ્લામી બાદશાહ પણ મુરાદ

લો તો પણ તકલીદ તો સાબિત થઈ જ ગઈ, આલિમની નહીં તો બાદશાહની થઈ. એ પણ યાદ રાખશો કે આયતમાં ઈતાઅતથી મુરાદ શરઈ ઈતાઅત છે.

એક મુદ્દો આ આયતમાં પણ છે કે અહકામ (હુકમો) ત્રણ પ્રકારના હોય છે. (૧) જેમ કે કુર્આનથી સ્પષ્ટ રીતે સાબિત છે. દા.ત. સગર્ભા નહીં એવી સ્ત્રીનો પતિ મરી જાય તો તેની ઈદ્દત ચાર મહિના દસ દિવસ છે, તેના માટે **અતી ઉલ્લાહ** હુકમ થયો. બીજુ જે સ્પષ્ટ રીતે હદીષથી સાબિત છે, જેમ કે સોના ચાંદીનાં ઘરેણા પુરૂષે પહેરવાં હરામ છે એના માટે ફર્માવવામાં આવ્યું **વઅતીઉર્રસૂલ.** ત્રીજુ જે સ્પષ્ટ રીતે ન કુર્આનથી સાબિત છે ન હદીષથી, જેમ કે સ્ત્રી સાથે સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય કરવાનુ કતઈ હરામ. એના માટે ફર્માવવામાં આવ્યું **ઉલિલ્ અમ્રે મિન્કુમ.** આમ ત્રણ પ્રકારના અહકામ અને ત્રણ હુકમ થયા.

★ આયત નં. ૦૫ ★

فَسْـَٔلُوْۤا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝ "તો હે લોકો ! ઈલ્મવાળાઓને પૂછો જો તમને ઈલ્મ ન હોય તો." (સૂ. નહ્લ–૪૩) આ આયતથી જાણવા મળ્યું કે જે શખ્સ જે મસ્અલાને ન જાણતો હોય તે ઈલ્મ જાણનારાઓ પાસેથી પૂછે. તે ઈજતેહાદી મસાઈલ જેને કાઢવાની આપણામાં શકિત ન હોય તેને મુજતહિદોથી પૂછવામાં આવશે. કેટલાક લોકો કહે છે કે, એનો મતલબ ઐતિહાસિક પ્રસંગો છે જેમ કે ઉપરની આયતથી સાબિત થાય છે, પરંતુ એ સહીહ નથી. એટલા માટે કે આ આયતના કલેમાત મુત્લબ બેકૈદ છે, અને પૂછવાનુ કારણ છે ન જાણવું. તો જે ચીજને આપણે ન જાણતા હોઈએ તેને પૂછવું લાઝિમ છે.

★ આયત નં. ૦૬ ★

وَّاتَّبِعْ سَبِيْلَ مَنْ اَنَابَ اِلَيَّ ۚ "અને તેના માર્ગે ચાલ જે તારા તરફ રુજૂઅ લાવ્યો (વળ્યો)." (સૂ. લુકમાન–૧૫) આ આયતથી એ પણ જાણવા મળ્યું કે અલ્લાહની તરફ રુજૂઅ કરનારાઓની ઈત્તેબાઅ (તકલીદ) જરૂરી છે, આ હુકમ પણ આમ છે, કેમ કે આયતમાં કોઈ કૈદ (બંધન) નથી.

★ આયત નં. ૦૭ ★

وَ الَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَ ذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ وَّ اجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا۝

''અને તે જેઓ અર્ઝ કરે છે કે હે અમારા રબ ! અમને આપ અમારી બીબીઓ તથા અમારી ઔલાદથી આંખોમાં ઠંડક આપ અને અમને પરહેઝગારોનો પેશવા બનાવ.'' *(સૂ. ફુર્કાન–૭૪)*

આ આયતની તફસીરમાં મઆલિમુત્ત-ઝીલમાં છે : ''અમે પરહેઝગારોની પયરવી કરીએ અને પરહેઝગાર અમારી પયરવી કરે.''

આ આયતથી પણ જાણવા મળ્યું કે અલ્લાહવાળાઓની પયરવી અને તેમની તકલીદ જરૂરી છે.

★ આયત નં. ૦૮ ★

فَلَوْ لَا نَفَرَ مِنْ كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِي الدِّيْنِ وَ لِيُنْذِرُوْا قَوْمَهُمْ اِذَا رَجَعُوْٓا اِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُوْنَ۝

''તો કેમ ન થયું કે તેમના દરેક ગિરોહમાંથી એક જમાઅત નીકળે કે દીનની સમજ હાંસલ કરે અને પાછી આવીને પોતાની કૌમને ડર સંભળાવે એ ઉમ્મીદ પર કે તેઓ બચે.'' (સૂ. તૌબા–૧૨૨)

આ આયતથી જાણવા મળ્યું કે દરેક શખ્સે મુજતહિદ બનવું જરૂરી નથી બલ્કે અમુક ફકીહ બને અને અમુક અન્યોની તકલીદ કરે.

★ આયત નં. ૦૯ ★

وَلَوْ رَدُّوْهُ اِلَى الرَّسُوْلِ وَاِلٰٓى اُولِي الْاَمْرِ مِنْهُمْ لَعَلِمَهُ الَّذِيْنَ يَسْتَنْۢبِطُوْنَهٗ مِنْهُمْ ؕ

''અને જો એમાં રસૂલ અને અમ્રવાળા (ફિકહ તથા ઈસ્તિમ્બાતવાળા ઉલમા) ઉલમા લોકોની તરફ રુજૂઅ કરત તો જરૂર એમનામાંથી તેની હકીકત જાણી લેત તે જેઓ મસાઈલ કાઢે (ઈસ્તિમ્બાત કરે) છે. *(નિસાઅ–૮૩)*

એનાથી સ્પષ્ટ રીતે જાણવા મળ્યું કે હદીષો અને કુર્આની આયતોની ખબરોને પ્રથમ ઈસ્તિમ્બાત કરનાર (મસાઈલ કાઢનાર) ઉલમાની સામે પેશ કરે, પછી જે પ્રમાણે તેઓ ફર્માવે એના પર અમલ કરે. ખબરથી વધીને કુર્આન તથા હદીષ છે જેથી મુજતહિદ સમક્ષ પેશ કરવું જરૂરી છે.

★ આયત નં. ૧૦ ★

يَوْمَ نَدْعُوْا كُلَّ اُنَاسٍ بِاِمَامِهِمْ "જે દિવસે દરેક જમાઅતને તેના ઈમામની સાથે બોલાવીશું." *(સૂ. બની ઈસ્રાઈલ–૭૧)*

એની તફસીરમાં તફસીરે રૂહુલ બયાનમાં છે, અહીં ઈમામ દીની પેશ્વા છે જેથી કિયામતના દિવસે કહેવામાં આવશે, અય હનફી ! અય શાફઈ !

એનાથી જાણવા મળ્યું કે કિયામતના દિવસે દરેક ઈન્સાનને તેના ઈમામની સાથે બોલાવવામાં આવશે. આ પ્રમાણે કહેવામાં આવશે કે, અય હનફીઓ ! અય શાફઈઓ ! અય માલિકીઓ ! ચાલો ! તો જેણે ઈમામ જ ન પકડયો તેને કોની સાથે બોલાવવામાં આવશે ? એના બારામાં સૂફિયાએ કિરામ ફર્માવે છે કે જેનો કોઈ ઈમામ નથી તેનો ઈમામ શૈતાન છે.

★ આયત નં. ૧૧ ★

وَاِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا كَمَآ اٰمَنَ النَّاسُ قَالُوْٓا اَنُؤْمِنُ كَمَآ اٰمَنَ السُّفَهَآءُ

"જ્યારે તેમને કહેવામાં આવે છે કે એવું ઈમાન લાવો જેવું આ મુખ્લિસ મોમિન ઈમાન લાવ્યા તો કહે છે કે અમે એવું ઈમાન લાવ્યા જેવું કે આ બેવકૂફ ઈમાન લાવ્યા." *(સૂ. બકરહ–૧૩)*

જાણવા મળ્યું કે ઈમાન પણ તે જ મોઅ્તબર છે જે સાલેહીનના જેવું હોય, જેથી મઝહબ પણ તે ઠીક છે જે નેક બંદાઓની જેવો હોય અને તેઓ મુકલ્લિદ છે.

★ મુફસ્સિરો તથા મોહદ્દિષોના કથનો ★

દારમી 'બાબુલ ઈકતેદા બિલ્ ઉલમા'માં છે : (અર્થ) : ખબર આપી

અમને યઅ્લાએ, તેમણે કહ્યું કે મને કહ્યું અબ્દુલ મલિકે, તેમણે અતાથી રિવાઅત કરી કે, "ઈતાઅત કરો અલ્લાહની અને ઈતાઅત કરો રસૂલની અને તમારામાંથી અમ્રવાળાઓની. ફર્માવ્યું અતાએ કે 'ઉલિલ્ અમ્ર' ઈલ્મ તથા ફિકહવાળા હઝરાત છે.

તફસીરે ખાઝિનમાં આયત હેઠળ છે :–

فَسْـَٔلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ "તમે તેમનાથી પૂછો જેઓ મોમિન છે અને કુર્આન જાણનારા ઉલમા છે." *(સૂ. નહ્લ–૪૩)*

તફસીરે દુર્રે મન્થૂર એ જ આયતની તફસીરમાં છે : ઈબ્ને મર્દવૈહ્એ હઝરત અનસથી રિવાયત કરી. ફર્માવે છે કે મેં હુઝૂર ﷺ થી સાંભળ્યું છે કે ફર્માવતા હતા કે, કેટલાક લોકો નમાઝ પઢે છે, રોઝા રાખે છે, હજ્જ અને જેહાદ કરે છે જો કે તેઓ મુનાફિક હોય છે ! અર્ઝ કરવામાં આવી કે યા રસૂલલ્લાહ ! કયા કારણે તેમનામાં નિફાક (મુનાફિકપણુ) આવ્યો ? ફર્માવ્યું કે પોતાના ઈમામ પર તાણા કરવાને લીધે. ઈમામ કોણ છે ? ફર્માવ્યું કે, રબ તઆલાએ ફર્માવ્યું : فَسْـَٔلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ

તફસીરે સાવી સૂરએ કહફ وَاذْكُرْ رَّبَّكَ اِذَا نَسِيْتَ (સૂ. કહફ–૨૪)ની તફસીરમાં છે (અર્થ) : ચાર મઝહબો સિવાય કોઈની તકલીદ જાઈઝ નથી, ભલે તે સહાબાનો કૌલ અને સહીહ હદીષ અને આયતના પ્રમાણે હોય. જે ચાર મઝહબોથી ખારિજ છે તે ગુમરાહ અને ગુમરાહ કરનાર છે, કેમ કે હદીષ તથા કુર્આનના કેવળ જાહેરી અર્થો લેવા કુફ્રની જડ છે.

હદીષો : મુસ્લિમ, ભાગ–૧, સફા–૫૪, **ઈન્નદ્દીનન્નસીહતુ**ના બાબમાં છે : (અર્થ) :– તમીમદારીથી મરવી છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, દીન ખૈર ખ્વાહી છે. અમે અર્ઝ કરી, કોની ? ફર્માવ્યું, અલ્લાહની અને તેની કિતાબની અને તેના રસૂલની અને મુસલમાનોના ઈમામો અને આમ મુસલમાનોની.

આ હદીષની શરહમાં નવવીમાં છે : (અર્થ) : આ હદીષમાં તે ઈમામો પણ સામેલ છે જેઓ ઉલમાએ દીન છે અને તેમની ખૈર ખ્વાહીનો મતલબ છે

તેમણે રિવાયત કરેલી હદીષને કબૂલ કરવી અને તેમના એહકામમાં તકલીદ કરવી અને તેમની સાથે નેક ગુમાન કરવું.

★ બીજો ભાગ તકલીદે શખ્સીના બયાનમાં ★

મિશ્કાત કિતાબુલ અમારહ્માં મુસ્લિમના હવાલાથી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :

"જે તમારી પાસે આવે જો કે તમે એક શખ્સની ઈતાઅત પર સંમત હોઉ અને તે હોય કે તમારી લાઠી તોડી નાખે અને તમારી જમાઅતને વેરવિખેર કરી નાખે તો તેને કતલ કરી દો."

એમાં મુરાદ ઈમામ તથા ઉલમાએ દીન જ છે કેમ કે હાકિમે વકત (સમયના બાદશાહ)ની ઈતાઅત શરીઅતની વિરૂધ્ધમાં જાઈઝ નથી.

મુસ્લિમે કિતાબુલ અમારહ્માં એક પ્રકરણ રચ્યું છે, અમીરની (બાદશાહ) ઈતાઅત ગુનાહ વિનાના કામમાં વાજિબ છે. એનાથી જણાયું કે એકની જ ઈતાઅત જરૂરી છે.

મિશ્કાત શરીફ કિતાબુલ બુયૂઅ બાબુલ ફરાઈઝમાં બુખારીની રિવાયતથી છે કે હઝરત અબૂ મૂસા અશઅરીએ હઝરત ઈબ્ને મસ્ઊદના બારામાં ફર્માવ્યું, (અર્થ) : જ્યાં સુધી આ અલ્લામા તમારામાં રહે ત્યાં સુધી મારાથી મસાઈલ ન પૂછો. જાણવા મળ્યું કે અફઝલની હાજરીમાં મફઝુલ (તેમનાથી ઉતરતા)ની ઈતાઅત કરવામાં ન આવે અને દરેક મુકલ્લિદની નજરમાં પોતાનો ઈમામ અફઝલ હોય છે.

ફત્હુલ કદીરમાં છે :– (અર્થ) જે શખ્સ મુસલમાનોની હુકૂમતનો માલિક હોય પછી તેના ઉપર કોઈને હાકિમ બનાવે જો કે જાણતો હોય કે મુસલમાનોમાંથી વધીને હકદાર અને કુર્આન, હદીષનો જાણકાર છે, તો તેણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ અને આમ મુસલમાનોની ખયાનત કરી.

મિશ્કાત કિતાબુલ અમારહ્, ફસ્ઉલ અવ્વલમાં છે :– (અર્થ) જે મરી

જાય અને તેના ગળામાં કોઈની બયૂઅત ન હોય તે જેહાલતની મૌત મર્યો. એમાં ઈમામની બયૂઅત એટલે કે તકલીદ તથા બયૂઅતે ઔલિયા સર્વે સામેલ છે. નહીં તો બતાવો ! વર્તમાનકાળના વહાબીઓ કયા સુલતાનની (બાદશાહની) બયૂઅતમાં છે !

આ તો થોડીક આયતો તથા હદીષો હતી, એનાથી અધિક પણ રજુ કરી શકાય છે પણ ટૂંકાણમાં પતાવવા આટલાથી જ સંતોષ માન્યો છે. હવે ઉમ્મતનો અમલ જુઓ તો તબએ તાબઈનના જમાનાથી આ જ સુધી સઘળી ઉમ્મતે મર્હૂમા એ જ તકલીદની આમિલ છે કે જે ખૂદ મુજતહિદ ન હોય તે એક મુજતહિદની તકલીદ કરે અને ઈજમાઅતે ઉમ્મત પર અમલ કરવો કુર્આન તથા હદીષથી સાબિત છે અને જરૂરી છે.

કુર્આન ફર્માવે છે : وَمَنْ يُّشَاقِقِ الرَّسُوْلَ مِنْ بَعْدِ مَا تَبَيَّنَ لَهُ (છેવટ સુધી) "અને જે રસૂલની મુખાલિફત (વિરૂધ્ધતા) કરે એના પછી કે હક્ક માર્ગ એની સમક્ષ ખુલી ચૂકયો અને મુસલમાનોના માર્ગથી જુદા માર્ગે ચાલે, તેને અમે તેના હાલ પર છોડી દઈશું અને તેને દોઝખમાં દાખલ કરીશું અને કેટલી બુરી જગા પલટવાની છે." (સૂ. નિસાઅ્–૧૧૫)

એના પરથી જણાયું કે જે માર્ગ આમ મુસલમાનોનો હોય તેને અપનાવવો ફર્ઝ છે અને તકલીદ પર મુસલમાનનો ઈજમાઅ છે.

મિશ્કાત બાબુલ એઅ્તેસામ બિલ્ કિતાબો સુન્નતમાં છે : (અર્થ) "મોટા ગિરોહની પયરવી કરો, કેમ કે જે મુસલમાનોની જમાઅતથી અલગ રહ્યો તેને અલગ કરીને જહન્નમમાં મોકલવામાં આવશે." તેમજ હદીષમાં આવ્યું છે, (અર્થ) : "જેને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું છે." હવે જોવાનું કે આજે પણ અને એનાથી અગાઉ પણ આમ મુસલમાનો તકલીદે શખ્સીને જ સારી જાણવા આવ્યા અને મુકલ્લિદ જ બન્યા, તથા આજે પણ અરબ તથા અજમમાં મુસલમાન શખ્સી તકલીદ જ કરતા આવ્યા છે અને જે ગૈર મુકલ્લિદ થયો તે ઈજમાઅનો મુન્કિર થયો. જો ઈજમાઅતનો એતબાર ન કરો તો ખિલાફતે સિદ્દીકી તથા ફારૂકી કેવી રીતે સાબિત કરશો ? તે પણ

ઈજમાએ ઉમ્મતથી જ સાબિત છે. એટલે સુધી કે જે શખ્સ આ બે ખિલાફતોમાંથી કોઈનો પણ ઈન્કાર કરે તો તે કાફિર છે. (જુઓ શામી વગેરે) એ જ પ્રમાણે તકલીદ ઉપર પણ ઈજમાઅત થયો.

તફસીરે ખાઝિન આયત وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ (સૂ. તૌબા–૧૧૯) હેઠળ છે કે "અબૂ બક્ર رضی اللہ عنہ એ અન્સારને ફર્માવ્યું કે કુર્આન શરીફે મુહાજિરને 'સાદિકીન' કહ્યા أُولٰٓئِكَ هُمُ الصّٰدِقُوْنَ "તેઓ જ સાચા છે." (સૂ. હુજુરાત, આ. ૧૫) અને ફર્માવ્યું કે وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ "સાચાઓની સાથે રહો." (સૂ. તૌબા–૧૧૯) જેથી તમે પણ અલગ ખિલાફત કાયમ ન કરો અને અમારી સાથે રહો. "એ જ પ્રમાણે હું ગૈર મુકલ્લિદોને કહુ છું કે સાચાઓએ તકલીદ કરી છે તમે પણ તેમની સાથે રહો અને મુકલ્લિદ બનો.

બૌદ્ધિક દલીલો : દુનિયામાં માણસ કોઈ પણ કામ અન્યની પયરવી વિના નથી કરી શકતો. દરેક હુન્નર તથા વિદ્યાના કાયદા સર્વેમાં તેના માહિરોની પયરવી (જાણકારોનુ અનુસરણ) કરવાનુ હોય છે. દીનનો મામલો દુનિયા કરતાં કેટલાએ અધિક અંશે મુશ્કેલ છે માટે તેમાં પણ તેના માહિરોની પયરવી કરવી પડશે. ઈલ્મે હદીષમાં પણ તકલીદ છે કે ફલાણી હદીષ એટલા માટે ઝઈફ છે કે બુખારીએ અથવા ફલાણા મોહદ્દિષે ફલાણા રાવીને ઝઈફ કહ્યો છે. એમના કૌલને માનવું એ જ તો તકલીદ છે ! કે ફલાણાએ આ પ્રમાણે આ આયતને પઢી છે, કુર્આનના એઅ્રાબ, આયતો સૌમા તકલીદ તો છે, નમાઝમાં જ્યારે નમાઝ થાય છે તો ઈમામની તકલીદ જ સૌ મુકતદી કરે છે, ઈસ્લામી હુકૂમતમાં સર્વ મુસલમાનો એક બાદશાહની જ તકલીદ કરે છે, રેલગાડીમાં બેસે છે તો એક એંજીનની આખી ગાડીવાળા તકલીદ કરે છે. મતલબ એ કે માણસ દરેક કામમાં મુકલ્લિદ છે અને યાદ રાખશો કે આ સર્વ સ્થિતિમાં શખ્સી તકલીદ છે. નમાઝના ઈમામ બે નથી, ઈસ્લામી બાદશાહ બે નથી, તો શરીઅતના ઈમામ એક વ્યકિત બે કેવી રીતે નક્કી કરી શકે ?

મિશ્કાત કિતાબુલ જેહાદ બાબ આદાબુસ્સફરમાં છે : (અર્થ) "જ્યારે ત્રણ આદમી સફરમાં હોય તો એકને પોતાનો અમીર બનાવી લો.

★ તકલીદ પર વાંધાઓ અને તેના જવાબો ★

તકલીદના મસ્અલા પર વિરોધીઓના વાંધાઓ બે પ્રકારના છે. એક છે વાહિયાત તાણાઓ તથા મઝાકો, તેના જવાબો જરૂરી નથી. બીજા તે જેનાથી મુકલ્લિદોને ગૈર મુકલ્લિદો ધોકો આપે છે અને સામાન્ય મુકતદીઓ ધોકો ખાય છે, તે નીચે પ્રમાણે છે :–

સવાલ–૧ : જો તકલીદ જરૂરી હતી તો સહાબાએ કિરામ કોઈના મુકલ્લિદ કેમ ન બન્યા ?

જવાબ–૧ : સહાબાએ કિરામને કોઈની તકલીદની જરૂરત ન હતી. તેઓ તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબતની બરકતથી તમામ મુસલમાનોના ઈમામ અને પેશવા છે. તેથી દીનનાં ઈમામો ઈમામ અબૂહનીફા તથા શાફઈ વગેરે رضی اللہ عنہ તેમની પયરવી કરે છે. મિશ્કાત બાબે ફઝાઈલુસ્સહાબામાં છે, "મારા સહાબા સિતારાઓની જેમ છે, તમે જેની પયરવી કરશો હિદાયત પામશો." મિશ્કાતમાં એ જ બાબતમાં છે : "તમે લાઝિમ પકડો મારી અને મારા ખુલફાએ રાશિદીનની સુન્નતને." આ પ્રશ્ન તો એવો છે જેમ કે કોઈ કહે કે અમે કોઈના ઉમ્મતી નથી, કેમ કે આ આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈના ઉમ્મતી ન હતા ! જેથી ઉમ્મતી ન હોવું સુન્નતે રસૂલ છે. એને કહેવામાં આવે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખૂદ નબી છે અને સૌ આપના ઉમ્મતી છે, તે કોના ઉમ્મતી થઈ શકે ?! આપણે ઉમ્મતી થવું જરૂરી છે, એ જ પ્રમાણે સહાબાએ કિરામ તમામ મુસલમાનોના ઈમામ છે, તેમનો કોણ ઈમામ થઈ શકે ?

નહેરમાંથી પાણી તે ખેતરમાં આપવામાં આવે જે નદીથી દૂર હોય. મુકબ્બિર (તકબીર કહેનારાઓ)ના અવાજ પર તે જ લોકો નમાઝ પઢશે જેઓ ઈમામથી દૂર છે. નદી કાંઠાના ખેતરોને નહેરની જરૂરત નથી, પ્રથમ સફના મુકતદીઓને મુકબ્બિરોની જરૂરત નથી. સહાબાએ કિરામ પ્રથમ સફના મુકતદી છે. તેઓ વાસ્તા વિના સીનાએ પાકે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم થી ફયઝ લેનારા છે. આપણે કેમ કે એ દરિયાથી દૂર છીએ. જેથી નહેરના હાજતમંદ છીએ. વળી સમુદ્રથી હજારો નહેરો વહે છે જે સૌમાં પાણી તો સમુદ્રથી જ વહે

છે, પણ સૌનાં નામ અને રસ્તા જુદા છે કોઈ ગંગા કહેવાડે છે કોઈ જમના. એવી જ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રહમતના સમંદર છે એ સીનામાંથી જે નહેર ઈમામ અબૂહનીફાના સીનામાં થઈને આવે છે તેને હનફી કહેવામાં આવે છે, જે ઈમામ માલિકના સીનાથી આવે છે તે માલિકી મઝહબ કહેવાયો. પાણી સર્વનું એક છે પણ નામ અલગ અલગ છે અને એ નહેરોની આપણને જરૂરત પડી, નહીં કે સહાબાઓને. જેમ કે હદીષની સનદો આપણા માટે છે, સહાબાએ કિરામના માટે નથી.

સવાલ–૨ : રહબરી (માર્ગદર્શન) માટે કુર્આન તથા હદીષ પૂરતાં છે, એમાં શું નથી જે ફિકહથી હાંસલ કરીએ ? કુર્આન ફર્માવે છે :

وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ﴿۵۹﴾ "અને નથી કોઈ લીલી તથા સુકી ચીજ જે એક રોશન કિતાબમાં લખી ન હોય." *(સૂ. અન્આમ–૫૯)*

وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ ﴿۲۲﴾ "અને બેશક ! અમે કુર્આન યાદ કરવાના માટે આસાન ફર્માવી દીધું, તો છે કોઈ યાદ કરનાર." (સૂ. કમર–૩૨) આ આયતોથી જાણવા મળ્યું કે કુર્આનમાં સર્વ કાંઈ છે અને કુર્આન સર્વના માટે આસાન પણ છે, તો પછી શા માટે મુજતહિદ પાસે જઈએ ?

જવાબ : કુર્આન તથા હદીષ બેશક માર્ગદર્શનના માટે કાફી છે અને તેમાં સર્વ કાંઈ છે પણ તેમાંથી મસાઈલ કાઢવાની કાબેલિયત હોવી જોઈએ. સમુદ્રમાં મોતી છે પણ તેને કાઢવાના માટે મરજીવાઓ (ડૂબકી મારનારાઓ)ની જરૂરત છે દીનના ઈમામો એ સમુદ્રના મરજીવાઓ છે. દાકતરી વિદ્યાની કિતાબોમાં સર્વ કાંઈ લખેલું છે પણ આપણે હકીમની પાસે જવું અને તેની પાસેથી નુસ્ખો તજવીઝ કરાવવો જરૂરી છે. દીનના ઈમામો તબીબ (ડોકટરો) છે.

(સૂ. કમર–૩૨)માં ફર્માવ્યું وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ ﴿۲۲﴾ કે અમે કુર્આનને હિફ્ઝ (યાદ) કરવા માટે આસાન કર્યું છે, નહીં કે તેમાંથી મસાઈલ કાઢવાને માટે. જો મસાઈલ કાઢવા આસાન છે તો પછી હદીષની પણ શું જરૂરત છે ? કુર્આનમાં સર્વ કાંઈ છે અને કુર્આન આસાન છે ! વળી કુર્આન શીખવાડવાને માટે નબી શા માટે આવ્યા ? કુર્આનમાં છે :

وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ "અને તે નબી તેમને કિતાબુલ્લાહ અને હિકમતની વાતો શીખવાડે છે." (સૂ. આલે ઈમ્રાન–૧૬૪) કુર્આન અને હદીષ રૂહાની દવાઓ છે અને ઈમામ રૂહાની તબીબ.

સવાલ–૩ : કુર્આને કરીમ તકલીદ કરનારાઓની બુરાઈઓ ફર્માવી છે. ફર્માવ્યું છે :–

اِتَّخَذُوْٓا اَحْبَارَهُمْ وَرُهْبَانَهُمْ اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ "તેઓએ પોતાના પાદરીઓ અને જોગીઓને અલ્લાહના સિવાય ખુદા બનાવી લીધા." *(સૂ. તૌબા–૩૧)*

فَاِنْ تَنَازَعْتُمْ فِيْ شَيْءٍ فَرُدُّوْهُ اِلَى اللّٰهِ وَالرَّسُوْلِ

"પછી જો તમારામાં કોઈ વાતનો ઝઘડો ઉઠે તો તેને અલ્લાહ અને રસૂલની તરફ રુજૂઅ કરો." *(સૂ. નિસાઅ–૫૯)*

وَاَنَّ هٰذَا صِرَاطِيْ مُسْتَقِيْمًا فَاتَّبِعُوْهُ ۚ وَلَا تَتَّبِعُوا السُّبُلَ فَتَفَرَّقَ بِكُمْ عَنْ سَبِيْلِهٖ ۭ

"અને એ કે એ જ મારો સીધો માર્ગ છે તો એના ઉપર ચાલો અન્ય રાહો પર ન ચાલો કે તમને તેના માર્ગથી અલગ કરી દેશે." *(સૂ. અન્આમ–૧૫૩)*

وَاَنَّ هٰذَا صِرَاطِيْ مُسْتَقِيْمًا فَاتَّبِعُوْهُ ۚ وَلَا تَتَّبِعُوا "તો કહેશે બલ્કે અમે તો એના પર ચાલીશું જેના પર અમારા બાપદાદાઓને જોયા." (સૂ. અન્આમ–૧૫૩) આ આયતો અને એના જેવી અન્ય આયતોથી જણાયું કે અલ્લાહ વ રસૂલના હુકમની સામે ઈમામોની વાત માનવી એ કાફિરોનો તરીકો છે અને સીધો રસ્તો એક જ છે, ચાર રસ્તા હનફી, શાફઈ, માલિકી, હંબલી વગેરે વાંકા રસ્તા છે.

જવાબ : જે તકલીદની કુર્આને કરીમે બુરાઈ બયાન ફર્માવી છે તેને અમે પ્રથમ બાબમાં (વિભાગમાં) બયાન કરી ચૂકયા છીએ.

وَلَا تَتَّبِعُوا السُّبُلَ (સૂ. અન્આમ–૧૫૩) માં યહૂદિયત તથા નસ્રાનિયત વગેરે ઈસ્લામ વિરૂધ્ધના રસ્તા મુરાદ છે. હનફી, શાફઈ વગેરે ચાર રસ્તા નથી બલ્કે એક સ્ટેશનની ચાર સડકો અથવા એક દરિયાની ચાર નહેરો છે. નહીં તો પછી ગૈરમુકલ્લિદોની જમાઅતો **ષનાઈ** તથા **ગઝનવી**નો

શો હુકમ છે ? કેટલાક રસ્તા અકીદા બદલવાથી થાય છે, **ચારેવ મઝહબ (હનફી, શાફઈ, માલિકી, હંબલી)ના અકીદા સમાન છે કેવળ અમલોમાં ફુરૂઈ (શાખાકિય બાબતોમાં) મતભેદ છે.** જેમ કે ખૂદ સહાબાએ કિરામમાં મતભેદ રહ્યો.

સવાલ–૪ :

હોતે હુએ મુસ્તફાકી ગુફતાર, મત માન કિસીકા કૌલો કિરદાર
દીને હક્કરા ચાર મઝહબ સાખ્તંદ, ફિત્ના દર દીને નબી અંદાખ્તન્દ

(અર્થ : મુસ્તફા ﷺ ના કથનો મૌજૂદ છે તો પછી અન્યની વાતો તથા કિરદારને ન માન. હક્ક દીનને ચાર મઝહબમાં વહેંચી કાઢયો અને નબીના દીનમાં ફિત્નો ઉપસ્થિત કર્યો.)

જવાબ–૪ : આ શેઅર અસલમાં ચકળાલ્વીઓનો છે :–

હોતે હુએ કિબ્રિયાકી ગુફતાર
મત માન નબીકા કૌલો કિરદાર

બીજો શેઅર આ પ્રમાણે છે :–

મસ્જિદે દોખિશ્ત ઈલાહકા સાખ્તન્દ
ફિત્ના દર દીને નબી અન્દાખ્તન્દ

(અર્થ : બે ઈંટની મસ્જિદ બનાવે નબી ﷺ ના દીનમાં ફિત્નો નાખે.)

ચાર મઝહબનો જવાબ અમે અમારા દીવાનમાં બે શેઅરોમાં આ પ્રમાણે છે :–

ચાર રોસુલ ચાર ફરિશ્તે ચાર કુતુબ હૈં દીન ચાર
સિલસિલે દોનોં ચાર ચાર લુત્ફ અજબ હૈ ચારમેં
આતિશો આબ ખાકો બાદ સબકા ઉન્હીંસે હૈ ષબાત
ચારકા સારા માજરા ખત્મ હૈ ચાર ચારમેં

ચારની સંખ્યા તો ખુદાને ઘણી પ્યારી છે. કિતાબો પણ ચાર અને દીન પણ ચાર જ બનાવ્યા. ઈન્સાનનું ખમીર પણ ચાર ચીજોથી બનાવ્યું...વગેરે. જ્યારે મકસૂદ (હેતુ)ના ચાર માર્ગો ઘેરાઈ ગયા તો પછી ત્યાં (હેતુ સુધી)

પહોંચવું નામુમ્કિન, કેમ કે માર્ગો ચાર જ હોઈ શકે છે. ખાનએ કાબાની આસપાસ ચાર બાજુ નમાઝ થાય છે પણ સૌનો ચહેરો કાબા તરફ જ હોય છે. એવી જ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો ઈમાનનો કાબા છે, ચારેવ મઝહબોએ ચારેવ રસ્તાઓ ઘેરી લીધા છે, ત્યાં કયા માર્ગે પહોંચશે ? કોઈકે શું સરસ કહ્યું છે ?

મઝહબ ચાર ચૂં ચાર રાહ અન્દ
બહરે મિન્નત જો જાદહ્ પયમાઈ

(ચારેવ મઝહબ ચાર માર્ગોની જેમ છે–એહસાનના માટે રસ્તો શોધ)

જેવી રીતે કુર્આન હોવા છતાં હદીષની જરૂરત છે એવી જ રીતે હદીષ હોવા છતાં ફિકહની જરૂરત છે. ફિકહ એ કુર્આન તથા હદીષની તફસીર છે. અને તે હુકમ જે આપણને ન કુર્આનમાં મળે ન હદીષમાં તેને ફિકહ જ બયાન કરે છે.

સવાલ–૫ : તકલીદમાં ગૈરે ખુદાને પોતાનો હકમ બનાવવું છે, અને એ શિર્ક છે જેથી તકલીદે શખ્સી શિર્ક છે. રબ તઆલા ફર્માવે છે : اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ "નથી હુકમ પણ અલ્લાહનો." *(સૂ. અન્આમ–૫૭)*

જવાબ : જો ગૈરે ખુદાને હકમ અથવા પંચ બનાવવું શિર્ક છે તો પછી હદીષને માનવુ પણ શિર્ક થયું. તેમજ સર્વ મોહદ્દિષો તથા મુફસ્સિરો મુશ્રિક થયા. કેમ કે તિર્મિઝી, અબૂ દાઉદ, મુસ્લિમ વગેરે હઝરાત તો મુકલ્લિદ છે અને ઈમામ બુખારી વગેરે મુકલ્લિદોના શાગિર્દ. (જુઓ અયની શરહે બુખારી) અમે અશઆરમાં એનો જવાબ આ પ્રમાણે આપ્યો છે :–

જો તેરી તકલીદ શિર્ક હોતી મુહદ્દિષીન સારે હોતે મુશ્રિક
બુખારી મુસ્લિમો ઈબ્ને માજહ્ ઈમામ આઝમ અબૂ હનીફા

કે જિત્ને ફુકહા મુહદ્દિષીન હૈં તુમ્હારે ખિર્મનસે ખોશાચીં હૈં
હોં વાસ્તેસે કે બેવસીલા ઈમામે આઝમ અબૂ હનીફા

જે રિવાયતમાં એક ફાસિક રાવી આવી જાય તે રિવાયત ઝઈફ તથા મૌઝૂઅ છે, તો જે રિવાયતમાં કોઈ મુકલ્લિદ આવી જાય તો મુશ્રિક આવી ગયો જેથી તે પણ બાતિલ છે ! તો પછી તિર્મિઝી તથા અબૂ દાઉદ તો ખૂદ

મુકલ્લિદ છે જેથી (તમારા હિસાબે) મુશ્રિક થયા ! તો તેમની રિવાયત પણ ખતમ થઈ ગઈ. બુખારી વગેરે પ્રથમથી જ ખતમ થઈ ચૂકી કેમ કે તેઓ મુશ્રિકોના શાગિર્દ છે ! તો હવે હદીષ કયાંથી લાવશો ? કુર્આને પાક ફર્માવે છે : وَاِنْ خِفْتُمْ شِقَاقَ بَيْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ ''અને જો તમને પતિ પત્નીના ઝઘડાનો ડર હોય તો એક હકમ (પંચ) પુરૂષ વાળાઓ તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાઓ તરફથી મોકલો.'' *(સૂ. નિસાઅ્–૩૫)*

હઝરત અલી તથા મુઆવિયહ્ رَضِیَ اللّٰہُ عَنْہُمْ એ જંગે સિફ્ફીનમાં હકમ બનાવ્યા. ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બનુ કુરૈઝહ્ના મામલામાં હઝરત સઅદ ઈબ્ને મઆઝ رضی اللہ عنہ ને હકમ (મધ્યસ્થી) બનાવ્યા. આયતનો અર્થ એ છે કે હકીકી હુકમ ખુદાએ પાકનો જ છે અને જે એના સિવાયના અહકામ (હુકમો) છે ઉલમા, ફકીહો તથા મશાઈખના એ જ પ્રમાણે હદીષના અહકામ આ સર્વે વાસ્તા સાથે ખુદા તઆલાના જ હુકમો છે. જો એવો અર્થ હોય કે કોઈનો હુકમ ખુદા સિવાય માનવો શિર્ક છે તો આજે આખી દુનિયા જજનો ફૈંસલો, કચેરીઓના મુકદ્દમાઓને માને છે તો સર્વે મુશ્રિક થઈ ગયા !

સવાલ–૬ : મુજતહિદોનો કયાસ ગુમાન છે અને ગુમાન કરવું ગુનોહ છે. કુર્આનમાં એનાથી મનાઈ કરેલી છે. કુર્આન ફર્માવે છે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ۫ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّلَا تَجَسَّسُوْا

''હે ઈમાનવાળાઓ ! ઘણા ગુમાનોથી બચો, બેશક ! કોઈ ગુમાન ગુનોહ બની જાય છે અને અયબ ન ઢુંઢો અને એકબીજાની ગીબત ન કરો.'' (સૂ. હુજુરાત–૧૨) જેથી દીનમાં કેવળ કિતાબ તથા સુન્નત પર અમલ કરવો જોઈએ.

જવાબ : આનો જવાબ અંતમાં આવશે કે કયાસ કોને કહે છે અને તેના શું હુકમો છે.

સવાલ–૭ : ઈમામ અબૂ હનીફા ફર્માવે છે કે જે હદીષ સહીહ સાબિત થઈ જાય એ જ મારો મઝહબ છે. જેથી અમે તેમના કૌલ હદીષની વિરૂધ્ધ પામતાં છોડી દીધા. (ઈન્શાઅલ્લાહ ! ગૈર મુકલ્લિદોને એથી વિશેષ દલીલો

મળશે નહીં, એને જ આમ તેમ ફેરવી ફેરવીને વધારી ઘટાડીને વર્ણન કરે છે.)

જવાબ : બેશક ! ઈમામ સાહબનો એ હુકમ છે કે જો મારો કૌલ કોઈ હદીષના સાથે ટકરાઈ જાય તો હદીષ પર અમલ કરવો મારા મઝહબ પર અમલ ન કરવો. આ ઈમામ સાહબનો અતિશય કક્ષાનો તકવો છે અને હકીકત પણ એ જ છે કે જ્યાં મુજતહિદનો કયાસ ત્યાં જ હોય છે જ્યાં નસ (કુર્આન–હદીષની દલીલ) મૌજૂદ ન હોય. પરંતુ સવાલ એ છે કે આ જમાનામાં દુનિયામાં એવો કોઈ મોહદ્દિષ છે જે હદીષોનો એટલો વિશાળ ઈલ્મ ધરાવતો હોય કે તમામ હદીષો અને તેની તમામ સનદોથી માહિતગાર હોય અને એ પણ જાણતો હોય કે ઈમામ સાહબે આ હુકમ કઈ હદીષોથી લીધો છે ? આપણા લોકોની નજર સિહાહ સિત્તાહથી આગળ નથી હોતી પછી કેવી રીતે ફૅસલો કરી શકીએ છીએ કે ઈમામ સાહબનું આ ફર્માન કોઈ હદીષથી માખૂઝ નથી. આમ તો હદીષમાં પણ આવે છે કે, "જ્યારે તેમને મારી કોઈ હદીષ પહોંચે તો તેને કિતાબુલ્લાહ સમક્ષ રજુ કરો, જો એના પ્રમાણે હોય તો કબૂલ કરી લો, નહીં તો રદ કરી દો." તો જો કોઈ 'ચકળાલ્વી' કહે કે ઘણી હદીષો કુર્આન વિરૂધ્ધ છે એટલા માટે અમે હદીષને છોડીએ છીએ. કુર્આનમાં છે કે વારસો વહેંચો, હદીષમાં છે કે નબીના વારસાની વહેંચણી નથી થતી. માટે જેવી રીતે આ (ચકળાલ્વીનુ) કથન મરદૂદ છે તેવી રીતે તમારો કૌલ પર મરદૂદ છે.

સવાલ–૮ : ઈમામે આઝમને હદીષ આવડતી ન હતી એટલા માટે તેમની રિવાયતો ઘણી ઓછી છે અને જે છે તે સૌ ઝઈફ છે.

જવાબ–૮ : ઈમામે આઝમ ઘણા મહાન મોહદ્દિષ હતા. હદીષની જાણકારી વિના આટલા બધા મસાઈલ કેવી રીતે ઈસ્તિમ્બાત થઈ (નીકળી) શકતા હતા ? તેમની કિતાબ મુસ્નદે અબૂ હનીફા અને ઈમામ મોહંમદની કિતાબ મોઅત્તા ઈમામ મોહંમદ થકી તેમની હદીષ દાની વિશે જાણવા મળે છે. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની રિવાયતો ઘણી ઓછી મળે છે તો શું તે પણ મોહદ્દિષ ન હતા ?! રિવાયતથી કમી સાવધાનીને લીધે છે. ઈમામ સાહબની તમામ રિવાયતો સહીહ છે કેમ કે તેમનો જમાનો હુઝૂરથી અતિ નિકટ છે, બાદમાં અમુક રિવાયતોમાં ઝોઅફ (ઝઈફપણુ) પેદા થયું અને

બાદમાં પેદા થયેલ ઝઈફપણુ (ઝોઅફ) ઈમામ સાહબને હાનિકર્તા નથી. જેટલા પ્રમાણમાં સનદો વધી એટલા ઝોઅફ પણ પેદા થયા. **લતીફા :** કેટલાક લોકો એવું પણ કહે છે કે તમે કહો કે ચારેવ મઝહબ હક્ક છે, એવું કેવી રીતે થઈ શકે છે ? હક્ક તો કેવળ એક જ થશે. ઈમામ અબૂ હનીફા ફર્માવે છે કે ઈમામની પાછળ સૂરએ ફાતિહા પઢવી મકરૂહે તહરીમી છે, ઈમામ શાફઈ ફર્માવે છે કે વાજિબ છે. તો હવે કયાં વાજિબ અથવા મકરૂહ ! બંને મસ્અલા સહીહ કેવી રીતે થઈ શકે છે ?

જવાબ : ચારેવ મઝહબ હક્કનો અર્થ અહીં **સહીહ** અને **વાકયાને (પ્રસંગને)** અનુરૂપનો નથી, બલ્કે મતલબ એ છે કે ચારેય મઝહબમાંથી કોઈની પણ પેરવી કરી લો તો ખુદાને ત્યાં પકડ થશે નહીં, કેમ કે મુજતહિદની ખતા પણ માફ છે. અમીર મુઆવિયહ અને મૌલા અલી, એ જ પ્રમાણે આઈશા સિદ્દીકા અને હઝરતે અલી رَضِیَ اللّٰہُ عَنْہُمْ માં જંગ પણ થઈ અને હક્ક પર એક જ સાહબ હતા, પણ છતાંય બંનેને હક્ક પર કહેવામાં આવે છે, એટલે કે કોઈની પકડ અલ્લાહને ત્યાં થશે નહીં. જંગલમાં એક શખ્સને ખબર નથી કે કિબ્લો કઈ બાજુ છે તેણે પોતાની રાયથી ચાર રકાત ચાર તરફ પઢી કેમ કે રાય બદલાતી રહી તેમ એ પણ ચેહરો ફેરવતો રહ્યો. જો કે કિબ્લો ખરેખર તો કોઈ એક જ બાજુ હતો છતાં તેની નમાઝ સહીહ થઈ ! ચારેવ કિબ્લા દુરૂસ્ત છે, બલ્કે મુજતહિદ ખતા પણ કરે તો પણ એક સવાબ પામે છે. કુર્આને કરીમ હઝરત દાઊદ عليه الصلوٰة والتسليم ની ઈજતેહાદી ખતા અને હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم ની રાયની દુરૂસ્તી બયાન ફર્માવી પણ કોઈના પર એતાબ (ધમકી) ન ફર્માવ્યો, બલ્કે ફર્માવ્યું : وَكُلًّا اٰتَيْنَا حُكْمًا وَّعِلْمًا (સૂ. અંબિયા–૭૯)

મિશ્કાત કિતાબુલ અમારહ્ બાબુલ્ ફિલ્ કઝામાં છે, (અર્થ) : "જ્યારે કે હાકિમ ફૈસલો કરે તો ઈજતેહાદ કરે અને સહીહ કરે તો બે સવાબ છે અને જ્યારે ફૈસલો કરે અને ઈજતેહાદ કરે અને ખતા કરે તો એક સવાબ છે." (મુત્તફિક અલૈયૂહ) એનાથી એ વાંધો પણ ઉડી ગયો કે **જો શાફઈ રફએ યદૈન (હાથો ઉઠાવે) કરે તો ઠીક છે અને જો ગૈર મુકલ્લિદ કરે તો જુર્મ શાથી ?** કેમ કે શાફઈ હાકિમે શરઅ મુજતહિદથી ફૈસલો કરાવીને

રફએ યદૈન કરી રહ્યો છે. જેથી તે જો ગલતી કરી રહ્યો હોય તો પણ માફ છે, **જ્યારે ગૈર મુકલ્લિદે કોઈ મુજતહિદથી ફૅંસલો નથી કરાવ્યો,** જેથી જો તે સહીહ પણ કરતો હોય તો પણ ખતાકાર છે. જેવી રીતે કે આજે કોઈ હાકિમથી ફૅંસલો કરાવ્યા વિના પોતે જ કાનૂનને હાથમાં લઈને કોઈ કામ કરે તો તે મુજરિમ છે. પરંતુ જો કચેરીના હાકિમથી ફૅંસલો કરાવીને તે જ કામ કરે તો તેના માટે જુર્મ નથી, હાકિમ જવાબદાર છે. જો હાકિમે ગલતી કરી છે તો પણ તેની પકડ નથી. જુઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બદરના કેદીઓથી કેવળ કયાસને આધારે ફિદિયો લીધો પછી આયત એની ખિલાફ આવી, જણાયું કે આ કયાસથી રબ રાજી નથી પણ તે ફિદિયાના રૂપિયા નથી કરાવાયા, બલ્કે ઈર્શાદ થયો કે, "તે માલ ખાઈ લો, હલાલ તૈયબ." જણાયુ કે ઈજતેહાદી ખતા પર કોઈ પકડ નથી.

★ કયાસ વિશે અંતિમ ચર્ચા ★

શરીઅતની દલીલો ચાર છે : કુર્આન, હદીષ, ઈજમાએ ઉમ્મત અને કિયાસ. ઈજમાઅની દલીલો તો અમે વર્ણવી ચૂકયા કે કુર્આનનો પણ હુકમ છે અને હદીષનો પણ હુકમ છે કે, આમ મુસલમાનોની જમાઅત સાથે રહો, તેનાથી વિખૂટો પડયો તે જહન્નમી છે.

કયાસનો અર્થ શબ્દકોષ (લુગત)માં **અંદાઝો કરવો** છે અને શરીઅતમાં કોઈ ફુરૂઈ (શાખાકિય) મસ્અલાને અસલ મસ્અલાથી ઈલ્લત (સબબ) અને હુકમમાં મિલાવી દેવો. એટલે એક મસ્અલો એવો ઉપસ્થિત થઈ ગયો કે જેની સાબિતિ કુર્આન તથા હદીષમાં નથી મળતી તો તેના જેવો કોઈ તે મસ્અલો લીધો જે કુર્આન હદીષમાં છે. તેના હુકમની ઈલ્લત (સબબ) માલૂમ કરીને એવું કહ્યું કે એ ઈલ્લત અહીં પણ છે જેથી તેનો આ હુકમ છે. જેમ કે કોઈએ પૂછયું કે સ્ત્રીની સાથે સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય કરવું કેવું ? આપણે જવાબ આપ્યો કે, હૈઝ (માસિક)ની હાલતમાં સ્ત્રી સાથે સંભોગ હરામ છે, કેમ ? પલીદીના કારણે. અને આમાં પણ પલીદી છે જેથી એ પણ હરામ છે. કોઈકે પૂછયું કે જે સ્ત્રી સાથે તેના બાપે ઝિના કર્યો તેના પુત્ર માટે તે સ્ત્રી હલાલ છે કે હરામ ?

આપણે કહ્યું કે જે સ્ત્રી સાથે કોઈનો બાપ નિકાહ કરે તે પુત્ર માટે હરામ છે, વતી અથવા જુઝઈય્યહ્ના કારણે. (વતી–સંભોગ કર્યો. જુઝઈય્યહ્ના કારણે એટલે કે પુત્ર બાપનો જુઝ છે એટલે) જેથી આ પણ સ્ત્રી પર હરામ છે, એને કયાસ કહે છે. પણ શર્ત એ છે કે કયાસ કરનાર મુજતહિદ હોય, દરેક અયરા ગયરાનું કયાસ કરવું વિશ્વસનીય નથી. કયાસ અસલમાં શરીઅતના હુકમને જાહેર કરનાર છે, ખૂદ અલગથી હુકમને સાબિત કરનાર નથી. એટલે કે કુર્આન તથા હદીષનો જ હુકમ હોય છે, પણ એને અહીં કયાસ જાહેર કરે છે. કયાસની સાબિતી કુર્આન તથા હદીષ તથા સહાબાના કાર્યોથી છે. કુર્આન ફર્માવે છે : فَاعْتَبِرُوْا يٰٓاُولِى الْاَبْصَارِ ۝ "તો ઈબ્રત લો, હે નિગાહવાળાઓ !" (સૂ. હશ્ર–૨) એટલે કે કાફિરના હાલ પર એને કયાસ કરો કે જો તમે એવી હરકતો કરી તો તમારો પણ એ જ હાલ થશે.

તદ્ઉપરાંત કુર્આને કયામતના થવાને ઊંઘ પર, એ જ પ્રમાણે ખેતીના સુકાઈ ગયા બાદ હરિયાળી થવા પર કયાસ ફર્માવીને બતાવ્યું છે. શરૂથી અંત સુધી દ્રષ્ટાંતો વર્ણન કર્યાં છે, એ પણ કયાસ છે.

બુખારી કિતાબુલ એઅ્તેસામમાં એક પ્રકરણ રચેલું છે : જે કોઈ માલૂમ હોય તેવા કાયદાને કોઈ એવા કાયદા સાથે સરખાવે જેનો હુકમ ખુદાએ બયાન ફર્માવી દીધો છે જેથી પ્રશ્નકાર તેનાથી સમજી લે.

એમાં એક હદીષ નકલ કરી તેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક સ્ત્રીને કયાસથી હુકમ ફર્માવ્યો. (અર્થ) : એક સ્ત્રી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવી અને અર્ઝ કરી કે, મારી વાલિદાએ હજ્જની મન્નત માની હતી તો શું હું તેણીના તરફથી હજ કરું ? ફર્માવ્યું, હા, હજ્જ કરો. કહ્યું, જો તારી માં પર કરજ હોત તો તુ તેને અદા કરત ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તે કરજ (હજ્જ) પણ અદા કરી આપો જે અલ્લાહનુ છે કેમ કે અલ્લાહ કરજની અદાયગી માટે અધિક મુસ્તહિક છે.

મિશ્કાત કિતાબુલ અમારહ્ બાબ માઅલલ્ વલાત અને તિર્મિઝી, ભાગ–૧, અબ્વાબુલ્ અહકામના પ્રારંભમાં એ દારમીમાં છે કે જ્યારે હઝરત મઆઝ ઈબ્ને જબલને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ યમનના હાકિમ બનાવીને મોકલ્યા

તો પૂછયું કે કઈ ચીજ વડે ફૈસલો કરશો ? અર્ઝ કરી, કિતાબુલ્લાહથી. ફર્માવ્યું કે જો તેમાં ન પામો તો ? અર્ઝ કરી કે તેના રસૂલની સુન્નતથી. ફર્માવ્યું કે જો તેમાં પણ ન પામો તો ? અર્ઝ કરી કે મારી રાયથી ઈજતેહાદ કરીશ. રાવીએ ફર્માવ્યું કે પછી હુઝૂર صلى الله تعالى عليه وسلم એ તેમના સીના પર હાથ માર્યો અને ફર્માવ્યું કે, તે ખુદાનો શુક્ર છે જેણે રસૂલુલ્લાહના કાસિદને એની તૌફીક આપી જેનાથી રસૂલુલ્લાહ રાજી છે. صلى الله تعالى عليه وسلم

આનાથી કયાસની પુર જોર સાબિતી થઈ, કેમ કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ની જાહેરી હયાતમાં ઈજમાઅ થઈ શકતો ન હતો એટલા માટે હઝરત મઆઝ رضى الله عنه એ ઈજમાઅતનો ઝિક્ર નથી કર્યો. એ જ પ્રમાણે સહાબાએ કિરામે ઘણા હુકમો પોતાના કયાસથી આપ્યા. હઝરત ઈબ્ને મસ્ઊદ رضى الله عنه એ તે ઔરતને કયાસના આધારે મહેર મિષ્લ (કોઈ એટલી ઉંમર તથા એવી જ શકલો સૂરતવાળી છોકરીની જેટલી મહેર આપેલી હોય તેટલી મહેર) અપાવ્યું જે મહેર વિના નિકાહમાં આવી અને શોહર (પતિ) મૃત્યુ પામ્યો. (નિસાઈ, ભાગ–૨, પેજ–૮૮). હવે તે વાંધો જે ગૈરમુકલ્લિદ કરે છે, "કે ઘણા ગુમાનોથી બચો !" એમાં ગુમાન (ઝન)થી મુરાદ બદગુમાનીઓ એટલે કે "મુસલમાનો પર બદગુમાનીઓ ન કરો ! "એટલા માટે આ આયતમાં ત્યારબાદ ગીબત (નિંદા) વગેરેની મનાઈ ફર્માવી છે. નહીં તો કયાસ અને ગીબતમાં શું સંબંધ ?! જેમ કે રબ તઆલા ફર્માવે છે : اِنَّمَا النَّجْوٰى مِنَ الشَّيْطٰنِ "મશ્વરો કરવો શૈતાનના તરફથી છે." (સૂ. મુજાદલહ્–૧૦) તો શું દરેક મશ્વરો શૈતાની કામ છે ? નહીં ! બલ્કે જે ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ મશ્વરો હોય તે શૈતાની છે. એ જ પ્રમાણે આ છે કે જે કયાસની બુરાઈઓ આવી છે તે એ કયાસ છે જે ખુદાના મુકાબલામાં કરવામાં આવે, જેમ કે શૈતાને સિજદાનો હુકમ પામીને કયાસ કર્યો અને ખુદાના હુકમને રદ કરી દીધો, એ કુફ્ર છે.

ગૈરમુકલ્લિદ એ પણ કહે છે કે કુર્આન ફર્માવે છે :–

اِنَّمَا اَتَّبِعُ مَا يُوْحٰٓى اِلَىَّ (સૂ. અઅ્રાફ–૨૦૩) **ઈન્નમા** હસ્રના માટે છે. જેનાથી જણાયું કે વહી સિવાય અન્ય કોઈ ચીજની પયરવી કરવામાં ન આવે,

ન ઈજમાઅતની ન કયાસની, કેવળ કુર્આન હદીષની જ પયરવી થાય. પણ તેમને ખબર હોવી જોઈએ ઈજમાઅ તથા કયાસ પર અમલ એ કુર્આન તથા હદીષ પર જ અમલ છે કે કયાસ મઝહર છે. (જાહેર થયેલ કુર્આન, હદીષના હુકમથી)

છેવટમાં હું કયાસના મુન્કિરોથી પૂછુ છું કે જે ચીજોની તસ્રીહ (સ્પષ્ટતા) કુર્આન તથા હદીષમાં ન મળે અથવા જાહેરી રીતે હદીષોમાં ટકરાવ ઉભો થાય તો ત્યાં શું કરશો ? દા.ત. હવાઈ જહાઝમાં નમાઝ પઢવી કેવી રીતે છે ? એ જ પ્રમાણે જો કોઈ વ્યકિત જુમ્અહની નમાઝમાં પ્રથમ રકાતમાં જમાઅતમાં હતી, બીજી રકાતમાં જમાઅત પાછળથી ભાગી ગઈ. તો હવે ઝોહર પઢે કે જુમ્અહ ? એ જ પ્રમાણે અન્ય કયાસવાળા મસાઈલમાં શો જવાબ આપશો ? એટલા માટે બેહતર છે કે કોઈ ઈમામનો દામન પકડી લો ! અલ્લાહ તૌફીક આપે.

ઈલ્મે ગયૂબની ચર્ચા

એમાં એક પ્રસ્તાવના છે અને બે વિભાગ અને એક સારાંશની વિગત.

પ્રસ્તાવના....

એમાં કેટલાક ભાગો છે.

(પ્રથમ વિભાગ)

★ ગયબની વ્યાખ્યા અને તેના પ્રકારો ★

ગયબ તે છુપી ચીજ છે જેને માણસ ન તો આંખ, નાક, કાન વગેરે અંગોથી મહસૂસ કરી શકે છે અને ન તો દલીલ વિના તથા વિના ચિંતન કર્યે બુધ્ધિમાં આવી શકે, જેથી પંજાબવાળાઓ માટે મુંબઈ ગયબ નથી કેમ કે તેઓ ક્યાં તો તેને આંખ વડે જોઈને આવ્યા છે અથવા સાંભળીને કહી રહ્યા છે કે મુંબઈ એક શહેર છે. આ પંચેન્દ્રિયોથી ઈલ્મ થયો. એ જ પ્રમાણે ખાણાઓના સ્વાદો અને તેની ખુશ્બુ વગેરે ગયબ નથી કેમ કે આ ચીજો જો કે આંખથી છુપી છે પણ બીજી ઈન્દ્રિથી તેની ખબર પડે છે. જિન તથા ફરિશ્તા અને જન્નત તથા દોઝખ આપણા માટે અત્યારે ગયબ છે કેમ કે તેને ન તો જ્ઞાનેન્દ્રિયોથી જાણી શકીએ છીએ અને ન તો વિના દલીલે બુધ્ધિથી.

ગયબ બે પ્રકારના છે : એક તે જેના પર દલીલ કાયમ થઈ શકે, એટલે કે દલીલોથી જાણી શકાય. બીજુ તે જેને દલીલોથી પણ જાણી ન શકાય. પ્રથમ ગયબ જેમ કે જન્નત તથા દોઝખ અને ખુદા પાકની જાત તથા સિફતો કે જે દુનિયાની ચીજો અને કુર્આનની આયતો જોઈને તેની ભાળ મળે છે. બીજા ગયબનું દ્રષ્ટાંત જેમ કે, કયામતનો ઈલ્મ કે ક્યારે થશે ? માણસ ક્યારે મરશે ?

અને સ્ત્રીના પેટમાં છોકરો છે કે છોકરી ? બદબખ્ત છે કે નેક બખ્ત ? જેને દલીલોથી પણ જાણી નથી શકતા. આ પ્રકારના ગયબને 'મફાતિહુલ ગયબ' (ગયબની ચાવીઓ) કહેવામાં આવે છે. એને પરવરદિગારે ફર્માવ્યું :–

فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖۤ اَحَدًا ۝ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

''ગયબનો જાણનાર તો પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો, સિવાય પોતાના પસંદીદા રસૂલોના.'' *(સૂ. જિન, આ. ૨૬, ૨૭)*

તફસીરે બયઝાવી 'યુઅ્મિનૂન બિલ્ગયૂબ'ના હેઠળ છે :–

અર્થાત : ગયબથી મુરાદ તે છુપી ચીજ છે જેને જ્ઞાનેન્દ્રિઓ (પંચેન્દ્રિયો) (નાક, કાન, આંખ, જીભ, શરીર સ્પર્શ) પામી શકે અને વિચાર્યા સમજ્યા વિના બુદ્ધિ.

તફસીરે કબીર સૂરએ બકરહ્ના શરૂમાં એ જ આયતના હેઠળ છે :

આમ મુફસ્સિરોનો કૌલ છે કે ગયબ તે છે જે જ્ઞાનેન્દ્રિયોથી છુપાયેલ હોય. વળી ગયૂબના બે પ્રકાર હોય છે એક તો તે જેના માટે દલીલ છે, બીજુ તે જેના માટે કોઈ દલીલ નથી. તફસીરે રૂહુલ બયાનમાં એ જ આયત હેઠળ છે :

અર્થાત : ગયબ તે છે જે જ્ઞાનેન્દ્રિયો તથા બુદ્ધિથી સંપૂર્ણપણે છુપાયેલ હોય, એ રીતે કે કોઈ ઝરીયાથી પણ શરૂ શરૂમાં ખુલ્લમ ખુલ્લા માલૂમ ન થઈ શકે. ગયબના બે પ્રકાર છે એક તે પ્રકાર જેના માટે કોઈ દલીલ ન હોય, તે જ પ્રકાર આ આયતમાં મુરાદ છે કે અલ્લાહ તઆલાની પાસે ગયબની ચાવીઓ છે. બીજો પ્રકાર જેના માટે દલીલ કાયમ થઈ શકે, જેમ કે અલ્લાહ તઆલા અને તેની સિફતો (ખૂબીઓ, વિશિષ્ટતાઓ, ગુણો), તે જ આ જગાએ મુરાદ છે.

ફાયદો : રંગ આંખથી જોઈ શકાય છે અને ગંધ નાકથી સુઘી શકાય છે અને સ્વાદ જીભથી અને અવાજ કાનથી અનુભવી શકાય છે. જેથી રંગ જીભ તથા કાન માટે ગયૂબ છે અને ગંધ આંખના માટે ગયબ છે. જો કોઈ અલ્લાહનો બંદો રંગ અને સ્વાદને તે શકલોમાં આંખથી જોઈ લે તે પણ ઈલ્મે ગયબે ઈઝાફી (અમુકથી સબંધવાળી ગયબની ચીજ અમુક માટે ગયબ હોય. જેમ કે આંખનું કામ જોવાનુ છે તે જો સુંઘવા લાગે તો એ આંખના માટે ગયબ છે.) જેમ કે

અમલો કિયામતમાં વિવિધ સૂરતોમાં જોવા મળશે. જો કોઈ તે શકલોમાં અહીં પણ જોઈ લે તો એ પણ ઈલ્મે ગયબ છે. હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ફર્માવે છે : "કોઈ મહીનો અને જમાનો દુનિયામાંથી નથી ગયો પણ તે મારી પાસે થઈને ઈજાઝત લઈને ગુજર્યો છે."

એ જ પ્રમાણે જે ચીજ વર્તમાનમાં મૌજૂદ ન હોય અથવા ઘણે જ દૂર હોય અથવા અંધારામાં હોવાને લીધે નજર ન આવી શકે તે પણ ગયબ છે અને તેને જાણવુ ગયબ છે. જેમ કે હુઝૂર ﷺએ ભવિષ્યમાં પેદા થનારી ચીજોને જોઈ લીધી અથવા હઝરત ઉમર رضی اللہ عنہ એ નેહાવંદમાં હઝરત સારિયહ્ને મદીનાપાકથી જોઈ લીધા, અને તેમના સુધી પોતાનો અવાજ પહોંચાડયો. એ જ પ્રમાણે કોઈ પંજાબમાં બેસીને મક્કા મોઅઝ્ઝમા અથવા અન્ય દૂર દરાઝ મુલ્કોને હાથની હથેળીની જેમ જુએ, આ સર્વ ગયબમાં જ દાખલ છે.

યંત્રો વડે છુપી ચીજ માલૂમ કરવામાં આવે તે ઈલ્મે ગયબ નથી. જેમ કે કોઈ યંત્ર વડે સ્ત્રીના પેટમાંના બાળક વિશે માલૂમ કરાય છે. અથવા ટેલીફોન કે રેડીયો વડે દૂરના અવાજો સાંભળી લેવામાં આવે છે. એને ઈલ્મે ગયબ કહેવાશે નહીં, કેમ કે ગયબની વ્યાખ્યામાં જણાવી દેવામાં આવ્યું કે જે પંચેન્દ્રિય વડે માલૂમ ન થઈ શકે, જ્યારે ટેલીફોન કે રેડીયોમાંથી જે અવાજ નીકળે છે તે ઈન્દ્રિય વડે માલૂમ થવાને પાત્ર છે. યંત્ર વડે જે પેટોમાંના બાળકની સ્થિતિ જાણવા મળે એ પણ ગયબનો ઈલ્મ ગણાશે નહીં જ્યારે કે યંત્રએ તેને જાહેર કરી આપ્યું તો હવે ગયબ ક્યાંથી રહ્યું ?!

સારાંશ કે જો કોઈ યંત્ર છુપાયેલી ચીજને જાહેર કરી આપે પછી જાહેર થયા બાદ આપણે તેને માલૂમ કરી લઈએ, તો એ ઈલ્મે ગયબ નથી.

(બીજો ભાગ)

★ જરૂરી ફાયદાકારક વાતો ★

ઈલ્મે ગયબના મસ્અલામાં ચર્ચા કરતાં પહેલાં કેટલીક વાતો ખૂબ ધ્યાનમાં રાખવામાં આવે તો ઘણો જ ફાયદો થશે અને ઘણા વાંધાઓ આપોઆપ દૂર થઈ જશે.

(૧) નફસે ઈલ્મ (મૂળ ઈલ્મ) કોઈપણ ચીજનો હોય બુરો નથી, હા બુરી વાતોને કરવું અથવા કરવા માટે શીખવું બુરું છે. હા, એ થઈ શકે છે કે કેટલાક ઈલ્મ અન્ય ઈલ્મોથી અધિક અફઝલ હોય છે, જેમ કે ઈલ્મે અકાઈદ, ઈલ્મે શરીઅત, ઈલ્મે તસવ્વુફ અન્ય ઈલ્મોથી અફઝલ છે. પણ કોઈ ઈલ્મ ફીનફસેહી (ઈલ્મ હોવાના હિસાબે) બુરો નથી. જેમ કે અમુક કુર્આની આયતો અમુક કરતાં અધિક સવાબ ધરાવે છે. **કુલ્ હુવલ્લાહુ અહદ**માં ૧/૩ કુર્આનનો સવાબ પણ **તબ્બતયદા**માં એ સવાબ નથી જુઓ રૂહુલ બયાન આયત وَلَوْ كَانَ مِنْ عِنْدِ غَيْرِ اللّٰهِ لَوَجَدُوْا فِيْهِ اخْتِلَافًا كَثِيْرًا "અને જો તે ગૈરે ખુદાની પાસેથી હોત તો જરૂર એમાં ઘણો જ મતભેદ પામતા." *(સૂ. નિસાઅ્–૮૨)* હેઠળ.

પરંતુ કોઈ આયત બુરી નથી એટલા માટે કે જો (૧) કોઈ બુરો ઈલ્મ હોત તો ખુદાને પણ તે હાંસલ ન હોત કેમ કે ખુદા દરેક બુરાઈથી પાક છે (૨) તદ્ ઉપરાંત ફરિશ્તાઓને ખુદાની જાત તથા સિફાતનો ઈલ્મ હતો પણ હઝરત આદમ عليه السلام ને દુનિયાની સર્વ સારી બુરી ચીજોનો ઈલ્મ આપવામાં આવ્યો અને તે જ ઈલ્મ તેમની ફઝીલતનો ષબૂત થયો, એ ઈલ્મના કારણે આપ ફરિશ્તાઓના સરદાર ઠર્યા. જો બુરી ચીજોનો ઈલ્મ બુરો હોત તો હઝરત આદમ عليه السلام ને એ ઈલ્મ આપીને ઉસ્તાદ બનાવવામાં ન આવત. (૩) તેમજ દુનિયામાં સૌથી બદતર ચીજ કુફ્ર તથા શિર્ક છે. પણ ફકીહો ફર્માવે છે કે હસદ, બુગ્ઝ (અદાવત, કીનો) અને કુફ્ર તથા શિર્કવાળા શબ્દોના ઈલ્મને જાણવું ફર્ઝ છે જેથી એનાથી બચે. એ જ પ્રમાણે જાદૂ દૂર કરવા માટે જાદૂ શીખવું ફર્ઝ છે. શામીના મુકદમા (પ્રસ્તાવના)માં છે : અર્થાત : રિયા તથા હસદ અને હરામ તથા કુફ્રી વાણીના ઈલ્મને શીખવું ફર્ઝ છે અને વલ્લાહ ! એ ઘણુ જ જરૂરી છે. *(મુલખ્ખસન)*

એ જ મુકદ્દમા શામીમાં ઈલ્મે નજૂમો રમલની ચર્ચામાં ફર્માવ્યું છે : અર્થાત : ઝખીરા નાઝેરામાં લખ્યું છે કે, જાદૂ શીખવો ફર્ઝ છે એહલે હર્બના જાદૂને દફેઅ કરવા માટે. અહયાઉલ ઉલૂમ, ભાગ–૧, બાબ અવ્વલ, ફસ્લ સોમમાં બુરા ઈલ્મોના બયાનમાં છે કે, ઈલ્મની બુરાઈ ખુદ ઈલ્મ હોવાને

લીધે નથી બલ્કે બંદાઓના હકમાં ત્રણ કારણોને લીધે છે.

આ બયાનથી સારી પેઠે જાણવા મળ્યું કે નફસે ઈલ્મ કોઈ પણ ચીજનો બુરો નથી. હવે મુન્કિરો (ન માનનારાઓ)નો તે સવાલ ઉડી ગયો કે, "હુઝૂર ﷺને બુરી ચીજો ચોરી, ઝિના, જાદૂ, અશઆરનો ઈલ્મ ન હતો, કેમ કે એને જાણવું અયબ છે !" હવે બતાવો ! ખુદાને પણ તેનો ઈલ્મ છે કે નથી ? એટલા માટે જ તેમણે શૈતાન તથા મલકુલ મૌતનો ઈલ્મ હુઝૂર ﷺના ઈલ્મથી વધારે માન્યો. આ તો એવું થયું જેમ કે મજૂસી (અગ્નિપૂજક) કહે છે કે ખુદા પાક બુરી ચીજોનો માલિક નથી કેમ કે બુરી ચીજોને પેદા કરવું બુરું છે. નઉઝુબિલ્લાહ ! જો જાદૂનો ઈલ્મ બુરો છે તો તેની તાલીમના માટે બે ફરિશ્તા હારૂન તથા મારૂત શા માટે જમીન પર ઉતર્યા ? મૂસા عليه السلام ના જાદૂગરોએ જાદૂ વડે મૂસા عليه السلام ની હક્કાનિયતને ઓળખી અને આપના પર ઈમાન લાવ્યા. જુઓ ! જાદૂનો ઈલ્મ ઈમાનનો ઝરીયો બની ગયો.

(૨) સર્વ અંબિયા અને આખી મખ્લૂકના ઈલ્મો હુઝૂર ﷺને અતા થયા, એને દેવબંદી મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વીએ 'તહઝીરુન્નાસ'માં માન્યું છે. જેના સર્વ હવાલાઓ (આગળ) આવે છે. તો જે ચીજનો ઈલ્મ કોઈ પણ મખ્લૂકને છે તે હુઝૂર ﷺને જરૂર છે, બલ્કે સૌને જે ઈલ્મ મળ્યો તે હુઝૂર ﷺની વહેંચણીથી જ મળ્યો. જે ઈલ્મ શાગિર્દ ઉસ્તાદથી લે તો અનિવાર્ય છે કે ઉસ્તાદ પણ તે ઈલ્મનો જાણકાર હોય. અંબિયામાં હઝરત આદમ عليه السلام પણ છે એટલા માટે હું હઝરત આદમ તથા હઝરત ખલીલુલ્લાહ (عليهما السلام)ના ઈલ્મ વિશે પણ ચર્ચા કરીશ. (૩) કુર્આન અને લોહે મેહફૂઝમાં સર્વ પ્રસંગો **મા કાન વ મા યકૂન** (ભૂત વર્તમાન, ભવિષ્ય) સર્વે છે અને એના પર ફરિશ્તાઓ તથા કેટલાક અવલિયા તથા અંબિયાની નજરો સમક્ષ છે, એના હવાલાઓ પણ આગળ આવશે, એટલા માટે લૌહે મેહફૂઝ તથા કુર્આની ઈલ્મોનું પણ વર્ણન કરી દઈશ. એ જ પ્રમાણે તકદીર લખનાર ફરિશ્તાના ઈલ્મોનું પણ વર્ણન કરી દઈશ. આ સર્વ ચર્ચાઓ ઈલ્મે મુસ્તફા (ﷺ) સાબિત કરવા માટે હશે.

(ત્રીજો ભાગ)

★ ઈલ્મ ગયબ વિશે અક્વીદો અને ઈલ્મે ગયબના મર્તબાઓ ★

ઈલ્મે ગયબના ત્રણ પ્રકારો છે અને તેના અલગ અલગ હુકમો છે.

–(અઝ : ખાલિસુલ એતેકાદ, પેજ–૫)

૦૧. અલ્લાહ ﷻ આલિમ બિઝ્ઝાત (જાતે પોતે) છે, તેના બતાવ્યા વિના એક હર્ફ (અક્ષર) પણ કોઈ જાણી શકતુ નથી.

૦૨. હુઝૂર ﷺ તથા અન્ય અંબિયાએ કિરામને રબ તઆલાએ પોતાના અમુક ગયબના ઈલ્મો આપ્યા.

૦૩. હુઝૂર ﷺનો ઈલ્મ આખી ખલ્કત (મખ્લૂક)થી વિશેષ છે. હઝરત આદમ તથા હઝરત ખલીલુલ્લાહ عليه السلام અને મલકુલ મૌત તથા શૈતાન પણ ખલ્કતમાં છે. આ ત્રણ વાતો **જરૂરીયાતે દીન**માંથી છે, તેઓ ઈન્કાર **કુફ્ર** છે.

બીજો પ્રકાર :–

૦૧. અવલિયાએ કિરામને પણ અંબિયાએ કિરામના વાસ્તાથી કેટલાક ઈલ્મે ગયબ મળે છે.

૦૨. અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને પાંચ ગયબોમાંથી ઘણાયે જુઝઈય્યાત (વિવિધ ચીજો)નો ઈલ્મ આપ્યો. જે આ પ્રકારનો મુન્કિર છે તે **ગુમરાહ** અને **બદમઝહબ** છે, કે તે સેંકડો હદીષોનો ઈન્કાર કરે છે.

ત્રીજો પ્રકાર :–

૦૧. હુઝૂર ﷺને રૂહની હકીકતનો અને કુર્આનના સર્વ મુતશાબેહાતનો ઈલ્મ આપવામાં આવ્યો.

(ચોથો ભાગ)

જ્યારે ઈલ્મે ગયબનો મુન્કિર પોતાના દાવામાં દલીલ કાયમ કરે તો ચાર વાતોનો ખ્યાલ રાખવો જરૂરી છે :–

૦૧. તે આયત કતઈય્યુદ્ દલાલત હોય, જેના અર્થમાં વિવિધ અર્થો ન નીકળ તા હોય અને હદીષ હોય તે મુતવાતિર હોય.

૦૨. તે આયત અથવા હદીષથી ઈલ્મની અતાની નફી (નકાર) હોય કે અમે નથી આપ્યો. અથવા હુઝૂર ﷺ ફર્માવી આપે કે મને આ ઈલ્મ નથી આપવામાં આવ્યો.

૦૩. કેવળ કોઈ વાતનુ જાહેર ન કરવું પૂરતુ નથી. શક્ય છે કે હુઝૂર ﷺને તો છે પણ કોઈ મસ્લેહતને લીધે જાહેર ન કર્યો હોય. એ જ પ્રમાણે હુઝૂર ﷺનું એ ફર્માવવું કે ખુદા જ જાણે ! અલ્લાહ સિવાય કોઈ જ નથી જાણતુ ! અથવા મને શું ખબર ?! વગેરે પૂરતુ નથી. કેમ કે શબ્દો ક્યારેક ઝાતી ઈલ્મના ઈન્કાર અને સામેવાળા (મુખાતબ)ને ખામોશ કરવાને માટે હોય છે.

૦૪. જેના માટે ઈલ્મની નફી (નકાર) કરવામાં આવી હોય તે પ્રસંગ હોય અને કિયામત સુધીનો હોય. નહીં તો સર્વ ઈલાહી સિફતો અને કિયામત પછીના તમામ પ્રસંગોના ઈલ્મનો અમે પણ દાવો નથી કરતા. આ ચાર બાબતો ખૂબ જ સારી પેઠે યાદ રાખી લેવામાં આવે.

(પ્રથમ વિભાગ)

★ ઈલ્મે ગયબની સાબિતી વિશે ચર્ચા ★

એમાં પેટા વિભાગો છે : પ્રથમ વિભાગમાં કુર્આની આયતોથી સાબિતી, બીજામાં હદીષોથી સાબિતી, ત્રીજામાં હદીષોની શરહ લખનારાઓ થકી, ચોથામાં ઉમ્મતના ઉલમા તથા ફકીહોના કથનો, પાંચમામાં ખૂદ મુન્કિરોની કિતાબોથી સાબિતી, છઠ્ઠામાં બૌદ્ધિક દલીલો અને અવલિયા અલ્લાહના ઈલ્મે ગયબનું વર્ણન.

(પ્રથમ પેટા વિભાગ)

★ કુર્આની આયતોથી ઈલ્મે ગયબની સાબિતી ★

★ આયત નં. ૦૧ ★

وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَى الْمَلٰٓئِكَةِ

"અને અલ્લાહ તઆલાએ આદમને તમામ ચીજોનાં નામો શીખવ્યાં પછી દરેક ચીજો ફરિશ્તાઓ સમક્ષ રજૂ કરી." (સૂ. બકરહ, આ. ૩૧) તફસીરે મદારિકમાં એના હેઠળ છે : અર્થ : હઝરત આદમ عليه السلام ને તમામ ચીજોનાં નામો બતાવવાનો મતલબ એ છે કે રબ તઆલાએ તે તમામ જાતો બતાવી જેને પેદા કરી છે. અને તેમને બતાવી દેવામાં આવ્યું કે આનું નામ ઘોડો અને આનુ નામ ઊંટ અને આનું ફલાણું. હઝરત ઈબ્ને અબ્બાસથી મરવી છે કે તેમને દરેક ચીજનાં નામો શિખવાડયાં એટલે સુધી કે પ્યાલો અને મોટા ચમચાનાં (ડોયાનાં) પણ.

તફસીરે ખાઝિનમાં એ જ આયતમાં એ બાબત પણ બયાન ફર્માવી. એટલુ અધિક વધારે ફર્માવ્યું, (અર્થ) : કહેવામાં આવ્યું કે હઝરત આદમ عليه السلام ને તમામ ફરિશ્તાઓનાં નામ શીખવાડી દીધાં અને કહેવામાં આવ્યું છે કે તેમની ઔલાદનાં નામ. અને કહેવામાં આવ્યું છે કે તેમને તમામ ભાષાઓ (બોલીઓ) શીખવાડી દીધી.

તફસીરે કબીરમાં એ જ આયત હેઠળ છે : (અર્થ) આદમ عليه السلام ને તમામ ચીજોના અવસાફ (ગુણો) અને તેની હાલતનો શીખવાડી દીધી અને એ જ મશહૂર છે. મતલબ એ છે કે મખ્લૂકમાંથી દરેક હાદિષ (પછીથી અસ્તિત્વમાં આવેલ ચીજો)ની જાતીનાં સર્વ નામો છે જે વિવિધ ભાષઓમાં થશે. જેને આદમની ઔલાદ આજ સુધી બોલી રહી છે અરબી, ફારસી, રૂમી વગેરે.

તફસીરે અબૂસ્સઉદમાં આ આયતના હેઠળ છે, (અર્થ) : કહેવામાં આવ્યું છે કે હઝરત આદમને ભૂતકાળની તથા ભવિષ્યની ચીજોનાં નામો બતાવી દીધાં અને કહેવામાં આવ્યું છે કે પોતાની આખી મખ્લૂકનાં નામો બતાવી દીધાં.

અકલી, અનુભવી શકાય તેવી, ખયાલી, વહમી ચીજો બતાવી દીધી અને તે ચીજોની જાત તેમનાં નામ, તેમની ખાસિયતો, તેમની ઓળખ, ઈલ્મના કાયદા, હુન્નરો (કળાઓ)ના નિયમો, તેનાં ઓજારોની વિગત તેને વાપરવાના તરીકાનું જ્ઞાન હઝરત આદમને ઈલ્હામ ફર્માવ્યું.

તફસીરે રૂહુલ બયાનમાં એ જ આયત હેઠળ છે, (અર્થ) અને હઝરત આદમને ચીજોની સ્થિતિઓ શીખવાડી અને જે કાંઈ તેમાં દીની તથા દુનિયવી લાભો છે તે બતાવ્યા. અને તેમને ફરિશ્તાઓનાં નામ તેમની ઔલાદ અને પ્રાણીઓ તથા વનસ્પતિઓનાં નામ બતાવ્યાં અને દરેક ચીજને બનાવવાનુ બતાવ્યું. તમામ શહેરો તથા ગામોનાં નામ, પક્ષીઓ તથા ઝાડોનાં તથા પથ્થરોનાં નામ, જે થઈ ગયું અને જે કાંઈ પણ થશે તેમનાં નામ અને કિયામત સુધી જે પેદા ફર્માવશે તેનાં નામ અને ખાવા પીવાની ચીજોનાં નામ, જન્નતની દરેક નેઅમત, મતલબ કે દરેક ચીજનાં નામ બતાવી દીધાં. હદીષમાં છે કે હઝરત આદમને **સાત લાખ ભાષાઓ** શીખવાડવામાં આવી.

આ તફસીરોથી એટલુ જાણવા મળ્યું કે માકાન વમાયકૂન (ભૂત–વર્તમાન–ભાવિ)ના સઘળા ઈલ્મો હઝરત આદમ عليه السلام ને આપવામાં આવ્યા, ભાષાઓ, ચીજો લાભકારક કે અલાભકારક બનાવવાના તરીકા, ઓજારો (યંત્રો)નો ઉપયોગ સર્વ દેખાડયું. પરંતુ હવે મારા આકા ﷺ ના ઈલ્મોને તો જુઓ ! સત્ય તો એ છે કે આ આદમનો ઈલ્મ મારા આકા ﷺ ના ઈલ્મના સમુદ્રના એક ટીપા બરાબર અથવા મેદાનના એક રજકણ બરાબર છે.

શયખ ઈબ્ને અરબી, ફુતૂહાતે મક્કિયહ્, બાબે દહુમમાં ફર્માવે છે : અર્થ : હુઝૂર ﷺ ના પ્રથમ ખલીફા અને નાયબ આદમ عليه السلام છે. જાણવા મળ્યું કે હઝરત આદમ عليه السلام હુઝૂર ﷺ ના ખલીફા છે. ખલીફા તેને કહે છે જે અસલની ગૈર મૌજૂદગીમાં તેના સ્થાને કામ કરે. હઝરત આદમ عليه السلام હુઝૂર ﷺ ના નાયબ હતા. એ મોલ્વી કાસિમ નાનોત્વી (દેવબંદી)એ પણ 'તહઝીરુન્નાસ'માં લખ્યું છે, જેવું કે અમે બયાન કરીશું. ખલીફાના ઈલ્મનો હાલ આ પ્રમાણે છે :–

નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી અયાઝમાં છે : અર્થ : હુઝૂર ﷺ સમક્ષ સર્વ મખ્લૂકાત હઝરત આદમથી લઈને કિયામત સુધીની પેશ કરવામાં આવી, તો તે સૌને ઓળખી લીધી, જેવી રીતે કે હઝરત આદમ عليه السلام ને સર્વ નામો શીખવાડયાં. આ લખાણથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ સૌને ઓળખે જાણે છે.

★ આયત નં. ૦૨ ★

وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا "અને આ રસૂલ તમારા નિગેહબાન તથા ગવાહ થાય." *(સૂ. બકરહ, આ. ૧૪૩)* તફસીરે અઝીઝીમાં આ આયત હેઠળ છે, "રસૂલુલ્લાહ ﷺ પોતાના નૂરે નબુવ્વતના કારણે દરેક દીનદારના દીનને જાણે છે કે દીનના કયા દરજ્જા સુધી પહોંચ્યો છે અને તેના ઈમાનની હકીકત શું છે અને કયો પડદો તેની તરક્કીમાં આડ રૂપ છે. વળી હુઝૂર ﷺ તમારા ગુનાહોને અને તમારા ઈખ્લાસ તથા નિફાકને ઓળખે છે, જેથી તેમની ગવાહી દુનિયામાં શરીઅતના હુકમ હેઠળ ઉમ્મતના હક્કમાં કબૂલ અને વાજિબુલ અમલ છે.

તફસીરે રૂહુલ બયાનમાં એ આયત હેઠળ છે, અર્થ : આ એ કારણે છે કે શહીદ (ગવાહ)ના કલમામાં મુહાફિઝ તથા ખબરદારનો અર્થ પણ સમાયેલો છે અને આ અર્થનો સમાવેશ કરવામાં એ તરફ નિર્દેશ છે કે કોઈને આદિલ કહેવા અને સફાઈની ગવાહી આપવા માટે ગવાહનું તેની હાલતોથી માહિતગાર થવાથી જ થઈ શકે છે. અને હુઝૂર ﷺ મુસલમાનોના ગુનાહોને, તેમના ઈમાનની હકીકતને, તેમના સારા બુરા અમલોને, તેમના ઈખ્લાસ તથા નિફાક વગેરેને નૂરે હક્કથી જાણે છે. અને હુઝૂર ﷺની ઉમ્મત પણ કિયામતમાં સર્વ ઉમ્મતોની આ હાલતો હુઝૂર ﷺના નૂરથી જાણશે.

તફસીરે ખાઝિનમાં એ જ આયત હેઠળ છે, અર્થ : પછી કિયામતમાં હુઝૂર ﷺને બોલાવવામાં આવશે, પછી રબ તબારક વ તઆલા હુઝૂર ﷺને આપની ઉમ્મતની હાલતો પૂછશે, તો તેમની સફાઈની ગવાહી આપશે અને તેમની સચ્ચાઈની ગવાહી આપશે.

તફસીરે મદારિક, પારા–૨૫ સૂરએ બકરહમાં આ આયતના હેઠળ છે : અર્થ : પછી હુઝૂર ﷺને બોલાવવામાં આવશે અને આપની ઉમ્મતના હાલ પૂછવામાં આવશે તો આપ પોતાની ઉમ્મતની સફાઈ બયાન કરશે અને તેમના આદિલ હોવાની ગવાહી આપશે, જેથી હુઝૂર તમારી અદાલતને જાણે છે.

આ આયત અને તેની તફસીરોમાં એવું ફર્માવવામાં આવ્યું કે કિયામતના દિવસે અન્ય અંબિયાએ કિરામની ઉમ્મતો બારગાહે ઈલાહીમાં અર્ઝ કરશે કે અમારી પાસે તારો કોઈ પયગંબર ન પહોંચ્યો. તે ઉમ્મતોના નબી અર્ઝ કરશે કે અમે તેમનામાં ગયા, તારા હુકમો પહોંચાડયા પણ એ લોકોએ કબૂલ ન કર્યા. રબ તઆલાનો અંબિયાને હુકમ થશે કે તમે વાદી છો જેથી તમારો કોઈ ગવાહ લાવો ! તેઓ પોતાની ગવાહીના માટે ઉમ્મતે મુહમ્મદિયહને પેશ કરશે તો મુસલમાન ગવાહી આપશે કે, હે ખુદા ! તારા પયગંબરો સાચા છે તેમણે તારા હુકમો પહોંચાડયા હતા.

હવે બે વાતો તેહકીક (સંશોધન)ને પાત્ર છે, પ્રથમ એ કે આ મુસલમાનો ગવાહીને પાત્ર છે કે નહીં ? (ફાસિક, ફાજિર અને કાફિરની ગવાહી કબૂલ નથી થતી, મુસલમાન પરહેઝગારની ગવાહી સ્વીકાર્ય છે.) બીજું એ કે લોકોએ તેમનાથી પહેલાના પયગંબરોનો જમાનો જોયો ન હતો પછી કેવી રીતે ગવાહી આપી રહ્યા છે ?! મુસલમાનો અર્ઝ કરશે કે, ખુદાયા ! અમને તારા મેહબૂબ ﷺએ ફર્માવ્યું હતું કે આગલા પયગંબરોએ તબ્લીગ કરી હતી, તેને સાંભળીને અમે ગવાહી આપી રહ્યા છીએ. ત્યારે હુઝૂર ﷺને બોલાવવામાં આવશે, અને હુઝૂર ﷺ બે વાતોની ગવાહી આપશે, એક એ કે આ લોકો ફાસિક તથા કાફિર નથી જેથી તેમની ગવાહી કબૂલ ન થાય, બલ્કે મુસલમાન અને પરહેઝગાર છે. બીજુ એ કે, હા ! મેં તેઓને કહ્યું હતું કે પહેલાંના નબીઓએ પોતાની કૌમ સુધી ખુદાના હુકમો પહોંચાડયા, ત્યારે પયગંબરોના હકમાં સનદ થશે.

આ પ્રસંગથી અમુક વાતો સિધ્ધ થઈ. એક એ કે હુઝૂર ﷺ કિયામત સુધીના મુસલમાનોના ઈમાન, અમલો, રોઝા, નમાઝ તથા નિય્યતોથી બિલકુલ ખબરદાર છે. નહીં તો સફાઈની ગવાહી કેવી ?! શક્ય નથી કે એક મુસલમાનનો

પણ કોઈ હાલ આપનાથી છુપો રહે. હઝરત નૂહ عليه السلام એ પોતાની કૌમની આવનારી પેઢીનો હાલ જાણી લીધો કે, હે ખુદા ! તેમની ઔલાદ પણ થશે તો તે કાફિર થશે, જેથી તો તેઓને ડૂબાડી દેવામાં આવ્યા. હઝરત ખિઝર عليه السلام એ જે બાળકને કત્લ કર્યો તેના ભાવિની ખબર જાણી લીધી હતી કે જો ભવિષ્યમાં જીવતો રહેશે તો નાફર્માન થશે. તો સૈયદુલ્ અંબિયા عليه الصلوٰة والسلام પર કોઈનો હાલ કેવી રીતે છુપો રહી શકે છે ? બીજુ એ કે પાછલા પયગંબરો અને તેમની ઉમ્મતોની હાલતો હુઝૂર ﷺ એ નૂરે નબુવ્વતથી જોયી હતી અને આપની ગવાહી જોએલી (ગવાહી) હતી, જો સાંભળેલી ગવાહી હોત તો એવી ગવાહી તો એનાથી પહેલાં મુસલમાનો પણ આપી ચૂક્યા હતા. સાંભળેલી ગવાહીનો અંત જોયેલી ગવાહી પર થાય છે. ત્રીજુ એ પણ જાણવા મળ્યું કે રબ તઆલા તો જાણે છે કે નબી સાચા છે તેમ છતાં પણ ગવાહીઓ લઈને ફૈંસલો ફર્માવે છે. એ જ પ્રમાણે જો હુઝૂર ﷺ મુકદ્દમાઓમાં (કેસોમાં) તેહકીક કરે અને ગવાહીઓ વગેરે લે તો એનાથી એ જરૂરી નથી થતું કે હુઝૂર ﷺ ને ખબર ન હોય ! બલ્કે મુકદ્દમાઓનો કાયદો એ જ હોય છે. વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ અર્થે મારી કિતાબ **શાને હબીબુર્રહમાન બ આયાતે કુર્આન** (ગુજરાતીમાં **અલ્લાહના હબીબની શાન** જે "દયાદરા" મળે છે. હદિયો : ૧૧૦ રૂા.) વાંચો. એ જ ગવાહીની ચર્ચા આવનારી આયતમાં પણ આવે છે.

★ આયત નં. ૦૩ ★

وَّجِئْنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيْدًا "અને હે મહબૂબ ! તમને તે સર્વેના ઉપર નિગેહબાન બનાવીને લાવીશું." *(સૂ. નિસાઅ–૪૧)*

તફસીરે નિશાપૂરીમાં આ આયત હેઠળ છે, અર્થ : એટલા માટે કે હુઝૂર ﷺ ની મુબારક રૂહ તમામ રૂહો અને દિલો અને નફસો (જીવો)ને જોનારી છે. કેમ કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, અલ્લાહે જે પ્રથમ પેદા ફર્માવ્યું તે મારું નૂર છે.

તફસીરે રૂહુલ બયાનમાં એ આયત હેઠળ છે, (અર્થ) : હુઝૂર ﷺ પર આપની ઉમ્મતના અમલો સવાર સાંજ પેશ કરવામાં આવે છે. જેથી આપ

ઉમ્મતને તેના અમલોથી જાણો છો અને તેના અમલોને પણ, એટલા માટે આપ તેમના માટે ગવાહી આપશે.

તફસીરે મદારિકમાં એ આયત હેઠળ છે, અર્થ : હુઝૂર ﷺ મો'મિનો પર ગવાહ છે તેમના અમલોના અને કાફિરો પર તેમના કુફ્ના અને મુનાફિક પર તેમના નિફાકના.

આ આયત અને તેની તફસીરોથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ પ્રથમથી કિયામતના દિવસ સુધી સર્વ લોકોના કુફ્ તથા ઈમાન તથા નિફાક તથા અમલો વગેરે સૌને જાણે છે. એટલા માટે આપ સૌના જ ગવાહ છે, એ જ તો ગયબનો ઈલ્મ છે !

★ આયત નં. ૦૪ ★

مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ عِنْدَهٗۤ اِلَّا بِاِذْنِهٖ ؕ یَعْلَمُ مَا بَیْنَ اَیْدِیْهِمْ وَ مَا خَلْفَهُمْ ۚ

"એ કોણ છે તેને ત્યાં શફાઅત કરે તેના હુકમ વગર ? જાણે છે જે કાંઈ તેમની આગળ છે અને જે કાંઈ તેમની પાછળ છે." *(સૂ. બકરહ, ૨૫૫)*

તફસીરે નિશાપૂરીમાં આ આયત હેઠળ છે :

(અર્થ) : હુઝૂર ﷺ મખ્લૂકની પહેલાંના અવ્વલીન મામલાઓ પણ જાણે છે અને જે મખ્લૂકની કિયામત પછીની હાલતો છે તેને પણ જાણે છે.

રૂહુલ બયાનમાં આ આયત હેઠળ છે :

(અર્થ) : હુઝૂર ﷺ મખ્લૂકની પહેલાંની હાલતો જાણે છે, અલ્લાહ તઆલાએ મખ્લૂક પેદા કરી તે પહેલાંના પ્રસંગો અને તેમની પાછલી હાલતો, કિયામતની હાલતો, મખ્લૂકની ગભરાહટ અને રબ તઆલાનો ગઝબ વગેરે.

આ આયત તથા આ તફસીરોથી જાણવા મળ્યું કે આયતુલ કુર્સીમાં مَنْ ذَا الَّذِیْ થી લઈને اِلَّا بِمَا شَآءَ સુધીમાં ત્રણ સિફતો (ખૂબીઓ) હુઝૂર ﷺની જાહેર થઈ, બાકી શરૂ તથા અંતમાં અલ્લાહની સિફતો છે. એમાં ફર્માવવામાં આવ્યું કે અલ્લાહ તઆલાની પાસે ઈજાઝત વિના કોઈ કોઈની શફાઅત નથી કરી શકતુ અને જેમને શફાઅતની ઈજાઝત છે તે હુઝૂર ﷺ

છે. અને શફીઅ્ના માટે જરૂરી છે કે ગુનેગારોના અંજામ અને તેમની સ્થિતિઓથી વાકેફ હોય જેથી એવું ન બને કે લાયક ન હોય તેવાની શફાઅત થઈ જાય અને શફાઅતનો હકદાર એનાથી વંચિત રહી જાય. જેવી રીતે કે ડોકટરના માટે જરૂરી છે કે ઈલાજને લાયક અને લાયક નહીં એવા બીમારોને જાણે, જેથી ફર્માવવામાં આવ્યું, **યઅલમુ મા બય્ અયદીહિમ્** "અને જેને અમે શફીઅ બનાવ્યા છે તેને તમામનો ઈલ્મ પણ આપ્યો છે." કેમ કે **શફાઅતે કુબરા** માટે ઈલ્મે ગયબ લાઝિમ છે.

એના પરથી જણાયુ કે જેઓ કહે છે કે હુઝૂર ﷺ કિયામતમાં મુનાફિકોને ઓળખશે નહીં અથવા હુઝૂર ﷺને પોતાની પણ ખબર નથી કે મારો અંજામ શું થશે ! એ તદ્દન ગલત અને બેદીની છે. જેમ કે આગળ આવે છે :

وَلَا يُحِيطُونَ بِشَيْءٍ مِّنْ عِلْمِهِۦٓ إِلَّا بِمَا شَآءَ "અને તેઓ નથી પામતા તેના ઈલ્મમાંથી પણ જેટલુ તે ચાહે." *(સૂ. બકરહ, ૨૫૫)*

તફસીરે રૂહુલ બયાનમાં આ આયત હેઠળ છે :–

(અર્થ) : શક્યતા એની પણ છે કે આ ઝમીરમાં હુઝૂર ﷺ મુરાદ હોય, એટલે કે હુઝૂર ﷺ લોકોની હાલતોને માલૂમ કરનારા અને તેમની સામેની હાલતો જાણે છે, તેમના અખ્લાક, તેમના મામલાઓ અને તેમના કિસ્સા વગેરે અને તેમની પાછળની હાલતો પણ જાણે છે. આખેરતની હાલતો, જન્નતી, દોઝખી લોકોની હાલતો અને તે લોકો હુઝૂર ﷺના મામલાઓમાંથી કાંઈ પણ જાણતા નથી પણ એટલું જ જેટલુ કે હુઝૂર ચાહે. અવલિયા અલ્લાહનો ઈલ્મ અંબિયાના ઈલ્મ સમક્ષ એવો છે જેમ કે સાત સમુદ્રો સમક્ષ એક ટીપુ. અને અંબિયાનો ઈલ્મ હુઝૂર ﷺના ઈલ્મની સમક્ષ એ જ પ્રમાણનો છે, અને આપણા હુઝૂર ﷺનો ઈલ્મ રબ્બુલ આલમીનના ઈલ્મની સામે એ જ પ્રમાણેનો છે. તેમજ દરેક નબી, દરેક રસૂલ, દરેક વલી પોત પોતાની શક્તિ તથા લાયકાત પ્રમાણે હુઝૂરથી જ ઈલ્મ લે છે. અને કોઈના માટે એ શક્ય નથી કે હુઝૂરની આગળ વધી જાય.

તફસીરે ખાઝિનમાં આ આયત હેઠળ છે (અર્થ) : તેઓ અંબિયા તથા

રસૂલ છે જેથી તેમને ઈલ્મે ગયબથી માહિતગાર હોવું તેમના ઈલ્મની દલીલ બની જાય. જેમ કે રબતઆલાએ ફર્માવ્યું છે કે, "વળી નથી જાહેર ફર્માવતો પોતાના ખાસ ગયબને કોઈના પર તે રસૂલના સિવાય જેનાથી રબ રાજી છે."

તફસીરે મઆલિમુત્ તન્ઝીલમાં આ આયત હેઠળ છે, (અર્થ) : એ લોકો ઈલ્મે ગયબને નથી ઘેરી શકતા પણ જેટલા પ્રમાણમાં ખુદા ચાહે જેની ખબર રસૂલોએ આપી.

આ આયત અને આ તફસીરોથી એટલુ જાણવા મળ્યું છે કે ખુદાનો ઈલ્મ કોઈને હાંસલ નથી, હા ! જેને અલ્લાહ જ આપવા ચાહે તેને ઈલ્મે ગયબ હાંસલ થાય છે અને રબે તો અંબિયાને આપ્યો અને અંબિયાઓના ઝરીયા કેટલાક મો'મિનોને આપ્યો, જેથી તેમને પણ અલ્લાહની અતાથી ઈલ્મે ગયબ હાંસલ થયો. અલ્લાહે કેટલો આપ્યો ? એની ચર્ચા આગળ આવશે.

અથવા એ મુરાદ છે કે હુઝૂર ﷺના ઈલ્મને કોઈ નથી પામી શકતો, પણ જેને હુઝૂર જ આપવા ચાહે તો અતા ફર્માવી આપે. જેથી હઝરત આદમથી લઈને કિયામતના દિવસ સુધી જેને જેટલો ઈલ્મ મળ્યો તે હુઝૂર ﷺના ઈલ્મના દરિયાનું ટીપુ છે. એમાં હઝરત આદમ અને ફરિશ્તાઓ વગેરેનો ઈલ્મ પણ સામેલ છે અને હઝરત આદમ عليه السلامના ઈલ્મની વિશાળતા અમે **અલ્લમ અદમ**ની આયત હેઠળ બયાન કરી ચૂક્યા છીએ.

★ આયત નં. ૦૫ ★

وَ مَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَ لٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ

"અને અલ્લાહની એ શાન નથી કે હે આમ લોકો ! (સામાન્ય જનો !) તમને ગયબનો ઈલ્મ આપે, હા ! અલ્લાહ ચૂંટી કાઢે છે પોતાના રસૂલોમાંથી જેને ચાહે." *(સૂ. ઈમરાન, ૧૭૯)*

તફસીરે બયઝાવીમાં આ આયતના હેઠળ છે : (અર્થ) ખુદા તઆલા તમારામાંથી કોઈને ગયબનો ઈલ્મ નથી આપવાનો કે માહિતગાર કરે તે કુફ્ર તથા ઈમાન પર કે દિલોમાં હોય છે. પરંતુ અલ્લાહ તઆલા પોતાની પયગંબરી માટે જેને ચાહે છે તેને ચૂંટી કાઢે છે. પછી તેના તરફ વહી ફર્માવે છે અને

કેટલાક ગયબોની તેમને ખબર આપે છે. અથવા તેમના માટે એવી દલીલો સ્થાપિત કરે છે જે ગયબ પર રાહબરી કરે.

તફસીરે ખાઝિનમાં છે, (અર્થ) : પરંતુ અલ્લાહ ચૂંટી કાઢે છે પોતાના રસૂલોમાંથી જેને ચાહે છે, તેમને ખબરદાર કરે છે અમુક ગયબના ઈલ્મ પર.

તફસીરે કબીરમાં એ જ આયત હેઠળ છે : અર્થ : પરંતુ એ વાતોના ગયબના તરીકાથી માહિતગાર થઈ જવું એ અંબિયાએ કિરામની વિશિષ્ટતા છે. અર્થ એ છે કે અલ્લાહ પોતાના રસૂલોમાંથી જેને ચાહે પસંદ કરી લે છે. પછી તેમને ગયબથી માહિતગાર કરે છે. *(જુમલ)*

ખુદા તઆલા તમને ગયબથી માહિતગાર નથી કરવાનો જેથી ફરક કરવાથી પહેલાં મુનાફિકોને જાણી લો, પરંતુ અલ્લાહ જેને ચાહે છે ચૂંટી કાઢે છે તો તેને પોતાના ગયબથી માહિતગાર કરે છે, જેમ કે નબી ﷺને મુનાફિકોના હાલથી માહિતગાર કર્યા. *(જલાલૈન)*

રૂહુલ બયાનમાં છે, (અર્થ) કેમ કે હકીકતો અને હાલતોનાં ગયબો રસૂલુલ્લાહ ﷺના વાસ્તા વિના જાહેર નથી થતાં.

આ આયતો અને આ તફસીરોથી જાણવા મળ્યું કે ખુદાનો ખાસ ગયબનો ઈલ્મ પયગંબર પર જાહેર થાય છે. કેટલાક મુફસ્સિરોએ ફર્માવ્યું કે "અમુક ગયબ" એનાથી મુરાદ છે કે અલ્લાહના ઈલ્મના મુકાબલામાં અમુક છે. અને કુલ **મા કાન વમાયકૂન** (ભૂત વર્તમાન–ભાવિનુકુલ ઈલ્મ) પણ ખુદાના ઈલ્મની સામે "અમુક" જ છે.

★ આયત નં. ૦૬ ★

وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَ كَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ﴿۱۱۳﴾

"અને તમને શીખવાડી દીધું જે કાંઈ તમે ન જાણતા હતા, અને અલ્લાહનો તમારા પર મહાન ફઝૂલ છે." *(સૂ. નિસાઅ, ૧૧૩)* એટલે અહકામ અને ઈલ્મે ગયબ. *(જલાલૈન)*

⍟ અલ્લાહે આપના પર કુર્આન ઉતાર્યું અને હિકમત ઉતારી અને આપને એના ભેદોથી માહિતગાર કર્યા. *(તફસીરે કબીર)*

- "એટલે કે શરીઅતના અહકામ (હુકમો) અને દીનની વાતો શીખવાડી અને કહેવામાં આવ્યું છે કે આપને ગયબના ઈલ્મોમાંથી તે વાતો શીખવાડી જે આપ જાણતા ન હતા. અને કહેવામાં આવ્યું છે કે, એનો અર્થ એ છે કે આપને છુપી. વાતો શીખવાડી અને દિલોના ભેદોથી વાકેફ કર્યા, અને મુનાફિકોના પ્રપંચો ધોકાઓ આપને બતાવી દીધા.

–(ખાઝિન)

- દીનની તથા શરીઅતની બાબતો શીખવાડી અને છુપી વાતો દિલોનાં રહસ્યો બતાવ્યાં. *(મદારિક)*

તફસીરે હુસૈની બહરુલ હકાઈકથી આ જ આયત હેઠળ ફર્માવે છે, અર્થ : આ મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)નો ઈલ્મ છે કે હક તઆલાએ શબે મેઅરાજમાં હુઝૂર ﷺને અતા ફર્માવ્યો. જેમ કે મેઅરાજની હદીષમાં છે કે, હું અર્શની નીચે હતો એવામાં એક ટીપુ મારા ગળામાં નાખવામાં આવ્યું તો મેં ભૂતકાળની તથા ભવિષ્યકાળની સર્વ હાલતો જાણી લીધી.

જામેઉલ બયાનમાં છે કે, આપને તે સર્વ વાતો બતાવી દેવામાં આવી જે કુર્આનના નુઝૂલ (ઉતરાણ) પહેલાં આપ જાણતા ન હતાં.

આ આયત અને આ તફસીરોથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺને તમામ ભાવિની તથા ભૂતકાળની ઘટનાઓની ખબર આપી દેવામાં આવી. મા શબ્દ અરબી ભાષાના ઉમૂમ (સામાન્યપણા) માટે હોય છે. તો આયતથી એ જાણવા મળ્યું કે શરીઅતના હુકમો, દુનિયાના સર્વ પ્રસંગો, લોકોની ઈમાની હાલતો વગેરે જે કાંઈ પણ આપને ઈલ્મ ન હતું એ સર્વ જણાવી દીધું. એમાં એવી પાબંદી લગાડવી કે, એનો મતલબ કેવળ હુકમો (અહકામ)નો ઈલ્મ છે તો આ કહેનારના પોતાના તરફથી કહેવાશે, જે કુર્આન, હદીષ, અને ઉમ્મતના અકીદાની વિરૂધ્ધ છે. જેમ કે આગળની આયતમાં આવે છે :–

★ આયત નં. ૦૭ ★

مَا فَرَّطْنَا فِي الْكِتٰبِ مِنْ شَيْءٍ "અમે આ કિતાબમાં કાંઈ ઉઠાવી ન રાખ્યું. *(સૂ. અન્આમ, ૩૭)* "કુર્આન કરીમમાં તમામ હાલતો સામેલ છે. *(ખાઝિન)*

તફસીરે અન્વારુત્તન્ઝીલમાં આ આયત હેઠળ છે, (અર્થ) : કિતાબથી મુરાદ લોહે મેહફૂઝ છે, કેમ કે આ લોહે મેહફૂઝમાં તે તમામ વાતો સમાયેલી છે જે વિશ્વમાં થાય છે, દરેક જાહેર તથા બારિક એમાં છે એમાં કોઈ પાણી તથા પથ્થરોનો મામલો પડતો મૂકાયો નથી. તફસીરે અરાએસુલ બયાનમાં આ આયત હેઠળ છે (અર્થ) : આ કિતાબમાં મખ્લૂકાતમાંથી કોઈનુ વર્ણન છોડવામાં આવ્યું નથી, પરંતુ તે વર્ણન કોઈ નથી જોઈ શકતુ પણ તે જેને મઅરેફતના અન્વારથી નવાઝવામાં આવ્યો હોય.

ઈમામ શઅરાની તબકાતે કુબરામાં ફર્માવે છે : અર્થ : જો ખુદા તઆલા તમારા દિલોનાં બંધ તાળાં ઉઘાડી આપે તો તમે તે ઈલ્મોથી માહિતગાર થઈ જાવ જે કુર્આનમાં છે અને તમે કુર્આન સિવાય અન્ય ચીજોથી બેપરવા થઈ જાવ કેમ કે કુર્આનમાં તમામ તે ચીજો છે જે વજૂદના સફાઓમાં છે. રબ તઆલા ફર્માવે છે : مَا فَرَّطْنَا فِي الْكِتٰبِ مِنْ شَيْءٍ *(સૂ. અન્આમ, ૩૭)*

આ આયત અને આ તફસીરોથી જાણવા મળ્યું કે કિતાબમાં દુનિયા તથા આખેરતની સર્વ હાલતો મૌજૂદ છે. હવે કિતાબનો મતલબ કયાં તો કુર્આન છે અથવા લોહે મેહફૂઝ. અને કુર્આન પણ હુઝૂર ﷺના ઈલ્મમાં છે અને લોહે મેહફૂઝ પણ જેમ કે આગળ વર્ણન આવશે. તો પરિણામ એ નીકળ્યું કે તમામ દુનિયા તથા આખેરતની હાલતો હુઝૂર ﷺના ઈલ્મમાં થઈ, કેમ કે સર્વ ઈલ્મો કુર્આન તથા લોહે મેહફૂઝમાં છે અને કુર્આન તથા લોહે મેહફૂઝ હુઝૂરના ઈલ્મમાં છે.

★ આયત નં. ૦૮ ★

لَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ۝ "અને નથી કોઈ લીલી તથા સુકી (ચીજ) જે રોશન કિતાબમાં લખી ન હોય." *(સૂ. અન્આમ, ૫૯)*

તે લોહે મેહફૂઝ છે જેમાં અલ્લાહે સર્વ થઈ શકનારી ચીજો એકત્ર કરી આપી છે તે ફાયદાઓના કારણે જે બંદાઓની તરફ પાછા વળે છે તેને ઉલમાએ રબ્બાની જાણ છે. (રૂહુલ બયાન)

તફસીરે કબીરમાં એ જ આયત હેઠળ ફર્માવે છે : અર્થ : આ લખવામાં

કેટલાક ફાયદા છે. એક એ કે અલ્લાહ તઆલાએ એ હાલતોને લોહે મેહફૂઝમાં એટલા માટે લખી હતી કે, તે માલૂમાતમાં ઈલ્મે ઈલાહી જારી થતાં ફરિશ્તા માહિતગાર થઈ જાય. વળી એ વાત તે ફરિશ્તાઓ માટે પૂરે પૂરી ઈબ્રત બની જાય જેઓ લોહે મેહફૂઝ પર નિયુક્ત થયેલા છે. કેમ કે તે ફરિશ્તાઓ તે બનાવોની આ લખાણ સાથે સરખામણી કર્યા કરે છે જે દુનિયામાં નવા નવા બને છે તો તેને એના પ્રમાણે જ પામે છે.

તફીસીરે ખાઝિન એ જ આયત હેઠળ ફર્માવે છે (અર્થ) : બીજી સૂરત (સ્થિતિ) એ છે કે કિતાબે મુબીનથી મતલબ લોહે મેહફૂઝ છે, કેમ કે અલ્લાહ તઆલાએ તેમાં જે કાંઈ થશે અને જે કાંઈ આસ્માન તથા જમીનની પેદાઈશથી પહેલાં થઈ ગયું એ સૌનો ઈલ્મ લખી આપ્યો અને એ તમામ ચીજોનું કિતાબમાં લખવાથી ફાયદો એ છે કે ફરિશ્તા એના ઈલ્મના જારી કરવાથી વાકેફ થઈ જાય.

તફસીરે મદારિકમાં છે, અર્થ : તે કિતાબ ક્યાં તો ઈલ્મે ઈલાહી છે અથવા લોહે મેહફૂઝ.

તફસીરે તન્વીરુલ કિયાસ ફિત્તફસીરે ઈબ્ને અબ્બાસમાં આ આયત હેઠળ છે. (અર્થ) આ તમામ ચીજો લોહે મેહફૂઝમાં છે, તેનું પ્રમાણ અને તેનો સમય બયાન કરી આપવામાં આવ્યો છે.

આ આયત અને આ તફસીરોથી જાણવા મળ્યું કે લોહે મેહફૂઝમાં દરેક લીલી અથવા સુકી, અદના તથા આ'લા ચીજ છે અને લોહે મેહફૂઝને ફરિશ્તા અને તેના ખાસ બંદાઓ જાણે છે. અને હુઝૂર ﷺના ઈલ્મે એ સૌને ઘેરી લીધેલ છે, જેથી આ તમામ ઈલ્મો ઈલ્મે મુસ્તફા ﷺના દરિયાનાં ટીપાં છે.

★ આયત નં. ૦૯ ★

نَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ "અને અમે તમારા પર આ કુર્આન ઉતાર્યું કે (જેમાં) દરેક ચીજનું રોશન બયાન છે." *(સૂ. નહ્લ, ૮૯)*

તફસીરે હુસૈનીમાં આ આયત હેઠળ ફર્માવે છે, અર્થ : અમે તમારા પર

આ કિતાબ કુર્આન દીન તથા દુનિયાની દરેક ચીજનું રોશન બયાન બનાવીને મોકલી, વિગતવાર તથા સંક્ષિપ્ત.

તફસીરે રૂહુલ બયાન એ જ આયત હેઠળ ફર્માવે છે : હઝરત મુજાહિદે એક દિવસે ફર્માવ્યું કે વિશ્વમાં કોઈ ચીજ એવી નથી જે કુર્આનમાં ન હોય. તો તેમને કહેવામાં આવ્યું કે મુસાફિરખાનાનો ઉલ્લેખ ક્યાં છે ? તેમણે ફર્માવ્યું, આ આયતમાં છે કે તમારા પર ગુનાહ નથી કે તમે ઘરોમાં દાખલ થાવ જેમાં કોઈ રહેતું ન હોય અને તમારો ત્યાં સામાન હોય.

આ આયત અને આ તફસીરોથી જાણવા મળ્યું કે કુર્આને કરીમમાં દરેક અદના તથા આ'લા ચીજ છે. અને કુર્આન રબ તઆલાએ મહબૂબ ﷺને શીખવાડયું اَلرَّحْمٰنُ ۙ عَلَّمَ الْقُرْاٰنَ ؕ (સૂ. રહમાન–૧, ૨) આ તમામ ચીજો હુઝૂર ﷺના ઈલ્મમાં છે.

★ આયત નં. ૧૦ ★

وَتَفْصِيْلَ الْكِتٰبِ لَا رَيْبَ فِيْهِ "અને લોહે મેહફૂઝમાં જે કાંઈ લખ્યુ છે તે સૌની વિગત કુર્આન છે એમાં કોઈ શંકા નથી." *(સૂ. યૂનુસ–૩૭)*

જલાલૈન આ જ આયત હેઠળ ફર્માવે છે :–

આ તફસીલી (વિગતપૂર્ણ) કિતાબ છે એમાં તે હુકમો અને એ સિવાય અન્ય ચીજો બયાન કરવામાં આવે છે જે અલ્લાહ તઆલાએ લખી આપી.

જુમુલ એ જ આયત હેઠળ ફર્માવે છે : અર્થ : લોહે મેહફૂઝમાં તમામ તફસીલ (વિગત) છે.

રૂહુલ બયાનમાં એ જ આયત હેઠળ છે : અર્થ : આ કુર્આન તે શરઈ તથા હકીકતની ચીજોની તફસીલ છે જે સાબિત કરવામાં આવી ચૂકી છે. અને તાવીલાતે નજમિયહ્માં છે કે તે તમામની તફસીલ છે જે તકદીરમાં આવી ચૂકી છે. અને તે કિતાબમાં લખવામાં આવી છે જેમાં ફેરફાર નથી થતો કેમ કે તે કિતાબ હમેશાંથી હમેશાં માટે (અઝલી તથા અબદી) છે.

આ આયત તથા તફસીરથી સાબિત થયું કે કુર્આન કરીમમાં શરઈ હુકમો

અને તમામ ઈલ્મો મૌજૂદ છે.

આ આયતથી જાણવા મળ્યું કે કુર્આનમાં પૂરા લોહે મેહફૂઝની વિગત છે અને લોહે મેહફૂઝમાં સર્વ ઈલ્મો છે કેમ કે કુર્આન લોહે મેહફૂઝની તફસીલ છે.

★ આયત નં. ૧૧ ★

مَا كَانَ حَدِيْثًا يُّفْتَرٰى وَ لٰكِنْ تَصْدِيْقَ الَّذِىْ بَيْنَ يَدَيْهِ وَ تَفْصِيْلَ كُلِّ شَىْءٍ

"આ કોઈ બનાવટની વાત નથી, પોતાનાથી આગલા કલામોનું સમર્થન છે અને દરેક ચીજનું વિગતવાર વર્ણન છે." *(સૂ. યૂસુફ–૧૧૧)*

તફસીરે ખાઝિનમાં આ આયત હેઠળ છે, અર્થ : આ કુર્આનમાં જે આપના પર ઉતારવામાં આવ્યું, હે મુહમ્મદ ! ﷺ દરેક તે ચીજની તફસીલ છે જેની તમને જરૂરત હોય, હલાલ તથા હરામ, સજાઓ તથા હુકમો અને કિસ્સા તથા નસીહતો અને દૃષ્ટાંતો તે ઉપરાંત અન્ય તે ચીજો જેની બંદાઓને પોતાના દીની તથા દુનિયવી મામલાઓમાં જરૂરત હોય.

કિતાબુલ એઅ્જાઝ લિ ઈબ્ને સુરાકામાં આ આયત હેઠળ છે કે દુનિયામાં કોઈ ચીજ એવી નથી જે કુર્આનમાં ન હોય.

★ આયત નં. ૧૨ ★

اَلرَّحْمٰنُ ۙ عَلَّمَ الْقُرْاٰنَ ؕ خَلَقَ الْاِنْسَانَ ۙ عَلَّمَهُ الْبَيَانَ ۝

"રહમાને પોતાના મેહબૂબને કુર્આન શીખવાડયું, ઈન્સાનિયતની જાન મુહમ્મદ ﷺને પેદા કર્યા, કાન વ માયકૂન (ભૂત–વર્તમાન–ભાવિ)નું વર્ણન તેમને શીખવાડયું." *(સૂ. રહમાન, ૧–૨–૩–૪)*

તફસીરે મઆલિમુત્તન્ઝીલ તથા હુસૈની આ જ આયતો હેઠળ જણાવે છે, અર્થ : અલ્લાહે ઈન્સાન એટલે કે મુહમ્મદ ﷺને પેદા ફર્માવ્યા અને તેમને બયાન એટલે કે સર્વ આગલી પાછલી વાતોનો ઈલ્મ શીખવાડયો.

તફસીરે ખાઝિન આ જ આયત હેઠળ ફર્માવે છે, (અર્થ) : કહેવામાં આવ્યું છે કે ઈન્સાનથી મુરાદ મુહમ્મદ ﷺ છે તેમને આગલી પાછલી બાબતોનું

વર્ણન શીખવાડી દેવામાં આવ્યું કેમ કે હુઝૂર ﷺને આગલાઓ અને પાછલાઓની અને કિયામતના દિવસની ખબર આપી દેવામાં આવી.

રૂહુલ બયાનમાં આ જ આયત હેઠળ છે : અર્થ : આપણા નબી ﷺને કુર્આન તથા રબૂબિયતના ભેદ શીખવી દેવામાં આવ્યા, જેમ કે ખુદ રબ તઆલાએ ફર્માવ્યું કે, "તમને શીખવી દીધી તે વાતો જે તમે જાણતા ન હતા."

તફસીરે મદારિક એ જ આયત હેઠળ જણાવે છે, (અર્થ) ઈન્સાનથી મુરાદ માનવ જાતી છે અથવા આદમ عليه السلام અથવા હુઝૂર ﷺ.

મઆલિમુત્તન્ઝીલમાં આ આયત હેઠળ છે, અર્થ : કહેવામાં આવ્યું છે કે આ આયતમાં ઈન્સાનથી મુરાદ હુઝૂર ﷺ છે અને બયાનથી મુરાદ છે એ કે તમને તે તમામ વાતો શીખવાડી જે તમે જાણતા ન હતા.

તફસીરે હુસૈનીમાં છે, (અર્થ) : કયાં તો એ મુરાદ છે કે હુઝૂર ﷺની જાતને પેદા ફર્માવ્યા અને શીખવાડયું તેમને જે થઈ ચૂક્યું તથા જે થશે.

આ આયતો અને આ તફસીરોથી જાણવા મળ્યું કે કુર્આનમાં સર્વ કાંઈ છે અને તેનો સઘળો ઈલ્મ હુઝૂર ﷺને છે.

★ આયત નં. ૧૩ ★

مَآ اَنۡتَ بِنِعۡمَةِ رَبِّكَ بِمَجۡنُوۡنٍ ۚ "તમે તમારા રબના ફઝૂલથી મજનૂન નથી." *(સૂ. કલમ, આ. ૨)*

તફસીરે રૂહુલ બયાનમાં આ આયત હેઠળ છે, અર્થ : તમારાથી તે વાતો છુપાએલી નથી જે અઝલમાં હતી અને તે જ અબદ (હમેશાં) સુધી થશે. કેમ કે જુનૂન નો અર્થ છુપાવવું, બલ્કે તમે તેને જાણો છો જે થઈ ચૂક્યું અને ખબરદાર છો તેનાથી જે થશે.

આ આયત તથા તફસીર ઈલ્મે ગયબે કુલ્લી (એટલે અબદ સુધી) સાબિત થયો.

★ આયત નં. ૧૪ ★

وَلَئِنۡ سَاَلۡتَهُمۡ لَيَقُوۡلُنَّ اِنَّمَا كُنَّا نَخُوۡضُ وَنَلۡعَبُ ؕ

"અને હે મેહબૂબ ! તમે જો તેમને પૂછશો તો કહેશે કે અમે તો આમ જ હંસી ખેલમાં હતા." *(સૂ. તૌબા, આ. ૬૫)*

તફસીરે દુર્રે મન્થૂર તથા તિબરીમાં એ જ આયત હેઠળ છે :–

(અર્થ) : ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે, આ આયતના નુઝૂલના બારામાં **વલઈન સઅલ્તહુમ કે એક મુનાફિકે કહ્યું હતું કે** મુહમ્મદ ﷺ ખબર આપે છે કે ફલાણાની ઊંટડી ફલાણા જંગલમાં છે ! **તેમને ગયબની શું ખબર ?!**

આ આયત તથા તફસીરથી જાણવા મળ્યું કે **હુઝૂર ﷺના ઈલ્મે ગયબનો ઈન્કાર કરવો મુનાફિકોનું કામ હતું જેને કુર્આને કુફ્ર ઠરાવ્યું.**

★ આયત નં. ૧૫ ★

فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖۤ اَحَدًا ۙ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

"તો પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો તેના પસંદીદા રસૂલો સિવાય. *(સૂ. જિન, આ. ૨૬, ૨૭)*

તફસીરે કબીરમાં આ આયત હેઠળ છે, અર્થ : કિયામતને આવવાનો સમય એ ગયબોમાંથી છે જેને અલ્લાહે કોઈના ઉપર જાહેર નથી કર્યું. પછી જો કહેવામાં આવે કે જ્યારે તમે આ ગયબને કિયામત સંબંધે કરી દીધું છે, તો પછી રબ તઆલાએ એ કેવી રીતે ફર્માવી દીધું કે "પસંદીદા રસૂલોને" જ્યારે કે આ ગયબ તો કોઈના પર જાહેર નથી કરવામાં આવતું ! તો અમે કહીશું કે રબ તઆલા કિયામતની નજીકમાં જણાવી દેશે.

તફસીરે અઝીઝી, પેજ–૧૭૩માં છે : જે ચીજ તમામ મખ્લૂકાતથી ગાયબ હોય તો મુત્લક ગાયબ છે. જેમ કે કિયામતના આવવાનો સમય અને દરેક દિવસ અને દરેક શરીઅતના પૈદાઈશી અને શરઈ એહકામ જેમ કે પરવરદિગારની જાત તથા વિગતવાર સિફતો. આ પ્રકારને રબ તઆલાનો ગયબ કહે છે, વળી પોતાના ખાસ પર કોઈને માહિતગાર નથી કરતો એના સિવાય જેને પસંદ કરે અને તેઓ (પસંદગી પામનારા) રસૂલો હોય છે ચાહે

ફરિશ્તાની જાતમાંથી કે માણસની જાતીમાંથી, જેમ કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ, તેમના પર પોતાના અમુક ખાસ ગયબને જાહેર ફર્માવે છે.

તફસીરે ખાઝિનમાં એ જ આયત હેઠળ ફર્માવ્યું છે, અર્થ : જેમને પોતાની નબુવ્વત તથા રિસાલત માટે ચૂંટી કાઢે છે પછી જેના પર ચાહે ગયબ જાહેર ફર્માવે છે જેથી તેમની નબુવ્વત માટે દલીલ સાબિત થાય તે ગયબની ચીજોથી જેની તેઓ ખબર આપે છે. અને આ તેમનો મો'જિઝો હોય છે.

તફસીરે રૂહુલ બયાનમાં છે, ઈબ્ને શયખે ફર્માવ્યું કે રબ તઆલા તે ગયબ પર જે એની સાથે ખાસ છે તેનાથી કોઈને માહિતગાર કરતો નથી, તેના પસંદીદા રસૂલો સિવાય, અને તે ગયબ કે જે રબ તઆલા સાથે ખાસ નથી તેનાથી ગૈરે રસૂલને પર માહિતગાર કરે છે.

આ આયત અને આ તફસીરોથી જાણવા મળ્યું કે ખુદાએ કુદુસનો ખાસ ગયબનો ઈલ્મ એટલે સુધી કે કિયામતનો ઈલ્મ પણ હુઝૂર ﷺને અતા ફર્માવવામાં આવ્યો, હવે કઈ ચીજ છે જે હુઝૂર ﷺના ઈલ્મથી અલિપ્ત રહી ?!

★ આયત નં. ૧૬ ★

فَاَوْحٰۤى اِلٰى عَبْدِهٖ مَاۤ اَوْحٰى ۝ "હવે વહી ફર્માવી પોતાના બંદાને જે વહી ફર્માવી." (સૂ. નજમ–૧૦) મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, વસ્લ રૂયતે ઈલાહીમાં છે, અર્થ : મેઅરાજમાં રબ તઆલાએ હુઝૂર ﷺ પર જે સઘળા ઈલ્મો અને મઅરેફત તથા બશારતો અને ઈશારાઓ અને ખબરો અને કરામતો તથા કમાલો વહી ફર્માવ્યા તે આ છુપી ચીજોમાં દાખલ છે અને સૌનો એમાં સમાવેશ છે. તેની અધિકતા અને અઝમત (ઉચ્ચતા)ના કારણે જ તે ચીજોનો છુપી રીતે (ઈશારાથી) ઉલ્લેખ કર્યો, વિગતે બયાન ન કર્યું. એમાં એ તરફ પણ ઈશારો છે કે તે ગયબી ઈલ્મોને રબ તઆલા સિવાય અને મેહબૂબ ﷺ સિવાય કોઈ ઘેરી શકતુ નથી, હા ! જેટલા પ્રમાણે હુઝૂરે બયાન ફર્માવ્યું તેટલુ માલૂમ છે.

આ આયત તથા લખાણ પરથી જાણવા મળ્યું કે મેઅરાજમાં હુઝૂર ﷺને તે તે ઈલ્મો અતા થયા જેને ન કોઈ વર્ણન કરી શકે છે ન કોઈના ખયાલમાં આવી શકે છે. **મા કાન વમા યકૂન** (ભૂત, વર્તમાન, ભાવિ) તો કેવળ વર્ણનને ખાતર છે, નહીં તો એનાથી એ કેટલા અધિક અંશે અતા થયું છે.

★ આયત નં. ૧૭ ★

وَمَا هُوَ عَلَى الْغَيْبِ بِضَنِيْنٍ ۝٢٤ "અને આ નબી ગયબ બતાવવામાં બખીલ નથી." *(સૂ. તકવીર, આ. ૨૪)*

એ ત્યારે જ થઈ શકે છે કે હુઝૂર ﷺને ગયબનો ઈલ્મ હોય. અને હુઝૂર ﷺ લોકોને એનાથી માહિતગાર કરી આપતા હોય.

મુઆલિમુત્તન્ઝીમાં એ જ આયત હેઠળ છે, અર્થ : હુઝૂર ﷺ ગયબ પર અને આસ્માની ખબરો અને તે ખબરો તથા કિસ્સાઓ પર બખીલ નથી. મુરાદ એ છે કે હુઝૂર ﷺની પાસે ઈલ્મે ગયબ આવે છે પછી તે તેમાં તમારા પર બખીલાઈ નથી કરતા બલ્કે તમને શીખવાડે છે અને તમને ખબર આપે છે, જેમ કે જ્યોતિષો છુપાવે છે તેમ નથી છુપાવતા.

ખાઝિન એ જ આયત હેઠળ ફર્માવે છે, અર્થ : મુરાદ એ છે કે હુઝૂર ﷺની પાસે ઈલ્મે ગયબ આવે છે તો તેમાં તમારા પર કંજૂસાઈ નથી કરતા બલ્કે તમને શીખવાડે છે.

આ આયત અને આ લખાણોથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ લોકોને ઈલ્મે ગયબ શીખવાડે છે. અને શીખવાડશે તે જ જે પોતે જાણતો હોય.

★ આયત નં. ૧૮ ★

وَعَلَّمْنٰهُ مِنْ لَّدُنَّا عِلْمًا ۝١٥ "અને તેમને પોતાનો ઈલ્મે લદુન્ની અતા કર્યો." *(સૂ. કહફ–૮૫)* એટલે કે હઝરત ખિઝરને.

બયઝાવીમાં એ જ આયત હેઠળ છે : અર્થ : હઝરત ખિઝરને તે ઈલ્મો શીખવાડયા જે મારી સાથે ખાસ છે જેને મારા બતાવ્યા વિના કોઈ નથી જાણતુ અને તે ઈલ્મે ગયબ છે.

તફસીરે ઈબ્ને જરીરમાં સૈયદેના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી, હઝરત ખિઝરે ફર્માવ્યું હતુ મૂસા (عليه السلام)ને કે તમે મારી સાથે સબ્ર નહીં કરી શકો, તે ખિઝર ઈલ્મે ગયબ જાણતા હતા કે તેમણે જાણી લીધુ.

રૂહુલ બયાનમાં આ આયત હેઠળ છે, અર્થ : હઝરત ખિઝરને જે ઈલ્મે લદુન્ની શીખવાડવામાં આવ્યું તે ઈલ્મે ગયબ છે. અને આ ગયબના વિશે ખુદાના હુકમથી ખબર આપવું છે. જેમ કે આ દિશામાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ગયા છે. (એટલે એમણે એવી તફસીર કરી છે. *–અનુવાદક*)

તફસીરે મદારિકમાં આ આયત હેઠળ છે, અર્થ : હઝરત ખિઝરને ગયબની ખબરો આપી. અને કહેવામાં આવ્યું છે ઈલ્મે લદુન્ની તે હોય છે જે બંદાને ઈલ્હામના તરીકા પર હાંસલ થાય છે.

તફસીરે ખાઝિનમાં આ આયત હેઠળ છે, અર્થ : હઝરત ખિઝરને બાતિનનો (છુપો) ઈલ્મ ઈલ્હામના તરીકા પર અતા ફર્માવ્યો.

આ આયત તથા તફસીરી લખાણોથી જાણવા મળ્યું કે રબ તઆલા તરફથી હુઝૂર ﷺને પણ ઈલ્મે ગયબ અતા થયો, કેમ કે આપ તમામ મખ્લૂકે ઈલાહીથી અધિક આલિમ છે અને ખિઝર عليه السلام પણ મખ્લૂકમાં છે.

★ આયત નં. ૧૯ ★

وَكَذٰلِكَ نُرِيْٓ اِبْرٰهِيْمَ مَلَكُوْتَ السَّمٰوٰتِ وَالْاَرْضِ

"અને એ જ પ્રમાણે અમે ઈબ્રાહીમને દેખાડીએ છીએ પૂરી બાદશાહી આસ્માનો અને જમીનની." *(સૂ. અન્આમ, આ. ૭૫)*

તફસીરે ખાઝિન એ જ આયત હેઠળ ફર્માવે છે : હઝરત ઈબ્રાહીમ عليه السلامને સખરા (ચટ્ટાન) પર ઉભા રાખવામાં આવ્યા અને તેમના માટે આસ્માનો ખોલી દેવામાં આવ્યાં એટલે સુધી કે તેમણે અર્શ તથા કુર્સી તથા જે કાંઈ આસ્માનોમાં છે તેને જોઈ લીધું, અને આપના માટે જમીન ખોલી દેવામાં આવી એટલે સુધી કે તેમણે જમીનોમાંથી નીચી જમીન અને તે અજાયબીઓને જોઈ લીધી જે જમીનોમાં છે.

તફસીરે મદારિકમાં આ આયત હેઠળ ફર્માવ્યું, મુજાહિદે ફર્માવ્યું કે ઈબ્રાહીમ عليه السلام ના માટે સાતેવ આસ્માનો ખોલી નાખવામાં આવ્યાં તો તેમણે જોઈ લીધું જે કાંઈ આસ્માનોમાં છે એટલે સુધી કે તેમની નજર અર્શ સુધી પહોંચી ગઈ. અને તેમના માટે સાત જમીનો ખોલી દેવામાં આવી તો તેમણે તે ચીજો જોઈ લીધી જે જમીનોમાં છે.

રૂહુલ બયાન આ જ આયતની તફસીરમાં ફર્માવે છે, ઈબ્રાહીમ عليه السلام ને આસ્માનો તથા જમીનોની અજાયબીઓ દેખાડવામાં આવી અને અર્શની બુલંદીથી લઈને તહતુષ્ષિરા સુધી ખોલી દેવામાં આવ્યું.

તફસીરે ઈબ્ને જરીર ઈબ્ને અબી હાતિમમાં આ આયત હેઠળ છે, હઝરત ઈબ્રાહીમ عليه السلام પર ખુલ્લી તથા છુપી તમામ ચીજો ખુલી ગઈ તો તેમના પર મખ્લૂકના અમલોમાંથી કાંઈ પણ છુપુ ન રહ્યું.

તફસીરે કબીર એ જ આયત હેઠળ છે કે, અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ عليه السلام ના માટે આસ્માનોને ચીરી દીધાં, એટલે સુધી કે તેમણે અર્શ તથા કુર્સી અને જ્યાં સુધી જિસ્માની આલમની ઉચ્ચતા ખત્મ થાય છે ત્યાં સુધી જોઈ લીધુ અને તે અજાયબીભરી ચીજો પણ જોઈ લીધી જે આસ્માનોમાં છે અને તે અજાયબીભરી ચીજો જોઈ લીધી જે જમીનોના પેટમાં છે.

આ આયત તથા તફસીરોના લખાણોથી જાણવા મળ્યું કે અર્શથી લઈને તહતુષ્ષિરા સુધી હઝરત ઈબ્રાહીમ عليه السلام ને દેખાડવામાં આવ્યું અને મખ્લૂકના અમલોની પણ તેમને ખબર આપવામાં આવી. અને હુઝૂર ﷺ નો ઈલ્મ તેમનાથી કેટલોયે વધારે છે, જેથી માનવું પડશે કે હુઝૂર ﷺ ને પણ આ ઈલ્મો અતા થયા.

યાદ રાખશો કે અર્શના ઈલ્મમાં લોહે મેહફૂઝ પણ આવી ગયું અને લોહે મેહફૂઝમાં શું લખ્યું છે તે અમે આગળ બયાન કરી ચૂક્યાં છે જેથી મા કાન વમાયકૂન (ભૂત–વર્તમાન–ભાવિ)નો ઈલ્મ તો તેમને પણ હાંસલ થયો. અને ઈબ્રાહીમ عليه السلام નો ઈલ્મ તથા હઝરત આદમ عليه السلام નો ઈલ્મ હુઝૂર ﷺ ના ઈલ્મના દરિયાનું ટીપુ છે !

★ આયત નં. ૨૦ ★

હઝરત યૂસુફ عليه السلام એ ફર્માવ્યું હતું :–

لَا يَأْتِيكُمَا طَعَامٌ تُرْزَقَانِهٖٓ اِلَّا نَبَّاْتُكُمَا بِتَاْوِيْلِهٖ "યૂસુફે કહ્યું, જે ખાણુ તમને મળ્યા કરે છે તે તમારી પાસે આવવા પામશે નહીં કે હું તેની તાબીર તેના આવતા પહેલાં તમને બતાવી દઈશ." *(સૂ. યૂસુફ, આ. ૩૭)* તેની તફસીરમાં રૂહુલ બયાન તથા કબીર તથા ખાઝિનમાં છે કે, એનો અર્થ એ છે કે, "હું તેમને ખાવાના ભૂતકાળની તથા ભાવિની સર્વ સ્થિતિઓ દર્શાવી શકુ છું કે, અનાજ કયાંથી આવ્યું અને હવે કયાં જશે." તફસીરે કબીરમાં તો ફર્માવ્યું કે એ પણ બતાવી શકુ છું કે ખાવા લાભ આપશે કે અલાભ ? આ ચીજો તે જ દર્શાવી શકે છે જે દરેક રજકણની ખબર ધરાવતો હોય. પછી ફર્માવ્યું, (અર્થ) : આ ઈલ્મ તો મારા ઈલ્મનો અમુક હિસ્સો છે. હવે બતાવો કે હુઝૂર ﷺનો ઈલ્મ કેટલો હશે ?! ઈલ્મે યૂસુફી તો ઈલ્મે મુસ્તફાના સમુદ્રનું એક ટીપુ છે.

અને ઈસા عليه السلام એ ફર્માવ્યું :–

اُنَبِّئُكُمْ بِمَا تَاْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ ۙ فِيْ بُيُوْتِكُمْ ؕ "હું તમને બતાવી શકુ છું જે કાંઈ તમે તમારા ઘરોમાં ખાઓ છો અને જે કાંઈ જમા કરો છો."

–(સૂ. આલે ઈમરાન, આ. ૪૯)

જુઓ ખાવા ઘરમાં ખાધુ અને રાખવામાં આવ્યું, જ્યાં હઝરત ઈસા عليه السلام મૌજૂદ ન હતા અને તેની ખબર આપ બહારથી આપી રહ્યા છે, આ છે ઈલ્મે ગયબ !

વિરોધીઓથી આ દલીલોના જવાબો નથી બની શકતા તો કેવળ એટલું કહી આપે છે કે જે આયતોમાં **કુલ્લુનયઉન**નો ઝિક્ર થયો અથવા ફર્માવવામાં આવ્યું **માલમ્ તકુન તઅ્લમુ** એમાં શરીઅતના હુકમો હેતુ છે અન્ય ચીજો નહીં. તેના માટે કેટલીક દલીલો લાવે છે જેમ કે :–

૦૧. **કુલ્લુ શયઈન** ગૈર મુત્નાહી (અસીમ) છે અને સીમા વિનાનો ચીજોનો ઈલ્મ અલ્લાહ સિવાય કોઈને હોવો મન્તકી (તત્વ ચિંતનના) કાયદાથી

તદ્દન બાતિલ છે. (દલીલે તસલ્સુલથી)

૦૨. ઘણા મુફસ્સિરો (તફસીર વેત્તાઓ)એ **કુલ્લુ શયઈન**નો અર્થ દીનના અહકામ કર્યો છે, જેમ કે જલાલૈન વગેરે.

૦૩. કુર્આન પાકમાં ઘણે ઠેકાણે **કુલ્લુ શય્ઈન્** ફર્માવવામાં આવ્યું છે પણ એનાથી અમુક ચીજો મુરાદ છે જેમ કે **વઉ્તિયત્ મિન્કુલ્લિ શય્ઈન્** બિલ્કીસને **કુલ્લુ શય્ઈન** આપવામાં આવી. જો કે બિલ્કીસને અમુક ચીજો જ આપવામાં આવી હતી.

પણ આ દલીલો નથી કેવળ ગલતફહમી અને ધોકો છે. એના જવાબો આ રહ્યા ! :–

અરબી ભાષામાં કુલ શબ્દ અને મા શબ્દ સમાન્યના માટે આવે છે અને કુર્આનનો એક એક શબ્દ કતઈ (ચોક્કસ) છે તેના ઉપર કોઈ પાબંદી કેવળ પોતાના કયાસથી લગાડવી જાઈઝ નથી. કુર્આને પાકના સામાન્ય શબ્દોને હદીષે આહાદથી પણ ખાસ નથી બતાવી શકતા તો પછી કેવી રીતે કેવળ પોતાની રાયથી દર્શાવીએ !

(૧) કુલ્લુ શય્ઈન ગૈર મુત્નાહી (અસીમ) નથી બલ્કે મુત્નાહી (સીમાયુક્ત) છે. તફસીરે કબીરમાં છે, એમાં શક નથી કે સંખ્યા વડે ગણત્રી કરવી પ્રમાણવાળી (માપવાળી, સીમાવળી) ચીજોમાં થઈ શકે છે, પરંતું કુલ્લુ શયઈન્ શબ્દ તે ચીજના અમાપ–અસીમ હોવા માટે દલીલ નથી બનતો, કેમ કે આપણી સમક્ષ **શય્** (ચીજ) મૌજૂદ છે, અને મૌજૂદ ચીજો પ્રમાણ માપવાળી ગણાય છે.

તફસીરે રૂહુલ બયાનમાં એ જ આયત હેઠળ છે, ''આ આયતથી એના માટે મોટી દલીલ મળી રહે છે કે જે અસ્તિત્વમાં નથી તે ચીજ નથી કેમ કે જો તે પણ ચીજ હોત તો ચીજો અમાપ થઈ જાત. અને ચીજાનું ગણત્રીમાં આવવુ બતાવે છે કે ચીજો માપ સીમાવાળી હોય છે કેમ કે સંખ્યાથી ગણત્રી માપવાળાની જ થઈ શકે છે.

(૨) જો કે ઘણા મુફસ્સિરોએ **કુલ્લુ શય્ઈન**થી કેવળ શરીઅતના હુકમો

મુરાદ લીધા છે તો ઘણા મુફસ્સિરોએ કુલ્લી ઈલ્મે ગયબ પણ મુરાદ લીધેલ છે અને જ્યારે કે અમુક દલીલો નકારાત્મક હોય અને અમુક સાબિતીમાં હોય તો સાબિતીવાળીને જ અપનાવવામાં આવે છે.

નૂરૂલ અન્વાર બહષે તઆરુઝમાં છે, સાબિત કરનાર દલીલો નફી (ઈન્કાર) કરનાર દલીલોથી અધિક બેહતર છે. તો જે તફસીરોના હવાલા અમે રજૂ કરી ચૂક્યા છીએ તેમાં અધિકતર સાબિતી છે જેથી તે કાબિલે કુબૂલ (સ્વીકારને પાત્ર) છે. તેમજ **કુલ્લુ શય્ઇન**ની તફસીર ખુદ હદીષો તથા ઉલમાએ ઉમ્મતના કથનો (અકવાલ)થી અમે વર્ણવીશું કે કોઈ રજકણ, કોઈ ટીપુ એવું નથી જે હુઝૂર ﷺના ઈલ્મમાં ન આવી ગયું હોય, અને અમે કિતાબના મુક़દમા (પ્રસ્તાવના)માં લખી ચૂક્યા છીએ કે હદીષ થકી કુર્આની તફસીર અન્ય તફસીરોથી બેહતર છે, જેથી હદીષની જ તફસીર માનવામાં આવશે.

તેમજ જે મુફસ્સિરોએ દીની બાબતોથી તફસીર કરી તેમણે પણ બીજી ચીજોની નફી (ઈન્કાર) તો કરી જ નથી તો પછી તમે ક્યાંથી ઈન્કાર લાવ્યા ? કોઈ વસ્તુનો ઉલ્લેખ ન કરવાથી તેનો ઈન્કાર કેમ કરીને થઈ જશે ? કુર્આન કરીમ ફર્માવે છે, અર્થ : "તમારા કપડાં તમને ગરમીથી બચાવે છે" તો શું કપડાં ઠંડીથી નથી બચાવતાં ?! પણ એક ચીજનો ઉલ્લેખ નથી કર્યો.

તેમજ દીન તો સર્વેમાં સામેલ છે, વિશ્વની કઈ ચીજ એવી છે. જેના પર દીનના હુકમો હરામ હલાલ વગેરે લાગુ નથી થતા. તો તેમનું એ ફર્માવવું કે દીની ઈલ્મ મુકમ્મલ કરી દીધો, સૌને સમાવે છે.

(૩) બિલ્કીસ વગેરેના કિસ્સામાં જે કુલ્લુ શયૂઈન આવ્યું છે ત્યાં એક અંદાઝ રજૂ કર્યો છે જેનાથી જણાય છે કે કુલ્લુ શયૂઈનૂથી સલ્તનતના કારોબારની સર્વ ચીજો મુરાદ છે. એટલા માટે ત્યાં મજાઝી અર્થ મુરાદ લેવામાં આવ્યો, અહીં અંદાઝ છે જેના લીધે કુલ્લુ શયઈનના હીકીકી અર્થને છોડીને મજાઝી અર્થ મુરાદ લેવામાં આવે ? યાદ રાખશો કે કુર્આને કરીમે હુદ હુદનો કૌલ નકલ કર્યો છે કે તેણે કહ્યું, اُوْتِيَتْ مِنْ كُلِّ شَيْءٍ બિલ્કીસને દરેક ચીજ

આપવામાં આવી, *(સૂ. નમ્લ, આ. ૨૩)* ખૂદ રબ્બે આ ખબર નથી આપી, હુદ હુદ સમજ્યું કે બિલ્કીસને દુનિયાભરની તમામ ચીજો મળી ગઈ. પણ મુસ્તફા عليه السلام ના માટે ખુદ રબ તઆલાએ ફર્માવ્યું, تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ *(સૂ. નહલ, આ. ૮૯)* હુદ હુદ ગલતી કરી શકે છે. રબનું કલામ ગલત નથી હોઈ શકતુ. તેણે તો એ પણ કહ્યું હતું وَّلَهَا عَرْشٌ عَظِيْمٌ ۝٢٣ "અને તેનો મોટો તખ્ત છે." *(સૂ. નમ્લ, આ. ૨૩)* તો શું બિલ્કીસનો તખ્ત અર્શે અઝીમ હતો ? બલ્કે કુર્આનની અન્ય આયતો તો બતાવી રહી છે કે કુલ્લુ શયૂઈનૂથી મુરાદ આલમની તમામ ચીજો છે. ફર્માવે છે, وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ۝٥٩ "કોઈ સૂકી તથા લીલી ચીજ એવી નથી જે લોહે મેહફૂઝ અથવા કુર્આને કરીમમાં ન હોય." *(સૂ. અન્આમ, આ. ૫૯)* વળી આગળ આવતી હદીષો અને ઉલમા તથા મોહદ્દિષોના કથનો પણ એને સમર્થન આપે છે કે આલમની દરેક ચીજનો હુઝૂર عليه السلام ને ઈલ્મ આપવામાં આવ્યો. અમે હાઝિર નાઝિરની ચર્ચામાં ઈન્શાઅલ્લાહ જણાવીશું કે તમામ આલમ મલકુલ મૌતની સામે એવી છે જેવો કે એક થાળી, અને ઈબ્લીસ પળવારમાં તમામ જમીનનો ચક્કર લગાડી લે છે. અને એ તો દેવબંદી પણ સ્વીકાર કરે છે કે આખી મખ્લૂકાતથી વિશેષ હુઝૂર عليه السلام નો ઈલ્મ છે. જેથી સાબિત થયું કે હુઝૂર عليه السلام ને પણ એ ચીજોનો ઈલ્મ હતો. હઝરત આદમ અને કાતિબે તકદીર (તકદીર લખનાર) ફરિશ્તાનો ઈલ્મ અમે ઉલૂમે ખમ્સાની ચર્ચામાં બતાવીશું. જેનાથી જાણવા મળ્યું કે સર્વ ઉલૂમે ખમ્સા તેમને હાંસલ થાય છે, અને હુઝૂર عليه السلام સર્વ મખ્લૂકથી અધિક આલિમ છે, જેથી હુઝૂર عليه السلام ને પણ આ ઈલ્મો બલ્કે એનાથી વધારે ઈલ્મો હોવાનું માનવુ પડશે. અમારો મુદ્દો હર હાલમાં સાબિત છે. **વલિલ્લાહિલ્ હમ્દ.**

(બીજો વિભાગ)

★ ઈલ્મે ગયબ વિશે હદીષો ★

આ વિભાગમાં અમે ક્રમસર હદીષો વર્ણવીએ છીએ પછી એ ક્રમાનુસાર ત્રીજા વિભાગમાં એ હદીષોની શરહ (સમજૂતી) વર્ણન કરીશું.

(૧) બુખારી કિતાબ બદઈલ ખલ્ક અને મિશ્કાત, ભાગ–૨, બાબ (પ્રકરણ) બદઈલ ખલ્ક તથા ઝિક્રે અંબિયામાં હઝરત ફારૂકથી રિવાયત છે :

قَامَ فِيْنَا رَسُوْلُ اللّٰهِ
صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَقَامًا فَاَخْبَرَنَا عَنْ بَدْءِ الْخَلْقِ حَتّٰى دَخَلَ اَهْلُ الْجَنَّةِ
مَنَازِلَهُمْ وَ اَهْلَ النَّارِ مَنَازِلَهُمْ حَفِظَ ذٰلِكَ مَنْ حَفِظَهُ وَ نَسِيَهُ مَنْ نَسِيَهُ

અર્થ : હુઝૂર ﷺએ એક જગાએ અમારામાં કિયામ ફર્માવ્યો (અમારી સાથે રોકાયા). પછી અમને પેદાઈશની ખબર આપી એટલે સુધી કે જન્નતી લોકો પોતાની મંઝિલોમાં પહોંચી ગયા અને જહન્નમી પોતાની મંઝિલોમાં. જેણે યાદ રાખ્યું તેણે યાદ રાખ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો.

આ જગાએ હુઝૂર عليه السلامએ બે પ્રકારના પ્રસંગોની ખબર આપી :– (૧) દુનિયાની પેદાઈશની શરૂઆત કેવી રીતે થઈ (૨) પછી દુનિયાનો અંત કેવી રીતે આવશે. એટલે કે રોઝે અઝલથી કિયામત રચાતા સુધી એક એક રજકણ તથા ટીપાને વર્ણવી દીધું.

(૨) મિશ્કાત બાબુલ મો'જિઝાતમાં મુસ્લિમથી અમ્ર ઈબ્ને અખ્તબની રિવાયતથી એ જ પ્રમાણે નકલ કરે છે પણ એમાં એટલુ વધારે છે કે :–

فَاَخْبَرَنَا بِمَا هُوَ كَائِنٌ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ فَاَعْلَمُنَا اَحْفَظُنَا

અર્થ : અમને તે તમામ પ્રસંગોની ખબર આપી દીધી જે કિયામત સુધી થનારા છે તો અમારામાં મોટો આલિમ તે છે જે એ વાતોને અધિક યાદ રાખનારો છે.

(૩) મિશ્કાત બાબુલ ફિતનમાં બુખારી તથા મુસ્લિમથી હઝરત હુઝૈફહ્થી

રિવાયત છે :–

مَا تَرَكَ شَيْأً يَكُوْنُ فِى مَقَامِهٖ ذَالِكَ اِلٰى قِيَامِ السَّاعَةِ اِلَّا حَدَّثَ بِهٖ حَفِظَهٗ مَنْ حَفِظَهٗ وَ نَسِيَهٗ مَنْ نَسِيَهٗ

અર્થ : હુઝૂર ﷺએ એ જગાએ કિયામત સુધીની કોઈ ચીજ ન છોડી પણ તેની ખબર આપી દીધી, જેણે યાદ રાખ્યું તેણે યાદ રાખ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો.

(૪) મિશ્કાત બાબે ફઝાઈલે સૈયદુલ મુરસલીનમાં મુસ્લિમથી ષૌબાન رضی اللہ عنہ થી રિવાયત છે :–

اِنَّ اللّٰهَ زَوٰى لِىَ الْاَرْضَ فَرَءَيْتُ مَشَارِقَ الْاَرْضِ وَ مَغَارِبَهَا

અર્થ : અલ્લાહે મારા માટે જમીનને સમેટી દીધી તો મેં જમીનની પૂર્વ તથા પશ્ચિમ બાજુઓને જોયી.

(૫) મિશ્કાત બાબુલ મસાજિદમાં અબ્દુર્રહમાન ઈબ્ને આઈશથી રિવાયત છે :

رَءَيْتُ رَبِّىْ عَزَّوَجَلَّ فِىْ اَحْسَنِ صُوْرَةٍ فَوَضَعَ كَفَّهٗ بَيْنَ كَتِفَّىَّ فَوَجَدْتُ بَرْدَهَا بَيْنَ ثَدَىَّ فَعَلِمْتُ مَا فِى السَّمٰوٰتِ وَالْاَرْض

અર્થ : અમે અમારા રબને સારી સૂરતમાં જોયો, રબ તઆલાએ પોતાનો દસ્તે કુદરત મારા સીના પર રાખ્યો જેની ઠંડક મેં મારા કલ્બ (દિલ)માં અનુભવી તો તમામ આસ્માનો તથા જમીનની ચીજોને મેં જાણી લીધી.

(૬) શરહે મવાહિબે લદુન્નિયહ ઝુર્કાનીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની રિવાયતથી છે :–

اِنَّ اللّٰهَ رَفَعَ لِىَ الدُّنْيَا فَاَنَا اَنْظُرُ اِلَيْهَا وَ اِلٰى مَا هُوَ كَائِنٌ فِيْهَا اِلٰى يَوْمِ الْقِيٰمَةِ كَاَنَّمَا اَنْظُرُ اِلٰى كَفِّىْ

અર્થ : અલ્લાહ તઆલાએ આખી દુનિયાને મારી સમક્ષ રજૂ કરી દીધી, જેથી હું આ દુનિયાને અને જે એમાં કિયામત સુધી થવાનું છે તેને એવી રીતે જોઈ રહ્યો છું જેમ કે મારા આ હાથને જોઉ છું.

(૭) મિશ્કાત બાબુલ મસાજિદમાં તિર્મિઝીની રિવાયતથી છે :–

فَتَجَلّٰى لِىْ كُلُّ شَىْءٍ وَعَرَفْتُ **અર્થ** : પછી મારા માટે દરેક ચીજ જાહેર થઈ ગઈ અને મેં ઓળખી લીધી.

(૮) મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલમાં અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ ની રિવાયતથી છે :

لَقَدْ تَرَكْنَا رَسُوْلُ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ وَ مَا يُحَرِّكُ طَائِرٌ جَنَاحَيْهِ اِلَّا ذَكَرَلَنَا مِنْهُ عِلْماً

અર્થ : અમને હુઝૂર عليہ السلام એ એ હાલતમાં છોડયા કે કોઈ પક્ષી પોતાની પાંખોને નથી હલાવતુ પણ અમને તેનો ઈલ્મ બતાવી આપ્યો.

(૯) મિશ્કાત બાબુલ ફિતન ફસ્લે ષાનીમાં હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત છે :–

مَا تَرَكَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ قَائِدِ فِتْنَةٍ اِلٰى تَنْقَضِىَ الدُّنْيَا يَبْلُغُ مِنْ ثَلٰثِ مِائَةٍ فَصَاعِداً قَدْ سَمَّاهُ لَنَا بِاسْمِهٖ وَ اِسْمِ اَبِيْهِ وَ اِسْمِ قَبِيْلَتِهٖ

અર્થ : નથી છોડયો હુઝૂર ﷺ એ કોઈ ફિત્નો ચલાવનારને, કે દુનિયા ખત્મ થતા સુધી જેમની સંખ્યા ત્રણસો સુધી કે એથી વિશેષ પહોંચશે, પણ અમને તેનુ નામ તેના બાપનું નામ તેના કબીલાનુ નામ જણાવી આપ્યું.

(૧૦) મિશ્કાત ઝિકે અંબિયાના બાબ (પ્રકરણ)માં બુખારીથી અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે :

خُفِّفَ عَلٰى دَاوُدَ الْقُرْآنُ فَكَانَ يَأْمُرُ بِدَوَآبِّهٖ فَتُسْرَجُ فَيَقْرَءُ الْقُرْاٰنَ قَبْلَ اَنْ تُسْرَجَ

અર્થ : હઝરત દાઉદ عليہ السلام પર કુર્આન (ઝબૂર)ને એ પ્રમાણે હલકુ કરી આપવામાં આવ્યું હતું કે તે પોતાનાં ઘોડાઓને ઝીન લગાડવાનો હુકમ આપતા હતા તો આપ તેમની ઝીનથી પહેલાં ઝબૂર પઢી લેતા હતા.

આ હદીષ અહીં એટલા માટે બયાન કરવામાં આવી કે જો હુઝૂર عليہ السلام એ એક વઅઝમાં અઝલથી લઈને આખિર સુધીના પ્રસંગો બયાન કરી આપ્યા, તો એ પણ આપનો મો'જિઝો હતો, જેમ કે હઝરત દાઉદ عليہ السلام પલભરમાં

આખી ઝબૂર શરીફ પઢી લેતા હતા.

(૧૧) મિશ્કાત બાબે મનાકિબે અહલે બૈતમાં છે :–

تَلِدُ فَاطِمَةُ اِنْ شَآءَ اللّٰهُ غُلَاماً يَكُوْنُ فِىْ حَجْرِكِ

અર્થ : હુઝૂર عليه السلام એ ખબર આપી કે ફાતેમા ઝહરાને ફરઝંદ પેદા થશે જે તમારી પરવરિશમાં રહેશે.

(૧૨) બુખારી બાબુલ અબ્બાતે અઝાબુલ કબ્રમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهما થી નકલ થયેલ છે :–

مَرَّ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِقَبْرَيْنِ يُعَذَّبَانِ فَقَالَ اِنَّهُمَا لَيُعَذَّبَانِ وَ مَا يُعَذَّبَانِ مِنْ كَبِيْرٍ ثُمَّ قَالَ بَلٰى اَمَّا اَحَدُهُمَا فَكَانَ يَسْعٰى بِالنَّمِيْمَةِ وَاَمَّا اَحَدُهُمَا فَكَانَ لَايَسْتَتِرُ مِنْ بَوْلِهٖ قَالَ ثُمَّ اَخَذَ عُوْداً رَطْبَةً فَكَسَرَهٗ بِاِثْنَتَيْنِ ثُمَّ غَرَزَ كُلَّ وَاحِدٍ مِّنْهُمَا عَلٰى قَبْرٍ ثُمَّ قَالَ لَعَلَّهٗ اَنْ يُّخَفَّفَ عَنْهُمَا مَا لَمْ يَيْبَسَا ـ

અર્થ : હુઝૂર صلى الله عليه وسلم બે કબરો પાસેથી ગુજર્યા જેમાં અઝાબ થઈ રહ્યો હતો તો ફર્માવ્યું કે આ બંને શખ્સોને અઝાબ આપવામાં આવી રહ્યો છે અને કોઈ દુશ્વાર વાત માટે અઝાબ નથી થઈ રહ્યો, એમાંનો એક તો પેશાબથી બચતો ન હતો અને બીજો ચુગલી કર્યા કરતો હતો. પછી એક લીલી ડાળી લઈને તેને અડધી અડધી ચીરી, પછી દરેક કબરમાં એક એક ખોસી દીધી અને ફર્માવ્યું કે જ્યાં સુધી આ કટકાઓ સુકા નહીં થાય ત્યાં સુધી આ બંને શખ્સોને અઝાબમાં કમી કરવામાં આવશે.

(૧૩) બુખારી કિતાબુલ એઅતેસામ બિલ કિતાબે વ સુન્નત અને તફસીરે ખાઝિનમાં આયત لَا تَسْئَلُوْا عَنْ اَشْيَآءَ اِنْ تُبْدَ لَكُمْ *(સૂ. માઈદહ, આ. ૧૦૧)* હેઠળ છે,

قَامَ عَلَى الْمِنْبَرِ

فَذَكَرَ السَّاعَةَ وَ ذَكَرَ اَنَّ بَيْنَ يَدَيْهَا اُمُوْراً عِظَاماً ثُمَّ قَالَ مَا مِنْ رَجُلٍ اَحَبَّ اَنْ يَّسْاَلَ عَنْ شَىْءٍ فَلْيَسْئَلْ عَنْهُ فَوَاللّٰهِ لَا تَسْئَلُوْانِىْ عَنْ شَىْءٍ اِلَّا اَخْبَرْتُكُمْ مَا

دُمْتُ فِىْ مَقَامِىْ هٰذَا فَقَامَ اِلَيْهِ رَجُلٌ فَقَالَ اَيْنَ مُدْخَلِىْ يَارَسُوْلَ اللّٰه قَالَ النَّارُ فَقَامَ عَبْدُاللّٰهِ اِبْنُ حُذَافَةَ فَقَالَ مَنْ اَبِىْ يَارَسُوْلَ اللّٰه قَالَ اَبُوْكَ حُذَافَةَ ثُمَّ كَثُرَ اَنْ يَّقُوْلَ سَلُوْنِىْ سَلُوْنِىْ

અર્થ : હુઝૂર ﷺ મિમ્બર પર ઉભા થયા પછી કિયામતનું વર્ણન કર્યું કે તેના પહેલાં મોટા મોટા પ્રસંગો છે. પછી ફર્માવ્યું, જે શખ્સ જે વાત પૂછવા ચાહતો હોય તે પૂછી લે, ખુદાની કસમ ! જ્યાં સુધી હું આ જગાએ એટલે મિમ્બર પર છું તમે કોઈ વાત મારાથી ન પૂછશો, પણ હું તમને તેની ખબર આપીશ. એક શખ્શે ઉભા થઈને અર્ઝ કરી, મારું ઠેકાણું કયાં છે ? ફર્માવ્યું, જહન્નમમાં ! અબ્દુલ્લાહ ઈબ્ને હુઝાફહએ ઉભા થઈને પૂછયું, મારો બાપ કોણ છે ? ફર્માવ્યું, હુઝાફહ ! પછી વારંવાર ફર્માવતા રહ્યા કે પૂછો ! પૂછો !

યાદ રાખશો કે જહન્નમી કે જન્નતી હોવું એ ઉલૂમે ખમ્સામાંથી છે કે સઈદ (નેકબખ્ત) છે કે શકકી (બદબખ્ત) એ જ પ્રમાણે કોણ કોનો પુત્ર છે ? એ એવી વાત છે કે જેની ખબર તેની મા સિવાય અન્ય કોઈને નથી થઈ શકતી. કુર્આન તે નિગાહો પર કે જે અંધારા, અજવાળા, દુનિયા, તથા આખેરત સૌને જુએ છે.

(૧૪) મિશકાત બાબુલ મનાકિબે અલીમાં છે : قَالَ يَوْمَ خَيْبَرَ لَاُعْطِيَنَّ هٰذِهِ الرَّايَةَ غَداً رَجُلاً يَفْتَحُ اللّٰهُ عَلٰى يَدَيْهِ يُحِبُّ اللّٰهَ وَ رَسُوْلَهٗ

અર્થ : હુઝૂર ﷺએ ખૈબરના દિવસે ફર્માવ્યું, હું કાલે આ ઝંડો તેને આપીશ જેના હાથે અલ્લાહ ખૈબર ફતહ કરી આપશે અને તે અલ્લાહ તથા રસૂલ સાથે મહોબ્બત કરે છે.

(૧૫) મિશકાત બાબુલ મસાજિદમાં અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ થી છે : عُرِضَتْ عَلَىَّ اَعْمَالُ اُمَّتِىْ حَسَنُهَا وَ سَيِّئُهَا فَوَجَدْتُّ فِىْ مَحَاسِنِ اَعْمَالِهَا الْاَذٰى يُمَاطُ عَنِ الطَّرِيْقِ

અર્થ : મારા પર મારી ઉમ્મતના અમલો પેશ કરવામાં આવ્યા સારા

પણ અને બુરા પણ. મેં તેમના સારા અમલોમાં તે તકલીફ આપનારી ચીજ પણ જોઈ જે રસ્તામાંથી હટાવી દેવામાં આવે.

(૧૬) મુસ્લિમ, ભાગ–૨, કિતાબુલ જેહાદ બાબે ગઝવએ બદ્રમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે :–

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ هٰذَا مَصْرَعُ فُلَانٍ يَضَعُ يَدَهٗ عَلَى الْاَرْضِ هٰهُنَا هٰهُنَا قَالَ فَمَا مَاطَ اَحَدُهُمْ عَنْ مَوْضِعِ يَدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

અર્થ : હુઝૂર ﷺએ ફર્માવ્યું કે આ ફલાણી વ્યક્તિને પડવાની જગા છે અને પોતાના હાથ મુબારકને આમ તેમ જમીન પર રાખતા હતા. રાવીએ ફર્માવ્યું કે, કોઈ પણ કત્લ થનારામાંથી હુઝૂર ﷺના હાથની જગાએથી જરા પણ ન ખસ્યો.

યાદ રાખશો કે કોણ કઈ જગાએ મરશે એ ઉલૂમે ખમ્સામાંથી છે, જેની ખબર હુઝૂર ﷺ જંગે બદરમાં એક દિવસ પહેલાં આપી રહ્યા છે.

(૧૭) મિશ્કાત બાબુલ મો'જિઝાતમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે :–

فَقَالَ رَجُلٌ تَاللّٰهِ اِنْ رَءَيْتُ كَالْيَوْمِ ذِئْبٌ يَتَكَلَّمُ فَقَالَ الذِّئْبُ اَعْجَبُ مِنْ هٰذَا رَجُلٌ فِى النَّخْلَاتِ بَيْنَ الْحَرَّتَيْنِ يُخْبِرُكُمْ بِمَا مَضٰى وَ مَاهُوَ كَائِنٌ بَعْدَكُمْ -

અર્થ : શિકારી માણસે કહ્યું કે મેં આજની જેમ કદી ન જોયું કે વરૂ વાતો કરી રહ્યું છે ! વરૂ બોલ્યું કે એનાથી પણ અજબની વાત એ છે કે એક સાહબ ﷺ બે મેદાનોની વચ્ચે મદીનામાં છે અને તમને ભૂતકાળની તથા ભાવિની ખબરો આપી રહેલ છે.

(૧૮) તફસીરે ખાઝિન, પારા–૪, આયત

مَا كَانَ اللّٰهُ لِيَذَرَ الْمُؤْمِنِيْنَ عَلٰى مَآ اَنْتُمْ عَلَيْهِ *(સૂ. આલે ઈમરાન, આ. ૧૭૯)*

હેઠળ ફર્માવે છે :–

قَالَ رَسُوْلُ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ عُرِضَتْ عَلَيَّ اُمَّتِيْ فِيْ صُوَرِهَا فِي الطِّيْنِ كَمَا عُرِضَتْ عَلٰى آدَمَ وَاُعْلِمْتُ مَنْ يُّؤْمِنُ بِيْ وَ مَنْ يَّكْفُرُ بِيْ فَبَلَغَ ذٰلِكَ الْمُنَافِقِيْنَ قَالُوْا اِسْتِهْزَاءً زَعَمَ مُحَمَّدٌ اَنَّهٗ يَعْلَمُ مَنْ يُّؤْمِنُ بِهٖ وَ مَنْ يَّكْفُرُ مِمَّنْ لَّمْ يُخْلَقْ بَعْدُ وَ نَحْنُ مَعَهٗ وَ مَا يَعْرِفُنَا فَبَلَغَ ذٰلِكَ رَسُوْلَ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ فَقَامَ عَلَى الْمِنْبَرِ فَحَمِدَاللّٰهَ وَ اَثْنٰى عَلَيْهِ ثُمَّ قَالَ مَا بَالُ اَقْوَامٍ طَعَنُوْا فِيْ عِلْمِيْ لَا تَسْئَلُوْنِيْ عَنْ شَيْءٍ فِيْمَا بَيْنَكُمْ وَ بَيْنَ السَّاعَةِ اِلَّا اَنْبَئْتُكُمْ بِهٖ

અર્થ : હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, મારા સમક્ષ મારી ઉમ્મત પેશ કરવામાં આવી પોત પોતાની સૂરતોમાં માટીમાં જેવી રીતે હઝરત આદમ પર પેશ કરવામાં આવી હતી. અમને બતાવી દેવામાં આવ્યું કે કોણ અમારા પર ઈમાન લાવશે અને કોણ કુફ્ર કરશે. આ ખબર મુનાફિકોને પહોંચી તો તેઓ હસીને કહેવા લાગ્યા કે હુઝૂર ﷺ ફર્માવે છે કે તે લોકોની પેદાઈશથી પહેલાં જ કાફિર તથા મો'મિનની ખબર થઈ ગઈ, જ્યારે અમે તો તેમની સાથે છીએ છતાં અમને નથી ઓળખતા ! આ ખબર હુઝૂર ﷺને પહોંચી તો આપ મિમ્બર પર ઉભા થયા અને ખુદાની હમ્દો ષના કરી, પછી ફર્માવ્યું કે કૌમોનો શું હાલ છે કે મારા ઈલ્મમાં તાણા મારે છે ! અત્યારથી લઈને કિયામત સુધીની કોઈ પણ ચીજના બારામાં જે પણ તમે મને પૂછશો તેની તમને હું ખબર આપીશ !

આ હદીષથી બે વાતો જાણવા મળી, એક એ કે હુઝૂર ﷺના ઈલ્મમાં તાણા મારવાં મુનાફિકોનો તરીકો છે, બીજું એ કે કિયામત સુધીના સર્વ પ્રસંગો હુઝૂર ﷺના ઈલ્મમાં છે.

(૧૯) મિશ્કાત કિતાબુલ ફિતન, ફસ્લ અવ્વલમાં મુસ્લિમથી ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની રિવાયતથી છે :–

اِنِّيْ لَاَعْرِفُ اَسْمَآءَ هُمْ وَ اَسْمَآءَ آبَاءِ هُمْ وَ اَلْوَانَ خُيُوْلِهِمْ هُمْ خَيْرُ فَوَارِسَ اَوْ مِنْ خَيْرِ فَوَارِسَ عَلٰى ظَهْرِ الْاَرْضِ يَوْمَئِذٍ

અર્થ : તે (દજ્જાલથી જેહાદની તૈયારી કરનારાઓ)નાં નામ, તેમના બાપ દાદાઓનાં નામ, તેમના ઘોડાઓનાં રંગ ઓળખે છે, તેઓ પૃથ્વીના પટ પર બેહતરીન સવાર છે.

(૨૦) મિશ્કાત શરીફ બાબે મનાકિબે અબૂબક્રો ઉમરમાં છે કે હઝરત આઈશા સિદ્દીક઼ાએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે કોઈ એવું પણ છે જેની નેકીઓ તારાઓ જેટલી હોય ? ફર્માવ્યું, હા ! તે ઉમર છે.

એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺને કિયામત સુધી સર્વ લોકોના તમામ જાહેરી તથા છુપા અમલોની સંપૂર્ણ ખબર છે અને આસ્માનોના તમામ જાહેરી તથા છુપા અમલોની સંપૂર્ણ ઈલ્મ છે, જો કે કેટલાક તારાઓ આજ સુધી ખગોળ શાસ્ત્રીઓના વેજ્ઞાનિક સાધનો વડે પણ જાણી નથી શકાયા. હુઝૂર ﷺએ એ બંને ચીજોને જોઈને ફર્માવ્યું કે ઉમરની નેકીઓ તારાઓ જેટલી છે. બે ચીજોની વધઘટ તથા સરખામણી તે જ કરી શકે છે જેને બંને ચીજોનો ઈલ્મ પણ હોય અને સંખ્યા (પ્રમાણ) પણ માલૂમ હોય.

એ ઉપરાંત અન્ય ઘણી હદીષો રજૂ કરી શકાય છે, પણ સંક્ષિપ્તમાં આટલી રજૂ કરી છે. આ હદીષોથી એટલુ તો જાણવા મળ્યું કે તમામ આલમ કહે છે **માસિવલ્લાહ** (અલ્લાહ સિવાયના)ને, તો આલમે મલાઈકહ અર્શ તથા ફર્શ મતલબ કે દરેક ચીજ પર હુઝૂર ﷺની નજર છે. અને આલમમાં લોહે મેહફૂઝ પણ છે જેમાં સર્વ હાલતો છે. બીજુ એ જાણવા મળ્યું કે આગલા પાછલા સર્વ બનાવોની પણ માહિતી ધરાવે છે. ત્રીજું એ જાણવા મળ્યું કે અંધારી રાત્રે એકાંતમાં જે કામો કરવામાં આવે તે પણ નિગાહે મુસ્તફા ﷺથી છુપાં નથી, જેમ કે અબ્દુલ્લાહના વાલિદ હુઝાફા વિશે જણાવી દીધું. ચોથુ એ જાણવા મળ્યું કે કોણ ક્યારે મરશે, ક્યાં મરશે, કઈ હાલતમાં મરશે, કાફિર કે મો'મિન, ઔરતોના પેટમાં શું છે ? એ પણ મારા હુઝૂર عليه السلام પર છુપુ નથી. મતલબ કે ઝર્રો ઝર્રો અને કતરો કતરો ઈલ્મમાં છે ﷺ.

(ત્રીજો વિભાગ)

★ ઈલ્મે ગયબના વિશે હદીષોની શરહ લખનારાઓનાં કથનો ★

(૧) અયની શરહે બુખારી ફત્હુલબારી ઈર્શાદુસ્સારી શરહે બુખારી, મિર્કાત શરહે મિશ્કાતમાં હદીષ નં. ૧ હેઠળ છે :–

فِيْهِ دَلَالَةٌ عَلٰى اَنَّهٗ اَخْبَرَ فِى الْمَجْلِسِ الْوَاحِدِ بِجَمِيْعِ اَحْوَالِ الْمَخْلُوْقَاتِ مِنْ اِبْتِدَاءِ هَا اِلٰى اِنْتِهَائِهَا

અર્થ : આ હદીષ દલીલો પૂરી પાડે છે કે હુઝૂર ﷺએ એક જ મજલિસમાં સર્વ મખ્લૂકાતના સૌ અહવાલની શરૂથી છેવટ સુધીની ખબર આપી.

(૨) મિર્કાત શરહે મિશ્કાત અને શરહે શિફા મુલ્લા અલી કારી તથા ઝુર્કાની શરહે મવાહિબ, નસીમુર્રિયાઝ શરહે શિફામાં હદીષ નં. ૪ માં છે :

وَ حَاصِلُهٗ اَنَّهٗ طُوِىَ لَهُ الْاَرْضُ وَجُعِلَهَا مَجْمُوْعَةً كَهَيْئَةِ كَفٍّ فِيْهِ مِرْءَةٌ يَنْظُرُ اِلٰى جَمْعِهَا وَ طَوَاهَا بِتَقْرِيْبٍ بَعِيْدِهَا اِلٰى قَرِيْبِهَا حَتّٰى اِطَّلَعْتُ عَلٰى مَا مَا فِيْهَا

અર્થ : આ હદીષનો ખુલાસો એ છે કે હુઝૂર ﷺના માટે જમીન સમેટી દેવામાં આવી અને એને એવી જમા કરી દેવામાં આવી કે જાણે એક હાથમાં આઈનો હોય અને તે શખ્સ તે આખા આઈનાને જોતો હોય. અને જમીનને એ રીતે સમેટી કે દૂરવાળીને નજીક કરી દીધી તેના નજીકની તરફ એટલે સુધી કે અમે જોઈ લીધી તે તમામ ચીજો જે જમીનમાં છે.

(૩) મિર્કાત શરહે મિશ્કાતમાં હદીષ નં. ૫ હેઠળ છે :–

فَعَلِمْتُ بِسَبَبِ وُصُوْلِ ذٰالِكَ الْفَيْضِ مَا فِى السَّمٰوٰتِ وَ الْاَرْضِ يَعْنِى مَا اَعْلَمَهُ اللّٰهُ مِمَّا فِيْهِمَا مِنَ الْمَلٰئِكَةِ وَ الْاَشْجَارِ وَ غَيْرِهَا وَهُوَ عِبَارَةٌ عَنْ سِعَةِ عِلْمِهِ الَّذِىْ فَتَحَ اللّٰهُ وَ

قَالَ ابْنُ حَجَرٍ اَیْ جَمِیْعَ الْکَائِنَاتِ الَّتِیْ فِی السَّمٰوٰتِ بَلْ وَ مَا فَوْقَهَا کَمَا یُسْتَفَادُ مِنْ قِصَّةِ الْمِعْرَاجِ وَ الْاَرْضِ هِیَ بِمَعْنَی الْجِنْسِ وَ جَمِیْعَ مَا فِی الْاَرْضِیْنَ السَّبْعِ بَلْ وَ مَا تَحْتَهَا کَمَا اَفَادَهٗ اِخْبَارُهٗ عَلَیْهِ السَّلَامِ عَنِ الثَّوْرِ وَ الْحُوْتِ الَّذِیْ عَلَیْهِمَا الْاَرْضُوْنَ

અર્થ : એ ફયઝના પહોંચતાં મેં તમામ ચીજો જાણી લીધી જે જમીન તથા આસ્માનમાં છે એટલે કે આસ્માનો તથા જમીનમાં તે ચીજો જે અલ્લાહ તઆલાએ બતાવી, ફરિશ્તા અને ઝાડ વગેરે. આ આપના તે વિશાળ ઈલ્મનું બયાન છે જે અલ્લાહ તઆલાએ આપના પર જાહેર ફર્માવ્યું ઈબ્ને હજરે ફર્માવ્યું કે, જાણી લીધી તે તમામ મખ્લૂકાત જે આસ્માનો (બલ્કે જે એની ઉપર છે જેમ કે મેઅરાજની હદીષથી જાણવા મળે છે) અને જમીનમાં છે અને તમામ તે ચીજો જે સાતેવ જમીનો બલ્કે જે એની નીચે છે જેમ કે એ હદીષોથી જાણવા મળે છે. જેમાં હુઝૂર ﷺએ ગાય તથા માછલીની ખબર આપી છે જેના પર જમીનો સ્થાયી છે.

અશિઅતુલ લમ્આતમાં હદીષ નં. ૭ હેઠળ બયાન ફર્માવ્યું, અર્થ : આ હદીષમાં તમામ જુઝઈ તથા કુલ્લી ઈલ્મો હાંસલ થવા વિશે અને તેને ઘેરવા વિશેનુ બયાન છે.

(૪) અશિઅતુલ લમ્આતમાં હદીષ નં. ૭ હેઠળ બયાન ફર્માવ્યું, અર્થ : મારા પર દરેક પ્રકારનુ ઈલ્મ જાહેર થઈ ગયું અને મેં સૌને પિછાણી લીધું.

અલ્લામા ઝુર્કાની શરહે મવાહિબમાં આ જ હદીષ નં. ૭ હેઠળ ફર્માવે છે :

اُظْهِرَ وَکُشِفَ لِیَ الدُّنْیَا بِحَیْثُ اَحَطْتُ بِجَمِیْعِ مَا فِیْهَا فَاَنَا اَنْظُرُ اِلَیْهَا وَ اِلٰی مَا هُوَ کَائِنٌ فِیْهَا اِلٰی یَوْمِ الْقِیٰمَةِ کَاَنَّمَا اَنْظُرُ اِلٰی کَفِّیْ هٰذِهٖ اِشَارَةٌ اِلٰی اَنَّهٗ نَظَرَ حَقِیْقَةً دُفِعَ بِهٖ اَنَّهٗ اُرِیْدُ بِالنَّظَرِ الْعِلْمُ

અર્થ : મારી સમક્ષ દુનિયા જાહેર કરવામાં આવી અને ખોલવામાં આવી જેથી મેં તેની સર્વ ચીજોને ઘેરી લીધી, હું આ દુનિયાને અને કિયામત સુધી જે કાંઈ તેમાં થનાર છે તેને એ રીતે જોઈ રહ્યો છું જેવી રીતે મારા હાથને. એમાં

એના પ્રતિ નિર્દેશ છે કે હુઝૂર ﷺએ હકીકતમાં જોયું અને એ સંભાવના દૂર થઈ ગઈ કે નજરથી મુરાદ ઈલ્મ છે.

(૫) ઈમામ અહમદ કસ્તલાની મવાહિબ શરીફમાં હદીષ નં. ૮ હેઠળ ફર્માવે છે,

وَلَا شَكَّ اَنَّ اللّٰهَ قَدْ اَطْلَعَهٗ عَلٰى اَزْيَدَ مِنْ ذٰلِكَ وَ اَلْقٰى عَلَيْهِ عِلْمَ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ

અર્થ : એમાં શંકા નથી કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને એનાથી પણ વિશેષથી માહિતગાર કર્યા અને આપને સર્વ આગલા પાછલા હઝરાતનો ઈલ્મ આપ્યો.

મુલ્લા અલી કારી મિર્કાતમાં હદીષ નં. ૮ હેઠળ ફર્માવે છે, અર્થ : તમને હુઝૂર ﷺ આગલાઓની વીતી ગયેલી ખબરો આપે છે અને જે કાંઈ તમારા પછી પાછલાઓની ખબરો છે તે પણ બતાવે છે, દુનિયવી હાલતો અને આખેરતની સર્વ હાલતો.

(૬) મિર્કાતમાં હદીષ નં. ૧૯ હેઠળ ફર્માવે છે :–

فِيْهِ مَعَ كَوْنِهٖ مِنَ الْمُعْجِزَاتِ

دَلَالَةٌ عَلٰى اَنَّ عِلْمَهٗ عَلَيْهِ السَّلَامُ مُحِيْطٌ بِالْكُلِّيَاتِ وَ الْجُزْئِيَاتِ مِنَ الْكَائِنَاتِ

અર્થ : આ હદીષમાં મો'જિઝો હોવાની સાથોસાથ એના માટે પણ દલીલ છે કે હુઝૂર ﷺનો ઈલ્મ કુલ્લી તથા જુઝઈ વાક્યાઓને ઘેરી ચૂકેલ છે.

મોહદ્દિષોના આ ઈર્શાદોથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ તમામ આલમને અને એમાં અઝલથી અબદ સુધી થનારા પ્રસંગોને એ રીતે જોઈ રહ્યા છે જેવી રીતે કે કોઈ પોતાના હાથમાં આઈનો લઈને તેને જુએ છે. એ આલમમાં લોહે મેહફૂઝ પણ છે. બીજુ એ જાણવા મળ્યું કે તમામ અવ્વલીન તથા આખરીન એટલે અંબિયા તથા મલાઈકહ (ફરિશ્તા) તથા ઔલિયાનો ઈલ્મ આપને અતા ફર્માવવામાં આવ્યો, અંબિયામાં હઝરત આદમ તથા હઝરત ખલીલ તથા હઝરત ખિઝર عَلَيْهِمُ السَّلَامُ સામેલ છે. અને મલાઈકહમાં અર્શને ઉઠાવનારા અને લોહે મેહફૂઝમાં હાજર રહેનારા પણ સામેલ છે. અને તેમનો ઈલ્મ તો

મા કાન વ માયકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ને ઘેરી ચૂકેલ છે. તો પછી હુઝૂર عليه السلام ના ઈલ્મનું શું પૂછવું ?! આ ઈલ્મી વિશાળતામાં ઈલ્મે ખમ્સા પણ છે.

(ચોથો વિભાગ)

★ ઈલ્મે ગયબના વિશે ઉલમાએ ઉમ્મતના કથનોના બયાનમાં ★

મદારિજુન્નબુવ્વતના ખુત્બામાં શયખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે, અર્થ : તે જ આખિર, તે જ જાહેર છે અને તે જ છુપો અને તે જ દરેક ચીજને જાણે છે.

આ ખુદાની હમ્દ પણ છે અને નઅતે મુસ્તફા ﷺ પણ. જેમ કે ફર્માવે છે, હુઝૂર عليه السلام તમામ ચીજોના જાણનારા છે, ઝાતે ઈલાહી તથા તેની સિફતોના અહકામનો, અફઆલનો, આષારનો, અને સર્વ જાહેરી તથા આખિરતના ઈલ્મનો ઘેરાવ કરી ચૂકેલ છે.

એ જ મદારિક, જિલ્દ અવ્વલ, બાબ પંજુમ, ઝિક્રે ફઝાઈલે આં હઝરત પેજ નં. ૧૪૪માં છે, અર્થ : હઝરત આદમ عليه السلام થી સૂર ફૂંકાતા સુધી તમામ હુઝૂર ﷺ પર જાહેર ફર્માવી દીધું જેથી શરૂથી અંત સુધીની સર્વ હાલતો આપને માલૂમ થઈ જાય. અને હુઝૂર ﷺએ કેટલીક હાલતોની ખબર પોતાના સહાબાઓને પણ આપી.

અલ્લામા ઝુર્કાની શરહે મવાહિબે લદુન્નિયહ્માં ફર્માવે છે, અર્થ : એના અનુસંધાનમાં મુતવાતિર હદીષો છે અને તે અને તેના મઆની અર્થો એના માટે મુત્તફિક (સામાનઅર્થી) છે કે હુઝૂર ﷺને ગયબ વિશે ખબર છે અને આ મસ્અલો તે આયતોની વિરૂધ્ધ નથી જે એના માટે દલીલ કરે છે કે ખુદા સિવાય કોઈ ગયબ નથી જાણતુ, કેમ કે જેનો ઈન્કાર છે તે ઈલ્મ વાસ્તા વિનાનું છે, (એટલે કે ઝાતી ઈલ્મનો ઈન્કાર છે) પરંતું હુઝૂર عليه السلام નું ગયબ પર માહિતગાર થવું અલ્લાહના બતાવવાથી છે અને તે રબ તઆલાના એ કૌલથી સાબિત છે કે, "સિવાય પસંદીદા રસૂલોના."

શિફા શરીફમાં કાઝી અયાઝ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

خَصَّ اللّٰهُ تَعَالٰى بِهٖ عَلَيْهِ السَّلَامُ بِالْاِطِّلَاعِ عَلٰى جَمِيْعِ مَصَالِحِ الدُّنْيَا وَ الدِّيْنِ وَ مَصَالِحِ اُمَّتِهٖ وَ مَا كَانَ فِى الْاُمَمِ وَ مَا سَيَكُوْنُ فِىْ اُمَّتِهٖ مِنَ النَّقِيْرِ وَ الْقِطْمِيْرِ وَ عَلٰى جَمِيْعِ فُنُوْنِ الْمَعَارِفِ كَاَحْوَالِ الْقَلْبِ وَ الْفَرَائِضِ وَ الْعِبَادَةِ وَ الْحِسَابِ

અર્થ : અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને તમામ દીની તથા દુનિયવી મસ્લેહતોથી માહિતગાર કરીને ખાસ કર્યા અને પોતાની ઉમ્મતની મસ્લેહત અને ગુજરી ગયેલી ઉમ્મતોના પ્રસંગો અને પોતાની ઉમ્મતના અદનાથી અદના પ્રસંગોથી માહિતગાર કર્યા. અને તમામ મઅરેફતના ફનોથી માહિતગાર કર્યા, જેમ કે દિલની હાલતો, ઈબાદતના ફર્ઝો તથા ઈલ્મે હિસાબ.

કસીદા બુરદામાં છે :–

فَاِنَّ مِنْ جُوْدِكَ الدُّنْيَا وَ ضَرَّتَهَا وَ مِنْ عُلُوْمِكَ عِلْمَ اللَّوْحِ وَ الْقَلَمِ

અર્થ : દુનિયા તથા આખેરત આપના જ કરમથી છે અને લોહ તથા કલમનો ઈલ્મ આપના ઈલ્મોનો અમુક હિસ્સો છે.

શરહે કસીદા બુરદહ મુસન્નિફ અલ્લામા ઈબ્રાહીમ બાજૂરીમાં છે :–

فَاِنْ قِيْلَ

اِذَا كَانَ عِلْمُ اللَّوْحِ وَ الْقَلَمِ بَعْضَ عُلُوْمِهٖ عَلَيْهِ السَّلَامُ فَمَا الْبَعْضُ الْاٰخَرُ اُجِيْبَ بِاَنَّ الْبَعْضَ الْاٰخِرَ هُوَ مَا اَخْبَرَهُ اللّٰهُ تَعَالٰى مِنْ اَحْوَالِ الْاٰخِرَةِ لِاَنَّ الْقَلَمَ اِنَّمَا كَتَبَ فِى اللَّوْحِ مَا هُوَ كَائِنٌ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ

અર્થ : જો કહેવામાં આવે કે લોહ તથા કલમનો ઈલ્મ હુઝૂર ﷺના ઈલ્મોમાંનો અમુક છે તો બીજા અમુક કયા ઈલ્મો છે ? જવાબ આપવામાં આવશે કે તે 'અમુક' આખેરતની હાલતોનો ઈલ્મ છે જેની અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને ખબર આપી, કેમ કે કલમે તો લોહમાં એ પણ લખ્યું છે જે કિયામત સુધી થવાનું છે.

મુલ્લા અલી કારી હલ્લુલ ઉકદહ શરહે કસીદા બુરદામાં એ જ શેઅર હેઠળ ફર્માવે છે, અર્થ : લોહ તથા કલમના ઈલ્મો હુઝૂર ﷺના ઈલ્મોમાંનો અમુક એટલા માટે છે કે હુઝૂરના ઈલ્મો વહેંચાયેલા (વિવિધ પ્રકારના) છે, જુઝાઈય્યાત તથા કુલ્લિયાત અને હકીકતો તથા મઅરેફત અને તે મઅરેફતોની તરફ જેનો સંબંધ ઝાત તથા સિફતો સાથે છે, જેથી લોહ તથા કલમનો ઈલ્મ હુઝૂર ﷺના દરિયાઓની એક નહેર છે અને હુઝૂર ﷺના ઈલ્મની લીટીઓનો એક અક્ષર છે.

આ લખાણોએ ફૈંસલો કરી આપ્યો કે તે લોહ તથા કલમ જેના ઈલ્મોને કુર્આને ફર્માવ્યું, અર્થ : "કોઈ ખુશ્ક તથા તર (સુકી તથા લીલી) ચીજ એવી નથી જે લોહે મેહફૂઝમાં ન હોય." તેના ઈલ્મો મુસ્તફા ﷺના ઈલ્મના સમુદ્રનું એક ટીપુ છે. જેથી જાણવા મળ્યું કે મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)નો ઈલ્મ હુઝૂર ﷺના દફતર (મોટી કિતાબ)નો એક નુકતો છે.

ઈમામ બુસૈરી (કસીદા બુર્દાના લેખક) પોતાના અન્ય કસીદા ઉમ્મુલ કર્તમાં ફર્માવે છે :–

وَسِعَ الْعَالَمِيْنَ عِلْماً وَ حِكْماً فَهُوَ بَحْرٌ لَّمْ تَعِيْهَا الْاَعْبَاءُ

અર્થ : હુઝૂર ﷺએ પોતાના ઈલ્મ તથા અખ્લાકથી જહાનોને ઘેરી લીધાં, વળી આપ એવા સમુદ્ર છે કે તેને ઘેરનારાઓ ન ઘેરી શકયા."

શયખ સુલેમાન જમલ આ શેઅરની શરહમાં ફુતુહાતે અહમદિયહમાં ફર્માવે છે :–

وَسِعَ عِلْمُهٗ

عُلُوْمَ الْعٰلَمِيْنَ الْاِنْسِ وَالْجِنِّ وَ الْمَلٰئِكَةِ لِاَنَّ اللّٰهَ تَعَالٰى اَطْلَعَهٗ عَلَى الْعَالَمِ كُلِّهٖ

فَعَلَّمَ عِلْمَ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَمَا كَانَ وَ مَا يَكُوْنُ وَ حَسْبُكَ عِلْمُهٗ عِلْمُ الْقُرْاٰن

અર્થ : આપના ઈલ્મે તમામ જહાનો એટલે જિન્ન તથા ઈન્સાન અને ફરિશ્તાઓના ઈલ્મને ઘેરેલ (કવર કરેલ) છે. કેમ કે રબ તઆલાએ આપને તમામ આલમ પર ખબરદાર ફર્માવ્યા તથા આગલા પાછલાઓનો ઈલ્મ

શીખવાડયો અને **મા કાન વમા યકૂન** (ભૂત, વર્તમાન, ભાવિ) બતાવ્યું અને હુઝૂર ﷺના ઈલ્મના માટે કુર્આનનું ઈલ્મ પૂરતુ છે, કેમ કે ખુદા તઆલા ફર્માવે છે કે અમે આ કિતાબમાં કોઈ ચીજ બાકી ન રાખી.

ઈમામ ઈબ્ને હજર મક્કી આ શેઅરની શરહમાં અફઝલુલ કુરામાં ફર્માવે છે:

અર્થ : અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને તમામ જહાન પર ખબરદાર કર્યા તથા આપે અવ્વલીન તથા આખરીન અને જે કાંઈ થઈ ચૂક્યું અને જે કાંઈ થશે તેને જાણી લીધું.

આ લખાણોથી જાણવા મળ્યું કે સર્વ જહાનવાળાઓમાં હઝરત આદમ તથા ફરિશતા તથા મલકુલ મૌત તથા શૈતાન છે. મલકુલ મૌત તથા શૈતાનના માટે ઈલ્મે ગયબ તો દેવંબદી પણ માને છે !

ઈમામ બુસૈરી કસીદા બુર્દહ્માં ફર્માવે છે :–

وَ كُلُّهُمْ مِنْ رَّسُوْلِ اللّٰهِ مُلْتَمِسٌ غَرْفاً مِّنَ الْبَحْرِ اَوْ رَشْفًا مِنَ الدِّيَمِ

અર્થ : તમામ રસૂલો હુઝૂર ﷺથી જ લેનારા છે, સમુદ્રથી એક ખોબો અથવા તેજ વરસાદમાંથી એક છાંટો."

અલ્લામા ખરપૂતી શરહે કસીદા બુર્દહ્માં આ શેઅર હેઠળ ફર્માવે છે :

اِنَّ جَمِيْعَ الْاَنْبِيَآءِ
كُلُّ وَاحِدٍ مِّنْهُمْ طَلَبُوْا وَ اَخَذُوْا الْعِلْمَ مِنْ عِلْمِهٖ عَلَيْهِ السَّلَامُ الَّذِىْ كَالْبَحْرِ فِى السَّعَةِ وَ الْكَرَمِ مِنْ كَرَمِهٖ عَلَيْهِ السَّلَامُ الَّذِىْ هُوَ كَالدِّيَمِ لِاَنَّهٗ عَلَيْهِ السَّلَامُ مُفِيْضٌ وَهُمْ مُسْتَفَاضُوْنَ لِاَنَّهٗ تَعَالٰى خَلَقَ اِبْتِدَاءً رُوْحَهٗ عَلَيْهِ السَّلَامُ وَ وَضَعَ فِيْهِ عُلُوْمَ الْاَنْبِيَاءِ وَ عِلْمَ مَاكَانَ وَ مَا يَكُوْنُ ثُمَّ خَلَقَهُمْ فَاَخَذُوْا عُلُوْمَهُمْ مِنْهُ عَلَيْهِ السَّلَامُ

અર્થ : દરેક નબીએ હુઝૂર ﷺના તે ઈલ્મથી માગ્યું અને લીધુ જે વિશાળતામાં સમુદ્રની જેમ છે અને સૌએ કરમ (કૃપા) હુઝૂર ﷺના તે કરમથી હાંસલ કર્યો જે ધોધમાર વર્ષાની જેમ છે, હુઝૂર ﷺ ફયૂઝ દેનારા છે અને તે નબી ફયૂઝ લેનારા, કેમ કે રબ તઆલાએ પ્રથમ હુઝૂર ﷺની રૂહ

પેદા ફર્માવી પછી તે રૂહમાં નબીઓના અને **મા કાન વમા યકૂન**ના ઈલ્મો રાખ્યા પછી તે રસૂલોને પેદા ફર્માવ્યા જેથી તે સૌએ પોતાના ઈલ્મો હુઝૂર ﷺથી લીધા.

હાફિઝ અહમદ ઈબ્ને મુબારક અબરેઝ શરીફ, પેજ ૨૭૦માં ફર્માવે છે :–

અર્થ : અમારી નજીક હુઝૂર ﷺ અર્શથી ફર્શ સુધીને જાણે છે અને જે કાંઈ એમાં છે એની માહિતી ધરાવે છે અને આપનાથી ઉપર કોઈ નથી. આ સર્વ ઈલ્મો હુઝૂર ﷺના સંબંધે એવાં છે જેમ કે અલિફની નિસ્બત ૬૦ પ્રકારના હિસ્સાઓ પ્રતિ હોય, તેમ આ સર્વ ઈલ્મો હુઝૂર પ્રતિ નિસ્બત કરતાં અલિફના દરજામાં છે, કુર્આને કરીમ છે.

ઈમામ કસ્તલાની મવાહિબમાં ફર્માવે છે :–

અર્થ : નુબુવ્વત એ 'બિના'થી નિકળેલ છે જેનો અર્થ છે ખબર, એટલે કે અલ્લાહ તઆલાએ તેમને ગયબથી ખબરદાર કર્યા. મવાહિબે લદુન્નિયહ ભાગ–૨, પેજ–૧૯૨માં છે, અર્થ : એમાં શંકા નથી કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને એનાથીયે અધિકથી માહિતગાર કર્યા અને આપના સમક્ષ આગલાઓનો ઈલ્મ રજૂ કરી દીધો.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની મકતૂબાત શરીફ, ભાગ–૧, મકતૂબ–૩૧૦માં ફર્માવે છે :–

અર્થ : જે ઈલ્મ રબ તઆલાની સાથે ખાસ છે એનાથી ખાસ રસૂલોને માહિતગાર કરે છે.

મદારિજુન્નબુવ્વત, ભાગ–૧માં છે :–

અર્થ : કેટલાક સાલેહીન ઉલમાથી સાંભળવામાં આવ્યું છે કે હુઝૂર ﷺને તમામ ઉલૂમે ઈલાહિયા જણાવી દેવામાં આવ્યાં હતાં. આ કલામ જાહેરી રીતે તો ઘણીયે દલીલોથી વિમુખ છે, માલૂમ નહીં કે કાઈલે (કેહનારે) એમાંથી શો અર્થ લોધો છે.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની મકતુબાત શરીફ, ભાગ–૧, મકતુબ–૩૧૦માં ફર્માવે છે :–

અર્થ : જે ઈલ્મ રબ તઆલાની સાથે ખાસ છે એનાથી ખાસ રસૂલોને માહિતગાર કરે છે.

આ લખાણ અહીં એટલા માટે રજૂ કરવામાં આવ્યું કે કેટલાક લોકોએ હુઝૂર ﷺનો ઈલ્મ ખુદાના ઈલ્મથી બરાબર માન્યો અને તફાવત કેવળ ઝાતી તથા અતાઈનો જાણ્યો. પણ શયખ અબ્દુલ હક્કે તેમને મુશ્રિક નથી કહ્યા બલ્કે આરિફ કહ્યા. જણાયું કે હુઝૂર ﷺના માટે ઈલ્મે ગયબ માનવો શિર્ક નથી. મીર ઝાહિદ રિસાલતના ખુત્બામાં છે :–

كَانَ صَوَادِقُ التَّصْدِيْقَاتِ بِطَبَائِعَهَا مُتَوَجِّهَةً اِلٰى حَضْرَتِهِ الْاَقْدَسِ وَ حَقَائِقُ التَّصَوُّرَاتِ بِاَنْفُسِهَا مَائِلَةً اِلٰى جَنَابِهِ الْمُقَدَّسِ فَرُوْحُهُ الْمُعَلّٰى مَرْكَزُ الْمَعْقُوْلَاتِ تَصَوُّرَاتِهَا وَ تَصْدِيْقَاتِهَا وَ نَفْسُهُ الْعُلْيَا مَنْبَعُ الْعَقْلِيَّاتِ نَظَرِيَّاتِهَا وَ فِطَرِيَّاتِهَا

અરબી લખાણનો ખુલાસો : એ છે કે હુઝૂર ﷺને દરેક પ્રકારનો ઈલ્મ છે.

મૌલાના બહરુલ ઉલૂમ અબ્દુલ અલી લખનવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ખુત્બા હવાશી મીર ઝાહિદ રિસાલામાં ફર્માવે છે :–

અર્થ : હુઝૂર ﷺ ને રબ્બે તે ઈલ્મો શીખવાડયા જેના પર આ'લા કલમ પણ સામેલ નથી અને જેને ઘેરવા માટે લોહે મેહફૂઝ સમર્થ નથી. ન આપના જેવો જમાનામાં પેદા થયો, ન તો અઝલથી અબદ સુધી થશે અને આસ્માનો તથા જમીનમાં કોઈ આપનો બરોબરીયો નથી.

અલ્લામા શનવાઈ જમઉન્નિહાયહ્માં ફર્માવે છે :–

અર્થ : એ બયાન થઈ ચૂક્યું કે અલ્લાહ તઆલાએ નબી ﷺને દુનિયાથી ન કાઢયા, એટલે સુધી કે આપને દરેક ચીજથી માહિતગાર કરી આપ્યા.

શરહે અકાઈદ નસફી પેજ–૧૫૭માં છે, અર્થ : ગયબ જાણવું એક એવી વાત છે જે ખુદા સાથે ખાસ છે, બંદાઓની ત્યાં સુધી રબના બતાવ્યા વિના કોઈ પહોંચ નથી અથવા રબ તરફથી ઈલ્હામ કરવાથી મો'જિઝા તથા કરામતના તૌર પર.

દુર્રે મુખ્તાર કિતાબુલ હજ્જમાં છે :–

અર્થ : હજ્જ હિ.સ. ૯માં ફર્ઝ થઈ અને હુઝૂર ﷺએ તેને **હિ.સ. ૧૦ સુધી લંબાવ્યું** કોઈ ઉઝરના કારણે અને હુઝૂર ﷺને પોતાની જિંદગી પાક બાકી રહેવાનો ઈલ્મ પણ હતો જેથી તબ્લીગ પૂર્ણ થઈ જાય.

આ લખાણથી જાણવા મળ્યું કે કયારે વફાત થશે એને જાણવું ઉલૂમે ખમ્સા છે પણ હુઝૂર ﷺને પોતાની વફાતની ખબર હતી કે હિ.સ. ૯માં થશે નહીં, એટલા માટે એ વરસે હજ્જ ન કરી, નહીં તો હજ્જ ફર્ઝ થતાં જ એને અદા કરવું જરૂરી છે, કેમ કે આપણને મૌતની ખબર નથી.

ખરપૂતીએ શરહે કસીદા બુર્દહમાં આ શેઅર હેઠળ બયાન ફર્માવ્યું :–

وَ وَاقِفُوْنَ لَدَيْهِ

عِفْدَ حَدِهِمْ وَ فِیْ حَدِيْثٍ يُرْوٰى عَنْ مُعَاوِيَةَ اَنَّهٗ كَانَ يَكْتُبُ بَيْنَ يَدَيْهِ عَلَيْهِ السَّلَامُ فَقَالَ لَهٗ اَلْقِ الدَّوَاةَ وَ حَرِّفِ الْقَلَمَ وَ اَقِمِ الْبَاءَ وَ فَرِّقِ السِّيْنَ وَ لَا تُعَوِّرَ الْمِيْمَ مَعَ اَنَّهٗ عَلَيْهِ السَّلَامُ لَمْ يَكْتُبْ وَ لَمْ يَقْرَءْ مِنْ كِتَابِ الْاَوَّلِيْنَ

અર્થ : હઝરત અમીર મુઆવિયહથી હદીષ મરવી છે કે, તેઓ હુઝૂર ﷺની સામે લખ્યા કરતા હતા. તો હુઝૂર ﷺએ તેમને ફર્માવ્યું કે ખડીયો (દવાત) આ પ્રમાણે રાખો, કલમને ફેરવો, બે ને સીધો કરો, સીન માં ફર્ક કરો અને મીમ ને વાંકી ન કરો. જ્યારે કે હુઝૂર ﷺએ ન લખવાનુ શીખ્યું હતું અને ન તો આગલાઓની કિતાબો વાંચી હતી.

તફસીરે રૂહુલ બયાનમાં આયત :–

لَاتَخُطُّهٗ بِيَمِيْنِكَ *(સૂ. અન્કબૂત, આ. ૪૮)* હેઠળ છે, **અર્થ** : હુઝૂર ﷺ ખિત્તાઓ (જમીનના) જાણતા અને તેની ખબર પણ આપતા હતા.

એનાથી સાબિત થયું કે હુઝૂર ﷺ ઈલ્મે ખિત્તા પણ ખૂબીપૂર્વક જાણતા હતા. એની સંપૂર્ણ તેહકીક મારી કિતાબ 'શાને હબીબુર્રહમાન બ આયાતે કુર્આન'માં જુઓ.

મષ્નવી શરીફમાં મૌલાના રૂમ સાહબ કાફિર કેદીઓનો એક પ્રસંગ નકલ ફર્માવીને પછી ફર્માવે છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

અર્થ : "હું આખા જહાનને તે સમયથી જોઈ રહ્યો છું જ્યારે આદમ તથા હવ્વા પેદા પણ થયાં ન હતાં. અને હે કાફિર કેદીઓ ! મેં તમને મીષાકના દિવસે મો'મિન તથા નમાઝી જોયા હતા. એટલા માટે તમને કૈદ કરવામાં આવ્યા છે કે તમે ઈમાન લાવો. જે થાંભલા વિના આસ્માનોની પેદાઈશ મેં જોઈ છે એનાથી કાંઈ વિશેષ ન થયું."

ઉલમાએ કિરામના આ કથનોથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺને રબ તઆલાએ સર્વ અંબિયા, મલાઈકહથી અધિક ઈલ્મો આપ્યાં. લોહે મેહફૂઝ તથા કલમના ઈલ્મો હુઝૂર ﷺના ઈલ્મનું ટીપુ છે અને આલમની કોઈ ચીજ એવી નથી જે એ હક્ક઼ જોનારી આંખથી છુપી રહી હોય.

(પાંચમો વિભાગ)

★ ઈલ્મે ગયબ વિશે વિરોધીઓનાં સમર્થન કરતાં કથનો ★

અત્યાર સુધી તો ઈલ્મે ગયબ વિશે માનનારાઓનાં લખાણો થકી હુઝૂર ﷺના ઈલ્મે ગયબ વિશે સાબિતી પુરવાર કરી. હવે વિરોધીઓના મોટેરાઓનાં લખાણો રજૂ કરવામાં આવે છે.

હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ શમાઈમે ઈમ્દાદિયહ પેજ–૧૧૦માં ફર્માવે છે કે, અંબિયા તથા અવલિયાને ઈલ્મે ગયબ નથી હોતો. પણ હું કહું છું કે અહલે હક્ક જે તરફ નજર કરે છે તે તરફનાં ગયબો માલૂમ કરી લે છે. અસલમાં એ ઈલ્મે હક્ક છે. આં હઝરત ﷺને હુદૈબિયહ અને હઝરત આઈશાનાં મામલામાં ખબર ન હતી, એને પોતાના દાવાની દલીલ સમજે છે, એ ગલત છે. કેમ કે ઈલ્મના વાસ્તે તવજ્જોહ જરૂરી છે.

–(માખૂઝ અન્વારે ગૌષિયહ, પેજ–૨૫)

મોલ્વી રશીદ અહમદ સાહબ ગંગોહી લતાઈફે રશીદિયહ, પેજ–૨૭માં જણાવે છે, અંબિયા عَلَيْهِمُ السَّلَامને સતત ગયબની વાતોનો મુશાહેદો (દીદાર) થાય છે અને ખુદાની બારગાહમાં હમેશાં જાગૃત અવસ્થામાં રહે છે.

–(અન્વારે ગયબિયહ્, સફા–૩૨)

મોલ્વી અશરફ અલી થાનવી તકમીલુલ યકીન, પેજ–૧૩૫માં જણાવે છે, શરીઅતમાં આવ્યું છે કે, રસૂલો તથા અવલિયા ગયબ તથા ભાવિની ખબરો આપ્યા કરે છે કેમ કે જ્યારે ખુદા ગયબ તથા ભાવિની થનારી ચીજોને જાણે છે કેમ કે દરેક થનાર ચીજ તેના ઈલ્મથી, તેના ઈરાદા મુજબ, તેના કરવાથી ઉદ્ભવે છે તો પછી તેને કઈ બાબત રોકી શકે છે કે એ જ ખુદા તે રસૂલો તથા અવલિયામાંથી જેને ચાહે તેને ગયબ કે ભાવિની ખબર આપે ?! જો કે અમે એ માનીએ છીએ કે ઈન્સાની ફિતરતનો તકાઝો નથી કે તે જાતે પોતે ખુદ ગયબની વાતોમાંથી કોઈ ચીજ જાણી લે, પરંતું જો ખુદા કોઈને બતાવી આપે તો તને કોણ રોકી શકે છે ? પછી તે લોકોને જે કાંઈ ખબર પડે છે તે ખુદાના બતાવવાથી જ માલૂમ પડે છે અને પછી તે લોકો અન્ય લોકોને ખબર આપે છે. એમાંથી એવો કોઈ નથી જે જાતે પોતે ઈલ્મે ગયબ જાણતો હોવાનો દાવો કરે, અને જે એવો દાવો કરે તેને કાફિર બતાવે છે.

મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી તહઝીરુન્નાસ, પેજ–૪ ઉમર લખે છે, "અવ્વલીન ઈલ્મો ઔર છે અને આખરીન ઈલ્મો ઔર, પરંતું તે સર્વ ઈલ્મ રસૂલુલ્લાહમાં જમા છે. એ જ પ્રમાણે આલિમે હકીકી રસૂલુલ્લાહ છે અને બાકી અંબિયા તથા ઔલિયા એમના વસીલાથી જાણનારા છે."

આ અંતિમ લખાણ પર વિચાર કરવો જોઈએ કે મોલ્વી કાસિમ નાનોત્વીએ હુઝૂર ﷺમાં અવ્વલીન તથા આખરીનનો ઈલ્મ જમા માન્યો છે. અને અવ્વલીનમાં હઝરત આદમ તથા હઝરત ખિઝર તથા હઝરત ઈબ્રાહીમ عَلَيْهِمُ السَّلَامએ જ પ્રમાણે સર્વ ફરિશતાઓ, અર્શ ઊંચકનારા તથા લોહે મેહફૂઝ પાસે હાજર રહેનારા પણ સામેલ છે, જેથી એ સર્વના ઈલ્મોથી હુઝૂર ﷺનો ઈલ્મ વધારે હોવો જોઈએ. હઝરત આદમ عليه السلامના ઈલ્મને અમે વર્ણવી ચૂક્યા છીએ.

(છઠ્ઠો વિભાગ)

★ ઈલ્મે ગયબ વિશે અકલી દલીલો તથા ઔલિયાના ઈલ્મે ગયબ વિશે ★

કેટલીક અકલી (બૌધ્ધિક) દલીલો વડે પણ મા કાન વમા યકૂનનો ઈલ્મ સાબિત છે તે દલીલો નીચે પ્રમાણે છે,

(૧) હુઝૂર સૈયદે આલમ ﷺ સલ્તનતે ઈલાહિયહૂના વઝીર બલ્કે ખલીફાએ આ'ઝમ છે. હઝરત આદમ عليه السلام ને ખલીફતુલ્લાહ (અલ્લાહના ખલીફા) બનાવવામાં આવ્યા, તો હુઝૂર ﷺએ સલ્તનતના ખલીફાએ આ'ઝમ અને જમીનમાં રબ્બુલ આલમીનના નાયબ છે અને સલ્તનતના નિયુક્ત કરેલા હાકિમમાં બે ખૂબીઓ હોવી જરૂરી છે એક ઈલ્મ બીજી ચીજ ઈખ્તિયારો. આ દુનિયવી સલ્તનતના હાકિમો જેવી રીતે મોટો દરજ્જો ધરાવે છે એવી જ રીતે તેની જાણકારી ઈખ્તિયારો (પાવર્સ) વધારે હોય છે, કલેકટરને આખા જિલ્લાની માહિતી તથા સત્તા હોય છે. વાઈસરોયને આખા દેશના વિશે માહિતી તથા સત્તા જરૂરી છે, કેમ કે આ બે ગુણો વિના હુકૂમત કરી જ નથી શકતા અને સુલ્તાની (ગવર્નમેન્ટી) કાનૂન પ્રજા પર લાગુ જ નથી કરી શકતા. એ જ પ્રમાણે અંબિયામાં જેનો જેટલા પ્રમાણમાં મોટો દરજ્જો એટલા પ્રમાણમાં તેના અધિકારો અને ઈલ્મ અધિક હોય છે. હઝરત આદમ عليه السلام ની ખિલાફતને રબ્બુલ આલમીને તેમના ઈલ્મથી જ સાબિત ફર્માવી કે આટલો વિશાળ ઈલ્મ આપ્યો છે જેથી એ જ ખિલાફતે ઈલાહિયહના માટે લાયક છે, પછી ફરિશતાઓ પાસે સિજદો કરાવવો તેમના ખાસ ઈખ્યિારોની સાબિતી હતી કે ફરિશતાઓ પણ તેમની પાસે ઝુકી ગયા. નબી કરીમ ﷺ સર્વ આલમના નબી અને અર્શ તથા ફર્શના લોકો આપના ઉમ્મતી છે જેથી જરૂરી હતું કે આપને તમામ અંબિયાથી અધિક ઈલ્મ અને અધિક સત્તાઓ આપવામાં આવે, એટલા માટે ઘણા મો'જિઝાઓ દેખાડવામાં આવ્યા, ચાંદ ઈશારાથી ચીરવામાં આવ્યો, ડૂબેલો સૂર્ય પાછો આવ્યો, વાદળને હુકમ આપ્યો તો પાણી વરસ્યું, પછી હુકમ આપ્યો તો ખુલી ગયું... આ સર્વ ખુદાદાદ ઈખ્તિયારોનો ઈઝહાર હતો.

(૨) મોલ્વી કાસિમ સાહબ નાનોત્વીએ તહઝીરુન્નાસમાં લખ્યું છે કે, ''અંબિયા ઉમ્મતમાં ઈલ્મોમાં જ મુમતાજ (વિશિષ્ટ) હોય છે, રહ્યો અમલ તો એમાં જાહેરી રીતે ક્યારેક ઉમ્મતી નબીથી વધી જાય છે.'' જેનાથી તેમના કહ્યા પ્રમાણે જાણવા મળ્યું કે અમલમાં ઉમ્મતી નબીથી વધી શકે છે પણ ઈલ્મમાં નબીનું અધિકતાવાળા હોવું અનિવાર્ય છે. અને હુઝૂર ﷺના ઉમ્મતી તો ફરિશ્તા પણ છે. તો ઈલ્મમાં હુઝૂર ﷺનું ઈલ્મમાં ફરિશ્તાથી વધારે હોવું જરૂરી છે, નહીં તો હુઝૂર ﷺ કયા ગુણમાં (કઈ ખૂબીમાં) ઉમ્મતીથી અફઝલ ગણાશે ? અને લોહના હાજરીન ફરિશ્તાઓને તો મા કાન વ માયકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)નો ઈલ્મ છે જેથી જરૂરી છે કે હુઝૂર ﷺનો એનાથી પણ વધારે ઈલ્મ થયો.

(૩) થોડાક વરસો કામિલ ઉસ્તાદની સોહબતમાં રહીને માણસ આલિમ બની જાય છે. હુઝૂર ﷺ વિલાદતે પાક (જન્મ) પહેલાં કરોડો વરસ રબ તઆલાની ખાસ બારગાહમાં હાજર રહ્યા, તો કેમ હુઝૂર કામિલ આલિમ ન બને ?! રૂહુલ બયાને **લકદ્ જાઅકુમ્**ની તફસીરમાં ફર્માવ્યું કે હઝરત જિબ્રઈલે બારગાહે નબુવ્વતમાં અર્ઝ કરી કે એક તારો ૭૦ હજાર સાલ પછી ચમકે છે અને મેં તેને ૭૨ હજાર વખતે ચમકતો જોયો છે. ફર્માવ્યું તે તારો હું જ હતો ! હિસાબ લગાડો કે કેટલા કરોડ વરસ ખાસ દરબારમાં હાજરી રહી.

(૪) જો શાગિર્દના ઈલ્મમાં કાંઈ કમી રહે તો તેનાં ચાર કારણો હોઈ શકે છે. પ્રથમ એ કે તે શાગિર્દ નાઅહલ (લાયકાત વિનાનો) હતો કે ઉસ્તાદથી પૂરો ફયઝ (લાભ) મેળવી ન શક્યો. બીજુ એ કે ઉસ્તાદ કામિલ ન હતો જેથી સંપૂર્ણપણે શીખવાડી ન શકયો. ત્રીજુ એ કે ઉસ્તાદ કયાં તો કંજૂસ હતો કે પૂરપૂરો ઈલ્મ શાગિર્દને ન આપ્યો અથવા તેનાથીયે પ્રિય કોઈ અન્ય શાગિર્દ હતો કે તેને શીખવાડવા ચાહે છે. ચોથુ એ કે જે કિતાબ પઢાવી તે અપૂર્ણ હતી. આ ચાર કારણો સિવાય અન્ય કોઈ કારણ હોઈ જ નથી શકતુ. અહીં તો શીખવાડનાર પરવાદિગાર, શીખનાર મહબૂબ ﷺ અને શું શીખવાડયું કુર્આન અને પોતાનાં ખાસ ઈલ્મો. બતાવો ! શું રબ તઆલા કામિલ ઉસ્તાદ નથી ? અથવા રસૂલુલ્લાહ ﷺથી વધારે કોઈ અધિક પ્યારુ છે ? અથવા શું કુર્આન

મુકમ્મલ નથી ? જ્યારે આમાંની કોઈ વાત નથી, કેમ કે રબ તઆલા કામિલ અતા ફર્માવનાર, મહબૂબ ﷺ કામિલ લેનાર, કુર્આને કરીમ કામિલ કિતાબ. અર્રહમાન, અલ્લમલ્ કુર્આન તે જ સૌથી મકબૂલ બારગાહ પછી ઈલ્મ ક્યાંથી અર્પણ હોય ?!

(૫) રબ તઆલાએ દરેક વાત લોહે મેહફૂઝમાં શા માટે લખી ? લખવું કયાં તો પોતાની યાદશક્તિ માટે હોય છે કે ભૂલી ન જવાય અથવા તો બીજાને બતાવવા માટે હોય છે. રબ તઆલા તો ભૂલથી પાક છે જેથી તેણે અન્યોને માટે જ લખ્યું અને હુઝૂર ﷺ તો અન્યોથી અધિક મહબૂબ છે જેથી એ લખાણ હુઝૂર ﷺના માટે જ છે.

(૬) ગયબોની ગયબ રબ તઆલાની ઝાત છે. હઝરત મૂસા عليه السلام એ દીદારની તમન્ના કરી તો ફર્માવી દેવામાં આવ્યું કે લનતરાની "તમે મને નહીં જોઈ શકો." જ્યારે મેહબૂબ ﷺએ રબ તઆલાને જ મેઅરાજમાં પોતાની એ જાહેરી મુબારક આંખો વડે જોઈ લીધો. તો પછી આલમ શું ચીજ છે જે આપનાથી છુપાઈ શકે.

ઔર કોઈ ગયબ કયા તુમસે નિહાં હો ભલા
જબ ન ખુદા હી છુપા તુમપે કરોળોં દુરૂદ

—આ'લા હઝરત

દીદારે ઈલાહીની ચર્ચા માટે મારી કિતાબ "શાને હબીબુર્રહમાન" જુઓ. *(આ કિતાબ અમારી પાસે "અલ્લાહના હબીબની શાન" નામથી ગુજરાતીમાં મળે છે. —અનુવાદક)*

મિર્કાત શરહે મિશકાત બાબુલ ઈમાન બિલ કદર ફસ્લ અવ્વલના છેવટમાં છે, (અર્થ) : હુઝૂર ﷺએ દુનિયામાં રબને જોયો કેમ કે ખૂદ નૂર થઈ ગયા હતા.

(૭) શૈતાન દુનિયાને ગુમરાહ કરનારો છે અને નબી ﷺ દુનિયાના હાદી (હિદાયત કરનારા) છે. એટલે શૈતાન વબાઈ બીમારી છે અને નબી ﷺ મુત્લક તબીબ. રબ તઆલાએ શૈતાનને ગમરાહ કરવા માટે એટલો

વિશાળ ઈલ્મ આપ્યો કે દુનિયાનો કોઈ શખ્સ તેની નિગાહથી ગાયબ નથી. વળી તેને એ પણ ખબર છે કે કોણ ગુમરાહ થઈ શકે છે અને કોણ નહીં ! અને જે ગુમરાહ થઈ શકે છે તે કયા હીલાથી થશે ? એવી જ રીતે દરેક દીનના દરેક મસ્અલાથી ખબરદાર છે એટલા માટે દરેક નેકીથી રોકે છે અને બુરાઈ કરાવે છે. તેણે રબ તઆલાને અર્ઝ કરી હતી : لَأُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِيْنَ *(સૂ. સુવાદ, આ. ૮૨, ૮૩)* જ્યારે ગુમરાહ કરનારાને આટલો ઈલ્મ આપવામાં આવ્યો તો જરૂરી છે કે દુનિયાના મુત્લક તબીબ ﷺ હિદાયત આપવા માટે એનાથી કેટલાયે અંશે અધિક ઈલ્મવાળા હોવા જોઈએ, જેથી આપ દરેક શખ્સને, તેની બીમારીને, તેની કાબેલિયત અને તેના ઈલાજને જાણે, નહીં તો હિદાયત સંપૂર્ણ થશે નહીં અને રબ તઆલા પર એતરાઝ થશે કે તેણે ગુમરાહ કરનારાને મજબૂત કર્યો અને હિદાયત કરનારા (હાદી)ને કમજોર રાખ્યો ! જેથી ગુમરાહી તો કામિલ રહી અને હિદાયત અપૂર્ણ.

(૮) રબ તઆલાએ હુઝૂર ﷺને નબીના સંબોધનથી પોકાર્યા. યા અય્યુહન્નબી ! અને નબીનો અર્થ છે ખબર આપનાર. જો તેનો મતલબ કેવળ દીનની ખબર આપનાર હોય તો દરેક મોલ્વી નબી છે. અને જો દુનિયાના પ્રસંગો મતલબ હોય તો દરેક અખ્બાર, રેડિયો, પત્ર, તાર મોકલનારા નબી થઈ જાય ! જણાયું કે નબીમાં ગયબી ખબરો મોઅતબર છે, એટલે ફરિશ્તાઓને અર્શની ખબર આપનાર જ્યાં તાર, અખ્બાર કામ ન લાગી શકે ત્યાં નબીનો ઈલ્મ હોય છે. જણાયું કે ઈલ્મે ગયબ નબીના અર્થમાં સામેલ છે.

અહીં સુધી તો હુઝૂર ﷺના ઈલ્મે ગયબની ચર્ચા હતી. હવે એ પણ જાણવું જોઈએ કે હુઝૂર ﷺના સદકામાં અવલિયાએ કિરામને પણ ઈલ્મે ગયબ આપવામાં આવે છે, પણ તેમનો ઈલ્મ નબી ﷺના વાસ્તાથી હોય છે અને તેમના ઈલ્મના સમુદ્રનુ ટીપુ.

મિર્કાત શરહે મિશ્કાતમાં કિતાબે અકાઈદ સંપાદક શયખ અબૂ અબ્દુલ્લાહ શીરાઝીથી નકલ ફર્માવે છે, (અર્થ) બંદો હાલતોમાં બદલાયા કરે છે એટલે સુધી કે રૂહાનિયતની સિફત પામી લે છે પછી ગયબ જાણે છે.

એ જ મિર્કાતમાં કિતાબે અકાઈદથી નકલ ફર્માવ્યું :–

(અર્થ) : કામિલ બંદો ચીજોની હકીકતથી માહિતગાર થઈ જાય છે અને તેના પર ગયબુલ ગયબ ખુલી જાય છે.

મિર્કાન, જિલ્દ દોમ, પેજ : ૬ બાબસ્સલાતે અલન્નબિય્યિ વ ફદ્લિહામાં ફર્માવે છે :–

(અર્થ) : પાક તથા સાફ નફ્સ જ્યારે બદની (શારીરિક) ઈલાકાઓથી ખાલી થઈ જાય છે ત્યારે તરક્કી કરીને બઝ્મે બાલા (ઉચ્ચ બઝ્મ)થી મળી જાય છે અને તેમના પર કોઈ પર્દો બાકી નથી રહેતો. પછી તે તમામ ચીજોને મહેસૂસ કરવાની જેમ તથા હાઝિરની જેમ જુએ છે, ચાહે પોતાની મેળે અથવા ફરિશ્તાના ઈલ્હામથી.

શાહ અબ્દુલ અઝીઝ સાહબ તફસીરે અઝીઝી સૂરએ જિનમાં ફર્માવે છે:

(અર્થ) લોહે મહેફૂઝની ખબર રાખવી અને તેનું લખાણ જોવું કેટલાક અવલિયા થકી, તવાતુરની રીતે નકૂલ થયેલ છે.

ઈમામ ઈબ્ને હજર મક્કી કિતાબુલ્ અઅ્માલમાં અને અલ્લામા શામી "સલ્લુલ હિશામ"માં ફર્માવે છે :–

(અર્થ) જાઈઝ છે કે ખાસ ખાસ હઝરાત કોઈ મામલામાં કે ફૈસલામાં ગયબ જાણી લે, જેમ કે ઘણાયે અવ્લિયાથી થયેલ છે અને મશહૂર થઈ ગયું.

શાહ વલીયુલ્લાહ સાહબ અલ્તાફુલ્ કુદ્સમાં ફર્માવે છે :–

(અર્થ) : આરિફનો નફ્સ બિલકુલ જિસ્મ બની જાય છે અને આરિફની ઝાત રૂહના સ્થાને થઈ જાય છે. તે તમામ આલમને ઈલ્મે હુઝૂરીથી જુએ છે.

ઝુર્કાની શરહે મવાહિબ, જિલ્દ : ૭, પેજ : ૨૨૮માં ફર્માવે છે :–

قَالَ فِيْ لَطَائِفِ الْمِنَنْ

اِطِّلَاعُ الْعَبْدِ عَلٰى غَيْبٍ مِنْ غُيُوْبِ اللّٰهِ بِدَلِيْلِ خَبَرِ اتَّقُوْا فَرَاسَةَ الْمُؤْمِنِ فَاِنَّهٗ يَنْظُرُ بِنُوْرِاللّٰهِ لَا يَسْتَغْرِبُ وَهُوَ مَعْنٰى كُنْتُ بَصَرَهُ الَّذِىْ يُبْصِرُ بِهٖ فَمِنَ الْحَقِّ بَصَرُهٗ فَاِطِّلَاعُهٗ عَلَى الْغَيْبِ لَا يُسْتَغْرَبُ

(અર્થ) : અલ્તાફુલ મુબીનમાં ફર્માવ્યું કે, કામિલ બંદાનુ અલ્લાહના ગયબોમાંથી કોઈ ગબય પર માહિતગાર થઈ જવું અજીબ નથી, એ હદીષોના કારણે કે, મો'મિનની દાનાઈથી ડરો કેમ કે તે અલ્લાહના નૂરથી જુએ છે. અને એ જ હદીષનો અર્થ છે કે રબ તઆલા ફર્માવે છે કે હું તેની આંખ બની જાઉં છું જેના વડે તે જુએ છે. વળી તેનુ જોવુ હક્કના તરફથી હોય છે, જેથી તેનુ ગયબ પર માહિતગાર થઈ જવું કાંઈ આશ્ચર્યની વાત નથી.

ઈમામ શઅરાની અલ્ યવાકીત વલ્ જવાહિરમાં ફર્માવે છે :–

نَظَرْتُ اِلىٰ بِلَادِ اللّٰهِ جَمِيْعاً كَخَرْدَلَةٍ عَلىٰ حُكْمِ اتِّصَال

(અર્થ) : ગયબી ઈલ્મોમાં મુજતહીદોનો કદમ મજબૂત છે. હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે, (અર્થ) : મેં અલ્લાહના સર્વ શહેરોને એવી રીતે જોઈ લીધાં જેવી રીતે કે અમુક રાઈના દાણા ભેગા થયેલા છે.

શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ઝુબ્દુલ્ અસ્રારમાં હુઝૂરે ગૌષે પાકનો ઈર્શાદ નક્લ ફર્માવે છે :–

قَالَ رَضِیَ اللّٰهُ یَا اَبْطَالُ یَا اَطْفَالُ هَلُمُّوْا وَ خُذُوْا عَنْ هٰذَا الْبَحْرِ الَّذِیْ لَا سَاحِلَ لَهٗ وَ عِزَّةِ رَبِّیْ اِنَّ السُّعَدَاءَ وَ الْاَشْقِیَاءَ یُعْرَضُوْنَ عَلَیَّ وَ اَنَّ بُوْبُوْءَةَ عَیْنِیْ فِی اللَّوْحِ الْمَحْفُوْظِ وَ اَنَا غَائِصٌ فِیْ بِحَارِ عِلْمِ اللّٰهِ۔

(અર્થ) : હે બહાદુરો ! હે ફરઝંદો ! આવો અને આ દરિયાથી કાંઈ લઈ લો જેનો કિનાર જ નથી. ક્સમ છે મારા રબની કે મારી સમક્ષ નેકબખ્ત તથા બદ્બખ્ત લોકો રજૂ કરવામાં આવે છે અને મારી નજર લોહે મેહફૂઝ પર રહે છે અને હું અલ્લાહના ઈલ્મોના સમુદ્રોમાં ડૂબકીઓ લગાડી રહ્યો છું.

મૌલાના જામી નફહાતુલ ઉન્સમાં હઝરત ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદી قُدِّسَ سِرُّهُ الْعَزِیْز નો ક્વૌલ નક્લ ફર્માવે છે :–

(અર્થ) : હઝરત અઝીઝાન عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે આ ઔલિયાના ગિરોહની નજરમાં જમીન દસ્તરખાનની જેમ છે અને હું કહું છું કે નખની જેમ છે કે કોઈ ચીજ તેમની નજરોથી ઓઝલ નથી.

ઈમામ શઅરાની કિબરિતે અહમરમાં ફર્માવે છે કે : મેં મારા શયખ સૈયદ અલી ખવાસ رضی اللہ عنہ ને ફર્માવતાં સાંભળ્યા કે અમારી નજીક ત્યાં સુધી કોઈ મર્દે કામિલ નથી થતો જ્યાં સુધી કે પોતાના મુરીદની નસબી હરકતોને ન જાણી લે, યૌમે મીષાકથી લઈને તેના જન્નત કે દોઝખમાં દાખલ થતાં સુધી.

શાહ વલીયુલ્લાહ સાહબ ફુયૂઝુલ હરમૈનમાં ફર્માવે છે :–

ثُمَّ اِنَّهٗ يَنْجَذِبُ اِلَى الْحَقِّ فَيَصِيْرُ عَبْدَاللّٰهِ فَيَتَجَلّٰى لَهٗ كُلُّ شَىْءٍ

(અર્થ) : પછી તે મર્દે આરિફ બારગાહે હક્કની તરફ ખેંચાઈ જાય છે પછી તે અલ્લાહના બંદા હોય છે અને તેમની સામે દરેક ચીજ જાહેર થઈ જાય છે.

મિશ્કાત, જિલ્દ અવ્વલ, કિતાબુદ્ દઅ્વાત બાબે ઝિક્રુલ્લાહ વલ્ તકર્રુબમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, બુખારીની રિવાયતથી (અર્થ) : રબ તઆલા ફર્માવે છે, પછી જ્યારે કે હું તે બંદાની આંખ બની જાઉં છું જેનાથી તે જુએ છે અને તેનો હાથ બની જાઉં છું જેના વડે તે પકડે છે અને એનો પગ બની જાઉં છું જેના વડે તે ચાલે છે.

એ પણ ખયાલ રાખશો કે હઝરત ખિઝર عليہ السلام તથા ઈલ્યાસ عليہ السلام અત્યારે જમીન ઉપર જીવતા છે અને આ હઝરાત હવે ઉમ્મતે મુસ્તફા ﷺ ના વલી છે અને હઝરત ઈસા عليہ السلام જ્યારે તશરીફ લાવશે તો તે પણ આ ઉમ્મતના વલીની હૈસિયતથી હશે. એમના ઈલ્મોની હું અગાઉ ચર્ચા કરી ચૂક્યો છું, એમનાં ઈલ્મો પણ હવે હુઝૂર ﷺ ની ઉમ્મતના અવલિયાના ઈલ્મો છે.

(બીજુ પ્રકરણ)

ઈલ્મે ગયબ પર વાંધાઓનું વર્ણન

આ પ્રકરણમાં ચાર ખંડો છે : પ્રથમ ખંડ કુર્આની આયતો વિશે જેને વિરોધીઓ રજૂ કરે છે, બીજો ખંડ હદીષોના વિશે, ત્રીજો ખંડ ઉલમા તથા ફુકૃહા (ફકૃીહો)ના અકવાલ(કથનો) વિશે અને ચોથો ખંડ અકલી દલીલોથી વાંધાઓ વિશે.

આ પ્રકરણની શરૂઆત પહેલાં પ્રસ્તાવનારૂપે અમુક જરૂરી ચર્ચાઓ ધ્યાનમાં લેવાનો પાત્ર છે.

૦૧. જે આયતો તથા હદીષો તથા કથનો ફકૃીહોના હુઝૂર عليه الصلوة والسلام ના ઈલ્મે ગયબના ઈન્કાર બાબતમાં છે, તેમાં ક્યાં તો ઝાતી ઈલ્મ મુરાદ છે અથવા તમામી મા'લૂમાત. એટલે કે રબ તઆલાની મા'લૂમાતના બરાબર અતાઈ ઈલ્મની તો નફી (ઈન્કાર) નથી, નહીં તો પછી તે આયતો તથા હદીષોમાં જે અમે સાબિતીના રૂપે બયાન કરી ચૂક્યા છીએ તેની સાથે મળતાપણુ કઈ રીતે થશે ? અલ્લામા ઈબ્ને હજર ફતાવા હદીષિયહમાં આ પ્રકારની તમામ દલીલોના જવાબમાં ફર્માવે છે, (અર્થ) : મુસ્તકિલ તૌર (ઝાતી) પર ઈલ્મ નથી જાણતા, નહીં તો કેટલો ઈલ્મ આપને છે એ મર્યાદાના બાબતે અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતુ, પરંતુ મો'જિઝાઓ અને કરામતો ખુદાના બતાવવાથી થાય છે.

વિરોધીઓ કહે છે કે જે દલીલોમાં ઈલ્મે ગયબની સાબિતી છે એનો મતલબ દીની મસાઈલનો ઈલ્મ છે. અને જેમાં ઈન્કાર છે તેનો મતલબ બાકી દુનિયવી ચીજોનાં ઈલ્મો છે. પરંતુ આ ખુલાસો તે કુર્આની આયતો અને સહીહ હદીષો અને ઉલમાએ ઉમ્મતના કથનોની વિરુદ્ધ છે જે મેં સાબિતીમાં રજૂ કર્યા છે.

હઝરત આદમ عليه السلام નો ઈલ્મ, એ જ પ્રમાણે લોહે મહેફૂઝનો ઈલ્મ સર્વ ચીજોને સમાવે છે, પછી હુઝૂર عليه الصلوة والسلام નું ફર્માવવું કે તમામ આલમ મારી સમક્ષ હાથ સમાન છે, જેથી એ ખુલાસો તદ્દન બાતિન (ગલત) છે.

૦૨. વિરોધીઓની રજૂ કરેલી તે દલીલો કે રબ તઆલા ફર્માવે છે કે, ગયબ અલ્લાહ સિવાય કોઈ નથી જાણતું, અથવા હુઝૂર ફર્માવે છે કે, હું ગયબ નથી જાણતો, અથવા ફક્રીહો ફર્માવે છે કે જે ગૈરે ખુદા માટે ઈલ્મે ગયબ માને તે કાફિર છે, આ ખુદ વિરોધીઓની પણ વિરુદ્ધ છે ! કેમ કે અમુક ગયબના ઈલ્મોના તો તે પણ (કાઈલ) માનનારા છે ! કેવળ સર્વ મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)માં જ મતભેદ છે. તો તે આયતો, તથા ફક્રીહોના કથનોથી તેઓ પણ નથી બચી શકતા કેમ કે જો એક વાતનો પણ ઈલ્મ માનો તો તે દલીલોની વિરુદ્ધ થયો.

૦૩. વિરોધીઓ કહે છે કે આ દલીલોમાં કુલ ઈલ્મે ગયબની નફી (નકાર) છે નહીં કે અમુકની. તો તે ઝઘડો જ ખત્મ થઈ ગયો ! કેમ કે મા કાન વમા યકૂન ઈલ્મે ઈલાહીના સમુદ્રોનુ ટીપુ છે. અમે પણ હુઝૂર عليه الصلوة والسلام ના માટે અલ્લાહના ઈલ્મોની સરખામણીમાં અમુક જ માનીએ છીએ.

૦૪. વિરોધીઓ કહે છે કે ઈલ્મે ગયબ ખુદાની સિફત છે જેથી ગૈરે ખુદાના માટે માનવુ કુફ્ર છે, તો તેઓ પણ તેમાં દાખલ થઈ ગયા ! કેમ કે સિફતે ઈલાહિયહ્માંથી જો એકમાં પણ શિર્કત માની તો કુફ્ર થયું અને સૌમાં માન્યું તો પણ કુફ્ર થયું. જે શખ્સ આલમની એક ચીજનો ખાલિક કોઈ બંદાને માને તો તે પણ બેદીન છે અને તમામ આલમનો ખાલિક કોઈને માને તો પણ કાફિર ! જ્યારે તેઓ (વિરોધીઓ) અમુક ઈલ્મે ગયબ હુઝૂર માટે સાબિત કરે છે તો પછી કુફ્રથી કેવી રીતે બચી શકે છે ? હા! એવું કહો કે ઝાતી ઈલ્મ ખુદાની સિફત અને અતાઈ ઈલ્મ હુઝૂર عليه الصلوة والسلام ની સિફત જેથી શિર્ક ન થયું. એ જ અમે પણ કહીએ છીએ.

(પ્રથમ વિભાગ)

★ વિરોધીઓ તરફથી કુર્આની આયતો વિશે ★

(૦૧) قُلْ لَا اَقُوْلُ لَكُمْ عِنْدِىْ خَزَآئِنُ اللّٰهِ وَ لَا اَعْلَمُ الْغَيْبَ

"તમે ફર્માવી દો કે હું તમને નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાનાઓ છે અને એ કહું કે જાતે ગયબ જાણી લઉં છું." *(સૂરએ અન્આમ, આ. ૫૦)*

આ આયતના ચાર ખુલાસાઓ મુફસ્સિરોએ આપેલા છે. પ્રથમ એ કે ઝાતી ઈલ્મે ગયબની નફી (ઈન્કાર) છે. બીજુ એ કે કુલ ઈલ્મે ગયબની નફી છે. ત્રીજુ એ કે તવાઝોઅ તથા ઈન્કેસારી (નમ્રતા તથા બડાઈથી પર હોવાના) તૌર પર બયાન ફર્માવી દેવામાં આવ્યું. ચોથુ એ કે આયતનો અર્થ એ છે કે, હું દાવો નથી કરતો કે હું ઈલ્મે ગયબ જાણુ છું એટલે ઈલ્મે ગયબના દાવાનો ઈન્કાર છે, નહીં કે ગયબની ખબર હોવા વિશેનો. તફસીરો જુઓ :–

તફસીરે નીશાપૂરીમાં આ આયત હેઠળ છે :–

يَحْتَمِلُ اَنْ يَّكُوْنَ وَ لَا اَعْلَمُ الْغَيْبَ عَطْفاً عَلٰى لَا اَقُوْلُ لَكُمْ اَىْ قُلْ لَا اَعْلَمُ الْغَيْبَ فَيَكُوْنُ فِيْهِ دَلَالَةٌ عَلٰى اَنَّ الْغَيْبَ بِالْاِسْتِقْلَالِ لَا يَعْلَمُهٗ اِلَّا اللّٰهُ

(અર્થ) : એટલે કે હે મહબૂબ ! ફર્માવી દો કે હું ગયબ નથી જાણતો. તો એમાં દલીલ એના માટે પણ થશે કે ખુદાની અતા વિના જાતે પોતે ગયબ જાણતા હોવું એટલે કે ઝાતી ઈલ્મ ખુદા સિવાય કોઈ નથી જાણતું.

તફસીરે બયઝાવીમાં એ જ આયત હેઠળ છે :–

لَا اَعْلَمُ الْغَيْبَ مَا لَمْ يُوْحَ اِلَىَّ اَوْ لَمْ يَنْتَصِبْ عَلَيْهِ دَلِيْلٌ

(અર્થ) : હું ગયબ નથી જાણતો જ્યાં સુધી તેની મારા પર વહી ન કરવામાં આવે અથવા કોઈ દલીલ એના પર કાયમ ન થાય અથવા એનાથી

મુરાદ કુલ ઈલ્મે ગયબનો ઈન્કાર છે.

તફસીરે કબીરમાં એ આયત હેઠળ છે :–

قَوْلُهٗ لَا اَعْلَمُ الْغَيْبَ يَدُلُّ عَلٰى اِعْتِرَافِهٖ بِاَنَّهٗ غَيْرُ عَالِمٍ بِكُلِّ الْمَعْلُوْمَاتِ

(અર્થ) : એ ફર્માન કે હું ગયબ નથી જાણતો, હુઝૂર عليه الصلوٰة والسلام ના તો ઈકરાર માટે દલીલ પૂર્ણ પાડે છે કે આપ સર્વ માલૂમાતો નથી જાણતા, અથવા એ કથન તવાઝોઅ તથા ઈન્કેસારી (પોતે બડાઈ ન દર્શાવવા નમ્રતા રજૂ કરવાના)ના રૂપે ફર્માવવામાં આવ્યું.

તફસીરે ખાઝિનમાં એ આયત હેઠળ છે :–

وَ اِنَّمَا نَفٰى عَنْ نَّفْسِهِ الشَّرِيْفَةِ هٰذِهِ

الْاَشْيَآءَ تَوَاضُعاً لِلّٰهِ تَعَالٰى وَ اِعْتِرَافاً لِلْعُبُوْدِيَةِ فَلَسْتُ اَقُوْلُ شَيْئاً مِنْ ذٰلِكَ وَ لَاَدَّعِيْهِ

(અર્થ) : હુઝૂર عليه الصلوٰة والسلام એ રબના માટે આજિઝી કરતાં અને પોતાની બંદગીનો ઈકરાર ફર્માવતાં તે ચીજોનો પોતાની જાતે જ ઈન્કાર કર્યા, એટલે કે તેમાં હું કાંઈ જ નથી કહેતો અને કોઈ ચીજનો દાવો નથી કરતો.

તફસીરે અરાઈસુલ બયાનમાં છે :–

وَ تَوَاضَعَ حِيْنَ اَقَامَ نَفْسَهٗ مَقَامَ الْاِنْسَانِيَّةِ

بَعْدَ اِنْ كَانَ اَشْرَفَ خَلْقِ اللّٰهِ مِنَ الْعَرْشِ اِلَى الثَّرٰى وَ اَطْهَرَ مِنَ الْكُرُوْبِيِّيْنَ

وَ الرُّوْحَانِيِّيْنَ خُضُوْعاً لِجَبَرُوْتِهٖ وَ خُشُوْعاً لِمَلَكُوْتِهٖ

(અર્થ) : હુઝૂર عليه الصلوٰة والسلام એ આજીજી પ્રદર્શિત કરી કે પોતાની જાતને ઈન્સાનિયતના સ્થાને રાખી, નહીં તો આપ અર્શથી ફર્શ સુધી સર્વ મખ્લૂકમાં અશરફ (ઉચ્ચ) છે અને ફરિશ્તાઓ અને રૂહાની મખ્લૂકથી વિશેષ સુથરા છે. હક્ક તઆલાની શાને જબ્બારી સામે આજીજીના રૂપે તેના દબદબાની સામે પસ્તી (ઉતારતાપણુ) પ્રદર્શિત કરવા રૂપે ફર્માવ્યું. એ ઈલ્મે ગયબના દાવાનો ઈન્કાર છે કે હું ઈલ્મે ગયબનો દાવો નથી કરતો.

તફસીરે નીશાપુરીમાં છે :–

اَیْ لَا اَدَّعِیْ الْقُدْرَةَ عَلٰی کُلِّ الْمَقْدُوْرَاتِ وَ الْعِلْمَ بِکُلِّ الْمَعْلُوْمَاتِ

(અર્થ) : એટલે હું તમામ મકદુરાત પર કુદરત અને તમામ માલૂમાતને જાણવાનો દાવો નથી કરતો.

તફસીરે કબીર એ જ આયત હેઠળ ફર્માવે છે :–

اَیْ وَلَا اَدَّعِیْ کَوْنِیْ مَوْصُوْفاً بِعِلْمِ اللّٰهِ وَ بِمَجْمُوْعِ
هٰذَیْنِ الْکَلَامَیْنِ حَصَلَ اَنَّهٗ لَا یَدَّعِیْ الْاُلُوْهِیَّةَ

(અર્થ) : એટલે કે હું અલ્લાહના ઈલ્મ સાથે મેળાપ થવાનો દાવો નથી કરતો અને તે બંને વાતોનો સામૂહિક મતલબ એ છે કે હુઝૂર ﷺ ખુદા હોવાનો દાવો નથી કરતા.

રૂહુલ બયાન એ જ આયત હેઠળ જણાવે છે,

عَطْفٌ عَلٰی عِنْدِیْ خَزَائِنُ اللّٰهِ وَ لَا مُنْکِرَةٌ لِلنَّفْیِ
اَیْ وَلَا اَدَّعِیْ اَنِّیْ اَعْلَمُ الْغَیْبَ مِنْ اَفْعَالِهٖ تَعَالٰی عَلٰی اَنَّهَا عِنْدِیْ وَ لٰکِنْ لَّا
اَقُوْلُ لَکُمْ فَمَنْ قَالَ اِنَّ نَبِیَّ اللّٰهِ لَا یَعْلَمُ الْغَیْبَ فَقَدْ اَخْطَاءَ فِیْمَا اَصَابَ

એટલે કે હું એ દાવો નથી કરતો કે ખુદાના અફઆલમાં (ફેઅલોમાં) ગયબ જાણું છું એ કારણે કે અલ્લાહના ખજાનાઓ મારી પાસે તો છે પણ હું એ કહેતો નથી. જેથી જે શખ્સ એવું કહે કે નબીયલ્લાહ ગયબ જાણતા ન હતા, તેણે ગલતી કરી.

તફસીરે મદારિક એ જ આયત હેઠળ જણાવે છે :–

(અર્થ) : મતલબ આપે એવું ફર્માવ્યું કે હું તમને આમ નથી કહેતો અને ન તો આમ.

તફસીરે નીશાપુરી આ આયત હેઠળ ફર્માવે છે :–

(અર્થ) : આ આયતમાં **લા અકૂલુ** બે ઠેકાણે છે, પ્રથમ **લા અકૂલુ** પછી બે ચીજોનું વર્ણન છે, કે હું નથી કહેતો મારી પાસે અલ્લાહના ખજાના છે

અને ન એ કહું છું કે જાણુ છું. બીજા **લા અકૂલુ** પછી કેવળ એક ચીજનો ઉલ્લેખ છે, હું નથી કહેતો કે હું ફરિશતો છું. એટલા માટે કે પ્રથમ બે માં તો દાવાનો ઈન્કાર છે અને દાવો કરનાર (મુદઈ)ની સાબિતી, અને બીજા કૌલમાં દાવો તો મુદઈ બંનેની નફી (નકાર) છે. એટલે કે મારી પાસે અલ્લાહ તઆલાના ખજાનાઓ પણ છે અને હું ગયબ પણ જાણુ છું પણ તેનો દાવો નથી કરતો.

હદીષે પાકમાં છે, (મિશ્કાત બાબે ફઝાઈલે સૈયદુલ મુરસલીન) અર્થ : મને જમીનના ખજાનાઓની ચાવીઓ આપી દેવામાં આવી અને ઈલ્મે ગયબની હદીષો હું રજૂ કરી ચૂક્યો. અને ન હું હકીકતમાં ફરિશતો છું અને ન તો તેનો દાવો કરુ છું. જો આ પોઈન્ટ ન હોત તો એક જ સ્થાને **લા અકૂલુ** પૂરતુ હતુ બે જગાએ શા માટે લાવવામાં આવ્યું ? જો અમે રજૂ કરેલ ખુલાસાઓ ન સ્વીકારવામાં આવે તો આ આયત વિરોધીઓની પણ વિરુદ્ધ છે ! કેમ કે અમુક ઈલ્મે ગયબ તો તેઓ પણ માને છે અને આ આયત તદ્દન નફી (નકાર) કરી રહી છે. **લકુમ** માં કાફિરોને સંબોધન છે એટલે કે, હે કાફિરો ! હું તમને નથી કહેતો કે મારી પાસે ખજાનાઓ છે, તમે ચોર છો, ચોરોને ખજાનાઓ નથી બતાવવામાં આવતા. તમે શૈતાનની જેમ અસ્રાર (રહસ્યો)ની ચોરી ન કરી લો. રબ તઆલાએ પણ શૈતાનોને આસ્માનોમાં જવાથી એટલા માટે રોક્યા કે તેઓ ચોર છે. એ તો સિદ્દીકને કહેવામાં આવશે કે, મને અલ્લાહના ખજાનાઓની ચાવીઓ સુપ્રત કરવામાં આવી. તેમ જ અહીં **ઈન્દી** ફર્માવીને બતાવવામાં આવ્યું કે ખજાનો મારી પાસે નથી, મારી માલિકીમાં છે. કેમ કે ખજાનો ખજાનચીની પાસે અને માલિકની માલિકીમાં હોય છે, હું ખજાનચી નથી. કેમ ?! જોયું નહીં કે તે ઈશારા પર વાદળો વરસ્યાં ! તેમની આંગળીઓથી ઝરણાંઓ વહેવા લાગ્યાં !

(૨) وَلَوْ كُنْتُ اَعْلَمُ الْغَيْبَ لَا سْتَكْثَرْتُ مِنَ الْخَيْرِ ۚ "અને જો હું ગયબ જાણી લીધા કરત તો એવું થાત કે મેં ઘણી ભલાઈ એકત્ર કરી લીધી."

(સૂ. અઅ્રાફ, આયત : ૧૮૮)

આ આયતના પણ મુફસ્સિરોએ ત્રણ મતલબ દર્શાવ્યા છે. એક એ કે

હુઝૂર ﷺનુ આ કલામ આજીજી (ઈન્કેસારી) રૂપે છે, બીજુ એ કે તમામ મામૂલાતે ઈલાહી જાણવાનો ઈન્કાર કરવાનો હેતુ છે અને ત્રીજુ એ કે ઝાતી ઈલ્મનો ઈન્કાર છે.

નસીમુર્રિયાઝમાં એ જ આયત હેઠળ છે :–

(અર્થ) : ઈલ્મે ગયબનું માનવું આ આયતની વિરુદ્ધ નથી. કેમ કે નકાર વાસ્તા વિનાના ઈલ્મનો છે પરંતુ હુઝૂર ﷺનુ ગયબથી માહિતગાર હોવું અલ્લાહના બતાવવાથી છે, એ યકીની બાબત છે. રબ તઆલાના આ ફર્માનના કારણે **ફલા યુઝહિમુ અલા ગય્બિહી...** કુલ માલૂમાતે ઈલાહીયાના જાણવાના નકારમાં છે.

શરહે મવાકિફમાં મીર સૈયદ શરીફ ફર્માવે છે :–

اَنَّ الْاِطِّلَاعَ عَلٰى جَمِيْعِ الْمُغَيَّبَاتِ

لَا يَجِبُ لِلنَّبِيِّ وَ لِذَا قَالَ عَلَيْهِ السَّلَامُ لَوْ كُنْتُ اَعْلَمُ الْغَيْبَ لَاسْتَكْثَرْتُ مِنَ الْخَيْرِ وَ جَمِيْعُ مُغَيَّبَاتٍ غَيْرُ مُتَنَاهِيَةٍ

(અર્થ) : તમામ ગયબોથી માહિતગાર થઈ જવુ નબીના માટે જરૂરી નથી એટલા માટે હુઝૂર عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું :– وَلَوْ كُنْتُ اَعْلَمُ الْغَيْبَ لَاسْتَكْثَرْتُ مِنَ الْخَيْرِ તમામ ગયબો ગૈર મુત્નાહી (સીમાહિન) છે અથવા આ કથન આજીજીના રૂપે છે.

સાવી હાશિયા જલાલૈનમાં છે :–

اِنْ قُلْتَ اِنَّ هٰذَا يُشْكِلُ مَعَ مَا تَقَدَّمَ مِنْ

اَنَّهٗ اُطْلِعَ عَلٰى جَمِيْعِ مُغَيَّبَاتِ الدُّنْيَا وَ الْاٰخِرَةِ فَالْجَوَابُ اَنَّهٗ قَالَ ذٰلِكَ تَوَاضُعًا

(અર્થ) : જો તમે કહો કે આ આયત આગલા કથન કે, "હુઝૂર ﷺને તમામ દીની તથા દુનિયાવી ગયબોથી માહિતગાર કરી દેવામાં આવ્યા"ની વિરુદ્ધ છે, તો જવાબ એ છે કે આ કલામ **લા અઅ્લમુલ ગય્બ** આજીજીના

રૂપે ફર્માવ્યું છે.

તફસીરે ખાઝિનમાં જુમલ હાશિયા જલાલૈનથી આયત હેઠળ જણાવ્યું કે :

فَاِنْ قُلْتَ قَدْ اَخْبَرَ
النَّبِيُّ عَلَيْهِ السَّلَامُ عَنِ الْمُغَيَّبَاتِ قَدْ جَاءَتْ اَحَادِيْثُ فِي الصَّحِيْحِ بِذٰلِكَ وَ
هُوَ مِنْ اَعْظَمِ مُعْجِزَاتِهٖ فَكَيْفَ الْجَمْعُ بَيْنَهٗ وَ بَيْنَ قَوْلِهٖ لَوْ كُنْتُ اَعْلَمُ الْغَيْبَ
قُلْتُ يَحْتَمِلُ اَنْ يَّكُوْنَ قَالَهٗ تَوَاضُعاً وَ اَدَبًا وَّ الْمَعْنٰى لَا اَعْلَمُ الْغَيْبَ اِلَّا اَنْ
يُّطْلِعَنِيَ اللّٰهُ عَلَيْهِ وَ يُقَدِّرَهٗ لِيْ وَ يَحْتَمِلُ اَنْ يَّكُوْنَ قَالَ ذٰلِكَ قَبْلَ اَنْ يُّطْلِعَهُ
اللّٰهُ عَلَى الْغَيْبِ فَلَمَّا اَطْلَعَهُ اللّٰهُ اَخْبَرَ بِهٖ

(અર્થ) : જો તમે કહો કે હુઝૂર ﷺએ ઘણા ગયબોની ખબર આપી છે અને એના સંબંધે ઘણી સહીહ હદીષો આવેલી છે, અને ઈલ્મે ગયબ તો હુઝૂર ﷺનો મહાન મો'જિઝો છે, તો એ વાતોમાં અને આ આયત (વલવ કુન્તુ....)માં મેળાપપણુ કઈ રીતે થશે ? તો હું કરીશ કે અહીં સંભાવના એ છે કે આ કલામ આજીજીના રૂપે ફર્માવ્યું અને એનો અર્થ એ છે કે, હું ગયબ નથી જાણતો ખુદાના બતાવ્યા વિના, અને એ પણ સંભાવના છે કે આ કલામ ગયબ પર માહિતગર થતાં પહેલાંનું છે. જ્યારે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને ગયબથી માહિતગાર કર્યા તો ખબરો આપી.

અલ્લામા સુલૈમાન જુમલે ફતૂહાતે ઈલાહિયહ્ હાશિયા જલાલૈન, ભાગ : ૨, પેજ : ૨૫૮માં એના જેમ જ ફર્માવ્યું :–

(અર્થ) : એટલે કે ફર્માવી દો કે હું ગયબ નથી જાણતો... આ આયતમાં એના માટે દલીલ છે કે ખુદાની અતા વિના એટલે ઝાતી ઈલ્મ તો ખુદા સિવાય કોઈ નથી જાણતું.

તફસીરે સાવી એ જ આયત હેઠળ જણાવે છે :–

(અર્થ) : હુઝૂર ﷺનું ઈલ્મે ગયબ જાણવુ ન જાણવા સમાન છે, કેમ કે આપને તે ચીજને બદલવા માટે કુદરત નથી સિવાય કે અલ્લાહ તઆલા મકદૂર

ફર્માવી આપે. જેથી અર્થ એ થયો કે જો મને હકીકી ઈલ્મ હોત તો એ રીતનો કે મારા ધાર્યા પ્રમાણે કરી લેત તો ખૈર, ઘણી ભલાઈ જમા કરી લેત.

આ ખુલાસો ઘણો જ ઉમદા છે કેમ કે આયતનો અર્થ એ છે કે જો હું ગયબ જાણત તો ઘણી ભલાઈ એકત્ર કરી લેત અને મને તકલીફ ન પહોંચત. અને કેવળ કોઈ ચીજને જાણવું ખૈર (ભલાઈ) જમા કરવા અને મુસીબતથી બચવા પર કુદરત ન હોય. મને ખબર છે કે ઘડપણ આવશે અને તેનાથી મને આ તકલીફ પડશે, પણ મને બુઢાપો દૂર કરવા પર કુદરત નથી. મને ખબર છે કે અનાજ અમુક દિવસો પછી મોઘુ થઈ જશે પણ મારી પાસે આજે રૂપિયા નથી કે ઘણુ અનાજ ખરીદવું હોય તો ખરીદી લઉં. જાણવા મળ્યું કે ખબર પામવી અને મુસીબતથી બચવું બંને ઈલ્મ તથા કુદરત બંને પર અવલંબિત છે. અને અહીં કુદરતનો ઉલ્લેખ નથી. જેથી ઈલ્મે ગયબથી તે ઈલ્મ મુરાદ છે જે કુદરતની સાથે હોય એટલે કે ઝાતી ઈલ્મ જે ઉલૂહિયત માટે લાઝિમ છે જેની સાથે કુદરત લાઝિમ છે, નહીં તો આયતનો અર્થ દુરુસ્ત ન થાય કેમ કે **મુક़દ્દમ** અને **તાલી**માં **લુઝૂમ** નથી રહેતું, અને એના વિના કિયાસ દુરુસ્ત નથી હોતો.

તેમજ દેવબંદી તો આ આયતનો એ અર્થ કરે છે, જો હું ગયબ જાણત તો ઘણી ભલાઈ કરી લેત અને મને કોઈ મુસીબત ન પહોંચત. પણ કેમ કે મારી પાસે ન ખબર છે ન મુસીબતથી બચાવ જેથી ગયબ નથી જાણતો.

આપણે આ તર્જુમો કરી શકીએ છીએ કે વિચાર કરી લો કે, જો મારી પાસે ખૈર હોય અને હું મુસીબતથી બચુ તો સમજી લો કે મને ઈલ્મે ગયબ પણ છે. મારી પાસે બહુ ખૈર છે :–

يُؤْتِي الْحِكْمَةَ مَنْ يَّشَآءُ ۚ وَمَنْ يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِيَ خَيْرًا كَثِيْرًا ؕ *(સૂ. બક़રહ, આ. ૨૬૯)* તેમજ اِنَّآ اَعْطَيْنٰكَ الْكَوْثَرَ *(સૂ. કૌષર, આ. ૧)* તેમજ يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ *(સૂ. આલે ઈમરાન, આ. ૧૬૪)* અને હું મુસીબતથી પણ મહેફૂઝ છું કેમ કે રબ તઆલા ફર્માવે છે : وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ *(સૂ. માઈદહ,*

આ. ૬૭) જેથી આ આયત તો ઈલ્મે ગયબની સાબિતીમાં છે, નહીં કે ઈન્કારમાં !

રૂહુલ્ બયાન એ જ આયત હેઠળ ફર્માવે છે :–

(અર્થ) : કેટલાક મશાઈખ એ તરફ ગયા છે કે, નબી ﷺ કયામતનો સમય પણ અલ્લાહના બતાવવાથી જાણતા હતા અને તેમનુ આ કલામ આ આયતના હસ્રના વિરુદ્ધ નથી જેમ કે છૂપુ નથી.

(3) وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَآ اِلَّا هُوَ ؕ "અને તેની પાસે છે ચાવીઓ ગયબની એને તે જ જાણે છે." *(સૂરએ અન્આમ, આ. ૫૯)*

મુફસ્સિરોએ ફર્માવ્યું કે મફાતિહુલ ગયૂબ (ગયબની કુંજીઓ)થી મુરાદ તો ગયૂબના ખજાના છે એટલે સર્વ માલૂમાતે ઈલાહિયહ્ને જાણવું અથવા એનો મતલબ ગયબને હાજર કરવું અથવા ચીજોને પેદા કરવા પર કાદિર (શક્તિમાન) હોવું. કેમ કે ચાવીનું કામ એ જ હોય છે કે તેનાથી તાળુ ખોલ્યુ અને અંદરની ચીજ બહાર અને બહારની ચીજ અંદર કરી દીધી. એ જ પ્રમાણે હાજરને ગયબ અને ગયબને હાજર કરવું એટલે પેદા કરવું અને મૌત આપવાની કુદરત પરવરદિગારને જ છે.

તફસીરે કબીરમાં આ આયત હેઠળ છે :–

فَكَذٰلِكَ هٰهُنَا لَمَّا كَانَ عَالِماً بِجَمِيْعِ
الْمَعْلُوْمَاتِ عَبَّرَ هٰذَا الْمَعْنٰى بِالْعِبَارَةِ الْمَذْكُوْرَةِ وَ عَلَى التَّقْدِيْرِ الثَّانِيْ الْمُرَادُ
مِنْهُ الْقُدْرَةُ عَلٰى كُلِّ الْمُمْكِنَاتِ

(અર્થ) : જ્યારે કે પરવરદિગાર તમામ માલૂમાતને જાણનાર છે તો એ મતલબને આ ઈબારતથી બયાન કર્યો અને બીજી સ્થિતિમાં એનો મતલબ એ થશે કે સર્વ મુમ્કિનાત પર કાદિર હોવું છે.

તફસીરે રૂહુલ બયાનમાં એ આયત હેઠળ છે :–

(અર્થ) : તે ચીજોના નકશ બાંધવાનુ કલમ જે એવી ચાવી છે જેનાથી એ ચીજોની પેદાઈશનો દરવાજો ખોલવામાં આવે છે (તેની યોગ્ય સૂરતોમાં) એ

જ મલકૂત (બાદશાહી) છે. દરેક ચીજના મલકૂતના કલમથી દરેક ચીજની હસ્તી થાય છે અને મલકૂતનો કલમ અલ્લાહના હાથમાં છે એટલા માટે ગયબથી મુરાદ પૈદા કરવાનુ જાણવુ છે.

તફસીરે ખાઝિનમાં એ આયત હેઠળ છે :–

لِاَنَّ اللّٰہَ تَعَالٰی لَمَّا کَانَ عَالِماً بِجَمِیْعِ

الْمَعْلُوْمَاتِ عَبَّرَ ھٰذَا الْمَعْنٰی بِھٰذِہِ الْعِبَارَۃِ وَ عَلَی التَّفْسِیْرِ الثَّانِی یَکُوْنُ الْمَعْنٰی وَ

عِنْدَہٗ خَزَائِنُ الْغَیْبِ وَ الْمُرَادُ مِنْہُ الْقُدْرَۃُ الْکَامِلَۃُ عَلٰی کُلِّ الْمُمْکِنَاتِ

(અર્થ) : કેમ કે રબ તઆલા જ્યારે તમામ માલૂમાતને જાણનાર છે તો એ અર્થને આ ઈબારતથી વર્ણવ્યો. અને બીજી તફસીર પર એનો અર્થ એ થશે કે અલ્લાહની નજીક ગયબના ખજાનાઓ છે અને એનાથી મુરાદ દરેક મુમ્કિન ચીજ પર કામિલ કુદરત. અથવા એનાથી મુરાદ એ ગયબની ચાવીઓ અલ્લાહની તા'લીમ વિના કોઈ નથી જાણતું.

તફસીરે અરાઈસુલ્ બયાનમાં છે :–

قَالَ الْحَرِیْرِیُّ لَا یَعْلَمُھَا اِلَّا ھُوَ وَ مَنْ

یُّطْلِعُہٗ عَلَیْھَا مِنْ خَلِیْلٍ وَّ حَبِیْبٍ اَیْ لَا یَعْلَمُھَا الْاَوَّلُوْنَ وَ الْاٰخِرُوْنَ قَبْلَ

اِظْھَارِہٖ تَعَالٰی ذٰلِکَ لَھُمْ

(અર્થ) : હરીરીએ ફર્માવ્યું કે એ ચાવીઓને અલ્લાહ તઆલા સિવાય અને તે મહેબૂબો જેને અલ્લાહ તઆલા ખબરદાર કરી આપે તેમના સિવાય કોઈ નથી જાણતુ, એટલે કે તેને આગલા પાછલા અલ્લાહના જાહેર ફર્માવતાં પહેલાં નથી જાણતા.

આ આયતના જો તે મતલબો વર્ણવવામાં ન આવે જે અમે બતાવીએ છીએ તો એ વિરોધીઓની પણ વિરુદ્ધ છે, કેમ કે અમુક ઈલ્મે ગયબ તો તેઓ પણ માને છે, અને એમાં (આયતમાં) ઈલ્મે ગયબની તદ્દન નફી (નકાર) છે.

નોંધ : કેટલાક ભાઈઓએ મને જણાવ્યું કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ

આ જગ્યાએ એક પોઈન્ટ લખ્યો છે તે એ છે કે આ આયતમાં છે **ઈન્દહૂ મફાતિહુલ્ ગયબ** બીજીમાં છે, **લહૂ મકાલીદુસ્સમાવાતિ વલ્ અર્દ.** "મફાતિહ" તથા "મકાલીદ" બંનેનો અર્થ છે ચાવીઓ. અને જો "મફાતિહ"નો પ્રથમ તથા છેલ્લો હર્ફ (અક્ષર) મીમ તથા હે લો અને "મકાલીદ"નો પ્રથમ તથા છેલ્લો હર્ફ "મીમ" તથા "દાલ" લો તો "મુહમ્મદ" બને છે. (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) જેનાથી સમજમાં આવે છે કે રસૂલની ઝાત જ આલમના ઝહૂરની કુંજી છે. "લા યઅૂલમુહા ઈલ્લાહુવ"માં એ તરફ ઈશારો છે કે હુઝૂર ﷺ જેવા છે તેવું કોઈ નથી જાણતુ. હકીકતે મુહમ્મદિયહ્ને રબ જ જાણે છે. "મફાતિહ" (ચાવીઓ) બહુવચન એટલા માટે બોલવામાં આવ્યું કે આપની દરેક અદા રહમતે ઈલાહીની કુંજી છે. આપનુ નૂર આલમની કુંજી **કુલ્લુલ્ ખલ્કિ મિન્નૂરી,** કયામતમાં આપનો સિજદો શફાઅતની કુંજી, જન્નતમાં આપનુ નામ દરેક નેઅમતની કુંજી, જુઓ મારી કિતાબ "શાને હબીબુર્રહમાન." (ગુજરાતીમાં "અલ્લાહના હબીબની શાન" અમારે ત્યાં મળશે. *–અનુવાદક*)

જરૂરી નોંધ : આ આયતથી એ જાણવુ મળ્યું કે રબ તઆલાની પાસે ગયબની ચાવીઓ છે. હવે સવાલ એ છે કે કુંજી વડે કોઈના માટે ગયબનો દરવાજો ખોલવામાં આવ્યો પણ કે નહીં ? અથવા કોઈને કુંજી આપવામાં આવી કે નહીં ? એનો જવાબ કુર્આન તથા હદીષને પૂછો ! કુર્આન ફર્માવે છે, **ઈન્ના ફતહ્ના લક ફતહમ્મુબીના** "અમે તમારા માટે જાહેરી તૌર પર ખોલી આપ્યું." શું ખોલી આપ્યુ ? એનો ઉમદા ખુલાસો મારી કિતાબ "શાને હબીબુર્રહમાન"માં જુઓ.

તાળા ચાવીમાં તે જ ચીજો રાખવામાં આવે છે જે ખોલીને કાઢવાની હોય, અને જેને ખોલીને કાઢવાની ન હોય તેને જમીનમાં દફન કરી દેવામાં આવે છે. જાણવા મળ્યું કે ગયૂબ આપવાનુ હતુ એટલે ચાવી રાખી.

હદીષમાં છે : أُوْتِيْتُ مَفَاتِيْحَ خَزَائِنِ الْاَرْضِ "મને જમીનના ખજાનાઓની કુંચીઓ આપી દેવામાં આવી." એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺને કુંચી

પણ આપવામાં આવી અને આપના માટે દરવાજો ખોલવામાં આવ્યો.

(૪) قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَ الْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ "તમે ફર્માવો, ખૂદ ગયૂબ નથી જાણતા જે કાંઈ આસ્માનો તથા જમીનમાં છે પણ અલ્લાહ."

(સૂરએ નમ્લ, આ. ૬૫)

આ આયતના પણ મુફસ્સિરોએ બે મતલબ બયાન કર્યા. ઝાતી ગયૂબ કોઈ નથી જાણતુ તથા કુલ ગયૂબ કોઈ નથી જાણતું.

તફસીરે અનમૂઝજે જલીલમાં એ જ આયત હેઠળ છે :–

مَعْنَاهُ لا يَعْلَمُ الْغَيْبَ بِلَا دَلِيْلٍ اِلَّا اللّٰهُ اَوْ بِلَا تَعْلِيْمٍ اَوْجَمِيْعَ الْغَيْبِ

(અર્થ) : આયતનો અર્થ એ છે કે દલીલ વિના અથવા બતાવ્યા વિના સૌ ગયૂબ ખુદા સિવાય કોઈ નથી જાણતુ.

તફસીરે મદારિક એ જ આયત હેઠળ જણાવે છે :–

اَلْغَيْبُ مَا لَمْ يَقُمْ عَلَيْهِ دَلِيْلٌ وَ لَا اُطْلِعَ عَلَيْهِ خُلُوْق

(અર્થ) : ગયૂબ તે છે જેના પર કોઈ દલીલ ન હોય અને કોઈ મખ્લૂકને તેનાથી માહિતગાર ન કરવામાં આવેલ હોય.

મદારિકના આ ખુલાસાથી જાણવા મળ્યું કે તેમની ઈસ્તેલાહમાં (બોલીમાં) જે ઈલ્મ અતાઈ હોય તેને ગયૂબ નથી કહેવામાં આવતો, ગયૂબ તો કેવળ ઝાતીને કહેવામાં આવે છે. હવે કોઈ ગુંચવાડો જ ન રહ્યો ! જે આયતોમાં ગયૂબની નફી (ઈન્કાર) છે તે ઝાતી ઈલ્મ છે.

આ આયતના થોડાક આગળ છે :–

وَ مَا مِنْ غَآئِبَةٍ فِي السَّمَآءِ وَ الْاَرْضِ اِلَّا فِيْ كِتٰبٍ مُّبِيْنٍ (સૂ. નમ્લ, આ. ૭૫) જેનાથી જાણવા મળ્યું કે, દરેક ગયૂબ લોહે મહેફૂઝ અથવા કુર્આનમાં છે.

ફતાવા ઈમામ નબવીમાં છે :–

(અર્થ) : આયત **લા યઅ્લમુ મન્ ફિસ્સમાવાત** વગેરેનો શો મતલબ ?

જ્યારે કે હુઝૂર ﷺ ભાવિની વાતો જાણે છે.

જવાબ : એનો અર્થ એ છે કે, ગયબને મુસ્તકિલ તૌર પર (ઝાતી) કોઈ નથી જાણતુ, પરંતુ મો'જિઝાઓ તથા કરામતો તો તે રબના બતાવવાથી હાંસલ થાય છે, નહીં કે ઝાતી તૌર પર.

ઈમામ ઈબ્ને હજર મક્કી ફતાવાએ હદીષિયહમાં ફર્માવે છે :–

مَا ذَكَرْنَاهُ فِى الْاٰيَتِ صَرَّحَ بِهٖ
النَّوَوِىُّ فِى فَتَاوَاهُ فَقَالَ لَا يَعْلَمُ ذٰلِكَ اِسْتِقْلَالًا وَ عِلْمَ اِحَاطَةٍ بِكُلِّ
لُمَعْلُوْمَاتٍ

(અર્થ) : અમે આ આયતના વિશે જે કહ્યું ઈમામ નવવીએ તેનો ફતવામાં ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે ગયબને ઝાતી તૌર પર (ખુદાના બતાવ્યા વિના) તથા સર્વ મા'લૂમાતે ઈલાહિયહ્ને કોઈ પણ નથી જાણતુ.

શરહે શિફા ખફ્ફાજીમાં છે :–

(અર્થ) : આ કલામ તે આયતોની વિરુદ્ધ નથી જેમાં જણાય છે કે ગયૂબ ખુદા સિવાય કોઈ નથી જાણતુ, કેમ કે નફી (નકાર) વાસ્તા વિનાના ઈલ્મની છે, પરંતુ અલ્લાહની તા'લીમથી (બતાવવાથી) જાણવું એ સાબિત છે.

જો આ આયતના એ અર્થો માનવામાં ન આવે તો વિરોધીઓની પણ વિરુદ્ધ છે, કેમ કે અમુક ગયૂબોનો ઈલ્મ હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને માટે તેઓ પણ માને છે. (જુઓ બરાહીને કાતિઅહ્, પેજ : ૫૦) તો પછી આ આયતનો શો અર્થ બતાવશે ? કુર્આને કરીમમાં છે :–

اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ "હુકમ ખુદા સિવાયનાનો નથી." *(સૂ. અન્આમ, ૬/૫૭)*
لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَ مَا فِى الْاَرْضِ "ખુદાની જ તે તમામ ચીજો છે જે જમીન તથા આસ્માનમાં છે." *(સૂ. બકરહ, ૨/૨૫૫)* وَ كَفٰى بِاللّٰهِ شَهِيْدًا "અલ્લાહ કાફી (પૂરતો) ગવાહ છે." *(સૂ. નિસાઅ, ૪/૭૯)* وَ كَفٰى بِاللّٰهِ وَكِيْلًا "અલ્લાહ કાફી વકીલ છે." *(સૂ. નિસાઅ, ૪/૮૧)* وَ كَفٰى بِاللّٰهِ حَسِيْبًا "અલ્લાહ કાફી હિસાબ લેનાર છે." *(સૂ. નિસાઅ, ૪/૬)*

આ આયતોથી જાણવા મળ્યું કે હુકૂમત, માલિકીપણુ, ગવાહી, વકાલત, હિસાબ લેવો સૌ અલ્લાહની સાથે ખાસ છે. તો હવે ઈસ્લામી બાદશાહને હાકિમ, દરેક શખ્સને પોતાની ચીજોનો માલિક, મુશ્રિકોને વકીલ, તથા હિસાબ લેનાર તથા આમ લોકોને કેસોમાં ગવાહ માનવામાં આવે છે. એવું શાથી ? કેવળ એટલા માટે કે આ આયતોમાં હુકૂમત, મિલ્કિયત.... વગેરેથી હકીકી અને ઝાતી મુરાદ છે અને અન્યોના માટે આ સિફત (ગુણો, ખૂબીઓ) અતાએ ઈલાહી માનવામાં આવે છે. એ જ પ્રમાણે ગયૂબ વિશે આયતોમાં પણ ખુલાસો કરવો જરૂરી છે કે હકીકીની ગૈરના માટે નફી છે અને અતાઈની સાબિતી.

(૫) وَمَا عَلَّمْنٰهُ الشِّعْرَ وَمَا يَنْۢبَغِيْ لَهٗ ؕ اِنْ هُوَ اِلَّا ذِكْرٌ وَّقُرْاٰنٌ مُّبِيْنٌ ۙ "અને અમે તેમને શેઅર કહેવાનુ ન શીખવાડયું અને ન તે તેમની શાનને લાયક છે, તે તો નહીં પણ નસીહત અને રોશન કુર્આન." *(સૂ. યાસીન, ૩૬/૬૯)*

મુફસ્સિરોએ આ આયતના ત્રણ અર્થો દર્શાવ્યા છે. પ્રથમ એ કે ઈલ્મના કેટલાક અર્થો છે, જાણવું, મલ્કા (કોઈ વિષયમાં કોઈ શખ્સનું માહિર થઈ જવું). અહીં ઈલ્મના અન્ય અર્થો છે. એટલે કે, અમે નબી કરીમ عليه الصلوة والسلام ને શેઅર ગોઈના મલ્કો નથી આપ્યો, એ નહીં કે તેમને સારો, બુરો, ખોટો શેઅર ઓળખવાની સમજ ન આપી. બીજુ એ કે શેઅરના બે અર્થો છે એક તો વઝન તથા કાફિયા તથા કલામ (ગઝલ), બીજુ જૂઠી તથા વહેમી તથા કાલ્પનિક વાતો ન શીખવાડી, તેઓ જે કાંઈ ફર્માવે છે હક્ક ફર્માવે છે. ત્રીજુ એ કે શેઅરથી મુરાદ અહીં ઈજમાલી કલામ (સંક્ષિપ્ત વર્ણન) છે એટલે કે, તેમને દરેક ચીજની તપસીલ બતાવી છે, નહીં કે અધ્યાહન રૂપે તથા સંક્ષિપ્તમાં વાતો બતાવી. કુર્આને કરીમ ફર્માવે છે : **વઅલ્લમ્નાહુ સન્અત લબૂ સિલ્લકુમ** "અને અમે તેમને તમારો એક પહેનાવો બનાવવાનું શીખવાડયું."

દયલમીથી હઝરત જાબિરે રિવાયત કરી :–

(અર્થ) : પોતાની ઔલાદને તીરંદાઝી શીખવાડો.

રૂહુલ બયાન આ આયતના હેઠળ જણાવે છે :–

(અર્થ) : વધુ સહીહ એ છે કે આપે શેઅર બખૂબી લખતા ન હતા પરંતુ

સારા તથા રદ્દી શેઅરમાં ફર્ક કરી લેતા હતા.

રૂહુલ બયાન આ જ ઠકાણે જણાવે છે :–

(અર્થ) : આપના માટે શેઅર બનાવવુ મના હતું.

શેઅરનો અર્થ છે જૂઠુ કલામ. મક્કાના કાફિરો કહ્યા કરતા હતા કે, કુર્આન તો શેઅર છે, અને હુઝૂર ﷺ શાયર છે, **બલ્ હુવ શાઈરુન.** આ શેઅરથી મતલબ હતો જૂઠુ કલામ. તો તેમના આ બકવાસની રદ આ આયતે કરી દીધી. કેમ કે ફર્માવવામાં આવ્યુ છે, اِنْ هُوَ اِلَّا ذِكْرٌ وَّ قُرْاٰنٌ مُّبِيْنٌ "તે તો નથી પણ નસીહત અને રોશન કુર્આન." અહીં જો શેઅરથી મુરાદ મન્ઝૂમે કલામ હોય તો આ ઈબારતથી આયતનો શો તઅલ્લુક હશે ?

મદારિક એ જ આયત હેઠળ ફર્માવે છે :–

اَیْ مَا عَلَّمْنَا النَّبِیَّ عَلَیْهِ السَّلَامُ قَوْلَ الشِّعْرِ اَوْ مَا عَلَّمْنَاهُ بِتَعْلِیْمِ الْقُرْآنِ الشِّعْرُ عَلٰی مَعْنٰی اَنَّ الْقُرْاٰنَ لَیْسَ بِشِعْرٍ

(અર્થ) : એટલે કે અમે નબી عليه الصلوة والسلام ને શેઅર કહેવાનું ન શીખવાડયું અથવા અમે તેમને કુર્આનની તા'લીમથી શેઅર નથી શીખવાડયા. મતલબ એ છે કે કુર્આને કરીમ શેઅર નથી.

ખાઝિન એ જ આયત હેઠળ જણાવે છે :–

وَ لَمَّا نَفٰی اَنْ یَّكُوْنَ الْقُرْاٰنُ مِنْ جِنْسِ الشِّعْرِ قَالَ اللّٰهُ تَعَالٰی اِنْ هُوَ اِلَّا ذِكْرٌ وَّ قُرْاٰنٌ مُّبِیْنٌ

(અર્થ) : જ્યારે કે એની રદ ફર્માવી દેવામાં આવી કે કુર્આન શરીફ શેઅરની તરહમાંથી હોય, તો રબ તઆલાએ ફર્માવી દીધું કે નથી તે, પણ નસીહત તથા રોશન કુર્આન.

ખાઝિનમાં છે, (અર્થ) : કુરૈશના કાફિરોએ કહ્યું હતું કે હુઝૂર عليه الصلوة والسلام શાયર છે અને જે કાંઈ તે કહે છે (કુર્આન) શેઅર છે, એને જૂઠુ સાબિત કરવા રબ તઆલાએ આ આયત ઉતારી.

ચેતવણી : અહીં વિરોધીઓ એવો પ્રશ્ન કરે છે કે, રિવાયતોમાં આવ્યું છે કે નબી عليه الصلوة والسلام ની ઝબાને પાક શેઅરના પ્રમાણેની ન હતી, એટલે આપ કોઈ શેઅર પઢતા હતા તો વઝન (પ્રાસ) બગડી જતુ. જુઓ એ જ ખાઝિનમાં છે, (અર્થ) એટલે કે આપના માટે શેઅર પઢવું આસન ન હતું અને આપથી ન દુરુસ્ત અદા થતુ હતું. જો કોઈ શેઅરને નઝમ ફર્માવવાનો ઈરાદો કરતા તો થઈ શકતુ ન હતું.

મદારિકમાં છે, (અર્થ) : એટલે કે અમે તમને એ પ્રમાણેના કર્યા છે કે જો શેઅર પઢવાનો ઈરાદો કરી દે તો આસાન ન થાય.

તફસીરે કબીરમાં છે : (અર્થ) : આપને શેઅર આસાન નથી, એટલે સુધી કે જો કોઈ શેઅર અદા કરવાનો ઈરાદો કરી લે તો તે આપનાથી તૂટેલો સાંભળવા મળતો.

એનો જવાબ એ છે કે : શેઅરનો ઈલ્મ અલગ ચીજ છે અને શેઅરને પઢવું અલગ છે. મોટા મોટા શાયરો શેઅરો ગાઈને પઢી નથી શકતા, ઘણાયે નઅતખ્વાં અને કવ્વાલ શેઅરનો ઈલ્મ નથી ધરાવતા પણ શેઅર પઢવા માટે સંપૂર્ણ સમર્થ હોય છે. તમે રોટી પકાવવાનું જાણતા નથી, પણ સારી, ખરાબ, જાડી, પાતળી તો સારી પેઠે જાણી લો છે.

તમારા આ લખાણોથી જાણવા મળ્યું કે હુઝૂર عليه الصلوة والسلام ને શેઅર પઢવાની મહારત ન હતી, એ નહીં કે શેઅરની ઓળખ ન હતી. એ જ અમે પણ કહ્યું હતું. હુઝૂરને અમુક શેઅર પસંદ હતા અને અમુક નહીં.

રૂહુલ બયાનમાં એ આયત હેઠળ છે : (અર્થ) : હુઝૂર صلى الله عليه وسلم ને શેઅર ખૂબ પસંદ પણ હતા અને ખૂબ નાપસંદ પણ.

તેમજ હદીષોથી સાબિત છે કે, આપે કેટલાક શાયરોના શેઅર પઢયા છે અને તેમની પ્રશંસા કરી છે કેમ કે, **અલા કુલ્લુ શયઈન મા ખલકલ્લાહુ બાતિલુન.** જો સારા બુરા શેઅરની ઓળખ નથી તો આ તારીફ કરવી કેવી ? શેઅરથી મુરાદ સંક્ષિપ્ત વર્ણન છે.

રૂહુલ બયાનમાં એ જ આયત હેઠળ છે :–

(અર્થ) : જાણવુ જોઈએ કે શેઅર સંક્ષિપ્ત તથા લપસવાનુ તથા નિર્દેશોનું સ્થાન છે. એટલે અમે હુઝૂર عليه الصلوٰة والسلام ના માટે કોઈ ચીજના ઈશારા નથી કર્યા અને ન એ કર્યું કે અમે ઈરાદો કાંઈ ફર્માવીએ અને સંબોધન કાંઈ જુદુ કરીએ અને તેમને એ રીતનું સંક્ષિપ્ત વર્ણન નથી ફર્માવ્યું કે સમજમાં ન આવે.

(૬) مِنْهُمْ مَّنْ قَصَصْنَا عَلَيْكَ وَمِنْهُمْ مَّنْ لَّمْ نَقْصُصْ عَلَيْكَ "એમનામાંથી કોઈનો અહવાલ તમને બયાન કર્યો અને કોઈનો બયાન ન કર્યો." *(સૂરએ મો'મિન, આ. ૭૮)*

આ આયતની તફસીરમાં મુફસ્સિરોએ કેટલીક સ્થિતિઓ પ્રદર્શિત કરી છે. એક એ કે એમાં તમામ અંબિયાની હાલતોનો ઈલ્મ આપવાની નફી (ઈન્કાર) નથી, બલ્કે કુર્આને કરીમમાં સ્પષ્ટ રીતના ઉલ્લેખનો ઈન્કાર છે. એટલે કે કેટલાક અંબિયાના પ્રસંગો સ્પષ્ટ રીતે વર્ણન ન કર્યા. બીજુ એ કે સ્પષ્ટતાપૂર્વક (વિસ્તારપૂર્વક) વર્ણનનો ઈન્કાર છે, અને સંક્ષિપ્ત ઉલ્લેખ સૌનો કરવામાં આવ્યો. ત્રીજુ એ કે જાહેર વહીમાં સૌનુ વર્ણન ન થયુ પણ છુપી વહીમાં સૌનુ વર્ણન કરવામાં આવ્યું.

તફસીરે સાવીમાં આ આયત હેઠળ છે :–

(અર્થ) : હુઝૂર ﷺ દુનિયાથી તશરીફ ન લઈ ગયા ત્યાં સુધી કે અંબિયાને તફસીલથી (વિગતે) જાણી લીધા એટલા માટે કે તે સર્વ પયંગબરો આપનાથી જ પેદા થયા અને શબે મેઅરાજના રોજ બયતુલ મુકદ્દસમાં આપના મુકતદી બન્યા, પરંતુ આ ઈલ્મ છુપાયેલો છે અને પયંગબરોના કિસ્સા છોડી દીધા, ઉમ્મત પર રહમત ફર્માવતાં કે જેથી તેમને શક્તિથી અધિક તકલીફ ન આપે.

મિર્કાત શરહે મિશ્કાત, ભાગ : ૧, પેજ : ૫૦માં છે :–

(અર્થ) : આ કલામ એ આયતની વિરુદ્ધ કે, مِنْهُمْ مَّنْ قَصَصْنَا عَلَيْكَ (સૂરએ મો'મિન, આ. ૭૮) કેમ કે નફી (ઈન્કાર) તો તફસીલી ઈલ્મની છે અને સંક્ષિપ્ત ઈલ્મની સાબિતી છે અથવા નફી જાહેરી વહી (કુર્આન)ની છે અને સાબિતી છુપી વહી (હદીષ)ની છે.

કુર્આને કરીમ ફર્માવે છે :–

وَكُلًّا نَّقُصُّ عَلَيْكَ مِنْ اَنْۢبَآءِ الرُّسُلِ مَا نُثَبِّتُ بِهٖ فُؤَادَكَ "અને સર્વ કાંઈ અમે તમને રસૂલોની ખબર સંભળાવીએ છીએ જેથી તમારુ દિલ ઠરેલુ રહે."

–(સૂરએ હૂદ, આ. ૧૨૦)

(૦૭) يَوْمَ يَجْمَعُ اللّٰهُ الرُّسُلَ فَيَقُوْلُ مَاذَآ اُجِبْتُمْ ؕ قَالُوْا لَا عِلْمَ لَنَا ؕ (છેવટ સુધી) "જે દિવસે અલ્લાહ જમા ફર્માવી દેશે રસૂલોને, પછી ફર્માવશે કે તમને શો જવાબ મળ્યો ? અર્ઝ કરશે, અમને કાંઈ ઈલ્મ નથી, બેશક ! તું જ ગયબોને સારી પેઠે જાણનારો છે." *(સૂ. માઈદહ, આ. ૧૦૯)*

મુફસ્સિરોએ આયતે કરીમાની ત્રણ કૈફિયતો રજૂ કરી છે. પ્રથમ : એ કે હે ખુદા ! તારા ઈલ્મના મુકાબલામાં અમને ઈલ્મ નથી. બીજુ : એ કે અદબને ખાતર એ અર્ઝ કરવામાં આવ્યું. ત્રીજુ : એ કે કયામતમાં જ્યારે નફ્સી નફ્સી કરવાનો સમય હશે ત્યારે અંબિયાએ કિરામ એવું ફર્માવશે. ત્યાર પછી અર્ઝ કરશે કે, અમે અમારી કૌમને અહકામની તબ્લીગ કરી પણ તેમણે ન માન્યુ. તે કાફિરો કહેશે કે અમને અહકામ પહોંચ્યા નથી જેના પર ઉમ્મતે મુસ્તફા ﷺ અંબિયાએ કિરામની ગવાહી આપશે.

તફસીરે ખાઝિનમાં એ જ આયત હેઠળ છે :–

(અર્થ) : જેથી આ કૌલના કારણે પયંગબરોએ પોતાના માટે ઈલ્મે ગયબનો ઈન્કાર કર્યો જો કે તેઓ જાણતા હતા, કેમ કે તેમનો ઈલ્મ અલ્લાહના ઈલ્મ આગળ ન હોવા બરાબર (નહીંવત) થઈ ગયો.

મદારિકમાં છે :–

(અર્થ) : તે અંબિયાએ અદબના રૂપે એવું કહ્યું, એટલે કે અમારો ઈલ્મ તારા ઈલ્મની સાથે સાકિત (રદ) છે, જેથી જાણે અમને ઈલ્મ જ નથી.

તફસીરે કબીર એ જ આયત હેઠળ જણાવે છે :–

(અર્થ) : અંબિયાએ કિરામે જ્યારે જાણી લીધુ કે અલ્લાહ આલિમ છે

બેઈલ્મ નથી, હલીમ છે નાદાન નથી, ઈન્સાફવાળો છે જાલિમ નથી તો સમજી ગયા કે તેમની વાત ન તો ભલાઈનો ફાયદો આપશે અને ન મુસીબતને દૂર કરશે. વળી અદબ ખામોશીમાં અને મામલાને અલ્લાહના અદ્લની તરફ સુપરત કરવામાં છે જેથી તેમણે અર્ઝ કરી દીધી કે અમને ઈલ્મ નથી.

બયઝાવી એ જ આયત વિશે જણાવે છે :–

(અર્થ) : કહેવામાં આવ્યું છે કે આયતનો અર્થ એ છે કે, અમે તારા ઈલ્મની સરખામણીમાં ઈલ્મ નથી ઘરાવતા.

રૂહુલ બયાન એ જ આયત હેઠળ જણાવે છે :–

اِنَّ هٰذَا الْجَوَابَ يَكُوْنُ فِىْ بَعْضِ مَوَاطِنِ الْقِيٰمَةِ وَتَرْجِعُ

عُقُوْلُهُمْ اِلَيْهِمْ فَيَشْهَدُوْنَ عَلٰى قَوْمِهِمْ اَنَّهُمْ بَلَّغُوْا الرِّسَالَةَ وَ اَنَّ قَوْمَهُمْ كَيْفَ رَدُّوْا عَلَيْهِمْ

(અર્થ) : આ પ્રશ્ન કયામતના કેટલા મોકાઓ પર થશે અને ત્યાર બાદ મુત્મઈન (સંતુષ્ઠ) થશે તે પોતાની કૌમ માટે ગવાહી આપશે કે અમે રિસાલતની તબ્લીગ ફર્માવી દીધી અને અમારી કૌમે શું જવાબ આપ્યો. *(સારાંશ)*

(૦૮) وَ مَا اَدْرِىْ مَا يُفْعَلُ بِىْ وَلَا بِكُمْ "અને હું નથી જાણતો કે મારી સાથે શું કરવામાં આવશે અને તમારી સાથે શું ?" *(સૂ. અહકાફ–૯)*

આનાથી વિરોધીઓ દલીલ પકડે છે કે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને તો પોતાની ખબર ન હતી, ન કોઈ અન્યની કે કિયામતમાં અમારી સાથે શો મામલો થશે ! પરંતુ એની તફસીરમાં મુફસ્સિરોનાં બે કથનો છે. પ્રથમ એ કે વહી વિના પોતાના કિયાસથી આ બાબતો નથી જાણતો, વહી થકી જાણુ છું, અને બીજુ એ કે આ આયત હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને એ વાતો બતાવ્યા પહેલાંની છે, જેથી મન્સૂખ છે.

તફસીરે સાવીમાં આ આયત વિશે છે, (અર્થ) : હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ) દુનિયાથી તશરીફ ન લઈ ગયા ત્યાં સુધી કે રબ તઆલાએ તેમને કુર્આનમાં બતાવી દીધું કે તેમની સાથે તથા મોમિનો સાથે તથા કાફિરો સાથે દુનિયા તથા આખેરતમાં શું શું થશે ?

મુલ્લા અબ્દુર્રહમાન ઈબ્ને મુહમ્મદ દમિશ્કી રિસાલા નાસિખો મન્સૂખમાં જણાવે છે :–

لَمَّا نَزَلَتْ هٰذِهِ الْاٰيَةُ فَرِحَ الْمُشْرِكُوْنَ

فَقَالُوْا وَ اللّٰاتِ وَ الْعُزّٰى مَا اَمْرُنَا وَ اَمْرُ مُحَمَّدٍ اِلَّا وَاحِداً وَ مَا لَهٗ عَلَيْنَا مِنْ مَّزِيَّةٍ وَّ فَضْلٍ لَوْ لَا اَنَّهٗ مَا ابْتَدَعَ مَا يَقُوْلُهٗ لَاَخْبَرَهُ الَّذِىْ بَعَثَهٗ بِمَا يُفْعَلُ بِهٖ فَاَنْزَلَ اللّٰهُ عَزَّوَجَلَّ لِيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِكَ الاية ـ فَقَالَتِ الصَّحَابَةُ هَنِيْئًا لَكَ يَانَبِىَّ اللّٰهِ قَدْ عَلِمْتَ مَا يُفْعَلُ بِكَ فَمَاذَا يُفْعَلُ بِنَا فَاَنْزَلَ اللّٰهُ لِيُدْخِلَ الْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنَاتِ جَنّٰتٍ الاية وَ اَنْزَلَ وَ بَشِّرِ الْمُؤْمِنِيْنَ بِاَنَّ لَهُمْ مِّنَ اللّٰهِ فَضْلًا كَبِيْراً وَ هٰذَا قَوْلُ اَنَسٍ وَ قَتَادَةَ وَ عِكْرَمَةَ قَالُوْا اِنَّمَا هٰذَا قَبْلَ اَنْ يُّخْبَرَ بِغُفْرَانِ ذَنْبِهٖ وَ اِنَّمَا اُخْبِرَ بِغُفْرَانِ ذَنْبِهٖ عَامَ الْحُدَيْبِيَّةِ فَنُسِخَ ذٰلِكَ

(અર્થ) : વમા અદ્રી મા યફ્અલુ.....(આ આયત) **ઈન્ના ફતહ્ના લક**.....(આયતથી) મન્સૂખ (૨૬) થઈ છે.

તફસીરે ખાઝિન આ આયત વિશે જણાવે છે, (અર્થ) : જ્યારે આ આયત નાઝિલ થઈ તો મુશ્રિકો ખુશ થયા અને કહેવા લાગ્યા કે લાત તથા ઉઝ્ઝાની કસમ ! અમારો તથા હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)નો તો એક સરખો જ હાલ છે, તેમને અમારા પર કોઈ મહત્તા કે બુઝુર્ગી નથી. જો તેઓ કુર્આનને આ પ્રમાણે ઘડીને ન કહેત તો તેમને મોકલનાર ખુદા તેમને જણાવી આપત કે તેમની સાથે શો મામલો કરશે. તો રબ તઆલાએ આ આયત ઉતારી, **લિયગ્ફિર લકલ્લાહુ મા તકદ્દમ** ત્યારે સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલ્લાહ ! તમને મુબારક હજો ! તમે તો જાણી લીધુ જે તમારી સાથે થશે, પણ અમારી સાથે શો મામલો થશે ? તો એ આયત ઉતરી કે ''દાખલ ફર્માવશે અલ્લાહ મુસલમાન મર્દ તથા ઔરતોને જન્નતોમાં.....''(છેવટ સુધી). અને એ આયત ઉતારી કે મુસલમાનોને ખુશખબરી આપો કે તેમના માટે અલ્લાહ તરફથી મોટો ફઝ્લ છે. આ હઝરત કતાદા તથા ઈકરમાનો કૌલ છે. એ હઝરાત ફર્માવે છે કે આ આયત એ આયતના પહેલાંની છે જ્યારે કે હુઝૂર

(અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને તેમની મગફિરતની ખબર આપવામાં આવી. મગફિરતની ખબર આપને હુદૈબિયહ્ના વર્ષે આપવામાં આવી, ત્યારે આ આયત મન્સૂખ થઈ ગઈ.

જો કોઈ કહે કે આયત **લા અદ્રી** ખબર છે અને ખબર મન્સૂખ નથી થઈ શકતી, તો તેના કેટલાક જવાબો છે. એક એ કે ઘણા ઉલ્મા નસ્ખે (મન્સૂખ કરનાર) ખબર જાઈઝ કહે છે. જેમ કે **વઈન્તુબ્દુ..**(છેવટ સુધી) આયત **લા યુકલ્લિફુલ્લાહુ નફ્સા** થી મન્સૂખ (રદ) છે. એ જ પ્રમાણે **લા અદ્રી** ને ઈબ્ને અબ્બાસ તથા અનસ તથા ઈબ્ને માલિક (રદિયલ્લાહુ અન્હુમ)એ **ઈન્ના ફતહ્ના** થી મન્સૂખ માની. (તફસીરે કબીર તથા મન્સૂર તથા અબૂસઊદ) બીજુ એ કે અહીં જાણે ફર્માવવામાં આવ્યું **કુલ લાઅદરી** અને **કુલ** અમ્ર છે, નસ્ખનો તઅલ્લૂક તેનાથી છે. ત્રીજુ એ કે કેટલીક આયતો ખબરના રૂપમાં છે તથા અર્થના રૂપે હુકમ છે. જેમ કે **કુતિબ અલૈકુમુસ્સિયામ** અથવા **લિલ્લાહિ અલન્નાસિ હિજ્જુલ્ બય્ત** વગેરે, એના જેવી ખબરોનુ મન્સૂખ થવુ જાઈઝ છે. ચોથુ એ કે આ વાંધો આપણા ઉપર નથી બલ્કે તફસીરો તથા હદીષો પર છે જેનાથી મન્સૂખ થવું સાબિત છે.

જો આ આયતનો ઉપર મુજબનો અર્થ બયાન કરવામાં ન આવે તો સેંકડો હદીષોનો વિરોધ થશે. હુઝૂર عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું, ''કિયામતના દિવસે લિવાઉલ્ હમ્દ મારા હાથમાં હશે. આદમ તથા આદમીઓ (માનવો) અમારા ઝંડા નીચે હશે, શફાઅતે કુબરા હું ફર્માવીશ, મારી હૌઝ આવી હશે, તેના વાસણો આવાં હશે.....વગેરે. અબૂબક્ર જન્નતી છે, હસન તથા હુસૈન જન્નતી જવાનોના સરદાર છે, ફાતેમા ઝોહરા જન્નતની ઔરતોની સરદાર છે. કોઈને ફર્માવ્યું કે, તુ જન્નતી છે. એક શખ્સ ઘણી જ સારી રીતે જેહાદ કરી રહ્યો છે તો સહાબાએ કિરામે તેની તારીફ કરી, તો આપે ફર્માવ્યું, તે જહન્નમી છે ! છેવટે તેણે આત્મહત્યા કરી.'' જો મઆઝલ્લાહ ! હુઝૂર عليه الصلوٰة والسلام ને પોતાની પણ ખબર ન હોય તો પોતાની તથા અન્ય લોકોની આ ખબરો કેવી રીતે સંભળાવી રહ્યા છે ?! તે તો જેના ઈમાનને રજીસ્ટર્ડ કરી દે તે કામિલ મોમિન છે. અહીં ઘણા દ્રષ્ટાંતો આપી શકાય છે પણ સંક્ષિપ્તમાં આટલેથી જ અટકુ છું, ખુદા

તઆલા સારી સમજ અતા ફર્માવે, આમીન.

(૯) لَا تَعْلَمُهُمْ ؕ نَحْنُ نَعْلَمُهُمْ ؕ "તમે તેને નથી જાણતા અમે તેને જાણીએ છીએ." *(સૂ.તૌબા–૧૦૧)*

આ આયતથી વિરોધીઓ દલીલ કરે છે કે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ) દરબારમાં આવનાર મુનાફિકોને ઓળખતા ન હતા, પછી ઈલ્મે ગયબ કેવો ?! પણ મુફસ્સિરોએ આ આયતની એ હકીકત દર્શાવી છે કે આ આયત પછી આ આયત નાઝિલ થઈ.

لَتَعْرِفَنَّهُمْ فِيْ لَحْنِ الْقَوْلِ ؕ "અને જરૂર તમે તેમને વાતના તરીકાથી ઓળખી લેશો." *(સૂ. મુહંમદ–૩૦)* જેથી આ આયત મન્સૂખ (રદ) છે. અથવા તો એ હકીકત છે કે અમારા જણાવ્યા વિના તેમને નથી જાણતા.

જુમલમાં આ આયત વિશે છે :–

અર્થ : જો તમે કહો કે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ના માટે મુનાફિક઼ોની હાલત જાણવા વિશે નફી શા માટે કરવામાં આવી, જ્યારે કે ઉપરોકત આયતમાં તેને જાણવાની સાબિતી છે. તો તેનો જવાબ એ છે કે ઈન્કારની આયત સાબિતીની આયત પહેલાં ઉતરી છે.

એ જે જુમલમાં આ આયત હેઠળ છે, (અર્થ) : આ આયત પછી કોઈપણ મુનાફિક હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ની ખિદમતમાં વાત કરતા ન હતા, પણ હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ) તેને ઓળખી લેતા હતા અને તેના બદબાતિન તથા નિફાક માટે દલીલ પકડતા હતા.

તફસીરે બયઝાવી આ જ આયત વિશે જણાવે છે, (અર્થ) : આપના ઉપર તેઓનો હાલ આપની કમાલની સમજ અને સાચી માનવ ઓળખવાની શકિત છતાં છુપો રહી ગયો.

આ તફસીરથી જાણવા મળ્યું કે આ આયતમાં અંદાજાથી પતો લગાડવાનો ઈન્કાર છે. જો આ આયતના આ ખુલાસા ન કરવામાં આવે તો તે હદીષોનો વિરોધ થશે જેનાથી સાબિત છે કે હુઝૂર عليه الصلوة والسلام મુનાફિકોને ઓળખતા હતા

પણ પર્દાપોશીથી કામ લેતા હતા.

અયની શરહે બુખારી, જિલ્દ–૪, પેજ–૨૨૧ માં ઈબ્ને મસ્ઊદ (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)થી રિવાયત કરી, હુઝૂર عليه الصلوة والسلام એ જુમ્આના દિવસે ખુત્બો પઢયો પછી ફર્માવ્યું, અય ફલાણા ! જા ! કેમ કે તું મુનાફિક છે ! એ રીતે તેમાંથી કેટલાયે માણસોને રુસ્વા કરીને કાઢી મૂકયા.

શરહે શિફા મુલ્લા અલી કારી, જિલ્દ–૧, પેજ–૨૪૧ માં ફર્માવે છે, (અર્થ) : ઈબ્ને અબ્બાસ رضى الله عنهما થી રિવાયત છે કે મુનાફિક પુરૂષો ૧૩૦૦ હતા અને સ્ત્રીઓ ૧૭૦.

હું ઈલ્મે ગયબની સાબિતીમાં એક હદીષ પેશ કરી ચૂકયો છું જેમાં હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)એ ફર્માવ્યું કે મારા સમક્ષ મારી ઉમ્મત પેશ કરવામાં આવી જેથી મેં મુનાફિકો તથા કાફિરો તથા મોમિનોને ઓળખી લીધા. એના પર મુનાફિકોએ વાંધો ઉઠાવ્યો અને કુર્આનની આયત તેમના જવાબ માટે આવી. એ સર્વ દલીલોમાં મળતાપણુ કરવા માટે આ ખુલાસો કરવો જરૂરી છે.

તે ઉપરાંત આવી વાત ગઝબ (ગુસ્સો) પ્રદર્શિત કરવા માટે હોય છે. જો બાળકને બાપ મારવા લાગે અને કોઈ બાળકને બચાવવા જાય તો તે કહે છે કે, "આ ખબીષને તમે નથી જાણતા !" એનાથી ઈલ્મનો ઈન્કાર નથી થતો.

(૧૦) રબ તઆલા ફર્માવે છે : وَلَا تُصَلِّ عَلٰٓى اَحَدٍ مِّنْهُمْ مَّاتَ اَبَدًا "અને એમનામાંથી કોઈની કબ્ર પર કદાપિ નમાઝ ન પઢશો." *(સૂ. તૌબા–૮૪)* હુઝૂર عليه الصلوة والسلام એ અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય મુનાફિકની નમાઝે જનાઝા કયાં તો પઢી લીધી અથવા પઢવા ચાહ્યું, તો ફારૂકે આઝમે મના કર્યું પણ તેમની વાત ન સ્વીકારી, ત્યારે આ આયત ઉતરી જેમાં આપને મુનાફિકોની નમાઝે જનાઝાથી રોકવામાં આવ્યા. જો ઈલ્મે ગયબ હતો તો મુનાફિકોની જનાઝાની નમાઝ શા માટે પઢયા ?

જવાબ : એ મુનાફિકનું હઝરત અબ્બાસ પર કાંઈ એહસાન હતું અને તેનો ફરઝંદ મુખ્લિસ મોમિન હતો અને ખુદ તે મુનાફિકે વસિયત કરી હતી કે

મારો જનાઝો હુઝૂર પઢાવે. અને તે સમય સુધી હજી મનાઈ ન હતી, જેથી દીની મસ્લેહતથી ઈજાઝત પર અમલ કર્યો.

તફસીરે કબીર તથા રૂહુલ બયાને જણાવ્યું કે, તેની વસીયત એ તૌબાની નિશાની હતી અને શરીઅતનો હુકમ જાહેર પર છે જેના પર હુઝૂરે અમલ કર્યો. રબને મંજૂર ન હતું કે હબીબનો દુશ્મન જાહેરી ઈજ્જત પણ પામે, જેથી કુર્આને કરીમે હઝરત ફારૂકે આઝમને સમર્થન કર્યું. મતલબ એ કે આ મસ્અલાને ઈલ્મે ગયબ સાથે કોઈ સંબંધ નથી, તેનુ મુનાફિક હોવું જાહેર હતું પણ એ નમાઝમાં ઘણી મસ્લેહત હતી. કરીમનો કરમ ગૈર ઈખ્તિયારી હોય છે.

(૧૧)

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الرُّوْحِ ؕ قُلِ الرُّوْحُ مِنْ اَمْرِ رَبِّيْ وَمَآ اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا ۝

''અને તમને રૂહ વિશે પૂછે છે, તમે ફર્માવી દો કે રૂહ મારા રબના હુકમથી એક ચીજ છે અને તમને ઈલ્મ ન મળ્યો પણ થોડો.'' *(સૂ. બની ઈસ્રાઈલ–૮૫)*

વિરોધીઓ આ આયતને દલીલ બનાવે છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને રૂહનો ઈલ્મ ન હતો કે રૂહ શું ચીજ છે ? જેથી આપને ઈલ્મે ગયૂબ કુલ્લી ન થયો. એમાં ત્રણ બાબતો વિચારવા પાત્ર છે. પ્રથમ એ કે આ આયતમાં એવું કયાં છે કે, અમે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને ઈલ્મ નથી આપ્યો અને હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)એ એવું કયાં ફર્માવ્યું કે મને રૂહનો ઈલ્મ નથી મળ્યો. જેથી આ આયતને રૂહના ઈલ્મના ન હોવાની દલીલ બનાવવી તદ્દન ગલત છે. એમાં તો પૂછનારા કાફિરોને ફર્માવવામાં આવ્યું કે તમને ખૂબ જ થોડો ઈલ્મ આપવામાં આવ્યો છે, તમને રૂહની હકીકતનો ઈલ્મ નથી. બીજુ એ કે **કુલિર્રૂહ મિન્ અમ્રિ રબ્બી**નો અર્થ હઝરત કિબ્લા આલિમ શયખ મહેર અલી શાહ ફાઝિલે ગોલળવી (અલૈહિર્રહ્મહ્)એ સયૂફે ચિશ્તિયાઈમાં હઝરત મોહયુદ્દીન ઈબ્ને અરબીથી નકલ ફર્માવ્યું કે, **કુલિર્રૂહ મિન્ અમ્રિ રબ્બી** ''ફર્માવી દો કે રૂહ અમ્રે રબથી છે.'' એટલે કે આલમ ઘણા છે, આલમે અનાસિર, આલમે અરવાહ, આલમે અમ્ર, આલમે ઈમ્કાન વગેરે. તો રૂહ આલમે અમ્રની ચીજ છે અને

તમે લોકો આલમે અનાસિરના, જેથી તમે તેની હકીકતને નથી જાણી શકતા, કેમ કે હે કાફિરો ! તમને થોડોક જ ઈલ્મ આપવામાં આવ્યો છે.

રૂહુલ બયાનમાં આ આયત હેઠળ لَا تُدْرِكُهُ الْاَبْصَارُ وَهُوَ يُدْرِكُ الْاَبْصَارَ છે :–

અર્થ : હુઝૂર ﷺ મેઅરાજની રાત્રે આલમે અનાસિરથી આગળ વધ્યા પછી આલમે તબીઅતથી પછી આલમે અરવાહ (રૂહોનો આલમ) આવે છે એટલે સુધી કે આલમે અમ્ર સુધી પહોંચ્યા અને માથાની આંખ આલમે ઈજસામ (શરીરોનો આલમ)થી છે. પછી આપ તે તમામ ચીજોથી અલગ થઈ ગયા અને રબ તઆલાને કુલ ઝાતથી જોયો.

એનાથી જાણવા મળ્યું કે શબે મેઅરાજમાં હુઝૂર ﷺએ આલમે અમ્રની સૈર જ નથી કરી બલ્કે પોતે પણ આલમે અમ્રમાંથી બની ગયા અને પોતાના રબને જોયા, અને તે આલમે અમ્રની રૂહ પણ છે, તો પછી આપનાથી રૂહ કેવી રીતે છુપી રહી શકે છે. જેવી રીતે આપણે જિસ્મો (શરીરો)ને જાણીએ પિછાણીએ છીએ એવી જ રીતે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ) રૂહને જાણે પિછાણે છે, કેમ કે તેઓ એક જ આલમનાં છે. દુનિયામાં હઝરત ઈસા (અલૈહિસ્સલાતુ વસ્સલામ) અડધા બશર અને અડધા રૂહ હતા, કેમકે હઝરત મરયમ તો બશર હતાં અને હઝરત જિબ્રઈલ રૂહ **ફઅર્સલ્ના ઈલૈહા રૂહના** "અમે હઝરત મરયમ પાસે અમારી રૂહ એટલે જિબ્રઈલને મોકલ્યા." અને આપની પેદાઈશ હઝરત જિબ્રઈલની ફૂંકથી થઈ. એટલા માટે એ ચીજો આપમાં મૌજૂદ છે.

ફુતૂહાતે મલકિયહ્, બાબ–૫૭૫ માં શયખ અકબર ફર્માવે છે :–

فَكَانَ نِصْفُهُ بَشَراً وَّ نِصْفُهُ الْاٰخَرُ رُوْحاً مُطَهَّراً مَلَكاً لِاَنَّ جِبْرِيْلَ وَهَبَهُ لِمَرْيَمَ

(અર્થ) : હઝરત મસીહ અડધા બશર અને બીજા અડધા પાક રૂહ છે. કેમકે જિબ્રઈલે હઝરત મરયમને તેમને બખ્શ્યા અને તેમની પેદાઈશ પણ હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ના નૂરથી છે, તો જાણે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ) માથાથી પગ સુધી રૂહ છે.

રૂહુલ બયાને આ આયત لَا تُدْرِكُ ના હેઠળ લખ્યું છે કે :

اَلْحَقِيْقَةُ الْمُحَمَّدِيَّةُ هِيَ حَقِيْقَةُ الْحَقَائِقِ وَهُوَ الْمَوْجُوْدُ الْعَامُّ الشَّامِلُ

(અર્થ): હકીકતે મુહમ્મદિયહ્ તમામ હકીકતોની હકીકત છે અને તે જ આમ વજૂદ છે, જેથી આયતનો અર્થ એ થશે કે, રૂહ તે જે અમ્ર એટલે કુનથી વાસ્તા વિના પૈદા થાય, અને તે તો હકીકતે મુહમ્મદિયહ્ છે કે વાસ્તા વિના તેમની પેદાઈશ છે, અને સૌની પેદાઈશ આપના નૂરથી છે. મતલબ એ થયો કે, **આલમની હકીકી રૂહ હું છું.**

તફસીરે કબીરે અહીં ફર્માવ્યું છે કે, અહીં રૂહથી કુર્આન અથવા જિબ્રઈલ મકસદ છે. કાફિરોએ પ્રશ્ન કર્યો હતો કે કુર્આન શું છે શેઅર કે જાદૂ ? અથવા જિબ્રઈલ કોણ છે ? અને કેવી રીતે આવે છે ? જવાબ આપવામાં આવ્યો કે કુર્આન અમ્રે ઈલાહી (અલ્લાહનો હુકમ) છે, ન શેઅર છે ન જાદૂ. જિબ્રઈલ અમ્રે ઈલાહીથી આવે છે وَ مَا نَتَنَزَّلُ اِلَّا بِاَمْرِ رَبِّكَ એ જ કબીરમાં છે :

فَاِذَا كَانَ مَعْرِفَتُ اللّٰهِ تَعَالٰى مُمْكِنَةً بَلْ حَاصِلَةً فَاَيُّ مَانِعٍ يَمْنَعُ مِنْ مَّعْرِفَةِ الرُّوْحِ

(અર્થ) : જ્યારે હુઝૂર عليه الصلوٰة والسلام ખુદાને ઓળખે તો રૂહને કેમ ન ઓળખે ?

ત્રીજુ એ કે મોહદ્દિષો તથા મુફસ્સિરોએ ખુલાસો કર્યો છે કે, હુઝૂર عليه الصلوٰة والسلام ને રૂહનો ઈલ્મ હતો.

તફસીરે ખાઝિને આ આયત હેઠળ લખ્યું, (અર્થ) : કહેવામાં આવ્યું છે કે નબી (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને રૂહની હકીકત માલૂમ હતી પરંતુ તેની ખબર ન આપી, કેમ કે ખબર ન આપવી આપની નબુવ્વતની નિશાની હતી, અને અધિક સહીહ એ છે કે અલ્લાહ તઆલાનો ઈલ્મ રૂહ સાથે ખાસ છે. આ લખાણમાં રૂહનો ઈલ્મ માનવાવાળાને મુશ્રિક નથી કહેવામાં આવ્યા અને ન તો તેમના કથનને ગલત બતાવવામાં આવ્યું.

તફસીરે રૂહુલ બયાન આ આયતની તફસીરમાં જણાવે છે :–

جَلَّ مَنْصَبُ حَبِيْبِ اللّٰهِ اَنْ يَّكُوْنَ

جَاهِلاً بِالرُّوْحِ مَعَ اَنَّهٗ عَالِمٌ بِاللّٰهِ وَ قَدْ مَنَّ اللّٰهُ عَلَيْهِ بِقَوْلِهٖ وَ عَلَّمَكَ مَالَمْ تَكُنْ تَعْلَمُ

(અર્થ) : હુઝૂર ﷺની શાન એનાથી બુલંદ છે કે આપ રૂહથી નાવાકેફ હોવ જ્યારે કે આપ અલ્લાહથી વાકેફ છો. રબે આપના પર એહસાન જતાવીને ફર્માવ્યું, "જે કાંઈ આપ ન જાણતા હતા તે આપને જણાવી દીધુ."

તફસીરે મદારિક એ જ આયત વિશે જણાવે છે :

وَ قِيْلَ كَانَ السُّوَالُ عَنْ خَلْقِ الرُّوْحِ يَعْنِىْ اَهُوَ مَخْلُوْقٌ اَمْ لَا وَ قَوْلُهٗ مِنْ اَمْرِ رَبِّىْ دَلِيْلُ خَلْقِ الرُّوْحِ فَكَانَ جَوَاباً

(અર્થ) : કહેવામાં આવ્યું કે સવાલ રૂહની પેદાઈશના સંબંધે હતો કે રૂહ મખ્લૂક પણ છે કે નહીં ? અને રબનું ફર્માન **મિન્ અમ્રિ રબ્બી** રૂહના મખ્લૂક હોવાની દલીલ છે, જેથી એ જવાબ થઈ ગયો.

આ લખાણથી જાણવા મળ્યું કે આ આયતમાં રૂહનો ઈલ્મ હોવા ન હોવાના બારામાં ચર્ચા થઈ જ નથી રહી, અહીં તો રૂહના મખ્લૂક હોવા વિશેની ચર્ચા છે.

મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૦ માં છે, (અર્થ) : આરિફ મોમિન એ હિંમત કઈ રીતે કરી શકે છે કે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ) બાબતે રૂહની હકીકતના ઈલ્મનો ઈન્કાર કરે, જ્યારે કે રબે તેમને પોતાની ઝાત તથા સિફતોનો ઈલ્મ આપ્યો છે અને તેમના માટે અવ્વલીન તથા આખરીન ઈલ્મો ખોલી આપ્યા. હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ના ઈલ્મની સામે રૂહે ઈન્સાનીની શું હકીકત છે ? એ તો આ દરિયાનુ એક ટીપુ અને રણમાંનું એક રજકણ છે.

અહયાઉલ ઉલૂમમાં ઈમામ ગિઝાલી ફર્માવે છે, (અર્થ) : તમે એવું ગુમાન ન કરશો કે આ રૂહ હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસ્સલમ) સમક્ષ જાહેર ન હતી, કેમ કે જે પોતાને ન ઓળખે તે અલ્લાહને કેવી રીતે ઓળખી શકે છે, એમાં પણ કાંઈ વાંધાજનક નથી કે રૂહ કેટલાક ઔલિયા તથા ઉલમાને માટે જાહેર થાય.

આ લખાણોથી જાણવા મળ્યું કે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને રૂહનો ઈલ્મ અતા થયો બલ્કે હુઝૂરના સદકામાં કેટલાક ઉલમા તથા ઔલિયાને પણ મળ્યો, કેટલાકે તેનો ઈન્કાર પણ કર્યો પણ તે વિના દલીલનો છે. તેમ જ જ્યારે સાબિતી તથા ઈન્કારની દલીલો હોય તો સાબિતીને ઈખ્તિયાર કરવી જોઈએ જેમ કે હું ઉસૂલનો કાયદો વર્ણવી ચૂકયો છું.

(૧૨) عَفَا اللّٰهُ عَنْكَ ۚ لِمَ اَذِنْتَ لَهُمْ "અલ્લાહ તમને માફ કરે, તમે તેમને ઈજાઝત શા માટે આપી ?" *(સૂ. તૌબા–૪૩)*

ગઝવએ તબૂકમાં કેટલાક મુનાફિકોએ ગલત બહાનાં કરીને હિસ્સો ન લીધો. હુઝૂર(સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ને તેમની બહાનાબાજીની ખબર ન પડી અને તેમને જેહાદમાં જવાથી મુકિત આપી દીધી. જેથી આ આયતમાં આપના પર એતાબ (ચેતવણી) ફર્માવવામાં આવ્યો કે, શા માટે ઈજાઝત આપી ? જો આપને ઈલ્મે ગયબ હોત તો અસલ હાલ આપના ઉપર જાહેર થઈ જાત. આ છે વિરોધીઓનો વાંધો !

જવાબ : ન તો આ આયતમાં આપના પર એતાબ છે ન તો હુઝૂર તેઆના ધોકાથી બેખબર હતા. બલ્કે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)એ તેમની પર્દાપોશી ફર્માવતાં ઈજાઝત આપી દીધી. રબે ફર્માવ્યું કે, હે મુજરિમોને ઢાંકનાર ! તમે તેમને રુસ્વા કેમ ન કર્યા ? એતાબ ગલતી પર હોય છે અને અહીં કઈ ગલતી થઈ હતી ? **અફલ્લાહુ** શબ્દ દુઆના રૂપે છે ન કે એતાબના રૂપે.

(૧૩) يَسْـَٔلُوْنَكَ عَنِ السَّاعَةِ اَيَّانَ مُرْسٰىهَا ؕ فِيْمَ اَنْتَ مِنْ ذِكْرٰىهَا ؕ

"તમને કિયામત વિશે પૂછે છે કે કયારના માટે રોકાયેલી છે ? તમારે એનાથી શો સંબંધ છે ?" *(સૂ.નાઝેઆત, આ. ૪૨, ૪૩)*

આ આયતથી વિરોધીઓ દલીલ કરે છે કે હુઝૂર عليه الصلوٰة والسلام ને કિયામતનો ઈલ્મ ન હતો કે કયારે થશે, જેથી આપને કુલ ઈલ્મે ગયબ ન હતો. પણ સહીહ એ છે કે રબ તઆલાએ હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને એ ઈલ્મ પણ અતા ફર્માવ્યો. મુફસ્સિરોએ આયતની કેટલીક કૈફિયત દર્શાવી છે, એક

તો એ કે આ આયત કિયામતનો ઈલ્મ અતા કરવાના પહેલાંની છે. બીજુ એ કે એનાથી હેતુ સવાલ કરનારાઓને જવાબ આપવાથી રોકવાનો છે, નહીં કે આપના ઈલ્મનો ઈન્કાર કરવાનો. ત્રીજુ એ કે આ આયતમાં ફર્માવવામાં આવ્યું **અન્ત મિન્ ઝિકાહા** આપ તે નિશાનીઓમાંથી એક છે, આપને જોઈને જ જાણી લેવું જોઈએ કે કિયામત નજીક છે. ચોથુ એ કે એમાં ફર્માવવામાં આવ્યું કે, આપ એ વાતો બતાવવા માટે નથી મોકલવામાં આવ્યા.

તફસીરે સાવી આ આયત હેઠળ જણાવે છે :–

هٰذَا قَبْلَ اِعْلَامِهٖ بِوَقْتِهَا فَلَا يُنَافِى اَنَّهٗ عَلَيْهِ السَّلَامُ لَمْ يَخْرُجْ مِنَ الدُّنْيَا حَتّٰى اَعْلَمَهُ اللّٰهُ بِجَمِيْعِ مُغَيَّبَاتِ الدُّنْيَا وَ الْاٰخِرَةِ

(અર્થ) : આ આયત હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને કિયામતની ખબર આપતાં પહેલાંની છે, જેથી એ એ કૌલની વિરૂધ્ધ નથી કે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ) ત્યાં સુધી દુનિયાથી ન ગયા જ્યાં સુધી કે અલ્લાહે આપને દુનિયા તથા આખેરતના સર્વ ઈલ્મો આપી દીધા.

રૂહુલ બયાન એ આયત હેઠળ જણાવે છે :–

قَدْ ذَهَبَ بَعْضُ الْمَشَائِخِ اِلٰى اَنَّ النَّبِىَّ عَلَيْهِ السَّلَامُ كَانَ يَعْرِفُ وَقْتَ السَّاعَةِ بِاِعْلَامِ اللّٰهِ وَهُوَ لَا يُنَافِى الْحَصْرَ فِى الْاٰيَةِ

(અર્થ) : કેટલાક મશાઈખ એ તરફ ગયા છે કે નબી صلى الله تعالى عليه وسلم કિયામતના સમયને જાણતા હતા અલ્લાહના બતાવવાથી. અને આ કૌલ એ આયતના હસ્રની વિરૂધ્ધ નથી.

રૂહુલ બયાનમાં આ જ લખાણ પારા નવ, આયત يَسْـَٔلُوْنَكَ كَاَنَّكَ حَفِىٌّ عَنْهَا (સૂ. અઅ્રાફ, ૭/૧૮૭)ના હેઠળ પણ છે. અને ત્યાં એ પણ છે કે દુનિયાની ઉમર ૭૦ હજાર વરસો છે એ સહીહ રિવાયતોથી સાબિત છે. જેથી માલૂમ થયુ કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ને કિયામતનો ઈલ્મ છે.

તફસીરે ખાઝિન આયત હેઠળ જણાવે છે :

وَ قِيْلَ مَعْنَاهُ فِيْمَا اِنْكَارٌ لِسَوَالِهِمْ اَیْ فِيْمَا هٰذَا
السُّوَالُ ثُمَّ قَالَ اَنْتَ يَا مُحَمَّدُ مِنْ ذِكْرَاهَا اَیْ مِنْ عَلَامَاتِهَا لِاَنَّكَ اٰخِرُ الرُّسُلِ
فَكَفَاهُمْ ذٰلِكَ دَلِيْلًا عَلٰى دُنُوِّهَا

(અર્થ) : કહેવામાં આવ્યું છે કે **ફીમા** કાફિરોના સવાલનો ઈન્કાર છે, એટલે એમનો સવાલ કોઈ ગણત્રીમાં નથી ! પછી ફર્માવ્યું કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કિયામતની નિશાનીઓમાંથી છે, કેમ કે આપ અંતિમ નબી છે, તેમના માટે આ દલીલ નજીક હોવા માટે પૂરતી છે.

તફસીરે મદારિક આ આયત હેઠળ જણાવે છે :

اَوْ كَانَ رَسُوْلُ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ لَمْ يَزَلْ يَذْكُرُ
السَّاعَةَ وَ يُسْئَلُ عَنْهَا حَتّٰى نَزَلَتْ فَهُوَ تَعَجُّبٌ مِّنْ كَثْرَةِ ذِكْرِهَا

(અર્થ) : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કિયામતની ખૂબ જ ચર્ચા કરતા હતા અને તેના વિશે પ્રશ્ન કરવામાં આવતા હતા ત્યાં સુધી કે આયત ઉતરી, જે આપના અધિક કિયામતની ચર્ચા પર આશ્ચર્ય પ્રદર્શિત કરે છે. જેથી આ આયતનો અર્થ એ થયો કે, "આપ કેટલા પ્રમાણમાં કિયામતનો ઝિક્ર કરો છો !"

મદારિક આ આયત હેઠળ ફર્માવે છે :–

اَوْ فِيْمَا اِنْكَارٌ لِسُوَالِهِمْ عَنْهَا اَیْ فِيْمَا هٰذَا السُّوَالُ ثُمَّ
قَالَ اَنْتَ مِنْ ذِكْرَاهَا وَ اَنْتَ اٰخِرُ الْاَنْبِيَآءِ عَلَامَةٌ مِّنْ عَلَامَاتِهَا فَلَا مَعْنٰى
لِسُوَالِهِمْ عَنْهَا

(અર્થ) : (فِيْمَا) કાફિરોના સવાલનો ઈન્કાર છે એટલે કે આ સવાલ શું વિસાતમાં (ગણત્રીમાં) છે ?! પછી ફર્માવ્યું કે, તમે (હુઝૂર) આ કિયામતની નિશાનીઓમાંથી છો કેમ કે તમે અંતિમ નબી છો, જે કિયામતની નિશાનીઓમાંથી એક નિશાની છે. તો હવે તેમને કિયામત વિશે પૂછવુ નિરર્થક છે.

હવે આ આયતનો મતલબ એ થયો કે, તેમનું કિયામતના વિશે પૂછવું નિરર્થક છે કેમ કે તમે પોતે જ તેની નિશાની છો પછી તેઓ શા માટે પૂછે છે !

મદારિક એ જ આયત વિશે જણાવે છે :–

قِيْلَ فِيْمَ اَنْتَ مِنْ ذِكْرٰهَا مُتَّصِلٌ بِالسُّوَالِ اَیْ یَسْئَلُوْنَكَ عَنِ السَّاعَةِ اَیَّانَ مُرْسٰهَا وَ یَقُوْلُوْنَ اَیْنَ اَنْتَ مِنْ ذِكْرَاهَا ثُمَّ اِسْتَاْنَفَ فَقَالَ اِلٰی رَبِّكَ اور کہا گیا ہے کہ فِیْمَ اَنْتَ مِنْ ذِكْرٰهَا

(અર્થ) : અને કહેવામાં આવ્યું છે કે **ફીમા અન્ત મિન્ ઝિકહા** સવાલથી મળેલ છે એટલે કે કાફિરોથી પૂછે છે કિયામત કયારે રચાશે ? અને એ પણ કહે છે આપને તેનો ઈલ્મ કયાંથી આવ્યો ? પછી રબ તઆલાએ પોતાની વાત શરૂ કરી, **ઈલા રબ્બિક** (અલ્લાહ તરફથી).

હવે આયતનો મતલબ એ થયો કે, કાફિરોએ પૂછયું કે આપને આ ઈલ્મ કયાંથી છે ? રબે ફર્માવ્યું, અલ્લાહના તરફથી ! તો આ આયત કિયામતના ઈલ્મની સાબિતી છે.

મદારિક આ આયત હેઠળ જણાવે છે :–

اِنَّمَا اَنْتَ مُنْذِرُ مَنْ یَّخْشٰهَا اَیْ لَمْ تُبْعَثْ لِتُعَلِّمَهُمْ بِوَقْتِ السَّاعَةِ اِنَّمَا اَنْتَ الخ

(અર્થ) : આપ એટલા માટે એમની પાસે નથી મોકલવામાં આવ્યા કે એમને કિયામતના ઈલ્મની ખબર આપો.

હવે આયતનો મતલબ એ થયો કે, કાફિરોનુ એ કહેવું કે જો તમે કિયાતમની ખબર આપો તો તમે નબી છો, નહીં તો નહીં, તો એ વાત તદ્દન બેહૂદા છે. કેમ કે કિયામતની ખબર આપવી એ નબુવ્વતના ફર્ઝોમાંથી નથી, નબી માટે અહકામની તબ્લીગ જરૂરી છે.

મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૦ માં છે,

(અર્થ) : કેટલાક ઉલમાએ રૂહની જેમ હુઝૂરના માટે કિયામતનો ઈલ્મ પણ માન્યો.

(૧૪) يَسْـَٔلُوْنَكَ كَاَنَّكَ حَفِيٌّ عَنْهَا ؕ قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ اللّٰهِ ''તમને એ રીતના પૂછે છે જાણે તમે એને ખૂબ તેહકીક કરી રાખ્યું છે, તમે ફર્માવો કે એનો ઈલ્મ તો અલ્લાહની જ પાસે છે.'' *(સૂ.અઅ્રાફ–૧૮૭)*

વિરોધીઓ આ આયતને રજૂ કરીને કહે છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કિયામતનો ઈલ્મ નથી. એના બે જવાબો છે. એક એ કે, આ આયતમાં એવું કયાં આગળ છે કે આપને કિયામતનો ઈલ્મ નથી આપ્યો ?! એમાં તો એવું છે કે એનો ઈલ્મ અલ્લાહને જ છે, આપવાનો ઈન્કાર નથી. બીજુ એ કે આ આયત કિયામતનો ઈલ્મ આપ્યા પહેલાંની છે.

તફસીરે સાવી આ આયત હેઠળ જણાવે છે :–

وَالَّذِیْ یَجِبُ الْاِیْمَانُ بِهٖ اَنَّ النَّبِیَّ عَلَیْهِ السَّلَامُ لَمْ یَنْتَقِلْ مِنَ الدُّنْیَا حَتّٰی اَعْلَمَهُ اللّٰهُ بِجَمِیْعِ الْمُغَیِّبَاتِ الَّتِیْ تَحْصُلُ فِی الدُّنْیَا وَ الْاٰخِرَةِ فَهُوَ یَعْلَمُهَا كَمَا هِیَ عَیْنُ یَقِیْنٍ لِمَا وَرَدَ رُفِعَتْ لِیَ الدُّنْیَا فَاَنَا اَنْظُرُ فِیْهَا كَمَا اَنْظُرُ اِلٰی كَفِّیْ هٰذِهٖ وَوَرَدَ اَنَّهٗ اُطْلِعَ عَلَی الْجَنَّةِ وَ مَا فِیْهَا وَ النَّارِ وَ مَا فِیْهَا وَ غَیْرِ ذٰلِكَ مِمَّا تَوَاتَرَتِ الْاَخْبَارُ وَ لٰكِنْ اُمِرَ بِكِتْمَانِ بَعْضِهَا

(અર્થ) : જેના પર ઈમાન લાવવું જરૂરી છે તે એ છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુનિયાથી પર્દો ન ફર્માવ્યો ત્યાં સુધી કે રબે તેમને તે ગાયબ ચીજો બતાવી દીધી જે દુનિયા અને આખેરતમાં થશે, જેમ કે અમને એનું અયન યકીન છે. કેમ કે હદીષમાં આવ્યું કે, અમારી સામે દુનિયા પેશ કરવામાં આવી તો અમે એમાં એવી રીતે નજર કરી રહ્યા છીએ જેવી રેતી અમારા આ હાથમાં. એ પણ આવ્યું છે કે આપને જન્નત તથા ત્યાંની નેઅમતો અને દોઝખ અને ત્યાંના અઝાબો વિશે ખબર આપી, એ સિવાય અન્ય મુતવાતિર ખબરો (પણ આપી), પરંતુ અમુકને છુપાવવાનો હુકમ આપ્યો છે.

તફસીરે ખાઝિનમાં આ આયતમાં છે કે એની મૂળ ઈબારત આ પ્રમાણે છે, (અર્થ) : આ લોકો આપને એ રીતે પૂછે છે જાણે આપ તેમના ઉપર ઘણા મહેરબાન છો અને તમે તેમને જણાવી જ આપશો જ્યારે કે એ ઈલાહી

રહસ્યોમાંથી છે, જેને ગૈરોથી છુપાવવાનાં છે.

જાણવા મળ્યું કે હુઝૂર ﷺ ને કિયામતનો ઈલ્મ છે પણ ઈઝહારની ઈજાઝત નથી.

(૧૫) يَسْـَٔلُكَ النَّاسُ عَنِ السَّاعَةِ ؕ قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ اللّٰهِ ؕ "લોકો તમને કિયામત વિશે પૂછે છે, તમે ફર્માવો કે તેનો ઈલ્મ તો અલ્લાહની જ પાસે છે."

–(સૂ. અહઝાબ–૬૩)

તફસીરે સાવી આ આયત હેઠળ જણાવે છે :–

(અર્થ) : "એટલે કે આ કિયામત વિશે કોઈને માહિતી નથી." એવું સવાલ કર્યો તે સમયે હતું. નહીં તો નબી ﷺ દુનિયાથી તશરીફ ન લઈ ગયા, ત્યાં સુધી કે આપને અલ્લાહે તમામ ગયબો પર માહિતગાર કરી આપ્યા, જેમાંથી કિયામત પણ છે.

રૂહુલ બયાનમાં એ જ આયત હેઠળ છે :–

(અર્થ) : અને નબી હોવા શરતોમાંથી એ નથી કે અલ્લાહના બતાવ્યા વિના ગયબ જાણે.

આ આયતમાં કોઈને કિયામતનો ઈલ્મ આપવાનો ઈન્કાર નથી જેથી એનાથી હુઝૂર ﷺ ના ન જાણવા હોવાની દલીલ ઉભી કરવી ગલત છે.

તફસીરે સાવીમાં આ આયત **ઈલૈહિ યરદુલ ઈલ્મુસ્સાઅહ્** હેઠળ છે, (અર્થ): કે કિયામતનો ઈલ્મ ખુદા સિવાય કોઈ નથી આપી શકતુ. તો આ આયત એના વિરૂધ્ધ નથી કે નબી ﷺ દુનિયાથી તશરીફ ન લઈ ગયા ત્યાં સુધી કે રબ તઆલાએ તેમને સર્વ આગલા પાછલા પ્રસંગો જણાવી દીધા, એમાંથી કિયામતનો ઈલ્મ પણ છે.

વિરોધીઓ કિયામતના ઈલ્મના ઈન્કારમાં મિશકાતની શરૂઆતની તે રિવાયત પેશ કરે છે કે હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم એ અર્ઝ કરી, મને કિયામતના વિશે ખબર આપો. તો ફર્માવ્યું કે, એના વિશે હું સાઈલ (પ્રશ્નકર્તા) થી વિશેષ જાણનાર નથી. જેનાથી જાણવા મળ્યું કે આપને કિયામતનો ઈલ્મ નથી.

પણ આ દલીલ પણ બે કારણે તદ્દન નિરર્થક છે, એક એ કે એમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે જાણતા હોવાનો ઈન્કાર નથી કર્યો, બલ્કે ઈલ્મી અધિકતાનો ઈન્કાર કર્યો છે. નહીં તો કેવળ એટલુ જ ફર્માવતે કે **લા અઅ્લમ !** ''હું નથી જાણતો !'' આપે આટલી લાંબી ઈબારત શા માટે જણાવી ? એનો અર્થ એ થઈ શકે છે કે હે જિબ્રઈલ ! આ મસ્અલામાં મારો અને તમારો ઈલ્મ સરખો છે કે મને પણ ખબર છે અને તમને પણ ! પરંતુ આ મજમામાં એ રાઝ જાહેર કરવું યોગ્ય નથી. બીજુ એ કે આ જવાબ સાંભળીને હઝરત જિબ્રઈલે અર્ઝ કરી, તો કિયામતની નિશાનીઓ જ જણાવી આપો ! એના જવાબમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કેટલીક નિશાનીઓ બયાન કરી કે, **ઔલાદ નાફ્રમાન થશે, નીચ લોકો ઈજ્જત પામશે વગેરે, વગેરે.** જેને કિયામત વિશે તદ્દન ખબર ન હોય તેને તેની નિશાનીઓ વિશે પૂછવાનો શો મતલબ ? નિશાન તથા પતો તો જાણવાવાળાને જ પૂછી શકાય છે.

હુઝૂર عليه الصلوٰة والسلام એ કિયામત કાયમ થવાનો દિવસ બતાવ્યો. મિશ્કાત, બાબુલ્ જુમ્અહ્માં છે, (અર્થ) : કિયામત રચાશે નહીં પણ જુમ્અહ્ના દિવસે. કલમાની તથા વચલી આંગળી મિલાવીને ફર્માવ્યું, હું તથા કિયામત આ રીતે મળેલાં મોકલવામાં આવ્યાં છે. એટલે કે મારા જમાના પછી બસ કિયામત છે અને એટલા પ્રમાણમાં કિયામતની નિશાનીઓ દર્શાવી કે એ વાત પણ ન છોડી. આજે હું કસમ ખાઈને કહી શકું છું કે આજે કિયામત નથી આવી શકતી કેમ કે ન હજી દજ્જાલ આવ્યો છે ન હઝરત ઈસા મસીહ ન મેહદી ન સૂર્ય પશ્ચિમથી નીકળ્યો. આ નિશાનીઓએ કિયામતને તદ્દન જાહેર કરી આપી, છતાં કિયામતનો ઈલ્મ ન હોવાનુ કહેવાનો શો અર્થ ? ! હા ! વધુમાં વધુ એટલું કહી શકાય છે કે સન ન બતાવી કે ફલાણી સનમાં કિયામત થશે. પરંતુ હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ના પાક જમાનામાં સન નક્કી જ થઈ ન હતી ! સન હિજરી તો ફારૂકી યુગમાં નક્કી થઈ, હિજરત રબીઉલ અવ્વલમાં થઈ પણ સન હિજરીનો પ્રારંભ મોહર્રમથી થાય છે, બલ્કે એ જમાનામાં કાયદો એ હતો કે સાલમાં જે કોઈ પણ મહત્વનો પ્રસંગ બનતો તેની સાથે સાલ સંબંધિત કરી દેતા. સાલે કબ્લ, સાલે ફતહ, સાલે હુદૈબિયહ્ વિગેરે, તો સન હિજરી

કેવી રીતે દર્શાવી શકાતી હતી. તે દિવસ (કિયામત)ની સર્વ નિશાનીઓ જણાવી દીધી અને જે જાત આટલા પ્રમાણે વિગતવાર નિશાનીઓ દર્શાવી આપે તે અજ્ઞાન કેવી રીતે રહી શકે છે ? તેમજ મેં ઈલ્મે ગયબની સાબિતીમાં તે હદીષો રજૂ કરી દીધી છે જેમાં છે કે હુઝૂર (અલૈહિસ્સલતુ વસ્સલામ)એ કિયામત સુધીના વિગતવાર પ્રસંગો બયાન કરી આપ્યા, તો હવે કેમ કરીને શકય છે કે કિયામતનો ઈલ્મ ન હોય ? કેમ કે દુનિયા ખત્મ થતાં જ કિયામત છે અને હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ને જાણ છે કે કયો પ્રસંગ વર્ણન કર્યો તે જ દુનિયાનો અંત છે અને કિયામતની શરૂઆત. બે (એકબીજા સાથે) મળેલી ચીજોમાં એકના અંતનો ઈલ્મ બીજાના પ્રારંભનો ઈલ્મ હોય છે, આ બાબત પર ખૂબ જ વિચારવામાં આવે કે આ ખૂબ જ ઉમદા તેહકીક છે, જે હઝરત સદરુલ અફાઝિલ્ મુર્શિદ ઉસ્તાઝી મૌલાના સૈયદ નઈમુદ્દીન સાહબ મુરાદાબાદીએ એક તકરીર દરમ્યાન ઈર્શાદ ફર્માવી હતી.

(૧૬)

اِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِۚ وَ یُنَزِّلُ الْغَیْثَۚ وَ یَعْلَمُ مَا فِی الْاَرْحَامِؕ وَ مَا تَدْرِیْ نَفْسٌ مَّا ذَا تَكْسِبُ غَدًاؕ وَ مَا تَدْرِیْ نَفْسٌۢ بِاَیِّ اَرْضٍ تَمُوْتُؕ اِنَّ اللّٰهَ عَلِیْمٌ خَبِیْرٌ

''બેશક ! અલ્લાહની પાસે કયામતનો ઈલ્મ અને ઉતારે છે વરસાદ અને જાણે છે જે કાંઈ માઓના પેટમાં છે અને કોઈ જાન નથી જાણતી કે કાલે શું કમાશે અને કોઈ જાન નથી જાણતી કે કઈ જમીનમાં મરશે, બેશક ! અલ્લાહ જાણનાર બતાવનાર છે.'' *(સૂ. લકમાન, ૩૪)*

આ આયતથી વિરોધીઓ કહે છે કે **પાંચ ચીજોનો ઈલ્મ** અલ્લાહ સિવાય કોઈને નથી, એ અલ્લાહની સિફત છે જે કોઈ ગૈરના માટે સાબિત કરે તે મુશ્રિક છે. એને **ઉલૂમે ખમ્સા** કહે છે, કિયામત કયારે થશે, વરસાદ કયારે પડશે, સ્ત્રીના પેટમાં પુત્ર છે કે પુત્રી અને કોણ કયાં મરશે ? આ આયતના સમર્થનમાં શરૂ મિશ્કાતની રિવાયત પેશ કરે છે કે '' હઝરત જિબ્રઈલે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કિયામતના વિશે પૂછયું તો ફર્માવ્યું (અર્થ) : પાંચ ચીજો તે છે જેને ખુદા સિવાય કોઈ જાણતુ નથી, પછી આ જ આયત તિલાવત ફર્માવી.''

ઉલૂમે ખમ્સા (પાંચ ચીજોના ઈલ્મ) બાબતે આપણે ખૂબ જ ન્યાયપૂર્ણ તેહકીક (સંશોધન) કરીએ અને વાંચકોથી ન્યાયની અપેક્ષા તથા આપણા રબથી કબૂલિયતની તમન્ના રાખીએ. પ્રથમ આ આયતની તફસીરમાં મુફસ્સિરોનાં કથનો (અકવાલ) પછી તે હદીષના બારામાં મુફસ્સિરોનાં કથનો જોઈએ પછી આપણી તેહકીક રજૂ કરીએ.

તફસીરે અહમદિયહ્ આ આયત હેઠળ ફર્માવે છે :–

(અર્થ) : અને તમે એ પણ કહી શકો છો કે આ પાંચેવ વાતોને જો કે ખુદા સિવાય કોઈ નથી જાણતું, પરંતુ જાઈઝ છે કે ખુદાપાક પોતાના વલીઓ તથા મહબૂબોમાંથી જેને ચાહે શીખવાડે. આ કથનની તારવણી એ નીકળે કે અલ્લાહ જાણવાવાળો–બતાવવાવાળો છે, ખબીર મુખ્બિરના અર્થમાં (ખબર આપનાર).

તફસીરે સાવી આયત હેઠળ ફર્માવે છે :–

(અર્થ) : વાતોને કોઈ આપમેળે નથી જાણતુ પરંતુ કોઈ બંદાનું અલ્લાહના બતાવવાથી જાણવું, એમાં કોઈ અડચણની વાત નથી જેમ કે અંબિયા તથા કેટલાક અવલિયા. રબ તઆલાએ ફર્માવ્યું કે આ લોકો ખુદાના ઈલ્મને નથી ઘેરી શકતા (જાણી શકતા), જેટલો કે રબ ચાહે. અને ફર્માવ્યું કે પોતાના ગયબને કોઈના પર જાહેર નથી કરતો બરગુઝીદા રસૂલોના સિવાય. તો જો ખુદા તઆલા પોતાના અમુક નેક બંદાઓને અમુક ગયબો પર માહિતગાર કરી દે તો કોઈ વાંધો નથી. આ ઈલ્મ નબીનો મો'જિઝો અને વલીની કરામત ગણાશે. એટલા માટે ઉલમાએ ફર્માવ્યું કે હક્ક એ છે કે હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم) દુનિયાથી તશરીફ નથી લઈ ગયા એટલે સુધી કે તેમને આ પાંચ વાતોથી માહિતગાર કરી આપ્યા.

તફસીરે અરાઈસુલ્ બયાન આ આયત હેઠળ જણાવે છે :–

(અર્થ) : અમે કેટલાક ઔલિયાને સાંભળ્યા કે પેટમાંના બાળક પુત્ર કે પુત્રી વિશે ખબર આપી, અને અમે અમારી આંખો વડે તે જોયું જેની તેમણે ખબર આપી હતી.

તફસીરે રૂહુલ બયાનમાં એ જ આયત હેઠળ છે, (અર્થ) : અને જે ગયબની ખબરો અંબિયા તથા અવલિયાથી રિવાયત થયેલી છે તો તે અલ્લાહની તાલીમથી (જણાવવાથી) છે અથવા વહી દ્વારા (અંબિયાને) અથવા ઈલ્હામથી. અને એ જ પ્રમાણે કેટલાક ઔલિયાએ વરસાદ આવવાની ખબર આપી, કેટલાકે પેટમાંના બાળક પુત્ર કે પુત્રી વિશેની ખબર આપી, તો તે જ થયું જે તેમણે કહ્યું હતું.

કિયામતના ઈલ્મની તેહકીક અમે અગાઉ કરી ચૂકયા છીએ જે ઉલૂમે ખમ્સામાંથી છે.

આ તફસીરોના લખાણો પરથી માલૂમ પડયું કે રબ તઆલાએ ઉલૂમે ખમ્સા (પાંચ ચીજોનો ઈલ્મ) પોતાના હબીબ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને આપ્યો અને આ આયત ખબીર એ મુખ્બિર (ખબર આપનાર)ના અર્થમાં છે. એના બારામાં અન્ય તફસીરોનાં લખાણો રજૂ કરી શકાય છે પણ આટલેથી જ અટકુ છું. હવે રહી મિશકાત શરૂઅ કિતાબુલ્ ઈમાનની હદીષ કે, આ પાંચ ચીજો કોઈ નથી જાણતુ, એની શરહો જુઓ. ઈમામ કુરતબી, ઈમામ અયની, ઈમામ કસ્લાની ઈમાન ફસ્લે અવ્વલમાં આ હદીષ હેઠળ છે, (અર્થ) : જે શખ્સ એ પાંચેવમાંથી કોઈ એક ચીજના ઈલ્મનો દાવો કરે હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના તરફ મન્સૂબ (સંબંધિત) કર્યા વિના, તો તે પોતાના દાવામાં જૂઠો છે.

લમ્આતમાં શયખ અબ્દુલ હક્ક (رضی اللہ عنہ) એ જ હદીષની શરહમાં ફર્માવે છે, (અર્થ) : મતલબ એ કે આ ગયબની બાબતોને અલ્લાહના બતાવ્યા વિના બુધ્ધિના અંદાજાથી કોઈ જાણી શકતુ નથી, કેમ કે તેને ખુદા સિવાય કોઈ જાણતુ નથી, પણ તે જેને ખુદા પોતાના તરફથી જણાવી દે વહી અથવા ઈલ્હામ વડે.

ઈમામ કસ્લાની શરહે બુખારી, કિતાબુત્તફસીરે સૂરએ રઅદમાં ફર્માવે છે, (અર્થ) : કોઈ નથી જાણતુ કે કિયામત કયારે થશે સિવાય અલ્લાહના અને પસંદીદા રસૂલના, કેમ કે તેમને અલ્લાહ તઆલા પોતાના ગયબથી માહિતગાર કરે છે અને તેમના તાબા હેઠળના વલી તેમની પાસેથી ગયબ મેળવે છે.

અન્જાહુલ હાજહ્ હાશિયા ઈબ્ને માજહ્ બાબો અશ્રાતિસ્સાઅતિમાં " અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી" હદીષ હેઠળ છે, (અર્થ) : સિદ્દીકે અકબર (صلی اللہ تعالیٰ علیہ وسلم)એ પોતાની પત્ની બિન્તે ખારાજાને ખબર આપી કે તે પુત્રીથી ગર્ભવતી છે, જેથી સિદ્દીકે અકબરની વફાત બાદ ઉમ્મે કુલ્થુમ બિન્તે સિદ્દીક પેદા થયાં. આ ફરાસત (રોશન દિમાગી) તથા ગુમાન છે. ખુદા તઆલા મોમિનની ફરાસતને સાચી કરી બતાવે છે.

સૈયદ શરીફ અબ્દુલ અઝીઝ મસ્ઊદ કિતાબુલ અબ્રારમાં ફર્માવે છે, હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم) પર આ પાંચ વર્ણન કરેલ વાતોમાંથી કાંઈ પણ છુપાયેલ નથી અને હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم) પર આ વાતો છુપી કઈ રીતે રહી શકે છે, જ્યારે કે આપની ઉમ્મતના સાત કુતુબ એને જાણે છે, પછી ગૌષનુ તો પૂછવુ જ શું ?! અને પછી સૈયદુલ્ અંબિયા (صلی اللہ تعالیٰ علیہ وسلم)નુ શું કહેવું ?! જે દરેક ચીજના સબબ છે અને જેમનાથી દરેક ચીજ છે.

અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ રૌઝુન્નઝીર શરહે જામેઅ સગીરમાં આ હદીષ વિશે ફર્માવે છે :–

(અર્થ) : હુઝૂર عليه الصلوٰة والسلام નું ફર્માવવું **ઈલ્લાહુવ** એનો અર્થ એ છે કે, એને આપમેળે ખુદા સિવાય કોઈ નથી જાણતુ પરંતુ ક્યારેક અલ્લાહના બતાવવાથી જાણી લે છે, કેમ કે અહીં તે લોકો છે જેઓ જાણે છે, અમે ઘણાને એવા પામ્યા. જેમ કે અમે એક જમાઅતને જોઈ કે તેઓ જાણી લે છે કે ક્યારે મરશે અને પેટમાંના બાળકને.

એ જ અલ્લામા જલાલુદ્દીન સિયૂતી ખસાઈસે કુબ્રા શરીફમાં ફર્માવે છે :

(અર્થ) : હુઝૂર صلی اللہ علیہ وسلم પર તમામ ચીજો પેશ કરવામાં આવી જે આપની ઉમ્મતમાં ક્યામત સુધી થનારી છે.

અલ્લામા ઈબ્રાહીમ હીજવૈરી શરહે કસીદા બુરદહ્, પેજ નં. ૭૪માં જણાવે છે :–

(અર્થ) : હુઝૂર عليه الصلوٰة والسلام દુનિયાથી તશરીફ ન લઈ ગયા પણ ત્યાર બાદ અલ્લાહે આપને એ પાંચ ચીજોનો ઈલ્મ બતાવી દીધો.

જમઉન્નિહાયહ્માં અલ્લામા શનવાઈ ફર્માવે છે :–

(અર્થ) : એ સાબિત છે કે અલ્લાહ તઆલાએ નબી عليه الصلوة والسلام ને દુનિયાથી ખારિજ ન કર્યા ત્યાં સુધી કે દરેક ચીજથી માહિતગાર કરી આપ્યા.

આ જ અલ્લામા શનવાઈ એ જ જમઉન્નિહાયહ્માં ફર્માવે છે :–

(અર્થ) : કેટલાક મુફસ્સિરો ફર્માવે છે કે આ પાંચ ચીજોને આપમેળે વાસ્તા વિના ખુદા સિવાય કોઈ નથી જાણતુ, આ પ્રકારનો ઈલ્મ ખુદાથી ખાસ છે. પરંતુ વાસ્તા થકી એ ખુદાથી ખાસ નથી.

ફુતૂહાતે વહબિય્યહ શરહે અર્બઐને નવવીમાં ફાઝિલ ઈબ્ને અતિય્યહ જણાવે છે :–

(અર્થ) : હક્ક એ જ છે જે એક જમાઅતે કહ્યું છે કે અલ્લાહે હુઝૂર ﷺ ને વફાત ન આપી ત્યાં સુધી કે છુપી ચીજોથી માહિતગાર કરી આપ્યા, પરંતુ અમુકને છુપાવવાનો અને અમુકને જાહેર કરવાનો હુકમ આપવામાં આવ્યો.

શાહ અબ્દુલ અઝીઝ સાહબ બુસ્તાને મુહદ્દિષીન, પેજ : ૧૧૪માં ફર્માવે છે :

(અર્થ) : નકલ થયેલ છે કે શયખ ઈબ્ને હજરના વાલિદને ત્યાં કોઈ બાળક જન્મતો ન હોય તો ગમગીન થઈને શયખની ખિદમતમાં હાજર થયા, શયખે ફર્માવ્યું કે, તમારી પીઠથી એવો ફરઝંદ થશે કે જે પોતાના ઈલ્મથી દુનિયાને ભરી દેશે.

અહીં સુધી તો ઉલૂમે ખમ્સાના વિશે નકલી દલીલો હતી. તેની અકલી દલીલ એ છે કે વિરોધીઓ પણ માને છે કે હુઝૂર عليه الصلوة والسلام નો ઈલ્મ તમામ મખ્લૂક્થી અધિક છે જેનો હવાલો અમે "તહઝીરુન્નાસ"થી રજૂ કરી ચૂક્યા છીએ. હવે જોવાનુ એ છે કે મખ્લૂક્માંથી કોઈને એ પાંચ ચીજોનો ઈલ્મ આપવામાં આવ્યો કે નહીં ? મિશ્કાત કિતાબુલ્ ઈમાન બિલ્ ક્દરમાં છે કે, માના પેટમાં બાળક બનવાનો ઉલ્લેખ કરતાં હુઝૂર عليه الصلوة والسلام એ ફર્માવ્યું :–

(અર્થ) : પછી રબ તઆલા એક ફરિશ્તાને ચાર વાતો બતાવીને મોકલે છે, તે ફરિશ્તો લખી જાય છે. તેનો અમલ, તેની મૌત, તેની રોજી અને એ કે

નેકબખ્ત કે બદ્‌બખ્ત, પછી રૂહ ફૂંકવામાં આવે છે.

આ **ઉલૂમે ખમ્સા** છે અને તમામ ભૂતકાળમાં થઈ ગયેલા અને ભવિષ્યમાં થનારા લોકોની આ પાંચ વાતો ફરિશતો કાતિબે તકદીર જાણે છે.

મિશ્કાતમાં એ જ બાબમાં છે :–

(અર્થ) : અલ્લાહે જમીન તથા આસ્માનની પેદાઈશના ૫૦ હજાર વરસો પહેલાં મખ્લૂક઼ની તકદીર લખી આપી.

જાણવા મળ્યું કે લોહે મેહફૂઝમાં ઉલૂમે ખમ્સા (પાંચ વાતનો ઈલ્મ) છે, તો તે ફરિશતાઓ જે લોહે મહેફૂઝ પર મુક઼ર્રર છે એ જ પ્રમાણે અંબિયા તથા ઔલિયા જેમની નજર લોહે મહેફૂઝ પર રહે છે તેમને આ ઉલૂમે ખમ્સા હાંસલ થયા.

મિશ્કા઼ત કિતાબુલ ઈમાન બિલ ક઼દરમાં છે કે, મીષાકના હઝરત આદમ عليه السلام ને તમામ ઔલાદે આદમની રૂહો સફેદ તથા સિયાહ (કાળા) રંગમાં દેખાડવામાં આવી, કાળી રૂહો તો કાફિરોની છે અને સફેદ રૂહો મુસલમાનોની છે.

મેઅરાજમાં હુઝૂર ﷺ એ હઝરત ઈબ્રાહીમ عليه السلام ને એ હાલમાં જોયા કે તેમની જમણી બાજુ સફેદ અને ડાબી બાજુ કાળા રંગની રૂહો એટલે કે જન્નતી તથા દોઝખી લોકો હતા, આપ મો'મિનોને જોઈને ખુશ થાય છે અને કાફિરોને જોઈને નારાજ.

એ જ મિશ્કા઼ત કિતાબુલ ઈમાન બિલ્ ક઼દરમાં છે કે એક દિવસ હુઝૂર عليه الصلوٰة والسلام પોતાના બંને હાથોમાં બે કિતાબો સાથે પોતાના સહાબાઓના મજમામાં આવ્યા અને જમણા હાથમાંની કિતાબના વિશે ફર્માવ્યું કે એમાં આમ જન્નતી લોકોનાં નામો તેમના કુટુંબના લોકોના નામોની સાથે છે અને બીજી કિતાબમાં તમામ દોઝખીઓનાં નાક કબીલા સાથે છે અને છેવટમાં એ નામોનો ટોટલ પણ લગાડી દેવામાં આવ્યો છે કે કુલ કેટલા છે.

આ હદીષની શરહમાં મુલ્લા અલી ક઼ારીએ મિર્ક઼ાતમાં ફર્માવ્યું :–

(અર્થ) : ઈશારાથી એ જ જાહેર થઈ રહ્યું છે કે તે કિતાબો જોવામાં આવી રહી હતી.

એ મિશ્કાત બાબે અઝાબે કબ્રમાં છે કે જ્યારે મુડદુ નકીરૈન (મુન્કર નકીર)ની પરિક્ષામાં કામયાબ કે નાકામ થાય છે તો નકીરૈન કહે છે, "અમે તો પહેલેથી જ જાણતા હતા કે તું આવુ કરીશ !"

જાણવા મળ્યું કે નકીરૈનને મૈયતની કસૌટી કરતા પહેલાં જ નેકબખ્તી તથા બદ્બખ્તીનો ઈલ્મ હોય છે. ઈમ્તેહાન તો કેવળ કાનૂનની પાબંદી અથવા વાંધો ઉઠાવનારાનું મોઢુ બંધ કરવાને માટે થાય છે.

હદીષમાં છે કે જ્યારે કોઈ નેક માણસની પત્ની તેની સાથે લડે તો જન્નતમાંથી હુર પોકારે છે કે, "એ તારી પાસે થોડાક દિવસનો મહેમાન છે પછી અમારી પાસે આવવાનો છે, માટે તેની સાથે ઝઘડ નહીં !"

(મિશ્કાત, કિતાબુન્નિકાહ ફી અશ્રતિન્નિસા)

હુઝૂર ﷺએ જંગે બદરમાં એક દિવસે પ્રથમ જમીન પર નિશાન લગાડી ફર્માવ્યું કે અહીં ફલાણો કાફિર મરશે અને અહીં ફલાણો. મૃત્યુની જગાનો ઈલ્મ થયો. *(મિશ્કાનત કિતાબુલ જેહાદ)*

આ હદીષોથી જાણવા મળ્યું કે ઈલ્મે ખમ્સાનો ઈલ્મ અલ્લાહે પોતાના કેટલાક બંદાઓને પણ આપ્યો છે. વળી હુઝૂર ﷺનો ઈલ્મ સૌના ઈલ્મને ઘેરી ચૂકેલ છે, તો કેમ કરીને શક્ય છે કે હુઝૂર ﷺને ઉલૂમે ખમ્સા હાંસલ ન હોય !

એનાથી એ પણ જાણતા મળ્યું કે આ પાંચ ઈલ્મો અતાઈ (અલ્લાહ તરફથી મળેલ) અને હાદિષ (હમેશાંથી નહીં પણ પાછળથી મળેલ) હોવાની ખુદાની સિફત નથી. (કેમ કે ખુદાના ઈલ્મો ઝાતી કદીમ) (હમેશાંથી હમેશાં માટે છે.) નહીં તો કોઈને એમાંથી એક વાતનો પણ ઈલ્મ ન થાત, સિફતે ઈલાહીમાં ભાગીદારી (શિર્કત) ન કુલ્લી તૌર પર જાઈઝ છે ન અંશતઃ રીતે.

(૧૭) وَمَا يَعْلَمُ تَأْوِيْلَهٗۤ اِلَّا اللّٰهُ ۘ "મુતશાબેહાત આયતોની તાવીલ અલ્લાહ સિવાય કોઈ નથી જાણતુ." *(સૂરએ આલે ઈમરાન, આ. ૭)* એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺને મુતશાબેહાત આયતોનો ઈલ્મ ન હતો.

જવાબ : આ આયતમાં એવું ક્યાં ફર્માવ્યું કે, અમે મુતશાબેહાત આયતોનો ઈલ્મ કોઈને આપ્યો નથી ? રબ તઆલા ફર્માવે છે : અર્રહ્મમાન અલ્લમલ કુર્આન "પોતાના હબીબને રહમાને કુર્આન શીખવાડયું." જ્યારે રબ તઆલાએ આખુ કુર્આન શીખવાડી દીધું તો મુતશાબેહાત પણ શીખવાડી દીધી. એટલા માટે હનફી મઝહબનો સર્વ માન્ય અક્ીદો છે કે હુઝૂર ﷺ મુતશાબેહાતને જાણે છે, નહીં તો તેને નાઝિલ કરવું નિરર્થક ગણાશે. શાફઈઓના નજીક ઉલમા પણ જાણે છે, તેઓ **વર્રાસિખૂન ફિલ્ઈમ** પર વકફ કરે છે.

(બીજો વિભાગ)

★ ગયબના ઈન્કારમાં રજૂ કરેલી હદીષો ★

વિરોધીઓ ઈલ્મે ગયબના ઈન્કારમાં ઘણી હદીષો રજૂ કરે છે. એ સર્વનો સામાન્ય જવાબ તો એ છે કે આ હદીષોમાં હુઝૂર ﷺએ એવુ નથી ફર્માવ્યું કે મને રબ તઆલાએ ફલાણી ચીજનો ઈલ્મ નથી આપ્યો, બલ્કે કોઈની અંદર છે કે અલ્લાહુ અઅ્લમ (અલ્લાહ જાણનાર છે) તો કોઈનામાં છે ફલાણી વાત હુઝૂર ﷺએ ન બતાવી, કોઈમાં છે કે હુઝૂર ﷺએ ફલાણાને આ વાત પૂછી. અને આ સર્વ વાતો ઈલ્મે ગયબ ન હોવાનું સાબિત નથી કરતી, ન બતાવવું અથવા પૂછવું અથવા અલ્લાહુ અઅ્લમ ફર્માવવું એ અન્ય ઘણી મસ્લેહતોના લીધે પણ હોઈ શકે છે. ઘણી બધી વાતો અલ્લાહે બંદાને ન બતાવી, પ્રશ્ન છતાં છુપી રહી, ઘણી બધી વાતો પરવરદિગારે આલમ ફરિશ્તાઓને પૂછે છે, તો શું તેને પણ ઈલ્મ નથી ?! એક સહીહ હદીષ કતઈ દલીલવાળી એવી લાવો જેમાં ઈલ્મે ગયબ આપવા વિશેનો ઈન્કાર હોય, પણ ઈન્શા અલ્લાહ ! નહીં લાવી શકો. આ જવાબ બધી રીતે પૂરતો હતો તેમ છતાં પણ તેમની મશહૂર હદીષ રજૂ કરું છું.

(૧) મિશ્કાત બાબુલ એઅ્લાનુન્નિકાહની પ્રથમ હદીષ છે કે, હુઝૂર ﷺ એક નિકાહમાં તશરીફ લઈ ગયા જ્યાં અન્સારની કેટલીક બાળકીઓ દફ વગાડી જંગે બદરમાં ક઼ત્લ થયેલાઓના મર્ષિયાનાં ગીત ગાવા લાગી. તેમાંથી કોઈએ આ શેઅર પઢયો કે, **વફીના નબિય્યુન્ માફી ગદિન્** "અમારામાં એવા નબી છે જે કાલની વાત જાણે છે." તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, એને છોડી દો, તે જ ગાવ જે પ્રથમ ગાતી હતી.

એનાથી જણાયુ કે હુઝૂર ﷺને ઈલ્મે ગયબ ન હતો, જો હોત તો આપ તેમને એવું કહેવાથી ન રોકત ! સાચી વાતથી શા માટે રોકત ?!

જવાબ : પ્રથમ તો એ વિચારવું જોઈએ કે આ મિસરો (પંક્તિ) ખુદ તે બાળકોએ તો બનાવી જ નથી, કેમ કે બાળકોને શેઅર બનાવવાનું આવડતુ નથી હોતુ, અને ન તો કોઈ કાફિર કે મુશ્રિકે બનાવ્યો, કેમ કે તેઓ હુઝૂર

ﷺને નબી માનતા ન હતા, જેથી ચોક્કસ એ કોઈ સહાબીનો શેઅર હતો. બતાવો ! તે શેઅર બનાવનાર સહાબી મઆઝલ્લાહ ! મુશ્રિક છે કે નહીં ?! વળી હુઝૂર ﷺએ ન તો એ શેઅર બનાવનારને બુરો કહ્યો, ન તો શેઅરની બુરાઈ વર્ણવી બલ્કે કેવળ તેને ગાવાથી રોકયા ! શા માટે ? ચાર કારણોને લીધે : પ્રથમ એ કે, જો કોઈ આપણા સામે આપણી તારીફ કરે તો ઈન્કેસારી (આજીજી) રૂપે કહીએ છીએ કે, અરે મિયાં ! એ વાતોને છોડો અને જે વાત કરતા હોવ તે ચાલુ રાખો. તો આ પણ ઈન્કેસારીના રૂપે (નમ્રતા દર્શાવવા) ફર્માવ્યું. બીજું એ કે ખેલકૂદ ગાવા વગાડવા દરમ્યાન નઅતના શેઅરો પઢવાની મના ફર્માવી, એના માટે અદબ જોઈએ. ત્રીજુ એ કે ગયબની નિસ્બત પોતાના પ્રતિ કરવાને નાપસંદ કર્યું. ચોથુ એ કે મર્ષિયા વચ્ચે નઅતનું હોવું નાપસંદ ફર્માવ્યું, જેમ કે આજકાલ નઅતખ્વાં કરે છે કે મર્ષિયા તથા નઅતને મિલાવીને પઢે છે.

મિર્કાતમાં એ જ હદીષ હેઠળ છે :–

لِلْكَرَاهَةِ نِسْبَةِ عِلْمِ الْغَيْبِ اِلَيْهِ لِاَنَّهٗ لَا يَعْلَمُ الْغَيْبَ اِلَّا اللّٰهُ وَ اِنَّمَا يَعْلَمُ الرَّسُوْلُ مِنَ الْغَيْبِ مَا اَعْلَمَهٗ اَوْ لِلْكَرَاهَةِ اَنْ يُّذْكَرَ فِىْ اَثْنَاءِ ضَرْبِ الدَّفِّ وَ اَثْنَاءِ مَرْثِيَّةِ الْقَتْلٰى لِعُلُوِّ مَنْصَبِهٖ مَنْ ذٰلِكَ

(અર્થ) : ઈલ્મે ગયબની નિસ્બત પોતાના પ્રતિ કરવાનું મના ફર્માવ્યું, કેમ કે ઈલ્મે ગયબ ખુદા સિવાય કોઈ નથી જાણતુ અને રસૂલ તે જ ગયબ જાણે છે જે અલ્લાહ બતાવે. અથવા એ નાપસંદ કર્યું કે આપનો ઝિક્ર બજાવવામાં અથવા ક્તૂલ થયેલાઓના મર્ષિયા દરમિયાન કરવામાં આવે, કેમ કે આપનો દરજ્જો એનાથી ઉચ્ચ છે.

અશિઅતુલ લમ્આતમાં એ જ હદીષ હેઠળ છે, "શારેહીને (હદીષનો ખુલાસો દર્શાવનારાઓએ) કહ્યું કે હુઝૂર ﷺનું એમને મના ફર્માવવું એટલા માટે છે કે એમાં ઈલ્મે ગયબની નિસ્બત હુઝૂરની તરફ છે, જેથી હુઝૂરને નાપસંદ આવી. અને કેટલાકે ફર્માવ્યું કે, આપનુ ઝિક્ર શરીફ ખેલકૂદમાં મુનાસિબ નથી.

(૨) મદીના પાકમાં અન્સાર બાગોમાં નર ઝાડની શાખા માદા ઝાડમાં લગાડતા હતા જેથી ફળો વધુ આપે. આ ફેલથી હુઝૂર ﷺએ અન્સારને મના ફર્માવ્યું. (આ કાર્યને અરબીમાં "તલ્કીહ" કહે છે) અન્સારે "તલ્કીહ" છોડી દીધી. ખુદાની શાન કે ફળો ઘટી ગયાં. એની શિકાયત સરકારે દો આલમ ﷺની ખિદમતમાં પેશ થઈ, તો ફર્માવ્યું, اَنْتُمْ اَعْلَمُ بِاُمُوْرِ دُنْيَاكُمْ "તમારા દુનિયાવી મામલાઓ તમે ખૂબ સારી પેઠે જાણો છો." જણાયુ કે આપને એ ઈલ્મ ન હતો કે, "તલ્કીહ" રોકવાથી ફળો ઘટી જશે, અને અન્સારનો ઈલ્મ આપનાથી અધિક સાબિત થયો.

જવાબ : હુઝૂર عليه الصلوة والسلامનું એ ફર્માવવું કે, اَنْتُمْ اَعْلَمُ بِاُمُوْرِ دُنْيَاكُمْ "તમારા દુનિયાવી મામલાઓ તમે ખૂબ સારી પેઠે જાણો છો" એ નારાજગી દર્શાવવા માટે છે કે જ્યારે તમે સબ્ર નથી કરતા તો તમારા દુનિયાવી મામલાઓ તમે જાણો ! જેમ કે આપણે કોઈને કોઈ વાત કહીએ અને એમાં તે કાંઈ વિચાર ચિંતન કરે તો કહીએ છીએ કે, "ભાઈ ! તું જાણે !" કે એનાથી ઈલ્મનો ઈન્કાર નથી થતો.

શરહે શિફા મુલ્લા અલી ક़ારી મોઅ્જિઝાતની બહષમાં ફર્માવે છે :–

وَ خَصَّهُ اللّٰهُ مِنَ

الْاِطِّلَاعِ عَلٰى جَمِيْعِ مَصَالِحِ الدُّنْيَا وَ الدِّيْنِ وَ اسْتُشْكِلَ بِاَنَّهٗ عَلَيْهِ السَّلَامُ وَجَدَ الْاَنْصَارَ يُلَقِّحُوْنَ النَّخْلَ فَقَالَ لَوْ تَرَكْتُمُوْهُ فَتَرَكُوْهُ فَلَمْ يَخْرُجْ شَيْأً اَوْ خَرَجَ شَيْصاً فَقَالَ اَنْتُمْ اَعْلَمُ بِاُمُوْرِ دُنْيَاكُمْ قَالَ الشَّيْخُ السِنُّوْسِيُّ اَرَادَ اَنْ يَّحْمِلَهُمْ عَلٰى خَرْقِ الْعَوَائِدِ فِيْ ذٰلِكَ اِلٰى بَابِ التَّوَكُّلِ وَ اَمَّا هُنَاكَ فَلَمْ يَمْتَثِلُوْا فَقَالَ اَنْتُمْ اَعْرَفُ بِدُنْيَاكُمْ وَ لَمِ امْتَثَلُوْا وَ تَحَمَّلُوْا فِيْ سَنَةٍ اَوْ سَنِيْنَ لَكَفُوْ اَمْرَ

هٰذِهِ الْمِحْنَةِ

(અર્થ) : અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને તમામ દીની તથા દુનિયવી મસ્લેહતો પર માહિતગાર ફર્માવવાથી ખાસ કર્યા. એના પર એ એ'તરાઝ છે કે હુઝૂરે અન્સારને ઝાડોની "તલ્કીન" કરતાં જોયા તો ફર્માવ્યું કે તમે એને

છોડી દેતે તો સારુ હતું. તેમણે છોડી દીધું તો કાંઈ ફળ જ ન આવ્યાં, અથવા અપૂર્ણ આવ્યાં. તો ફર્માવ્યું તમારા દુનિયવી મામલાઓ તમે જાણો ! શયખ સનૂસીએ ફર્માવ્યું કે, આપે ચાહ્યું હતું કે તેમને આદત વિરુદ્ધ કામ કરાવીને બાબે તવક્કુલ સુધી પહોંચાડી દે, તેમણે ન માન્યું તો ફર્માવી દીધું કે, તમે જાણો ! જો તેઓ આ જાણી લેત અને બે એક સાલ નુકસાન વેઠી લેત તો આ મહેનતથી બચી જાત.

મુલ્લા અલી ક઼ારી એ જ શરહે શિફા, ભાગ : ૨, પેજ : ૨૩૮માં ફર્માવે છે :–

(અર્થ) : જો તે હઝરાત હુઝૂરના ફર્માન પર અડગ રહેત તો આ કળામાં અગ્રિમતા લઈ જાત અને તેમનાથી આ "તલ્ક़ીહ"ની મહેનત દૂર થઈ જાત.

ફસ્લુલ્ ખિતાબમાં અલ્લામા કુસૈરીથી નકલ ફર્માવ્યું :–

وَ لَا يَعْزُبُ عَنْ عِلْمِهٖ عَلَيْهِ

السَّلَامُ مِثْقَالُ ذَرَّةٍ فِى الْاَرْضِ وَ لَا فِى السَّمَآءِ مِنْ حَيْثُ مَرْتَبَتِهٖ وَ اِنْ كَانَ

يَقُوْلُ اَنْتُمْ اَعْلَمُ بِاُمُوْرِ دُنْيَاكُمْ

"હુઝૂર ﷺના ઈલ્મથી જમીન તથા આસ્માનમાં રજકણ જેટલી ચીજ પણ છુપી નથી, ભલે આપ ફર્માવતા હતા કે દુનિયવી કામ તમે જાણો.

હઝરત યૂસુફ عليه السلام એ કદી ખેતી કરી ન હતી અને ન તો ખેડૂતોની સોહબત મળી હતી પણ દુકાળનો સમય આવતાં પહેલાં હુકમ આપ્યો કે અનાજ ખૂબ ઉગાડો અને ફર્માવ્યું કે, "જે કાપો તેને કંતીમાં જ રહેવા દો." એટલે કે ઘઉંની હિફાઝતનો તરીકો શીખવાડયો. જેમ કે આ જે પણ અનાજને ભૂસામાં રાખીને એની હિફાઝત કરાય છે. તો એમને ખેતીવાડીની છૂપી વાતોનું રહસ્ય કેવી રીતે માલૂમ પડયું ? અને ફર્માવ્યું, "મને જમીનના ખજાનાઓ પર મુક઼ર્રર કરી દો, હું તેનો મુહાફિઝ અને દરેક કામ જાણનારો છું." આ બધી મુલ્કને લગતી વ્યવસ્થા વિશે કોની પાસેથી શીખ્યા ? તો શું હુઝૂર ﷺની દાનાઈ અને હુઝૂર ﷺનો ઈલ્મ હઝરત યૂસુફ عليه السلام થી પણ ઓછો છે ?! મઆઝલ્લાહ !

(૩) તિર્મિઝી કિતાબુત્તફસીર સૂરએ અન્આમમાં છે કે, હઝરત મસ્રૂક હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا થી રિવાયત ફર્માવે છે કે, જે શખ્સ કહે કે હુઝૂર ﷺએ પોતાના રબને જોયો અથવા કોઈ ચીજને છુપાવી તો જૂઠો છે. અને જે કહે કે હુઝૂર ﷺ કાલની વાત જાણે છે એણે અલ્લાહ પર જૂઠ બાંધ્યું !

જવાબ : હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ની આ ત્રણ વાતો પોતાના જાહેરી અર્થમાં નથી. આપનાં આ કથનો પોતાની રાયથી છે એના પર કોઈ હદીષે મરફૂઅ રજૂ નથી કરી બલ્કે આયતોથી દલીલ કરે છે. રબ તઆલાને જોવા વિશે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہا એ રિવાયત પેશ ફર્માવી, અને અત્યાર સુધી જમહૂર અહલે ઈસ્લામ તેને માનતા આવ્યા.

એ જ પ્રમાણે હઝરત સિદ્દીક़ા رضی اللہ عنہا નું ફર્માવવું કે હુઝૂર ﷺએ કોઈ ચીજ ન છુપાવી, એનો મતલબ તબ્લીગી શરઈ હુકમો છે, નહીં તો ઘણાયે ઈલાહી રહસ્યો પર લોકોને માહિતગાર નથી કર્યા ?

મિશ્કા़ત કિતાબુલ ઈલ્મ, ફસ્લ દોમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે મને હુઝૂર ﷺથી બે પ્રકારના ઈલ્મો મળ્યા. એક તે જેની તબ્લીગ કરી આપી અને બીજો તે કે જો તમને બતાવુ તો તમે મારુ ગળુ કાપી લો.

એનાથી જાણવા મળ્યું કે ઈલાહી રહસ્યો નામહરમથી છુપાવી લેવામાં આવ્યાં. એ જ પ્રમાણે હઝરત સિદ્દીક़ા رضی اللہ عنہا નું એવું ફર્માવવું કે કાલની વાત હુઝૂર ﷺ જાણતા ન હતા. એનો મતલબ એ છે કે બિઝ્ઝાત (જાતે પોતે) જાણતા ન હતા, નહીં તો સેંકડો હદીષો તથા કુર્આની આયતોનો વિરોધ ઉભો થશે. હુઝૂર ﷺએ ક़યામતની, દજ્જાલની, ઈમામ મહેદીની અને હૌઝે કૌષરની શફાઅતની બલ્કે ઈમામ હુસૈન رضی اللہ عنہ ની શહાદતની જંગે બદર થતા પહેલાં કાફિરોના કત્લની અને કઈ જગાએ કત્લ થઈને પડશે તેની પણ ખબર આપી. તદ્ ઉપરાંત જો હઝરત સિદ્દીક़ા رضی اللہ عنہا ના ફર્માનનાં જાહેરી અર્થો પણ કરવામાં આવે તો વિરોધીઓના પણ વિરુદ્ધ થશે, કેમ કે તેઓ પણ ઘણા ગયબના ઈલ્મો વિશે માને છે અને એમાં તો તદ્દન ઈન્કાર છે ! મને આજે યકીન છે કે કાલે પંજ શમ્બહ્ (જુમેરાત) થશે, સૂરજ નીકળશે, રાત આવશે...

એ પણ તો કાલની વાતનો ઈલ્મ થયો. હઝરત સિદ્દીકા رضی اللہ عنہا એ જિસ્માની મેઅરાજનો પણ ઈન્કાર ફર્માવ્યો પણ એ જ કહેવામાં આવે છે કે મેઅરાજનો પ્રસંગ તેમના નિકાહમાં આવતાં પહેલાનો છે જે તેમના ઈલ્મમાં ન આવ્યો. (જ્યારે તેમની છ સાલની વય હતી).

(૪) હઝરત આઈશા સિદ્દીકા (رضی اللہ عنہا)નો હાર ગુમ થઈ ગયો. ઠેક ઠેકાણે શોધ કરવામાં આવી છતાં ન મળ્યો, છેવટે ઊંટની નીચેથી મળી આવ્યો. હુઝૂર عليه الصلوٰة والتسليم ને ઈલ્મ હતો તો એ જ ઘડીએ શા માટે ન જણાવી દીધું કે હાર ત્યાં છે ? જણાયું કે ઈલ્મ ન હતો.

જવાબ : આ હદીષથી ન બતાવવાનુ માલૂમ પડે છે, નહીં કે ન જાણવાનુ, અને ન બતાવવામાં સેંકડો હિકમતો હોય છે. કેટલાક લોકોએ ચાંદના ઘટવા વધવાના સબબો વિશે પૂછયું પણ રબ તઆલાએ ન જણાવ્યું. તો શું ખુદા પાકને પણ ઈલ્મ ન હતો ? અલ્લાહની મરજી એ હતી કે સિદ્દીકા رضی اللہ عنہا નો હાર ખોવાઈ જાય અને મુસલમાનો તેની તલાશમાં અહીં રોકાઈ જાય, ઝોહ્રનો સમય આવે અને પાણી ન મળે, ત્યારે હુઝૂર عليه الصلوٰة والتسليم ને અર્ઝ કરવામાં આવે કે હવે શું કરીએ ?! ત્યારે આ તયમ્મુમ માટેની આયત નાઝિલ થાય, જેનાથી હઝરત સિદ્દીકાની અઝમત કિયામત સુધીના મુસલમાનો જાણી લે. રબના કામો સબબો થકી થાય છે. આશ્ચર્યની વાત છે કે જે આંખ કિયામત સુધીના પ્રસંગોને જોતી હોય તેનાથી ઊંટની નીચેની ચીજ કેવી રીતે છુપી રહે ? શાને મહબૂબ عليه الصلوٰة والتسليم સમજવાની ખુદા તૌફીક આપે.

(૫) મિશ્કાત બાબુલ હૌઝે વશિશ્ફાઅહ્માં છે :–

لَيَرِدَنَّ عَلَيَّ اُقْوَامٌ

اَعْرِفُهُمْ وَ يَعْرِفُوْنَنِيْ ثُمَّ يُحَالُ بَيْنِيْ وَ بَيْنَهُمْ فَاَقُوْلُ اِنَّهُمْ مِنِّيْ فَيُقَالُ اِنَّكَ لَا

تَدْرِيْ مَا اَحْدَثُوْا بَعْدَكَ فَاَقُوْلُ سُحْقًا سُحْقًا لِمَنْ غَيَّرَ بَعْدِيْ

(અર્થ) : હૌઝ ઉપર અમારી પાસે કેટલીક કૌમો આવશે જેને અમે ઓળખીએ છીએ અને તેઓ અમને ઓળખે છે. પછી અમારા તથા તેમના વચ્ચે આડ કરી દેવામાં આવશે. અમે કહીશું કે આ તો અમારા લોકો છે. તો

કહેવામાં આવશે કે તમે નથી જાણતા કે તેમણે તમારા બાદ કેવાં નવાં કામો કર્યાં. પછી અમે ફર્માવીશું, દૂરી થાય ! દૂરી થાય ! તેને જે મારા બાદ દીન બદલે.

એનાથી જણાયુ કે હુઝૂર عليه الصلوٰة والتسليم નું તેમને સહાબી કહેવું કટાક્ષના રૂપે હશે કે એમને આવવા દો ! આ તો અમારા બહુ મુખ્લિસ સહાબા છે ! અને ફરિશ્તાઓનું એ અર્ઝ કરવું તેમને સંભળાવીને ગમગીન કરવા માટે હશે, નહીં તો ફરિશ્તાઓએ તેમને સુધી શા માટે આવવા દીધા ?! જહન્નમી કાફિરને કહેવામાં આવશે : ذُقْ ۚ إِنَّكَ أَنتَ الْعَزِيزُ الْكَرِيمُ ۝ ''અઝાબ ચાખ ! તું તો ઈઝ્ઝતવાળો, કરમવાળો છે ! હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم એ સૂરજને જોઈને ફર્માવ્યું, ''આ મારો રબ છે !'' *(સૂ.દુખાન–૪૯)*

વળી વિચારવાની વાત તો એ છે કે આજે તો હુઝૂર عليه الصلوٰة والتسليم એ આખા બનાવને જાણે છે. અને જણાવે છે કે, હું તેઓને ઓળખું છું. તો શું તે દિવસે ભૂલી જશે ? તેમજ કિયામતના દિવસે મુસલમાનોની કેટલીક નિશાનીઓ હશે, જેમ કે વઝૂના અંગોનું ચમકવું, ચેહરો નૂરાની હોવો, જમણા હાથમાં આમાલનામુ હોવું, પેશાની પર સિજદાનો દાગ હોવું. જુઓ મિશ્કાત કિતાબુસ્સલાત. જ્યારે કાફિરોની નિશાની હશે, એથી ઉલ્ટુ હોવું અને તે લોકોને ફરિશ્તાઓનુ રોકવું તેમના ઈર્તેદાદની ખાસ નિશાની હશે જે વર્ણન થઈ રહી છે. પછી કયુ કારણ છે કે આટલી નિશાનીઓ હોવા છતાં હુઝૂર તેમને ઓળખશે નહીં ?! વળી આજે તો હુઝૂરે જન્નતી તથા જહન્નમી લોકોની ખબર આપી, અશ્રએ મુબશ્શિરહ્ને બશારત આપી, બે કિતાબો સહાબાએ કિરામને બતાવી જેમાં જન્નતી તથા જહન્નમી લોકોનાં નામો છે. તો ત્યાં ન ઓળખવાનો શો અર્થ ? હુઝૂર عليه الصلوٰة والتسليم ને તમામ મખ્લૂકાત કરતાં વધારે ઈલ્મ છે. વળી ફરિશ્તાઓને તો ખબર છે કે આ મુર્તદ લોકો છે ! અને હુઝૂર عليه الصلوٰة والتسليم ને ખબર નથી ?! રબ તઆલા ફર્માવે છે, سِيمَاهُمْ فِي وُجُوهِهِم مِّنْ أَثَرِ السُّجُودِ ۚ ''એમની નિશાની એમના ચહેરાઓમાં છે સિજદાઓની નિશાનીથી.'' *(સૂ. ફતહ, ૪૮/૨૯)*

તેમજ ફર્માવે છે : بِسِيْمٰهُمْ فَيُؤْخَذُ بِالنَّوَاصِيْ وَالْاَقْدَامِ "મુજરિમ પોતાના ચહેરાઓથી ઓળખાય જશે." *(સૂ.રહમાન, ૫૫/૪૧)* જણાયું કે કિયામતમાં નેક તથા બદ લોકોની અલામત (નિશાની) ચહેરાઓ ઉપર હશે.

'મિશ્કાત બાબુલ હૌઝ વ શફાઅત'માં છે જન્નતી મુસલમાન જહન્નમી મુસલમાનોને કાઢવાને માટે જહન્નમમાં જશે અને તેમની પેશાની પરના સજદાઓના દાગને જોઈને તેમને સળગી ચૂકયા બાદ કાઢશે, અને તેમને ફર્માવવામાં આવશે, (અર્થ) : "જેમના દિલમાં રાઈના દાણા જેટલું પણ ઈમાન પામો તેને કાઢી જાવ !"

જુઓ ! જન્નતી મુસલમાન દોઝખી મુસલમાનોના દિલમાં સમાયેલા ઈમાનને જાણે છે કે કોના દિલમાં કયા દરજાનુ ઈમાન છે ? દીનદારના જેટલું કે રજકણ જેટલું ?! પરંતુ હૂઝૂર عليه الصلوٰة والتسليم ને જ ચહેરો જોઈને, નિશાની જોઈને પણ ખબર નથી થતી કે આ મુસલમાન છે કે કાફિર ?! અલ્લાહ તઆલા સાચી સમજ નસીબ ફર્માવે.

(૬) બુખારી જિલ્દ અવ્વલ કિતાબુલ જનાઈઝમાં હઝરત ઉમ્મુલ અલાઅ્ની રિવાયત છે : وَاللّٰهِ مَا اَدْرِىْ وَ اَنَا رَسُوْلُ اللّٰهِ مَا يُفْعَلُ بِىْ ખુદાની કસમ ! હું નથી જાણતો કે મારી સાથે શું શું થશે ! જો કે હું અલ્લાહનો રસૂલ છું !

એનાથી જાણવા મળ્યું કે હૂઝૂર عليه الصلوٰة والتسليم ને પોતાની પણ ખબર ન હતી કે કિયામતમાં મારી સાથે શું મામલો થશે ?

જવાબ : અહીં ઈલ્મે ગયબનો ઈન્કાર નથી બલ્કે પોતાની અટકળ તથા કિયામતનો ઈન્કાર છે. એટલે હું મારી અટકળ તથા કયાસથી નથી જાણતો કે મારી સાથે શું મામલો થશે, બલ્કે તઅલ્લુક અલ્લાહની વહી સાથે છે, તો હે ઉમ્મુલ અલાઅ્ ! તમે જે ઉષ્માન ઈબ્ને મઝઊનના જન્નતી હોવાની ગવાહી કેવળ કિયાસથી આપી રહી છો એ યોગ્ય નથી.

આ ગયબની ખબરોમાં તો અંબિયાએ કિરામ પણ કિયાસ નથી કરતા, નહીં તો મિશ્કાત બાબુલ ફઝાઈલે સૈયદુલ મુરસલીનમાં છે કે હું ઔલાદે આદમનો સરદાર છું, તે દિવસે લવાઉલ હમ્દ મારા હાથમાં હશે, આદમ તથા

આદમિયત મારા ઝંડાની નીચે હશે. તેમની બરાબરી કેમ કરીને કરવામાં આવી શકે ?!

(૭) બુખારી જિલ્દ દોમ કિતાબુલ મગાઝી બાબ હદીષે ઉફકમાં છે કે હઝરત સિદ્દીકા رضی اللہ عنہا પર તોહમત લાગી. આપ તેમાં પરેશાન તો રહ્યા પણ વહી આવ્યા વિના કાંઈ કહી ન શકયા કે આ તોહમત (આરોપ) સાચો છે કે ગલત ! જો ઈલ્મે ગયબ હોત તો પરેશાની કેવી ?! અને આટલા દિવસો સુધી ચુપ શા માટે રહયા ?!

જવાબ :– આમાં પણ ન જણાવવાનું સાબિત છે 'ન જાણવાનું' નહીં ! ન જણાવવાથી ન જાણવાનું લાઝિમ નથી થતુ. ખુદ રબ તઆલાએ પણ ઘણા દિવસો સુધી તેમની પાકદામનીની આયત ન ઉતારી, તો શું રબને પણ ખબર ન હતી. તેમજ બુખારીની આ હદીષમાં છે, (અર્થ) : ''હું મારી બીવીની પાક દામની પણ જાણું છું.'' જેનાથી જાણવા મળ્યું કે ઈલ્મ તો છે પણ સમયથી પહેલાં જાહેર નથી કરતા. અને એવું થઈ શકતુ જ નથી કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને હઝરત આઈશા પર બદગુમાની થઈ હોય. કેમ કે રબ તઆલાએ મુસલમાનોને ધમકી રૂપે ફર્માવ્યું :–

لَوْ لَاۤ اِذْ سَمِعْتُمُوْهُ ظَنَّ الْمُؤْمِنُوْنَ وَ الْمُؤْمِنٰتُ بِاَنْفُسِهِمْ خَيْرًا ۙ
وَّ قَالُوْا هٰذَاۤ اِفْكٌ مُّبِيْنٌ ۝

''મુસલમાન મર્દો તથા ઔરતોએ પોતાના દિલોમાં નેક ગુમાની કેમ ન કરી ? અને તુરત જ કેમ ન કહ્યું કે આ ઉઘાડો આક્ષેપ છે.'' *(સૂ. નૂર, ૨૪/૧૨)*

જાણવા મળ્યું કે આયત ઉતરતાં પહેલાં જ મુસલમાનો ઉપર નેક ગુમાન કરવું વાજિબ હતું અને બદગુમાની હરામ હતી અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم તો હરામથી મા'સૂમ છે, તો પછી આપ બદગુમાની કદી પણ કરી શકતા જ નથી, હા ! આપનુ એ ફર્માવવું, هٰذَاۤ اِفْكٌ مُّبِيْنٌ (આ ઉઘાડો આક્ષેપ છે) આપના ઉપર વાજિબ ન હતું, કેમ કે આપના ઘરનો મામલો હતો. રહી વાત પરેશાનીની તથા આટલી વાર ખામોશી કેમ અપનાવી ? તો પરેશાનીનો સબબ મઆઝલ્લાહ લાઈલ્મી (અજાણપણુ) નથી. જો કોઈ ઈઝ્ઝત તથા અઝમતવાળા પર ખોટો

આક્ષેપ લગાડવામાં આવે અને તે પોતે જાણતો પણ હોય કે આ ઈલ્ઝામ ગલત છે, છતાં પણ પોતાની બદનામીના અંદેશાથી પરેશાન થાય છે. લોકોમાં એ અફવાનું ફેલાવું જ પરેશાનીનો સબબ બન્યુ. જો આયતોના નુઝૂલની રાહ ન જોવામાં આવત અને પહેલેથી આક્ષેપને રદિયો આપી દેવામાં આવત તો મુનાફિકો કહેત કે પોતાની પત્નીની તરફદારી કરી અને મુસલમાનોમાં આવી તોહમતના મસાઈલ જાણવા ન મળત, અને વળી આવા કેસોની તેહકીક કરવાનો તરીકો ન બહાર આવત અને સિદ્દીકતુલ કુબરાને સબ્રનો તે સવાબ ન મળત જે આ રીતે મળ્યો. આ મોહુ થવામાં સેંકડો હિકમતો છે. અને આ મસ્અલો તો અકીદામાં સામેલ છે કે નબીની પત્ની બદકાર નથી હોઈ શકતી. રબ તઆલા ફર્માવે : اَلْخَبِيْثٰتُ لِلْخَبِيْثِيْنَ وَالْخَبِيْثُوْنَ لِلْخَبِيْثٰتِ ۚ ''ગંદી ઔરતો ગંદા મર્દો માટે છે અને ગંદા મર્દો ગંદી (નાપાક) ઔરતોના માટે.'' *(સૂ.નૂર–૨૬)* આ ગંદકીથી મુરાદ ઝિનાની ગંદકી છે. એટલે કે નબીની પત્ની ઝાનિયહ્ (વ્યભિચારણી) નથી હોઈ શકતી, હા ! કાફિર હોઈ શકે છે કે કુફ્ર સખ્ત જુર્મ છે પણ ઘૃણાત્મક ચીજ નથી, દરેક શખ્સ તેનાથી શરમ નથી કરતો, જ્યારે ઝિનાથી તો દરેક માણસની તબીઅત નફરત અને શરમ અનુભવે છે. એટલા માટે અંબિયાની બીવીઓને કદી ખ્વાબમાં એહતેલામ નથી થતો. જુઓ મિશ્કાત કિતાબુલ ગુસ્લ, એમાં છે કે, હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا એ એના પર આશ્ચર્ય પ્રદર્શિત કર્યું કે ઓરતને પણ એહતેલામ થાય છે ?! અને એની તેહકીક મારી કિતાબ **શાને હબીબુર્રહમાન** માં પણ છે. તો શું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અકીદાના આ મસ્અલાની પણ ખબર ન હતી ?! કે સિદ્દીકાએ સૈયદુલ અંબિયાની પુનિત પત્ની છે, એનાથી આ કુસૂર થઈ શકતો જ નથી ! તેમજ અલ્લાહની મરજી એ હતી કે પોતાના મહબૂબની મહબૂબાની પાકદામનીની ગવાહી ડાયરેકટ હું આપુ, અને તેથી કુર્આનમાં એ આયતો ઉતરીને કિયામત સુધીના મુસલમાનો થકી તમામ દુનિયામાં તેમની હઝરત આઈશા સિદ્દીકાની પાકદામનીના ખુત્બા પઢાવી લે કે જેથી નમાઝીઓ નમાઝોમાં તેમની (હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની) પાકદામનીનાં ગીતો ગાય. હવે જો હુઝૂર

صلى الله تعالى عليه وسلم જાતે જ બયાન ફર્માવી આપત તો આ ખૂબીઓ હાંસલ થાત નહીં. મતલબ કે ઈલ્મ તો હતો પણ પ્રદર્શિત ન કર્યો.

મજાની વાત તો એ કે યૂસુફ عليه الصلوٰة والتسليم ને ઝુલૈખાએ તોહમત લગાડી તો રબ તઆલાએ તેમની સફાઈ ખુદ બયાન ન ફર્માવી બલ્કે એક દૂધ પીતા બાળક વડે પાક દામની જાહેર ફર્માવી દીધી. હઝરત મરયમને તોહમત લાગી તો દૂધ પીતા રૂહુલ્લાહ (હઝરત ઈસા عليه الصلوٰة والتسليم) થકી તેમની પાકદામની જાહેર કરી. પણ મેહબૂબ صلى الله تعالى عليه وسلم ની પ્યારી પુનિત પત્નીને ઈલ્ઝામ લાગ્યો તો કોઈ બાળક કે ફરિશ્તા થકી પાકદામનીની ગવાહી ન અપાવી બલ્કે એ ગવાહી ખુદ ખાલિક઼ે આપી અને એ ગવાહીને કુર્આનનો અંશ (ભાગ) બનાવ્યો જેથી એ ગવાહી ઈમાનનો રુકન બને અને મખ્લૂકને હુઝૂર عليه الصلوٰة والتسليم ની મહબૂબિયતનો પતો લાગી જાય.

ચેતવણી :– એક છે જેહલ અને એક છે નિસ્યાન અને એક ઝહૂલ. 'જહલ' એટલે ન જાણવું (અજ્ઞાનતા), 'નિસ્યાન' એટલે જાણી લીધા બાદ યાદશક્તિમાંથી નીકળી જવું અને 'ઝહૂલ' એ છે કે કોઈ ચીજ યાદ તો હોય પણ તે સમયે એ તરફ ધ્યાન ન હોય. દા.ત. એક શખ્સે કુર્આન ન પઢયું, તો બીજાએ યાદ કરીને ભૂલાવી દીધું અને ત્રીજો શખ્સ સંપૂર્ણ હાફિઝ છે પણ જો કોઈ વખતે કોઈ આયત પૂછતાં તે ઘડીએ બતાવી ન શકયો, તેની તવજ્જોહ ન રહી. આમાં પ્રથમ 'જાહિલ' કહેવાશે, બીજો 'નાસી' (ભૂલકણો) અને ત્રીજો 'ઝાહિલ' થયો.

અંબિયાએ કિરામને કેટલીકવાર કોઈ ખાસ ચીજની ભૂલામણી (યાદમાંથી જવું) થઈ શકે પણ બાદમાં તેના પર કાયમ નથી રહેતા. કુર્આને કરીમ સૈયેદેના આદમ عليه الصلوٰة والتسليم ના માટે ફર્માવે છે : فَنَسِيَ وَلَمْ نَجِدْ لَهُ عَزْمًا ۝ ''તેઓ ભૂલી ગયા, અમે તેમનો (એવો) ઈરાદો ન જોયો.'' *(સૂ. તાહા–૧૧૫)* હઝરત આદમ عليه الصلوٰة والتسليم ની નજર લોહે મેહફૂઝ પર હતી, આ સર્વ પ્રસંગો નજરો સમક્ષ હતા. પણ અલ્લાહની મરજી કે અમુક સમય માટે યાદ બહાર થઈ ગયું હતું ! કિયામતમાં શફીઅ (શફાઅત કરનાર)ની તલાશમાં સર્વ મુસ્લિમો જેમાં

મોહદ્દિષો તથા મુફસ્સિરો તથા ફકીહો સર્વે છે. તેઓ ક્રમે ક્રમે વિવિધ અંબિયાએ કિરામની પાસે જશે કે આપ શફાઅત ફર્માવે, તેઓ શફાઅત તો કરશે નહીં અને ન તો શફીઉલ મુઝનબીન عليه الصلوٰة والتسليم નો સહી પતો બતાવશે. તેઓ ધારણાથી જ ફર્માવશે કે હઝરત નૂહ પાસે જાવ ! અહીં જાવ ! ત્યાં જાવ ! કદાચ તે તમારી શફાઅત કરી આપે. જો કે દુનિયામાં તો સૌનો અકીદો હતો અને છે કે કિયામતમાં શફીઉલ મુઝનબીન હુઝૂર عليه الصلوٰة والتسليم જ છે. આ થયું 'ઝહૂલ' કે એ વાતો પ્રતિ ધ્યાન ન રહ્યું. જો હુઝૂર عليه الصلوٰة والتسليم કોઈવાર કોઈ વાત ન બતાવે તો તેનુ કારણ 'ઝહૂલ' (એ તરફ ધ્યાનનું ન હોવું) હોઈ શકે છે, પણ એનાથી બેઈલ્મી સાબિતી નથી થઈ શકતી. રબ તઆલા ફર્માવે છે :

وَاِنْ كُنْتَ مِنْ قَبْلِهٖ لَمِنَ الْغٰفِلِيْنَ ۝ ''જો કે આપ એથી પહેલાં હઝરત યૂસુફ عليه الصلوٰة والتسليم થી બેપરવા હતા.'' (સૂ. યૂસુફ–૩) અહીં ગાફિલ (બેપરવા) ફર્માવ્યા પણ જાહિલ નથી ફર્માવ્યા. ગાફિલ તે કે બનાવ ઈલ્મમાં તો છે પણ એ તરફ ધ્યાન નથી.

''ગુલિસ્તાં''માં છે કે, કોઈએ હઝરત યાકૂબ عليه الصلوٰة والتسليم ને પૂછયું કે, તમે હઝરત યૂસુફના કુર્તાની ખુશ્બુ મિસ્રથી તો મેહસૂસ કરી પણ કિન્આનના કૂવામાં એ રહ્યા તે ન જાણી શકયા ?! તો ફર્માવ્યું, અમારી સ્થિતી વીજળીની તડપની જેમ છે, કદી જાહેર થાય તો કદી છુપાઈ જાય. કુર્આની આયતોથી જણાય છે કે હઝરત યાકૂબ عليه الصلوٰة والتسليم ને જાણ હતી કે કિન્આનનો ચાંદ મિસરમાં ચમકી રહ્યો છે. ફર્માવે છે, મને ખુદાના તરફથી તે વાતોની જાણ છે જેને તમે નથી જાણતા.

રૂહુલ્ બયાન, પારા–૧૨, આયત وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖٓ ''અને બેશક ! અમે નૂહને એમની કૌમની તરફ મોકલ્યા.'' *(સૂરએ હુદ, ૧૧/૨૫)*માં છે કે રબ તઆલાને પોતાના પ્યારાઓનું રડવું ઘણું પસંદ છે. હઝરત નૂહ એટલુ રડયા કે નામ જ નૂહ પડી ગયું, એટલે નૌહા અને રૂદન કરનાર. હઝરત યાકૂબને રડવાને માટે હઝરત યૂસુફનો વિરહ જાહેરમાં હતો, નહીં તો તેમનું રડવું દરજાઓની બુલંદીના માટે હતું. જેથી તેમનુ આ રડવું હઝરત યૂસુફથી બેખબરીના લીધે ન હતું.

બન્યામીનને મિસરમાં હઝરત યૂસુફ عليه الصلوٰة والتسليم એ એક હીલા (બહાના)થી રોકી લીધા. ભાઈઓએ આવીને કસમ ખાધી અને કાફલાવાળાઓની ગવાહી પેશ કરી કે બન્યામીન મિસરમાં શાહી કૈદી બનાવી લેવામાં આવ્યા છે. ફર્માવ્યું કે, (અર્થ) : ''તમારા નફસે તમને બહાનાં શીખવી દીધાં'' એટલે કે યૂસુફને પણ મારાથી અવલાદે જ જુદા કર્યા અને બન્યામીનને પણ મારી ઔલાદ એટલે કે હઝરત યૂસુફે હીલા વડે જ રોકયા. જેનાથી જાણવા મળે છે કે અસલ પ્રસંગની ખબર છે. વળી જાહેરમાં તો હઝરત યાકૂબ عليه الصلوٰة والتسليم ના બે ફરઝંદો રહી ગયા હતા, એક તો બન્યામીન બીજા યહૂદા. તેમ છતાં ફર્માવે છે, (અર્થ) :નજીકમાં જ અલ્લાહ એ ત્રણેવથી મને મેળવી દેશે.'' ત્રણ કોણ હતા ? ત્રીજા હઝરત યૂસુફ عليه الصلوٰة والتسليم જ તો હતા. જ્યારે ઝુલૈખાએ હઝરત યૂસુફ(عليه الصلوٰة والتسليم) સાથે ઘર બંધ કરીને બુરી ઈચ્છા જાહેર કરવા ચાહ્યું, તો તે બંધ મકાનમાં યાકૂબ عليه الصلوٰة والتسليم) હઝરત યૂસુફ عليه الصلوٰة والتسليم ની પાસે પહોંચ્યા અને દાંત. નીચે આંગળી દબાવીને ઈશારો કર્યો કે, હરગિઝ નહીં ! હે ફરઝંદ ! આ કામ તમારું નથી, તમે નબીના બેટા છો, જેને માટે કુર્આન ફર્માવે છે : (અર્થ) : ''તે પણ ઝુલૈખાનો ઈરાદો કરી લેત, જો રબની દલીલ ન જોઈ લેત.'' એ પણ ખયાલ રાખશો કે યૂસુફ عليه الصلوٰة والتسليم ના ભાઈઓએ ખબર આપી કે તેમને વરૂ ખાઈ ગયું અને આપને (યાકૂબ عليه الصلوٰة والتسليم ને) કમીસ તથા વરૂની ખબર થકી તેમનુ જૂઠા હોવું માલૂમ પડી ગયું હતું. વરૂએ અર્ઝ કરી હતી કે, ''અમારા માટે અંબિયાનો ગોશ્ત હરામ છે.'' *(જુઓ તફસીરે ખાઝિન, રૂહુલ બયાન, સૂરએ યૂસુફ)* વળી આપ પોતાના ફરઝંદની તલાશમાં જંગલ શા માટે ન ગયા ? જણાયું કે બાખબર હતા પણ રાઝદાર હતા. જાણતા હતા કે ફરઝંદ સાથે મિસરમાં મુલાકાત થશે. એ જ પ્રમાણે યૂસુફ عليه الصلوٰة والتسليم ને ઘણાયે મોકા મળ્યા પણ વાલિદ (પિતા)ને પોતાની ખબર ન આપી. જાણવા મળ્યું કે હુકમનો ઈન્તેઝાર હતો. આશ્ચર્યની વાત છે કે જ્યારે કિન્આનમાં બેઠા બેઠા યાકૂબ عليه الصلوٰة والتسليم પોતાના ફરઝંદોની એક એક વાત તો જોઈ લે, પણ હુઝૂર عليه الصلوٰة والتسليم પોતાની પાક બીબીની હાલતોથી જ બેખબર હતા ?! પણ જે રબ તેમને આટલુ બધુ (ઈલ્મે ગયબ) આપે છે તે

કાબૂ રાખવાની શકિત પણ આપે છે કે અલ્લાહની મરજી વિના રાઝ ખોલતા નથી. આ ચર્ચા જો ખયાલમાં રાખશો તો ઘણી લાભદાયી પૂરવાર થશે, ઈન્શાઅલ્લાહ.

(૮) હદીષ શરીફમાં છે કે હુઝૂર عليه الصلوٰة والتسليم એ કેટલીક અજવાઝ (બીબીઓ) ના ઘરે શહદ ઈસ્તેમાલ કર્યું હતું. એના સંબંધે હઝરત આઈશા (رضى الله عنها)એ અર્ઝ કરી કે યા હબીબલ્લાહ ! આપના મુખ મુબારક (દહને પાક)થી મગાફિર (એક પ્રકારનો ગુંદર)ની સુંગધ આવી રહી છે. તો ફર્માવ્યું કે મેં મગાફિર ઈસ્તેમાલ નથી કર્યું પણ મધ પીધુ છે. પછી હુઝૂર પોતાના પર મધ (શહદ) હરામ કરી લીધું. તો આ આયત ઉતરી : لَا تُحَرِّمُوْا طَيِّبٰتِ مَآ اَحَلَّ اللّٰهُ لَكُمْ ''હરામ ન ઠરાવો સુથરી ચીજો કે અલ્લાહે તમારા માટે હલાલ કરી.'' *(સૂ. માઈદહ, ૫/૮૭)* જાણવા મળ્યું કે આપને પોતાના મુખ મુબારકની બૂનો પણ ઈલ્મ ન હતો કે એમાંથી બૂ આવી રહી છે કે નહીં !

જવાબ : એનો જવાબ આ આયતમાં છે, مَرْضَاتَ اَزْوَاجِكَ ؕ (સૂ. તહરીમ, ૬૬/૨) ''અય હબીબ ! આ હરામ ફર્માવવું બેખબરીથી નથી બલ્કે વાંધો લેનાર બીવીની રઝામંદીને લીધે છે.'' તદ્ઉપરાંત પોતાના મોઢાની બૂ (સુંગધ) ગયબની ચીજ નથી, પણ મેહસૂસ કરવાની ચીજ છે, દરેક સહી દિમાગવાળો મેહસૂસ કરી લે છે. તો શું દેવબંદીઓ અંબિયાએ કિરામની ઈન્દ્રિયોને પણ અપૂર્ણ માનવા લાગ્યા છે ?!

(૯) જો નબી عليه الصلوٰة والتسليم ને ઈલ્મે ગયબ હતો તો ખયૂબરમાં ઝહેર મિશ્રિત ગોશ્ત શા માટે ખાઈ લીધો ? જો જાણી જોઈને ખાધો તો એ આત્મહત્યાની કોશિશ છે, જેનાથી નબી મા'સૂમ છે.

જવાબ : એ સમયે હુઝૂર عليه الصلوٰة والتسليم ને પણ ઈલ્મ હતો કે એમાં ઝહેર છે અને એ પણ ખબર હતી કે ઝહેર ખુદાના હુકમથી તેમના પર અસર કરશે નહીં અને એ પણ ખબર હતી કે રબ તઆલાની મરજી એ જ છે કે હું તેને ખાઈ લંઉ જેથી વફાતના સમયે તેની અસર પ્રગટે અને મને શહાદતની વફાત અતા ફર્માવવામાં આવે. આપ અલ્લાહની રઝામાં રાજી હતા.

(૧૦) જો હુઝૂર عليه الصلوة والتسليم ને ઈલ્મે ગયબ હતો તો બીરે મઉનાના મુનાફિકો ધોકો કરીને ૭૦ સહાબાએ કિરામ શાથી લઈ ગયા ? જેમને ત્યાં લઈ જઈને શહીદ કરી આપ્યા. આ આફતમાં તેઓને હુઝૂર عليه الصلوة والتسليم એ શા માટે ફસાવ્યા ?

જવાબ :- જી હા ! હુઝૂર عليه الصلوة والتسليم ને એ પણ ખબર હતી કે બીરે મઉનાવાળા મુનાફિકો છે અને એ પણ ખબર હતી કે એ લોકો આ ૭૦ સહાબીઓને શહીદ કરી આપશે. પણ સાથોસાથ એ પણ ખબર હતી કે અલ્લાહની મરજી એ જ છે, અને તે સિત્તેરની શહાદતનો સમય આવી ચૂકયો છે. એ પણ જાણતા હતા કે રબ તઆલાની રઝા પર રાજી રહેવું બંદાની શાન છે. ઈબ્રાહીમ عليه الصلوة والتسليم તો અલ્લાહની મરજી પામીને ફરઝંદ પર છૂરી ચલાવવા તૈયાર થઈ ગયા તો શું બેગુનાહ પર જુલ્મ હતો ? નહીં ! બલ્કે અલ્લાહને રાજી રાખવામાં (અલ્લાહની રઝામાં) પોતે રાજી હતા. સારું ! એ જણાવો કે અલ્લાહ તઆલાને તો ખબર હતી કે ગોશ્તમાં ઝહેર છે, બીરે મઉનાવાળા એ ૭૦ સહાબીઓને શહીદ કરી નાખશે તો તેણે વહી મોકલીને કેમ ન રોકી દીધા ?! અલ્લાહ તઆલા સમજ આપે.

(ત્રીજો વિભાગ)

★ ઈલ્મે ગયબની વિરૂધ્ધ ફકીહોનાં લખાણો ★

(૧) ફતાવાએ કાઝીખાનામાં છે :–

رَجُلٌ تَزَوَّجَ بِغَيْرِ شُهُوْدٍ فَقَالَ الرَّجُلُ وَ الْمَرْءَ

ખુદા તથા રસૂલને ગવાહ બનાવ્યા.

قَالُوْ يَكُوْنُ كُفْراً لِاَنَّهٗ اِعْتَقَدَ اَنَّ رَسُوْلَ اللّٰهِ عَلَيْهِ

السَّلَامُ يَعْلَمُ الْغَيْبَ وَهُوَ مَا كَانَ يَعْلَمُ الْغَيْبَ حِيْنَ كَانَ فِى الْحِيٰوةِ فَكَيْفَ

بَعْدَ الْمَوْتِ

(અર્થ) : કોઈએ ગવાહો વિના નિકાહ કર્યા અને કહ્યું કે અમે ખૂદા વ રસૂલને ગવાહ કર્યા. તો લોકોએ કહ્યું કે આ કુફ્રી કથન છે કેમ કે તેણે માન્યતા ધરાવી કે રસૂલુલ્લાહ (صلی اللہ تعالیٰ علیہ وسلم) ગયબ જાણતા હતા, જ્યારે આપ તો જિંદગીમાં ગયબ જાણતા ન હતા તો મૌત પછી શાથી જાણી શકે ?!

(૨) શરહે ફિકહે અકબરમાં મુલ્લા અલી કારી رضی اللہ عنہما ફર્માવે છે કે :–

وَ ذَكَرَ الْحَنَفِيَّةُ تَصْرِيْحًا

بِالتَّكْفِيْرِ بِاِعْتِقَادِ اَنَّ النَّبِىَّ عَلَيْهِ السَّلَامُ يَعْلَمُ الْغَيْبَ لِمُعَارَضَةِ قَوْلِهٖ تَعَالٰى

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِى السَّمٰوٰتِ وَ الْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ

(અર્થ) : હનફીઓએ સ્પષ્ટ રીતે ઉલ્લેખ કર્યો છે કે એ માન્યતા (એ'તેકાદ) કે નબી (صلی اللہ تعالیٰ علیہ وسلم) ગયબ જાણતા હતા એ કુફ્ર છે. કેમ કે આ અકીદો ખુદા તઆલાના એ ફર્માનની વિરૂધ્ધ છે કે, ફર્માવી દો કે આસ્માનો અને જમીનોનો ગયબ ખુદા સિવાય કોઈ જાણતુ નથી.

આ બંને લખાણોથી જાણવા મળ્યું કે હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને માટે ઈલ્મે ગયબ વિશે માનવું કુફ્ર છે.

જવાબ :– આ બંને લખાણોનો સંક્ષિપ્તમાં તથા ઈલ્ઝામી જવાબ તો એ છે

કે વિરોધીઓ પણ હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને માટે અમુક ઈલ્મે ગયબ તો માને છે, જેથી તેઓ પણ કાફિર થયા ! કેમ કે આ લખાણોમાં તો કુલ કે બઅઝ (અમુક)નો તો ઉલ્લેખ જ નથી ! એ જ છે કે જે પણ હુઝૂર માટે ઈલ્મે ગયબ માને તે કાફિર છે ! ભલે એકનો માને કે વધારે (ચીજનો) માને તો પણ ખૈર નથી ! મૌલ્વી અશરફ અલી થાનવી સાહબે 'હિફ્ઝુલ ઈમાન' કિતાબમાં બાળકો, પાગલો તથા જાનવરો માટે બઅઝ (અમુક) ઈલ્મે ગયબ માન્યો છે. મૌલ્વી ખલીલ અહમદ અંબેઠવીએ 'બરાહીને કાતિઅહ્'માં શૈતાન તથા મલકુલ મૌતને માટે વિશાળ ઈલ્મે ગયબ માન્યો. મૌલ્વી કાસિમ નાનોત્વીએ 'તહઝીરુન્નાસ'માં તો કમાલ કરી નાખી કે સર્વ મખ્લૂકાત કરતાં હૂઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના ઈલ્મને વધારે માન્યો ! હવે આ ત્રણેવ દેવબંદી મૌલ્વીઓ પર કયો હુકમ લાગશે ?! તફસીલી જવાબ એ છે કે, કાઝીખાનની ઈબારત (લખાણ)માં છે કે, **ક़ાલ** "લોકોએ કહ્યું !" અને કાઝીખાન વગેરે ફકીહોની આદત એ છે કે તેઓ **'ક़ાલૂ'** એ જગાએ બોલે છે જ્યાં તેમને એ કૌલ પસંદ ન હોય.

શામી, જિલ્દ–પંજુમ, સફા–૪૪૫ માં છે :–

(અર્થ) : **ક़ાલૂ** શબ્દ ત્યાં બોલવામાં આવે છે જ્યાં ઈખ્તેલાફ હોય.

ગુન્યતુલ મુસ્તમલી શરહે મુનિયતુલ મુસલ્લા, બહષે કુનૂતમાં છે,

كَلَامُ قَاضِىْ خَان

يُشِيْرُ اِلٰى عَدَمِ اِخْتِيَارِهٖ لَهٗ حَيْثُ قَالُوْا لَا يُصَلِّى عَلَيْهِ فِى الْقَعْدَةِ الْاَخِيْرَةِ فَفِىْ قَوْلِهٖ قَالُوْا اِشَارَةٌ اِلٰى عَدَمِ اِسْتِحْسَانِهٖ لَهٗ وَ اِلٰى اَنَّهٗ غَيْرُ مَرْوِيٍّ عَنِ الْاَئِمَّةِ كَمَا قُلْنَاهُ فَاِنَّ ذٰلِكَ مُتَعَارِفٌ فِىْ عِبَارَاتِهِمْ لِمَنْ اسْتَقْرَءَ هَا

(અર્થ) : કાઝીખાનનુ કલામ તેમની નાપસંદગી પ્રતિ નિર્દેશ કરે છે. કેમ કે તેમણે કહ્યું છે 'ક़ાલૂ'....છેવટ સુધી એમના **ક़ાલૂ** કહેવામાં એ તરફ ઈશારો છે કે એ ક़ૌલ (કથન) પસંદીદા નથી. અને એ ઈમામોથી રિવાયત થયેલ નથી જેવું કે મેં બયાન કર્યું, કેમ કે આ ફકીહોનાં લખાણમાં ફેલાયેલ છે, એને ખબર છે જે એની તલાશ કરે.

દુર્રે મુખ્તાર કિતાબુન્નિકાહમાં છે :–

تَزَوَّجَ رَجُلٌ بِشَهَادَةِ اللّٰهِ وَ رَسُوْلِهٖ لَمْ يَجُزْ بَلْ قِيْلَ يَكْفُرُ

(અર્થ) : 'એક શખ્સે નિકાહ કર્યો, અલ્લાહ વ રસૂલની ગવાહીથી તો જાઈઝ નથી. બલ્કે કહેવામાં આવ્યું છે કે તે કાફિર થઈ જશે.''

આ લખાણ હેઠળ શામીએ તાતાર ખાનિયહ્થી નકલ કર્યું :–

وَ فِى الْحُجَّةِ ذُكِرَ فِى
الْمُلْتَقَطِ لَا يَكْفُرُ لِاَنَّ الْاَشْيَاءَ تُعْرَضُ عَلٰى رُوْحِ النَّبِيِّ عَلَيْهِ السَّلَامُ وَ اَنَّ
الرُّسُلَ يَعْرِفُوْنَ بَعْضَ الْغَيْبِ قَالَ اللّٰهُ تَعَالٰى فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖ اَحَداً اِلَّا
مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ قُلْتُ بَلْ ذَكَرُوْا فِى كُتُبِ الْعَقَائِدِ اَنَّ مِنْ جُمْلَةِ كَرَامَاتِ
الْاَوْلِيَآءِ الْاِطِّلَاعَ عَلٰى بَعْضِ الْمُغَيَّبَاتِ

(અર્થ) : ''મુલ્તકતમાં છે કે તે કાફિર થશે નહીં, કેમ કે તમામ ચીજો હુઝૂર (صلى الله تعالى عليه وسلم)ની રૂહ સમક્ષ રજૂ કરવામાં આવે છે અને રસૂલ અમુક ગયબ જાણે છે. રબે ફર્માવ્યું છે કે, ''નથી જાહેર ફર્માવતો પોતાના ગયબ પર કોઈને સિવાય કે તેના પસંદીદા રસૂલના.'' હું કહું છું કે કુતુબે અકાઈદ (અકીદાની કિતાબો)માં છે કે, અવલિયા અલ્લાહની કરામતોમાં અમુક ગયબોથી માહિતગાર થવાનુ પણ છે.

શામી બાબુલ મુર્તદીનમાં મસ્લએ બઝ્ઝારિયહ્ નકલ ફર્માવીને ફર્માવ્યું :

حَاصِلُهٗ اَنَّ دَعْوَى
الْغَيْبِ مُعَارِضَةٌ لِنَصِّ الْقُرْاٰنِ يَكْفُرُ بِهَا اِلَّا اِذَا اُسْنِدَ ذٰلِكَ صَرِيْحاً اَوْ دَلَالَةً
اِلٰى سَبَبٍ كَوَحِىٍ اَوْ اِلْهَامٍ

(અર્થ) : ઈલ્મે ગયબનો દાવો કુર્આની નસ (દલીલ)ની વિરૂધ્ધ છે કે તેનાથી કાફિર થઈ ગયો, પણ જ્યારે તેને સ્પષ્ટ રીતે અથવા દલીલો વડે કોઈ સબબની તરફ સંબંધિત કરી દે જેમ કે વહી અથવા ઈલ્હામ.

મઅ્દનુલ હકાઈક શરહે કન્ઝુદ્ દકાઈક અને ખઝાનુર્રિવાયાતમાં છે :

وَ فِى الْمُضْمِرَاتِ وَ الصَّحِيْحُ اَنَّهٗ لَا يَكْفُرُ لِاَنَّ الْاَنْبِيَآءَ يَعْلَمُوْنَ الْغَيْبَ وَ يُعْرَضُ عَلَيْهِمُ الْاَشْيَاءُ فَلَا يَكُوْنُ كُفْراً

(અર્થ) : મુઝમરાતમાં છે કે, સહીહ (ખરૂં) એ છે કે તે શખ્સ કાફિર થશે નહીં, કેમ કે અંબિયાએ કિરામ ગયબ જાણે છે અને તેમના સમક્ષ ચીજો રજૂ કરવામાં આવે છે, જેથી એ કુફ થશે નહીં.

આ લખાણોથી જાણવા મળ્યું કે ઈલ્મે ગયબના અકીદા પર કુફનો ફત્વો લગાડવો ગલત છે, બલ્કે ફકીહોનો પણ અકીદો છે કે હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને ગયબનો ઈલ્મ આપવામાં આવ્યો.

(વાંધો ઉઠાવનારે) મુલ્લા અલી કારીનુ લખાણ પૂરું નકલ નથી કર્યું. અસલ લખાણ આ પ્રમાણે છે જે મતલબને સ્પષ્ટ જાહેર કરે છે.

ثُمَّ اِعْلَمْ اَنَّ الْاَنْبِيَآءِ لَمْ يَعْلَمُوْا الْمُغَيَّبَاتِ مِنَ الْاَشْيَآءِ اِلَّا مَا اَعْلَمَ هُمُ اللّٰهُ وَ ذَكَرَ الْحَنَفِيَّةُ تَصْرِيْحاً بِالتَّكْفِيْرِ

(અર્થ) :"વળી જાણો કે અંબિયાએ કિરામ ગયબની ચીજોને જાણતા ન હતા, **એ સિવાય કે જેટલુ તેમને અલ્લાહે બતાવી દીધું** અને હનફીઓએ સ્પષ્ટતા કરી કે જે નબી (صلی اللہ تعالیٰ علیہ وسلم) ને માટે ઈલ્મે ગયબ માને..... છેવટ સુધી."

હવે આખો મતલબ સમજાયો કે નબી (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને માટે ઝાતી ઈલ્મે ગયબ માનવાને મુલ્લા અલી કારીએ કુફ જણાવ્યું છે, નહીં કે અતાઈ ઈલ્મે ગયબ, કેમ કે અતાઈને તો માની રહ્યા છે. (જેમ કે ઉપરના લખાણમાં છે) અને વળી એમનાં જ લખાણો અમે આગળ ઈલ્મે ગયબની સાબિતીમાં રજૂ કરી ચૂકયા છીએ કે મુલ્લા અલી ક઼ારી હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના માટે તમામ **મા કાન વમા યકૂન** (ભૂત–વર્તમાન–ભાવિ)નો ઈલ્મ માને છે !

(ચોથો વિભાગ)

★ ઈલ્મે ગયબ ઉપર બૌદ્ધિક વાંધાઓ ★

(૧) ઈલ્મે ગયબ ખુદાની સિફત છે એમાં કોઈને શરીક કરવો (ભાગીદાર ઠરાવવો) સિફત સાથે શિર્ક છે. જેથી હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને માટે ગયબનો ઈલ્મ હોવાનું માનવું શિર્ક છે.

જવાબ : ગયબ જાણવું પણ ખુદાની સિફત છે અને હાજર ચીજો વિશે જાણવું પણ ખુદાની સિફત છે, આલિમુલ ગયબિ વશશહાદહ્. એ જ પ્રમાણે સાંભળવું, જોવું, જીવંત રહેવું સર્વે ખુદાની સિફતો છે તો જો કોઈને માટે હાજર રહેલી ચીજનો ઈલ્મ માનીએ અથવા કોઈને સાંભળનાર, જોનાર અથવા જીવતો માનીએ તો દરેક રીતે શિર્ક થયું ! અસલમાં તફાવત એ જ કરવામાં આવે છે કે આપણુ જોવું, સાંભળવું, જીવતા રહેવું અલ્લાહના આપવાથી છે અને હાદિષ (પછીથી અસ્તિત્વમાં આવ્યું અને નાશ પામનાર) છે. ખુદાની આ સિફતો ઝાતી છે અને હમેશાંથી હમેશાં માટેની (ક़દીમ) છે તો પછી શિર્ક કેવું ? એ જ પ્રમાણે નબી (صلی اللہ تعالیٰ علیہ وسلم)નો ગયબનો ઈલ્મ અતાઈ તથા હાદિષ અને સીમિત છે, અને રબનો ઈલ્મ ઝાતી, ક़દીમ અને અસીમ છે. વળી આ શિર્ક તો તમારા ઉપર પણ લાઝિમ આવશે કેમ કે હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના માટે ઈલ્મે ગયબ માનો છો, ભલે ને થોડો ઘણો ! અને ખુદાની સિફતમાં થોડુક કે વધારે દરેક રીતે શરીક કરવું શિર્ક છે. તેમજ દેવબંદી મૌલ્વી હુસૈન અલી વાંબીચરવાળા જે મૌલ્વી રશીદ અહમદ ગંગોહીના ખાસ શાગિર્દ છે, તે પોતાની કિતાબ "બલગતુલ્ હયરાન"માં આયત يَعْلَمُ مُسْتَقَرَّهَا وَ مُسْتَوْدَعَهَا كُلٌّ فِيْ كِتٰبٍ مُّبِيْنٍ હેઠળ લખે છે કે, **ખુદાને દરેક વખતે મખ્લૂકાતના અમલોનો ઈલ્મ નથી હોતો, બલ્કે જ્યારે બંદાઓ અમલો કરી લે છે ત્યારે ઈલ્મ થાય છે.** (મઆઝલ્લાહ !) **આ દેવબંદી મૌલ્વીના લખાણ પરથી તો હવે ગયબનો ઈલ્મ ખુદાની પણ સિફત ન રહી ! તો કોઈના માટે માનવું શિર્ક શાથી થશે ?!**

(૨) હુઝૂરને ગયબનો ઈલ્મ કયારે હાંસલ થયો ?તમે કયારેક કહો છો કે મેઅરાજમાં કતરો ટપકાવવામાં આવ્યો એનાથી ઈલ્મે ગયબ મળ્યો અને કદીક કહો છો કે ખ્વાબમાં રબને જોયો તેણે પોતાનો દસ્તે કુદરત હુઝૂર(صلی اللہ تعالیٰ علیہ وسلم)ના ખભા પર રાખ્યો જેનાથી તમામ ઈલ્મો હાંસલ થયા. કયારેક કહો છો કે કુર્આનમાં તમામ ચીજોનું બયાન છે, એનો નુઝૂલ ખત્મ થતાં ઈલ્મે ગયબ મળ્યો. આ બધામાં કઈ વાત દુરૂસ્ત છે ?! કુર્આનના નુઝૂલ પહેલાં ઈલ્મે ગયબ મળી ચૂકયો હતો તો પછી કુર્આનથી શું મળ્યું ?

જવાબ :– હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને નફસે ઈલ્મે ગયબ (અસલમાં ગયબનો ઈલ્મ) તો વિલાદત (જન્મ) પહેલાંથી અતા થઈ ચૂકયો હતો. કેમ કે વિલાદત પહેલાં આપ આલમે અરવાહમાં નબી હતા. હદીષમાં છે : **કુન્તુ નબિય્યંવ વ આદમુ બય્નત્તીનિ વલ્માઅ** (હું એ સમયે નબી હતો જ્યારે આદમ હજી માટી તથા પાણીની મંઝિલો પસાર કરી રહ્યા હતા.) અને 'નબી' તેને કહેવાય (નબીનો અર્થ) છે જે ગયબની ખબરો આપે, પણ **મા કાન વમા યકૂન** (ભૂત–વર્તમાન–ભાવિ)ના ઈલ્મની પરિપૂર્ણતા શબે મેઅરાજમાં થઈ. પણ આ સર્વ ઈલ્મો 'શહૂદી' હતા કે તમામ ચીજોને નજરોથી જોઈ. પછી કુર્આને તે જ જોયેલી ચીજોનું વર્ણન કર્યું. એટલા માટે કુર્આનમાં છે. **તિબ્યાનલ્ લિકુલ્લિ શય્ઈન્** ''દરેક ચીજનું બયાન'' અને **ફતજલ્લા લિકુલ્લિ શૈઈન વ અરફત**(તો દરેક ચીજ રોશન થઈ અને મેં જાણી લીધું) એ મેઅરાજમાં થયું. જોવું અલગ ચીજ છે અને વર્ણન કરવું કાંઈ અલગ ચીજ છે. તે મુશાહેદા (નજરે જાવાનું) હતું અને આ બયાન છે. જો ચીજો બતાવવામાં આવી ન હતી તો **ષુમ્મ અરદહુમ અલલ્ મલાઈકહ્** નો શો અર્થ થશે ? એટલે ''પછી તે ચીજોને ફરિશ્તાઓ સમક્ષ રજૂ કરી.'' જેથી બંને કથનો (કૌલ) સહીહ છે કે મેઅરાજમાં પણ ઈલ્મ મળ્યો અને કુર્આનથી પણ. જો કહેવામાં આવે કે સર્વ વાતો હુઝૂરને પહેલેથી ખબર હતી તો પછી નુઝૂલે કુર્આનથી ફાયદો શો ? જે માલૂમ ન હોય તે ચીજ બતાવવામાં તો આવે છે ! એનો જવાબ એ છે કે કુર્આનનું નુઝૂલ (ઉતરાણ) કેવળ હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم) ના ઈલ્મના માટે નથી થતુ બલ્કે તેનાથી અન્ય હજારો ફાયદા થાય છે. દા.ત. કોઈ આયતના નુઝૂલ

પહેલાં તેના એહકામ (હુકમો) લાગુ પડશે નહીં, તેની તિલાવત વગેરે થશે નહીં. જો નુઝૂલે કુર્આન હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના ઈલ્મના માટે છે તો અમુક સૂરતો બે વાર શા માટે નાઝિલ થઈ ? તફસીરે મદારિકમાં છે :–

فَاتِحَةُ الْكِتٰبِ مَكِّيَّةٌ وَ قِيْلَ مَدَنِيَّةٌ وَ الْاَصَحُّ اَنَّهَا مَكِّيَّةٌ وَ مَدَنِيَّةٌ نَزَلَتْ بِمَكَّةَ ثُمَّ نَزَلَتْ بِالْمَدِيْنَةِ

(અર્થ) : ''સૂરએ ફાતિહા મક્કી છે અને કહેવામાં આવ્યું છે કે મદની છે અને સહીતર એ મક્કી પણ છે અને મદની પણ છે, પ્રથમ મક્કામાં નાઝિલ થઈ ફરી મદીનામાં.''

મિશ્કાતમાં હદીષે મેઅરાજમાં છે કે, હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને શબે મેઅરાજમાં પાંચ નમાઝો અને સૂરએ બકરહ્‌ની અંતિમ આયતો આપવામાં આવી. આ હદીષની શરહમાં મુલ્લા અલી ક઼ારીએ સવાલ કર્યો કે, મેઅરાજ તો મક્કા મુકર્રમામાં થઈ અને 'સૂરએ બકરહ્‌' મદની છે તો પછી એની આયતો મેઅરાજમાં કેમ કરીને અતા થઈ ?! પછી જવાબ આપે છે કે :–

حَاصِلُهُ اَنَّهُ وَقَعَ تَكْرَارُ الْوَحِىُ فِيْهِ تَعْظِيْمًا لَّهُ وَ اِهْتِمَاماً لِّشَانِهِ فَاَوْحَى اللّٰهُ اِلَيْهِ فِى تِلْكَ اللَّيْلَةِ بِلاَ وَاسِطَةِ جِبْرِيْل

(અર્થ) : ''તે રાત્રે (صلی اللہ تعالیٰ علیہ وسلم)ની તા'ઝીમ અને શાનની કાળજી માટે વહી વારંવાર થઈ. વળી અલ્લાહે તે રાતે જિબ્રઈલના વાસ્તા (માધ્યમ) વિના વહી ફર્માવી દીધી.''

એ જ હદીષ હેઠળ 'લમ્આત'માં છે :–

نَزَلَتْ عَلَيْهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

لَيْلَةَ الْمِعْرَاجِ بِلاَ وَاسِطَةٍ ثُمَّ نَزَلَ بِهَا جِبْرِيْلُ فَاُثْبِتَ فِى الْمَصَاحِفِ

(અર્થ) : શબે મેઅરાજમાં આ આયતો વાસ્તા (માધ્યમ) વિના ઉતરી, પછી તેને બાદમાં જિબ્રઈલે ઉતારી તો કુર્આનમાં રાખવામાં આવી.

હવે બતાવો કે બે વખત નુઝૂલ (આયતોનું ઉતરાણ) શાથી થયું ? હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને તો પ્રથમ નુઝૂલ વખતે જ ઈલ્મ મળી ચૂકયો હતો. તેમજ દર વર્ષે રમઝાન માસમાં જિબ્રઈલ عليه الصلوٰة والتسليم હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને આખું કુર્આન સંભળાવતા હતા.

નૂરૂલ અન્વાર કિતાબના મુકદ્દમા (પ્રસ્તાવનામાં કિતાબની તારીફ)માં છે,

لِاَنَّهٗ كَانَ يَنْزِلُ عَلَيْهِ عَلَيْهِ السَّلَامُ دَفْعَةً وَّاحِدَةً فِىْ كُلِّ شَهْرِ رَمَضَانَ جُمْلَةً

(અર્થ) : બતાવો ! આ નુઝૂલ શા માટે હતું ? જ્યારે કે કુર્આનથી ખબર પડે છે કે હુઝૂરને તો તમામ આસ્માની કિતાબોનો પૂરો ઈલ્મ હતો.

રબ તઆલા ફર્માવે છે :

يٰٓاَهْلَ الْكِتٰبِ قَدْ جَآءَكُمْ رَسُوْلُنَا يُبَيِّنُ لَكُمْ كَثِيْرًا مِّمَّا كُنْتُمْ تُخْفُوْنَ مِنَ الْكِتٰبِ وَ يَعْفُوْا عَنْ كَثِيْرٍ ؕ

(અર્થ) : "હે અહલે કિતાબ ! તમારી પાસે અમારા તે રસૂલ આવી ગયા જે તમારી ઘણી છુપાવેલી કિતાબની વાતોને જાહેર ફર્માવે છે અને ઘણુ દરગુઝર ફર્માવે છે." *(સૂ. માઈદહ, ૫/૧૫)*

જો હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના ઈલ્મમાં સર્વ આસ્માની કિતાબો નથી તો તેનું જાહેર કરવું ન કરવું શું અર્થ રાખે છે ?! હકીકત એ છે કે હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم) પ્રથમથી જ કુર્આનના આરિફ હતા, પણ કુર્આનના અહકામ (હુકમો) નુઝૂલથી પહેલાં લાગુ ન કર્યા. એટલા માટે બુખારી પ્રથમ હદીષમાં છે કે, હઝરત જિબ્રઈલે ગારે હિરા (હિરાની ગુફા)માં પ્રથમ વખત આવીને અર્ઝ કરી, اِقْرَاء આપ પઢો ! અને કહ્યું કે ફલાણી આયત પઢો. અને પઢો તેને જ કહેવાય જે જાણતો હોય. હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)એ ફર્માવ્યું, مَآاَنَا بِقَارِءٍ હું પઢનાર નથી, એટલે કે હું તો પઢવાવાળો છું પહેલેથી જ પઢી ચૂકયો છું, લોહે મેહફૂઝમાં કુર્આન છે અને લોહે મેહફૂઝ હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના ઈલ્મમાં પ્રથમથી જ છે. આપ વિલાદતથી પહેલાં સાહિબે કુર્આન નબી છે, વહી વિના નબુવ્વત કેવી ? જેથી

માનવું પડશે કે વિલાદત (જન્મ) પહેલાં જ આપ કુર્આનના આરિફ (જાણનાર) હતા.

આજે પણ કેટલાક બાળકો હાફિઝ પેદા થાય છે. હઝરત ઈસા عليه الصلوة والتسليم એ પેદા થતાં જ ફર્માવ્યું, (અર્થ) : ''રબ્બે મને કિતાબ આપી.'' જાણવા મળ્યું કે અત્યારથી (બચપણથી) કિતાબને જાણે છે. કેટલાક પૈગંબરો માટે ફર્માવ્યું :–

(અર્થ) : ''અમે તેમને બચપણથી ઈલ્મ તથા હિકમત આપી.'' હુઝૂર પૈદા થતાં જ સિજદો કરીને ઉમ્મતની શફાઅત કરી. જ્યારે કે સિજદો તથા શફાઅત તો કુર્આની હુકમ છે. ગૌષે પાકે રમઝાન મહિનામાં માંનું દૂધ ન પીધું, જ્યારે એ તો કુર્આની હુકમ છે ! 'નૂરૂલ અન્વાર'ના ખુત્બામાં 'ખલ્ક'ની ચર્ચા છે :–

(અર્થ) : ''કુર્આન પર અમલ કરવો હુઝૂર صلى الله تعالى عليه وسلم ની પૈદાઈશી આદત છે. હમેશાં દાઈ હલીમાનો એક પિસ્તાનને પાક ચૂંસ્યો, અને બીજો ભાઈના માટે છોડયો. આ અદ્‌લો ઈન્સાફ પણ કુર્આની હુકમ છે. જો શરૂથી કુર્આનના આરિફ ન હતા તો આ અમલ કેવી રીતે કર્યો ?!

દેવબંદીઓનો એક મશહૂર વાંધો એ પણ છે કે, તમારી રજૂ કરેલ આયતોના આમ હોવાથી (સૌને સામેલ કરતી હોવા થી) લાઝિમ આવે છે કે હુઝૂરનો ઈલ્મ રબની બરાબર હોય ! પણ તમે આ આયતોમાં કયામત સુધીની કૈદ લગાડો (હદ બાંધો) છો. **માલમ તકુન તઅ્લમ** (જે જે આપ જાણતા ન હતા તે શીખવાડી દીધું)માં ન તો કિયામતની હદ છે ન **માકાન** અને **માયકૂન**નો ઉલ્લેખ છે. અને એક વખત ખાસ થવાથી ભાવિ માટે ખાસ થવાનો દરવાજો ખૂલી જાય છે. (જુઓ કિતાબે ઉસૂલ) જેથી અમે આ આયતોમાં શરઈ એહકામોની કૈદ લગાડીએ છીએ. એટલે એનાથી કેવળ શરઈ હુકમો મુરાદ છે.

જવાબ : અહીં આયતમાં ખાસ (વિશેષતા) નથી બલ્કે ઈસ્તષ્ના (કોઈ ચીજને હુકમથી કાઢી નાખવું) છે. કેમ કે રબનો ઈલ્મ ગૈર મુત્નાહી (અસીમ) છે. હદીષોથી જાણવા મળ્યું કે કિયામત સુધીની હુઝૂરે ખબર આપી એટલા માટે દાવો કરવામાં આવ્યો. ઈસ્તષ્નાનો હુકમ અલગ છે. અને તખ્સીસનો

ઓર. જુઓ **અફ઼ીમુસ્સલાત**થી બાળકો પાગલ, હેઝવાળી સ્ત્રી અલિપ્ત છે. આ તખ્સીસ નથી પણ ઈસ્તષ્ના છે.

ફકીરે (લેખકે) આ સંક્ષિપ્ત ચર્ચા ઈલ્મે ગયબના વિશે રજૂ કરી છે. એનાથી વધારે અભ્યાસ કરવો હોય તો **અલ્ કલિમતુલ ઉલ્યા**નો અભ્યાસ કરો. જે કાંઈ મેં કહ્યું એ આ દરિયાની એક લહેર છે. કેમ કે મારે અન્ય મસાઈલ પર પણ ચર્ચા કરવાની છે જેથી આટલે જ અટકું છું.

وَ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ سَيِّدِنَا

مُحَمَّدٍ وَّ آلِهٖ وَ اَصْحَابِهٖ اَجْمَعِيْنَ بِرَحْمَتِهٖ وَ هُوَ اَرْحَمُ الرَّاحِمِيْنَ۔

હાઝિરો નાઝિરની ચર્ચા

(આ ચર્ચામાં એક પ્રસ્તાવના અને બે પ્રકરણો છે)

(પ્રસ્તાવના)

★ હાઝિરો નાઝિરના શાબ્દિક અને શરઈ અર્થની તેહકીક ★

'હાઝિર' નો શાબ્દિક અર્થ છે જે પ્રત્યક્ષ મૌજૂદ હોય એટલે અદ્રશ્ય ન હોય. (અલ્‌મિસ્બાહુલ મુનીર) 'મુન્તહલ અરબ'માં છે, પ્રત્યક્ષ (હાજર) હોવું.

''નાઝિર'ના કેટલાક અર્થો છે, જોનાર, આંખની કીકી, નજર, નાકની રગ, આંખનું પાણી.

મિસ્બાહુલ મુનીરમાં છે : આંખની કાળી કીકી જેના વડે માણસ જુએ છે. કામુસુલ્લુગાતમાં છે : નાઝિરનો મતલબ આંખની કાળી કીકી તથા નાકની નસ જેમાં આંખનું પાણી હોય. મુખ્તારુસ્સિહાહમાં ઈબ્ને અબૂબક્ર રાઝી કહે છે, નાઝિરનો મતલબ એ આંખની કાળી કીકી જેનાથી માણસ જુએ. જ્યાં સુધી આપણી નજર કામ કરે ત્યાં સુધી આપણે નાઝિર છીએ અને જે જગા સુધી આપણી પહોંચ હોય કે તસર્રુફ કરી લઈએ (પહોંચી જઈએ) ત્યાં આપણે 'નાઝિર' છીએ, એટલે કે જોનાર છીએ પણ ત્યાં આપણે 'હાઝિર' નથી, કેમ કે ત્યાં આપણી પહોંચ નથી. અને જે ઓરડા કે ઘરમાં આપણે હાજર છીએ ત્યાં હાઝિર છીએ કે એ જગાએ આપણી પહોંચ છે. આલમમાં હાઝિરો નાઝિરનો શરઈ અર્થ એ છે કે કુવ્વતે કુદ્સિયાવાળો, એક જ સ્થળે રહીને તમામ આલમને એક હાથની હથેળીની જેમ જુએ અને દૂર તથા નજીકના અવાજો સાંભળે અથવા એક ક્ષણમાં તમામ આલમની સૈર કરે અને સેંકડો માઈલો પર હાજતમંદોની હાજતો પૂરી કરે. આ રફતાર ચાહે કેવળ રૂહાની હોય અથવા જિસ્મે મિષાલીની સાથે હોય અથવા તે જ શરીર સાથે હોય જે કબરમાં દફન થયેલ છે અથવા કોઈક સ્થળે મૌજૂદ છે. આ સર્વ અર્થોની સાબિતી બુઝુર્ગાને દીનના માટે કુર્આન તથા હદીષો તથા ઉલમાના કથનોથી છે.

હાઝિરો નાઝિરની સાબિતી

એમાં પાંચ વિભાગ છે.

(પ્રથમ વિભાગ)

કુર્આની આયતોથી સાબિતી

★ આયત નં. ૦૧ ★

يٰۤاَيُّهَا النَّبِيُّ اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِيْرًا ۙ﴿۴۵﴾ وَّ دَاعِيًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَ سِرَاجًا مُّنِيْرًا ﴿۴۶﴾

''હે ગયૂબની ખબરો બતાવનાર ! બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર અને ખુશખબરી આપતા અને ડર સંભળાવતા અને અલ્લાહની તરફ એના હુકમથી બોલવતા અને ચમકાવી દેનાર આફતાબ.''

(સૂરએ અહ્ઝાબ, આ.નં. ૪૫–૪૬)

'શાહિદ'નો અર્થ ગવાહ પણ થઈ શકે છે અને હાઝિરો નાઝિર પણ. શાહિદ એટલા માટે કહે છે કે તે પ્રસંગ વેળા હાજર હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને શાહિદ કયાં તો એટલા માટે ફર્માવવામાં આવ્યા કે આપ દુનિયામાં ગયૂબના આલમની જોઈને ગવાહી આપી રહ્યા છે, નહીં તો સર્વ અંબિયા ગવાહ હતા. અથવા એટલા માટે કે કિયામતમાં તમામ અંબિયાની આંખે દેખી ગવાહી આપશે. આ ગવાહી જોયા વિના નથી થઈ શકતી. એ જ પ્રમાણે આપનું મુબશ્શિર તથા નઝીર (ખુશખબરી આપનાર તથા ડરાવનાર) અને અલ્લાહની તરફ બોલાવનાર હોવું છે, કેમ કે સર્વ પયગંબરોએ આ કામ કર્યાં પણ સાંભળીને, જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જોઈને કર્યાં. એટલા માટે કે મેઅરાજ કેવળ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને થઈ. ''સિરાજમ્મુનીર' આફતાબ (સૂર્ય)ને કહે છે તે પણ

દુનિયામાં દરેક જગાએ હોય છે, ઘર ઘરમાં મૌજૂદ. આપ પણ દરેક જગાએ મૌજૂદ છે. આ આયતના દરેક શબ્દથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું હાઝિર તથા નાઝિર હોવું સાબિત થાય છે.

★ આયત નં. ૦૨ ★

وَ كَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ وَ يَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا ؕ

''અફઝલ કર્યા કે તમે લોકો પર ગવાહ છો અને આ રસૂલ તમારા નિગેહબાન તથા ગવાહ.'' *(સૂરએ બકર, આ.નં. ૧૪૩)*

★ આયત નં. ૦૩ ★

فَكَيْفَ اِذَا جِئْنَا مِنْ كُلِّ اُمَّةٍۭ بِشَهِيْدٍ وَّ جِئْنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيْدًا ؕ

''તો કેવી હશે જ્યારે અમે દરેક ઉમ્મતથી એક ગવાહ લાવીએ અને હે મેહબૂબ ! તમને એ સર્વ પર ગવાહ તથા નિગેહબાન બનાવીને લાવીએ.

(સૂરએ નિસાઅ, આ.નં. ૪૧)

આ આયતોમાં એક પ્રસંગની તરફ નિર્દેશ છે કે કિયામતના દિવસે અન્ય પયગંબરોની ઉમ્મતો અર્ઝ કરશે કે અમારા સુધી તારા પયગંબરોએ તારા અહકામ (હુકમો) પહોંચાડયા ન હતા. અંબિયાએ કિરામ અર્ઝ કરશે કે અમે અહકામ પહોંચાડી આપ્યા હતા અને પોતાની ગવાહીના માટે ઉમ્મતે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ને પેશ કરશે. તેમની ગવાહી પર વાંધો ઉઠાવવામાં આવશે કે તમે એ પયગંબરોનો જમાનો પામ્યો ન હતો તો તમે જોયા વિના કેવી રીતે ગવાહી આપી રહ્યા છો ? તેઓ અર્ઝ કરશે કે અમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું હતું. ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ગવાહી લેવામાં આવશે. આપ બે ગવાહીઓ આપશો, એક તો એ કે નબીઓએ તબ્લીગ કરી, અને બીજી એ કે મારી ઉમ્મતવાળાઓ ગવાહીને પાત્ર છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પાછલા અંબિયાએ કિરામની તબ્લીગ અને આગામી પોતાની ઉમ્મતની હાલતનો ખુદ હક્ક જોનારી

આંખો વડે જોઈ ન હતી તો આપની ગવાહીની ચકાસણી કેમ ન થઈ ? જેમ કે ઉમ્મતની ગવાહીના બારામાં પ્રશ્ન થયો હતો ? (કે તમે કેમ કરીને ગવાહી આપો છો ? તમે તો હતા નહીં ?) જાણવા મળ્યું કે આ ગવાહી જોયેલી હતી અને પહેલી (ઉમ્મતની ગવાહી) સાંભળેલી હતી. આનાથી આપનું હાઝિર નાઝિર હોવું સાબિત થયું. આ આયતની તહક़ીક़ અમે ઈલ્મે ગયૂબના પ્રકરણમાં કરી ચૂકયા છીએ.

★ આયત નં. ૦૪ ★

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ

''બેશક ! તમારી પાસે તશરીફ લાવ્યા તમારામાંથી તે રસૂલ જેમને તમારું મુસીબતમાં પડવું ભારે ગુજરે છે.'' *(સૂરએ તૌબા, આ.નં. ૧૨૮)*

આ આયતથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું હાઝિર નાઝિર હોવું ત્રણ રીતે સાબિત થાય છે. એક એ કે **જાઅકુમ્**માં કિયામત સુધી થનાર મુસલમાનોને સંબોધન છે કે, ''તમારા સૌની પાસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવ્યા.'' જેનાથી જણાયું કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક મુસલમાનની પાસે છે, અને મુસલમાન તો વિશ્વમાં દરેક ઠેકાણે છે. જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પણ દરેક ઠેકાણે મૌજૂદ છે. બીજું એ ફર્માવવામાં આવ્યુ **મિન્ અન્ફુસિકુમ્** ''તમારા નફસોમાંથી છે'' એટલે કે એમનું, આવવું તમારામાં એવું છે જેવું કે જીવનું ખોળિયામાં આવવું, જે ખોળિયાની રગ રગ અને દરેકે દરેક રૂંવાટીમાં મૌજૂદ અને દરેકથી ખબરદાર રહે છે, એ જ પ્રમાણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક મુસલમાનના દરેક કાર્યથી ખબરદાર છે.

આંખોમેં હૈં લેકિન મિષ્લે નઝર–ચૂં દિલમેં હૈ જૈસે જિસ્મમેં જાં
ઈસ શાનકી જલ્વા નુમાઈ હૈ–હૈં મુઝમેં વો લેકિન મુજસે નિહાં

અગર આયતનો કેવળ એ અર્થ હોત કે ''એ તમારામાંથી એક માણસ છે'' તો **મિન્કૂમ્** પૂરતુ હતું **મિન્ અન્ફુસિકુમ્** શા માટે ઈર્શાદ થયું ? ત્રીજું એ ફર્માવવામાં આવ્યું **અઝીઝુન્ અલયહિ મા અનિત્તુમ્**'' તેમના પર તમારું મુસીબતમાં પડવું ભારે ગુજરે છે.'' જેનાથી જણાયું કે આપણી રાહત

તથા તકલીફની દરેક વખતે હુઝૂરને ખબર છે, ત્યારે જ તો આપણી તકલીફ જોઈને મુબારક દિલને તકલીફ થાય છે. નહીં તો જો આપણી ખબર ન થતી હોય તો તકલીફ કેવી ? આ કલમો (શબ્દ) પણ હકીકતમાં **અન્ફુસિકુમ્**નું બયાન છે કે જેવી રીતે શરીરના કોઈ ભાગને તકલીફ થાય તો રૂહને તકલીફ થાય.

★ આયત નં. ૦૫ ★

وَ لَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا ﴿۶۴﴾

''અને જો જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે તો અય મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય પછી અલ્લાહથી માફી ચાહે અને રસૂલ તેમની શફાઅત ફર્માવે તો જરૂર અલ્લાહને ઘણો તૌબા કબૂલ કરનાર મહેરબાન પામશે. *(સૂરએ નિસાઅ, આ.નં. ૬૪)*

એનાથી જાણવા મળ્યું કે ગુનેહગારોની બખ્શિશની સબીલ (માર્ગ) કેવળ એ છે કે હુઝૂર ﷺ ની બારગાહમાં હાજર થઈને શફાઅત માગે અને હુઝૂર ﷺ કરીમાના કરમથી શફાઅત ફર્માવે. અને એ તો મતલબ થઈ શકતો નથી કે મદીના પાકમાં હાજર થાય, નહીં તો પછી આપણે ફકીર પરદેશી ગુનેહગારોની મગફેરતની શું જોગવાઈ થશે ? અને માલદાર પણ જીવનમાં એકાદ બે વાર જ પહોંચે છે અને ગુનાહ દિવસ રાત કરે છે જેથી શકિત બહારની તકલીફ ઉભી થશે. માટે મતલબ એ થયો કે એ તમારી પાસે મૌજૂદ છે પણ તમે ગાયબ છો, તમે પણ હાજર થઈ જાવ એટલે એ તરફ ધ્યાનિત થઈ જાય.

જાણવા મળ્યું કે હુઝૂર ﷺ દરેક જગાએ મૌજૂદ છે.

★ આયત નં. ૦૬ ★

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ﴿۱۰۷﴾ ''અને અમે તમને ન મોકલ્યા પણ રહમત સર્વ જહાનોના માટે. *(સૂરએ અંબિયા, આ. નં. ૧૦૭)* પછી ફર્માવ્યું :–

وَرَحْمَتِیْ وَسِعَتْ كُلَّ شَیْءٍ ؕ ''અને મારી રહમત દરેક ચીજને ઘેરી ચૂકેલ છે.'' *(સૂરએ અઅ્રાફ, આ.નં. ૧૫૬)*

જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જહાનો માટે રહમત છે અને રહમત જહાનોને ઘેરી ચૂકેલ છે, જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જહાનોને ઘેરી ચૂકેલા છે.

યાદ રાખશો કે **રબની શાન** છે **રબ્બુલ આલમીન** અને **હબીબની શાન** છે **રહ્મતુલ્લિલ્ આલમીન.** જાણવા મળ્યું કે અલ્લાહ જેનો રબ છે તેના માટે હુઝૂર રહમત છે.

★ આયત નં. ૦૭ ★

مَا كَانَ اللّٰهُ لِیُعَذِّبَهُمْ وَاَنْتَ فِیْهِمْ ؕ ''અને અલ્લાહનુ કામ નથી કે તેમને અઝાબ કરે જ્યાં સુધી હે મહબૂબ ! તમે તેમાં રહેલા છો.''

–(સૂરએ અન્ફાલ, આ.નં. ૩૩)

એટલે કે અઝાબે ઈલાહી એટલા માટે નથી આવતો કે તેમનામાં તમે મૌજૂદ છો અને આમ (સર્વવ્યાપી) અઝાબ તો કિયામત સુધી કયાંય નહીં આવે.

એનાથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કિયામત સુધી દરેક જગ્યાએ મૌજૂદ છે. બલ્કે રૂહુલ બયાનમાં ફર્માવ્યું છે કે દરેક સઈદ તથા શક્કી (નસીબવંત તથા કમનસીબ)ની સાથે રહે છે. એનું વર્ણન ત્રીજા વિભાગમાં આવે છે.

રબ તઆલા ફર્માવે છે : وَاعْلَمُوْۤا اَنَّ فِیْكُمْ رَسُوْلَ اللّٰهِ ؕ ''જાણી લો કે તમારા સૌમાં રસૂલુલ્લાહ મૌજૂદ છે.'' *(સૂરએ હુજૂરાત, આ.નં. ૭)*

આ તમામ સહાબાએ કિરામને સંબોધન છે અને સહાબાએ કિરામ તો વિવિધ ઠેકાણે રહેતા હતા ! જાણવા મળ્યું કે હુઝૂર સર્વ ઠેકાણે તેમની સાથે છે.

★ આયત નં. ૦૮ ★

وَكَذٰلِكَ نُرِیْۤ اِبْرٰهِیْمَ مَلَكُوْتَ السَّمٰوٰتِ وَالْاَرْضِ

''અને એ રીતે અમે ઈબ્રાહીમને દેખાડીએ છીએ સર્વ બાદશાહી આસ્માનો અને જમીનની.'' *(સૂરએ અન્આમ, આ. નં. ૭૫)*

એનાથી જાણવા મળ્યું કે હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم નો દરજો એમનાથી ઉચ્ચ છે. જેથી જરૂરી બને છે કે આપે પણ આલમનો નઝારો ફર્માવ્યો હોય. આ આયતની તેહકીક ઈલ્મે ગયૂબની ચર્ચામાં આવી ગઈ.

★ આયત નં. ૦૯ ★

اَلَمۡ تَرَ كَيۡفَ فَعَلَ رَبُّكَ بِاَصۡحٰبِ الۡفِيۡلِ ۝ ''હે મહબૂબ ! શું તમે ન જોયું કે તમારા રબે તે હાથીવાળાઓનો શું હાલ કર્યો ?'' *(સૂરએ ફીલ, આ.નં. ૧)*

★ આયત નં. ૧૦ ★

اَلَمۡ تَرَ كَيۡفَ فَعَلَ رَبُّكَ بِعَادٍ ۝ ''શું તમે ન જોયું કે તમારા રબે કૌમે આદની સાથે શું કર્યું ? *(સૂરએ ફજ્ર, આ.નં. ૬)* જો કોઈ કહે કે કુર્આને કરીમ કાફિરોના બારામાં ફર્માવે છે : اَلَمۡ يَرَوۡا كَمۡ اَهۡلَكۡنَا قَبۡلَهُمۡ مِّنۡ قَرۡنٍ ''શું તેમણે ન જોયું કે અમે તેમના પહેલાં કેટલી કૌમો હલાક કરી દીધી !''

કાફિરોએ પોતાની અગાઉના કાફિરોને હલાક થતા જોયા ન હતા, છતાં ફર્માવવામાં આવ્યું કે, ''શું ન જોયું તેઓએ ?'' તો એનો જવાબ એ છે કે આ આયતમાં તે કાફિરોના વેરાન થયેલા મુલ્ક અને તબાહ થયેલા મકાનોનું જોવું મુરાદ છે. અને મક્કાના કાફિરો પોતાની મુસાફરીઓ દરમ્યાન તે સ્થળોએથી પસાર થતા હતા. એટલા માટે ફર્માવવામાં આવ્યુ કે આ લોકો તે ચીજોને જોઈને ઈબ્રત કેમ નથી પકડતા ? હુઝૂર صلى الله تعالى عليه وسلم એ તો જાહેરમાં દુનિયાની સૈર ફર્માવી અને કૌમે આદ વગેરેના ઉજડી ગયેલા મુલ્કોને જોયા એટલા માટે માનવું પડશે કે અહીં નૂરે નબુવ્વત વડે જોવું મુરાદ છે.

★ આયત નં. ૧૧ ★

કુર્આને કરીમ ફર્માવે છે : وَاِذۡ قَالَ رَبُّكَ لِلۡمَلٰٓئِكَةِ ''જ્યારે કે આપના રબે ફરિશ્તાઓને કહ્યું.'' *(સૂરએ બકર, આ.નં. ૩૦)*

اِذۡ قَالَ مُوۡسٰى لِقَوۡمِهٖ يٰقَوۡمِ ''જ્યારે મૂસા عليه الصلوٰة والتسليم એ પોતાની કૌમને

કહ્યું.'' *(સૂરએ બકર, આ. નં. ૫૪)*.....વગેરે .....વગેરે. આ જગાએ મુફસ્સિરો છે **ઉઝ્કૂર** એટલે ''એ પ્રસંગને યાદ કરો'' અને યાદ તે ચીજ અપાવવામાં આવે છે જે પહેલેથી જોયેલી ભાળેલી હોય તેના પ્રતિ ધ્યાન ન હોય. જેનાથી જાણવા મળ્યું કે આ સર્વ ગુજરેલા પ્રસંગો જોયેલા છે.

રૂહુલ બયાનમાં વર્ણવ્યું છે કે હઝરત આદમ عليه الصلوٰة والتسليم ના સર્વ પ્રસંગો હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم એ જોયા હતા એનુ વર્ણન આગળ આવે છે.

જો કોઈ એવું કહે કે બની ઈસ્રાઈલને પણ સંબોધન થયેલ છે કે :–

وَاِذْ نَجَّيْنٰكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ ''તે સમયને યાદ કરો ! જ્યારે કે આલે ફિરઔનથી નજાત આપી હતી.'' *(સૂરએ બકર, આ. નં. ૪૯)*

તો હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم ના સમયના યહૂદીઓ એ સમયમાં કયાં હતા? પણ મુફસ્સિરો અહીં પણ ''**ઉઝકુરૂ**'' પોશીદા બતાવે છે. જવાબ આપવામાં આવશે કે એ બની ઈસ્રાઈલને ઐતિહાસિક બનાવોની ખબર હતી, ઈતિહાસની કિતાબો તેમણે વાંચી હતી એ બાબત પ્રતિ તેમને ધ્યાનિત કરવામાં આવ્યા. હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم એ ન કોઈની પાસે પઢયું ન ઈતિહાસની કિતાબોનો અભ્યાસ કર્યો અને ન તો કોઈ ઈતિહાસકારની સોહબતમાં રહ્યા અને ન તો કેળવણી પામેલ કૌમમાં ઉછેર પામ્યા. તો હવે આપને માટે નૂરે નબુવ્વત સિવાય ઈલ્મનો ઝરીયો કયો હતો ?

★ આયત નં. ૧૨ ★

اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ ''નબી મુસલમાનોથી તેમની જાનો કરતાંય નજીક છે.'' *(સૂરએ અહ્ઝાબ, આ.નં. ૬)*

મોલ્વી કાસિમ નાનોત્વી બાનીએ દારુલ ઉલૂમ દેવબંદ, ''તહઝીરૂન્નાસ' પેજ–૧૦ માં લખે છે કે આ આયતમાં **અવ્લા**નો અર્થ 'અધિક નજીક' છે જેથી આયતનો અર્થ થશે, ''નબી મુસલમાનોથી તેમની જાનો કરતાં પણ 'અધિક નજીક' છે.'' સૌથી અધિક આપણાથી નજીક આપણી જાન (પ્રાણ) અને જાનથી અધિક નજીક નબી صلى الله تعالىٰ عليه وسلم અને અધિક નજીકની ચીજ છુપી

રહે છે. આ અધિક નિકટતાને કારણે આંખ વડે જોવા નથી મળતી.

ચેતવણી : આ જગાએ કેટલાક લોકો કહે છે કે તમે મુકલ્લિદ છો અને મુકલ્લિદે આયતો તથા હદીષોની દલીલ લેવી જાઈઝ નથી, તો તે ઈમામના કૌલ પેશ કરે, જેથી તમે કેવળ ઈમામ અબૂહનીફા رحمۃ اللہ علیہ ના કૌલ જ પેશ કરી શકો છો. એનો જવાબ વિવિધ રીતે છે, **એક** એ કે આપ ખુદ હાઝિરો નાઝિર ન હોવાનો અકીદો રાખો છો એના બારામાં ઈમામે આઝમનો કૌલ પેશ કરો. **બીજું** એ કે તકલીદની ચર્ચામાં રજૂ કરી ચૂકયા છીએ કે અકીદાના મસ્અલામાં તકલીદ નથી હોતી, બલ્કે ઈજતેહાદી મસાઈલમાં થાય છે.અને આ અકીદાનો મસ્અલો છે. **ત્રીજું** એ કે સ્પષ્ટ આયતો તથા હદીષો વડે મુકલ્લિદ પણ દલીલ કરી શકે છે, હા ! તેમાંથી મસાઈલ નથી કાઢી શકતો.

તહાવીમાં છે : જે અહકામ જાહેર દલીલ તથા મુફસ્સિરથી સમજવામાં આવે તે મુજતહિદ સાથે ખાસ નથી, બલ્કે એના માટે આમ ઉલમા શકિતમાન છે. મુસલ્લમુ ષ્ષબુતમાં છે. ''આમ આયતોથી દલીલ પકડવી ખલફ તથા સલફ (પૂર્વજ બુઝુર્ગો)માં કશાય ઈન્કાર વિના માન્ય છે.''

કુર્આન ફર્માવે છે :–

فَسْـَٔلُوْۤا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝ ''તમે ન જાણતા હોઉ તો ઝિકવાળાઓને પૂછો.'' *(સૂરએ નહલ્, આ.નં. ૪૩)*

તો ઈજતેહાદી મસાઈલ આપણે નથી જાણતા માટે ઈમામોની તકલીદ કરીએ છીએ અને સ્પષ્ટ આયતોનો તર્જુમો જાણીએ છીએ એમાં તકલીદ નથી.

ચોથુ એ કે હાઝિર નાઝિરના મસ્અલા બારામાં ફકીહો, મુહદ્દિષો તથા મુફસ્સિરોનાં કથનો પણ આગામી વિભાગોમાં આવી રહ્યાં છે. તે જુઓ અને વિચારો કે હાઝિરો નાઝિરનો અકીદો સર્વ મુસલમાનોનો અકીદો છે.

(બીજો વિભાગ)

★ હાઝિરો નાઝિર હદીષોની રોશનીમાં ★

આ વિભાગમાં તે તમામ હદીષો રજૂ કરવામાં આવશે જે ઈલ્મે ગયબના પ્રકરણમાં આવી ચૂકી છે. ખાસ કરીને હદીષ નં. ૬, ૭, ૧૮, ૧૯, જેનું લખાણ એ છે કે હું તમામ આલમને હાથની હથેળીની જેમ જોઈ રહ્યો છું, મારા પર મારી ઉમ્મત પોતાની સૂરતોમાં પેશ થઈ અને હું તેમનાં નામ, તેમના બાપ દાદઓનાં નામ, તેમના ઘોડાઓના રંગો જાણું છું.....વગેરે. એ જ પ્રમાણે એની શરહ (સવિસ્તાર વિગતે સમજૂતી)માં મોહદ્દિષોનાં કથનો ગુજરી ચૂકયાં છે, તે રજૂ કરવામાં આવશે. વિશેષતઃ મિર્કાત, ઝુર્કાની વગેરેની ઈબારતો (લખાણો), એ ઉપરાંત નીચે મુજબની અધિક હદીષો પણ રજૂ કરવામાં આવશે.

(૧) મિશ્કાત બાબે અસ્બાતે અઝાબે કબ્રમાં છે : 'નકીરૈન મૈયતને પૂછે છે કે તમે તેમના (મુહમ્મદુર્રસૂલુલ્લાહના) બારામાં શું કહેતા હતા ?'' 'અશિઅતુલ્ લમ્આત'માં આ હદીષના હેઠળ છે, ''હાઝરર્જુલ''થી મુરાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાત મુબારક છે.

'અશિઅતુલ્ લમ્આત'માં આ હદીષના હેઠળ છે, ''અથવા કબ્રમાં જાહેરી ઝહૂરી આપની ઝાત શરીફને હાજર કરે છે, એવી રીતે કે કબ્રમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વજૂદે મિષાલી મૌજૂદ કરી આપે છે. અને આ જગ્યાએ ગમઝદા મુશ્તાકો (ઝિયારતના પ્યાસાઓ)ને માટે મહાન ખુશ ખબરી છે કે જો ખુશીની ઉમ્મીદ પર જાન આપી દે અને જીવતા કબરોમાં ચાલ્યા જાય તો પણ એનો મોકો છે.''

હાશિયા મિશ્કાતમાં આ જ હદીષ હેઠળ કહેવામાં આવ્યું છે કે, ''મૈયત સામેથી હિજાબ (પર્દા) ઉઠાવી લેવામાં આવે છે એટલે સુધી કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જુએ છે અને ઘણી જ મહાન ખુશ ખબરી છે.''

કસ્તલાની, શરહે બુખારી, જિલ્દ–૩, પેજ–૩૯૦, કિતાબુલ્ જનાઈઝમાં છે : ''કહેવામાં આવ્યું છે કે મૈયતના હિજાબ (પર્દા) ઉઠાવી લેવામાં આવે છે એટલે સુધી કે નબી ﷺ ને જુએ છે. અને એ મુસલમાનના માટે ઘણી મહાન ખુશખબરી છે જો ઠીક રહે.'' કેટલાક લોકો કહે છે કે ''હાઝર્રજુલ'' દિમાગમાં કબ્રમાં આવવા વિશેનો વાયદો બેઠેલો છે તેના પ્રતિ ઈશારો છે કે તેઓ મુડદાને પૂછે છે કે તે જે તારા દિમાગમાં મૌજૂદ છે તેમને શું કહેતો હતો ?'' પણ એ દુરુસ્ત નથી, કેમ કે જો એવું હોત તો કાફિર મૈયતને એ સવાલ ન થાત, કેમ કે તે તો હુઝૂરના ખયાલથી પર છે. વળી કાફિર એના જવાબમાં એવું ન કહેત કે, હુ નથી ઓળખતો, બલ્કે પૂછત કે તમે કોના વિશે સવાલ કરો છો ? તેના **લા અદ્રી** ''હુ નથી ઓળખતો'' કહેવાથી જણાયું કે તે હુઝૂરને આંખો વડે જુએ છે પણ ઓળખતો નથી, અને આ ઈશારો બાહ્ય છે.

આ હદીષ અને ઈબારતો (લખાણો)થી જાણવા મળ્યું કે કબ્રમાં હુઝૂર ﷺ ના દીદાર કરાવીને સવાલ થાય છે કે તુ આ શમ્સુદુહા, બદરુદુઝા ﷺ ને જે તારી સમક્ષ જાહેર છે, એમના વિશે શું કહેતો હતો. જાણવા મળ્યું કે બતાવીને નજીક કરીને પછી પૂછે છે. એટલા માટે સૂફિયાએ કિરામ હઝરાત અને ઉશ્શાક (આશિકો) મૌતની તમન્ના કરે છે અને કબ્રની પ્રથમ રાતને દુલ્હાના દીદારની રાત કહે છે. આ'લા હઝરત ફર્માવે છે :–

જાન તો જાતે હી જાએગી કિયામત યે હૈ
કે યહાં મરને યે ઠહરા હૈ નઝારા તેરા

મૌલાના આસી ફર્માવે છે :–

આજ ફૂલે ન સમાએંગે કફનમેં 'આસી'
જિસકે જોયા થે હૈ ઉસ ગુલકી મુલાકાતકી રાત

મૈં મારા દીવાનમાં લખ્યું છે :–

મર્કદકી પહલી શબ હૈ દુલ્હાકી દીદકી શબ
ઈસ શબકે ઈદ સદકે ઉસ્કા જવાબ કૈસા

એટલા માટે બુઝુર્ગાને દીનના વિસાલના દિવસને ઉર્સનો દિવસ કહેવાય

છે. **ઉર્સ** નો અર્થ છે શાદી (ખુશી), કેમ કે ઉર્સ એટલે મુહમ્મદુર્રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم દુલ્હાના દીદારનો દિવસ છે.

અને એક જ સમયે હજારો મુડદાંઓ દફન થાય છે, તો જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હાઝિરો નાઝિર નથી તો દરેક જગાએ કેવી રીતે જલ્વાગરી થશે (દેખાશે) ? જણાયું કે જે પડદો આપણી નજર પર છે તે પડદાને ફરિશ્તા ઉઠાવી આપે છે. જેમ કે દિવસે કોઈ તંબુ ખેંચેલો હોય અને સૂર્ય તેની નજરેથી ગાયબ હોય, હવે કોઈએ તે તંબુને ઉપરથી હટાવીને સૂર્ય દેખાડી દીધો.

(૨) મિશ્કાત બાબત્તહરીસ અલા કિયામુલ્ લૈલમાં છે : એક રાત્રે હુઝૂર ગભરાયેલ સ્થિતિમાં જાગૃત થયા. ફર્માવતા હતા કે સુબ્હાનલ્લાહ ! આ રાતમાં કેટલા પ્રમાણમાં ખજાનાઓ અને કેટલા પ્રમાણમાં ફિત્નાઓ ઉતારવામાં આવ્યા છે.

આ ઉપરથી જણાયું કે ભવિષ્યમાં થનારા ફિત્નાઓને આંખો વડે જોઈ રહ્યા છે.

(૩) મિશ્કાત બાબુલ્ મોઅ્જિઝાતમાં અનસ رضی اللہ عنہ થી રિવાયત છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝયૂદ તથા જાફર તથા ઈબ્ને રવાહાની તેમની ખબર આવતાં પહેલાં લોકોને તેમના મૌતની ખબર આપી દીધી. ફર્માવ્યું કે હવે ઝંડો ઝયૂદે લઈ લીધો અને તે શહીદ થઈ ગયા....એટલે સુધી કે ઝંડો સૈફુલ્લાહ (અલ્લાહની તલ્વાર) ખાલિદ ઈબ્ને વલીદે લીધો, ત્યાં સુધી કે અલ્લાહે તેમને ફતહ આપી દીધી.

એનાથી જાણવા મળ્યું કે 'બીરે મઊના' જે મદીના શરીફથી ઘણો જ દૂર છે, ત્યાં જે કાંઈ થઈ રહ્યું હતું તેને હુઝૂર મદીનાથી જોઈ રહ્યા છે.

(૪) મિશ્કાત, જિલ્દ દોમ બાબુલ કરામાત પછી બાબુલ વફાતુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم માં છે : તમારી મુલાકાતની જગા હૌઝે કૌષર છે, તેને આ જ સ્થળેથી જોઈ રહ્યો છું.

(૫) મિશ્કાત બાબુત્તસ્વીયુતસ્સફમાં છે : તમારી સફો સીધી રાખો કેમ કે

હું તમને મારી પાછળથી પણ જોઈ રહ્યો છું.

(૬) તિર્મિઝી, જિલ્દ દોમ, બાબુલ ઈલ્મમાં છે : અમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે હતા એવામાં આપે આપની નજર આસ્માન પર ઉઠાવી અને ફર્માવ્યું કે આ તે સમય છે કે જ્યારે ઈલ્મ લોકો પાસેથી છીનવી લેવામાં આવશે એટલે સુધી કે તેના પર બિલ્કુલ કાબૂ પામશે નહીં.

આ હદીષની શરહમાં મુલ્લા અલી કારી મિર્કાત કિતાબુલ ઈલ્મમાં ફર્માવે છે, જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આસ્માનની તરફ જોયું તો આપના ઉપર આપની મૌતની નિકટતા જાહેર થઈ ગઈ, તો તેની ખબર આપી દીધી.

(૭) મિશ્કાત બાબુલ ફિતન ફસ્લ અવ્વલના પ્રારંભમાં છે કે : ''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મદીના પાકની એક પહાડી પર ઉભા રહીને પૂછયું કે, શું હું જોઈ રહ્યો છું તે શું તમે પણ જોઈ રહ્યા છો ? અર્ઝ કરી કે, નહીં ! ફર્માવ્યું તમારાં ઘરોમાં વરસાદની જેમ ફિત્નાઓને વરસતા જોઈ રહ્યો છું.'' જાણવા મળ્યું કે યઝીદી તથા હિજાઝી ફિત્નાઓ જે અરસા બાદ થવાના હતા તેને જોઈ રહ્યા હતા.

આ હદીષોથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હક્ક જોતી આંખો ભાવિના પ્રસંગો અને દૂર તથા નિકટની હાલતો અને હૌઝે કૌષર અને જન્નત તથા દોઝખ વગેરેને જુએ છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તુફૈલ હુઝૂરના ખાદિમોને પણ ખુદાએ કુદુસ આ કુદરત તથા ઈલ્મ અતા ફર્માવે છે.

(૮) મિશ્કાત, જિલ્દ–દોમ, બાબુલ કરામાતમાં છે કે ઉમર رضی اللہ عنہ એ એક લશ્કરના સરદાર સારિયાને બનાવીને નેહાવંદ મોકલ્યા. હઝરત ઉમર رضی اللہ عنہ મદીના મુનવ્વરામાં ખુત્બો પઢતાં પોકારી ઉઠયા કે, ''હે સારિયા ! પહાડને લો !''

કેટલાક સમય પછી એ લશ્કરથી કાસિદ આવ્યા તેમણે વર્ણન કર્યું કે અમોને દુશ્મને હાર આપી દીધી હતી કે એવામાં અમે કોઈ પોકારનારનો અવાજ સાંભળ્યો જે કહી રહ્યો હતો કે, ''સારિયા પહાડને લો !'' તો અમે પહાડને અમારી પીઠ પાછળ રાખ્યો ત્યારે ખુદાએ તેમને હાર આપી દીધી.

(૯) ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ એ ફિકહે અકબર✪ અને અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ જામેઅ કબીરમાં હારિષ ઈબ્ને નોઅમાન અને હારિષા ઈબ્ને નોઅમાન رضی اللہ عنہما થી રિવાયત કરી કે એકવાર હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો તો સરકારે મને પ્રશ્ન કર્યો કે, અય હારિષ ! તેં કઈ હાલતમાં દિવસ પામ્યો ? મેં અર્ઝ કરી કે સાચો મોમિન થઈને. ફર્માવ્યું કે તમારા ઈમાનની હકીકત શું છે ? મેં અર્ઝ કરી, (અર્થ) : હું જાણે અલ્લાહના અર્શને જાહેરી રીતે જોઈ રહ્યો છું અને જાણે જન્નતીઓને એક બીજાને જન્નતમાં મળતા તથા દોઝખીઓને દોઝખમાં શોર મચાવતા જોઉં છું. આજ કિસ્સાને 'મષ્નવી શરીફ'માં પણ વર્ણન કરેલ છે :–

(અર્થ) : ''મારી સામે આઠ જન્નતો અને સાત દોઝખો એવી રીતે જાહેર છે જેમ કે હિંદુ સામે મૂર્તિ. હું એક એક મખ્લૂકને એવી રીતે ઓળખુ છું જેવી ઘંટીમાં જવ તથા ઘઉં કે જન્નતી કોણ છે અને જહન્નમી કોણ છે ? મારી સમક્ષ માછલી અને કીડીની જેમ છે, ચુપ રહું કે કાંઈક અધિક કહું ! હુઝૂરે તેમનું મુખ પકડી લીધું કે બસ !''

જ્યારે આ આફતાબના ઝર્રાઓની નજરોનો એ હાલ છે કે જન્નત તથા દોઝખ, અર્શ તથા ફર્શ, જન્નતી તથા દોઝખીને પોતાની આંખો વડે જુએ છે, તો આ આફતાબે કૌનૈનની નજરનું શું પૂછવું !

(ત્રીજો વિભાગ)

★ હાઝિરો નાઝિરની સાબિતીમાં ફકીહો તથા ઉલમાનાં કથનો ★

દુર્રે મુખ્તાર, જિલ્દ–૩, બાબુલ મુર્તદ, 'બહષે કરામાતે ઔલિયા'માં છે

✪ *મૌલાના વકીલ અહમદ સિકંદરપૂરી (رحمۃ اللہ علیہ) એ હૈદ્રાબાદથી ફિક્હે અકબરનો નુસ્ખો હાંસલ કર્યો એની શરહ ''અદ્દુર્રુલ્ અઝ્હર શરહે ફિકહે અકબર'' લખી, જેમાં તેઓ દાવો કરે છે કે અસલ ફિક્હે અકબર આ છે, તેમાંથી આ પ્રસંગ લેવામાં આવ્યો છે. તે તમામ નુસ્ખાઓમાં નથી.*

કે, ''હાઝિરો નાઝિર ! કહેવું કુફ્ર નથી.''

શામીમાં એના હેઠળ છે :–

فَاِنَّ الْحُضُوْرَ بِمَعْنَى الْعِلْمِ شَائِعٌ مَا يَكُوْنُ مِنْ

نَجْوٰى ثَلٰثَةٍ اِلَّا هُوَ رَابِعُهُمْ وَ النَّظْرِ بِمَعْنَى الرُّوْيَةِ اَلَمْ يَعْلَمْ بِاَنَّ اللّٰهَ يَرٰى

فَالْمَعْنٰى يَا عَالِمُ مَنْ يَّرٰى

''કેમ કે ''હુઝૂર'' ઈલ્મના અર્થમાં મશહૂર છે. કુર્આનમાં છે : નથી થતો ત્રણનો મશ્વરો પણ રબ એમનામાં ચોથો હોય છે. અને ''નઝર'' જોવાના અર્થમાં હોય છે. રબ ફર્માવે છે : ''શું નથી જાણતો કે અલ્લાહ જુએ છે ?'' જેથી એ અર્થ થયો કે, ''હે આલિમ ! (જાણનાર) હે જોનાર !'' *(બઝ્લઝાઝિયહ્)*

દુર્રે મુખ્તાર, ભાગ–૧, પ્રકરણ ''કૈફતુસ્સલાહ્'માં છે 'અત્તાહિય્યાત'ના શબ્દોમાં ખુદ કહેવાની નિય્યત કરે જાણે નમાઝી રબને તહિય્યહ (પાકી) અને ખુદ નબી ﷺ ને સલામ અર્ઝ કરી રહ્યો છે.

શામીમાં આ લખાણ હેઠળ ફર્માવે છે : 'અત્તહિયાત'માં મેઅરાજના તે કિસ્સાની નિય્યત ન કરે જે હુઝૂર ﷺ અને રબ તઆલા અને ફરિશ્તાઓની વચ્ચે થયો.

ફકીહોમાં આ લખાણોથી જાણવા મળ્યું કે, ગૈરૂલ્લાહને હાઝિર નાઝિર કહેવું કુફ્ર નથી. અને 'અત્તહિય્યાત'માં હુઝૂર ﷺ ને (હાજર) જાણીને સલામ અર્ઝ કરે. 'અત્તહિય્યાત'ના વિશે અન્ય લખાણો પણ આવે છે.'મજમઉલ્ બરકાત'માં શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી ફર્માવે છે : હુઝૂર ﷺ ઉમ્મતની હાલતો તથા અમલોથી માહિતગાર છે, બારગાહમાં હાજર રહેલાઓને ફય્ઝ પહોંચાડનારા અને હાઝિર તથા નાઝિર છે.

શયખ અબ્દુલ હક્ક દેહલ્વી પોતાના રિસાલા (કિતાબ) ''**સુલૂકે અકરબુસ્સુલુબ બિત્તવજ્જુહિ ઈલા સૈયિદ્દુરૂસૂલ**'' માં ફર્માવે છે, ''ઉમ્મતના ઉલમામાં જે મઝહબો તથા મતભેદો છે તેમ છતાં એમાં કોઈનો મતભેદ નથી કે, હુઝૂર ﷺ હકીકી જિંદગી સાથે તાવીલ તથા મજાઝના શક વિના

સલામત છે અને હકીકતના તલબગારો તથા બારગાહમાં હાજર થનારાંઓને ફયૂઝ પહોંચાડનારા અને મુરબ્બી છે.

શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી 'શરહે ફુતૂહુલ ગયબ' પેજ ૩૩૩ માં ફર્માવે છે : ''અંબિયા عَلَيْهِمُ السَّلَامُ દુનિયાવી હકીકી જિંદગી સાથે જીવંત અને બાકી અને સક્રિય રહેનારા છે એમાં કોઈ શંકા નથી.

મિર્કાત બાબ ' મા યકાલુ ઈન્દ મન્ હદરહુલ્ મૌત' ના છેવટમાં છે, '' અવલિયા અલ્લાહ એક પલમાં અનેક (કેટલીયે) જગાએ હોઈ શકે છે અને તેમનાં એક જ સમયે અનેક શરીરો થઈ શકે છે.''

'શિફા'માં છે, ''જ્યારે ઘરમાં કોઈ ન હોય તો તમે કહો કે હે નબી ! તમારા પર સલામ, અને અલ્લાહની રહમતો અને બરકતો હજો !

એના હેઠળ મુલ્લા અલી કારી શરહે શિફામાં ફર્માવે છે :– ''કેમ કે નબી عليه الصلوٰة والتسليم ની રૂહ મુબારક મુસલમાનોનાં ઘરોમાં હાજર છે.''

શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه ''મદારિજુન્નબુવ્વત''માં ફર્માવે છે, હુઝૂર صلى الله تعالى عليه وسلم ને યાદ કરો અને દુરૂદ મોકલો અને (તેમના) ઝિકની હાલતમાં એ રીતે રહો કે હુઝૂર હયાત હાલતમાં તમારી સામે છે અને તમે તેમને જુઓ છો, અદબ તથા તા'ઝીમ અને પ્રભાવ તથા હયા સાથે રહો, અને જાણો કે હુઝૂર صلى الله تعالى عليه وسلم તમારા કલામને જુએ તથા સાંભળે છે કેમ કે હુઝૂર صلى الله تعالى عليه وسلم અલ્લાહની સિફતોથી મૌસૂફ (સિફતો ધરવનાર) છે, અને અલ્લાહની એક સિફત એ છે કે, હું મારું ઝિક્ર કરનારાઓનો હમનશીં છું.

ઈમામ ઈબ્નુલ હાજ 'મુદખલ'માં અને ઈમામ કસ્તલાની મવાહિબ, ભાગ–૨, પેજ–૩૮૭ ત્રીજા ખંડમાં 'ઝિયારતે કબ્ર શરીફ'માં ફર્માવે છે, ''આપણા ઉલમાએ ફર્માવ્યું છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ની જિંદગી અને વફાતમાં કોઈ તફાવત નથી, પોતાની ઉમ્મતને જુએ છે અને તેમની હાલતો તથા નિય્યતો અને ઈરાદાઓ અને દિલની વાતોને જાણે છે, આ આપની સમક્ષ તદ્દન જાહેર છે, એમાં આડ નથી.''

મિર્કાત શરહે મિશ્કાતમાં મુલ્લા અલી કારી ફર્માવે છે, ''ઈમામ ગઝાલી

رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, જ્યારે તમે મસ્જિદોમાં જાવ તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સલામ અર્ઝ કરો, કેમ કે આપ મસ્જિદમાં મૌજૂદ છે.''

નસીમુરિર્યાઝ શરહે શિફા કાઝી અયાઝ, ભાગ–૩ ના આખરમાં છે : ''અંબિયાએ કિરામ શારીરિક અને જાહેરી તૌર પર બશર (માનવ)ની સાથે છે અને તેમની બાતિની તથા રૂહાની શકિતઓ મલકી (ફરિશ્તા જેવી) છે, જેથી તેઓ જમીનના પૂર્વ તથા પશ્ચિમને જુએ છે અને આસ્માનોની ચળચળાહટ સાંભળે છે અને જિબ્રઈલની ખુશ્બૂ પામી લે છે જ્યારે તે તેમના પર ઉતરે છે.''

દલાઈલુલ ખૈરાતના ખુત્બામાં છે, ''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછવામાં આવ્યું કે આપનાથી દૂર રહેનારાઓ અને બાદમાં આવનારાઓનાં દુરૂદોનો આપની નજીક શો હાલ છે ? તો ફર્માવ્યું કે, હું મહોબ્બતવાળાઓનાં દુરૂદને ખૂદ સાંભળું છું અને તેમને ઓળખું છું અને ગૈર મોહિબ્બીનું દુરૂદ મારા પર પેશ કરવામાં આવે છે.''

શિફા કાઝી અયાઝ, ભાગ–૨ માં છે : અલ્કમહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે હું મસ્જિદમાં દાખલ થાઉં છું તો કહું છું કે, સલામ હજો આપ પર હે નબી ! અને અલ્લાહની રહમત તથા બરકતો. એનું એ સમર્થન અબૂ દાઉદ તથા ઈબ્ને માજહ 'બાબુદ્ દુઆ દખુલે મસ્જિદ'ની હદીષથી પણ થાય છે.

મદારિજુન્નબુવત, પેજ–૪૫૦, ભાગ–૨, કિસ્મ ચહારુમ, વસ્લ–હયાતુન્નબીમાં છે : રબ તઆલાએ હુઝૂરના જિસ્મ પાકને એવી હાલત તથા કુદરત બખ્શી છે કે મકાનમાં ચાહે તશરીફ લઈ જાય ચાહે તે જ શરીરની સાથે ચાહે મિષાલી (એના જેવા) શરીર સાથે, ચાહે આસ્માન પર ચાહે કબરમાં, તો (એ) દુરૂસ્ત છે. કબ્ર સાથે દરેક હાલતમાં ખાસ નિસ્બત રહે છે.

મિસ્બાહુલ હિદાયત તર્જુમા અવારિફુલ મઆરિફ, લેખક શૈખ શહાબુદ્દીન સુહરવર્દી, પેજ–૧૬૫ માં છે, ''વળી જોઈએ કે બંદો જેવી રીતે હક્ક તઆલાને હર હાલમાં જાહેર તથા આંત્રિક (બાતિની) તૌર પર વાકેફ જાણે છે, એ જ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પણ જાહેર તથા બાતિન રીતે હાજર જાણે, આપની સૂરતને જોવું, આપની હમેશાં તાઝીમ તથા ઈજ્જત કરવી અને એ બારગાહની

અદબની દલીલ બની જાય છે. અને આપની જાહેરી તથા આંત્રિક (છુપી) મુખાલિફતથી શરમ કરે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાક સોહબતની અદબનો કોઈ મોકો ન છોડે.

ફકીહો તથા ઉમ્મતના ઉલમાના આ કથનોથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું હાઝિર નાઝિર હોવું ઘણી જ ખૂબીપૂર્વક સ્પષ્ટ થઈ ગયું. હજે અમે તમને એ દેખાડીએ છીએ કે, નમાઝી નમાઝમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે શો ખયાલ રાખે ? એના વિશેનાં દુર્રે મુખ્તાર તથા શામીનાં લખાણો અમે પ્રારભના વિભાગોમાં રજૂ કરી ચૂકયા છીએ. અન્ય બુઝુર્ગાને દીનનાં અધિક લખાણો સાંભળો અને ઈમાનને તાજુ કરો.

અશઅતુ લમ્આત, કિતાબુ સ્સલાત, બાબુત્ તશહ્હુદ અને મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૧૩૫, પ્રકરણ પાંચ, ઝિક્રે ફઝાઈલે આં હઝરતમાં શયખ અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી ફર્માવે છે :

''કેટલાક આરિફોએ કહ્યું છે કે અત્તહિય્યાતમાં એ સંબોધન એટલા માટે છે કે હકીકતે મુહમ્મદિયહ્ મૌજૂદાતના કણે કણમાં અને મુમ્કિનાતની દરેક ચીજમાં સમાયેલી છે. વળી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝીઓની જાતમાં મૌજૂદ છે. હાજર રહેલા નમાઝીઓએ જોઈએ કે આ અર્થથી માહિતગાર રહે અને આ શહૂદ (હુઝૂરના હાજર હોવા)થી ગાફેલ ન થાય, જેથી નઝદીકી (કુર્બ)ના નૂર અને મઅ્રેફતના ભેદોથી કામયાબ થઈ જાય.

અહ્યાઉલ ઉલૂમ, ભાગ–૧, પ્રકરણ–૪, વિભાગ–૩, નમાઝીની બાતિની (આંત્રિક) શરતોમાં ઈમામ ગઝાલી ફર્માવે છે :–

وَ اَحْضِرْ فِیْ قَلْبِكَ النَّبِیَّ عَلَیْهِ السَّلَامُ وَ شَخْصَهُ الْكَرِیْمَ وَ قُلْ اَلسَّلَامُ عَلَیْكَ اَیُّهَا النَّبِیُّ وَ رَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُهٗ

''પોતાના દિલમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને આપની પાક જાતને હાજર જાણો અને કહો **અસ્સલામુ અલૈક ઐયુહન્નબિય્યુ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહૂ** (હે નબી ! આપ પર સલામતી હજો અને રહમત તથા બરકતો અલ્લાહ તરફથી)'' એ જ પ્રમાણે મિર્કાત બાબુત્તશહ્હુદમાં છે.

'મિસ્કુલ ખેતામ'માં નવાબ સિદ્દીક હસનખાં ભોપાલી વહાબી પેજ–૨૪૩ ઉપર એ જ લખાણ લખે છે જે અમે હમણા 'અશઅતુલ્ લમ્આત'થકી અત્તહિય્યાતના વિશે લખ્યું કે, નમાઝીએ જોઈએ કે હુઝૂરને હાઝિર તથા નાઝિર જાણીને અત્તહિય્યાતમાં સલામ કરે. પછી આ શેઅર લખે છે :– (અર્થ) ઈશ્કની રાહમાં દૂર તથા નજીકની મંઝિલ નથી, હું તમને જોઉં છું તથા દુઆ કરું છું.

અલ્લામા શૈખ મુજદ્દિદ (અલ્ફેષાની) ફર્માવે છે :–

وَخُوطِبَ عَلَيْهِ السَّلَامُ كَاَنَّهٗ اِشَارَةٌ اِلٰى اَنَّهٗ تَعَالٰى
يَكْشِفُ لَهٗ عَنِ الْمُصَلِّيْنَ مِنْ اُمَّتِهٖ حَتّٰى يَكُوْنَ كَالْحَاضِرِ يَشْهَدُ لَهُمْ بِالْعَقْلِ
اَعْمَالَهُمْ وَلِيَكُوْنَ تَذَكُّرُ حُضُوْرِهٖ سَبَباً لِمَزِيْدِ الْخُشُوْعِ وَ الْخُضُوْعِ

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને નમાઝમાં સંબોધન કરવામાં આવ્યું જાણે કે આ એ તરફ ઈશારો છે કે અલ્લાહ તઆલા આપની ઉમ્મતમાંથી નમાઝીઓનો હાલ આપના પર જાહેર ફર્માવી દે છે ત્યાં સુધી કે આપ હાજર જેમ હોઉ છો તેના અમલોને સમજવામાં, અને એટલા માટે કે આપની હાજરીનો ખ્યાલ ખુશૂઅ તથા ખુઝૂઅમાં અધિકતા થવાનો સબબ બની જાય.

હાઝિર તથા નાઝિરના મસ્અલા પર કેટલાક ફિકહી મસાઈલ પણ આધારિત છે. ફુકહાએ કિરામ (ફકીહો) ફર્માવે છે કે, પતિ પૂર્વમાં હોય અને પત્ની પશ્ચિમમાં અને (છતાં) બાળક પેદા થાય અને પતિ કહે છે કે બાળક મારું છે તો બાળક તેનું છે, કેમ કે કદાચ એ વલી હોય અને કરામતથી પોતાની પત્ની પાસે પહોંચતો હોય, 'શામી', ભાગ–૨ માં નસબની સાબિતીનું પ્રકરણ જુઓ .

શામી જિલ્દ સોમ, બાબુલ્ મુર્તદ, મતલબે કરામતે અવલિયામાં છે, ''અને માર્ગ નકકી કરવાનું પણ એ કરામતમાંથી છે. હુઝૂરના ફર્માવવાના કારણે કે મારા માટે જમીન સમેટી દેવામાં આવી, એના માટે એ મસ્અલો દલીલ પૂરી પાડે છે જે ફકીહોએ કહ્યું કે, કોઈ શખ્સ પૂર્વમાં હોય અને પશ્ચિમમાં રહેનારી

પત્નીથી નિકાહ કરે પછી તે સ્ત્રી બાળ જન્મ આપે તો બાળક તે પુરૂષથી ગણાશે. અને તાતાર ખાનિયહ્માં છે કે આ મસ્અલો એ કરામતને જાઈઝ હોવાનું સમર્થન કરે છે.

શામીમાં એ જ સ્થાને છે :–

اَلْاِنْصَافُ مَا نَكَرَهُ الْاِمَامُ النَّسَفِيُّ حِيْنَ سُئِلَ عَمَّا يُحْكٰى اَنَّ الْكَعْبَةَ كَانَتْ تَزُوْرُ وَاحِداً مِّنَ الْاَوْلِيَآءِ هَلْ يَجُوْزُ الْقَوْلُ بِهٖ فَقَالَ نَقْضُ الْعَادَةِ عَلٰى سَبِيْلِ الْكَرَامَةِ لِاَهْلِ الْوَلَايَةِ جَائِزٌ عِنْدَ اَهْلِ السُّنَّةِ انصاف

''ઈન્સાફની વાત એ જ છે કે ઈમામ નસફીએ એ સમયે કહી જ્યારે કે તેમને પ્રશ્ન કરવામાં આવ્યો કે કહેવામાં આવે છે કે કા'બા એક વલીની ઝિયારત કરવા માટે જાય છે, તો શું આ પ્રમાણે કહેવું જાઈઝ છે ? તો તેમણે ફર્માવ્યું કે, અવલિયા અલ્લાહના માટે આદતથી વિરૂધ્ધ (સામાન્ય નિયમથી અલગ) કામ કરામતના રૂપે થવું એ અહલે સુન્નતની નજીક જાઈઝ છે.''

આ લખાણ પરથી જાણવા મળ્યું કે કા'બા મોઅઝ્ઝમાં પણ અવલિયા અલ્લાહની ઝિયારતના માટે વિશ્વમાં ચક્કર લગાડે છે.

તફસીરે રૂહુલ બયાન સૂરએ મુલ્કના છેવટમાં છે, ''ઈમામ ગઝાલીએ ફર્માવ્યું છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ને દુનિયામાં સૈર કરવાનો પોતાના સહાબાએ કિરામની રૂહો સાથે અધિકાર છે. આપને ઘણાયે અવલિયા અલ્લાહે જોયા છે.

'ઈત્નેબાહુલ અઝ્કિયા ફી હયાતુલ અવલિયા'માં અલ્લામા જલાલુદ્દીન સિયૂતી પેજ–૭ ઉપર ફર્માવે છે :–

اَلنَّظْرُفِىْ اَعْمَالِ اُمَّتِهٖ وَالْاِسْتِغْفَارُلَهُمْ مِّنَ السَّيِّئَاتِ وَالدُّعَاءُ بِكَشْفِ الْبَلَاءِ عَنْهُمْ وَالتَّرَدُّدُفِىْ اَقْطَارِ الْاَرْضِ وَالْبَرَكَةُ فِيْهَا وَ حَضُوْرَ جَنَازَةٍ مِّنْ صَالِحِى اُمَّتِهٖ فَاِنَّ هٰذِهِ الْاُمُوْرَ مِنْ اَشْغَالِهٖ كَمَا وَرَدَتْ بِذٰلِكَ الْحَدِيْثُ وَ الْاٰثَارُ

''ઉમ્મતના અમલો પર નજર રાખવી, તેમના ગુનાહો માટે બખ્શિશ

ચાહવી, તેમનાથી બલાઓ દફેઅ થવાની દુઆ કરવી, જમીનના વિસ્તારમાં કોઈ નેક માણસ મુત્યુ પામે તો તેના જનાઝામાં જવું, આ ચીજો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રવૃત્તિઓમાં છે. જેમ કે એના માટે હદીષો તથા આષાર આવેલ છે.

ઈમામ ગઝાલી 'અલમુન્કઝ મિનદ્દિલાલ'માં ફર્માવે છે, ''સાહિબે દિલ હઝરાત (વલીઓ) જાગૃતાવસ્થામાં અંબિયા તથા ફરિશ્તાઓને જુએ છે, અને તેમનાથી વાતચીત કરે છે.''

ઈમામ જલાલુદ્દીન સિયૂતી શરહે સુદૂરમાં ફર્માવે છે, ''જે લોકો એવો અકીદો રાખે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહ અને આપની મિષાલ મૌલૂદ શરીફ પઢવામાં અને ખત્મે રમઝાન અને નઅત ખ્વાની કરતી વખતે આવે છે, તો જાઈઝ છે.

મોલ્વી અબ્દુલ હય્ય સાહબ રિસાલા 'તરાવીહુલ જિનાન બિતશરીહે હુકમ શુરબિદ્ દુખાન'માં ફર્માવે છે કે એક શખ્સ નઅતખ્વાં હતો અને હુક્કો પણ પીતો હતો. તેણે ખ્વાબમાં જોયું કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, જ્યારે તમે મૌલૂદ શરીફ પઢો છો તો હું રોનક અફરોઝ થાઉં છું, પણ જ્યારે હુક્કો આવી જાય છે તો હું તરત જ મજલિસેથી પાછો ચાલ્યો જઉં છું.

આ લખાણથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાક નિગાહો દરેક વખતે વિશ્વના કણે કણ ઉપર છે. અને નમાઝ, તિલાવતે કુર્આન, મેહફિલે મીલાદ શરીફ અને નઅત ખ્વાનીની મજલિસોમાં, એ જ પ્રમાણે સાલેહીનની નમાઝે જનાઝામાં ખાસ કરીને પોતાના શરીર મુબારક સાથે તશરીફ લાવે છે.

તફસીરે રૂહુલ બયાન, પારા–૬૨, સૂરએ ફતહમાં આયત إِنَّآ أَرْسَلْنٰكَ شَاهِدًا (સૂરએ ફતહ, આ.નં. ૮) હેઠળ છે : فَإِنَّهٗ لَمَّا

كَانَ اَوَّلُ مَخْلُوْقٍ خَلَقَهُ اللّٰهُ كَانَ شَاهِداً بِوَحْدَانِيَّةِ الْحَقِّ وَ شَاهِداً بِمَا اُخْرِجَ مِنَ الْعَدَمِ اِلَى الْوُجُوْدِ مِنَ الْاَرْوَاحِ وَ النُّفُوْسِ وَ الْاَجْرَامِ وَ الْاَرْكَانِ وَ الْاَجْسَادِ وَ الْمَعَادِنِ وَالنَّبَاتِ وَ الْحَيَوَانِ وَ الْمَلَكِ وَ الْجِنِّ وَ الشَّيْطٰنِ وَ الْاِنْسَانِ وَ غَيْرِ ذٰلِكَ لِئَلَّا يَشُذَّ عَنْهُ مَا يُمْكِنُ لِلْمَخْلُوْقِ وَ اَسْرَارِ اَفْعَالِهٖ وَ عَجَائِبِهٖ

હુઝૂર ﷺ અલ્લાહની પ્રથમ મખ્લૂક હોવાથી વહદાનિયતના ગવાહ છે અને એ ચીજોને જોનાર છે જે શૂન્યમાંથી સર્જન પામી. રૂહો, નફસો, શરીરો, ધાતુ, વનસ્પતિ, પ્રાણીઓ, ફરિશ્તાઓ અને માણસો વગેરે. જેથી આપના પર રબનાં તે રહસ્યો તથા અજાયબીઓ છુપી ન રહી જે કોઈ મખ્લૂકના માટે શકય છે.

એ જગાએ થોડેક જતાં ફર્માવે છે : فَشَاهَدَ خَلْقَهٗ

وَ مَا جَرٰى عَلَيْهِ مِنَ الْاِكْرَامِ وَ الْاِخْرَاجِ مِنَ الْجِنَّةِ بِسَبَبِ الْمُخَالَفَةِ وَ مَا تَابَ اللّٰهُ عَلَيْهِ اِلٰى اٰخِرِ مَا جَرٰى اللّٰهُ عَلَيْهِ وَ شَاهَدَ خَلْقَ اِبْلِيْسَ وَ مَا جَرٰى عَلَيْهِ

"હુઝૂર ﷺ એ હઝરત આદમનું પેદા થવું, તેમની તાઝીમ થવી અને ખતાને લીધે જન્નતથી અલાયદા થવું અને પછી તૌબા કબૂલ થવી, છેવટ સુધી તેમના સર્વ મામલાઓ જે તેમના પર ગુજર્યા સૌને જોયા અને ઈબ્લીસની પેદાઈશ અને જે કાંઈ તેના પર વીત્યું તેને પણ જોયું."

એનાથી જાણવા મળ્યું કે જાહેરી દુનિયામાં આગમનથી પહેલાં દરેકની એક એક હાલતોને જોઈ.

એ જ રૂહુલ બયાનના લેખક થોડેક આગળ જતાં એ જ સ્થાને ફર્માવે છે :

قَالَ بَعْضُ الْكِبَارِ

اِنَّ مَعَ كُلِّ سَعِيْدٍ رَفِيْقَةً مِنْ رُّوْحِ النَّبِيِّ عَلَيْهِ السَّلَامُ هِيَ الرَّقِيْبُ الْعَتِيْدُ عَلَيْهِ وَ لَمَّا قُبِضَ الرُّوْحُ الْمُحَمَّدِيُّ عَنْ اٰدَمَ الَّذِيْ كَانَ بِهٖ دَائِماً لَا يَضِلُّ وَ لَا يَنْسٰى جَرٰى عَلَيْهِ مَا جَرٰى مِنَ النِّسْيَانِ وَ مَا يَتْبَعُهٗ

"કેટલાક અકાબિરે (બુઝુર્ગોએ) ફર્માવ્યું કે દરેક સઈદની સાથે હુઝૂર ﷺ ની રૂહ છે અને એ પણ 'રકીબે અતીદ'થી મુરાદ છે અને જે વખતે રૂહે મુહમ્મદીની દાઈમી તવજ્જોહ હઝરત આદમ عليه الصلوٰة والتسليم થી ખસી ગઈ ત્યારે તેમનાથી ખતા થઈ અને તેનાં પરિણામો ઉદ્ભવ્યાં. એક હદીષમાં છે કે જ્યારે ઝાની (વ્યભિચારી) ઝિના કરે છે તો તેનાથી ઈમાન નીકળી જાય છે.

રૂહુલ બયાનમાં એ જગાએ છે કે ઈમાનથી મુરાદ મુસ્તફાની તવજ્જોહ્ છે. એટલે કે જો મોમિન કોઈ સારું કામ કરે છે તો હુઝૂરની તવજ્જોહ્ની બરકતથી કરે છે અને જો ગુનાહ કરે છે તો તેમની બેતવજ્જોહીના કારણે થાય છે.

એનાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું હાઝિરો નાઝિર હોવું સારી પેઠે સાબિત થયું.

ઈમામે આઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે :–

(અરબીનો અર્થ) "જ્યારે હું સાંભળું છું તો આપનો જ ઝિક્ર સાંભળું છું અને જ્યારે હું જોઉં છું તો આપના સિવાય કાંઈ જોતો નથી." ઈમામ સાહબ કૂફામાં રહીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ચો તરફ જુએ છે.

(ચોથો વિભાગ)

★ હાઝિરો નાઝિર વિશે વિરોધીઓની કિતાબોથી સાબિતી ★

તહઝીરુન્નાસ, પેજ–૧૦માં મોલ્વી કાસિમ સાહબ બાની મદ્રસા દેવબંદ કહે છે કે : اَلنَّبِیُّ اَوْلٰی بِالْمُؤْمِنِیْنَ مِنْ اَنْفُسِهِمْ ને مِنْ اَنْفُسِهِمْ ના સિલહ્ના લેહાઝ પછી જુઓ તો એ વાત સાબિત થાય છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાની ઉમ્મતની સાથે તે નિકટતા છે કે તેમની જાનો (પ્રાણો)ને પણ તેમની સાથે પ્રાપ્ય નથી. કેમ કે **અવ્લા** એ અક્રબ (અતિ નિકટ)ના અર્થમાં છે.

તર્જમા સિરાતે મુસ્તકીમ, લેખક –મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, પેજ–૧૩ માં ચોથી હિદાયત ઈશ્કના બયાનમાં કોલસો તથા આગનો દાખલો આપીને કહે છે, "એ રીતે જ્યારે તે તાલિબના કામિલ નફ્સને રહમાની કશિશ (ખેંચાણ) અને તૌહીદના દરિયાઓની ઊંડાઈ દરિયાઓના તળિયે ખેંચીને લઈ જાય છે તો **અનલ્ હક્ક** અને **લય્સ ફી હુબ્બતી સિવલ્લાહ** અવાજ તેમાંથી બહાર પડવા લાગે છે. અને આ હદીષે કુદ્સી કે "હું તેનો કાની બની જાઉં છું જેનાથી તે સાંભળે છે, અને હું તેની આંખ બની જાઉં છું જેનાથી જુએ છે, એનો હાથ બની જાઉં છું જેનાથી પકડે છે.....છેવટ સુધી." અને એક

અન્ય રિવાયતની રૂએ **લિસાનતુલ્લઝી યતકલ્લમુબિહી** એ જ સ્થિતિની દલીલ છે. આ લખાણમાં સ્પષ્ટ ઈકરાર છે કે જ્યારે ઈન્સાન ફનાફિલ્લાહ થઈ જાય છે તો ખુદાઈ શક્તિથી જુએ, સાંભળે તથા સ્પર્શે તથા બોલે છે. એટલે કે વિશ્વની દરેક ચીજને જુએ છે, દરેક દૂર તથા નજીકની ચીજોને પકડે છે, એ જ હાઝિર તથા નાઝિરનો મતલબ છે. અને જ્યારે મામૂલી માણસ ફના ફિલ્લાહ થઈને આ દરજ્જે પહોંચી જાય તો સૈયદુલ ઈન્સોજાં صلی اللہ تعالیٰ علیہ وسلم થી વધીને ફના ફિલ્લાહ કોણ હોઈ શકે છે ! માટે સૌથી આ'લા દરજાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હાઝિર તથા નાઝિર થયા.

ઈમદાદુસ્સલૂક, પેજ–૧૦ માં દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે, "મુરીદ એ પણ યકીનથી જાણે કે શૈખની રૂહ એક જગાએ કૈદ નથી, મુરીદ જ્યાં પણ હોય દૂર કે નજીક, ભલે પીરના શરીરથી દૂર છે પરંતું પીરની રૂહાનિયત દૂર નથી. જ્યારે આ વાત પાકી થઈ તો દરેક સમયે પીરની યાદ રાખે જેથી દિલી તઅલ્લૂક તેનાથી જાહેર થાય અને દરેક વખતે તેનાથી ફાયદો હાંસલ કરતો રહે. મુરીદ સુલૂકની હાલતમાં પીરનો મોહતાજ રહે છે. શૈખને પોતાના દિલમાં હાજર કરીને જીભ વડે સંબોધીને તેનાથી માગે, પીરની રૂહ અલ્લાહના હુકમથી જરૂર ઈલ્કા (મુલાકાત) કરશે, પણ સંપૂર્ણ તઅલ્લુક શર્ત છે. અને શૈખ સાથે એ જ તઅલ્લુકના કારણે દિલની ઝબાન બોલતી થઈ જાય છે, અને હક્ક તઆલાની તરફનો માર્ગ ખુલી જાય છે અને હક્ક તઆલા તેને સાહિબે ઈલ્હામ કરી દે છે.

દેવબંદી પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહીના આ લખાણમાં નીચે મુજબના ફાયદા છે :–

(૧) પીરનું મુરીદ પાસે હાઝિરો નાઝિર હોવું (૨) મુરીદનું તસવ્વુરે શયખમાં રહેવું (૩) પીરનું હાજતરવાં હોવું (૪) મુરીદ ખુદાને છોડીને પોતાના પીર પાસે માગે (૫) પીર મુરીદને 'ઈલ્કા' કરે છે. (૬) પીર મુરીદનું દિલ જારી (જીવંત) કરી આપે છે.

જ્યારે પીરમાં આ તાકાતો છે તો પછી મલાઈકહ તથા ઈન્સાનોના

શૈખુશ્શોયૂખ ﷺમાં આ છ ખૂબીઓ માનવી શા માટે શિર્ક છે ? **આ લખાણે તો વિરોધીઓના આખા મઝહબ પર પાણી જ ફેરવી દીધું !** વલિલ્લાહિલ્ હમ્દ ! આખી તકવિયતુલ ઈમાન ખતમ !

હિફ્ઝુલ્ ઈમાન, પેજ–૭ માં દેવબંદી મોલ્વી અશરફઅલી લખે છે કે અબૂયઝદીને જમીન સંબંધે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું, એ કોઈ કમાલની ચીજ નથી, જુઓ ઈબ્લીસ એક પળમાં પૂર્વથી પશ્ચિમમાં પહોંચી જાય છે.

આ લખાણમાં સ્પષ્ટ ઈકરાર છે કે પળવારમાં પૂર્વથી પશ્ચિમ સુધી પહોંચી જવું એ અલ્લાહવાળાઓને તો શું પણ કાફિરો તથા શૈતાનોથી પણ શકય છે, બલ્કે એવું થતું રહે છે. અને એ હાઝિરો નાઝિરના અર્થમાં છે જે 'તકવિયતુલ ઈમાન (વહાબીઓના પેશ્વાની કિતાબ)ના લેહાઝથી શિર્ક છે.

મિસ્કુલ ખિતામ, લેખક–નવાબ સિદ્દીક હસનખાં ભોપાલી વહાબીનું લખાણ અમે ચર્ચાની સાબિતીમાં રજૂ કરી ચૂકયા છીએ કે તેમાં તેઓ કહે છે કે, ''અત્તહિય્યાત'માં 'અસ્સલામુ અલૈક'થી સંબોધન એટલા માટે છે કે હુઝૂર ﷺ વિશ્વના કણે કણમાં મૌજૂદ છે જેથી નમાઝીની જાતમાં મૌજૂદ, હાજર છે.

આ લખાણોથી હુઝૂર ﷺનું હાઝિરો નાઝિર હોવું ખૂબ સ્પષ્ટ રીતે જાહેર થઈ ગયું.

(પાંચમો વિભાગ)

★ હાઝિરો નાઝિરની સાબિતીમાં બૌદ્ધિક દલીલો ★

મુસલમાનોની એ વાત પર સહમતિ છે કે હુઝૂર સૈયદે આલમ ﷺની ઝાત કમાલોથી ભરપૂર છે. જેટલા પ્રમાણમાં કમાલો (ખૂબીઓ) અન્ય અંબિયાએ કિરામ અથવા ભાવિમાં અવલિયાએ એઝામ અથવા કોઈ મખ્લૂકને મળી ચૂકયા કે મળશે તે સર્વ બલ્કે તેનાથી પણ વિશેષ હુઝૂર ﷺને અતા ફર્માવી દીધા બલ્કે હુઝૂરના જ થકી તેમને મળ્યા. કુર્આને

કરીમ ફર્માવે છે : فَبِهُدٰىهُمُ اقْتَدِهْ "તમે તે સર્વના માર્ગે ચાલો."

(સૂરએ અન્આમ, આ. નં. ૯૦)

એની તફસીરમાં રૂહુલ બયાનમાં છે :–

"દરેક નબીની ખૂબી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અતા ફર્માવી." મૌલાના જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

હુસ્ને યૂસુફ દમે ઈસા યદે બયઝા દારી
આં યે ખૂબાં હમહ્ દારન્દ તૂ તન્હા દારી

તેમજ દેવબંદી મોલ્વી કાસિમ નાનોત્વી પણ 'તહઝીરુન્નાસ' પેજ–૪૯ માં લખે છે : "અને અંબિયા રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી લઈને ઉમ્મતીઓને પહોંચાડે છે." મતલબ કે અન્ય અંબિયામાં જે કાંઈ છે તે હુઝૂરનું પ્રતિબિંબ તથા અકસે મુહમ્મદી છે. આ કાયદા બાબતે ઘણી દલીલો કુર્આન તથા હદીષો તથા અકવાલે ઉલમા (ઉલમાના કથનો)થી રજૂ કરી શકાય છે. પરંતુ જ્યારે કે વિરોધીઓ એ વાતને તો માને છે જેથી એના પર અધિક ભાર મૂકવાની જરૂરત નથી.

તો પ્રથમ કાયદો એ સિધ્ધ (સાબિત) થયેલો છે કે કમાલનો ગુણ કોઈ મખ્લૂકને મળ્યો તો તે અલા વજહેહિલ્ કમાલ હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને અતા થયો અને દરેક જગાએ હાઝિરો નાઝિર હોવું તો ઘણી બધી મખ્લૂકને અતા કરવામાં આવ્યું. જેથી માનવું પડશે કે આ સિફત (ગુણ) પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અતા થઈ.

હવે અમે જણાવીએ છીએ કે હાઝિરો નાઝિર હોવું કઈ કઈ મખ્લૂકને અતા થયું. અમે આ હાઝિરો નાઝિરની પ્રાસ્તાવિક ચર્ચામાં રજૂ કરી આપ્યું કે હાઝિરો નાઝિર હોવાના ત્રણ અર્થો છે : એક જગાએ રહીને આખા વિશ્વને હાથની હથેળીની જેમ જોવું, એક પળમાં વિશ્વની સૈર કરી લેવી અને સેંકડો કોસો દૂરી પર કોઈની મદદ કરી દેવી, આ શરીર તથા મિષાલી શરીરનું વિવિધ ઠેકાણે મૌજૂદ હોવું, આ સિફતો ઘણી મખ્લૂકને મળી છે.

(૦૧) રૂહુલ બયાન, ખાઝિન તથા તફસીરે કબીર વગેરેમાં તફસીરોમાં પારા–૭ સૂરએ અન્આમ, આયત–૬૧ حَتّٰٓى اِذَا جَآءَ اَحَدَكُمُ الْمَوْتُ تَوَفَّتْهُ رُسُلُنَا હેઠળ છે, "મલકુલ મૌત (રૂહ ખેંચનાર ફરિશ્તા) માટે આખી જમીન એક થાળી જેમ કરી દેવામાં આવી છે કે જ્યાંથી ચાહે લઈ લે."

એ જ રૂહુલ બયાનમાં એ જ જગાએ છે, "મલકુલ મૌતને રૂહો ખેંચવામાં કોઈ તકલીફ નથી ભલે રૂહો વધારે હોય અને વિવિધ ઠેકાણે હોય."

મિશ્કાત બાબે ફઝૂલુલ્ અઝાનમાં છે કે જ્યારે અઝાન તથા તકબીર થાય છે તો શૈતાન ૩૬ માઈલ દૂર ભાગી જાય છે, પછી જેવી તે ખત્મ થાય છે તેવો જ હાજર થઈ જાય છે, આ જહન્નમીની રફતારનો આ આલમ છે !

જ્યારે આપણે સૂઈ જઈએ છીએ ત્યારે આપણી એક રૂહ શરીરેથી નીકળીને વિશ્વમાં સૈર કરે છે જેને "રૂહે સૈરાની" (રૂહની સૈર) કહે છે,

જેની સાબિતી કુર્આને પાકમાં છે : يُمْسِكُ اُخْرٰى

અને જ્યાં કોઈએ શરીર પાસે આવીને તેને ઉઠાડયો તેવી જ રૂહ જે હમણા મક્કા મોઅઝ્ઝમા કે મદીના પાકમાં હતી તે ક્ષણ ભરમાં શરીરમાં આવીને પ્રવેશી ગઈ અને માણસ જાગૃત થઈ ગયો.

રૂહુલ બયાનમાં وَهُوَ الَّذِىْ يَتَوَفّٰكُمْ بِالَّيْلِ (સૂરએ અનામ, આયત–૬૦) હેઠળ છે, "જ્યારે માણસ ઊંઘમાંથી જાગે છે તો રૂહ શરીરમાં એક પળથી પણ કમ સમયમાં પાછી આવી જાય છે."

આપણી નજરનું નૂર (દ્રષ્ટિ) ક્ષણભરમાં આસ્માનો પર જઈને જમીન પર આવી જાય છે, આપણો ખયાલ પળ ઝપકમાં વિશ્વની સૈર કરી લે છે, વીજળી, તાર, ટેલીફોન અને લાઉડ સ્પીકરની શકિતનો એ આલમ છે કે અડધી સેકંડમાં જમીનના અંતરને પાર કરી નાખે છે. હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم ની રફતારનો એ આલમ છે કે હઝરત યૂસુફ عليه الصلوٰة والتسليم જ્યારે અડધા કૂવાથી નીચે

ચાલ્યા અને હઝરત જિબ્રઈલ સિદરાથી નીકળ્યા અને હજુ હઝરત યૂસુફ કૂવાના તળિયે પહોંચ્યા ન હતા એટલામાં જિબ્રઈલ સિદરાથી ત્યાં પહોંચી ગયા. જુઓ તફસીરે રૂહુલ બયાનમાં સૂરએ યૂસુફ, આયત–૧૦ وَاَلْقُوْهُ فِيْ غَيٰبَتِ الْجُبِّ હેઠળ.

હઝરત ખલીલે હઝરત ઈસ્માઈલના ગળા પર છરી ચલાવી હજી છરી ગતિમાં ન આવી એટલી વારમાં હઝરત જિબ્રઈલ સિદરાથી ઘેટા સાથે ખલીલુલ્લાહની ખિદમતમાં હાજર થઈ ગયા. હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم ના વઝીર આસિફ ઈબ્ને બરખિયાએ એક પળ ઝપકતાં પહેલાં બિલ્કિસના તખ્તને યમનથી લાવીને શામમાં હઝરત સુલૈમાનની ખિદમતમાં હાજર કરી દીધું. જેની સાબિતી કુર્આનમાં છે : اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ يَّرْتَدَّ اِلَيْكَ طَرْفُكَ ؕ

(સૂરએ નમ્લ, આયત નં.૪૦)

જાણવા મળ્યું કે હઝરત આસિફને એ પણ ખબર હતી કે તખ્ત કયાં છે. વિચાર કરો કે પળવારની અંદર યમન પણ આવી ગયા અને આટલુ ભારે વજનદાર તખ્ત (સિંહાસન) લઈને પાછા પણ આવી ગયા. રહી એ વાત કે હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم માં તખ્ત લાવવાની શકિત હતી કે નહીં ? તેને અમે આ ચર્ચાના બીજા પ્રકરણમાં વર્ણવીશું, ઈન્શાઅલ્લાહ.

મેઅરાજમાં સર્વ અંબિયાએ બૈતુલ મુકદ્દસમાં હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم ની પાછળ નમાઝ અદા કરી, હુઝૂર બુર્રાક પર તશરીફ લઈ ગયા અને બુર્રાકની રફતાર (ગતિ)ની એ હાલત હતી કે નજર પહોંચે ત્યાં સુધી તેનો એક કદમ પડતો હતો. પણ અંબિયાની રફતારનો એ આલમ કે હમણાં બયૂતુલ મુકદ્દસમાં મુકતદી હતા અને અત્યારે તો વિવિધ આસ્માનો પર પહોંચી ગયા. હુઝૂર ફર્માવે છે કે અમે ફલાણા આસ્માન પર ફલાણા પૈગંબરથી મુલાકાત કરી. જેના પરથી જાણવા મળ્યું કે બુર્રાકની વીજળીક ગતિ મધ્યમ હતી કેમ કે દુલ્હો ઘોડા પર સવાર થઈને મધ્યમ ગતિ એ જ જતો હોય છે, અને અન્ય અંબિયાએ ખિદમતમાં હાજર રહેવાનો સમય હતો. હમણા બયૂતુલ મુકદ્દસમાં અને હમણા આસ્માનો પર !

શયૂખ અબ્દુલહક્ક મોહદ્દિષ દહેલ્વીએ અશિઅતુલ લમ્આતમાં અંતિમ બાબ (પ્રકરણ) 'ઝિયારતુલ કુબૂર' માં ફર્માવ્યું છે કે, "દર જુમેરાતે મુડદાંની રૂહો પોતાનાં સગાં વહાલાંને ત્યાં જઈને તેમનાથી ઈસાલે સવાબની તમન્ના કરે છે." હવે જો કોઈ મૈયતનાં સગાં કુટુંબીઓ અન્ય દેશોમાં પણ રહેતાં હોય તો ત્યાં પણ પહોંચી જશે.

આપણી આ ચર્ચાથી સારી પેઠે જાણવા મળ્યું કે આખા વિશ્વ પર નજર રાખવી, દરેક ઠેકાણે પળ ઝપકમાં પહોંચી જવું, એક જ સમયે અનેક ઠેકાણે હાજર હોવું, આ તે ખૂબીઓ છે જે ખુદાએ પોતાના બંદાઓને અતા ફર્માવી છે.

આ પરથી બે વાતો સમજમાં આવે છે. **એક** તો એ કે કોઈ બંદાને દરેક જગાએ હાઝિરો નાઝિર માનવું શિર્ક નથી. કેમ કે શિર્ક કહે છે ખુદાની જાત તથા સિફતોમાં કોઈ અન્યને શરીક માનવું, તો અહીં એવું નથી. **બીજુ** એ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખાદિમોમાં દરેક જગાએ રહેવાની શકિત છે તો પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માં એથીયે વિશેષપણે આ સિફત (ગુણ) છે.

(૦૨) દુનિયામાં દાણા પાણી દરેક જગાએ મૌજૂદ નથી બલ્કે ખાસ ખાસ જગાએ છે. પાણી તો કૂવા, તળાવો, નદીઓ વગેરેમાં છે, અને દાણા ખેતર કે ઘરો વગેરેમાં છે. પણ હવા તથા તડકો વિશ્વના ખૂણે ખૂણે છે કે ફિલોસોફર (તત્વચિંતકો)ની નજીક શૂન્યવકાશ અશકય છે. દરેક ઠેકાણે હવા છે એટલા માટે કે હવા તથા પ્રકાશની દરેક વખતે દરેક ચીજને જરૂરત છે અને હબીબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની દરેક મખ્લૂકને દરેક સમયે જરૂરત છે. જેમ કે રૂહુલ્ બયાન વગેરેના હવાલાથી સાબિત કરી ચૂકયા, જેથી અનિવાર્ય છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દરેક જગ્યાએ જલ્વાગરી થાય.

(૦૩) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તમામ આલમની અસ્લ છે. وَكُلُّ الْخَلْقِ مِنْ نُوْرِیْ *(સૂરએ હજ્જ, આયત નં.-૧૭)* અને અસ્લનું પોતાની શાખમાં, એકનું સર્વ ભાગોમાં રહેવું જરૂરી છે.

હર એક ઉન્સે હૈ વો હર એકમેં હૈં, વો હૈં એક ઈલ્મ હિસાબ કે
બને દો જહાંકી વોહી બિના, વો નહીં જો ઉન્સે બના નહીં

હાઝિરો નાઝિરના મસ્અલા પર વાંધાઓના જવાબો

(૦૧) દરેક જગાએ હાઝિરો નાઝિર હોવું એ ખુદાની સિફત છે :– عَلٰى كُلِّ شَىْءٍ شَهِيْدٌ ۝ بِكُلِّ شَىْءٍ مُّحِيْط જેથી ગૈરમાં આ સિફત માનવુ એ અલ્લાહની સિફતોમાં શિર્ક કરવું છે.

જવાબ :– દરેક જગાએ હાઝિરો નાઝિર હોવું એ ખુદાની સિફત હરગિઝ નથી. ખુદાપાક એ જગા તથા મકાનથી પાક છે. કુતુબે અકાઈદમાં છે, "ખુદા પર ન સમય ગુઝરે કેમ કે જમાનો નીચલી દુનિયા પર જમીનમાં રહીને ગુજરે છે, તેમની ઉમર હોય છે. ચાંદ, સૂરજ, તારા, હૂરો, ગિલમાન, ફરિશતા બલ્કે આસ્માન પર ઈસા عليه الصلوٰة والتسليم, મેઅરાજમાં હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم જમાનાથી અલિપ્ત છે. અને ન તો કોઈ જગા ખુદાને ઘેરશે. ખુદા તઆલા હાજર છે પણ વિના જગાએ. એટલા માટે ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ *(સૂરએ અન્આમ, આયત–નં. ૫૪)* ને મુતશાબેહાતમાંથી માનવામાં આવેલ છે અને بِكُلِّ شَىْءٍ مُّحِيْط વગેરે આયતોમાં મુફસ્સિરો ફર્માવે છે, "અલ્લાહનો ઈલ્મ તથા તેની કુદરતે આલમને ઘેરેલ છે.

વહી લામકાંકે મકીં હુએ, સરે અર્શ તખ્તનશીં હુએ
વો નબી હૈં જિન્કે હૈં યે મકાં, વો ખુદા હૈ જિસ્કા મકાં નહીં

ખુદાને જગામાં માનવું બેદીની છે. દરેક જગામાં હોવું એ તો રસૂલે ખુદાની જ શાન છે. અને જો માની પણ લેવામાં આવે તો પણ હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم ની આ સિફત અતાઈ (ખુદાઈ તરફથી મળેલી), હાદિષ (ઉદ્ભવ પામેલી) મખ્લૂક, અલ્લાહના તાબા હેઠળની છે, અને ખુદાની આ સિફત ઝાતી (કોઈની અતા

કરેલી નહીં) કદીમ (હમેશાંથી) અને ગૈર મખ્લૂક છે, કોઈના તાબા હેઠળ નથી. આટલા તફાવતો હોવા છતાં શિર્ક કેવું ?

ફતાવાએ રશીદિયહ્, ભાગ–૧, કિતાબુલ્ બિદ્આત, પેજ–૯૧માં છે : ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મૌલૂદમાં હાજર જાણવું પણ ગૈર સાબિત છે. જો અલ્લાહના અતા કરવાથી માને છે તો શિર્ક નથી, નહીં તો શિર્ક છે."

આ જ લખાણ 'બરાહીને કાતિઅહ, પેજ–૨૩માં છે : દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ રજીસ્ટર્ડ કરી આપ્યું કે, "ગૈરે ખુદાને દરેક જગાએ હાઝિરો નાઝિર માનવું એ અલ્લાહની અતાથી શિર્ક નથી." જો કોઈ કહે કે, "એનાથી તો લાઝિમ થાય છે કે ખાલિકિયત, વજૂબ, કદીમ હોવું વગેરે અન્ય અલ્લાહની સિફતો પણ પૈગંબરો માટે અતાઈ (અર્પિત) માની લો ! અને હુઝૂરને ખાલિક, વાજિબ, કદીમ કહ્યા કરો !" તો એનો જવાબ એ છે કે ચાર સિફતો અતા કરવાને કાબિલ નથી, કેમ કે એના પર ઉલૂહિયતનો આધાર છે : વજૂબ, કદીમ, ખાલિક, ન મરવું. બાકી અન્ય સિફતોની તજલ્લી મખ્લૂકાતમાં પણ હોય શકે છે. જેમ કે શ્રવણ શકિત, દ્રષ્ટિ શકિત, જીવંત હોવું વગેરે, પણ એમાં ઘણો ફરક છે કે રબની આ સિફતો ઝાતી, વાજિબ નષ્ટ ન થનારી છે, જ્યારે મખ્લૂકની સિફતો અતાઈ, મુમ્કિન, ફાની.

જો હોતી ખુદાઈ ભી દેનેકે કાબિલ
ખુદા બનકે આતા વો બંદા ખુદાકા

(૦૨) કુર્આને કરીમે ફર્માવ્યું : وَمَا كُنْتَ لَدَيْهِمْ اِذْ يُلْقُوْنَ اَقْلَامَهُمْ "આપ તેમની પાસે ન હતા જ્યારે કે તે લોકો પોત પોતાનાં કલમ પાણીમાં નાખી રહ્યા હતા." *(સૂરએ આલે ઈમરાન, આયત નં.–૪૪)*

હઝરત મરયમને હાંસલ કરવાને માટે :–

وَمَا كُنْتَ لَدَيْهِمْ اِذْ اَجْمَعُوْٓا اَمْرَهُمْ "આપ તેમની પાસે ન હતા જ્યારે કે તેમણે પોતાના મામલામાં ઈત્તેફાક કર્યો." *(સૂરએ યૂસુફ, આયત નં.–૨)*

وَمَا كُنْتَ بِجَانِبِ الْغَرْبِيِّ اِذْ قَضَيْنَآ اِلٰى مُوْسَى "તમે પશ્ચિમી છેડામાં ન હતા

જ્યારે કે અમે હઝરત મૂસાની તરફ મોકલ્યા." *(સૂ. ક़સસ, આયત નં.–૪૪)*

وَمَا كُنْتَ بِجَانِبِ الطُّوْرِ اِذْ نَادَيْنَا "આપ તૂરના તરફ ન હતા જ્યારે કે અમે હઝરત મૂસાને અવાજ આપ્યો." *(સૂ. ક્સસ–૪૬)*

આ આયતોથી જાણવા મળ્યું કે ભૂતકાળમાં આ જે વર્ણન કરેલા પ્રસંગો બન્યા તે વખતે આપ ત્યાં મૌજૂદ ન હતા. તો સાફ જાહેર થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક જગાએ હાઝિરો નાઝિર નથી.

જવાબ :– આ પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત થયો કે વાંધો ઉઠાવનારને હાઝિરો નાઝિરનો અર્થ જ ખબર નથી. અમે અગાઉ જણાવી ચૂકયા કે હાઝિરો નાઝિરની ત્રણ સ્થિતિઓ છે. એક જગાએ રહીને આખા વિશ્વને જોવું, ક્ષણવારમાં આખા વિશ્વની સૈર કરી લેવી, એક જ સમયમાં કેટલીયે જગાએ હોવું, આ આયતોમાં ફર્માવવામાં આવ્યું છે કે, આપ આ શરીર સાથે ત્યાં હાજર ન હતા. એમાં એવું કયાં આવ્યું છે કે આપ પ્રસંગને જોઈ પણ રહ્યા ન હતા ! આ શરીર સાથે ત્યાં હાજર ન હોવું એ અલગ ચીજ છે અને તે પ્રસંગોને જોવા એ અલગ છે. બલ્કે ઉપરોકત આયતોનો મતલબ જ એ છે કે હે મેહબૂબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ ત્યાં આ શરીર સાથે હાજર ન હતા પરંતું છતાં આપને આ પ્રસંગોનો ઈલ્મ તથા મુશાહેદો છે. જેનાથી જાણવા મળ્યું કે આપ સાચા નબી છો. આ આયતો તો હુઝૂરનું હાઝિરો નાઝિર હોવું સાબિત કરી રહી છે.

તફ્સીરે સાવી وَمَا كُنْتَ بِجَانِبِ الطُّوْرِ માં ની તફસીરમાં છે, "એવું ફર્માવ્યું કે આપ મૂસા عليہ الصلوٰۃ والتسليم ના એ બનાવના સ્થળે ન હતા, એ શરીરના હિસાબે છે. રૂહાની આલમની હૈસિયતથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક રસૂલની રિસાલત અને આદમ عليہ الصلوٰۃ والتسليم થી લઈને આપના જિસ્માની ઝહૂર સુધીના તમામ પ્રસંગોએ હાજર છે.

તેમજ હિજરતના દિવસે હઝરત સિદ્દીકે અકબર સાથે ગારે ષૌરમાં હાજર છે. એવામાં મક્કાના કાફિરો ગુફાના દ્વારે આવી પહોંચે છે, જેથી હઝરત સિદ્દીકે અકબર પરેશાન થયા, તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **"ગમ ન કર ! અલ્લાહ આપણી સાથે છે."** તો શું એનો મતલબ એ કે અલ્લાહ આપણી

સાથે તો છે પણ તે કાફિરો સાથે નથી ?! જેથી ખુદા દરેક જગાએ નથી ! કેમ કે કાફિરો પણ આલમમાં છે.

તેમજ ગઝવએ ઓહદથી પરવારીને કાફિરોને સંબોધ્યું કે, "અમારો મૌલા છે, તમારો મૌલા કોઈ નથી." જેનાથી જણાયું કે અલ્લાહની સલ્તનત તથા હુકૂમત કેવળ મુસલમાનો પર તો છે કાફિરો પર નથી !

તો જેવી રીતે આ બંને કલામોમાં તાવીલ કરશો તો જણાશે કે પ્રથમ કલામથી મુરાદ એ છે કે, રહમો કરમની સાથે અલ્લાહ આપણી સાથે છે અને જબ્રો કહરની સાથે કાફિરોની સાથે. અને બીજા કલામમાં મુરાદ છે કે મદદગાર વાલી અમારો છે, તમારો વાલી તો છે પણ નાસિર (મદદગાર) તથા મહેરબાન નથી.

એ જ પ્રમાણે એ (આગલી વાંધો ઉઠાવનારે દર્શાવેલી) આયતો વિશે પણ કહેવામાં આવશે કે જાહેરી રીતે આ શરીર સાથે આપ તે વખતે તેમની પાસે ન હતા.

(૦૩) કુર્આન ફર્માવે છે :–

وَ مِنۡ اَهۡلِ الۡمَدِيۡنَةِ ؕ مَرَدُوۡا عَلَى النِّفَاقِ ۟ لَا تَعۡلَمُهُمۡ ؕ

"અને કેટલાક મદીનાવાળાઓ, તેમની આદત થઈ ગઈ છે નિફાક પર, તેમને તમે નથી જાણતા અમે જાણીએ છીએ." *(સૂરએ તૌબા, આયત નં.–૧૦૧)*

એનાથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક જગાએ હાજર નથી, નહીં તો આપને મુનાફિકોના આંત્રિક ભેદોની પણ ખબર હોત, જો કે આપ એનાથી અજાણ હતા !

જવાબ :– એનો સવિસ્તાર જવાબ અમે 'ઈલ્મે ગયબ'ની ચર્ચામાં આજ આયત હેઠળ લંબાણ પૂર્વક આપી ચૂકયા છીએ.

(૦૪) બુખારી કિતાબુત્તફસીરમાં છે કે ઝૈદ ઈબ્ને અકરમે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયની શિકાયત કરી કે તે લોકોને કહે છે કે મુસલમાનોને કાંઈ ખર્ચ ન આપો. અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયે બારગાહે આલીમાં આવીને જૂઠી કસમ ખાધી કે મેં એવું નથી કહ્યું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક જગાએ હાઝિરો નાઝિર છે તો

ઈબ્ને ઉબયને ખોટુ સમર્થન શા માટે કરત ?! જ્યારે આયતે કરીમાએ નાઝિલ થઈને ઝૈદ ઈબ્ને અકરમનું સમર્થન કર્યું તો એ સાચા ઠર્યા.

જવાબ :– અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયનું સમર્થન કરી આપવાથી લાઝિમ નથી થતું કે આપને અસલ બનાવની ખબર પણ ન હતી. શરીઅતની રૂએ મુકદ્દમા (કેસ) માં જરૂરી છે કે કયાં તો દાવેદાર ગવાહી પેશ કરે અથવા તો જેના પર દાવો થયો તે કસમ ખાઈને મુકદ્દમો જીતી લેશે, કેમ કે કાઝીનો ફૈંસલો મુદ્દઈ (દાવો કરનાર)ની ગવાહી અથવા જેના પર દાવો થોપાયો તેના પર થાય છે, નહીં કે કાઝીના ખુદના ઈલ્મ પર. ઝૈદ ઈબ્ને અકરમ رضی اللہ عنہ મુદ્દઈ (દાવેદાર) હતા કે ઈબ્ને ઉબયે તૌહીન કરી, જ્યારે ઈબ્ને ઉબય ના પાડતો હતો. પણ હઝરત ઝૈદની પાસે ગવાહી ન હતી, જેથી અબ્દુલ્લાહની કસમ પર ફૈંસલો કરી આપ્યો, પછી જ્યારે કુર્આને ઝૈદની ગવાહી આપી ત્યારે એ ગવાહીથી તેમનું સમર્થન થયું.

કિયામતમાં પાછલા કાફિરો અંબિયાની તબ્લીગનો ઈન્કાર કરશે. અને અંબિયા (તબ્લીગ કર્યાનો) દાવો કરશે. રબ્બુલ આલમીન ઉમ્મતે મુસ્તફા عليہ الصلوٰۃ والتسليم થી અંબિયાના હક્કમાં ગવાહી લઈને અંબિયાની તસ્દીક (સમર્થન) ફર્માવશે. એ જ પ્રમાણે કાફિરો અર્ઝ કરશે, ખુદાની કસમ ! અમે મુશ્રિક ન હતા ? ત્યારે તેમના આમાલનામાં અને ફરિશ્તા બલ્કે ખુદ તેમના અંગોથી ગવાહી લઈને તેમની વિરૂધ્ધ ફૈંસલો થશે. તો શું રબતઆલાને પણ મૂળ બનાવની ખબર ન હતી ? જરૂર હતી ! પણ એ કાનૂનની પાબંદી છે. ''કઝ્ઝબની''નો અર્થ છે કે મારી વાત ન માની, એ અર્થ નથી કે મને જૂઠો કહ્યો, કેમ કે જૂઠો ફાસિક હોય છે અને તમામ સહાબીઓ આદિલ છે અને કોઈ મુસલમાનને વિના દલીલે ફાસિક નથી કહી શકતા.

કયારેક દેવબંદી કહે છે કે, શું અંબિયા عَلَيْهِمُ السَّلَامُ ગંદી જગાએ અને દોઝખમાં પણ હાજર છે ? તેમને ત્યાં માનવા બેઅદબી છે. તેનો જવાબ એ છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું દરેક જગાએ હોવું એવું છે જાણે કે સૂરજનાં કિરણો અને આંખોની દ્રષ્ટિ અથવા ફરિશ્તાઓનું દરેક જગાએ હોવું. આ ચીજો દરેક જગાએ

મૌજૂદ છે પણ ગંદકીથી ગંદી નથી થતી. બતાવો ! તમે રબ તઆલાને સર્વ જગાએ હાજર માનો છો કે નહીં ? જો માનો છો તો તેની પણ એ જ રીતે બેઅદબી થવી જોઈએ કે નહીં ? સૂર્યનું નૂર ગંદી જગાએ પડવાથી નાપાક નથી થતું તો હકીકતે મુહમ્મદિયહ્ જેને હક્ક તઆલા નૂર ફર્માવે તેના પર નાપાકીના હુકમો કેમ કરીને લાગુ થશે ?

(૦૫) તિર્મિઝીમાં ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે, "કોઈ શખ્સ અમારાથી કોઈ સહાબીની વાતો ન જણાવે, અમે ચાહીએ છીએ કે તમારી પાસે સાફ દિલે આવ્યા કરીએ."

જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક જગાએ હાજર હોત તો ખબર પહોંચાડવાની શું જરૂરત હતી ? આપને આપોઆપ જ જાણ થઈ જાત.

જવાબ :– અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના ઈલ્મે શહૂદીમાં દરેક સમયે દરેક ચીજ રહે છે, પણ દરેક ચીજ પર દરેક સમયે તવજ્જોહ રહેવી જરૂરી નથી. એના અનુસંધાનમાં અમે 'ઈલ્મે ગયબ'ની ચર્ચામાં હાજી ઈમ્દાદુલ્લાહ સાહબનું લખાણ પેશ કરી ચૂકયા છીએ. હવે હદીષનો મતલબ તદ્દન સ્પષ્ટ થઈ ગયો કે "મને લોકોની વાતો પ્રતિ તવજ્જોહ અપાવીને કોઈના પ્રતિ નારાજ ન બનાવો." એક જગાએ ઈર્શાદ થયો છે, "જ્યાં સુધી હું તમને છોડેલા રાખું, તમે પણ છોડેલા રહો."

(૦૬) બયહકીમાં છે, "જે શખ્સ મારા પર મારી કબ્ર પાસે દુરૂદ મોકલે છે તો તેને હું ખૂદ સાંભળું છું અને જે દૂરથી દુરૂદ મોકલે છે તો તે મને પહોંચાડવામાં આવે છે."

આ પરથી જાણવા મળ્યું કે દૂરનો અવાજ આપના સુધી નથી પહોંચતો, નહીં તો પહોંચાડવામાં આવવાની શું જરૂર ?

જવાબ :– આ હદીષમાં એવું કયાં દર્શાવ્યું છે કે દૂરથી પઢાતુ દુરૂદ હું નથી સાંભળતો ? મતલબ ચોખ્ખો સ્પષ્ટ છે કે નજીકવાળુ દુરૂદ તો કેવળ જાતે સાંભળે છે અને દૂરવાળાનું દુરૂદ સાંભળે પણ છે અને પહોંચાડવામાં પણ આવે છે. અમે હાઝિરો નાઝિરની સાબિતીમાં 'દલાઈલુલ્ ખયરાત'ની રિવાયત

રજૂ કરી ચૂકયા છીએ કે, "મહોબ્બતવાળાઓનું દુરૂદ તો અમે જાતે પોતે સાંભળી લઈએ છીએ અને ગૈર મહોબ્બતવાળાઓનું દુરૂદ મોકલી દેવામાં આવે છે." તો દૂર તથા નજીકનો મતલબ એ કે દિલી દૂરી તથા નજદીકી છે, ન કે અંતરના હિસાબે.

પહોંચાડવામાં આવવાથી એવું લાઝિમ નથી થતું કે આપ તેને સાંભળતા જ નથી. નહીં તો ફરિશ્તાઓ બંદાઓના અમલો બારગાહે ઈલાહીમાં પેશ કરે છે તો શું રબને ખબર નથી ? દુરૂદ પેશ કરવામાં બંદાઓની ઈજ્જત છે કે દુરૂદેપાકની બરકતથી તેમનો એ રૂત્બો થયો કે ગુલામોનું નામ શહેનશાહે અનામની બારગાહમાં આવી ગયું. (صلی اللہ تعالیٰ علیہ وسلم) ફકીહો ફર્માવે છે કે નબીની તૌહીન કરવાવાળાની તૌબા સ્વીકાર્ય નથી. જુઓ શામી, બાબુલ મુર્તદ. કેમ કે આ તૌહીન હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કોમાંથી) છે, તૌબાથી માફ થશે નહીં. જો તૌહીનની હુઝૂરને ખબર ન થતી હોત તો હુકૂકુલ એબાદ કઈ રીતે બની ? ગીબત ત્યારે જ હુકૂકુલ એબાદ બને છે જ્યારે તેની ખબર તેને થઈ જાય જેની ગીબત કરવામાં આવી, નહીં તો હક્ક તઆલાનો હક્ક (હુકૂકુલ્લાહ) રહે છે. જુઓ શરહે ફિકહે અકબર, લેખક–મુલ્લા અલી કારી.

કિતાબ જલાઉન ઈફહામ, લેખક ઈબ્ને કૈયિમ શાર્ગિદ ઈબ્ને તૈમિયહ્, પેજ–૭૩ હદીષ નં. ૧૦૮ માં હદીષ નકલ ફર્માવે છે, કોઈ કયાંયથી દુરૂદ શરીફ પઢે તો મને તેનો અવાજ પહોંચે છે, આ નિયમ દુનિયાથી પર્દો કર્યા બાદ પણ રહેશે.

જલાલુલ્ ઈફ્હામ મતબૂઆ ઈદારા તબાઅતુલ મુનીર, પેજ–૭૩, અનીસુલ જલીસ, લેખક મૌલાના જલાલુદ્દીન સિયૂતી, પેજ–૨૨૨ માં છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, દર જુમ્આ તથા પીરના દિવસે મારા પર અધિક પ્રમાણમાં દુરૂદ પઢો મારા પર્દો ફર્માવ્યા બાદ, કેમ કે હું તમારું દુરૂદ ડાયરેકટ સાંભળુ છું.

(૦૭) ફતાવાએ બઝ્ઝાઝિયહ્માં છે, જે કહે કે મશાઈખની રૂહો હાજર છે, જાણે છે તે કાફિર છે.

(૦૮) શાહ અબ્દુલ અઝીઝ સાહબ તફસીરે ફત્હુલ અઝીઝ, પેજ–૫૫ માં ફર્માવે છે કે, અંબિયા તથા મુરસલીનના માટે ખુદાઈ સિફતો જેમ કે ગયબનો ઈલ્મ અને દરેક જગાએથી દરેક શખ્સની ફરિયાદ સાંભળવી અને તમામ મુમ્કિનાત પર કુદરત સાબિત કરે છે.

એનાથી જાણવા મળ્યું કે ઈલ્મે ગયબ અને દરેક જગાએ હાઝિરો નાઝિર હોવું એ ખુદાની સિફત છે, કોઈ અન્યમાં માનવું સ્પષ્ટ કુફ્ર છે. બઝ્ઝાઝિયહ્માં ફિકહની મોઅ્તબર કિતાબ છે તે કુફ્રનો હુકમ આપી રહી છે.

જવાબ :– ફતાવાએ બઝ્ઝાઝિયહ્ના જાહેરી લખાણની પકડમાં તો વિરોધીઓ પણ આવે છે. પ્રથમ તો એટલા માટે કે અમે 'ઈમ્દાદુસ્સુલૂક', લેખક– મોલવી રશીદ અહમદ ગંગોહીનું લખાણ રજૂ કરી ચૂકયા છીએ જેમાં તેમણે ખૂબ જ સિફતપૂર્વક શૈખની રૂહને મુરીદોની પાસે હાજર જાણવાની તાલીમ આપી છે. બીજું એટલા માટે કે બઝ્ઝાઝિયહ્ના લખાણમાં એ સ્પષ્ટતા નથી કે કઈ જગાએ મશાઈખની રૂહને હાજર જાણે, દરેક જગાએ કે અમુક જગાએ. આ પ્રમાણેના હુકમ હેઠળ તો જણાય છે કે જો કોઈ મશાઈખની રૂહને એક સ્થળે પણ હાજર જાણે અથવા એક વાતનો પણ ઈલ્મ માને તો કાફિર છે. હવે વિરોધીઓ પણ મશાઈખની રૂહોને તેમની કબરો અથવા બરઝખ, ઈલ્લિયીન વગેરે જ્યાં તે રહે છે ત્યાં તો હાજર માનશે જ. બસ ! કયાંય પણ માન્યું તો કુફ્ર થયું ! **ત્રીજું** એટલા માટે કે અમે આ હાઝિરો નાઝિરની ચર્ચામાં ''શામી'નું લખાણ રજૂ કરી ચૂકયા છીએ કે, ''હે હાઝિર ! હે નાઝિર ! કહેવુ કુફ્ર નથી.'' ચોથું એ કે અમે 'અશિઅતુલ્ લમ્આત' તથા 'અહ્ઉયાલ્ ઉલૂમ' બલ્કે નવાબ સિદ્દીક હસનખાં ભોપાલી વહાબીનું લખાણ રજૂ કરી ચૂકયા છીએ જેમાં તે ફર્માવે છે કે નમાઝી પોતાના દિલમાં હુઝૂર ﷺ ને હાજર જાણીને **અસ્સલામુ અલૈક ઐયુહન્નબી** કહે. હવે આ સર્વે ફકીહો પર બઝ્ઝાઝિયહ્નો ફત્વો લાગુ પડશે કે નહીં ?! જેથી માનવુ પડશે કે બઝ્ઝાઝિયહ્માં જે હાઝિરો નાઝિર માનવાને કુફ્ર દર્શાવવામાં આવી રહયું છે તે એ હાઝિરો નાઝિર થવું છે જે અલ્લાહની સિફત છે, એટલે કે ઝાતી, કદીમ, વાજિબ કોઈ સ્થળે હોવા વગર, કે આવું હાજર હોવું રબની સિફત છે. તે દરેક

જગાએ છે પણ કોઈ સ્થળે નથી. પ્રથમ સવાલના જવાબમાં અમે ફતાવાએ રશીદિયહ્, ભાગ–૧, કિતાબુલ બિદઆત, પેજ–૯૧ ની ઈબારત (લખાણ) અને બરાહીને કાતિઅહ્, પેજ–૨૩ ની ઈબારત નકલ કરી ચૂકયા છીએ જેનાથી સાબિત થયું કે મોલ્વી રશીદ અહમદ તથા ખલીલ અહમદ અંબેઠવી પણ આ ફત્વા સાથે સહમત છે.

શાહ અબ્દુલ અઝીઝ સાહબનું લખાણ એકદમ સ્પષ્ટ છે કે મશાઈખ તથા અંબિયાની કુદરત (શકિત) તમામ મકદુરાતે ઈલાહિયહ્ પર અલ્લાહની જેમ માનવું કુફ્ર છે. નહીં તો ખુદ શાહ અબ્દુલ અઝીઝ સાહબ **વયકૂનર્રસૂલુ અલૈકુમ શહીદા**ના હેઠળ હુઝૂર ﷺ ને હાઝિરો નાઝિર માને છે. એમનાં લખાણો અમે આ જ આયતની ચર્ચા હેઠળ લખી ચૂકયા છીએ.

(૮) કેટલાક વિરોધીઓ જ્યારે કોઈ ચારો નથી રહેતો ત્યારે કહી દે છે કે અમે ઈબ્લીસમાં દરેક જગાએ પહોંચી જવાની તાકાત માનીએ છીએ. એ જ પ્રમાણે આસિફ ઈબ્ને બરખિયા અને મલકુલ મૌત અને ફરિશ્તામાં એ શકિત સ્વીકારે છે પણ એ નથી માનતા કે અન્ય મખ્લૂકના કમાલો પૈગંબરોમાં કે હુઝૂરમાં સમાએલા છે.

મોલ્વી કાસિમ નાનોત્વી તહઝીરુન્નાસમાં લખે છે કે, **"રહ્યો અમલ તો એમાં કેટલીકવાર ગૈરનબી પણ નબીથી વધી જાય છે."**

'રૂહુલ મુઝનબીન' માં મોલ્વી હુસેન અહમદ ટાંડવી લખે છે કે, જુઓ બિલ્કીસનો તખ્ત લાવવાની શકિત હઝરત સુલૈમાનમાં ન હતી પણ આસિફમાં હતી, નહીં તો આપ જાતે જ કેમ ન લાવત ! એ જ પ્રમાણે હુદ હુદે કહયું કે, "હે સુલેમાન ! હું તે વાત જાણીને આવ્યું છું જેની તમને ખબર નથી." તેમજ હુદ હુદની આંખ જમીનની અંદરનું પાણી જોઈ લે છે, એટલા માટે તે હઝરત સુલૈમાનની ખિદમતમાં રહેતું હતું કે જંગલમાં જમીનની અંદરનું પાણી બતાવે અને હઝરત સુલૈમાનને એની ખબર ન હતી. જાણવા મળ્યું કે અંબિયાના ઈલ્મ તથા તાકત કરતાં ગૈરનબી બલ્કે જાનવરનો ઈલ્મ તથા શકિત અધિક હોઈ શકે છે.

જવાબ :– ગૈરનબીમાં નબીથી અધિક અથવા અન્ય નબીમાં હુઝૂર ﷺ થી અધિક કમાલ (ખૂબી) માનવી સ્પષ્ટ કુર્આની આયતો તથા સહીહ હદીષો અને ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ છે. ખૂદ વિરોધીઓ પણ એ વાતને સ્વીકારે છે જેમનાં લખાણો અમે રજૂ કરી ચૂકયા છીએ.

આ આઠમો વાંધો ખુદ પોતાના મઝહબને ત્યજવું છે. 'શિફા શરીફ'માં છે કે જો કોઈ કહે કે ફલાણાનો ઈલ્મ હુઝૂર ﷺ થી અધિક છે તે 'કાફિર' છે. કોઈ પણ કમાલમાં કોઈને હુઝૂર ﷺ થી અધિક માનવું 'કુફ્ર' છે. કોઈ ગૈર નબી નબી કરતાં ન તો ઈલ્મમાં વધી શકે છે ન અમલમાં. જો કોઈની ઉમર ૮૦૦ વરસની હોય અને તે આ તમામ મુદ્દતમાં ઈબાદત જ કરે અને કહે કે મારી ઈબાદત તો ૮૦૦ વરસની છે અને હુઝૂર ﷺ ની ઈબાદત કુલ ૨૫ વરસની છે, જેથી ઈબાદતમાં હુઝૂરથી વધી ગયો, તે બેદીન છે. તેમના એક સજદાનો સવાબ છે તે આપણી લાખો વરસની ઈબાદતથીયે કેટલાયે ઘણો વધીને છે. કેવળ એવું થયું કે એની મહેનત અધિક થઈ પણ કુર્બે ઈલાહી, દરજ્જો અને સવાબમાં નબી સાથે તેને કોઈ સંબંધ નથી. નબીની શાન તો ઘણી ઊંચી છે.

મિશ્કાત, ફઝાઈલે સહાબા (પ્રકરણ)માં છે કે, "મારા સહાબીનું થોડાક જવ ખૈરાત કરવું તમારા પહાડ જેટલા સોનાને ખૈરાત કરવા કરતાં અફઝલ છે." બની ઈસ્રાઈલની વ્યકિત શમ્ઉને એક હજાર મહીના એટલે કે ૮૩ વરસ ચાર મહીના સતત ઈબાદત કરી. મુસલમાનોને તેના પર રશ્ક થયો કે અમે એનો દરજ્જો કેમ કરીને પામી શકીએ ! તો આયતે કરીમા **લય્લતુલકદરિ ખૈરુમ્મિન્ અલ્ફિ શહ્ર** "શબે કદર તો હજાર મહીનાઓથી બેહતર છે." એટલે કે હે મુસલમાનો ! તમને અમે એક શબે કદ્ર આપીએ છીએ કે તે રાતમાંની ઈબાદત બની ઈસ્રાઈલની હજાર મહીનાઓની ઈબાદત કરતાં બેહતર છે. તો હુઝૂર ﷺ ની એક એક ઘડી લાખો શબેકદ્રથી અફઝલ છે. મસ્જિદે પાકના એક ખૂણામાં સૈયદુલ અંબિયા આરામ ફર્માવી રહયા છે. ત્યાંની એક રકાત પચાસ હજારના બરાબર સવાબ ધરાવે છે. જેમની નજીકમાં

આપણી ઈબાદત આવી ફુલતી ફુલતી હોય તો તેમની ઈબાદતનો હાલ તો પૂછવો જ શો ?!

એ જ પ્રમાણે એવું કહેવું કે આસિફ ઈબ્ને બરખિયામાં તખ્ત લાવવાની તાકાત હતી, ન કે હઝરત સુલૈમાનમાં ! આ તદ્દન બેહૂદો બકવાસ છે.

કુર્આન ફર્માવે છે :

قَالَ الَّذِیْ عِنْدَهٗ عِلْمٌ مِّنَ الْكِتٰبِ اَنَا اٰتِیْكَ بِهٖ قَبْلَ اَنْ یَّرْتَدَّ اِلَیْكَ طَرْفُكَ ؕ

"તેણે કહ્યું જેને કિતાબનો ઈલ્મ હતો કે હું તે બિલ્કીસના તખ્તને આપની પલક ઝપકતાં પહેલાં ખિદમતમાં હાજર કરી દઈશ." *(સૂરએ નમ્લ, આ. ૪૦)* જણાયું કે આસિફની એ શકિત કિતાબના ઈલ્મના કારણે હતી.

કેટલાક મુફસ્સિરો ફર્માવે છે કે તેમને ઈસ્મે આઝમ આપ્યું હતું જેના થકી તે આ તખ્ત લાવ્યા. તેમને એ ઈલ્મ હઝરત સુલૈમાનની બરકતથી મળ્યો, પછી એવું કેમ કરીને થઈ શકે છે કે એમનામાં એ કુદરત (શકિત) હોય અને તેમના ઉસ્તાદ સુલૈમાન عليه الصلوٰة والتسليم માં ન હોય ? રહયું એ કે આપ જાતે કેમ ન લાવ્યા ? કારણ એકદમ સ્પષ્ટ છે કે કામ કરવું ખાદિમોનું કામ છે ન કે સુલ્તાનોનું, સલ્તનતનો દબદબો ચાહે છે કે ખાદિમોથી કામ લેવામાં આવે, બાદશાહ પોતાના નોકરો પાસે પાણી મંગાવીને પીએ છે તો શું ખુદ તેનામાં પાણી લેવાની શકિત નથી ? રબ્બુલ આલમીન દુનિયાનાં સઘળાં કામો ફરિશ્તાઓ થકી કરાવે છે, વરસાદ વરસાવવો, જીવ કાઢવો, પેટમાં બાળકનું બનાવવું સૌ ફરિશ્તાઓને સુપ્રત થયેલ છે, તો શું ખુદામાં એ શકિત નથી ? શું ફરિશ્તા ખુદાથી અધિક શકિત ધરાવે છે ?!

તફસીરે રૂહુલ બયાનમાં فَصِیَامُ شَهْرَیْنِ مُتَتَابِعَیْنِ પારા–૫, સૂ. નિસાઅ્, આયત નં.–૯૨ હેઠળ ફર્માવે છે કે "હઝરત સુલૈમાનનું આસિફને બિલ્કીસનો તખ્ત લાવવાનો હુકમ આપવું એટલા માટે હતું કે આપે પોતાના દરજાએથી ઉતરવા ન ઈચ્છયું એટલે કે આ કામ ખાદિમોનું છે. એટલા માટે હુદહુદનું કથન કુર્આને નકલ કર્યું કે તેણે કહયું, "હું તે ચીજ જોઈને આવ્યું છું

જેની તમને ખબર નથી.'' કુર્આને કયાં ફર્માવ્યું કે ખરેખર તેમને ખબર ન હતી. હુદહુદ સમજ્યું કે કદાચ એની ખબર હઝરતને નહીં હોય. જેથી તેણે એવું કહયું, એના પરથી સનદ નથી પકડી શકાતી.

તે ઉપરાંત હુદહુદે અરજ કરી કે, ''હું તે વાત જોઈને આવ્યું છું જે આપે નથી જોઈ.'' એટલે કે એ સ્થળ પર આપ શરીર મુબારક સાથે નથી જોવા ગયા, ખબર હોવાનો ઈન્કાર નથી. હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم ને સર્વ કાંઈ ખબર હતી પણ અલ્લાહની મરજી એ હતી કે આટલુ મહાન કામ એક હુદહુદ પક્ષી થકી થાય, જેથી માલૂમ થઈ જાય કે પયગંબરની પાસે બેસનાર જાનવર તે કામ કરી બતાવે છે જે અન્ય માણસોથી નથી થઈ શકતું. જો હઝરત સુલૈમાનને ખબર ન હતી તો આસિફ ઈબ્ને બરખિયા કોઈને સરનામુ પૂછયા વિના યમનના શહેર સબામાં બિલ્કીસના ઘરે કેમ કરીને પહોંચ્યા અને પળવારમાં તખ્ત કેમ કરીને લઈ આવ્યા ? જાણવા મળ્યું કે આખો યમન દેશ હઝરત આસિફના સમક્ષ હતો, તો પછી હઝરત સુલૈમાનથી કેવી રીતે છુપો રહી શકે છે ?

યૂસુફ عليه الصلوٰة والتسليم ને પિતાનો પતો માલૂમ હતો પણ સમયથી પહેલાં પોતાના સમાચાર ન પહોંચાડયા જેથી કરીને દુકાળ પડે અને આપની શાન દુનિયા સમક્ષ જાહેર થાય, પછી પિતાથી મુલાકાત થાય.

તે ઉપરાંત જમીનની નીચેના પાણી વિશે જાણી લેવું એ હુદહુદની ડયૂટી હતી. સુલ્તાનો એ કામોને પોતાની જાતે કરતા ન હતા.

મષ્નવી શરીફમાં એક પ્રસંગ વર્ણન કરવામાં આવ્યો છે કે એકવાર હુઝૂર صلى الله تعالى عليه وسلم વુઝૂ ફર્માવી રહ્યા હતા. આપે મોજાને ઉતારીને મૂકી દીધા. એવામાં એક ચીલે ઝપટીને એક મોજો ઉઠાવી લીધો અને ઉપર લઈ જઈને ઉલ્ટો કરીને ફેંકી દીધો જેમાંથી સાપ નીકળ્યો. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ચીલને પૂછયું કે તેં મારો મોજો કેમ ઉઠાવ્યો ? અર્ઝ કરી કે જ્યારે હું ઉડતી ઉડતી આપના મુબારક સર ઉપર આવી તો આપના માથાથી લઈને આસ્માન સુધી એવું નૂર હતું જેમાં આવતાં મારા પર જમીનના સાતેવ તબકા રોશન થઈ ગયા, એના થકી મેં આપના મોજાઓમાંનો સાપ જોઈ લીધો. જેથી એ ખ્યાલથી ઉઠાવી લીધો કે

કદાચ બેધ્યાનપણે એને પહેરી લો અને આપને તકલીફ પહોંચે.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ એકવાર અર્ઝ કરી કે યા હબીબલ્લાહ! આજે ખૂબ જ વર્ષા થઈ અને આપ કબ્રસ્તાનમાં હતા. આપના કપડાં શા માટે ભીનાં ન થયાં ? ફમાવ્યું કે, આઈશા ! તમે શું ઓઢયું હતું ? જણાવ્યું કે આપનું તેહબંદ ! ફર્માવ્યું, હે મહબૂબા ! એ તેહબંદ શરીફની બરકતથી તમારી આંખોથી ગયબના પર્દા ખુલી ગયા ! એ નૂરની વર્ષા હતી ન કે પાણીની વર્ષા ! એનું વાદળ અને આસ્માન જ જુદુ છે. હે આઈશા ! એ કોઈને નજર નથી આવ્યા કરતું પણ તમે મારા તેહબંદની બરકતથી એને જોઈ લીધું.

હુદ હુદની આંખને એ શકિત ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم ની આગ પર પાણી નાખવાની બરકતથી મળી અને હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم ની સોહબતથી.

(૯) જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હાઝિરો નાઝિર છે તો મદીના પાકમાં હાજર થવાની શું જરૂરત છે ?

જવાબ :– જ્યારે ખુદા દરેક સ્થળે છે તો કા'બા જવાની શું જરૂરત છે ?! અને વળી મેઅરાજમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અર્શ પર જવામાં શો ફાયદો હતો ? જનાબ ! મદીના મુનવ્વરા દારુસ્સલ્તનત (કેપિટલ) છે અને ખાસ તજલ્લીગાહ છે, જેમ કે વીજળી શકિત માટે પાવર હાઉસ, બલ્કે ઔલિયા અલ્લાહની કબરો વિવિધ પાવરોના ઝબુકીયા છે તેની ઝિયારત પણ જરૂરી છે.

وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ سَيِّدِنَا
مُحَمَّدٍ وَّ آلِهٖ وَ اَصْحَابِهٖ اَجْمَعِيْنَ بِرَحْمَتِهٖ وَهُوَ اَرْحَمُ الرَّاحِمِيْنَ۔

હુઝૂરને બશર તથા ભાઈ કહેવા વિશે ચર્ચા

(એમાં એક પ્રસ્તાવના અને બે વિભાગ છે)

(પ્રસ્તાવના....)

★ નબીની વ્યાખ્યા તથા તેમના દરજ્જાઓ ★

અકીદો :– નબી તે પુરૂષ માણસ છે જેમને અલ્લાહે શરીઅતના હુકમોના પ્રચારના માટે મોકલ્યા. *(શરહે અકાઈદ)* જેથી નબી ન તો ગૈર ઈન્સાન (માનવ સિવાયના) હોય અને ન તો સ્ત્રી. કુર્આન ફર્માવે છે :–

وَمَآ اَرْسَلْنَا قَبْلَكَ اِلَّا رِجَالًا نُّوْحِيْٓ اِلَيْهِمْ "અને અમે તમારાથી ન મોકલ્યા તે પુરૂષોને જેમના પર વહી કરતા હતા." *(સૂરએ અંબિયા, આયત નં.૭)* જાણવા મળ્યું કે જિન, ફરિશ્તા, સ્ત્રી વગેરે નબી નથી હોઈ શકતા.

અકીદો :– નબી હમેશાં ઉચ્ચ ખાનદાન અને ઉચ્ચ વંશ (નસબ)માંથી હોય છે અને અતિ ઉમદા અખ્લાક (સંસ્કાર) તેમને અર્પણ થાય છે. ઝલીલ (નીચ) કૌમ અને મામૂલી હરકતોથી મેહફૂઝ હોય છે. *(બહારે શરીઅત)*

બુખારી, ભાગ–૧ ના પ્રારંભમાં છે કે જ્યારે હિરકૂલ બાદશાહની પાસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માને આલી પહોંચ્યું કે, اَسْلِمْ تَسْلَمْ ઈસ્લામ સ્વીકારી લે, સલામત રહીશ. તો હિરકૂલે અબૂ સુફયાનને બોલાવીને હૂઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિશે કેટલાક સવાલો કર્યા. પ્રથમ સવાલ એ હતો કે, كَيْفَ نَسَبُهٗ فِيْكُمْ તમારામાં એમનું ખાનદાન તથા વંશ કેવો છે ? અબૂ સુફયાને કહયું કે, هُوَ فِيْنَا ذُوْ نَسَبٍ અમારામાં અતિ ઉચ્ચ ખાનદાન છે એટલે કુરૈશી, હાશમી તથા મુત્તલબી છે. صلی اللہ تعالیٰ علیہ وسلم એના જવાબમાં હિરકલે કહયું, "હમેશાં અંબિયાએ કિરામ ઉચ્ચ જાતિ તથા ઉચ્ચ ખાનદાનમાં મોકલવામાં આવે છે."

જેનાથી જાળવા મળ્યું કે અંબિયાએ કિરામ ઉચ્ચ ખાનદાનમાં તશરીફ લાવે છે.

ચેતવણી :– કેટલાક લોકો કહે છે કે દરેક જાતિમાં નબી આવ્યા એટલે કે મઆઝલ્લાહ ! ભંગીઓ, ચમારો, હિંદુઓ, બુધ્ધ અને જૈન વગેરેમાં તેમની જ કૌમમાંથી આવ્યા, જેથી લાલગુરૂ, કુષ્ણ, ગૌતમ બુધ્ધ વગેરે નબી હતા, જેથી તેમના માટે બુરું ન કહો ! કુર્આન ફર્માવે છે : لِكُلِّ قَوْمٍ هَادٍ "દરેક કૌમમાં હાદી. (હિદાયત કરનાર) છે."

તેમજ સ્ત્રીઓ પણ નબી થઈ છે કેમ કે હઝરત મૂસાની વાલિદા અને હઝરત મરયમને વહી થઈ, અને જેને વહી થાય છે તે નબી છે.

وَاَوْحَيْنَآ اِلٰٓى اُمِّ مُوْسٰى *(સૂરએ કસસ, આયત નં.૭)* વગેરે જેથી આ સ્ત્રીઓ નબી છે. પણ આ બંને કથનો ગલત છે. પ્રથમ તો એટલા માટે કે આયત પૂરી વર્ણન કરવામાં નથી આવી અને તર્જુમો પણ સહીહ નથી કરવામાં આવ્યો. આયત આ પ્રમાણે છે : اِنَّمَآ اَنْتَ مُنْذِرٌ وَّلِكُلِّ قَوْمٍ هَادٍ "તમે ડર સંભળાવનાર અને દરેક કૌમના હાદી છો." *(સૂરએ રઅદ, આયત નં.૭)* એટલે કે દરેક કૌમના હાદી (હિદાયત કરનાર) હોવું હુઝૂર صلى الله تعالى عليه وسلم ની સિફત છે. અન્ય અંબિયા અમુક ખાસ ખાસ કૌમોના નબી થતા હતા, અને હે મહબૂબ ! તમે તો દરેક કૌમના નબી છો. અને જો માની પણ લેવામાં આવે કે આ આયતનો એ અર્થ છે કે દરેક કૌમના હાદી થયા, તો એવું કયાં છે કે દરેક કૌમમાં તે જ કૌમમાંથી હાદી થાય ? બની શકે છે કે ઉચ્ચ કૌમમાંથી નબી આવે અને અન્ય કૌમો પણ તેમના હેઠળ રહે. હુઝૂર صلى الله تعالى عليه وسلم કુરૈશી છે પણ પઠાણ, શૈખ, સૈયદ, મતલબ કે સર્વ કૌમો બલ્કે આખી મખ્લૂકના નબી છે. તેમજ હાદી આમ (સામાન્ય) છે કે નબી હોય કે ગૈર નબી, તો એ અર્થ પણ થઈ શકે છે કે દરેક કૌમમાં એ કૌમમાંથી અમુક માણસ અમુકના માટે રહબર બને.

બલ્કે મહાદેવ, કૃષ્ણ વગેરેના અસ્તિત્વની પણ શરીઅતની રૂએ સાબિતી નથી. કુર્આન હદીષે તેમની ખબર નથી આપી, કેવળ મૂર્તિપૂજકો દ્વારા આપણને તેમની ખબર પડી. તે પણ એ રીતે કે કોઈના ચાર હાથ, કોઈના છ હાથ, કોઈના મોઢા પર હાથીની જેવી સૂંઢ, કોઈના પાછળના ભાગે વાંદરા જેવી પૂછડી, તેમનાં નામો પણ ઘડી કાઢેલાં અને તેમના ચહેરા પણ.

રબ તઆલાએ અરબના મૂર્તિપૂજકોને ફર્માવ્યું :

اِنْ هِیَ اِلَّاۤ اَسْمَآءٌ سَمَّیْتُمُوْهَاۤ اَنْتُمْ وَ اٰبَآؤُكُمْ "આ તમારાં અને તમારા વડવાઓનાં ઘડેલાં નામો છે." *(સૂરએ નજમ, આયત નં.–૨૩)*

જ્યારે તેમના હોવાનું જ યકીની નથી તો તેમને નબી માની લેવા એ કયાંની અકલમંદી છે ?!

બીજુ કથન એટલા માટે ગલત છે કે હઝરત મૂસા عليه الصلوة والتسليم નાં વાલિદા (માતા)ના દિલમાં ઈલ્કા અથવા ઈલ્હામ (દિલમાં વાત નાખવી) કરવામાં આવ્યું હતું જેને કુર્આને **અવ્હય્ના**થી તાબીર કરી (સરખાવ્યું) વહી ઈલ્હામના અર્થમાં પણ આવે છે. જેમ કે કુર્આનમાં છે وَ اَوْحٰى رَبُّكَ اِلَى النَّحْلِ "આપના રબ્બે મધ માખીના દિલમાં એ વાત નાખી." અહીં વહી (શબ્દ) દિલમાં નાખવાના અર્થમાં છે.

હઝરત મરયમને તે વહી તબ્લીગી ન હતી અને ન તો તેણીને તબ્લીગી હુકમોના માટે મોકલવામાં આવ્યાં.

તે ઉપરાંત ફરિશ્તાઓનું દરેક કલામ (કહેણ) વહી નથી અને દરેક વહી તબ્લીગી નથી. અમુક સહાબાએ ફરિશ્તાઓની વાત સાંભળી છે અને મૃત્યુ વેળા તથા કબર તથા હશ્રમાં સૌ ફરિશ્તાઓથી વાત કરશે, જ્યારે કે સૌ નબી નથી. એની સંપૂર્ણ તેહકીક અમારી કિતાબ "શાને હબીબુર્રહ્માન"માં જુઓ.

અકીદો :– કોઈપણ વ્યકિત પોતાની ઈબાદત કે અમલો વડે નબુવ્વત નથી મેળવી શકતો. નબુવ્વત કેવળ અલ્લાહની અતા છે.

اَللّٰهُ اَعْلَمُ حَیْثُ یَجْعَلُ رِسَالَتَهٗ "અલ્લાહ સારી રીતે જાણે છે કે જ્યાં પોતાની રિસાલત રાખે."

અને ગૈર નબી ભલે ગૌષ હોય કે કુતુબ, અબ્દાલ અથવા અન્ય કાંઈ પણ તે ન તો નબીના સમાન થઈ શકે છે ન તો તેનાથી વધી શકે છે. આટલી થોડીક પ્રાસ્તાવિક વાતો ધ્યાનમાં રાખશો.

(પ્રથમ વિભાગ)

★ નબીને બશર કે ભાઈ કહેવું હરામ ! ★

(સલ્લલ્લાહુ અલૈહિવસલ્લમ)

નબી માનવ જાતિમાંથી આવે છે અને માણસ જ હોય છે, જિન કે ફરિશ્તા નથી હોતા, આ દુનિયાવી એહકામ છે, નહીં તો માનવીની શરૂઆત આદમ عليه الصلوٰة والتسليم થી થઈ. કેમ કે તે જ માનવ પિતા છે અને હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم તે વખતે નબી છે જ્યારે કે હજી આદમ عليه الصلوٰة والتسليم પાણી તથા માટીમાં છે. ખુદ ફર્માવે છે : كُنْتُ نَبِيًّا وَّاٰدَمُ بَيْنَ الْمَآءِ (મુ. હુજૂરાત–૨) તે વખતે હુઝૂર નબી છે બશર નથી. સર્વ કાંઈ સાચુ પરંતુ બશર કે માનવ કહીને પોકારવું અથવા હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم ને હે મુહમ્મદ ! કે હે ઈબ્રાહીમના પિતા ! અથવા હે ભાઈ ! વગેરે બિરાદરીના શબ્દોથી યાદ કરવા **હરામ** છે, અને જો તૌહીનની નિયતથી પોકર્યું તો **કાફિર** છે.

આલમગીરી વગેરે ફિકહની કિતાબોમાં છે કે જે શખ્સ હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم ને હાઝરજુલ "આ પુરૂષ" તૌહનની નિય્યતે પુકારશે તો કાફિર છે, બલ્કે યા રસૂલલ્લાહ ! યા હબીબલ્લાહ ! યા શફીઉલ મુઝનબીન ! વગેરે અઝમતવાળા શબ્દો વડે યાદ કરવા જરૂરી છે. શાયરો જે અશઆરમાં યા મુહમ્મદ ! લખી દે છે એનાથી મુરાદ ઈલ્મી નથી થતા બલ્કે શાબ્દિક અર્થના એતબારથી એ શબ્દ વાપરે છે જેમ કે યા મુસ્તફા ! યા મુજતબા !

એ જ પ્રમાણે જેઓ કહે છે :– "વાહ કયા જુદો કરમ હૈ શહે બતહા તેરા" એમાં "તેરા" શબ્દ અતિશય નાઝપૂર્વક બોલાએલા શબ્દ છે. જેમ કે "અય આકા ! મૈં તેરે કુર્બાન !" અય માં તું કયાં છે ?" "હે અલ્લાહ ! તું અમારા પર રહમ ફર્માવ !" આ "તું" અને "તેરે"ની હૈસિયત કાંઈ ઔર જ છે.

(૧) કુર્આને કરીમ ફર્માવે છે :–

لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا ؕ

وَ لَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَ اَنْتُمْ لَا تَشْعُرُوْنَ ۝

"રસૂલને પુકારવાને આપસમાં એવું ન ઠરાવો જેવું કે તમે એકબીજાને પુકારો છો અને તેમની સમક્ષ ચિલ્લાઈને (જોરથી) વાત ન કહો, જેવી રીતે એકબીજા સમક્ષ ચિલ્લાવો છો કે કયાંક તમારા અમલો બર્બાદ ન થઈ જાય અને તમને ખબર ન હોય."

અમલોની બર્બાદી કુફ્રના કારણે હોય છે. મદારિજુન્નબુવ્વત, ભાગ–૧ માં છે : "નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને તેમનું પાક નામ લઈને ન બોલાવો જેવી રીતે અમુક અમુકને બોલાવે છે બલ્કે આ પ્રમાણે કહો, યા રસૂલલ્લાહ ! યા નબીયલ્લાહ ! ઈજ્જત તથા તાઝીમની સાથે."

તફસીરે રૂહુલ બયાનમાં આ આયત હેઠળ છે કે :–

لَاتَجْعَلُوْا ۔ وَالْمَعْنٰى لَاتَجْعَلُوْا نِدَاءَكُمْ اِيَّاهُ وَتَسْمِيَتَكُمْ لَهٗ كَنِدَاءِ بَعْضِكُمْ بَعْضًا لِاسْمِهٖ مِثْلُ يَامُحَمَّدُ وَيَا اِبْنَ عَبْدِاللّٰهِ وَلٰكِنْ بِلَقَبِهِ الْمُعَظَّمِ مِثْلُ يَا نَبِيَّ اللّٰهِ وَيَا رَسُوْلَ اللّٰهِ كَمَا قَالَ اللّٰهُ تَعَالٰى يَاۤاَيُّهَا النَّبِيُّ يَا اَيُّهَا الرَّسُوْلُ

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પુકારવામાં કે નામ લેવામાં ન એવું ન બનાવો કે જેમ કે કેટલાક લોકો કેટલાકને નામ સાથે પોકારે છે. જેમ કે યા મુહમ્મદા ! અને યા ઈબ્ને અબ્દુલ્લાહ ! વગેરે પરંતુ તેમના મહનતાવાળા લકબો વડે પુકારો જેમ કે યા નબીયલ્લાહ ! યા રસૂલલ્લાહ ! જેમ કે ખુદ રબ તઆલા ફર્માવે છે : યા અય્યુહન્નબીય્યુ ! યા અય્યુહર્રસૂલ !

આ કુર્આની આયતો તથા મુહદ્દિષો તથા મુફસ્સિરોના કથનોથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અદબ દરેક હાલતમાં સાચવી રાખવામાં આવે પુકારવામાં, બોલવામાં, દરેક વર્તનમાં.

(૨) દુનિયવી મહાનતાવાળાઓને પણ તેમનું નામ લઈને નથી બોલવવામાં આવતા. જેમ કે માંને વાલિદા સાહેબ, બાપને વાલિદ માજિદ, ભાઈને ભાઈ સાહબ જેવા લકબો વડે બોલાવવામાં આવે છે. જો કોઈ પોતાની માંને બાપની પત્ની અથવા બાપને માનો પતિ કહે અથવા તેમનું નામ લઈને

બોલાવે અથવા તેમના ભૈયા (ભાઈ) વગેરે કહે તો ભલે વાત સાચી છે પણ છતાં એવું કહેનાર બેઅદબ, ગુસ્તાખ કહેવાશે, કેમ કે બરાબરીના શબ્દો વડે કેમ બોલાવ્યા ? હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો અલ્લાહના મહાન ખલીફા છે તેમને નામ સાથે પોકારવું અથવા ભાઈ વગેરે કહેવું યકીનન હરામ છે. ઘરમાં બહેન, મા પત્ની, પુત્રી સૌ સ્ત્રીઓ જ છે પણ તેમનાં નામ, કામ તથા હુકમો અલગ અલગ છે. જે માંને બીવી અને બીવીને માં કહીને પુકારે તે બેઈમાન છે અને જે તે સર્વેને એક જ નજરે જુએ તે મરદૂદ છે. એ જ પ્રમાણે જે નબીની ઉમ્મત અથવા ઉમ્મતીને નબીની જેમ સમજે તે મલઊન છે. દેવબંદીઓએ નબીને ઉમ્મતીનો દરજ્જો આપ્યો. તેમના પેશવા મોલ્વી ઈસ્માઈલે સૈયદ અહમદ રાય બરેલ્વીને નબીના બરાબર કુર્સી આપી. જુઓ સિરાતે મુસ્તકીમનો ખાત્મો (અંત ભાગ). (મઅઝલ્લાહ !)

(૩) રબ તઆલા જેને કોઈ ખાસ દરજ્જો અતા ફર્માવે તેને સામાન્ય લકબો વડે પોકારવું એ તેના તે મહાન મર્તબાઓનો ઈન્કાર કરવું છે. જો દુનિયવી સલ્તનતની તરફથી કોઈને "નવાબ" અથવા "ખાન બહાદુર"નો ખિતાબ મળે તો તેને માણસ અથવા "માનવ પુત્ર" કે ભાઈ વગેરે કહેવું અને તે માનવાચક લકબો વડે યાદ ન કરવું જુર્મ છે ! તો જે મહાન જાતને રબની તરફથી નબી, રસૂલનો લકબ મળે તેને તે લકબો સિવાય ભાઈ વગેરે કહેવું જુર્મ છે.

(૪) ખુદ પરવર દિગારે આલમે કુર્આને કરીમમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને યા મુહમ્મદા ! યા અય્યુહર્રસૂલ ! યા અય્યુહલ મુઝ્ઝમ્મિલ ! યા અય્યુહલ મુદ્દસ્સિર ! વગેરે પ્યારા લકબો વડે પોકાર્યા, જ્યારે કે તે તો રબ છે ! તો પછી આપણને ગુલામોને શું હક્ક છે કે તેમને બશર અથવા ભાઈ કહીને પુકારીએ ?

(૫) કુર્આને કરીમે મક્કાના કાફિરોનો એ તરીકો બતાવ્યો છે કે તેઓ અંબિયાને બશર (માણસ) કહેતા હતા.

قَالُوْا مَآ اَنْتُمْ اِلَّا بَشَرٌ مِّثْلُنَا "કાફિરો બોલ્યા નથી તમે પણ અમારા જેવા માણસ." *(સૂ. યાસીન–૧૫)*

وَلَئِنْ اَطَعْتُمْ بَشَرًا مِّثْلَكُمْ اِنَّكُمْ اِذًا لَّخٰسِرُوْنَ "જો તમે તમારા જેવા

માણસને પયરવી કરી તો તમે નુકસાનવાળા છો....." *(સૂ.મુઅ્મિનીન–૩૪)* વગેરે વગેરે.

આ પ્રકારની ઘણી આયતો છે. એ જ પ્રમાણે સમાનતા બતાવવી અથવા અંબિયાએ કિરામની શાન ઘટાડવાનો તરીકો ઈબ્લીસનો છે, કેમ કે તેણે કહ્યું : خَلَقْتَنِیْ مِنْ نَّارٍ وَّ خَلَقْتَهٗ مِنْ طِیْنٍ "હે ખુદા ! તેં મને આગથી અને તેમને માટી વડે પેદા કર્યા." (સૂ. સ્વાદ–૭૬) મતલબ કે હું તેમનાથી ઉચ્ચ છું ! એ જ પ્રમાણે એવું કહેવું કે આપણામાં અને પૈગંબરોમાં શું ફર્ક છે ? આપણે પણ માણસ છીએ તે પણ માણસ ! બલ્કે આપણે જીવંત તે મુર્દા ! આ સૌ શૈતાની બોલી છે.

(પ્રથમ વિભાગ)

★ બશરીયતના મસ્અલામાં વાંધાઓના જવાબો ★

(૧) કુર્આન ફર્માવે છે :– قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ "હે મહબૂબ ! ફર્માવી દો કે હું તમારી જેવો માણસ છું." *(સૂ. કહફ–૧૧૦)*

આ કુર્આની આયતથી જાણવા મળ્યું કે હુઝૂર પણ આપણા જેવા બશર (માણસ) છે, જો નથી તો આ આયત મઆઝલ્લાહ જૂઠી પૂરવાર થઈ જશે.

જવાબ :– આ આયતમાં કેટલીક બાબતે વિચાર કરવો જરૂરી છે. એક એ કે ફર્માવવામાં આવ્યું કે, "કુલ" એટલે કે "હે મહબૂબ ! તમે ફર્માવી દો !" તો આ શબ્દો કહેવાની કેવળ હુઝૂર ﷺને જ ઈજાઝત છે કે તમે નમ્રતા તથા ઈન્કેસારીના રૂપે ફર્માવી દો. એવું નથી કે, "લોકો ! તમે કહ્યા કરો કે હુઝૂર ﷺ આપણા જેવા બશર (માનવ) છે. બલ્કે **કુલ**માં એના પ્રતિ ઈશારો છે કે 'બશર' વગેરે શબ્દો તમે કહી દો અમે કહીશું નહીં ! અમે તો شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِیْرًا وَّ دَاعِیًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَ سِرَاجًا مُّنِیْرًا *(સૂ. અહ્ઝાબ–૪૫, ૪૬)* કહીશું. અમે તો ફર્માવીશું કે, یٰۤاَیُّهَا الْمُزَّمِّلُ یٰۤاَیُّهَا الْمُدَّثِّرُ *(સૂ. મુઝ્ઝમ્મિલ–૧, મુદ્દષ્ષિર–૧)* વગેરે. અમે તો

તમારી શાન વધારીશું. આપ નમ્રતા આજીજીના રૂપે આવું કહી શકો છો. આ આયતમાં કાફિરોને સંબોધન છે. દરેક ચીજ પોતાની અલગ જાતની નફરત કરે છે જેથી ફર્માવવામાં આવ્યું કે, હે કાફિરો ! તમે મારાથી ન ગભરાવ ! હું પણ તમારી માનવ જાતિમાંથી જ છું, એટલે કે માણસ છું.

શિકારી જાનવરો જેવો અવાજ કાઢીને જ શિકાર કરે છે. એનાથી કાફિરોને પોતાના પ્રતિ આકર્ષવાનો હેતુ છે. જો દેવબંદી પણ કાફિરોમાંથી જ છે તો તેમને પણ આ સંબોધન થઈ શકે છે. અમને મુસલમાનોને ફર્માવવામાં આવ્યું, **ઐયુકુમ્ મિષ્લી** "મારા જેવો તમારામાં કોણ છે ?" પોપટ સામે આઈનો ધરીને અને પોતે આઈના પાછળ ઊભા રહીને બોલવામાં આવે છે જેથી પોપટ પોતાનું પ્રતિબિંબ આઈનામાં જોઈને સમજે કે અમારી જાતિનો અવાજ છે. અંબિયાએ કિરામ રબનો આઈનો છે અવાજ તથા જીભ. તેમની હોય છે અને કલામ રબનું હોય છે.

બીજું એ રીતે કે **મિષ્લુકુમ્** પર આયત પૂરી ન થઈ બલ્કે આગળ આવી રહ્યું છે. **ચૂહા ઈલેય**ની કૈદ (શરત) એવી છે જેમ કે આપણે કહીએ કે "ઝયદ" પ્રાણીઓની જેમ પ્રાણી છે પણ "બોલતુ" છે. તો "બોલતો" હોવાની શરતે ઝયદ તો અશરફુલ મખ્લૂકાત (સર્જનોમાં શ્રેષ્ઠ સર્જન) બન્યો. એ જ પ્રમાણે વહીની સિફતે (ગુણે) નબી અને ઉમ્મતીમાં ઘણો જ મહાન ફર્ક જણાવી દીધો. પ્રાણી તથા માનવમાં ફકત એક દરજાનો તફાવત છે પણ બશરીયત (માનવપણુ) અને શાને મુસ્તફવીમાં ૨૭ દરજાનો ફરક છે. પ્રથમ **બશર** પછી **મો'મિન** પછી **શહીદ** પછી **મુત્તકી** પછી **વલી** પછી **અબદાલ** પછી **અવતાદ** પછી **કુતુબ** પછી **ગૌષ** પછી **ગૌષે આ'ઝમ** પછી **તાબઈ** પછી **સહાબી** પછી **મુહાજિર** પછી **અન્સાર** પછી **સિદ્દીક** પછી **નબી** પછી **રહમતુલ્લિલ આલમીન** વગેરે, આ ૨૭ મર્તબાનું સંક્ષિપ્ત વર્ણન છે. વિસ્તારપૂર્વક જોવું હોય તો મારી કિતાબ "શાને હબીબીર્રહમાન"નો અભ્યાસ કરો. તો પછી "સામાન્ય માનવી" અને "મુસ્તફા" ﷺમાં ભાગીદારી કેવી ? આ ભાગીદારી તો એવી પણ નથી જેવી કે ઉચ્ચ જાતિ અથવા જમીનની કોઈ વસ્તુને માણસ સાથે છે.

આ તો એવું થયું કે કોઈ કહે કે, અલ્લાહ આપણી જેમ મૌજૂદ છે, અલ્લાહ આપણી જેમ સાંભળે જુએ છે, કેમ કે મૌજૂદ તથા અલીમ શબ્દ દરેક જગાએ બોલવામાં આવે છે. પણ જેવી રીતે આપણુ મૌજૂદપણુ અને રબના મૌજૂદપણામાં કોઈ નિસ્બત જ નથી. એવી જ રીતે આપણી બશરીયત (માનવપણુ) અને મહબૂબ ﷺની બશરીયતમાં કોઈ નિસ્બત નથી. હુઝૂર ﷺની બશરીયત હજારો જિબ્રઈલી હૈસિયતથીયે ઉચ્ચ છે.

ત્રીજુ એ રીતે કે કુર્આન કરીમમાં છે :–

مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ "રબના નૂરનું દ્રષ્ટાંત એવું છે જેમ કે એક તાક કે જમાં એક ચિરાગ છે." *(સૂ. નૂર–૩૫)*

આ આયતમાં પણ મિષ્લ શબ્દ છે, તો શું કોઈ કહી શકે છે કે ખુદાનું નૂર ચિરાગની જેમ રોશનીવાળુ છે ! એ જ પ્રમાણે કુર્આનમાં છે :–

وَمَا مِنْ دَآبَّةٍ فِى الْاَرْضِ وَلَا طٰٓئِرٍ يَّطِيْرُ بِجَنَاحَيْهِ اِلَّآ اُمَمٌ اَمْثَالُكُمْ

"નથી કોઈ જાનવર જમીનમાં ન કોઈ પક્ષી જે પોતાની પાંખો વડે ઉડતું હોય પણ તમારી જેમ ઉમ્મતો છે." *(સૂ. અન્આમ–૩૮)*

અહીં પણ મિષાલ શબ્દ મૌજૂદ છે તો શું એ કહેવું યોગ્ય થશે કે દરેક માણસ ગધેડા, ઉલ્લુ જેવો છે ?! હરગિઝ નહીં.

ઈન્નમાનો હસ્ર ઈઝાફી છે ન કે હકીકી, એટલે કે હું ન ખુદા છું ન ખુદાનો પુત્ર, બલ્કે તમારી જેમ કેવળ બંદો છું જેમ કે હારૂત તથા મારૂતે કહયું, **ઈન્નમા નહ્નુ ફિત્નતુન્.**

ચોથુ એ રીતે કે વિચારવાથી માલૂમ પડે છે કે હુઝૂર ﷺ ઈમાન, ઈબાદતો, મામલાઓ મતલબ કે કોઈ બાબતમાં આપણા જેવા નથી, દરેક વાતમાં મહાન તફાવત છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કલમો છે. **અના રસૂલુલ્લાહ !** "હું અલ્લાહનો રસૂલ છું !" જો આપણે એવું કહીએ તો કાફિર થઈ જઈએ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ઈમાન જોયેલી ચીજો પર છે કે રબને, જન્નત તથા દોઝખને જોઈ લીધી, જ્યારે આપણુ ઈમાન સાંભળેલું છે. આપણા માટે ઈસ્લામી

અરકાન પાંચ છે, જ્યારે હુઝૂરના માટે ચાર, એટલે કે ઝકાત તેમના પર ફર્ઝ નથી. (જુઓ શામી કિતાબુઝ્ ઝકાતનો પ્રારંભ) આપણા પર પાંચ નમાઝો ફર્ઝ જ્યારે હુઝૂર ﷺ પર છ નમાઝો ફર્ઝ એટલે કે તહજ્જુદ પણ ફર્ઝ. وَمِنَ اللَّيْلِ فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً لَّكَ○ આપણને ચાર પત્નીઓની ઈજાઝત, જ્યારે હુઝૂર ﷺ ના માટે કોઈ પાબંદી નથી, જેટલા પ્રમાણમાં ચાહે.

આપણી પત્નીઓ આપણા મૃત્યુ બાદ અન્ય સાથે નિકાહ કરી શકે છે પણ હુઝૂર ﷺ ની બીવીઓ સૌ મુસલમાનોની માંઓ કોઈની સાથે નિકાહમાં નથી આવી શકતી. આપણા પછી આપણો વારસો વહેંચાય છે પણ હુઝૂરનો વારસો (મીરાષ) વહેંચાશે નહીં. આપણો પેશાબ–પાખાનું નાપાક, હુઝૂર ﷺ ના ફઝુલાત શરીફા ઉમ્મતના માટે પાક. (જુઓ શામી બાબુન્નજાસત) મિર્કાત, બાબે અહકામુલ મિયાહ, ફસ્લ અવ્વલમાં છે :– ومن ثم اختار كثير من اصحابنا طهارة فضلاته, એ જ મિર્કાત, બાબુસ્સિયરના પ્રારંભમાં છે : ولذا احجمه ابو طيبة فشرب دمه

એ જ પ્રમાણે મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, વસ્લે અર્ક શરીફ, પેજ–૨૫ માં છે. આ તો શરઈ હુકમોમાં ફરક બતાવવામાં આવ્યો, નહીં તો લાખો બાબતોમાં મહાન ફર્ક છે. આપણને એ ઝાતે કરીમાથી કોઈ નિસ્બતે સમાનતા નથી. એમ સમજો કે બેમિષ્લ બંદા છે.

બેમિષ્લ હક્ક કે મઝહર હો ફિર મિષ્લ તુમ્હારા કયૂંકર હો
નહીં કોઈ તુમ્હારા હમ રુત્બા નહીં કોઈ તુમ્હારા હમ પાયા

આટલા અંશે મહાન તફાવત હોવા છતાં સમાનતાનો શો અર્થ ? પાચમું એ રીતે કે એ આયતમાં છે **બશરૂમ મિષ્લુકુમ્** એવું નથી કે **ઈન્સાનુમ્ મિષ્લુકુમ્.** બશરનો અર્થ છે જાહેરી ચહેરા મોહરવાળો. **બુશરા** જાહેરી ખાલને કહે છે. તો અર્થ એ થયો કે "હું જાહેરી રંગરૂપમાં તમારા જેવો લાગુ છું." કે શરીરના અંગો દેખાવમાં એક જેવાં લાગે છે પણ હકીકત એ છે **ચૂહા ઈલેય** "અમે વહીવાળા છીએ." આ વાતચીત પણ કેવળ જાહેરી તોર પર છે, નહીં તો આપણા જાહેરી અંગોને હુઝૂર ﷺ ના મુબારક અંગો સાથે કોઈ સંબંધ નથી.

અલ્લાહની કુદરત તો જુઓ કે મોઢાનું થૂંક શરીફ ખારા કૂવામાં પડે તો પાણી મીઠું કરી આપે, હુદૈબિયહના સૂકા કૂવામાં પડી જાય તો પાણી પેદા કરી આપે, હઝરત જાબિરની હાંડલીમાં પડીને રસો તથા બોટીઓ વધારી આપે, આટામાં પડે તો આટામાં બરકત આપે, સિદ્દીકના પગોમાં પહોંચે તો સાપના ઝહેરને દૂર કરે, અબ્દુલ્લાહ ઈબ્ને અતીકના ફેકચર થયેલા પગમાં થૂંક મુબારક પહોંચીને હાડકાને જોડી આપે, હઝરત અલી كرم الله وجهه الكريم ની દુઃખતી આંખમાં લાગે તો સૂરમાનું કામ આપે. આજે હજારો રૂપિયાની દવા પણ એ પ્રમાણેની અસર નથી ધરાવતી. જો સર મુબારકથી કદમ શરીફ સુધીનાં દરેક અંગોની બરકતો જોવી હોય તો મારી કિતાબ "શાને હબીબર્રુહમાન" (અલ્લાહના હબીબની શાન)નો અભ્યાસ કરો. આપણા દરેક અંગનો સાયો હોય છે પણ હુઝૂરના કોઈ અંગનો સાયો નથી. આપના પસીના પાકમાં મુશ્ક તથા અંબરથી બેહતર ખુશ્બુ છે. صلى الله تعالى عليه وسلم

છઠ્ઠુ એ રીતે કે શૈખ અબ્દુલ હક્ક મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પ્રકરણ–૩, વસ્લે ઈઝાલાએ શુબ્હાતમાં ફર્માવે છે, "આ આયત હકીકતમાં મુતશાબેહાત છે કે ઉલમાએ તેનો યોગ્ય અર્થ અને બેહતરીન તાવીલો કરીને હક્કની તરફ ફેરવ્યા છે."

આ પરથી જાણવા મળ્યું કે જેવી રીતે يَدُ اللّٰهِ فَوْقَ اَيْدِيْهِمْ (સૂ. ફતહ–૧૦) مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ (સૂ. નૂર–૩૫) વગેરે આયતો જે જાહેરી રીતે ખુદા તઆલાની શાનની વિરૂધ્ધ જણાય છે તે **મુતશાબેહાત** છે. એ જ પ્રમાણે **ઈન્નમા અનાબશરુમ્** વગેરે તે આયતો જે બાહ્ય રીતે શાને મુસ્તફવીની વિરૂધ્ધ જણાય છે તે **મુતશાબેહાત** આયતો છે, જેથી એના જાહેરી અર્થથી દલીલ કરવી ગલત છે.

સાતમું એ રીતે કે 'રોઝાએ વિસાલ' (ઈફતારી વિનાના રોઝા)ના બારામાં હુઝૂર ફમાવ્યું : **અૈયુકુમ્ મિષ્લી** "તમારામાં મારા જેવું કોણ છે ?" બેસીને નફલ પઢવાના બારામાં ફમાવ્યું : لٰكِنِّيْ لَسْتُ كَاَحَدٍ مِّنْكُمْ "પરંતું હું તમારા

જેવો નથી.'' સહાબાએ કિરામે ઘણા પ્રસંગે એવું ફર્માવ્યું : **''એયુના મિષ્લુહુ''** આપણામાં હુઝૂર ﷺ ની જેવો કોણ છે ? હદીષ તો ફર્માવી રહી છે કે હુઝૂર ﷺ આપણા જેવા નથી અને આ આયતથી જાહેર થાય છે કે આપણા જેવા જ છે. એમાં મળતાપણુ કરવું જરૂરી છે તે એ રીતે કે આયતમાં તાવીલ કરવામાં આવે.

આઠમી એ રીતે કે તફસીરે રૂહુલ બયાન, સૂરએ મરયમમાં : كٓهٰيٰعٓصٓ *(સૂ. મરયમ–૧)* હેઠળ છે કે હુઝૂર ﷺ ની ત્રણ સ્થિતિઓ છે. બશરી સ્થિતિ, હક્કી સ્થિતિ, મલકી સ્થિતિ, બશરીયતનું વર્ણન **ઈન્નમા અના બશરૂમ,** હક્કીનું વર્ણન **મન્ રઆની ફકદ્રા અલ્ હક્ક** ''જેણે મને જોયો તેણે હક્કને જોયો'' મલકી સ્થિતિનું વર્ણન ફર્માવ્યું કે :–

لِيْ مَعَ اللّٰهِ وَقْتٌ لَا يَسَعُنِيْ فِيْهِ مَلَكٌ مُقَرَّبٌ وَلَا نَبِيٌّ مُرْسَلٌ ''કેટલીક વખતે મને અલ્લાહથી તે કુર્બ (નિકટતા) થાય છે કે ન એમાં મુકર્રબ ફરિશ્તાઓની ગુંઝાઈશ હોય છે ન મુરસલ નબીની.'' મેઅરાજમાં 'સિદરા' પહોંચીને જિબ્રઈલી શકિત પૂર્ણ થઈ ગઈ પણ હુઝૂર ﷺ ની બશરી શકિતની હજી શરૂઆત હતી ! આ આયતમાં કેવળ એક સ્થિતિનું વર્ણન છે.

નવમું એ રીતે કે **બશરૂમ મિષ્લુકુમ્**માં એ તો ફર્માવ્યું કે, અમે તમારા જેવા માણસ (બશર) છીએ પણ એવું નથી ફર્માવ્યું કે કયા ગુણોમાં તમારી જેવા છીએ ? એટલે કે જે પ્રમાણે તમે કેવળ બંદા છો એવી રીતે અમે ન તો ખુદા છીએ ન ખુદાના પુત્ર ન ખુદાની (ઝાતી) સિફતોથી મૌસૂફ. એ જ પ્રમાણે હું અબ્દુલ્લાહ છું ન અલ્લાહ છું ન ઈબ્નુલ્લાહ. ઈસાઈઓએ થોડાક મોજિઝાઓ જોઈને ઈસા عليه الصلوٰة والتسليم ને ઈબ્નુલ્લાહ (અલ્લાહના પુત્ર) કહી દીધા, તો તમે મારા સેંકડો મોજિઝાઓ જોઈને એવું ન કહી દેશો બલ્કે અલ્લાહનો બંદા તથા રસૂલ છું.

તફસીરે કબીર, ૧૨મા પારાની શરૂઆતમાં આયત : فَقَالَ الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا *(સૂ. હૂદ–૨૭)* હેઠળ નૂહના કિસ્સામાં છે કે નબી બશર એટલા માટે હોય છે કે જો ફરિશ્તા હોત તો લોકો એમના મોજિઝાઓને

તેમની મલકી તાકત પર ગણત્રી કરત. આપ જ્યારે બશર થઈને આ મોજિઝાઓ દેખાડો છો તો તે નબીનો કમાલ જાહેર થાય છે. મતલબ કે અંબિયાની બશરીયત એ તેમનો કમાલ છે. જેથી આયતનો હેતુ એ થયો કે "અમે તમારી જેવા બશર થઈને આવા કમાલો દેખાડીએ છીએ ! તમે તો દેખાડો !"

દસમું એ રીતે કે ઘણા શબ્દો એવા છે જે નબી પોતાના માટે વાપરી શકે છે અને તે તેમનો કમાલ છે. પણ બીજો કોઈ એમની શાનમાં એવું કહે તો ગુસ્તાખી છે. જુઓ આદમ عليه الصلوٰة والتسليم એ અર્ઝ કરી : رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا (સૂ. અઅ્રાફ–૨૩) યૂનુસ عليه الصلوٰة والتسليم એ રબને અર્ઝ કરી : اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ (સૂ. અંબિયા –૮૭) હઝરત મૂસા عليه الصلوٰة والتسليم એ ફિરઔનને કહયું : فَعَلْتُهَآ اِذًا وَّاَنَا مِنَ الضَّآلِّيْنَ (સૂ. શોઅરા–૩૦) પરંતું કોઈ અન્ય જો આ હઝરાતને જાલિમ યા ઝાલ કહે તો ઈમાનથી નીકળી જશે. એ જ પ્રમાણે 'બશર'ના શબ્દનું પણ છે.

(૦૨) હુઝૂર صلى الله تعالى عليه وسلم એ પોતાની વિશે ફર્માવ્યું : وَاَكْرِمُوْا اَخَاكُمْ "તમે તમારા ભાઈનો (મારો) એહતેરામ કરો." જેનાથી જાણવા મળ્યું કે હુઝૂર صلى الله تعالى عليه وسلم આપણા ભાઈ છે, પણ મોટા ભાઈ છે, નહીં કે નાના.

(૦૩) કુર્આન ફર્માવે છે : وَاِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا (સૂ. હૂદ–૮૪) وَاِلٰى عَادٍ اَخَاهُمْ هُوْدًا ۔ وَاِلٰى ثَمُوْدَ اَخَاهُمْ صٰلِحًا (સૂરએ હૂદ, ૬૧–૬૯) આ આયતોમાં રબ તઆલાએ અંબિયા એ કિરામને 'મદયન', 'ષમૂદ' અને 'આદ'ના ભાઈ કહ્યા. જાણવા મળ્યું કે અંબિયા એ ઉમ્મતીઓના ભાઈ હોય છે.

જવાબ :– હુઝૂર صلى الله تعالى عليه وسلم એ પોતાના માયાળુપણાની કૃપા વડે નમ્રતા તથા આજીજીના રૂપે ફર્માવ્યું, **અખાકુમ.** આ ફર્માવવાથી આપણને 'ભાઈ' કહેવાની છૂટ કયાંથી મળી ગઈ ? એક બાદશાહ પોતાની પ્રજાને કહે છે કે હું તમારા લોકોનો ખાદિમ છું, તો પ્રજાને હક્ક નથી કે બાદશાહને ખાદિમ કહીને બોલાવે. એ જ પ્રમાણે રબ તઆલાએ ફર્માવ્યું કે હઝરત શોએબ તથા સાલેહ તથા હૂદ عَلَيْهِمُ السَّلَامُ 'મદયન' અને 'ષમૂદ' અને 'આદ' કૌમોમાંથી હતા, કોઈ

અન્ય કૌમના ન હતા, એ બતાવવા માટે **અખાહુમ** ફમાવ્યું. એવું કયાં ફર્માવ્યું કે તેમની કૌમવાળાઓને 'ભાઈ' કહેવાની છૂટ આપી દેવામાં આવી હતી. અને અમે પ્રથમ વિભાગમાં સાબિત કરી ચૂકયા છીએ કે અંબિયાએ કિરામને સમાનતાવાળા લકબો વડે પુકારવું હરામ છે. અને 'ભાઈ' શબ્દ બરાબરીનો શબ્દ છે. બાપ પણ માન્ય નથી રાખતો કે તેનો પુત્ર તેને ભાઈ કહે.

(૦૪) કુર્આન કહે છે : اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ "મુસલમાન આપસમાં ભાઈ છે." અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પણ મોમિન છે જેથી આપણા મોમિનોના ભાઈ થયા. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને શા માટે 'ભાઈ' કહેવામાં ન આવે ?!

જવાબ :– પછી તો ખુદાને પણ પોતાનો ભાઈ કહો ! કેમ કે તે પણ મોમિન છે. કુર્આનમાં છે : اَلْمَلِكُ الْقُدُّوْسُ السَّلٰمُ الْمُؤْمِنُ (સૂ. હશ્ર–૨૪) "અને સર્વ મોમિન આપસમાં ભાઈ છે." જેથી ખુદા પણ મુસલમાનોનો ભાઈ છે ! મઆઝલ્લાહ ! તદ્ઉપરાંત ભાઈની પત્ની ભાભી થાય છે અને તેનાથી નિકાહ હલાલ હોય છે અને નબીની પત્નીઓ મુસલમાનોની માઓ છે, તેમનાથી નિકાહ હરામ છે, (કુર્આને કરીમ) જેથી નબી આપણા માટે પિતા સમાન થયા. પિતાની પત્ની માં છે ન કે ભાઈની. જનાબ ! આપણે તો **મોમિન** છીએ અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم **અયને ઈમાન** છે. કસીદા બુરદહ શરીફમાં છે કે :

فالصدق فی الغار والصدیق لم یرما

એટલે કે "ગારે ષૌરમાં સિદ્દક (સત્ય) પણ હતું અને સિદ્દીક (સત્ય બોલનાર) પણ હતા." હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને સામાન્ય મુસલમાનોમાં કેવળ મોમિન શબ્દમાં હિસ્સાદારી છે જેવી રીતે રબ તથા સામાન્ય મુસલમાનોમાં, ન કે હકીકતમાં. આપણે જુદી રીતના છીએ એ જુદી રીતના છે. જેની વિગતવાર ચર્ચા હું જવાબ નં. ૧ માં વર્ણન કરી ચૂકયો છું.

(૦૫) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આદમની ઔલાદ છે, આપણી જેમ ખાતા, પીતા, સૂતા, જાગતા અને જિંદગી પસાર કરે છે. બીમાર થાય છે, મૌત આવે છે. આટલી વાતોમાં આપણા સાથે હિસ્સાદરી હોવા છતાં તેમને બશર અથવા ભાઈ કેમ કહેવામાં ન આવે ?!

જવાબ :– એનો ફૅંસલો મષ્નવી શરીફમાં સારી રીતે કરી દેવામાં આવ્યો છે, (અર્થ) : કાફિરોએ કહ્યું કે તથા પૈગંબર બશર છીએ કેમ કે આપણે તથા તેઓ બંને ખાવા, પીવા, સૂવામાં સાથે છીએ. આંધળાઓએ એ ન જાણ્યું કે અંજામમાં ઘણો જ મોટો ફરક છે. પીળી મોટી માખી તથા મધમાખી એક જ ફૂલ ચૂંસે છે પણ એકથી ઝહેર અને એકથી મધ બને છે. બંને હરણો એક જ દાણો પાણી ખાઈ પીએ છે અને એકથી પાખાનું અને બીજાથી મુશ્ક (કસ્તુરી) બને છે. એ જે ખાય છે તેનાથી નાપાકી બને છે, અને નબીના ખાવાથી નૂરે ખુદા બને છે.

આ સવાલ તો એવો છે જાણે કોઈ કહે કે મારી કિતાબ તથા કુર્આન એક સમાન છે, કેમ કે એ બંને એ જ સ્યાહી (રોશનાઈ) વડે એક જ કાગળ ઉપર એક પ્રેસમાં છપાયાં, એક જ બાઈન્ડરે તેનું બાઈન્ડીંગ કર્યું, એક જ કબાટમાં રાખવામાં આવ્યાં, પછી એમાં ફરક જ શો ? છતાં કોઈ બેવકૂફ પણ કહેશે નહીં કે એ જાહેરી વાતોને લીધે આપણી કિતાબ કુર્આનની જેમ ગણાશે, તો પછી આપણે સાહિબે કુર્આન એટલે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સમાન કેમ કરીને થઈ શકીએ છીએ ? એ ન જોયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કલમો પઢવામાં આવે છે, તેમને મેઅરાજ થઈ, તેમને નમાઝમાં સલામ કરીએ છીએ, તેમના પર દુરૂદ મોકલીએ છીએ, તમામ અંબિયા તથા ઔલિયા તેમની બારગાહના ખાદિમો છે. આ ખૂબીઓ તમને મને તો શું પણ ફરિશ્તાઓને પણ ન મળી.

محمد بشر لا کالبشر یاقوت حجر لا کالحجر

(અર્થ) : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બશર છે, સામાન્ય બશર નહીં, યાકૂત પથ્થર છે પણ સામાન્ય પથ્થર નથી.

કેટલાક દેવબંદીઓ કહે છે કે બશર કહેવું હરામ છે તો ઈન્સાન તથા અબ્દ કહેવું પણ હરામ હોવું જોઈએ કેમ કે એ સૌના અર્થ લગભગ સમાન છે પછી તમે કલ્મામાં **અબ્દુહુ વ રસૂલુહ** શા માટે કહો છો ?

જવાબ :– વાત એમ છે કે 'બશર' શબ્દ કાફિરો તૌહીનની નિયતથી કહેતા હતા અને નબીને રબ તઆલાએ ઈન્સાન કે અબ્દ માનવાચક સંબોધનથી

ફર્માવેલ છે : خَلَقَ الْاِنْسَانَ عَلَّمَهُ الْبَيَانَ (સૂ. રહમાન–૩૪) અને اَسْرٰى بِعَبْدِهٖ لَيْلًا (સૂ. બનીઈસ્રાઈલ–૧) જેથી આ શબ્દો તાઝીમ સાથે કહેવા જાઈઝ અને 'બશર' કહેવું હરામ છે, કેમ કે એ કાફિરોનો તરીકો છે.

ડો. ઈકબાલે શું સરસ ફર્માવ્યું :–

અબ્દ દીગર અબ્દહૂ ચીઝે દીગર
ઉ સરાપા ઈન્તેઝાર ઇં મુન્તઝિર

હુઝૂરની અબ્દિયતથી રબની શાન જાહેર થાય છે અને રબની અઝમતથી આપની અબ્દિયતથી ચમકી.

(૬) શમાઈલે તિર્મિઝીમાં હઝરત સિદ્દીકાની રિવાયત છે. ફર્માવે છે કે **બશરૂમ મિનલ્ બશરિ.** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બશરોમાંથી એક બશર છે. એ જ પ્રમાણે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આઈશા સિદ્દીકાને પોતાના નિકાહથી મુર્શરફ ફર્માવવા ચાહયું તો સિદ્દીક رضی اللہ عنہ એ અર્ઝ કરી કે, હું તમારો ભાઈ છું તો શું મારી પુત્રી તમારા માટે હલાલ છે ? જુઓ ! હઝરત આઈશાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને 'બશર' કહ્યા અને સિદ્દીકે પોતાને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ભાઈ બતાવ્યા.

જવાબ :– 'બશર' અથવા 'ભાઈ' કહીને પુકારવું અથવા મુહાવરામાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને એવું કહેવું હરામ છે. અકીદાનું બયાન અથવા મસાઈલ પૂછવાના અહકામ અલગ છે. હઝરત સિદ્દીકા અથવા સિદ્દીક વાતચીતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને 'ભાઈ' કે 'બશર' કહેતા ન હતા, અહીં જરૂરતના હિસાબે એ શબ્દનો ઉપયોગ કર્યો છે. સિદ્દીકતુલ્ કુબરા તો એવું ફર્માવી રહ્યા છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાક જિંદગી ખૂબ જ સહજતાપૂર્વક સાદગી સાથે સામાન્ય મુસલમાનોની જેમ ગુજરી કે પોતાનું દરેક કામ પોતાની જાતે કરતા હતા. એ જ પ્રમાણે હઝરત સિદ્દીકે અકબરે હુઝૂરને મસ્અલો પૂછયો કે હુઝૂર મને **અખ્વતન** (ભાઈ)ની નવાઝયો છે, તો શું આ સંબોધન પર હકીકી ભાઈના હુકમો લાગુ થશે કે નહીં ? અને મારી ઔલાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માટે હલાલ થશે કે નહીં ? આપણે પણ અકીદાની ચર્ચામાં કહીએ છીએ કે નબી બશર હોય છે. હઝરત ખલીલે એક જરૂરત પર હઝરત સારહને ફર્માવી દીધું, **હાઝિહી**

ઉખ્તી, ''આ મારી બહેન છે'' જો કે તે આપનાં પત્ની હતાં. એનાથી એ લાઝિમ નથી થઈ ગયું કે હઝરત સારહ આપને ભાઈ કહીને પોકારે.

અમે તે લોકોનો આમ મુહવારો બતાવીએ છીએ. સૌને ખબર છે કે હુઝૂર ﷺ રિશ્તામાં હઝરત સિદ્દીકાના પતિ અને સૈયદના અલીના ભાઈ હઝરત અબ્બાસના ભાઈની ઔલાદમાંથી છે. પણ આ લોકો જ્યારે પણ હદીષ રિવાયત કરે છે તો હઝરત સિદ્દીકા એવું નથી ફર્માવતાં કે ''મારા પતિએ ફર્માવ્યું !'' હઝરત અબ્બાસ તથા હઝરત અલી رضی اللہ عنہ એવું નથી કહેતા કે મારા ભત્રીજા અથવા અમારા ભાઈએ ફર્માવ્યું ! સૌ એવું જ ફર્માવે છે કે **કાલ રસૂલુલ્લાહિ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.** તો જે હઝરાત સગાઈ સંબંધના હિસાબે ભાઈ છે તે પણ ભાઈ નથી કહેતા તો આપણે કમીના ગુલામેનો શું હક્ક છે કે ભાઈ કહીએ ?

જનાબ ! ઈસ્લામની શરૂઆતમાં તો એ હુકમ હતો કે જે હુઝૂર ﷺ થી કંઈક અર્ઝ કરવા ચાહે તો પ્રથમ કાંઈક સદકો આપે બાદમાં અર્ઝ કરે. કુર્આન ફર્માવે છે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا نَاجَيْتُمُ الرَّسُوْلَ فَقَدِّمُوْا بَيْنَ يَدَىْ نَجْوٰىكُمْ صَدَقَةً ؕ

''હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે રસૂલને કોઈ વાત આહિસ્તા અર્ઝ કરવા ચાહો તો તમારી અર્ઝ પહેલાં કાંઈ આપી લો.'' *(સૂ. મુજાદલહ, આ. ૧૨)*

સૈયદના અલી رضی اللہ عنہ એ એના પર અમલ કર્યો કે એક દીનાર ખૈરાત કરીને ૧૦ મસાઈલ પૂછયા. (તફસીરે ખાઝિન આ જ આયત) પછી જો કે એ હુકમ રદ થઈ ગયો. પણ મહબૂબ ﷺ ની અઝમતની તો જાણ થઈ ગઈ કે નમાઝમાં રબથી હમકલામ થવા તો કેવળ વુઝૂ કરો, પરંતું હુઝૂર ﷺ થી વાતચીતમાં અર્ઝ કરવી હોય તો સદકો કરો. તો પછી 'ભાઈ' કહેવાની વાત કયાં રહી ?

★ યા રસૂલલ્લાહ ! પુકારવા વિશે ★

હુઝૂર ﷺ ને દૂર અથવા નજીકથી પોકારવા જાઈઝ છે, તેમની જાહેરી

જિંદગીમાં પણ અને વફાત શરીફ બાદ પણ. ચાહે એક વ્યકિત અર્ઝ કરે કે યા રસૂલલ્લાહ! અથવા એક જમાઅત મળીને નારએ રિસાલત લગાડે, યા રસૂલલ્લાહ! દરેક રીતે જાઈઝ છે. ચર્ચાને અમે બે વિભાગમાં વહેંચી દઈએ છીએ.

(પ્રથમ વિભાગ)

★ નિદાએ "યા રસૂલલ્લાહ !"ની સાબિતી ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોકારવું કુર્આને કરીમ, ફરિશ્તાઓના ફેઅલથી, સહાબાના તથા ઉમ્મતના અમલથી સાબિત છે. કુર્આને કરીમે ઘણી જગાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને નિદા ફર્માવી (પોકાર્યા) :–

يٰۤاَيُّهَا النَّبِيُّ ۔ يٰۤاَيُّهَا الرَّسُوْلُ ۔ يٰۤاَيُّهَا الْمُزَّمِّلُ ۙ يٰۤاَيُّهَا الْمُدَّثِّرُ ۙ

(સૂ. અહ્ઝાબ–૪૫, સૂ. મુઝ્ઝમ્મિલ–૧, સૂ. મુદ્દષ્ષિર–૧) વગેરે, આ તમામ આયતોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પ્યારા પ્યારા લકબો વડે પોકારવામાં આવ્યા.

બલ્કે કુર્આને આમ મુસલમાનોને પણ **યા ઐયુહલ્લઝીન આમનૂ** કહી પુકાર્યા અને મુસલમાનોને હુકમ આપ્યો કે અમારા મહબૂબને પુકારો પણ સારા લકબો વડે પુકારો.

لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا *(સૂ. નૂર, આ. ૬૩)* એમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પુકારવાથી નથી રોકયા, બલ્કે ફર્માવવામાં આવ્યુ છે કે અન્ય લોકોની જેમ ન પુકારો. કુર્આને ફર્માવ્યું : اُدْعُوْهُمْ لِاٰبَآئِهِمْ (સૂ. અહ્ઝાબ) "તેમને તેમના બાપના પ્રતિ નિસ્બત કરીને પુકારો" આ આયતમાં ઈજાઝત છે કે ઝયદ ઈબ્ને હારિષહ્ رضی اللہ عنہ ને પુકારો પણ તેમને ઈબ્ને હારિષહ્ કહો ઈબ્ને રસૂલુલ્લાહ ન કહો. એ જ પ્રમાણે કાફિરોને ઈજાઝત આપવામાં આવી કે તે પોતાના મદદગારને પોતાની ઈમદાદના માટે બોલાવી લે.

وَادْعُوْا شُهَدَآءَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝ *(સૂ. બકરહ–૨૩)*

મિશ્કાતની પહેલી હદીષમાં છે કે હઝરત જિબ્રઈલે અર્ઝ કરી :–

(અર્થ) : "યા રસૂલલ્લાહ ! ઈસ્લામના બારામાં મને સમજાવો" માં નિદા (પોકાર) કરવામાં આવી.

મિશ્કાત બાબે વફાતુન્નબીમાં છે કે, મૌત વખતે મલકુલ મૌત અર્ઝ કરી : يَا مُحَمَّدُ اِنَّ اللّٰهَ اَرْسَلَنِىْ اِلَيْكَ એમાં પુકારવામાં આવી રહ્યા છે. ઈબ્ને માજહ બાબે સલાતુલ્ હાજજહ્માં હઝરત ઉષ્માન ઈબ્ને હનીફથી રિવાયત છે કે, એક નાબીના (અંધ) બારગાહે રિસાલતમાં હાજર થઈને દુઆના તાલિબ થાય છે તો તેમને આ દુઆ ઈર્શાદ થઈ :–

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ وَ اَتَوَجَّهُ
اِلَيْكَ بِمُحَمَّدٍ نَّبِيِّ الرَّحْمَةِ يَا مُحَمَّدُ اِنِّىْ قَدْ تَوَجَّهْتُ بِكَ اِلٰى رَبِّىْ فِىْ حَاجَتِىْ
هٰذِهٖ لِتَقْضِىَ اَللّٰهُمَّ فَشَفِّعْهُ فِىَّ. قَالَ اَبُوْاِسْحَاق هٰذَا حَدِيْثٌ صَحِيْحٌ.

"હે અલ્લાહ ! હું તારાથી માગું છું અને તારા પ્રતિ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નબીએ રહમતના વસીલાથી ધ્યાનિત થાઉં છું, યા મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં આપના ઝરીયાથી પોતાના રબની પ્રતિ મારી આ હાજતમાં તવજ્જોહ કરી જેથી કરીને હાજત પૂરી થાય. હે અલ્લાહ ! મારા માટે હુઝૂરની શફાઅત કબૂલ ફર્માવ !" અબૂ ઈસ્હાકે કહયું કે હદીષ સહીહ છે. આ દુઆ કિયામત સુધીના મુસલમાનોને શીખવાડવામાં આવી છે. એમાં પોકારવાનું (નિદા) પણ છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી મદદ પણ માંગી છે.

આલમગીરી, ભાગ–૧ કિતાબુલ્ હજ્જ આદાબે ઝિયારતે કબ્રે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم માં છે : ثُمَّ يَقُوْلُ السَّلَامُ عَلَيْكَ يَانَبِىَّ اللّٰهِ اَشْهَدُ اَنَّكَ رَسُوْلُ اللّٰهِ

" હે નબી ! આપના પર સલામ હજો ! હું ગવાહી આપુ છું કે આપ અલ્લાહના નબી છે." પછી ફર્માવે છે :–

وَيَقُوْلُ السَّلَامُ عَلَيْكَ يَا
خَلِيْفَةَ رَسُوْلِ اللّٰهِ. اَلسَّلَامُ عَلَيْكَ يَا صَاحِبَ رَسُوْلِ اللّٰهِ

સિદ્દીકે અકબરને આ પ્રમાણે સલામ પેશ કરે કે, "આપ પર સલામ

હજો ! હે રસૂલુલ્લાહના સાચા જાનશીન ! આપ પર સલામ હજો ! હે રસૂલુલ્લાહના ગુફાના સાથી !" અને ઉમર ફારૂક રضی اللہ عنہ ને આ પ્રમાણે સલામ કરે :–

فَيَقُوْلُ السَّلَامُ عَلَيْكَ يَا اَمِيْرَالْمُؤْمِنِيْنَ۔ اَلسَّلَامُ عَلَيْكَ يَا مُظْهِرَ الْاِسْلَامِ۔
اَلسَّلَامُ عَلَيْكَ يَا مُكَسِّرَ الْاَصْنَامِ

આપ પર સલામ હજો હે મુસલમાનોના અમીર ! આપ પર સલામ હજો હે ઈસ્લામને ચમકાવનાર ! આ પર સલામ હજો હે મૂર્તિઓને તોડનાર ! એમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પણ પુકાર્યા છે અને હુઝૂરની બાજુમાં આરામ ફર્માવનાર સિદ્દીક તથા ફારૂકને પણ. رضی اللہ عنہ

અકાબિરે ઉમ્મત, ઔલિયાએ મિલ્લત, મશાઈખ તથા બુઝુર્ગાને દીન પોતાની દુઆઓ તથા વઝીફાઓમાં યા રસૂલલ્લાહ ! કહે છે. કસીદા બુરદહમાં છે :

يَا اَكْرَمَ الْخَلْقِ مَالِيْ مَنْ اَلُوْذُ بِهٖ سِوَاكَ عِنْدَ حُلُوْلِ الْحَادِثِ الْعَمَمِ

"હે બેહતરીન મખ્લૂક ! આપના સિવાય મારું કોઈ નથી ! કે આમ મુસીબતોના વખતે જેની પનાહ (શરણ) લઉં."

ઈમામ ઝૈનુલ આબેદીન પોતાના કસીદામાં ફર્માવે છે :–

يَا رَحْمَةً لِّلْعَالَمِيْنَ اَدْرِكْ لِزَيْنِ الْعَابِدِيْنَ
مَحْبُوْسُ اَيْدِى الظّٰلِمِيْنَ فِيْ مَوْكِبٍ وَ الْمُزْدَحِمِ

"યા રહ્મતલ્લિલ આલમીન ! જૈનુલ આબેદીનની મદદે પહોંચો ! તે આ ભીડભાડમાં જાલિમોના હાથોમાં કૈદ છે."

મૌલાના જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે :– (અર્થ) : "જુદાઈથી આલમની જાન નીકળી રહી છે યા નબી ! રહમ ફર્માવો ! રહમ ફર્માવો ! શું તમે રહ્મતુલ્લિલ્ આલમીન નથી ? પછી અમ મુજરિમો પ્રતિ નઝરે કરમ કેમ નથી કરતા ?"

હઝરત અબૂ હનીફા رحمۃ اللہ علیہ પોતાના કસીદએ નોઅ્માનમાં ફર્માવે છે : يَا سَيِّدَ السَّادَاتِ جِئْتُكَ قَاصِداً اَرْجُوْ رِضَاكَ وَ اَحْتَمِيْ بِحِمَاكَ

"હે પેશ્વાઓના પેશવા ! હું દિલથી ઈરાદો કરીને આપની હુઝૂરમાં આવ્યો છું ! આપની રઝા (રાજીપા) નો ઉમેદવાર છું. પોતાને આપની પનાહમાં સોપું છું." આ અશઆરમાં હુઝૂરને પોકાર પણ છે અને હુઝૂર ﷺથી મદદ માગવું (ઈસ્તેઆનત) પણ છે. અને આ પોકાર (નિદા) દૂરથી વફાત શરીફ પછી છે.

તમામ મુસલમાન નમાઝમાં કહે છે, **અસ્સલામુ અલૈક ઐયુહન્નબીય્યુ વરહ્મતુલ્લાહિ વબરકાતુહૂ.** અહીં હુઝૂર ﷺ ને પુકારવું વાજિબ છે. અત્તહિય્યાતના વિશે અમે શામી તથા 'અશિઅતુલ લમ્આત'ના લખાણો 'હાઝિરો નાઝિર'ની ચચામાં રજૂ કરી ચૂકયા છીએ ત્યાં જુઓ.

આ એકલા એકલા 'યા રસૂલલ્લાહ' કહેવા વિશેની ચર્ચા હતી. જો ઘણા લોકો ભેગા મળીને નારએ રિસલાત લગાડે તો પણ જાઈઝ છે. કેમ કે જ્યારે દરેક વ્યકિતએ 'યા રસૂલલ્લાહ' કહેવું જાઈઝ થયું તો પછી એક સાથે મળીને કહેવું પણ જાઈઝ છે. અમુક મુબાહ ચીજો ભેગી કરવાથી સમુહ પણ મુબાહ જ થશે, જેમ કે બિરયાની હલાલ છે એટલા માટે કે હલાલ ચીજોનું મિશ્રણ છે. તેમ તેની સાબિતી સ્પષ્ટ રીતે પણ છે.

મુસ્લિમ આખિર, જિલ્દ દોમ, બાબો હદીષુલ હિજરતમાં હઝરત બરાઅ رضی اللہ عنہ ની રિવાયત છે કે જ્યારે હુઝૂર ﷺ હિજરત ફર્માવીને મદીના પાકમાં પ્રવેશ્યા તો સ્ત્રીઓ તથા પુરૂષો ઘરની છતો પર ચઢી ગયા અને બાળકો તથા ગુલામ ગલી કૂચાઓમાં દોડી આવ્યા અને નારાઓ લગાડતા હતા, યા મુહમ્મદ યા રસૂલલ્લાહ ! યા મુહમ્મદ યા રસૂલલ્લાહ !

આ મુસ્લિમ શરીફની હદીષથી નારએ રિસાલતની ઉઘાડી સાબિતી થઈ અને જાણવા મળ્યું કે તમામ સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ આ નારા લગાડયા કરતા હતા. આ જ હદીષે હિજરતમાં છે કે સહાબાએ કિરામે જુલૂસ પણ કાઢયાં છે, અને જ્યારે હુઝૂર ﷺ સફરથી મદીના પાક શરીફ તશરીફ લાવતા તો મદીનાસીઓ હુઝૂર ﷺ નું સ્વાગત કરતા અને જુલૂસ કાઢતા. *(જુઓ મિશ્કાત તથા બુખારી)*

જલસાનો અર્થ છે બેઠક અથવા નશિસ્ત, જુલૂસ તેનું બહુ વચન છે. જેમ કે 'જલ્દ'નું બહુવચન 'જુલૂદ' છે. નમાઝ ઝિક્રે ઈલાહીનો જલ્સો છે કે એક જ સ્થળે અદા થાય છે. હજ્જ ઝિક્રનો જુલૂસ છે કે એમાં ઘુમી ફરીને ઝિક્ર થાય છે. કુર્આનથી સાબિત છે કે તાબૂતે સકીનાને જુલૂસના રૂપમાં ફરિશ્તાઓ લાવ્યા. વિલાદત મુબારક વખતે અને મેઅરાજમાં ફરિશ્તાઓએ હુઝૂરનું જુલૂસ કાઢયું. અને સારા લોકોની નકલ કરવી એ પણ સવાબનો સબબ છે. જેથી આ જુલૂસ તે અસલની નકલ છે અને સવાબનો સબબ છે.

(બીજો વિભાગ)

★ 'યા રસૂલલ્લાહ' ! પોકારવા સામે વાંધાઓના જવાબો ★

કુર્આને કરીમ ફર્માવે છે : وَلَا تَدْعُ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُكَ وَلَا يَضُرُّكَ ۚ

"અલ્લાહના સિવાય તેમને ન પુકારો જેઓ તમને નફો તથા નુકસાન ન પહોંચાડી શકે." *(સૂ. યૂનૂસ–૧૦૬)* જાણવા મળ્યું કે ગૈરે ખુદાને પુકારવું મના છે.

وَيَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُهُمْ وَلَا يَضُرُّهُمْ

"ખુદા સિવાય તેઓને પુકારે છે જેઓ તેમના માટે નફા કે નુકસાનકારક નથી." સાબિત થયું કે ગૈર ખુદાને પુકારવું એ મૂર્તિપૂજકોનું કામ છે.

જવાબ : આ પ્રકારની આયતોમાં જ્યાં પણ દુઆ શબ્દ છે એનાથી મુરાદ બોલાવવું (પુકારવું) નથી બલ્કે "પૂજવું" છે. (જુઓ જલાલૈન તથા અન્ય તફસીરો) અર્થ એ છે કે અલ્લાહ સિવાય કોઈને ન પૂજો. બીજી આયતો આ અર્થનું સમર્થન કરે છે. રબ ફર્માવે છે : وَمَنْ يَّدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ ۙ

"જે ખુદાની સાથે બીજા મઅ્બૂદોને પુકારે (પૂજા કરે)" *(સૂ. મુઅ્મિનીન–૧૧૭)* જાણવા મળ્યું કે ગૈરે ખુદાને ખુદા સમજીને પુકારવું શિર્ક છે, કેમ કે એ ગૈરે ખુદાની ઈબાદત છે. જો આયતોનો એ અર્થ કરવામાં ન આવે તો અમે જે **આયતો** તથા **હદીષો** તથા **ઉલમાએ દીનના અકવાલ**

(કથનો) રજૂ કર્યા, જેમાં ગૈરે ખુદાને પુકારવામાં આવેલ છે, એ સઘળુ શિર્ક થશે ! (દરરોજ આપણા ભાઈ, બહેન, મિત્ર, ઓળખીતાને પુકારીએ છીએ, તો દુનિયામાં કોઈપણ શિર્કથી બચી શકશે નહીં !)

વળી શિર્ક તેને કહે છે કે, "ગૈરે ખુદાને ખુદાની ઝાત અથવા સિફતોમાં સામેલ કરવું." તો કોઈને અવાજ આપીને પુકારવામાં અલ્લાહની કઈ સિફતમાં દાખલ થવું છે ? એ કેમ કરીને શિર્ક થયું ?

(૨) فَاذْكُرُوا اللّٰهَ قِيَامًا وَّ قُعُوْدًا وَّ عَلٰى جُنُوْبِكُمْ "તો અલ્લાહને ઊભા રહી, બેસીને અને પોતાની કરવટો પર યાદ કરે." એના પરથી જાણવા મળ્યું કે ઉઠતાં બેસતાં ગૈરેખુદાનું નામ જપવું શિર્ક છે, કેવળ ખુદાનું જ ઝિક્ર કરવું જોઈએ.

જવાબ : આ આયતથી રસૂલુલ્લાહના ઝિક્રને શિર્ક તથા હરામ સમજવું નાદાની છે. આયત તો એવું ફર્માવી રહી છે કે જ્યારે તમે નમાઝથી ફારિગ થઈ જાવ તો દરેક હાલતમાં દરેક રીતે ખુદાનો ઝિક્ર કરી શકો છો. એટલે કે નમાઝમાં તો પાબંદી હતી કે વુઝૂ વગર ન હોઉ, સિજદા, રુકૂઅ અને કાયદામાં કુર્આને કરીમની તિલાવત ન થાય, મજબૂરી (ઉઝર) વિના બેસીને અથવા આડા ન પડવું, પણ જ્યારે નમાઝથી ફારિગ થઈ ચૂકો તો એ પાબંદી ઉઠી ગઈ, હવે ઊભા રહી, બેસીને, સૂતા સૂતા દરેક રીતે ખુદાને યાદ કરી શકો છો.

આ આયતમાં કેટલીક બાબતો વિચારવા જેવી છે. એક એ કે આ અમ્ર (હુકમ) "ફઝકુરુલ્લાહ" વાજિબ હોવા માટે નથી કેવળ જાઈઝ હોવા માટે છે, કે નમાઝ સિવાયની સ્થિતિમાં ખુદાને યાદ કરો ચાહે ગૈરે ખુદાને, ચાહે ન ચાહે તદ્દન ચુપ રહો, દરેક વાતની ઈજાઝત છે. બીજુ એ કે જો આ હુકમ વાજિબ હોવા માટે હોય તો પણ ગયરુલ્લાહનો ઝિક્ર એ અલ્લાહના ઝિક્રની વિરૂધ્ધ નથી કે જેથી ઝિકુલ્લાહના વાજિબ હોવાથી એ હરામ થઈ જાય, બલ્કે ઝિકુલ્લાહનું ન હોવું છે. ત્રીજુ એ કે જો ઝિકુલ્લાહની વિરૂધ્ધ ઝિક્રે ગૈરુલ્લાહ માની પણ લેવામાં આવે તો પણ એક વિરૂધ્ધના વાજિબ હોવાથી બીજો વિરૂધ્ધ અધિકથી અધિક હરામ થશે, પણ શિર્ક તો નહીં જ થાય. પણ યાદ રાખશો કે હરામ કે ફર્ઝ થવું ફેઅલની સિફાત (કાર્યનો ગુણ) છે, નહીં કે ફેઅલનું ન થવું.

ચોથુ એ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઝિક્ર બિલવાસ્તા ખુદાનો જ ઝિક્ર છે.

وَمَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰه "જેણે રસૂલની ફર્માંબરદારી (આજ્ઞા પાલન) કરી તેણે અલ્લાહની ફર્માંબરદારી કરી." *(સૂ. નિસાઅ્–૮૪)* જ્યારે કલમા, નમાઝ, હજ્જ, દુરૂદ, ખુત્બો, અઝાન, મતલબ કે સર્વ ઈબાદતોમાં હુઝૂરનો ઝિક્ર સમાએલો છે, અને જરૂરી છે. તો પછી નમાઝની બહાર તેમનો ઝિક્ર ઉઠતાં બેસતાં કેમ કરીને હરામ થશે ? જે શખ્સ હર હાલમાં ઉઠતાં બેસતાં દુરૂદ શરીફ કે કલમો પઢે તો હુઝૂરનો ઝિક્ર કરી રહયો છે અને સવાબનો મુસ્તહિક છે.

પાચમું એ રીતે કે **તબ્તયદા અબી લહબ** અને **સૂરએ મુનાફિકૂન** અને તે આયતો જેમાં કાફિરો તથા મૂર્તિઓનો ઉલ્લેખ છે પણ કલામ તો અલ્લાહનું છે. કલામે ઈલાહીનો ઝિક્ર તો ઝિક્રુલ્લાહ હોય છે, પણ રહમતે ઈલાહી તથા નૂરે ઈલાહી મુહમ્મદુર્રસૂલુલ્લાહનો ઝિક્રે ઝિક્રુલ્લાહ ન થાય ! એ કયાંનો ઈન્સાફ છે ? કુર્આનમાં છે : **ફ़ાલ ફિરઔન** "ફિરઔને કહયું" એમાં **ફ़ાલ** પઢવા પર ૩૦ નેકીઓનો સવાબ અને **ફિરઔન** પઢવા પર ૫૦ સવાબ થશે, કેમ કે દરેક હર્ફની દસ નેકી સવાબ છે. તો ફિરઔનનું નામ કુર્આનમાં પઢવામાં ૫૦ નેકીઓ મળી, અને મુહમ્મદુર્રસૂલુલ્લાહનું નામ લીધું તો મુશ્રિક થઈ ગયો ! એ શું અક્કલની વાત છે ?

સાતમું એ રીતે કે હઝરત યાકૂબ عليه الصلوٰة والتسليم હઝરત યૂસફ عليه الصلوٰة والتسليم ના વિરહમાં ઉઠતાં બેસતાં હઝરત યૂસુફના નામની રટ લગાડતા હતા અને તેમની યાદમાં એટલા પ્રમાણમાં રડયા કે આંખો સફેદ થઈ ગઈ. એ જ પ્રમાણે હઝરત આદમ હઝરત હવ્વાના વિરહમાં, હઝરત ઝૈનુલ આબેદીન ઈમામ હુસૈનના વિરહમાં ઉઠતાં બેસતાં તેમનાં નામ જપ્યા કરતા હતા.

તો બતાવો કે એમના ઉપર શિર્કનો હુકમ લાગુ થશે કે નહીં ? જો નહીં ! તો આજે જે આશિકો દરેક હાલતમાં પોતાના નબીની યાદ કરે તેઓ શાથી મુશ્રિક થશે ? એક વેપારી રાત દિવસ વેપારનો ઝિક્ર કરતો રહે છે, તાલિબે ઈલ્મ રાત દિવસ દરેક હાલતમાં સબક યાદ કરતો રહે છે, તે પણ ગૈરે ખુદાનું

નામ જપી રહ્યો છે, તે કેમ કરીને મુશિરક ગણાશે ?

નોંધ :– દીના નગર, પંજાબ (પાક) ખાતે મારો અને મોલ્વી ષનાઉલ્લાહ અમૃત્સરીનો આ જ મસ્અલા નિદાએ યા રસૂલલ્લાહ ! પર મુનાઝરો થયો. ષનાઉલ્લાહ અમૃત્સરીએ આ જ આયત પેશ કરી તો મેં કેવળ ત્રણ જ સવાલો કર્યા, એક એ કે કુર્આનમાં અમ્ર(હુકમ) કેટલા અર્થમાં આવેલો છે ? અને અહીં કયો અર્થ વપરાયો છે ? બીજો એ કે એક નકીઝ (વિરૂધ્ધાર્થી કામ)ના વાજિબ થવાથી બીજી નકીઝ (બીજુ વિરૂધ્ધાર્થી કામ) હરામ થશે કે નહીં ? ત્રીજો એ કે ઝિક્રુલ્લાહનુ વિરૂધ્ધાર્થી શું છે ? ઝિક્રે ગૈરુલ્લાહ કે અદમે ઝિક્રુલ્લાહ (ઝિક્રુલ્લાહનું ન હોવું) ? તેનો જવાબ એ આપ્યો કે તમે આ સવાલોમાં ઉસૂલે ફિકહ અને મન્તિક (તત્વચિંતન)ને સામેલ કરી આપેલ છે અને બંને ઈલ્મો બિદઅત છે એટલે જાહિલ રહેવું સુન્નત છે ! પછી મેં સવાલ કર્યો કે બિદઅતની સહીહ વ્યાખ્યા એવી કરી આપો કે જેનાથી મેહફિલે મીલાદ તો હરામ રહે પણ 'અખ્બારે અહલે હદીષ' કાઢવું સુન્નત હોય ?! આ પ્રશ્નો હજી સુધી એમના પર થોપાએલા છે, હજી તે જીવંત છે, કોઈ ભાઈ જવાબો અપાવી દે તો અમે તેના આભારી થાશું.

અફસોસ ! કે ષનાઉલ્લાહ અમૃત્સરી તો જવાબ આપ્યા વિના દુનિયાથી વહી ગયા ! કાશ ! કે કોઈ તેમનો ચાહક પણ આ પ્રશ્નોના જવાબો આપીને તેની રૂહને ખુશ કરે !

(૩) બુખારી ભાગ–૨, કિતાબુલ ઈસ્તીઝાન, બહષે મુસાફા, બાબુલ્ 'અખ્ઝ બિલ્ યદૈન' માં હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે, અમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અત્તહિયાતમાં **અસ્સલામુ અલૈક અય્યુહન્નબીય્યુ વ રહ્મતુલ્લાહિ વબરકાતુહૂ** શીખવાડયું. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાત થઈ ગઈ તો અમે અત્તહિય્યાતમાં આ પ્રમાણે પઢયું : **અસ્સલામુ અલન્નબી.** અયની શરહે બુખારીમાં આ હદીષ હેઠળ છે કે, (અર્થ) ''હદીષનો ''જાહેરી અર્થ'' એ છે કે સહાબાએ કિરામ હુઝૂરની જિંદગી પાકમાં ''અસ્સલામુ અલૈક'' **કાફ** (સીધા) સંબોધન રૂપે કહેતા હતા પરંતું જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાત

થઈ ગઈ તો સંબોધન ત્યજી દીધું અને ગાયબના શબ્દ વડે ઝિક્ર કર્યું અને કહેવા લાગ્યા : **અસ્સલામુ અલૈન્નબી.**

આ હદીષ અને શરહનાં લખાણો (ઈબારતો)થી જાણવા મળ્યું કે અત્તહિય્યાતમાં **અસ્સલામુ અલૈક** કહેવું રસૂલે પાકની જિંદગી મુબારકમાં હતું હવે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાત પછી 'અત્તહિય્યાત'માં પણ નિદા (પુકારવાને) ત્યજી દેવામાં આવ્યું. તો જયારે સહાબાએ કિરામે 'અત્તહિય્યાત'માંથી પોકારવાને કાઢી નાખ્યું તો પછી જે શખ્સ નમાઝની બહાર "યા રસૂલલ્લાહ !" વગેરે કહે તો તદ્દન મુશ્રિક જ છે !

જવાબ :– બુખારી તથા અયનીનાં આ લખાણો તો તમારા વિરૂધ્ધ પણ છે ! કેમ કે આજ સુધી કોઈ ઈમામ મુજતહિદે અત્તહિય્યાતને બદલવાનો હુકમ નથી આપ્યો. ઈમામ અબૂહનીફા رضی اللہ عنہ એ હઝરત ઈબ્ને મસ્ઊદની અને ઈમામ શાફઈએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ની અત્તહિય્યાત અપનાવી પણ બંને અત્તહિય્યાતમાં અસ્સલામુ અલૈક ઐયુહન્નબી છે. ગૈર મુકલ્લિદો (કહેવાતા અહલે હદીષ) પણ ચાહે ષનાઈ હોય કે ગઝનવી પણ આ જ સંબોધનવાળી અત્તહિય્યાત પઢે છે. જેનાથી જણાય છે કે કેટલાક સહાબાએ કિરામે પોતાના ઈજતેહાદ વડે અત્તહિય્યાતને બદલી અને મરફૂઅ હદીષના મુકાબલામાં સહાબીનો ઈજતેહાદ સ્વીકાર્ય નથી. અને સહાબાએ કિરામે પણ ફેરફાર ન કર્યો કેમ કે 'નિદાએ ગયબ' હરામ છે, નહીં તો નબીની જિંદગી પાકમાં દૂર વસનારા સહાબીઓ (અલૈક) સંબોધનવાળી 'અત્તહિય્યાત' ન પઢત. યમન, ખૈબર, મક્કા મુકર્રમા, નજદ, ઈરાક તમામ જગ્યાએ નમાઝ થતી હતી, તો એમાં એ જ અત્તહિય્યાત ('અલૈક' સંબોધનવાળી) પઢવામાં આવતી હતી. નિદાએ ગયબ બરાબર રીતે થતી હતી કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો મજાઝમાં હતા અને નિદાવાળી અત્તહિય્યાત દરેક ઠેકાણે પઢવામાં આવતી હતી. ન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મના ફમાવ્યું ન સહાબાએ કિરામે કાંઈ શંકા કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અત્તહિય્યાત શીખવતી વખતે એવું ફર્માવ્યું ન હતું કે આ અત્તહિય્યાત કેવળ મારી જાહેરી જિંદગી પાકમાં છે અને અમારી વફાત શરીફ પછી બીજી પઢજો.

ફતાવાએ રશીદિયહ્, ભાગ–૧, કિતાબુલ્ અકાઈદ, પેજ–૧૭માં છે, (અર્થ) : "જેથી સંબોધનના સંબોધન સૂચક શબ્દને બદલવું જરૂરી નથી અને એમાં અમુક સહાબાની તકલીદ જરૂરી નથી. નહીં તો ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવત કે મારા ઈન્તેકાલ પછી સંબોધન (અલૈક) ન કરશો. સારાંશ કે સંબોધન સૂચક શબ્દ રાખવો ઉત્તમ (ઉલા) છે. અસલ તાલીમ એ જ પ્રકારની છે." જવાબનો ખુલાસો એ થયો કે કેટલાક સહાબાનો એ અમલ દલીલ નથી, નહીં તો લાઝિમ થશે કે હુઝૂરે પાકના જમાનામાં શિર્ક થતુ રહ્યું અને મના ન ફર્માવ્યું ! બાદમાં પણ અમુકે બદલ્યું ન કે સર્વેએ બલ્કે મિક્વાત, બાબતુત્તશહ્હુદ, અંતિમ ફસ્લમાં છે :–

وَاَمَّا قَوْلُ ابْنِ مَسْعُوْدٍ كُنَّا نَقُوْلُ الخ

فَهُوَ رِوَايَةُ اَبِىْ عَوَانَةَ وَرِوَايَةُ الْبُخَارِىِّ اَصَحُّ فِيْهَا بَيَّنْتُ اَنَّ ذٰلِكَ لَيْسَ مِنْ قَوْلِ ابْنِ مَسْعُوْدٍ بَلْ مِنْ فَهْمِ الرَّاوِىْ عَنْهُ وَلَفْظُهَا فَلَمَّا قُبِضَ قُلْنَا سَلَامٌ يَعْنِىْ عَلَى النَّبِىِّ فَقَوْلُهٗ قُلْنَا سَلَامٌ يَحْتَمِلُ اَنَّهٗ اَرَادَ بِهِ اسْتَمْرَرْنَا عَلٰى مَا كُنَّا عَلَيْهِ فِىْ

.....આ પરથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામે અત્તહિય્યાત હરગિઝ નથી બદલી, આ તો કેવળ રાવીની સમજ છે ન કે મૂળ પ્રસંગ એવો બન્યો.

(૪) કેટલાક વહાબી કહે છે કે, કોઈ નબી કે વલીને દૂરથી એમ સમજી પુકારવું કે તે અમારો અવાજ સાંભળે છે એ શિર્ક છે. કેમ કે દૂરનો અવાજ સાંભળવું એ તો ખુદાની સિફત છે. ગૈરેખુદામાં આ શકિત માનવી શિર્ક છે. હા ! જો આ અકીદો ન હોય તો યા રસૂલલ્લાહ ! યા ગૌષ ! વગેરે કહેવું જાઈઝ છે. જેમ કે હવાને પુકાર કર્યા કરાય છે કે "અય બાદે સબા" વગેરે.....કે એમાં એ ખયાલ નથી હોતો કે હવા સાંભળે છે. આજકાલ સામાન્ય વહાબીઓ આ જ ઉઝ્ર પેશ કરે છે. ફતાવાએ રશીદિયહ્ વગેરેમાં પણ આના ઉપર જોર આપવામાં આવ્યું છે.

જવાબ :– દૂરથી અવાજ સાંભળવો હરગિઝ ખુદાની સિફત નથી, દૂરથી અવાજ તો તે સાંભળે જે પુકારનારથી દૂર હોય ! રબ તઆલા તો સફેદ નસથી

પણ અધિક નિકટ છે. ખુદા ફર્માવે છે : نَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْ حَبْلِ الْوَرِيْدِ "અમે તો સફેદ રગથી પણ અધિક નજીક છીએ." *(સૂ. કાફ – ૧૬)*

وَاِذَا سَاَلَكَ عِبَادِىْ عَنِّىْ فَاِنِّىْ قَرِيْبٌ "જ્યારે મારા બંદાઓ આપનાથી મારા વિશે પૂછે તો ફર્માવો કે અમે નજીક છીએ." *(સૂ. બકર–૧૮૬)*

وَنَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْكُمْ وَلٰكِنْ لَّا تُبْصِرُوْنَ "અમે આ બીમારની સરખામણીમાં (બીમાર કરતાં) તમારાથી અધિક નજીક છીએ પણ તમે જોતા નથી." *(સૂ. વાકિઅહ–૮૫)* જેથી પરવરદિગાર તો નજીકનો જ અવાજ સાંભળે છે. દરેક અવાજ તેનાથી નજીક જ હોય છે. કેમ કે તે જાતે જ નજીક છે. અને જો માની લેવામાં આવે કે દૂરનો અવાજ સાંભળવું એ તેની સિફત છે તો નજીકનો અવાજ સાંભળવું પણ તેની સિફત છે, જેથી નજીકવાળાને પણ સાંભળનાર સમજીને ન પુકારો, નહીં તો મુશ્રિક થઈ જશો ! સૌને બહેરા જાણો ! તેમજ જેવી રીતે દૂરનો અવાજ સાંભળવું ખુદાની સિફત છે, એવી રીતે દૂરની ચીજ જોવું, દૂરની ખૂશ્બુ પામી લેવું પણ તો ખુદાની સિફત છે, અને અમે ઈલ્મે ગયબ તથા હાઝિરો નાઝિરની ચર્ચામાં સાબિત કરી ચૂકયા છીએ કે ઔલિયા અલ્લાહના માટે દૂર તથા નજીક એક સમાન છે. જ્યારે તેમની નજર દૂર તથા નજીક એક સરખુ જોઈ શકે છે તો જો તેમના કાન દૂર તથા નજીકનો અવાજ સાંભળી લે તો શાથી શિર્ક થયું ? આ સિફત (ગુણ, ખૂબી) તેમને અલ્લાહની અતાથી હાંસલ થઈ. હવે અમે બતાવીએ છીએ કે દૂરનો અવાજ અંબિયા તથા ઔલિયા સાંભળે છે.

હઝરત યાકૂબ عليه الصلوٰة والتسليم એ કિન્આનમાં રહીને હઝરત યૂસુફ عليه الصلوٰة والتسليم ના કમીઝની ખુશ્બુ પામી અને ફર્માવ્યું : اِنِّىْ لَاَجِدُ رِيْحَ يُوْسُفَ *(સૂ. યૂસૂફ–૯૪)* બતાવો ! આ શિર્ક થયું કે નહીં ? હઝરત ઉમર رضی اللہ عنہ એ મદીના પાકમાં રહીને સારિયહ્ને અવાજ આપ્યો જે નેહાવંદ સ્થળે જંગ કરી રહ્યા હતા અને હઝરત સારિયહ્એ તે અવાજ સાંભળી લીધો. (જુઓ મિશ્કાત, બાબુલ કરાહત, ફસ્લ ત્રીજી) હઝરત ફારૂકની આંખે દૂરથી જોયું, હઝરત સારિયહ્ના કાને દૂરથી સાંભળ્યું. તફસીરે રૂહુલ બયાન તથા જલાલૈન તથા મદારિક વગેરે

તફસીરોમાં આયત وَ اَذِّنْ فِی النَّاسِ بِالْحَجِّ (સૂ. હજ્જ–૨૭) હેઠળ છે કે હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم એ ખાનએ કાબા બનાવીને પહાડ પર ઊભા રહીને તમામ રૂહોને અવાજ આપ્યો કે, "હે અલ્લાહના બંદાઓ !" કિયામત સુધી જે પણ પેદા થનાર છે સૌએ તે અવાજ સાંભળી લીધો, જેણે લબ્બૈક ! કહી દીધું તે જરૂર હજ્જ કરશે અને જે રૂહ ખામોશ રહી તે કદાપિ હજ્જ નથી કરી શકતી. કહો ! અહીં તો દૂર જ નહીં બલ્કે જન્મતાં પહેલાં સૌએ હઝરત ખલીલનો અવાજ સાંભળી લીધો. તો એ શિર્ક થયું કે નહીં ? એ જ પ્રમાણે હઝરત ખલીલે બારગાહે રબમાં અર્ઝ કરી, મૌલા ! મને દેખાડી દે કે તું મુડદાંઓને કેવી રીતે જીવતાં ફર્માવીશ. તો હુકમ થયો કે ચાર પક્ષીઓને ઝબહ કરીને તેમના ગોશ્તને ચાર પહાડોમાં રાખો. ثُمَّ ادْعُهُنَّ يَأْتِيْنَكَ سَعْيًا "તમે તેમને પુકારો, દોડતાં આવશે." (સૂ. બકર–૨૬૦) જુઓ ! મરેલાં જાનવરોને પુકારવામાં આવ્યાં અને તેઓ દોડયાં ! તો શું ઔલિયા અલ્લાહ એ પક્ષીઓ જાનવરો કરતાં પણ ગયા ! આજે એક શખ્સ લંડનમાં બેસીને ટેલીફોન થકી હિંદુસ્તાનના માણસ સાથે વાત કરે છે અને એમ સમજીને પુકારે છે કે હિંદુસ્તાનમાંનો માણસ યંત્ર વડે મારી વાત સાંભળે છે. આ પુકારવું શિર્ક છે કે નહીં ? તો જો કોઈ મુસલમાનનો એવો અકીદો હોય કે નબીની કુવ્વત ટેલીફોનની કુવ્વત (શકિત)થી અધિક છે જેથી અંબિયાએ કિરામ ખુદાદાદ શકિત વડે દરેકનો અવાજ સાંભળે છે. પછી પુકારે કે "યા રસૂલલ્લાહ ! અલ ગયાષ !" તો કઈ રીતે શિર્ક થયું ?

હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم એ એક સફરમાં જતી વેળા એક જંગલમાં એક કીડીનો અવાજ દૂરથી સાંભળ્યો, તે કહે છે :–

يٰۤاَيُّهَا النَّمْلُ ادْخُلُوْا مَسٰكِنَكُمْ ۚ لَا يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَ جُنُوْدُهٗ ۙ وَ هُمْ لَا يَشْعُرُوْنَ ﴿۱۸﴾

"હે કીડીઓ ! પોતાનાં ઘરોમાં ચાલી જાવ ! તમને કચડી ન નાખે સુલૈમાન અને તેમનું લશ્કર બેખબરીમાં." (પારા–૧૯, સૂ. નમ્લ–૧૮) તફસીરે

રૂહુલ બયાન વગેરેમાં આ આયત હેઠળ છે કે આપે ત્રણ માઈલથી કીડીનો આ અવાજ સાંભળ્યો. વિચારો તો ખરા કે કીડીનો અવાજ અને ત્રણ માઈલનું અંતર ! કહો આ શિર્ક થયું કે નહીં ?!

મિશ્કાત બાબે અખ્બાતે અઝાબે કબ્રમાં છે કે દફનાવ્યા બાદ મૈયત કબ્રમાંથી બહારવાળાઓનો પગરવ સાંભળે છે અને આવનારાઓને જુએ છે અને ઓળખે છે. એટલા માટે કબ્રસ્તાનમાં જઈને કબ્રવાળાઓને સલામ કરવી જોઈએ. આટલી બધી માટીની નીચે રહીને આટલા ધીમા અવાજને સાંભળે છે કહો ! શિર્ક થયું કે નહીં ?!

અમે ઔલિયા અલ્લાહના ઈલ્મે ગયબની ચર્ચામાં મિશ્કાત, કિતાબુદ્દઅવાતની હદીષ નકલ કરી ચૂકયા છીએ કે અલ્લાહનો વલી ખુદાઈ તાકત વડે જુએ, સાંભળે અને સ્પર્શે છે. જેને ખુદા તઆલા પોતાની શકિત અતા કરી આપે તે જો દૂરથી સાંભળી લે તો શાથી શિર્ક છે ? વિરોધીઓના પેશ્વા તથા વિશ્વાસુ આલિમ મોલ્વી અબ્દુલ હૈય લખનવી 'ફતાવા અબ્દુલ હૈય,' કિતાબુલ અકાઈદ, પેજ–૪૩માં આ સવાલના જવાબમાં કે, એક શખ્સ કહે છે કે **લમ્યલીદ્ વલમ્ યૂલદ્** એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં છે. અને **કુલ હુવલ્લાહુ અહદ**એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સિફત છે. તે એક હદીષ નકલ ફર્માવે છે :–

હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ પૂછયું કે, યા રસૂલલ્લાહ ! ચાંદ આપની સાથે શો મામલો કરતો હતો જ્યારે કે તમે ૪૦ દિવસના હતા ? આપે ફર્માવ્યું કે પ્રિય માતાએ મારો હાથ મજબૂતીથી બાંધી દીધો હતો જેની તકલીફથી મને રડવું આવતું હતું. હઝરત અબ્બાસે અર્ઝ કરી કે તે દિવસોમાં આપ ચાલીસ દિવસના હતા તો એ સ્થિતિ કેમ કરીને માલૂમ થઈ ? ફર્માવ્યું કે લોહે મેહફૂઝ પર કલમ ચાલતી હતી એને હું સાંભળતો હતો જ્યારે હું માંના પેટમાં હતો, અને ફરિશ્તા અર્શની નીચે તસ્બીહ કરતા હતા અને હું તેમની તસ્બીહનો અવાજ સાંભળતો હતો જ્યારે કે માંના પેટમાં હતો. આ રિવાયતથી સાબિત થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વાલિદા માજિદાના પેટમાં જ અર્શ તથા ફર્શ તમામના અવાજો સાંભળતા હતા.

હદીષમાં છે કે જ્યારે કોઈ સ્ત્રી પોતાના પતિ સાથે ઝઘડે છે તો જન્નતથી હૂર પુકારીને તેને ધમકાવે છે. જાણવા મળ્યું કે ઘરની ઓરડીને જન્નતની હૂર આટલા દૂરથી જુએ તથા સાંભળે છે અને વળી તેણીને ઈલ્મે ગયબ પણ છે કે આ માણસનો ખાત્મો ઈમાન પર થશે !

દૂરબીન વડે દૂરની ચીજ જુએ છે, રેડીયો તથા ટેલીફોનથી દૂરનો અવાજ સાંભળે છે તો શું નબુવ્વત તથા વિલાયતની શકિત વીજળીક શકિત કરતાંય કમ છે ? મેઅરાજમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જન્નતમાં હઝરત બિલાલના કદમોની આહટ (પગરવ) સાંભળ્યો, જ્યારે કે બિલાલને મેઅરાજ થઈ ન હતી અને પોતાના ઘરમાં જ હતા, અહીં તહજ્જુદની નમાઝ માટે ચાલી રહ્યા હતા પણ પગરવ ત્યાં સંભળાઈ રહ્યો છે ! અને જો હઝરત બિલાલ પણ મિષાલી જિસ્મ સાથે જન્નતમાં પહોંચે તો હાઝિરો નાઝિરની સાબિતી થઈ. આ સૌ વાતોના વિશે વિરોધીઓ એવું જ કહેશે કે, "એ તો ખુદાએ સંભળાવ્યું તો એ હઝરાતે સાંભળી લીધું !" બસ ! અમે પણ એવું જ કહીએ છીએ કે અંબિયા તથા ઔલિયાને ખુદા દૂરના અવાજો સંભળાવે છે તો એઓ સાંભળે છે. ખુદાની એ સાંભળવાની સિફત ઝાતી છે અને તેમની અતાઈ, ખુદાની એ સિફત કદીમ (હમેશાંથી હમેશાં માટે) છે અને આ હઝરાતની હાદિષ(નવસર્જન પામેલ અને ફાની), ખુદાની એ સિફત કોઈના કબ્જામાં નથી અને તેમની આ સિફત ખુદાના કબ્જામાં છે, ખુદાનું સાંભળવું કાન વગેરે અંગો વગરનું છે અને તેમનું સાંભળવું કાનથી છે. આટલા ફરકો હોવા છતાં શિર્ક કેવું ? આ નિદા (પોકારવા) સંબંધે ઘણુ બધુ કહી શકાય છે પણ આટલુ પૂરતુ છે.

ઔલિયા અલ્લાહથી મદદ માગવું કેવું ?

અંબિયાએ કિરામ તથા ઔલિયા અલ્લાહથી મદદ માગવી જાઈઝ છે જ્યારે કે તેનો અકીદો એ હોય કે હકીકી ઈમદાદ (ખરેખર મૂળ મદદ) તો રબ તઆલાની જ છે, આ હઝરાત તેના મઝહર (રબની મદદ જાહેર થવાની જગા) છે, અને મુસલમાનનો એ જ અકીદો હોય છે. કોઈ જાહિલ પણ કોઈ વલીને ખુદા નથી સમજતો. આ ચર્ચામાં બે વિભાગ છે.

(પ્રથમ વિભાગ)

★ ગૈરુલ્લાહથી મદદ માગવાની સાબિતી ★

ગૈરુલ્લાહથી મદદ માગવાની સાબિતી કુર્આની આયતો તથા સહીહ હદીષો તથા મુહદ્દિષોના કથનો અને ખુદ વિરોધીઓના કથનોથી છે. અમે દરેકને અલગ અલગ બયાન કરીએ છીએ.

★ કુર્આની આયતોથી સાબિતી ★

કુર્આને કરીમ ફર્માવે છે :–

وَادْعُوْا شُهَدَآءَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ۝

"અને અલ્લાહના સિવાય તમારા સર્વ સમર્થકોને બોલાવી લો !"

(સૂ. બકર–૨૩)

એમાં કાફિરોને નિમંત્રણ આપવામાં આવ્યું છે કે કુર્આનના સમાન એક સૂરત બનાવીને લઈ આવો અને તમારી સહાયના માટે તમારા સમર્થકોને પણ બોલાવી. ગૈરુલ્લાહથી મદદ માગવાની ઈજાઝત આપવામાં આવી.

قَالَ مَنْ اَنْصَارِيْٓ اِلَى اللّٰهِ ؕ قَالَ الْحَوَارِيُّوْنَ نَحْنُ اَنْصَارُ اللّٰهِ ۚ

"કહ્યું મસીહે, કોણ છે જે મદદ કરે મારી તરફ અલ્લાહના દીનમાં !

હવ્વારીઓએ કહ્યું કે અમે મદદ કરીશું અલ્લાહના દીનની.''

(સૂ. આલે ઈમ્રાન–૫૨)

એમાં ફર્માવવામાં આવ્યું કે, ''મારો મદદગાર કોણ છે ?'' હઝરત ઈસા મસીહે ગૈરુલ્લાહથી મદદ તલબ કરી.

وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى ۖ وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ ۖ

''મદદ કરો એક બીજાની નેક કામો અને તકવા ઉપર અને ન મદદ કરો એકબીજાની ગુનાહ અને જુલ્મ ઉપર.'' *(સૂ. માઈદહ્–૨)* આયતમાં એકબીજાની મદદ કરવાનો હુકમ આપવામાં આવ્યો.

اِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ ''જો મદદ કરશો તમે અલ્લાહના દીનની, મદદ કરશે તે તમારી.'' *(સૂ. મુહમ્મદ–૭)* એમાં ખુદ રબ તઆલાએ ગની હોવા છતાં પોતાના બંદાઓની મદદ તલબ ફર્માવી.

રબ તઆલાએ મીષાકના દિવસે અંબિયાની રૂહોથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના બારામાં વાયદો લીધો. لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ ''કે તમે તેમના પર ઈમાન લાવજો અને તેમની મદદ કરજો.'' *(સૂ. આલે ઈમ્રાન–૮૧)* માલૂમ થયું કે અલ્લાહના બંદાઓની મદદનો મીષાકના દિવસથી હુકમ છે.

اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ''મદદ તલબ કરો સબ્ર તથા નમાઝથી.'' *(સૂ. બકરહ્–૧૫૩)* આ આયતમાં મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો કે નમાઝ અને સબ્રથી મદદ હાંસલ કરો, અને નમાઝ તથા સબ્ર પણ ગૈરુલ્લાહ જ છે. فَاَعِيْنُوْنِيْ بِقُوَّةٍ ''મદદ કરો મારી શકિતની સાથે.'' *(સૂ. કહફ–૯૫)* એનાથી જાણવા મળ્યું કે હઝરત ઝુલ્કરનૈને લોખંડી દીવાલ બનાવતી વખતે લોકોથી મદદ માગી.

રબ તઆલા ફર્માવે છે : اَيَّدَكَ بِنَصْرِهٖ وَبِالْمُؤْمِنِيْنَ ۙ

''હે નબી ! રબ તઆલાએ તમને પોતાની મદદ અને મુસલમાનો થકી શકિત અર્પી.'' *(સૂ.અન્ફાલ–૬૨)*

ફર્માવે છે : يٰۤاَيُّهَا النَّبِيُّ حَسْبُكَ اللّٰهُ وَ مَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِيْنَ۝٦٤ :

"હે નબી ! તમને અલ્લાહ અને તમારા ફર્માંબરદાર મુસલમાન પૂરતા છે." *(સૂ. અન્ફાલ–૬૪)* ફર્માવે છે :–

فَاِنَّ اللّٰهَ هُوَ مَوْلٰىهُ وَ جِبْرِيْلُ وَ صَالِحُ الْمُؤْمِنِيْنَ ۚ وَ الْمَلٰٓئِكَةُ بَعْدَ ذٰلِكَ ظَهِيْرٌ۝٤

એટલે કે "રસૂલના મદદગાર અલ્લાહ અને જિબ્રઈલ અને મુત્તકી મુસલમાન છે." *(સૂ. તહરીમ–૪)* બાદમાં ફરિશ્તા તેમના મદદગાર છે.

ફર્માવે છે :–

اِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَ رَسُوْلُهٗ وَ الَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَ يُؤْتُوْنَ الزَّكٰوةَ وَ هُمْ رٰكِعُوْنَ۝٥٥

એટલે કે "હે મુસલમાનો ! તમારા મદદગાર અલ્લાહ અને રસૂલ અને તે મુસલમાન છે જેઓ ઝકાત આપે છે, નમાઝ પઢે છે." *(સૂ. માઈદહ્ –૫૫)*

ફર્માવે છે : وَ الْمُؤْمِنُوْنَ وَ الْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ *(સૂ. તૌબા–૭૧)*

બીજી જગાએ ફર્માવે છે : اَوْلِيٰٓؤُكُمْ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَ فِي الْاٰخِرَةِ

(સૂ. હા મીમ સજદહ–૩૧) જાણવા મળ્યું કે, રબ તમારો બિઝ્ઝાત મદદગાર અને આ બિલ્ અઝ્.

મૂસા عليه الصلوٰة والسلام ને જ્યારે તબ્લીગના માટે ફિરઔનની પાસે જવાનો હુકમ થયો તો અઝ્ કરી : وَ اجْعَلْ لِّيْ وَزِيْرًا مِّنْ اَهْلِيْ۝٢٩ هٰرُوْنَ اَخِي۝٣٠ اشْدُدْ بِهٖۤ اَزْرِيْ۝٣١

"હે ખુદા ! મારા ભાઈને નબી બનાવીને મારો વઝીર કરી દે, મારી પીઠને તેમની મદદ વડે મજબૂત કરી દે." *(સૂ. તાહા–૨૯, ૩૦, ૩૧)*

રબ તઆલાએ એવું ન ફમાવ્યું કે, તમે મારા સિવાયનાનો સહારો કેમ લીધો ? હું પૂરતો નથી ? બલ્કે રબ તઆલાએ તેમની દરખાસ્ત મંજૂર કરી લીધી. જાણવા મળ્યું કે બંદાઓનો સહારો બનવું એ અંબિયાની સુન્નત છે.

મિશ્કાત બાબુસ્સુજૂદો ફઝલામાં રબિઅહ્ ઈબ્ને કઅબ અસ્લમીથી

મુસ્લિમની રિવાયત છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને ફર્માવ્યું, કાંઈ માગી લો ! મેં કહ્યું કે જન્નતમાં આપનો સાથ માગુ છું. ફર્માવ્યું, કાંઈક અધિક માગવું છે ? મેં કહ્યું, ફકત આ જ ! ફર્માવ્યું કે તમારા નફસ પર અધિક નફલો વડે મારી મદદ કરો.

એનાથી સાબિત થયું કે હઝરત રબિઅહ્એ હુઝૂરથી જન્નત માગી તો એવું ન ફર્માવ્યું કે તમે ખુદા સિવાય મારાથી જન્નત માગી ! તમે મુશ્રિક થઈ ગયા ! બલ્કે ફર્માવ્યું, એ તો મંજૂર છે પણ કાંઈક અધિક પણ માગો ! આ ગૈરે ખુદાથી મદદ માંગવું છે. વળી મજાની વાત તો એ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પણ ફર્માવે છે **અઈન્ની હે રબિઅહ્ !** તમે પણ આ કામમાં મારી આટલી મદદ કરો કે અધિક નફલો પઢયા કરો. આ પણ ગૈરુલ્લાહથી મદદ માગવું થયું. આ હદીષે પાક હેઠળ 'અશિઅતુલ લમ્આત'માં છે, (અર્થ) સવાલને બેકૈદ (બિનશરતી) કરવાથી એટલે કે ફર્માવ્યું કે, "કાંઈ માગી લો !" કોઈ ખાસ ચીજ સાથે શરતી (પાબંદ) નથી રાખ્યા. જાણવા મળે છે કે સઘળો અધિકાર હુઝૂરના જ હાથ મુબારકમાં છે. જે ચાહે જેને ચાહે પોતાના રબના હુકમથી આપે દે. કેમ કે દુનિયા તથા આખેરત આપની જ સખાવતથી છે અને લોહ તથા કલમનો ઈલ્મ આપના ઈલ્મનો એક અંશ છે. દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હોઉ તો તેમના આસ્તાના પર આવો અને જે ચાહો માગી લો.

ખાનએ કાબામાં ૩૬૦ મૂર્તિઓ રહી અને ૩૦૦ વરસ સુધી રહી. પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના થકી કા'બા પાક થયો. રબ તઆલાએ બતાવી દીધું કે મારું ઘર કા'બા મારા મેહબૂબની ઈમદાદ વિના પાક નથી થઈ શકતું તો તમારું દિલ તેમની નઝરે કરમ વગર પાક નથી થઈ શકતું.

નુરુલ અન્વારના ખુત્બામાં ખલ્કની ચર્ચામાં છે :–

هُوَ الْجُوْدُ بِالْكَوْنَيْنِ وَ التَّوَجُّهُ اِلٰى خَالِقِهِمَا (અર્થ) : બંને જહાન અન્ય લોકોને બખ્શી આપ્યાં અને પોતે ખાલિકની પ્રતિ ધ્યાનિત થઈ જવું એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખુલ્ક (આદત) છે અને જાહેર છે કે બંને જહાન બીજાઓને તે જ બખ્શશે જે ખુદ તેનો માલિક હશે, જેથી માલિકીપણુ સાબિત થયું.

શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વીના આ લખાણે સિધ્ધ કરી આપ્યું કે દુનિયા તથા આખેરતની તમામ નેઅમતો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી માગો, અવલાદ માગો, માલ માગો, જન્નત માગો, જહન્નમથી પનાહ માગો ! બલ્કે અલ્લાહને માગો ! એક સૂફી શાયર સરસ ફર્માવે છે :–

(અર્થ) : યા રસૂલલ્લાહ ! હું તમારાથી અલ્લાહને માગું છું અને હે અલ્લાહ ! હું તારાથી રસૂલુલ્લાહને માગું છું.

હઝરત કિબ્લા આલિમ મુહદ્દિષ અલીપૂરી દામઝિલ્લહુમએ ફર્માવ્યું કે રબ તઆલા ફર્માવે છે :–

وَ لَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا ﴿۶۴﴾

(ભાવાર્થ) : "જો આ લોકો પોતાની જાનો પર જુલ્મ કરીને આપની બારગાહમાં આવી જાત પછી ખુદાથી પોતાની મગફિરત માગત અને આ રસૂલ પણ તેમના માટે મગફિરતની દુઆ કરત તો એ લોકો આપની પાસે અલ્લાહને પામી લેત, પણ કઈ શાનમાં ? **તવ્વાબ્રરહીમા** તૌબા કબૂલ ફર્માવનાર મહેરબાન." *(સૂ. નિસાઅ–૬૪)* એટલે કે આપની પાસે આવવાથી તેમને ખુદા મળી જાત.

અલ્લાહકો ભી પાયા મૌલા તેરી ગલીમેં

"અશિઅતુલ લમ્આત" ની જેમ મિર્કાત શરહે મિશકાતમાં આ હદીષના હેઠળ ફર્માવ્યું છે : فَيُعْطِيْ لِمَنْ شَآءَ مَاشَآءَ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જેને જે ચાહે આપી દે. તફસીરે કબીર, ભાગ : ૩, પારા : ૭, સૂરએ અન્આમ, આયત હેઠળ :

وَلَوْ اَشْرَكُوْا لَحَبِطَ عَنْهُمْ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۸۸﴾ وَ ثَالِثُهَا الْاَنْبِيَآءُ وَهُمُ الَّذِيْنَ اَعْطَاهُمُ اللّٰهُ تَعَالٰى مِنَ الْعُلُوْمِ وَ الْمَعَارِفِ مَا لِاَجْلِهٖ يَقْدِرُوْنَ عَلَى التَّصَرُّفِ فِيْ بَوَاطِنِ الْخَلْقِ وَ اَرْوَاحِهِمْ وَ اَيْضًا اَعْطَاهُمْ مِنَ الْقُدْرَةِ وَ الْمَكْنَةِ مَا لِاَجْلِهٖ يَقْدِرُوْنَ عَلَى التَّصَرُّفِ فِيْ ظَوَاهِرِ الْخَلْقِ

"ત્રીજા એમાં અંબિયા છે આ તે હઝરાત છે જેમને રબ્બે ઈલ્મો તથા મઅરેફત એટલા પ્રમાણમાં આપ્યાં છે કે જેનાથી તેઓ મખ્લૂકની આંત્રિક

(છુપી) હાલત અને તેમની રૂહો પર તસર્રુફ કરી શકે છે.''

એ જ તફસીરે કબીર પારા અલિફ લામ મીમ.

وَاِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ (સૂ. બકર–૩૦)ની તફસીરમાં છે કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે જે કોઈ જંગલમાં ફસાઈ જાય તો કહે **અઈનૂની ઈબાદલ્લાહિ યર્હમુકુલ્લાહ ! ''** હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો ! તો રબ તમારા પર રહમ ફર્માવશે.'' 'તફસીરે રૂહુલ બયાન' સૂરએ માએદહ્ પારા–૬, وَيَسْعَوْنَ فِى الْاَرْضِ فَسَادًا (સૂ. માઈદહ્–૩૩) હેઠળ છે કે, ''શૈખ સલાહુદ્દીન ફર્માવે છે કે મને રબ્બે કુદરત (શકિત) આપી છે કે હું આસ્માનને જમીન પર પાડી દઉં, જો હું ચાહું તો તમામ દુનિયાવાળાઓને હલાક કરી દઉં અલ્લાહની કુદરતથી, છતાં હું ઈસ્લાહની દુઆ કરું છું.''

'અશિઅતુલ લમ્આત' ઝિયારતે કુબૂર પ્રકરણના પ્રારંભમાં છે :–

(અર્થ) ઈમામ ગઝાલીએ ફર્માવ્યું કે જેની પાસેથી જિંદગીમાં મદદ માગવામાં આવે છે તેમની પાસેથી તેમની વફાત બાદ પણ મદદ માગવામાં આવે. એક બુઝુર્ગે ફર્માવ્યું કે ચાર શખ્સોને અમે જોયા કે તેઓ કબરમાં પણ એ જ પ્રમાણે કાર્ય કરી રહ્યા છે જે જિંદગીમાં કરતા હતા અથવા અધિક (કાર્ય કરે છે.) એક જમાઅત કહે છે કે જીવતાની મદદ મજબૂત છે જ્યારે હું કહું છું કે મરેલાની ઈમદાદ અધિક મજબૂત છે. ઔલિયાની હુકૂમત જહાનોમાં છે અને એટલું જ નહીં પણ તેમની રૂહોને બાકીની અરવાહમાં (હુકૂમત ઉપલબ્ધ છે).

મિશ્કાતના હાશિયા, ઝિયારતે કુબૂરના પ્રકરણમાં છે :–

وَ اَمَّا الْاِسْتِمْدَادُ بِاَهْلِ الْقُبُوْرِ فِىْ غَيْرِ النَّبِىِّ عَلَيْهِ السَّلَام
اَوِ الْاَنْبِيَاءِ فَقَدْ اَنْكَرَهٗ كَثِيْرٌ مِّنَ الْفُقَهَآءِ وَ اَثْبَتَهُ الْمَشَائِخُ الصُّوْفِيَةِ وَ بَعْضُ
الْفُقَهَآءِ قَالَ الْاِمَامُ الشَّافِعِىُّ قَبْرُ مُوْسَى الْكَاظِمِ تِرْيَاقٌ مُّجَرَّبٌ لِاِجَابَةِ الدَّعْآءِ وَ
قَالَ الْاِمَامُ الْغَزَّالِىُّ مَنْ يُّسْتَمَدُّ فِى حَيَاتِهٖ يُسْتَمَدُّ بَعْدَ وَفَاتِهٖ

(અર્થ) : નબી صلی اللہ تعالیٰ علیہ وسلم તથા અન્ય અંબિયાએ કિરામ સિવાય અન્ય કબ્રવાળાઓથી દુઆ માગવાનો ઘણો ફકીહોએ ઈન્કાર કર્યો અને એને સૂફી

મશાઈખે તથા કેટલાક ફકીહોએ એ સાબિત કર્યું છે. ઈમામ શાફઈ ફર્માવે છે કે મૂસા કાઝિમની કબ્ર દુઆની કબૂલિયત માટે અજમાવાયેલ તિર્યાક છે. અને ઈમામ મુહમ્મદ ગિઝાલીએ ફર્માવ્યું કે જેની પાસેથી જિંદગીમાં માગવામાં આવી શકે છે તેની પાસેથી વફાત બાદ પણ મદદ માગવામાં આવી શકે છે. આ લખાણથી જાણવા મળ્યું કે નબી કરીમ صلى الله تعالى عليه وسلم તથા અન્ય અંબિયાએ કિરામથી મદદ માગવામાં તો કોઈનેય મતભેદ નથી, ઔલિયાની કબરોથી મદદ માગવામાં મતભેદ છે. ઉલમાએ ઝાહિરીને ઈન્કાર કર્યો અને સૂફિયાએ કિરામ અને ફકીહો તથા કશ્ફવાળાઓએ જાઈઝ દર્શાવ્યું છે.

હિસ્ને હસીન, પેજ–૨૦૨માં છે : "જ્યારે મદદ લેવા ચાહે તો કહે, હે અલ્લાહના બંદાઓ મારી મદદ કરો ! હે અલ્લાહના બંદાઓ મારી મદદ કરો ! હે અલ્લાહના બંદાઓ મારી મદદ કરો !"

અને શરહ અલહિરઝુષ્ષમીનમાં મુલ્લા અલી કારી એ જ સ્થાને ફર્માવે છે, "જંગલમાં કોઈનું જાનવર ભાગી જાય તો અવાજ આપે કે હે અલ્લાહના બંદાઓ ! એને રોકી દો ! એબાદલ્લાહ હેઠળ ફર્માવે છે : "બંદાઓથી મતલબ કયાં તો ફરિશતા કયાં તો મુસલમાન અથવા જિન્ન અથવા રિજાલુલ ગયબ એટલે અબદાલ છે. પછી ફર્માવે છે, "આ હદીષ હસન છે, મુસાફરોને આ હદીષની સખ્ત જરૂરત છે અને આ અમલ મુજર્રબ (અજમાવેલ) છે."

શાહ અબ્દુલ અઝીઝ સાહબ તફસીરે ફત્હુલ અઝીઝ, પેજ–૨૦ ઉપર ફર્માવે છે : સમજવું જોઈએ કે કોઈ ગૈરથી મદદ માગવી ભરોસાના રૂપે કે તેને અલ્લાહની મદદ ન સમજે એ હરામ છે, અને જો ધ્યાન અલ્લાહની પ્રતિ છે અને તેને અલ્લાહની મદદનો એક મઝહર (મદદ જાહેર થવાની જગા) જાણીને અને અલ્લાહની હિકમત અને સબબોનું કારખાનુ જાણીને તેનાથી જાહેરી મદદ માગી તો ઈરફાનથી દૂર નથી અને શરીઅતમાં પણ જાઈઝ છે અને આ પ્રકારની મદદ અંબિયા તથા ઔલિયા સિવાયનાએ પણ કરી છે, પરંતું હકીકતમાં એ હક્ક તઆલાના ગૈરથી માગવું નથી બલ્કે તેની જ મદદ છે.

તફસીરે અઝીઝી, સૂરએ બકરહ્, પેજ–૪૬૦ માં શાહ અબ્દુલ અઝીઝ

સાહબ ફર્માવે છે, "અલ્લાહનાં કામો જેમ કે પુત્ર આપવો, રોજી વધારવી, બીમારને સાજો કરવો અને એ પ્રમાણેના કામોને મુશ્રિકો ખબીષ રૂહો અને મૂર્તિઓની પ્રતિ સંબંધિત કરે છે અને કાફિર થઈ જાય છે અને મુસલમાન આ બાબતોને અલ્લાહના હુકમથી અથવા તેની મખ્લૂકની ખાસિયતથી ઓળખે છે, જેમ કે દવાઓ અથવા તેના નેક બંદાઓની દુઆઓ કે તે બંદાઓ રબની બારગાહેથી માગીને લોકોની હાજત રવાઈ કરે છે અને એ મોમિનોના ઈમાનમાં એનાથી કોઈ વાંધો નથી પડતો."

'બસ્તાનુલ મુહદ્દિષીન'માં શાહ અબ્દુલ અઝીઝ સાહબ શૈખ અબુલ અબ્બાસ અહમદ ઝર્રૂકીના આ અશ્આર નકલ કરે છે :–

اَنَا لِمُرِيْدِىْ جَامِعٌ لِشَتَاتِهٖ اِذَ مَا مَطٰى جَوْرُ الزَّمَانِ بِنِكْبَةٍ
وَاِنْ كُنْتَ فِى ضَيْقٍ وَّكَرْبٍ وَّ وَحْشَةٍ فَنَادِ بِيَا زَرُّوْقُ اْتِ بِسُرْعَةٍ

(અર્થ) : "હું મારા મુરીદોની ખામીઓને એકત્ર કરનારો છું જ્યારે કે જમાનાની મુસીબતો તેને તકલીફ આપે અને જો તું તંગી કે મુસીબત કે ગભરાહટમાં હોય તો પોકાર કે હે ઝર્રૂક ! હું તુરત આવીશ !"

તફસીરે કબીર, રૂહુલ બયાન તથા ખાઝિનમાં સૂરએ યૂસુફની આયત : فَلَبِثَ فِي السِّجْنِ بِضْعَ سِنِيْنَ ﴿۴۲﴾ *(સૂ. યૂસુફ–૪૨)* હેઠળ છે :....અને ખાઝિનમાં આયત : فَاَنْسٰهُ الشَّيْطٰنُ *(સૂ. યૂસુફ–૪૨)* હેઠળ છે : (અર્થ) "મુસીબત દૂર કરવા માટે મખ્લૂકથી મદદ લેવી જાઈઝ છે."

દુર્રે મુખ્તાર, ભાગ–૩, બાબુલ્લલકતના છેવટમાં **ગુમ થયેલી ચીજ શોધવા માટે એક અમલ** લખ્યો છે :

اِنَّ الْاِنْسَانَ اِذَا ضَاعَ لَهٗ شَيْءٌ وَّ اَرَادَ اَنْ يَّرُدَّهُ اللّٰهُ عَلَيْهِ فَلْيَقِفْ عَلٰى مَكَانٍ عَالٍ مُسْتَقْبِلَ الْقِبْلَةِ وَ يَقْرَءُ الْفَاتِحَةَ وَ يُهْدِىْ ثَوَابَهَا لِلنَّبِىِّ عَلَيْهِ السَّلَامُ ثُمَّ يُهْدِىْ ثَوَابَهَا لِسَيِّدِىْ اَحْمَدِ ابْنَ عَلْوَانَ يَقُوْلُ يَا سَيِّدِىْ يَا اَحْمَدَ ابْنَ عَلْوَانَ اِنْ لَّمْ تَرُدَّ عَلَىَّ ضَالَّتِىْ وَ اِلَّا نَزَعْتُكَ مِنْ دِيْوَانِ الْاَوْلِيَاءِ فَاِنَّ اللّٰهَ يَرُدُّ ضَالَّتَهٗ بِبَرَكَتِهٖ

(અર્થ) જે કોઈની કોઈ ચીજ ખોવાઈ જાય અને એ ઈચ્છે કે ખુદા એ ચીજ પાછી મેળવી આપે તો કોઈ ઊંચી જગા પર કિબ્લા તરફ મોઢું કરીને ઊભો રહે અને સૂરએ ફાતિહા પઢીને તેનો સવાબ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને હદિયા રૂપે પેશ કરે પછી સૈયદ અહમદ ઈબ્ને અલ્વાનને પેશ કરે પછી આ દુઆ પઢે : હે મારા આકા અહમદ ઈબ્ને અલ્વાન ! જો તમે મારી ચીજ ન આપી તો હું તમને ઔલિયાના દફ્તરમાંથી કાઢી નાખીશ ! તો ખુદા તઆલા તેની ખોવાયેલી ચીજ તેમની બરકતથી મેળવી આપશે.

આ દુઆમાં સૈયદ અહમદ ઈબ્ને અલ્વાનને પોકાર્યા પણ અને મદદ પણ માગી અને તેમની ખોવાએલી ચીજ પણ માગી અને આ દુઆ કોણે બતાવી ? હનફીઓના ફકીહે આઝમ દુર્રે મુખ્તારના લેખક હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ એ ! આપ કસીદએ નોઅમાન ફર્માવે છે :–

يَـا اَكْرَمَ الثَّقَلَيْنِ يَا كَنْزَ الْوَرٰى جُدْلِىْ بِجُوْدِكَ اَرْضِنِىْ بِرِضَاكَ
اَنَـا طَـامِعٌ بِالْجُوْدِ مِنْكَ لَمْ يَكُنْ لِاَبِىْ حَنِيْفَةَ فِى الْاَنَامِ سِوَاكَ

"હે મૌજૂદાતથી અકરમ ! અને અલ્લાહની નેઅમતોના ખજાના ! જે અલ્લાહે તમને આપ્યું છે તે મને પણ આપો ! અને અલ્લાહે તમને રાજી કરેલ છે, મને પણ તમે રાજી કરો ! હું આપની સખાવતનો ઉમ્મીદવાર છું આપના સિવાય અબૂ હનીફાનો મખ્લૂકમાં કોઈ નથી." એમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સ્પષ્ટ શબ્દોમાં મદદ પણ માગવામાં આવી છે. કસીદએ બુરદહ્માં છે :–

يَـا اَكْرَمَ الْخَلْقِ مَالِىْ مَنْ اَلُوْذُبِهٖ سِوَاكَ عِنْدَ حُلُوْلِ الْحَادِثِ الْعَمَمِ

"હે તમામ મખ્લૂકથી બેહતર ! મારું આપના સિવાય કોઈ નથી કે મુસીબતના સમયે જેની હું પનાહ લઉં !"

જો અમે તે ઉલમા તથા ફકીહો તથા મશાઈખના કલામો એકત્ર કરીએ જેમાં તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી મદદ માગી છે તો તેના માટે એક દફ્તર જોઈએ, માટે કેવળ આટલાથી બસ કરીએ છીએ. તદ્ ઉપરાંત અમે "કબરોની ઝિયારત માટે સફર"ના પ્રકરણમાં "શામી"નું લખાણ નકલ કરીશું જેમાં ઈમામ

શાફઈ ફર્માવે છે કે, "જ્યારે મને કોઈ હાજત ઉપસ્થિત થાય છે તો ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ના મઝાર પર આવું છું તો તેમની બરકતથી કામ થઈ જાય છે."

નુઝતુલ ખાતિર અલ્ ફાતિર ફી તર્જુમએ સૈયદી શરીફ અબ્દુલ કાદિર, લેખક મુલ્લા અલી કારી પેજ–૬૧ માં હુઝૂર ગૌષે આઝમ رضی اللہ عنہ નો કૌલ નકલ ફર્માવે છે : (અર્થ) : "જે કોઈ રંજ તથા ગમમાં મારાથી મદદ માગે તો તેનો રંજો ગમ દૂર થશે અને જે તકલીફના વખતે મારું નામ લઈને મને પોકારશે તો તે તકલીફ દૂર થશે. અને જે કોઈ હાજતમાં રબની તરફ મને વસીલો બનાવે તો તેની હાજત પૂર્ણ થશે."

વળી એ જ જગાએ છે કે હુઝૂર ગૌષે પાક **"નમાઝે ગૌષિયહ્'**ની તરકીબ બતાવે છે કે, બે રકાત નફલ પઢે, દરેક રકાતમાં ૧૧–૧૧ વખત સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) પઢે. સલામ ફેરવીને ૧૧ વખત સલાતો સલામ પઢે. પછી બગદાદની તરફ ૧૧ કદમ ચાલે, દરેક કદમ પર મારું નામ લઈને પોતાની હાજત અર્ઝ કરે અને આ બે શેઅર પઢે :–

اَيُدْرِكُنِى ضَيْمٌ وَّ اَنْتَ ذَخِيْرَتِىْ وَاُظْلَمُ فِى الدُّنْيَا وَ اَنْتَ نَصِيْرِىْ
وَعَارٌ عَلٰى حَامِى الْحِمٰى وَهُوَ مُنْجِدِىْ اِذَا ضَاعَ فِى الْبَيْدَا عِقَالُ بَعِيْرِىْ

આમ લખીને મુલ્લા અલી કારી ફર્માવે છે કે વારંવાર આ 'નમાઝે ગૌષિયહ્'નો અખતરો કરવામાં આવ્યો અને દુરૂસ્ત નીકળ્યો. કહો ! હુઝૂર ગૌષે પાક મુસલમાનોને તાલીમ આપે છે કે મુસીબતના સમયે મારાથી મદદ માગો ! અને હનફીઓના મહાન વિશ્વાસુ આલિમ મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ તેને રદિયો આપ્યા વિના નકલ કરીને ફર્માવે છે કે, એનો પ્રયોગ કરવામાં આવ્યો તો તદ્દન સહીહ નીકળ્યું. જાણવા મળ્યું કે બુઝુર્ગોથી વફાત બાદ મદદ માંગવી જાઈઝ અને ફાયદામંદ છે.

એટલે સુધી કે અમે કુર્આની આયતો તથા હદીષો તથા ફકીહો, આલિમો તથા મશાઈખના કથનોથી પુરવાર કરી આપ્યું. હવે ખુદ મના કરનારાઓના કથનોથી એની સાબિતી જોઈ લો ! :–

મોલ્વી મહમૂદ હસન દેવબંદીઓના શૈખુલ હિંદ પોતાના તજુર્મા કરેલ કુર્આનમાં જે ચાર પારાઓનો હાશિયો તેમણે લખ્યો છે, બાકીનો શબ્બીર અહમદે લખ્યો છે, તેમાં **ઈય્યાક નસ્તઈન**ના હેઠળ જણાવે છે : "હા ! જો કોઈ મકબૂલ બંદાને અલ્લાહની રહમત પામવાનો વાસ્તો અને ગૈર મુસ્તકિલ સમજીને જાહેરી મદદ તેનાથી માંગે તો એ જાઈઝ છે. કેમ કે આ મદદ હકીકતમાં હક્ક તઆલાની જ મદદ છે." બસ ! ફૈસલો જ કરી આપ્યો ! આ જ અમારો પણ દાવો છે અને કોઈ પણ મુસલમાન કોઈ વલી કે નબીને ખુદા નથી માનતો ન ખુદાનો પુત્ર, કેવળ વસીલો જ માને છે.

ફતાવાએ રશીદિયહ્, ભાગ–૧, કિતાબુલ ખતર વલ એબાહત પેજ–૬૪ ઉપર એક સવાલ તથા જવાબ છે :–

સવાલ :– આ લખાણના શેઅરોને વાંચશો, "યા રસૂલે કિબ્રિયા ! ફર્યાદ હૈ ! યા મુહમ્મદ મુસ્તફા ફર્યાદ હૈ ! મદદ બહરે ખુદા હઝરત મુહમ્મદ મુસ્તફા ! મેરી તુમસે હર ઘળી ફર્યાદ હૈ." આ શેઅરો કેવા છે ?

જવાબ :– આવા શબ્દો કહેવા જાહેરમાં કે એકાંતમાં એવા ખયાલ સાથે કે હક્ક તઆલા આપની ઝાતને ખબર કરી આપે, અથવા કેવળ મહોબ્બતમાં કશાય ખયાલ વિના એ જાઈઝ છે.

ફતાવાએ રશીદિયહ્, ભાગ–૩, પેજ–૫ ઉપર છે :–

يَـا رَسُوْلَ اللّٰـهِ اُنْـظُرْ حَـالَـنَـا يَـا رَسُـوْلَ اللّٰـهِ اِسْـمَـعْ قَـالَنَـا
اِنَّـنِـىْ فِـىْ بَـحْـرِهَمٍّ مُّغْـرَقٌ خُـذْ يَـدِىْ سَهِلٌّ لَـنَـا اَشْكَـالَنَـا

અથવા 'કસીદા બુરદહ'ના આ શેઅરોનો વઝીફો કરવો,

يَـا اَكْرَمَ الْخَلْقِ مَالِىْ مَنْ اَلُوْذُبِهٖ سِوَاكَ عِنْدَ حُلُوْلِ الْحَادِثِ الْعمم

જવાબ આપ્યો કે આવા શબ્દો ગદ્ય હોય કે પદ્યમાં વિર્દ કરવા 'મકરૂહે તન્ઝીહી' છે, કુફ્ર તથા ફિસ્ક નથી.

આ બંને લખાણોમાં હુઝૂર ﷺ થી મદદ માગવાને કુફ્ર તથા શિર્ક નથી બતાવ્યું બલ્કે જાઈઝ, અને વધુમાં કહ્યું તો 'મકરૂહે તન્ઝીહી' કહ્યું ! કસીદએ

કાસિમીમાં દેવબંદી મોલ્વી કાસિમ નાનોત્વી સાહબ ફર્માવે છે :–

મદદ કર અય કરમે અહમદી ! કે તેરે સિવા,
નહીં હૈ કાસિમે બેકસકા કોઈ હામી કાર

એમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી મદદ માગી છે અને અર્ઝ કરી છે કે આપના સિવાય મારું કોઈ પણ હિમાયત (મદદ) કરનાર નથી. એટલે કે ખુદાને પણ ભૂલી ગયા !

એ જ પ્રમાણે સિરાતે મુસ્તકીમના ઉર્દૂ તર્જુમા, પેજ–૧૦૩ પર (દેવબંદી પેશ્વા) મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે : "એ જ પ્રમાણે આ ઉચ્ચ મર્તબા અને ઉચ્ચ મન્સબવાળા સાહબો આલમે મિષાલ અને આલમે શહાદતમાં તસર્રુફ કરવા માટે મુત્લક અધિકારી અને મજાઝ હોય છે."

હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ (દેવબંદી પેશ્વાઓના પીર સાહબ) ફર્માવે છે :–

જહાઝ ઉમ્મતકા હક્કને કર દિયા હૈ આપકે હાથોં,
તુમ અબ ચાહે ડુબાઓ યા તરાઓ યા રસૂલલ્લાહ !

ફતાવા રશીદિયહ્, ભાગ–૧, કિતાબુલ બિદઆત, પેજ–૯૯ માં છે :–

"અને કેટલીક રિવાયતોમાં જે આવ્યું છે **અઈનૂની યા ઈબાદલ્લાહ !** એટલે કે હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો ! તો તે ખરેખર કોઈ મૈયતથી મદદ નથી બલ્કે અલ્લાહના બંદાઓ જેઓ રણ (જંગલો)માં મૌજૂદ હોય છે તેમનાથી મદદ માગવું છે, કેમ કે હક્ક તઆલાએ તેમને એ કામ માટે નિયુકત કરેલા છે."

આ લખાણથી જાણવા મળ્યું કે જંગલોમાં કેટલાક અલ્લાહના બંદાઓ અલ્લાહ તરફથી એટલા માટે રહે છે કે લોકોની મદદ કરે, તેમનાથી મદદ માગવી જાઈઝ છે. મુદ્દો અમારો પણ એ જ છે કે અલ્લાહના બંદાઓથી મદદ માગવી જાઈઝ છે. રહ્યો એ ફૈંસલો કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم મદદ ફર્માવી શકે છે કે નહીં, એના વિશે અમે ઘણુ બધુ પેશ કરી ચૂકયા છીએ અને આગળ

બૌદ્ધિક દલીલોમાં વર્ણવીશું.

મોલ્વી મહમૂદ હસન દેવબંદી 'અદિલ્લએ કામિલા'માં પેજ–૧૪ ઉપર ફર્માવે છે, "આપ અસલમાં ખુદા પછી આલમના માલિક છે અને એ જ કારણે અદ્લ તથા મહેર આપના જિમ્મે અદા કરવું વાજિબ ન હતું."

સીરાતે મુસ્તકીમ, દૂસરી હિદાયત, પહલા ઈફાદા, પેજ–૬૦માં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી ફર્માવે છે :– "અને હઝરત અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريم માટે શૈખેન પર પણ એક ગણી ફઝીલત સાબિત છે અને તે ફઝીલત આપના ફર્માંબરદારોનું વધારે હોવું અને વિલાયતના મકામો બલ્કે કુત્બિયત તથા ગૌષિયત તથા અબ્દાલિયત અને તેના જેવી બાકીની ખિદમતો આપના સમયથી લઈને દુનિયાના અંત સુધી આપના માધ્યમથી થનાર છે. અને બાદશાહોની બાદશાહત અને અમીરો (સરદારો)ની અમારત (સરદારી)માં આપને જે દખલ છે તે આલમે મલકૂતમાં સૈર કરનારાઓ પર છુપુ નથી."

આ લખાણથી સ્પષ્ટ માલૂમ થયું કે સલ્તનત, અમીરી, વિલાયત, ગૌષિયત હઝરત અલી رضى الله عنه થી લોકોને મળે છે.

ઈમ્દાદુલ ફતાવા, લેખક મોલ્વી અશરફ અલી થાનવી ભાગ–૪, કિતાબુલ, અકાઈદ વલ્ કલામ, પેજ–૯૯ માં છે : "જે મદદ એવા અકીદા સાથે હોય કે મુસ્તક્રિલ (અલ્લાહની અતા વિનાના) ઈલ્મ તથા શકિત વડે મળે છે તેમ માનવું શિર્ક છે. અને જો ગૈર મુસ્તક્રિલ (એટલે અલ્લાહની અતાથી) ઈલ્મ તથા કુદરત હોવાની માન્યતાવાળી કોઈ દલીલથી સાબિત થઈ જાય તો જાઈઝ છે, ચાહે મદદ કરનાર જીવંત હોય કે મૈયત."

જુઓ ! એમણે તો ફૈસલો જ આપી દીધો કે મખ્લૂક્ને ગૈર મુસ્તકિલ કુદરતવાળા માનીને તેમનાથી મદદ માગવી જાઈઝ છે, ભલે તે મૈયતથી જ માગવામાં આવે ! એ જ તો અમે કહીએ છીએ !

મોલ્વી અશરફ અલી થાનવીએ પોતાની કિતાબ'નશરુત્તૈયિબ'ના છેવટમાં શમીમ અલહબીબના અરબી અશ્આરનો તર્જુમો કર્યો જેનું નામ 'શમ્મુત્તય્યબ' રાખ્યું જેમાં હુઝૂર صلى الله تعالى عليه وسلم થી કશાય ખચકાટ વિના મદદ માગી.

દસ્તગીરી કીજિએ મેરે નબી,
કશમકશમેં તુમ હી હો મેરે વલી
જુઝ તુમ્હારે હૈ કહાં મેરી પનાહ
ફૌજે કલ્ફત મુઝપે આ ગાલિબ હુઈ
ઈબ્ને અબ્દુલ્લાહ ! ઝમાના હૈ ખિલાફ
અય મેરે મૌલા ખબર લિજેએ મેરી

–(નિશ્રુત્તૌયિબ ફી ઝિકુલ હબીબ)

ઔલિયા અલ્લાહથી મદદ માગવા વિશે બૌધ્ધિક દલીલો

દુનિયા આખેરતનો નમૂનો છે અને અહીંનો કારોબાર તે આલમના કારોબારની ભાળ આપે છે એટલા માટે કુર્આને કરીમે હશ્ર નશ્ર અને રબની ઉલૂહિયતને દુનિયવી દ્રષ્ટાંત વડે સાબિત કરેલ છે. દા.ત. ફર્માવ્યું કે સૂકી જમીન પર વરસાદ પડે છે તો પછી હરીયાળી થઈ જાય છે, એ જ પ્રમાણે નિષ્પ્રાણ શરીરોને બીજીવાર જીવન આપવામાં આવશે. તેમ જ ફર્માવ્યું કે, તમે માન્ય નથી કરતા કે તમારા ગુલામોમાં કોઈ અન્ય ભાગીદાર બને તો અમારા માલિકીપણામાં મૂર્તિઓ વગેરેને શા માટે શરીક (ભાગીદાર) માનો છો ? મતલબ કે દુનિયા આખેરતનો નમૂનો છે અને દુનિયામાં તો જોવામાં આવ્યું છે અને દરેક ખાતામાં વિવિધ હૈસિયતના લોકો રાખવામાં આવે છે, કોઈ અધિકારી તો કોઈ તેના હાથ નીચે. પછી સર્વ મંત્રીઓમાં મુખ્ય મંત્રી નિમવામાં આવે છે. એટલે કે દરેક કામ બાદશાહની મરજી પ્રમાણે થાય છે પણ ડાયરેકટ એના હાથ વડે નથી થતું. એનો મતલબ એ નથી કે બાદશાહ મજબૂરીના કારણે કાર્યકારીમંડળ રાખે છે. કેમ કે બાદશાહ જાતે પાણી પી શકે છે, પોતાનાં મોટાભાગનાં જીવન જરૂરી કામો જાતે કરી શકે છે પણ રૂઆબનો તકાઝો એ છે કે દરેક કામ ખાદિમો થકી લેવામાં આવે અને પ્રજાને સૂચના કરવામાં આવી કે પોતાની જરૂરતોના સમયે એ નિશ્ચિત કરેલા હાકિમોનો સંપર્ક કરો. બીમારીમાં દવાખાને જઈને ડોકટરને કહો, મુકદ્દમા વખતે કચેરીએ જઈને જજને વકીલો મારફતે કહો.....વગેરે વગેરે. આ મુસીબતોમાં પ્રજાનું એ હાકિમો પ્રતિ જવું બાદશાહથી બગાવત નથી, બલ્કે એ બરાબર અને મરજીના પ્રમાણે છે કે તેણે તેમને એના માટે જ નિયુકત કર્યા છે, હા ! એ પ્રજા અન્યને પોતાનો બાદશાહ બનાવીને એનાથી મદદ માગે તો હવે બાગી (વિદ્રોહી) છે, કેમ કે બાદશાહે નિયુકત કરેલાને છોડયા અને અન્યને પોતાનો હાકિમ માન્યો.

જ્યારે આ વાત સમજમાં આવી ગઈ તો સમજો કે, આ તરીકો અલ્લાહ તઆલાની સલ્તનતનો છે કે તે કાદિર (શકિતવાન) છે કે દુનિયાનું નાનુ મોટુ દરેક કામ પોતાની કુદરત વડે પોતે પૂર્ણ ફર્માવી શકે છે, પણ એવું નથી કરતો, બલ્કે વિશ્વવ્યવસ્થા માટે ફરિશ્તાઓ વગેરેને નિયુકત કર્યા છે અને તેમના અલગ અલગ ખાતાંઓ પાડી દીધાં. જીવ કાઢનારાઓનું એક ખાતુ જેમાં ઉચ્ચ અધિકારી હઝરત ઈઝરાઈલ عليه الصلوٰة والتسليم છે, એ જ પ્રમાણે માણસની હિફાઝત, રોજી પહોંચાડવું, વરસાદ વરસાવવો, માણસોના પેટમાં બાળકો બનાવવાં, તેમની તકદીર લખવી, દફન થનાર મૈયતોને સવાલો પૂછવું, સૂર ફૂંકીને મુંડદાંઓને જીવંત કરવાં અને કયામત સ્થાપવી, પછી કિયામતમાં જન્નત તથા દોઝખની વ્યવસ્થા કરવી મતલબ કે દુનિયા તથા આખેરતના સર્વ કામો ફરિશ્તાઓમાં વહેંચી દીધાં.

એ જ પ્રમાણે પોતાના પ્રિય માણસોના હસ્તક પણ વિશ્વની વ્યવસ્થાનાં કામો રાખ્યાં અને તેમને અધિકારો અતા કર્યા. તસવ્વુફની કિતાબો જોઈને જાણવા મળે છે કે ઔલિયા અલ્લાહના કેટલા તબકા છે અને કોના જિમ્મે કયાં કયાં કામો છે. એનું કારણ એ નથી કે રબ તઆલા તેમનો મોહતાજ છે બલ્કે સલ્તનતના કાનૂનનો એ જ તકાઝો છે. વળી એ હઝરાતને વિશિષ્ટ અધિકારો પણ આપવામાં આવે છે, જેના કારણે તેઓ કહે છે કે અમે આવું કરી શકીએ છીએ. આ કેવળ કયાસ (ધારણા) નથી બલ્કે કુર્આન તથા હદીષ એના માટે સાક્ષી છે.

હઝરત જિબ્રઈલે હઝરત મરયમને કહ્યું :–

قَالَ اِنَّمَآ اَنَا رَسُوْلُ رَبِّكِ ۖ لِاَهَبَ لَكِ غُلٰمًا زَكِيًّا ﴿١٩﴾

"હે મરયમ ! હું તમારા રબનો કાસિદ છું, આવ્યો છું જેથી તમને પાક ફરઝંદ આપુ." *(સૂ. મરયમ–૧૯)* જાણવા મળ્યું કે હઝરત જિબ્રઈલ પુત્ર આપે છે. હઝરત મસીહ عليه الصلوٰة والتسليم ફર્માવે છે :–

اَنِّيْٓ اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّيْنِ كَهَيْـَٔةِ الطَّيْرِ فَاَنْفُخُ فِيْهِ فَيَكُوْنُ طَيْرًا بِاِذْنِ اللّٰهِ ۚ

"હું તમારા માટે માટીથી પક્ષી જેવી શકલ બનાવીને તેમાં ફૂંકું છું તો તે

ખુદાના હુકમથી પક્ષી બની જાય છે." *(સૂ. આલે ઈમ્રાન–૪૯)* જાણવા મળ્યું કે હઝરત મસીહ અલ્લાહના હુકમથી નિર્જીવોમાં જીવ પૂરે છે.

قُلْ يَتَوَفّٰىكُمْ مَّلَكُ الْمَوْتِ الَّذِىْ وُكِّلَ بِكُمْ "ફર્માવી દો કે તમને મલકુલ મૌત વફાત આપશે જે તમારા પર નિયુકત કરવામાં આવેલા છે." *(સૂ. સજદહ–૧૧)* જાણવા મળ્યું કે હઝરત ઈઝરાઈલ જીવંતને નિર્જીવ કરે છે. અન્ય પણ આ પ્રકારની આયતો મળશે જેમાં ખુદાઈ કામોને બંદાની પ્રતિ સંબંધિત કરેલ છે.

રબ તઆલા હુઝૂર صلى الله تعالى عليه وسلم ની શાનમાં ફર્માવે છે :

وَ يُزَكِّيْهِمْ وَ يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ "મારા મહબૂબ તેમને પાક ફર્માવે છે અને તેમને કિતાબ તથા હિકમત શીખવાડે છે." *(સૂ. આલે ઈમ્રાન–૧૬૪)*

اَغْنٰهُمُ اللّٰهُ وَ رَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ "તેમને અલ્લાહ તથા રસૂલે પોતાના ફઝ્લથી ગની (માલદાર) કરી દીધા." જાણવા મળ્યું કે હુઝૂર صلى الله تعالى عليه وسلم દરેક ગંદકીથી પાક પણ ફર્માવે છે અને ગરીબોને માલદાર પણ કરે છે. خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَ تُزَكِّيْهِمْ

"આપ તેમના માલોમાંથી સદકો વસૂલ કરો અને એનાથી એમને પાક કરી આપો." *(સૂ. તૌબા–૧૦૩)* જાણવા મળ્યું કે એ જ અમલ ખુદાને ત્યાં મકબૂલ (સ્વીકાર્ય) છે જે બારગાહે રિસાલતમાં મંઝૂર થઈ જાય.

وَ لَوْ اَنَّهُمْ رَضُوْا مَآ اٰتٰىهُمُ اللّٰهُ وَ رَسُوْلُهٗ ۙ وَ قَالُوْا حَسْبُنَا اللّٰهُ سَيُؤْتِيْنَا اللّٰهُ مِنْ فَضْلِهٖ وَ رَسُوْلُهٗٓ

"અને કેટલું સારું થાત કે જો તેઓ એના પર રાજી થઈ જાત જે અલ્લાહ વ રસૂલે તેમને આપ્યું અને કહેતા કે અલ્લાહ અમારા માટે પૂરતો છે, હવે એમને અલ્લાહ પોતાના ફઝ્લથી અને રસૂલ આપશે." *(સૂ. તૌબા, આ. ૫૯)* જાણવા મળ્યું કે રસૂલ صلى الله تعالى عليه وسلم આપે છે.

આ આયતોથી જાણવા મળ્યું કે જો કોઈ કહે કે એમને રસૂલુલ્લાહ ઈજ્જત

આપે છે, માલ તથા ઔલાદ આપે છે, તો સહીહ છે, કેમ કે આયતોએ એ જણાવ્યું, પરંતું મકસદ એ જ થશે કે આ હઝરાત અલ્લાહની હુકૂમતના હાકિમો છે, રબ તઆલાએ તેમને આપ્યું અને તેઓ આપણને આપે છે. એ જ પ્રમાણે મુસીબતના સમયે ઔલિયા અલ્લાહ, અંબિયાએ કિરામથી મદદ માગવું પણ એ જ રીતે થયું જેવી રીતે કે બીમારી તથા મુકદમા વખતે રાજાની પ્રજા ડોકટર અથવા હાકિમ પાસેથી મદદ માગે છે. કુર્આને ફર્માવ્યું :–

وَ لَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا۝

"જો આ ગુનેહગાર પોતાની જાનો પર જુલ્મ કરીને હે મહબૂબ ! તમારી પાસે આવી જાય અને પછી અલ્લાહથી મગફિરત માગે અને હે મહબૂબ ! તમે પણ તેમના માટે મગફેરતની દુઆ કરત તો તેઓ અલ્લાહને તૌબા કબૂલ કરનાર મહેરબાન પામત." *(સૂ. નિસાઅ–૬૪)* આલમગીરી, કિતાબુલ હજ્જ, ઝિયારતે કુબૂરના પ્રકરણમાં ફર્માવે છે, "હજી પણ જ્યારે ઝિયારત કરનાર રોઝએ પાક પર હાજર થાય તો આ આયત પઢે."

આ તો દુનિયામાં હતું, કબરમાં ત્રણ સવાલ નકીરૈન કરે છે. પ્રથમ તો **મન રબ્બુક** "તારો રબ કોણ છે ?" બંદો કહે છે કે "અલ્લાહ." પછી પૂછે છે કે તારો દીન કયો છે ? બંદો કહે છે કે "ઈસ્લામ." આ સવાલોમાં ઈસ્લામની સર્વ વાત આવી ગઈ છતાં હજી પાસ નથી થયો ! બલ્કે આખરી સવાલ થાય છે કે, આ લીલા ગુંબદવાળા આકાને તું શું કહે છે ? જ્યારે એ સ્પષ્ટપણે કહેવડાવી લીધું કે, હા ! હું તેમને ઓળખું છું, એ મારા નબી મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم છે, ત્યારે સવાલો ખત્મ થાય છે. તો કબરમાં તેમના નામની મદદથી નજાત થઈ. કયામતમાં લોકો તંગ આવીને શફીઅને જ શોધશે. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દરવાજા સુધી પહોંચી જશે ત્યારે હિસાબો કિતાબ શરૂ થશે તે પણ હુઝૂરની શફાઅતથી થશે. જાણવા મળ્યું કે રબને એ મંઝૂર છે કે સર્વ આલમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો જ મોહતાજ રહે, અહીં પણ કબ્રમાં પણ અને હશ્રમાં પણ. એટલા માટે ફર્માવ્યું : وَابْتَغُوْٓا اِلَيْهِ الْوَسِيْلَةَ "તમે રબની તરફ

વસીલો શોધો." *(સૂ. માઈદહ–૩૫)* એટલે કે દરેક જગાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાની જરૂરત છે.

જો અહીં વસીલાથી મકસદ નેક અમલો જ હોય તો આપણા જેવા ગુનેહગાર બદ્ અમલ તથા મુસલમાનોનાં બાળકો, પાગલો તેમજ જેઓ ઈમાન લાવતાં જ મૃત્યુ પામે તે સૌ વસીલા વિનાના જ રહી જાય ! તેમજ નેક અમલો પણ તો હુઝૂરના જ તુફૈલથી હાંસલ થશે, તો પણ વાસ્તાથી હુઝૂરનો જ વસીલો જરૂરી થયો. નબીના વસીલાના કાફિરો પણ માનનારા છે. وَكَانُوْا مِنْ قَبْلُ يَسْتَفْتِحُوْنَ عَلَى الَّذِيْنَ كَفَرُوْا *(સૂ. બકર–૮૯)* મક્કા મોઅઝ્ઝમા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી પાક થયું અને હુઝૂરના વસીલાથી જ કિબ્લો બન્યું. فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا *(સૂ. બકર–૧૪૪)* બલ્કે હુઝૂરના વસીલાથી જ કુર્આન કુર્આન કહેવાયું.

શૈતાન અંબિયાના વાસ્તા વિના રબ તઆલા સુધી પહોંચવા ચાહે છે તો તારા (સિતારા) વડે મારી દેવામાં આવે છે, પણ જો મદીનાના માર્ગે થઈને જાત તો કદાપિ ન મારવામાં આવત. એ જ પરિણામ તેમનું પણ થશે જેઓ કહે છે કે, "ખુદાને માન ! ખુદા સિવાય કોઈને ન માન !" (જેમ કે 'તકવિયતુલ ઈમાન'માં દેવબંદી ઈસ્માઈલ દહેલ્વીએ લખ્યું છે.)

આપણી આ ચર્ચાથી એટલું જાણવા મળ્યું કે અંબિયા તથા ઔલિયાથી મદદ માગવી અથવા તેમને હાજત રવા જાણવા ન શિર્ક છે અને ન ખુદાથી બગાવત છે, બલ્કે એ બરાબર રીતે ઈસ્લામી કાનૂન અને અલ્લાહની મરજીના પ્રમાણે છે.

હુઝૂર પર મેઅરાજમાં પ્રથમ ૫૦ વખતની નમાઝ ફર્ઝ ફર્માવી. પછી હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم ની અર્ઝ પર કમ કરતાં કરતાં પાંચ રાખી. છેવટે આવું શા માટે ? એટલા માટે કે મખ્લૂક જાણે કે નમાઝ પચાસની પાંચ રહી એમાં મૂસા علیہ الصلوٰۃ والتسلیم ની મદદ સમાએલી છે. એટલે કે અલ્લાહના મકબૂલ બંદાઓ વફાત બાદ પણ મદદ ફર્માવે છે. રહ્યું મુશ્રિકોનું પોતાની મૂર્તિઓથી મદદ માંગવું, તો એ બિલકુલ શિર્ક છે, તેના બે કારણો છે : પ્રથમ તો એટલા માટે કે તેઓ

તેમને ખુદાઈ અસર અને તેમનો નાનો ખુદા માનીને મદદ માગે છે, એટલા માટે તેમને ઈલાહ અથવા ભાગીદાર કહે છે એટલે કે આ મૂર્તિઓને અલ્લાહના બંદા અને વળી ઉલૂહિયતના ભાગીદાર માને છે. જેમ કે ઈસા عليه الصلوٰة والتسليم ને ઈસાઈઓ અલ્લાહના બંદા હોવાની સાથોસાથ ઈબ્નુલ્લાહ (અલ્લાહના પુત્ર) અથવા ત્રણમાંનો એક અથવા અયન અલ્લાહ માને છે. મો'મિન એ ઔલિયા તથા અંબિયાને કેવળ બંદા જ માનીને તેમને એ રીતના હાજતરવા માને છે **જેમ કે દેવબંદીઓ માલદારોને મદ્રસાના સહાયક તથા મદદગાર અથવા ડોકટર તથા હાકિમને હુકૂમતના મુખ્તાર માને છે.** બીજું એટલા માટે કે મૂર્તિઓને રબ તઆલાએ ઈખ્તિયારો નથી આપ્યા, તેઓ પોતાના તરફથી મુખ્તાર માનીને તેમનાથી મદદ વગેરે તલબ કરે છે જેથી તેઓ મુજરિમ પણ છે અને અલ્લાહના બાગી બંદા પણ છે. જેનું ઉત્તમ ઉદાહરણ અમે હમણા આપી ચૂકયા છીએ. આ ફરકને શાહ અબ્દુલ અઝીઝ સાહબે બાકી રાખીને ફૈંસલો ફર્માવ્યો કે **નિઃશક ! એક મૂર્તિપૂજક પથ્થરની તરફ સિજદો કરે છે તે મુશ્રિક છે, કેમ કે તેનું આ કૃત્ય પોતાની તરફથી ઘડેલું છે અને મુસલમાન કા'બા તરફ સજદો કરે ત્યાં પણ પથ્થરની ઈમારત છે છતાં મુશ્રિક નથી, કેમ કે તેનો સજદો હકીકતમાં ખુદાને છે, નહીં કે કા'બાને, અને તે અલ્લાહના હુકમથી છે. મુશ્રિકનો સજદો ખુદાના હુકમ વિરૂદ્ધ પથ્થરને છે.** આ ફરક જરૂરી છે. **ગંગાના પાણીની તાઝીમ કુફ્ર છે પણ આબે ઝમઝમની તાઝીમ ઈમાન** છે, કેમ કે ગંગાના પાણીની તાઝીમ આપણી કાઢેલી વાત છે અને આબે ઝમઝમની તાઝીમ શરીઅતના હુકમમાં છે. એ જ રીતે **મંદિરના પથ્થરની તાઝીમ શિર્ક છે પણ મકામે ઈબ્રાહીમની તાઝીમ ઈમાન છે,** જ્યારે કે એ પણ પથ્થર જ છે.

(બીજો વિભાગ)

ઔલિયા અલ્લાહથી મદદ માગવા બાબતે વાંધાઓ અને તેના જવાબો

આ મસ્અલા પર વિરોધીઓના કેટલાક મશહૂર વાંધાઓ જેને તેઓ દરેક જગાએ બયાન કરતા ફરે છે :–

(૧) મિશકાત બાબુલ અન્ઝાર વલ તહઝીરમાં છે કે હુઝૂર ﷺ એ ફાતિમા ઝહરાથી ફર્માવ્યું કે, "હું તમારી મદદ નથી કરી શકતો." જ્યારે આપથી ફાતિમા ઝહરાની મદદ ન થઈ શકી તો બીજાઓની શું થશે ?

જવાબ : આ પ્રાથમિક તબ્લીગનો પ્રસંગ છે. મકસદ એ છે કે હે ફાતિમા! જો તમે ઈમાન કબૂલ ન કરો તો હું ખુદાની સામે થઈને તમારાથી અઝાબ દૂર નથી કરી શકતો. જુઓ નૂહના પૂત્રને એટલા માટે મિનલ્લાહ ફર્માવ્યું. મુસલમાનોની હુઝૂર દરેક જગાએ મદદ ફર્માવશે. રબ તઆલા ફર્માવે છે :–

اَلْاَخِلَّآءُ يَوْمَئِذٍۢ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقِيْنَ ؕ

"પરહેઝગારો સિવાય સર્વ દોસ્તો કિયામતમાં એકબીજાના દુશ્મન બની જશે." *(સૂ. ઝુખ્રૂફ–૬૭)* હુઝૂર ﷺ કબીરા ગુનાહોવાળાઓની પણ શફાઅત ફર્માવશે, પડી રહેલાઓને સંભાળશે. શામી ગુસ્લે મૈયત પ્રકરણમાં છે કે, હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે કયામતમાં સર્વ સંબંધો કટ થઈ જશે સિવાય મારો નસબ અને સંબંધ. ખરેખર દેવબંદીઓની હુઝૂર મદદ ફર્માવશે નહીં. આપણે ખુદાના ફઝ્લથી મુસલમાન છીએ જેથી આપણી જરૂર મદદ ફર્માવશે.

(૨) اِيَّاكَ نَعْبُدُ وَ اِيَّاكَ نَسْتَعِيْنُ ؕ "અમે તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ માગીએ છીએ." *(સૂ. ફાતેહા–૪)*

જાણવા મળ્યું કે "ઈબાદતની" જેમ "માગવું" પણ ખુદાથી ખાસ છે.

જ્યારે ગૈરે ખુદાની ઈબાદત શિર્ક છે તો ગૈરે ખુદાની મદદ પણ શિર્ક છે.

જવાબ : આ ઠેકાણે મદદથી મકસદ હકીકી મદદ છે એટલે કે હકીકી કારસાઝ સમજીને તારાથી જ મદદ માગીએ છીએ, રહ્યું અલ્લાહના બંદાઓથી મદદ માગવાનું તો તે કેવળ અલ્લાહની મદદ પામવાનો વાસ્તો સમજીને છે.

જેમ કે કુર્આનમાં છે : اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ "નથી હુકમ પણ અલ્લાહનો." *(સૂ. યુસૂફ–૬૭)*

અથવા ફર્માવ્યું :– لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ "અલ્લાહની જ છે તમામ આસ્માન તથા જમીનની ચીજો. *(સૂ. બકર–૨૫૫)* છતાં આપણે હાકિમોનો હુકમ પણ માનીએ છીએ, આપણી ચીજો પર માલિકીનો દાવો પણ કરીએ છીએ, એટલે કે આયતનો મતલબ છે હકીકી હુકમ અને હકીકી માલિકી, પણ બંદાઓ માટે એ અલ્લાહની અતાથી છે.

તેમ જ એ જણાવો કે ઈબાદત તથા મદદ માગવામાં શો સંબંધ છે ? કે આ આયતમાં બંનેને ભેગાં કરવામાં આવ્યાં ? સંબંધ એ જ છે કે હકીકી મદદગાર સમજીને મદદ માગવી એ પણ ઈબાદતનો જ એક પ્રકાર છે. મૂર્તિપૂજક મૂર્તિપૂજા વખતે મદદના શબ્દો પણ કહ્યા કરતા હોય છે કે "કાલી માઈ તેરી દુહાઈ" વગેરે, એટલા માટે આ બંનેને એકત્ર કરવામાં આવ્યાં. જો આયતનો અર્થ એ છે કે કોઈ ગૈરેખુદાથી કોઈ પ્રકારની મદદ માગવું પણ શિર્ક છે, તો દુનિયામાં કોઈ મુસલમાન નથી રહી શકતો ! ન તો સહાબાએ કિરામ ન તો કુર્આનના માનનારા અને ન તો ખુદ વિરોધીઓ. અમે એની સાબિતી સારી રીતે અગાઉ આપી ચૂક્યા છીએ. **આજે પણ મદ્રસાઓના ચંદાના માટે માલદારો પાસેથી મદદ માગવામાં આવે છે.** માણસ પોતાના જન્મથી લઈને કબરમાં દફન થતાં સુધી બલ્કે કિયામત સુધી બંદાઓની મદદનો મોહતાજ છે. દાયણની મદદથી પેદા થયો, મા બાપની મદદથી ઉછેર પામ્યો, ઉસ્તાદની મદદથી ઈલ્મ શીખ્યો, માલદારીની મદદથી જીવન વિતાવ્યું, સગાં સંબંધીઓની તલકીનની મદદથી દુનિયાથી ઈમાન સલામત લઈને ગયો, વળી ગુસ્લ આપનારાની તથા દરજીની મદદથી ગુસલ મળ્યું અને કફન

પહેર્યું, કબર ખોદનારની મદદથી કબર ખોદી, મુસલમાનોની મદદથી માટીને સુપ્રત થઈ દફન થયો. પછી કુટુંબીજનોની મદદથી બાદમાં ઈસાલે સવાબ થયો, પછી આપણે કયા મોઢે કહી શકીએ છીએ કે અમે કોઈનાથી મદદ નથી માગતા ! આ આયતમાં કોઈ શરત નથી કે કોની મદદ અને કયા સમયે.

(૩) રબ તઆલા ફર્માવે છે :– وَمَا لَكُمْ مِنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ

"જાળવા મળ્યું કે રબના સિવાય ન કોઈ વલી છે ન મદદગાર !"

જવાબ : અહીં **વલી અલ્લાહ**નો નકાર નથી બલ્કે **વલી મિન્દુનિલ્લાહ**નો નકાર છે, જેમને કાફિરોએ પોતાનો મદદગાર માની રાખ્યો હતો, એટલે કે મૂર્તિ તથા શૈતાનનો. 'વલી અલ્લાહ' એટલે તે જેમને રબ તઆલાએ પોતાના બંદાઓની સહાય માટે બનાવ્યા છે, જેમ કે અંબિયા તથા ઔલિયા. વાઈસરોય લંડનથી હુકૂમત કરવા માટે નિયુકત થઈને આવે છે. જો કોઈ પોતાને પોતે બનાવેલ હાકિમ માની લે તો તે મુજરિમ છે. સુલ્તાની હાકિમોને માનો, સ્વરચિત હાકિમોથી બચો ! એ જ પ્રમાણે રબ્બાની હાકિમોથી મદદ લો, ઘરેલુ મદદગારોથી બચો. મૂસા عليه الصلوٰة والتسليم ને રબ તઆલાએ હુકમ આપ્યો કે, اِذْهَبْ اِلٰى فِرْعَوْنَ اِنَّهٗ طَغٰى "ફિરઔનની પાસે જાવ ! તે સરકશ થઈ ગયો." *(સૂ. તાહા–૨૪)* આપે અર્ઝ કરી :–

وَاجْعَلْ لِّيْ وَزِيْرًا مِّنْ اَهْلِيْ هٰرُوْنَ اَخِي اشْدُدْ بِهٖۤ اَزْرِيْ

"મૌલા ! હઝરત હારૂનને મારો વઝીર બનાવી આપ જેનાથી મારા બાઝુઓને શક્તિ મળે." *(સૂ. તાહા–૨૯, ૩૦, ૩૧)* રબ તઆલાએ પણ એવું ન ફર્માવ્યું કે તમે મારા સિવાય કોઈ અન્યનો સહારો શા માટે લીધો ? બલ્કે મંઝૂર કરી લીધું. જાણવા મળ્યું કે ઔલિયા અલ્લાહનો સહારો લેવો અંબિયાનો તરીકો છે.

(૪) દુર્રે મુખ્તાર, મુર્તદના પ્રકરણમાં 'કરામાતે ઔલિયા'ની ચર્ચામાં છે કે, "જેણે શયઅન્ લિલ્લાહ કહ્યું તે કાફિર થઈ ગયો !" જાણવા મળ્યું કે **યા અબ્દલ કાદિર જીલાની શયઅન્ લિલ્લાહ** કહેવું કુફ્ર છે.

જવાબ : અહીં ''શયૂઅન્ લિલ્લાહ''નો મતલબ છે કે 'ખુદાની હાજતરવાઈના માટે કાંઈક આપો !' રબ તમારો મોહતાજ છે ! જેમ કે કહેવામાં આવે છે કે ''યતીમના માટે કાંઈક આપો'' અને આ અર્થ (અલ્લાહને માટે કાંઈક આપો) ખરેખર કુફ્ર છે. એની શરહમાં 'શામી એ ફર્માવ્યું, (અર્થ) જો એનાથી સહીહ માઅનાની નિય્યત કરી કે, ''અલ્લાહના ખાતર મને કાંઈક આપો તો એ જાઈઝ છે.'' અને અમારા ''શયૂઅન્ લિલ્લાહ'' કહેવાનો અર્થ એ જ છે.

(૫) **વો ક્યા હૈ જો નહીં મિલતા ખુદાસે**
જિસે તુમ માંગતે હૈ ઔલિયાએ ?

જવાબ :- **વો ચંદા હૈ જો નહીં મિલતા ખુદાસે**
ઉસે હમ માંગતે ઔલિયાસે !

(૬) ખુદાના બંદાઓ થઈને ગૈરની પાસે શા માટે જઈએ ? આપણે એના બંદા છીએ તો એવું હોવું જોઈએ કે એનાથી હાજત માગીએ.

–(તકવિયતુલ ઈમાન)

જવાબ : આપણે ખુદાના બંદાઓ ખુદાના હુકમથી ખુદાના બંદાઓની પાસે જઈએ છીએ. કુર્આન મોકલી રહયું છે. (જુઓ : પાછલી ચર્ચા) અને ખુદાએ એ બંદાઓને એટલા માટે દુનિયામાં મોકલ્યા.

(૭) કુર્આન કરીમે કાફિરોનું કુફ્ર એને પણ બતાવ્યું છે કે તેઓ મૂર્તિઓથી મદદ માગે છે. તેઓ મૂર્તિઓથી મદદ માગીને મુશ્રિક થયા અને તમે ઔલિયાથી.

જવાબ : અને તમે પણ મુશ્રિક થયા માલદારો, પોલીસ તથા હાકિમથી મદદ માંગીને ! આ ફરક અમે અમારી બૌધ્ધિક દલીલોની ચર્ચામાં રજૂ કરી ચૂકયા છીએ.

રબ તઆલા ફર્માવે છે :- وَمَنْ يَّلْعَنِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ نَصِيْرًا

''જેના પર ખુદાની લાનત થાય છે તેનો કોઈ મદદગાર નથી હોતો.''

મો'મિન ખુદાની પર રહમત છે એટલા માટે રબ તઆલાએ ઘણા મદદગાર બનાવ્યા છે.

(૮) 'શરહે ફિકહે અકબર'માં મુલ્લા અલી કારીએ લખ્યું છે કે હઝરત ખલીલે આગમાં પહોંચીને હઝરત જિબ્રઈલના પૂછવા છતાં પણ તેમનાથી મદદ ન માગી, બલ્કે ફર્માવ્યું કે હે જિબ્રઈલ ! તમારાથી કોઈ હાજત નથી. જો ગૈર ખુદાથી હાજત માગવી જાઈઝ હોત તો આટલી તકલીફના સમયે ખલીલુલ્લાહ જિબ્રઈલથી મદદ માગત !

જવાબ : એ સમય પરીક્ષાનો હતો. અંદેશો હતો કે ફરિયાદનો અક્ષર પણ મોઢાથી નીકળી જવો રબને નાપસંદ થશે. એટલા માટે ખલીલુલ્લાહે એ વખતે અલ્લાહથી પણ દુઆ ન માગી બલ્કે ફર્માવ્યું કે, જિબ્રઈલ ! તમારાથી કોઈ હાજત નથી અને જેનાથી છે તે ખુદ જાણે છે. જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત હુસૈન رضی اللہ عنہ ની શહાદતની ખબર આપી પણ તે મુસીબતને દૂર થવાની કોઈએ દુઆ ન કરી, ન તો મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ન હઝરત મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ન હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا એ.

(૯) જીવતાંઓ પાસેથી મદદ માગવી જાઈઝ છે પણ મરેલાંઓ પાસેથી નહીં, કેમ કે જીવતાઓમાં મદદ કરવાની શક્તિ છે, મુડદાંમાં નથી, જેથી એ શિર્ક છે.

જવાબ : કુર્આનમાં છે **વઈય્યાક નસ્તઈન** "અમે તારાથી જ મદદ માગીએ છીએ." એમાં જીવતાં કે મરેલાનો ફરક ક્યાં છે ? શું જીવતાની ઈબાદત જાઈઝ છે મુર્દાની નહીં ? જેવી રીતે ગૈરખુદાની ઈબાદત તદ્દન શિર્ક છે, એવી જ રીતે જીવંતની હોય કે મુર્દાની મદદ પણ તદ્દન શિર્ક હોવી જોઈએ!

મૂસા عليہ الصلوٰۃ والتسليم એ પોતાની વફાતના ૨૫૦૦ વરસ પછી ઉમ્મતે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની એ મદદ ફર્માવી કે શબે મેઅરાજમાં પચાસ નમાઝોને બદલે પાંચ કરાવી દીધી. રબ તઆલા જાણતો હતો કે નમાઝો પાંચ રહેશે પણ બુઝુર્ગાને દીનની મદદના માટે પચાસ મુકર્રર કરી, પછી બે પ્યારાઓની દુઆથી પાંચ નિશ્ચિત કરી. **મદદના મુન્કિરોએ જોઈએ કે ૫૦ નમાઝો પઢયા કરે,**

કેમ કે પાંચમાં તો ગૈરુલલ્લાહની મદદ સામેલ છે !

આ કુર્આન કરીમ તો ફર્માવે છે કે "ઔલિયા અલ્લાહ જીવતા છે, એમને મુર્દા ન કહો અને ન જાણો."

وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ ؕ بَلْ اَحْيَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ ﴿۱۵۴﴾

"જેઓ અલ્લાહની રાહમાં માર્યા ગયા તેમને મુર્દા ન કહો, બલ્કે તેઓ જીવતા છે, પરંતુ તમે એહસાસ નથી કરી શકતા." *(સૂ. બકરહ્, આ. ૧૫૪)* જ્યારે તેઓ ઝિંદા થયા તો પછી તેમનાથી મદદ હાંસલ કરવું પણ જાઈઝ થયું. કેટલાક લોકો કહે છે કે, "આ તો શહીદોના વિશે છે જેઓ તલ્વાર વડે ખુદાની રાહમાં માર્યા ગયા." પણ એ વિના કારણનો જુલ્મ છે, એટલા માટે કે આયતમાં લોખંડની તલ્વારનો ઉલ્લેખ નથી, માટે જેઓ ઈશ્કે ઈલાહીની તલ્વારથી કત્લ થયા તેઓ પણ એમાં દાખલ છે. (રૂહુલ બયાન) એટલા માટે હદીષમાં આવ્યું કે જેઓ અકસ્માતે ડૂબીને મરે, સળગી જાય, પ્લેગમાં મરે, સ્ત્રી સુવાવડમાં મરે, તાલિબે ઈલ્મ, મુસાફર વગેરે વગેરે સૌ શહીદ છે. તે ઉપરાંત જો તલ્વારથી કત્લ થયેલા સૌ જીવતા છે બાકીનાં નહીં, તો નબી કરીમ صلى الله تعالى عليه وسلم અને સિદ્દીકે અકબર رضى الله عنه ને મઆઝલ્લાહ મુર્દા માનવાનું લાઝિમ થશે. જ્યારે કે સૌનો એકમતીથી અકીદો છે કે આ હઝરાત સંપૂર્ણ હયાત સાથે જીવતા છે. તેમજ જીવતા તથા મરેલાથી મદદ માંગવા વિશેની તેહકીક અમે મદદની સાબિતીની ચર્ચામાં કરી ચૂક્યા છીએ કે ઈમામ ગઝાલી ફર્માવે છે કે, જેનાથી જિંદગીમાં મદદ લઈ શકાય છે તેની પાસેથી તેના મૃત્યુ બાદ પણ મદદ માંગી શકાય છે. અને એની કેટલીક તેહકીક 'તબર્રુકાતનો બોસો' આપવાના તથા 'કબરોની ઝિયારત માટે સફર'માં પણ થશે. ઈન્શાઅલ્લાહુ તઆલા.

તફસીરે સાવી આખિર, સૂરએ કસસ, આયત નં. ૮૮ માં છે :–

وَلَا تَدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ માં છે : **(અર્થ)** અહીં **લાતદઉ**નો અર્થ છે "ન પૂજો" જેથી આ આયતમાં એ ખારજીઓની દલીલ નથી જેઓ કહે છે કે ગૈરેખુદાથી ચાહે ઝિંદા હોય કે મુર્દા કાંઈ માગવું શિર્ક છે. ખારજીઓની આ

બકવાસ જેહાલત છે. કેમ કે ગૈરે ખુદાથી માગવું એ રીતે કે રબ તેમના ઝરીયાથી નફો નુકસાન આપે, એ કયારેક વાજિબ હોય છે કે એ માગવાના સબબોને હાંસલ કરવું છે અને સબબોનો ઈન્કાર મુન્કિર કે જાહિલ સિવાય કોઈ કરશે નહીં.

આ લખાણથી ત્રણ વાતો જાણવા મળી, (૧) ગૈરે ખુદાથી માગવું કેવળ જાઈઝ જ નહીં બલ્કે વાજિબ થાય છે. (૨) આ માગવાનો ઈન્કાર ખારજી કરે છે. (૩) **લા તદઉ**માં પૂજવાની મના છે ન કે પોકારવાની કે મદદ માગવાની.

(૧૦) બુઝુર્ગાને દીનને જોવામાં આવ્યું કે ઘડપણમાં હરી ફરી નથી શકતા અને વફાત બાદ તદ્દન હાથ પગ વિનાના છે. તો પછી આવા કમજોરોથી મદદ લેવી એ મૂર્તિઓથી મદદ માગવાની જેમ નિરર્થક છે. એની બુરાઈ રબ તઆલાએ બયાન કરી કે :–

وَاِنْ يَّسْلُبْهُمُ الذُّبَابُ شَيْـًٔا لَّا يَسْتَنْقِذُوْهُ مِنْهُ *(સૂ. હજ્જ–૭૩)*

આ ઔલિયા પોતાની કબરોએથી માખી પણ દૂર નથી કરી શકતા તો આપણી શું મદદ કરશે ?

જવાબ : આ તમામ કમજોરીઓ ખાકી જિસ્મ પર એટલા માટે છવાઈ ગઈ કે એનો સંબંધ રૂહથી કમજોર થઈ ગયો, પણ રૂહમાં કોઈ કમજોરી નથી આવી બલ્કે એ મૌત પછી અધિક શક્તિવાન થઈ જાય છે કે કબરની અંદરથી બહારવાળાઓને જુએ તથા તેમના પગરવને સાંભળે છે, વિશેષતઃ અંબિયાની રૂહો.

રબ તઆલા ફર્માવે છે : وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى "દરેક આવતી ઘડી પાછલી ઘડી કરતાં બેહતર છે" *(સૂ. દૂહા–૪)* અને મદદ વલીની રૂહથી માંગવામાં આવે છે ન કે શરીરથી ! કાફિરો જે મૂર્તિઓથી મદદ માગે છે તેઓ રૂહાની શક્તિથી ખાલી છે છતાં તેઓ પથ્થરોને પોતાના મદદગાર માને છે જેમાં એ રૂહ તદ્દન નથી.

તફસીરે રૂહુલ બયાન, પારા–૧૦, يَحِلُّوْنَهٗ عَامًا وَّيُحَرِّمُوْنَهٗ عَامًا

આયતની તફસીરમાં છે કે, હઝરત ખાલિદ તથા ઉમરે رَضِیَ اللّٰہُ عَنْہُمَا ઝહેર પીધું, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૈબરમાં ઝહેર ખાધુ, પણ એની અસર વફાત વખતે જાહેર થઈ કેમ કે તેમણે મકામે હકીકતમાં રહીને ઝહેર પીધું હતું અને ઝહેરની અસર હકીકત પર નથી. વફાતના સમયે બશરીયતનો ઝહૂર હતો કેમ કે મૌત બશરીયત પર છવાઈ છે, જેથી હવે ઝહેરની અસર પ્રદર્શિત થઈ. એ હઝરાતમાં કબરની માટી તો શું પણ આલમને પલટી નાખવાની શક્તિ છે પણ એના પ્રતિ તવજ્જોહ નથી. ખાનએ કા'બામાં ૩૦૦ વરસ સુધી મૂર્તિઓ રહી છતાં રબ તઆલાએ દૂર ન કરી, તો શું ખુદા કમજોર છે કે પોતાના ઘરેથી નાપાકી દૂર ન કરી શક્યો ? રબ તઆલા સમજ આપે.

(૧૧) હઝરત અલી અને ઈમામ હુસૈનમાં જો કોઈ તાકાત હોત તો પોતે જ દુશ્મનોના હાથે શા માટે શહીદ થાત ? જ્યારે તેઓ પોતાની મુસીબત દૂર ન કરી શક્યા તો તમારી મુસીબત શું દૂર કરશે ? રબ તઆલા ફર્માવે છે :–

وَاِنْ يَّسْلُبْهُمُ الذُّبَابُ شَيْـًٔا لَّا يَسْتَنْقِذُوْهُ مِنْهُ (સૂ. હજ્જ–૭૩)

જવાબ : એમનામાં મુસીબત દૂર કરવાની શક્તિ તો હતી પણ શક્તિનો ઉપયોગ ન કર્યો, કેમ કે રબ તઆલાની મરજી એ હતી. મૂસા علیہ الصلوٰۃ والتسلیم ની લાકડી (અસા) ફિરઔનને પણ ખાઈ શકતી હતી પણ ત્યાં ઉપયોગ ન કર્યો. ઈમામ હુસૈનમાં તાકાત હતી કે કરબલામાં હૌઝે કૌષર મંગાવી લેત, કુરાતની શું હકીકત હતી ! પણ અલ્લાહની રઝામાં રાજી હતા. જુઓ રમઝાનમાં પાણી આપણી પાસે હોય છે પણ અલ્લાહના હુકમના કારણે પીતા નથી. મૂર્તિઓના વિષયમાં એથી ઉલ્ટુ છે કે તેમનામાં શક્તિ જ નથી જેથી આ આયત અંબિયા ઔલિયા માટે પઢવી બેદીની છે. એ આયત મૂર્તિઓ માટે છે.

બિદઅતનો અર્થ અને તેના પ્રકારો

એમાં બે વિભાગ છે, પ્રથમ વિભાગમાં બિદઅતના અર્થો અને પ્રકારો તથા હુકમો છે, બીજામાં તેના પર વાંધાઓ અને તેના જવાબો.

★ બિદઅતનો અર્થ, તેના પ્રકારો તથા હુકમો ★

બિદઅતનો શાબ્દિક અર્થ છે 'નવી ચીજ'. કુર્આને કરીમ ફર્માવે છે : قُلْ مَا كُنْتُ بِدْعًا مِّنَ الرُّسُلِ "ફર્માવી દો કે નવો રસૂલ નથી."

તેમજ ફર્માવે છે : بَدِيْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ "આસ્માનો અને જમીનોને પેદા કરનાર છે." *(સૂ. અન્આમ–૧૦૧)*

તેમજ ફર્માવે છે : وَرَهْبَانِيَّةَ ابْتَدَعُوْهَا مَا كَتَبْنٰهَا عَلَيْهِمْ *(સૂ હદીદ–૨૭)*

આ આયતોમાં 'બિદઅત' શબ્દ શાબ્દિક અર્થમાં વપરાયો છે એટલે કે ઉપજાવવું, બનાવવું વગેરે. મિર્કાત શરહે મિશ્કાતમાં બાબુલ એઅ્તેસામ બિલ્ કિતાબો સુન્નતમાં છે : **(અર્થ)** : 'બિદઅત' તે કામ છે જે આગળ વહી ગયેલ દ્રષ્ટાંત સિવાયનું કરવામાં આવે.

બિદઅતનો શરીઅત મુજબ અર્થ છે : તે માન્યતા કે અમલો જે Ch Z صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાહેરી જિંદગીમાં ન હોય પણ બાદમાં ઉપસ્થિત થયું હોય. પરિણામ એ આવ્યું કે શરીઅત પ્રમાણે બિદઅત બે પ્રકારની હોય છે. **'બિદઅતે એ'અતેકાદી'** અને **'બિદઅતે અમલી'** બિદઅતે એ'તેકાદી તે બુરા અકીદાઓ (માન્યતાઓ)ને કહે છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી ઈસ્લામમાં નવા નીકળ્યા. ઈસાઈ, યહૂદી, મજૂસી અને મુશિરકોના અકીદાઓ બિદઅતે એ'તેકાદી નથી કેમ કે તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પાક જમાનામાં મૌજૂદ હતા તદ્ ઉપરાંત એ અકીદાઓને ઈસાઈ વગેરે પણ ઈસ્લામી અકીદા નથી કહેતા. અને જબરિય્યહ્,

કદરિય્યહ, મુરજિય્યહ, ચકળાલ્વી, ગૈર મુકલ્લિદ, દેવબંદી અકીદાઓ એ બિદઅતે એતેકાદિયહ્ છે, કેમ કે એ સૌ બાદમાં બન્યા અને એ લોકો એને ઈસ્લામી અકીદા સમજે છે. દા.ત. દેવબંદી કહે છે કે, ખુદા જૂઠ પર કાદિર છે, હુઝૂર ગયબથી અજ્ઞાન અથવા હુઝૂર ﷺનો નમાઝમાં ખયાલ બળદ, ગધેડાના ખયાલથી બદતર છે. આ નાપાક અકીદાઓ ૧૨ મી સદીમાં પેદા થયા છે. જેમ કે અમે 'શામી'થી એની સાબિતી કિતાબના મુકદ્દમા (પ્રસ્તાવના)માં આપી ચૂકયા છીએ. બિઅદતે હસનહ્ (સારી બિદઅત)ની સાબિતી જુઓ :–

રબ તઆલા ફર્માવે છે :–

وَ جَعَلْنَا فِيْ قُلُوْبِ الَّذِيْنَ اتَّبَعُوْهُ رَاْفَةً وَّ رَحْمَةً ؕ وَ رَهْبَانِيَّةَ ِۨابْتَدَعُوْهَا مَا كَتَبْنٰهَا عَلَيْهِمْ اِلَّا ابْتِغَآءَ رِضْوَانِ اللّٰهِ فَمَا رَعَوْهَا حَقَّ رِعَايَتِهَا ۚ

(સૂ. હદીદ–૨૭)

પછી ફર્માવે છે : فَاٰتَيْنَا الَّذِيْنَ اٰمَنُوْا مِنْهُمْ اَجْرَهُمْ ۚ *(સૂ. હદીદ–૨૭)* આ આયતથી જાણવા મળ્યું કે, ઈસાઈઓએ 'સારી બિદઅત' એટલે દુનિયાનો ત્યાગ કરવાનુ ચાલુ કર્યું. રબ તઆલાએ તેની પ્રશંસા કરી બલ્કે બદલો પણ આપ્યો. હા ! જે તેને નિભાવી ન શકે એમના પર ધમકી આવી. ફર્માવવામાં આવ્યું :– فَمَا رَعَوْهَا حَقَّ رِعَايَتِهَا ۚ *(સૂ. હદીદ–૨૭)*

જુઓ ! બિદઅત કાઢવા પર ધમકી ન આવી બલ્કે ન નિભાવવા પર ધમકી આવી. જાણવા મળ્યું કે બિદઅતે હસનહ (સારી બિદઅત) સારી ચીજ છે, અને સવાબનો સબબ છે, પણ એની પાબંદી ન કરવી બુરું છે, જેથી જોઈએ કે મુસલમાન મહફિલે મીલાદ શરીફ વગેરે પર પાબંદી કરે.

મિશ્કાતે બાબુલ એઅ્તેસામની પ્રથમ હદીષ છે કે :–

(અર્થ) : "જે શખ્સ અમારા આ દીનમાં એ અકીદો કાઢે કે જે દીનની વિરૂધ્ધ હોય તે મરદૂદ છે." અમે **'મા'**નો અર્થ અકીદા એટલા માટે કર્યો કે દીન અકીદાઓનું જ નામ છે, અમલો તો શાખ છે. બેનમાઝી ગુનેહગાર છે

પણ એ કાફિર બેદીન નથી, પણ બદએ'તેકાદ (બુરી માન્યતાવાળો) ક્યાં તો ગુમરાહ છે ક્યાં તો કાફિર. એના હેઠળ મિર્કાતમાં છે :–

(અર્થ) : "જે ઈસ્લામમાં એવો અકીદો ઘડે કે જે દીનથી નથી, તે એના રદિયામાં છે. હું કહું કે અમ્રિનાના વસ્ફમાં એના પ્રતિ ઈશારો છે કે ઈસ્લામનો મામલો મુકમ્મલ થઈ ચૂક્યો.

સાબિત થયું કે બિદઅત અકીદાને કહેવામાં આવ્યું. એ જ મિશકાત બાબુલ્ ઈમાન બિલ્ કદરમાં છે કે, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ કોઈને કહ્યું કે ફલાણા શખ્સે તમને સલામ કહી છે, તો ફર્માવ્યું, મને ખબર મળી છે કે તે બિદઅતી થઈ ગયો છે, જો એવું હોય તો તેને મારા સલામ ન કહેશો. બિદઅતી કેવી રીતે થયો ? ફર્માવે છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવતા હતા કે મારી ઉમ્મતમાં જમીનનું ધસવું, સૂરતનું બદલાવું કે પથ્થર વરસવું થશે કદરીયહ લોકોમાં. જાણવા મળ્યું કે તે કદરીયહ એટલે તે તકદીરના મુન્કિર થઈ ગયા હતા તેમને બિદઅતી ફર્માવ્યા.

દુર્રે મુખ્તાર, કિતાબુસ્સલામ બાબુલ ઈમામતમાં છે : "બિદઅતી ઈમામની પાછળ નમાઝ મકરૂહ છે. બિદઅત એ અકીદાની વિરૂધ્ધ એતેકાદ રાખવું છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી ખ્યાતિ પામેલ છે." આ લખાણોથી જાણવા મળ્યું કે બિદઅત નવા તથા બુરા અકીદાને પણ કહે છે. અને બિદઅત તથા બિદઅતી પર જે સખત ચેતવણીઓ હદીષોમાં આવી છે કે જેણે બિદઅતીની તાઝીમ કરી તેણે ઈસ્લામને તોડી પાડવમાં મદદ કરી. (એટલે કે બિદઅતે એતેકાદિયહ્વાળાની) ફતાવાએ રશીદિયહ્, ભાગ–૧, કિતાબુલ્ બિદ્આત, પેજ–૯૦માં છે, જેમ કે રાફજી, ખારજીની બિદઅત છે.

'બિદઅતે અમલી' દરેક તે કામ છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પછી નીકળ્યું, ચાહે તે દુનિયવી હોય કે દીની, ચાહે સહાબાએ કિરામના જમાનામાં હોય કે તેમના પછી. મિર્કાત બાબુલ એઅ્તેસામમાં છે : (અર્થ) : બિદઅત શરીઅતમાં એ કામને ઉપસ્થિત કરવાને કહે છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં ન હતું." 'અશ્અતુલ્ લમ્આત'માં છે, 'જે કામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પછી પેદા થાય તે બિદઅત છે."

આ બંને લખાણોથી ન તો દીની કામની શરત છે ન સહાબાના જમાનાનો લેહાઝ છે, બલ્કે જે પણ કામ દીની હોય કે દુનિયવી હુઝૂર ﷺ બાદ જ્યારે પણ થાય ચાહે સહાબાના જમાનામાં કે તેમના પછી થાય તે બિદઅત છે. હા ! આમ બોલીમાં સહાબાઓના કાઢેલ કામને સુન્નતે સહાબા કહે છે, બિદઅત નથી બોલતા. આ આમ બોલી છે, નહીં તો ખુદ ફારૂકે આઝમ رضی اللہ عنہ એ તરાવીહની બાકાયદા જમાઅત નક્કી કરીને ફર્માવ્યું : **નિઅ્મલ્ બિદઅતુ હાઝિહી** "આ તો ઘણી જ **સારી બિદઅત** છે."

'બિદઅતે અમલીના બે પ્રકાર છે : બિદઅતે હસનહ્ (સારી બિદઅત) અને બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત). 'બિદઅતે હસનહ' તે નવુ કામ છે જે કોઈ સુન્નતની વિરૂધ્ધ ન હોય, જેમ કે મેહફિલે મીલાદ અને દીની મદ્રસાઓ અને નવાં નવાં ઉમદા ભોજનો અને પ્રેસમાં કુર્આન તથા દીની કિતાબોને છપાવવી. અને બિદઅતે સૈયેઅહ્ તે છે જે કોઈ સુન્નતની વિરૂધ્ધ હોય અથવા સુન્નતને મિટાવનાર હોય અને સુન્નતને હટાવનાર હોય. જેમ કે ગૈર અરબીમાં ખુત્બો, જુમ્આ તથા ઈદોમાં પઢવો લાઉડ સ્પીકર પર નમાઝ પઢવી કે એમાં ખુત્બાની સુન્નત કે જે અરબી હોવું અને તબ્લીગે તકબીરની સુન્નત ઉઠી જાય છે, એટલે કે મુકબ્બિર થકી અવાજ પહોંચાડવું બિદઅતે હસ્નહ્, જાઈઝ બલ્કે કેટલીક વખતે મુસ્તહબ અને વાજિબ પણ છે. અને બિદઅતે સૈયેઅહ્ મકરૂહે તન્ઝીહી અથવા મકરૂહે તહરીમી અથવા હરામ છે. આ વિભાજનને અમે આગળ જતાં બયાન કરીશું.

બિદઅતે હસનહ અને બિદઅતે સૈયેઅહની દલીલ સાંભળો. અશિઅતુલ લમ્આત, ભાગ–૧, બાબુલ એઅ્તેસામમાં **વકુલ્લુ બિદ્અતુન્ દલાલહ્** હેઠળ છે :– "જે બિદઅત ઉસૂલ તથા કાનૂનો તથા સુન્નત પ્રમાણે છે અને તેનાથી કયાસ થયેલી છે તેને બિદઅતે હસનહ્ કહે છે, અને જે એની વિરૂધ્ધ (એથી ઉલ્ટી) છે તેને બિદઅતે ગુમરાહી કહે છે.

મિશ્કાત બાબુલ્ ઈલ્મમાં છે : "જે કોઈ ઈસ્લામમાં સારો તરીકો ચાલુ કરે તેને તેનો સવાબ મળશે અને એનો પણ જેઓ તેના બાદ અમલ કરશે અને

તેમના સવાબમાંથી કાંઈ કમી થશે નહીં. અને જે શખ્સ ઈસ્લામમાં બુરો તરીકો ચાલુ કરે એના પર એનો ગુનોહ પણ છે, અને તેમનો પણ કે જેઓ એના પર અમલ કરે અને તેમના ગુનાહમાં કાંઈ કમી થશે નહીં.'' જાણવા મળ્યું કે ઈસ્લામમાં ભલાઈનું કાર્ય શરૂ કરવું સવાબનો સબબ છે અને બુરુ કામ કાઢવું ગુનાહનો સબબ છે.

શામીના મુકદ્દમા (પ્રસ્તાવના)માં ઈમામ અબૂહનીફાના ફઝાઈલ બયાન ફર્માવતાં ફર્માવે છે : ''આ હદીષો ઈસ્લામના કાનૂનો છે કે જે શખ્સ કોઈ બુરી બિદઅત કાઢે તેના માથે તે કામમાં સઘળા અનુસરનારાઓના ગુનાહ છે, અને જે સારી બિદઅત કાઢે તેને કયામત સુધી સર્વ અનુસરનારાઓનો સવાબ મળે છે.'' એના પરથી પણ જાણવા મળ્યું કે સારી બિદઅત સવાબ છે અને બુરી બિદઅત ગુનોહ છે.

બુરી બિદઅત તે છે જે સુન્નતની વિરૂધ્ધ હોય એની દલીલ પણ જોઈ લો. મિશ્કાત બાબુલ એઅ્તેસામમાં છે :– ''જે શખ્સ આપણા આ દીનમાં કોઈ એવી રાય કાઢે કે જે દીનથી નથી તે મરદૂદ છે.'' ''દીનથી નથી''નો અર્થ એ છે કે 'દીનની વિરૂધ્ધ' છે. જેમ કે 'અશિઅતુલ્ લમ્આત'માં આ જ હદીષની શરહમાં છે, ''એનો મતલબ એ ચીજ છે કે જે દીનની વિરૂધ્ધ અથવા દીનને બદલનારી હોય.'' એ જ મિશ્કાત બાબુલ એઅ્તેસામ, ત્રીજી ફસ્લમાં છે, ''કોઈ કૌમ બિદઅત નથી કાઢતી પણ એટલી સુન્નત ઉઠી જાય છે, જેથી સુન્નતને લેવી બિદઅત કાઢવાથી બેહતર છે.'' એની શરહમાં 'અશિઅતુલ્ લમ્આત'માં છે, ''અને જ્યારે બિદઅત કાઢવું સુન્નતને મિટાવનાર છે તો સુન્નતને કાયમ કરવું બિદઅતને મિટાવનારું થશે.''

આ હદીષ અને તેની શરહ પરથી જાણવા મળ્યું કે ''બિદઅતે સૈયેઅહ'' (બુરી બિદઅત) તે છે જેનાથી સુન્નત નષ્ટ થાય. એના દ્રષ્ટાંતો અમે આગળ આપી ચૂકયા છીએ. 'બિદઅતે હસનહ્' (સારી બિદઅત) અને 'બિદઅતે સૈયઅહ્' (સારી બિદઅત)ની ઓળખ સારી પેઠે યાદ રાખવી જોઈએ કેમ કે એ જ જગાએ ધોકો થાય છે.

★ બિદઅતના પ્રકારો અને તેના હુકમો ★

એ તો જાણવા મળ્યું કે બિદઅત બે પ્રકારની છે : બિદઅતે હસનહ્ (સારી બિદઅત) અને બિદઅતે સૈયેઅહ્ (બુરી બિદઅત). હવે યાદ રાખવું જોઈએ કે બિદઅતે હસનહ્ ત્રણ પ્રકારની છે, જાઈઝ બિદઅત, મુસ્તહબ બિદઅત અને વાજિબ બિદઅત. અને બિદઅતે સૈયઅહ્ (બુરી બિદઅત) બે પ્રકારની છે : મકરૂહ બિદઅત તથા હરામ બિદઅત. આ વિભાજનની દલીલો જોઈ લો :

મિર્કાત બાબુલ એઅ્તેસામ બિલ્ કિતાબ વસ્સુન્નહ્માં છે.

(અર્થ) : "બિદઅત ક્યાં તો **વાજિબ** છે, જેમ કે ઈલ્મે નહ્વનું શીખવું અને **ઉસૂલે** ફિકહને એકત્ર કરવું. અને ક્યાંક **હરામ** છે જેમ કે 'જબરિય્યહ્' મઝહબ, અને ક્યાંક **મુસ્તહબ** છે, જેમ કે મુસાફરખાનાં અને મદ્રસા બનાવવા, અને તે દરેક સારી વાત જે પહેલાંના સમયમાં ન હતી, જેમ કે આમ જમાઅતથી તરાવીહ પઢવી. અને ક્યાંક **મકરૂહ** છે, જેમ કે મસ્જિદોનો ફખ્ર રૂપે શણગાર કરવો. અને ક્યાંક **જાઈઝ** છે જેમ કે ફજરની નમાઝ બાદ મુસાફો કરવો અને ઉમદા ઉમદા ભોજનો અને શરબતોમાં વિપુલતા કરવી.

શામી, ભાગ–૧, કિતાબુસ્સલાત, બાબુલ ઈમામતમાં છે : **(અર્થ)** : "હરામ બિદઅતવાળાની પાછળ નમાઝ મકરૂહ છે, નહીં તો બિદઅત ક્યારેક વાજિબ હોય છે, જેમ કે દલીલો સ્થાપિત કરવી, અને નવો ઈલ્મ શીખવો. અને કદીક મુસ્તહબ છે જેમ કે મુસાફરખાનાં અને મદ્રસા અને દરેક તે સારી ચીજ જે પહેલાંના સમયમાં ન હતી તેને કાઢવી. અને કદીક મકરૂહ છે જેમ કે મસ્જિદોને ગર્વના રૂપે શણગારવી, અને કદીક મુબાહ છે જેમ કે ઉમદા ઉમદા ભોજનો, શરબતો અને કપડાંમાં ઉમેરો (વધારો) કરવો. એ જ પ્રમાણે 'જામેઉસ્સગીર' ની શરહમાં છે.

આ લખાણોથી બિદઅતના પાંચ પ્રકારો સારી પેઠે સ્પષ્ટ થઈ ગયા. જેનાથી જાણવા મળ્યું કે, દરેક બિદઅત હરામ નથી બલ્કે કેટલીક બિદઅતો ક્યારેક જરૂરી પણ હોય છે, જેમ કે ફિકહ તથા ઉસૂલે ફિકહનો ઈલ્મ અથવા

કુર્આને કરીમને એકત્ર કરવું અથવા કુર્આને કરીમને એઅ્રાબ લગાડવા અથવા વર્તમાનકાળમાં કુર્આને કરીમને છાપવું અને દીની મદ્રસાઓમાં તાલીમના કોર્સ વગેરે બનાવવું.

★ બિદઅતના પ્રકારોની ઓળખ અને નિશાનીઓ ★

બિદઅતે હસનહ્ અને સૈયઅહ્ (સારી તથા બુરી બિદઅત)ની ઓળખ તો બતાવી દેવામાં આવી કે જે બિદઅત ઈસ્લામની વિરૂધ્ધ હોય અથવા કોઈ સુન્નતને મિટાવનારી હોય તે બિદઅતે સૈયઅહ્ (બુરી બિદઅત) છે, અને જે એવી ન હોય તે બિદઅતે હસનહ્ (સારી બિદઅત) છે. હવે આ પાંચ પ્રકારની નિશાનીઓ જાણી લો.

બિદઅતે જાઈઝ : દરેક તે નવું કામ જે શરીઅતમાં મના ન હોય અને કોઈ નેકી ભલાઈની નિય્યત વિના કરવામાં આવે, જેમ કે કેટલાક ખાણાં (ભોજન) ખાવાં વગેરે, તેનો હવાલો મિર્કાત તથા શામીમાંથી અપાઈ ચૂક્યો. એ કામો પર ન સવાબ છે ન અઝાબ.

મુસ્તહબ બિદઅત : તે નવુ કામ જે શરીઅતમાં મના ન હોય અને તેને સામાન્યતઃ મુસલમાનો સવાબનું કામ જાણતા હોય અથવા કોઈ શખ્સ તેને સવાબની નિય્યતથી કરે, જેમ કે મેહફિલે મીલાદ શરીફ અને બુઝુર્ગોને ફાતેહા કે સામાન્યતઃ મુસલમાનો તેને સવાબનું કામ જાણે છે, તેને કરનાર સવાબ પામશે અને ન કરનાર ગુનેહગાર થશે નહીં. દલીલો જોઈ લો :–

મિર્કાત બાબુલ એઅ્તેસામમાં છે, "હઝરત મસ્ઊદથી રિવાયત થયેલ છે કે જે કામને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું છે. અને મરફૂઅ હદીષમાં છે કે મારી ઉમ્મત ગુમરાહીમાં એકમત થશે નહીં."

મિશ્કાત શરીફના પ્રારંભમાં છે :– "અમલોનો આધાર નિય્યત પર છે, અને ઈન્સાનના માટે તે જ છે જે નિય્યત કરે." દુર્રે મુખ્તાર ભાગ–૧, વુઝૂના મુસ્તહબોની ચર્ચામાં છે :– "મુસ્તહબ તે કામ છે જે હુઝૂર ﷺ એ ક્યારેક કર્યું હોય અને ક્યારેક છોડી દીધુ હોય અને તે કામ કે પાછલા મુસલમાનો

તેને સારું જાણતા હોય.'' શામી, ભાગ–૫, કુર્બાનીની ચર્ચામાં છે : ''કેમ કે સારી નિય્યત આદતોને ઈબાદત બનાવી દે છે.'' એ જ પ્રમાણે મિર્કાતમાં નિય્યતની ચર્ચામાં છે.

આ હદીષો અને ફિકહી લખાણોથી જાણવા મળ્યું કે જે જાઈઝ કામ સવાબની નિય્યતે કરવામાં આવે અથવા મુસલમાન તેને સવાબનું કામ જાણે તે અલ્લાહની નજીક પણ સવાબનું કામ છે. મુસલમાન અલ્લાહના ગવાહ છે, જેના સારા હોવાની ગવાહી આપે તે સારું છે અને જેને બુરુ કહે તે બુરુ છે. ગવાહી વિશેની ઉમદા ચર્ચા મારી કિતાબ ''શાને હબીબુર્રહમાન''માં જુઓ અને આ કિતાબોમાં બુઝુર્ગોના ઉર્સની ચર્ચામાં એનો ઉલ્લેખ થશે, ઈન્શાઅલ્લાહ.

વાજિબ બિદઅત : તે નવુ કામ જે શરીઅતની રૂએ મના ન હોય અને તેને છોડવાથી દીનમાં વાંધો આવે તેમ હોય. જેમ કે કુર્આનના એઅ્રાબ (ઝેર, ઝબર, પેશ વગેરે લગાડવું) અને દીની મદ્રસાઓ અને ઈલ્મ નહ્વ વગેરે પઢવું, જેના હવાલા આગળ આવી ગયા છે.

મકરૂહ બિદઅત : તે નવુ કામ જેનાથી કોઈ સુન્નત છૂટી જાય. જો સુન્નતે ગૈર મોઅક્કદહ્ છૂટી જાય તો ''બિદઅતે મકરૂહે તન્ઝીહી'' છે અને જો સુન્નતે મોઅક્કદહ્ છૂટી તો ''બિદઅતે મકરૂહે તહરીમી'' છે. તેના દૃષ્ટાંતો તથા હવાલાઓ આગળ આવી ચૂક્યા છે.

હરામ બિદઅત : તે નવું કામ જેના કરવાથી કોઈ વાજિબ છૂટી જાય એટલે કે વાજિબને મિટાવનાર હોય તો તે હરામ બિદઅત છે.

દુર્રે મુખ્તાર, અઝાનના પ્રકરણમાં છે કે અઝાન બાદ સલાતો સલામ કરવી ૭૮૧ હિ.સ. માં નીકળ્યું, પરંતું તે 'બિદઅતે હસનહ્' (સારી બિદઅત) છે. તેના હેઠળ ''શામી''માં 'અઝાને જૂક''ના બારામાં છે :– ''આ એ વાતની દલીલ છે કે મકરૂહ નથી, એટલા માટે કે મુતવારષ મકરૂહ નથી.'' એ જ પ્રમાણે અઝાનના વિશે છે જે ખુત્બાના સમયે ખતીબની સામે કહેવી બિદઅતે હસનહ્ છે. જ્યારે કે મુસલમાનો તેને સારું સમજે તો તે ખુદાની નઝદીક પણ

સારું છે." એનાથી જાણવા મળ્યું કે જે જાઈઝ કામનો મુસલમાનોમાં રિવાજ બની જાય તે સવાબનું છે.

આવો ! અમે તમને દેખાડીએ કે ઈસ્લામની કોઈ ઈબાદત 'બિદઅતે હસનહ્' થી ખાલી નથી :–

કુર્આન : કુર્આન શરીફના ત્રીસ પારા બનાવવા, તેમાં રુકૂઅ નક્કી કરવા, તેના પર એઅ્રાબ (ઝેર, ઝબર, પેશ) લગાડવા, તેને ખૂબ સૂરત રીતે પાકા પુઠ્ઠાનું બાઈન્ડિંગ કરાવવું, કુર્આન શરીફને બ્લોક કે કોમ્પ્યૂટર પર તૈયાર કરીને ઓફસેટ વગેરેમાં છપાવવું, આ બધું બિદઅત છે, જેના વિશે કુરૂને ષલાષામાં ચર્ચા પણ ન હતી.

હદીષ : હદીષને કિતાબ સ્વરૂપે એકત્ર કરવી, હદીષની સનદો વર્ણન કરવી, સનદો પર કોસ (ઉલટ તપાસ) કરવી અને હદીષના સહીહ પ્રકારો બનાવવા કે આ સહીહ છે, આ હસન, આ ઝઈફ, આ મુઅદલ, આ મુદલ્લસ. આ પ્રકારોમાં ક્રમ આપવો કે પ્રથમ નંબર સહીહ છે, બીજો નંબર હસન, ત્રીજો નંબર ઝઈફ, વળી તેના હુકમો નક્કી કરવા કે હરામ તથા હલાલ ચીજો સહીહ હદીષથી સાબિત થશે અને ફઝાઈલમાં ઝઈફ હદીષ પણ વિશ્વસનીય ગણાશે. સારાંશ આખો હદીષનો ફન (વિષય) એવી બિદઅત છે જેનો કુરૂને ષલાષામાં કોઈ ઉલ્લેખ જ ન હતો.

ઉસૂલે હદીષ : આ ફન (વિષય) તદ્દન બિદઅત છે બલ્કે તેનું તો નામ પણ બિદઅત છે, તેના સર્વ કાયદા કાનૂનો બિદઅત છે.

ફિકહ : એના પર આજકાલ દીનનો દારોમદાર છે, છતાં એ પણ શરૂથી છેવટ સુધી બિદઅત છે, જેનો કુરૂને ષલાષામાં કોઈ જ ઉલ્લેખ નથી.

ઉસૂલે ફિકહ તથા ઈલ્મે કલામ : આ ઈલ્મ પણ તદ્દન બિદઅત છે, તેના કાયદા તથા નિયમો સર્વ બિદઅત છે.

નમાઝ : નમાઝમાં જીભ વડે નિય્યત કરવી બિદઅત છે, જેની સાબિતી કુરૂને ષલાષામાં નથી. રમઝાન ૨૦ તરાવીહ પર હમેશગી કરવી બિદઅત છે અને ખુદ અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, "આ ઘણી

સારી બિદઅત છે.''

રોઝા : રોઝો ઈફતાર કરતી વખતે જીભ વડે દુઆ કરવી, **અલ્લાહુમ્મ લકષુમ્તુ....** અને સહેરી વખતે દુઆ માગવી **અલ્લાહુમ્મ બિસ્સૌમિલક ગદ્ન નવય્તુ....** બિદઅત છે.

ઝકાત : ઝકાતમાં વર્તમાન સિક્કાનું ચલણ અદા કરવું બિદઅત છે. કુરૂને ષલાષામાં આ ફોટાવાળા સિક્કા (નોટો) ન હતા, ન તો તેના વડે ઝકાત જેવી ઈબાદત અદા થતી હતી. વર્તમાન સિક્કાઓ, નોટો, અનાજ વડે ફિતરા કાઢવા એ સર્વ બિદઅત છે.

હજ્જ : રેલગાડીઓ, ટ્રકો, મોટરો, હવાઈ જહાજો વડે હજ્જ કરવી, મોટરોમાં અરફાત શરીફ જવું બિદઅત છે. તે પાક જમાનામાં ન તો આ સવારીઓ હતી ન તો તેના થકી હજ્જ થતી હતી.

તરીકત : તરીકતના લગભગ સર્વ મશાગિલ (કામો) અને તસવ્વુફના લગભગ સર્વ મશાગિલ બિદઅત છે. મુરાકબા, ચિલ્લા, પાસુન્નિફાસ, તસવ્વુરે શયખ, ઝિકના પ્રકારો આ સર્વ બિદઅત છે, જેની કુરૂને ષલાષામાં ક્યાંય ભાળ નથી મળતી.

ચાર સિલસિલા : શરીઅત તથા તરીકત બંનેના ચાર ચાર સિલસિલા એટલે કે હનફી, શાફઈ, માલિકી, હબંલી એ જ પ્રમાણે કાદરી, ચિશ્તી, નકશબંદી, સુહરવર્દી આ સર્વ સિલસિલા તદ્ન બિદઅત છે. એમાંથી કેટલાકનાં તો નામ પણ અરબી નથી, જેમ કે ચિશ્તી કે નકશબંદી. કોઈ સહાબી, તાબઈ હનફી કે કાદરી થયા ન હતા. હવે દેવબંદીઓ બતાવે કે તેઓ બિદઅતથી બચીને દીની હૈસિયતથી જીવંત પણ રીતે શકે છે ? જ્યારે ઈમાન તથા કલમામાં બિદઅતો પ્રવેશેલી છે તો બિદઅતથી ભાગીને ક્યાં જશે ?

દુનિયવી ચીજો : આજ કાલ દુનિયામાં એવી ચીજો ઉદ્ભવ પામી ચૂકી છે જેનું ખયરે કુરૂનમાં નામો નિશાન ન હતું, અને જેના વિના હવે દુનિયાવી જીવન મુશ્કેલ છે. દરેક શખ્સ તેનો ઉપયોગ કરવા લાચાર છે : રેલ્વે, મોટર, એરોપ્લેન, સ્ટિમર, ઘોડાગાડી. વળી કાગળ, કવર, તાર, ટેલીફોન, રેડિયો,

લાઉડ સ્પીકર.....વગેરે આ સર્વ ચીજો અને તેનો ઉપયોગ બિદઅત છે અને તેને દરેક જમાઅતના લોકો કશાય ખચકાટ વિના વાપરે છે.

બોલો ! વહાબી દેવબંદી બિદઅતે હસનહ્ (સારી બિદઅતો) વિના દુનિયાવી જિંદગી પસાર કરી શકે છે ? હરગિઝ નહીં !

(બીજો વિભાગ)

★ આ વ્યાખ્યા તથા વિભાજન પર વાંધાઓ અને તેના જવાબો ★

અમે બિદઅતે અમલીની એ વ્યાખ્યા કરી છે કે જે કામ દીની કે દુનિયવી હુઝૂર ﷺ ના સમય પછી શરૂ થયું તે બિદઅત છે. ભલે તે સહાબાએ કિરામના સમયમાં હોય કે તેમના પણ પછી થયું હોય. તેના ઉપર બે મશહૂર વાંધાઓ છે :–

(૧) બિદઅત કેવળ તે જ દીની કામને કહેવાશે કે જે હુઝૂર ﷺ ના પછી ઉપસ્થિત થયું, દુનિયવી નવાં કામો બિદઅત નથી ! જેથી મેહફિલે મીલાદ વગેરે તો બિદઅત છે અને તાર, ટેલીફોન, રેલગાડીની મુસાફરી બિદઅત નથી. કેમ કે હદીષમાં આવ્યું છે : من احدث فی امرنا هذا ما لیس منه فهو رد

''જે શખ્સ અમારા દીનમાં કોઈ વાત કાઢે તે મરદૂદ છે.'' ''અમ્રિના'' થી જાણવા મળ્યું કે દુનિયવી શોધ બિદઅત નથી અને દીની બિદઅત. ગમે તે હોય કોઈ પણ શોધ બિદઅત નથી અને દીની બિદઅત ગમે તે હોય કોઈ પણ હસનહ્ (સારી) નથી, સર્વ હરામ છે કેમ કે હદીષમાં સૌને કહેવામાં આવ્યું છે.

જવાબ : દીની કામની પાબંદી લગાડવી એ તદ્દન પોતાના તરફથી છે, એ સહીહ હદીષો, ઉલમા, ફકીહો તથા મુહદ્દિષોના કથનોની વિરૂધ્ધ છે. હદીષમાં છે : كل محدثة بدعة ''દરેક નવું કામ બિદઅત છે.'' *(મિશ્કાત બાબુલ એ'તેસામ)* અહીં દીની કે દુનિયવી કામની કૈદ નથી લગાડી તેમજ અમે 'અશિઅતુલ્ લમ્આત' અને 'મિર્કાત' નાં લખાણો રજૂ કરી ચૂક્યા છીએ, એમાં દીની કામની પાબંદી નથી લગાડી. તદ્દઉપરાંત અમે પ્રથમ વિભાગમાં મિર્કાત

તથા 'શામી'ના લખાણો દેખાડી ચૂક્યા કે તેમણે ઉમદા ભોજનો, ઉમદા કપડાં 'જાઈઝ બિદઅત' માં દાખલ કરેલ છે. આ કામો દુનિયવી છે પણ બિદઅતમાં તેને ગણાવ્યાં, જેથી આ કૈદ લગાડવી ગલત છે. જો માની પણ લેવામાં આવે કે બિદઅતમાં દીની કામની કૈદ (શરત) છે તો દીની કામ તો તેને પણ કહે છે જેના પર સવાબ મળે. મુસ્તહબો, નફ્લો, વાજિબો, ફર્ઝો સર્વ દીની કામ છે કે તેને માણસ સવાબના માટે કરે છે. અને દુનિયાનું કોઈ પણ કામ સારી નિય્યત વડે કરવામાં આવે તેના પર પણ સવાબ મળે છે. હદીષે પાકમાં આવ્યું છે કે, "મુસલમાનને ખુશ ચહેરે મળવું સદકાનો સવાબ ધરાવે છે. પોતાનાં બાળકોને સારી નિય્યતે ઉછેરવામાં સવાબ છે. એટલે સુધી કે જે કોળિયો પોતાની પત્નીના મોઢામાં આપે તે પણ સવાબ છે." જેથી મુસલમાનનું દરેક દુનિયવી કામ દીની છે. હવે બતાવો કે સારી નિય્યત સાથે પુલાવ ખાવો બિદઅત છે કે નહીં ?

વળી દીની કામની શરત મૂકવી એ તમારા માટે કાંઈ જ ફાયદાકારક નથી, કેમ કે દેવબંદનો મદરસો, ત્યાંનો કોર્સ, દૌરાએ હદીષ, પગારો લઈને મુદર્રિસોનું પઢાવવું, ઈમ્તેહાન તથા તાલીમોનું થવું, કુર્આનમાં એઅ્રાબ લગાડવું, કુર્આન તથા બુખારી છપાવવું, મુસીબતના સમયે બુખારીનો ખતમ કરાવવો જેમ કે દેવબંદમાં ૧૫ રૂા. લઈને કરાવવામાં આવે છે ! બલ્કે આખો હદીષનો ફન (વિષય) બલ્કે ખુદ હદીષોને કિતાબના રૂપમાં એકત્ર કરવી, બલ્કે ખુદ કુર્આનને કાગળ પર એકત્ર કરવું, તેમાં રુકૂઅ બનાવવા, તેમાં ત્રીસ પારા કરવા વગેરે સર્વ દીની કામો જ છે ! અને બિદઅત છે. કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમયમાં એમાંનું કોઈ કામ થયું ન હતું. બોલો ! આ હરામ છે કે હલાલ ?! બીચારી ! મેહફિલે મીલાદ અને ફાતેહાએ જ કુસૂર કર્યો છે કે તે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમયમાં ન હતી અને ઉપર જણાવેલ સર્વ કામો હલાલ !

અમે મોલ્વી ષનઉલ્લાહ અમૃતસરીને અમારા મુનાઝરામાં કહ્યું હતું કે તમે લોકો ચાર વસ્તુઓની યોગ્ય વ્યાખ્યા કરી આપો જેના પર કોઈ વાંધો ન થાય, સંપૂર્ણ અર્થપૂર્ણ હોય, તો જેટલા પ્રમાણમાં ચાહો અમારા તરફથી ઈનામ

મેળવશો : બિદઅત, શિર્ક, દીન, ઈબાદત. અને હજી પણ અમારા રબ પર ભરોસો કરીને કહીએ છીએ કે દુનિયાનો કોઈ પણ દેવબંદી કોઈ પણ ગૈર મુકલ્લિદ, કોઈ શિર્ક તથા બિદઅતનું રટણ કરનારો આ ચાર ચીજોની વ્યાખ્યા એવી નથી કરી શકતો જેનાથી તેનો મઝહબ બચી જાય ! આજે પણ દરેક દેવબંદી અને ગૈર મુકલ્લિદને 'એલાને આમ' છે કે એની એવી સચોટ વ્યાખ્યા કરે કે જેનાથી મેહફિલે મીલાદ હરામ ઠરે અને 'રિસાલા ક़ાસિમ' અને અહલે હદીષનું પેપર (મુખપત્ર) હલાલ ઠરે ! અને ઔલિયા અલ્લાહથી મદદ માંગવી શિર્ક ઠરે ! અને પોલીસ વગેરેથી મદદ અયને ઈસ્લામ ઠરે ! કહી દઈએ છીએ કે ઈન્શાઅલ્લાહ ! એવી વ્યાખ્યાઓ ન થઈ શકી છે ન થઈ શકશે. જેથી તેમણે પોતાના નીતિ નિયમ વિનાના ધર્મથી તો તૌબા કરવી જોઈએ અને અહલે સુન્નત વ જમાઅતમાં દાખલ થવું જોઈએ. એ હદીષ જે તમે રજૂ કરી એના વિશે અમે રજુ કરી ચૂક્યા છીએ કે એનાથી તે અમલો મુરાદ (હેતુ) છે જે સુન્નતની વિરૂધ્ધ કે દીનની વિરૂધ્ધ હોય, અમે તેના હવાલા પણ રજૂ કરી ચૂક્યા છીએ.

એ કહેવું કે, ''દરેક બિદઅત હરામ હોય છે અને બિદઅતે હસના (સારી બિદઅત) કોઈ ચીજ નથી'' એ હદીષની વિરૂધ્ધ છે જે આગળ રજૂ કરવામાં આવી ચૂકી કે, ''ઈસ્લામમાં જે નેક કામ ઉપસ્થિત કરે તે સવાબનો હકદાર છે અને જે બુરું કામ ઉપસ્થિત કરે તે અઝાબનો હકદાર છે.'' તેમજ 'શામી' અશિઅતુલ લમ્આત' અને મિર્ક़ાત'નાં લખાણો રજૂ કરી ચૂક્યા કે બિદઅત પાંચ પ્રકારની છે : જાઈઝ, વાજિબ, મુસ્તહબ, મકરૂહ અને હરામ. અને જો માની પણ લેવામાં આવે કે દરેક બિદઅત હરામ છે તો મદરસા વગેરેને ખત્મ કરો કેમ કે એ પણ હરામ થશે. તેમ જ ફિકહી મસાઈલ તથા સૂફીઓનાં કામો જે ખયરે કુરૂન પછી ઉપસ્થિત થયાં તે સર્વ હરામ થઈ જશે. શરીઅતના ચાર સિલસિલા હનફી, શાફઈ, માલિકી, હંબલી તથા તરીકતના ચાર સિલસિલા કાદરી, ચિશ્તી, નક્શંબદી સુહરવર્દી આ તમામ પણ હુઝૂર ﷺ બલ્કે સહાબાએ કિરામ પછી જ નીકળ્યા, તેમજ તેમનું મસાઈલમાં ઈજતેહાદ કરવું અને અમલો વઝીફાઓ, મુરાકબા, ચિલ્લાં વગેરે સૌ પણ પછીની શોધ છે

અને સર્વ લોકો તેને દીનનું કામ સમજીને જ કરે છે, છ કલમા, ઈમાને મુજમલ, ઈમાને મુફસ્સલ, કુર્આનના ૩૦ પારા, હદીષના પ્રકારો, અને તેના હુકમો કે આ સહીહ હદીષ છે, આ ઝઈફ, આ હસન છે કે મુઅદ્દલ વગેરે અરબી મદ્રસાઓના કોર્સ, દસ્તારબંદીના જલ્સા, સનદો લેવી, પાઘડી બંધાવવી, વગેરે એ ચીજોને તો શું તેનાં નામો પણ કોઈ હદીષથી નથી બતાવી શકતુ. વળી હદીષની સનદો અને રાવીઓ પર હાલતમાં રિવાજ પામેલ છાનબીન ખયરે કુરૂનથી સાબિત નથી કરી શકતા, મતલબ કે શરીઅત તથા તરીકૃતનો કોઈ અમલ એવો નથી જેમાં બિદઅત સામેલ ન હોય.

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી સિરાતે મુસ્તકીમ, પેજ–૭ ઉપર લખે છે : **(અર્થ)** : "તદ્દઉપરાંત અકાબિરે તરીકૃત જો કે ઝિક્રો તથા મુરાકબા અને રિયાઝત તથા મુજાહિદાના નિયત કરવામાં કોશિશ કરી છે જે વિલાયતના માર્ગની ચાવી છે. પરંતુ દરેકે દરેક સમયના પ્રમાણેના અશ્ગાલ (કામો) અને દરેકે દરેક યુગના પ્રમાણેની રિયાઝતની હાલતો જુદી જુદી છે."

આ લખાણથી જાણવા મળ્યું કે તસવ્વુફના અશ્ગાલ (કામો) એ સૂફીઓએ ઉપસ્થિત કરેલ ચીજ છે અને દરેક યુગમાં નવા નવા થતા રહ્યા છે અને જાઈઝ છે, બલ્કે રાહે સુલૂક તેનાથી જ પાર પાડે છે. કહો ! હવે એ કાયદો કયાં ગયો કે દરેક નવી ચીજ હરામ છે ! માનવું પડશે કે જે કામ સુન્નતની વિરૂધ્ધ હોય તે બુરુ બાકી સર્વ ઉમદા અને સારાં કામ ગણાશે.

(૨) વિરોધીઓ એ પણ કહે છે કે જે કામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અથવા સહાબાએ કિરામ અથવા તાબઈન કે તબેઅ તાબઈનના જમાનામાંથી કોઈ જમાના પછી જે કામ ઉપસ્થિત થશે તે બિદઅત છે અને તે કોઈ પણ જાઈઝ નથી, સર્વ હરામ છે. એટલે કે સહાબાએ કિરામ, તાબઈન તથા તબેઅ તાબઈનની શોધો સુન્નત છે. એટલા માટે કે મિશ્કાત બાબુલ એઅ્તેસામમાં છે :–

(અ) "તમારા પર લાઝિમ છે મારી સુન્નત અને હિદાયતવાળા ખુલફાએ રાશિદીનની સુન્નત કે એને દાંત વડે મજબૂત પકડી લો." આ હદીષમાં ખુલફાએ

રાશિદીનના કામોને સુન્નત કહેવામાં આવેલ છે. તેને પકડવાની તાકીદ ફર્માવવામાં આવી છે. જેનાથી જાણવા મળ્યું કે તેમનાં કામો બિદઅત નથી.

(બ) મિશ્કાત, બાબે ફઝાઈલે સહાબામાં છે, **(અર્થ)** : "મારી ઉમ્મતમાં બેહતર ગિરોહ મારો ગિરોહ છે, પછી જે તેનાથી જોડાએલ છે, પછી તે જે તેનાથી જોડાએલ છે, પછી તેના પછી એક કૌમ પેદા થશે જે ગવાહ બનાવ્યા વિના ગવાહી આપતી ફરશે, અને ખયાનત (અપ્રમાણિકતા) કરશે, અમીન હશે નહીં." એનાથી જાણવા મળ્યું કે ત્રણ જમાના (યુગ) ભલાઈના છે, સહાબા તાબઈન અને તબેતાબઈનનો. એના પછી બુરો જમાનો છે. અને વળી સારા જમાનામાં જે પેદા થયા તે સુન્નત છે, બુરા જમાનામાં જે પેદા થયું તે બુરુ એટલે બિદઅત છે. તેમજ 'મિશ્કાત' બાબુલ એઅ્તેશામમાં છે :–

(ક) "મારી ઉમ્મતના ૭૩ ફિર્કા થઈ જશે, એકના સિવાય સૌ જહન્નમી છે." અર્ઝ કરવામાં આવી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તે એક કોણ છે ? ફર્માવ્યું "જેના પર હું અને મારા સહાબાઓ છીએ (એના પર ચાલનાર)." જાણવા મળ્યું કે સહાબાએ કિરામની પયરવી (અનુસરણ) જન્નતનો માર્ગ છે એટલા માટે તેમની કાઢેલી ચીજોને બિદઅત નથી કહી શકતા. મિશ્કાત , બાબે ફઝાઈલે સહાબામાં છે :–

(ડ) "મારા સહાબીઓ તારાઓ સમાન છે તમે જેનું અનુસરણ કરશો, હિદાયત પામશો." એનાથી પણ એ જણાય છે કે સહાબાએ કિરામની પયરવી નજાતનો સબબ છે જેથી તેમનાં ઉદ્ભવ કરેલાં કામો બિદઅત નથી, કેમ કે બિદઅત તો ગુમરાહ કરનાર છે.

જવાબ : આ પ્રશ્ન પણ તદ્દન ધોકો છે એટલા માટે કે અમે 'મિર્કાત' તથા 'અશિઅતુલ લમ્આત'ના હવાલાથી સાબિત કર્યું છે કે બિદ્અત તે કામ છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી ઉદ્ભવ્યું, એમાં સહાબાએ કિરામ, તાબઈન કે તબેએ તાબઈનનો ઉલ્લેખ નથી. તદ્ઉપરાંત મિશ્કાત, બાબે કિયામ, શહરે રમઝાનમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાના ખિલાફત કાળમાં તરાવીહની બાકાયદા જમાઅત કરવાનો હુકમ આપ્યો અને તરાવીહની જમાઅતને જોઈને

ફર્માવ્યું કે, "આ ઘણી સારી બિદઅત છે." ખુદ હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાના મુબારક કાર્યને બિદઅતે હસના (સારી બિદઅત) કહયું. ત્રીજુ એટલા માટે કે પ્રથમ વિભાગમાં મિર્કાતના હવાલાથી આવી ગયું કે તરાવીહની જમાઅત "બિદઅતે મુસ્તહબ" ('મુસ્તહબ બિદઅત') છે, એટલે કે તરાવીહ સુન્નત અને તેની બાકાયદા પાબંદીથી જમાઅત એ બિદઅતે હસનહ્. તેમણે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના કાર્યને બિદઅતમાં ગણાવ્યું. ચોથુ એટલા માટે કે બુખારી, ભાગ–૨, કિતાબે ફઝાઈલુલ્ કુર્આન, બાબે જમઉલ્ કુર્આનમાં છે કે, હઝરત સિદ્દીકે હઝરત ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہ ને કુર્આને પાક એકત્ર કરવાનો હુકમ આપ્યો. તો તેમણે અર્ઝ કરી કે, તમે એ કામ શા માટે કરો છો જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ન કર્યું ? હઝરત સિદ્દીકે ફર્માવ્યું કે, આ કામ સારૂં છે. હઝરત ઝયદ ઈબ્ને હારિષે બારગાહે સિદ્દીકી رضی اللہ عنہ માં એ જ અર્ઝ કર્યું કે કુર્આન જમા કરવું બિદઅત છે, અને બિદઅત શા માટે કરી રહયા છો ? હઝરત સિદ્દીક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બિદઅત તો છે પણ સારી છે. જેનાથી માલૂમ થયું કે સહાબાનું કૃત્ય 'બિદઅતે હસનહ્' છે. વિરોધીઓની દલીલોના જવાબો આ પ્રમાણે છે :–

(૧) ખુલફાએ રાશિદીનના વાણી તથા વર્તનને શાબ્દિક અર્થમાં સુન્નત જણાવવામાં આવેલ છે. એટલે કે હે મુસલમાનો ! મારા અને મારા ખલીફાઓના તરીકાઓને અપનાવો, જેમ કે અમે પ્રથમ વિભાગમાં હદીષ નકલ કરી ચૂકયા છીએ: من سن فی الاسلام سنة حسنة فله اجرها.

અને من سن فی الاسلام سنة سئة,આ હદીષમાં સુન્નત, તરીકા (રીત)ના અર્થમાં છે. કુર્આન કરીમ ફર્માવે છે :

سُنَّةَ مَنْ قَدْ اَرْسَلْنَا قَبْلَكَ مِنْ رُّسُلِنَا وَ لَا تَجِدُ لِسُنَّتِنَا تَحْوِيْلًا ۝

(સૂ. બની ઈસ્રાઈલ–૭૭) તેમજ ફર્માવે છે : سُنَّةَ اللّٰهِ الَّتِيْ قَدْ خَلَتْ આયતો અને હદીષોમાં સુન્નતથી મકસદ શરઈ સુન્નત બિદઅતની વિરોધાર્થી નથી બલ્કે તરીકાના અર્થમાં છે, જેમ કે સુન્નતે ઈલાહિયહ્ એટલે અલ્લાહનો તરીકો, સુન્નતે અંબિયા એટલે અંબિયાનો તરીકો .....વગેરે.

આ હદીષ فَعَلَيْكُم بِسُنَّتِيْ હેઠળ 'અશિઅતુલ લમ્આત' માં છે :–

''ખુલફાએ રાશિદીનની સુન્નત હકીકતમાં સુન્નતે નબવી છે કે જે હુઝૂર صلى الله تعالى عليه وسلم ના જમાનામાં મશહૂર ન થઈ, એ હઝરાતના સમયમાં મશહૂર થઈ ગઈ અને તેમના પ્રતિ મન્સૂબ (સંબંધિત) થઈ ગઈ.'' એના પરથી જાણવા મળ્યું કે ખલીફાઓની સુન્નત તેને કહે છે કે જે અસલમાં તો રસૂલે ખુદા صلى الله تعالى عليه وسلم ની સુન્નત હોય પણ તેને મુસલમાનોમાં રિવાજ અપાવનારા ખુલફાએ રાશિદીન હોય. પાચમું એટલા માટે કે મુહદ્દિષો અને ફકીહો ફર્માવે છે કે ખુલફાએ રાશિદીનના હુકમો સુન્નતથી સંબંધિત છે એટલે કે સુન્નત તો નથી પણ સુન્નત સાથે જોડાએલ છે. જો તેમના ઉપસ્થિત કરેલ કામ સુન્નત જ હોત તો ઈલ્હાક (સંબંધિત કરવા)નો શો અર્થ ? 'નૂરુલ્ અન્વાર'ના પ્રારંભમાં છે : ''સહાબીનું ફર્માન બૌદ્ધિક વાતોમાં તો ક્યાસથી મુલ્હક (જોડાએલુ) છે અને ગૈર અકલી વાતોમાં સુન્નતથી મુલ્હક છે.'' જો સહાબીની દરેક વાણી, વર્તન સુન્નત છે તો ક્યાસ તથા સુન્નત સાથે ઈલ્હાકનો શો અર્થ ? 'અશિઅતુલ્ લમ્આત' હદીષ **ફઅલૈકુમ્ બિસુન્નતી** હેઠળ છે :–

''જે ચીજનો ખુલફાએ રાશિદીને હુકમ ફર્માવ્યો હોય ભલે પોતાના ક્યાસ તથા ઈજતેહાદ થકી પણ તે સુન્નતે નબવી સમાન છે. એના માટે બિદઅત શબ્દ નથી બોલી શકતા.'' આ લખાણોથી તદ્દન સ્પષ્ટ થઈ ગયું કે ખુલફાએ રાશિદીનની સુન્નત શાબ્દિક અર્થમાં સુન્નત છે અને શરઈ સુન્નતથી મુલ્હક છે. એને અદબના લીધે બિદઅત ન કહેવામાં આવે, કેમ કે બિદઅત મોટા ભાગે બિદઅતે સૈયઅહ્ (બુરી બિદઅત)ને કહે છે.

(૨) ''ખયરુ ઉમ્મતી કરૂની''થી તો જાણવા મળ્યું કે આ ત્રણ સમયો સુધી ભલાઈ અધિક હશે અને તેના પછી ભલાઈ ઓછી અને બુરાઈ વધારે હશે. એ મતલબ નથી કે આ ત્રણ જમાનાઓમાં જે પણ કામ બને અને કાંઈ પણ કાઢે તે સુન્નત થઈ જાય, અહીં સુન્નત થવાનો ઉલ્લેખ જ ક્યાં છે ? નહીં તો જબરિય્યહ્ અને કદરિય્યહ્ મઝહબો તાબઈનના જ સમયમાં નીકળ્યા અને હુસૈન رضى الله عنه ની કત્લ અને હજ્જાજ ઈબ્ને યૂસુફના જુલ્મો એ જ સમયોમાં

થયા, તો શું મઆઝલ્લાહ ! તેને પણ સુન્નત કહેવામાં આવશે ?

(૩,૪) "મા અના અલૈહિ વ અસ્હાબિહી" તથા "અસ્હાબિકન્નુજૂમ"થી એ જાણવા મળ્યું કે સહાબાએ કિરામની ગુલામી તેમનું અનુસરણ હિદાયતનો સબબ છે અને તેમની વિરૂધ્ધતા એ ગુમરાહી છે, એ તદ્દન દુરસ્ત અને એના પર દરેક મુસલમાનનું ઈમાન છે. પરંતું એનાથી ક્યાંથી લાઝિમ આવ્યું કે તેમનું દરેક કૃત્ય શરઈ સુન્નત હોય ? બિદઅતે હસનહ્ પણ વાજિબુલ ઈત્તેબાઅ (અનુસરવી વાજિબ) હોય છે. મિશકાત, બાબુલ એઅ્તેસામમાં છે : "મોટી જમાઅતની પયરવી કરો ! જે જમાઅતથી અલગ રહ્યો તે જહન્નમમાં અલગ પડી ગયો." તેમજ આવ્યું છે કે, "જેને મુસલમાનો સારું સમજે તે અલ્લાહની નજીક પણ સારું છે, જે મુસલમાનોની જમાઅતથી વેંત બરાબર પણ અલગ રહયો તેણે ઈસ્લામની રસ્સી પોતાના ગળેથી ઉતારી નાખી." કુર્આનમાં છે :–

وَيَتَّبِعْ غَيْرَ سَبِيْلِ الْمُؤْمِنِيْنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَنُصْلِهٖ جَهَنَّمَ ؕ

"અને મુસલમાનોના માર્ગથી જુદા માર્ગે ચાલે તેને અમે તેના હાલ પર છોડી દઈશું અને દોઝખમાં દાખલ કરી દઈશું." *(સૂ. નિસાઅ્–૧૧૫)*

આ આયતથી તથા હદીષથી જાણવા મળ્યું કે દરેક શખ્સને માટે જરૂરી છે કે અકીદા તથા અમલોમાં મુસલમાનોની જમાઅતની સાથે રહે, તેનો વિરોધ જહન્નમનો માર્ગ છે. પરંતું એનાથી એ તો લાઝિમ નથી થતું કે મુસલમાનોની જમાઅતે ઉપસ્થિત કરેલ કોઈ પણ કામ બિદઅત ન હોય, બિદઅત હશે પણ સારી બિદઅત, જેવી રીતે સહાબાની કાઢેલી ચીજોને સુન્નતે સહાબા કહે છે. એ જ રીતે પૂર્વજ બુઝુર્ગોની શોધને **"સુન્નતે સલફ"** કહેવામાં આવે છે, શાબ્દિક અર્થમાં એ કે પસંદીદા દીની તરીકો.

જરૂરી સૂચનો

જે લોકો દરેક બિદઅત એટલે કામને હરામ જાણે છે તે આ 'કાએદાએ કુલ્લિયહ્" નો શો અર્થ કરશે કે, "તમામ ચીજોની અસલિયત એ છે કે તે

મુબાહ છે." એટલે દરેક ચીજ મુબાહ અને હલાલ છે. હા ! જો કોઈ ચીજને શરીઅત મના કરી દે તો તે હરામ કે મના છે. એટલા માટે કે મનાથી હુર્મત (હરામ હોવું) સાબિત થશે, નહીં કે નવુ હોવાથી. આ કાયદો કુર્આને પાક તથા સહીહ હદીષો તથા ફકીહોના અકવાલ (કથનો)થી સાબિત છે. અને કોઈ મુકલ્લિદ કહેડાવનારો તો તેનો ઈન્કાર નથી કરી શકતો. કુર્આને કરીમ ફર્માવે છે :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَسْـَٔلُوْا عَنْ اَشْيَآءَ اِنْ تُبْدَ لَكُمْ تَسُؤْكُمْ ۚ وَاِنْ تَسْـَٔلُوْا عَنْهَا حِيْنَ يُنَزَّلُ الْقُرْاٰنُ تُبْدَ لَكُمْ ؕ عَفَا اللّٰهُ عَنْهَا ؕ

"હે ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો કે જે તમારા પર જાહેર કરી દેવામાં આવે તો તમને બુરી લાગે, અને જો તેને એ વખતે પૂછશો કે જ્યારે કુર્આન ઉતરી રહ્યું છે તો જાહેર કરી દેવામાં આવશે, અલ્લાહ તેને માફ કરી ચૂક્યો છે." (સૂ. માઈદહ્) એના પરથી જાણવા મળ્યું કે જેનું કોઈ વર્ણન થયું ન હોય તે ન હલાલ છે ન હરામ, તો માફીમાં છે.

એટલા માટે કુર્આને કરીમે હરામ ઔરતોનો ઉલ્લેખ કરીને ફર્માવ્યું કે : وَاُحِلَّ لَكُمْ مَّا وَرَآءَ ذٰلِكُمْ "એમના સિવાયની બાકીની ઔરતો તમારા માટે હલાલ છે." *(સૂ. નિસાઅ્–૨૪)*

તેમ જ ફર્માવ્યું : وَقَدْ فَصَّلَ لَكُمْ مَا حَرَّمَ عَلَيْكُمْ "તમારી સમક્ષ વિગતવાર વર્ણવી દેવામાં આવી તે ચીજો જે તમારા માટે હરામ છે." એટલે ચીજોના વિગેતે વર્ણનની જરૂરત નથી (એ સિવાયની) તમામ ચીજો હલાલ છે.

મિશ્કાત, કિતાબુલ અત્ઈમ્મહ્, બાબે આદાબે તઆમ, ફસ્લ દોમમાં છે : "હલાલ તે જેને અલ્લાહે પોતાની કિતાબમાં હલાલ કર્યું અને હરામ તે જેને અલ્લાહે પોતાની કિતાબમાં હરામ કર્યું અને જેનાથી ખામોશી ફર્માવી (કાંઈ ન ફર્માવ્યું) તે માફ ગણાશે."

આ હદીષથી જાણવા મળ્યું કે ચીજો ત્રણ પ્રકારની હોય છે, એક તે જેનું હલાલ હોવુ સ્પષ્ટ રૂપે કુર્આનમાં વર્ણન છે. બીજી તે જેના હરામ હોવાની

સ્પષ્ટતા થએલી છે, ત્રીજી તે ચીજો જેનાથી ખામોશી ફર્માવી છે. "શામી", ભાગ–૧, કિતાબુત્તહારત, 'બહષે તારીફે સુન્નત'માં છે :– "જમહૂર હનફી તથા શાફઈની નઝદીક એ જ મસ્અલો છે કે અસલ મુબાહ (ન સવાબ ન ગુનોહ, કરવું ન કરવું સમાન) હોય છે." એની તફસીરે ખાઝિન તથા રૂહુલ બયાન તથા તફસીરે ખઝાઈનુલ્ ઈર્ફાન વગેરેએ પણ સ્પષ્ટતા કરેલ છે કે "દરેક ચીજમાં મૂળ એ છે કે તે મુબાહ છે અને મનાઈના હુકમથી નાજાઈઝ થશે." હવે જે કેટલાક લોકો અહલે સુન્નતને પૂછે છે કે, "સારું ! બતાવો ક્યાં લખ્યું છે કે મીલાદ શરીફ કરવી જાઈઝ છે ? અથવા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અથવા સહાબાએ કિરામે અથવા તાબઈન તથા તાબેઅ તાબઈને ક્યારે કહ્યું હતું ?"

આ કેવળ ધોકો છે ! અહલે સુન્નતે એમને પૂછવું જોઈએ કે, "બતાવો ! કયાં લખ્યું છે કે મીલાદ શરીફ કરવું હરામ છે ? જ્યારે ખુદા હરામ ન કરે, રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم મના ન ફર્માવે અને કોઈનાથી મનાઈ સાબિત ન હોય તો તમે કઈ દલીલ વડે હરામ કહો છો ? બલ્કે મીલાદ શરીફ વગેરેની સાબિતી ન હોવી એ જાઈઝ હોવાની નિશાની છે.

રબ તઆલા ફર્માવે છે :–

قُلْ لَّاۤ اَجِدُ فِیْ مَاۤ اُوْحِیَ اِلَیَّ مُحَرَّمًا عَلٰی طَاعِمٍ یَّطْعَمُهٗۤ اِلَّاۤ اَنْ یَّكُوْنَ مَیْتَةً

તેમજ ફર્માવે છે :–

قُلْ مَنْ حَرَّمَ زِیْنَةَ اللّٰهِ الَّتِیْۤ اَخْرَجَ لِعِبَادِهٖ وَ الطَّیِّبٰتِ مِنَ الرِّزْقِ

(સૂ. અઅ્રાફ, આ. ૩૨) આ આયતોથી જાણવા મળ્યું કે હુર્મતની (હરામ હોવાની) દલીલ ન મળવી એ હલાલ હોવાની દલીલ છે ન કે હરામ હોવાની, છતાં એ લોકો એના પરથી હરામ હોવું સાબિત કરે છે ! વિચિત્ર ઉલ્ટી ફિલોસોફી છે. સારું ! બતાવો કે રેલ્વેમાં સફર તથા મદ્રસા બાંધવાનું ક્યાં લખ્યું છે કે હલાલ છે ? અથવા કોઈ સહાબી કે તાબઈને કર્યું જેનાથી તેને તમે હલાલ જાણો છો ?! એનો જે જવાબ તમારો હશે એ જ રીતે આ મીલાદ શરીફ વગેરે પણ જાઈઝ તથા હલાલ છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُلِلّٰہِ وَکَفٰی وَالصَّلٰوۃُ وَالسَّلَامُ عَلٰی سَیِّدِالۡاَنۡبِیَآءِ مُحَمَّدِ
الۡمُصۡطَفٰی وَعَلٰی اٰلِہٖ وَاَصۡحَابِہٖ اُولِی الصِّدۡقِ وَالصَّفَا.

પ્રારંભિક વાત...

યાદ રાખશો કે વર્તમાનકાળ ઘણો જ ફિત્ના ફસાદનો દૌર છે. કુફ્ર તથા ગુમરાહી અને બેદીનીની હોશ ઉડાવી દેનારી આંધીઓ ચાલી રહી છે. બદમઝહબી તથા અધર્મતા નવા નવા સ્વરૂપમાં જાહેર થઈ રહી છે. મુસલમાને ઈમાન સંભાળવું મુશ્કેલ બની ગયું છે. એવા સમયે તે જ ઈમાન સંભાળી શકે જે કોઈ ખુદાની બારગાહના મકબૂલ બંદાના દામનથી જોડાઈ જાય. આ ફિત્નાઓમાંથી **એક ખતરનાક ફિત્નો વહાબિયત, નજદિયત, ગેર મુકલ્લિદિયતનો છે** (જેઓ પોતાને **"એહલે હદીષ"** કહે છે !) જે સુન્નતની પૈરવીના પડદા હેઠળ જાહેર થયો છે. આ લોકો **અહલે હદીષ** નામ રાખીને લોકોને ધોકો આપે છે. પોતાના સિવાય સૌને મુશ્રિક સમજે છે. તકલીદે શખ્સીને શિર્ક કહે છે. તેમની હાલત એ છે કે જાહિલમાં જાહિલ ગૈર મુકલ્લિદ પોતાને મુજતહિદે મુત્લક સમજીને મોટા મોટા ઉલમા, સૂફિયા, અઈમ્માએ દીનના મોઢે લાગવાની કોશિશ કરે છે.

જે મૂર્ખને એ પણ ખબર નથી કે હદીષ શું છે અને સુન્નત શું છે ? બલ્કે જેને અરબી ઈબારત પઢતાં નથી આવડતુ તે જોરથી આમીન તથા રફએ યદૈન (હાથ ઉઠાવવા)ની ચાર હદીષો યાદ કરીને પોતે પોતાને ઈમામ અબૂ હનીફાથી વધીને સમજે છે. ફકીરે (લેખકે) પોતાના 'જાઅલ્ હક્ક' (ભાગ–૧)માં તકલીદના મસ્અલા પર અને ઝમીમએ જાઅલ્ હક્કમાં **૨૦ રકાત તરાવીહ** અને **ત્રણ તલાક** પર ખૂબ જોરદાર ચર્ચા કરી છે. ઘણા લાંબા કાળ સુધી એ

વાયદો પૂરો કરવાનો મોકો ન મળ્યો. પછી અમુક ભાઈઓએ આગ્રહ કર્યો કે બીજા ભાગમાં ગૈર મુકલ્લિદ વહાબીઓની ભરપુર રદ કરી દેવામાં આવે અને હનફી (અહનાફ)ની વિરૂધ્ધ ગૈર મુકલ્લિદોની દલીલોના જડબાતોડ જવાબ આપવામાં આવે. પણ આ હુકમના પાલનમાં મોડુ જ થતું ગયું. તેમ જ આ મસાઈલ વિશે મેં મારા **ફતાવાએ નઈમિયહ્** અને **હાશિયાએ બુખારી નઈમુલબારી અરબી**માં વિગતવાર ચર્ચા કરી છે. ધાર્યું હતું કે હવે અલગ કિતાબ લખવાની જરૂર નથી, પણ બુઝુર્ગોનો આગ્રહ રહ્યો કે આ મસાઈલ પર આખી કિતાબ ઉર્દૂ ભાષામાં લખવામાં આવે. તકક્કલન્ ઈલ્લલ્લાહ એ તરફ ધ્યાન કર્યું. આ હિસ્સાનો તરીકો પણ તે જ હશે જે જાઅલ્ હક્ક અવ્વલનો છે કે દરેક મસ્અલો અલગ પ્રકરણમાં બયાન કરવામાં આવશે અને પ્રકરણમાં બે વિભાગ હશે. પ્રથમ વિભાગમાં હનફીઓની દલીલો અને બીજા વિભાગમાં ગૈર મુકલ્લિદોના સવાલોના જવાબો.

ગૈર મુકલ્લિદોનો તરીકો એ છે કે પોતાના વિરોધીની દરેક હદીષને ઝઈફ કહી દે છે અને કોઈ ન કોઈ યોગ્ય અયોગ્ય હવાલાની આડ લે છે. જ્યારે કે મુહદ્દિષોની દ્રષ્ટિએ જેરહે મુબહમ વિશ્વસનીય નથી તેમજ જો જેરહ તથા તઅ્દીલમાં મુકાબલો થાય તો તઅદીલ મુકદ્દમ (અગ્રતાએ) રહે છે. તેમ જ કોઈ અસ્નાદના ઝઈફ હોવાથી હદીષના મતનનુ ઝઈફ હોવું લાઝિમ થતું નથી તેમજ બાદ વાળાનું ઝઈફ હોવું આગલાઓને નુકસાનકર્તા નથી. આ તમામ ચર્ચાઓ ઈન્શાઅલ્લાહુ તઆલા મુકદ્દમા (પ્રસ્તાવના)માં કરવામાં આવશે. પણ તે અકલમંદોને એનાથી શું લેવા દેવા ! ફકત 'ઝઈફ'નો સબક યાદ છે ! તેમના આ ઝઈફ, ઝઈફ રટણ કરવાના કારણે આજે મુસલમાનોમાં હદીષના મુન્કિરો (ઈન્કાર કરનારા) પેદા કરી દીધા, જેઓ કહેવા લાગ્યા કે કોઈ હદીષનો ભરોસો નથી ! બધી ઝઈફ જ છે ! ફકત કુર્આનને માનો !

તદ્ ઉપરાંત આશ્ચર્યની વાત છે કે ગૈર મુકલ્લિદો ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ વગેરેની તકલીદને શિર્ક કહે છે પણ ઈબ્ને જવઝી વગેરે હદીષનું વિવેચન કરનારાઓના એવા આંધળા મુકલ્લિદ છે કે જે હદીષને તે ઝઈફ કહી

દે તેને તેઓ સમજ્યા વિચાર્યા વિના આંખો મીચીને માની લે છે ! અત્યારે ગૈર મુકલ્લિદનો ફિત્નો માથુ ઊંચકી રહ્યો છે એટલા માટે ફકીરે (લેખકે) તેમના જવાબમાં કલમ ઉઠાવી. કલમ તો ઉઠાવી દીધી પણ મને મારી આર્થિક નિર્બળ તા અને કમ ઈલ્મીનો ખયાલ તથા ઈકરાર છે. મારા રબ્બે કરીમના કરમ અને તેના હબીબ, રઉફ તથા રહીમ صلى الله تعالى عليه وسلم ના ફઝ્લ પર ભરોસો છે. રબ તઆલા આ કિતાબને કબૂલ ફર્માવી દે, એને મારા ગુનાહોનો કફ્ફારો બનાવે તથા સદકાએ જારીઆ બનાવે. એનું નામ જાઅલ હક્ક હિસ્સો દોમ રાખુ છું. જે કોઈ એનાથી ફાયદો ઉઠાવવા ચાહે તે મુઝ ફકીર બેનવાના સારા ખાતમાની દુઆ કરે, અલ્લાહ તેને જઝાએ ખૈર આપે. વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહિ અલૈહિ તવક્કલ્તુ વ ઈલૈહિ ઉનીબ.

–અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની

ખતીબે જામેઅ મસ્જિદ–ગૌષિયા ચોક, (પાક.) ગુજરાત

૧–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૩૭૬, ૨–૪–૧૯૫૭ (ઈ.સ.),બરોઝ પીર

(મુકદ્દમા)

પ્રસ્તાવના

આ કિતાબનો અભ્યાસ કરતા પહેલાં નીચેના કાયદાઓનો સારી રીતે અભ્યાસ કરીને તેને યાદ રાખી લો કેમ કે આ કાયદા ખૂબ જ કામના છે.

કાયદા નં. ૧ : હદીષના રાવીઓના ક્રમને અસનાદે હદીષ અને હદીષના શબ્દોને જ્યાંથી અસનાદ ખતમ થાય તેને હદીષનું મતન કહે છે. અસ્નાદ (સનદોના) લેહાઝથી હદીષના ઘણા પ્રકારો છે, પણ અમે ફકત ત્રણ પ્રકારોની ચર્ચા કરીએ છીએ; સહીહ હદીષ, હસન હદીષ અને ઝઈફ હદીષ.

સહીહ : તે હદીષ છે જેમાં ચાર ખૂબીઓ હોય, (૧) તેની અસનાદ (સનદો) મુત્તસિલ હોય. (જો અસનાદમાં એક અથવા અમુક રાવી છૂટી ગયા હોય તેને હદીષે મુન્કતઅ કહે છે) કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી લઈને કિતાબના સંપાદક સુધી કોઈ રાવી (રિવાયત કરનાર) કોઈ ઠેકાણે જૂઠો ન હોય. (૨) તેના સર્વ રાવીઓ પ્રથમ કક્ષાના મુત્તકી અને પરહેઝગાર હોય, કોઈ ફાસિક કે છુપા હાલવાળો ન હોય. (૩) તમામ રાવી અતિશય મજબૂત યાદશકિતવાળા હોય કે કોઈની યાદ શકિત બીમારી કે ઘડપણને કારણે કમજોર ન હોય. (૪) તેઓ હદીષ શાઝ એટલે કે મશહૂર હદીષની વિરૂધ્ધ ન હોય.

હસન : તે હદીષ છે,જેના કોઈ રાવીમાં આ ગુણો (જે ઉપર વર્ણવ્યા) ઉચ્ચ કક્ષાના ન હોય. એટલે કે જે સિફતો (ગુણો) હદીષ શરીફમાં વિશ્વસનીય હતી તેમાંથી કોઈ એક ગુણ ન હોય.

ઝઈફ : તે હદીષ છે, જેનો કોઈ રાવી મુત્તકી અથવા મજબૂત યાદશકિતવાળો ન હોય. એટલે કે જે સિફતો (ગુણો) સહીહ હદીષમાં વિશ્વસનીય હતી તેમાંથી કોઈ એક ન હોય.

કાયદા નં. ૨ : પ્રથમ બે પ્રકારો એટલે કે **સહીહ** અને **હસન** એહકામ અને ફઝાઈલ સૌમાં મોઅ્તબર (વિશ્વસનીય) છે, પરંતુ ઝઈફ હદીષ

કેવળ ફઝાઈલમાં મોઅ્તબર છે, એહકામમાં નહીં. એટલે કે તેનાથી હરામ કે હલાલ હુકમો સાબિત થશે નહીં. હા ! આમાલો તથા કોઈ શખ્સની અઝમત તથા ફઝીલત સાબિત થઈ શકે છે.

સારાંશ : ઝઈફ હદીષ જૂઠી કે બનાવટી હદીષને નથી કહેતા. જેમ કે ગૈર મુકલ્લિદોએ અવામમાં ઠસાવી દીધું છે કે લોકોએ તેને ખાઈ જનારુ બનાવટી મ્હોરૂ સમજી રાખ્યું છે ! બલ્કે મુહદ્દિષોએ કેવળ સાવચેતીના લીધે આ હદીષનો દરજ્જો આગલી બે કરતાં કમ રાખ્યો છે.

કાયદો નં. ૩ : જો ઝઈફ હદીષ કોઈક કારણે હસન બની જાય તો તે પણ મુત્લકન મોઅ્તબર છે. એનાથી એહકામ તથા ફઝાઈલ સર્વ કાંઈ સાબિત થઈ શકે છે.

કાયદો નં. ૪ : નીચેની ચીજો વડે ઝઈફ હદીષ હસન બની જાય છે. બે કે વધુ સનદો વડે રિવાયત થઈ જવું ભલે તે સર્વ સનદો ઝઈફ હોય. એટલે કે અમુક ઝઈફ રિવાયતોથી નકલ થઈ જાય તો હવે તે ઝઈફ ન રહી પણ હસન બની ગઈ.

(૧) : મિર્કાત, મૌઝૂઆતે કબીર, શામી, મુકદ્દમાએ મિશ્કાત શરીફ મૌલાના અબ્દુલ હક્ક, રિસાલાએ ઉસૂલે હદીષ લિલ જુર્જાની અવ્વલ, શામી, તિર્મિઝી શરીફ વગેરે.

(૨) : ઉલમાએ કામિલીનના અમલથી ઝઈફ હદીષ હસન બની જાય છે. એટલે કે જો ઝઈફ હદીષ પર ઉલમાએ દીન અમલ શરૂ કરી આપે તો તે ઝઈફ રહેશે નહીં પણ હસન બની જશે. એટલા જ માટે ઈમામ તિર્મિઝી ફર્માવી આપે છે :–

હાઝલ્ હદીષુ ગરીબુન્ દઈફુન્ વલ્અમ્લુ અલૈહિ ઈન્દ અહ્લિલ્ ઈલ્મ
"આ હદીષ છે તો ગરીબ કે ઝઈફ પણ એહ્લે ઈલ્મનો એના પર અમલ છે."

તિર્મિઝીના આ કૌલનો મતલબ એ નથી કે આ હદીષ છે તો ઝઈફ તથા અમલ કરવાને પાત્ર નથી છતાં ઉલમાએ ઉમ્મતે બેવકૂફીથી અમલ કરી લીધો ! અને સૌ ગુમરાહ થઈ ગયા ! બલ્કે મતલબ એ જ છે કે હદીષ રિવાયતના

હિસાબે તો ઝઈફ હતી પણ ઉમ્મતના ઉલમાના અમલના લીધે તે હવે કવી (મજબૂત) થઈ ગઈ.

(3) : ઉલમાના તજરબા (અનુભવ) અને ઔલિયાના કશ્ફથી ઝઈફ હદીષ કવી થઈ જાય છે. શૈખ મુહીયુદ્દીન ઈબ્ને અરબીએ એક હદીષ સાંભળી હતી કે ૭૦ હજાર વાર કલ્મએ તૈયેબહ્ પઢે તેની મગફિરત થઈ જશે. એકવાર એક યુવાને કહ્યું કે હું મારી મૃત્યુ પામેલી માંને દોઝખમાં જોઉં છું. શૈખે સિત્તેર હજાર કલ્મા પઢેલા હતા, તેમણે પોતાના દિલથી તેની માંને બખ્શી આપ્યા. જોયું કે યુવાન હસી પડયો અને બોલ્યો, મારી માંને જન્નતમાં જોઉં છું. શૈખ ફર્માવે છે કે મેં આ હદીષની સેહત (સહીહ હોવું) એ વલીના કશ્ફથી જાણ્યું. (સહીહુલ્ બિહારી) તહઝીરુન્નાસ (લેખક : મૌલાના મુહમ્મદ કાસિક નાનોત્વી દેવબંદી)માં આજ પ્રસંગ જુનૈદ બગદાદીનો નકલ થયેલો છે.

કાયદો નં. ૫ : અસ્નાદ (સનદો)ના ઝઈફ હોવાથી હદીષના મતન (મૂળ લખાણ)નુ ઝઈફ હોવું જરૂરી નથી. જેથી એવું થઈ શકે છે કે એક હદીષ એક અસ્નાદમાં ઝઈફ હોય અને બીજી અસ્નાદમાં હસન હોય, ત્રીજીમાં સહીહ હોય. એટલા માટે ઈમામ તિર્મિઝી એક હદીષના વિશે ફર્માવે છે :–

હાઝલ્ હદીષુ હસનુન્ સહીહુન્ ગરીબુન્ "આ હદીષ હસન પણ છે, સહીહ પણ છે અને ગરીબ પણ છે."

તિર્મિઝીના આ કૌલનો મતલબ એ જ થાય છે કે આ હદીષ કેટલીક સનદોથી રિવાયત પામેલી છે, એક અસનાદ હસન છે, બીજીથી સહીહ અને ત્રીજીથી ગરીબ.

કાયદો નં. ૬ : પછીનુ ઝઈફ પણ આગલા મુહદ્દિષ કે મુજતહિદના માટે નુકસાનકર્તા નથી. જેથી જો એક હદીષ ઈમામ બુખારી કે તિર્મિઝીને ઝઈફ થઈને મળી હોય કેમ કે તેમાં એક ઝઈફ રાવી સામેલ થઈ ગયો તો શકય છે કે તે જ હદીષ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ને સહીહ સનદ સાથે મળી હોય. આપના જમાના સુધી તે ઝઈફ રાવી તેની અસ્નાદમાં સામેલ ન થયો હોય. જેથી કોઈ વહાબીનુ એ સાબિત કરવું આસાન નથી કે આ હદીષ

ઈમામે આ'ઝમને ઝઈફ થઈને મળી.

લતીફો : એકવાર એક વહાબી ગૈરમુકલ્લિદ સાથે કિરાઅતે ખલકુલ ઈમામ (ઈમામ પાછળ કિરાઅત) બાબતે મામૂલી ચર્ચા થઈ. મેં આ હદીષ રજુ કરી, **કિરાઅતુ અલ્ઇમામિલહૂ કિરાઅતુન્** "ઈમામની કિરાઅત મુકતદીની કિરાઅત છે".

વહાબીજી બોલ્યા કે આ હદીષ ઝઈફ છે, એની રિવાયતના જાબિર જઅફી છે જે ઝઈફ છે. મેં પૂછયું કે જાબિર જઅફી કયારે પેદા થયા ? જેના કારણે આ હદીષ ઝઈફ છે. તો ઉછળીને બોલ્યા કે હિ.સ. ૨૩૫ માં ! મેં કહ્યું, જયારે ઈમામે આ'ઝમ અબૂ હનીફાએ આ હદીષથી દલીલ સાબિત કરી હતી ત્યારે જાબિર પોતાના બાપની પીઠમાં પણ ન આવ્યા હતા ! કેમ કે ઈમામે આ'ઝમની વિલાદત હિ.સ. ૮૦ માં છે અને વિસાલ હિ.સ. ૧૫૦ માં, એટલે તે વખતે આ હદીષ તદ્દન સહીહ હતી. બાદવાળા મુહદ્દિષોને ઝઈફ થઈને મળી ! વહાબીજીથી તેનો જવાબ ન આપી શકાયો અને જવાબ આપ્યા વિના દફેઅ થઈ ગયા.

જેથી હનફી ઉલમાએ ખયાલ રાખવો જોઈએ કે વહાબીને ઝઈફ, ઝઈફ કહેવાથી રોકે, ઝઈફનું કારણ પૂછે, પછી એની તેહકીક કરે કે ઝઈફ હોવું ઈમામે આ'ઝમથી પહેલાંનુ છે કે બાદમાં. તો ઈન્શાઅલ્લાહ ! વહાબીજી ભૂ પીતા થઈ જશે ! અને ઝઈફ, ઝઈફનો સબક ભૂલી જશે. કેમ કે ઈમામે આ'ઝમનો જમાનો હુઝૂર ﷺ થી એકદમ નજીક છે. તે વખતે ખૂબ જ અલ્પ હદીષો ઝઈફ હતી. ઈમામે આ'ઝમ તાબઈ છે. (જેરહ = સામા પક્ષને સવાલ જવાબ કરવા, મુબહમ = જેનો મતલબ સ્પષ્ટ ન હોય, શંકાસ્પદ)

કાયદો નં. ૭ : જેરહે મુબ્હમ કબૂલને પાત્ર નથી. એટલે કોઈ નાકિદે હદીષ ખાસ કરીને ઈબ્ને જવઝી વગેરેનું એવું કહી દેવું કે ફલાણી હદીષ અથવા રાવી ઝઈફ છે, ગૈર મોઅ્તબર (અવિશ્વસનીય) છે, જયાં સુધી એ ન કહેવામાં આવે કે કયા કારણે ઝઈફ છે અને રાવીમાં શું કમી (ઝોઅફ) છે. કેમ કે ઝઈફ હોવામાં ઈમામોમાં મતભેદ છે. એક ચીજને કેટલાક ઐબ સમજે છે, કેટલાક

નહીં. જુઓ તદલીસ, ઈરસાલ, ઘોડા દોડાવવા, મઝાક, ઓછી વયે ફિકહમાં મશગૂલિયતને કેટલાક લોકોએ રાવીની ખામી સમજેલ છે, પણ હનફીઓની દ્રષ્ટિએ એમાંથી કાંઈ પણ ઐબ નથી. (નૂરુલ અન્વાર બહષે તઅન અલલ્ હદીષ)

કાયદો નં. ૮ : જો જેરહ તથા તઅદીલમાં તઆરુઝ (મુકાબલો) થાય તો તઅદીલ સ્વીકાર્ય છે ન કે જેરહ. એટલે કે એક રાવીને કોઈ મુહદ્દિષે ઝઈફ કહ્યો અને અમુકે કહ્યું કે નહીં, તે મુત્તકી હતો. તો તેને મુત્તકી માનવામાં આવશે અને તેની રિવાયત ઝઈફ થશે નહીં. કેમ કે મોમિનમાં તકવો અસ્લ છે.

કાયદો નં. ૯ : કોઈ હદીષના સહીહ ન હોવાથી તેનું ઝઈફ હોવું લાઝિમ નથી. જેથી જો કોઈ મુહદ્દિષ કોઈ હદીષના વિશે એવું ફર્માવી આપે કે આ સહીહ નથી, તેનો જવાબ એ નથી કે એ ઝઈફ જ છે, શકય છે કે તે હદીષ હસન હોય. સહીહ તથા ઝઈફ વચ્ચે ઘણા દરજ્જા છે.

કાયદા નં. ૧૦ : સહીહ હદીષનો દારોમદાર મુસ્લિમ, બુખારી કે સિહાહ સિત્તાહ★ પર નથી. સિહાહ સિત્તહને સહીહ કહેવાનો મતલબ એ નથી કે તેની સર્વ હદીષો સહીહ છે અને એના સિવાય અન્ય કિતાબોની સર્વ હદીષો ઝઈફ છે. બલ્કે કેવળ મતલબ એ છે કે એમાં સહીહ હદીષો વધારે છે. આપણુ ઈમાન હુઝૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم પર છે ન કે કેવળ બુખારી વગેરે પર. હુઝૂરની હદીષ જ્યાંથી પણ મળે આપણા સર આંખો પર છે, ચાહે બુખારીમાં હોય કે ન હોય. આશ્ચર્ય છે ગૈરમુકલ્લિદો પર કે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની તકલીદને શિર્ક ઠરાવે છે પણ મુસ્લિમ, બુખારી પર

★ *હદીષની છ કિતાબો સિહાહ સિત્તહ કહેવાય છે. બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ. હદીષની કુલ મશહૂર કિતાબો પચાસથી વધીને છે. મુસ્નદે ઈમામ અહમદ, મુસ્નદે ઈમામ અબૂ હનીફા, મોઅત્તા ઈમામ મુહમ્મદ, મોઅત્તા ઈમામ માલિક, બયહકી, દારમી, દારકુત્ની, હાકિમ વગેરે. ઈમામ બુખારીનું નામ શરીફ છે મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ છે. આપની વિલાદત હિ.સ. ૨૦૪ હિજરીમાં થઈ એટલે કે ઈમામે આ'ઝમ અબૂ હનીફ رضی اللہ عنہ ની વફાત પછી ૫૪ વરસે થઈ. કેમ કે ઈમામે આ'ઝમ અબૂ હનીફાનો વિસાલ હિ.સ. ૧૫૦માં છે.*

એવું ઈમાન ધરાવે છે અને તેમની એવી આંધળી તકલીદ કરે છે કે ખુદાની પનાહ !

કાયદા નં. ૧૧ : કોઈ આલિમ, ફકીહ, મુહદ્દિષનું કોઈ હદીષને વાંધા વચકા વિના કબૂલ કરી લેવું એ હદીષે કવી (મજબૂત) હોવાની દલીલ છે. જો કોઈ ફકીહ, આલિમ, મુજતહિદ ઝઈફ હદીષને કબૂલ ફર્માવે તો તેનાથી તે ઝઈફ હદીષ કવી થઈ જાય છે. વલીઉદ્દીન મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ખતીબ તબરેઝી મિશકાતના લેખક મિશકાતના ખુત્બામાં ફર્માવે છે :–

وَاِنِّـىْ اِذَا اَسْـنَـدْتُ الْحَدِيْـثَ اِلَيْهِمْ كَـاَنِّـىْ اَسْـنَدْتُ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

"મેં જ્યારે હદીષને તે મુહદ્દિષોની પ્રતિ મન્સૂબ (સંબંધિત) કરી છે તો જાણે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ની તરફ જ મન્સૂબ કરી છે."

આ કાયદાઓથી તમે સમજી ગયા હશો કે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضى الله عنه એ જે હદીષોથી દલીલો (ઈસ્તેદલાલ) કરેલ છે તેમાં કોઈ ઝઈફ નથી હોઈ શકતી. કેમ કે તેના પર ઉમ્મતનો અમલ છે, તેને ઉલમા તથા ફકીહોએ માન્ય સ્વીકારી લીધી છે. એમાંથી દરેક હદીષ ઘણી સનદો સાથે રિવાયત થયેલ છે. ફકીર હકીર (લેખક) ઈન્શાઅલ્લાહ ! દરેક મસ્અલા પર એટલી હદીષો રજુ કરશે જેનાથી કોઈ ઝઈફ ન કહેવામાં આવી શકે, કેમ કે સનદોની અધિકતા હદીષને હસન બનાવી દે છે. (અહમદ યારખાં)

કાયદા નં. ૧૨ : જો હદીષ યા કુર્આનમાં તઆરુઝ (ટકરાવ) જોવા મળે તો હદીષનો અર્થ એ રીતે કરવામાં આવે જેનાથી બંનેમાં મળતાપણુ થઈ જાય અને એ ટકરાવ જતો રહે. એ જ રીતે હદીષો આપસમાં ટકરાતી જણાય તો તેના એવા અર્થ કરવા લાઝિમ (અનિવાર્ય) છે કે ટકરાવ ન રહે અને સૌના પર અમલ થઈ જાય. એનું દ્રષ્ટાંત એ છે કે રબ ફર્માવે છે :– فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ "જે પ્રમાણે કુર્આન આસાન હોય નમાઝમાં પઢો."

પણ હદીષ શરીફમાં છે : لَا صَلٰوةَ لِمَنْ لَّمْ يَقْرَأْ بِفَاتِحَةِ الْكِتَابِ "જે સૂરએ ફાતિહા ન પઢે તેની નમાઝ નથી થતી."

આ હદીષ પેલી આયતની વિરૂધ્ધ જણાય છે ! જેથી હદીષનો અર્થ એવો કરો કે સૂરએ ફાતિહા વિના નમાઝ કામિલ નથી થતી, મુત્લકન (બેકૈદ રીતે) **કિરાઅત** નમાઝમાં **ફર્ઝ** છે અને **સૂરએ ફાતિહા** પઢવી **વાજિબ** છે. તો ટકરાવ (તઆરુઝ) ઉઠી ગયો અને કુર્આન તથા હદીષ બંને પર અમલ થઈ ગયો. તેમ જ રબ ફર્માવે છે :–

وَاِذَا قُرِءَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَ اَنْصِتُوْا "જ્યારે કુર્આન પઢવામાં આવે તો તેને કાન લગાડીને સાંભળો અને ચુપ રહો."

પરંતુ હદીષ શરીફમાં છે કે لَا صَلٰوةَ لِمَنْ لَّمْ يَقْرَأْ بِفَاتِحَةِ الْكِتَابِ "જે સૂરએ ફાતિહા ન પઢે તેની નમાઝ થતી નથી." તો આ હદીષ તે આયતની વિરૂધ્ધ જણાય છે કે, કુર્આન તદ્દન ચુપ રહેવાનો હુકમ આપે છે અને હદીષ શરીફ મુકતદીને સૂરએ ફાતિહા પઢવાનો હુકમ આપે છે ! જેથી એવું માનો કે કુર્આનનો હુકમ મુત્લક (બેકૈદ) છે અને હદીષ શરીફમાં હુકમ એકલા નમાઝી કે ઈમામ માટે છે, મુકતદી માટે ઈમામે પઢી લેવું પૂરતુ છે કે એ તેની હુકમી કિરાઅત છે. મતલબ આ કાયદો અતિ મહત્વનો છે. જો કોઈ હદીષ કુર્આની આયતના કે પોતાનાથી ઉપરવાળી હદીષથી વિરોધાભાષી મળે કે મળતાપણુ થઈ જ ન શકે તો પછી કુર્આને કરીમ અને તેનાથી ઉપરવાળી હદીષને પ્રાધાન્ય આપવામાં આવશે અને એ હદીષ અમલને પાત્ર રહેશે નહીં. તે હદીષને મન્સૂખ (રદ પામેલ) માનવામાં આવશે અથવા હુઝૂરની વિશિષ્ટતામાંથી ગણવામાં આવશે. એના ઘણા દાખલા છે.

કાયદા નં. ૧૩ : હદીષનું ઝઈફ થઈ જવું હોવું ગૈર મુકલ્લિદો માટે કિયામત છે ! કેમ કે તેમના મઝહબનો દારોમદાર એ રિવાયતો પર જ છે. રિવાયત ઝઈફ થઈ તો તેમનો મસ્અલો પણ ફના થઈ ગયો ! પણ હનફીઓ માટે કાંઈ નુકસાનકર્તા નથી. કેમ કે હનફીઓની દલીલો રિવાયતનો નહીં, તેમની દલીલ કેવળ ઈમામનો કૌલ છે, ઈમામના કૌલની તાઈફ (સમર્થન) આ રિવાયતો છે. હા ! ઈમામની દલીલ કુર્આન તથા હદીષ છે પણ ઈમામ સાહબને જ્યારે હદીષો ત્યારે સહીહ હતી. કેમ કે તેમની સનદો આ ન હતી જે

મુસ્લિમ, બુખારીની છે (કેમ કે તે એમનાં પહેલાં થઈ ગયા) જો પોલીસ ગુનેહગારનેજેલમાં નાખી દે તો પોલીસની દલીલ હાકિમનો ફૈંસલો છે કે હિંદના સજાના કાયદાની કલમો ? હા ! હાકિમ પોલીસની દલીલ હાકિમની દલીલ તે કાયદાની કલમો છે. એ વાત સારી પેઠે યાદ રાખો. તકલીદ અલ્લાહની રહમત છે, ગૈરમુકલ્લિદિયત અલ્લાહનો અઝાબ !

કાનો સુધી હાથ ઉઠાવવા

નમાઝમાં તકબીરે તહરીમાના સમયે પુરૂષોએ કાનો સુધી હાથ ઉઠાવવા સુન્નત છે. પરંતુ વહાબી ગૈર મુકલ્લિદ ઔરતોની જેમ ખભાઓ સુધી અંગૂઠા અડાડીને હાથ બાંધી લે છે. જેથી અમે આ પ્રકરણના બે વિભાગ કરીએ છીએ. પહેલા વિભાગમાં આપણા હનફીઓની દલીલો અને બીજા વિભાગમાં ગૈરમુકલ્લિદોના વાંધાઓ અને તેના જવાબો. રબ તઆલા કબૂલ ફર્માવે.

(પ્રથમ વિભાગ)

★ કાનો સુધી હાથ ઉઠાવવા વિશે દલીલ ★

કાનો સુધી હાથ ઉઠાવવાની ઘણી હદીષો છે, જેમાંથી અમે થોડીક રજુ કરીએ છીએ.

હદીષ ૧ થી ૩ : બુખારી, મુસ્લિમ, તહાવીએ માલિક ઈબ્ને હવીરષથી રિવાયત છે :–

كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا كَبَّرَ رَفَعَ يَدَيْهِ حَتّٰى اُذُنَيْهِ وَ فِيْ لَفْظٍ حَتّٰى يُحَاذِيَ بِهِمَا فُرُوْعَ اُذُنَيْهِ

"હુઝૂર ﷺ જ્યારે તકબીર ફર્માવતા તો પોતાના મુબારક હાથ કાનો સુધી ઉઠાવતા. બીજા શબ્દોમાં આ પ્રમાણે છે કે, કાનોની બુટ (કાન પટ્ટી) સુધી ઉઠાવતા."

હદીષ નં. ૪ : અબૂ દાઉદ શરીફમાં હઝરત બરાઅ ઈબ્ને આઝિબથી રિવાયત છે :–

رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا اِفْتَتَحَ الصَّلٰوةَ رَفَعَ يَدَيْهِ اِلٰى قَرِيْبٍ مِنْ اُذُنَيْهِ ثُمَّ لَايَعُوْدُ

"મેં હુઝૂર ﷺ ને જોયા કે નમાઝ શરૂ કરતા તો પોતાના મુબારક હાથોને કાનની નજીક સુધી ઉઠાવતા. રફએ યદૈન ન કરતા (ફરી હાથ ન ઉઠાવતા)."

હદીષ નં. ૫ : મુસ્લિમ શરીફે હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી :–

اَنَّهٗ رَاٰ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ رَفَعَ یَدَیْهِ حِیْنَ دَخَلَ فِیْ الصَّلٰوةِ كَبَّرَ قَالَ اَحَدُ الرُّوَاةِ حِیَالَ اُذُنَیْهِ ثُمَّ اِلْتَحَفَ بِثَوْبِهٖ

"તેમણે હુઝૂર ﷺ ને જોયા કે હુઝૂર જ્યારે નમાઝમાં દાખલ થતા તો પોતાના હાથોને ઉઠાવતા. એક રાવીએ ફર્માવ્યું કે પોતાના કાનોની બરાબર પછી કપડાંમાં હાથ છુપાવી લેતા."

કાયદા નં. ૬–૮ : બુખારી, અબૂ દાઉદ, નિસાઈએ હઝરત અબૂ કહાફાથી રિવાયત કરી,

اَنَّ مَالِكَ ابْنَ حُوَیْرِثٍ رَاَیَ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ یَرْفَعُ یَدَیْهِ اِذَا كَبَّرَ وَ اِذَا رَفَعَ رَاْسَهٗ مِنَ الرُّكُوْعِ حَتّٰی یَبْلُغَ فُرُوْعَ اُذُنَیْهِ

"માલિક ઈબ્ને હવીરષે નબી ﷺ ને જોયા કે આપ હાથ શરીફ ઉઠાવતા હતા જ્યારે તકબીરે તહરીમા ફર્માવતા અને જ્યારે રુકૂઅથી માથુ મુબારક ઉઠાવતા ત્યાં સુધી કે હાથ કાનોની બુટ સુધી પહોંચી જતો."

હદીષ ૯–૧૨ : ઈમામ અહમદ, અસ્માહ્ ઈબ્ને માહ્વિયહ્, દારકુત્ની, તહાવીએ બરાઅ્ ઈબ્ને આઝિબથી રિવાયત કરી,

كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ اِذَا صَلّٰی رَفَعَ یَدَیْهِ حَتّٰی تَكُوْنَ اِبْهَامَاهُ حِذَاءَ اُذُنَیْهِ

"જ્યારે નબી ﷺ નમાઝ પઢતા તો ત્યાં સુધી હાથ શરીફ ઉઠાવતા કે આપના અંગૂઠા કાનો બરાબર થઈ જતા."

હદીષ ૧૩–૧૫ : હાકિમે મુસ્તદરકમાં દારકુતની અને બયહકીએ ખૂબ જ સહીહ સનદોથી જે મુસ્લિમ તથા બુખારીની શરતો છે, હઝરત અનસથી રિવાયત છે :–

رَاَیْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ كَبَّرَ فَحَاذٰی بِاِبْهَامَیْهِ اُذُنَیْهِ

"મેં રસૂલલ્લાહ ﷺ ને જોયા કે આપે તકબીર કહી અને પોતાના અંગૂઠા

પોતાના કાનોના બરાબર કરી દીધા.''

હદીષ ૧૬–૧૭ : અબ્દુર્રઝ્ઝાક અને તહાવીએ હઝરત બરાઅ્ ઈબ્ને આઝિબથી રિવાયત કરી :–

كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا كَبَّرَ لِافْتِتَاحِ الصَّلٰوةِ رَفَعَ يَدَيْهِ حَتّٰى يَكُوْنَ اِبْهَامَاهُ قَرِيْباً مِنْ شَحْمَةِ اُذُنَيْهِ

''જ્યારે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝ શરૂ કરવા તકબીર કહેતા તો ત્યાં સુધી હાથ મુબારક ઉઠાવતા કે આપના અંગૂઠા કાનોની બુટ બરાબર થઈ જતા.''

હદીષ–૧૮ : અબૂ દાઉદે હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી :

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ رَفَعَ يَدَيْهِ حَتّٰى كَانَتْ بِحِيَالِ مَنْكِبَيْهِ وَ حَاذٰى بِاِبْهَامَيْهِ اُذُنَيْهِ

''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હાથ મુબારક ઉઠાવ્યા ત્યાં સુધી કે હાથ શરીફ તો ખભાઓની ઉપર અને અંગૂઠા કાનોના સમક્ષ થઈ ગયા.''

હદીષ–૧૯ : દાર કુત્નીએ હઝરત બરાઅ્ ઈબ્ને આઝિબથી રિવાયત કરી :–

اَنَّهٗ رَاَىَ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حِيْنَ اِفْتَتَحَ رَفَعَ يَدَيْهِ حَتّٰى حَاذٰى بِهِمَا اُذُنَيْهِ ثُمَّ لَمْ يَعُدْ اِلٰى شَيْءٍ مِنْ ذٰلِكَ حَتّٰى فَرَغَ مِنْ صَلٰوتِهٖ

''તેમણે હુઝૂરને જોયા જ્યારે આપે નમાઝ શરૂ કરી તો પોતાના હાથ મુબારક ઉઠાવ્યા ત્યાં સુધી કે તેમને કાનોની સમકક્ષ કરી દીધા પછી નમાઝ પૂરી થતા સુધી નથી ઉઠાવ્યા.''

હદીષ–૨૦ : તહાવી શરીફે અબૂહમીદ સાઅદીથી રિવાયત કરી :–

اَنَّهٗ كَانَ يَقُوْلُ لِاَصْحَابِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَا اَعْلَمُكُمْ بِصَلٰوةِ رَسُوْلِ اللّٰهِ ﷺ كَانَ اِذَا قَامَ اِلَى الصَّلٰوةِ كَبَّرَ وَ رَفَعَ يَدَيْهِ حِذَاءَ وَجْهِهٖ

''તે હુઝૂરના સહાબાને ફર્માવ્યા કરતા હતા કે તમારામાં સૌથી વધારે હુઝૂરની નમાઝને હું જાણું છું ! આપ જ્યારે ઉભા થતા નમાઝમાં તો તકબીર ફર્માવતા અને પોતાના મુબારક હાથો ચહેરા શરીફના સમકક્ષ (બરાબર) ઉઠાવતા.''

કાનો સુધી હાથ ઉઠાવવાની અન્ય ઘણી હદીષો રજુ કરી શકાય છે. અહીં કેવળ ૨૦ હદીષોથી સંતોષ લીધો છે. જો વધારે જોવી હોય તો હદીષોની કિતાબો ખાસ કરીને સહીહુલ બારી શરીફનો અભ્યાસ કરો કે હનફી મઝહબને સમર્થિત કરતી હદીષોથી ભરપુર કિતાબ એના જેવી આજ સુધી જોવામાં આવી નથી.

★ બૌદ્ધિક દલીલો ★

બુદ્ધિ પણ ચાહે છે કે નમાઝ શરૂ કરતી વખતે કાનો સુધી હાથ ઉઠાવવામાં આવે, કેમ કે નમાઝી નમાઝ શરૂ કરતી વખતે ઈબાદતમાં મશગૂલ હોય છે અને દુનિયવી ઝઘડાઓથી બેઝાર અને તઅલ્લુક વિનાનો થઈ જાય છે. ખાવા, પીવા, બોલવા, આમ તેમ જોવા સૌને પોતાના ઉપર હરામ કરી લે છે. જાણે કે દુનિયાથી નીકળીને આલમે બાલાની સૈર કરે છે અને ઉર્ફમાં જ્યારે કોઈ ચીજથી તૌબા કે બેઝારી કરાવવામાં આવે છે તો કાનો પર હાથ મૂકાવવામાં આવે છે, ખભા નથી પકડાવતા ! એ જ પ્રમાણે જાણે નમાઝી કૌલથી નમાઝ શરૂ કરે છે અને પોતાના અમલથી કાનો પર હાથ રાખીને બેઝાર થઈ જાય છે. એવા પ્રસંગે ખભા પકડવા તદ્દન બુધ્ધિની વિરૂધ્ધનું છે. જેમ કે સિજદામાં મુસલમાન જીભ વડે તો રબ તઆલાની અઝમત તથા મહાનતાનો ઈકરાર કરે છે અને માથુ જમીન પર મૂકીને પોતાની આજિઝી તથા લાચારીનો ઈઝહાર કરે છે. એ જ પ્રમાણે શરૂઆતમાં એક ભાગનો ઈકરાર જીભ વડે છે. બીજા ભાગનો ઈઝહાર અમલથી છે.

(બીજો વિભાગ)

★ વાંધાઓ અને તેના જવાબો ★

ગૈર મુકલ્લિદની પાસે આ મસ્અલા પર બે વાંધાઓ છે જેને દરેક ઠેકાણે રજુ કરે છે.

વાંધો (૧) : મુસ્લિમ તથા બુખારીએ હઝરત અબૂ હમીદ સાઅદીથી એક લાંબી હદીષ નકલ કરી જેમાં આ શબ્દો છે :–

اِذَا كَبَّرَ جَعَلَ يَدَيْهِ حِذَاءَ مَنْكِبَيْهِ "હુઝૂર જ્યારે તકબીર ફર્માવતા હતા તો પોતાના હાથ શરીફ ખભાઓના બરાબર કરતા."

તેમને મુસ્લિમ તથા બુખારીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી આ શબ્દો નકલ કર્યા :–

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَرْفَعُ يَدَيْهِ حَذْوَ مَنْكِبَيْهِ

"નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના હાથ મુબારક પોતાના ખભાઓ સમાન કરતા હતા."

જવાબ :– આ હદીષો હનફીઓની તદ્દન વિરૂધ્ધ નથી જેમ કે કાનોથી અંગૂઠા લાગવા માટે હાથ ખભાઓ સુધી થઈ જશે અને બંને હદીષો પર અમલ થઈ જશે. પરંતુ ખભા સુધી અંગૂઠા લગાડવામાં તે હદીષો પર અમલ થઈ શકશે નહીં જેમાં કાનો સુધીનું વર્ણન છે. હનફી મઝહબ બંને પ્રકારની હદીષો પર અમલ કરે છે જ્યારે વહાબી એક પ્રકારની હદીષોને છોડી આપે છે, જેથી હનફી મુકમ્મલ છે.

બલ્કે હદીષ નં. ૧૮માં એનો ખુલાસો આવી ગયો કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم હાથ શરીફ એવી રીતે ઉઠાવતા હતા કે હાથ ખભાઓ સુધી થઈ જતા હતા અને અંગૂઠા કાનો સુધી. જેથી ન હદીષો વાંધાજનક છે ન આ બંને હદીષોને ભેગી કરવી મુશ્કેલ છે, કેવળ તમારી સમજમાં ફેર છે !

તમામ ગૈર મુકલ્લિદોને આમ ચેલેંજ છે કે કોઈ મરફૂઅ હદીષ એવી બતાવો જેમાં એવું હોય કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના અંગૂઠા ખભાઓ સુધી ઉઠાવ્યા હતા. જ્યાં કાનોનો ઉલ્લેખ છે ત્યાં અંગૂઠા ફર્માવ્યું છે. જેનાથી જાવા મળ્યું કે ખભાઓ સુધી હાથ એ રીતે ઉઠતા હતા કે અંગૂઠા કાનો સુધી પહોંચી જતા.

વાંધો નં. ૨ : કાનોની જેટલી હદીષો તમે રજુ કરી તે સૌ ઝઈફ છે જેથી અમલને પાત્ર નથી !

જવાબ :– એના કેટલાક જવાબો છે, એક એ કે વહાબી ગૈરમુકલ્લિદ પોતાની આદતથી મજબૂર છે કે તેમની વિરોધી હદીષોને કશાય કારણ વિના

ઝઈફ કહી દે છે ! બીજુ એ કે અમે એના અનુસંધાનમાં મુસ્લિમ તથા બુખારીની હદીષો પણ રજૂ કરી છે જેના પર તમારુ પુખ્તા ઈમાન છે. ત્રીજુ એ કે **ઝઈફ હદીષ** જ્યારે કોઈ સનદોથી નકલ થયેલ હોય તો **કવી** (મજબૂત) તથા **હસન** બની જાય છે. કમજોર તાંતણા મળીને મજબૂત રસ્સી બની જાય છે તો કમઝોર સનદો હદીષના મતનને કવી કેમ નહીં કરે ?! (જુઓ આ કિતાબનો મુકદ્દમો–પ્રસ્તાવના)

ચોથુ એ કે આ હદીષો પર ઉમ્મતના ઉલમા, ઔલિયા, સાલેહીને અમલ કર્યો છે. ઉમ્મતના અમલથી ઝઈફ હદીષ કવી થઈ જાય છે. પાંચમું એ કે જો આ હદીષો ઝઈફ પણ હોય તો પણ ઈમામે આ'ઝમ અબૂ હનીફા જેવી હસ્તીનું તેને સ્વીકારવું જ તેને કવી બનાવી દેશે. કેમ કે સાલેહ આલિમનું સ્વીકારી લેવું એ **ઝઈફ હદીષ**ને કવી કરી નાખે છે. છટ્ઠું એ કે તમારું આ હદીષોને ઝઈફ કરી દેવું જે રહે મજહૂલ (નિરર્થક બહષ) છે, જે કોઈ રીતે સ્વીકારપાત્ર નથી કેમ કે એમાં ઝઈફ હોવાનું કારણ નથી દર્શાવાયું કે શા માટે ઝઈફ છે. સાતમુ એ કે જો મુહદ્દિષોને આ હદીષો ઝઈફ થઈને મળી તો ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ પર તેની અસર નથી થઈ શકતી. કેમ કે તેમના સમય ઝઈફ રાવી સનદોમાં સામેલ જ ન હતા. પાછળથી થયેલ ઝઈફપણુ આગળવાળાઓને નુકસાનકર્તા નથી. વહાબીઓના આ માયએ નાઝ વાંધાના ટૂકડે ટૂકડા થઈ ગયા ! **અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.**

દૂંટી નીચે હાથ બાંધવા સુન્નત છે

ગૈર મુકલ્લિદ વહાબી નમાઝમાં છાતી પર એટલે દુંટીથી ઉપર હાથ બાંધે છે એટલા માટે અમે આ પ્રકરણના પણ બે વિભાગ કરીએ છીએ, પ્રથમ વિભાગમાં આપણી દલીલો અને બીજામાં વહાબીઓના વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

નમાઝમાં પુરૂષે દુંટીની નીચે હાથ બાંધવા સુન્નત છે અને છાતી પર હાથ બાંધવા સુન્નતની વિરૂધ્ધ છે. એના સંબંધે ઘણી હદીષો આવેલી છે. અમે કેવળ અમુક હદીષો રજુ કરીએ છીએ.

حديث١: عَنْ وَائِلِ ابْنِ حَجَرٍ قَالَ رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَضَعَ يَمِيْنَهٗ عَلٰى شِمَالِهٖ تَحْتَ السُّرَّةِ رَوَاهُ ابْنُ اَبِىْ شَيْبَةَ بِسَنَدٍ صَحِيْحٍ وَ رِجَالُهٗ ثِقَاتٌ

હદીષ નં. ૧ : "હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત છે. તે ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે આપે પોતાનો જમણો હાથ ડાબા હાથ પર રાખ્યો દુંટી નીચે. આ હદીષ ઈબ્ને અબી શયૂબાએ સહીહ સનદો સાથે નકલ કરી તેના સર્વ રાવીઓ 'ષિકહ' છે. (ષિકહ = ઈલ્મ, તકવા, દયાનતદારી અને યાદ શકિતમાં પુખ્તા)

હદીષ–૨ : ઈબ્ને શાહીને હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી,

قَالَ ثَلٰثٌ مِنْ اَخْلَاقِ النُّبُوَّةِ تَعْجِيْلُ الْاِفْطَارِ وَ تَاخِيْرُ السُّحُوْرِ وَ وَضْعُ الْكَفِّ عَلَى الْكَفِّ تَحْتَ السُّرَّةِ

"ત્રણ ચીજો નબુવ્વતની આદતોમાંથી છે, ઈફતારમાં જલ્દી કરવી, સેહરીમાં વાર લગાડવી, નમાઝમાં જમણો હાથ ડાબા હાથ પર દુંટીની નીચે રાખવો."

હદીષ–૩ : અબૂ દાઉદ નુસ્ખએ ઈબ્ને અઅ્રાબીમાં હઝરત અબૂ વાઈલ رضی اللہ عنہ થી રિવાયત છે :–

قَالَ اَبُوْ وَائِلٍ اَخْذُ الْكَفِّ عَلَى الْكَفِّ فِيْ الصَّلٰوةِ تَحْتَ السُّرَّةِ

"નમાઝમાં દૂંટીની નીચે હાથ પર રાખવા જોઈએ."

હદીષ ૪–૫ : દાર કુત્ની અને અબ્દુલ્લાહ ઈબ્ને અહમદે હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી,

اِنَّ مِنَ السُّنَّةِ فِيْ الصَّلٰوةِ وَضْعُ الْاَكُفِّ وَ فِيْ رِوَايَةٍ وَضْعُ الْيَمِيْنِ عَلَى الشِّمَالِ تَحْتَ السُّرَّةِ

"નમાઝમાં હાથ પર હાથ રાખવો અને એક રિવાયતમાં છે, જમણો હાથ ડાબા હાથ પર દૂંટીની નીચે રાખવો સુન્નત છે."

હદીષ ૬–૯ : અબૂ દાઉદ નુસ્ખાએ ઈબ્ને અઅ્રાબી, અહમદ, દારકુત્ની અને બયહકીએ હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી :–

اِنَّهٗ قَالَ السُّنَّةُ وَضْعُ الْكَفِّ عَلَى الْكَفِّ تَحْتَ السُّرَّةِ

"દૂંટીની નીચે હાથ પર હાથ રાખવો સુન્નત છે."

હદીષ ૧૦ : રઝીને હઝરત અબી હુજેફા رضی اللہ عنہ થી રિવાયત કરી :–

اِنَّ عَلِيًّا قَالَ السُّنَّةُ وَضْعُ الْكَفِّ فِيْ الصَّلٰوةِ وَ يَضَعُهُمَا تَحْتَ السُّرَّةِ

"નમાઝમાં હાથ બાંધવો સુન્નત છે અને બંને હાથ દૂંટી નીચે રાખે."

હદીષ–૧૧ : ઈમામ મુહમ્મદે કિતાબુલ્ આષાર શરીફમાં ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી :–

اَنَّهٗ كَانَ يَضَعُ يَدَهُ الْيُمْنٰى عَلٰى يَدِهِ الْيُسْرٰى تَحْتَ السُّرَّةِ

"આપ આપનો જમણો હાથ ડાબા હાથ પર દૂંટીની નીચે રાખતા હતા."

હદીષ–૧૨ : ઈબ્ને અબી શયબાએ હઝરત ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી :–

قَالَ يَضَعُ يَمِيْنَهٗ عَلٰى شِمَالِهٖ تَحْتَ السُّرَّةِ

"આપે ફર્માવ્યું કે પોતાનો જમણો હાથ ડાબા હાથ પર દૂંટીની નીચે રાખતા હતા."

હદીષ–૧૩ : ઈબ્ને હઝ્મએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :

اِنَّهٗ قَالَ مِنْ اَخْلَاقِ النُّبُوَّةِ وَضْعُ الْيَمِيْنِ عَلَى الشِّمَالِ تَحْتَ السُّرَّةِ

''આપે ફર્માવ્યું, જમણો હાથ ડાબા હાથ પર દુંટીની નીચે રાખવા નબુવ્વતના અખ્લાકમાંથી છે.''

હદીષ–૧૪ : અબૂ બક્ર ઈબ્ને અબી શયૂબાએ હજ્જાજ ઈબ્ને હસ્સાનથી રિવાયત કરી :–

قَالَ سَمِعْتُ اَبَامُجَلَزٍ وَ سَاَلْتُهٗ وَ قُلْتُهٗ كَيْفَ يَضَعُ قَالَ يَضَعُ بَاطِنَ كَفِّيْهِ بِيَمِيْنِهٖ عَلٰى ظَاهِرِ كَفِّ شِمَالِهٖ وَ يَجْعَلُهُمَا اَسْفَلَ مِنَ السُّرَّةِ اِسْنَادُهٗ جَيِّدٌ وَ رُوَاتُهٗ كُلُّهُمْ ثِقَاتٌ

''મેં અબૂ મુજલઝથી પૂછયું કે નમાઝમાં હાથ કેવી રીતે રાખીએ ? આપ ફર્માવ્યું કે તમારા જમણા હાથની હથેળી ડાબા હાથની પીઠ પર રાખો દુંટીની નીચે. તેની સનદો ખૂબ જ કવી છે અને સર્વ રાવીઓ 'ષિકહ' છે.

એના સંબંધે અન્ય ઘણી હદીષો રજુ કરી શકાય છે, અહીં કેવળ ૧૪ હદીષો પર સંતોષ માન્યો છે. તેની તેહકીક જોવી હોય તો સહીહુલ્ બારી અને ફતહુલ કદીરમાં જુઓ.

બૌદ્ધિક દલીલ :– બુદ્ધિ પણ ચાહે છે કે નમાઝમાં દુંટીની નીચે હાથ રાખે. કેમ કે ગુલામ આકાની સમક્ષ એ જ પ્રમાણે હાજરી આપે છે, જેથી અદબથી ઉભા રહેવું જોઈએ. ગૈર મુકલ્લિદ જ્યારે નમાઝમાં ઉભા થાય છે તો ખબર નથી પડતી કે મસ્જિદમાં ઉભા છે કે અખાડામાં ! ન્યાઝમંદી (આજીજી) માટે ઉભા છે કે જાંગ પર હાથ પછાડીને કુશ્તી લડવા ઉભા છે !

અલ્લાહના બંદાઓ ! જ્યારે રુકૂઅમાં અદબનો ઈઝહાર, સિજદામાં અદબ, અત્તહિય્યાતમાં અદબ અને નિયાઝમંદીનો લેહાઝ છે તો કિયામમાં અકડાઈને જાંગ ઠોકીને બેઅદબીથી પહેલવાનોની જેમ શા માટે ઉભા રહો છો? અહીં પણ દુંટીની નીચે હાથ બાંધીને ગુલામોની જેમ ઉભા રહો. અલ્લાહ તઆલા સમજ નસીબ કરે. ગૈર મુકલ્લિદોની પાસે એક પણ મરફૂઅ સહીહ

હદીષ મુસ્લિમ, બુખારીની નથી જેમાં મર્દોને છાતી પર હાથ રાખવાનો હુકમ આપી દીધો હોય.

(બીજો વિભાગ)

★ વાંધાઓ અને તેના જવાબો ★

વાંધો ૧ : અબૂ દાઉદ શરીફમાં ઈબ્ને જરીર હનબીએ પોતાના વાલિદથી રિવાયત કરી :–

قَالَ رَأَيْتُ عَلِيًّا يُمْسِكُ شِمَالَهُ بِيَمِيْنِهِ عَلَى الرُّسْغِ فَوْقَ السُّرَّةِ

"મેં હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ને જોયા કે આપે ડાબો હાથ જમણા હાથ વડે કલાઈ પર પકડયો ઢુંટીની ઉપર."

આ હદીષથી જાણવા મળ્યું કે અલીએ મુર્તઝા رضی اللہ عنہ ઢુંટીની ઉપર હાથ બાંધતા હતા.

જવાબ : તેના કેટલાક જવાબો છે, એક તો એ કે આપે અબૂ દાઉદ શરીફની આ હદીષ પૂરી નથી લખી ! તેના પછી વિગત આ પ્રમાણે છે : (નુસ્ખએ અરબી)

قَالَ اَبُوْدَاوُدَ رَوٰى عَنْهُ سَعِيْدُ ابْنُ بَصِيْرٍ فَوْقَ السُّرَّةِ وَ قَالَ اَبُوْ جَلَاءٍ تَحْتَ السُّرَّةِ وَ رُوِىَ عَنْ اَبِىْ هُرَيْرَةَ وَ لَيْسَ بِالْقَوِىِّ

"અબૂ દાઉદે ફર્માવ્યું કે સઈદ ઈબ્ને જુબેરથી ઢુંટીની ઉપરની રિવાયત છે, અબૂ જલાઅએ ઢુંટીની નીચેની રિવાયત કરી. અબૂ હુરૈરહ્થી પણ એ રિવાયત છે પણ એ કંઈ કવી નથી."

જરૂરી નોંધ : ઢુંટી નીચે કે ઢુંટીની ઉપર હાથ બાંધવાની હદીષો મુરવ્વજહ્ અબૂ દાઉદના નુસ્ખાઓમાં નથી. ઈબ્ને અઅરાબીવાળા અબૂ દાઉદના નુસ્ખાઓમાં મૌજૂદ છે. જેમ કે હાશિયાએ અબૂ દાઉદમાં એનો ખુલાસો છે. એ જ નુસ્ખાથી ફત્હુલ કદીર અને સહીહુલ્ બિહારીએ રિવાયત કરી.

સારાંશ કે તમારી રજૂ કરેલી અબૂ દાઉદની હદીષમાં તઆરુઝ (ટકરાવ) ઉભો થઈ ગયો અને તમામ ટકરાવવાળી રિવાયતોને ખૂદ અબૂ દાઉદે ઝઈફ ફર્માવી. આશ્ચર્ય છે કે તમે અબૂ દાઉદની ઝઈફ હદીષથી દલીલ પકડો છો !

બીજું એ કે જ્યારે હદીષમાં ટકરાવ હોય તો કયાસ વડે અગ્રતા આપવામાં આવે છે. કયાસ ચાહે છે કે ઢુંટી નીચેવાળી હદીષ અમલને પાત્ર છે. કેમ કે સિજદા, રુકૂઅ, અત્તહિય્યાતની બેઠક સર્વેમાં અદબ સમાએલી છે તો કિયામમાં પણ અદબનો જ લેહાઝ રહેવો જોઈએ. ઢુંટીની નીચે હાથ બાંધવા અદબ છે અને છાતીની ઉપર રાખવા બેઅદબી છે, જાણે કે કોઈને કુશ્તીનું નિમંત્રણ આપવું છે. રબને જોર ન બતાવો ! ત્યાં તો આજીજી કરો !

વાંધો ૨ : આપની રજૂ કરેલી હદીષ ઝઈફ છે અને ઝઈફથી દલીલ પકડવી ગલત છે.

જવાબ : ''ઝઈફ ! ઝઈફ !''ની રટ લગાડવી એ આપ બુઝુર્ગોની પૂરાણી આદત છે, એના સાત જવાબો અમે પ્રકરણ–૧ ના બીજા વિભાગમાં આપી ચૂકયા છીએ કે જે રિવાયત અમુક સનદોથી રિવાયત પામે તે ઝઈફ નથી રહેતી. અમે દસ અસનાદ (સનદો) રજુ કરી છે. તેમ જ ઉમ્મતના અમલથી ઝઈફ હદીષ કવી થઈ જાય છે. તેમજ ઈમામે આ'ઝમ અબૂ હનીફા જેવા જલીલુલ કદર ઈમામના કબૂલી લેવાને લીધે તેનુ ઝઈફ પણ જતુ રહ્યું તેમજ તેનામાં જો અગર ઝઈફપણુ છે તો તે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ પછી ઉદ્‌ભવ્યું. તો પછી ઉદ્‌ભવનારુ ઝઈફપણુ ઈમામે આ'ઝમને કઈ રીતે નુકસાન કર્તા થશે....વગેરે.

લતીફો : અમે છ રમઝાનુલ મુબારક પીરના દિવસે હાફિઝ ઈલાહી બખ્શ સાહબ જમાલપુરવાળા (ગુજરાત)ને 'ફખ્રે એહલે હદીષ' મૌલાના હાફિઝ ઈનાયતુલ્લાહ, રહેવાસી ગુજરાતની પાસે પત્ર લઈને મોકલ્યા કે મહેરબાની કરીને છાતી ઉપર હાથ બાંધવાની હદીષો હવાલા સાથે લખીને મોકલશો. મારી ધારણા હતી કે હાફિઝ મૌલાના ઈનાયતુલ્લાહ સાહબ એહલે હદીષના ટોચના માયએ નાઝ આલિમ છે તે જરૂર મુસ્લિમ, બુખારી કે સિહાહ સત્તહમાંથી એના અનુસંધાનમાં અગણિત હદીષો નકલ કરીને મોકલશે ! જે

આજ સુધી અમે જોઈ પણ ન હોય. પણ એ મૌલાના તરફથી જે જવાબ આવ્યો તે સાંભળો અને માથુ ધુણો ! એક ઈંચના કાગળ પર એક લીટી લખી હતી જેમાં હતું કે :–

بلوغ المرام صفحه ٢١، عَنْ وَائِلِ ابْنِ حَجَرٍ اَنَّهٗ قَالَ صَلَّيْتُ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَوَضَعَ يَدَهُ الْيُمْنٰى عَلٰى يَدِهِ الْيُسْرٰى عَلٰى صَدْرِهٖ

"વાઈલ ઈબ્ને હજરથી મરવી છે કે તેમણે ફર્માવ્યું, મેં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાછળ નમાઝ પઢી, પછી આપે પોતાનો જમણો હાથ ડાબા હાથ પર પોતાની છાતી પર રાખ્યો."

અને એ મૌલાનાએ મૌખિક એવું જણાવ્યું કે તફસીરે કાદરી ઉર્દૂમાં પણ લખ્યું છે કે **ફસલ્લિલિ રબ્બિક વન્હર**નો અર્થ એ છે કે તમે તમારા રબના માટે નમાઝ પઢો અને નહ્ર એટલે છાતી પર નમાઝમાં હાથ રાખો.

આ જવાબ જોઈને અને સાંભળીને મારા આશ્ચર્યનો પાર ન રહ્યો ! અમને કેવળ એ અફસોસ છે કે આ મોટા લોકો દરેક મસ્અલામાં અમારી પાસે મુસ્લિમ, બુખારીની હદીષની માંગણી કરે છે અને સિહાહ સિત્તહ્ની બહાર નથી નીકળવા દેતા ! અને જ્યારે તેમની વારી આવી છે તો આવી રિવાયતથી સંતોષ માની લે છે ! જેનો ન પગ છે ન માથુ ! ન કોઈ તેની સનદ, ન કોઈ મુસ્તનદ કિતાબનો હવાલો ! હાફેઝ ઈલાહી બખ્શ સાહબે મને જણાવ્યું કે, 'બલૂગે મરામ' કોઈ ત્રીસ ચાલીસ પેજની પુસ્તિકા હતી જેમાંથી આ હદીષ મૌલાનાએ નકલ કરી આપી. જો કોઈ મસ્અલા પર અમે નવી પુસ્તિકામાંથી કોઈ હદીષ નકલ કરત તો કિયામત આવી જાત ! ને બુખારી, મુસ્લિમની માંગણી કરત.

પ્રથમ તો ખબર નથી કે આ હદીષ મૌઝૂઅ (બનાવટી) છે, ઝઈફ છે કે પછી કેવી ? જો માની લો કે હદીષ સહીહ છે તો એ હદીષમાં પણ ઉલ્લેખ નથી કે હુઝૂરે નમાઝમાં છાતી ઉપર હાથ રાખ્યા ! બલ્કે 'ફવઝઅ'ની ફે આતિફા તઅ્કીબિયહ્ જાહેરી રીતે જાણવા મળે છે કે નમાઝ બાદ કોઈ હાજતથી છાતી મુબારક પર હાથ રાખ્યા. રબ ફર્માવે છે : وَاِذَا طَعِمْتُمْ فَانْتَشِرُوْا "જ્યારે તમે ખાણુ ખાઓ તો ચાલ્યા જાઓ."

એનો મતલબ એ નથી કે ખાવા દરમિયાન રોટી હાથમાં લઈને ચાલ્યા જાવ ! આ સ્થિતિમાં હદીષ અમારી રજુ કરેલ હદીષની વિરૂધ્ધ ન થઈ. વળી, આ હદીષમાં એનો તરીકો વર્ણન નથી થયો કે શું ઔરતોની જેમ છાતી પર હાથ રાખે કે પહેલવાનોની જેમ ?! જેથી હદીષ મુજમલ (સ્પષ્ટતા વિનાની) છે. અમલને પાત્ર નથી. આયતે કરીમાના વિશે કેવળ એ જ ગુઝારિશ છે કે **વન્હર**નો આવો અર્થ ન કોઈ મરફૂઅ સહીહ હદીષમાં આવ્યો, ન જમહૂર મુફસ્સિરોએ બયાન ફર્માવ્યો. સૌ એ જ અર્થ કરે છે કે "રબ તઆલાના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો." અને તે માલ્વીએ ખોટો અર્થ રજૂ કરીને હવાલો કેવી રીતે મહાન મોઅ્તબર તફસીરનો આપ્યો ! તફસીરે કાદરી ઉર્દૂ ! જલ્લ જલાલુહૂ ! જો થોડીવાર માટે માની લો તો પછી તમામ અહલે હદીષ હઝરાતે જોઈએ કે હવેથી નમાઝમાં છાતી પર હાથ રાખવાના બદલે ગળા પર હાથ રાખ્યા કરે, કેમ કે **નહ્ર** ગળાના આખરી હિસ્સાને કહે છે જે છાતીથી જોડાએલ અને ઉપરની તરફ છે. કુર્બાનીને **નહ્ર** એટલા માટે કહે છે કે એમાં ઝબહ કરતી વખતે જાનવરનુ ગળુ ચીરવામાં આવે છે ન કે છાતી ! જેથી આ લોકોએ (અહલે હદીષવાળાએ) પ્રગતિ કરીને છાતીથી ઉપર ગળાને પકડવું જોઈએ !

મતલબ કે અમને એ મૌલાનાના આવા જવાબથી ખૂબ જ અફસોસ થયો અને અમે એ નિર્ણય લીધો કે એ લોકોની પાસે છાતી પર હાથ રાખવા વિશેની કોઈ હદીષ મુસ્લિમ, બુખારી કે સિહાહ સિત્તહની મૌજૂદ નથી ! તે બીચારાઓને સિહાહ સિત્તહની સહીહ હદીષ શું મળતી, તેના બારામાં ઈમામ તિર્મિઝી رضی اللہ عنہ એ કેવળ ફર્માવ્યું :–

وَرَاٰی بَعْضُهُمْ اَنْ يَّضَعَهُمَا فَوْقَ السُّرَّةِ وَ رَاٰی بَعْضُهُمْ اَنْ يَّضَعَهُمَا تَحْتَ السُّرَّةِ وَ كُلُّ ذٰلِكَ وَاسِعٌ عِنْدَهُمْ

"કેટલાક ઉલમાની રાય એ છે કે હાથ દુંટી ઉપર રાખ્યા અને કેટલાકની રાય એ છે કે દુંટીની નીચે રાખ્યા. એમાંથી દરેક જાઈઝ છે તેમની નજીક."

જો ઈમામ તિર્મિઝી رضی اللہ عنہ ને છાતી પર હાથ બાંધવાની કોઈ હદીષ મળી જાત તો જરૂર નકલ ફર્માવત અને કેવળ ઉલમાની રાયનો ઉલ્લેખ ન કરત.

નમાઝમાં 'બિસ્મિલ્લાહ' ધીમેથી પઢવું

સુન્નત એ છે કે નમાઝી સૂરએ ફાતિહાના પહેલાં **બિસ્મિલ્લાહ** શરીફ ધીમેથી **અલ્હમ્દુ**થી કિરાઅત શરૂ કરે. પણ ગૈરમુકલ્લિદ વહાબી "બિસ્મિલ્લાહ" પણ ઊંચા અવાજે પઢે છે જે તદ્દન સુન્નતની વિરૂધ્ધ છે. "બિસ્મિલ્લાહ" ધીમેથી પઢવા વિશે ઘણી મુબારક હદીષો છે, જેમાંથી અહીં અમુક રજુ કરવામાં આવે છે. રબ તઆલા કબૂલ ફર્માવે.

હદીષ ૧–૩ : મુસ્લિમ તથા બુખારી તથા ઈમામ અહમદે હઝરત અનસથી રિવાયત કરી :

قَالَ صَلَّيْتُ خَلْفَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ خَلْفَ اَبِىْ بَكْرٍ وَّ عُمَرَ وَ عُثْمَانَ فَلَمْ اَسْمَعْ اَحَداً مِّنْهُمْ يَقْرَءُ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

"મેં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને અબૂ બક્ર સિદ્દીક, ઉમર ફારૂક, ઉષ્માન ગની رضی اللہ عنہ ની પાછળ નમાઝો પઢી. એમાંથી કોઈને ન સાંભળ્યા કે **"બિસ્મિલ્લાહિરહ્માનિર્રહીમ"** પઢતા હોય."

હદીષ ૪ : મુસ્લિમ શરીફે હઝરત અનસથી રિવાયત કરી, :–

وَ عَنْ اَنَسٍ اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ اَبَابَكْرٍ وَّ عُمَرَ كَانُوْا يَفْتَتِحُوْنَ الصَّلٰوةَ بِاَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

"બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અબૂબક્ર તથા ઉમર رَضِىَ اللّٰهُ عَنْهُمَا **અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન** થી કિરાઅત શરૂ કરતા હતા."

હદીષ ૫–૭ : નિસાઈ, ઈબ્ને હબ્બાન, તહાવી શરીફે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ صَلَّيْتُ خَلْفَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ اَبِىْ بَكْرٍ وَّ عُمَرَ وَ عُثْمَانَ فَلَمْ اَسْمَعْ اَحَداً مِّنْهُمْ يَجْهَرُ بِبِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

"મેં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માનની પાછળ નમાઝો પઢી. તે હઝરાતમાંથી કોઈને **"બિસ્મિલ્લાહ"** મોટા અવાજે પઢતા નથી સાંભળ્યા." رَضِىَ اللّٰهُ عَنْهُمَا

હદીષ ૮-૧૧ : તિબ્રાનીએ મોઅજમે કબીરમાં, અબૂ નુઈમે હિલયહ્માં, ઈબ્ને ખુઝૈમા અને તહાવીએ હઝરત અનસથી રિવાયત કરી,

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ اَبَا بَكْرٍ وَ عُمَرَ كَانُوْا يُسِرُّوْنَ بِبِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

"બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને અબૂબક્ર તથા ઉમર **"બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ"** ધીમેથી પઢયા કરતા હતા."

હદીષ ૧૨-૧૪ : અબૂ દાઉદ, દારમી, તહાવીએ હઝરત અનસથી રિવાયત કરી,

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ اَبَابَكْرٍ وَ عُمَرَ وَ عُثْمَانَ كَانُوْا يَسْتَفْتِحُوْنَ الْقِرَأَةَ بِاَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

"બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને અબૂબક્ર તથા ઉમર તથા ઉસ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین **અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન**થી કિરાઅત શરૂ કરતા."

હદીષ ૧૫ : મુસ્લિમ શરીફે હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત કરી :-

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَاَبَابَكْرٍ وَ عُمَرَ وَ عُثْمَانَ كَانُوْا يَسْتَفْتِحُوْنَ الْقِرَأَةَ بِاَلْحَمْدُلِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ لَايَذْكُرُوْنَ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ فِىْ اَوَّلِ الْقِرَأَةِ وَلَا فِىْ اٰخِرِهَا

"યકીનન ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین **અલ્હમ્દુલિલ્લાહ** થી કિરાઅત શરૂ કરતા હતા. **બિસ્મિલ્લાહ** ન કિરાઅતની શરૂમાં ઝિક્ર કરતા હતા, ન કિરાઅતના અંતમાં."

હદીષ–૧૬ : ઈબ્ને અબી શયૂબાએ સૈયેદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

''અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ** અને **અઊઝુબિલ્લાહ** અને **રબ્બના લકલ્ હમ્દ** ધીમેથી પઢયા કરતા હતા.

عَنْ اِبْنِ مَسْعُوْدٍ اَنَّهٗ كَانَ يُخْفِىْ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَ اَلْاِسْتِعَاذَةَ وَ رَبَّنَا لَكَ الْحَمْدُ

હદીષ–૧૭ : ઈમામ મુહમ્મદે કિતાબુલ આષારમાં હઝરત ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી :–

''આપે ફર્માવ્યું કે ચાર ચીજોને ઈમામ ધીમેથી પઢે, બિસ્મિલ્લાહ, સુબ્હાનકલ્લાહુમ્મ, અઊઝુબિલ્લાહ અને આમીન.''

قَالَ اَرْبَعٌ يُّخْفِيْهِنَّ الْاِمَامُ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَ سُبْحَانَكَ اَللّٰهُمَّ وَ التَّعَوُّذَ وَ اٰمِيْن

હદીષ ૧૮–૧૯ : મુસ્લિમ અબૂ દાઊદ શરીફે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી :–

''ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝ તકબીરથી શરૂ ફર્માવતા હતા અને કિરાઅત **અલ્હમ્દુ** થી.''

قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَسْتَفْتِحُ الصَّلٰوةَ بِالتَّكْبِيْرِ وَ الْقِرَأَةَ بِاَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

હદીષ ૨૦ : અબ્દુર્રઝ્ઝાકે અબૂ નાખિતહ્થી રિવાયત કરી :–

''હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ **બિસ્મિલ્લાહ** ઊંચા અવાજે ન પઢતા હતા, **અલ્હમ્દુલિલ્લાહ** ઊંચા અવાજે પઢતા હતા.''

اَنَّ عَلِيًّا كَانَ لَا يَجْهَرُ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَ كَانَ يَجْهَرُ بِاَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

એના વિશે અધિક હદીષો રજુ કરી શકાય છે, પણ અમે અહીં કેવળ ૨૦ હદીષો પર સંતોષ માનીએ છીએ. જેને શોખ હોય તે તહાવી અને સહીહુલ્ બારી શરીફનો અભ્યાસ કરે.

★ બૌધ્ધિક દલીલો ★

બુધ્ધિ પણ ચાહે છે કે **બિસ્મિલ્લાહ** ઊંચા અવાજે ન પઢવામાં આવે. કેમ કે સૂરતોના પ્રારંભમાં જે **'બિસ્મિલ્લાહ'** લખવામાં આવે છે તે એ સૂરતોનો ભાગ નથી. ફકત સૂરતોમાં ભાગ પાડવા માટે લખવામાં આવી છે અને હદીષ શરીફમાં ઈર્શાદ થયો કે જે સારું **'બિસ્મિલ્લાહ'**થી શરૂ ન થાય તે અપૂર્ણ છે. તો જેવી રીતે બરકતના માટે નમાઝી કિરાઅતથી પહેલાં 'અઊઝુબિલ્લાહ' પઢે છે એવી જ રીતે બરકત માટે 'બિસ્મિલ્લાહ' પઢે, પણ ધીરેથી. કેમ કે એ પણ દરેક સૂરતનો ભાગ નથી. હા ! સૂરએ નમ્લ શરીફમાં 'બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ' સૂરતનો ભાગ છે. જેથી ઈમામ ત્યાં મોટા અવાજે પઢે છે કેમ કે એ ત્યાંની આયત જ છે. મતલબ કે ઈમામ કેવળ કુર્આને કરીમને મોટા અવાજથી પઢે પરંતુ જે 'બિસ્મિલ્લાહ' સૂરતના શરૂમાં છે તે સૂરતનો ભાગ નથી જેથી તેને ધીરેથી પઢવી જોઈએ.

(બીજો વિભાગ)

★ વાંધાઓ અને તેના જવાબો ★

વાંધો ૧ : 'બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ'' દરેક સૂરતનો ભાગ છે, જો ભાગ ન હોત તો કુર્આનમાં લખવામાં ન આવત. કુર્આને કરીમમાં કેવળ કુર્આની આયતો જ લખવામાં આવેલી છે, કુર્આનની સિવાયનું લખાણ એમાં નથી લખવામાં આવ્યું. જેથી જેવી રીતે અન્ય આયતો મોટા અવાજથી પઢવામાં આવે છે તેવી જ રીતે 'બિસ્મિલ્લાહ' પણ મોટા અવાજે પઢવું જોઈએ.

જવાબ : આ વાંધાના કેટલાક જવાબો છે. એક એ કે 'બિસ્મિલ્લાહ' દરેક સૂરતનો ભાગ નથી. કેમ કે દરેક સૂરતની સાથે નાઝિલ નથી થઈ. જેમ કે બુખારી શરીફના પ્રારંભમાં બાબે ''કયૂફ કાન બદઉલ વહિય્યિ'' માં સૌથી પ્રથમ વહીના વિશે રિવાયત કરી છે કે જિબ્રઈલે અમીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં અર્ઝ કરી, **''ઇકરાઅ્''** પઢો ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **''અના બકારી''** હું પઢવાવાળો નથી. ફરી અર્ઝ કરી :

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِیْ خَلَقَ ۚ الخ-- મતલબ એ છે કે પ્રથમ વહી આ છે જેમાં બિસ્મિલ્લાહનો ઉલ્લેખ નથી જણાતો, કેમ કે સૂરતોના શરૂમાં પ્રથમ 'બિસ્મિલ્લાહ શરીફ' નાઝિલ નથી થઈ. બીજું એ જો 'બિસ્મિલ્લાહ' દરેક સૂરતનો ભાગ હોત તો સૂરતની ઉપર અલગથી લાંબા અક્ષરોમાં લખવામાં ન આવત, બલ્કે જેવી રીતે અન્ય આયતો લખવામાં આવી છે એવી જ રીતે 'બિસ્મિલ્લાહ' તમામ આયતો સાથે લખવામાં આવત. જુઓ સૂરએ નમ્લ શરીફમાં 'બિસ્મિલ્લાહ' સૂરતનો ભાગ છે તો ત્યાં અલગ રીતે જુદા રૂપમાં લખવામાં નથી આવી, બલ્કે તમામ આયતોની સાથે લખવામાં આવી. જાણવા મળ્યું કે સૂરતોના પ્રારંભમાં **બિસ્મિલ્લાહ**ને અલગ રૂપમાં અલગ લખવી જુદા પાડવા માટે છે.

વાંધો – ૨ : તહાવી શરીફમાં હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલ્મહ્ رضی اللہ عنہا થી રિવાયત છે,

اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ كَانَ یُصَلِّیْ فِیْ بَیْتِهَا فَیَقْرَأُ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ اَلْحَمْدُ لِلّٰهِ الخ

''નબી صلی اللہ تعالیٰ علیہ وسلم મારા ઘરમાં નમાઝ પઢતા હતા, તો પઢતા હતા **''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ, અલ્હમ્દુલિલ્લાહિ....''.**

જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝમાં **'બિસ્મિલ્લાહ'** જોરથી પઢતા હતા, નહીં તો ઉમ્મે સલ્મહ્ કેવી રીતે સાંભળી લેતાં ?!

જવાબ :– પ્રથમ તો એ કે એમાં અવાજ સાંભળ્યાનો ઉલ્લેખ નથી. કેવળ **''બિસ્મિલ્લાહ''** પઢવાનો ઉલ્લેખ છે, અમે પણ કહીએ છીએ કે **''બિસ્મિલ્લાહ''** પઢે પણ ધીરેથી પઢે. બીજું, જાહેર એ જ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આ પ્રસંગે ધીરેથી જ પઢયા હતા. જેથી હદીષમાં મળતાપણુ રહે. ત્રીજુ, જો સાંભળવાનુ માની લેવામાં આવે તો અમે કહીએ છીએ કે અહીં **''બિસ્મિલ્લાહ''** પણ ધીરેથી હતી અને **''અલ્હમ્દુ''** પણ ધીરેથી હતી. કેમ કે ઉમ્મે સલ્મહ્ એ પ્રસંગે હુઝૂર નજીકમાં રહેતાં હતાં. એટલા માટે હુઝૂરનો ધીમો અવાજ પણ સાંભળી લેતાં હતાં માટે આ હદીષથી તમારો દાવો સાબિત નથી થતો !

વાંધો-૩ : તિર્મિઝી શરીફમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે :-

قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَفْتَتِحُ صَلٰوتَهٗ بِبِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની નમાઝ ''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ'' થી શરૂ કરતા હતા.

જવાબ : એના બે જવાબો છે, એક એ કે અફસોસ છે તમે તિર્મિઝીનો એ મકામ આગળ ન જોયો ! ફર્માવે છે, هٰذَا حَدِيْثٌ لَيْسَ اِسْنَادُهٗ بِذَاكَ ''આ એવી હદીષ છે જેની સનદો કાંઈ પણ નથી.''

અફસોસ ! કે અમારી રજુ કરેલી હદીષોને વિના કારણે ઝઈફ કહીને રદ કરો છો અને ખૂદ એવી હદીષ રજુ કરી રહ્યા છો જેનો છેડો જ ન મળે. બીજુ એ કે જો આ હદીષને સહીહ માની પણ લો તો પણ એમાં 'બિસ્મિલ્લાહ' મોટા અવાજથી પઢવાનો ઉલ્લેખ નથી. કેવળ એ છે કે નમાઝમાં 'બિસ્મિલ્લાહ'થી શરૂ કરતા હતા. અમે પણ કહીએ છીએ કે 'બિસ્મિલ્લાહ' પઢવી જોઈએ પણ ધીરે ધીરે. ત્રીજુ એ કે બની શકે છે કે તકબીરે તેહરીમાથી પહેલાં 'બિસ્મિલ્લાહ' પઢતા હોય, કેમ કે 'સલાતહૂ' ફર્માવ્યું ન કે 'કિરાઅતહૂ'.

વાંધો-૪ : તહાવી શરીફે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબ્ઝાથી રિવાયત કરી :-

صَلَّيْتُ خَلْفَ عُمَرَ فَجَهَرَ بِبِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَ كَانَ يَجْهَرُ اَبِىْ بِبِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

''મેં હઝરત ઉમર رضی اللہ عنہ ની પાછળ નમાઝ પઢી. આપે 'બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ' મોટા અવાજે પઢી, મારા વાલિદ પણ મોટા અવાજે પઢતા હતા.''

જવાબ : એના કેટલાક જવાબો છે, એક એ કે આ હદીષ તમામ તે મશહૂર હદીષોની વિરૂધ્ધ છે જે અમે પ્રથમ વિભાગમાં વર્ણન કરી ચૂકયા છીએ જેમાં બુખારી, મુસ્લિમ વગેરેની હદીષો છે. જેમાં ખૂબ જ મજબૂત રીતે

સાબિત છે કે 'બિસ્મિલ્લાહ' ધીમેથી પઢતા હતા. આ હદીષે શાઝ છે અને મશહૂર હદીષોના મુકાબલામાં હદીષે શાઝ અમલને પાત્ર નથી થતી. બીજુ એ કે આ હદીષમાં એવો ખુલાસો નથી કે હઝરત ઉમર رضی اللہ عنہ નમાઝની અંદર સુબ્હાન પઢયા પછી અલ્હમ્દુથી પહેલાં બિસ્મિલ્લાહ ઊંચી અવાજે પઢતા હતા. તેનો અર્થ તો એ પણ થઈ શકે છે કે હઝરત ઉમર رضی اللہ عنہ નમાઝ ખત્મ ફર્માવીને દુઆથી પહેલાં બરકતના માટે ''બિસ્મિલ્લાહ'' શરીફ પઢતા હતા. પછી દુઆ ફર્માવતા હતા અને આ સંજોગોમાં આ હદીષ અમારી રજુ કરેલી હદીષોની વિરૂધ્ધ નથી. જ્યાં સુધી થઈ શકે હદીષોમાં મળતાપણુ કરવું જોઈએ. ત્રીજુ એ કે સૂરતથી પહેલાં 'બિસ્મિલ્લાહ' ઊંચા અવાજે પઢવી એટલા માટે છે કે 'બિસ્મિલ્લાહ' દરેક સૂરતનો ભાગ છે અને સૂરતનો ભાગ હોવું કતઈ યકીની હદીષથી સાબિત થઈ શકે છે, ન કે હદીષે વાહિદથી. તમારી રજુ કરેલી હદીષ ખબરે વાહિદ છે જે એ સાબિત કરવા માટે પૂરતી નથી. અફસોસ એ છે કે અમે ધીરેથી 'બિસ્મિલ્લાહ' પઢવા બાબતે બુખારી, મુસ્લિમની રિવાયત પેશ કરીએ અને તમે તેમના મુકાબલામાં તહાવી શરીફની આડ લો ! જ્યારે તહાવી શરીફ પર તમને ભરોસો નથી !

ઈમામ પાછળ મુકતદી કિર્અત ન કરે

ઈમામની પાછળ મુકતદીએ કુર્આન શરીફ પઢવું સખ્ત મના છે. પણ ગૈર મુકલ્લિદ વહાબી મુકતદી પર સૂરએ ફાતેહા પઢવું ફર્ઝ સમજે છે. એની મનાઈ હોવા વિશે કુર્આને કરીમ તથા હદીષો તથા મહાન સહાબાના કથનો તેમજ અકલી (બોધ્ધિક દલીલો) અસંખ્ય છે જેથી અમે આ પ્રકરણના બે વિભાગ કરીએ છીએ. પ્રથમ વિભાગમાં એ મનાઈની સાબિતી અને બીજા વિભાગમાં એના વિશે સવાલ જવાબ. રબ તઆલા કબૂલ ફર્માવે.

(પ્રથમ વિભાગ)

ઈમામની પાછળ મુકતદીએ કુર્આનની તિલાવત કરવી મના છે અને ખામોશ રહેવું જરૂરી છે એ વિશે દલીલો જુઓ :–

وَ اِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَ اَنْصِتُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ

''અને જ્યારે કુર્આન શરીફ પઢવામાં આવે તો તેને કાન લગાડીને સાંભળો અને ખામોશ રહો જેથી (તમારા પર) રહમ કરવામાં આવે.''

ખયાલમાં રાખશો કે ઈસ્લામના પ્રારંભમાં નમાઝમાં દુનિયાવી વાતચીત પણ જાઈઝ હતી અને મુકતદી કિર્અત પણ કરતા હતા. વાતચીત કરવાનુ તો આ આયતથી રદ (મન્સૂખ) થઈ ગયુ : وَقُوْمُوْا لِلّٰهِ قٰنِتِيْنَ ''અને ઉભા થાવ અલ્લાહના માટે, ઈતાઅત કરતા કરતા ખામોશ.''

જેમ કે મુસ્લિમે 'બાબે તહરીમુલ કલામ ફી સલાત' અને બુખારીએ 'મા યન્હી મિન કલામ ફી સલાત'માં હઝરત ઝૈદ ઈબ્ને અરકમ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ كُنَّا نَتَكَلَّمُ فِيْ الصَّلٰوةِ يُكَلِّمُ الرَّجُلُ صَاحِبَهٗ وَ هُوَ اِلٰى جَنْبِهٖ فِيْ الصَّلٰوةِ حَتّٰى نَزَلَتْ وَ قُوْمُوْا لِلّٰهِ قٰنِتِيْنَ. فَاُمِرْنَا بِالسُّكُوْتِ وَ نُهِيْنَا عَنِ الْكَلَامِ (لفظ مسلم)

"અમો લોકો નમાઝમાં વાતો કરી લીધા કરતા હતા, દરેક પોતાના સાથી સાથે નમાઝની હાલતમાં વાતચીત કરી લેતો હતો ત્યાં સુધી કે આ આયત ઉતરી, **વકૂમૂ લિલ્લાહિ કાનિતીન** તો અમને ખામોશ રહેવાનો હુકમ આપવામાં આવ્યો અને વાતચીત કરવાથી રોકી દેવામાં આવ્યા." (મુસ્લિમ)

પછી નમાઝમાં વાતચીત તો મના થઈ ગઈ પણ કુર્આનની તિલાવત મુકતદી કરતા રહ્યા. જ્યારે આ આયત ઉતરી તો મુકતદીઓને માટે તિલાવત પણ મના થઈ ગઈ :– وَ اِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا الخ "જ્યારે કિર્અત પઢવામાં આવે તો ધ્યાનથી સાંભળો અને ચૂપ રહો."

જેમ કે તફસીરે મદારિક શરીફમાં આ આયત **વઈઝા કુરિઅ...**ની તફસીરમાં છે :–

وَ جُمْهُوْرُ الصَّحَابَةِ عَلٰى اَنَّهٗ فِيْ اِسْتِمَاعِ الْمُؤْتَمِ

"આમ સહાબાએ કિરામનું ફર્માન એ છે કે આ આયત મુકતદીએ ઈમામની કિર્અત સાંભળવી એ વિશે છે."

તફસીરે ખાઝિનમાં એના વિશે એક રિવાયત આ નકલ ફર્માવી :–

وَ عَنْ اِبْنِ مَسْعُوْدٍ اِنَّهٗ سَمِعَ نَاساً يَّقْرَؤُنَ مَعَ الْاِمَامِ فَلَمَّا انْصَرَفَ قَالَ اَمَا اَنْ لَكُمْ اَنْ تَفْقَهُوْ وَ اِذَا قُرِئَ الْقُرْاٰنُ الخ

"હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ કેટલાક લોકોને ઈમામની સાથે કુર્આન પઢતાં સાંભળ્યા. જ્યારે ફારિગ થયા તો ફર્માવ્યું કે શું હજી સુધી એ સમય ન આવ્યો કે તમે આ આયતને સમજો ! **વઈઝા કુરિઅલ કુર્આન...**"

તન્વીરે મકયાસ મિન–તફસીર ઈબ્ને અબ્બાસ શરીફમાં એ જ આયતની

તફસીરમાં છે :–

وَ اِذَا قُرِئَ الْقُرْاٰنُ فِیْ الصَّلٰوةِ الْمَكْتُوْبَةِ فَاسْتَمِعُوْا لَهٗ اِلٰى قِرَائَتِهٖ وَ اَنْصِتُوْا لِقِرَاءَتِهٖ

''જ્યારે ફર્ઝ નમાઝમાં કુર્આન પઢવામાં આવે તો તેની કિર્અતને કાન લગાડીને સાંભળો અને કુર્આન પઢવામાં આવે ત્યારે ખામોશ રહો.''

અમારી આ તેહકીકથી જાણવા મળ્યું કે ઈસ્લામની શરૂઆતમાં ઈમામની પાછળ મુકતદી કિર્અત કરતા હતા. ઉપરોકત આયતના નુઝૂલ પછી ઈમામની પાછળ કિરાઅત પઢવી રદ થઈ ગઈ. હવે હદીષો જુઓ :–

હદીષ નં. ૧ : મુસ્લિમ શરીફ ''બાબુ સ્સજૂદે તિલાવત''માં અતાઅ્ ઈબ્ને યસારથી રિવાયત છે :–

اَنَّهٗ سَاَلَ زَيْدَ ابْنَ ثَابِتٍ عَنِ الْقِرَاَةِ مَعَ الْاِمَامِ فَقَالَ لَا قِرَاءَةَ مَعَ الْاِمَامِ فِیْ شَیْءٍ

''તેમણે હઝરત ઝૈદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہ સહાબીને ઈમામની સાથે કિર્અત કરવાના વિશે પૂછયું તો આપે ફર્માવ્યું કે ઈમામની સાથે બિલ્કુલ કિરાઅત જાઈઝ નથી.''

હદીષ નં. ૨ : મુસ્લિમ શરીફ ''બાબુત્તશહ્હૂદ''માં છે :–

فَقَالَ لَهٗ اَبُوْبَكْرٍ فَحَدِيْثُ اَبِیْ هُرَيْرَةَ فَقَالَ هُوَ صَحِيْحٌ يَعْنِیْ وَ اِذَا قُرِأَ فَاَنْصِتُوْا

''અબૂબક્રએ સુલૈમાનને પૂછયું કે અબૂ હુરૈરહ્ની હદીષ કેવી છે ? તો આપે ફર્માવ્યું કે બિલકુલ સહીહ છે. એટલે કે એ હદીષ કે ''જ્યારે ઈમામ કિરાઅત કરે તો તમે ખામોશ રહો'' એ બિલકુલ સહીહ છે.''

હદીષ નં. ૩ : તિર્મિઝી શરીફે હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત કરી :

مَنْ صَلّٰى رَكْعَةً لَمْ يَقْرَأْ فِيْهَا بِاُمِّ الْقُرْاٰنِ فَلَمْ يُصَلِّ اِلَّا اَنْ يَّكُوْنَ وَرَاءَ الْاِمَامِ هٰذَا حَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ

''જે કોઈ નમાઝ પઢે કે તેમાં સૂરએ ફાતિહા ન પઢે તેણે નમાઝ જ ન પઢી, પણ ત કે ઈમામની પાછળ હોય (એટલે કે ત્યારે ન પઢે). આ હદીષ હસન સહીહ છે.

હદીષ નં. ૪ : નિસાઈ શરીફમાં હઝરત અબી હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّمَا جُعِلَ الْاِمَامُ لِيُؤْتَمَّ بِهٖ فَاِذَا كَبَّرَ فَكَبِّرُوْا وَ اِذَا قَرَاَ فَاَنْصِتُوْا

''હુઝૂરે ફર્માવ્યું કે ઈમામ એટલા માટે નિયુકત કરવામાં આવ્યો છે કે તેની પૈરવી કરવામાં આવે તો જ્યારે તકબીર કહે તો તમે પણ તકબીર કહો અને જ્યારે તે કિરાઅત કરે તો તમે ખામોશ રહો.''

અમે હદીષ નં. ૨ માં મુસ્લિમ શરીફના હવાલાથી બયાન કરી ચૂકયા છીએ કે હઝરત અબૂ હુરૈરહની આ હદીષ સહીહ છે.

હદીષ નં. ૫ : તહાવી શરીફે હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત કરી :

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ كَانَ لَهٗ اِمَامٌ فَقِرَاءَةُ الْاِمَامِ لَهٗ قِرَاْةٌ

''જેનો કોઈ ઈમામ હોય તો ઈમામની તિલાવત તેની તિલાવત છે.''

હદીષ નં. ૬–૧૦ : ઈમામ મુહમ્મદે મોઅત્તા શરીફમાં ઈમામ અબૂ હનીફા અન્ મૂસા ઈબ્ને અબી આઈશા અન્ અબ્દુલ્લાહ ઈબ્ને સદ્દાદ અન્ જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ છે.

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ كَانَ لَهٗ اِمَامٌ فَقِرَاْةُ الْاِمَامِ لَهٗ قِرَاءَةٌ قَالَ مُحَمَّدُ ابْنُ مَنِيْعٍ وَ اِبْنُ الْهُمَامِ هٰذَا الْاِسْنَادُ صَحِيْحٌ عَلٰى شَرْطِ الشَّيْخَيْنِ

''હુઝૂરે ફર્માવ્યું કે જેનો ઈમામ હોય તો ઈમામની તિલાવત તેની તિલાવત છે. મુહમ્મદ ઈબ્ને મુનીઅ અને ઈમામ ઈબ્ને હુમામે ફર્માવ્યું કે આ સહીહ સનદો છે અને મુસ્લિમ, બુખારીની શરત પર છે.''

આ હદીષ ઈમામ અહમદ, ઈબ્ને માજહ, દારકુત્ની, બૈહકીએ રિવાયત કરી. (સહીહુલ્ બિહારી)

હદીષ નં. ૧૧ : તહાવી શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ صَلَّى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ اَقْبَلَ بِوَجْهِهٖ فَقَالَ اَتَقْرَءُوْنَ وَ الْاِمَامُ يَقْرَأُ فَسَكَتُوْا فَسَأَلَهُمْ ثَلٰثًا فَقَالُوْا اِنَّا لَنَفْعَلُ قَالَ فَلَا تَفْعَلُوْا

"હઝરત અનસ ફર્માવે છે કે એકવાર હુઝૂરે નમાઝ પઢાવી પછી સહાબા તરફ કર્યા અને ફર્માવ્યું કે શું ઈમામની કિરાઅતની હાલતમાં તમે તિલાવત કરો છો? સહાબા ચુપ રહ્યા. હુઝૂરે ત્રણવાર સવાલ કર્યો તો સહાબાએ અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, હવે પછી એવું કરશો નહીં."

હદીષ નં. ૧૨ : તહાવી શરીફે હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી, مَنْ قَرَأَ خَلْفَ الْاِمَامِ فَلَيْسَ عَلٰى فِطْرَةٍ "જે ઈમામની પાછળ તિલાવત કરશે તે દીને ફિતરત પર નથી."

હદીષ નં. ૧૩ : દારકુત્નીએ હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી :

اَنَّهٗ قَالَ قَالَ رَجُلٌ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَقْرَأُ خَلْفَ الْاِمَامِ اَوْ اَنْصِتُ قَالَ بَلْ اَنْصِتْ فَاِنَّهٗ يَكْفِيْكَ

"એક શખ્સે હુઝૂરને સવાલ કર્યો કે હું ઈમામની પાછળ તિલાવત કરું કે ખામોશ રહું ? ફર્માવ્યું, ખામોશ રહો, ઈમામ તમારા માટે પૂરતો છે."

હદીષ નં. ૧૪ : દારકુત્નીએ હઝરત શઅબીથી રિવાયત કરી :

اَنَّهٗ قَالَ قَالَ رَجُلٌ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا قِرَاءَةَ خَلْفَ الْاِمَامِ

"હુઝૂરે ફર્માવ્યું કે ઈમામની પાછળ તિલાવત જાઈઝ નથી."

હદીષ નં. ૧૫ : બયૂહકીએ કિરાઅતની ચર્ચામાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરી :–

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ كُلُّ صَلٰوةٍ لَا يُقْرَأُ فِيْهَا بِاُمِّ الْكِتَابِ فَهِيَ خِدَاجٌ اِلَّا صَلٰوةً خَلْفَ الْاِمَامِ

"તેમણે રિવાયત કરી કે, આપે ફર્માવ્યું જે નમાઝમાં સૂરએ ફાતિહા ન પઢવામાં આવે તે અધૂરી છે, સિવાય તે નમાઝના કે જે ઈમામની પાછળ હોય."

હદીષ નં. ૧૬–૧૭ : ઈમામ મુહમ્મદે મોઅત્તામાં અબ્દુર્રઝ્ઝાકે

પોતાની મુસ્નફમાં હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી :

"જે ઈમામની પાછળ તિલાવત કરે, قَالَ لَيْتَ فِىْ فَمِ الَّذِىْ يَقْرَأُ خَلْفَ الْإِمَامِ حَجَراً કાશ ! તેના મોઢામાં પથ્થર હોય."

હદીષ નં. ૧૮–૨૪ : ઈમામ તહાવીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, ઝૈદ ઈબ્ને ષાબિત, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ, હઝરત અલ્કમહ્, હઝરત અલી મુર્તઝા, હઝરત ઉમર વગેરે સહાબાએ કિરામથી મુકમ્મલ સનદો અને રિવાયતો પેશ કરી કે આ તમામ હઝરાત ઈમામની પાછળ કિરાઅતના સખ્ત વિરોધી હતા. એમાંથી કોઈએ ફર્માવ્યું કે, જે ઈમામની પાછળ તિલાવત કરે તેના મોઢામાં આગ હોય, કોઈ ફર્માવે છે કે તેના મોઢામાં પથ્થરો હોય, કોઈ ફર્માવે છે કે એ ફિતરતની વિરૂધ્ધ છે. જો અમને આ કિતાબ મોટી થઈ જવાનો ભય ન હોત તો તે તમામ રિવાયતો અહીં નકલ કરત. તે ઉપરાંત ઈમામની પાછળ કિરાઅત પઢવાની વિરૂધ્ધ ઘણી બધી હદીષો છે જેમાંથી અમે કેવળ ૨૪ ઉપર સંતોષ માન્યો છે. જો કોઈ ભાઈને અભ્યાસ કરવાનો શોખ હોય તો તહાવી શરીફ, મોઅત્તા ઈમામ મુહમ્મદ, સહીહુલ્ બિહારી, અમારી લખેલ હાશિયાએ બુખારી નઈમુલ બારી વગેરે કિતાબોનો અભ્યાસ કરે.

★ બૌધ્ધિક દલીલો ★

બુધ્ધિ પણ ચાહે છે કે ઈમામની પાછળ તિલાવત ન કરે. કેટલાક કારણો જુઓ :–

૦૧. નમાઝમાં જેવી રીતે સૂરએ ફાતિહા પઢવું જરૂરી છે એવી જ રીતે સૂરત મિલાવવી પણ જરૂરી છે. મુસ્લિમ શરીફમાં : لَاصَلٰوةَ لِمَنْ لَمْ يَقْرَأْ بِأُمِّ الْقُرْاٰنِ فَصَاعِدًا. "તેની નમાઝ નથી થતી જે સૂરએ ફાતિહા અને અન્ય કાંઈ ન પઢે."

ગૈર મુકલ્લિદ પણ માને છે કે મુકતદી ઈમામની પાછળ

(મિલાવવામાં આવતી) સૂરત ન પઢે, તો સૂરએ ફાતિહા પણ ન પઢવી જાઈએ. કેમ કે જેવી સૂરતમાં ઈમામની કિરાઅત પૂરતી છે તેવી જ રીતે સૂરએ ફાતિહામાં પણ પૂરતી છે.

૦૨. જો કોઈ રુકૂઅમાં ઈમામની સાથે મળી (જોડાઈ) જાય તેને તે રકઅત મળી જાય છે. જો મુકતદી પર સૂરએ ફાતિહા પઢવી લાઝિમ (અનિવાર્ય) જ હોત તો તેને રકઅત ન મળવી જોઈએ. જુઓ ! **જો તે શખ્સ તકબીરે તહરીમા ન કહે અથવા તકબીરે તહરીમાની સાથે એક તસ્બીહ જેટલો સમય કિયામ ન કરે બલ્કે સીધો રુકૂઅમાં જતો રહે તો તેને રકઅત મળશે નહીં.** કારણ કે તકબીરે તહરીમા અને અને કિયામ મુકતદી પર ફર્ઝ છે, તો એવી જ રીતે જો તેના પર સૂરએ ફાતિહા ફર્ઝ હોત તો તેના વગર રકઅત ન મળત ! જાણવા મળ્યું છે કે ઈમામની કિરાઅત પૂરતી છે, જ્યારે તે મુકતદી માટે કિરાઅત સાકિત થઈ (જિમ્મેદારીમાંથી નીકળી) ગઈ માટે જોઈએ કે અન્ય મુકતદીઓ માટે પણ સાકિત થાય.

૦૩. જો મુકતદી ના માથે ફાતિહાની કિરાઅત પણ હોય અને "આમીન" પણ હોય તો બતાવો કે જો ઈમામ મુકતદી પહેલાં સૂરએ ફાતિહાથી ફારિગ થઈ જાય તો એ મુકતદી જે હજી સૂરએ ફાતિહાની વચ્ચે છે તે આમીન કહેશે કે નહીં કહે ? જો કહે તો પોતાની ફાતિહા પૂરી કરીને પણ આમીન કહે કે ન કહે ? એના જે પણ જવાબ આપો તેની હદીષ બતાવીને આપો ! ન તો 'આમીન' જાઈઝ છે, ન ફાતિહાની વચ્ચે 'આમીન' દુરુસ્ત છે !

૦૪. જો મુકતદી સૂરએ ફાતિહાની વચ્ચે હોય અને ઈમામ રુકૂઅમાં ચાલ્યો જાય તો બતાવો આ મુકતદી અડધી સૂરએ ફાતિહા છોડી દેશે કે રુકૂઅ છોડી દેશે ? જે પણ જવાબ આપો હદીષ બતાવો ! તમારી અક્કલ કે કયાસથી જવાબ ન આપશો !

૦૫. શાહી દરબારમાં જ્યારે કોઈ વફ્દ (પ્રતિનિધિમંડળ) જાય છે તો

દરબારના નિયમો સૌ પાળે છે પણ કોઈ રજુઆત સૌ કરશે નહીં, જે સરદાર હશે તે જ કરશે. એ જ પ્રમાણે બાજમાઅત નમાઝી રબની બારગાહમાં પ્રતિનિધિમંડળના રૂપમાં હાજર થાય છે તો તકબીર, તસ્બીહ, તશહહૂદ વગેરે સૌ પઢે કે એ સૌ એ દરબારના સલામીના નિયમો છે સૌ અદા કરશે પણ તિલાવતે કુર્આન જે રજુઆત, અરજ છે તે કેવળ કૌમનો સરદાર કરે, એટલે કે ઈમામ.

(બીજો વિભાગ)

★ વાંધાઓ અને તેના જવાબ ★

આ મસ્અલામાં ગૈરમુકલ્લિદો અત્યાર સુધીમાં જેટલા પ્રમાણમાં વાંધાઓ ઉઠાવી શકયા છે અમે બિફદ્લિહી તઆલા દરેકને નકલ કરીને સૌના જવાબો અલગ અલગ આપીએ છીએ અને જે રીતે અમે સવાલો નકલ કરીએ છીએ એ રીતે ઈન્શાઅલ્લાહ તેઓ પણ કરી શકશે નહીં. રબ તઆલા કબૂલ ફર્માવે.

વાંધો ૧ : આયતે કરીમ **વઈઝા કુરિઅલ્કુર્આન** માં કુર્આનથી મુરાદ જુમ્આનો ખુત્બો છે, ન કે મુકતદીની નમાઝ, જેમ કે કેટલાક મુફસ્સિરોએ એ જ આયતના હેઠળ ફર્માવ્યું છે. જેથી જુમ્આના ખુત્બા વખતે ખામોશી જરૂરી છે પણ મુકતદીનું સૂરએ ફાતિહા પઢવું મના નથી.

જવાબ : આ ગલત છે, કેમ કે આ આયતે કરીમહ્ મક્કિયહ્ છે, સૂરએ અઅ્રાફની આયત છે અને જુમ્આની નમાઝ અને ખુત્બો તો મદીના મુનવ્વરામાં હિજરત બાદ શરૂ થયાં ! તો પછી આ આયતમાં ખુત્બો મુરાદ કેમ કરીને થઈ શકે ? બીજું એ કે જો ધારી પણ લો તો પણ આયતમાં ખુત્બાની કેદ નથી કેવળ કુર્આનની કિરાઅતનું વર્ણન છે જેથી એ હુકમમાં સૌ આવી જશે. કેમ કે આયતના આમ અર્થને લક્ષમાં લેવામાં આવે છે ન કે શાને નુઝૂલની વિશેષતાનો. ત્રીજું એ કે જ્યારે ખુત્બામાં લોકોએ બોલવું હરામ છે જો કે આખા ખુત્બામાં કુર્આન નથી પઢાતું બલ્કે એક બે આયતો કુર્આનની પઢવામાં આવે છે. તો ઈમામની પાછળ જ્યારે પૂરી રીતે કુર્આન જ પઢવામાં આવી રહ્યું છે ત્યાં ખામોશી કેમ જરૂરી નહીં થાય ?! આશ્ચર્યની વાત છે કે તમે જુમ્આના ખુત્બામાં

તો ખામોશી જરૂરી કહો છો અને ઈમામની પાછળ નહીં !

વાંધો–૨ : આયતે કરીમા **વઈઝા કુરિઅ....** માં મક્કાના મુશ્રિકોને સંબોધન છે, જેઓ હુઝૂરની તિલાવતના વખતે શોર મચાવતા હતા અને આયતનો હેતુ એ છે કે કુર્આન પઢતી વખતે દુનિયવી વાતો કરીને શોર ન કર્યા કરો. જેથી સૂરએ ફાતિહા ન પઢવા વિશેની વાત એમાં દાખલ નથી.

જવાબ : એ પણ ગલત છે, આયતનું સંબોધન કેવળ મુસલમાનોને જ છે ! કેમ કે કાફિરો પર કોઈ ઈબાદત વાજિબ નથી, જ્યાં સુધી કે ઈમાન ન લાવે. કુર્આન સાંભળવું પણ ઈબાદત છે, તે એમના પર ઈમાન લાવ્યા વિના કેવી રીતે વાજિબ થઈ ગયું ? બીજુ એ કે આયતે કરીમાના છેવટમાં **લઅલ્લકુમ્ તુર્હમૂન** એટલે જેથી કરીને તમારા પર રહમત કરવામાં આવે. કુર્આન સાંભળવાથી રહમત કેવળ મુસલમાન પર થાય છે, કાફિર ઈમાન વિના ગમે તેવી નેકી કરે પણ રહમતનો હક્કદાર નથી. **રબ ફર્માવે છે :–**

وَ مِنۡهُمۡ مَنۡ يَّسۡتَمِعُ اِلَيۡكَ وَ جَعَلۡنَا عَلٰى قُلُوۡبِهِمۡ اَكِنَّةً

''એટલે કે કેટલાક કાફિરો આપના તરફ કાન લગાડે છે અમે તેમના કાનો પર પદડા નાખી દીધા છે.''

જુઓ કાફિરનુ કાન લગાડવું લાભદાયી ન થયું. અને ફર્માવે છે :–

وَقَدِمۡنَاۤ اِلٰى مَا عَمِلُوۡا مِنۡ عَمَلٍ فَجَعَلۡنٰهُ هَبَآءً مَّنۡثُوۡرًا

''અને જે કાંઈ તેમણે કામ કર્યાં હતાં અમે ઈરાદો કરીને તેને બારીક ધૂળના રજકણોની જેમ બનાવી દીધાં.''

જો કાફિર આખુ કુર્આન મોઢે પણ કરી લે અને દરરોજ તિલાવત પણ કર્યા કરે તો પણ સવાબનો મુસ્તહિક (હકદાર) નથી. વુઝૂ વિના નમાઝ દુરુસ્ત નથી તેમ ઈમાન વિના કોઈ ઈબાદત કબૂલ નથી. બીજુ એ કે કુર્આને કરીમમાં ઈર્શાદ થયો **વઅન્સિતૂ** ''ખામોશ રહો.'' ખામોશીનો મતલબ એ છે કે ન વાત કરો, ન કાંઈ પઢો (ચુપચાપ રહો). જો સૂરએ ફાતિહા પઢતા રહ્યા તો ખામોશી કયાં થઈ. મતલબ કે આયત ન તો કાફિરોના હકમાં નાઝિલ થઈ, ન જુમ્આના માટે નમાઝીઓને ઈમામની પાછળ કિરાઅતથી રોકવાના માટે નાઝિલ થઈ.

જેમ કે બયહકી શરીફમાં હઝરત મુજાહિદથી રિવાયત છે :–

قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ فِى الصَّلٰوةِ فَسَمِعَ قِرَأَةَ فَتًى مِّنَ الْاَنْصَارِ فَنَزَلَ وَ اِذَا قُرِئَ الْقُرْاٰنُ الخ (بيهقى)

''હુઝૂર صلى الله تعالى عليه وسلم નમાઝમાં કિરાઅત ફર્માવી રહ્યા હતા કે આપે એક અન્સારી જવાનની કિરાઅત સાંભળી ત્યારે આ આયતે કરીમ નાઝિલ થઈ... **વઇઝલ્કુરિઅ.**''

ઈબ્ને મરદુવિયહ્એ પોતાની તફસીરમાં સનદોની સાથે મુઆવિયહ્ ઈબ્ને કુરઅહ્થી રિવાયત કરી કે તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગ્ફલ રસૂલુલ્લાહના સહાબીને આ આયતના નુઝૂલના બારામાં પૂછયું તો તેમણે જવાબ આપ્યો,

قَالَ اِنَّمَا نَزَلَتْ هٰذِهِ الْاٰيَةُ وَ اِذَا قُرِئَ الْقُرْاٰنُ الخ فِىْ الْقِرَأَةِ خَلْفَ الْاِمَامِ اِذَا قَرَءَ الْاِمَامُ فَاسْتَمِعْ لَهٗ وَ اَنْصِتْ (بخارى)

''આ આયત **વઇઝલ્કુરિઅ...** ઈમામનીપાછળ કિરાઅત કરવાના સંબંધે ઉતરી. જેથી જ્યારે ઈમામ કિરાઅત કરે તો તમે કાન લગાડીને સાંભળો અને ખામોશ રહો.''

વાંધો –૩ : જો કુર્આનની તિલાવતના સમયે સૌને ખામોશ રહેવાનો હુકમ હોય તો મુસીબત આવી જશે. આજે રેડિયો પર કુર્આનની તિલાવત થાય છે જે તમામ મુલ્કમાં સાંભળવામાં આવે છે. તો સૌના માટે કારોબાર, કલામ હરામ થઈ જશે. ઈમામ તરાવીહ પઢાવી રહ્યો છે, એક માણસ આવ્યો જેણે હજી ફર્ઝ નથી પઢયા, તે એ જ મસ્જિદમાં ઈશાના ફર્ઝ પઢે છે જ્યાં કિરાઅતનો અવાજ આવી રહ્યો છે, એ પણ હરામ થશે. મતલબ એ કે આ અર્થ ઉમ્મતના માટે સખત તકલીફનો સબબ બનશે ! (વર્તમાન વહાબી)

જવાબ : આખી ઉમ્મતનો ઈજમાઅ છે કે કુર્આનની તિલાવત સાંભળવી ફર્ઝે કિફાયહ છે, ન કે ફર્ઝે ઐન. જો કારીની કિરાઅત એક મુસલમાન પણ સાંભળી રહ્યો છે તો પૂરતુ છે. જેમ કે જનાઝાની નમાઝ કે ભલે સૌ પર ફર્ઝ છે પણ એક જણે પણ અદા કરી લીધી તો સૌ પરથી જિમ્મેદારી ઉતરી ગઈ.

ઈમામની પાછળ સૌ મુકતદી એક શખ્સના હુકમમાં છે, જેમ કે જનાઝાની નમાઝની જમાઅત. જેથી મુકતદીઓમાંથી તો કોઈ સલામ, કલામ, તિલાવત નથી કરી શકતો. ગૈર મુકતદી (જમાઅતમાં સામેલ નથી તે)ના માટે તે મુકતદીઓનું સાંભળી લેવું પૂરતુ છે. હા ! જો સર્વ લોકો કારોબારમાં લાગેલા હોય અને કોઈ જ ન સાંભળી રહ્યું હોય તો મોટા અવાજે તિલાવત મના છે. એવી જ રીતે એક મજલિસમાં અમુક લોકોનું મોટા અવાજે કુર્આનની તિલાવત કરવું મના છે. કયાં તો એક તિલાવત કરે અને બાકીના બધા સાંભળે અથવા સૌ ખામોશીથી (પોતે જ સાંભળે એટલા અવાજે) પઢે. એની તેહકીક શામી વગેરે ફિકહની કિતાબોમાં જુઓ. જેથી ન કોઈ આફત છે ન કોઈ મુસીબત !

વાંધો–૪ : એનાથી લાઝિમ થાય છે કે મકતબમાં (મદ્રસામાં) અમુક બાળકો એક સાથે કુર્આન શરીફ મોટા અવાજે યાદ નથી કરી શકતા. છતાંય મુસીબત તો રહી !

જવાબ : ત્યાં કુર્આનની તાલીમ થાય છે, કુર્આનની તિલાવત નહીં. તિલાવતને સાંભળવું ફર્ઝ છે, ન કે કુર્આનની તાલીમને. રબ તઆલાએ **ઈઝલ્કુરીઅ** ફર્માવ્યું, ન કે **ઈઝા તુઉલ્લિમ**. જુઓ રબ ફર્માવે છે : فَإِذَا قَرَأْتَ الْقُرْآنَ فَاسْتَعِذْ بِاللَّهِ "જ્યારે તમે કુર્આન પઢો તો 'અઉઝુબિલ્લાહ' પઢી લીધા કરો."

કુર્આનની તિલાવત માટે 'અઉઝુબિલ્લાહ' પઢવું જોઈએ. પણ જ્યારે શાગિર્દ ઉસ્તાદને કુર્આન સંભળાવે તો 'અઉઝુબિલ્લાહ' ન પઢે, કેમ કે એ કુર્આનની તિલાવત નથી પણ કુર્આનની તાલીમ છે. (શામી વગેરે) એ જ પ્રમાણે કુર્આને કરીમને ક્રમ વિરૂધ્ધ છાપવું મના છે, ક્રમસર હોવું જોઈએ. પણ બાળકોને તાલીમના માટે છેલ્લો પારો ઉલ્ટો છાપવામાં આવે છે અને પઢાવવામાં આવે છે. મતલબ કે તાલીમ તથા કિરાઅતના હુકમોમાં ફરક છે. કુર્આને પણ તિલાવત તથા તાલીમમાં ફર્ક કર્યો. રબ ફર્માવે છે : **યત્લૂ અલૈહિમ્ આયાતિહી વયુઝક્કીહિમ્ વયુઅલ્લિમુહુમુલ્ કિતાબ...** છેવટ સુધી. તે નબી મુસલમાનો પર આયતો તિલાવત કરે છે, તેમને પાક કરે છે,

તેમને કિરાઅત તથા હિકમત શીખવાડે છે. "જો તિલાવત તથા તાલીમમાં ફર્ક નથી તો અહીં એ બંને નો ઉલ્લેખ અલગ રીતે કેમ થયો ?

વાંધો–૫ : તમારી રજુ કરેલી હદીષ **કિરાઅતુલ્ ઈમામિલહૂ કિરાઅતુન્** અને હદીષ **વઈઝાકુરિઅ ફન્સિતૂ** માં શબ્દ **કિરાઅ્** છે, જેનો અર્થ છે પઢવું. તો એ હદીષનો મતલબ એ છે કે જ્યારે ઈમામ પઢે તો તમે ખામોશ રહો. શું પઢે કુર્આન કે બીજું કાંઈ ? તો પછી એવું હોવું જોઈએ કે ઈમામની પાછળ સુબ્હાન, અત્તહિય્યાત, દુરૂદ વગેરે કાંઈ ન પઢવામાં આવે, કેમ કે જ્યારે ઈમામ પઢી રહ્યો છે ! (વર્તમાન બુધ્ધિવાળા વહાબી)

જવાબ : એના બે જવાબો છે. એક ઈલ્ઝામી (આક્ષેપ કરતો), બીજો તેહકીકી. ઈલ્ઝામી જવાબ તો એ છે કે જો એ જ પ્રમાણે શબ્દોના શાબ્દિક (ડીક્ષનરીના) અર્થો કરવામાં આવે તો તમને મુસીબત થઈ શકે ! તમે પોતાને 'અહલે હદીષ' કહો છો ?! હદીષનો અર્થ છે વાત ચીત અથવા કિસ્સા કહાની. રબ ફર્માવે છે :–

فَبِاَيِّ حَدِيْثٍ بَعْدَهٗ يُؤْمِنُوْنَ اور فرمایا ھے فَجَعَلْنٰهُمْ اَحَادِيْثَ

"એના પછી હવે કઈ વાત પર ઈમાન લાવશો ? અમે તે કૌમોને કિસ્સા કહાનીઓ બનાવી દીધી."

તો **'અહલે હદીષ'**નો અર્થ કયાં તો **"વાતો બનાવનાર બક્કી"** થયો અથવા "કિસ્સા કહાનીઓ, નોવેલ સંભળાવનારા." થયો. જનાબ ! અહીં હદીષનો ઈસ્તેલાહી (શરીઅતની પરીભાષાવાળો) અર્થ મુરાદ છે. ફર્માને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم **વહી**નો શાબ્દિક અર્થ છે. "ઈશારો", ઈસ્લામનો અર્થ છે ફર્માંબરદારી, **કલ્મા**નો અર્થ છે **"શબ્દ"**, આ સર્વ અર્થમાં આ શબ્દો કુર્આનમાં વપરાયા છે. કહો ! હવે કયાં જશો ?! આખો ઈસ્લામ જ ખત્મ અને કુર્આનના હુકમો પણ ફના !

તહકીકી જવાબ એ છે કે નમાઝના ઝિકમાં જ્યારે કિરાઅત બોલવામાં આવે છે તો તેનાથી કુર્આનની તિલાવત મુરાદ હોય છે. આપણે કહીએ છીએ,

નમાઝના છ રુકનો છે : તકબીરે તહરીમા, કિયામ, કિરાઅત, રુકૂઅ, સજદા, અત્તહિય્યાતમાં બેસવું. તો અહીં કિયામનો અર્થ નાચવા માટે ઉભા થવું અને કિરાઅતનો અર્થ નોવેલ પઢવી નથી ! જરા સમજીને વાત કરો ! શું આટલી સમજ રાખીને હદીષે રસૂલ સમજવાનો દાવો છે ?!

વાંધો-૬ : મુસ્લિમ તથા બુખારી શરીફમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : لَاصَلٰوةَ لِمَنْ لَّمْ يَقْرَأْ بِفَاتِحَةِ الْكِتَابِ "તેની નમાઝ નથી થતી જે સૂરએ ફાતિહા ન પઢે."

આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા. એક એ કે નમાઝમાં સૂરએ ફાતિહા પઢવી ફર્ઝ છે કે તેના વિના નમાઝ બિલ્કુલ સહીહ થશે નહીં. જેમ કે કિયામ તથા રુકૂઅ વગેરે. બીજુ એ કે સૌના પર ફર્ઝ છે, નમાઝી એકલો હોય કે ઈમામ કે મુકતદી, હદીષમાં કોઈ કૈદ (પાબંદી) નથી.

જવાબ : એના ત્રણ જવાબો છે : બે ઈલ્ઝામી, એક તેહકીકી. પ્રથમ ઈલ્ઝામી જવાબ તો એ છે કે આ હદીષ ઈમામ મુસ્લિમે આ પ્રમાણે નકલ ફર્માવી :–

"તેની નમાઝ નથી થતી જે સૂરએ ફાતિહા અને કાંઈક અધિક ન પઢે." لَا صَلٰوةَ لِمَنْ لَّمْ يَقْرَأْ بِأُمِّ الْقُرْاٰنِ فَصَاعِداً

અને મોઅત્તા ઈમામ માલિકમાં આ જ હદીષ આ પ્રમાણે છે, لَاصَلٰوةَ اِلَّابِفَاتِحَةِ الْكِتَابِ وَ السُّوْرَةِ "નમાઝ નથી થતી પણ સૂરએ ફાતિહાથી અને એક સૂરતથી."

તમારે જોઈએ કે મુકતદી પર સૂરએ ફાતિહા પણ ફર્ઝ જાણો અને સૂરત મિલાવવાનું પણ. શું અમુક હદીષો પર ઈમાન છે અને અમુકનો ઈન્કાર છે ?

બીજો ઈલ્ઝામી જવાબ એ છે કે તમારી રજુ કરેલી હદીષ કુર્આનની પણ વિરૂધ્ધ છે અને તે હદીષોની પણ વિરૂધ્ધ છે જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી, બલ્કે તમારી પણ વિરૂધ્ધ છે ! કુર્આને કરીમ ફર્માવે છે : فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ "જે પ્રમાણે કુર્આન આસાન હોય પઢી લીધા કરો."

પછી સૂરએ ફાતિહા પઢવું ફર્ઝ કેવી રીતે થઈ શકે છે ? તેમજ ફર્માવ્યું,

"જ્યારે કુર્આન પઢવામાં આવે તો કાન લગાડીને સાંભળો અને ચુપ રહો." وَ اِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَ اَنْصِتُوْا الاٰيه

પછી મુકતદી ઈમામની સાથે સૂરએ ફાતિહા પઢીને આ રબના હુકમની વિરૂધ્ધ કેવી રીતે કરે ? અમે ઘણી હદીષો વર્ણવી ચૂકયા છીએ જેમાં ઈર્શાદ થયો કે ઈમામની કિરાઅત મુકતદીની કિરાઅત છે, જ્યારે ઈમામ કિરાઅત કરે તો તમે ચુપ રહો... વગેરે.

તમે પણ કહો છો કે જે રુકૂઅમાં ઈમામની સાથે મળી ગયો તેને રકાત મળી ગઈ. જો મુકતદી પર સૂરએ ફાતિહા ફર્ઝ હતી તો તેના વિના રકાત કેવી રીતે મળી ? તેના પર વુઝૂ તથા તહારત, તકબીરે તહરીમા, કિયામ ફર્ઝ રહ્યો કે તેમાંથી કોઈ પણ છોડીને રુકૂઅમાં જોડાશે તો નમાઝ થશે નહીં અને (જેને તમે ફર્ઝ કહો છો તે) સૂરએ ફાતિહા કેવી રીતે માફ થઈ ગઈ ?

હવે તહકીકી જવાબ એ છે કે એ હદીષના એવા અર્થો કરવા જોઈએ જેનાથી કુર્આન તથા હદીષમાં વિરોધાભાસ ન રહે, હદીષો આપસમાં ટકરાઈ ન જાય, કોઈ વાંધો ન લે. તે એ કે **લાસલાત** માં **લા** નહીં (નકાર) જિન્સ (જાતિ) છે. જેનુ ઈલ્મ તો સલાત છે, પણ ખબર છુપી છે એટલે **કામિલુન્**. મતલબ એ થયો કે નમાઝ સૂરએ ફાતિહા વિના કામિલ નથી થતી. મુત્લક કિરાઅત (કુર્આનમાંથી ગમે તે) કુર્આનના હુકમાનુસાર ફર્ઝ છે અને સૂરએ ફાતિહા હદીષના હુકમ હેઠળ **વાજિબ** છે.

"નમાઝ નથી થતી પણ કલ્બની હુઝૂરીથી. જે મસ્જિદની નજીક રહેતો હોય તેની નમાઝ નથી થતી પણ મસ્જિદમાં." لَا صَلٰوةَ اِلَّا بِحُضُوْرِ الْقَلْبِ لَا صَلٰوةَ لِجَارِ الْمَسْجِدِ اِلَّا فِى الْمَسْجِدِ

વળી **લમ્યકરાઅત્** હુકમી તથા હકીકી બંને સમાવે છે કે ઈમામ અને એકલા નમાઝી પર હકીકતન્ સૂરએ ફાતિહા પઢવી વાજિબ છે અને મુકતદી પર હુકમન્, કેમ કે ઈમામનું પઢવું તેનુ પઢવું છે. અમે રજુ કરેલી હદીષો આ હદીષની તફસીરો છે. અથવા આ હદીષ આમ છે, અને અમે રજુ કરેલી હદીષો

તેને ખાસ કરે છે જેમણે મુકતદીને આ હુકમથી ખાસ કરી દીધો.

વાંધો–૭ : તિર્મિઝી શરીફમાં હઝરત ઓબાદા ઈબ્ને સામતથી એક હદીષ છે, જેના અંતિમ શબ્દો આ પ્રમાણે છે :–

قَالَ اِنِّیْ اَرَاکُمْ تَقْرَؤُنَ وَ رَاءَ اِمَامِکُمْ قَالَ قُلْنَا بَلیٰ قَالَ لَا تَقْرَؤُا اِلَّا بِاُمِّ الْقُرْاٰنِ

"હુઝૂરે સહાબાને ફર્માવ્યું કે, મારા ખયાલમાં તમે તમારા ઈમામની પાછળ કિરાઅત કરો છો ? અમે અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, સૂરએ ફાતિહા સિવાય કાંઈ ન પઢશો."

આ હદીષમાં સ્પષ્ટ રીતે ઈર્શાદ છે કે ઈમામની પાછળ મુકતદી સૂરએ ફાતિહા પઢે અને બીજી સૂરત ન પઢે. એ જ અમે પણ કહીએ છીએ ! ઓબાદા ઈબ્ને સામતની આ હદીષ અબૂ દાઉદ તથા નિસાઈ, બૈહકીમાં પણ છે.

જવાબ : આ વાંધાના કેટલાક જવાબો છે. એક એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે તમે પણ કહો છો કે ઈમામની સાથે રકૂઅમાં મળી જાય તો રકાત મળી જાય છે, કેમ ભાઈ ?! જ્યારે મુકતદી પર સૂરએ ફાતિહા પઢવી ફર્ઝ છે તો પછી મુકતદીને તે રકાત સૂરએ ફાતિહા પઢયા વિના કેવી રીતે મળી ગઈ ? તેનો જવાબ વિચારો ! જે તમે જવાબ આપશો તે જ અમારો પણ જવાબ હશે.

બીજુ એ કે કેવળ ઓબાદા ઈબ્ને સામત رضی اللہ عنہ થી આ હદીષ મરફૂઅ નકલ છે જેમાં હુઝૂરે ઈમામની પાછળ સૂરએ ફાતિહાનો હુકમ આપ્યો પરંતુ તેની વિરૂધ્ધ હઝરત જાબિર, અલ્કમહ્, અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, ઝૈદ ઈબ્ને ષાબિત, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, હઝરત અલી તથા ઉમરથી પુષ્કળ રિવાયતો નકલ થયેલ છે જેમાંથી કેટલીક રિવાયતો અમે પ્રથમ વિભાગમાં પેશ કરી ચૂકયા અને તહાવી શરીફ, સહીહુલ્ બારી શરીફમાં ખૂબ જ વધુ નકલ થએલ છે. તો હઝરત ઓબાદાની આ રિવાયત થયેલ હદીષ એકલી છે અને તે સહાબાએ કિરામની તે રિવાયત થયેલી હદીષો મશહૂર છે જેથી તેમને પ્રાધાન્ય પ્રાપ્ય છે.

ચોથુ એ કે તમારી રજુ કરેલી હદીષમાં ઈમામની પાછળ સૂરએ ફાતિહા પઢવાનો હુકમ છે અને હદીષોમાં જે અમે રજુ કરી તેમાં મનાઈ છે. નસો (દલીલો)માં મુકાબલો (ટકરાવ) થાય તો મનાઈની નસને પ્રાધાન્ય અપાય છે. જુઓ ! ગૈરુલ્લાહને તા'ઝીમનો સિજદો કરવાનો હુકમ કુર્આનમાં મૌજૂદ છે, ફરિશ્તાઓને તેનો હુકમ આપવામાં આવ્યો. બલ્કે શૈતાન તે ગૈરુલ્લાહને સિજદો ન કરવાના કારણે મરદૂદ થયો ! પણ અન્ય દલીલો (નસો)માં આ સજદાની મનાઈ કરવામાં આવી છે અને હવે એ મનાઈ પર અમલ ચાલે છે.

પાંચમુ એ કે ઓબાદા ઈબ્ને સામતની આ હદીષ ન તો બુખારીએ નકલ કરી, ન મુસ્લિમે કરી. બલ્કે મનાઈની હદીષ મુસ્લિમ શરીફમાં મૌજૂદ છે. ઈમામ તિર્મિઝીએ તેને નકલ કરીને તેને સહીહ નથી ફર્માવી, બલ્કે હસન કહી અને ફર્માવ્યું કે અધિક સહીહ કાંઈ અન્ય છે. હવાલો જોવો હોય તો તિર્મિઝીમાં આ જ તમારી હદીષની સાથે છે.

قَالَ اَبُوْعِيْسىٰ حَدِيْثُ عُبَادَةَ حَدِيْثٌ حَسَنٌ وَ رَوىٰ هٰذَا الْحَدِيْثَ الزُّهْرِيُّ عَنْ مَحْمُوْدِ ابْنِ رَبِيْعٍ عَنْ عُبَادَةَ ابْنِ صَامِتٍ قَالَ لَا صَلٰوةَ لِمَنْ لَّمْ يَقْرَأْ بِفَاتِحَةِ الْكِتَابِ وَ هٰذَا اَصَحُّ

"અબૂ ઈસા કહે છે કે ઓબાદાની આ હદીષ હસન છે (સહીહ નથી) આ જ હદીષ ઝહરીએ મહમૂદ ઈબ્ને રબીઅથી તેમણે ઓબાદા ઈબ્ને સામતથી રિવાયત કરી કે હઝરત ઓબાદાએ ફર્માવ્યું કે **જે સૂરએ ફાતિહા ન પઢે તેની નમાઝ નથી થતી.** એ જ રિવાયત વધુ સહીહ છે."

જાણવા મળ્યું કે વધુ સહીહ તે શબ્દો છે જેમાં મુકતદીએ ઈમામની પાછળ ફાતિહા પઢવાનો ઉલ્લેખ નથી. આશ્ચય છે કે તમે સહીહ હદીષોના સામે એક એવી હદીષ રજુ કરી રહ્યા છો જે કુર્આનના વિરૂધ્ધ, મશહૂર હદીષોથી પણ વિરૂધ્ધ અને ઈમામ તિર્મિઝીની નજીક સહીહ પણ નથી, બલ્કે હસન છે અને એથી ઉલ્ટુ વધારે સહીહ છે જે ઈલ્ઝામ હનફીઓ પર કર્યા કરો છો તે પોતે પણ કરી રહ્યા છો !

વાંધો–૮ : મોટા ભાગના સહાબાએ કિરામનો અમલ એ જ છે કે તેઓ

ઈમામની પાછળ કિરાઅત કરતા હતા. ઈમામ તિર્મિઝી આ હદીષે ઓબાદા ઈબ્ને હેઠળ ફર્માવે છે :

''ઈમામની પાછળ કિરાઅત કરવાના વિશે 'અકષર' સહાબા તથા તાબઈનનો આ ઓબાદાની હદીષ પર અમલ છે.''

وَالْعَمَلُ عَلٰى هٰذَا الْحَدِيْثِ فِيْ الْقِرَاءَةِ خَلْفَ الْاِمَامِ عِنْدَ اَكْثَرِ اَهْلِ الْعِلْمِ مِنْ اَصْحَابِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ التَّابِعِيْنَ

જ્યારે મોટા ભાગના સહાબાએ કિરામનો અમલ એના પર છે તો સૂરએ ફાતિહા જરૂર પઢવી જોઈએ.

જવાબ : તેના કેટલાક જવાબો છે. એક એ કે ઈમામ તિર્મિઝીનુ અહીં 'અકષર' (મોટા ભાગે) ફર્માવવું 'ઈઝાફી' નથી બલ્કે 'હકીકી' છે. એનો અર્થ એ નથી કે અધિક સહાબા તો ઈમામની પાછળ કિરાઅત પઢતા હતા અને ઓછા સહાબા ન પઢતા હતા. બલ્કે 'અકષર' અમુક તથા કેટલાકના અર્થમાં છે. કુર્આને કરીમ ફર્માવે છે : يُضِلُّ بِهٖ كَثِيْراً وَّ يَهْدِىْ بِهٖ كَثِيْراً ''તેનાથી ઘણાને ગુમરાહ કરે છે અને ઘણાને હિદાયત કરે છે.'''

હક્ક એ છે કે અધિક સહાબા ઈમામ પાછળ કિરાઅત પઢવાના સખ્ત વિરોધી હતા.

૦૧. હઝરત ઝૈદ ઈબ્ને ષાબિત ફર્માવે છે કે જે ઈમામની પાછળ તિલાવત કરે તેની નમાઝ નથી થતી. (સહીહુલ્ બિહારી)

૦૨. હઝરત અનસ ફર્માવે છે કે જે ઈમામની પાછળ તિલાવત કરે તેનું મોઢું આગથી ભરાઈ જાય. (ઈબ્ને હબ્બાન)

૦૩. હઝરત અબ્દુલ્લાહ ફર્માવે છે કે જે ઈમામની પાછળ તિલાવત કરે તેના મોઢામાં બદબૂ ભરાઈ જાય. (ઈબ્ને હબ્બાન)

૦૪. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ અને

૦૫. હઝરત અલ્કમહ્ ફર્માવે છે કે જે ઈમામની પાછળ કિરાઅત કરે તેના મોઢામાં ધૂળ. (તહાવી શરીફ)

૦૬. હઝરત અલી મુર્તઝા ફર્માવે છે કે જે ઈમામની પાછળ તિલાવત કરે તે

ફિતરત પર નથી. (તહાવી)

૦૭. હઝરત ઝૈદ ઈબ્ને ષાબિત ફર્માવે છે, જે ઈમામની પાછળ તિલાવત કરે તેની નમાઝ નથી થતી. (ઈબ્ને જવઝી ફિલ અલલ્)

૦૮. હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે, જે ઈમામની પાછળ તિલાવત કરે, કાશ ! તેના મોઢામાં પથ્થર હોય. (મોઅત્તા ઈમામ મુહમ્મદ તથા અબ્દુર્રઝ્ઝાક)

૦૯. હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ ફર્માવે છે, જે ઈમામની પાછળ તિલાવત કરે તેના મોઢામાં અંગાર હોય.

(મોઅત્તા ઈમામ મુહમ્મદ , અબ્દુર્રઝ્ઝાક)

૧૦. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર પોતે પણ ઈમામની પાછળ તિલાવત ન કરતા હતા અને સખ્તીથી મના પણ કરતા હતા. કહેતા હતા કે ઈમામની કિરાઅત પૂરતી છે. (મોઅત્તા ઈમામ મુહમ્મદ)

આ તમામ રિવાયતો તહાવી શરીફ અને સહીહુલ બિહારીમાં મૌજૂદ છે. આ તો ફકત નમૂના પૂરતી રજુ કરી છે, નહીં તો એંસી સહાબાથી નકલ થયેલ છે કે તે હઝરાત ઈમામની પાછળ કિરાઅતથી સખ્ત મના ફર્માવતા હતા. (જુઓ શામી, ફત્હુલ કદીર વગેરે) જો અમુક રિવાયતમાં આવી જાય કે તેમાંથી અમુક હઝરાતે ફાતિહા પઢયા હતા તો કયાં તો તેમનો તે પ્રથમ ફેઅલ હશે જે પછીથી મન્સૂખ (રદ) થઈ ગયો અથવા તે રિવાયત કાબિલે તર્ક હશે, કેમ કે કુર્આનની વિરૂધ્ધ છે.

વાંધો–૯ : આ તમામ રિવાયતો ઝઈફ છે ! (તે જ પુરાણી રટ !)

જવાબ : જી હા ! એટલા માટે ઝઈફ છે કે આપની વિરૂધ્ધ છે ! તમને તેના ઝોઅફ (ઝઈફપણા)નો ઈલ્હામ થયો હશે ?! અમે 'ઝઈફ'ના વિશે આથી અગાઉ ઘણુ બધું દર્શાવી ચૂકયા છીએ કે ઝેરહે મુબ્હમ મોઅ્તબર નથી. તેમજ ઈમામ સાહબે (ઈમામે આઝમે) જ્યારે આ હદીષો લીધી ત્યારે કાંઈ ઝઈફ ન હતી. પણ પછીથી ઝઈફપણુ આવ્યું અને પાછળથી આવનાર ઝઈફપણુ ઈમામ સાહબને નુકસાનકર્તા નથી. તેમજ કેટલીક ઝઈફ સનદો મળીને હદીષને હસન બનાવી દે છે, વગેરે.

વાંધો–૧૦ : જો ઈમામ ધીરેથી તિલાવત કરી રહ્યો છે જેમ કે ઝોહ્ર તથા અસ્રમાં અથવા મુકતદી ઘણા દૂર હોય કે ત્યાં સુધી ઈમામની તિલાવતનો અવાજ પહોંચતો ન હોય તો તેણે જોઈએ કે તે સૂરએ ફાતિહા પઢી લે, કેમ કે હવે ફાતિહા પઢવું કુર્આન સાંભળવામાં વાંધાજનક થશે નહીં.

જવાબ : આ વાંધો ત્યારે દુરુસ્ત હોત, જ્યારે કે ખામોશી કેવળ કુર્આન સાંભળવાને માટે હોત. જો કે ખામોશીનો હુકમ અલગ છે અને સાંભળવાનો હુકમ અલગ. રબ તઆલા ફર્માવે છે, **ફસ્તમિઊલહૂ વઅન્સ્તૂ** એ એવું છે જેમ કે ઈર્શાદે બારી છે, **અકીમુસ્સલાત વ આતુઝ્ઝકાહ્.** જેમ કે ઝકાતની ફર્ઝિયત નમાઝના કારણે નથી, બલ્કે એ નમાઝથી અલગ બે કૈદ (વિના પાબંદી) ફર્ઝ છે. એવી જ રીતે ખામોશી મુસ્તકિલ (બેકૈદ) જરૂરી છે. સિર્રી (ઈમામની ધીમી કિરાઅત) વાળી નમાઝોમાં ખામોશ રહેવાનું છે સાંભળવાનું નથી, જહરી (ઈમામ મોટા અવાજે કિરાઅત કરે તે) નમાઝોમાં ખામોશી પણ છે અને સાંભળવાનુ પણ છે.

વાંધો–૧૧ : જ્યારે મુકતદી નમાઝના સર્વ અરકાનો અદા કરે છે જેમ કે તકબીરે તહરીમા, કિયામ, રુકૂઅ વગેરે તો તિલાવત પણ નમાઝનું એક રુકન છે, તે પણ અદા કરે, એ કેવું કે સર્વ અરકાન અદા કરે અને એક છોડી દે!

જવાબ : એનો જવાબ અમે પહેલાં આપી ચૂકયા છીએ કે જમાઅતની નમાઝમાં પ્રતિનિધિમંડળ બનીને મુસલમાનો રબની બારગાહમાં હાજર થાય છે, જેનો પ્રતિનિધિ ઈમામ હોય છે, શાહી આદાબ કિયામ, રુકૂઅ, સિજદા અને તહિય્યહ્ તથા ષના સૌ અર્ઝ કરશે, પણ ગુઝારિશ, અરજ એટલે કુર્આનની તિલાવત કેવળ તેમનો પ્રતિનિધિ તે સૌના વતી તે સૌના તરફથી અર્ઝ કરશે. મુકતદી પર એટલા માટે તિલાવત ફર્ઝ નથી, બલ્કે મના છે તેના પર અદબથી ખામોશ રહેવું કુર્આને કરીમના હુકમાનુસાર ફર્ઝ છે.

વાંધો–૧૨ : જમાઅતમાં રુકૂઅમાં જોડાનાર મુકતદી પર સૂરએ ફાતિહા પઢવી માફ છે, જેમ કે મુસાફિર પર ચાર રકાતવાળી નમાઝમાં બે રકાત માફ છે, કેમ કે હદીષ શરીફમાં આવેલ છે.

જવાબ : અલ્હમ્દુલિલ્લાહ ! આપ લગભગ હનફી થઈ ગયા ! બસ, આજ અમે કહીએ છીએ કે ઈમામની પાછળ સૂરએ ફાતિહા પઢવી માફ છે, જેમ કે મુસાફિર પર બે રકાતો ફર્ઝની માફ છે. કેમ કે ઈમામની કિરાઅત તેની કિરાઅત છે. તમે માની લીધું કે **લા સલાત લિમલ્લમ યકરા** વાળી હદીષ પોતાના જાહેરી અર્થ પર નથી. કેટલાક નમાઝી તેનાથી અપવાદ છે. બસ ! અમે એ જ મનાવવા ચાહતા હતા કે તમારી નજીક (દ્રષ્ટિએ) ખાસ મુકતદી અપવાદ છે અને અમારી નજીક આમ મુકતદી અપવાદ છે. હદીષમાં અલગ હોવું તો માનવામાં આવેલ છે. જેથી તમે અને અમે બરાબર થયા ! કેવળ અપવાદના પ્રમાણમાં થોડી બહષ રહી ગઈ. ઈન્શાઅલ્લાહ ! તે પણ તમો માની જશો.

આ ઈલ્ઝામી જવાબ હતો, તહકીકી જવાબ એ છે કે શરીઅતમાં નમાઝ કેટલા સંજોગોમાં અડધી રહી જાય છે, જેમ કે સફરમાં અને કયારેક તદ્દન માફ થઈ જાય છે, જેમ કે હમેશાંનું પાગલપન અને સ્ત્રીના માસિક તથા જેઝની નાપાકીની હાલતોમાં. પરંતુ નમાઝની શરતો તથા અરકાન કોઈ સંજોગોમાં માફ નથી, અલબત્ત કેટલીક મજબૂરીઓની હાલતમાં તેની બદલી થઈ શકે છે, દા.ત. કે વુઝૂના બદલે તયમ્મુમ અને કિયામના બદલે કાએદો કરવામાં આવે, પણ વુઝૂ વિના કોઈ પણ મજબૂરીએ જાઈઝ થશે નહીં. જો મુકતદીના માટે સૂરએ ફાતિહા પઢવું નમાઝનો રુકન હોત તો તેના છૂટી જવાથી રકાત કદાપિ ન મળત. જાણવા મળ્યું કે તેના માટે ઈમામની કિરાઅત તેના બદલામાં છે. બસ એ જ અમે પણ કહીએ છીએ. માટે આ મસ્અલાને સફરની નમાઝ પર કયાસ કરવું તદ્દન મૂર્ખામી છે. જુઓ જો ઈદની નમાઝમાં કોઈ વ્યકિત રુકૂઅમાં સામેલ થયો તો વાજિબ છે કે રુકૂઅમાં જ ઈદની તકબીર કહી લે. નમાઝે જનાઝામાં જે કોઈ છેલ્લી તકબીર વખતે જોડાય તો તેના પર વાજિબ છે કે આગલી તકબીરો કહી લે. જ્યારે રુકૂઅમાં સામેલ થનાર પર ઈદોની નમાઝની તકબીરો માફ ન થઈ અને છેલ્લે જોડાનાર પર નમાઝે જનાઝાની તકબીરો માફ નથી થતી. તો જો મુકતદી પર સૂરએ ફાતિહા પઢવી ફર્ઝ હોત તો રુકૂઅમાં સામેલ થનાર માટે શા માટે માફ થઈ ગઈ ?

વાંધો–૧૩ : રુકૂઅમાં જોડાનાર મુકતદી પર એ રકાતનો કિયામ માફ થઈ ગયો જે ફર્ઝ હતો, તો સૂરએ ફાતિહા માફ થઈ જાય તો શું વાંધો છે ?!

જવાબ : એ ગલત છે ! તેના માટે કિયામ માફ નથી પણ અનિવાર્ય છે કે તકબીરે તહરીમા કહીને એક તસ્બીહ જેટલો કિયામ કરે, પછી બીજી તકબીર કહીને રુકૂઅમાં જાય, નહીં તો નમાઝ થશે નહીં.

'આમીન' ધીરેથી કહેવી જોઈએ

અહનાફ (હનફીઓ)ની નજીક દરેક નમાઝી ભલે તે ઈમામ હોય કે મુકતદી કે એકલો હોય અને જહરી નમાઝ હોય કે સિર્રી પણ 'આમીન' ધીરેથી કહે. પણ ગૈર મુકલ્લિદ વહાબીઓની નજીક જહરી નમાઝમાં ઈમામ તથા મુકતદી મોટા અવાજથી ચીખીને કહે છે. એટલા માટે આ પ્રકરણના પણ બે વિભાગો કરવામાં આવે છે, પ્રથમ વિભાગમાં અમારી દલીલો અને બીજામાં વહાબીઓના વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

ધીમેથી 'આમીન' કહેવી ખુદા *عزوجل* વ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રમાણે છે અને જોરથી ચીખીને 'આમીન' કહેવું કુર્આનની પણ વિરૂધ્ધ છે અને હદીષ તથા સુન્નતની પણ વિરૂધ્ધ છે. દલીલો નીચે પ્રમાણે છે :–

રબ તઆલા ફર્માવે છે :–

اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعاً وَّ خُفْيَه ا "તમારા રબથી દુઆ માંગો આજિઝીથી અને ધીમેથી." આમીન પણ દુઆ છે જેથી એ પણ આહિસ્તા કહેવી જોઈએ. રબ તઆલા ફર્માવે છે :

وَ اِذَا سَـأَلَكَ عِبَادِىْ عَنِّىْ فَاِنِّىْ قَـرِيْـبٌ اُجِيْـبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ

"હે મહબૂબ! જ્યારે લોકો તમને મારા વિશે પૂછે તો હું ઘણો જ નજીક છું, માંગનારની દુઆ કબૂલ કરું છું જ્યારે મારાથી દુઆ કરે છે."

જાણવા મળ્યું કે ચીખીને દુઆ એનાથી કરવામાં આવે જે દૂર હોય. રબ તો આપણી સફેદ રગથી પણ વધુ નજીક છે. પછી 'આમીન' ચીખીને કહેવું

નિરર્થક બલ્કે કુર્આની તાલીમની વિરૂધ્ધ છે, એટલા માટે કે 'આમીન' દુઆ છે.

હદીષ ૧–૮ : બુખારી, મુસ્લિમ, અહમદ, માલિક, અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ્એ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી;

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا اَمَّنَ الْاِمَامُ فَاَمِّنُوْا فَاِنَّهٗ مَنْ وَافَقَ تَاْمِيْنُهٗ تَاْمِيْنَ الْمَلٰئِكَةِ غُفِرَلَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ

"ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જ્યારે ઈમામ "આમીન" કહે તો તમે પણ "આમીન" કહો, કેમ કે જેની "આમીન" ફરિશ્તાઓની આમીનના પ્રમાણે થશે તેના પાછલા ગુનાહો બખ્શી દેવામાં આવશે."

આ હદીષથી જાણવા મળ્યું કે ગુનાહની માફી તે નમાઝીના માટે છે જેની 'આમીન' ફરિશ્તાઓની આમીનના પ્રમાણે હોય અને જાહેર છે કે ફરિશ્તા આહિસ્તા આમીન કહે છે. અમે આજ સુધી તેમની આમીન સાંભળી નથી, જેથી આપણી આમીન પણ ધીમી હોવી જોઈએ. જેથી ફરિશ્તાઓની જેમ થાય અને ગુનાહોની માફી થાય. જે વહાબીઓ જોરથી બૂમ પાડીને આમીન કહે છે તેઓ જેવા મસ્જિદમાં આવે છે તેવા જ જાય છે ! ગુનાહીની માફી નથી થતી, કેમ કે તેઓ ફરિશ્તાઓની આમીનની વિરૂધ્ધ કરે છે.

હદીષ ૯–૧૩ : બુખારી, શાફઈ, માલિક, અબૂ દાઉદ, નિસાઈએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે :

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا قَالَ الْاِمَامُ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ قُوْلُوْا اٰمِيْنَ فَاِنَّهٗ مَنْ وَافَقَ قَوْلُهٗ قَوْلَ الْمَلٰئِكَةِ غُفِرَلَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ

"ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જ્યારે ઈમામ કહે **ગૈરિલ્ મગ્દૂબિ અલૈહિમ્ વલદ્દાલ્લીન** તો તમે આમીન કહો, કેમ કે જેનું આ આમીન કહેવું ફરિશ્તાઓની આમીન કહેવાના પ્રમાણે હશે, તેના ગુનાહો બખ્શી દેવામાં આવશે."

આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા, એક એ કે મુકતદી ઈમામની પાછળ સૂરએ ફાતિહા હરગિઝ ન પઢે, જો મુકતદીએ પઢવાનુ હોત તો હુઝૂર

صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવત કે જ્યારે તમો 'વલદ્દાલ્લીન' પર પહોંચો તો 'આમીન' કહો. જાણવા મળ્યું કે તમે કેવળ 'આમીન' કહેશો, ''વલદ્દાલ્લીન'' કહેવું ઈમામનુ કામ છે. રબ તઆલા ફર્માવે છે :

اِذَا جَآءَكُمُ الْمُؤْمِنٰتُ مُهٰجِرٰتٍ فَامْتَحِنُوْهُنَّ

''જ્યારે તમારી પાસે મોમિન ઔરતો વતન છોડીને આવે તો તેણીઓની ઈમ્તેહાન લો.''

જુઓ ઈમ્તેહાન લેવી કેવળ મોમિનોનું કામ છે, મોમિના ઔરતોનું નહીં. કોઈ હદીષમાં નથી આવ્યું કે **ઈઝાકુલ્તુમ્ વલદ્દાલ્લીન ફકૂલૂ આમીન** ''જ્યારે તમે 'વલદ્દાલ્લીન' કહો તો 'આમીન' કહી લો.'' જાણવા મળ્યું કે મુકતદી 'વલદ્દાલ્લીન' કહેશે જ નહીં.

બીજુ એ કે 'આમીન' ધીરેથી હોવી જોઈએ, કેમ કે ફરિશ્તાઓની 'આમીન' ધીરેથી હોય છે. જે આજ સુધી આપણે નથી સાંભળી. યાદ રાખશો કે અહીં **''ફરિશ્તાઓની 'આમીન'**ની જેમ''થી મુરાદ (મતલબ) એ કે સમયમાં એમના માફક નથી, બલ્કે અદા કરવાના તરીકામાં સરખાપણુ છે. ફરિશ્તાઓની 'આમીન'નો સમય તો તે જ છે જ્યારે ઈમામ 'સૂરએ ફાતિહા' ખત્મ કરે છે. કેમ કે આપણી દેખરેખ રાખનાર (મુહાફિઝ) ફરિશ્તા આપણી સાથે જ નમાઝોમાં શરીક થાય છે અને તે જ વખતે 'આમીન' કહે છે.

હદીષ ૧૪–૧૮ : ઈમામ અહમદ, અબૂ દાઉદ તિયાસી, અબૂ યઅલા મૂસલી તિબ્રાની, દારકુત્ની અને મુસ્તદરકમાં હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી. હાકિમે ફર્માવ્યું કે તેની સનદો એકદમ સહીહ છે.

عَنْ وَائِلِ ابْنِ حَجَرَ اَنَّهٗ صَلّٰى مَعَ النَّبِىِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا بَلَغَ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَ لَاالضَّآلِّيْنَ قَالَ اٰمِيْنَ وَ اَخْفٰى بِهَا صَوْتَهٗ

''હઝરત વાઈલ ઈબ્ને હજરે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે નમાઝ પઢી. જ્યારે હુઝૂરેવાલા **ગૈરિલ્ મગ્દૂબિ અલૈહિમ વલદ્દાલ્લીન** પર પહોંચ્યા તો આપે ફર્માવ્યું, 'આમીન' અને 'આમીન' પર અવાજ ધીમે રાખ્યો.''

જાણવા મળ્યું કે 'આમીન' ધીમેથી કહેવું સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم છે. મોટા અવાજે કહેવું તદ્દન સુન્નતની વિરૂધ્ધ છે.

હદીષ ૧૯–૨૧ : અબૂ દાઉદ, તિર્મિઝી, ઈબ્ને અબી શયબાએ હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી,

قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَرَأَ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَاالضَّآلِّيْنَ فَقَالَ اٰمِيْنَ وَ خَفَضَ بِهٖ صَوْتَهٗ

''ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું કે આપે પઢયું, **ગૈરિલ્ મગ્દૂબિ અલૈહિમ વલદ્દાલ્લીન** તો ફર્માવ્યું, 'આમીન' અને અવાજ મુબારક ધીમો રાખ્યો.''

હદીષ ૨૨–૨૩ : તિબ્રાનીએ 'તહઝીબુલ્ અષાર'માં અને તહાવીએ હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી :–

قَالَ لَمْ يَكُنْ عُمَرُ وَ عَلِيٌّ رَضِيَ اللّٰهُ عَنْهُمَا يَجْهَرَانِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَلَا بِاٰمِيْنٍ

''હઝરત ઉમર તથા અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین ન તો બિસ્મિલ્લાહ ઊંચા અવાજે પઢતા હતા ન આમીન.''

હદીષ ૨૪ : અયની શારેહે હિદાયહ્એ હઝરત અબૂ મુઅમ્મર رضی اللہ عنہ થી રિવાયત કરી,

عَنْ عُمَرَ ابْنِ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ يُخْفِى الْاِمَامُ اَرْبَعاً اَلتَّعَوُّذُ وَبِسْمِ اللّٰهِ وَاٰمِيْنَ وَ رَبَّنَا لَكَ الْحَمْدُ

''હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, ઈમામ ચાર ચીજો ધીમેથી કહે, **અઊઝુબિલ્લાહ, બિસ્મિલ્લાહ, આમીન અને રબ્બના લકલ હમ્દ.**''

હદીષ ૨૫ : બયહકીએ હઝરત અબૂ વાઈલથી રિવાયત કરી કે અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદે ફર્માવ્યું :

عَنْ عَبْدِاللّٰهِ قَالَ يُخْفِى الْاِمَامُ اَرْبَعاً بِسْمِ اللّٰهِ، وَاللّٰهُمَّ رَبَّنَا لَكَ الْحَمْدُ وَ التَّعَوُّذَ وَالتَّشَهُّدَ

''ઈમામ ચાર ચીજો ધીમેથી કહે; (૧) બિસ્મિલ્લાહ (૨) રબ્બના લકલ હમ્દ (૩) અઊઝુબિલ્લાહ અને (૪) અત્તહિય્યાત.''

હદીષ ૨૬ : ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ એ હઝરત હમ્માદથી તેમણે હઝરત ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી :–

قَالَ اَرْبَعٌ يُخْفِيْهِنَّ الْاِمَامُ اَلتَّعَوُّذُ وَ بِسْمِ اللّٰهِ وَ سُبْحَانَكَ اَللّٰهُمَّ وَ اٰمِيْنُ رَوَاهُ مُحَمَّدٌ فِيْ الْاٰثَارِ وَ عَبْدُ الرَّزَّاقِ فِيْ مُصَنَّفِهٖ

''આપે ફર્માવ્યું કે ઈમામ ચાર ચીજો ધીમેથી પઢે, અઊઝુબિલ્લાહ, બિસ્મિલ્લાહ, સુબ્હાનકલ્લાહુમ્મ અને 'આમીન'. આ હદીષ ઈમામ મુહમ્મદે આષારમાં અને અબ્દુર્રઝ્ઝાકે પોતાની મુસન્નિફહમાં બયાન કરી.''

બુધ્ધિ પણ ચાહે છે કે 'આમીન' ધીમેથી કહેવામાં આવે, કેમ કે 'આમીન' એ કુર્આને કરીમની આયત કે કુર્આનનો શબ્દ નથી, એટલા માટે ન જિબ્રઈલે આમીન તેને લાવ્યા ન કુર્આને કરીમમાં લખવામાં આવી, બલ્કે દુઆ અને ઝિકુલ્લાહ છે. માટે જ્યારે ષના, અત્તહિય્યાત, દુરૂદે ઈબ્રાહીમી, દુઆએ માષૂરા વગેરે ધીમેથી પઢવામાં આવે છે, એવી જ રીતે આમીન પણ ધીમેથી હોવી જોઈએ. એ કેવું કે તમામ ઝિકો ધીમેથી થાય અને 'આમીન' પર સર્વ લોકો ચીખી ઉઠે ! આ ચીખવું (એકદમ જોરથી બોલવું) કુર્આનની પણ વિરૂધ્ધ છે, સહીહ હદીષોની પણ વિરૂધ્ધ, સહાબાએ કિરામના અમલની વિરૂધ્ધ તથા સદ્‌બુધ્ધિની પણ વિરૂધ્ધ છે. રબ તઆલા અમલની તૌફીક આપે. બીજુ એટલા માટે કે જો મુકતદી પર સૂરએ ફાતિહા પણ પઢવી ફર્ઝ હોય અને તેને 'આમીન' કહેવાનો પણ હુકમ હોય તો જો મુકતદી સૂરએ ફાતિહાની દરમિયાનમાં હોય અને ઈમામ 'વલદ્‌દાલ્લીન' કહી દે અને જો આ મુકતદી 'આમીન' ન કહે તો તે સુન્નતથી વિરૂધ્ધ થયું અને જો 'આમીન' કહે અને ચીખીને કહે તો 'આમીન' દરમિયાનમાં આવશે અને કુર્આનમાં ગૈર કુર્આન આવશે અને સૂરએ ફાતિહા વચ્ચે શોર પેદા થશે.

(બીજો વિભાગ)

★ વાંધાઓ અને તેના જવાબો ★

અત્યાર સુધી અમે ગૈરમુકલ્લિદોના જેટલા વાંધાઓ સાંભળ્યા છે તેને વિગતવાર જવાબ સાથે રજુ કરીએ છીએ.

વાંધો ૧ : 'આમીન' દુઆ નથી જેથી જો એ મોટા અવાજે કહેવામાં આવે તો શું વાંધો છે ? રબ તઆલાએ દુઆ આહિસ્તાથી માંગવાનો હુકમ આપ્યો છે, અન્ય ઝિકોને નહીં.

જવાબ : 'આમીન' દુઆ છે અને તેનું દુઆ હોવું કુર્આનથી સાબિત છે. જુઓ મૂસા عليه الصلوٰة والتسليم એ બારગાહે ઈલાહીમાં દુઆ કરી,

رَبَّنَا اطْمِسْ عَلٰى اَمْوَالِهِمْ وَ اشْدُدْ عَلٰى قُلُوْبِهِمْ فَلَا يُؤْمِنُوْا حَتّٰى يَرَوُ الْعَذَابَ الْاَلِيْمَ

"હે અમારા રબ ! તેમના માલો બર્બાદ કરી દે અને તેમનાં દિલો સખ્ત કરી દે કે ઈમાન ન લાવે જ્યાં સુધી દર્દનાક અઝાબ ન જોઈ લે."

રબ તઆલાએ તેમની દુઆ કબૂલ ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો :–

قَالَ قَدْ اُجِيْبَتْ دَّعْوَتُكُمَا فَاسْتَقِيْمَا

"રબ તઆલાએ ફર્માવ્યું કે તમારા બંનેની દુઆ કબૂલ કરવામાં આવી તો સાબિત કદમ (અડગ) રહો."

જણાવો ! દુઆ તો કેવળ મૂસા عليه الصلوٰة والتسليم એ માંગી હતી, પણ રબ તઆલાએ ફર્માવ્યું કે તમારા બંનેવની દુઆ કબૂલ કરવામાં આવી, એટલે કે તમારી તથા હઝરત હારૂન عليه الصلوٰة والتسليم ની. તો હઝરત હારૂને કયારે દુઆ માંગી હતી ? પણ કારણ એ છે કે તેમણે મૂસા عليه الصلوٰة والتسليم ની દુઆ પર 'આમીન' કહી હતી. રબ તઆલાએ 'આમીન'ને દુઆ દર્શાવ્યું. જાણવા મળ્યું કે 'આમીન' દુઆ છે અને દુઆ આહિસ્તા હોવી જોઈએ, એ કુર્આની મસાઈલમાંથી છે.

વાંધો ૨ : તિર્મિઝી શરીફમાં હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત છે :

قَالَ سَمِعْتُ النَّبِىَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَرَأَ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ وَ قَالَ اٰمِيْنَ وَ مَدَّ بِهَا صَوْتَهٗ

''મેં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું કે આપ **ગૈરિલ મગ્દૂબિ અલૈહિમ વલદ્દાલ્લીન** પઢયા અને 'આમીન' ફર્માવ્યું, પોતાના અવાજને તેના પર મોટો કર્યો.''

જાણવા મળ્યું કે 'આમીન' મોટા અવાજે કહેવું જોઈએ.

જવાબ : તમે હદીષનો તર્જુમો ખોટો કર્યો છે. એમાં ''મદ્દ'' ઈર્શાદ થયો, ''મદ્દ'' અને ''મદ્દુન''થી બન્યો છે, તેનો મતલબ ''મોટો કરવું'' નથી બલ્કે ''અવાજને ખેંચવું'' છે. મતલબ એ છે કે હુઝૂરે બર વઝને કરીમ કસ્રથી ન ફર્માવી બલ્કે બર વઝને કાલીન 'અલિફ' તથા 'મીમ' ખૂબ ખેંચીને પઢી. જેથી એમાં આપની કોઈ દલીલ નથી, એ તર્જુમાની ગલતી છે. યાદ રાખશો કે 'મદ્દ'નો વિરોધાભાસી 'કસ્ર' છે. 'ખિફાઅ્' (ધીરે)નું વિરોધાભાસ 'જહ્ર' (જોરથી) છે અને 'રફઅ્'નો વિરોધાભાસી 'ખિફ્ઝ' છે. જો અહીં 'જહ્ર' હોત તો દલીલ સહીહ થાત. 'જહ્ર' કોઈ રિવાયતમાં નથી. રબ તઆલા ફર્માવે છે, اِنَّهٗ يَعْلَمُ الْجَهْرَ وَ مَا يَخْفٰى ''બેશક ! રબ તઆલા જાણે છે ઊંચી તથા નીચે અવાજને.''

જુઓ ! રબ તઆલાએ અહીં 'ખિફાઅ્'નો વિરોધાભાસી 'જહ્ર'ને ફર્માવ્યું, 'મદ્દ'ને નહીં.

વાંધો ૩ : અબૂ દાઉદ શરીફમાં હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત છે :–

قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا قَرَأَ وَلَا الضَّآلِّيْنَ قَالَ اٰمِيْنَ وَ رَفَعَ بِهَا صَوْتَهٗ

''નબી صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે ફર્માવે **વલદ્દાલ્લીન** તો ફર્માવતા હતા 'આમીન', અને એમાં પોતાની અવાજ શરીફ મોટી કરતા હતા.''

અહીં 'રફઅ' ફર્માવ્યું જેનો અર્થ છે ''ઊંચો કર્યો, ''બુલંદ કર્યો.'' જાણવા મળ્યું કે 'આમીન' ઊંચા અવાજે કહેવું સુન્નત છે.

જવાબ : તેના કેટલાક જવાબ છે, **એક** એ કે હઝરત વાઈલ ઈબ્ને હજરની મૂળ રિવાયતમાં 'મદ' છે, જેમ કે તિર્મિઝી શરીફમાં આવ્યું. જેનો અર્થ ખેંચવું છે, બુલંદ કરવુ નહીં. અહીં અસનાદના કોઈ રાવીએ રિવાયત કરી બિલ્ માા'નાની મદને રફઅથી તાબીર કર્યું અને મુરાદ એ જ ખેંચવું છે, બુલંદ (મોટો) કરવું નહીં. રિવાયત બિલ્ માઅૂનાનો સામાન્ય દસ્તૂર હતો. **બીજું** એ કે તિર્મિઝી અને અબૂ દાઊદની રિવાયતોમાં નમાઝનું ઝિક્ર નથી, કેવળ હુઝૂરની કિરાઅતનું વર્ણન છે. શકય છે કે નમાઝ સિવાય ખારજી (નમાઝ બહાર) કિરાઅતનો ઉલ્લેખ કર્યો હોય. પણ જે રિવાયતો અમે રજુ કરી છે તેમાં નમાઝનું સ્પષ્ટ વર્ણન છે. હદીષોમાં ટકરાવ હોતો નથી, માટે આ હદીષ અમારી વિરૂધ્ધ સાબિત થતી નથી. **ત્રીજુ** એ કે 'આમીન' જોરથી પઢવી તથા 'આમીન' ધીમેથી પઢવાની હદીષોમાં વિરોધાભાસ છે પણ જહરવાળી (જોરથી પઢવાવાળી) રિવાયતો કુઆનથી વિરૂધ્ધ છે જેથી છોડવાને પાત્ર છે અને આહિસ્તાની રિવાયતો કુર્આન પ્રમાણે છે જેથી અમલને પાત્ર છે. **ચોથુ** એ કે 'આમીન' આહિસ્તાવાળી હદીષો શરઈ કયાસના પ્રમાણે છે અને જહરી (જોરથી) 'આમીન'વાળી હદીષો તેના વિરૂધ્ધ છે જેથી ધીમેથી 'આમીન' કહેવાવાળી હદીષો અમલને પાત્ર છે અને એથી ઉલ્ટી ત્યજવાને પાત્ર છે. કુર્આની આયતો અને કયાસનું વર્ણન અમે પ્રથમ વિભાગમાં કરી ચૂકયા છીએ. **પાંચમુ** એ કે જોરથી 'આમીન' વાળી હદીષો કુર્આન શરીફથી અને અમે જે હદીષો રજુ કરી ચૂકયા એનાથી મન્સૂખ (રદ) છે. એટલા માટે સહાબાએ કિરામ હમેશાં આહિસ્તા (ધીમે)થી 'આમીન' કહેતા હતા અને એનો જ હુકમ આપતા હતા અને જોરથી 'આમીન' કહેવાથી મના કરતા હતા, જેમ કે પ્રથમ વિભાગમાં વર્ણન કરવામાં આવેલ છે. જો જોરથી 'આમીન' કહેવાવાળી હદીષો મન્સૂખ ન હતી તો સહાબાએ અમલ કેમ ચાલુ ન રાખ્યો ?

વાંધો ૪ : ઈબ્ને માજહમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે :–

كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا قَالَ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ قَالَ اٰمِيْنَ حَتّٰى يَسْمَعُهَا اَهْلُ الصَّفِّ الْاَوَّلِ فَيَرْتَجُّ بِهَا الْمَسْجِدُ

''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે **ગૈરિલ્ મગ્દૂબિ અલેહિમ્ વલદ્દાલ્લીન** ફર્માવે તો 'આમીન' કહેતા ત્યાં સુધી કે પહેલી સફવાળા સાંભળી લેતા, તો મસ્જિદ ગુંજી ઉઠતી.''

આ હદીષમાં કોઈ તાવીલનો અવકાશ નથી, એટલે સુધી કે મસ્જિદ ગુંજી ઉઠવાનો ઉલ્લેખ છે. ગુંજ શોર વિના પેદા નથી થતી.

જવાબ : આ વાંધાના કેટલાક જવાબો છે, **એક** એ કે તમે પૂરી હદીષ રજૂ નથી કરી, પહેલી લીટી છોડી દીધી જે આ પ્રમાણે છે, સાંભળો !

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ تَرَكَ النَّاسُ التَّامِيْنَ وَكَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الخ

''લોકોએ આમીન કહેવાનું છોડી દીધું જ્યારે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ..... (એ પ્રમાણે આગળ) ....અંત સુધી.

આ પ્રથમ લીટીના વાકયથી જાણવા મળ્યું કે આમ સહાબાઓએ મોટા અવાજથી 'આમીન' કહેવું છોડી દીધું હતું. જેના પર સૈયદના અબૂ હુરૈરહ્ આ શિકાયત કરી રહ્યા છે અને સહાબાએ કિરામનું કોઈ હદીષ પર અમલ છોડી દેવું તે હદીષના મન્સૂખ થવાની દલીલ છે. આ હદીષ તો અમારું સમર્થન કરે છે, તમારું નહીં ! **બીજું** એ કે જો આ હદીષને સહીહ માની પણ લેવામાં આવે તો બુધ્ધિ અને અનુભવની વિરૂધ્ધ છે અને જે હદીષ તથા અનુભવની વિરૂધ્ધ છે તે અમલને પાત્ર નથી, ખાસ કરીને જ્યારે કે તમામ મશહૂર હદીષો અને કુઆની આયતના પણ વિરૂધ્ધ છે.

આ હદીષમાં મસ્જિદ ગુંજી ઉઠવાનો ઉલ્લેખ છે, જ્યારે કે ગુંબદવાળી મસ્જિદમાં ગુંજ પેદા થાય છે, છાપરાવાળી મસ્જિદમાં નહીં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મસ્જિદ શરીફ આપના જમાનામાં સામાન્ય છાપરાવાળી હતી, ત્યાં કેમ કરીને ગુંજ (પડઘો) પેદા થઈ શકે છે ? આજે કોઈ ગૈર મુકલ્લિદવાળો કોઈ છાપરાવાળા ઘરમાં શોર મચાવીને પડઘો પેદા કરી બતાવે ! ઈન્શાઅલ્લાહ !

બુમો પાડી પાડીને મરી જશે પણ પડઘો પડશે નહીં ! આ વાંધાના બાકી તે જવાબો છે જે વાંધા–૩ના હેઠળ રજુ કરવામાં આવ્યા છે. **ત્રીજુ** એ કે આ હદીષ કુર્આને કરીમની પણ વિરૂધ્ધ છે. રબ તઆલા ફર્માવે છે, لَا تَرْفَعُوْا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ "તમારા અવાજો નબીના અવાજથી મોટા ન કરો." જો સહાબાએ એટલા મોટા અવાજમાં 'આમીન' કહ્યું કે મસ્જિદ ગુંજી ઉઠી તો તે સૌનો અવાજ હુઝૂરના અવાજથી મોટો થઈ ગયો અને એ કુર્આને કરીમની તદ્દન વિરૂધ્ધ થયું. જે હદીષ કુર્આનની વિરૂધ્ધમાં હોય તે અમલને પાત્ર નથી.

વાંધો ૫ : બુખારી શરીફમાં છે :–

وَقَالَ عَطَاءٌ اٰمِيْنَ دُعَاءٌ اَمَّنَ ابْنُ الزُّبَيْرِ وَ مَنْ وَّرَاءَهٗ حَتّٰى اِنَّ لِلْمَسْجِدِ لَلَجَّةً

"હઝરત અતાઅ્ ફર્માવે છે કે 'આમીન' દુઆ છે અને હઝરત ઈબ્ને ઝુબૈર અને તેની પાછલાવાળાઓએ 'આમીન' કહી ત્યાં સુધી કે મસ્જિદમાં પડઘો પેદા થઈ ગયો."

આ હદીષથી સાફ જણાયું કે 'આમીન' એટલા જોરથી બુમ પાડીને કહેવું જોઈએ કે મસ્જિદ ગુંજી ઉઠે.

જવાબ : આ વાંધાના પણ કેટલાક જવાબો છે. **એક** એ કે તેનું પહેલુ વાકય અમારુ સમર્થન છે કે 'આમીન' દુઆ છે અને કુર્આને કરીમ ફર્માવે છે કે દુઆ ધીમેથી માંગો, પહેલો ભાગ જુઓ. **બીજુ** એ કે આ હદીષમાં નમાઝનો ઉલ્લેખ નથી જેથી ખબર નહીં કે નમાઝની બહાર આ તિલાવત થઈ કે નમાઝમાં ?! જાહેર એ છે કે નમાઝની બહાર હશે જેથી તે હદીષોની વિરૂધ્ધ છે, કેમ કે કાચી અને છાપરાવાળી મસ્જિદમાં પડઘો ઉદ્ભવી શકતો નથી, જેથી તેની તાવીલ કરવી વાજિબ છે. જનાબ ! જો કુર્આનની આયત પણ શરઈ અકલ અને અનુભવની વિરૂધ્ધ હોય તો ત્યાં તાવીલ વાજિબ થાય છે, નહીં તો કુફ્ર લાઝિમ આવે છે. આયાતે સિફાતને મુતશાબેહ માનીને કેવળ ઈમાન લાવે છે તેનો જાહેરી અર્થ નથી લેતા, કેમ કે જાહેરી અર્થ અકલે શરઈની વિરૂધ્ધ છે. જેમ કે :–

يَدُ اللّٰهِ فَوْقَ اَيْدِيْهِمْ فَاَيْنَمَا تُوَلُّوْا فَثَمَّ وَجْهُ اللّٰهِ "તેમના હાથો પર અલ્લાહનો હાથ." "તમે જ્યાં ફરશો ત્યાં જ અલ્લાહનું મોહું છે."

ખુદાના માટે હાથ, મોહું હોવું બુધ્ધિની વિરૂધ્ધ છે. જેથી આ આયતોની તાવીલ કરવી વાજિબ છે. રબ તઆલા ફર્માવે છે : فَوَجَدَهَا تَغْرُبُ فِىْ عَيْنٍ حَمِئَةٍ "ઝુલ્કરનૈને સૂરજને કીચડના ઝરણામાં ડૂબતાં જોયો."

સૂરજનું ડૂબતી વખતે આસ્માનથી ઉતરવું અને કીચડમાં ડૂબવું બુધ્ધિથી વિરૂધ્ધ છે, જેથી એની તાવીલ કરવામાં આવે છે. એ તાવીલ અમારા કુર્આન શરીફના હાશિયામાં જુઓ. જનાબ ! હદીષ પઢવી ઓર છે અને હદીષને સમજવી કાંઈ ઓર !

સારાંશ એ કે એવી કોઈ સહીહ મરફૂઅ હદીષ મૌજૂદ નથી જેમાં નમાઝમાં 'આમીન' જોરથી કહેવાની સ્પષ્ટતા હોય, એવી સહીહ હદીષ ન મળી છે, ન મળશે. વહાબીઓએ જોઈએ કે જીદ છોડે અને સાચા દિલથી ઈમામે આ'ઝમ અબૂ હનીફ رضی اللہ عنہ નો દામન પકડે કે એ જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો માર્ગ છે. આ મસ્અલાની વધુ તેહકીક અમારા હાશિયાએ બુખારી અરબીમાં જુઓ.

વાંધો ૬ : ધીમેથી 'આમીન'ના વિશે આપે જે પ્રમાણે હદીષો રજુ કરી છે તે સૌ ઝઈફ છે અને ઝઈફથી દલીલ થઈ શકે નહીં. (એ જ જુનો યાદ કરેલો સબક !) જુઓ વાઈલ ઈબ્ને હજરની તિર્મિઝીવાળી રિવાયત જે તમે રજુ કરી તેના વિશે ઈમામ તિર્મિઝી ફર્માવે છે,

حَدِيْثُ سُفْيَانَ اَصَحُّ مِنْ حَدِيْثِ شُعْبَةَ فِىْ هٰذَا اِلٰى اَنْ قَالَ وَ خَفَضَ بِهَا صَوْتَهٗ وَ اِنَّمَا هُوَ مَدَّ بِهَا صَوْتَهٗ "આમીનના બારામાં સુફયાનની હદીષ શઅબાની હદીષથી વધારે સહીહ છે. શઅબા અહીં કહે છે, 'ખિફ્ઝ' એટલે હુઝૂરે ધીમા અવાજે કહ્યું જ્યારે કે અહીં 'મદ્' છે એટલે અવાજ ખેંચીને આમીન કહ્યું !"

જવાબ : ખુદાનો શુક્ર છે કે તમે મુકલ્લિદ તો બન્યા ! ભલે ઈમામ અબૂ હનીફાના નહીં તો ઈમામ તિર્મિઝીના ! કે દરેક જેરહ આંખ બંધ કરીને સ્વીકારી

લો છો ! જનાબ ! આ હદીષના કમઝોરપણાનું મૂળ કારણ એ છે કે એ આપની વિરૂધ્ધ છે ! જો તમારા ફેવરની હોત તો આંખ મીચીને માની લેત. આપના આ સવાલના કેટલાક જવાબો છે :–

૦૧. અમે 'આમીન' વિશે ૨૬ સનદો રજૂ કરી તો શું સર્વ સનદો ઝઈફ છે અને સર્વેમાં શઅબા રાવી આવી રહ્યા છે અને શઅબા દરેક જગાએ ગલતી કરી રહ્યા હોય એ નામુમ્કિન છે.

૦૨. જો આ છવ્વીસ (૨૬) સનદો તમામે તમામ ઝઈફ પણ હોય તો પણ સર્વે મળીને કવી બની ગઈ, જેમ કે અમે પ્રસ્તાવનામાં રજુઆત કરી ચૂકયા છીએ.

૦૩. શઅબા ઈમામ અબૂ હનીફા પછીથી સનદોમાં સામેલ થયા જેનાથી આ હદીષ ઝઈફ થઈ, પણ ઈમામ સાહબને તો આ હદીષ બિલકુલ સહીહ મળી હતી જેથી પાછળથી આવેલુ કમઝોરપણુ આગલાવાળાને માટે નુકસાનકર્તા નથી.

૦૪. જો પહેલાંની જ આ હદીષ ઝઈફ હતી તો જયારે પણ ઈમામે આ'ઝમ સિરાજે ઉમ્મત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ના કબૂલ ફર્માવી લેવાથી કવી થઈ ગઈ. જેમ કે અમે પ્રસ્તાવનામાં દર્શાવી ચૂકયા છીએ.

૦૫. આ હદીષ પર આમ ઉમ્મતે મુસ્લિમાએ અમલ કરી લીધો છે. જેથી હદીષનુ કમઝોરપણુ જતુ રહ્યું અને હદીષ કવી (મજબૂત) થઈ ગઈ. જેમ કે અમે પ્રસ્તાવનામાં રજુ કરી ચૂકયા છીએ.

૦૬. આ હદીષને કુર્આને કરીમ સમર્થન કરી રહ્યું છે અને મોટા અવાજવાળી હદીષ કુર્આનની વિરૂધ્ધ છે જેથી ધીરેથી 'આમીન'ની હદીષ કુર્આનના સમર્થનના લીધે કવી (મજબૂત) થઈ ગઈ. જેમ કે અમે પ્રસ્તાવનામાં રજૂ કરી ચૂકયા છીએ.

૦૭. આ હદીષને શરઈ કિયાસ સમર્થન કરી રહ્યો છે અને મોટા અવાજથી 'આમીન'વાળી હદીષ શરઈ કિયાસ અને શરઈ અકલની વિરૂધ્ધ છે જેથી આહિસ્તા આમીનવાળી હદીષ 'કવી' છે અને મોટા અવાજવાળી

હદીષ અમલને પાત્ર નથી. મતલબ કે આહિસ્તા આમીનવાળી હદીષ ખૂબ જ કવી (મજબૂત) છે. માટે તેના પર અમલ કરવામાં આવે.

વાંધો ૭ : અબૂ દાઊદ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર જ્યારે સૂરએ ફાતિહાથી ફારિગ થતા તો :

"એ પ્રમાણે આમીન કહેતા કે પ્રથમ સફમાં જે આપની નજીક હોતા તે સાંભળી લેતા. قَالَ اٰمِيْنَ حَتّٰى يَسْمَعَ مَنْ يَلِيْهِ مِنَ الصَّفِّ الْاَوَّلِ

જવાબ : એના બે જવાબો છે. **એક** એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે ! કેમ કે આગળ તમારી રિવાયતોમાં હતુ કે મસ્જિદ ગુંજી ઉઠતી અને આમાં એવું આવ્યું કે કેવળ પાછળવાળા એક બે માણસ જ સાંભળતા હતા. **બીજુ** એ કે આ હદીષની સનદોમાં બિશ્ર ઈબ્ને રાફેઅ આવી રહ્યા છે, એને તિર્મિઝીએ કિતાબુલ્ જનાઈઝમાં તથા હાફિઝ ઝહબીએ મીઝાનમાં સખ્ત ઝઈફ કહ્યા. અહમદે તેને મુન્કર હદીષ કહ્યું. ઈબ્ને મુઈને તેની રિવાયતને મૌઝૂઅ (બનાવટી) ઠરાવી, ઈમામ નિસાઈએ એને કવી નથી માની. (જુઓ આફતાબે મુહમ્મદી) જેથી આ હદીષ સખ્ત ઝઈફ છે અને અમલને પાત્ર નથી.

રફએ યદૈન કરવું (હાથો ઉઠાવવા) મના છે

સુન્ની હનફીઓની નજીક રુકૂઅમાં જતી વખતે અને રુકૂઅથી ઉઠતી વખતે બંને હાથોને ઉઠાવવા સુન્નતની વિરૂધ્ધ અને મના છે. પણ વહાબી ગૈર મુકલ્લિદ આ બંને વખતે રફએ યદૈન કરે (હાથોને ઉઠાવે) છે અને એના પર ખૂબ જોર આપે છે. એટલા માટે અમે આ મસ્અલાને પણ બે વિભાગમાં વર્ણવીએ છીએ. પ્રથમ વિભાગમાં આપણા મસ્અલાની સાબિતી અને બીજા વિભાગમાં આ મસ્અલા પર વાંધાઓ અને તેના જવાબો. રબ તઆલા કબૂલ ફર્માવે.

(પ્રથમ વિભાગ)

નમાઝમાં રુકૂઅમાં જતી વખતે રફએ યદૈન (હાથો ઉઠાવવા) મકરૂહ તથા સુન્નતની વિરૂધ્ધ છે જેના વિશે અસંખ્ય હદીષો અને મુજતહિદોના કયાસ આવેલા છે. એમાંથી અમે કાંઈક રજુ કરીએ છીએ.

હદીષ ૧–૪ : તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને અબી શયબાએ હઝરત અલ્કમહ્થી રિવાયત કરી છે,

قَالَ قَالَ لَنَا اِبْنُ مَسْعُوْدٍ اَلَا اُصَلِّیْ بِكُمْ صَلٰوةَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَصَلّٰى وَلَمْ يَرْفَعْ يَدَيْهِ اِلَّا مَرَّةً وَاحِدَةً مَعَ تَكْبِيْرِ الْاِفْتِتَاحِ وَ قَالَ التِّرْمِذِیُّ حَدِيْثُ اِبْنِ مَسْعُوْدٍ حَدِيْثٌ حَسَنٌ وَ بِهٖ يَقُوْلُ غَيْرُ وَاحِدٍ مِّنْ اَهْلِ الْعِلْمِ مِنْ اَصْحَابِ النَّبِیِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ التَّابِعِيْنَ

''એક વાર અમને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે ફર્માવ્યું, શું હું તમારી સામે હુઝૂરની નમાઝ ન પઢું ! પછી તેમણે નમાઝ પઢી એમાં તકબીરે તહરીમા સિવાય કદી પણ હાથ ન ઉઠાવ્યા. ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું કે ઈબ્ને મસ્ઊદની હદીષ હસન છે. આ રફએ યદૈન ન કરવા (હાથોને ન ઉઠાવવા) પર ઘણાયે ઉલમાએ સહાબા તથા ઉલમાએ તાબઈનનો અમલ છે.''

યાદ રાખશો કે આ હદીષ કેટલાક કારણોસર ઘણી જ કવી છે. **એક** એ કે તેના રાવી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ تعالےٰ عنہ છે, જેઓ સહાબામાં ફકીહે આ'ઝમ છે. **બીજું** એ કે આપ સહાબાની જમાઅતની સામે હુઝૂરની નમાઝ રજુ કરતા હતા અને સહાબીએ એનો ઈન્કાર નથી કર્યો. જાણવા મળ્યું કે સૌએ તેને સમર્થન આપ્યું. જો રફએ યદૈન (હાથો ઉઠાવવા) સુન્નત હોત તો સહાબા તેની સામે જરૂર વાંધો ઉઠાવત, કેમ કે તે સૌએ હુઝૂરની નમાઝ જોઈ હતી. **ત્રીજુ** એ કે ઈમામ તિર્મિઝીએ આ હદીષને ઝઈફ નથી જણાવી બલ્કે હસન જણાવ્યું. **ચોથુ** એ કે ઈમામ તિર્મિઝીએ જણાવ્યું કે ઘણાયે ઉલમાએ સહાબા તથા તાબઈન રફએ યદૈન કરતા (હાથોને ઉઠાવતા) ન હતા, એમના અમલથી આ હદીષનું સમર્થન થયું. **પાંચમું** એ કે ઈમામ અબૂ હનીફા જેવા પોતાના સમયના જલીલુલ કદ્ર અઝીમુશ્શાન મુજતહિદે એને માન્ય રાખી અને એના પર અમલ કર્યો. **છઠ્ઠુ** એ કે આમ ઉમ્મતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નો એના પર અમલ છે. **સાતમુ** એ કે આ હદીષ કિયાસ તથા બુધ્ધિના તદ્દન મુતાબિક છે જેમ કે અમે આગળ જતાં રજુઆત કરીશું. ઈન્શાઅલ્લાહ ! આ કારણે ઝઈફ હદીષ પણ કવી થઈ જાય છે, તો પછી આ હદીષ તો ખૂદ જ હસન છે.

હદીષ ૫ : ઈબ્ને અબી શયબાએ હઝરત બરાઅ ઈબ્ને આઝિબથી રિવાયત કરી,

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે નમાઝ قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا افْتَتَحَ الصَّلٰوةَ رَفَعَ يَدَيْهِ ثُمَّ لَا يَرْفَعُهَا حَتّٰى يَفْرُغَ શરૂ કરતા હતા તો પોતાના હાથોને ઉઠાવતા હતા પછી નમાઝથી ફારિગ થતા સુધી ઉઠાવતા ન હતા."

યાદ રાખશો કે બરાઅ્ ઈબ્ને અઝિબની હદીષને તિર્મિઝીએ આ પ્રમાણે નકલ ફર્માવી છે કે :–

હદીષ ૬ : અબૂ દાઉદે હઝરત બરાઅ ઈબ્ને આઝિબથી રિવાયત કરી :–

قَالَ رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ رَفَعَ يَدَيْهِ حِيْنَ اِفْتَتَحَ الصَّلٰوةَ ثُمَّ لَمْ يَرْفَعْهُمَا حَتّٰى اِنْصَرَفَ

"મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે જ્યારે આપે નમાઝ શરૂ કરી તો બંને હાથો ઉઠાવ્યા, પછી નમાઝથી ફારિગ થતાં સુધી ન ઉઠાવ્યા."

હદીષ ૭ : તહાવી શરીફે સૈયદેના અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી,

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ كَانَ يَرْفَعُ يَدَيْهِ فِيْ اَوَّلِ تَكْبِيْرَةٍ ثُمَّ لَا يَعُوْدُ

"અને હુઝૂરથી રિવાયત કરે છે કે આપ પ્રથમ તકબીરમાં હાથ ઉઠાવતા હતા પછી કદી ઉઠાવતા ન હતા."

હદીષ ૮-૧૪ : હાકિમ તથા બયહકીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہم થી રિવાયત કરી,

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ تُرْفَعُ الْاَيْدِيْ فِيْ سَبْعِ مَوَاطِنَ عِنْدَ اِفْتِتَاحِ الصَّلٰوةِ وَ اِسْتِقْبَالِ الْبَيْتِ وَ الصَّفَا وَ الْمَرْوَةِ وَالْمَوْقَفَيْنِ وَ الْجَمْرَتَيْنِ

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે સાત જગાએ હાથો ઉઠાવવામાં આવે, નમાઝ શરૂ કરતી વખતે, કા'બાની સામે મોઢું કરતી વખતે, સફા તથા મરવા પહાડ પર બે અને બે મૌકફ મિના તથા મુઝદલ્ફામાં અને બંને જમરાઓની સામે."

આ હદીષ (૧૦) બઝ્ઝાઝે હઝરત ઈબ્ને અબી શયબાએ હઝરત ઉમરથી (૧૧) ઈબ્ને અબી શયબાએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી બયહકીએ, (૧૨) હઝરત ઈબ્ને અબ્બાસથી (૧૩) તિબ્રાનીએ અને (૧૪) બુખારીએ કિતાબુલ મુફરદમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી થોડાક તફાવત સાથે બયાન કરી. કેટલીક રિવાયતોમાં ઈદોની નમાઝનું પણ વર્ણન છે.

હદીષ ૧૫ : ઈમામ તહાવીએ મુગીરાથી રિવાયત કરી કે મેં ઈબ્રાહીમ નખઈથી અર્ઝ કરી કે હઝરત વાઈલે હુઝૂરને જોયા કે આપ નમાઝની શરૂઆતમાં અને રુકૂઅના વખતે અને રુકૂઅથી ઉઠતી વખતે હાથ ઉઠાવતા

હતા ? તો આપે જવાબ આપ્યો :–

اِنْ كَانَ وَائِلٌ رَاٰهُ مَرَّةً يَفْعَلُ ذَالِكَ فَقَدْ رَاٰهُ عَبْدُاللّٰهِ خَمْسِيْنَ مَرَّةً لَا يَفْعَلُ ذٰلِكَ

"જો હઝરત વાઈલે હુઝૂરને એકવાર રફએ યદૈન (હાથ ઉઠાવતાં) જોયા છે તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે હુઝૂરને પચાસ વાર રફએ યદૈન ન કરતાં જોયા હતા."

એનાથી જાણવા મળ્યું કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદની હદીષ ઘણી જ કવી (મજબૂત) છે. કેમ કે તે સહાબામાં ફકીહ તથા આલિમ છે, હુઝૂરની સોહબતમાં મોટા ભાગે રહેનારા તથા નમાઝમાં હુઝૂરથી અધિક નજીક રહેવાવાળા છે. હુઝૂરની નજીક તે જ ઉભા રહેતા હતા જેઓ આલિમ તથા આકિલ હોતા, જેમ કે રિવાયતોમાં આવેલ છે.

હદીષ ૧૬–૧૭ : તહાવી અને ઈબ્ને અબી શયબાએ હઝરત મુજાહિદથી રિવાયત કરી :–

قَالَ صَلَّيْتُ خَلْفَ ابْنِ عُمَرَ فَلَمْ يَكُنْ يَرْفَعُ يَدَيْهِ اِلَّا فِىْ التَّكْبِيْرَةِ الْاُوْلٰى مِنَ الصَّلٰوةِ

"કહ્યું કે મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما ની પાછળ નમાઝ પઢી. આપ નમાઝમાં પ્રથમ તકબીર સિવાય કોઈ સમયે હાથ ઉઠાવતા ન હતા."

હદીષ ૧૮ : અયની શરહે બુખારીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરથી રિવાયત કરી :–

اِنَّهٗ رَاٰى رَجُلًا يَرْفَعُ يَدَيْهِ فِى الصَّلٰوةِ عِنْدَ الرُّكُوْعِ عِنْدَ رَفْعِ رَاْسِهٖ مِنَ الرُّكُوْعِ فَقَالَ لَهٗ لَا تَفْعَلْ فَاِنَّهٗ شَىْءٌ فَعَلَهٗ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ تَرَكَهٗ

"કે આપે એક શખ્સને રુકૂઅમાં જતી વખતે તથા રુકૂઅથી ઉઠતી વખતે હાથ ઉઠાવતાં જોયો તો તેને ફર્માવ્યું કે, આવું ન કર્યા કરો ! કેમ કે આ તે કામ છે જે હુઝૂરે પહેલાં કર્યું હતું, પાછળથી ત્યજી દીધું હતું."

આ હદીષથી જાણવા મળ્યું કે રુકૂઅની આગળ પાછળ રફએ યદૈન (હાથ ઉઠાવવા) મન્સૂખ (રદ થયેલ) છે, જે સહાબાથી અથવા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી

રફએ યદૈન (હાથ ઉઠાવવા) સાબિત છે તે પહેલો ફેઅલ (અગાઉનું કૃત્ય) છે પણ તે બાદમાં મન્સૂખ (રદ) થઈ ગયું.

હદીષ ૧૯–૨૦ : બયહકી તથા તહાવી શરીફે હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી :–

اَنَّهٗ كَانَ يَرْفَعُ يَدَيْهِ فِىْ التَّكْبِيْرَةِ الْاُوْلٰى مِنَ الصَّلٰوةِ ثُمَّ لَايَرْفَعُ فِىْ شَىْءٍ مِّنْهَا

''કે આપ નમાઝની પ્રથમ તકબીરમાં હાથ ઉઠાવતા હતા પછી કોઈ સ્થિતિમાં હાથ ઉઠાવતા ન હતા.''

હદીષ ૨૧ : તહાવી શરીફે હઝરત અસ્વદ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ رَأَيْتُ عُمَرَابْنِ الْخَطَّابِ رَفَعَ يَدَيْهِ فِىْ اَوَّلِ تَكْبِيْرَةٍ ثُمَّ لَا يَعُوْدُ وَ قَالَ حَدِيْثٌ صَحِيْحٌ

''મેં હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ને જોયા કે આપે પહેલી તકબીરમાં હાથ ઉઠાવ્યા પછી ન ઉઠાવ્યા. ઈમામ તહાવીએ ફર્માવ્યું કે આ હદીષ સહીહ છે.''

હદીષ ૨૨ : અબૂ દાઉદ શરીફે હઝરત સુફયાનથી રિવાયત કરી,

حَدَّثَنَا سُفْيَانُ اِسْنَادُهٗ بِهٰذَا. قَالَ رَفَعَ يَدَيْهِ فِىْ اَوَّلِ مَرَّةٍ وَ قَالَ بَعْضُهُمْ مَرَّةً وَاحِدَةً

''હઝરત સુફયાન એ જ અસ્નાદથી ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે પ્રથમવાર હાથ ઉઠાવ્યા. કેટલીક રિવાયતોમાં ફર્માવ્યું કે, એક જ વાર હાથ ઉઠાવ્યા.''

હદીષ ૨૩ : દાર કુત્નીએ બરાઅ્ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત કરી :

اَنَّهٗ رَاَى النَّبِىَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حِيْنَ اِفْتَتَحَ الصَّلٰوةَ رَفَعَ يَدَيْهِ حَتّٰى حَاذٰى بِهِمَا اُذُنَيْهِ ثُمَّ لَمْ يَعُدْ اِلٰى شَىْءٍ مِّنْ ذَالِكَ حَتّٰى فَرَغَ مِنْ صَلٰوتِهٖ

''કે તેમણે હુઝુર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા કે જ્યારે હુઝૂરે નમાઝ શરૂ કરી તો હાથ એટલા માટે ઉઠાવ્યા કે કાનો સુધી કરી દીધા, પછી નમાઝથી ફારિગ થતાં સુધી કોઈ જગાએ હાથ ન ઉઠાવ્યા.''

હદીષ ૨૪ : ઈમામ મુહમ્મદે કિતાબુલ્ આષારમાં ઈમામ અબૂ હનીફાએ આ પ્રમાણે રિવાયત કરી :–

اِنَّهٗ قَالَ لَا تَرْفَعُ الْاَيْدِىْ فِىْ شَىْءٍ مِّنْ صَلٰوتِكَ بَعْدَ الْمَرَّةِ الْاُوْلٰى

''આપે ફર્માવ્યું કે પ્રથમવાર સિવાય નમાઝમાં કદી હાથ ન ઉઠાવ્યા.''

હદીષ ૨૫ : અબૂ દાઉદે બરાઅ્ ઈબ્ને આઝિબથી રિવાયત કરી :

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ اِذَا اِفْتَتَحَ الصَّلٰوةَ رَفَعَ يَدَيْهِ اِلٰى قَرِيْبٍ مِنْ اُذُنَيْهِ ثُمَّ لَا يَعُوْدُ

''બેશક ! હુઝૂર صلى الله تعالى عليه وسلم જ્યારે નમાઝ શરૂ કરતા હતા તો કાનોની નજીક સુધી હાથ ઉઠાવતા હતા, ફરી રીપીટ ન કરતા.''

રફએ યદૈન (હાથ ઉઠાવવા)ની મનાઈ વિશેની અન્ય ઘણી હદીષો છે. અમે અહીં નમૂના રૂપે લખાણને ટૂંકાવવા ખાતર કેવળ પચીર (૨૫) રિવાયતો પેશ કરી દીધી. જો શોખ હોય તો મોઅત્તા ઈમામ મુહમ્મદ, તહાવી શરીફ, સહીહુલ બિહારી શરીફનો અભ્યાસ કરો.

છેવટમાં અમે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضى الله عنه નો તે મુનાઝરો રજુ કરીએ છીએ જે રફએ યદૈનના (હાથ ઉઠાવવાના) વિશે મક્કા મોઅઝ્ઝમામાં ઈમામ અવઝાઈ સાથે થયો હતો. વાંચકો જુએ કે ઈમામે આ'ઝમ કેટલા ઉચ્ચ કક્ષાના મુહદ્દિષ છે અને કેટલી કવી (મજબૂત) સહીહ અસ્નાદ હદીષની રજુ કરે છે :–

ઈમામ અબૂ મુહમ્મદ બુખારી મુહદ્દિષ رضى الله عنه એ હઝરત સુફયાન ઈબ્ને ઐનિયહ્થી રિવાયત કરી કે એકવાર હઝરત ઈમામે આ'ઝમ અને ઈમામ અવઝાઈ رضى الله عنه ની મક્કા મોઅઝ્ઝમામાં દારુલ હનાતીનમાં મુલાકાત થઈ ગઈ તો તે બુઝુર્ગો વચ્ચે આપસમાં નીચે મુજબ વાતચીત ચાલી તેને સાંભળો અને ઈમાન તાજુ કરો. આ મુનાઝરો ફત્હુલ કદીર અને મિર્કાત શરહે મિશકાત વગેરેમાં પણ વર્ણન થયેલો છે.

ઈમામ અવઝાઈ : તમે લોકો રુકૂઅમાં જતી વેળા અને રુકૂઅથી ઉઠતી વખતે રફએ યદૈન (હાથ ઉઠાવવા) કેમ નથી કરતા ?

ઈમામ અબૂ હનીફા : એટલા માટે કે રફએ યદૈન (હાથ ઉઠાવવું) એ મોકાઓ પર હુઝૂરથી સાબિત નથી.

ઈમામ અવઝાઈ : આપે એ શું ફર્માવ્યું ! હું તમને રફએ યદૈન (હાથ ઉઠાવવા વિશે)ની સહીહ હદીષ સંભળાવું છું :

حَدَّثَنِى الزُّهْرِىُّ عَنْ سَالِمٍ عَنْ اَبِيْهِ عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ كَانَ يَرْفَعُ يَدَيْهِ اِذَا افْتَتَحَ الصَّلٰوةَ وَ عِنْدَ الرُّكُوْعِ وَ عِنْدَ الرَّفْعِ مِنْهُ

"મને ઝહરીએ હદીષ બયાન કરી, તેમણે સાલિમથી સાલિમે પોતાના પિતાથી તેમણે નબી صلى الله تعالى عليه وسلم થી કે આપ હાથ ઉઠાવતા હતા જ્યારે નમાઝ શરૂ કરતા અને રુકૂઅના સમયે અને રુકૂઅથી ઉઠતી વખતે."

ઈમામે આ'ઝમ : મારી પાસે એનાથી પણ અધિક કવી (મજબૂત) હદીષ તેની વિરૂધ્ધમાં મૌજૂદ છે.

ઈમામ અવઝાઈ : અચ્છા ! તો જલ્દી પેશ ફર્માવો !

ઈમામે આ'ઝમ : લો ! સાંભળો

حَدَّثَنَا حَمَّادٌ عَنْ اِبْرَاهِيْمَ عَنْ عَلْقَمَةَ وَالْاَسْوَدَ عَنْ عَبْدِاللّٰهِ ابْنِ مَسْعُوْدٍ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ لَايَرْفَعُ يَدَيْهِ اِلَّا عِنْدَ اِفْتِتَاحِ الصَّلٰوةِ ثُمَّ لَا يَعُوْدُ لِشَىْءٍ مِّنْ ذٰالِكَ

"મને હઝરત હમ્માદે હદીષ બયાન કરી, તેમણે ઈબ્રાહીમ નખઈથી તેમણે હઝરત અલ્કમહ્ અને અસ્વદથી તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી કે નબી صلى الله تعالى عليه وسلم કેવળ નમાઝની શરૂઆતમાં હાથ ઉઠાવતા હતા પછી કોઈ વખતે ઉઠાવતા ન હતા."

ઈમામ અવઝાઈ : તમારી રજુ કરેલ હદીષમાં મારી રજુ કરેલ હદીષ કરતાં શું ચઢીયાતાપણુ છે જેના કારણે આપે એને કબૂલ ફર્માવી અને મારી

હદીષને છોડી દીધી ?

ઈમામે આ'ઝમ : એટલા માટે કે હમ્માદ એ ઝહરી કરતાં અધિક આલિમ તથા ફકીહ છે અને ઈબ્રાહીમ નખઈ સાલિમ કરતાં વધીને આલિમ તથા ફકીહ છે. અલ્કમહ્ સાલિકના વાલિદ એટલે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર કરતાં ઈલ્મમાં કમ નથી, અસ્વદ ઘણા જ મહાન મુત્તકી, ફકીહ તથા અફઝલ છે. અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ ફિકહમાં, કિરાઅતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબતમાં હઝરત ઈબ્ને ઉમર કરતાં કેટલાયે ઘણા વધીને છે, કેમ કે બચપનથી હુઝૂરની સાથે રહ્યા. જેથી અમારી રજુ કરેલ હદીષ ઘણી જ મજબૂત (કવી) અને સ્વીકારને પાત્ર છે. તો ઈમામ અવઝાઈ ખામોશ થઈ ગયા.

ગૈર મુકલ્લિદ વહાબી સાહબોની આ અસ્નાદ જોઈ અને એમાં કોઈ ખામી કાઢી બતાવે ! જ્યારે કે ઈમામ અવઝાઈ એ ખામોશ રહેવા સિવાય કોઈ માર્ગ ન પામ્યો ! આ છે ઈમામે આ'ઝમની હદીષ વિશેની જાણકારી અને આ છે તેમની હદીષની અસ્નાદ. અલ્લાહ તઆલા હક્ક કબૂલ કરવાની તૌફીક આપે. જીદનો કોઈ ઈલાજ નથી, આ લાંબી લાંબી સનદો અને તેમાં ઝઈફ રિવાયતોની શિર્કત એ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ પછી ઉદ્ભવી છે. ઈમામ સાહબે જે પણ હદીષ કબૂલ કરી તે અતિશય સહીહ હતી.

બુધ્ધિનો તકાઝો પણ એ છે કે રુકૂઅમાં હાથ ઉઠાવવા (રફએ યદૈન) ન હોય કેમ કે સર્વેની એના પર એકમતિ છે કે તકબીરે તહરીમામાં રફએ યદૈન હોય અને સર્વેની એમાં પણ એકમતિ છે કે સિજદા તથા કાયદાની તકબીરોમાં રફએ યદૈન (હાથ ઉઠાવવાનું) ન હોય. રુકૂઅની તકબીરમાં મતભેદ છે. જોવું જોઈએ કે રુકૂઅની તકબીર તહરીમાની જેમ છે કે સિજદા તથા અત્તહિય્યાતની તકબીરોની જેમ ? વિચાર કરતાં માલૂમ થાય છે કે રુકૂઅની તકબીર એ તકબીરે તહરીમા ફર્ઝ છે જેના વિના નમાઝ નથી થતી અને રુકૂઅ તથા સિજદાની તકબીરો સુન્નત છે કે તેના વિના પણ નમાઝ થઈ જશે. તકબીરે તહરીમા નમાઝમાં કેવળ એક જ વાર હોય છે અને રુકૂઅ સિજદાની તકબીરો વારંવાર

હોય છે. તકબીરે તહરીમાથી અસલ નમાઝ શરૂ થાય છે જ્યારે રુકૂઅ સિજદાની તકબીરોથી નમાઝના રુકનો શરૂ થાય છે ન કે અસલ નમાઝ. તકબીરે તહરીમા નમાઝી પર દુનિયવી કામ ખાવા, પીવા વગેરે હરામ કરે છે, રુકૂઅ સજદાની તકબીરોનો એ હાલ નથી કેમ કે તેનાથી પહેલાં જ એ હુર્મત આવી ચૂકી છે. જ્યારે રુકૂઅની તકબીર સિજદાની તકબીરની જેમ થઈ ન કે તકબીરે તહરીમાની જેમ, જેથી રુકૂઅની તકબીરનો પણ તે જ હાલ હોવો જોઈએ જે સિજદાની તકબીરનો હાલ છે (કે ત્યાં હાથ ઉઠાવવામાં નથી આવતા) એટલે હાથ ઉઠાવવામાં ન આવે. જેથી હક્ક એ છે કે રુકૂઅમાં રફએ યદૈન (હાથ ઉઠાવવાનુ) હરગિઝ ન કરે. (અઝ–તહાવી શરીફ)

સારાંશ એ છે કે રફએ યદૈન (હાથ ઉઠાવવા) રુકૂઅ વખતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત અને સહાબાએ કિરામની તથા ખાસ કરીને ખુલફાએ રાશિદીનના અમલની વિરૂધ્ધ છે તથા અકલે શરઈની પણ વિરૂધ્ધ છે. જે રિવાયતોમાં રફએ યદૈન (હાથ ઉઠાવવાનુ) આવ્યું છે તે તમામ મન્સૂખ (રદ થયેલ) છે જેમ કે હદીષ–૧૮માં સ્પષ્ટ વર્ણન થયેલું છે અથવા તે સૌ મરજૂઅ અને નાકાબિલે અમલ છે, નહીં તો હદીષોમાં સખ્ત ટકરાવ ઉભો થશે.

એ પણ ધ્યાન રાખશો કે નમાઝમાં સુકૂન તથા ઈત્મિનાન જોઈએ, વિના કારણે હલન ચલન મકરૂહ તથા સુન્નતની વિરૂધ્ધ છે. એટલા જ માટે નમાઝમાં જરૂરત વિના પગોને હલાવવા, આંગળીઓને હલાવવી મના છે.

રફએ યદૈન (હાથોને ઉઠાવવા)માં જરૂરત વિના હલન ચલન છે જેથી રફએ યદૈન વિશેની હદીષો નમાઝના સુકૂનની વિરૂધ્ધ છે અને રફએ યદૈન (હાથ ઉઠાવવાનું) ત્યજવાની હદીષો નમાઝમાં સુકૂન રહે તે પ્રમાણેની છે. જેથી બુધ્ધિનો પણ તકાઝો એ છે કે રફએ યદૈન (હાથ ઉઠાવવાનું) ન કરવાની હદીષો પર અમલ થવો જોઈએ.

(બીજો વિભાગ)

★ વાંધાઓ અને તેના જવાબો ★

ગૈર મુકલ્લિદ વહાબીઓના તરફથી અત્યાસ સુધી આ મસ્અલામાં જેટલા વાંધાઓ અમારા સુધી પહોંચ્યા છે અમે ખૂબ જ વિગતવાર તેને જવાબો સાથે રજુ કરીએ છીએ. રબ તઆલા કબૂલ ફર્માવે.

વાંધો ૧ : રફએ યદૈન ન કરવાના વિશે જેટલા પ્રમાણમાં રિવાયતો પેશ કરવામાં આવી તે સૌ ઝઈફ છે અને ઝઈફ હદીષ અમલને પાત્ર નથી. (એ જ જુનો સબક !)

જવાબ : જી, હા ! કેવળ એટલા માટે ઝઈફ કે તે તમારી વિરૂધ્ધ છે. જો તમારા હક્કમાં હોત તો ભલે મનઘડત મૌઝૂઅ પણ હોત તો પણ તમારા સર આંખો પર હોત. જનાબ ! તમારા "ઝઈફ ! ઝઈફ !"ના રટણે લોકોને હદીષના મુન્કિર બનાવી દીધા છે, રબના વાસ્તે હવે આદતને ત્યજી દો ! અમે ઝઈફના વિશે ઘણા જવાબો આગલા પ્રકરણોમાં આપી ચૂકયા છીએ.

વાંધો ૨ : અબૂ દાઉદની બરાઅ્ ઈબ્ને આઝિબવાળી હદીષના વિશે ખૂદ અબૂ દાઉદે ફર્માવ્યું, **હાઝલ્ હદીષિ લૈસ બિસહીહ** "આ હદીષ સહીહ નથી." જાણવા મળ્યું કે આ હદીષ ઝઈફ છે, પછી તમે એને રજુ શા માટે કરી ?

જવાબ : તેના કેટલાક જવાબો છે, **એક** એ કે કોઈ હદીષના સહીહ ન હોવાથી એ લાઝિમ નથી આવતુ કે ઝઈફ જ હોય. સહીહ અને ઝઈફની વચ્ચે હસન બેનફસિહી (પોતે) તથા હસન બેગૈરિહનો દરજો પણ છે. અબૂ દાઉદે સહીહ હોવાનો ઈન્કાર કર્યો છે, ઝઈફ હોવાનો દાવો નથી કર્યો. **બીજુ** એ કે અબૂ દાઉદનુ ફર્માવવું કે આ હદીષ સહીહ નથી જેરહે મુબહમ છે. તેમણે સહીહ ન હોવાનું કારણ નથી બતાવ્યું કે કયો રાવી ઝઈફ છે અને શા માટે ઝઈફ છે. જેરહે મુબહમ વિશ્વસનીય નથી અમે અબૂ દાઉદના મુકલ્લિદ નથી કે તેમની દરેક જેરહ આંખ બંધ કરીને માની લઈએ !

વાંધો 3 : અબૂ દાઉદે આપની રજુ કરેલ હદીષ નં. ૨૫ના વિશે ઈર્શાદ ફર્માવ્યો કે આ હદીષમાં યઝીદ ઈબ્ને અબી ઝિયાદ છે જેમને જિંદગીના અંતિમકાળે ભૂલી જવાની બીમારી થઈ ગઈ હતી. તેમણે વૃધ્ધાવસ્થામાં ફર્માવ્યું, **ષુમ્મ લાયઊદુ** જ્યારે કે મૂળ હદીષમાં આ શબ્દો મૌજૂદ નથી. લો ! જરહે મુફસ્સલ હાજર છે, હવે આ હદીષ યકીનન ઝઈફ છે જે અમલને પાત્ર નથી.

જવાબ : તેના કેટલાક જવાબો છે, **એક** એ કે યઝીદ ઈબ્ને અબી ઝિયાદ એ અબૂ દાઉદની આ રિવાયતમાં છે પણ ઈમામ સાહબ અબૂ હનીફા رضی اللہ عنہ ની અસ્નાદમાં નથી, જેથી આ અસ્નાદ અબૂ દાઉદને ઝઈફ થઈને મળી પણ ઈમામ અબૂ હનીફને સહીહ થઈને મળી. અબૂ દાઉદની હદીષનું ઝઈફપણુ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ના માટે શાથી નુકસાનકર્તા થશે ? બીજુ એ કે રફએ યદૈન ન કરવા (હાથો ન ઉઠાવવા)ની હદીષો ઘણી જ સનદો સાથે રિવાયત થયેલી છે, સૌમાં યઝીદ ઈબ્ને ઝિયાદ મૌજૂદ નથી. જો આ સનદ ઝઈફ છે તો બાકી સનદો શાથી ઝઈફ થઈ ગઈ ! **ત્રીજુ** એ કે ઈમામ તિર્મિઝીએ રફએ યદૈન (હાથો ન ઉઠાવવાની) ન કરવાની હદીષને હસન ફર્માવી અને ઘણાયે સહાબાનો એના પર અમલ હોવા વિશે જણાવ્યું. તમારી નજર અબૂ દાઉદના ઝઈફ કહેવા પર તો ગઈ પરંતુ ઈમામ તિર્મિઝીના 'હસન' ફર્માવવા પર ન ગઈ ! અને સહાબાના અમલ પર ન ગઈ ! એવું શાથી ?! **ચોથુ** એ કે જો આ હદીષની સર્વ સનદો ઝઈફ પણ હોત તો પણ સૌ ઝઈફ સનદો ભેગી મળીને 'કવી' થઈ જશે, જેમ કે મેં પ્રસ્તાવનામાં દર્શાવી આપ્યું છે. **પાંચમું** એ કે સામાન્યતઃ ઉલમા, ઔલિયા જમહૂર મિલ્લતે ઈસ્લામિયાનો હાથો ન ઉઠાવવા પર અમલ રહ્યો અને છે, એનાથી પણ આ હદીષ કવી થઈ જાય છે. મુટ્ઠીભર વહાબીઓ સિવાય સૌ એના પર અમલ કરી રહ્યા છે. આશ્ચર્ય છે કે તમારી દોઢ આદમીઓની જમાઅત તો હક્ક પર હોય અને આમ મિલ્લતે રસૂલુલ્લાહ ગુમરાહી પર ! યાદ રાખશો કે દુનિયામાં ૯૫% મુસલમાન હનફી મઝહબવાળા છે અને ૫% અન્ય મઝહબોવાળા છે. આ વાતની હકીકત હરમૈન તૈયબૈન જઈને ખબર પડે છે, જ્યાં દરેક દેશના મુસલમાન એકત્ર થાય છે ત્યાં

બીચારા વહાબી ગૈરમુકલ્લિદ તો કોઈ ગણત્રીમાં જ નથી, તેઓ કદાચ હજારમાં એક હશે. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

مَا رَاٰهُ الْمُؤْمِنُوْنَ حَسَنًا فَهُوَ عِنْدَاللّٰهِ حَسَنٌ

"જેને આમ મુસલમાનો સારો સમજે તે અલ્લાહની નજીક પણ સારો છે."

અને ફર્માવે છે, صلی اللہ تعالیٰ علیہ وسلم :–

اِتَّبِعُوْا السَّوَادَ الْاَعْظَمَ فَاِنَّهٗ مَنْ شَذَّ شُذَّ فِیْ النَّارِ

"મારી ઉમ્મતના મોટા ગિરોહની પૈરવી કરો ! જે મોટી જમાઅતથી અલગ રહ્યો તે દોઝખમાં અલગ જશે."

યાદ રાખશો કે શાફઈ, માલિકી, હંબલી, હનફી સૌ એક ગિરોહ છે, કેમ કે સૌના અકીદા સમાન છે, સૌ મુકલ્લિદ છે. ગૈર મુકલ્લિદોની મુટ્ઠીભર જમાઅત મુસલમાનોથી અકીદામાં પણ અલગ છે અને અમલોમાં પણ અલગ, જેથી હનફીઓની કોઈ હદીષ ઝઈફ હોઈ શકતી જ નથી, પણ ઉમ્મતના અમલથી મજબૂત (કવી) છે. (જુઓ પ્રસ્તાવના)

વાંધો ૪ : તમારી રજુ કરેલી હદીષ નં. ૧ જે તિર્મિઝી વગેરેએ હઝરત ઈબ્ને મસઊદથી નકલ કરી તે મુજમલ છે, કેમ કે એમાં નમાઝનો આખો તરીકો બયાન કરવામાં નથી આવ્યો. કેવળ એવું ફર્માવવામાં આવ્યું કે ઈબ્ને મસઊદે એકવાર હાથ ઉઠાવ્યો, આગળ શું કર્યું તે વર્ણન નથી. અને મુજમલ હદીષ અમલને પાત્ર નથી હોતી. (ડેરા ગાઝીખાંના એક લાયક વહાબી)

જવાબ : જનાબ ! આ હદીષ મુજમલ નથી પણ મુત્લક છે, આમ નથી મુશ્તરક, લફ્ઝ કે મઅ્નવી નથી બલ્કે હદીષે મુખ્તસર છે. મુખ્તસર પર અમલને કોણે મના કર્યું અને મુજમલ પણ મુતકલ્લિમના બયાન પછી અમલને પાત્ર બલ્કે વાજિબુલ અમલ થઈ જાય છે, કેમ કે મુજમલ મુતકલ્લિમના બયાન પછી મોહકમ થઈ જાય છે.

★ અમારું એલાન ! ★

દુનિયાભરના વહાબી ગૈર મુકલ્લિદોને એલાન છે કે મુત્લક આમ,

મુજમલ, મુશતરક, મઅ્નવી, મુશતરક, લફઝીમાં તફાવત દર્શાવો અને એમાંથી દરેકની સચોટ વ્યાખ્યા દર્શાવો, તે પણ કુર્આન તથા હદીષની રોશનીમાં જ ! ઉસૂલે ફિકહ કે મન્તિકને હાથ ન લગાડે !

વહાબીઓ ! તમે હદીષના ગલત તર્જુમા કરતા રહો ! તમારે આ ઈલ્મી ચીજોથી શો સંબંધ ?! કોઈ હનફી આલિમ પાસેથી મુજમલ શબ્દ સાંભળી લીધો હશે તો ભપકો પાડવા માટે અહીં વાંધો થોપી દીધો અને તેમાં આ સાંભળી લીધેલો શબ્દ જોડી દીધો ! અલ્લાહે ઈલ્મના દરિયા તો મુકલ્લિદોના સીનાઓમાં વહાવ્યા છે.

વાંધો ૫ : અબૂ દાઉદ, તિર્મિઝી, દારમી, ઈબ્ને માજહએ હઝરત અબૂ હમીદ સાઅદીથી એક લાંબી હદીષ નકલ કરી, જેમાં રફએ યદૈન (હાથો ઉઠાવવા) વિશે આ પ્રમાણે છે :–

ثُمَّ يُكَبِّرُ وَ يَرْفَعُ يَدَيْهِ حَتّٰى يُحَاذِىَ بِهِمَا مَنْكِبَيْهِ ثُمَّ يَرْكَعُ وَ يَضَعُ رَاحَتَيْهِ عَلٰى رُكْبَتَيْهِ ثُمَّ يَرْفَعُ رَاْسَهٗ فَيَقُوْلُ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ ثُمَّ يَرْفَعُ يَدَيْهِ حَتّٰى يُحَاذِىَ بِهِمَا مَنْكِبَيْهِ۔ الخ

''પછી આપ તકબીર કહેતા હતા અને પોતાના હાથોને એટલા ઉઠાવતા કે ખભાઓ જેટલા થઈ જતા અને પોતાની હથેળીઓને પોતાના ગુથણો પર રાખતા. પછી પોતાનું માથુ ઉઠાવતા પછી કહેતા, **સમિઅલ્લાહુલિમન્ હમિદહ્** પછી પોતાના હાથો ઉઠાવતા ત્યાં સુધી કે ખભાઓ સમાન થઈ જતા.''

અબૂ હમીદ સાઅદીએ સહાબીઓની જમાઅતમાં આ હદીષ પેશ કરી, જેમાં રુકૂઅ વખતે હાથો ઉઠાવવાનો ઉલ્લેખ છે અને સૌએ તેને સમર્થન કર્યું. જાણવા મળ્યું કે હાથો ઉઠાવવા (રફએ યદૈન) હુઝૂરનુ કૃત્ય છે અને સહાબાનુ સમર્થન તથા તેના પર તેમનો અમલ છે. જેથી આપણે પણ તેના પર અમલ કરવો જોઈએ. (આ હદીષ વહાબી ગૈર મુકલ્લિદોની બહુ જબરી દલીલ છે ! જેના પર તેમને નાઝ છે !)

જવાબ : એના કેટલાક જવાબો છે જેનો ધ્યાનથી અભ્યાસ કરશો. **એક** એ કે આ હદીષ અસ્નાદના લેહાઝથી અમલને પાત્ર નથી. કેમ કે આ હદીષની અસ્નાદ અબૂ દાઉદ વગેરેમાં આ પ્રમાણે છે :–

حَدَّثَنَا مُسَدَّدٌ قَالَ حَدَّثَنَا يَحْيىٰ وَ هٰذَا حَدِيْثُ اَحْمَدَ قَالَ حَدَّثَنَا عَبْدُالْحَمِيْدِ يَعْنِىْ اِبْنُ جَعْفَرٍ اَخْبَرَنِىْ مُحَمَّدُ ابْنُ عَمْرِو ابْنِ عَطَاءٍ قَالَ سَمِعْتُ اَبَاحَمِيْدِ السَّاعِدِىَّ فِىْ عَشَرَةٍ . الخ

''અમને મુસદ્દદે હદીષ બયાન કરી, તે ફર્માવે છે : અમને યહ્યાએ હદીષ સંભળાવી. અહમદે ફર્માવ્યું કે અમને અબ્દુલ હમીદ ઈબ્ને જાફરે, તે કહે છે કે મને મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને અતાએ ખબર આપી. તે કહે છે કે મેં અબૂ હમીદ સાઅદીથી દસ સહાબાઓની વચ્ચે સાંભળ્યું.''

એમાંથી અબ્દુલહમીદ ઈબ્ને જાફર સખત મજરૂહ તથા ઝઈફ છે. (જુઓ તહાવી) બીજા મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને અતાઅ્એ અબૂ હમીદ સાઅદીથી મુલાકાત જ નથી કરી અને કહી દીધું કે મેં એમનાથી સાંભળ્યું છે, જેથી એ ગલત છે. દરમ્યાનમાં કોઈ રાવી છૂટી ગયો જે 'મજહૂલ' છે. (તહાવી) આ બે ખામીઓના કારણે આ હદીષ જ નાકાબિલે અમલ છે. પણ જો કે તમારા માફક છે એટલા માટે તમને મકબૂલ છે ! કાંઈ તો શરમ કરો !

બીજુ એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે આ હદીષમાં એ પણ છે કે :–

ثُمَّ اِذَا قَامَ مِنَ الرَّكْعَتَيْنِ كَبَّرَ وَ رَفَعَ يَدَيْهِ حَتّٰى يُحَاذِىَ بِهِمَا مَنْكِبَيْهِ كَمَا كَبَّرَ عِنْدَافْتِتَاحِ الصَّلٰوةِ

''પછી જ્યારે બે રકાત પઢીને ઉઠતા તો તકબીર કહેતા અને પોતાના હાથો ઉઠાવતા ત્યાં સુધી કે ખભા સુધી થઈ જતા, જેમ કે નમાઝના શરૂમાં કર્યા હતા.''

બોલો ! તમે (ગૈર મુકલ્લિદો) બે રકાતોએથી ઉઠતી વખતે રફએ યદૈન કેમ નથી કરતા ?!

ત્રીજુ એ કે જ્યારે અબૂ હમીદ સાઅદીએ આ હદીષ સહાબાના મજમામાં

પેશ કરી તો તે બુઝુર્ગોએ ફર્માવ્યું જે અબૂદાઉદમાં છે કે :–

قَالُوْ نَعَمْ فَوَاللّٰهِ مَا كُنْتَ بِاَكْثَرِنَا لَهٗ تَبْعَةً وَاَقْدَمِنَا لَهٗ صُحْبَةً قَالَ بَلٰى

"તેમણે ફર્માવ્યું કે તમે અમારા કરતાં વધુ હુઝૂરની નમાઝના કેમ કરીને વાકેફ થઈ ગયા ?! ન તો તમે અમારાથી વધુ હુઝૂરની સાથે રહ્યા, ન તો અમારાથી પહેલાં તમે સહાબી બન્યા. તો અબૂ હમીદ બોલ્યા, બેશક ! એવું જ છે."

એનાથી જાણવા મળ્યું કે અબૂ હમીદ ન તો સહાબામાં ફકીહ તથા આલિમ છે ન તો તેમને હુઝૂરની વધુ સોહબત મયસ્સર થઈ અને હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ આલિમ તથા ફકીહ સહાબી છે જે હુઝૂરની સાથે સાયાની જેમ રહ્યા તે રફએ યદૈન (હાથ ઉઠાવવાની) વિરૂધ્ધ રિવાયત કરે છે. જેથી યકીનન અબૂ હમીદની રિવાયતના મુકાબલામાં હઝરત ઈબ્ને મસ્ઊદની રિવાયત અધિક મોઅતબર છે, જેમ કે હુકમ છે. જેથી તમારી આ હદીષ તદ્દન અમલને પાત્ર નથી.

ચોથુ એ કે અબૂ હમીદ સાઅદીએ એ નથી ફર્માવ્યું કે હુઝૂરે હયાતીના આખરી દિવસો સુધી રફએ યદૈન કર્યું. બલ્કે કેવળ એવું ફર્માવ્યું કે હુઝૂર આવું કરતા હતા, પણ કયાં સુધી ? એનો ઉલ્લેખ નથી કર્યો. અમે પ્રથમ વિભાગમાં જણાવી ચૂકયા છીએ કે રફએ યદૈનની હદીષો મન્સૂખ છે, જેથી આ તે મન્સૂખ હદીષનું બયાન છે કે એક સમયે હુઝૂર આ પ્રમાણે કરતા હતા. સૌ અમલને પાત્ર નથી.

પાંચમુ એ કે આ હદીષ શરઈ કિયાસની વિરૂધ્ધ છે અને સૈયદના ઈબ્ને મસ્ઊદની રિવાયત કિયાસના મુજબ છે જેથી તે હદીષ વાજિબુલ અમલ છે અને તમારી આ રિવાયત ત્યજવી વાજિબ છે કેમ કે જયારે હદીષોમાં વિરોધાભાસ થાય તો શરઈ કિયાસ વડે એકને પ્રાધાન્ય આપવામાં આવે છે. એના ઘણા દ્રષ્ટાંતો મૌજૂદ છે. જુઓ એક હદીષમાં છે : اَلْوُضُوْءُ مِمَّا مَسَّتْهُ النَّارُ "આગની પકવેલી ચીજના ઉપયોગથી વઝૂ કરવું વાજિબ છે." બીજી હદીષમાં

છે કે ''હુઝૂર ﷺ એ ખાવા ખાઈને વઝૂ કર્યા વિના નમાઝ પઢી.'' અહીં હદીષોમાં વિરોધાભાસ ઉભો થયો તો પ્રથમ હદીષ છોડી દેવામાં આવી કે કિયાસથી વિરૂધ્ધ છે કેમ કે રાત દિવસ ગરમ પાણીથી વઝૂ કરવામાં આવે છે. બીજી હદીષ અમલ માટે વાજિબ થઈ કે કિયાસના મુજબ છે. એ જ પ્રમાણે અહીં છે.

છઠ્ઠુ એ કે આમ સહાબીઓનો અમલ તમારી રજુ કરેલી હદીષ વિરૂધ્ધ રહ્યો, જેમ કે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા. જાણવા મળ્યું કે સહાબાની નજરમાં રફએ યદૈનની હદીષ મન્સૂખ છે.

સાતમુ એ કે અબૂ હમીદ સાઅદીની આ રિવાયતમાં અબ્દુલ હમીદ ઈબ્ને જાફર અને મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને અતા એવા ગૈર મોઅતબર રાવી છે કે ખુદાની પનાહ ! જેમ કે ઈમામ મારવીએ જૌહરે નકીમાં જણાવ્યું કે, અબ્દુલ હમીદ મુન્કરુલ હદીષ છે. આ ઈમામ મારવી તે છે જેમને યહ્યા ઈબ્ને સઈદ કહે છે, ''હદીષના વિષયમાં તે ઈમામ છે.'' મુહમ્મદ ઈબ્ને અમ્ર એવો જૂઠો રાવી છે કે તેની મુલાકાત અબૂ હમીદ સાઅદી સાથે કદાપિ થઈ નથી. છતાં કહે છે **સમ્મિઅતુ !** ''મેં એમનાથી સાંભળ્યું.'' આવા જૂઠા માણસની રિવાયત ''મૌઝૂઅ'' (બનાવટી) અથવા કમસે કમ પ્રથમ કક્ષાની મુદલ્લસ છે. તેમજ આ હદીષની સનદોમાં સખત વિવાદ છે સનદો પણ વિવાદાસ્પદ છે અને મતન પણ. જેમ કે અતાફ ઈબ્ને ખાલિદ જ્યારે આ જ રિવાયત કરી તો મુહમ્મદ ઈબ્ને અમ્ર અને અબૂ હમીદ સાઅદીની વચ્ચે એક મજહુલુલ હાલ (જેની હાલત છુપી હોય તેવો) વર્ણન કરવામાં આવ્યો, જેથી આ હદીષ મજહૂલ પણ છે. (જુઓ હાશિયા અબૂ દાઉદ એ જ મકામ પર) આવી રિવાયત તો નામ લેવાને પાત્ર પણ નથી તો એનાથી દલીલ પકડવામાં આવે એ કયાંથી યોગ્ય ગણાશે ?!

આઠમુ એ કે બુખારીએ પણ અબૂ હમીદ સાઅદીની આ રિવાયત લીધી પણ ન એમાં એવા રાવી છે ન ત્યાં રફએ યદૈનનો ઉલ્લેખ છે. (જુઓ મિશ્કાત શરીફ બાબુસ્સિફતુસ્સલાત) જો તેમની રિવાયતમાં રફએ યદૈનનો યોગ્ય

ઉલ્લેખ હોત તો ઈમામ બુખારી કદાપિ ન છોડત. સારાંશ કે તમારી આ હદીષ કોઈ રીતે પણ નોંધ પાત્ર નથી.

હનફી ભાઈઓ ! રફએ યદૈન (હાથો ઉઠાવવા) એ ગૈર મુકલ્લિદોનો ટોચનો મસઅલો છે અને આ અબૂ હમીદ સાઅદીવાળી હતી તેમની મહામૂલી હદીષ છે જે વહાબીઓના બચ્ચા બચ્ચાને મોઢે હોય છે. સામાન્ય હનફીઓ તેમની જાહેરી શોર જોઈને સમજે છે કે તેમની દલીલ ખૂબ મજબૂત છે ! અલ્હમ્દુલિલ્લાહ ! કે આ હદીષના ચિથડાં વેરાઈ ગયાં ! હવે વહાબી આ હદીષ રજુ કરવાની હિંમત નથી કરી શકતા.

યાદ રાખશો કે વહાબીઓની કોઈ સનદોનું મજરૂહ થઈ જવું એ વહાબીઓ માટે કિયામત છે ! કેમ કે તેમના મઝહબનો પાયો કેવળ આ સનદો પર જ છે. એ એક અસ્નાદ ગલત સાબિત થઈ ગઈ તો સમજો કે એમના મઝહબની એક આંખ ફૂટી ગઈ ! કેમ કે એ બીચારાઓનો એ અસ્નાદો સિવાય કોઈ સહારો નથી. તેઓ બેપીર, બેઅમામા, બેમુર્શિદ, નૂર વિહોણા આ આયત મુજબ છે :–

રબ ફર્માવે છે : وَ مَنْ يُّضْلِلْ فَلَنْ تَجِدَ لَهٗ وَلِيًّا مُّرْشِدًا "જેને અલ્લાહ ગુમરાહ કરે તેને ન કોઈ વલી મળે, ન પીર મુર્શિદ."

તદ્ ઉપરાંત ફર્માવે છે : وَمَنْ يَّلْعَنِ اللّٰهُ فَلَنْ تَجِدَلَهٗ نَصِيْرًا "જેના પર ખુદા લા'નત કરે છે તેનો કોઈ મદદગાર નથી."

પરંતુ હનફીઓની હદીષોમાંથી કોઈ અસ્નાદના મજરૂહ થવાથી હનફીઓ પર કોઈ અસર નથી પડતી. આપણા ફિકહી મસાઈલોનો દારોમદાર આ અસ્નાદો પર નથી બલ્કે હઝરત ઈમામુલ અઈમ્મા, કાશિફુન્નેઅમત, સિરાજુલ અઈમ્મા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના ફર્માને પાક પર છે. તે ઈમામે આ'ઝમ જે ઉમ્મતનો ચિરાગ છે. ઈમામ બુખારી તથા તમામ મુહદ્દિષોના ઉસ્તાદોના ઉસ્તાદ છે. જેમના દામન હેઠળ હજારો ઔલિયા તથા ઉલમા છે, જેમનો મઝહબ દરેક તે જગાએ મૌજૂદ છે જ્યાં રસૂલુલ્લાહનો

દીન મૌજૂદ છે. તેમના કૌલ આપણા મસાઈલની દલીલ છે. હા ! ઈમામે આ'ઝમની દલીલો કુર્આની આયતો અને તે સહીહ હદીષો છે જેના પર ન કોઈ ખતરો છે, ન શંકા ! કેમ કે ઈમામે આ'ઝમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી ખૂબ જ નિકટના જમાનામાં છે.

દ્રષ્ટાંત : જુઓ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વારસો વહેંચ્યો નહીં, જ્યારે કે કુર્આને કરીમમાં વારસો વહેંચવાનો હુકમ છે. જ્યારે તેમની ખિદમતમાં આ પ્રશ્ન કરવામાં આવ્યો તો ફર્માવ્યું કે મેં હુઝૂરથી સાંભળ્યું છે કે અંબિયાએ કિરામનો વારસો વહેંચણી નથી પામતો. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ ખૂદ ડાયરેકટ આ હદીષ સાંભળી હતી અને બેધડક એના પર અમલ કર્યો. જો આ હદીષ વડે અમે દલીલ કરત તો અમને હજારો મુસીબતો ઉપસ્થિત થાત. અસ્નાદ પર હજારો પ્રકારની પકડો થઈ જાય, પણ સિદ્દીકે અકબરની આંખોએ ખામોશ કુર્આન વારસાની વહેંચણીનો હુકમ જોયો હતો. પરંતુ તેમના કાનોએ બોલતા કુર્આન صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે, "આ હુકમથી અંબિયાએ કિરામ અપવાદ છે." જેવી રીતે સિદ્દીકે અકબરની હદીષ જેરહો કદહથી પાક છે એવી જ રીતે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની રિવાયત જેરહો કદહથી પાક છે. કેમ કે તેમનો સમય હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી જોડાએલ છે. જેથી વહાબીઓ માટે આ અસ્નાદો આફત છે ! આપણા હનફીઓ પર એ જેરહોની કોઈ અસર નથી. જુઓ અમે પ્રથમ વિભાગમાં ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની જે હદીષો રજુ કરી તે સુબ્હાનલ્લાહ ! કેવી પાકીઝા સનદો છે ! શું કોઈ વહાબીમાં હિંમત છે કે તે અસ્નાદ પર જેરહ કરી શકે ?!

વાંધો ૬ : બુખારી તથા મુસ્લિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી :–

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ	"બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم હાથ
وَسَلَّمَ كَانَ يَرْفَعُ يَدَيْهِ حَذْوَ	ખભા સુધી ઉઠાવતા જ્યારે નમાઝ શરૂ કરતા
مَنْكِبَيْهِ اِذَا اِفْتَتَحَ الصَّلٰوةَ وَ اِذَا	અને જ્યારે રુકૂઅના માટે તકબીર કહેતા

كَبَّرَ لِلرُّكُوْعِ وَ اِذَا رَفَعَ رَاسَهٗ مِنَ الرُّكُوْعِ رَفَعَهَا كَذَالِكَ وَقَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ رَبَّنَا لَكَ الْحَمْدُ وَكَانَ لَا يَفْعَلُ ذَالِكَ فِىْ السُّجُوْدِ

અને જ્યારે રુકૂઅથી માથુ ઉઠાવતા ત્યારે પણ એવી જ રીતે હાથ ઉઠાવતા હતા અને ફર્માવતા, **સમિઅલ્લા હુલિમન્ હમિદહ્, રબ્બના લકલ્ હમ્દ** અને સિજદામાં રફએ યદૈન કરતા ન હતા.''

આ હદીષ મુસ્લિમ તથા બુખારીની છે, ખૂબ જ સહીહ અસ્નાદવાળી છે, જેનાથી રફએ યદૈન (હાથો ઉઠાવવા) રુકૂઅના વખતે પણ અને રુકૂઅ પછી પણ સાબિત છે.

જવાબ : તેના કેટલાક જવાબો છે. એક એ કે આ હદીષમાં એનો ઉલ્લેખ તો છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રુકૂઅમાં રફએ યદૈન કરતા હતા પણ એ ઉલ્લેખ નથી કે છેવટના સમય સુધી હુઝૂરનો અમલ રહ્યો. અમે પણ કહીએ છીએ કે ખરેખર રફએ યદૈન ઈસ્લામમાં પહેલાં હતુ પછીથી મન્સૂખ થઈ ગયું. આ હદીષમાં તે જ મન્સૂખ અમલો ઉલ્લેખ છે. તેનુ મન્સૂખ થવું અમે પ્રથમ વિભાગમાં વર્ણન કરી ચૂકયા છીએ.

બીજુ એ કે સહાબાએ કિરામે રફએ યદૈન (હાથો ઉઠાવવાનુ) છોડી દીધું એના કારણ કેવળ એ છે કે તેમની દ્રષ્ટિએ રફએ યદૈન મન્સૂખ છે. જેમ કે દારકુત્નીમાં પેજ–૧૧૧ ઉપર સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી :–

قَالَ صَلَّيْتُ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ مَعَ اَبِىْ بَكْرٍ وَّ مَعَ عُمَرَ فَلَمْ يَرْفَعُوْا اَيْدِيَهُمْ اِلَّا عِنْدَالتَّكْبِيْرَةِ الْاُوْلٰى فِىْ اِفْتِتَاحِ الصَّلٰوةِ

''ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અબૂ બક્ર સિદ્દીક તથા ઉમર ફારૂક رضی اللہ تعالےٰ عنہما ની સાથે નમાઝો પઢી છે તેમણે નમાઝ પ્રારંભમાં પ્રથમ તકબીર સિવાય અન્ય કોઈ વખતે હાથ ન ઉઠાવ્યા.''

કહો જનાબ ! જો હાથો ઉઠાવવાની સુન્નત બાકી છે તો તે બુઝુર્ગોએ તેના પર અમલ કરવાનુ કેમ ત્યજી દીધું ? **ત્રીજું** એ કે આ હદીષના રાવી સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર છે અને તેમનો ખૂદ પોતાનો અમલ તેની વિરૂધ્ધ કે

આપ હાથો ઉઠાવતા ન હતા ! જેમ કે અમે પ્રથમ વિભાગમાં નકલ કરી ચૂકયા. અને જયારે રાવીનો પોતાનો અમલ પોતાની રિવાયતની વિરૂધ્ધ હોય તો માલૂમ થશે કે આ હદીષ ખૂદ રાવીની નજીક મન્સૂખ છે. અમે પ્રથમ વિભાગમાં એ પણ દર્શાવી ચૂકયા છીએ કે હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ પણ રફએ યદૈન કરતા ન હતા. આ સહાબીઓના અમલે હદીષનું મન્સૂખ થવું સાબિત કર્યું. **ચોથુ** એ કે રિસાલા આફતાબે મુહમ્મદીમાં છે કે આ હદીષ ઈબ્ને ઉમરથી કેટલીક અસ્નાદોથી રિવાયત પામેલી છે અને તે સખ્ત ઝઈફ છે કેમ કે એક રિવાયતમાં યૂનુસ છે જે સખ્ત ઝઈફ છે જેમ કે તેહઝીબમાં છે. તેની બીજી અસ્નાદમાં અબૂ કલાબા છે જે ખારજી મઝહબવાળો છે એટલે કે નાસબી. જુઓ તહઝીબ ત્રીજી અસ્નાદમાં ઓબૈદુલ્લાહ છે તે પાકો રાફઝી હતો. ચોથી અસ્નાદમાં શોએબ ઈબ્ને ઈસ્હાક છે એ પણ મુરજિય્યહ મઝહબનો હતો. મતલબ કે રફએ યદૈનની હદીષોના રાવી લગભગ સૌ રાફઝી છે કેમ કે રાફઝીઓનો અમલ છે કે તેઓ રફએ યદૈન કરે છે.

વાંધો ૭ : બુખારી શરીફે હઝરત નાફેઅથી રિવાયત કરી :–

اَنَّ ابْنَ عُمَرَ كَانَ اِذَ دَخَلَ فِیُ الصَّلٰوةِ كَبَّرَ رَفَعَ يَدَيْهِ وَ اِذَا قَالَ سَمِعَ اللّٰهُ لِمَنُ حَمِدَهٗ رَفَعَ يَدَيْهِ وَ اِذَا قَامَ مِنَ الرَّكْعَتَيْنِ رَفَعَ يَدَيْهِ وَ رَفَعَ ذَالِكَ ابْنُ عُمَرَ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર જ્યારે નમાઝમાં દાખલ થતા તો તકબીર કહેતા અને પોતાના બંને હાથ ઉઠાવતા અને જ્યારે **સમિઅલ્લાહુલિમન્ હમિદહ્** કહેતા ત્યારે પણ બંને હાથોને ઉઠાવતા અને જ્યારે બે રકાતોથી ઉભા થતા ત્યારે પણ બંને હાથ ઉઠાવતા હતા અને આ અમલને આપ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પ્રતિ મરફૂઅ ફર્માવતા હતા."

જુઓ ! સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રુકૂઅ વખતે રફએ યદૈન કરતા હતા. રફએ યદૈન સહાબાની સુન્નત પણ છે.

જવાબ : એના બે જવાબો છે. **એક** એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ

છે, કેમ કે એમાં બે રકાતોએથી ઉઠતી વખતે પણ રફએ યદૈન સાબિત છે અને તમે લોકો તો કેવળ રુકૂઅ પર કરો છો, બે રકાતોથી ઉઠતી વખતે નથી કરતા. **બીજુ** એ કે પ્રથમ વિભાગમાં આ હદીષ બયાન કરી ચૂકયા છીએ કે હઝરત મુજાહિદ ફર્માવે છે, મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની પાછળ નમાઝ પઢી, તે કેવળ તકબીરે તહરીમા વખતે હાથ ઉઠાવતા હતા. હવે હઝરત ઈબ્ને ઉમરના બે ફેઅલ (કાર્યો) નકલ થયાં, એક રુકૂઅ વખતે હાથ ઉઠાવવા અને ન ઉઠાવવા. આ બંને હદીષોને એ રીતે ભેગી કરી શકાય છે કે મન્સૂખ થવાની ખબર પહેલાં આપ હાથ ઉઠાવતા હતા અને મન્સૂખ થવાની ખબર પછી ઉઠાવતા ન હતા. કેમ કે આ હદીષમાં સમયનો ઉલ્લેખ નથી કે કયારે અને કયા જમાનામાં ઉઠાવતા હતા. જેથી બંને હદીષો ભેગી થઈ ગઈ. જેમ કે તહાવી શરીફમાં છે :

فَقَدْ يَجُوْزُ اَنْ يَّكُوْنَ ابْنُ عُمَرَ فَعَلَ مَارَاٰهُ طَاؤُسٌ قَبْلَ اَنْ تَقُوْمَ الْحُجَّةُ عِنْدَهٗ بِنَسْخِهٖ ثُمَّ قَامَتِ الْحُجَّةُ عِنْدَهٗ بِنَسْخِهٖ وَ تَرَكَهٗ وَ فَعَلَ مَا ذَكَرَهٗ عَنْهُ مُجَاهِدٌ

''જાઈઝ છે કે સૈયદના ઈબ્ને ઉમરનુ રફએ યદૈન (હાથો ઉઠાવવું) જે તાઉસે જોયું તે મન્સૂખના સબૂતથી પહેલાં કર્યું હોય, પછી જયારે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરને રફએ યદૈનના મન્સૂખ થવાની તેહકીક થઈ ગઈ તો છોડી દીધું અને તે કર્યું જે મુજાહિદે જોયું.'' (રફએ યદૈન ન કર્યું)

સારાંશ કે અમારી નજીક બંને હદીષ વિવિધ સમયોમાં, વિવિધ અમલમાં દુરુસ્ત છે. પણ વહાબીઓએ એક હદીષ છોડવી પડે છે ! કોઈ હદીષને છોડવા કરતાં બંનેને ભેગી કરવી બેહતર છે.

વાંધો ૮ : મુસ્લિમ શરીફે હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી જેના કેટલાક શબ્દો આ પ્રમાણે છે.

فَلَمَّا قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ رَفَعَ يَدَيْهِ فَلَمَّا سَجَدَ سَجَدَ بَيْنَ كَفَّيْهِ

''જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ **સમિઅલ્લા હુલિમન્ હમિદહ્** ફર્માવ્યું તો પોતાના બંને હાથો ઉઠાવ્યા અને જયારે સિજદો કર્યો તો બંને હાથોની વચ્ચે કર્યો.''

એનાથી પણ રફએ યદૈન (હાથો ઉઠાવવું) સાબિત છે.

જવાબ : હઝરત વાઈલ ઈબ્ને હજર رضی اللہ عنہ ની આ રિવાયત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદની રિવાયતના મુકાબલામાં મોઅતબર (વિશ્વાસપાત્ર) નથી. હઝરત વાઈલ ઈબ્ને હજર رضی اللہ عنہ ની આ રિવાયત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદની રિવાયતની સરખામણીમાં મોઅતબર નથી. હઝરત વાઈલ ઈબ્ને હજર કેવળ એક વાર હાથ ઉઠાવવાની રિવાયત કરે છે કેમ કે વાઈલ ઈબ્ને હજર ગામડાના રહેવાસી હતા. જેમણે એકાદ વાર હુઝૂરની પાછળ નમાઝ પઢી, તેમને મન્સૂખ હુકમોની ખબર જવલ્લે જ પડતી હતી, પણ હઝરત મસ્ઊદ હમેશાં હુઝૂરની સાથે રહેતા હતા અને મહાન આલિમ તથા ફકીહ હતા. તેમજ હઝરત વાઈલ ઈબ્ને હજર હુઝૂરની પાછળ છેલ્લી સફમાં ઉભા રહેતા હશે, જ્યારે હઝરત ઈબ્ને મસ્ઊદ પ્રથમ સફમાં ખાસ હુઝૂરની પાછળ ઉભા રહેનાર સહાબી છે. કેમ કે હુઝૂરની પાછળ ઉલમા, ફકીહો, સહાબીઓ ઉભા રહેતા હતા. ખૂદ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હુકમ આપ્યો હતો કે : لِيَلِيَنِيْ مِنْكُمْ اُولُوا الْاَحْلَامِ وَ النُّهٰى તમારામાં મારી નજીક તે રહે જે ઈલ્મવાળો તથા બુધ્ધિશાળી હોય.''

જેમ કે મુસ્નદે ઈમામે આ'ઝમમાં છે કે કોઈકે સૈયદના ઈબ્રાહીમ નખઈને હઝરત વાઈલ ઈબ્ને હજરની આ રિવાયતના વિશે પૂછયું જેમાં તેમણે રફએ યદૈનનો ઉલ્લેખ કર્યો છે, તો હઝરત ઈબ્રાહીમ નખઈએ આ પ્રમાણે ઉમદા જવાબ આપ્યો કે :

فَقَالَ اَعْرَابِيٌّ لَا يَعْرِفُ شَرَائِعَ الْاِسْلَامِ وَلَمْ يُصَلِّ مَعَ النَّبِي صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِلَّا صَلٰوةً وَاحِدَةً وَ قَدْ حَدَّثَنِيْ مَنْ لَّا اُحْصِيْ عَنْ عَبْدِاللّٰهِ ابْنِ مَسْعُوْدٍ اَنَّهٗ كَانَ يَرْفَعُ يَدَيْهِ فِيْ بَدْءِ الصَّلٰوةِ فَقَطْ وَ حَكَاهُ

''તેમણે ફર્માવ્યું કે વાઈલ ઈબ્ને હજર ગામડાના રહેવાસી હતા. ઈસ્લામના હુકમોથી સંપૂર્ણપણે વાકેફ ન હતા. હુઝૂરની સાથે એકાદ જ નમાઝ પઢી શકયા અને મને અસંખ્ય શખ્સોએ હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે આપ કેવળ નમાઝની શરૂઆતમાં હાથ ઉઠાવતા

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ عَبْدُاللّٰهِ عَالِمٌ بِشَرَائِعِ الْاِسْلَامِ وَحُدُوْدِهٖ مُتَفَقِّدُ اَحْوَالَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مُلَازِمٌ لَهٗ فِيْ اِقَامَتِهٖ وَ اَسْفَارِهٖ وَقَدْ صَلّٰى مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَا لَا يُحْصٰى

હતા અને હુઝૂરથી નકલ ફર્માવતા હતા. અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ ઈસ્લામી અહકામ (હુકમો)થી માહિતગાર, હુઝૂરની હાલતોની તહકીકી ખબર રાખનારા અને હુઝૂરના સફર તથા મુકામના સાથી હતા. તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે અસંખ્ય નમાઝો પઢી.''

ખુલાસો એ કે આલિમ તથા ફકીહ અને હુઝૂરની સાથે હમેશાં રહેનાર સહાબીની રિવાયતને અગ્રિમતા આપવામાં આવે છે. જેથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદની રિવાયત અમલને પાત્ર છે અને એ રિવાયતના મુકાબલામાં સૈયદના વાઈલ ઈબ્ને હજરની રિવાયત અમલને પાત્ર નથી. તેમણે રફએ યદૈનના મન્સૂખ થતાં પહેલાંનો ફેઅલ જોયો અને તે જ નકલ ફર્માવી દીધો.

વાંધો ૯ : જો તકબીરે તહરીમા સિવાય રફએ યદૈન ન કરવું જોઈએ તો તમે લોકો ઈદની નમાઝો અને વિત્રની નમાઝમાં રુકૂઅના સમયે શા માટે રફએ યદૈન કરો છો ? શું આ બંને નમાઝો નમાઝ નથી ! (કેટલાક ડેરા ગાઝીખાની વહાબી)

જવાબ : આ સવાલથી તમારી લાચારી જાહેર થઈ રહી છે. હદીષોમાં તો તમે રહી ગયા ! હવે આમ તેમથી બહાનાં બનાવવા માંડયા. જનાબ ! અહીં વાત તે રફએ યદૈન (હાથો ઉઠાવવા)ની છે જેને તમે નમાઝની કે રુકૂઅની સુન્નત સમજી બેઠા છો. ઈદો તથા વિત્રમાં હાથો ઉઠાવવાનુ રુકૂઅની સુન્નત નથી, બલ્કે ઈદની નમાઝ અને દુઆએ કુનૂતની સુન્નતો છે. એટલા જ માટે ઈદમાં એક રકાતમાં ત્રણવાર રફએ યદૈન થાય છે અને વિત્રમાં રુકૂઅથી પહેલાં નહીં બલ્કે દુઆએ કુનૂતથી પહેલાં થાય છે. જેમ કે ઈદની નમાઝમાં ખુત્બો, જમાઅત વગેરે અને વિત્રની નમાઝમાં દુઆએ કુનૂત તથા ત્રણ રકાત વગેરે વિશિષ્ટતા હોય છે. જો પંજગાના નમાઝને ઈદની નમાઝ તથા વિત્ર પર કિયાસ કરતા હોઉ તો હે વહાબીઓ ! દરેક રુકૂઅ પર ત્રણ વાર રફએ યદૈન કર્યા કરો !

અને દરેક નમાઝમાં દુઆએ કુનૂત પઢયા કરો.

વાંધો ૧૦ : હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે સૂરએ કૌષર શરીફ નાઝિલ થઈ તો હુઝૂરે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ને પૂછયું કે હે જિબ્રઈલ! નહ્ર શું ચીજ છે ? જેનો મને નમાઝની સાથે હુકમ આપવામાં આવ્યો. તો હઝરત જિબ્રઈલે ફર્માવ્યું કે આ નહ્રથી મુરાદ કુર્બાની નથી બલ્કે જ્યારે તમે નમાઝની તકબીરે તહરીમા કહો તો તમારા હાથ ઉઠાવો અને જ્યારે રુકૂઅ કરો અને જ્યારે તમારું માથુ ઉઠાવો. કેમ કે એ જ અમારી નમાઝ છે અને તે ફરિશ્તાઓની નમાઝ છે જે સાત આસ્માનોમાં છે.

اِذَا تَحَرَّمْتَ لِلصَّلٰوةِ اَنْ تَرْفَعَ يَدَيْكَ اِذَا كَبَّرْتَ وَ اِذَا رَكَعْتَ وَ اِذَا رَفَعْتَ رَاسَكَ مِنَ الرُّكُوْعِ فَاِنَّهَا صَلٰوتُنَا وَ صَلٰوةُ الْمَلٰئِكَةِ الَّذِيْنَ فِى السَّمٰوٰتِ السَّبْعِ

એનાથી જાણવા મળ્યું કે કુર્આને કરીમે જેવી રીતે નમાઝનો હુકમ આપ્યો છે એવી જ રીતે રફએ યદૈન એવું જરૂરી છે જેવી રીતે નમાઝ જરૂરી છે. કેમ કે રબ તઆલાએ ફર્માવ્યું, એ પણ જાણવા મળ્યું કે ફરિશ્તાઓ પણ રફએ યદૈન કરે છે. તો જે લોકો રફએ યદૈન ન કરે તેઓ હુઝૂરના પણ વિરોધી છે, સહાબાએ કિરામના પણ અને ફરિશ્તાઓના પણ ! ફર્શ તથા અર્શ પર રફએ યદૈન થાય છે. તમે લોકો એક ઈમામ અબૂ હનીફાની પેરવીમાં તે તમામ મુકદ્દસ હસ્તીઓની વિરૂધ્ધતા ન કરો.

જરૂરી નોંધ : ડેરા ગાઝીખાંના વહાબી ગૈર મુકલ્લિદોની તરફથી રફએ યદૈનના વિશે એક પરચો મફત વહેંચાયો જે મને પણ મોકલવામાં આવ્યું. એમાં આ વાંધો ખૂબ જ ભારપૂર્વક વર્ણન થયેલ છે, અત્યાર સુધી જુના વહાબીઓને સૂઝયુ ન હતું !

જવાબ : વહાબીજી ! તમે અથવા તમારા કોઈ હમનવાએ જૂઠી હદીષ ઘડી તો લીધી પણ ઘડતાં ન આવડી. જૂઠુ બોલવાના માટે પણ આવડત જોઈએ ! તમારી ઘડેલી હદીષે જ તમારા મઝહબનો બેડો ગર્ક કરી નાખ્યો. જેમ કે તમે તેની અસ્નાદ બયાન ન કરી એટલા માટે અસ્નાદ પર બહષ નથી કરવામાં

આવી શકતી અને કહી પણ નથી શકાતુ કે તેને ઘડનારો કોણ છે. અલબત્ત હદીષના મતન પર કેટલીક રીતે ચર્ચા થઈ શકે છે.

એક તો એ કે તમે નહ્રનો અર્થ કર્યો રુકૂઅથી પહેલાં અને રુકૂઅ બાદ હાથ ઉઠાવવા, આ લુગતની (શબ્દકોષની) કઈ કિતાબથી સાબિત છે. નહ્રનો અર્થ "હાથ ઉઠાવવો રુકૂઅથી પહેલાં અને પછી" આટલા અર્થની પોટલી એક શબ્દ નહ્રમાં કોણે ભરી દીધી ! શું હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والسلام ને અરબી લુગતની પણ ખબર ન હતી જેથી નહ્રનો અર્થ આવો દર્શાવી ગયા ! વળી નબી صلى الله تعالىٰ عليه وسلم અને અહલે બૈતે અત્હારે પણ ન પૂછયું કે, હે જિબ્રઈલ ! નહ્રનો આ અનોખો અર્થ કયાંથી કાઢવામાં આવ્યો ?! અને કેવી રીતે લેવામાં આવ્યો ? લુગતનો હવાલો રજુ કરો ! જો કુર્આન તથા હદીષના આવા અર્થો કરવાનુ શરૂ થઈ ગયું તો આ દીનની ખુદા ખૈર કરે ! **સલાત**નો અર્થ રોટલી ખાવી, **ઝકાત**નો અર્થ પાણી પીવું, **હજ**નો અર્થ કપડાં પહેરવાં, **સૌમ**નો અર્થ ખાટલા પર સૂવું, **જેહાદ**નો અર્થ દુકાનદારી કરવી ! લો કરો વાત ! ઈસ્લામના પાંચેવ અરકાન ખતમ ! જરા શરમ કરો ! તમારા બેઅદબ મઝહબને બનાવવા માટે શા માટે આવી હદીષો ઘડો છો ? **બીજુ** એ કે અહીં નહ્ર સલાત પર અવલંબિત છે અને આધાર હમેશાં આધાર પામતી ચીજથી અલગ હોય છે. તો જોઈએ કે નહ્રથી મુરાદ રફએ યદૈન ન હોય, કેમ કે એ નમાઝનો ભાગ છે ન કે નમાઝથી અલિપ્ત. ત્રીજુ એ કે જ્યારે **વન્હર** નો અર્થ થયો"રફએ યદૈન કરો" અને આ બાબત કુર્આને કરીમમાં નમાઝના હુકમની સાથે વર્ણન કરવામાં આવી તો એવુ હોવું જોઈએ કે જેવી રીતે નમાઝ કતઈ ફર્ઝ છે તેનો બહિષ્કાર કરનાર દીનથી ખારિજ થઈ જાય છે તેવી જ રીતે રફએ યદૈન ફર્ઝ કતઈ હોય કે તેના સર્વ મુન્કિરો (ઈન્કાર કરનાર) કાફિર થાય. તો તમે તથા તમારી આખી જમાઅત એને ફર્ઝ કેમ નથી કહેતા ? કેવળ સુન્નત શા માટે કહો છો ? અને જ્યારે ગૈરમુકલ્લિદ હનફીઓમાં ફસાવ છો તો રફએ યદૈન (હાથો ઉઠાવવાનુ) શા માટે છોડી દો છો ? એવું કહીને કે રફએ યદૈન કરવું સુન્નત છે ન કરવું પણ સુન્નત છે જેથી જેના પર ચાહો અમલ કરી લો ! બતાવો ! એની ફઝિયતનો ઈન્કાર કરીને તમામ વહાબી શું થયા ?!

ચોથુ એ કે કોઈ મુહદ્દિષે રફએ યદૈનને કતઈ ફર્ઝ નથી કહ્યું. ઈમામ તિર્મિઝીએ રફએ યદૈન ન કરવાની હદીષને હસન જણાવીને ફર્માવ્યું કે એના પર ઘણા ઉલમા, સહાબા તથા તાબઈનનો અમલ છે. બતાવો ! ઈમામ તિર્મિઝી અને સર્વ મુહદ્દિષો રફએ યદૈનની ફર્ઝિયતનો ઈન્કાર કરીને તમારી દ્રષ્ટિમાં ઈસ્લામના વર્તુળમાં રહ્યા કે નહીં ? અને હવે તેમની કિતાબોમાંથી હદીષ લેવી શરીઅતની રૂએ જાઈઝ છે કે નાજાઈઝ ?

પાંચમુ એ કે અમે પ્રથમ વિભાગમાં દલીલો સાથે સાબિત કરી ચૂકયા કે હઝરત અબૂબક્ર સિદ્દીક, ઉમર ફારૂક, અલી મુર્તઝા, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ, અબ્દુલ્લાહ ઈબ્ને જુબૈર رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવા જલીલુલ કદર સહાબા રફએ યદૈન કરતા ન હતા, બલ્કે સૈયદના અબ્દુલ્લા ઈબ્ને મસઊદ رضی اللہ تعالےٰ عنہ એનાથી સખત મના ફર્માવતા હતા. તો આટલો મોટો કુર્આની ફરીઝો જે નમાઝની જેમ ફર્ઝ હોય તે એ સહાબીઓથી છુપો રહ્યો ! અને આજે ૧૪૦૦ વરસ પછી ડેરા ગાઝીખાંના એક મોલ્વીને માલૂમ પડી ગયો ! એ અતિ આશ્ચર્યની વાત છે કે નહીં ?

છઠ્ઠુ એ કે તમે આ બનાવટી હદીષ હઝરત અમીરુલ મો'મિનીન મૌલાએ કાઈનાત અલી મુર્તઝા رضی اللہ عنہ ની પ્રતિ સંબંધિત કરી તો આશ્ચર્યની વાત છે કે હઝરત અલી ખૂદ આ રિવાયત બયાન ફર્માવે છે અને પોતે જ એની વિરૂધ્ધ કરે છે કે રફએ યદૈન નથી કરતા ! છેવટે પોતે જ અમલ કેમ છોડી દીધો ?!

સાતમુ એ કે ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત જિબ્રઈલને **વન્હર**નો અર્થ પૂછયો અને પછી પોતે તેના પર અમલ ન કર્યો, જેમ કે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા છીએ. અસલમાં એવું હોવું જોઈતુ હતું કે રફએ યદૈનની એ જ પ્રમાણે તબ્લીગ કરવામાં આવતી, જેવી રીતે નમાઝની ફર્ઝિયતની તબ્લીગ કરવામાં આવી અને રફએ યદૈન ન કરવાવાળાઓ પર એ જ પ્રમાણે જેહાદ કરવામાં આવતો જેવી રીતે હઝરત સિદ્દકે અકબરે ઝકાતના મુન્કિરો પર કર્યો. મુલ્લાજી ! હદીષ ઘડતાં પહેલાં તમામ ઊંચ નીચ વિચારી લેવું જોઈએ !

મુસલમાનો વિચારો ! આ છે તેમની હદીષની પૈરવી ! જેઓ આપણી પાસે દરેક મસ્અલામાં બુખારી તથા મુસ્લિમની હદીષોની માંગણી કરે છે અને પોતાના માટે આવી બેહૂદા હદીષો ઘડી લેવામાં ખુદાનો ખૌફ નથી કરતા. શાયદ **'એહલે હદીષ'નો અર્થ જ 'હદીષ બનાવનારા, હદીષ ઘડનારા' હશે !**

વાંધો ૧૧ : હઝરત ઈમામ અબૂ હનીફા ફર્માવે છે : إِذَا ثَبَتَ حَدِيْثٌ فَهُوَ مَذْهَبِيْ "જ્યારે કોઈ હદીષ સાબિત થઈ જાય તો તે જ મારો મઝહબ છે." હવે રફએ યદૈન, ઈમામ પાછળ કિર્અતના વિશે આપણને સાબિત થઈ ગયું કે ઈમામ અબૂ હનીફાનો કૌલ હદીષની વિરૂધ્ધ છે એટલા માટે અમે એમનો કૌલ દીવાલ સાથે માર્યો અને હદીષે રસૂલ પર અમલ કર્યો. ખૂદ તેહકીક કરીને હદીષ પર અમલ કરવો એ જ હન્ફિયત છે. (આમ વહાબી)

જવાબ : જી હા ! અને ખાસ કરીને જ્યારે કે હદીષના મુહક્કિક તમારા જેવા મુહક્કિકો (હુક્કા પીનારા !) હોય જેમને ઈસ્તિન્જા કરવાની તમીઝ નથી, જેઓ બુખારીને (હાકા–હેથી) બુખારી, મુસ્લિમને મુસલ્લિમ, હદીષને હદ્દષ કહે ! જનાબ ! હઝરત ઈમામે તમારી જેવા બુઝુર્ગોને આ ખુલી છૂટ નથી આપી. ઈમામના ફર્માનનો તર્જુમો આ પ્રમાણે છે :– "જ્યારે હદીષ સાબિત થઈ ગઈ તો તે મારો મઝહબ બની ગઈ."

એટલે કે હે મુસલમાનો ! અમે દરેક મસ્અલામાં હદીષે રસૂલ તલાશ કરી અને તેના દરેક પાસા પર દરેક રીતે વિચાર તથા ખોજ તથા વિચાર વિમર્શ કર્યો, અસ્નાદ તથા મતન પર ખૂબ જ ગરમાગરમ જેરહો કદ કરી અને જ્યારે દરેક રીતે સાબિત થઈ ત્યારે તેને પોતાનો મઝહબ બનાવવામાં આવ્યો. આ મઝહબ ખૂબ જ પુખ્તા તથા તહકીકી છે. **જેથી તમે ખૂદ હદીષના સમુદ્રમાં કૂદશો નહીં, નહીં તો ઈમાન ગુમાવી બેસશો.** અમારાં કાઢેલાં મોતીનો ઉપયોગ કરજો. સમુદ્રથી મોતી કાઢવાં એ દરેકનુ કામ નથી કેવળ મરજીવાનુ કામ છે. જો ગાંધી (દવાની દુકાનવાળા)ની દુકાનની દવાઓ બીમાર પોતાની રાય થકી વાપરશે તો હલાક થઈ જશે. માટે તેને હકીમની તજવીઝથી ઉપયોગ

કરો, કુર્આન તથા હદીષ રૂહાની દવાઓનું દવાખાનુ છે અને ઈમામે આ'ઝમ તબીબે આ'ઝમ છે. માટે કુર્આન તથા હદીષની દવાઓ હોય અને ઈમામે બર હક્ક મુજતહિદની તજવીઝ હોય પછી જુઓ કે ફાયદો થાય છે કે નહીં ?!

હઝરત ઈમામના ફર્માનનો મતલબ એ નથી કે મેં શરીઅતના સર્વ મસાઈલ વિચાર્યા સમજ્યા વિના અધ્ધર વર્ણવી દીધા છે. હે નાસમજ નાદાનો ! તમે હદીષના ગલત સલત તર્જુમા કર્યે જાવ અને મઝહબમાં ફિત્ના ફેલાવ્યે જાવ ! જ્યારે એક કાબેલ તબીબ તહકીક વિના તથા સમજ્યા વિચાર્યા વિના એક બીમારના માટે નુસ્ખો નથી લખતો તો ઈમામે આ'ઝમ અબૂ હનીફા જેવા હકીમે મિલ્લત, સિરાજે ઉમ્મતે આંખો બંધ કરીને કુર્આન હદીષ જોયા વિના રૂહાની નુસ્ખા કિયામત સુધીના મુસલમાનો માટે કેવી રીતે લખી આપ્યા ?! ખુદા તઆલા સમજ આપે.

ત્રણ તલાક વિશેનો હુકમ
એટલે
ત્રણ તલાક એટલે ત્રણ તલાક

જો કોઈ શખ્સ પોતાની પત્નીને ત્રણ તલાકો આપી દે તો ભલે તેણે બુરુ કર્યું પણ આ સ્થિતિમાં ત્રણ જ તલાકો લાગુ થશે ન કે એક. અને તે સ્ત્રી હલાલા વિના તે મર્દ માટે હલાલ થશે નહીં. વર્તમાનકાળના ગૈર મુકલ્લિદ વહાબી એના મુન્કિર છે અને નફસાની ખ્વાહિશ હેઠળ કહે છે કે આ સંજોગોમાં એક જ તલાક લાગુ થશે અને ઔરતથી રુજૂઅ કરી લેવું સહીહ થશે. (એટલે કે રુજૂઅ કરીને પત્ની તરીકે તેણીને રાખી શકાશે !) એટલા માટે આ ચર્ચામાં એક પ્રસ્તાવના અને બે પ્રકરણો લખ્યાં છે. પ્રથમ પ્રકરણમાં મસ્અલાની દલીલો અને બીજા પ્રકરણમાં એના પર વાંધાઓ અને તેના જવાબો છે.

★ પ્રસ્તાવના ★

બેહતર એ છે કે જો પત્નીને તલાક આપવી હોય તો કેવળ એક જ તલાક પાકીમાં આપે. અને જો ત્રણ તલાકો જ આપવી હોય તો દરેક પાકીમાં એક આપે. પણ એકી સાથે ત્રણ ન આપે. પરુંતુ જો કોઈ માસિકની હાલતમાં તલાક આપે અથવા ત્રણેવ તલાકો એક સાથે આપી દે તો જો કે તેણે બુરૂ કર્યું, છતાં જો તલાક આપશે તો લાગુ પડશે.

એકી સાથે ત્રણ તલાકો આપવાની ત્રણ સ્થિતિઓ છે :–

નં. ૧ : જો પતિ પોતાની એક તે પત્નીને જેની સાથે કેવળ નિકાહ થયા હોય અને ખલ્વત ન થઈ હોય તેને એક સાથે ત્રણ તલાકો એ રીતે આપે કે "તને તલાક છે, તલાક છે, તલાક છે" આ સ્થિતિમાં કેવળ પહેલી એક તલાક

લાગુ થશે અને છેવટની બે લાગુ થશે નહીં, કેમ કે પહેલી તલાક બોલતાં જ તે સ્ત્રી નિકાહથી નીકળી ગઈ અને તેણીના પર ઈદ્દત પર વાજિબ થશે અને તલાકના માટે નિકાહ કે ઈદ્દત જોઈએ. હા ! જો તે સ્ત્રીને એવું કહે કે "તને ત્રણ તલાકો છે" તો ત્રણ પડી જશે. કેમ કે તે સ્ત્રીને ત્રણ તલાકો નિકાહની મૌજૂદગીમાં પડી. (આમ્મ કુતુબ)

નં. ૨ : જો પતિ પોતાની તે પત્નીને જેનાથી ખલ્વત થઈ ચૂકી છે તેને આ રીતે તલાકો આપે કે "તને તલાક છે, તલાક ! તલાક !" અને છેવટની બે તલાકોથી પ્રથમ તલાકની તાકીદની નિય્યત કરે, અલગ તલાકોની નહીં, તો પણ ફૈંસલાની રૂએ એક જ થશે, (કાઝી તેની એ વાત માનશે નહીં.) કેમ કે તે શખ્સે એક તલાકની બે તાકીદો કરી છે. જેમ કે કોઈ કહે કે "પાણી પી લો ! પાણી ! પાણી !" "ખાવા ખાઈ લો ! ખાવા ! ખાવા !" "હું કાલે ગયો હતો, કાલે ! કાલે !" આ સર્વ સૂરતોમાં પ્રથમ બે શબ્દોથી પ્રથમ શબ્દની તાકીદ છે.

નં. ૩ : જો કોઈ શખ્સ પોતાની પત્નીને જેનાથી ખલ્વત થઈ ચૂકી છે તેને એક જ સાથે ત્રણ તલાકો આપે, ભલે એવું કહે કે "તને ત્રણ તલાકો છે" અથવા એવું કહે કે "તને તલાક છે, તલાક છે, તલાક છે" ગમે તે પણ ત્રણ જ તલાકો લાગુ થશે અને તે સ્ત્રી હવે હલાલા વગર તે પુરૂષના માટે હલાલ થશે નહીં. એના માટે ઈમામ અબૂ હનીફા તથા શાફઈ તથા માલિક તથા અહમદ અને સલફ તથા ખલફ જમહૂર ઉલમાનો એકમત (ઈત્તેકાફ) છે. હા ! કેટલાક જાહેર જોનારા મોલ્વી આ આખરી સૂરતમાં મતભેદ કરે છે. જેમ કે તફસીરે સાવી, પારા–૨, આયત فَإِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهُ હેઠળ છે, (અર્થ) : ઉમ્મતના ઉલમાની એ વાત પર એકમતિ છે કે જે ત્રણ તલાકો અલગ અલગ આપે કે એકદમ આપે ગમે તેમ પણ પત્ની હરામ થઈ જશે. તેમ જ નવવી શરહે મુસ્લિમ, જિલ્દ–૧, બાબુત્તલાકુલ ષલાષહ્ (ત્રણ તલાકના પ્રકરણ)માં છે : (અર્થ) : જે કોઈ પોતાની પત્નીને કહે કે, "તને ત્રણ તલાક છે" તો ચારેવ ઈમામ અને સલફ તથા ખલફના આમ ઉલમા ફર્માવે છે કે ત્રણ જ લાગુ થશે.

હા ! કેટલાક એહલે ઝાહિરે કહ્યું છે કે એક જ લાગુ થશે, બલ્કે હજ્જાજ ઈબ્ને અરતાબ અને ઈબ્ને મુકાબિલ અને મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક કહે છે કે, એનાથી એક તલાક પણ પડશે નહીં. જુઓ, નવવી એ જ સ્થાને. કેમ કે વર્તમાનકાળમાં ગૈર મુકલ્લિદ દરેક જગાએ નફસનો આરામ (સહૂલત) શોધે છે, જે ચીજમાં પણ નફસે અમ્મારાને રાહત મળે ભલે તે બાતિલથી બાતિલ અને ઝઈફથી ઝઈફ કૌલ હોય તે જ તેમનું દીન તથા ઈમાન છે. એટલા માટે તેમણે ઈબ્ને તૈમિયહ્‌ની પેરવી કરીને આવો અકીદો રાખ્યો છે કે એકી સાથે ત્રણ તલાકોથી એક જ લાગુ થશે. તફસીરે, પારા–૨, આયત فَإِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهُ હેઠળ છે, (અર્થ) : એવું કહેવું કે એકદમ આપેલી ત્રણ તલાકોથી એક જ લાગુ થાય છે એ ઈબ્ને તૈમિયહ્‌ હંબલી સિવાય કોઈએ નથી કહ્યું. અને ઈબ્ને તૈમિયહ્‌ની ખૂદ તેના મઝહબના ઈમામોએ જ રદ કરી દીધી. ઉલમાએ કિરામ તો ફર્માવે છે કે ઈબ્ને તૈયમિયહ્‌ પોતે પણ ગુમરાહ છે અને અન્યોને પણ ગુમરાહ કરવાવાળો છે અને આ મસ્અલાની નફીસ નિસ્બત ઈમામ અશહબ માલિકીની તરફ ગલત છે.

જાણવા મળ્યું કે હાલના ગૈર મુકલ્લિદો કેવળ નફસાની આસાનીના માટે આવો બાતિલ અકીદો લઈને બેઠા છે. મેં આ નફીસ મસ્અલાની તેહકીક મારી 'તફસીરે નઈમી' ભાગ–૨, આયત فَإِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهُ માં કરી આપી છે. પણ આજકાલ આ મસ્અલા વિશે ઘણાો જ શોર મચેલો છે અને અમારી પાસે આ પ્રકારના સવાલો ખૂબ જ અધિક પ્રમાણમાં આવી રહ્યા છે એટલા માટે અમે રબના ભરોસા પર આ મસ્અલાનો ફૈસલો કરી દઈએ છીએ. અલ્લાહ તઆલા અને તેના રસૂલે મકબૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم થી કબૂલિયતની ઉમ્મીદ છે અને વાંચકો તરફથી ન્યાયની ઉમ્મીદ છે. વર્ણનનો તરીકો એ જ રહેશે કે મસ્અલો બે વિભાગમાં વર્ણન કરવામાં આવશે. પ્રથમ વિભાગમાં આપણી દલીલો અને બીજા વિભાગમાં વિરોધીઓનાં વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ ત્રણ તલાક ત્રણ જ ગણાશે વિશે સાબિતી ★

બેહતર તો એ છે કે તલાક એક જ આપે, વધારે આપે જ નહીં. અને જો ત્રણ તલાકો જ આપવી છે તો દરેક તહર (હૈઝથી પાક થાય ત્યારે)માં એક તલાક આપે એટલે ત્રણ તહેરમાં ત્રણ થશે. એકદમ ત્રણ તલાકો આપવી બુરુ છે. પણ જો કોઈકે એકદમ ત્રણ તલાકો આપી દીધી તો જો કે બુરુ કર્યું પણ ત્રણેવ લાગુ થઈ જશે. જેમ કે હૈઝ (માસિક)ની હાલતમાં આપવું બુરુ છે પણ તલાક આપશે તો તલાક લાગુ તો થઈ જાય છે. એની દલીલો નીચે પ્રમાણે છે.

(૧) રબ તઆલા ફર્માવે છે :–

اَلطَّلَاقُ مَرَّتٰنِ فَاِمْسَاكٌ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌ بِاِحْسَانٍ પછી ફર્માવે છે, فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ આ આયતથી જાણવા મળ્યું કે બે તલાકો સુધી રુજૂઅ (પાછી વાળવાનો) હક્ક છે પણ ત્રણમાં નહીં. અને **મર્રતાન** ના શબ્દથી જાણવા મળયું કે અલગ અલગ તલાકો આપવી શર્ત નથી કે જેના વિના તલાક લાગુ ન થાય. ચાહે એકદમ (એક સાથે) ત્રણ આપે, પણ હુકમ તો એ જ થશે. જેમ કે તફસીરે સાવીમાં આ આયત હેઠળ છે,

(અર્થ) : આયતનો મકસદ એ છે કે જો ત્રણ તલાકો આપે તો લાગુ થઈ જશે, ભલે એક સાથે હોય કે અલગ અલગ. પત્ની તે પતિ માટે હલાલ રહેશે નહીં. આગળ જણાવે છે, જો કોઈ વ્યકિત એવું કહી આપે કે "તને ત્રણ તલાકો છે" તો ત્રણ જ લાગુ થઈ જશે. એના પર ઉમ્મતે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈત્તેફાક (એકમતિ) છે. એ જ પ્રમાણે અન્ય તફસીરોમાં પણ છે.

(૨) રબ તઆલા ફર્માવે છે :–

وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَقَدْ ظَلَمَ نَفْسَهٗ ؕ لَا تَدْرِىْ لَعَلَّ اللّٰهَ يُحْدِثُ بَعْدَ ذٰلِكَ اَمْرًا ۝

(સૂરએ તલાક, ૬૫/૧) એટલે કે, જે કોઈ અલ્લાહની હદો(કાનૂન) તોડે કે એક દમ ત્રણ તલાકો આપી દે તો તે પોતાની જાન પર જુલ્મ કરે છે. કેમ કે

કયારેક માણસ તલાક આપીને શરમિંદો થાય છે અને રુજૂઅ કરવા (પાછી ખેંચવા) ચાહે છે, પણ જો એકદમ ત્રણ તલાકો આપશે તો રુજૂઅ કરી શકશે નહીં. આ આયતમાં એવું નથી ફર્માવ્યું કે એકદમ ત્રણ તલાકો આપવાવાળાની તલાકો લાગુ થશે નહીં. બલ્કે એવું દર્શાવવામાં આવ્યું છે કે એવો માણસ જાલિમ છે. જો તેમ કરવાથી (એક સામટી ત્રણ કહેવાથી) એક જ તલાક લાગુ થતી હોત તો જાલિમ કેવી ગણાત ?

નવવી શરહે મુસ્લિમ ત્રણ તલાકના પ્રકરણમાં પણ એ જ પ્રમાણે જણાવાયું છે જેમ કે ઉપર છે.

(૩) બયહકી અને તિબરાનીમાં સુવૈદા ઈબ્ને ગફલતાથી રિવાયત છે કે, હઝરત ઈમામ હસન ઈબ્ને અલી رضی اللہ عنہ એ પોતાની પત્ની આઈશા ખશકિયાને એક સાથે ત્રણ તલાકો આપી દીધી. બાદમાં ખબર મળી કે તેણી ઈમામ હસનના વિરહમાં ખૂબ જ રડે છે, તો આપ પણ રડી પડયા અને ફર્માવવા લાગ્યા કે જો મેં મારા વાલિદ સૈયદના હઝરત અલી رضی اللہ عنہ ને એવું ફર્માવતાં ન સાંભળ્યા હોત કે જે કોઈ પોતાની પત્નીને છૂટી છૂટી કે એક સાથે ત્રણ તલાક આપી દે તો તે ઔરત હલાલ વિના તેના માટે જાઈઝ નથી, (આ સાંભળ્યું ન હોત) તો જરૂર રુજૂઅ કરી લેત. (પાછી ખેંચી લેત) હદીષના અંતિમ શબ્દો આ પ્રમાણે છે :–

لَوْ لَا اَنِّیْ سَمِعْتُ جَدِّیْ وَ حَدَّثَنِیْ اَبِیْ اِنَّهٗ
سَمِعَ جَدِّیْ یَقُوْلُ اَیُّمَا رَجُلٍ طَلَّقَ اِمْرَأَتَهٗ ثَلٰثاً عِنْدَ الْاَقْرَاءِ اَوْ ثَلٰثاً مُبْهَمَةً لَمْ
تَحِلُّ لَهٗ حَتّٰی تَنْكِحَ زَوْجاً غَیْرَهٗ

(સુનને કુબરા, બયહકી, ભાગ–૭, પેજ–૩૩૬)

(૪) એ જ સુનને કુબરા બયહકીમાં હઝરત હબીબ ઈબ્ને અબી ષાબિતની રિવાયતથી છે : (અર્થ) : એક શખ્સ સૈયદના અલી رضی اللہ عنہ ની પાસે હાજર થઈને બોલ્યો કે, "મેં મારી પત્નીને હજાર તલાકો આપી છે !" ફર્માવ્યું કે ત્રણ તલાકોએ તેણીને તારા માટે હરામ કરી દીધી, બાકીની તલાકો તારી અને તારી બીવીઓ વચ્ચે વહેંચી દે ! એટલે કે ફોગટ છે. જાહેર છે કે આ પ્રશ્નકારે હજાર

તલાકો હજાર મહીનાઓમાં તો નહીં જ આપી હોય, નહીં તો ૮૨ વરસને બે મહીનાઓ વહી જાય ! એક દમ જ આપી હતી અને સૈયદના મૌલા અલીએ ત્રણ જાઈઝ રાખી.

(૫) બયહકીમાં છે :–

عَنْ جَعْفَرِ ابْنِ مُحَمَّدٍ عَنْ اَبِيْهِ عَنْ عَلِيٍّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ لَاتَحِلُّ لَهٗ حَتّٰى تَنْكِحَ زَوْجاً غَيْرَهٗ

(અર્થ) : ઈમામ જાફર સાદિક પોતાના દાદા હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે આપે ફર્માવ્યું, જો કોઈ પોતાની પત્નીને એક સાથે ત્રણ તલાકો આપી દે તો પત્ની હલાલા વગર હલાલ નથી થઈ શકતી.

(સુનને કુબરા, બયહકી, ભાગ–૭, પેજ–૩૩૫)

તેને સમર્થન બયહકીની આ રિવાયતથી થાય છે જે એ જગાએ અબી યઅલાથી રિવાયત પામેલી છે કે :–

عَنْ عَلِيٍّ رَضِيَ اللّٰهُ عَنْهُ فِيْمَنْ طَلَّقَ اِمْرَأَتَهٗ ثَلٰثاً قَبْلَ اَنْ يَّدْخُلَ بِهَا. قَالَ لَاتَحِلُّ لَهٗ حَتّٰى تَنْكِحَ زَوْجاً غَيْرَهٗ.

(૬) બયહકીએ મુહમ્મદ ઈબ્ને અયાઝ ઈબ્ને બુકેરથી રિવાયત કરી છે કે, એક શખ્સે પોતાની પત્નીને ખલ્વતથી (નિકાહ બાદ સોહબત કરતાં) પહેલાં એક દમ ત્રણ તલાકો આપી દીધી. પછી ખયાલ આવ્યો કે તેણીની સાથે ફરીથી નિકાહ કરે, તો તે અબૂ હુરૈરહ અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالےٰ عنہم ની ખિદમતમાં હાજર થયો. તે બંને સહાબીઓએ ફર્માવ્યું કે, અમે આ નિકાહના જાઈઝ હોવાની કોઈ સૂરત (પોઝીશન) નથી પામતા, જ્યાં સુધી કે તેણી બીજા પતિ સાથે નિકાહ ન કરી લે. તે બોલ્યો કે મેં એક જ તલાકથી (એક સાથે) ત્રણ તલાકો આપી હતી ! એના જવાબમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે, જે કાંઈ તારા તાબામાં બચેલુ હતું તે સઘળુ તેં એક સામટુ આપી દીધુ ! હદીષના અંતિમ શબ્દો આ પ્રમાણે છે :–

فَسَئَلَ اَبَاهُرَيْرَةَ وَ عَبْدَاللّٰهِ اِبْنَ عَبَّاسٍ فَقَالَ لَا تَرٰى اَنْ تَنْكِحَهَا حَتّٰى تُنْكِحَ زَوْجاً غَيْرَكَ قَالَ اِنَّمَا كَانَ طَلَاقِىْ اِيَّاهَا وَاحِدَةً فَقَالَ ابْنُ عَبَّاسٍ اِنَّكَ اَرْسَلْتَ مِنْ يَّدِكَ مَا كَانَ لَكَ مِنْ فَضْلٍ

(૭) એ જ બયહકીમાં અબ્દુલ હમીદ ઈબ્ને રાફેઅથી અતાની રિવાયતથી છે કે કોઈકે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને પૂછયું કે :–

اِنَّ رَجُلاً قَالَ لِابْنِ عَبَّاسٍ طَلَّقْتُ اِمْرَأَتِىْ مِأَةً قَالَ تَاخُذُ ثَلٰثاً وَّ تَدَعُ سَبْعاً وَّ تِسْعِيْنَ

"મેં મારી પત્નીને સો તલાકો આપી છે !" ફર્માવ્યું, ત્રણ લઈ લો અને ૯૭ છોડી દો. *(સુનને કુબરા, બયહકી, ભાગ–૭, પેજ–૩૩૭)*

(૮) બયહકીમાં સઈદ ઈબ્ને જુબેરથી રિવાયત છે કે એક શખ્સે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને અર્ઝ કરી કે, "મેં મારી પત્નીને હજાર તલાકો આપી છે !" આપે ફર્માવ્યું કે ત્રણ લઈ લો અને ૯૯૭ છોડી દો.

(સુનને કુબરા, બયહકી, ભાગ–૭, પેજ–૩૩૭)

(૯) બયહકીમાં સઈદ ઈબ્ને જુબેરની રિવાયતથી છે કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે તે શખ્સને ફર્માવ્યું કે જેણે પોતાની પત્નીને એક સાથે ત્રણ તલાકો આપી હતી કે, તારી પત્ની તારા માટે હરામ થઈ ગઈ. (હવાલો ઉપર મુજબ)

(૧૦) બયહકીમાં અમ્ર ઈબ્ને દીનારની રિવાયતથી છે કે કોઈ શખ્સે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને પૂછયું કે, જે કોઈ પોતાની પત્નીને તારાઓ જેટલી તલાકો આપે તેના માટે શું હુકમ છે ? ફર્માવ્યું, તેને કહી દો કે તેને બુર્જે જવઝાનુ માથુ પૂરતુ છે ! યાદ રાખશો કે બુર્જે જવઝાના માથા પર ત્રણ તારા છે. (હવાલો ઉપર મુજબ)

(૧૧) ઈબ્ને માજહમાં તલાકના પ્રકરણના પ્રારંભમાં ત્રણ તલાક વાળા વિભાગમાં છે કે, ફાતિમા બિન્તે કૈસ ફર્માવે છે કે મને મારા પતિએ યમન જતી વખતે ત્રણ કલાકો એકી સાથે આપી દીધી, એ ત્રણેવને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જાઈઝ રાખી.

(૧૨) હાકિમ ઈબ્ને માજહ્ અબૂ દાઊદે અબ્દુલ્લાહ ઈબ્ને અલી ઈબ્ને યઝીદ ઈબ્ને રકાનહ્થી રિવાયત કરી છે. તેમણે ફર્માવ્યું, મારા દાદા રકાનહ્એ પોતાની પત્નીને **તલાકે બત્તહ્** આપી. પછી બારગાહે નબવીમાં હાજર થયા અને હુઝૂર صلى الله تعالى عليه وسلم ને એના બારામાં સવાલ કર્યો અને અર્ઝ કરી કે મેં એકની નિય્યત કરી હતી. હુઝૂર صلى الله تعالى عليه وسلم ફર્માવ્યું કે શું અલ્લાહની કસમ ! તમે એકની જ નિય્યત કરી હતી ? અર્ઝ કરી, કસમ છે રબની કે મેં નથી નિય્યત કરી એકની. પણ એકની. પછી હુઝૂર صلى الله تعالى عليه وسلم એ તેમની પત્નીને તેમના માટે પાછી ફેરવી દીધી. જેમ કે ઈબ્ને માજહ્ અને અબૂ દાઊદમાં એ જ પ્રમાણે છે.

عَنْ عَبْدِاللّٰهِ بْنِ عَلِيِّ بْنِ يَزِيْدَ بْنِ رُكَانَةَ عَنْ اَبِيْهِ عَنْ جَدِّهٖ اَنَّهٗ طَلَّقَ اِمْرَأَتَهُ اَلْبَتَّةَ فَاَتٰى رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَئَلَهٗ فَقَالَ مَا اَرَدْتَّ بِهَا قَالَ وَاحِدَةً قَالَ وَاللّٰهِ مَا اَرَدْتُّ بِهَا اِلَّا وَاحِدَةً قَالَ وَاللّٰهِ مَا اَرَدْتُّ بِهَا اِلَّا وَاحِدَةً قَالَ فَرَدَّهَا اِلَيْهِ (ابن ماجه باب طلاق البته و ابوداؤد باب البته)

(ઈબ્ને માજહ્ બાબુત્તલાકુલ બત્તહ્ વ અબૂ દાઊદ બાબુલ બત્તહ)

જો એક સાથે ત્રણ તલાકોથી એક જ તલાક લાગુ થાય છે તો હુઝૂર صلى الله تعالى عليه وسلم હઝરત રકાબહ્ પાસે એ નિય્યતથી કસમ શા માટે ખવડાવત ! તેમણે કહ્યું હતું "તને તલાક છે, તલાક છે, તલાક છે !" અને પાછલી બે તલાકો વડે પ્રથમ તલાકને સમર્થન કર્યું હતું, એટલા માટે તેને એક ઠરાવવામાં આવી. આ રિવાયત અતિ સહીહ અને ભરોસાપાત્ર છે જેમ કે ઈબ્ને માજહ ફર્માવે છે કે, "આ હદીષ કેટલી બધી શરીફ અસ્નાદવાળી છે. અબૂ દાઊદે ફર્માવ્યું છે, " આ રિવાયત ઈબ્ને જરીહની રિવાયત કરતાં અધિક સહીહ છે."

(૧૩) મોઅત્તા ઈમામ માલિક તથા શાફઈ તથા અબૂ દાઊદ તથા બયહકીમાં મુઆવિયહ્ ઈબ્ને અબી અયાશની રિવાયતથી છે. કોઈકે હઝરત અબૂ હુરૈરહ્ તથા અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને પૂછયું કે જો કોઈ પોતાની પત્નીને એકદમ ત્રણ તલાકો આપી દે તો એના માટે શો હુકમ છે ? હઝરત

અબૂ હુરૈરહએ ફર્માવ્યું કે એક તલાક તેને (પત્નીથી) અલગ કરી આપશે અને ત્રણ હરામ કે હલાલા વગર નિકાહ દુરુસ્ત થશે નહીં. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે તેને ટેકો આપ્યો.

عَنْ مُعَاوِيَةَ ابْنِ عَيَّاشٍ اَنَّ ابْنَ عَبَّاسٍ وَّ اَبَا هُرَيْرَةَ وَعَبْدَاللّٰهِ ابْنَ عُمَرَ وَ ابْنَ الْعَاصِ سُئِلُوْا عَنِ الْبِكْرِ وَ طَلَّقَهَا زَوْجُهَا ثَلٰثاً قَالَ لَا تَحِلُّ لَهٗ حَتّٰى تَنْكِحَ زَوْجاً غَيْرَهٗ رَوٰى مَالِكٌ عَنْ يَحْيىٰ ابْنِ سَعِيْدٍ عَنْ بُكَيْرِ ابْنِ اَشَجَّ عَنْ مُعَاوِيَةَ ابْنِ اَبِىْ عَيَّاشٍ اَنَّهٗ شَهِدَ هٰذِهِ الْقِصَّةَ

(અબૂ દાઉદ, બાબુ નસ્ખિલ મુરાજિઅતિ બઅ્દત્તલ્લી કિષ્પલાષિ)

(૧૪) બયહકીએ બસામ સરીકીથી રિવાયત કરી કે જાફર ઈબ્ને મુહમ્મદ ફર્માવે છે કે જે કોઈ પોતાની પત્નીને નાદાનીથી અથવા જાણી બુઝીને ત્રણ તલાકો આપી દે તો તે પત્ની તેના માટે હરામ થઈ જશે.

(૧૫) એ જ બયહકીમાં મુસ્લિમા ઈબ્ને જા'ફર અહમદથી રિવાયત કરી કે મેં ઈમામ જા'ફર મુહમ્મદ رضی اللہ عنہ ને પૂછયું કે શું તમે એવું કહો છો કે જે કોઈ એકી સાથે ત્રણ તલાકો આપે તો એક જ તલાક લાગુ થશે ? ફર્માવ્યું, અલ્લાહની પનાહ ! મેં એવું કદી નથી કહ્યું ! એની તલાકો ત્રણ જ ગણાશે. (તફસીરે રૂહુલ મઆની, પારા–૨)

(૧૬) મુસ્લિમ શરીફ, કિતાબુત્તલાક, ત્રણ તલાકના પ્રકરણમાં છે કે ઉમર رضی اللہ عنہ ના સમયમાં એવો કાનૂન બનાવી દેવામાં આવ્યો કે એકી સાથે ત્રણ તલાકો ત્રણ જ ગણાશે.

(૧૭) આ હદીષની શરહ નવવીમાં છે કે સહાબાએ કિરામનો ઈજમાઅ એના પર છે કે, "ત્રણ તલાકો ત્રણ જ થશે." અને સ્પષ્ટ છે કે સહાબાએ કિરામ કદી ગલત પર ઈજમાઅ નથી કરી શકતા.

(૧૮) જ્યારે પતિને ત્રણ તલાકો આપવાનો હક્ક છે તો શું કારણ છે કે તે આપે ત્રણ અને લાગુ થાય એક જ ! માલિકનો કબજો યોગ્ય હોવો જોઈએ.

(૧૯) ફેઅલ (કામ) હરામ હોવાથી કાનૂન નથી બદલાઈ જતો. એક

દમ ત્રણ તલાકો આપવી બેશક ! સખ્ત મના છે, પરંતુ જ્યારે પતિ ત્રણ તલાકો મોઢેથી બોલી રહ્યો છે તો લાગુ કેમ ન થાય ? જુઓ ! ચોરીની છરીથી જાનવર ઝબહ કરવું હરામ છે પણ જો કોઈ ઝબહ કરે તો ઝબીહા બેશક હલાલ છે. હૈઝ (માસિક)ની હાલતમાં તલાક આપવી હરામ છે, પરંતુ જો કોઈ આપી દે તો લાગુ થઈ જશે.

(૨૦) ઈસ્કાતમાં મુસબ્બબ સબબથી વાબસ્તા હોય છે કે સબબ હોવાથી મુસબ્બબનું થવું જરૂરી છે. હિદાયહ્, ભાગ–૩ કિતાબુલ વકાલતમાં છે, (અર્થ) : ઈસ્કાતમાં હુકમ તેના સબબથી અલગ નથી થઈ શકતો. તલાક બોલવું સબબ છે અને તલાક લાગુ થવું તેનો હુકમ છે અને તલાક પત્નીના માલિકીપણાને કેવળ નાબૂદ કરવું છે. તો શકય નથી કે સબબ હોય અને હુકમ ન હોય ! કે તે બોલે ત્રણ લાગુ થાય એક જ !

(૨૧) જમહૂર ઉલમા ખાસ કરીને ચારેય ઈમામ અબૂ હનીફા તથા શાફઈ તથા માલિક તથા અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ નો એ જ મઝહબ છે કે એક સાથે ત્રણ તલાકો આપવાથી ત્રણ જ લાગુ થશે. તેનો વિરોધ એ ઉમ્મતે મુસ્લિમાનો વિરોધ છે જે ગુમરાહી છે. સારાંશ કે આ મસ્અલો કુર્આન, હદીષ તથા સહાબાના ઈજમાઅ તથા ઉલમા, મુહદ્દિષો તથા મુફસ્સિરોના કથનો તથા બૌધ્ધિક દલીલો સર્વ રીતે સાબિત છે; તેનો વિરોધ એ અકલ તથા નકલનો વિરોધ છે.

(બીજો વિભાગ)

★ વિરોધીઓના વાંધાઓ અને તેના જવાબો ★

ગૈર મુકલ્લિદો આ મસ્અલા પર અત્યાર સુધીમાં નીચે પ્રમાણેનાં વાંધાઓ કરી શકયા છે અને ઈન્શાઅલ્લાહ એનાથી વિશેષ તેમને વાંધા મળશે નહીં. બલ્કે આમ (સામાન્ય) ગૈર મુકલ્લિદોને તો એટલી પણ ખબર નથી કે જે અમે તેમની વકાલતમાં બયાન કરીએ છીએ.

વાંધો ૧ : રબ તઆલા ફર્માવે છે : –

اَلطَّلَاقُ مَرَّتٰنِ ۪ فَاِمۡسَاكٌۢ بِمَعۡرُوۡفٍ اَوۡ تَسۡرِيۡحٌۢ بِاِحۡسَانٍ ؕ થોડેક આગળ જતાં ઈર્શાદ થાય છે, فَاِنۡ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنۡۢ بَعۡدُ અને **ફઈન**ની **ફે** થી જાણવા મળ્યું કે તલાકો અલગ અલગ હોવી જોઈએ. એકદમ ત્રણ તલાકો અલગ કયાં થઈ ? અને **મર્રતાન** અલાહિદગી બતાવે છે.

જવાબ : એના કેટલાક જવાબો છે. એક એ કે આ આયતનો એ મતલબ હરગિઝ નથી કે એકદમ ત્રણ તલાકો એક જ થશે, બલ્કે મકસદ એ છે કે તલાકે રજઈ બે તલાકો છે. **અત્તલાક**માં અલિફ લામ અહદી છે. પછી ફર્માવવામાં આવ્યું કે જે કોઈ બેથી વધારે એટલે કે ત્રણ આપે તો હલાલા વિના તેના માટે તે પત્ની હલાલ નથી. તફસીરે અહમદી તથા સાવી તથા જલાલૈનમાં છે, اَلطَّلَاقُ اَيِ التَّطْلِيْقُ الَّذِىْ يُرَاجِعُ بَعْدَهٗ مَرَّتٰنِ اَىْ اِثْنَتَيْنِ બીજુ એ કે જો માની લેવામાં આવે કે **મર્રતાન**થી તલાકોની અલાહિદગી (અલગ અલગ હોવું) મુરાદ છે, તો એવું કહેવું કે "તને તલાક છે, તલાક છે" એમાં પણ તલાકના શબ્દોની અલાહિદગી છે અને એમ કહેવું કે "તને ત્રણ તલાકો છે" એમાં સંખ્યાની અલાહિદગી છે, કેમ કે અલાહિદગી વિના સંખ્યા કેવી રીતે બનશે ? આયતનો એ મતલબ કયાંથી કાઢવામાં આવ્યો કે તલાકોની વચ્ચે એક હૈઝનું અંતર હોવું શર્ત છે. રબ તઆલા ફર્માવે છે, ثُمَّ ارۡجِعِ الۡبَصَرَ كَرَّتَيۡنِ પછી આસ્માનને વારંવાર જુઓ. એનો મતલબ એ નથી કે એક મહીને એક જ વાર જોઈ લીધા કરો. **ત્રીજુ** એ કે તમારી તફસીરથી પણ આયતનો મતલબ એ બનશે કે તલાકો અલગ અલગ હોવી જોઈએ. અમે પણ એવું જ કહીએ છીએ કે બેશક ! એકદમ તલાકો આપવી સખ્ત મના છે, અલગ અલગ જ આપવી જરૂરી છે, પણ સવાલ તો એ છે કે જો કોઈ મૂર્ખામીમાં એક સાથે ત્રણ તલાકો આપી દે તો લાગુ થશે કે નહીં ? એ બાબતે આયત મૌન છે !

વાંધો ૨ : મુસ્લિમ શરીફ કિતાબુત્તલાકમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબવી યુગમાં તથા સિદ્દીકી યુગમાં બલ્કે ફારૂકી

યુગના પ્રારંભમાં પણ હુકમ હતો કે એક સાથે ત્રણ તલાકો એક ગણાશે. લખાણ (ઈબારત) આ પ્રમાણે છે :–

عَنْ ابْنِ عَبَّاسٍ قَالَ كَانَ
الطَّلَاقُ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ اَبِىْ بَكْرٍ وَ ثَنَتَيْنِ مِنْ
خِلَافَةِ عُمَرَ طَلَاقُ الثَّلَاثِ وَاحِدَةً

તેમજ એ જ મુસ્લિમમાં એ જ સ્થળે છે કે અબૂસ્સજનાએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને પૂછયું કે શું તમે જાણો છો કે નબવી યુગ તથા સિદ્દીક યુગમાં ત્રણ તલાકો એક માનવામાં આવતી હતી ? તેમણે ફર્માવ્યું કે, "હા !" લખાણ આ પ્રમાણે છે :–

اِنَّ اَبَا الصَّهْبَاءِ قَالَ لِابْنِ عَبَّاسٍ اَتَعْلَمُ اَنَّمَا كَانَتِ الثَّلٰثُ تُجْعَلُ وَاحِدَةً عَلٰى عَهْدِ
النَّبِىِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ اَبِىْ بَكْرٍ وَّ ثَلٰثًا مِّنْ اِمَارَةِ عُمَرَ فَقَالَ اِبْنُ عَبَّاسٍ نَعَمْ

આ હદીષોથી સ્પષ્ણ પણે માલૂમ થયું કે એક સાથે ત્રણ તલાકો એક જ છે.

સાવધાન : ગૈર મુકલ્લિદોનો આ અતિ જોરદાર વાંધો છે !

જવાબ : તેમાં કેટલાક જવાબો છે. **એક** એ કે આ હદીષ મન્સૂખ છે, કેમ કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની જ તો એ રિવાયત છે અને ખૂદ તેમનો જ ફત્વો છે કે એક સાથેની ત્રણ તલાકો ત્રણ તલાકો જ થશે, જેનું વર્ણન પ્રથમ વિભાગમાં આવી ગયું છે અને હદીષના રાવીનો અમલ પોતાની રિવાયતથી વિરૂધ્ધ હોય તો ત્યાં માલૂમ થશે કે આ રાવીના ઈલ્મમાં આ હદીષ મન્સૂખ છે. તેમ જ સહાબાએ કિરામની મૌજૂદગીમાં હઝરત ઉમર ફારૂકનુ એ કાનૂન બનાવી દેવું કે એકદમ ત્રણ તલાકો ત્રણ જ ગણાશે અને તેના પર પાલન કરાવવું અને કોઈ સહાબી બલ્કે ખૂદ સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનુ આ શેઅર પર વાંધો ન ઉઠાવવું એ વાતની પ્રતિતી કરે છે કે તે એ હદીષ કયાં તો મન્સૂખ અથવા મુઅવ્વલ (તાવીલ પામેલી) છે. શું સહાબાએ કિરામ હદીષની વિરૂધ્ધ ઈજમાઅ કરી શકે છે ? **બીજુ** એ કે આ હદીષમાં તે પત્નીને તલાક આપવું મુરાદ છે, જેનાથી ખલ્વત (સોહબત) ન થઈ હોય અને જો

ખરેખર કોઈ શખ્સ પોતાની એવી પત્નીને ત્રણ તલાકો એકદમ એવી રીતે આપે કે "તને તલાક છે, તલાક છે, તલાક છે" તો પહેલી તલાક જ લાગુ થશે અને છેવટની બે તલાકો બેકાર ગણાશે. જેમ કે અબૂ દાઊદ કિતાબુત્તલાક, બાબે "નસ્ખુલ મુરાજઅ બઅદત્તતલીકાતિષ્ષલાષિ"માં છે, અબૂ સહ્બાએ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને પૂછયું કે, તમને ખબર નથી કે નબવી કાળમાં અને સિદ્દીકી યુગમાં અને બીજી ફારૂકી ખિલાફતના પ્રારંભમાં જો કોઈ પોતાની પત્નીને ત્રણ તલાકો આપતો તો એક જ માનવામાં આવતી હતી, ફર્માવ્યું, હા! જે ગૈર મદ્ખૂલ (જેનાથી હજી નિકાહ બાદ સંભોગ ન કર્યો હોય) ને ત્રણ તલાકો આપતો હતો તેની તલાક એક પડતી હતી. લખાણ આ પ્રમાણે છે :–

قَالَ ابْنُ عَبَّاسٍ بَلٰى كَانَ الرَّجُلُ اِذَا طَلَّقَ اِمْرَأَتَهٗ ثَلٰثاً
قَبْلَ اَنْ يَّدْخُلَ بِهَا جَعَلُوْاهَا وَاحِدَةً

આ હદીષ પરથી સ્પષ્ટ પણે જાણવા મળ્યું કે મુસ્લિમની રિવાયતનો આ જ મતલબ છે, અને આ હુકમ હજી પણ બાકી છે જેવું કે અમે પ્રસ્તાવનામાં રજુ કરી ચૂકયા છીએ. ત્રીજુ એ કે નબવીકાળ (યુગ) તથા સિદ્દીકી કાળમાં લોકો ત્રણ તલાકો એવી રીતે આપતા હતા કે "તને તલાક છે, તલાક છે, તલાક છે" જાણે પાછલી બે તલાકો થકી પ્રથમ તલાકનુ સમર્થન કરતા હતા અને ફારૂકી યુગમાં લોકોની એ હાલત બદલાઈ ગઈ કે તેઓ ત્રણ તલાકો જ આપવા માંડયા. જેથી મસ્અલાની સ્થિતિ બદલાવાથી હુકમ બદલાઈ ગયો. નવવી શરીફમાં છે :–

فَالْاَصَحُّ اَنَّ مَعْنَاهُ اَنَّهٗ كَانَ فِىْ الْاَمْرِ الْاَوَّلِ
اِذَا قَالَ لَهَا اَنْتِ طَالِقٌ اَنْتِ طَالِقٌ اَنْتِ طَالِقٌ وَ لَمْ يَنْوِ تَاكِيْداً وَ لَا اِسْتِيْنَافاً يُحْكَمُ بِوُقُوْعِ طَلْقَةٍ لِقِلَّةِ اِرَادَتِهِمُ الْاِسْتِيْنَافَ بِذٰلِكَ فَحُمِلَ عَلَى الْغَالِبِ الَّذِىْ هُوَ اِرَادَةُ التَّاكِيْدِ فَلَمَّا كَانَ فِىْ زَمَانِ عُمَرَ رَضِىَ اللّٰهُ عَنْهُ وَ كَثُرَ اِسْتِعْمَالُ النَّاسِ بِهٰذِهِ الصِّيْغَةِ وَ غَلَبَ مِنْهُمُ اِرَادَةُ الْاِسْتِيْنَافِ بِهَا حُمِلَتْ عِنْدَ الْاِطْلَاقِ عَلَى الثَّلٰثِ عَمَلاً بِالْغَالِبِ السَّابِقِ اِلَى الْفَهْمِ مِنْهَا فِىْ ذٰلِكَ الْعَصْرِ يَعْنِىْ

નબવી યુગમાં સામાન્યતઃ લોકો ત્રણ તલાકમાં પહેલી તલાકથી તલાકની નિય્યત કરતા અને પાછલી તલાક વડે તેને સમર્થન કરતા હતા. એટલા માટે કે જો કોઈ નિય્યત વગર પણ એકદમ ત્રણ તલાકો આપતો તો એક જ માનવામાં આવતી હતી કે એ સમયે એ જ વધારે થતુ હતું. પણ ફારૂકી યુગમાં લોકો સામાન્યતઃ ત્રણ તલાકોથી ત્રણની જ નિય્યત કરવા લાગ્યા. એટલા માટે ત્રણ લાગુ કરી દેવામાં આવી. મસ્અલાની સ્થિતિ બદલવાથી મસ્અલાનો હુકમ બદલાઈ ગયો.

જુઓ કુર્આન શરીફમાં ઝકાત આપવા માટે વ્યકિતઓ આઠ દર્શાવવામાં આવી. મુઅલ્લિફતુલ કુલૂબ (ઈસ્લામ પ્રતિ વળેલા કાફિરો)ને પણ ઝકાત આપવાની ઈજાઝત આપવામાં આવી પણ ફારૂકી યુગમાં સહાબાએ કિરામનો ઈજમાઅ થઈ ગયો કે મસ્રફે ઝકાત (ઝકાતના હકદાર) કેવળ સાત જ છે મુઅલ્લિફતુલ કુલૂબને ખારિજ કરવામાં આવ્યા. કેમ કે કુર્આનના નુઝૂલ વખતે મુસલમાનોની જમાઅત થોડી અને કમજોર હતી એટલા માટે એવા કાફિરોને ઝકાત આપીને આકર્ષવામાં આવતા હતા. ફારૂકી યુગમાં ન મુસલમાનોની લઘુમતિ રહી ન કમજોરી. જેથી તેમને ઝકાત આપવાનુ બંધ કરી દેવામાં આવ્યું. કારણ બદલવાથી હુકમ બદલાઈ ગયો, નષ્ટ નથી કરવામાં આવ્યો. અત્યાર સુધી ઝૈદ ફકીર (ગરીબ) હતો તેને ઝકાત લેવાનો હુકમ આપવામાં આવ્યો. પણ હવે માલદાર (ગની) થઈ ગયો તો તેને ઝકાત આપવાનો હુકમ થઈ ગયો. કપડુ નાપાક હતુ જેના લીધે નમાઝ નાજાઈઝ ઠરી, હવે પાક થઈ ગયું જેથી તેના વડે નમાઝ જાઈઝ થઈ ગઈ. હિંદુસ્તાનમાં આજકાલ કોઈ તલાકની તાકીદ પણ જાણતું નથી ! ત્રણની જ નિય્યતથી તલાકો આપે છે. તો અજબની વાત છે કે મસ્અલાની સ્થિતિ કાંઈ ઓર હોય અને હુકમ કાંઈ ઓર આપવામાં આવે. અલ્લાહ ગૈર મુકલ્લિદોને બુધ્ધિ આપે જેનાથી હદીષનો મકસદ સહીહ સમજતા રહે.

વાંધો 3 : અબૂ દાઉદ, ભાગ–૧ અને દુર્રે મન્થૂર, ભાગ–૧, પેજ–૨૭૯ તથા અબ્દુર્રઝ્ઝાક બયહકીએ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે અબ્દે યઝીદે અબૂ રકાનહ્એ પોતાની પત્ની ઉમ્મે રકાનહ્ને

તલાક આપી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, તલાકથી રુજૂઅ કરી (પાછી ખેંચી) લો. તેમણે અર્ઝ કરી, હુઝૂર ! મેં ત્રણ તલાકો આપી છે. ફર્માવ્યું, હા ! અમે જાણીએ છીએ પણ રુજૂઅ કરી લો અને આ આયત તિલાવત ફર્માવી, يٰۤاَيُّهَا النَّبِيُّ اِذَا طَلَّقْتُمُ النِّسَآءَ فَطَلِّقُوْهُنَّ لِعِدَّتِهِنَّ *(સૂ. તલાક, ૬૫/૧)* અબૂ દાઉદ વગેરેની ઈબારત આ પ્રમાણે છે :–

طَلَّقَ عَبْدُ يَزِيْدَ اَبُوْرُكَانَةَ اُمَّ رُكَانَةَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ رَاجِعْ اِمْرَاَتَكَ فَقَالَ اِنِّيْ طَلَّقْتُهَا ثَلٰثاً قَالَ قَدْ عَلِمْتُ رَاجِعْهَا وَ تَلَا يَا اَيُّهَا النَّبِيُّ الآية

(બયહકી સુનને કુબરા, ભાગ–૭, પેજ–૩૩૯ તથા અબૂ દાઉદ બાબે નસ્ખુલ્ મરાજિઅહ્, પેજ–૨૯૯)

જો ભેગી ત્રણ તલાકો ત્રણ જ લાગુ થાત તો રુજૂઅ અશકય હતું, ત્યાં તો હલાલની જરૂરત ઉભી થાત. જાણવા મળ્યું કે એક તલાક બાકી રાખવામાં આવી અને બે ને રદ કરી દેવામાં આવી. ખયાલ રાખશો કે ખૂદ અબૂ રકાનહ્ અર્ઝ કરી રહ્યા છે કે મેં ત્રણ તલાકો આપી છે. અહીં તાકીદનો (અર્થ લેવાનો) અવકાશ નથી અને છતાં પણ તલાક એક જ માનવામાં આવી.

જવાબ : અફસોસ ! કે વાંધો ઉઠાવનારે અબૂ દાઉદ અને બયહકીની અડધી રિવાયત નકલ કરી, આગળ જતાં એ જ રિવાયતનો નફીસ જવાબ ત્યાં જ આપવામાં આવ્યો છે જેને વાંધો ઉઠાવનારે છોડી દીધી. એ જ જગાએ અબૂ દાઉદ તથા બયહકીમાં છે કે નાફેઅ ઈબ્ને અજીર અને અબ્દુલ્લાહ ઈબ્ને અલી ઈબ્ને યઝીદ ઈબ્ને રકાનહ્એ પોતાના દાદા રકાનહ્થી રિવાયત કરી કે તેમણે તેમની પત્નીને તલાક બત્તહ્★ આપી હતી. જેથી હુઝૂરે તેમની પત્નીને તેમના તરફ પાછાં વાળી દીધાં. આ હદીષ અન્ય હદીષો કરતાં અધિક સહીહ છે. કેમ કે તેમનો પુત્ર અને તેમનાં ઘરવાળાં તેમની હાલતોથી અન્યની સરખામણીમાં અધિક વાકેફ હોય છે. રકાનહ્ના પૌત્ર તો ફર્માવે છે કે મારા દાદાએ મારી દાદીને તલાક બત્તહ્ આપી અને અન્ય હઝરાત ફર્માવે છે કે

★ *બત્તહ્ = ત્રુટક ત્રુટક રીતે જેમ કે તને તલાક છે તલાક તલાક. એમાં છેવટની બે તલાકો પ્રથમ તલાકની તાકીદની નિય્યતથી કહે, અલગ અલગ તલાકોની નહીં તો પણ એક જ થશે.*

તલાકો ત્રણ આપી. દેખીતુ છે કે પૌત્રની રિવાયત અધિક સહીહ થશે.

وَحَدِيْثُ نَافِعِ ابْنِ عَجِيْرٍ وَ عَبْدِاللّٰهِ ابْنِ
عَلِيِّ ابْنِ يَزِيْدَ ابْنِ رُكَانَةَ عَنْ اَبِيْهِ عَنْ جَدِّهٖ اَنَّ رُكَانَةَ طَلَّقَ اِمْرَأَتَهُ اَلْبَتَّةَ
فَرَدَّهَا النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَصَحُّ لِاَنَّهُمْ وَلَدُ الرَّجُلِ وَ اَهْلُهٗ اَعْلَمُ بِهٖ اَنَّ
رُكَانَةَ اِنَّمَا طَلَّقَ اِمْرَأَتَهُ اَلْبَتَّةَ وَ جَعَلَهَا النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَاحِدَةً

(સુનને કુબરા, બયહકી તથા અબૂ દાઊદ એ જ જગાએ)

ખુલાસો એ કે ત્રણ તલાકવાળી રિવાયત સૌ ઝઈફ છે બલ્કે ઈમામ બયહકીએ એ જ જગ્યાએ ફર્માવ્યું છે કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની રિવાયત તો એ છે કે અબૂ રકાનહ્એ ત્રણ તલાકો આપી દીધી હતી અને તેમણે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી આઠ રિવાયતો એની વિરૂધ્ધ કરી છે અને વળી રકાનહ્ની ઔલાદથી પણ તલાક બત્તહ્ની રિવાયત છે. હવે બતાવો કે ત્રણ તલાકોવાળી એક રિવાયત મોઅતબર થશે કે તલાક બત્તહ્ વાળી આઠ અને એક નવ રિવાયતો છે. બયહકીની રિવાયત છે :–

وَهٰذَا الْاِسْنَادُ لَا تَقُوْمُ بِهِ الْحُجَّةُ مَعَ ثَمَانِيَةٍ وَرَوٰى
عَنْ اِبْنِ عَبَّاسٍ فُتْيَاهُ بِخِلَافِ ذٰلِكَ وَ مَعَ رِوَايَتِ اَوْلَادِ رُكَانَةَ اَنَّ طَلَاقَ رُكَانَةَ
كَانَ وَاحِدَةً وَ بِاللّٰهِ التَّوْفِيْقُ

(સુનને કુબરા, બયહકી, જિલ્દ–૭, પેજ–૩૩૯)

અમે પ્રથમ વિભાગમાં દર્શાવી ચૂકયા છીએ કે અબૂ રકાનહ્એ અર્ઝ કરી હતી કે, યા હબીબલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં એક તલાકની નિય્યત કરી હતી અને એના ઉપર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કસમ પણ લીધી હતી, ત્યારે તેમને રુજૂઅ (પાછી લેવાનો) હુકમ આપ્યો. ઈમામ નવવીએ ફર્માવ્યું કે અબૂ રકાનાની ત્રણ તલાકોની રિવાયત ઝઈફ છે અને મજહૂલ લોકોથી રિવાયત પામેલી છે. એમની તલાકના વિશે કેવળ એ જ રિવાયત સહીહ છે જે અમે વર્ણન કરી ચૂકયા છીએ કે તેમણે તલાક બત્તહ્ આપી હતી અને લફઝ બત્તહ્ માં એકનો પણ અવકાશ રહે છે અને ત્રણનો પણ. શાયદ ત્રણ તલાકના ઝઈફ રાવીએ

સમજ્યું કે બત્તહ્ ત્રણ તલાકને કહે છે. એટલા માટે બત્તહ્ને બદલે ત્રણની રિવાયત ભાવાર્થ રૂપે કરી નાખી જેમાં તેણે સખ્ત ગલતી કરી. ઈબારત આ પ્રમાણે છે :–

وَ اَمَّا الرِّوَايَةُ الَّتِىْ رَوَاهَا الْمُخَالِفُوْنَ اَنَّ رُكَانَةَ طَلَّقَ ثَلٰثًا فَجَعَلَهَا وَاحِدَةً فَرِوَايَةٌ ضَعِيْفَةٌ عَنْ قَوْمٍ مَجْهُوْلِيْنَ وَ اِنَّمَا الصَّحِيْحُ مِنْهَا مَا قَدَّمْنَاهُ اَنَّهٗ طَلَّقَهَا اَلْبَتَّةَ وَ لَفْظُ الْبَتَّةِ مُحْتَمِلٌ لِلْوَاحِدَةِ وَ لِلثَّلٰثِ وَ لَعَلَّ صَاحِبَ هٰذِهِ الرِّوَايَةِ الضَّعِيْفَةِ اعْتَقَدَ اَنَّ لَفْظَ اَلْبَتَّةَ يَقْتَضِىْ الثَّلٰثَ فَرَوَاهُ بِالْمَعْنٰى الَّذِىْ فَهِمَهٗ وَ غَلَطَ فِىْ ذَالِكَ

વાંધો ૪ : સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ تعالٰی عنہما એ પોતાની પત્નીને હૈઝની હાલતમાં ત્રણ તલાકો સામટી આપી દીધી હતી જેને હુઝુર صلی اللہ تعالٰی علیہ وسلم એ એક ઠરાવી દીધી અને તેનાથી રુજૂઅ કરવાનો હુકમ આપ્યો. જો આ તલાકો ત્રણ જ હોત તો રુજૂઅ અશકય હોત !

જવાબ : આ ગલત છે. સાચુ એ છે કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે પોતાની પત્નીને હૈઝની હાલતમાં એક જ તલાક આપી હતી. નબી કરીમ صلی اللہ تعالٰی علیہ وسلم એ રુજૂઅનો (પાછો લેવાનો) હુકમ આપ્યો કેમ કે તલાક પાકીની હાલતમાં આપવી જોઈએ. જેમ કે મુસ્લિમ શરીફ, ભાગ–૧, બાબે તહરીમુત્તલાકુલહાઈઝમાં છે :–

عَنْ نَافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ اَنَّهٗ طَلَّقَ اِمْرَاَةً لَهٗ وَهِىَ حَائِضٌ تَطْلِيْقَةً وَاحِدَةً فَاَمَرَهٗ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنْ يُّرَاجِعَ ثُمَّ يُمْسِكُهَا حَتّٰى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنْ يُّرَاجِعَ ثُمَّ يُمْسِكُهَا حَتّٰى تَطْهُرَ.

તેમજ નવવી શરીફ શરહે મુસ્લિમ બાબુત્તલાકે ષલાષામાં ફર્માવ્યું,

وَاَمَّا حَدِيْثُ ابْنِ عُمَرَ فَالرِّوَايَاتُ الصَّحِيْحَةُ الَّتِىْ ذَكَرَهَا مُسْلِمٌ وَغَيْرُهٗ اَنَّهٗ طَلَّقَهَا وَاحِدَةً.

એમના વિશે ત્રણની રિવાયત બિલ્કુલ ઝઈફ છે.

વાંધો ૫ : તફસીરે કબીર, ભા–૨, પેજ–૪૭ **અત્તલાકુમર્રતાન**ની તફસીરમાં છે :–

مَعْنٰهُ اَنَّ تَطْلِيْقَ الشَّرْعِيَّةِ يَجِبُ اَنْ يَّكُوْنَ تَطْلِيْقَةً عَلَى التَّفْرِيْقِ دُوْنَ الْجَمْعِ وَ الْاِرْسَالِ وَهٰذَا التَّفْسِيْرُ هُوَ قَوْلُ مَنْ قَالَ الْجَمْعُ بَيْنَ الثَّلٰثِ حَرَامٌ يَعْنِىْ طَلَاقَ

(અર્થ) : શરઈ તલાક અલગ અલગ રીતે, સંભોગ કર્યા વિના આપવી વાજિબ છે, એ જ એ લોકોની તફસીર છે જેમણે કહ્યું છે કે એક સામટી ત્રણ તલાકો આપવી હરામ છે. એટલા માટે જાણવા મળ્યું કે એક સાથે ત્રણ તલાકો શરઈ તલાક નથી.

જવાબ : એનો કોઈ મુન્કિર (નકારનારો) છે ? બેશક ! તલાકો અલગ અલગ જ આપવી જરૂરી છે. ચર્ચા તો એમાં છે કે જો કોઈ પોતાની મૂર્ખામીથી ત્રણ તલાકો એક સાથે આપી દે તો લાગુ થશે કે નહીં. તફસીરે કબીરની આ ઈબારત (લખાણ)માં એવું કયાં દર્શાવ્યું છે કે ત્રણ લાગુ થશે નહીં, કેવળ એટલું જ છે કે આ કામ નાજાઈઝ છે. કોઈ ચીજનું હરામ હોવું એ અલગ વાત છે અને એના પર શરઈ હુકમ લાગુ થવો એ કાંઈ અલગ વાત છે. રમઝાન શરીફમાં દિવસે ખાવુ પીવું હરામ છે પરંતુ જો કોઈ ખાઈ લે તો તેનો રોઝો જરૂર તૂટી જશે. ઝિના હરામ પરંતુ જો કોઈ કરે તો તેના પર ગુસ્લ વાઝિબ થશે. હુર્મત (હરામ હોવા)ની અસર સબબોની પર નથી પડતી.

વાંધો ૬ : તફસીરે કબીર મિસ્રી, ભાગ–૨, પેજ–૨૪૭માં છે : (અર્થ) ઘણા ઉલમાએ દીને એ પણ ઈખ્તિયાર કર્યું છે કે જો કોઈ એક સામટી બે કે ત્રણ તલાકો આપી દે તો એનાથી એક જ લાગુ પડશે. જાણવા મળ્યું કે આમ ઉલમાએ ઈસ્લામની નજીક એક સામટી ત્રણ તલાકો એક જ ગણાય છે.

જવાબ : વાંધો ઉઠાવનારે એ ન દર્શાવ્યું કે એ કયા ઉલમાએ ઈસ્લામ છે જેમનો આ મઝહબ છે ! આવો ! અમે દર્શાવીએ છીએ તે ઉલમા ઈબ્ને તૈમિયહ્ અને તેના વહાબી અનુયાયીઓ છે ! તેમનો જ મઝહબ છે. જેમ કે અમે પ્રથમ વિભાગમાં તફસીરે સાવીના હવાલાથી નકલ કરી ચૂકયા છીએ અને ઈબ્ને તૈમિયહ્ અને તેમના તાબેદારોને ઉલમાએ કિરામે ગુમરાહ અને ગુમરાહગર (ગુમરાહ કરનાર) લખ્યા છે. તેમજ વાંધો ઉઠાવનારે તફસીરે કબીરની આખી ઈબારત નકલ નથી કરી. એ લખાણની આગળ છે કે :–

وَالْقَوْلُ الثَّانِيْ وَهُوَ قَوْلُ اَبِيْ حَنِيْفَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ اِنَّهٗ وَ اِنْ كَانَ مُحَرَّماً اِلَّا اَنَّهٗ يَقَعُ

બીજો કૌલ ઈમામ અબૂ હનીફાનો છે કે એક સાથે ત્રણ તલાકો આપવી જો કે મના છે પરંતુ લાગુ થઈ જશે. થોડેક આગળ જતાં તફસીરે કબીરે ફર્માવ્યું કે મુજતહીદ ઈમામોનો પણ એ જ મઝહબ છે કે જેને ત્રણ તલાકો આપવામાં આવે તે પતિના માટે હલાલ નથી. (જુઓ, તફસીરે કબીર મિસ્રી, જિલ્દ–દોમ, પેજ–૨૯૫)

વાંધો–૭ : બુધ્ધિ પણ ચાહે છે કે એક સામટી ત્રણ તલાકો એક જ માનવામાં આવે. કેમ કે જે જે ચીજોના અલગપણાનો હુકમ છે તેને એકત્ર કરી આપવું એકના જ હુકમમાં ગણાય છે. દા.ત. લિઆનમાં અલગ અલગ ચાર કસમો ખાવી વાજિબ છે અને હજ્જમાં શૈતાન પર અલગ અલગ સાત કાંકરીઓ મારવી વાજિબ છે. જો કોઈ સાતેવ કાંકરી એક દમ ફેંકી દે તો તે એક જ રમી માનવામાં આવશે અને છ કાંકરીઓ તેના સિવાય મારવી પડશે. એ જ પ્રમાણે જો કોઈ કસમ ખાય કે હું હજાર દુરૂદ પઢીશ અને પછી આ પ્રમાણે પઢે કે اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ اَلْفَ مَرَّةٍ. તો તેનુ આ દુરૂદ હજાર માનવામાં આવશે નહીં, બલ્કે એક જ માનવામાં આવશે. જેથી એવું માનવું જોઈએ કે જો કોઈ એક સાથે ત્રણ તલાકો આપી દે તો એક જ લાગુ થશે, નહીં કે ત્રણ !

જવાબ : અલ્હમ્દુલિલ્લાહ ! તમે કિયાસને તો માનવાવાળા બન્યા ! અને તમે કિયાસ કરવાની તકલીફ તો ઉઠાવી ! પણ જેવા તમે તેવો તમારો કિયાસ ! જનાબ 'લિઆન' અને 'રમી'માં કાર્ય કરવાનો હેતુ છે, નહીં કે તેની અસર, અને તલાકમાં અસરનો હેતુ છે ન કે કેવળ કાર્ય. જેથી આ કિયાસ સહીહ નથી. લિઆનની દરેક કસમ એક ગવાહના સ્થાને છે, જ્યારે કે ઝિનામાં ગવાહીઓ ચાર છે તો લિઆન માં જે આ કસમના કાઈમ મુકામ (સ્થાને) છે, એટલે કે કસમનો ફેઅલ (કાર્ય) પણ ચાર જ જોઈએ. એક સાથે ચાર કસમો ખાવામાં કાર્ય એક જ થયું. તેમ જ 'રમી'એ જમરામાં સાત ફેઅલ (કાર્યો) હોવાં જોઈએ. એકી સાથે સાત કાંકરીઓ ફેંકી દેવામાં ફેંકવામાં આવનાર કાંકરીઓ સાત થશે પણ ફેઅલ (કાર્ય) એક જ થશે. હુઝૂર નબી કરીમ صلى الله تعالى عليه وسلم એ રમીમાં સાત કાર્યો કર્યાં છે તેનુ અનુસરણ થવું જોઈએ. દુરૂદ

શરીફમાં સવાબ મહેનત પ્રમાણે મળે છે, એક હજાર દુરૂદ શરીફની મન્નત એટલી મહેનતની મન્નત છે અને સ્પષ્ટ છે કે એક વાર **અલ્ફ મર્રતિન્** કહી લેવાથી હજાર દુરૂદ શરીફની મહેનત નથી પડતી. જેથી તેના હુકમો પણ વિવિધ પ્રકારના ઉર્ફ પ્રમાણે હોય છે. તલાક કયૂ સવાબનુ કામ છે જેથી તેમાં વધુ મહેનતનો વધુ સવાબ મળે ?! મતલબ કે તમામ વાંધાઓ કરોળિયાના જાળાની જેમ કમજોર છે, તે સૌનુ કારણ શરીરને આસાની અને નફસ પરવરી છે. ખુદા કુર્આન હદીષની સાચી સમજ અતા કરે.

જો ત્રણ તાકતોથી એક જ લાગુ થાય અને પતિ પત્નીથી અલગ થઈ જાય તો વાંધો નથી, પરંતુ જો ત્રણેવ લાગુ થઈ જાય અને હલાલા વિના રુજૂઅ કરી લેવામાં આવે તો જીવનભર હરામકારી થશે. જેથી સાવચેતી પણ એમાં જ છે કે ત્રણ તલાકો ત્રણ જ માનવામાં આવે. એટલા માટે ઉલમાએ ઉસૂલ ફર્માવે છે કે જ્યારે કોઈ ચીજના જાઈઝ અને હરામ હોવામાં વિવાદ ઉપસ્થિત થાય તો હુર્મત (હરામ હોવાને) અગ્રિમતા આપવી જોઈએ.

وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ وَ نُوْرِ عَرْشِهٖ سَيِّدِنَا وَ مَوْلَانَا مُحَمَّدٍ

وَ آلِهٖ وَ اَصْحَابِهٖ اَجْمَعِيْنَ بِرَحْمَتِهٖ وَهُوَ اَرْحَمُ الرَّاحِمِيْنَ

–અહમદ યારખાં (ગુફેરલહૂ) ગુજરાત (પાક.)

વિત્ર વાજિબ છે અને ત્રણ રકાત છે

વિત્રનો અર્થ છે એકી સંખ્યા એટલે જેના બે ભાગ ન થઈ શકે, જેમ કે ત્રણ, પાંચ, સાત, નવ.... વગેરે. તેના સામે 'શફઅ' એટલે બેકી સંખ્યા જે બે સમાન હિસ્સામાં વહેંચી શકાય. શરીઅતની ભાષામાં વિત્ર તે એકી સંખ્યાવાળી નમાઝને વહેંચી કહે છે જે ઈશાની નમાઝ બાદ ચાહે તહજ્જુદમાં કે ઈશા બાદ પઢવામાં આવે છે.

અમારો મઝહબ એ છે કે વિત્ર વાજિબ છે જેથી તેને છોડનાર સખ્ત ગુનેહગાર છે. તેની કઝા લાઝિમ છે, અને વિત્રની ત્રણ રકાતો છે. પરંતુ ગૈર મુકલ્લિદ વહાબી કહે છે કે, "વિત્ર વાજિબ નથી પણ સુન્નતે ગૈર મોઅક્કદા એટલે નફ્લ છે અને વિત્રની એક રકાત છે." હનફી મઝહબ હક્ક છે અને વહાબીઓનો કૌલ તદ્દન બાતિલ છે. અમારે અહીં અસલ ચર્ચા તો વિત્રની ત્રણ રકાતો પર કરવી છે. એના પહેલાં સંક્ષિપ્તમાં વિત્રના વાજિબ હોવા વિશે અમુક હદીષો રજુ કરું છું.

★ વિત્ર વાજિબ હોવા વિશે હદીષો ★

હદીન નં. ૧ થી ૩ : અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ્એ અબૂ ઐયૂબથી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَلْوِتْرُ حَقٌّ عَلٰى كُلِّ مُسْلِمٍ

"હુઝૂરે ફર્માવ્યું કે દરેક મુસલમાન પર વિત્ર લાઝિમ છે."

હદીષ નં. ૪ : બઝ્ઝારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَا થી રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَلْوِتْرُ وَاجِبٌ عَلٰى كُلِّ مُسْلِمٍ

"હુઝૂરે ફર્માવ્યું કે દરેક મુસલમાન પર વિત્ર વાજિબ છે."

હદીષ નં. ૫-૬ : અબૂ દાઉદ, હાકિમે હઝરત બુરીદા رضی اللہ عنہ થી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું :–

قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ الْوِتْرُ حَقٌّ فَمَنْ لَمْ يُوْتِرْ فَلَيْسَ مِنَّا

"મેં હુઝૂરને ફર્માવતાં સાંભળ્યા કે વિત્ર લાઝિમ જરૂરી છે, જે વિત્ર ન પઢે તે અમારામાંથી નથી."

હદીષ નં. ૭ : અબ્દુલ્લાહ ઈબ્ને અહમદે અબ્દુર્રહમાન ઈબ્ને રાફેઅ તનૂખીથી રિવાયત કરી કે હઝરત મઆઝ ઈબ્ને જબલ શામમાં તશરીફ લાવ્યા તો જોયું કે શામના લોકો વિત્રમાં સુસ્તી કરે છે, તો આપે હઝરત અમીર મુઆવિયહને તેની શિકાયત કરી કે શામી લોકો વિત્ર કેમ નથી પઢતા ?

فَقَالَ مُعَاوِيَةُ اَوَاجِبٌ ذَالِكَ عَلَيْهِمْ قَالَ نَعَمْ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ زَادَنِىْ رَبِّىْ عَزَّوَجَلَّ صَلٰوةً هِىَ الْوِتْرُ فِيْمَا بَيْنَ الْعِشَاءِ اِلٰى طُلُوْعِ الْفَجْرِ

"તો અમીર મુઆવિયહએ પૂછયું કે શું મુસલમાનો પર વિત્ર વાજિબ છે ? મઆઝ ઈબ્ને જબલે ફર્માવ્યું, હા ! મેં હુઝૂરને ફર્માવતા સાંભળ્યા કે મને રબે એક નમાઝ ઓર આપી છે જે વિત્ર છે ઈશા તથા ફજરના તુલૂઅ (સુબ્હ સાદિક) પહેલાં."

હદીષ નં. ૮ : તિર્મિઝીએ હઝરત ઝૈદ ઈબ્ને અસ્લમથી મુરસલન રિવાયત કરી :–

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ نَامَ عَنْ وِتْرِهٖ فَلْيُصَلِّ اِذَا اَصْبَحَ

"જે વિત્ર છોડીને સૂઈ જાય તે સવારના સમયે તેની કઝા પઢે."

હદીષ નં. ૯ થી ૧૪ : અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, અહમદ, ઈબ્ને હબ્બાન, હાકિમે પોતાની મુસ્તદરકમાં હઝરત અબૂ ઐયૂબ અન્સારીથી રિવાયત કરી અને હાકિમે કહ્યું કે આ હદીષ સહીહ છે શર્ત શૈખેન પર છે.

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْوِتْرُ حَقٌّ وَاجِبٌ عَلٰى كُلِّ مُسْلِمٍ

"હુઝૂરે ફર્માવ્યું કે વિત્ર લાઝિમ છે, વાજિબ છે દરેક મુસલમાન પર."

આ હદીષોથી બે વાતો સાબિત થઈ. એક એ કે વિત્ર નફલ નથી બલ્કે

વાજિબ છે. બીજું એ કે વિત્રની કઝા વાજિબ છે અને જાહેર છે કે કઝા કેવળ ફર્ઝ અથવા વાજિબની હોય છે નફલની કઝા નથી. વિત્રના વાજિબ હોવા વિશે ઘણી હદીષો છે. અમે કેવળ ૧૪ રિવાયતો પેશ કરી છે.

★ વિત્ર ત્રણ રકાત છે ★

હદીષ નં. ૧ થી ૪ : નિસાઈ શરીફ, તહતાવી, તિબ્રાનીએ સગીરમાં, હાકિમે મુસ્તદરકમાં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી. હાકિમે ફર્માવ્યું કે આ હદીષ સહીહ છે મુસ્લિમ તથા બુખારીની શર્ત પર.

قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُوْتِرُ بِثَلٰثٍ لَا يُسَلِّمُ اِلَّا فِىْ اٰخِرِهِنَّ

''ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ત્રણ રકાત વિત્ર પઢતા હતા, ન સલામ ફેરવતા પરંતુ છેલ્લે.''

હદીષ નં. ૫-૬ : દારકુતની તથા બયહકીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وِتْرُ اللَّيْلِ ثَلٰثٌ كَوِتْرِ النَّهَارِ صَلٰوةِ الْمَغْرِبِ

''ફર્માવ્યું નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે રાતના વિત્ર ત્રણ રકાત છે જેવી રીતે દિવસના વિત્ર મગરિબની નમાઝ.''

હદીષ નં. ૭ : તહાવી શરીફે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે :–

اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يُوْتِرُ بِثَلَاثِ رَكْعَاتٍ

''બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم વિત્ર પઢતા હતા ત્રણ રકાત''.

હદીષ નં. ૮ : નિસાઈ શરીફે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે એક રાત્રે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા. આપ રાત્રે જાગ્યા અને વુઝૂ કર્યું, મિસ્વાક કરી અને આ આયતે કરીમ તિલાવત કરતા હતા : **ઈન્ન ફી ખલ્કિસ્સમાવાતિ....** છેવટ સુધી. પછી બે

રકાતો નફલ પઢી.

ثُمَّ عَادَ فَنَامَ حَتّٰى سَمِعْتُ نَفْخَهٗ ثُمَّ قَامَ فَتَوَضَّأَ وَاسْتَاكَ وَ صَلّٰى رَكْعَتَيْنِ ثُمَّ قَامَ فَتَوَضَّأَ وَاسْتَاكَ وَ صَلّٰى رَكْعَتَيْنِ وَ اَوْتَرَ بِثَلٰثٍ

''પછી આપ ફરીવાર સૂઈ ગયા ત્યાં સુધી કે મેં હુઝૂરના નાકનો અવાજ સાંભળ્યો. ફરી ઉઠયા અને મિસ્વાક કરી બે રકાતો પઢયા. ફરી ઉઠયા અને મિસ્વાક સાથે વુઝૂ કર્યું અને બે રકાતો પઢી. ફરી ઉઠયા અને ત્રણ રકાતો વિત્ર પઢયા.''

હદીષ નં. ૯ થી ૧૩ : તિર્મિઝી, નિસાઈ, દારમી, ઈબ્ને માજહ્, ઈબ્ને અબી શૈબાએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمْ થી રિવાયત કરી.

قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ فِي الْوِتْرِ بِسَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى وَ قُلْ يٰٓاَيُّهَاالْكٰفِرُوْنَ وَ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ فِيْ رَكْعَةٍ رَكْعَةٍ

''ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم વિત્રમાં **સબ્બિહિસ્મિ રબ્બિકલ્ અઅ્લા** અને **કુલ્ યા અય્યુહલ્ કાફિરૂન** અને **કુલ્હુવલ્લાહ** પઢયા કરતા હતા. એક એક રકાતમાં એક એક સૂરત.''

હદીષ નં. ૧૩ થી ૧૮ : તિર્મિઝી શરીફ, અબૂ દાઉદ, ઈબ્ને માજહ્, નિસાઈ, ઈમામ અહમદ ઈબ્ને હંબલે અબ્દુલ અઝીઝ બિન ઈબ્ને જરીહ, અબ્દુર્રહ્માન ઈબ્ને અબઝીથી રિવાયત કરી.

قَالَ سَاَلْنَا عَائِشَةَ بِاَيِّ شَيْءٍ كَانَ يُوْتِرُ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ كَانَ يَقْرَأُ فِي الْاُوْلٰى بِسَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى وَ فِي الثَّانِيَةِ بِقُلْ يٰٓاَيُّهَاالْكٰفِرُوْنَ وَ فِي الثَّالِثَةِ بِقُلْ هُوَ اللّٰهُ اَحَدٌ وَالْمُعَوِّذَتَيْنِ

''ફર્માવે છે કે અમે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી પૂછયું કે હુઝૂર વિત્રમાં શું પઢયા કરતા હતા ? તો આપે ફર્માવ્યું કે પહેલી રકાત **સબ્બિહિસ્મિ રબ્બિકલ્ અઅ્લા** બીજીમાં **કુલ્ યા ઐયુહલ્ કાફિરૂન** અને ત્રીજીમાં **કુલ્હુવલ્લાહ** અને **ફલક** તથા **નાસ.**

હદીષ નં. ૧૯ : નિસાઈ શરીફે ઉબય ઈબ્ને કઅબથી રિવાયત કરી :

قَالَ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقْرَءُ فِى الْوِتْرِ بِسَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى وَ فِى الرَّكْعَةِ الثَّانِيَةِ قُلْ يٰٓاَيُّهَاالْكٰفِرُوْنَ وَ فِى الثَّالِثَةِ بِقُلْ هُوَ اللّٰهُ اَحَدٌ وَلَا يُسَلِّمُ اِلَّا فِىْ اٰخِرِهِنَّ

"બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم વિત્રમાં **સબ્બિહિસ્મિ રબ્બિકલ્ અઅ્લા** અને **કુલ્ યા ઐયુહલ્ કાફિરૂન** અને ત્રીજી રકાતમાં **કુલ્હુવલ્લાહ** પઢયા કરતા હતા અને સલામ ન ફેરવતા હતા પણ તે ત્રણેય રકાતોના અંતે.

હદીષ નં. ૨૦ : ઈબ્ને અબી શૈબાએ હઝરત ઈમામ હસન رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ اَجْمَعَ الْمُسْلِمُوْنَ عَلٰى اَنَّ الْوِتْرَ ثَلٰثٌ لَا يُسَلِّمُ اِلَّا فِىْ اٰخِرِهِنَّ

"એના પર સર્વ મુસલમાનો એકમત છે કે વિત્ર ત્રણ રકાતો છે, ન સલામ ફેરવે પણ અંતે."

હદીષ નં. ૨૧ : તહાવી શરીફે હઝરત અબૂ ખાલિદથી રિવાયત કરી :

قَالَ سَاَلْتُ اَبَاالْعَالِيَةِ عَنِ الْوِتْرِ فَقَالَ عَلِمْنَا اَصْحَابَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّ الْوِتْرَ مِثْلُ صَلٰوةِ الْمَغْرِبِ هٰذَا وِتْرُ اللَّيْلِ وَهٰذَا وِتْرُ النَّهَارِ

"મેં હઝરત અબુલ આલિયાથી વિત્રના વિશે પૂછયું તો આપે ફર્માવ્યું કે અમે સૌ સહાબાએ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم તો એ જ જાણીએ છીએ કે વિત્ર મગરિબની નમાઝની જેમ છે. આ રાતના વિત્ર અને મગરિબના દિવસના વિત્ર."

આ ૨૧ હદીષો નમૂના રૂપે રજુ કરવામાં આવી છે, નહીં તો વિત્રની ત્રણ રકાતો બાબતે ઘણી બધી હદીષો મૌજૂદ છે. જો વિગત જોવી હોય તો 'તહાવી શરીફ' અને 'સહીહુલ બારી' જુઓ. આ હદીષોથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નો અમલ શરીફ ત્રણ રકાત વિત્ર પર હતો. તમામ સહાબાનો એ જ અમલ અને આ ત્રણ રકાતો પર સર્વ મુસલમાનો એકમત રહ્યા છે. હનફી કહે છે કે ત્રણેવ રકાતો એક સલામ સાથે પઢે પણ કેમ કે નફસે અમ્મારા પર નમાઝ બોજ છે એટલા માટે નફસના ગુલામોએ કેવળ એક રકાત વિત્ર પઢીને

સૂતા રહેવાની આદત પાડી. વાંચકોએ ઉપરોકત હદીષોમાં જોઈ લીધું કે હુઝૂર વિત્રની પ્રથમ રકાતમાં ફલાણી સૂરત પઢતા હતા, બીજીમાં ફલાણી સૂરત અને ત્રીજીમાં ફલાણી સૂરત. વહાબીઓ બતાવે કે જો વિત્ર એક રકાત છે તો આ સૂરતો કઈ રીતે પઢી શકાશે.

બુદ્ધિનો પણ એ જ તકાદો છે કે વિત્ર એક રકાત ન હોય. કેમ કે વિત્ર નમાઝ ન તો ફર્ઝ છે ન નફ્લ બલ્કે વાજિબ છે, કે જેને પઢવું જરૂરી છે, ન પઢનાર ફાસિક છે. પરંતુ એના વાજિબ હોવાનો ઈન્કાર કુફ્ર નથી. વાજિબનો એ જ હુકમ છે અને દરેક ગૈર ફર્ઝ વાજિબનું દ્રષ્ટાંત ફર્ઝ ઈબાદતમાં જરૂર હોવું જોઈએ. એવું નથી થઈ શકતુ કે કોઈ ગૈર ફર્ઝ ઈબાદત તદ્દન જુદા પ્રકારની હોય કે તેનું દ્રષ્ટાંત ફર્ઝમાં ન હોય. આ શરીઅતનો સામાન્ય કાયદો છે. જે ઝકાત, હજજ વગેરેમાં ચાલુ છે. જો વિત્ર એક રકાત હોત તો એવું હોવું જોઈતુ હતું કે કોઈ ફર્ઝ નમાઝ પણ એક રકાત હોત. જ્યારે કે કોઈ ફર્ઝ નમાઝ એક રકાત નથી. એ તો ઠીક પણ કોઈ નફ્લ કે સુન્નતે મોઅક્કેદા કે સુન્નતે ગૈર મોઅક્કેદા પણ એક રકાત નથી. ફર્ઝ નમાઝ કયાં તો બે રકાત છે જેમ કે ફજર અથવા ચાર છે જેમ કે ઝોહર તથા અસ્ર તથા ઈશા અથવા ત્રણ રકાત છે જેમ કે મગરિબ. વિત્ર ન તો ચાર રકાત થઈ શકે છે ન બે કેમ કે એ સંખ્યા બેકી છે. તો માનવું જ પડશે કે ત્રણ જ રકાત હોવી જોઈએ. એક રકાત નમાઝ ઈસ્લામી કાનૂનથી વિરૂધ્ધ છે જેનું દ્રષ્ટાંત કોઈ નમાઝમાં નથી મળતુ. એક રકાત અપૂર્ણ છે અધૂરી છે. સારાંશ કે એક રકાત વિત્ર બુધ્ધિની પણ વિરૂધ્ધ છે અને નકલની પણ વિરૂધ્ધ છે. ઉમ્મતનો ઈજમાઅ, સહાબાએ કિરામનો અમલ, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન સૌ એના વિરૂધ્ધ છે.

(બીજો વિભાગ)

★ ત્રણ વિત્ર પર વાંધાઓ અને તેના જવાબો ★

વિત્રના મસ્અલા પર અત્યાર સુધીમાં જેટલા પ્રમાણમાં દલીલો ગૈર મુકલ્લિદ વહાબીઓના તરફથી અમને મળી તે સૌને અમે નંબરવાર જવાબ સાથે રજુ કરીએ છીએ. રબ તઆલા કબૂલ ફર્માવે.

વાંધા નં. ૧ : ઈબ્ને માજહ્એ આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી :–

قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُوْتِرُ بِوَاحِدَةٍ ثُمَّ يَرْكَعُ رَكْعَتَيْنِ ـ الخ

"ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એક રકાત વિત્ર પઢતા હતા પછી વિત્ર બાદ બે રકાત નફલ પઢતા હતા." જાણવા મળ્યું કે વિત્ર એક જ રકાત હોવી જોઈએ. હુઝૂરે એ જ પઢી.

જવાબ : તમે હદીષનો તર્જુમો ખોટો કર્યો જેના કારણે આ હદીષ તમામ તે હદીષોના વિરૂધ્ધ થઈ ગઈ ! જેમાં વિત્ર ત્રણ રકાતોનો ઉલ્લેખ છે ! અને હદીષો આપસમાં ટકરાઈ ગઈ. હદીષનો તર્જુમો એવો કરવો જોઈએ જેનાથી હદીષો સમતોલ થઈ જાય. આ હદીષ શરીફ **બે** ઈસ્તિઆનતન્ છે. જેમ કે **કતબ્તુ બિલ્કલમિ,** મેં કલમ વડે લખ્યું. કેમ કે **અવતર** બાબે અફઆલથી મુતઅદી બિનફ્સિહી છે. તો હદીષનો અર્થ એ થયો કે હુઝૂરે તહજ્જુદની નમાઝને વિત્ર એટલે એકી સંખ્યા બનાવી, એક રકાતના થકી. એ રીતે કે બે રકાતોની સાથે એક રકાત મિલાવી જેનાથી તહજ્જુદની નમાઝની સંખ્યા બેકીને બદલે એકી સંખ્યા થઈ ગઈ. દા.ત. આઠ રકાત તહજ્જુદ અદા ફર્માવી એ બેકી સખ્યા હતી. પછી ત્રણ વિત્ર પઢી તો વિત્રની ત્રીજી રકાતના કારણે કુલ રકાતોની સંખ્યા ૧૧ થઈ ગઈ જે એકી છે. આ તમામ નમાઝને એકી સંખ્યા બનાવનાર વિત્રની એ એક રકાત છે જે બે સાથે મિલાવીને અદા કરવામાં આવી. આ સંજોગોમાં આ હદીષ હવે આગલી તમામ હદીષોના માફક થઈ

ગઈ. હું ગૈર મુકલ્લિદોને પૂછુ છું કે જો તમારો અર્થ લેવામાં આવે તો તે હદીષોનો શું જવાબ આપશો જેમાં ચોખ્ખા શબ્દોમાં ત્રણની સંખ્યા દર્શાવવામાં આવી છે ? અથવા જેમાં આવ્યું કે હુઝૂર પ્રથમ રકાત ફલાણી સૂરત, બીજીમાં ફલાણી, ત્રીજીમાં ફલાણી પઢતા હતા ? જે પ્રથમ વિભાગમાં વર્ણન કરેલ છે.

વાંધા નં. ૨ : મુસ્લિમ શરીફે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَلٰوةُ اللَّيْلِ مَثْنٰى فَاِذَا خَشِىَ اَحَدُكُمُ الصُّبْحَ صَلّٰى رَكْعَةً وَاحِدَةً تُوْتِرُ لَهٗ مَاقَدْ صَلّٰى

''ફર્માવે છે કે હુઝૂરે ફર્માવ્યું કે તહજ્જુદની નમાઝ બે બે રકાત છે જ્યારે તમારામાં કોઈ સવાર થઈ જવાનો ખૌફ કરે તો એક રકાત પઢી લે આ એક રકાત ગુઝિશ્તા (પાછલી) નમાઝને વિત્ર બનાવી દેશે.

એનાથી ચાર મસ્અલા જાણવા મળ્યા. એક એ કે તહજ્જુદની નમાઝમાં બે બે રકાત નફલ અદા કરવી જોઈએ, બીજુ એ કે તહજ્જુદની નમાઝ રાતમાં હોય સવારથી પહેલાં, ત્રીજુ એ કે તહજ્જુદની નમાઝ બાદ વિત્ર અફઝલ છે. ચોથુ એ કે વિત્ર એક રકાત છે. હનફી લોકો પ્રથમ ત્રણ મસ્અલા તો માને છે પણ ચોથાનો ઈન્કાર કરે છે. જો આ હદીષ સહીહ છે તો ચારેવ મસ્અલા માને અને જો સહીહ નથી તો ચારેવ ન માને.

જવાબ : ગૈર મુકલ્લિદ વહાબી તો આ હદીષનો તર્જુમો એવો કરે છે કે જ્યારે સવારનો ખૌફ હોય તો એક એક રકાત અલગ રીતે પઢી લે. આ તર્જુમાથી આ હદીષ તે તમામ હદીષોની વિરૂધ્ધ જતી રહી જે અમે પ્રથમ વિભાગમાં વર્ણન કરી ચૂકયા છીએ. અને બંને પ્રકારની હદીષો પર અમલ અશકય છે. હનફી એનો અર્થ એવો કરે છે કે જ્યારે સવારનો ખૌફ હોય તો બંને સાથે એક રકાત મિલાવીને પઢી લે જેનું વર્ણન થઈ રહ્યું છે. એટલે **રકઅતન્ વાહિદતન્**ના પછી **મઅર્રકઅતૈન** છુપુ છે કેમ કે **મષ્ના મષ્ના**નો ઝિક્ર થઈ ચૂકયો છે. આ સ્થિતિમાં હદીષમાં કોઈ વિરોધાભાસ ન રહ્યો અને બંને હદીષો પર અમલ થઈ ગયો. જેમ કે રબ ફર્માવે છે :–

وَلَبِثُوا فِىْ كَهْفِهِمْ ثَلٰثَ مِائَةٍ سِنِيْنَ وَ ازْدَادُوْ تِسْعاً

''અસ્હાબે કહફ પોતાની ગુફામાં ત્રણસો વરસ રોકાયા, નવ વધારી લીધા.''

આ આયતમાં આ નવ વરસો અલગ નથી બલ્કે તેની સાથે છે. મતલબ એ છે કે તેમણે ૩૦૯ વરસ કયામ કર્યો. કેમ કે ત્રણસો વરસ શમ્સી (સૂર્યની ગણત્રીથી) હતાં અને ત્રણસો નવ (ચંદ્રની ગણત્રી) કમરી વરસના હિસાબે. એટલા માટે રબ તઆલાએ આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો છે. એ જ પ્રમાણે વિત્રની આ રકાત અલગ તે બે બેથી નથી બલ્કે તેમાંથી આખરી મષ્ના એટલે બેની સાથે છે. પરંતુ કેમ કે તે બે બે રકાતો તહજ્જુદની હતી અને નફ્લ હતી, આ ત્રણ રકાતો વિત્રની છે અને વાજિબ છે. એટલા માટે આ અવ્વલીન તથા આખરીનના જાણકાર અફ્સહુલ ખલ્ક صلى الله تعالى عليه وسلم એ આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો. કહો ! વહાબીજી ! હદીષોને ટકરાવવી સારી કે હદીષોમાં મળતાપણુ પૈદા કરીને સૌના પર અમલ કરવો બેહતર ? કાશ ! કે તમે કોઈ મુકલ્લિદ પાસે હદીષ પઢી હોત.

વાંધો નં. ૩ : મુસ્લિમ શરીફે હઝરત ઈબ્ને ઉમર رَضِىَ اللهُ عَنْهُمَا થી રિવાયત કરી : اَلْوِتْرُ رَكْعَةٌ مِنْ اٰخِرِ اللَّيْلِ ''વિત્ર રાતના અંતમાં એક રકાત છે.'' એનાથી જાણવા મળ્યું કે વિત્ર એક જ રકાત છે.

જવાબ : તેનો જવાબ પણ બીજા વાંધાઓના જવાબથી માલૂમ થઈ ગયો કે વહાબી એનો અર્થ કરે છે કે વિત્ર એક રકાત છે એકલી, સૌ રકાતોથી અલગ. આ સ્થિતિમાં આ હદીષ ઘણી બધી હદીષોથી ટકરાશે અને હદીષોનો સમન્વય અશકય છે. હનફી એનો તર્જુમો કરે છે કે વિત્ર એક રકાત છે બેની સાથે. જેની તફ્સીર બીજી તે હદીષો છે જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા. અથવા આ હદીષમાં વિત્ર એટલે ઈસ્મે ફાઈલ (કર્તાનુ નામ) છે એટલે તહજ્જુદની નમાઝ એકી સંખ્યામાં બનાવનારી એક રકાત છે કે એ બેથી મળીને સર્વ નમાઝને એકી સંખ્યામાં બનાવી દે છે. એટલે કે નમાઝીએ આઠ રકાત તહજ્જુદ પઢી પછી જ્યારે વિત્રની નિય્યત બાંધી અને જ્યાં સુધી બે રકાતો પઢી ત્યાં સુધી બેકી સંખ્યામાં જ રકાતો રહી પણ જ્યારે તેણે બે રકાતોની સાથે એક રકાત વધુ

પઢી તો હવે એકી સંખ્યા એટલે ૧૧ રકાતો બની ગઈ. આ સ્થિતિમાં આ હદીષ અન્ય તમામની માફક થઈ ગઈ. હદીષોનો ટકરાવ દૂર કરવો જરૂરી છે.

વાંધા નં. ૪ : અબૂ દાઉદ તથા નિસાઈ શરીફે હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَللّٰهُ وِتْرٌ يُحِبُّ الْوِتْرَ فَاَوْتِرُوْا يَااَهْلَ الْقُرْاٰنِ

''ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહ વિત્ર (બે જોડ) છે વિત્રને પસંદ ફર્માવે છે. તો વિત્ર પઢ્હા કરો હે કુર્આન માનવાવાળાઓ !''

હનફીઓ બતાવે કે અલ્લાહ એક છે કે ત્રણ ! જ્યારે તે એક છે તો વિત્ર પણ એક જ રકાત હોવી જોઈએ ન કે ત્રણ. હુઝૂરે નમાઝને રબ તઆલાના વિત્ર (એકી) હોવા સાથે સરખાવી છે.

જવાબ : તેના બે જવાબ છે, એક ઈલ્ઝામી, બીજો તેહકીકી. ઈલ્ઝામી જવાબ તો એ છે કે તો પછી વહાબીઓએ જોઈએ કે મગરિબના ફર્ઝ પણ એક જ રકાત પઢયા કરે, ન કે ત્રણ. કેમ કે મગરિબના ફર્ઝ દિવસના વિત્ર છે અને આ વિત્ર રાતના વિત્ર જેવા છે, જેમ કે હદીષ શરીફ આવેલ છે. અને અમે પ્રથમ વિભાગમાં હદીષ રજુ કરી ચૂકયા છીએ. જો વહાબી કહે કે બીજી રિવાયતોમાં આવી ગયું કે હુઝૂર મગરિબના ત્રણ **ફર્ઝ** પઢતા હતા, તો અમે કહીએ છીએ કે એ પણ રિવાયતોમાં આવી ગયું કે હુઝૂર વિત્રની નમાઝ પણ ત્રણ રકાતો પઢતા હતા. જુઓ ! પ્રથમ વિભાગ.

તેહકીકી જવાબ એ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ રબ તઆલાની કેવળ વિત્રિયત (એકી સંખ્યાપણુ) એટલે એકી સંખ્યા જોડ વિનાની હોવાનુ દ્રષ્ટાંત આપ્યું છે ન કે એક હોવામાં. ત્રણ પણ વિત્ર (એકી) છે એક પણ વિત્ર (એકી સંખ્યા) છે. દષ્ટાંતમાં અદના સરખાપણુ કાફી હોય છે. દરેક રીતે મળતા હોવું જરૂરી નથી. એટલા માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ **વાહિદુન** ન ફર્માવ્યું. એટલે કે એવું ન ફર્માવ્યું કે અલ્લાહ તઆલા એક જ છે, એક રકાતને પસંદ કરે છે. જુઓ રબ ફર્માવે છે :–

مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ "અલ્લાહના નૂરનું દ્રષ્ટાંત એવું જ છે જેમ કે એ તાખલો જેમાં દીવો છે."

અહીં રબ તઆલાએ નૂરનું દ્રષ્ટાંત દીવા સાથે આપ્યું, મુત્લકન નૂરાનિયતમાં. હવે જો કોઈ કહે કે ચિરાગમાં તેલ, દીવેટ હોય છે તો હોવું જોઈએ કે અલ્લાહ તઆલાના નૂરમાં પણ તેલ, દીવેટ હોય. તો તે તેની મૂર્ખતા છે. આપણે કહીએ છીએ કે ફલાણો માણસ સિંહ છે ! મતલબ હોય છે કે કેવળ શકિતમાં સિંહની જેમ છે. એવું નથી કે તેને પૂછડી તથા પંજા પણ છે.

વાંધા નં. ૫ : બુખારી શરીફમાં હઝરત ઈબ્ને અબી મલકિયાથી રિવાયત છે :–

اَوْتَرَ مُعَاوِيَةُ بَعْدَ الْعِشَاءِ بِرَكْعَةٍ وَ عِنْدَهٗ مَوْلٰى لِابْنِ عَبَّاسٍ فَاَتَى ابْنُ عَبَّاسٍ فَاَخْبَرَهٗ فَقَالَ دَعْهُ فَاِنَّهٗ قَدْ صَحِبَ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

"સૈયેદેના અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ એ ઈશા બાદ એક રકાત વિત્ર પઢી તે વખતે તેમની પાસે સૈયેદેના ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا ના ગુલામ હાજર હતા. તેમણે હઝરત ઈબ્ને અબ્બાસથી એનો ઝિક્ર કર્યો તો આપે ફર્માવ્યું, તેમને કાંઈ ન કહો, તે રસૂલના સહાબી છે."

જાણવા મળ્યું કે હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ એક રકાત વિત્ર પઢતા હતા. આ સહાબીનું કાર્ય છે.

જવાબ : આ હદીષ તો હનફીઓની કવી (મજબૂત) દલીલ છે કે વિત્ર ત્રણ રકાત છે. જેમ કે જ્યારે અમીર મુઆવિયહ્એ એક રકાત વિત્ર પઢી તો સૈયેદેના ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا ના ગુલામને આશ્ચર્ય થયું, જેની શિકાયત હઝરત ઈબ્ને અબ્બાસથી કરી. આશ્ચર્ય તથા તાજ્જુબ એ કામ પર થાય છે જે અજબનુ તથા નિરાળુ હોય. એનાથી એ જાણવા મળ્યું કે કોઈ સહાબી એક રકાત વિત્ર પઢતા ન હતા, નહીં તો ન તેમને આશ્ચર્ય થાત ન શિકાયત કરત. હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا એ વાંધો કરવાથી મના કર્યું કેમ કે અમીર મુઆવિયહ્ ફકીહ સહાબી છે. અને ફકીહ મુજતહિદની ગલતી તથા ખતા પર

વાંધો જાઈઝ નથી. એનો ઉલ્લેખ આ બુખારીની બીજી રિવાયતમાં આ પ્રમાણે છે :–

عَنْ اِبْنِ عَبَّاسٍ قِيْلَ لَهٗ هَلْ لَكَ فِىْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ مُعَاوِيَةَ مَا اَوْتَرَ اِلَّا بِوَاحِدَةٍ قَالَ اَصَابَ اِنَّهٗ فَقِيْهٌ

"હઝરત ઈબ્ને અબ્બાસને કહેવામાં આવ્યું કે શું તમારે હઝરત અમીર મુઆવિયહ્ પર કોઈ વાંધો છે ? તે તો વિત્ર એક જ રકાત પઢે છે ! આપે ફર્માવ્યું, બરાબર કરે છે ! તે મુજતહિદ આલિમ છે."

સ્પષ્ટ જણાઈ ગયું કે વિત્ર તમામ સહાબા અને ખૂદ સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ત્રણ રકાત પઢયા કરતા હતા. એટલા માટે જ અમીર મુઆવિયહ્ની એક રકાત પઢવાની શિકાયત કરવામાં આવી. પણ કેમ કે સૈયેદેના અમીર મુઆવિયહ્ સહાબી છે, આલિમ છે, ફકીહ છે, મુજતહિદ છે અને મુજતહિદ ફકીહની ખતા પણ દુરુસ્ત હોય છે તેમના પર વાંધો ન ઉઠાવો. મહેરબાને મન ! આ હદીષ તો હનફીઓની દલીલ છે ! તમે ભૂલથી તમારી દલીલ સમજી બેઠા ! આ તો તમારી વિરૂધ્ધ છે.

વાંધો નં. ૬ : હનફીઓની અજબની હાલત છે ! અમે એક રકાત વિત્ર પઢીએ તો વાંધો ઉઠાવે છે અને અમીર મુઆવિયહ્ એક રકાત વિત્ર પઢે તો તેમના પર કોઈ વાંધો નહીં ?! અમે રફએ યદૈન અથવા ઊંચા અવાજે આમીન કહીએ તો અમને ભલુ બુરુ કહે છે અને ઈમામ શાફઈ અમારા જેવી નમાઝ પઢે તો ન તેમને વહાબી કહેવામાં આવે ન તેમના પર કોઈ વાંધો કરાય ! આ ડબલ બાજુની પોલીસી કેવી અને આ ફરક શાથી ? (આમ વહાબી)

જવાબ : જી હા ! બિલકુલ બરાબર છે ! આલિમ ફકીહ મુજતહિદની ખતા પર ષવાબ છે પણ જાહિલ જ્યારે જાણી બુઝીને આલિમોથી મોઢું ફેરવીને ગલતી કરે તો સજાનો હક્કદાર છે. જો સિવિલ સર્જન ડિગ્રીધારી, સરકારી કર્મચારી કોઈ બીમારને ગલત દવા આપી દે તો તેના પર કોઈ ચેતવણી નહીં, પણ કોઈ જાહિલ માણસ આમ જ વળગી પડેલો કોઈને ખોટી દવા ખવડાવી દે તો શરીઅતની રૂએ તથા કાનૂનની રૂએ મુજરિમ છે. જજ, હાકિમ કોઈ

મુજરિમને સજા આપે તો હક્ક છે ભલે તે ગલતી કરે. પણ જો ઐરો ગૈરો કાયદો હાથમાં લઈને પોતે જ લોકોને સજા આપવા લાગે તો મુજરિમ છે અને જેલના લાયક છે.

જુઓ ! હઝરત અલી તથા મુઆવિયહ્ رَضِیَ اللّٰہُ عَنْہُمَا માં લોહીયાળ જંગ થઈ જેમાં યકીનન ! અલીએ મુર્તઝા હક્ક પર હતા અને અમીર મુઆવિયહ્ ખતા પર. પરંતુ એમાંથી ગુનેહગાર કોઈ નથી. **જેને પણ બુરો કહેવામાં આવે તો બુરો કહેનાર બેઈમાન થઈ જશે !**

કુર્આને કરીમે હઝરત દાઉદ તથા સુલૈમાન عَلَیْہِمُ السَّلَام ના એક મુકદ્દમામાં અલગ અલગ બે ફૈસલાઓનું વર્ણન કર્યું :–

اِذْ یَحْکُمٰنِ فِیْ الْحَرْثِ اِذْ نَفَشَتْ فِیْہِ غَنَمُ الْقَوْمِ وَ کُنَّا لِحُکْمِھِمْ شٰھِدِیْنَ۔ فَفَھَّمْنٰھَا سُلَیْمٰنَ وَ کُلًّا اٰتَیْنَا حُکْمًا وَّ عِلْمًا

''જ્યારે તે બંને હઝરાત એક ખેતરના વિશે ફૈસલો કરતા હતા. જ્યારે તેમાં કૌમની બકરીઓ ફેલાઈ ગઈ. અમે તેમનો ફૈસલો જોઈ રહ્યા છીએ. પછી અમે હઝરત સુલૈમાનને તે સમજાવી દીધું અને અમે તેમનામાં દરેકને હિકમત તથા ઈલ્મ આપ્યો.''

જુઓ ! ખેતરના મુકદ્દમામાં દાઉદ તથા સુલૈમાન عَلَیْہِمُ السَّلَام બંને બુઝુર્ગોએ અલગ અલગ ફૈસલા કર્યા. હઝરત સુલૈમાનનો ફૈસલો બર હક્ક હતો જેને રબ તઆલાએ સમર્થન કર્યું. હઝરત દાઉદ علیہ الصلوٰۃ والتسلیم નો ફૈસલો ઈજતેહાદી ખતા હતી. પરંતુ તેમના પર કોઈ જાતની ચેતવણી થઈ ? હરગિઝ નહીં ! કેમ ? એટલા માટે કે આપ મુજતહિદ મુત્લક હતા અને મુજતહિદની ખતા પર એતાબ નથી. વહાબીઓ ! જો તમે પણ 'રફએ યદૈન' કે 'આમીન' ઊંચી **શાફઈ** બનીને કરો તો તમને વહાબી કહેવામાં નહીં આવે, ન તમારાથી એની શિકાયત થાય. પણ તમે ખૂદ બેઈલ્મ થઈને કાયદો હાથમાં લો છો અને તમારી જિમ્મેદારી પર આ હરકતો કરીને દીનમાં ફિત્નો ઉભો કરો છો એના લીધે તમારી આ ખરાબ હાલત થાય છે.

વાંધા નં. ૭ : ત્રણ રકાત વિત્રની જેટલી હદીષો છે તે સૌ ઝઈફ છે ! અને ઝઈફ હદીષો દલીલ નથી બની શકતી.

જવાબ : જી હા ! એટલા માટે ઝઈફ છે કે તમારી વિરૂધ્ધ છે અથવા એટલા માટે કે સર્વ હદીષો સાડા તેરસો વરસ પૂરાણી થઈ ચૂકી ! માણસ તો સાઈઠ વરસમાં વૃધ્ધ થઈ જાય છે તો લગભગ ૧૪૦૦ વરસની હદીષો ઝઈફ કેમ ન થાય ?! તમારા આ ઝઈફ ઝઈફના રટણે લોકોને હદીષના મુન્કિર બનાવી દીધા. આપના આ વાંધાના જવાબો આ કિતાબમાં વારંવાર અપાઈ ચૂકયા છે.

કુનૂતે નાઝેલા પઢવી મના છે

વિત્ર નમાઝની ત્રીજી રકાતમાં રુકૂઅથી પહેલાં દુઆએ કુનૂત હમેશાં પઢવી સુન્નત છે. અને ફજ્રના ફર્ઝની બીજી રકાતમાં કુનૂતે નાઝેલા પઢવી સખ્ત મકરૂહ છે અને સુન્નતની વિરૂધ્ધ છે. પણ ગૈર મુકલ્લિદ વહાબીઓનો અમલ તેનાથી ઉલ્ટો છે, તેઓ વિત્રમાં દુઆએ કુનૂત હમેશાં નથી પઢતા બલ્કે રમઝાનની અમુક તારીખોમાં, પરંતુ ફજ્રમાં હમેશાં કુનૂતે નાઝેલા પઢે છે ! બીજી રકાતના રુકૂઅ પછી. કેટલાક દેવબંદી વહાબી પણ જે અસલમાં પર્દા પાછળ ગૈર મુકલ્લિદ છે તેઓ બહાનાં બનાવીને કુનૂતે નાઝેલા પઢવા લાગ્યા છે. એટલા માટે આ પ્રકરણમાં પણ વિભાગ પાડવામાં આવે છે. પ્રથમ વિભાગમાં આ મસ્અલાની સાબિતી અને બીજા વિભાગમાં આ મસ્અલા પર સવાલો અને જવાબો.

(પ્રથમ વિભાગ)

કુનૂતે નાઝેલાનો અર્થ છે આફત તથા મુસીબતના સમયની દુઆ. હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એકવાર એક ખાસ મુસીબત પર અમુક દિવસ આ દુઆ કુનૂતે નાઝેલા ફજ્રની બીજી રકાતના રુકૂઅ બાદ પઢી. પછી આયતે કુર્આનીએ આ દુઆ મન્સૂખ ફર્માવી દીધી, ત્યાર બાદ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેની કદી ન પઢી. દલીલો આ પ્રમાણે છે :–

હદીષ નં. ૧–૨ : બુખારી તથા મુસ્લિમે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે તેમણે હઝરત આસિમ અહૂલના એક સવાલના જવાબમાં ઈર્શાદ ફર્માવે છે :–

اِنَّمَا قَنَتَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ شَهْراً اِنَّهٗ كَانَ بَعَثَ

''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કુનૂતે નાઝેલા કેવળ એક મહીનો પઢી. આપે

أَنَّـاسـاً يُـقَـالُ لَهُمُ الْقُرَّاءُ سَبْـعُوْنَ رَجُلاً فَـأُصِيْبُوْا فَقَنَتَ رَسُـوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَـلَيْهِ وَسَلَّمَ بَعْدَ الرُّكُوْعِ شَهْراً يَدْعُوْا عَلَيْهِمْ

સિત્તેર સહાબીઓ જેઓ કારી હતા તેમને એક જગાએ તબ્લીગના માટે મોકલ્યા તેમને શહીદ કરી દેવામાં આવ્યા. તો હુઝૂરે એક મહીના સુધી રુકૂઅ પછી તે કાફિરો પર બદદુઆ ફર્માવતાં કુનૂતે નાઝેલા પઢી.''

એક મહીનાની મુદ્દતની કૈદથી જાણવા મળ્યું કે હુઝૂરનો અમલ હમેશાં ન હતો. ઉઝ્રના કારણે કેવળ એક મહીનો રહ્યો પછી મન્સૂખ થઈ ગયો.

હદીષ નં. ૩ : તહાવી શરીફે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ قَنَتَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَـلَّمَ شَهْـراً يَـدْعُـوْا عَلٰى رِعْلٍ وَ ذَكْوَانَ فَلَمَّا ظَهَرَ عَلَيْهِمْ تَرَكَ الْقُنُوْتَ

''હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કેવળ એક મહીનો કુનૂતે નાઝેલા પઢી. કબીલા રઅલ તથા ઝકવાન પર બદ દુઆ ફર્માવી. જ્યારે હુઝૂર તેમના પર ગાલિબ આવી ગયા તો છોડી દીધી.''

આ હદીષમાં છોડી દેવાનો સ્પષ્ટ ઉલ્લેખ આવી ગયો.

હદીષ નં. ૪ થી ૭ : અબૂ યઅ્લા મૂસ્લી, અબૂબક્ર બઝ્ઝાર તિબ્રાનીએ કબીરમાં, બયૂહકીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત કરી :–

قَالَ قَنَتَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَـلَّمَ شَهْـراً يَـدْعُـوْا عَلٰى عُصَيَّةَ وَ ذَكْوَانَ شَهْـراً فَـلَـمَّـا ظَهَرَ عَلَيْهِمْ تَرَكَ الْـقُنُوْتَ وَ قَـالَ الْبَزَّارُ فِىْ رِوَايَتِهٖ لَمْ يَـقْنُتِ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِلَّا شَهْراً وَاحِداً لَمْ يَقْنُتْ قَبْلَهٗ وَ لَا بَعْدَهٗ

''હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કેવળ એક મહીનો કુનૂતે નાઝેલા પઢી જેમાં કબીલા અસિય્યહ્ તથા ઝકવાન પર બદ દુઆ ફર્માવી. જ્યારે તેમના પર ગાલિબ આવી ગયા તો છોડી દીધી. બઝ્ઝારે પોતાની રિવાયતમાં ફર્માવ્યું કે હુઝૂરે કેવળ એક મહીનો કુનૂતે

નાઝેલા પઢી. **એનાથી પહેલાં** અથવા **તેના પછી કદી ન પઢી.''**

હદીષ નં. ૮-૯ : અબૂ દાઉદ તથા નિસાઈએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :-

اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ قَنَتَ شَھْراً ثُمَّ تَرَکَہٗ

''યકીનન ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કેવળ એક મહીનો કુનૂતે નાઝેલા પઢી પછી છોડી દીધી.''

હદીષ નં. ૧૦ થી ૧૨ : તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ્એ હઝરત અબૂ માલિક અશ્જઈથી રિવાયત કરી :-

قَالَ قُلْتُ لِاَبِیْ یَا اَبَتِ اِنَّکَ قَدْ صَلَّیْتَ خَلْفَ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ وَ اَبِیْ بَکْرٍ وَ عُمَرَ وَ عُثْمَانَ وَ عَلِیٍّ ھٰھُنَا بِالْکُوْفَۃِ نَحْواً مِنْ خَمْسِ سِنِّیْنَ کَانُوْا یَقْنُتُوْنَ قَالَ یَا بُنَیَّ مُحْدَثٌ

''ફર્માવે છે કે મેં મારા વાલિદથી પૂછયું કે, અબ્બાજાન ! તમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન અને અલી رَضِیَ اللّٰہُ عَنْھُمْ ની પાછળ કૂફામાં લગભગ પાંચ વરસ નમાઝ પઢી તો શું તે હઝરાત કુનૂતે નાઝેલા પઢતા હતા. તેમણે ફર્માવ્યું કે, હે બેટા ! એ બિદઅત છે.''

એટલે કે હમેશાં કુનૂતે નાઝેલા પઢવું તદ્દન સુન્નતની વિરૂધ્ધ અને બુરી બિદઅત છે.

હદીષ નં. ૧૩-૧૪ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી એક લાંબી હદીષ નકલ કરી જેમાં અંતિમ શબ્દો આ પ્રમાણે છે :

وَکَانَ یَقُوْلُ فِیْ بَعْضِ صَلٰوتِہٖ اَللّٰھُمَّ اِلْعَنْ فُلَانًا وَ فُلَانًا لِاَحْیَاءٍ مِنَ الْعَرَبِ حَتّٰی اَنْزَلَ اللّٰہُ لَیْسَ لَکَ مِنَ الْاَمْرِ شَیْءٌ

''હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની કેટલીક નમાઝોમાં ફર્માવ્યા કરતા હતા કે, ''ખુદાયા ! ફલાણા ફલાણા (અરબના અમુક કબીલા) પર લઅનત કર ! ત્યાં સુધી કે આ આયતે

કરીમા નાઝિલ થઈ : **લૈસ લક મિનલ્ અમ્રિ શૈઉન....**

આ હદીષથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા. **એક** એ કે દુઆએ કુનૂતે નાઝેલા ફજરની નમાઝમાં પઢવી મન્સૂખ છે. **બીજુ** એ કે હદીષ શરીફ આયતે કુર્આનીથી મન્સૂખ થઈ શકે છે કે કુનૂતે નાઝેલા પઢવું હદીષથી સાબિત છે અને તેનુ રદ થવું કુર્આનથી સાબિત છે. **ત્રીજુ** એ કે **દીનના દુશ્મનો પર બદદુઆ કે લઅનત કરવી જાઈઝ છે.** જે લોકો પર હુઝૂરે બદ દુઆ ફર્માવી તેઓ હુઝૂરની ઝાત શરીફના દુશ્મન ન હતા બલ્કે દીને ઈસ્લામના દુશ્મન હતા. જ્યારે તેમના પર જેહાદ કરી શકીએ છીએ તો બદ દુઆ પણ કરી શકીએ છીએ. હા ! હુઝૂરે પોતાના ઝાતી દુશ્મનોને માફીઓ આપી જેથી હદીષોમાં ટકરાવ નથી.

હદીષ નં. ૧૫ : હાફિઝ તલ્હા ઈબ્ને મુહમ્મદ મુહદ્દિષે પોતાની મુસ્નદમાં ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની અસ્નાદથી રિવાયત કરી.

عَنِ الْاِمَامِ الْاَعْظَمِ عَنْ اَبَانِ ابْنِ عَيَّاشٍ عَنْ اِبْرَاهِيْمَ عَنْ عَلْقَمَةَ عَنْ عَبْدِاللّٰهِ ابْنِ مَسْعُوْدٍ قَالَ لَمْ يَقْنُتْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِىْ الْفَجْرِ اِلَّا شَهْراً وَاحِداً لِاَنَّهٗ حَارَبَ الْمُشْرِكِيْنَ فَقَنَتَ يَدْعُوْا عَلَيْهِمْ

''ઈમામે આ'ઝમ અબૂ હનીફા હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરે છે : ફર્માવે છે, તેઓ હઝરત ઈબ્રાહીમ નખઈથી તે હઝરત અલ્કમાથી તે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી. તેમણે ફર્માવ્યું કે હુઝૂરે ફજરની નમાઝમાં કુનૂતે નાઝેલા કદી નથી પઢી સિવાય એક મહીનાના, કેમ કે હુઝૂરે મુશ્રિકોથી જંગ કરી હતી ત્યારે તેમના માટે એક મહીનો બદ દુઆ કરી હતી.''

હદીષ નં. ૧૬-૧૭ : હાફિઝ ઈબ્ને ખુસરૂએ પોતાની મુસ્નદમાં અને કાઝી ઉમર ઈબ્ને હસન અશ્નાનીએ હઝરત ઈમામ અબૂ હનીફાથી તેમણે જમાદથી તેમણે હઝરત ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી.

قَالَ مَا قَنَتَ اَبُوْبَكْرٍ وَ عُمَرَ وَلَا عُثْمَانُ وَلَا عَلِيٌّ حَتّٰى حَارَبَ اَهْلُ الشَّامِ فَكَانَ يَقْنُتُ

"ન હઝરત અબૂ બક્ર વ ઉમરે ન ઉષ્માને ન અલી મુર્તઝાએ કુનૂતે નાઝેલા પઢી ત્યાં સુધી કે હઝરત અલીએ શામવાળાઓ સાથે જંગ કરી તો કુનૂતે નાઝેલા પઢી.

હદીષ નં. ૧૮ : અબૂ મુહમ્મદ બુખારીએ ઈમામે આ'ઝમ અબૂ હનીફાથી તેમણે અતિય્યહ્ ઔફીથી તેમણે હઝરત અબૂ સઈદ ખુદરી સહાબીથી રિવાયત કરી :–

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ لَمْ يَقْنُتْ اِلَّا اَرْبَعِيْنَ يَوْماً يَّدْعُوْا عَلٰى عُصَيَّةَ وَ ذَكْوَانَ ثُمَّ لَمْ يَقْنُتْ اِلٰى اَنْ مَّاتَ

"તેમણે હુઝૂર ﷺ થી રિવાયત કરી કે હુઝૂરે ૪૦ દિવસના સિવાય કુનૂતે નાઝેલા ન પઢી, તે ચાલીસ દિવસોમાં અસિય્યહ્ તથા ઝકવાન પર બદદુઆ ફર્માવી, પછી વફાત સુધી કદી ન પઢી."

આ અઢાર હદીષો નમૂના રૂપે પેશ કરવામાં આવી, નહીં તો કુનૂતે નાઝેલા ન પઢવાના વિશે ઘણી બધી મુબારક હદીષો મૌજૂદ છે. જો શોખ હોય તો તહાવી શરીફ, સહીહુલ્ બિહારી વગેરેનો અભ્યાસ કરશો.

બુદ્ધિનો પણ તકાઝો એ છે કે કુનૂતે નાઝેલા નમાઝમાં ન પઢવામાં આવે. કેટલાક કારણોમાંથી **એક** એ કે પંજગાના ફર્ઝોની રકાતો વિવિધ છે. ફજરની બે, ઝોહર, અસર, ઈશાની ચાર, મગરિબની ત્રણ. પણ કોઈ ફર્ઝ નમાઝ નમાઝના અરકાન તથા દુઆ વગેરેમાં બીજી નમાઝોથી અલગ નથી. સૌનાં અરકાન, દુઆ વગેરે એક સમાન છે. તો જ્યારે ચાર નમાઝોમાં કુનૂતે નાઝેલા નથી, તો હોવુ જોઈએ કે ફજરના ફર્ઝોમાં પણ ન હોય. **બીજુ** એ કે બાજમાઅત ફર્ઝોમાં દુઆ તથા ઝિક્ર ટૂંકમાં છે, નવાફિલમાં તેની આઝાદી છે. જુઓ રુકૂઅથી ઉઠતી વખતે એકલો નમાઝી **સમિઅલ્લાહુલિમન હમિદહ્** પણ કહે છે અને **રબ્બના લકલ્ હમ્દ** પણ. પણ જ્યારે જમાઅતથી પઢશે તો ઈમામ **રબ્બના**

લકલ્ હમ્દ નથી કહેતો કેવળ **સમિઅલ્લાહુલિમન હમિદહ્** કહે છે. અને મુકતદી એથી ઉલ્ટુ કે **રબ્બના લકલ હમ્દ** તો કહે છે પણ **સમિઅલ્લાહુલિમન હમિદહ્** નથી કહેતો. જ્યારે આ નમાઝોમાં આટલા પ્રમાણમાં ટૂંકાણ મૌજૂદ છે તો ફજ્રના રુકૂઅ પછી આટલી લાંબી એટલે દુઆએ કુનૂત નાઝેલા પઢવી શરીઅતના મકસદથી તદ્દન વિરૂધ્ધ છે. **ત્રીજુ** એ કે નમાઝ ખાસ કરીને પંજગાના ફરજોના અરકાન એક બીજા સાથે તદ્દન મળેલા હોવા જોઈએ. કિયામ બાદ તરત જ રુકૂઅને રુકૂઅબાદ તુરત જ સિજદો. અને સિજદા પછી તરત જ કિયામ કે જલસો. એમાં અંતર પાડવુ શરીઅતના મકસદની વિરૂધ્ધ છે. ફજરના રુકૂઅ પછી જે કૌમા છે તેમાં કેવળ **સમિઅલ્લાહુલિમન હમિદહ્** ના જેટલું રોકવું જોઈએ. જો તેમાં કુનૂતે નાઝિલા પઢવામાં આવી તો સજદામાં જે નમાઝનો આ'લા રુકન છે તેમાં મોડુ થશે. ફર્ઝની તાખિર (લેટ થવું) જો ભૂલથી હોય તો સહવનો સજદો વાજિબ ઠરે છે અને જો જાણી જોઈને હોય તો નમાઝ ફાસિદ કરી દે છે. જેથી નમાઝની અંદર કુનૂતે નાઝેલા ન પઢવી જોઈએ જેથી નમાઝના અરકાનમાં જોડાણ રહે.

ફિકહી મસ્અલા : હનફી મઝહબ એ છે કે જંગ અથવા અન્ય બીજી આમ આફતોના પ્રસંગે બેહતર એ છે કે કુનૂતે નાઝેલા નમાઝની બહાર પઢે જેથી સહાબાએ કિરામના ઈખ્તેલાફથી બચેલા રહે. કેમ કે અમુક સહાબા આફતો તથા જંગોના પ્રસંગે કુનૂતે નાઝેલા પઢતા હતા, અમુક તેને તદ્દન મન્સૂખ (રદ) માનતા હતા. પરંતુ જો ફજરના ફર્ઝોની બીજી રકાતમાં રુકૂઅ બાદ કુનૂતે નાઝેલા પઢે તો જો કે સારું ન કર્યું પણ **જાઈઝ** છે. જરૂરતના લીધે મનાઈઓ મુબાહ થઈ જાય છે. પરંતુ ધીમેથી પઢે મોટા અવાજે ન પઢે. **ફજર સિવાય કોઈ અન્ય નમાઝમાં પઢશે તો નમાઝ ફાસિદ થઈ (તૂટી) જશે.** કેમ કે તેણે વિના કારણે જાણીબુઝીને સજદામાં મોડુ કર્યું. ફર્ઝમાં મોડુ કરવાથી નમાઝ ફાસિદ થાય છે.

એક શંકા : અમુક લોકો કહે છે કે આમ આફત કે જેહાદના મોકા પર દરેક જહરી નમાઝ એટલે ફજર, મગરિબ, ઈશામાં કુનૂતે નાઝેલા નમાઝ પઢવી જોઈએ કેમ કે 'શરહે નકાયા' તથા 'ગાયતુલ અવતાર'માં છે :–

''આ પ્રસંગે ઈમામ જહરી નમાઝમાં કુનૂતે નાઝેલા પઢે. ઈમામ ષૌરી તથા અહમદનો આ જ કૌલ છે.''

પંજાબમાં ઘણા દિવસો સુધી અમુક જાહિલ ઈમામોએ આ દલીલથી મગરિબ, ઈશા અને ફજર બલ્કે જુમ્આની નમાઝમાં કુનૂતે નાઝેલા પઢીને લોકોની નમાઝો બર્બાદ કરી.

શંકાનું નિવારણ : 'શરહે નકાયા' અને 'ગાયતુલ્ અવતાર'માં અહીં કાતિબે (લહિયાએ) ગલતીથી **ફજ્ર** ની જગાએ **જહ્ર** લખી દીધુ છે એટલે કે **ફે** ને **જીમ** કરી દીધી. જેમ કે ઈશ્બાહો વન્નઝાઈરમાં આ જગાએ **સલાતુલ જહ્ર**ને બદલે **સલાતુલ ફજ્ર** છે અને તહતાવી અલા દુરુલ્મુખ્તાર અને અલ્લામા ઈબ્ને આબિદ શામીએ 'મુન્તહતુલ્ ખલાઈક અલા બહરુર્રાઈક'માં ફર્માવ્યું :

''કદાચ જહ્ર એ ફજ્રને બદલે બની ગયો છે.''

તહતાવીનુ લખાણ આ પ્રમાણે છે :

''બહરુર્રાઈકે જે ફર્માવ્યું કે જો મુસલમાનો પર કોઈ આફત આવી પડે તો ઈમામ જહ્રી નમાઝમાં કુનૂતે નાઝેલા પઢે. તો મારો ખયાલ છે કે આ કાતિબની ગલતી છે, સહીહ એ છે કે અહીં ફજ્ર છે.''

અમે ખૂબ જ સંક્ષિપ્તમાં એના વિશે થોડુક લખી આપ્યું છે. જો કુનૂતે નાઝેલાની વધુ તેહકીક કરવી હોય તો અમારા ફત્વા 'ફતાવાએ નઈમિયહ્'નો અભ્યાસ કરવો. કેમ કે હવે દેવબંદી પણ અમુક ઠેકાણે કુનૂતે નાઝેલા પઢવા લાગ્યા છે. એટલા માટે ત્યાં આ મસ્અલા પર જામીને ચર્ચા કરી દેવામાં આવી છે.

(બીજો વિભાગ)

★ કુનૂતે નાઝેલાના મસ્અલામાં વાંધાઓ તથા જવાબો ★

ગૈર મુકલ્લિદ વહાબીઓની તરફથી અત્યાર સુધી જેટલા વાંધાઓ અમારા સુધી પહોંચ્યા છે તેને અમે ખૂબ જ દિયાનતદારીપૂર્વક જવાબ સહ રજુ કરીએ છીએ. જો હવે પછી કોઈ નવી શંકા જોવામાં આવશે તો તેનો જવાબ પણ આપી દેવામાં આવશે.

વાંધા નં. ૧ : તમે કુનૂતે નાઝેલા પઢવાની જેટલી હદીષો રજુ કરી છે. તે તમામે તમામ ઝઈફ છે અને ઝઈફ હદીષોથી દલીલ નથી પકડી શકાતી. (જુનૂ જ રટણ)

જવાબ : એના જવાબો અમે ઘણીવાર આપી ચૂકયા છીએ. હવે એક નિર્ણાયક જવાબ રજુ કરીએ છીએ તે એ છે કે અમારી દલીલો આ રિવાયતો નથી. અમારી અસ્લી દલીલ તો ઈમામે આઝમ અબૂ હનીફા رضی اللہ عنہ નુ ફર્માન છે. અમે આ આયતો તથા હદીષો મસાઈલના સમર્થનમાં રજુ કરીએ છીએ. હદીષ તથા આયતો ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની દલીલ છે, તેમની હદીષોની આ અસ્નાદો નથી તેમની અસ્નાદ ખૂબ જ સંક્ષિપ્ત અને ટનાટન હોય છે, જેમાં બે ત્રણ રાવી હોય છે તે પણ અતિશય ષિકહ્. આ પ્રકરણના પ્રથમ વિભાગમાં તમે હદીષ નં. ૧૮માં જોઈ ચૂકયા કે ઈમામ સાહબની સનદોમાં કેવળ બે રાવી છે, અતિય્યહ્ ઔફી અને અબૂ સઈદ ખુદરી. હદીષ નં. ૧૫ માં કેવળ ચાર રાવી છે, અબાન ઈબ્ને અય્યાશ, ઈબ્રાહીમ નખઈ, અલ્કમહ્, ઈબ્ને મસ્ઊદ. બતાવો ! એમાં કોણ ઝઈફ છે ? કેમ કે ઈમામ સાહબનો જમાનો ખયરે કુરૂનમાંથી છે, તેમની હદીષોની અસ્નાદોમાં ખૂબ જ ઓછા રાવીઓ છે, જેથી ત્યાં ઝઈફનો સવાલ જ પેદા નથી થતો. ઝઈફપણુ, તદલીસ વગેરે બીમારીઓ બાદમાં ઉદ્ભવી. હા ! તમારી કોઈ રિવાયતનું ઝઈફ હોવું તમારા માટે કયામત છે કેમ કે એ જ રિવાયતો તમારી દલીલો છે જેના પર તમારા મઝહબનો આધાર છે ! અને તમારો જમાનો હુઝૂરથી ખૂબ જ દૂર ! તમારી

રિવાયતોની અસ્નાદો ખૂબ જ લાંબી જેમાં દરેક પ્રકારની બીમારીઓ મૌજૂદ છે જેથી ઝઈફ ઝઈફની રટ વડે ગૈર મુકલ્લિદને ડરાવો ! હનફીના માટે એનાથી કોઈ ખતરો નથી. અન્ય જવાબો તે છે જે અમો આગલા પ્રકરણોમાં રજુ કરી ચૂકયા. અમે દરેક હદીષની બફદ્લેહી તઆલા એટલી અસ્નાદો રજુ કરી છે કે તે હદીષો હસન થઈ ગઈ, ઝઈફપણુ (ઝોઅફ) જતુ રહ્યું.

વાંધા નં. ૨ : ઈબ્ને માજહ્એ રિવાયત કરી કે કોઈએ અનસ رضی اللہ عنہ થી સવાલ કર્યો કે હુઝૂરે કયારે કુનૂત પઢી હતી ? તો જવાબ આપ્યો :

قَنَتَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بَعْدَ الرُّكُوْعِ وَ فِىْ رِوَايَةٍ الرُّكُوْعِ وَ بَعْدَهٗ

''હુઝૂરે રુકૂઅ પછી કુનૂત પઢી. અને એક રિવાયતમાં છે કે રુકૂઅથી પહેલાં પણ કુનૂત પઢી અને બાદમાં પણ.''

એનાથી જાણવા મળ્યું કે કુનૂતે નાઝેલા પઢવી સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم છે.

જવાબ : એના કેટલાક જવાબો છે, **એક** એ કે આ હદીષમાં કુનૂતે નાઝેલાનો ઉલ્લેખ નથી અને મિશ્કાતના લેખક આ હદીષ દુઆએ કુનૂતની ચર્ચામાં લાવ્યા છે, જે વિત્રોમાં પઢવામાં આવે છે. જેનાથી જાણવા મળે છે કે અહીં દુઆએ કુનૂત મુરાદ છે. જેથી આપની દલીલ ખોટી છે. **બીજુ** એ કે જો કુનૂતે નાઝેલા જ મુરાદ હોય તો અહીં એ ઉલ્લેખ નથી કે હુઝૂરે હમેશાં પઢી. અને અમે પ્રથમ વિભાગમાં સાબિત કરી ચૂકયા છીએ. હુઝૂરે કુનૂતે નાઝેલા કેવળ એક સવા મહીના માટે પઢી પછી હમેશાંના માટે છોડી દીધી. જેથી આ હદીષ મન્સૂખ છે. અને મન્સૂખથી દલીલ પકડવી સખત જુર્મ છે. **ત્રીજુ** એ કે જો આ હદીષમાં કુનૂતે નાઝેલા જ મુરાદ હોય તો તેમાં એ ફૈંસલો ન કરવામાં આવ્યો કે રુકૂઅથી પહેલાં પઢી કે બાદમાં ? તો તમે રુકૂઅ બાદનો ફૈંસલો કઈ રીતે કરી લીધો ! આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે. **ચોથુ** એ કે આ હદીષ ઈબ્ને માજહ્ની છે તેની અસ્નાદ મજરૂહ છે એટલા જ માટે તેને મુસ્લિમ તથા બુખારીએ ન લીધી. મુસ્લિમ તથા બુખારીની રિવાયતો એનાથી વિરૂધ્ધ છે, જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા. જેથી આ હદીષ મજરૂહ છે. મતલબ

કે આ હદીષ તમારા માટે કોઈ રીતે દલીલ નથી.

વાંધા નં. ૩ : તહાવી શરીફે ઘણી અસ્નાદોથી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી. આટલી અસ્નાદોવાળી રિવાયત ઝઈફ નથી હોઈ શકતી :–

قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ حِيْنَ يَفْرُغُ مِنْ صَلٰوةِ الْفَجْرِ مِنَ الْقِرَاءَةِ وَ يُكَبِّرُ وَ يَرْفَعُ رَاسَهٗ وَ يَقُوْلُ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ يَقُوْلُ وَهُوَ قَائِمٌ اَللّٰهُمَّ اَنْجِ الْوَلِيْدَ ابْنَ الْوَلِيْدِ الخ

''હુઝૂર ૨ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે ફજરની નમાઝની કિરાઅતથી ફારિગ થતા અને તકબીર કહીને રુકૂઅ કરતા અને રુકૂઅથી સર મુબારક ઉઠાવતા અને **સમિઅલ્લા હુલિમન હમિદહ્** ફર્માવતા તો ઉભા રહી આ દુઆ પઢતા, હે અલ્લાહ ! વલીદ ઈબ્ને વલીદને નજાત આપ.... છેવટ સુધી.

તહાવી શરીફ હનફીઓની કિતાબ છે. એનાથી કુનૂતે નાઝેલાની સાબિતી છે.

જવાબ : કદાચ તમે તહાવી શરીફના એ જ પાના પર હઝરત અબ્દુર્રહ્માન ઈબ્ને અબી બકરની આ રિવાયત નથી જોઈ અને જોતા પણ કેમ કરીને કે એ તમારી વિરૂધ્ધ હતી ! જુઓ, આખરી શબ્દો.

فَاَنْزَلَ اللّٰهُ عَزَّوَجَلَّ لَيْسَ لَكَ مِنَ الْاَمْرِ شَيْءٌ فَمَا دَعَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِدُعَاءٍ عَلٰى اَحَدٍ

''હુઝૂર ફજ્રમાં કુનૂતે નાઝેલા પઢતા હતા. પછી આ આયત ઉતરી **લેસ લક મિનલ અમ્રિ શૈઊન....** ત્યાર બાદ હુઝૂરે કદી પણ નમાઝમાં બદ દુઆ ન કરી.

જેથી તમારી રજુ કરેલી તમામ હદીષો આ આયતે કરીમાથી રદ છે અને રદ થયેલ (મન્સૂખ) હદીષો પોતાની દલીલમાં રજુ કરવી એ તમારા જેવા બુઝુર્ગોનું જ કામ !!

વાંધા નં. ૪ : હદીષોથી સાબિત છે કે જંગે સિફ્ફીનના જમાનામાં હઝરત અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم કુનૂતે નાઝેલા પઢતા હતા. અમુક રિવાયતમાં

હઝરત ઉમર رضی اللہ عنہ થી કુનૂતે નાઝેલા પઢવું નકલ થયેલ છે. આવા જલીલુલકદર સહાબાનું કુનૂતે નાઝેલા પઢવું તેના સુન્નત હોવાની દલીલ છે.

જવાબ : તેના બે જવાબો છે, ઈલ્ઝામી તથા તેહકીકી. ઈલ્ઝામી જવાબ તો એ છે કે આ રિવાયત તમારી પણ વિરૂધ્ધ છે ! કેમ કે તેમાં જંગની હાલતમાંનું વર્ણન છે. હઝરત ઉમર رضی اللہ عنہ કાફિરો સાથે જંગના સમયમાં અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ખારજીઓ સાથે અથવા બગાવતની જંગમાં આ દુઆ પઢતા હતા. જાણવા મળ્યું કે શાંતિના સમયમાં પઢતા ન હતા. પણ તમે તો હમેશાં પઢો છો ! તમે આ જ સુધી કાફિરો સાથે કેટલી જંગો કરી ? તમે તો મુસલમાનોને મુશ્રિક બનાવવા અને મુસલમાનોથી લડવા સિવાય કયા જેહાદ કર્યા ?

તેહકીકી જવાબ એ છે કે અમે પ્રથમ વિભાગમાં જણાવી ચૂકયા છીએ કે કુનૂતે નાઝેલાના વિશે સહાબાએ કિરામમાં મતભેદ રહ્યો. અમુક સહાબાએ કિરામ તેને બિલ્કુલ મન્સૂખ માનતા અને બિદઅત કહે છે, જેમ કે હઝરત અબૂ માલિક અશ્જઈ رضی اللہ عنہ જેવું કે અમે નિસાઈ તથા ઈબ્ને માજહ્ના હવાલાથી પ્રથમ વિભાગમાં વર્ણન કરી ચૂકયા છીએ. અને અમુક સહાબાએ કિરામ જંગની સ્થિતિમાં કુનૂતે નાઝેલા પઢતા હતા, જેમ કે હઝરત ઉમર તથા અલી رَضِیَ اللّٰہُ عَنْہُمَا એટલા માટે અમારા ફુકહા ફર્માવે છે : અત્યારે પણ જંગની હાલતમાં કુનૂતે નાઝેલા પઢવું જાઈઝ છે, જો કે બેહતર નથી. પરંતુ હમેશાં પઢવું એ કોઈ સહાબીનું કથન નથી. અમારી આખી ચર્ચા હમેશાં પઢવા સંબંધે છે. તમારો દાવો કાંઈ ઓર છે અને દલીલ કાંઈ ઓર ! તમામ વહાબીઓને એલાન છે કે એક હદીષ મરફૂઅ સહીહ એવી દેખાડો જેમાં હમેશાં કુનૂતે નાઝેલા પઢવાનો હુકમ કે ઉલ્લેખ હોય. ઈન્શાઅલ્લાહુ તઆલા કિયામત સુધી નહીં દેખાડી શકો ! તો પછી શા માટે જીદ કરો છો ? મુકલ્લિદ બનીને સહીહ નમાઝો પઢો !

★ વિત્રમાં દુઆએ કુનૂત હમેશાં પઢો ★

વહાબી ગૈરમુકલ્લિદ વિત્રોમાં હમેશાં દુઆએ કુનૂત પઢવાની મના કરે છે. કેવળ રમઝાનના છેલ્લા પંદર દિવસ જ દુઆએ કુનૂત પઢે છે. આપણે હનફી

બારેમાસ પઢીએ છીએ. એટલા માટે સંક્ષિપ્તમાં કાંઈક એના વિશે પણ રજુ કરું છું. હમેશાં દુઆએ કુનૂત વિત્રની છેલ્લી રકાતમાં કિરાઅત પછી રુકૂઅથી પહેલાં સુન્નત છે, તેની વિરૂધ્ધ કરવું બુરુ છે. હદીષો જુઓ :–

હદીષ નં. ૧–૨ : ઈમામ મુહમ્મદે આષારમાં અને હાફિઝ ઈબ્ને ખસ્રૂ મુહદ્દિષે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ થી તેમણે હઝરત હમ્માદથી તેમણે ઈબ્રાહીમ નખઈથી તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رَضِیَ اللّٰہُ عَنْہُمَا સહાબીએ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી :

اَنَّہٗ کَانَ یَقْنُتُ السُّنَّۃَ کُلَّھَا فِیُ الْوِتْرِ قَبْلَ الرُّکُوْعِ

''કે આપ વિત્રોમાં તમામ સાલ રુકૂઅથી પહેલાં દુઆએ કુનૂત પઢતા હતા.''

હદીષ નં. ૩–૪ : દારકુત્ની તથા બયૂહકીએ હઝરત સુવૈદ ઈબ્ને ગફલહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ سَمِعْتُ اَبَابَکْرٍ وَ عُمَرَ وَ عُثْمَانَ وَعَلِیّاً یَقُوْلُوْنَ قَنَتَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ فِیُ اٰخِرِ الْوِتْرِ وَ کَانُوْا یَفْعَلُوْنَ ذٰلِکَ

''તેઓ ફર્માવે છે કે મેં હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર ફારૂક, હઝરત ઉષ્માનગની, અલી મુર્તઝાથી સાંભળ્યું કે તે સૌ હઝરાત ફર્માવતા હતા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વિત્રની છેલ્લી રકાતમાં દુઆએ કુનૂત પઢતા હતા અને તમામ સહાબા પણ એ જ રકાત પઢતા હતા.''

હદીષ નં. ૫ થી ૮ : અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ્એ હઝરત અમીરુલ મો'મિનીન અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી :

اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ کَانَ یَقُوْلُ فِیُ اٰخِرِ وِتْرِہٖ اَللّٰھُمَّ اِنِّیُ اَعُوْذُبِکَ۔الخ

''યકીનન ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની વિત્રની છેલ્લી રકાતમાં આ દુઆ પઢતા હતા : **અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિક....**

આ હદીષો નમૂના રૂપે રજુ કરી દીધી, નહીં તો એના બારામાં ઘણી બધી હદીષો છે, તેમાં કયાંય એ ઉલ્લેખ નથી કે હુઝૂરે કે સહાબાએ કેવળ છેલ્લા પંદર રમઝાનના દિવસોમાં દુઆએ કુનૂત પઢી, આગળ પાછળ નથી પઢી. બલ્કે સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી સ્પષ્ટ રીતે નકલ થયેલ છે કે આપ આખુ વરસ દુઆએ કુનૂત પઢતા હતા. જાણવા મળ્યું કે આખુ વરસ વિત્રમાં રુકૂઅથી પહેલાં ત્રીજી રકાતમાં દુઆએ કુનૂત પઢવું હુઝૂરની પણ સુન્નત છે અને સહાબાએ કિરામની પણ.

યાદ રાખશો કે ગૈર મુકલ્લિદો વહાબીઓની પાસે રમઝાનના છેલ્લા પખવાડિયામાં દુઆએ કુનૂત પઢવાની કેવળ એક હદીષ છે જે અબૂ દાઊદે હઝરત બસરીથી રિવાયત કરી. શબ્દો આ પ્રમાણે છે :–

اَنَّ عُمَرَ ابْنَ الْخَطَّابَ جَمَعَ النَّاسَ عَلٰى اُبَيِّ ابْنِ كَعْبٍ فَكَانَ يُصَلِّىْ بِهِمْ عِشْرِيْنَ لَيْلَةً وَلَا يَقْنُتُ بِهِمْ اِلَّا فِىْ النِّصْفِ الْبَاقِىْ

''હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે લોકોને ઉબય ઈબ્ને કઅબ પાસે જમા કરી દીધા, તેઓ તેમને ૨૦ રાત તરાવીહ પઢાવતા હતા અને કુનૂત ન પઢતા પણ બાકી અડધી રમઝાનમાં.''

ગૈર મુકલ્લિદ કહે છે કે આખરી અડધી રમઝાનમાં દુઆએ કુનૂત પઢવું સહાબીની સુન્નત છે.

જવાબ : એના બે જવાબો છે. **એક** એ કે હે વહાબીઓ ! તમારું આખી હદીષ પર ઈમાન છે કે અડધી ? જો અડધી પર છે તો શા માટે ? અને જો પૂરી પર છે તો તેમાં એ પણ ઉલ્લેખ છે કે હઝરત ઉબય ઈબ્ને કઅબ તમામ સહાબાને ૨૦ રકાત તરાવીહ પઢાવતા હતા, તમે તો આઠ રકાત તરાવીહ પઢો છો ! ૨૦ રકાત કેમ નથી પઢતા ? આ પ્રકારની હરકતોના વિશે કુર્આને કરીમ ફર્માવે છે :–

اَفَتُؤْمِنُوْنَ بِبَعْضِ الْكِتٰبِ وَ تَكْفُرُوْنَ بِبَعْضٍ

''શું અમુક કિતાબ પર ઈમાન લાવો છો અને અમુકનો ઈન્કાર કરો છો !''

જો આ હદીષથી ૧૫ દિવસ દુઆએ કુનૂત સાબિત થાય છે તો ૨૦ રકાત તરાવીહ ૨૦ રાતમાં પણ સાબિત થાય છે. જેથી આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે.

બીજો જવાબ એ છે કે આ હદીષમાં દુઆએ કુનૂતનો ઉલ્લેખ નથી, જાહેર એ છે કે એ દુઆ કોઈ અન્ય હશે જેમાં કાફિરોની હલાકતની દુઆ કરવામાં આવી હોય, કેમ કે તે સમયમાં કાફિરો સાથે જેહાદ ખૂબ અધિક પ્રમાણમાં થતા હતા. તો સહાબાએ કિરામ અંતિમ રમઝાનમાં જેમાં શબે કદ્ર પણ છે, એ'તેકાફની રાતો પણ છે તેમાં કાફિરોની હલાકત અને ઈસ્લામની ફતહની દુઆઓ કરતા હશે. જો તેનાથી દુઆએ કુનૂત મુરાદ હોય તો આ હદીષ તે હદીષોની વિરૂધ્ધ થશે જેને અમે રજુ કરી ચૂકયા જેમાં ફર્માવવામાં આવ્યું છે કે સહાબાએ કિરામ આખુ વરસ દુઆએ કુનૂત પઢતા હતા. જ્યાં સુધી થઈ શકે હદીષોમાં ટકરાવ પેદા થવા દેવામાં ન આવે.

ત્રીજા જવાબ એ છે કે આ હદીષથી પણ પંદર દિવસ દુઆએ કુનૂત સાબિત થાય છે. કેમ કે ઉબય ઈબ્ને કઅબે ૨૦ રકાત તરાવીહ પઢાવી જેમાંથી આખરી નિસ્ફ દુઆએ કુનૂત પઢી તો ગણત્રીના હિસાબે કુલ ૧૦ દિવસ એટલે ૧૦મી રમઝાનથી ૨૦મી રમઝાન સુધી કુનૂત પઢી, તો તમે ૧૫મીથી ત્રીસ સુધી શા માટે પઢો છો ? !

અમારું એલાન : અમે તમામ દુનિયાના વહાબીઓને એલાન કરીએ છીએ કે કોઈ હદીષ મરફૂઅ સહીહ મુસ્લિમ, બુખારીની એવી રજુ કરો જેમાં ૧૫ દિવસ દુઆએ કુનૂતનો હુકમ હોય અને આગળ પાછળની મનાઈ હોય. કિયામત સુધી નહીં લાવી શકો ! જેથી તમારા હાલના અમલથી તૌબા કરો અને હમેશાં દુઆએ કુનૂત પઢયા કરો. હમેશાં રબથી દુઆ માંગવામાં શરમ કરો.

અત્તહિય્યાતમાં બેસવાની સ્થિતિ

પુરૂષના માટે સુન્નત એ છે કે બંને અત્તહિય્યાતમાં જમણો પગ ઉભો રહે અને ડાબો પગ બીછાવીને તેના પર બેસે. સ્ત્રી બંને પગો જમણી તરફ કાઢી નાખે અને જમીન પર બેસે. વહાબી ગૈર મુકલ્લિદ પ્રથમ અત્તહિય્યાતમાં તો પુરૂષો જેમ બેસે છે પણ બીજીમાં સ્ત્રીઓની જેમ, એ સુન્નતની વિરૂધ્ધ છે, અને ઘણુ બુરુ. એટલા માટે અમે આ પ્રકરણમાં પણ બે વિભાગ કરીએ. પ્રથમ વિભાગમાં તેની સાબિતી, બીજા વિભાગમાં તેના પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

અત્તહિય્યાતમાં ચાહે પહેલી હોય કે બીજી પુરૂષ જમણો પગ ઉભો રાખે અને તેની આંગળીઓનું માથુ કિબ્લા તરફ રાખે, અને ડાબો પગ બીછાવે તેના પર બેસે. એના માટે ઘણી હદીષો આવેલી છે. નમૂના રૂપે અમુક રજુ કરવામાં આવે છે.

હદીષ–૧ : મુસ્લિમ શરીફે હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا થી એક લાંબી હદીષ રિવાયત કરી જેના અંતિમ શબ્દો આ છે :–

وَكَانَ يَفْتَرِشُ رِجْلَهُ الْيُسْرٰى وَ يَنْصِبُ رِجْلَهُ الْيُمْنٰى

''આપ આપનો ડાબો પગ મુબારક બીછાવતા હતા અને જમણો પગ મુબારક ઉભો રાખતા હતા.''

હદીષ નં. ૨–૩ : બુખારી તથા નિસાઈએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત કરી :

قَالَ اِنَّمَا السُّنَّةُ فِی الصَّلٰوةِ اَنْ تَنْصِبَ رِجْلَكَ الْيُمْنٰى وَ تَثْنِیَ رِجْلَكَ الْيُسْرٰى زَادَ النَّسَائِیُ وَ اِسْتِقْبَالُهٗ بِاَصَابِعِهَا الْقِبْلَةَ

''સુન્નત એ છે કે તું તારો જમણો પગ ઉભો કરે અને ડાબો પગ બીછાવે. નિસાઈમાં એટલુ વધારે છે કે જમણા પગની આંગળીઓ કા'બાની તરફ કરે.''

હદીષ નં. ૪ થી ૭ : બુખારી શરીફ, માલિક, અબૂ દાઉદ, નિસાઈએ સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمْ થી રિવાયત કરી :–

أَنَّهٗ كَانَ يَرٰى عَبْدُاللّٰهِ ابْنَ عُمَرَ يَتَرَبَّعُ فِيْ الصَّلٰوةِ اِذَا جَلَسَ قَالَ فَعَلْتُهٗ وَاَنَا يَوْمَئِذٍ حَدِيْثُ السِّنِّ فَنَهَانِيْ عَبْدُاللّٰهِ بْنُ عُمَرَ وَ قَالَ سُنَّةُ الصَّلٰوةِ اَنْ تَنْصِبَ رِجْلَكَ الْيُمْنٰى وَ تُثْنِّيَ رِجْلَكَ الْيُسْرٰى فَقُلْتُ لَهٗ اِنَّكَ تَفْعَلُ ذَالِكَ فَقَالَ اِنَّ رِجْلَيَّ لَا تَحْمِلَانِيْ

''કે તે પોતાના વાલિદ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરને જોતા હતા કે આપ નમાઝમાં ચારઝાનુ (પલાઠીવાળી) બેસતા હતા. ફર્માવે છે કે એક દિવસ હું પણ એ જ પ્રમાણે બેઠો તે સમયે હું નાનો હતો તો મને હઝરત અબ્દુલ્લાહે એનાથી રોકયો અને કહ્યું કે નમાઝની સુન્નત એ છે કે તમે જમણો પગ ઉભો કરો અને ડાબો પગ બીછાવો. મેં કહ્યું કે તમે તો આવું કરો છો ! એટલે ચાર ઝાનૂ બેસો છો ?! તો ફર્માવ્યું કે મારો પગ મારું વજન નથી ઉઠાવી શકતો. (એટલે કે મઅઝૂરી છે.)''

હદીષ નં. ૮–૯ : તિર્મિઝી શરીફ અને તિબ્રાનીએ હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત કરી :–

قَالَ قَدِمْتُ الْمَدِيْنَةَ قُلْتُ لَاَنْظُرَنَّ اِلٰى صَلٰوةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا جَلَسَ يَعْنِيْ لِلتَّشَهُّدِ اِفْتَرَشَ رِجْلَهُ الْيُسْرٰى وَ وَضَعَ يَدَهُ الْيُسْرٰى عَلٰى فَخِذِهِ الْيُسْرٰى وَ نَصَبَ رِجْلَهُ الْيُمْنٰى

''ફર્માવ્યું કે હું હુઝૂરની નમાઝ જોઈશ. જ્યારે આપ નમાઝમાં બેઠા એટલે કે અત્તહિય્યાતમાં તો આપે પોતાનો ડાબો પગ બિછાવી દીધો અને ડાબો હાથ ડાબી જાંગ પર રાખ્યો અને જમણો પગ ઉભો કરી દીધો.''

હદીષ નં. ૧૦ થી ૧૩ : ઈમામ અહમદ, ઈબ્ને હબ્બાન, તિબ્રાનીએ કબીરમાં હઝરત રિફાઆ ઈબ્ને રાફેઅ رَضِیَ اللّٰہُ عَنْہُ થી રિવાયત કરી :

قَالَ فَاِذَا جَلَسْتَ فَاجْلِسْ عَلٰى فَخِذِكَ الْيُسْرٰى

"પછી જ્યારે તમે બેસો તો પોતાની ડાબી જાંગ પર બેસો."

હદીષ નં. ૧૪ : તહાવી શરીફે હઝરત ઈબ્રાહીમ નખઈ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

اِنَّهٗ كَانَ يَسْتَحِبُّ اِذَا جَلَسَ الرَّجُلُ فِىْ الصَّلٰوةِ اَنْ يَّفْرِشَ قَدَمَهُ الْيُسْرٰى عَلَى الْاَرْضِ ثُمَّ يَجْلِسُ عَلَيْهَا

"આપ મુસ્તહબ જાણતા હતા કે પુરૂષ નમાઝમાં પોતાનો ડાબો પગ બિછાવે જમીન પર અને તેના પર બેસે."

હદીષ નં. ૧૫ : અબૂ દાઉદ શરીફે હઝરત ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી :–

قَالَ كَانَ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا جَلَسَ فِىْ الصَّلٰوةِ اِفْتَرَشَ رِجْلَهُ الْيُسْرٰى حَتّٰى اَسْوَدَّ ظَهْرَ قَدَمِهٖ

"તેઓ ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે નમાઝમાં બેસતા તો પોતાનો જમણો પગ બિછાવતા હતા ત્યાં સુધી કે એ કદમ શરીફની પીઠ સિયાહ પડી ગઈ."

હદીષ નં. ૧૬ : બયૂહકી શરીફે સૈયેદેના અબૂ સઈદ ખુદરીથી એક લાંબી હદીષ નકલ કરી જેના શબ્દો આ છે :–

فَاِذَا جَلَسَ فَلْيَنْصِبْ رِجْلَهُ الْيُمْنٰى وَ الْيَخْفِضْ رِجْلَهُ الْيُسْرٰى

"જ્યારે નમાઝમાં બેસે તો પોતાના જમણા પગને ઉભો કરે અને ડાબો પગ બિછાવે."

હદીષ નં. ૧૭ : તહાવી શરીફે હઝરત વાઈલ ઈબ્ને હજર رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ صَلَّيْتُ خَلْفَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُلْتُ لَاَحْفَظَنَّ صَلٰوةَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ فَلَمَّا قَعَدَ لِلتَّشَهُّدِ فَرَشَ

"મેં હુઝૂરના પાછળ નમાઝ પઢી તો દિલમાં કહ્યું કે હુઝૂરની નમાઝ યાદ કરીશ. ફર્માવે છે કે જ્યારે હુઝૂર અત્તહિય્યાતના માટે બેઠા તો ડાબો પગ

رِجْلَهُ الْيُسْرٰى ثُمَّ قَعَدَ عَلَيْهَا

બિછાવ્યો પછી તેના પર બેસી ગયા."

હદીષ નં. ૧૮ : તહાવી શરીફે હઝરત અબૂ હમીદ સાઅદીથીએક લાંબી હદીષ રિવાયત કરી જેના અંતિમ શબ્દો આ છે :

فَاِذَا قَعَدَ لِلتَّشَهُّدِ اَضْجَعَ رِجْلَهُ الْيُسْرٰى وَ نَصَبَ الْيُمْنٰى عَلٰى صَدْرِهَا وَ يَتَشَهَّدُ

"જયારે હુઝૂર અત્તહિય્યાતના માટે બેઠા તો આપે પોતાનો ડાબો પગ બિછાવ્યો અને જમણો પગ તેના આગલા ભાગ પર ઉભો કર્યો અને અત્તહિય્યાત પઢતા હતા."

આ અઢાર હદીષો નમૂના રૂપે રજુ કરવામાં આવી છે, નહીં તો આ બારામાં ઘણી હદીષો છે. એ તમામ હદીષોમાં અત્તહિય્યાતનો ઉલ્લેખ છે. પ્રથમ કે છેલ્લા (કાએદા)ની કૈદ નથી. જાણવા મળ્યું કે પુરૂષ અત્તહિય્યાતમાં ડાબા પગ પર બેસે, ઔરતો જેમ બંને પગો એક તરફ કાઢી જમીન પર ન બેસે.

બુદ્ધિનો તકાદો પણ એ જ છે કે બીજી અત્તહિય્યાતમાં પણ ડાબા પગ પર બેસે કેમ કે એના પર સૌની એકમતી છે કે પહેલી અત્તહિય્યાતમાં પુરૂષ ડાબા પગ પર બેસે અને બંને સિજદાઓ દરમ્યાનમાં એ જ રીતે બેસે. છેલ્લી અત્તહિય્યાતમાં વહાબીઓનો મતભેદ છે. પ્રથમ અત્તહિય્યાતમાં બેસવું વાજિબ છે અને બે સજદાઓ દરમ્યાન બેસવું ફર્ઝ છે. બીજી અત્તહિય્યાતમાં બેસવાને જો ફર્ઝ માનતા હોઉ તો તેને બંને સજદાઓની બેઠકની જેમ હોવું જોઈએ. એટલે કે ડાબા પગ પર, અને જો આ બેઠક વાજિબ જાણી તો તેને પહેલી અત્તહિય્યાતની બેઠક જેમ હોવું જોઈએ, એટલે ડાબા પગ પર. એ કેવું કે તે બંને બેઠકો તો ડાબા પગ પર થાય અને આ છેલ્લી બેઠક જમીન પર બંને પગો એક બાજુ કાઢીને ! આ બેઠકનું દ્રષ્ટાંત નમાઝમાં મળતુ નથી. મતલબ કે ડાબા પગ પર બેસવું કયાસનું ચાહવું છે અને જમીન પર સીટ રાખીને બેસવું અકલ તથા નકલ સૌના જ વિરૂધ્ધ છે, એનાથી બચવું જોઈએ. યાદ રાખશો કે સ્ત્રી જમીન પર સીટ રાખીને બંને પગો જમણી તરફ કાઢીને જરૂર બેસે છે પણ તે પ્રથમ અત્તહિય્યાતમાં પણ એ જ પ્રમાણે (જમીન પર) બેસે છે અને બે સજદાની વચમાં પણ એ જ પ્રમાણે. માટે તેણીનું

આ પ્રમાણે બેસવું કયાસનું ચાહવું છે કે તેણીની દરેક બેઠક એ જ પ્રમાણે છે. સારાંશ કે ઔરતોની દરેક બેઠક જમીન પર છે, મર્દોની દરેક બેઠક ડાબા પગ પર. ખબર નહીં વહાબીઓની આ દોરંગી બેઠક શામાં સામેલ થાય ! (ન સ્ત્રી જેમ ન પુરૂષ જેમ એવી બેઠક !)

(બીજો વિભાગ)

★ અત્તહિય્યાતમાં બેઠક પર વાંધાઓ તથા જવાબો ★

અત્યાર સુધી આ મસઅલા વિશે વહાબીઓ ગૈર મુકલ્લિદોની જેટલા પ્રમાણમાં દલીલો અમને મળી શકી છે તેને અમે જવાબો સાથે રજુ કરીએ છીએ રબ તઆલા કબૂલ ફર્માવે.

વાંધા નં. ૧ : તહાવી શરીફે હઝરત યહ્યા ઈબ્ને સઈદથી રિવાયત કરી :

اَنَّ الْقَاسِمَ ابْنَ مُحَمَّدٍ أَرَاهُمُ الْجُلُوْسَ فَنَصَبَ رِجْلَهُ الْيُمْنٰى وَ ثَنّٰى رِجْلَهُ الْيُسْرٰى وَجَلَسَ عَلٰى وَرْكِهِ الْيُسْرٰى وَ لَمْ يَجْلِسْ عَلٰى قَدَمَيْهِ ثُمَّ قَالَ أَرَانِىْ هٰذَا عَبْدُاللّٰهِ ابْنُ عَبْدِاللّٰهِ ابْنُ عُمَرَ وَ حَدَّثَنِىْ اَنَّ اَبَاهُ عَبْدُاللّٰهِ ابْنُ عُمَرَ كَانَ يَفْعَلُ ذَالِكَ

''કે કાસિમ ઈબ્ને મુહમ્મદે તે લોકોને નમાઝમાં બેઠેલા જોયા તો પોતાનો જમણો પગ ઉભો કર્યો અને ડાબો પગ બિછાવ્યો અને પોતાની ડાબી સીટ પર બેઠા. આપ બંને પગો પર ન બેઠા. પછી કાસિમે ફર્માવ્યું, એ જ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે દેખાડયું અને મને ખબર આપી કે તેમના વાલિદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર આવું જ કરતા હતા.''

એનાથી જાણવા મળ્યું કે બંને પગો જમણી તરફ કાઢીને જમીન પર બેસવું સહાબાની સુન્નત છે અને સહાબાએ કિરામે આ અમલ એટલા માટે કર્યો કે હુઝૂરને એવું જ કરતાં જોયા હશે.

જવાબ : એના અમુક જવાબો છે, **એક** એ કે આ હદીષ આપની પણ વિરૂધ્ધ છે કેમ કે એનાથી જાણવા મળ્યું કે સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર

નમાઝની અત્તહિય્યાતમાં એ જ પ્રમાણે બેસતા હતા. પણ તમે કહો કે પ્રથમ અત્તહિય્યાતમાં ડાબા પગ પર બેસો છો અને બીજામાં આ પ્રમાણે. જેથી આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે.

બીજુ એ કે એ રિવાયતની વિરૂધ્ધ છે જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા છીએ કે સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર બંને અત્તહિય્યાતમાં ડાબા પગ પર બેસતા હતા તે હદીષ અતિ કવી હતી. આ હદીષ અસ્નાદના લેહાઝથી પણ ઝઈફ છે, શરઈ કિયાસની પણ વિરૂધ્ધ છે. અને જ્યારે હદીષોમાં ટકરાવ હોય તો જે હદીષ શરઈ કયાસના પ્રમાણે હશે તેને અગ્રિમતા આપવામાં આવશે.

ત્રીજુ એ કે આ હદીષથી તમારો કૌલ સાબિત નથી થતો, કેમ કે એમાં એ સ્પષ્ટતા નથી કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمَا બંને પગો ડાબી બાજુ કાઢીને જમીન પર સીટ રાખીને બેસતા હતા, એવું છે કે બંને પગો પર ન બેસતા હતા. ખરેખર નમાઝમાં નમાઝી બંને કદમો પર નથી બેસતો બલ્કે કેવળ એક કદમ એટલે ડાબા પગ પર બેસે છે. જેથી એમાં તમારા માટે તો કોઈ જ દલીલ નથી !

વાંધો નં. ૨ : તહાવી શરીફ અને અબૂ દાઉદે મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને અતાથી એક લાંબી હદીષ રિવાયત કરી જેનો સારાંશ આ છે :–

سَمِعْتُ اَبَا حُمَيْدِ السَّاعِدِیَ فِیْ عَشَرَةٍ مِنْ اَصْحَابِ النَّبِیِّ صَلَّی اللّٰہُ عَلَيْهِ وَسَلَّمَ اَنَا اَعْلَمُكُمْ بِصَلٰوةِ رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰہُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَ اَنَّهٗ كَانَ فِیْ الْجَلْسَةِ الْاُوْلٰی يُثْنِیْ رِجْلَهُ الْيُسْرٰی فَيَقْعُدُ عَلَيْهَا حَتّٰی اِذَا كَانَتِ السَّجْدَةُ الَّتِیْ يَكُوْنُ فِیْ اٰخِرِهَا التَّسْلِيْمُ اَخَّرَ رِجْلَهُ الْيُسْرٰی وَ قَعَدَ مُتَوَرِّكاً عَلٰی شِقِّهِ الْاَيْسَرِ فَقَالُوْا جَمِيْعاً صَدَقْتَ

''મેં અબૂ હમીદ સાઅદીને દસ સહાબાએ કિરામની જમાઅતમાં ફર્માવતાં સાંભળ્યા, આપે ફર્માવ્યું કે હું તમારા સૌમાં હુઝૂરની નમાઝને અધિક જાણું છું. ફર્માવ્યું કે હુઝૂર ﷺ અત્તહિય્યાતમાં પોતાનો ડાબો પગ બિછાવતા અને તેના પર બેસતા હતા. જ્યારે આપ સિજદો ફર્માવી લેતા જેના અંતે સલામ છે તો પોતાનો ડાબો પગ એક તરફ કાઢી નાખતા અને પોતાની ડાબી બેઠક મુબારક પર જમીન પર બેસતા. તો સહાબાએ કહ્યું કે તમે સાચુ કહો છો.''

આ હદીષમાં સ્પષ્ટપણે ફર્માવવામાં આવ્યું કે પ્રથમ અત્તહિય્યાતમાં ડાબા પગ પર અને બીજી અત્તહિય્યાતમાં જમીન પર બેસવું સુન્નત છે. અને અબૂ હમીદ સાઅદીએ આ હદીષ દસ સહાબાની જમાઅતમાં વર્ણવી અને તે સૌએ એને સમર્થન આપ્યું. જાણવા મળ્યું કે આમ સહાબાનો એ જ તરીકો હતો જેના પર અમે અમલ કરીએ છીએ. આ ગૈર મુકલ્લિદ વહાબીઓની માયએ નાઝ હદીષ છે !

જવાબ : આ હદીષ ઝઈફ જ નહીં બલ્કે તદ્દન બનાવટી છે કેમ કે તેના રાવી મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને અતા છે જે ખૂબ જ જૂઠો છે ! તે કહેતો હતો"મેં અબૂ હમીદ અને અબૂ કતાદાથી સાંભળ્યું, "જ્યારે કે હઝરત અબૂ કતાદા હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની સાથે હતા અને તેમના જ સમયમાં શહીદ થયા. હઝરત અલીએ જ અબૂ કતાદાની જનાઝાની નમાઝ પઢાવી અને મુહમ્મદ ઈબ્ને અમ્ર ખિલાફતે હૈદરી પછી પૈદા થયા, તો અબૂ કતાદાને કેવી રીતે મળ્યા ?! આવો જૂઠો માણસ કદીયે ભરોસાપાત્ર નથી, ન તેની હદીષ અમલને પાત્ર છે. જુઓ તહાવી શરીફ એ જ પ્રકરણનો છેલ્લો ભાગ.

અબૂ હમીદ સાઅદીની સહીહ હદીષ તે છે જે તહાવી શરીફે આ પ્રકરણમાં અબ્બાસ ઈબ્ને સુહૈલની રિવાયતથી રિવાયત કરી કે જે અમે પ્રથમ વિભાગમાં બયાન કરી ચૂકયા છીએ. જેમાં ફર્માવ્યું કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ડાબો પગ બિછાવીને તેના પર બેસતા અને અત્તહિય્યાત પઢતા હતા. અફસોસ છે કે તમે આવા વાહિયાત તથા ઝઈફ બલ્કે જૂઠા રાવીઓની રિવાયતો પર પોતાના ધરમનો પાયો રાખ્યો છે ! અને જ્યારે હનફી પોતાના સમર્થનમાં સહીહ હદીષ પેશ કરે તો તેના પર હિલા બહાનાં વડે ઝઈફ ઝઈફની રટ લગાડો છો ! અને જો આ તમારી હદીષને સહીહ માની પણ લેવામાં આવે તો પણ આગળ રજુ કરેલી હદીષોની વિરૂધ્ધ જશે. અમારી તમામ હદીષો કેમ કે શરઈ કયાસ વડે સમર્થન મેળવી ચૂકી છે જેથી તે જ અમલને પાત્ર છે. આ હદીષ તદ્દન અમલને અપાત્ર છે.

વાંધા નં. ૩ : તિર્મિઝી શરીફે અબ્બાસ ઈબ્ને સુહૈલ સાઅદીથી રિવાયત કરી :–

قَالَ اجْتَمَعَ اَبُوْحَمِيْدٍ وَ اَبُوْ اُسَيْدٍ وَ سَهْلُ ابْنُ سَعْدٍ وَ مُحَمَّدُ ابْنُ مُسْلِمَةَ فَذَكَرُوْا صَلٰوةَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ اَبُوْحُمَيْدٍ اَنَا اَعْلَمُكُمْ بِصَلٰوةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ جَلَسَ يَعْنِىْ لِلتَّشَهُّدِ نَافْتَرَشَ رِجْلَهُ الْيُسْرٰى وَ اَقْبَلَ بِصَدْرِ الْيُمْنٰى عَلٰى قِبْلَتِهٖ وَوَضَعَ كَفَّهُ الْيُمْنٰى عَلٰى رُكْبَتِهِ الْيُمْنٰى وَ كَفَّهُ الْيُسْرٰى عَلٰى رُكْبَتِهِ الْيُسْرٰى وَ اَشَارَ بِاِصْبَعِهٖ يَعْنِىْ السَّبَابَةَ

''એકવાર અબૂ હમીદ, અબૂ ઉસૈદ, સુહૈલ ઈબ્ને સઅદ અને મુહમ્મદ ઈબ્ને મુસ્લમા ભેગા થયા. તેમણે હુઝૂરની નમાઝની ચર્ચા કરી તો અબૂ હમીદ ફર્માવવા લાગ્યા કે તમે બધાં કરતાં હુઝૂરની નમાઝને હું અધિક જાણું છું. હુઝૂર અત્તહિય્યાત માટે બેઠા તો આપે આપનો ડાબો પગ બિછાવી દીધો અને જમણા પગનો આગલો હિસ્સો કિબ્લા તરફ કરી દીધો અને પોતાની જમણી હથેળી જમણા ગુથણ પર રાખી, ડાબી હથેળી ડાબા ગુથણ પર રાખી અને પોતાની (કલ્માની) આંગળીથી ઈશારો કર્યો.''

આ પરથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ પ્રમાણે અત્તહિય્યાતમાં બેસતા હતા જેમ કે અમે બેસીએ છીએ. નહીં તો આપના જમણા પગનો સીનો કિબ્લા તરફ ન થાત બલ્કે એ પણ ઉભો હોત.

જવાબ : એના કેટલાક જવાબો છે. **એક** એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે એનાથી સાબિત થાય છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક અત્તહિય્યાતમાં જમીન પર બેસતા હતા. તમે પહેલી અત્તહિય્યાતમાં તો ડાબા પગ પર બેસો છો ! બીજીમાં જમીન પર. એવું કેમ ? જે તમે જવાબ આપશો તે અમારો જવાબ ! તમારી ફિકર કરો.

બીજુ એ કે તમારી અત્તહિય્યાતમાં ત્રણ કામો થાય છે : ડાબા તથા જમણા પગનું જમણી બાજુ નીકળવું, જમણા પગનુ ઉભા રહેવું, સીટનું જમીન સાથે લાગવું સ્ત્રીઓની જેમ. આ હદીષમાં આ ત્રણ વાતોમાંથી એક પણ સાબિત નથી, ન તો ડાબા પગનું જમણી તરફ નીકળવું, ન સીટનું જમીન પર રાખવું, ન જમણા પગનુ ઉભા રાખવું. આશ્ચર્ય છે કે તમે તમારા સમર્થનમાં કેવી રીતે સમજી લીધી, એ તમારી ખુશફહમી છે. જમણા પગના આગલા હિસ્સાનું

બીજી રકાતમાં કિબ્લા તરફ હોવું તમારી વિરૂધ્ધ છે.

ત્રીજુ એ કે અબૂ હમીદ સાઅદી رضی اللہ عنہ ની આ હદીષ તે તમામ હદીષોની વિરૂધ્ધ છે જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા. તેમજ ખૂદ એ જ અબૂ હમીદ સાઅદીથી એની વિરૂધ્ધ પણ નકલ થયેલ છે. તે તમામ હદીષો આ હદીષથી કવી છે જેવું કે અમે પ્રથમ વિભાગ અને ખૂદ આ વિભાગમાં રજુ કરી ચૂકયા. જેથી તે હદીષો અમલને પાત્ર છે અને આ અપાત્ર.

ચોથુ એ કે આ જ તિર્મિઝીમાં એ જ જગાએ હઝરત અબૂ વાઈલની તે હદીષ પણ મૌજૂદ છે જેમાં હનફીઓની જેમ બેસવાનો ઉલ્લેખ છે. એના વિશે ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ હસન છે સહીહ છે અને ફર્માવ્યું કે મોટા ભાગના ઉલમાનો એના પર અમલ છે. તમે એવી સહીહ તથા સાફ હદીષને કેમ છોડી અને આ મુજમલ હદીષ પર કેમ અમલ કર્યો જે તમારા પ્રમાણે પણ નથી ? જાણવા મળ્યું કે તમે હદીષની પૈરવી કરવાવાળા નથી પણ પોતાની રાયની પૈરવી કરો છો. તમે તમારું નામ અહલે હદીષ નહીં અહલે રાય કે અહલે ઝિદ રાખો !

વાંધા નં. ૪ : ડાબા પગ પર બેસવાના વિશે તમે જેટલા પ્રમાણમાં હદીષો રજુ કરી છે તે સૌ ઝઈફ છે ! દલીલને પાત્ર નથી. (પૂરાણો સબક !)

જવાબ : કોઈ હનફીને તમે આ મંત્રથી ન ડરાવ્યા કરો ! હનફી પર રિવાયતના ઝઈફ હોવાની કોઈ અસર નથી પડતી. હનફી બિહમ્દિહી તઆલા એટલી હદીષો રજુ કરે છે કે જો ધારો કે તે સૌ ઝઈફ પણ હોય તો પણ કવી થઈ જાય. તેમજ ઈમામે આઝમ જેવા જલીલુલ કદર મુજતહિદ, સિરાજે ઉમ્મતનુ કૌલ ફર્માવી દેવું જ તેને કવી કરવાના માટે પૂરતુ છે. હનફી મઝહબની દલીલો આ રિવાયતો નથી, આ તો સમર્થનો છે. હનફીઓની દલીલ તો ઈમામનો કૌલ છે. અમારું ઈમાન કિતાબ પર છે, સુન્નત પર પણ અને ઉમ્મતના ઈજમાઅત તથા મુજતહિદના કયાસ પર પણ. અમારી સમક્ષ આ આયતે કરીમા છે :–

أَطِيْعُوا اللّٰهَ وَ أَطِيْعُوا الرَّسُوْلَ وَ أُوْلِيْ الْأَمْرِ مِنْكُمْ

''અલ્લાહની ઈતાઅત કરો અને રસૂલની અને તમારામાંથી અમ્રવાળાઓ (મુજતહિદ ઈમામો)ની.''

વીસ રકાત તરાવીહ

અમે વીસ રકાત તરાવીહના વિશે એક સંપૂર્ણ કિતાબ લખી ચૂકયા છીએ જેનું નામ 'લમ્આતુલ મસાબીહ અલા રકઆતિત્તરાવીહ'માં ખૂબ જ વિસ્તારપૂર્વક આ મસ્અલો વર્ણન કરી ચૂકયા છીએ. આ કિતાબને સંપૂર્ણ કરવાના માટે કાંઈક સંક્ષિપ્તમાં અહીં રજુ કરવામાં આવે છે. જેને વિસ્તાપૂર્વક ચર્ચા જોવી હોય તે અમારી જણાવેલ કિતાબ વાંચે. યાદ રાખશો કે આખી ઉમ્મતે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો એના પર ઈત્તેફાક (સંમતિ) છે કે તરાવીહ આઠ રકાત નથી. હા ! મોટા ભાગના મુસલમાનો ૨૦ પઢે છે અને કેટલાક ચાલીસ. અલબત્ત ગેર મુકલ્લિદ વહાબી તે ફિર્કો છે જેના માટે નમાઝ અઘરી ચીજ છે જેથી નફસ પર બોજ સમજીને તરાવીહ કેવળ આઠ રકાત પઢીને સૂઈ રહે છે અને અમુક રિવાયતોનું બહાનુ બનાવે છે. એટલા માટે અમે આ મસ્અલાને બે વિભાગમાં બયાન કરીએ છીએ. પ્રથમ વિભાગમાં વીસ રકાત તરાવીહની દલીલો, બીજા વિભાગમાં વહાબીઓના વાંધાઓ અને તેના જવાબ. રબ તઆલા કબૂલ ફર્માવે. આમીન.

(પ્રથમ વિભાગ)

★ વીસ રકાત તરાવીહની સાબિતી ★

વીસ રકાત તરાવીહ સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم તથા સહાબાની સુન્નત અને આમ મુસલમાનોની સુન્નત છે. આઠ રકાત તરાવીહ સુન્નતની વિરૂધ્ધ છે. દલીલો જુઓ :–

હદીષ નં. ૧ થી ૫ : ઈબ્ને અબી શૈબા, તિબ્રાનીએ કબીરમાં બયહકી, અબ્દુલ્લાહ ઈબ્ને હમીદ અને ઈમામ બગવીએ સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

اِنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ کَانَ یُصَلِّیْ فِیْ رَمَضَانَ عِشْرِیْنَ رَکْعَۃً سِوَی الْوِتْرِ وَ زَادَ الْبَیْھَقِیُّ فِیْ غَیْرِ جَمَاعَۃٍ

''બેશક ! નબી ﷺ રમઝાન શરીફના મહીનામાં ૨૦ રકાત પઢતા હતા, વિત્ર ઉપરાંત. બયહકીએ એટલું અધિક ફર્માવ્યું કે જમાઅત વિના તરાવીહ પઢતા હતા.''

આ હદીષોથી જાણવા મળ્યું કે ખૂદ હુઝૂર ﷺ ૨૦ રકાત તરાવીહ પઢતા હતા. જે રિવાયતોમાં આવ્યું છે કે આપે કેવળ ત્રણ દિવસ તરાવીહ પઢી ત્યાં બાજમાઅત પઢવું મુરાદ છે, એટલે કે વિના જમાઅત તો હમેશાં પઢતા હતા. જમાઅત સાથે કેવળ ત્રણ દિવસ પઢયા. જેથી હદીષોમાં ટકરાવ નથી. એ પણ જાણવા મળ્યું કે તરાવીહ સુન્નતે મોઅક્કદા અલલ ઐન છે કે હુઝૂરે હમેશાં પઢી અને લોકોને પ્રોત્સાહિત પણ કર્યા.

હદીષ નં. ૬ : ઈમામ માલિકે હઝરત યઝીદ ઈબ્ને રૂમાનથી રિવાયત કરી :–

كَانَ النَّاسُ يَقُوْمُوْنَ فِیْ زَمَنِ عُمَرَ ابْنِ الْخَطَّابِ فِیْ رَمَضَانَ بِثَلٰثٍ وَّ عِشْرِیْنَ رَکْعَۃً

''હઝરત ઉમર رضی اللہ عنہ ના જમાનામાં રમઝાનમાં લોકો તેવીસ રકાતો પઢયા કરતા હતા.''

એનાથી બે મસ્અલા જાણવા મળ્યા. એક એ કે તરાવીહ ૨૦ રકાત છે. બીજુ એ કે વિત્ર ત્રણ રકાત છે જેથી કુલ ૨૩ રકાતો થઈ.

હદીષ નં. ૭ : બયૂહકીએ મઅરિફમાં સહીહ અસ્નાદ સાથે હઝરત સાઈબ ઈબ્ને યઝીદથી રિવાયત કરી :–

قَالَ کُنَّا نَقُوْمُ فِیْ عَھْدِ عُمَرَ بِعِشْرِیْنَ رَکْعَۃً وَ الْوِتْرِ

''અમે સહાબાએ કિરામ હઝરત ઉમર ફારૂકના જમાનામાં ૨૦ રકાત તથા વિત્ર પઢતા હતા.

હદીષ નં. ૮ : ઈબ્ને મુનીઅએ હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ થી રિવાયત કરી :

اَنَّ عُمَرَ ابْنَ الْخَطَّابِ اَمَرَهٗ اَنْ يُّصَلِّيَ بِاللَّيْلِ فِيْ رَمَضَانَ قَالَ اِنَّ النَّاسَ يَصُوْمُوْنَ النَّهَارَ وَلَا يُحْسِنُوْنَ اَنْ يَّقْرَءُوْا فَلَوْ قَرَأْتَ عَلَيْهِمْ بِاللَّيْلِ قَالَ يَا اَمِيْرَ الْمُؤْمِنِيْنَ هٰذَا شَيْءٌ لَمْ يَكُنْ فَقَالَ قَدْ عَلِمْتُ وَلٰكِنَّهٗ حَسَنٌ فَصَلّٰى بِهِمْ عِشْرِيْنَ رَكْعَةً

''હઝરત ઉમરે તેમને હુકમ આપ્યો કે તમે લોકોને રાતમાં તરાવીહની નમાઝ પઢાવો કેમ કે લોકો દિવસમાં રોઝા રાખે છે અને કુર્આને કરીમ સારી રીતે નથી પઢી શકતા. બેહતર એ છે કે તમે તેમના સમક્ષ કુર્આન પઢયા કરો રાતમાં. હઝરત ઉબય ઈબ્ને કઅબે અર્ઝ કરી કે હે અમીરુલ મો'મિનીન ! આ તે કામ છે જે આ પહેલાં ન હતું ! આપે ફર્માવ્યું, હું જાણુ છું પરંતુ આ સારું કામ છે. તો હઝરત ઉબયે તેમને ૨૦ રકાત પઢાવી.''

આ હદીષથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે ફારૂકી યુગ પહેલાં મુસલમાનોમાં તરાવીહ ચાલુ હતી, પણ બાજમાઅતથી હમેશાં તરાવીહનો રિવાજ હઝરત ઉમર رضی اللہ عنہ ના જમાનામાં થયો. અસલ તરાવીહ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત છે અને જમાઅતની કાયમી વ્યવસ્થા ફારૂકી સુન્નત છે.

બીજુ એ કે ૨૦ રકાત તરાવીહ પર તમામ સહાબાનો ઈજમાઅ થયો કેમ કે હઝરત ઉબય ઈબ્ને કઅબે તમામ સહાબાને ૨૦ રકાત પઢાવી, સહાબાએ કિરામે પઢી, કોઈએ વાંધો ન કર્યો.

ત્રીજુ એ કે 'બિદઅતે હસનહ્' સારી ચીજ છે કે હઝરત ઉબય ઈબ્ને કઅબે અર્ઝ કરી કે હુઝૂર ! તરાવીહની બાકાયદા જમાઅતની ગોઠવણીથી બિદઅત છે, એનાથી પહેલાં ન થઈ. ફારૂકે આ'ઝમે ફર્માવ્યું, બિલ્કુલ ઠીક છે, ખરેખર એ બિદઅત છે પણ સારી છે.

ચોથુ એ કે જે કામ હુઝૂરના સમયમાં ન હોય તે બિદઅત છે, ભલે તે સહાબાના યુગમાં રિવાજ પામ્યું હોય. કેમ કે તરાવીહની જમાઅત જો કે ફારૂકી યુગમાં થઈ પણ છતાં તેને બિદઅતે હસનહ (સારી બિદઅત) કહેવામાં આવ્યું.

હદીષ નં. ૯ : બયહકીએ પોતાની સુનનમાં હઝરત અબૂ અબ્દુર્રહ્માન સલ્લમીથી રિવાયત કરી :

اَنَّ عَلِيَّ ابْنَ اَبِىْ طَالِبٍ دَعَا الْقُرَّاءَ فِىْ رَمَضَانَ وَ اَمَرَ رَجُلاً يُّصَلِّىْ بِالنَّاسِ خَمْسَ تَرْوِيْحَاتٍ عِشْرِيْنَ رَكْعَةً وَ كَانَ عَلِيٌّ يُوْتِرُ بِهِمْ

''કે અલી رضی اللہ عنہ એ રમઝાન શરીફમાં કારીઓને બોલાવ્યા પછી એક શખ્સને હુકમ આપ્યો કે લોકોને ૨૦ રકાત પઢાવો. હઝરત અલી તેમને વિત્ર પઢાવતા હતા.''

હદીષ નં. ૧૦ : બયહકી શરીફે હઝરત અબુલ હસ્નાઅૂથી રિવાયત કરી :–

اَنَّ عَلِيَّ ابْنَ اَبِىْ طَالِبٍ اَمَرَ رَجُلاً يُصَلِّىْ بِالنَّاسِ خَمْسَ تَرْوِيْحَاتٍ عِشْرِيْنَ رَكْعَةً

''હઝરત અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم એ એક શખ્સને હુકમ આપ્યો કે પાંચ તરાવીહ એટલે કે ૨૦ રકાત પઢાવે.''

નમૂના રૂપે અમુક હદીષો રજુ કરી છે, નહીં તો ૨૦ રકાતોની હદીષો ઘણી છે. જેને શોખ હોય તે અમારી લમ્આતુલ મસાબીહ અને સહીહુલ બારી જુએ.

બુદ્ધિનો પણ તકાદો છે કે તરાવીહ ૨૦ રકાત હોય ન કે આઠ. તેના કેટલાક કારણો છે, એક એ કે દિવસ રાતમાં ૨૦ રકાત ફર્ઝ તથા વાજિબ છે, ૧૭ રકાત ફર્ઝ, ત્રણ વાજિબ. રમઝાન મહીનામાં ૨૦ રકાત પઢવામાં આવે જેથી તે રકાતોની પૂર્ણતા અને દરજાઓ વધારવાના માટે. જેથી આઠ રકાત તરાવીહ તદ્દન કયાસની વિરૂધ્ધ છે.

બીજુ એ કે સહાબાએ કિરામ તરાવીહની દરેક રકાતમાં એક રુકૂઅ પઢતા હતા, કુર્આને કરીમના રુકૂઅને રુકૂઅ એટલા માટે જ કહે છે કે એટલી આયતો પર હઝરત ઉમર તથા ઉષ્માન તથા સહાબાએ કિરામ તરાવીહમાં રુકૂઅ કરતા હતા. અને ૨૭મી રાત્રે ખત્મે કુર્આન થતુ હતું. આઠ રકાત હોત તો હોવુ જોઈતુ હતું કે કુર્આને કરીમના રુકૂઅ કુલ ૨૧૬ હોત ! જો કે કુર્આને કરીમના કુલ

રુકૂઅ ૫૫૭ છે. ૨૦ રકાતના હિસાબથી ૫૪૦ રુકૂઅ થાય છે. કોઈ વહાબી સાહબ આઠ રકાત તરાવીહ માનીને કુર્આને કરીમના રુકૂઅની સંખ્યાનું કારણ બયાન કરી આપે.

ત્રીજુ એ કે તરાવીહ તરવીહાનું બહુવચન છે. તરવીહા દર ચાર રકાત બાદ થોડી વાર બેસીને રાહત કરવાને કહે છે. જો તરાવીહ આઠ રકાત હોત તો વચમાં એક તરવીહા હોત, એ સ્થિતિમાં તેનું નામ તરાવીહ (બહુવચનમાં) ન થાત. બહુવચન તરાવીહ કમસે કમ ત્રણ પર બોલવામાં આવે છે.

ઉમ્મતના ઉલમાનો અમલ હમેશાંથી લગભગ આખી ઉમ્મતનો અમલ ૨૦ રકાત તરાવીહ પર રહ્યો અને આજે પણ છે. હરમૈન શરીફૈન અને આખી દુનિયાના મુસલમાન ૨૦ રકાત તરાવીહ જ પઢે છે. જેમ કે તિર્મિઝી શરીફ બાબ કિયામે શહરે રમઝાનમાં આ પ્રમાણે ફર્માવે છે :

وَاَكْثَرُ اَهْلِ الْعِلْمِ عَلٰى مَا رُوِىَ عَنْ عَلِيٍّ وَ عُمَرَ وَغَيْرِهِمَا مِنْ اَصْحَابِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عِشْرِيْنَ رَكْعَةً وَهُوَ قَوْلُ سُفْيَانَ الثَّوْرِيِّ وَابْنِ الْمُبَارَكِ وَ الشَّافِعِيِّ وَ قَالَ الشَّافِعِيُّ هٰكَذَا اَدْرَكْتُ بِبَلَدِ مَكَّةَ يُصَلُّوْنَ عِشْرِيْنَ رَكْعَةً

''અને મોટા ભાગના ઉલમાનો અમલ એના પર છે જે હઝરત ઉમર તથા અલી તથા અન્ય સહાબા رَضِىَ اللّٰهُ عَنْهُمْ થી નકલ થયેલ છે. એટલે કે ૨૦ રકાત તરાવીહ અને એ જ સુફયાન ષૌરી, ઈબ્ને મુબારક અને ઈમામ શાફઈ رَضِىَ اللّٰهُ عَنْهُمْ નું ફર્માન છે. ઈમામ શાફઈએ ફર્માવ્યું કે અમે મક્કાવાળાઓને ૨૦ રકાત તરાવીહ પઢતાં જોયા.''

ઉમ્દતુલ કારી શરહે બુખારી, ભાગ–૫, પેજ–૩૫૫માં ઈર્શાદ છે :

قَالَ ابْنُ عَبْدِالْبَرِّ وَهُوَ قَوْلُ جَمْهُوْرِ الْعُلَمَاءِ وَ بِهٖ قَالَ الْكُوْفِيُّوْنَ وَ الشَّافِعِيُّ وَ اَكْثَرُ الْفُقَهَاءِ وَهُوَ الصَّحِيْحُ عَنْ اُبَيٍّ

''ઈબ્ને અબ્દુલ બર ફર્માવે છે કે ૨૦ રકાત તરાવીહ જ જમહૂરનું કથન છે. એ જ કૂફી હઝરાત તથા ઈમામ શાફઈ અને મોટા ભાગના ઉલમા તથા

ફુકહા ફર્માવે છે અને એ જ સહીહ છે. اِبْنِ كَعْبٍ مِنْ غَيْرِ خِلَافٍ مِّنَ الصَّحَابَةِ ઉબય ઈબ્ને અકબથી મનકૂલ છે, એમાં સહાબાની સંમતિ છે."

મૌલાના અલી કારી શરહે નકાયહ્માં ૨૦ રકાત તરાવીહના બારામાં ફર્માવે છે :–

فَصَارَ اِجْمَاعاً لِمَا رَوَى الْبَيْهَقِيُّ بِاِسْنَادٍ صَحِيْحٍ كَانُوْا يُقِيْمُوْنَ عَلٰى عَهْدِ عُمَرَ بِعِشْرِيْنَ رَكْعَةً وَ عَلٰى عَهْدِ عُثْمَانَ وَ عَلِيٍّ

"૨૦ રકાત તરાવીહ પર મુસલમાનોનો ઈજમાઅ છે કેમ કે બયૂહકીએ સહીહ અસ્નાદથી રિવાયત કરી : સહાબાએ કિરામ તથા સર્વ મુસલમાન હઝરત ઉમર તથા ઉષ્માન તથા અલી رَضِیَ اللّٰہُ عَنْھُمْ ના જમાનામાં ૨૦ રકાત તરાવીહ પઢયા કરતા હતા."

અલ્લામા ઈબ્ને હજર મૈનમી ફર્માવે છે :–

اِجْمَاعُ الصَّحَابَةِ عَلٰى اَنَّ التَّرَاوِيْحَ عِشْرُوْنَ رَكْعَةً

"તમામ સહાબાનો એના પર ઈત્તેફાક (સંમતિ) છે કે તરાવીહ ૨૦ રકાત છે."

આ તમામ હવાલાઓથી જાણવા મળ્યું કે ૨૦ રકાત તરાવીહ સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم છે. ૨૦ રકાત તરાવીહ પર સહાબાનો ઈજમાઅ છે, ૨૦ રકાત તરાવીહ પર આમ મુસલમાનોનો અમલ છે, ૨૦ રકાત તરાવીહ હરમૈન શરીફૈનમાં પઢવામાં આવે છે. ૨૦ રકાત તરાવીહ બુધ્ધિના પ્રમાણે છે. ૨૦ રકાત તરાવીહ કુર્આની રુકૂઓની સખ્યાના પ્રમાણે છે. બલ્કે આજે હરમૈન તૈયેબૈનમાં નજદીઓની સલ્તનત છે પણ હજી ત્યાં ૨૦ રકાત તરાવીહ પઢવામાં આવે છે, જેનો જીવ ચાહે જઈને જોઈ લે. માલૂમ નહીં અમારે ત્યાં વહાબી ગૈર મુકલ્લિદ કોની તકલીદ કરે છે જેઓ આઠ રકાત તરાવીહ પઢે છે ! આઠ રકાત તરાવીહ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નતની વિરૂધ્ધ, સહાબાની સુન્નતની વિરૂધ્ધ, મુસલમાનોની સુન્નતની વિરૂધ્ધ, મુજતહેદીન ઉલમાની

સુન્નતની વિરૂધ્ધ, હરમૈન તૈયેબૈનની સુન્નતની વિરૂધ્ધ છે. હા ! મનેચ્છાઓની પ્રમાણે છે ! કેમ કે નમાઝ નફસે અમ્મારા પર બોજ છે. રબ તઆલા નફસે અમ્મારાના ફંદાઓથી મુકત કરે અને સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم પર અમલની તૌફીક બખ્શે. આમીન.

(બીજો વિભાગ)

★ ૨૦ રકાત તરાવીહ પર વાંધાઓ અને જવાબો ★

હકીકત એ છે કે ગૈર મુકલ્લિદોની પાસે આઠ રકાત તરાવીહની કોઈ કવી (મજબૂત) દલીલ નથી, કેટલાક હલકા વહેમો તથા ફાસિદ શંકાઓ છે. દિલ તો ચાહતુ ન હતું કે અમે તેનો ઉલ્લેખ પણ કરીએ પણ ચર્ચાને મુકમ્મલ કરવાના માટે તેમના વાંધાઓ જવાબો સાથે રજુ કરીએ છીએ. રબ તઆલા તેમને હિદાયત નસીબ ફર્માવે.

વાંધા નં. ૧ : ઈમામ માલિકે સાઈબ ઈબ્ને યઝીદ رضی اللہ عنہ થી રિવાયત કરી :

اَنَّهٗ قَالَ اَمَرَ عُمَرُ ابْنُ الْخَطَّابِ اُبَیَّ ابْنَ كَعْبٍ وَ تَمِيْمَ الدَّارِیَ اَنْ يَّقُوْمَا لِلنَّاسِ بِاِحْدٰی عَشَرَةَ رَكْعَةً ۔ الخ

"તેઓ ફર્માવે છે કે ઉમર رضی اللہ عنہ એ ઉબય ઈબ્ને કઅબ અને તમીમદારીને હુકમ આપ્યો કે લોકોને ૧૧ રકાત પઢાવ્યા કરે."

આ હદીષથી જાણવા મળ્યું કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ આઠ તરાવીહનો હુકમ આપ્યો હતો. જો તરાવીહ ૨૦ રકાત હોત તો કુલ રકાત ત્રેવીસ વિત્ર સાથે થાત.

જવાબ : એના કેટલાક જવાબો છે : એક એ કે આ હદીષ તમારી પણ સખ્ત વિરૂધ્ધ છે. કેમ કે એનાથી જેવી રીતે આઠ તરાવીહની સાબિતી થઈ એવી જ રીતે ત્રણ વિત્રની પણ સાબિતી થઈ ત્યારે જ તો ૧૧ રકાતો કુલ થઈ ! આઠ તરાવીહ અને ત્રણ વિત્ર. જો વિત્ર ૧ રકાત હોત તો નવ રકાતો થાત, નહીં કે ૧૧. બતાવો ! તમે એક રકાત વિત્ર શા માટે પઢો છો ? શું એક જ હદીષના

અમુક ભાગને માનો છો અને અમુકનો ઈન્કાર કરો છો ! જેથી આ રિવાયતનો તમે જે જવાબ આપશો તે જ અમારો જવાબ છે.

બીજુ એ કે આ હદીષના રાવી મુહમ્મદ ઈબ્ને યૂસુફ છે તેમની રિવાયતોમાં સખ્ત ઉહાપોહ છે. મોઅત્તા ઈમામ માલિકની આ રિવાયતમાં તો તેમના થકી ૧૧ રકાતો નકલ થઈ અને મુહમ્મદ ઈબ્ને નસર મરૂઝીએ તેમનાથી જ ૧૩ રકાતો નકલ કરી. મુહદ્દિષ અબ્દુર્રઝઝાકે તેમનાથી જ ૨૧ રકાતો નકલ કરી. જુઓ ફત્હુલ બારી શરહે બુખારી, ભાગ–૪, પેજ–૧૮૦, મતબૂઆ મતબઅ ખૈરિયહ્ મિસ્ર. જેથી તેમની કોઈ રિવાયત વિશ્વાસપાત્ર નથી. આશ્ચર્ય છે કે તમે તમારા નફસે અમ્મારાની ખ્વાહિશ પૂર્ણ કરવા માટે આવી વાહિયાત રિવાયતોની આડ પકડો છો !

ત્રીજુ એ કે ફારૂકી યુગમાં પ્રથમ આઠ રકાત તરાવીહનો હુકમ થયો, ફરી બાર રકાતનો આખરમાં, ૨૦ રકાત પર હમેશાંના માટે અમલ થયો. કેમ કે એ જ મોઅત્તા ઈમામ માલિકમાં હઝરત અઅ્રજથી એક લાંબી હદીષ નકલ ફર્માવી જેના અંતિમ શબ્દો આ પ્રમાણે છે :–

وَكَانَ الْقَارِئُ يَقْرَأُ بِسُوْرَةِ الْبَقَرَةِ فِيْ ثَمَانِ رَكْعَاتٍ فَاِذَا اَقَامَهَا فِيْ اثْنَيْ عَشْرَةَ رَكْعَةً رَاَيَ النَّاسُ اَنَّهٗ قَدْ خُفِّفَ

''કારી આઠ રકાત તરાવીહમાં સૂરએ બકર પઢતા હતા. પછી જ્યારે બાર રકાતોમાં પઢવા લાગ્યા તો લોકોએ મેહસૂસ કર્યું કે તેમના પર આસાની થઈ ગઈ.''

આ હદીષની શરહમાં મૌલાના અલી કારી મિર્કાત શરહે મિશ્કાતમાં ફર્માવે છે :–

نَعَمْ ثَبَتَ الْعِشْرُوْنَ فِيْ زَمَنِ عُمَرَ وَ فِيْ الْمُؤَطَّا رِوَايَةٌ بِاِحْدٰى عَشْرَةَ رَكْعَةً وَ جُمِعَ بَيْنَهُمَا اَنَّهٗ وَقَعَ اَوَّلًا ثُمَّ اسْتَقَرَّ الْاَمْرُ عَلَى الْعِشْرِيْنَ فَاِنَّهُ الْمُتَوَارِثُ

''હા ! ૨૦ નો હુકમ હઝરત ઉમરના જમાનામાં સાબિત થયો. મોઅત્તા શરીફમાં ૧૧ રકાતનો ઝિક્ર છે. આ બંને રિવાયતોને એ પ્રમાણે એકત્ર કરવામાં આવી છે કે ફારૂકી યુગમાં પ્રથમ આઠ રકાતનો હુકમ થયો

પછી ૨૦ રકાત પર તરાવીહનો ઈકરાર
થયો. એ જ મુસલમાનોમાં રિવાજ છે."

જાણવા મળ્યું કે આઠ રકાત તરાવીહ પર અમલ તર્ક થયેલો છે, ૨૦ રકાત તરાવીહ સહાબાએ કિરામ અને તમામ મુસલમાનોમાં ચાલે છે.

વાંધા નં. ૨ : તમારી રજુ કરેલી હદીષોથી સાબિત થયું કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ૨૦ રકાત તરાવીહ પઢતા હતા, તો હઝરત ઉમરે પ્રથમ આઠ રકાત તરાવીહનો હુકમ જ શાથી આપ્યો ? સુન્નતની વિરૂધ્ધ હુકમ સહાબાની શાનની વિરૂધ્ધ છે.

જવાબ : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂદ તો ૨૦ રકાત તરાવીહ પઢી પણ સહાબાને એ સંખ્યાનો સ્પષ્ટ હુકમ આપ્યો ન હતો. કેવળ રમઝાનની રાતોમાં ખાસ નમાઝ માટે પ્રોત્સાહિત કર્યા હતા. બલ્કે ખૂદ જમાઅત પણ બાકાયદા હમેશાં ન કરાવી. કારણ એ દર્શાવ્યું કે તરાવીહ ફર્ઝ થઈ જવાનો અંદેશો છે. એટલા માટે સહાબાએ કિરામ પર તરાવીહની રકાતની સંખ્યા જાહેર ન થઈ. હઝરત ઉમર رضی اللہ عنہ એ પ્રથમ પોતાના ઈજતેહાદથી આઠ પછી ૧૨ નિશ્ચિત કરી. સનદ મળી જતાં વીસનો જ કાયમી હુકમ આપી દીધો. તે જમાનામાં આજની જેમ હદીષ કિતાબોમાં જમા ન હતી. એક એક હદીષ ખૂબ જ કોશિશ અને મહેનતથી હાંસલ કરવામાં આવતી હતી.

વાંધા નં. ૩ : બુખારી શરીફમાં છે કે હઝરત અબૂ સલ્માએ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકાથી પૂછયું કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم રમઝાનની રાતોમાં કેટલી રકાતો પઢતા હતા ? તો ઉમ્મુલ મોમિનીને ઈર્શાદ ફર્માવ્યો :–

مَا كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَزِيْدُ فِىْ رَمَضَانَ وَلَا فِىْ غَيْرِهٖ عَلٰى اِحْدٰى عَشَرَ رَكْعَاتٍ

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રમઝાન અને ગૈર રમઝાનમાં ૧૧ રકાતથી વધુ ન પઢતા હતા."

આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર તરાવીહ આઠ રકાત પઢતા હતા. જો વીસ રકાત પઢત તો કુલ ૨૩ થાત.

જવાબ : આ વાંધાના કેટલાક જવાબ છે : એક એ કે આ હદીષ તમારી

પણ વિરૂધ્ધ છે. એટલા માટે કે જો એનાથી આઠ રકાત તરાવીહ સાબિત થાય છે તો ત્રણ રકાત વિત્ર પણ સાબિત થઈ, ત્યારે જ તો કુલ ૧૧ રકાત થઈ. બતાવો ! તમે વિત્ર એક રકાત શા માટે પઢો છો ? જવાબ આપો ! કેમ અમુક હદીષ પર ઈમાન છે અને અમુકનો ઈન્કાર !

બીજુ એ કે હઝરત ઉમ્મુલ મોમિનીન અહીંયાં તહજ્જુદની નમાઝનો ઉલ્લેખ કરી રહ્યાં છે ન કે તરાવીહની નમાઝનો, એટલા માટે જ આપે ફર્માવ્યું કે રમઝાન તથા ગૈર રમઝાન. અન્ય મહીનાઓમાં અગીયાર રકાતથી વધુ ન પઢતા હતા. તરાવીહ રમઝાન સિવાય અન્ય મહીનાઓમાં કયારે પઢવામાં આવે છે. જો તમે એના પર વિચાર કરી લેત તો આવી હિંમત ન કરત. એટલા જ માટે તિર્મિઝી શરીફે આ હદીષને બાબુસ્સલાતુલ લૈલ એટલે તહજ્જુદના પ્રકરણમાં વર્ણવી. તેમજ એ જ હદીષના અંતમાં છે કે હઝરત આઈશા સિદ્દીકા ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! આપ વિત્રથી પહેલાં કેમ સૂઈ જાવ છો ? તો ફર્માવ્યું કે હે આઈશા ! મારી આંખો સૂએ છે દિલ નથી સૂતુ. જેનાથી જાણવા મળ્યું કે આ નમાઝ સરકાર રાતના અંત ભાગમાં સૂઈને ઉઠીને અદા ફર્માવતા હતા. તરાવીહ સૂતા પછી નથી પઢવામાં આવતી પણ તહજ્જુદ પઢવામાં આવે છે.

ત્રીજુ એ કે જો આ નમાઝથી મુરાદ તરાવીહ છે અને આઠ તરાવીહ હુઝૂરે પઢી તો હઝરત ઉમર رضی اللہ عنہ એ વીસ તરાવીહનો હુકમ કેમ આપ્યો અને તમામ સહાબાએ આ હુકમ કેમ સ્વીકાર્યો ? અને ખૂદ ઉમ્મુલ મોમિનીને આ સર્વ કાંઈ જોઈને કેમ એલાન ન ફર્માવ્યું કે મેં હુઝૂરને આઠ રકાત તરાવીહ પઢતાં જોયા છે અને તમે વીસ રકાત પઢો છો ! એ સુન્નતથી વિરૂધ્ધ તથા બિદઅતે સૈયેઅહ (બુરી) છે. આપ કેમ ખામોશ રહ્યાં ? જરા હોશ કરો ! હદીષને સહીહ તૌર પર સમજવાની કોશિશ કરો.

★ વહાબીઓને સવાલો ★

તમામ દુનિયાના વહાબીઓથી નીચે પ્રમાણેના સવાલો છે, સૌ ભેગા મળીને એના જવાબો આપે :–

૦૧. વહાબીઓ ! તમે કહો છો કે ૨૦ રકાત બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત) અને ખિલાફે સુન્નત છે તો બતાવો કે હઝરત ઉમર તથા ઉષ્માન તથા અલી رَضِیَ اللّٰہُ عَنْہُمْ એ ૨૦ રકાતનો હુકમ શાથી આપ્યો, શું તે સુન્નતની તેમને ખબર ન હતી ? આજે ૧૪૦૦ વરસ પછી તમને ખબર મળી ગઈ !

૦૨. જો નઊઝુબિલ્લાહ ખુલફાએ રાશિદીને બિદઅતે સૈયેઅહનો હુકમ આપી દીધો હતો તો તમામ સહાબાએ ચુંચા કર્યા વગર કબૂલ કેમ કરી લીધું ? શું તેઓમાં કોઈ પણ હક્ક ગો અને સુન્નતની પયરવી કરનાર ન હતો ? આજે આટલા અરસા પછી તમે હક્ક ગો પેદા થયા અને સુન્નતના તાબેદાર પણ !

૦૩. જો તમામ સહાબીઓ પણ ખામોશ રહે તો ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ એક સુન્નતે રસૂલની વિરૂધ્ધ બિદઅતે સૈયેઅહનો રિવાજ જોયો તો તે શા માટે ચૂપ રહ્યાં ? તેમના પર હક્કની તબ્લીગ ફર્ઝ હતી કે નહીં ? જેવી રીતે તમે આજે આઠ રકાત તરાવીહના માટે એડી ચોટીનું મૌખિક તથા લેખિત તથા આર્થિક જોર લગાડી રહ્યા છો તો તેમણે એવું કેમ ન કર્યું ? શું તમે ઉમ્મુલ મોમિનીનથી અફઝલ છો ?

૦૪. તે તમામ ખુલફાએ રાશિદીન અને સર્વ સહાબા બલ્કે ખૂદ હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા رَضِیَ اللّٰہُ عَنْہُمْ ૨૦ રકાત તરાવીહ પઢીને, પઢાવીને અથવા શરૂ થતી જોઈને ખામોશ રહીને હિદાયત પર હતો કે નઊઝુબિલ્લાહ ગુમરાહ ? જો આજે હનફી ૨૦ રકાત તરાવીહ પઢવાને કારણે ગુમરાહ તથા બિદઅતી છે તો તે હઝરાત માટે તમારો શો ફત્વો છે ? જવાબ આપો ! જવાબ આપો ! જવાબ આપો !

૦૫. જો ૨૦ રકાત તરાવીહ બિદઅતે સૈયેઅહ છે અને આઠ રકાત તરાવીહ સુન્નત, અને બહાદુરોએ ૧૪૦૦ વરસ પછી આ સુન્નત જારી કરી તો બતાવો કે હરમૈન તૈયેબૈનના તમામ મુસલમાન બિદઅતી અને ગુમરાહ છે કે નહીં ! જો નહીં તો શાથી ? અને છે તો તમે આજે નજદી વહાબીઓને તેની તબ્લીગ કેમ નથી કરતા ? તમારા ફત્વા કેવળ હિંદ તથા પાકિસ્તાનમાં ફસાદ ફેલાવવા માટે જ છે ?

૦૬. મુજતહિદ ઈમામો તથા તેમના સર્વ તાબેદારો જેમાં લાખો ઔલિયા, ઉલમા, મોહદ્દિષો, ફકીહો, મુફસ્સિરો સામેલ છે. જો સૌ ૨૦ તરાવીહ પઢતા હતા તો સૌ બિદઅતી તથા ગુમરાહ હતા કે નહીં ?

૦૭. જો સર્વ હઝરાત ગુમરાહ હતા અને હિદાયત પર તમારી મુટ્ઠીભર જમાઅત છે તો તે ગુમરાહોની કિતાબોથી હદીષ લેવી, હદીષ પઢવી જાઈઝ છે કે હરામ ? અને તેમની હદીષની રિવાયત સહીહ છે કે નહીં ? જ્યારે બદઅમલની રિવાયત સહીહ નથી તો બદઅકીદાની રિવાયત કેમ કરીને સહીહ થઈ શકે છે ?

૦૮. તમામ વિશ્વના મુસલમાન જેઓ ૨૦ તરાવીહ પઢે છે તેઓ તમારી નજીક ગુમરાહ કે બિદઅતી છે કે નહીં ? જો છે તો આ હદીષનો શું મતલબ છે ? **ઈત્તબિઉસ્સવાદલ્ આ'ઝમ** "મુસલમાનોના મોટા ગિરોહની ઈત્તેબાઅ કરો."

અને કુર્આને કરીમે આમ મુસલમાનોને ખયરે ઉમ્મત અને 'શોહદા અલન્નાસ' કેમ ફર્માવ્યા. ઉમ્મીદ છે કે વહાબી હઝરાત નજદ સુધીના પણ મળીને આ સવાલોના જવાબો આપે. અમે રાહ જોઈએ છીએ !

★ અમારી માગણી ★

અમે આખા વિશ્વના વહાબીઓ નજદીઓથી માંગણી કરીએ છીએ કે એક સહીહ મરફૂઅ હદીષ મુસ્લિમ, બુખારી અથવા કમસે કમ સિહાહ સિત્તહની એવી રજુ કરો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ હોય કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આઠ રકાત તરાવીહ પઢતા હતા અને તેનો હુકમ ફર્માવતા હતા, પણ તરાવીહનો શબ્દ હોય. અથવા સહાબાએ કિરામ આઠ તરાવીહ કાયમી રીતે કાયમ કરી.

અને કહી દઈએ છીએ કે કિયામત સુધી નહીં દેખાડી શકો, કેવળ હઠ પકડી છે ! રબ તઆલા તૌફીક બખ્શે. આમીન... ૨૦ રકાત તરાવીહની સાબિતી અલ્હમ્દુલિલ્લાહ ! હુઝૂરના ફેઅલ શરીફ (અમલથી) સહાબાએ કિરામનાં ફર્માન તથા અમલ, આમ મુસલમાનોના શરઈ તરીકા તથા અક્કલથી

થઈ. વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.

લતીફો : ગૈર મુકલ્લિદ વહાબી જ્યારે કદીક હનફીઓમાં ફસાઈ જાય છે તો તરાવીહ ૨૦ રકાત પઢી લે છે જેને ઘણીવાર અનુભવ થયો અને થઈ રહ્યો છે. જાણવા મળ્યું કે તેમને પોતે પણ પોતાના મઝહબ પર ભરોસો નથી.

ખત્મે કુર્આન પર રોશની કરવી

આમ મુસલમાનોનો હમેશાંથી એ દસ્તૂર રહ્યો છે કે સવાબ અને કબ્રની રોશની હાંસલ કરવા માટે આમ તો હમેશાં જ, પણ રમઝાનમાં અથવા શબે કદ્ર અને ખત્મે કુર્આનના દિવસે ખાસ રીતે મસ્જિદોમાં લાઈટીંગ એટલે કે ધુમધામથી રોશની કરે છે. મસ્જિદોને ખૂબ સજાવે છે. વહાબીઓની મસ્જિદો બેરોનક, બેનૂર રહે છે. તેમને મસ્જિદોમાં લાઈટીંગ કરવાની ત્યાં શોભા કરવાની તૌફીક નથી થતી. વહાબીઓ મુસલમાનોના આ નેક કામને બિદઅત તથા હરામ બલ્કે શિર્ક સુધ્ધાં કહે છે, એટલા માટે અમે આ પ્રકરણના પણ બે વિભાગ કરીએ છીએ. પ્રથમ વિભાગમાં તે મસાઈલની સાબિતી અને બીજી વિભાગમાં તે મસાઈલ પર વાંધાઓ તથા જવાબો. વાંચકોથી ઉમ્મીદ છે કે ઈન્સાફ કરે અને અમારા રબથી કબૂલની ઉમ્મીદ છે.

(પ્રથમ વિભાગ)

★ મસ્જિદમાં રોશની કરવાની સાબિતી ★

મસ્જિદોમાં હમેશાં રોશની કરવી ખાસ કરીને રમઝાન માસમાં અને ખાસ શબે કદ્રમાં અથવા ખત્મે કુર્આન શરીફના દિવસે ત્યાં રોશની કરવી આ'લા દરજાની ઈબાદત છે. જેનો ઘણો સબવાબ છે. દલીલ જુઓ :–

(૧) અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આને કરીમમાં ઈર્શાદ ફર્માવે છે :

اِنَّمَا يَعْمُرُ مَسَاجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ

''અલ્લાહની મસ્જિદોને તે લોકો આબાદ કરે છે જેઓ અલ્લાહ તઆલા અને કિયામત પર ઈમાન ધરાવે છે.''

મુફસ્સિરો ફર્માવે છે કે મસ્જિદોમાં જમાઅતથી નમાઝ કાયમ કરવી, ત્યાં સફાઈ રાખવી, ઉમદા ચટાઈઓ, ફર્શ વગેરે બિછાવવું, ત્યાં રોશની કરવી

વગેરે...સૌ મસ્જિદની આબાદીમાં સામેલ છે. તફસીરે રૂહુલ બયાને ફર્માવ્યું કે હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم મસ્જિદે બૈતુલ મુકદ્દસમાં કિબરીત અહમરની રોશની કરતા હતા, જેની રોશનીમાં માઈલો સુધી ઔરતો ચરખો કાંટી લેતી હતી. આ આયતથી જાણવા મળ્યું કે મસ્જિદોમાં રોનક તથા ચિરાગાં કરવું ઈમાનની નિશાની છે. તો જાહેર છે કે મસ્જિદોને બેનૂર, બેરોનક, બેઆબાદ રાખવી કાફિરોની નિશાની છે.

(૨) ઈબ્ને માજહ્એ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે :

قَالَ اَوَّلُ مَنْ اَسْرَجَ فِیْ الْمَسَاجِدِ تَمِیْمُ الدَّارِیُ

"તે ફર્માવે છે કે જેમણે પ્રથમ મસ્જિદોમાં ચિરાગ જલાવ્યા તે તમીમદારી સહાબી છે رضی اللہ عنہ."

એનાથી જાણવા મળ્યું કે મસ્જિદમાં રોશની કરવી સહાબીની સુન્નત છે. ખયાલ રાખશો કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં આમ ચિરાગ જલાવવાનો રિવાજ ન હતો. જમાઅતના સમયે ખજૂરની લાકડીઓ સળગાવીને રોશની કરી લેવામાં આવતી હતી. હઝરત તમીમદારીએ ત્યાં ચિરાગ જલાવ્યો.

(૩) અબૂ દાઉદ શરીફે ઉમ્મુલ મોમિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا થી રિવાયત છે :–

قَالَتْ يَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَفْتِنَا فِیْ بَيْتِ الْمَقْدِسِ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِئْتُوْهُ فَصَلُّوْ فِيْهِ وَكَانَتِ الْبِلَادُ فِیْ ذَالِكَ حَرْبًا فَاِنْ لَّمْ تَاْتُوْهُ وَ تُصَلُّوْ فِيْهِ فَابْعَثُوْ بِزَيْتٍ يُسْرَجُ فِیْ قَنَادِيْلِهٖ

"તેમણે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ! અમને મસ્જિદે બૈતુલ મુકદ્દસના વિશે હુકમ આપો. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે એ મસ્જિદમાં જાવ અને ત્યાં નમાઝ પઢો. એ જમાનામાં શહેરોમાં જંગ હતી તો ફર્માવ્યું કે જો તમે ત્યાં ન પહોંચી શકો અને નમાઝ ન પઢી શકો તો ત્યાં તેલ મોકલી આપો કે ત્યાંની કંદીલો (ફાનસો)માં સળગાવવામાં આવે.

આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે બૈતુલ મુકદ્દસની મસ્જિદમાં નમાઝ પઢવાના માટે સફર કરીને જવું સુન્નત છે. આપણા હુઝૂરે મેઅરાજમાં ત્યાં તમામ નબીઓને નમાઝ પઢાવી. ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને સર્વ પયગંબરો સફર કરીને ત્યાં નમાઝ પઢવા પહોંચ્યા. બીજુ એ કે બૈતુલ મુકદ્દસની મસ્જિદમાં ખૂબ કંદીલો રોશન કરવામાં આવતી હતી જેમ કે કંદીલો જમા કરવાથી માલૂમ પડયું. ત્રીજુ એ કે મસ્જિદમાં રોશની કરવાનો સવાબ ત્યાં નમાઝ પઢવાની જેમ છે એટલે કે ઉચ્ચ કક્ષાની ઈબાદત અને સવાબનો સબબ છે. ચોથુ એ કે મસ્જિદમાં રોશની કરવાના માટે દૂરથી તેલ મોકલવું સહાબાની સુન્નત છે.

(૪) હદીષ : ઈમામ રાફઈ મુહદ્દિષે હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ بَنٰى لِلّٰهِ مَسْجِداً بَنَى اللّٰهُ لَهٗ بَيْتاً فِى الْجَنَّةِ وَ مَنْ عَلَّقَ فِيْهِ قِنْدِيْلاً صَلَّى عَلَيْهِ سَبْعُوْنَ اَلْفَ مَلَكٍ حَتّٰى يَنْطَفِئَ ذٰالِكَ الْقَنْدِيْلُ

''કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જે અલ્લાહ તઆલાા માટે મસ્જિદ બનાવશે તેના માટે અલ્લાહ તઆલા જન્નતમાં ઘર બનાવશે. અને જે મસ્જિદમાં કંદીલ સળગાવશે તેના માટે **૭૦ હજાર ફરિશ્તા** રહમતની દુઆ કરશે, ત્યાં સુધી કે ચિરાગ બુઝાઈ ન જાઈ.

જાણવા મળ્યું કે મસ્જિદની રોશની ૭૦ હજાર ફરિશ્તાઓની દુઆ લેવાનો ઝરીયો છે.

(૫) હદીષ : ઈબ્ને બુખારીએ હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ عَلَّقَ فِىْ مَسْجِدٍ قِنْدِيْلاً

''ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જો મસ્જિદમાં કોઈ કન્દીલ લટકાવે તો તેના માટે ૭૦ હજાર

صَلّٰى عَلَيْهِ سَبْعُوْنَ اَلْفَ مَلَكٍ حَتّٰى يَنْطَفِئَ ذٰالِكَ الْقِنْدِيْلُ

ફરિશ્તા મગફિરતની દુઆ કરે છે ત્યાં સુધી કે તે કન્દીલ બુઝાઈ જાય."

(૬) હદીષ : ઈબ્ને શાહીન મુહદ્દિષે હઝરત અબૂ ઈસ્હાક હમદાનીથી રિવાયત કરી :–

قَالَ خَرَجَ عَلِيُّ ابْنُ اَبِىْ طَالِبٍ فِىْ اَوَّلِ لَيْلَةٍ مِنْ رَمَضَانَ وَ الْقَنَادِيْلُ تَزْهَرُ وَ كِتَابَ اللّٰهِ يُتْلٰى فَقَالَ نَوَّرَاللّٰهُ لَكَ يَا اِبْنَ الْخَطَّابِ فِىْ قَبْرِكَ كَمَا نَوَّرْتَ مَسَاجِدَ اللّٰهِ تَعَالٰى بِالْقُرْآنِ

"ફર્માવે છે કે રમઝાનની પહેલી રાત્રે હઝરત અલી رضی اللہ عنہ તશરીફ લાવ્યા, મસ્જિદે નબવીમાં કન્દીલો ઝગમગી રહી હતી અને કુર્આનની તિલાવત થઈ રહી હતી. તો આપે ફર્માવ્યું, હે ઉમર ઈબ્ને ખત્તાબ ! અલ્લાહ તઆલા તમારી કબરને રોશન કરે જેવી રીતે કે તમે અલ્લાહની મસ્જિદોને કુર્આનના સમયે રોશન કરી દીધી."

(૭) હદીષ : સહીહુલ બારી શરીફે અમુક મુહદ્દિષોથી રિવાયત કરી કે તેમને અમીરુલ મોમિનીન અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત પહોંચી :

اَنَّهٗ قَالَ نَوَّرَ اللّٰهُ قَبْرَ عُمَرَ كَمَا نَوَّرَ عَلَيْنَا مَسَاجِدَنَا

"આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા હઝરત ઉમરની કબ્ર રોશન કરે જેવી રીતે તેમણે અમારી મસ્જિદોને રોશન કરી."

આ અંતિમ રિવાયતોથી જાણવા મળ્યું કે રમઝાન શરીફમાં મસ્જિદોમાં રોશની કરવી હઝરત ઉમરના સમયથી રિવાજ પામેલ છે. સહાબાએ કિરામે એના પર વાંધો ન ઉઠાવ્યો બલ્કે હઝરત અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم એ એના માટે તેમને દુઆઓ આપી. એ પણ જાણવા મળ્યું કે મસ્જિદની રોશનીથી ઈન્શાઅલ્લાહ કબ્ર મુનવ્વર થશે, જેથી હવે જે આ મસ્જિદની રોશનીથી રોકે છે તે હકીકતમાં સહાબાની સુન્નત પર વાંધો ઉઠાવે છે. આ ચિરાગાંને રોકનાર પોતાની કબ્રોને અંધાર્યી કરી રહ્યા છે.

(૮) કુર્આન : રબ તઆલા તે બંધ કરનારાઓના વિશે ફર્માવે છે :

وَ مَنْ اَظْلَمُ مِمَّنْ مَّنَعَ مَسٰجِدَاللّٰهِ اَنْ يُّذْكَرَ فِيْهَا اسْمُهٗ وَ سَعٰى فِىْ خَرَابِهَا

"એનાથી વિશેષ જાલિમ કોણ છે જે મસ્જિદોને અલ્લાહના ઝિકથી રોકે અને તેની બેઆબાદીમાં કોશિશ કરે."

આ આયતમાં તે લોકો પર પણ એતાબ (ચેતવણી) છે જેઓ મસ્જિદોમાં નમાઝ, ઝિક્રે ઈલાહી, તિલાવતે કુર્આન, નઅતખ્વાનીથી મના કરે છે. અને તે લોકો પર પણ એતાબ છે જેઓ મસ્જિદોમાં ચટાઈઓ નાખવા, ફર્શ બિછાવવા, રોશની કરવા ચિરાગાં વગેરેથી રોકે છે. કેમ કે મસ્જિદની આબાદીમાં આ સર્વ ચીજો સામેલ છે.

બુદ્ધિનો તકાઝો પણ છે કે મૌજૂદા જમાનામાં મસ્જિદોને સજાવવી, ત્યાં હમેશાં કે અમુક ખાસ મોકા પર ચિરાગાં લાઈટીંગ કરવું સારું છે. કેમ કે આજે આપણે આપણા મકાનોમાં ડેકોરેશન સજાવટ કરીએ છીએ. શાદી વિવાહ વગેરે પર ખૂબ દિલ ખોલીને રોશની કરીએ છીએ. ઈમારતો સજાવીએ છીએ. જ્યારે આપણા ઘરો સજાવટ રોશનીનાં હકદાર છે તો અલ્લાહનું ઘર જે તમામ ઘરોથી અફઝલ છે તેને આમ ઘરો કરતાં અધિક સજાવવું જોઈએ જેથી મસ્જિદોની અઝમત લોકોના દિલોમાં સ્થાપિત થાય. આ કામ મસ્જિદની અદબ અને દીનની તબ્લીગનો ઝરીયો છે.

(બીજો વિભાગ)

★ આ મસ્અલા પર વાંધાઓ અને જવાબો ★

ગૈર મુકલ્લિદ વહાબીઓના જેટલા પ્રમાણમાં વાંધાઓ અત્યાર સુધી અમે સાંભળ્યા છે તેને ખૂબ જ પ્રમાણિકપણે જવાબસહ રજુ કરીએ છીએ. રબ તઆલા કબૂલ ફર્માવે.

વાંધા નં. ૧ : મસ્જિદોમાં રોશની કરવી ફુઝૂલખર્ચી તથા ઈસ્રાફ છે અને ફુઝૂલખર્ચીથી કુર્આને કરીમમાં મના ફર્માવવામાં આવ્યું. રબ તઆલા ફર્માવે છે :–

كُلُوْا وَ اشْرَبُوْا وَلَا تُسْرِفُوْا اِنَّهٗ لَا يُحِبُّ الْمُسْرِفِيْنَ

''ખાવ અને પીઓ અને ફુઝૂલખર્ચી ન કરો, બેશક ! અલ્લાહ ફુઝૂલ ખર્ચી કરનારાઓને દોસ્ત નથી રાખતો.''

જવાબ : મસ્જિદના લેમ્પને ફુઝૂલખર્ચી કહેવું લગત છે. ફુઝૂલખર્ચી તે ખર્ચને કહે છે જેમાં કોઈ દીની કે દુનિયવી લાભ ન હોય. મસ્જિદમાં રોશની કરવાથી મસ્જિદની શોભા વધે છે જે ઈબાદત અને સવાબનો સબબ છે.

વાંધા નં. ૨ : જ્યારે એક લેમ્પથી રોશની મળી શકે છે તો બાકી દીવાઓ બેકાર છે. અને બેકાર ખર્ચ ફુઝૂલખર્ચીમાં દાખલ છે.

જવાબ : જ્યારે એક કમીસ કે પાયજામાથી સતર છુપાવી શકાય છે તો જોઈએ કે અચકન, વાસ્કેટ પહેરવું ફુઝૂલ ખર્ચી અને હરામ છે ! જ્યારે છ આના ગજની ખાદીથી સતર છુપાઈ શકે છે તો જોઈએ કે બે બે રૂપિયા ગજની મલમલ, લકા, ચિકન, વાએલ પહેરવું હરામ છે ! જ્યારે ઘરમાં બે આનાના દીવાથી રોશની મળી શકે છે તો ત્યાં સેંકડો રૂપિયાનો ખર્ચ કરીને વીજળી ફિટિંગ કરાવવું અને ગેસની રોશની કરવી ઈસ્રાફ તથા હરામ હોવું જોઈએ ! જ્યારે થર્ડ કલાસથી પણ મુસાફરી થઈ જાય છે તો સેકંડ કે ફસ્ટમાં રૂપિયા ખર્ચ કરવા હરામ હોવું જોઈએ. જનાબ ! એક દીવાથી તો રોશની હાંસલ થાય છે અને વધારે દીવાઓથી મસ્જિદની શોભા તથા રોનક વધે છે. મસ્જિદની રોશની પણ ઈબાદત છે અને ત્યાંની શોભા પણ ઈબાદત છે.

વાંધા નં. ૩ : જો મસ્જિદમાં રોશની કરવી સારી ચીજ છે તો ખૂદ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના મુબારક સમયમાં મસ્જિદે નબવી શરીફમાં રોશની કેમ કરી ન કરી ? શું તમે હુઝૂરથી અફઝલ છો કે દીનના અધિક હમદર્દ છો કે જે કામ હુઝૂર ન કરે તેનો તમને કરવાનો હક્ક છે.

જવાબ : જો વાસ્કેટ અચકન, ઉચ્ચ કક્ષાની મલમલો પહેરવી સારું કામ છે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કેમ ન વાપરી ? કહો ! જે કામ હુઝૂરે ન કર્યું તે હે વહાબીઓ ! તમે શા માટે કરો છો ? તમે તમારા ઘરોમાં લાઈટ ફિટિંગ કેમ કરો છો ? તમે તમારા ઘરોમાં વીજળી, ગેસ કેમ સળગાવો છો ?! જનાબ ! હુઝૂરના મુબારક જમાનામાં લોકોનાં ઘર પણ સૌ મામૂલી હતાં. જેહાદોનો

જમાનો હતો. આ તરફ ધ્યાન કરવાનો મોકો ન હતો. જ્યારે સહાબાએ કિરામના જમાનામાં લોકોએ પોતાનાં ઘર સારાં બનાવ્યાં તો ફકીહ સહાબાએ વિચાર્યું કે દીન તો દુનિયાથી ઉચ્ચ છે અને અલ્લાહનું ઘર એટલે મસ્જિદે નબવી શરીફ આપણા ઘરોથી અફઝલ છે. જ્યારે આપણાં ઘરો શાનદાર છે તો અલ્લાહનું ઘર ખૂબ જ શાનદાર હોવું જોઈએ. એવું વિચારીને હઝરત ઉષ્માને મસ્જિદે નબવી શરીફ ખૂબ જ આલીશાન બનાવી અને ત્યાં ખૂબ જ સજાવટ તથા શણગાર કર્યો. હુઝૂર ફર્માવે છે કે :–

عَلَيْكُمْ بِسُنَّتِيْ وَ سُنَّةِ الْخُلَفَاءِ الرَّاشِدِيْنَ

"તમે મારી અને મારા ખુલફાએ રાશિદીનની સુન્નત મજબૂતીથી પકડો."

જેવી રીતે હુઝૂરની સુન્નત અમલને પાત્ર છે. એવી જ રીતે હુઝૂરના સહાબાએ કિરામની સુન્નત અમલને પાત્ર છે. હુઝૂરના સહાબાએ મસ્જિદે નબવી શરીફમાં ચિરાગાં રોશની કરી બલ્કે ખૂદ હુઝૂર صلى الله تعالى عليه وسلم એ બૈતુલ મુકદ્દસની મસ્જિદમાં રોશની કરવા માટે તેલ મોકલવાનો હુકમ આપ્યો.

વાંધા નં. ૪ : અબૂ દાઉદ શરીફે હઝરત ઈબ્ને અબ્બાસ رَضِيَ اللهُ عَنْهُمَا થી રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَا اُمِرْتُ بِتَشْيِيْدِ الْمَسَاجِدِ قَالَ ابْنُ عَبَّاسٍ لَتُزَخْرِفُنَّهَا لَمَا زَخْرَفَتِ الْيَهُوْدُ وَ النَّصَارٰى

"ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ صلى الله تعالى عليه وسلم એ કે મને મસ્જિદો સજાવવાનો હુકમ નથી આપવામાં આવ્યો. હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે તમે યહૂદી તથા નસારા જેમ સજાવશો."

આ હદીષથી એ પણ જાણવા મળ્યું કે મસ્જિદો સજાવવાનો હુકમ નથી. એ પણ જાણવા મળ્યું કે ઈબાદતખાના સજાવવાં યહૂદી તથા નસારાની સુન્નત છે, ન કે મુસલમાનોનો તરીકો ! અને જાહેર છે કે મસ્જિદમાં રોશની કરવી પણ સજાવટ છે જેથી એ પણ મના છે.

જવાબ : એના બે જવાબો છે. **એક** એ કે જો આ હદીષનો મતલબ એ છે કે મસ્જિદોની સજાવટ તથા ત્યાં શોભા કરવી મના છે. તો એ જ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا એ હઝરત ઉમર તથા ઉષ્માનને મસ્જિદોની સજાવટ કરતાં ત્યાં રોશની કરતાં જોયા અને મના ન કર્યા તો પોતે જ પોતાની રિવાયતની વિરૂધ્ધ કર્યું ! તેમજ શું તમામ સહાબાએ કિરામ આ હદીષનો તે મતલબ ન સમજ્યા જે તમે સમજ્યા ? તેમજ આ સંજોગોમાં આ હદીષ કુર્આને કરીમની વિરૂધ્ધ જશે, કેમ કે રબ તઆલાએ મસ્જિદની ઝીનત તથા આબાદીને ઈમાનની નિશાની ઠરાવી છે, ફર્માવ્યું : **ઈન્નમા યઅ્મુરુ મસાજિદલ્લાહિ....** જાણવા મળ્યું કે તમે હદીષનો મતલબ ગલત સમજ્યા છો.

બીજુ એ કે અહીં દરેક સજાવટની મના નથી, બલ્કે નાજાઈઝ ટીપટોપ પર એતાબ છે. જેમ કે ફોટા તસ્વીરથી સજાવવું, એટલા જ માટે યહૂદી તથા નસારાથી સરખામણી કરવામાં આવી. તેમનાં ઈબાદતખાનાં તસ્વીરો ફોટાઓ વડે સજાવેલાં હોય છે. અથવા તે ઝીનત (શોભા) મુરાદ છે જે અલ્લાહના માટે ન હોય, દેખાડો કરવા અને નામ કમાવવા રિયાકારીના લીધે હોય, જેમ કે આગલી હદીષથી માલૂમ થઈ રહ્યું છે. પણ જે સજાવટ તથા રોશની કેવળ મસ્જિદના એહતેરામ અને રબ તઆલાની રઝા માટે હોય તે બેહતર છે. રબ તઆલા પોતાના તથા પોતાના મહબૂબના કલામની સાચી સમજ નસીબ ફર્માવે.

વાંધા નં. ૫ : અબૂ દાઉદ, નિસાઈ, દારમી અને ઈબ્ને માજહ્એ હઝરત અનસથી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّ مِنْ اَشْرَاطِ السَّاعَةِ اَنْ يَّتَبَاهَى النَّاسُ فِى الْمَسَاجِدِ

"તેઓ ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે યકીનન ! કિયામતની નિશાનીઓમાંથી છે કે લોકો મસ્જિદોમાં ફખ્ર કરશે."

આ હદીષથી જાણવા મળ્યું કે મસ્જિદોની સજાવટ કિયામતની નિશાની છે, એનાથી અલ્લાહ બચાવે.

જવાબ : આ હદીષનો પણ તે જ ભાવાર્થ છે જે અમે વાંધા નં–૪ માં રજુ કરી ચૂકયા એટલે ગર્વના તૌર પર મસ્જિદો બનાવવી અને શૈખી મારવાના રૂપે મસ્જિદો સજાવવી કિયામતની નિશાનીઓમાંથી છે કે એક મહોલ્લાવાળા બીજા મહોલ્લાવાળાની સરખામણીમાં મસ્જિદને સજાવીને તેમને ટોણા મારે કે અમારી મસ્જિદ તમારી મસ્જિદ કરતાં અધિક સજાવટવાળી છે. જનાબ ! ફખ્ર તથા રિયા માટે નમાઝ પઢવી મના છે તો એનાથી એવું જરૂરી નથી બનતુ કે ઈખ્લાસવાળી નમાઝ પણ મના થઈ જાય.

અથવા હદીષનો અર્થ એ છે કે કિયામતની નજીક લોકો મસ્જિદોમાં જઈને ઝિકુલ્લાહને બદલે દુનિયવી વાતો, એકબીજાની સરખામણીમાં શૈખી માર્યા કરશે એ સખત ગુનોહ છે. અને જો હદીષનો એ જ અર્થ હોય જે તમે સમજ્યા, એટલે કે મસ્જિદોની સજાવટ કિયામતની નિશાની છે. તો પણ એનાથી મનાઈ સાબિત નથી થતી, કિયામતની દરેક નિશાની બુરી નથી. ઈસા عليه الصلوٰة والتسليم નુ નુઝૂલ, ઈમામ મેહદીનો ઝહૂર પણ કિયામતની નિશાની છે પણ બુરી નથી બલ્કે ઘણી જ બાબરકત છે.

વાંધા નં. ૬ : મસ્જિદોમાં લાઈટીંગ કરવું બિદઅત છે અને દરેક બિદઅત ગુમરાહી છે.

જવાબ : આ ગલત છે, આ તો સુન્નતે સહાબા છે કે અમે પ્રથમ વિભાગમાં બયાન કરી ચૂકયા છીએ અને જો એ બિદઅત પણ હોય તો દરેક બિદઅત ન હરામ છે ન ગુમરાહી. બુખારી શરીફ છાપવી બિદઅત છે, પણ હરામ નથી બલ્કે સવાબ છે. હદીષની વિદ્યાના પ્રકારો બિદઅત છે પણ હરામ નથી. બિદઅતની ઉમદા તેહકીક આ જ જાઅલ હક્કના આગલા ભાગોમાં જુઓ જેમાં સાબિત કરવામાં આવ્યું છે કે આજે કલ્મો તથા નમાઝ સર્વ ઈબાદતોમાં ઘણી બધી બિદઅતો સામેલ છે તે બિદઅતો પર સવાબ છે.

શબીના પઢવો સવાબ છે

હમેશાંથી નેક મુસલમાનોનો દસ્તૂર છે કે રમઝાનુલ મુબારક મહીનામાં 'શબીના' કરે છે. કયારેક એક રાતમાં કયારેક બે રાતમાં કયારેક ત્રણ રાતમાં પૂરા કુર્આન શરીફને તરાવીહમાં ખત્મ કરે છે. કેટલાક બુઝુર્ગોની નકલ થયેલ છે કે તેઓ રમઝાનની સિવાય પણ દરરોજ એક કુર્આન શરીફ પઢી લેતા હતા. એ સર્વ કાંઈ જાઈઝ તથા સવાબ છે, શરત એ કે એટલા જલ્દી ન પઢે કે કુર્આનના હરફો બરાબર અદા ન થાય, ન સુસ્તી તથા આળસમાં પઢે. પણ ગૈર મુકલ્લિદ વહાબી એને પણ હરામ કહે છે. રાતભર સિનેમા જોનારાને બુરો નથી કહેતા પણ તમામ રાત કુર્આન પઢવાવાળા પર લઅન તઅન કરે છે, તેમના પર શિર્ક તથા બિદઅતના ફત્વા લગાડે છે એટલા માટે અમે આ પ્રકરણના પણ બે વિભાગ પાડીએ છીએ. પ્રથમ વિભાગમાં 'શબીના'ની સાબિતી, બીજામાં તેના પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ શબીનાની સાબિતી ★

એક રાતમાં કુર્આન ખત્મ કરવું સવાબનુ કામ છે. તેની સાબિતી કુર્આન તથા હદીષ તથા બુધ્ધિથી બલ્કે ખૂદ વહાબીઓની કિતાબોથી છે. દલીલો જુઓ :

(૧) કુર્આને કરીમ પોતાના મહબૂબ صلى الله تعالى عليه وسلم ને ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الْمُزَّمِّلُ قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا نِّصْفَهٗۤ اَوِ انْقُصْ مِنْهُ قَلِيْلًا اَوْ زِدْ عَلَيْهِ وَ رَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا

"હે ચાદર ઓઢવાવાળા મહબૂબ ! રાતભર કિયામ ફર્માવો, સિવાય થોડીક રાત કે અડધી અથવા એનાથી કાંઈક કમ અથવા એના પર કાંઈક વધારો અને કુર્આન અટકી અટકીને પઢો."

આ આયતે કરીમામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને લગભગ આખી રાત નમાઝ પઢવાનો હુકમ આપ્યો અને પ્રારંભિક ઈસ્લામમાં રાતભર ઈબાદત કરવી ફર્ઝ હતી. અમુક થોડોક ભાગ આરામ માટે રાખવામાં આવ્યો હતો. પછી એક વરસ બાદ આ ફર્ઝિયત મન્સૂખ થઈ ગઈ પણ મુસ્તહબ હોવું હજી પણ બાકી છે. હવે જે શખ્સ શબીનામાં તમામ રાત જાગે ખૂબ જ થોડુ સૂએ તે આ આયત પર અમલ કરનાર છે પણ જોઈએ કે **શબીના તે પઢે જે કુર્આન સહીહ પઢી શકે** જેમ કે તરતીલના હુકમથી માલૂમ થઈ રહ્યું છે.

(૨) હદીષ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللہُ عَنْہُمَا થી એક લાંબી હદીષ રિવાયત કરી જેમાં નમાઝે ખુસૂફ (ગ્રહણની નમાઝ)નો ઉલ્લેખ છે તેના અમુક શબ્દો આ પ્રમાણે છે :–

فَقَامَ قِيَاماً طَوِيْلاً نَحْوًا مِنْ قِرَأَةِ سُوْرَةِ الْبَقَرَةِ

''હુઝૂરે ગ્રહણની નમાઝમાં ખૂબ લાંબો કિયામ કર્યો લગભગ સૂરએ બકરહના જેટલો.''

જાણવા મળ્યું કે હુઝૂરે ગ્રહણની નમાઝમાં સૂરએ બકરહ એટલે અઢી સિપારા જેટલી કિરાઅત કરી. શબીનામાં દરેક રકાતમાં દોઢ સિપારો આવે છે. જ્યારે એક રકાત અઢી સિપારા પઢવું સાબિત છે તો દોઢ સિપારા પઢવું એથી ય વિશેષ જાઈઝ છે.

(૩) હદીષ : અબૂ દાઉદે હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી તહજ્જુદની નમાઝના વિશે એક ખૂબ જ લાંબી હદીષ નકલ ફર્માવી જેના અંતિમ શબ્દો આ છે :

فَصَلّٰى اَرْبَعَ رَكَعَاتٍ قَرَأَ فِيْهِنَّ الْبَقَرَةَ وَ اٰلَ عِمْرَانَ وَ النِّسَآءَ وَ الْمَائِدَةَ وَ الْاَنْعَامَ

''હુઝૂરે તહજ્જુદની નમાઝમાં ચાર રકાત પઢી જેમાં સૂરએ બકરહ અને આલે ઈમરાન અને સૂરએ નિસાઅ્ અને સૂરએ માઈદહ્ અને સૂરએ અન્આમ પઢી.''

જુઓ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ તહજ્જુદની ચાર રકાતોમાં લગભગ આઠ પારા એટલે દરેક રકાત દીઠ બે સિપારા પઢયા. શબીનામાં દરેક રકાતમાં આટલી

કિરાઅત નથી હોતી, દોઢ પારો રકાત દીઠ હોય છે તો એ શાથી હરામ થશે ?!

(૪) હદીષ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત મુગીરા ઈબ્ને શઅબા رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ قَامَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حَتّٰى تَوَرَّمَتْ قَدَمَاهُ فَقِيْلَ لَهٗ لِمَ تَصْنَعُ هٰذَا وَقَدْ غُفِرَ لَكَ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِكَ وَ مَا تَاَخَّرَ قَالَ اَفَلَا اَكُوْنَ عَبْداً شَكُوْراً

"હુઝૂરે રાતની નમાઝમાં એટલો કયામ ફર્માવ્યો કે કદમ મુબારક પર સોજો આવી ગયો તો અર્ઝ કરવામાં આવી, કે તમે આવી તકલીફ શા માટે ઉઠાવો છો ? આપની બદૌલત આપની ઉમ્મતના આગલા પાછલા ગુનાહ બખ્શી દેવામાં આવ્યા છે. તો ફર્માવ્યું કે શું હું શુક્રગુઝાર બંદો ન બનું ?"

આ હદીષથી જાણવા મળ્યું કે ઈબાદતમાં તકલીફ ઉઠાવવી સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم છે. જો કોઈ શબીનામાં કોઈ મોમિનના પગે વરમ આવી જાય તો તે ખુશનસીબને આ સુન્નત નસીબ થઈ. વહાબીઓને ખૂદ તો ઈબાદતની તૌફીક નથી મળતી અને અન્યોને ઈબાદતથી રોકે છે.

(૫) હદીષ : તહાવી શરીફે હઝરત ઈબ્ને સીરીંથી રિવાયત કરી :–

قَالَ كَانَ تَمِيْمُ الدَّارِيُّ يُحْيِ اللَّيْلَ كُلَّهٗ بِالْقُرْاٰنِ كُلِّهٖ فِيْ رَكْعَةٍ

"ફર્માવે છે કે હઝરત તમીમદારી તમામ રાત જાગતા હતા અને એક રકાતમાં આખુ કુર્આન શરીફ પઢતા હતા."

શબીનામાં તો ૨૦ રકાત તરાવીહમાં કુર્આન શરીફ પઢવામાં આવે છે, હઝરત તમીમદારી સહાબીએ રસૂલ તો એક રકાતમાં આખુ કુર્આન શરીફ પઢયા કરતા હતા.

(૬) હદીષ : તહાવી શરીફે હઝરત ઈસ્હાક ઈબ્ને સઈદથી રિવાયત કરી :

عَنْ اَبِيْهِ عَنْ عَبْدِاللّٰهِ ابْنِ الزُّبَيْرِ اَنَّهٗ قَرَاَ الْقُرْاٰنَ فِيْ رَكْعَةٍ

"તેઓ પોતાના વાલિદથી રિવાયત કરે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરે એક રકાતમાં આખુ કુર્આન શરીફ પઢયું."

(૭) હદીષ : અબૂ નુઈમે હિલયહ્માં હઝરત ઉષ્માન અબ્દુર્રહ્માન તયમીથી રિવાયત કરી :

قَالَ لِیْ اَبِیْ اَغْلِبَنَّ اللَّیْلَةَ عَلَی الْمَقَامِ فَلَمَّا صَلَّیْتُ الْعَمَّةَ تَخَلَّصْتُ اِلَی الْمَقَامِ حَتّٰی قُمْتُ فِیْهِ فَبَیْنَا اَنَا قَائِمٌ اِذَا رَجُلٌ وَضَعَ یَدَهٗ بَیْنَ کَتِفَیَّ فَاِذَا هُوَ عُثْمَانُ ابْنُ عَفَّانٍ فَبَدَأَ بِاُمِّ الْقُرْاٰنِ فَقَرَأَ حَتّٰی خَتَمَ الْقُرْاٰنَ فَرَکَعَ وَ سَجَدَ ثُمَّ اَخَذَ نَعْلَیْهِ فَلَا اَدْرِیْ اَصَلّٰی قَبْلَ ذَالِكَ شَیْأً اَمْ لَا

"મને મારા વાલિદે ફર્માવ્યું કે આજે તમામ રાત મકામે ઈબ્રાહીમ પર જાગીશ. જ્યારે હું ઈશાની નમાઝ પઢી ચૂકયો તો મકામે ઈબ્રાહીમ પર પહોંચ્યો. હું ઉભો જ થયો હતો કે એક ભાઈએ મારી પીઠ પર હાથ મૂકયો, તે હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہ હતા. આપે સૂરએ ફાતિહાથી કુર્આન શરૂ કર્યું, પછી પઢતા રહ્યા, ત્યાં સુધી કે કુર્આન ખત્મ થઈ ગયું. પછી રુકૂઅ કર્યો અને સિજદા કર્યા પછી પોતાનાં નાલૈન શરીફ ઉઠાવ્યાં. એ મને ખબર નથી કે એનાથી પહેલાં નમાઝ પઢી કે નહીં.

(૮) હદીષ : અબૂ નુઈમે હિલયહ્માં હઝરત ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી :–

کَانَ اَسْوَدُ یَخْتِمُ الْقُرْاٰنَ فِیْ رَمَضَانَ فِیْ کُلِّ لَیْلَتَیْنِ وَکَانَ یَنَامُ بَیْنَ الْمَغْرِبِ وَ الْعِشَاءِ

"કે હઝરત અસ્વદ رضی اللہ عنہ રમઝાન મહીનામાં દર બે રાતમાં એક કુર્આન ખત્મ કરતા હતા અને મગરિબ તથા ઈશાની વચ્ચે સૂતા હતા.

(૯) હદીષ : તહાવી શરીફે હઝરત હમ્માદથી રિવાયત કરી :

عَنْ سَعِیْدِ ابْنِ جُبَیْرٍ اَنَّهٗ قَرَاءَ الْقُرْاٰنَ فِیْ رَکْعَةٍ فِی الْبَیْتِ

"હઝરત સઈદ ઈબ્ને જુબૈર સહાબીએ બૈતુલ્લાહ શરીફમાં એક રકાતમાં આખુ કુર્આન શરીફ પઢયું.

આ હદીષોથી સાબિત થયું કે મોટા ભાગે રાત્રે જાગવું, નમાઝ પઢવી,

રોજ કિયામ કરવો ત્યાં સુધી કે પગે વરમ આવી જાય, એક રકાતમાં અઢી સિપારા પઢવા સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم છે અને રાતમાં બે રાત બલ્કે એક રકાતમાં આખુ કુર્આન પઢવું સહાબાની સુન્નત છે. જેઓ શબીનાને હરામ કે શિર્ક તથા ફિસ્ક કહે તે નર્યો જાહિલ છે.

(૧૦) મિર્કાત શરહે મિશકાત શરહે મિશકાત, બાબ–તિલાવતે કુર્આનમાં પેજ–૬૧૫ પર સહાબાએ કિરામનો દસ્તૂર આ પ્રમાણે વર્ણન કર્યો છે :

فَخَتَمَهٗ جَمَاعَةٌ فِیْ یَوْمٍ وَّ لَیْلَةٍ مَرَّةً وَاٰخَرُوْنَ مَرَّتَیْنِ وَاٰخَرُوْنَ ثَلٰثَ مَرَّاتٍ وَ خَتَمَهٗ فِیْ رَکْعَةٍ مِّنْ لَّا یُحْصَوْنَ کَثْرَةً

''એક જમાઅતે દિવસ રાતમાં એક ખતમ કર્યો એકે બેવાર અમુકે ત્રણવાર અને એક રકાતમાં કુર્આન પઢવાવાળા તો અસંખ્ય છે.''

બુધ્ધિનો તકાદો પણ એ જ છે કે શબીના ઈબાદત હોય, નહીં કે હરામ. કેમ કે ઈબાદતનો સવાબ મહેનતના પ્રમાણમાં મળે છે. ગરમીઓના રોઝા, તલ્વારનો જેહાદ, તકલીફવાળી હજ્જ પર સવાબ મળશે. અઝાબ નહીં થાય. તો એવું કેમ કરીને થઈ શકે છે કે મુસલમાન રબની રઝાના માટે તમામ રાત નમાઝ પણ પઢે, કુર્આનની તિલાવત પણ કરે અને સવાબના બદલે અઝાબ પામે ! કુર્આનનો એક હરફ પઢવા પર દસ નેકીઓ છે તો આશ્ચર્ય છે કે આખુ કુર્આન પઢવા પર નેકીઓને બદલે ઉલ્ટો અઝાબ થાય ! હઝરત દાઉદ علیہ الصلوٰۃ والتسلیم મો'જિઝા રૂપે થોડીવારમાં આખી ઝબૂર પઢી લેતા હતા જેમ કે હદીષ શરીફમાં છે. તો જો એક રાતમાં કુર્આન પઢવામાં અઝાબ થાત તો પછી નઉઝુબિલ્લાહ દાઉદ علیہ الصلوٰۃ والتسلیم વહાબીઓના કૌલના આધારે ઝબૂર પઢવા પર ગુનેહગાર થાત ! રબ તઆલા સમજ આપે.

લતીફો : વહાબીઓએ પોતાની કિતાબ 'અરવાહે ષલાષા'માં પોતાના મઝહબના બાની મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના ફઝાઈલ બયાન કરતાં લખ્યું કે મોલ્વી ઈસ્માઈલ સાહબ અસ્રથી મગરિબ સુધી કુર્આને કરીમ ખત્મ કરી લેતા હતા. લોકોએ ખૂદ તેમનાથી આટલી વારમાં કુર્આન સાંભળ્યું. હવે હું વહાબીઓને પૂછુ છું કે તમે અમારા ઈમામે આઝમ અબૂ હનીફા رضی اللہ عنہ પર

એટલા માટે લઅન તઅન કરો છો અને તેમની જનાબમાં ગાળો બકો છો કે તે જનાબ રમઝાન માસમાં દરરોજ દિવસમાં એક કુર્આન મજીદ અને રાતમાં એક કુર્આન મજીદ ખત્મ કરતા હતા. બોલો ! તમારા ઈસ્માઈલ તો અસ્રથી મગરિબ સુધીમાં એક ખત્મ કરી લેતા હતા ! તો તે પણ આ લઅન તઅન (ભલુ બુરૂ)ના હકદાર છે કે નહીં ? તે પણ ફાસિક તથા ફાજિર થયા કે નહીં ? અથવા તમારા ઈમામ જે કરે તે મુબાહ ! જવાબ દો !

(બીજો વિભાગ)

★ શબીના પર વાંધાઓ અને જવાબો ★

શબીનાના વિશે અમે તે વાંધાઓ રજુ કરીએ છીએ જે ગેર મુકલ્લિદ વહાબી કરતા હોય છે અને તે વાંધાઓ પર વર્ણન કરીએ છીએ જે તેમને આજ સુધી સુઝયા નથી, અમે તેમની વકીલાતમાં તેને જવાબો સાથે રજુ કરીએ છીએ. અલ્લાહ કબૂલ ફર્માવે.

વાંધા નં. ૧ : કુર્આને કરીમ ફર્માવે છે : وَرَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا

''કુર્આન શરીફની તિલાવત અટકી અટકીને (તરતીલની સાથે) કરો.''

અને જાહેર છે કે જ્યારે દરેક રકાતમાં દોઢ પારો પઢીને આખુ કુર્આન એક રાતમાં ખત્મ કરવામાં આવશે તો હાફેઝે ખૂબ જ ઝડપથી પઢવું પડશે જેના લીધે સિવાય ''યઅ્લમૂન તઅ્લમૂન'' કાંઈ સમજમાં આવશે નહીં. જેથી શબીના પઢવું કુર્આનના હુકમની વિરૂધ્ધ છે.

જવાબ : આ વાંધાના બે જવાબો છે : એક એ કે તમારા ધર્મસ્થાપક મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી અસ્રથી મગરિબ સુધીમાં આખુ કુર્આન પઢી લેતા હતા. તો બતાવો કે તે અટકી અટકીને પઢતા હતા ? કે યઅ્લમૂન ? તે હરામમાં સપડાયા હતા કે નહીં ? હઝરત દાઉદ عليه الصلوٰة والسلام ખૂબ જ જલ્દી આખી ઝબૂર પઢી લેતા હતા. હઝરત ઉષ્માન ગની, તમીમદારી, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર વગેરે મહાન સહાબાએ એક રકાતમાં આખુ કુર્આન પઢયું છે. ખૂદ હુઝૂરે અન્વર صلى الله تعالىٰ عليه وسلم તહજ્જુદની એક રકાતમાં બે પારા અને નમાઝે ખુસૂફ

(ગ્રહણ)માં એક રકાતમાં અઢી પારા તિલાવત કરતા હતા જેના હવાલા પ્રથમ વિભાગમાં આવી ગયા. તો શું તમારો આ એ'તરાઝ તે હસ્તીઓ પર પણ લાગુ થશે ? જો નહીં તો શાથી ?

બીજો જવાબ એ છે કે રબ તઆલાએ અમુકને કુવ્વતે લિસાની (બોલવાની શકિત) એવી બખ્શી છે કે તેઓ ખૂબ ઝડપથી પઢીને પણ સાફ તથા સ્પષ્ટ પઢી શકે છે. અમુકમાં એ શકિત નથી, તે જો ઝડપી પઢે તો કેવળ યઅ્લમૂન તઅ્લમૂન જ સમજમાં આવશે. શબીના કેવળ પ્રથમ પ્રકારના હાફિઝો પઢે બીજા પ્રકારના હાફિઝો હરગિઝ ન પઢે. આ આયતે કરીમાનો હેતુ એ જ છે. આયતે કરીમા પોતાના સ્થાને હક્ક છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને તે બુઝુર્ગ સહાબાએ કિરામનો અમલ શરીફ જેમણે એક રકાતમાં ખૂબ જ લાંબી તિલાવત કરી તે તેમની જગાએ હક્ક છે.

વાંધો નં. ૨ : તિર્મિઝી, અબૂ દાઉદ, દારમીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત કરી :

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَمْ يَتَفَقَّهْ مَنْ قَرَأَ الْقُرْاٰنَ فِى اَقَلَّ مِنْ ثَلٰثٍ

''બેશક ! ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જે ત્રણ દિવસથી ઓછામાં કુર્આન પઢે તે કુર્આન સમજશે નહીં.''

(મિશ્કાત, બાબ–તિલાવતે કુર્આન)

આ હદીષથી જાણવા મળ્યું કે ત્રણ દિવસથી ઓછામાં આખુ કુર્આન હરગિઝ ન પઢવું જોઈએ કેમ કે પછી કુર્આન સમજમાં આવશે નહીં. જેથી શબીના બિલ્કુલ મના છે.

જવાબ : તેના અમુક જવાબો છે : એક એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે. તમે તો રાતના શબીનાને હરામ પણ કહો છો અને આ હદીષમાં તેની ઈજાઝત આવી ગઈ ! બીજુ એ કે તમારા પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી અસ્રથી મગરિબ સુધી કુર્આને કરીમ ખત્મ કરી લેતા હતા, તે પણ આ હુકમ હેઠળ આવી જાય છે, તેમની સફાઈ પેશ કરો ! જે તમારો જવાબ હશે તે અમારો જવાબ !

ત્રીજુ એ કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ હદીષમાં આમ લોકોની હાલત બયાન ફર્માવી કે સામાન્યતઃ હાફિઝો એક દિવસ કે બે દિવસમાં કુર્આન ખત્મ કરે તો સમજી શકશે નહીં. કેટલાક બંદાઓ જે એના પર શકિતમાન છે કે આ હુકમથી અપવાદ છે, જેમ કે હઝરત ઉષ્માન વગેરે સહાબાએ કિરામ એક રાતમાં કુર્આન ખત્મ કરતા હતા. એટલા જ માટે આ હદીષની શરહમાં મિર્કાત તથા લમ્આત શરીફમાં છે કે કેટલાક બુઝુર્ગ એક દિવસ તથા રાતમાં ત્રણ ખત્મ કરતા હતા. અમુક હઝરાત આઠ ખત્મ કરી લેતા હતા. અને શૈખ અબૂ મદયન મગરબી એક દિવસ તથા રાતમાં ૭૦ હજાર કુર્આન પઢી લેતા હતા. તેમણે એકવાર હજરે અસ્વદ ચૂમીને કા'બાના દરવાજા પર આવતાં આવતાં કુર્આન ખત્મ કરી લીધું. અને લોકોએ હર્ફ બ હર્ફ સાંભળ્યું. (મિર્કાત, ભાગ–૨, પેજ–૬૧૨, બાબ–તિલાવતે કુર્આનમાં છે :–

وَ الْحَقُّ اَنَّ ذَالِكَ تَخْتَلِفُ بِاَشْخَاصٍ "હક્ક એ છે કે આ હુકમ વિવિધ લોકોના લેહાઝથી વિવિધ છે."

વાંધા નં. ૩ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી લાંબી હદીષ નકલ ફર્માવી જેના અંતિમ શબ્દો આ છે :–

وَاقْرَأْ فِىْ كُلِّ سَبْعِ لَيَالٍ وَّ لَا تَزِدْ عَلٰى ذَالِكَ "દરેક અઠવાડિયામાં એક કુર્આન ખત્મ કરો એના પર વધારો ન કરો."

જુઓ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રએ હુઝૂરથી જલ્દી ખત્મ કરવાની ઈજાઝત માગી તો હુઝૂરે હુકમ આપ્યો કે એક મહીનામાં એક ખત્મ કરો. આગ્રહ કરતાં ઈર્શાદ થયો કે એક અઠવાડિયાથી ઓછામાં કુર્આન ખત્મ ન કરવું જોઈએ. જેથી શબીના મના છે.

જવાબ : સરકારનો આ જવાબ સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ ની હાલતના લેહાઝથી છે. તે એક બે રાતમાં ખત્મ કરવા પર સાફ પઢી શકતા નહીં હોય અથવા અહીં કાયમી તિલાવતનો ઝિક્ર છે કે જો દરેક દરેક માણસ એક ખત્મ કર્યા કરે તો દુન્યાવી કારોબાર પડી ભાગે. જો સાલમાં એકાદ

દિવસમાં કુર્આન ખત્મ કરવામાં આવે તો કાંઈ વાંધો નથી. જે સહાબીઓએ એક એક રકાતમાં એક એક કુર્આન પઢયું છે તેમને આ હદીષની જાણ હતી છતાં એક રકાતમાં ખત્મ કરતા હતા.

વાંધો નં. ૪ : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કદી એક બે રાતમાં આખુ કુર્આન નથી પઢયું જેથી શબીના બિદઅત છે અને બિદઅતથી બચવું જોઈએ.

જવાબ : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું એક રાતમાં આખુ કુર્આન ન પઢવું બે કારણે છે, એક એ કે આપની અવ્વલ હયાત શરીફમાં આખુ કુર્આન ઉતર્યું જ ન હતું, ઈન્તેકાલના થોડાક અગાઉ કુર્આનની પૂર્ણતા થઈ. જેથી ત્યાં ખત્મે કુર્આનનો સવાલ ઉપસ્થિત નથી થતો. બીજુ એ કે આપે આપની ઉમ્મત પર રહમ ફર્માવ્યો જેથી શબીના પઢવો તેમના પર જરૂરી સુન્નત ન થઈ જાય. વળી સહાબાએ શબીના પઢયો. જેવી રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તરાવીહ હમેશાં પઢી પછી સહાબાએ બાકાયદા જમાઅતથી પઢી. શબીના સહાબાની સુન્નત છે જેના પર અમલ કરવાથી ઈન્શાઅલ્લાહ તે જ સવાબ મળશે જે સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم પર અમલ કરવાથી મળે છે. સહાબીઓની સુન્નતને બિદઅત કહીને મના કરવું વહાબીઓને જ શોભે છે અહલે સુન્નત એવું નથી કરી શકતા.

વાંધા નં. ૫ : આજકાલ શબીનાનો એ હાલ છે કે હાફેઝ તિલાવત કરી રહ્યો છે અને મુકતદીઓમાં કોઈ સૂઈ રહ્યો છે તો કોઈ ઊંઘી રહ્યો છે, કોઈ સુસ્ત બેઠો છે. એમાં કુર્આને કરીમની બેઅદબી છે, એટલા માટે શબીના બંધ થવો જોઈએ.

જવાબ : આ કેવળ જૂઠો આક્ષેપ છે. શબીના કેટલાક લોકો બાકાયદા શબીના સાંભળવા આવે છે, તેઓ ઉભા રહીને ખૂબ જ શોખથી સાંભળે છે. કેટલાક કેવળ શબીના જોવા આવે છે તેઓ સૂતા બેઠા રહે છે જેમાં કાંઈ વાંધો નથી. કુર્આન સાંભળવું ફર્ઝે કિફાયા છે, અમુકનું સાંભળવું પૂરતુ છે અને જો ધારો કે માની પણ લેવામાં આવે કે સૌ મુસલમાન સુસ્તીથી સાંભળે છે તો કોશિશ કરી સુસ્તી દૂર કરો શબીના બંધ ન કરો. આજકાલ શાદી વિવાહમાં ખૂબ જ ગુનાહ કરવામાં આવે છે, નાચ, તમાશા, વાંજાં, આતશબાઝી (ફટાકડા)

બધું જ થાય છે તો મહેરબાની કરી નિકાહ બંધ ન કરો, બલ્કે તે ચીજોને રોકવાની કોશિશ કરો. હુઝૂરના જમાનામાં કા'બા શરીફમાં મૂર્તિઓ હતી તો હુઝૂરે કા'બાને નથી તોડી પાડયો બલ્કે જ્યારે રબ તઆલાએ શકિત આપી ત્યારે મૂર્તિઓને કાઢી નાખી. જો મસ્જિદમાં કૂતરું ઘુસી જાય તો મસ્જિદને ન તોડી પાડો પણ કૂતરાને કાઢો. જો ચારપાઈમાં માંકડ, કપડાં કે માથાના વાળોમાં જૂવો થઈ જાય તો કીડાને મારી નાખો પણ ચારપાઈ કે કપડાંને આગ ન લગાડો. વહાબીઓનો આ અજબનો કાયદો છે કે ઈબાદતોથી ખરાબીઓ દૂર કરવાને બદલે ખૂદ ઈબાદતને રોકવાની કોશિશ કરે છે. આ લોકો આવા પ્રકારનાં બહાનાંઓથી સારાં નેક કાર્યોને રદ કરી દે છે. જેમ કે મીલાદ શરીફ, ખત્મે બુઝુર્ગાને દીન વગેરે. જો સુન્ની ભાઈઓએ અમારો આ જવાબ યાદ રાખ્યો તો ઈન્શાઅલ્લાહ વહાબીઓના ફિત્નાઓથી બચેલા રહેશે. અમે શબીનાના મસ્અલા પર વિગતે ચર્ચા એટલા માટે કરી દીધી કે આજ કાલ સામાન્યતઃ વહાબી તેની પાછળ પડેલા છે, જ્યાં રમઝાન શરીફમાં કોઈ જગાએ શબીનાની ગોઠવણ થઈ કે ઝટ દેવબંદી તથા ગૈર મુકલ્લિદ વહાબીઓએ હરામ તથા શિર્કના ફત્વા જડી દીધા.

જમાઅતના સમયે ફજ્રની સુન્નત પઢવા વિશે

ફિકહી મસાઈલ એ છે કે જો કોઈ શખ્સ ફજરના સમયે મસ્જિદમાં આવે જ્યારે કે જમાઅત થઈ રહી હોય અને હજી તેણે ફજરની સુન્નત ન પઢી હોય તો તેણે જોઈએ કે જમાઅતથી અમુક અંતરે ઉભો રહી ફજરની સુન્નતો પઢી લે, એ શરતે કે જમાઅત મળી જવાની પાકી ખાત્રી હોય. જો અત્તહિય્યાત મળી શકે તેમ હોય તો પણ ફજરની સુન્નત પઢી લે. પણ વહાબી ગૈર મુકલ્લિદ એનાથી સખત વિરૂધ્ધ છે અને આ મસ્અલાના કારણે હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ પર મહેણા ટોણા મારે છે અને કહે છે કે એવા મોકા પર ફજરની સુન્નતો છોડી દે અને જમાઅતમાં શિર્કત કરે. અમે હવે અતિ પ્રમાણિકપણે આ પ્રકરણના બે ભાગ કરીએ છીએ. પ્રથમ ભાગમાં હનફી મઝહબની દલીલો અને બીજા ભાગમાં ગૈર મુકલ્લિદ વહાબીઓના સવાલો જવાબો સાથે રજુ કરીએ છીએ. અલ્લાહ કબૂલ ફર્માવે.

(૧) તહાવી શરીફે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી મૂસા અશઅરીથી રિવાયત કરી :–

عَنْ اَبِيْهِ حِيْنَ دَعَاهُمْ سَعِيْدُ ابْنُ الْعَاصِ دَعَا اَبَامُوْسٰى وَ حُذَيْفَةَ وَ عَبْدَاللّٰهِ ابْنَ مَسْعُوْدٍ قَبْلَ اَنْ يُّصَلِّيَ الْغَدَاةَ ثُمَّ خَرَجُوْا مِنْ عِنْدِهٖ وَ قَدْ اُقِيْمَتِ الصَّلٰوةِ فَجَلَسَ عَبْدُاللّٰهِ اِلٰى اُسْطُوْنَةٍ مِنَ الْمَسْجِدِ فَصَلّٰى رَكْعَتَيْنِ ثُمَّ دَخَلَ فِي الصَّلٰوةِ

"તેઓ પોતાના વાલિદ હઝરત અબૂ મૂસા અશઅરીથી રિવાયત કરે છે કે જ્યારે તેમને સઈદ ઈબ્ને આસે બોલાવ્યા, તેણે હઝરત અબૂ મૂસા, હઝરત હુઝૈફા તથા અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદને બોલાવ્યા. નમાઝે ફજર પઢતાં પહેલાં આ હઝરાત સઈદ ઈબ્ને આસની પાસેથી પાછા વળ્યા. જો કે ફજરની તકબીર થઈ ચૂકી હતી તો

હઝરત ઈબ્ને મસ્ઊદ મસ્જિદના એક થાંભલાની પાસે બેસી ગયા પછી ત્યાં બે રકાતો પઢી પછી નમાઝમાં સામેલ થઈ ગયા.''

જુઓ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે જે ફકીહ સહાબી છે, હઝરત અબૂ મૂસા અશ્અરી અને હઝરત હુઝૈફાની મૌજૂદગીમાં ફજ્રની જમાઅત થતી હતી છતાં ફજરની સુન્નતો પઢી, પછી જમાઅતમાં સામેલ થયા. અને ન તેના પર બંને સહાબીઓએ કાંઈ વાંધો ઉઠાવ્યો ન કોઈ અન્ય નમાઝીએ. માલૂમ થયું કે તમામ સહાબાનો આમ તરીકો એ જ હતો. ફજરની જમાઅતના સમયે સુન્નત પઢતા હતા પછી જમાઅતમાં સામેલ થતા હતા અને સહાબાએ કિરામ હુઝૂરના હુકમ વિના આ પ્રમાણે કરી શકતા ન હતા. સારાંશ એ કે આ કાર્ય સહાબાની સુન્નત છે.

(૨) એ જ તહાવીએ હઝરત અબૂ મજલઝથી રિવાયત કરી :

قَالَ دَخَلْتُ الْمَسْجِدَ فِيْ صَلٰوةِ الْغَدَاةِ مَعَ ابْنِ عُمَرَ وَ ابْنِ عَبَّاسٍ وَ الْإِمَامُ يُصَلِّيْ فَأَمَّا ابْنُ عُمَرَ فَدَخَلَ فِي الصَّفِّ وَ أَنَا ابْنُ عَبَّاسٍ فَصَلّٰى رَكْعَتَيْنِ ثُمَّ دَخَلَ مَعَ الْإِمَامِ فَلَمَّا سَلَّمَ الْإِمَامُ قَعَدَ ابْنُ عُمَرَ مَكَانَهٗ حَتّٰى طَلَعَتِ الشَّمْسُ فَرَكَعَ رَكْعَتَيْنِ.

''તેઓ ફર્માવે છે કે હું હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર તથા અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની સાથે મસ્જિદમાં ગયો, જ્યારે ઈમામ નમાઝ પઢાવી રહ્યા હતા. હઝરત ઈબ્ને ઉમર સફમાં દાખલ થઈ ગયા પરંતુ હઝરત ઈબ્ને અબ્બાસે પ્રથમ બે રકાત સુન્નતો પઢી પછી ઈમામની સાથે નમાઝમાં દાખલ થયા, પછી જ્યારે ઈમામે સલામ ફેરવી તો ઈબ્ને ઉમર ત્યાં જ બેઠેલા રહ્યા. જ્યારે સૂરત નીકળી આવ્યો તો બે રકાત નફલ પઢયા.''

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِيَ اللهُ عَنْهُمَا જે મહાન ફકીહ સહાબી અને હુઝૂર અહલે બૈતે અત્હારમાંથી છે. હઝરત ઈબ્ને ઉમર તથા તમામ સહાબાની મૌજૂદગીમાં ફજરની જમાઅતના સમયે બે સુન્નતો પઢીને

જમાઅતમાં શિર્કત કરી અને કોઈએ આપના પર વાંધો ન કર્યો.

(૩) એ જ તહાવીએ હઝરત અબૂ મૂસા ઉષ્માન અન્સારીથી રિવાયત કરી :–

قَالَ جَاءَ عَبْدُاللّٰهِ ابْنُ عَبَّاسٍ وَ الْاِمَامُ فِیْ صَلٰوةِ الْغَدَاةِ وَ لَمْ یَکُنْ صَلّٰی الرَّکْعَتَیْنِ فَصَلّٰی اِبْنُ عَبَّاسٍ الرَّکْعَتَیْنِ خَلْفَ الْاِمَامِ ثُمَّ دَخَلَ مَعَهُمْ

"કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ મસ્જિદમાં એ હાલમાં આવ્યા કે ઈમામ ફજરની નમાઝમાં હતા અને ઈબ્ને અબ્બાસે હજી ફજરની સુન્નતો પઢી ન હતી તો આપે ઈમામની પાછળ (દૂર) બે રકાતો પઢી પછી તે સૌની સાથે સામેલ થયા."

(૪) તહાવી શરીફે હઝરત મુહમ્મદ ઈબ્ને કઅબથી રિવાયત કરી :–

قَالَ خَرَجَ ابْنُ عُمَرَ مِنْ بَیْتِهٖ فَاُقِیْمَتْ صَلٰوةُ الصُّبْحِ فَرَکَعَ رَکْعَتَیْنِ قَبْلَ اَنْ یَّدْخُلَ الْمَسْجِدَ وَهُوَ فِیْ الطَّرِیْقِ ثُمَّ دَخَلَ الْمَسْجِدَفَصَلَّی الصُّبْحَ مَعَ النَّاسِ

"ફર્માવે છે કે હઝરત ઈબ્ને ઉમર પોતાના ઘરેથી નીકળ્યા અને આ બાજુ સવારની તકબીર થઈ તો આપે મસ્જિદમાં આવતાં પહેલાં બે સુન્નતો પઢી. જો કે આપ રસ્તામાં હતા પછી મસ્જિદમાં આવ્યા અને લોકોની સાથે નમાઝ પઢી."

(૫) તહાવી શરીફે હઝરત અબી અબ્દુલ્લાહથી રિવાયત કરી :

عَنْ اَبِیْ الدَّرْدَاءِ اَنَّهٗ کَانَ یَدْخُلُ الْمَسْجِدَ وَ النَّاسُ صُفُوْفٌ فِیْ صَلٰوةِ الْفَجْرِ فَیُصَلِّیْ الرَّکْعَتَیْنِ فِیْ نَاحِیَةِ الْمَسْجِدِ ثُمَّ یَدْخُلُ مَعَ الْقَوْمِ فِیْ الصَّلٰوةِ

"કે હઝરત અબૂ દરદા رضی اللہ عنہ મસ્જિદમાં તશરીફ લાવ્યા હતા જ્યારે કે લોકો ફજરની નમાઝમાં સફ બનાવી રહ્યા હતા. તો મસ્જિદના એક ખૂણામાં બે રકાતો પઢી લેતા હતા, પછી કૌમની સાથે નમાઝમાં સામેલ થતા હતા."

(૬) તહાવી શરીફે હઝરત અબૂ ઉષ્માન નહદીથી રિવાયત કરી :

قَالَ کُنَّا نَاتِیْ عُمَرَ ابْنَ الْخَطَّابِ قَبْلَ اَنْ نُصَلِّیَ الرَّکْعَتَیْنِ قَبْلَ

"ફર્માવે છે કે અમે હઝરત ઉમર ફારૂકની પાસે ફજરની સુન્નત પઢતા પહેલાં

الـصُّبْحِ وَهُوَ فِىْ الصَّلٰوةِ فَنُصَلِّىْ رَكْـعَتَيْـنِ فِـىْ اٰخِـرِ الْـمَسْـجِدِ ثُمَّ نَدْخُلُ مَعَ الْقَوْمِ فِىْ صَلٰوتِهِمْ

આવતા હતા જ્યારે કે હઝરત ઉમર નમાઝમાં હોતા તો અમે મસ્જિદના કિનારા પર ફજરની સુન્નત પઢી લેતા હતા, પછી કૌમની સાથે તેમની નમાઝમાં સામેલ થઈ જતા.''

(૭) તહાવી શરીફે હઝરત યૂનુસથી રિવાયત કરી :

قَالَ كَانَ الْحَسَنُ يَقُوْلُ يُصَلِّيْهِمَا فِـىْ نَاحِيَةِ الْمَسْجِدِ ثُمَّ يَدْخُلُ مَعَ الْقَوْمِ فِىْ صَلٰوتِهِمْ

''કે ઈમામ હસન ફર્માવતા હતા કે ફજરની સુન્નત મસ્જિદના એક ખૂણામાં પઢી લે પછી કૌમની સાથે તેમની નમાઝમાં સામેલ થઈ જા.''

(૮) તહાવી શરીફે હઝરત નાફેઅથી રિવાયત કરી :

يَقُوْلُ اَيْقَظْتُ ابْنَ عُـمَرَ لِصَلٰوةِ الْـفَجْرِ وَ قَدْ اُقِيْمَتِ الصَّلٰوةُ فَقَامَ فَصَلَّى الرَّكْعَتَيْنِ

''ફર્માવે છે કે મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરને ફજરની નમાઝ માટે જગાડયા, જો કે ફજરની તકબીર થઈ રહી હતી, આપે પ્રથમ ફજરની સુન્નતો પઢી.''

(૯) તહાવી શરીફે હઝરત ઈમામ શબઈથી રિવાયત કરી :

كَانَ مَسْرُوْقٌ يَجِئُ اِلَى الْقَوْمِ وَهُمْ فِىْ الصَّلٰوةِ وَ لَمْ يَكُنْ رَكَعَ رَكْعَتَىْ الْفَجْرِ فَيُصَلِّىْ الرَّكْعَتَيْنِ فِىْ الْمَسْجِدِ ثُمَّ يَدْخُلُ مَعَ الْقَوْمِ فِىْ صَلٰوتِهِمْ

''હઝરત મસ્રૂક કૌમની પાસે આવતા હતા જ્યારે કે તેઓ ફજરની નમાઝમાં મશગૂલ હોતા અને મસ્રૂકે ફજરની સુન્નત પઢી નહોતી, તો આપ મસ્જિદમાં પ્રથમ બે સુન્નતો પઢી લેતા પછી કૌમની સાથે નમાઝમાં સામેલ થતા હતા.''

(૧૦) તહાવી શરીફે અબ્દુલ્લાહ ઈબ્ને અબી મૂસા અશઅરીથી રિવાયત કરી:

اَنَّـهٗ دَخَلَ الْـمَسْـجِـدَ وَالْاِمَـامُ فِـىْ

''કે હઝરત અબૂ મૂસા અશઅરી મસ્જિદમાં આવ્યા જો કે ત્યારે ઈમામ

الصَّلٰوةِ فَصَلّٰى رَكْعَتَيِ الْفَجْرِ

નમાઝમાં હતા, તો આપે પ્રથમ બે રકાત ફજરની સુન્નત પઢી.''

આ દસ હદીષો નમૂના રૂપે રજુ કરવામાં આવી, નહીં તો એના વિશે ઘણી રિવાયતો છે. જો શોખ હોય તો તહાવી શરીફનો અભ્યાસ કરો.

બુધ્ધિનો પણ એ જ તકાદો છે કે આવી હાલતમાં ફજરની સુન્નતો પ્રથમ પઢી લે પછી જમાઅતમાં શરીક થાય, કેમ કે તમામ મોઅક્કદા સુન્નતોમાં ફજરની સુન્નતની અધિક તાકીદ છે ત્યાં સુધી કે મુસ્લિમ, બુખારી, અબૂ દાઉદ, તિર્મિઝી તથા નિસાઈ શરીફે ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકાથી રિવાયત કરી.

★ હદીષ નં. ૧૧ થી ૧૫ ★

(١٥٢١١) لَمْ يَكُنِ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلٰى شَيْءٍ مِّنَ النَّوَافِلِ اَشَدَّ تَعَاهُداً مِّنْهُ عَلٰى رَكْعَتَيِ الْفَجْرِ

''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જેટલી કાળજી તથા પાબંદી ફજરની સુન્નતની કરતા હતા એટલી અન્ય કોઈ સુન્નતની ન કરતા હતા.''

અને અહમદ, તહાવી, અબૂ દાઉદ શરીફે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :

★ હદીષ નં. ૧૬ થી ૧૮ ★

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا تَدَعُوْا رَكْعَتَيِ الْفَجْرِ وَ اِنْ طَرَدَتْكُمُ الْخَيْلُ

''ફર્માવ્યું, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફજરની સુન્નત ન છોડી ભલે તમને દુશ્મનનું લશ્કર ભગાડી રહ્યું હોય.''

સારાંશ કે ફજરની સુન્નતની ઘણી જ તાકીદ છે અને જો ફજરની સુન્નત રહી જાય અને ફર્ઝ પઢી લેવામાં આવે તો તેની કઝા નથી હોતી. ઝોહરની સુન્નત તો ઝોહરના ફર્ઝ બાદ પણ પઢી લેવામાં આવે છે. બીજી બાજુ જમાઅત પણ વાજિબ છે જો એ વ્યકિત ફજરની સુન્નતના કારણે જમાઅત છોડી આપે તો વાજિબનો ત્યજનાર થયો અને જો જમાઅતના કારણે સુન્નત ફજરની છોડી દે તો આટલી મહત્વની સુન્નતે મોઅક્કદાનો ત્યજનાર થયો. જેથી એમાંથી

કોઈને ન છોડે. જો જમાઅત મળી શકે એમ હોય તો પ્રથમ ફજરની સુન્નત પઢી લે પછી જમાઅતમાં જોડાઈ જાય. બે ઈબાદતો કરવી બેહતર છે એકને છોડવી બેહતર નથી.

એ પણ યાદ રાખશો કે જ્યાં જમાઅત થઈ રહી હોય ત્યાં ફજરની સુન્નત પઢવી મના છે કે એમાં જમાઅતની મુખાલિફત અને તેનાથી મોં ફેરવવું છે, જેથી એવી જગાએ ઉભો રહે જ્યાં જમાઅતમાં સામેલ હોવાનું ન જણાય. મસ્જિદના ખૂણામાં અથવા બીજા ભાગમાં.

ઝોહરની પહેલી સુન્નતો મોઅક્કદા છે પણ ફર્ઝ પછી પઢી શકાય છે અને અસ્ર તથા ઈશાની સુન્નતો મોઅક્કદા નથી, ગૈર મોઅક્કદા છે, એટલા માટે તેને જમાઅતના સમયે નથી પઢી શકતા. ફજરની સુન્નત મોઅક્કદા પણ છે અને ફર્ઝ પછી પઢી પણ નથી શકાતી, એટલા માટે જો જમાઅત મળી જવાની ઉમ્મીદ હોય તો પઢી લે પરંતુ જમાઅત ન મળી શકે તો પછી ફજરની સુન્નતો છોડી દે કેમ કે જમાઅત વાજિબ છે, વાજિબ સુન્નતથી વધારે મહત્વની છે.

(બીજો વિભાગ)

★ ફજરની સુન્નત વિશે વાંધાઓ તથા જવાબો ★

અત્યાર સુધી આ મસ્અલા પર જેટલા પ્રમાણમાં વાંધા અમારી જાણમાં આવ્યા છે તે જવાબસહ અતિ પ્રમાણિકપણે રજુ કરી દઈએ છીએ. જો ભાવિમાં કોઈ વાંધો જાણમાં આવ્યો તો ઈન્શાઅલ્લાહ આ કિતાબની બીજી આવૃત્તિમાં તેનો પણ જવાબ રજુ કરીશું.

વાંધા નં. ૧ : તહાવી વગેરેએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِذَا اُقِيْمَتِ الصَّلٰوةُ فَلَا صَلٰوةَ اِلَّا الْمَكْتُوْبَةَ

''આપ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરે છે કે હુઝૂરે ફર્માવ્યું, જ્યારે નમાઝની તકબીર કહેવામાં આવે તો ફર્ઝની સિવાય કોઈ નમાઝ નથી.''

આ હદીષથી સાબિત થયું કે ફજરની તકબીર થઈ જતાં સુન્નતો પઢવી આ હદીષથી તદ્દન વિરૂધ્ધ છે કેમ કે તકબીર થઈ ગયા બાદ કેવળ ફર્ઝ નમાઝ પઢવામાં આવવી જોઈએ.

જવાબ : એના કેટલાક જવાબો છે, એક એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે કેમ કે તમે પણ કહો છો કે ફજરની તકબીર થઈ જતાં પોતાના ઘરમાં અથવા મસ્જિદ સિવાય અન્ય જગાએ સુન્નતો પઢી લે, ભલે જગા મસ્જિદથી એકદમ જોડાયેલી હોય જ્યાં સુધી ઈમામની કિરાઅતનો અવાજ ચાલુ હોય અને જમાઅત ત્યાંથી નજર આવી રહી હોય. તો જે તમે જવાબ આપશો એ જ અમારો જવાબ !

બીજુ એ કે જો કોઈકે ફજરની સુન્નત અથવા અન્ય ફર્ઝ જમાઅતથી પહેલાં શરૂ કરી દીધા હોય અને દરમ્યાનમાં ફજરની જમાઅત ઉભી થઈ જાય તો તમારા પર એ નમાઝને તોડવું વાજિબ નથી. બલ્કે જાઈઝ છે કે એ નમાઝ પૂરી કરીને જમાઅતમાં શરીક થાય. જ્યારે કે આ હદીષમાં કાંઈ ખુલાસો નથી જેથી આ હદીષ મુજમલ (હુકમની સ્પષ્ટતા વિનાની) છે, જેના પર સ્પષ્ટતા વિના અમલ અશકય છે.

ત્રીજુ એ કે આ હદીષ મરફૂઅ સહીહ નથી, સહીહ એ છે કે આ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નુ પોતાનું ફર્માન છે. જેમ કે એ જ જગાએ તહાવી શરીફે ખૂબ જ તેહકીકથી બયાન ફર્માવ્યું. અને અમે પ્રથમ વિભાગમાં સાબિત કરી ચૂકયા છીએ કે ફકીહ સહાબા ફજરની જમાઅતના સમયે ફજરની સુન્નત પઢીને જમાઅતમાં શરીક થતા હતા. જેથી તેમનો અમલ તથા કૌલ હઝરત અબૂ હુરૈરહના કૌલ પર અગ્રિમતા ધરાવી જશે.

ચોથુ એ કે આ હદીષ પર દરેક વ્યકિત અમલ નથી કરી શકતી, કેમ કે સાહિબે તરતીબ જેના પર નમાઝની તરતીબ ફર્ઝ છે જો તેની ઈશા કઝા થઈ ગઈ હોય અને જમાઅત ફજરની ઉભી થઈ જાય તો પ્રથમ ઈશા કઝા કરે પછી જમાઅતમાં શિર્કત કરે, નહીં તો તરતીબ વિરૂધ્ધ થશે.

પાંચમુ એ કે જો આ હદીષ મરફૂઅ દુરુસ્ત હોય તો તેનો અર્થ એ જ થશે કે ફજરની તકબીરના વખતે જમાઅતના સ્થાને એટલે સફની જોડે જ ફજરની

સુન્નત ન પઢે બલ્કે મસ્જિદના ખૂણામાં જમાઅતથી અલગ પઢે જેથી ઉપરોકત ખરાબીઓ લાઝિમ ન આવે. હનફી એ જ કહે છે કે જમાઅતથી જોડે જ ફજરની સુન્નત ન પઢે.

છઠ્ઠુ એ કે બયહકી શરીફમાં આ હદીષ આ પ્રમાણે રિવાયત થયેલી છે :

إِذَا أُقِيمَتِ الصَّلٰوةُ فَلَا صَلٰوةَ إِلَّا الْمَكْتُوبَةُ إِلَّا رَكْعَتَيِ الْفَجْرِ

''જયારે નમાઝની તકબીર કહેવામાં આવે તો ફર્ઝ સિવાય કોઈ નમાઝ જાઈઝ નથી સિવાય ફજરની સુન્નતોના.''

આ સ્થિતિમાં આપનો વાંધો જડથી કપાઈ ગયો. બયહકીની આ રિવાયત જો ઝઈફ પણ હોય તો પણ સહાબાના અમલના કારણે તે કવી થઈ જશે. સહાબાનો અમલ અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા, ત્યાં જુઓ.

સાતમુ એ કે તમારી રજુ કરેલ હદીષનો અર્થ એ છે કે નમાઝની તકબીર બાદ કોઈ નફ્લ જાઈઝ નથી. એટલે એ દુરુસ્ત નથી કે જમાઅત થઈ રહી હોય અને બીજો માણસ તે જગાએ નફ્લો પઢયે જાય. ફજરની સુન્નત એ નફ્લ નથી બલ્કે સુન્નતે મોઅક્કદા છે. આ તાવીલ એટલા માટે છે કે જેથી હદીષોમાં ટકરાવ ન રહે.

વાંધા નં. ૨ : તહાવી શરીફે હઝરત માલિક ઈબ્ને બુહૈનાથી રિવાયત કરી :

قَالَ أُقِيمَتْ صَلٰوةُ الْفَجْرِ فَأَتٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلٰى رَجُلٍ يُصَلِّيْ رَكْعَتَيِ الْفَجْرِ فَقَامَ عَلَيْهِ وَلَاثَ بِهِ النَّاسُ فَقَالَ أَتُصَلِّيْهَا أَرْبَعاً ثَلٰثَ مَرَّاتٍ

''કે એક દિવસ ફજરની તકબીર કહેવામાં આવી તો હુઝૂર એક શખ્સ પાસેથી પસાર થયા જે ફજરની સુન્નતો પઢી રહ્યો હતો તેની પાસે ઉભા થઈ ગયા અને લોકોએ પણ તેને ઘેરી લીધો, ફર્માવ્યું કે શું તું ફજરના ફર્ઝ ચાર પઢે છે ? આવું ત્રણવાર ફર્માવ્યું.''

આ હદીષમાં ફજરની સુન્નતોનો સ્પષ્ટ ઉલ્લેખ થઈ ગયો, જેમાં કોઈ

તાવીલ નથી થઈ શકતી. જાણવા મળ્યું કે ફજરની તકબીરના સમયે ફજરની સુન્નત સખ્ત મના છે.

જવાબ : આ સાહબ માલિક ઈબ્ને બુહૈનાના સાહબઝાદા અબ્દુલ્લાહ હતા અને ત્યાં જ ફજરની સુન્નત પઢતા હતા. આ ખરેખર મકરૂહ છે. એના લીધે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ધમકાવ્યા. જેમ કે એ જ તહાવી શરીફમાં આ હદીષથી થોડે આગળ આ હદીષ વિગતવાર આ પ્રમાણે વર્ણન પામેલી છે :–

عَنْ مُحَمَّدِ ابْنِ عَبْدِالرَّحْمٰنِ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَرَّ بِعَبْدِاللّٰهِ ابْنِ مَالِكِ ابْنِ بُحَيْنَةَ وَهُوَ مُنْتَصِبٌ ثَمَّهَ بَيْنَ يَدَىْ نِدَآءِ الصُّبْحِ فَقَالَ لَا تَجْعَلُوْا هٰذِهِ الصَّلٰوةَ كَصَلٰوةٍ قَبْلَ الظُّهْرِ وَ بَعْدَهَا وَ اجْعَلُوْا بَيْنَهُمَا فَصْلاً

''મુહમ્મદ ઈબ્ને અબ્દુર્રહમાનથી રિવાયત છે કે એક દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અબ્દુલ્લાહ ઈબ્ને માલિક ઈબ્ને બુહૈના પાસેથી પસાર થયા. જો કે તે ત્યાં જ ઉભેલા હતા. ફજરની તકબીરની તદ્દન સામે. તો હુઝૂરે ફર્માવ્યું કે આ ફજરની સુન્નતને ઝોહ્રની પહેલી પાછલી સુન્નતોની જેમ ન બનાવો. ફજરની સુન્નત અને ફજરની ફર્ઝ વચ્ચે અંતર રાખો.''

આ હદીષે તમારી રજુ કરેલ હદીષને તદ્દન સ્પષ્ટ કરી આપી કે જો ફજરની સુન્નત જમાઅતથી દૂર પઢવામાં આવે તો કરાહત વિના જાઈઝ છે. જમાઅત જોડે સુન્નત પઢવી મના છે. એ જ અમે પણ કહીએ છીએ જેથી તમારો વાંધો મુદ્દલે જ ગલત છે.

વાંધા નં. ૩ : ફજરની જમાઅતના સમયે ઈમામની તિલાવતનો અવાજ તે શખ્સના કાને પણ પડશે જેથી એ વખતે ફજરની સુન્નત ન પઢવી જોઈએ. રબ તઆલા ફર્માવે છે કે જ્યારે કુર્આન પઢવામાં આવે તો તેને કાન લગાડીને સાંભળો અને ખામોશ રહો. જેથી ફજરની સુન્નત જમાઅતના સમયે પઢવી કુર્આને કરીમની પણ વિરૂધ્ધ છે.

જવાબ : એના કેટલાક જવાબો છે, **એક** એ કે અમને સખત આશ્ચર્ય છે કે અહીં તો તમે ફજરની સુન્નત એટલા માટે મના ફર્માવો છો કે કુર્આનની

તિલાવતના સમયે ખામોશ રહેવું ફર્ઝ છે, અને તમે પોતે જ ઈમામની પાછળ મુકતદીઓ સૂરએ ફાતિહા પઢવી ફર્ઝ કહો છો ! શું ઈમામ પાછળ કિરાઅત પઢવામાં તમને આ આયત યાદ ન રહી ! બીજુ એ કે આ વાંધો ખૂદ તમારા ઉપર પણ આવે છે કે તમે કહો છો કે મસ્જિદથી તદ્દન જોડાયેલી હોય, જ્યાં કુર્આન પઢવાનો અવાજ પહોંચી રહ્યો હોય.

ત્રીજુ એ કે કુર્આને પાકનું સાંભળવું તથા તિલાવતના સમયે ખામોશ રહેવું ફર્ઝે કિફાયા છે, ફર્ઝે ઐન નથી. મુકતદીઓનું સાંભળવું તથા ખામોશ રહેવું પૂરતુ છે જો ફર્ઝે ઐન હોત તો ખૂબ જ મુશ્કેલી ઉભી થાત. એક માણસની તિલાવત પર જ્યાં સુધી તેનો અવાજ પહોંચતો ત્યાં સુધી ખાવા, વાતચીત તથા દુનિયવી કારોબાર બંધ થઈ જાત. આજે સાયન્સનુ જોર છે, રેડિયો પર કુર્આનની ખામોશ રહેવું ફર્ઝે ઐન હોત તો મુસીબત થઈ જાય. મતલબ કે આ વાંધો તદ્દન નિરર્થક છે.

વાંધા નં. ૪ : ફજરની જમાઅતના સમયે ફજરની સુન્નત પઢવામાં જમાઅતની મુખાલિફત (વિરૂધ્ધતા) છે કે લોકો તો કિયામમાં છે, આ રુકૂઅ સજદામાં છે. લોકો સિજદામાં છે, આ અત્તહિય્યાતમાં ! અને જમાઅતની મુખાલિફત સખ્ત બુરી ચીજ છે.

જવાબ : આ મુખાલિફત ત્યારે થશે જ્યારે કે જમાઅતથી જોડાઈને ફજરની સુન્નતો પઢવામાં આવે.એને અમે પણ સખ્ત મકરૂહ કરીએ છીએ. જો જમાઅતથી દૂર મસ્જિદના ખૂણામાં અથવા અન્ય ભાગમાં પઢે તો મુખાલેફત તદ્દન નથી, બલ્કે જરૂરતના સમયે આ મુખાલેફત પણ જાઈઝ હોય છે. જુઓ જે મુકતદીનું વુઝૂ તૂટી જાય અને તે વુઝૂ કરીને પાછો આવે એ દરમ્યાન બે એક રકાત થઈ ચૂકી તો પોતાની જગાએ પહોંચીને તે શખ્સ પોતાની છૂટી ગયેલી રકાતો પઢશે, પછી જમાઅતની સાથે સામેલ થશે. આ રકાતોને અદા કરવામાં જાહેર છે કે જમાઅતની મુખાલેફત થશે પણ જરૂરતના લીધે જાઈઝ છે. ફજરની સુન્નતો પણ જરૂરી છે. જો જમાઅતથી દૂર રહીને અદા કરી લેવામાં આવે તો કોઈ વાંધો નથી.

નમાઝો ભેગી કરવી મના છે

દરેક મુસલમાન પર લાઝિમ છે કે દરેક નમાઝ તેના સમયમાં પઢે, મુકીમ હોય કે મુસાફિર, બીમાર હોય કે તંદુરસ્ત. પણ ગૈર મુકલ્લિદ વહાબી સફરની હાલતમાં ઝોહર તથા અસ્ર, એ જ પ્રમાણે મગરિબ તથા ઈશા ભેગી કરીને પઢે છે. એટલે કે અસ્રના સમયે ઝોહર તથા અસ્ર મિલાવીને અને ઈશાના સમયે મગરિબ તથા ઈશા અદા કરે છે. તેમનો આ અમલ કુર્આન શરીફની વિરૂધ્ધ છે, અને સહીહ હદીષોની પણ વિરૂધ્ધ છે. અમે આ પ્રકરણના પણ બે વિભાગો કરીએ છીએ. પ્રથમ વિભાગમાં હનફી મઝહબની દલીલો, બીજા વિભાગમાં ગૈર મુકલ્લિદ વહાબીઓના વાંધાઓ જવાબ સહ રજુ કરીએ છીએ.

(પ્રથમ વિભાગ)

★ નમાઝો ભેગી કરવી મના છે ★

દરેક નમાઝ તેના સમયમાં પઢવી ફર્ઝ છે. અને જાણી જોઈને કોઈ નમાઝને તેના સમય બાદ પઢવી ઉઝ્ર વિના સખ્ત ગુનોહ તથા મનાછે. દલીલ જુઓ :

(૧) રબ તઆલા સમયોના બારામાં ઈર્શાદ ફર્માવે છે :–

إِنَّ الصَّلٰوةَ كَانَتْ عَلَى الْمُؤْمِنِيْنَ كِتَاباً مَّوْقُوْتًا

"મુસલમાન પર નમાઝ ફર્ઝ છે તેના સમયમાં."

આ આયતથી જાણવા મળ્યું કે જેવી રીતે નમાઝ ફર્ઝ છે એવી જ રીતે દરેક નમાઝને તેના સમયમાં જ પઢવી ફર્ઝ છે. જેવી રીતે નમાઝને છોડનાર ગુનેહગાર છે એવી જ રીતે વિના શરઈ મજબૂરીએ નમાઝને કસમયે પઢનાર પણ મુજરિમ છે. આ આયતમાં મુકીમ તથા મુસાફિરનો કોઈ ફરક નથી, દરેક મુસલમાનને આ હુકમ છે, ભલે કોઈ પણ હોય.

(૨) રબ તઆલા ફર્માવે છે :

فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ

"ખરાબી છે તે નમાઝીઓના માટે જેઓ પોતાની નમાઝોમાં સુસ્તી કરે છે."

આ આયતમાં નમાઝને સુસ્તી સાથે પઢનારાઓ પર એતાબ (ચેતવણી) છે. વિના ઉઝરે સમય પસાર થયા બાદ નમાઝ પઢવી પણ સુસ્તીમાં સામેલ છે. બલ્કે પ્રથમ કક્ષાની સુસ્તી છે.

(૩) રબ તઆલા ફર્માવે છે :–

اَقِيْمُوا الصَّلٰوةَ وَ اٰتُوا الزَّكٰوةَ وَ ارْكَعُوْا مَعَ الرّٰكِعِيْنَ

"નમાઝ કાયમ કરો, ઝકાત આપો અને રુકૂઅ કરનારાઓની સાથે રુકૂઅ કરો."

કુર્આને કરીમે કયાંય નમાઝ પઢવાનો હુકમ નથી આપ્યો, દરેક જગાએ નમાઝ કાયમ કરવાનો હુકમ આપ્યો છે. નમાઝ કાયમ કરવું એ છે કે હમેશાં નમાઝ પઢે, સહીહ પઢે, સહીહ સમયે પઢે, નમાઝનો સમય પસાર કરીને પઢવું નમાઝ કાયમ કરવાની વિરૂધ્ધ છે.

(૪) રબ તઆલા મુત્તકી (ખુદાથી ડરનારા)ઓની તારીફ આ પ્રમાણે ફર્માવે છે :–

هُدًى لِّلْمُتَّقِيْنَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِالْغَيْبِ وَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَ مِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ

"કુર્આન તે મુત્તકી લોકો માટે હાદી (હિદાયત કરનાર) છે જેઓ ગૈબ પર ઈમાન ધરાવે છે અને નમાઝ કાયમ કરે છે અને અમારા આપેલામાંથી ખર્ચ કરે છે."

જાણવા મળ્યું કે મુત્તકી તથા પરહેઝગાર તે મોમિન છે જેઓ નમાઝ કાયમ કરે એટલે દરેક નમાઝ તેના સમયે પઢે અને હમેશાં પઢે ચાહે મુકીમ હોય કે મુસાફિર, સફરમાં ઝોહર અથવા અસ્રનો સમય કાઢીને નમાઝ પઢવી આ આયતોની તદ્દન વિરૂધ્ધ છે.

હદીષ ૫–૬ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ سَاَلْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَيُّ الْاَعْمَالِ اَحَبُّ اِلَى اللّٰهِ قَالَ الصَّلٰوةُ لِوَقْتِهَا قُلْتُ ثُمَّ اَيٌّ قَالَ بِرُّ الْوَالِدَيْنِ قُلْتُ ثُمَّ اَيٌّ قَالَ الْجِهَادُ فِىْ سَبِيْلِ اللّٰهِ قَالَ حَدَّثَنِىْ بِهِنَّ وَ لَوِ اسْتَزَدْتُّهُ لَزَادَنِىْ

"ફર્માવે છે કે મેં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું કે કયો અમલ સૌથી સારો છો ? ફર્માવ્યું, સમય પર નમાઝ પઢવી. કહ્યું, પછી કયો અમલ ? ફર્માવ્યું, માં બાપની ખિદમત. મેં અર્ઝ કરી, પછી કયો અમલ ? ફર્માવ્યું, અલ્લાહની રાહમાં જેહાદ કરવો. ફર્માવે છે કે હુઝૂરે મને આ વાતો ફર્માવી, જો અધિક પૂછત તો અધિક જણાવત."

હદીષ ૭-૧૦ : અહમદ, અબૂ દાઉદ, માલિક, નિસાઈએ હઝરત ઓબાદ ઈબ્ને સામત رضی اللہ عنہ થી રિવાયત કરી :-

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ خَمْسُ صَلَوَاتٍ اِفْتَرَضَهُنَّ اللّٰهُ تَعَالٰى مَنْ اَحْسَنَ وُضُوْءَهُنَّ وَ صَلَّاهُنَّ لِوَقْتِهِنَّ وَ اَتَمَّ رُكُوْعَهُنَّ وَ خُشُوْعَهُنَّ كَانَ لَهُ عَلَى اللّٰهِ عَهْداً اَنْ يَّغْفِرَلَهُ

"ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે રબ તઆલાએ પાંચ નમાઝો ફર્ઝ કરી. જે મુસલમાન વુઝૂ સારી રીતે કરે અને તેમને તેમના સમયો પર અદા કરે અને તેમનો રુકૂઅ સારી રીતે અને હુઝૂરે કલ્બી (દિલ હાજર રાખી) સાથે પૂરો કરે તો તેના સંબંધે અલ્લાહના કરમ પર વાયદો છે કે તેને બખ્શી આપે."

હદીષ-૧૧ : તિર્મિઝી શરીફે હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ થી રિવાયત કરી :-

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ يَا عَلِيُّ ثَلٰثٌ لَا تُؤَخِّرْهَا الصَّلٰوةُ اِذَا اَتَتْ وَ الْجَنَازَةُ اِذَا حَضَرَتْ وَالْاَيِّمُ اِذَا وَجَدْتَّ لَهَا كُفُواً

"બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હે અલી ! ત્રણ ચીજોમાં મોડુ ન કરો, જ્યારે નમાઝનો સમય આવી જાય અને જનાઝો જ્યારે મૌજૂદ હોય અને છોકરી જ્યારે તમે તેના યોગ્ય પાત્ર પામો."

હદીષ ૧૨ થી ૧૪ : અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદે હઝરત ફરદાથી કરી :

قَالَتْ سُئِلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَيُّ الْاَعْمَالِ اَفْضَلُ قَالَ الصَّلٰوةُ لِاَوَّلِ وَقْتِهَا

"ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછવામાં આવ્યું કે કયો અમલ અફઝલ છે? ફર્માવ્યું, નમાઝ પઢવી તેના શરૂ સમયમાં મુસ્તહબ છે."

હદીષ-૧૫ : મુસ્લિમ શરીફે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ تِلْكَ صَلٰوةُ الْمُنَافِقِ يَجْلِسُ يَرْقِبُ الشَّمْسَ حَتّٰى اِذَا اِصْفَرَّتْ وَ كَانَتْ قَرْنَى الشَّيْطٰنِ قَامَ فَنَقَرَ اَرْبَعاً لَا يَذْكُرُ اللّٰهَ اِلَّا قَلِيْلًا

"ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એ મુનાફિકની નમાઝ છે કે બેઠો બેઠો સૂરજનો ઈન્તેઝાર કરતો રહે ત્યાં સુધી કે જ્યારે પીળો પડી જાય અને સૂરજ શૈતાનની બંને શીંગોની વચ્ચે પહોંચી જાય તો ચાર ચાંચો મારે જેમાં રબનો ઝિક્ર થોડો કરે."

આ પ્રકારની હદીષો અસંખ્ય છે જેમાં નમાઝને તેના ઠીક સમય પર અદા કરવાની તાકીદ કરવામાં આવી છે અને મોડેથી અથવા મકરૂહ સમયમાં નમાઝ પઢવા પર સખ્ત એતાબ ફર્માવવામાં આવ્યો. એને મુનાફિકોનો અમલ ઠરાવવામાં આવ્યો. અહીં નમૂનારૂપ અમુક હદીષો રજુ કરવામાં આવી. અફસોસ છે તે વહાબી ગૈર મુકલ્લિદો પર જેઓ ઘરેથી બે માઈલ જઈને સફરનું બહાનુ બનાવીને નમાઝનો સમય જવા દઈને નમાઝો પઢે છે, ન કોઈ મજબૂરી હોય છે ન કોઈ ઉઝ્ર, કેવળ નફસે અમ્મારાનો ધોકો છે. ખાવા ટાઈમસર ખાય, દુનિયવી સર્વ કામો સમયસર ખૂબ સાંભળીને કરે, પણ નમાઝો બગાડે કે જે ઈસ્લામનો પ્રથમ ફરીઝો અને ઉત્તમ રુકન છે. મુસલમાનોએ જોઈએ કે વહાબીઓની સોહબતથી બચે અને સફર તથા હજરમાં દરેક નમાઝ તેના સમયે પઢે.

બુદ્ધિનો તકાદો પણ એ જ છે કે સફરમાં દરેક નમાઝ તેના સમયે પઢવામાં આવે. ઝોહરને અસ્રના સમયમાં અને મગરિબને ઈશાના સમયમાં ન પઢે. કેમ કે શરીઅતે પાંચેવ નમાઝો અને નમાઝે જુમ્આ, ઈદની નમાઝો,

તહજ્જુદની નમાઝ, ઈશ્રાકની નમાઝ, ચાશતની નમાઝ સૌના અલગ અલગ સમયો નિશ્ચિત કર્યા કે તેમાંથી કોઈ નમાઝને અન્ય નમાઝના સમયમાં અદા નથી કરવામાં આવતી. મુસાફિર સફરની હાલતમાં ફજરની નમાઝ, અસ્રની નમાઝ, ઈશાની નમાઝને તેના સમયમાં જ પઢે છે, એવી જ રીતે જો મુસાફર તહજ્જુદની નમાઝ, ઈશ્રાકની નમાઝ, ચાશતની નમાઝ, જુમ્આની નમાઝ પઢે તો તેના નિશ્ચિત સમયોમાં જ પઢે. તો ઝોહર તથા મગરિબે શું કુસૂર કર્યો કે મુસાફિર સાહબ ઝોહર તો અસ્રના સમયમાં પઢે અને મગરિબ ઈશાના સમયમાં ! જ્યારે કે સફરમાં આ બંને નમાઝોના તે જ સમયો છે જે મુકીમની સ્થિતિમાં છે. બીજુ એ કે વહાબી સાહેબાન બતાવે કે જ્યારે તેઓ સફરમાં ઝોહરને અસ્રના સમયે અને મગરિબને ઈશાના સમયે પઢે છે તો એ ઝોહર તથા મગરિબ અદા થાય છે કે કઝા ? જો કઝા થાય છે તો જાણીબુઝીને નમાઝને કઝા કરવી સખ્ત ગુનોહ છે અને જો અદા થાય છે તો કેવી રીતે ? હઝરત જિબ્રઈલ અમીને જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં નમાઝના સમયો અર્ઝ કર્યા તો એવું નથી ફર્માવ્યું કે મુસાફિરના માટે ઝોહરનો સમય સૂરજ ડૂબતા સુધી અને મગરિબનો સમયે સુબ્હ સાદિક સુધી રહેશે ! બલ્કે દરેક મુસલમાનના માટે ઝોહરનો સમય અસ્રથી પહેલાં ખત્મ થાય છે અને મગરિબનો સમય ઈશાથી પહેલાં ખત્મ થવાનો હુકમ આપ્યો હતો. તો પછી તમે લોકોએ મુસાફરના માટે આ બે નમાઝોમાં આ સમયની ગુંઝાઈશ કયાંથી કાઢી ? અને મુસલમાનોની નમાઝો શાથી ખરાબ કરી ? સારાંશ કે પાંચેવ નમાઝોના સમયો મુસાફિર તથા મુકીમ દરેકના માટે સમાન છે. દરેક મુસલમાન પર ફર્ઝ છે કે હર હાલમાં દરેક નમાઝ તો સમયમાં પઢે.

(બીજો વિભાગ)

★ મુસાફરની નમાઝ વિશે વાંધાઓ તથા જવાબો ★

ગૈર મુકલ્લિદ વહાબી અત્યાર સુધી આ મસ્અલા વિશે જેટલા પ્રમાણમાં વાંધાઓ કરી શકયા છે અમે તે તમામ નકલ કરીને દરેકના જવાબો રજુ કરીએ છીએ. હવે પછી જો કોઈ અન્ય વાંધા અમારી જાણમાં આવ્યા તો ઈન્શાઅલ્લાહ ! નવી આવૃત્તિમાં તેના જવાબ પર રજુ કરી દેવામાં આવશે.

વાંધા નં. ૧ : બુખારી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત છે :

قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَجْمَعُ بَيْنَ صَلٰوةِ الظُّهْرِ وَالْعَصْرِ اِذَا كَانَ عَلٰى ظَهْرِ سَيْرٍ وَّيَجْمَعُ بَيْنَ الْمَغْرِبِ وَالْعِشَاءِ

"ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે સફરમાં હોતા તો ઝહોર તથા અસ્રની નમાઝ ભેગી કરી લેતા અને મગરિબ તથા ઈશા પણ ભેગી કરી લેતા."

આ હદીષ અબૂ દાઉદ, તિર્મિઝી, મોઅત્તા ઈમામ માલિક, મોઅત્તા ઈમામ મુહમ્મદ, તહાવી શરીફ વગેરે ઘણાયે મુહદ્દિષોએ વિવિધ રાવીઓ થકી અમુક ફેરફાર સાથે બયાન ફર્માવી છે. આ જ હદીષ વહાબીઓની અંતિમ કક્ષાની દલીલ છે જેને તેઓ કવી દલીલ સમજે છે.

જવાબ : એના કેટલાક જવાબો છે તે સાંભળો ! એક એ કે અબૂ દાઉદ શરીફ તથા તહાવી શરીફ વગેરેએ તેમને હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી એ પણ રિવાયત કરી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સફર વિના ખૌફ વિના મદીના મુનવ્વરામાં પણ ઝોહર તથા અસ્ર એવી જ રીતે મગરિબ તથા ઈશા ભેગી કરી લેતા હતા. જેમ કે અબૂ દાઉદ શરીફના શબ્દો આ છે :–

قَالَ جَمَعَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ الظُّهْرِ وَ الْعَصْرِ وَ الْمَغْرِبِ وَ الْعِشَاءِ بِالْمَدِيْنَةِ مِنْ غَيْرِ خَوْفٍ وَ لَا مَطَرٍ

"ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ઝોહર તથા અસ્ર તથા મગરિબ તથા ઈશા મદીના મુનવ્વરામાં વરસાદ વિના અને ખૌફ વિના ભેગી કરતા હતા."

બલ્કે એ જ અબૂ દાઉદ તથા તહાવી શરીફે તે જ હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત કરી કે હુઝૂર મદીના મુનવ્વરામાં સાત બલ્કે આઠ નમાઝો ભેગી કરી લેતા હતા. જેમ કે અબૂ દાઉદના શબ્દો આ છે :–

قَالَ جَمَعَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ الظُّهْرِ وَ الْعَصْرِ وَ الْمَغْرِبِ وَ الْعِشَاءِ بِالْمَدِيْنَةِ مِنْ غَيْرِ خَوْفٍ وَ لَا مَطَرٍ

''હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મદીના મુનવ્વરામાં સાત નમાઝો આઠ નમાઝો એકત્ર કરીને અમને પઢાવી ઝોહર, અસર, મગરિબ, ઈશા.''

તો હે વહાબીઓ ! તમે કેવળ સફરમાં કેવળ ઝોહર તથા અસ્ર કે મગરિબ તથા ઈશા પર જ મહેરબાની કેમ કરો છો ? તમારે જોઈએ કે રાફઝીઓની જેમ સાત સાત આઠ આઠ નમાઝો એકદમ પઢી આરામ કર્યા કરો ! સફરમાં પણ અને ઘરમાં પણ ! શું અમુક હદીષોને મનો છો અને અમુકનો ઈન્કાર કરો છો ?

બીજુ એ કે તમારી રજુ કરેલી બુખારીની રિવાયતમાં એ તો ઉલ્લેખ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝહોર તથા અસ્ર જમા કરી પણ એવી સ્પષ્ટતા નથી કે કઈ રીતે ભેગી કરી ? તો શું અસ્રને ઝોહરના સમયે પઢયા કે પછી ઝોહરને અસ્રના સમયમાં ? એવી જ રીતે મગરિબ ઈશાના સમયે પઢયા કે ઈશાને મગરિબના સમયમાં ? માટે આ હદીષ મુજમલ છે અને મુજમલ હદીષ સ્પષ્ટતા વિના અમલને પાત્ર નથી થતી.

ત્રીજુ એ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું સફરમાં એ નમાઝોને એકત્ર કરવું સફરના ઉઝરના કારણે હતું. જરૂરત પર ઘણી મના ચીજો હલાલ થઈ જાય છે, અને અસરના વખતમાં નથી પઢી બલ્કે સફર કરતાં કરતાં ઝોહરના અંતિમ સમયમાં કિયામ ફર્માવ્યો, ઝોહરને આખર સમયમાં અદા કરી, અને અસર શરૂ સમય (અવ્વલ વકત)માં પઢી. દેખાવમાં એવું લાગ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બંને નમાઝો એક સમયમાં અદા ફર્માવી પરંતુ હકીકતમાં દરેક નમાઝ તેના સમયોમાં જ થઈ. ઝોહર કે મગરિબ આપે આખર સમયમાં પઢી અને અસ્ર તથા ઈશા

અવ્વલ સમયમાં પઢી. આ સ્થિતિમાં આ હદીષ ન કુર્આનની વિરૂધ્ધ થઈ ન અન્ય તે હદીષોની વિરૂધ્ધ જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી.

આ રીતે ભેગું કરવું તદ્દન જાઈઝ છે. એ જ અમારો મઝહબ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની તે હદીષ જે તહાવી તથા અબૂ દાઉદે રિવાયત કરી જેમાં ફર્માવવામાં આવ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના મુનવ્વરામાં ખૌફ વિના વરસાદ વિના સાત આઠ નમાઝો ભેગી કરી લેતા હતા. અહીં સાત આઠ નમાઝો મુરાદ નથી બલ્કે સાત આઠ રકાતો મુરાદ છે કે મગરિબ તથા ઈશા જાહેરી સ્થિતિમાં (દેખાવમાં) જમા કરી લીધી, તો ફર્ઝની ભેગી થઈ ગઈ, ત્રણ મગરિબની અને ચાર ઈશાની. અને જો ઝોહર તથા અસ્ર જમા કરી લીધી તો આઠ રકાત ભેગી થઈ ગઈ. ચાર ઝોહરની અને ચાર અસરની. કેમ કે આ જમા દેખાવની રીતે હતી ન કે હકીકતમાં, જેથી સફરમાં પણ જાઈઝ હતી અને ઘરે રહે ત્યારે પણ. જાઈઝ હોવાના બયાનના માટે હદીષ સમજવાના માટે શરઈ બુધ્ધિ તથા હદીષવાળા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم થી ગુલામીનો સંબંધ હોવો જોઈએ જેનાથી વહાબી કોરા છે !

★ આપણે કરેલ અર્થનું સમર્થન ★

નમાઝ જમા કરવાના જે અર્થો અમે રજુ કર્યા એ અર્થોને સમર્થન ઘણી હદીષોથી મળે છે. જેમાંથી અમુક હદીષ નકલ કરવામાં આવે છે તેને સાંભળો અને સબક હાંસલ કરો ! :–

હદીષ–૧ : તિબ્રાનીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી :–

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَجْمَعُ بَيْنَ الْمَغْرِبِ وَ الْعِشَاءِ يُؤَخِّرُ هٰذِهٖ فِيْ اٰخِرِ وَقْتِهَا وَ يُعَجِّلُ هٰذِهٖ فِيْ اَوَّلِ وَقْتِهَا

"બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم મગરિબ તથા ઈશા એ રીતે જમા કરતા હતા કે મગરિબ તેના છેવટ સમયમાં અદા ફર્માવતા હતા અને ઈશા તેના અવ્વલ વકતમાં."

હદીષ–૨ : બુખારી શરીફમાં હઝરત સાલિમથી એક લાંબી હદીષ રિવાયત કરી :–

وَكَانَ عَبْدُاللّٰهِ ابْنُ عُمَرَ يَفْعَلُهٗ اِذَا اَعْجَلَهُ السَّيْرُ وَ يُقِيْمُ الْمَغْرِبَ فَيُصَلِّيْهَا ثَلٰثًا ثُمَّ يُسَلِّمُ ثُمَّ قَلَّمَا يَلْبِثُ حَتّٰى يُقِيْمَ الْعِشَاءَ فَيُصَلِّيْهَا رَكْعَتَيْنِ

''અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જેવો અમલ કરતા હતા કે જ્યારે સફરમાં ઉતાવળ હોય તો મગરિબની તકબીર કહેતા અને ત્રણ રકાત પઢતા પછી સલામ ફેરવતા. પછી થોડીવાર રોકાતા પછી ઈશાની તકબીર કહેતા અને બે રકાત ઈશા પઢતા.''

હદીષ-૩ : નિસાઈ શરીફે હઝરત નાફેઅથી રિવાયત કરી :–

قَالَ اَقْبَلْنَا مَعَ اِبْنِ عُمَرَ مِنْ مَّكَّةَ فَلَمَّا كَانَ تِلْكَ اللَّيْلَةُ سَارَبَنَا حَتّٰى اَمْسَيْنَا فَظَنَّنَا اَنَّهٗ نَسِيَ الصَّلٰوةَ فَقُلْنَا لَهُ الصَّلٰوةُ فَسَكَتَ وَ سَارَ حَتّٰى كَادَ الشَّفَقُ اَنْ يَّغِيْبَ ثُمَّ نَزَلَ فَصَلّٰى وَ غَابَ الشَّفَقُ فَصَلّٰى الْعِشَآءَ ثُمَّ اَقْبَلَ عَلَيْنَا فَقَالَ هٰكَذَا كُنَّا نَصْنَعُ مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا جَدَّ بِهِ السَّيْرُ

''ફર્માવે છે કે અમે મક્કા મોઅઝ્ઝમાથી હઝરત ઈબ્ને ઉમરની સાથે આવ્યા. જ્યારે રાત થઈ તો આપ ચાલતા રહ્યા ત્યાં સુધી કે શામ થઈ ગઈ. અમે સમજ્યા કે હઝરત અબ્દુલ્લાહ નમાઝ ભૂલી ગયા ! અમે તેમને કહ્યું કે નમાઝ પઢી લો ! પણ આપ ચાલતા જ રહ્યા. ત્યાં સુધી સફેદી ડૂબવાને નજીક પહોંચી તો ઉતર્યા અને મગરિબ પઢી, પછી સફેદી ગાયબ થઈ ગઈ તો ઈશાની નમાઝ પઢી. પછી અમારા તરફ ધ્યાનિત થયા અને ફર્માવ્યું કે અમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે પણ આ જ પ્રમાણે કરતા હતા જ્યારે સફરમાં જલ્દી હોતી.''

આ પ્રકારની અસંખ્ય હદીષો જેમાં સ્પષ્ટપણે ઈર્શાદ થયો છે કે સફરમાં અસ્ર તથા ઝોહર અથવા મગરિબ અથવા ઈશા કેવળ દેખાવમાં જમા થતી કે મગરિબ છેવટના સમયમાં પઢવામાં આવતી અને ઈશા તેના શરૂ સમયમાં પઢવામાં આવતી. જો આ હદીષોની વિસ્તૃત ચર્ચા જોવી હોય તો તહાવી શરીફ તથા સહીહુલ બારી વગેરેનો અભ્યાસ કરો. અમે કેવળ ત્રણ હદીષોથી કામ ચલાવ્યું છે. જેથી હનફીઓનો ખુલાસો તદ્દન દુરુસ્ત છે તેનુ સમર્થન કુર્આને

કરીમ પણ કરી રહયું છે. અને અન્ય હદીષો પણ કરી રહેલ છે. વહાબીઓની વાત તદ્દન બતિલ છે, કુર્આને કરીમની પણ વિરૂધ્ધ છે અને હદીષોની પણ વિરૂધ્ધ છે.

હે વહાબીઓ ! જો તમે આ હદીષોના કારણે સફરમાં ખરેખર નમાઝોને ભેગા થઈ જવાનુ માનો છો તો હઝરત ઈબ્ને અબ્બાસની હદીષને આધારે ઘરે હોવાની સ્થિતિમાં સાત બલ્કે આઠ નમાઝો એકદમ પઢી લીધા કરો ! આ હદીષ અમે પ્રથમ વિભાગમાં વર્ણન કરી ચૂકયા છીએ. જ્યારે તમે તે હદીષમાં જાહેરી રીતે ભેગા થવું મુરાદ લો છો તો અહીં હકીકી જમા કેમ મુરાદ નથી લેતા ? શું અમુક હદીષો પર ઈમાન છે અને અમુકનો ઈન્કાર !

વાંધા નં. ૨ : બુખારી શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે જેના અમુક શબ્દો આ પ્રમાણે છે :–

قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا اِرْتَحَلَ قَبْلَ اَنْ تَزِيْغَ الشَّمْسُ اَخَّرَ الظُّهْرَ اِلٰى وَقْتِ الْعَصْرِ ثُمَّ نَزَلَ فَجَمَعَ بَيْنَهُمَا

''ફર્માવે છે કે જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સૂરજ ઢળવાથી પહેલાં સફર કરતા તો ઝોહરને અસરના સમય સુધી લંબાવતા પછી બંને નમાઝો ભેગી કરતા.''

આ હદીષમાં સાફ રીતે જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઝોહરને અસરના સમયમાં પઢતા હતા જેમ કે **ઈલલ્અસ્ર**થી જાહેર છે.

જવાબ : તમે આ હદીષનો તર્જુમો ખોટો કર્યો. **ઈલા**થી જણાય છે કે અસ્રના સમય અગાઉ ઉતરતા હતા. ગાયત મુગય્યાથી ખારિજ છે ન કે દાખિલ. અસ્ર સુધી લંબાવવાનો અર્થ એ છે કે અસ્રની નજીક સુધી લંબાવતા હતા. જેવું કે વાંધા–૧ના જવાબની હદીષથી જાણવા મળ્યું. જેથી જાહેરી રીતે ભેગા થવું મુરાદ છે ન કે હકીકી જમા કરવું.

વાંધા નં. ૩ : તહાવી શરીફે હઝરત નાફેઅથી રિવાયત કરી જેના અમુક શબ્દો આ છે :–

حَتّٰى اِذَا كَانَ عِنْدَ غَيْبُوْبَةِ الشَّفَقِ نَزَلَ فَجَمَعَ بَيْنَهُمَا وَ قَالَ رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ هٰكَذَا اِذَا جَدَّ بِهِ السَّيْرُ

"હઝરત ઈબ્ને ઉમર ચાલતા રહયા ત્યાં સુધી કે સુફૈદી ગાયબ થવાનો સમય આવી ગયો તો ઉતર્યા પછી મગરિબ તથા ઈશા ભેગી કરી અને ફર્માવ્યું કે મેં હુઝૂરને આવું જ કરતા જોયા છે, જ્યારે સફરમાં જલ્દી હોય. આ હદીષમાં સ્પષ્ટપણે લખ્યું કે હઝરત અબ્દુલ્લા ઈબ્ને ઉમર સફૈદી ગાયબ થવાના સમયે ઉતરતા તો યકીનન આપે મગરિબ ઈશાના સમયે જ પઢી.

જવાબ : આ પણ તમારી ગલત ફહમીનું જ પરિણામ છે. તેનો અર્થ એવો કયારે છે કે સફૈદી ગાયબ થઈ ગયા પછી ઉતરતા ? અર્થ એકદમ સ્પષ્ટ છે કે સફેદી જ્યારે ગાયબ થવા લાગી એટલે ગાયબ થવાની નિકટ થઈ ત્યારે ઉતર્યા. મગરિબની નમાઝ પઢતાં જ સફેદી ગાયબ થઈ ગઈ, અને ઈશાનો સમય આવી ગયો તો ઈશા પઢી લીધી. અમે પ્રથમ વાંધાના જવાબમાં તે જ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો અમલ શરીફ વર્ણન કરી ચૂકયા છીએ જેમાં સ્પષ્ટતા છે કે આપે મગરિબ અંતિમ સમયમાં પઢી અને ઈશા શરૂ સમયમાં પઢી. તે હદીષ તમારી આ હદીષની તફસીર છે.

વાંધા નં. ૪ : જો દરેક નમાઝ તેના સમયમાં જ પઢવી જોઈએ અને સફર વગેરે ઉઝરની હાલતમાં પણ એક નમાઝ બીજી નમાઝના સમયમાં પઢવી ગુનો છે તો હાજી લોકો અરફાતમાં નવમી ઝીલહજ્જની રાત્રે મુઝદલ્ફામાં મગરિબ તથા ઈશા મિલાવીને ઈશાના સમયમાં કેમ પઢે છે ? હનફી પણ ત્યાં નમાઝોને જમા કરવાને જાઈઝ કરે છે. જ્યારે હજ્જના મોકા પર ઝોહર તથા અસ્રની નમાઝ એ જ પ્રમાણે મગરિબ તથા ઈશા હકીકી રીતે એક જ સમયમાં ભેગી થઈ ગઈ. તો સફરમાં ભેગી થઈ જાય શું વાંધો છે ? હે હનફીઓ ! તમે કુર્આની આયત અને આ હદીષો હજ્જમાં કેમ ભૂલી જાવ છો ?! (આ વહાબીઓનો અંતિમકક્ષાનો વાંધો છે.)

જવાબ : જનાબ ! ન તો અરફામાં ઝોહર અસ્રના સમયે અદા થાય છે ને

મુઝદલફામાં મગરિબ ઈશાના સમયમાં. બલ્કે ત્યાં હાજીઓ માટે અસ્રનો સમય ઝોહરની તરફ અને મગરિબનો સમય ઈશાની તરફ ફેરવાઈ જાય છે. એટલે કે ત્યાં મગરિબનો સમય સફેદી ગાયબ થયા પછી શરૂ થાય છે. અને અસ્રનો સમય ઝહોર પઢતાં જ શરૂ થઈ જાય છે. જેથી ત્યાં નમાઝ પોતાના સમયથી હટી નથી, બલ્કે નમાઝના સમયો હટી ગયા. નમાઝો તેના સમયોમાં જ થઈ. અને તમે સફરમાં નમાઝોને તેના સમયોથી હટાવો છો. સમય હટી જવામાં અને નમાઝ હટી જવામાં મહાન ફરક છે.

એ ખુલ્લી દલીલ છે કે જો ઈમામ અરફામાં ઝોહર પોતાના હમેશાંના સમયમાં પઢે અને અસર પોતાના હમેશાંના સમયમાં પઢે તો સખત ગુનેહગાર થશે ! જાણે તેણે અસર કઝા કરી દીધી અને જો તે દિવસે મગરિબની નમાઝ તેના હમેશાંના સમયમાં પઢી અને ઈશા તેના રોજના નિયમ પ્રમાણેના સમયમાં, તો મગરિબની નમાઝ થશે જ નહીં, અને આવુ કરનાર સખત ગુનેહગાર થશે, જાણે તેણે મગરિબની નમાઝ તેના સમયથી પહેલાં પઢી લીધી. જાણવા મળ્યું કે નમાઝોમાં સમયો જ બદલી નાખવામાં આવ્યા છે.

પરંતુ જો મુસાફર ઝોહર તથા અસર ભેગી ન કરે બલ્કે ઝોહર તેના સમયમાં પઢે અને અસર તેના સમયમાં, એ જ પ્રમાણે મગરિબ તેના સમયમાં અને ઈશા તેના સમયમાં તો તમે પણ તેને ગુનેહગાર નથી માનતા, કરાહત વિના જાઈઝ કહો છો. જાણવા મળ્યું કે તમારી નજીક પણ સફરમાં નમાઝનો સમય નથી બદલાતો, બલ્કે નમાઝ બીજા સમયમાં અદા કરવામાં આવે છે. જેથી હાજીઓની અરફા તથા મુઝદલ્ફાવાળી નમાઝો ન કુર્આની આયતની વિરૂધ્ધ છે ન હદીષોની વિરૂધ્ધ, ત્યાં દરેક નમાઝ તેના સમયમાં અદા થઈ છે. અને મુસાફિરની હકીકી તૌર પર નમાઝોને એકત્ર કરવું કુર્આને કરીમની પણ વિરૂધ્ધ છે અને હદીષોની પણ વિરૂધ્ધ છે.

હજ્જમાં નમાઝના સમયોમાં ફેરફાર મશ્હૂર હદીષ બલ્કે જાહેરી મુતવાતિર હદીષથી સાબિત છે. એના પર એ જ પ્રમાણે અમલ કરવો વાજિબ છે જેવી રીતે કુર્આની આયતો પર અમલ જરૂરી છે.

અહીં અમે નમાઝોના એકત્રીકરણનો મસ્અલો સંક્ષિપ્તમાં રજુ કર્યો છે,

જો તેની સંપૂર્ણ તેહકીક જોવી હોય તો અમારો 'હાશિયાએ બુખારી નઈમુલ્ બારી'માં આજ ચર્ચાનો અભ્યાસ કરો. ઈન્શાઅલ્લાહ ! ત્યાં મજા આવી જશે.

વાંચકોને આ ચર્ચાઓથી ખયાલ આવી ગયો હશે કે હનફી મઝહબ બફદ્લિહી તઆલા અતિ મજબૂત, દલીલપૂર્ણ તથા ખૂબ જ કવી અને કુર્આન મજીદ તથા હદીષોના બિલ્કુલ મુતાબિક છે.

વહાબી લગત ફહમીમાં સંડોવાયેલ છે. તેમના ધર્મનો પાયો કેવળ ગલતીઓ પર સ્થાપિત થયો છે. રબ તઆલા આપણને આજ હનફી મઝહબ પર કાયમ રાખે.

આપણો દીન હનફી છે, મઝહબ હનફી એટલે મિલ્લત ઈબ્રાહીમી અને મઝહબ નોઅ્માની.

સફર (મુસાફરી)નું અંતર ત્રણ દિવસનો માર્ગ છે

ઈસ્લામી શરીઅતે મુસાફિરને એ સહૂલત આપી છે કે તેના પર ચાર રકાત ફર્ઝમાં ચાર રકાતને બદલે બે વાજિબ ફર્માવી છે. પરંતુ વહાબીઓ ગૈર મુકલ્લિદોએ કેવળ નફસાની ખ્વાહિશથી નમાઝમાં ઘટાડો કરવાને માટે સફરને એવી સામાન્ય કરી દીધી કે ખુદાની પનાહ ! ઘરેથી ખેતર જોવા ગયા ને મુસાફિર બની ગયા ! એકાદ માઈલ હરવા ફરવા શહેરની બહાર નીકળ્યા કે મુસાફિર બની બેઠા અને નમાઝમાં કમી કરી નાખી ! શરીઅતની રૂએ (શરઅન્) સફરનું અંતર ત્રણ દિવસનો માર્ગ છે કે જ્યારે માણસ પોતાના વતનથી ત્રણ દિવસના અંતરે જવાનો ઈરાદો કરીને નીકળે તો તે મુસાફર છે. તેના પર કેવળ ચાર રકાતવાળી ફર્ઝોમાં કસર વાજિબ છે, એટલે કે ચારને બદલે બે પઢશે. આ ત્રણ દિવસનો માર્ગ આમ માર્ગો પર લગભગ ૫૭ માઈલ અંગ્રેજી ૯૨ કિ.મી. બને છે, દરેક મંઝિલ ૧૯ માઈલની, કુલ ત્રણ મંઝિલો થાય. અને રેતાળ તથા પહાડી રસ્તા એનાથી ઓછામાં બનશે. સારાંશ કે ત્રણ દિવસના માર્ગનો એ'તબાર છે.

★ હાજીઓને જરૂરી સૂચનો ★

વર્તમાન કાળમાં હરમૈન તૈયેબૈન પર નજદીઓની હુકૂમત છે. નજદી ઈમામ હજ્જના સમયમાં મક્કા મોઅઝ્ઝમાથી મિના તથા અરફાતમાં આવીને કસર નમાઝ અદા કરે છે. જ્યારે કે મિનાનું અંતર મક્કા મોઅઝ્ઝમાથી કેવળ ત્રણ માઈલ છે અને અરફાતનું અંતર નવ માઈલ. **હનફી મઝહબની રૂએ તે ઈમામ કસ્ર નથી કરી શકતો, એટલા માટે હનફી લોકો તેની પાછળ નમાઝ હરગિઝ ન પઢે, નહીં તો નમાઝ થશે જ નહીં.**

શાફઈ કે હંબલી ઈમામે આવા પ્રસંગે એવું કરવું જોઈએ કે ઝીલ હજ્જની આઠ તારીખે મક્કા મોઅઝ્ઝમાથી ૫૭ માઈલે (૯૨ કિ.મી.) દૂર નીકળી જાય. પછી પાછા વળતાં મિના તથા અરફાતમાં કસ્ર પઢે જેથી હનફીઓની નમાઝો પણ તેની પાછળ દુરુસ્ત થાય. હાજીઓએ ખૂબ જ કાળજી રાખવી જોઈએ. આ પ્રકરણના પણ બે વિભાગ કરીએ છીએ, પ્રથમ વિભાગમાં સફરના એ અંતરની સાબિતી અને બીજા ભાગમાં આ મસ્અલા પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ સફરનું અંતર ત્રણ દિવસ હોવાની સાબિતી ★

સફરનું અંતર ઓછામાં ઓછુ ત્રણ દિવસનો માર્ગ છે. એનાથી ઓછુ અંતર શરીઅતની રૂએ સફર નથી, ન એવા શખ્સ પર સફરના હુકમો લાગુ થશે. દલીલો નીચે પ્રમાણે છે :–

(૧) હદીષ : બુખારી શરીફે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત કરી :

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تُسَافِرُ الْمَرْأَةُ ثَلٰثَةَ اَيَّامٍ اِلَّا مَعَ ذِىْ رَحْمٍ

"બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે સ્ત્રી ત્રણ દિવસની મુસાફરી નજીકના સગા સિવાય ન કરે."

આ હદીષથી જાણવા મળ્યું કે સ્ત્રીએ એકલા સફર કરવી હરામ છે. **ઝી રહમ** સગા (પેટની ઔલાદ)ની સાથે સફર (મુસાફરી) કરી શકે છે. સફરની મુદ્દત હુઝૂરે ત્રણ દિવસ ફર્માવી. જાણવા મળ્યું કે સફરનું અંતર ત્રણ દિવસ છે.

(૨) હદીષ : મુસ્લિમ શરીફે હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ جَعَلَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ثَلٰثَةَ اَيَّامٍ وَلَيَالِيَهُنَّ لِلْمُسَافِرِ وَ يَوْماً وَ لَيْلَةً لِلْمُقِيْمِ

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મોઝાંઓ પર મસહની મુદ્દત મુસાફરના માટે ત્રણ દિવસ ત્રણ રાતોની નિશ્ચિત ઠરાવી અને મુકીમના માટે એક દિવસ."

હદીષ નં. ૩ થી ૯ : અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને હબ્બાન, તહાવી, અબૂ દાઉદ તયાસી, તિબ્રાની, તિર્મિઝીએ ખુઝૈમા ઈબ્ને ષાબિત અન્સારી વગેરે رَضِیَ اللّٰہُ عَنْہُمْ થી રિવાયત કરી :

عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ قَالَ فِىْ الْمَسْحِ عَلَى الْخُفَّيْنِ لِلْمُقِيْمِ يَوْمٌ وَ لَيْلَةٌ وَ لِلْمُسَافِرِ ثَلٰثَةُ اَيَّامٍ وَ لَيَالِيْهِنَّ

"તેઓ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરે છે કે હુઝૂરે ફર્માવ્યું કે મુકીમ (સ્થાનિક વ્યકિત)ના માટે મોઝાંઓ પર મસહની મુદ્દત એક દિવસ એક રાત છે અને મુસાફિરના માટે ત્રણ દિવસ ત્રણ રાતો છે."

હદીષ ૧૦ થી ૧૨ : અષરમે પોતાની સુનનમાં, ઈબ્ને ખુઝૈમા દારકુત્નીએ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ થી રિવાયત કરી :–

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ رَخَّصَ لِلْمُسَافِرِ ثَلٰثَةَ اَيَّامٍ وَ لَيَالِيَهُنَّ وَ لِلْمُقِيْمِ يَوْماً وَ لَيْلَةً اِذَا تَطَهَّرَ فَلَبِسَ خُفَّيْهِ اَنْ يَّمْسَحَ عَلَيْهِمَا وَقَالَ الْخَطَابِىُ هُوَ صَحِيْحُ الْاِسْنَادِ (مشكوة)

"તેઓ રિવાયત કરે છે, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી કે હુઝૂરે મુસાફરના માટે ત્રણ દિવસ ત્રણ રાત સુધી મસહની ઈજાઝત આપી અને મુકીમના માટે એક દિવસ અને એક રાત જ્યારે વુઝૂ કરીને મોઝા પહેર્યા હોય. ખતાબી કહે છે કે આ હદીષ સહીહુલ અસ્નાદ છે." (મિશ્કાત)

હદીષ નં. ૧૩ થી ૧૫ : તિર્મિઝી, નિસાઈએ હઝરત સફવાન ઈબ્ને એસાલથી રિવાયત છે :–

قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَاْمُرُنَا اِذَا كُنَّا سَفَراً اَنْ لَانَنْزِعَ خِفَافَنَا ثَلٰثَةَ اَيَّامٍ وَلَيَالِيْهُنَّ الخ (مشكوة)

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અમને હુકમ આપતા હતા કે જ્યારે અમે મુસાફિર હોઈએ તો પોતાના મોઝા ત્રણ દિવસ ત્રણ રાત ન ઉતારીએ." (મિશ્કાત)

આ મુબારક હદીષોથી જાણવા મળ્યું કે દરેક મુસાફરને ત્રણ દિવસ મોઝા પર મસહ કરવાની ઈજાઝત છે. કોઈ મુસાફર આ ઈજાઝતથી અલગ નથી.

જો ત્રણ દિવસથી ઓછું અંતર પણ સફર બની જાય તો આ ઈજાઝતથી ઘણા બધા મુસાફર ફાયદો ઉઠાવી શકત ? દા.ત. જો વહાબી સાહબ પોતાના ખેતર સૈર કરવા એક માઈલના ફાસલા પર જઈને મુસાફર બની જાય તો ત્રણ દિવસ મસહ કરીને બતાવે. એવી જ રીતે જે માણસ એક દિવસ ચાલીને ઘરે પહોંચી જાય તે આ ઈજાઝતથી કેવી રીતે ફાયદો ઉઠાવશે. જેથી ત્રણ દિવસથી ઓછામાં સફર (મુસાફર) બની શકતો જ નથી, નહીં તો મોઝાઓ પર મસહની આ હદીષો સામાન્યતઃ અમલને પાત્ર રહેશે નહીં. આ દલીલ પર સારી રીતે વિચાર કરી લેવામાં આવે.

હદીષ નં. ૧૬ : ઈમામ મુહમ્મદે અષારમાં હઝરત અલી ઈબ્ને રબીઆ વાલબીથી રિવાયત કરી :–

قَالَ سَاَلْتُ عَبْدَاللّٰهِ اِبْنَ عُمَرَ اِلٰى كَمْ تُقْصَرُ الصَّلٰوةُ فَقَالَ اَتَعْرِفُ السُّوَيْدَاءَ قُلْتُ لَا وَ لٰكِنِّىْ قَدْ سَمِعْتُ بِهَا قَالَ هِىَ ثَلٰثُ لَيَالٍ قَوَاصِدَ فَاِذَا خَرَجْنَا اِلَيْهَا قَصَرْنَا الصَّلٰوةَ

"ફર્માવે છે કે મેં સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી પૂછયું કે કેટલા અંતરે નમાઝ કસ્ર થઈ શકે છે ? તો આપે ફર્માવ્યું કે શું તમે મકામે સોઈયાઅ્ જોયું છે ? મેં કહયું, જોયું તો નથી, સાંભળ્યું છે. ફર્માવ્યું, અહીંથી ત્રણ રાતના ફાસલા પર (કાસિદની ગતિએ) છે. આપણે જયારે ત્યાં સુધી જઈએ તો કસર કરી શકીએ છીએ."

હદીષ નં. ૧૭ : દારકુત્નીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી :–

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ يَا اَهْلَ مَكَّةَ لَا تَقْصُرُوْ الصَّلٰوةَ فِىْ اَدْنٰى مِنْ اَرْبَعَةِ بُرُدٍ مِنْ مَّكَّةَ اِلٰى عُسْفَانَ

"બેશક ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મક્કાવાળાઓ ! ચાર બુરીદથી ઓછા સફરમાં નમાઝ કસર ન કરશો. આ અંતર મક્કા મુઅઝ્ઝમાથી અસ્ફાનનું છે."

હદીષ નં. ૧૮ : મોઅત્તા ઈમામ માલિકમાં હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત છે :–

اَنَّهٗ كَانَ يَقْصِرُ الصَّلٰوةَ فِىْ مِثْلِ مَابَيْنَ مَكَّةَ وَ الطَّائِفِ وَ فِىْ مِثْلِ مَا بَيْنَ مَكَّةَ وَ عُسْفَانَ وَ فِىْ مِثْلِ مَابَيْنَ مَكَّةَ وَجِدَّةَ قَالَ يَحْيٰى قَالَ مَالِكٌ وَ ذَالِكَ اَرْبَعَةُ بُرُدٍ

"કે આપ નમાઝ કસ્ર કરતા હતા મક્કા અને તાઈફ અને મક્કા અસ્ફાન અને મક્કા અને જિદ્દાહની બરાબર ફાસલામાં. યહયા ફર્માવે છે કે ઈમામ માલિકે ફર્માવ્યું, આ કાફલો ચાર બુરીદ હતો."

હદીષ નં. ૧૯ : ઈમામ શાફઈએ સહીહ સનદો સાથે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِىَ اللّٰهُ عَنْهُمَا થી રિવાયત કરી :–

اَنَّهٗ سُئِلَ أَتُقْصَرُ الصَّلٰوةُ اِلٰى عَرَفَةَ قَالَ لَا وَلٰكِنْ اِلٰى عُسْفَانَ وَ اِلٰى جِدَّةَ وَ اِلَى الطَّائِفِ رَوَاهُ الْاِمَامُ الشَّافِعِىُّ وَ قَالَ اِسْنَادُهٗ صَحِيْحٌ

"કે હઝરત ઈબ્ને અબ્બાસથી સવાલ કરવામાં આવ્યો કે શું અરફાત સુધી જવામાં નમાઝ કસ્ર કરવામાં આવશે ? ફર્માવ્યું : નહીં ! પણ કસ્ર કરવામાં આવશે અસ્ફાન કે જિદ્દા કે તાઈફ સુધી. એને ઈમામ શાફઈએ નકલ ફર્માવી અને ફર્માવ્યું કે તેની સનદો સહીહ છે."

હદીષ નં. ૨૦ : ઈમામ મુહમ્મદે મોઅત્તા શરીફમાં હઝરત નાફેઅથી રિવાયત કરી :–

اَنَّهٗ كَانَ يُسَافِرُ مَعَ اِبْنِ عُمَرَ الْبَرِيْدَ فَلَا يَقْصِرُ الصَّلٰوةَ

"કે આપ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની સાથે એક બુરીદ સફર કરતા હતા તો કસ્ર ન કરતા હતા."

યાદ રાખશો કે ચાર બુરીદ અંગ્રેજી માઈલના હિસાબે લગભગ ૫૭ માઈલ (૯૨ કિ.મી.) થાય છે. એટલે કે ૩૬ કોસ ત્રણ મંઝિલો. આ થોડીક હદીષો નમૂના રૂપે રજુ કરવામાં આવી, નહીં તો એના વિશે ઘણી હદીષો આવેલી છે. જેને શોખ હોય તે સહીહુલ બિહારી શરીફનો અભ્યાસ કરે. આ સર્વ હદીષોથી જાણવા મળ્યું કે કેવળ શહેરથી નીકળી જવું સફર નથી, નહીં તો તેના પર સફરના હુકમો લાગુ થાય. સફરના માટે ચાર બુરીદ અંતર એટલે કે ત્રણ મંઝિલો જોઈએ. સહાબાએ કિરામનો એના પર અમલ હતો.

બુદ્ધિનો તકાદો પણ એ જ છે કે કેવળ શહેરથી નીકળી જવું સફર ન ગણાશે, કેમ કે શહેરની આસપાસની જમીન શહરની ફના (અંત) કહેવાય છે જેનાથી શહેરી જરૂરતો પૂર્ણ થાય છે જેમ કે કબ્રસ્તાન, ઈદગાહ, ગોચર છે, ઘોડા દોડનાં મેદાન. અહીં પહોંચી જવું શહેરમાં પહોંચી જવું ગણાય છે. કોઈ શખ્સ એ જગાએ હરવા ફરવા માટે જઈને પોતાને મુસાફર નથી સમજતો. તેમજ જો તેના જેવા અંતરને સફર કહેવામાં આવે તો જોઈએ કે કોઈ સ્ત્રી મેહરમ વિના તદ્દન શહેરથી બહાર ન જઈ શકે કેમ કે સ્ત્રીએ વિના મેહરમે સફર હરામ છે. તેમજ ઈસ્લામી કાનૂનથી છે કે મુસાફર ત્રણ દિવસ ત્રણ રાત મોઝાઓ પર મસહ કરી શકે છે. આ કાનૂન દરેક મુસાફર માટે સામાન્ય થઈ શકશે. જેમ કે અમે પ્રથમ જણાવી ચૂકયા છીએ. તો જોઈએ કે સફરની કોઈ કમસે કમ હદ નિશ્ચિત હોવી જોઈએ જે અકલે શરઈ પણ સફર માને અને જેનાથી આ ઈસ્લામી કાનૂન પણ દરેક મુસલમાન પર લાગુ થાય તે હદ ત્રણ દિવસની જ છે.

તેમજ ત્રણ દિવસના અંતરનુ સફર હોવું તો યકીન છે એનાથી કમ અંતરનુ સફર હોવું શંકાસ્પદ છે. નમાઝની ચાર રકાતો યકીનથી સાબિત છે તો યકીની ચીજને શંકાસ્પદ ચીજથી નથી છોડી શકાતી. યકીનને યકીન જ દૂર કરી શકે છે.

(બીજો વિભાગ)

★ મુસાફર વિશે મસ્અલા પર વાંધાઓ તથા જવાબો ★

આ મસ્અલા પર વહાબીઓને કેવળ એક જ હદીષ મળી શકી છે જે વિવિધ હદીષની કિતાબોમાં વિવિધ રાવીઓથી નકલ થયેલ છે. જેમ કે મુસ્લિમ તથા બુખારીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَلَّى الظُّهْرَ بِالْمَدِيْنَةِ اَرْبَعاً وَ صَلّٰى بِذِىُ الْحُلَيْفَةِ رَكْعَتَيْنِ

"કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝોહરની નમાઝ મદીના મુનવ્વરામાં ચાર રકાત પઢી. અને ઝીલ હલીફામાં અસ્રની નમાઝ બે રકાતો અદા ફર્માવી."

જુઓ ! ઝુલહલીફા મદીના મુનવ્વરાથી કેવળ ૩ કિ.મી. ના ફાસલા પર છે જેને આજકાલ બીરે અલી કહેવામાં આવે છે. આજ મદીનાવાસીઓ માટે હજનો મીકાત છે. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મદીનાથી બહાર તશરીફ લઈ જતા હતા તો કેવળ ત્રણ માઈલના અંતરે પહોંચીને કસ્ર કરતા હતા.

જવાબ : આ હદીષમાં કેવળ હરવા ફરવા માટે ઝુલહીફા સુધી પહોંચવાનો ઉલ્લેખ નથી. બલ્કે અહીં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો જુમ્અતુલ વિદાઅ (રમઝાનની છેલ્લી જુમ્આ)નો પ્રસંગ બયાન થઈ રહયો છે કે સરકાર હજના ઈરાદાથી મદીના મુનવ્વરાથી રવાના થયા, ઝુલહલીફા પહોંચતાં અસ્રનો સમય આવી ગયો, તો કેમ કે આપ આગળ જઈ રહ્યા હતા જેથી અહીં કસ્ર કરી. એટલા માટે અહીં ફર્માવવામાં આવ્યું, **સલ્લઝ્ઝહ્ર** "એક આ પ્રસંગ બન્યો." **કાન યસલ્લા** ન ફર્માવ્યું જેનાથી એ થાત કે "આપ હમેશાં કર્યા કરતા હતા." આ હદીષની તફસીર છે જે મોઅત્તા ઈમામ માલિક અને મોઅત્તા ઈમામ મુહમ્મદમાં હઝરત નાફેઅથી રિવાયત કરી :

اَنَّ عَبْدَاللّٰهِ ابْنَ عُمَرَ كَانَ اِذَا خَرَجَ حَاجًّا اَوْ مُعْتَمِرًا قَصَرَالصَّلٰوةَ بِذِىْ الْحُلَيْفَةِ

"કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર જ્યારે હજ કે ઉમરા કરવા માટે મદીના મુનવ્વરા રવાના થતા તો ઝુલહલીફા પહોંચીને કસ્ર પઢતા હતા."

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો આ અમલ શરીફ તમારી રજુ કરેલ હદીષની તફસીર છે. એનાથી ફિકહી મસઅલો એ જાણવા મળ્યો કે જે શખ્સ સફરના ઈરાદાથી પોતાના વતનથી રવાના થઈ જાય તો આબાદીથી નીકળતાં જ નમાઝ કસ્ર પઢશે અને પાછા વળતાં આબાદીમાં દાખલ થતાં તે મુકીમ બનશે. આ હદીષ બિલકુલ અમારા માફકની છે.

વાંધા નં. ૨ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَحِلُّ لِاِمْرَأَةٍ تُؤْمِنُ بِاللّٰهِ وَ

"ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જે સ્ત્રી અલ્લાહ તઆલા અને કિયામત પર

ઈમાન રાખતી હોય તેને એ હલાલ નથી કે એક દિવસ તથા રાતની સફર મહરમ વિના કરે.''

الْيَوْمِ الْآخِرِ اَنْ تُسَافِرَ مَسِيْرَةَ يَوْمٍ وَ لَيْلَةٍ لَيْسَ مَعَهَا حُرْمَةٌ

આ હદીષથી જાણવા મળ્યું કે એક દિવસ તથા રાતનું અંતર કાપવું સફર છે. કેમ કે તેને હુઝૂરે સફર ફર્માવ્યું અને તેના પર સફરના હુકમો લાગુ કર્યા કે સ્ત્રીને વિના મેહરમ એટલે દૂર જવું હરામ ફર્માવી દીધું. જાણવા મળ્યું કે સફરના માટે ત્રણ દિવસનું અંતર મહરમ જરૂરી નથી એક દિવસનું પણ થઈ જાય છે.

જવાબ : તેના બે જવાબો છે, એક એ કે તમારો મઝહબ આ હદીષથી પણ સાબિત નથી થતો. તમારો મઝહબ તો એ છે કે શહેરથી માઈલ બે માઈલ સૈર કરવા (હરવા ફરવા) માટે જવું પણ સફર છે. અને આ હદીષમાં એક દિવસ તથા એક રાતના અંતરની પાબંદી છે. જેથી આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે. બીજુ એ કે અમે પ્રથમ વિભાગમાં ત્રણ દિવસની રિવાયત આ જ બુખારી શરીફની પેશ કરી ચૂકયા છીએ. આપણને બે રિવાયતો મળી ત્રણ દિવસ અને એક દિવસ વાળી. જો એક દિવસની હદીષ પહેલી હોય અને ત્રણ દિવસની હદીષ બાદવાળી તો એક દિવસવાળી હદીષ મન્સૂખ છે અને જો ત્રણ દિવસવાળી હદીષ પહેલી છે, એક દિવસવાળી હદીષ પછીની છે તો ત્રણ દિવસવાળી હદીષ એક દિવસવાળી હદીષથી મન્સૂખ નથી થઈ શકતી. કેમ કે ત્રણ દિવસમાં એક દિવસ પણ આવી જાય છે અને એક દિવસની મુસાફરી પર સ્ત્રીએ એકલા સફર કરવી હરામ છે તો ત્રણ દિવસની સફરમાં પણ હરામ થશે. જેથી ત્રણ દિવસની રિવાયત ગમે તેમ પણ અમલને પાત્ર છે અને એકવાળી હદીષ શંકાસ્પદ છે. એટલા માટે એક દિવસવાળી હદીષ અમલને પાત્ર નથી. ત્રણ દિવસવાળી અમલને પાત્ર છે કેમ કે હુર્મત શકથી સાબિત નથી થતી. સારાંશ, સફરની મુદત ત્રણ દિવસનું અંતર જ થઈ શકે છે.

વાંધા નં. ૩ : આજકાલ મોટર અને રેલ્વે વગેરેથી ત્રણ દિવસની સફર એક કલાકમાં કાપવામાં આવે છે તો બતાવો મોઝા પર મસહની મુદત ત્રણ દિવસમાં અહીં મુસાફર કેવી રીતે પૂરી કરશે ? તમારા કથન પર પણ આ હદીષ સામાન્યતઃ અમલને પાત્ર થશે નહીં.

જવાબ : આ વાંધો તદ્દન નિરર્થક છે. એક કાનૂનના પોતાની ખામી કે કાનૂન ખૂદ દરેક જગાએ લાગુ ન થઈ શકે. એ કાનૂનની ખામી છે. એક છે કોઈ કારણસર કાનૂનનું લાગુ ન થવું. આ કાનૂનની પોતાની ખામી નથી. શરીઅતમાં સફર પગપાળા અથવા ઊંટની ગતિ પર આધારિત છે. જો તે ત્રણ દિવસની છે તો સફર છે. એ જ ગતિમાં દરેક મુસાફિર પર આ મસહનો કાનૂન લાગુ થવો જોઈએ. જો કોઈ શખ્સ એક કલાકમાં આટલી સફર પાર પાડી દે છે તો એ એક બાહય કારણ છે, જેના કારણે આ કાનૂન હેઠળ આવવાથી બચી ગયો. કાનૂન પોતાની જગાએ દુરુસ્ત છે. તમારા કૌલના કારણે કાનૂનમાં ખામી લાઝિમ નથી આવતી, જેથી તમારો કૌલ બાતિલ છે અમારો કૌલ દુરુસ્ત.

सफ़रमां सुन्नत तथा नफ़्ल

મુસાફરે સફરની હાલતમાં કેવળ ફર્ઝ નમાઝમાં કસર કરવાનો હુકમ છે કે ચાર રકાત ફર્ઝ બે પઢે. ફર્ઝ સિવાય તે તમામ નફ્લ તથા સુન્નત, વિત્ર ઘરની જેમ પૂરા પઢે. એ નમાઝોનો હુકમ જે ઘરમાં છે તે જ સફરમાં છે, ન તો એમાં કસ્ર છે ન એ મના છે ન બિલકુલ માફ. પણ ગૈર મુકલ્લિદ વહાબી સફરમાં નફલ ન પોતે પઢે છે ન અન્યોને પઢવા દે છે. અમુક તો એમાં ખૂબ જ સખ્ત છે. એટલા માટે અમે આ પ્રકરણના પણ બે વિભાગ કરીએ છીએ. પ્રથમ વિભાગમાં આ શરઈ મસ્અલાની સાબિતી અને બીજા વિભાગમાં એના પર વહાબીઓના વાંધાઓ અને તેના જવાબો. હક્ક તઆલા કબૂલ ફર્માવે.

(પ્રથમ વિભાગ)

★ સફરમાં સુન્નત, વિત્ર તથા નફલ પૂરા પઢો ★

મુસાફિર કેવળ ચાર રકાત ફર્ઝમાં કસ્ર કરે, બાકી સઘળી નમાઝ પૂરી પઢે. તેને રોકવુ અથવા મના કરવું સખ્ત જુર્મ છે. દલીલો નીચે પ્રમાણે છે :–

(૧) રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"શું તમે તે મરદૂદને જોયો જે મોમિન બંદાને રોકે છે જ્યારે તે નમાઝ પઢે છે." اَرَءَيْتَ الَّذِىْ يَنْهٰى ۝ عَبْدًا اِذَا صَلّٰى ۝

જાણવા મળ્યું કે મુસલમાનને નમાઝથી રોકવું કાફિરોનો તરીકો છે અને રબ તઆલાને ખૂબ જ નાપસંદ છે. એટલા માટે ફકીહો ફર્માવે છે કે જો કોઈ શખ્સ મકરૂહ સમયમાં નમાઝ પઢવા લાગે તો તેને ન રોકો જેથી આ આયતના નિશાન હેઠળ ન આવી જાવ ! જ્યારે નમાઝ પઢી રહે તો મસ્અલો બતાવી દો. (શામી વગેરે)

આ પરથી વહાબીઓએ સબક લેવો જોઈએ જેઓ મુસલમાન મુસાફરોને સુન્નત તથા નફ્લથી ખૂબ જ સખ્તીપૂર્વક રોકે છે, બલ્કે લડવા પર ઉતરી આવે છે. છેવટે એ નમાઝ જ તો છે ! તેનાથી આટલી બધી ચીડ કેમ છે ?

(૨)રબ તઆલા મક્કાના કાફિરોની ઐબો આ પ્રમાણે બયાન ફર્માવે છે :

اَلَّذِيْنَ اِنْ مَّكَّنّٰهُمْ فِى الْاَرْضِ اَقَامُوا الصَّلٰوةَ وَ اٰتَوُا الزَّكٰوةَ وَ اَمَرُوْا بِالْمَعْرُوْفِ وَ نَهَوْا عَنِ الْمُنْكَرِ

"એની વાત ન માનો જે ખૂબ જ કસમો ખાનાર, ઝલીલ, ચુગલખોર, ભલાઈથી રોકનાર, આગળ વધનારો સખ્ત ગુનેહગાર છે."

જાણવા મળ્યું કે લોકોને ભલાઈથી રોકવું કાફિરોનો તરીકો છે. તેમની વાત કદાપી ન માનવી જોઈએ. મુસલમાનોને ભલાઈઓથી રોકવું વહાબીઓની જિંદગીની પ્રિય પ્રવૃત્તિ છે. સિનેમા, જુગાર તથા શરાબથી નથી ચીડાતા, પણ ચીડાય છે તો કોનાથી ? સફરમાં સુન્નત, નફલ નમાઝ પઢવાથી ! કોઈ મુસલમાન તેમની વાત કદાપી ન માને. આ આયત પર અમલ કરે :–

(૩) રબ તઆલા મોમિનોની પ્રશંસા કરતાં ફર્માવે છે :–

اَلَّذِيْنَ اِنْ مَّكَّنّٰهُمْ فِى الْاَرْضِ اَقَامُوا الصَّلٰوةَ وَ اٰتَوُا الزَّكٰوةَ وَ اَمَرُوْا بِالْمَعْرُوْفِ وَ نَهَوْا عَنِ الْمُنْكَرِ

"મોમિન તે છે કે જો અમે તેમને જમીનમાં સલ્તનત આપી દઈએ તો નમાઝો કાયમ કરે અને ઝકાત આપે અને સારી વાતોનો હુકમ આપે અને બુરી વાતોથી રોકે."

જો ખુદા ન કરે પણ જમીન પર વહાબીઓની સલ્તનત થઈ જાય તો લોકોને કઈ કઈ ચીજથી રોકે ! સફરમાં સુન્નત તથા નફલ પઢવાથી, અલ્લાહના ઝિક્રની મજલિસોથી, મીલાદ શરીફ, ખત્મ તથા ફાતેહા તથા તિલાવતે કુર્આનથી. અને કઈ ચીજોનો હુકમ આપે ? ગંદા કૂવાઓથી વુઝૂ કરવાનો, કાગડા ખાવાનો, છોકરાના પેશાબ અને મની (વિર્ય)ને પાક સમજવાનો, પોતાના નુત્ફાના ઝિનાની છોકરી સાથે નિકાહ કરી લેવાનો, જેમ કે અમે કિતાબના અંતે વહાબીઓના ખાસ મસાઈલ બયાન કરીશું.

હદીષ નં. ૪-૫ : તિર્મિઝી શરીફ અને તહાવી શરીફે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી. પણ શાબ્દિક ફેરફાર છે :

قَالَ صَلَّيْتُ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِيْ الْحَضَرِ وَ السَّفَرِ فَصَلَّيْتُ مَعَهٗ فِيْ الْحَضَرِ الظُّهْرَ اَرْبَعاً وَّ بَعْدَهَا رَكْعَتَيْنِ وَ صَلَّيْتُ مَعَهٗ فِيْ السَّفَرِ الظُّهْرَ رَكْعَتَيْنِ وَ بَعْدَهَا رَكْعَتَيْنِ وَالْعَصْرِ رَكْعَتَيْنِ وَ لَمْ يُصَلِّ بَعْدَهَا شَيْئاً وَ الْمَغْرِبَ فِيْ الْحَضَرِ وَ السَّفَرِ سَوَاءً ثَلٰثَ رَكْعَاتٍ وَلَا يَنْقُصُ فِيْ حَضَرٍ وَلَا سَفَرٍ وَهِيَ وِتْرُ النَّهَارِ وَ بَعْدَهَا رَكْعَتَيْنِ

"ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે વતન તથા સફરમાં નમાઝો પઢી છે. તો મેં આપની સાથે વતનમાં ઝોહરમાં ચાર રકાત પઢી. ત્યાર બાદ બે રકાત સુન્નત અને આપની સાથે સફરમાં ઝોહર બે રકાત પઢી ત્યાર બાદ બે રકાત સુન્નત, અસ્ર બે રકાત તેના પછી કાંઈ ન પઢયું. અને મગરિબ વતન તથા સફરમાં સરખી ત્રણ રકાતો, એમાં કમી ન કરતા હતા, વતનમાં ન સફરમાં તે દિવસના વિત્ર છે, ત્યાર બાદ બે રકાત સુન્નત પઢી."

તરાવીહમાં આ શબ્દો ઓર અધિક છે :–

وَ صَلَّى الْعِشَاءَ رَكْعَتَيْنِ وَ بَعْدَهَا رَكْعَتَيْنِ

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈશાની બે રકાતો પઢી, ત્યાર બાદ બે રકાતો."

જુઓ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સફરમાં ઝોહરના ફર્ઝ બે અને બાદમાં સુન્નત બે, મગરિબના ફર્ઝ ત્રણ અને બાદમાં બે સુન્નત, ઈશાના ફર્ઝ બે અને બાદમાં બે સુન્નતો પઢી. જો સફરમાં સુન્નત કે નફ્લ પઢવા મના હોત તો સરકાર પુરઅન્વાર صلی اللہ تعالیٰ علیہ وسلم શા માટે પઢતા ? આ વહાબી સુન્નતથી ચીડાય છે !

હદીષ નં. ૬-૭ : અબૂ દાઊદ તથા તિર્મિઝીએ હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ صَحِبْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ثَمَانِيَةَ عَشَرَ

"ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે અઢાર વાર મુસાફરી કરી. મેં આપને

سَفَراً فَمَا رَأَيْتُهُ تَرَكَ رَكْعَتَيْنِ اِذَا زَاغَتِ الشَّمْسُ قَبْلَ الظُّهْرِ

ન જોયા કે આપે સૂર્ય ઢળ્યા પછી ઝોહરથી પહેલાંની બે નફ્લ છોડી દીધા હોય."

હદીષ નં.-૮ : અબૂ દાઉદ શરીફે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :-

قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا سَافَرَ وَ اَرَادَ اَنْ يَّتَطَوَّعَ اِسْتَقْبَلَ الْقِبْلَةَ بِنَاقَتِهٖ فَكَبَّرَ ثُمَّ صَلّٰى

"ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે સફર કરતા અને નફ્લ પઢવા ચાહતા તો પોતાના ઊંટને કા'બા પ્રતિ ફેરવી દેતા પછી તકબીર કહીને નફ્લ પઢતા."

હદીષ નં. ૯-૧૦ : મુસ્લિમ અને બુખારીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી કે :-

قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّىْ فِى السَّفَرِ عَلٰى رَاحِلَتِهٖ حَيْثُ تَوَجَّهَتْ بِهٖ يُوْمِىْ اِيْمَاءً صَلٰوةَ اللَّيْلِ اِلَّا الْفَرَائِضَ وَ يُوْتِرُ عَلٰى رَاحِلَتِهٖ

"ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم સફરમાં પોતાની સવારી પર નફ્લ પઢતા હતા. જે તરફ પણ તેનું મોઢું હોય આપ ઈશારાથી નમાઝ પઢતા. તહજ્જુદની નમાઝ ફર્ઝ સિવાય વિત્ર પણ સવારી પર પઢતા."

આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સફરમાં રસ્તો કાપતાં કાપતાં તહજ્જુદની નમાઝ પઢયા કરતા હતા. અને આ લોકો રોકાયેલ મુસાફરને સુન્નતે મોઅક્કદા સુધ્ધાંથી રોકે છે.

હદીષ નં.-૧૧ : મોઅત્તા ઈમામ માલિકમાં હઝરત નાફેઅ رضی اللہ عنہ થી રિવાયત કરી :-

قَالَ اِنَّ عَبْدَاللّٰهِ ابْنَ عُمَرَ كَانَ يَرٰى اِبْنَهٗ عُبَيْدَاللّٰهِ يَتَنَفَّلُ فِى السَّفَرِ فَلَا يُنْكِرُ عَلَيْهِ

"ફર્માવે છે કે બેશક ! અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર પોતાના ફરઝંદ અબ્દુલ્લાહને સફરમાં નફ્લ પઢતાં જોતા હતા તો આપ મના ફર્માવતા ન હતા."

હદીષ નં.-૧૨ : તિર્મિઝી શરીફે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી

રિવાયત કરી :–

قَالَ صَلَّيْتُ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الظُّهْرَ فِيْ السَّفَرِ رَكْعَتَيْنِ وَبَعْدَهَا رَكْعَتَيْنِ رَوَاهُ التِّرْمِذِيُّ وَ قَالَ هٰذَا حَدِيْثٌ حَسَنٌ

"ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે સફરમાં ઝોહરની બે રકાતો પઢી ત્યાર બાદ બે રકાત સુન્નત. એને તિર્મિઝીએ રિવાયત કરી અને ફર્માવ્યું કે આ હદીષ હસન છે."

હદીષ નં. ૧૩–૧૪ : મુસ્લિમ તથા અબૂ દાઉદે હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી સફરમાં તઅરીસની રાતે ફજરની નમાઝ કઝા થઈ જવા વિશેની ઘણી લાંબી હદીષ રિવાયત કરી જેના અમુક શબ્દો આ પ્રમાણે છે :–

صَلِّ رَكْعَتَيْنِ قَبْلَ الصُّبْحِ ثُمَّ صَلِّى الصُّبْحَ كَمَا كَانَ يُصَلِّيْ

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફજરની સુન્નતો ફર્ઝથી પહેલાં પછી ફજરના ફર્ઝ પઢયા જેમ કે હમેશાં પઢયા કરતા હતા.

હદીષ નં. ૧૫ થી ૧૮ : બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, અબૂ દાઉદે હઝરત ઈબ્ને અબી યઅ્લાથી રિવાયત કરી :

قَالَ مَا اَخْبَرَنَا اَحَدٌ اَنَّهٗ رَاَى النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَلَّى الضُّحٰى غَيْرُ اُمِّ هَانِئٍ ذَكَرَتْ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ فَتْحِ مَكَّةَ اِغْتَسَلَ فِيْ بَيْتِهَا فَصَلّٰى ثَمَانَ رَكْعَاتٍ

"ફર્માવે છે : અમને હઝરત ઈમામ હાની સિવાય બીજા કોઈને આ ખબર નથી આપી કે તેણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ચાશ્ત પઢતાં જોયા. ઈમામ હાની ફર્માવે છે કે ફતહે મક્કાના દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના ઘરમાં ગુસ્લ ફર્માવ્યું અને આઠ રકાત નફ્લ નમાઝ ચાશ્ત પઢી."

જુઓ, ફત્હે મક્કાના દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મક્કા મોઅઝ્ઝમામાં મુસાફિર છે તેમ છતાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની બહેન ઉમ્મે હાની બિન્તે અબી તાલિબના ઘરમાં ચાશ્તની નમાઝ આઠ રકાત પઢી. જ્યારે ચાશ્તની નમાઝ નફલ છે.

હદીષ નં. ૧૯ : ઈબ્ને માજહ્એ હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત કરી :

قَالَ فَرَضَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَلٰوةَ الْحَضَرِ وَ صَلٰوةَ السَّفَرِ فَكُنَّا نُصَلِّىْ فِى الْحَضَرِ قَبْلَهَا وَ بَعْدَهَا وَ كُنَّا نُصَلِّىْ فِى السَّفَرِ قَبْلَهَا وَ بَعْدَهَا

"ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વતનમાં પણ ફર્ઝ નમાઝ અદા ફર્માવી અને સફરમાં પણ. અમે વતનમાં ફર્ઝ નમાઝથી પહેલાં અને બાદમાં નફ્લ પઢતા હતા અને સફરમાં પણ ફર્ઝથી પહેલાં અને બાદમાં નફ્લ પઢતા હતા."

હદીષ નં.–૨૦ : બુખારી શરીફે હઝરત જાબિર رضی اللہ عنہ રિવાયત કરી :

صَلّٰى رَكْعَتَيْنِ قَبْلَ الصُّبْحِ ثُمَّ صَلَّى الصُّبْحَ كَمَا كَانَ يُصَلِّىْ

"નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم સવારી પર ગૈરે કિબ્લાની તરફ નફ્લ નમાઝ પઢયા કરતા હતા.

આ ૨૦ હદીષો નમૂના રૂપે રજુ કરવામાં આવી. જો અધિક હદીષો જોવી હોય તો સહીહુલ બિહારી, મિશ્કાત શરીફ વગેરેનો અભ્યાસ કરો.

બુદ્ધિનો પણ તકાદો એ જ છે કે સફરમાં સુન્નત તથા નફલની ન તો માફી હોય અને ન કસ્ર, જેના કેટલાક કારણો જુઓ :–

એક એ કે હદીષોથી જાણવા મળે છે કે મેઅરાજની રાતે નમાઝો બે બે રકાત ફર્ઝ કરવામાં આવી, પછી સફરમાં તો એ જ દૌર છે. હઝર (ઘર)માં અમુક નમાઝોમાં વધારો કરી દેવામાં આવી. અને જાહેર છે કે મેઅરાજમાં ફર્ઝ નમાઝો જ લાઝિમ કરવામાં આવી હતી ન કે સુન્નત તથા નફ્લો વગેરે. જેથી કસ્ર કેવળ ફર્ઝમાં થઈ ન કે નફ્લ તથા સુન્નતમાં. **બીજુ** એ કે સફરની હાલતમાં ફર્ઝ નમાઝમાં ખૂબ જ પાબંદી છે કે સવારી પર, ચાલુ ટ્રેને, કિબ્લા સિવાયની દિશા તરફ અદા નથી કરી શકતા, જ્યારે સુન્નત તથા નફ્લમાં કોઈ પાબંદી નથી, સવારી પર, કિબ્લા સિવાયની દિશામાં પણ અદા થઈ જાય છે, ફર્ઝના માટે મુસાફરે સફરને રોકવી પડે છે જેનાથી મોડુ થાય છે એટલા માટે એ નમાઝ અડધી કરી દેવામાં આવી. જ્યારે સુન્નત તથા નફ્લ માટે સફર

રોકવી નથી પડતી, સવારી પર પણ અદા થઈ શકે છે એટલા માટે ન તો એમાં કસ્રની જરૂરત છે ન માફીનો સવાલ પેદા થાય છે. એવું સમજવું કે જ્યારે સફરમાં ફર્ઝ ઓછા થઈ ગયા તો સુન્નતો પણ ઓછી હોવી જોઈએ એ ગલત છે. જુઓ જુમ્અહના દિવસે ફર્ઝ ચારને બદલે બે રકાત છે, પણ સુન્નતમાં કોઈ કમી ન થઈ. ફર્ઝ અલગ નમાઝ છે અને સુન્નત તથા નફ્લ અલગ એટલે સુન્નત તથા નફ્લ ફર્ઝની એવી તાબેઅ નથી કે જો ફર્ઝ પૂરા પઢવામાં આવે તો સુન્નતો પણ પૂરી હોય અને જો ફર્ઝમાં કસ્ર થાય તો સુન્નતોમાં પણ કસ્ર થાય અથવા બિલ્કુલ માફ થઈ જાય.

(બીજો વિભાગ)

★ સફરમાં સુન્નત તથા નફ્લના વાંધાઓ તથા જવાબો ★

ગૈર મુકલ્લિદ વહાબીઓની પાસે આ મસ્અલા પર ઘણા થોડી દલીલો છે જેને તેઓ દરેક ઠેકાણે શબ્દોની ફેર બદલી કરી બયાન કરતા રહે છે. અમે તેમની વકીલાતમાં તેમના સવાલોના જવાબો રજુ કરીએ છીએ.

વાંધા નં. ૧ : મુસ્લિમ તથા બુખારી વગેરેએ હઝરત હફ્સ ઈબ્ને આસિમથી રિવાયત કરી :

قَالَ صَحِبْتُ ابْنَ عُمَرَ فِیْ طَرِیْقٍ مَكَّةَ فَصَلّٰى لَنَا الظُّهْرَ رَكْعَتَيْنِ ثُمَّ جَاءَ رِحْلَهٗ وَ جَلَسَ فَرَاٰى النَّاسُ قِيَاماً فَقَالَ مَا يَصْنَعُ هٰؤُلَآءِ قُلْتُ يُسَبِّحُوْنَ قَالَ لَوْكُنْتُ مُسَبِّحاً اَتْمَمْتُ صَلٰوتِیْ صَحِبْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَكَانَ لَا يَزِيْدُ فِیْ السَّفَرِ عَلٰى رَكْعَتَيْنِ وَ اَبَابَكْرٍ وَ عُمَرَ وَ عُثْمَانَ كَذَالِكَ

"ફર્માવે છે કે હું હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ સાથે મક્કાના માર્ગમાં હતો તો આપે અમને ઝોહરની નમાઝ બે રકાત પઢાવી. પછી આપ આપના ઠેકાણે તશરીફ લાવ્યા અને બેઠા તો કેટલાક લોકોને ઉભેલા જોયા. ફર્માવ્યું, આ લોકો શું કરે છે ? મેં કહયું કે નફ્લ પઢે છે. જો હું નફ્લ પઢત તો નમાઝ જ પૂરી પઢત. હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે રહયો તો આપ સફરમાં બે રકાતોથી અધિક પઢતા ન હતા. અને હઝરત અબૂબકર તથા

ઉમર તથા ઉષ્માન رَضِیَ اللّٰہُ عَنْہُمْ ને એવું જ
કરતા જોયા.''

એનાથી જાણવા મળ્યું કે સફરમાં નફલ તથા સુન્નત પઢવી સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم તથા સુન્નતે ખુલફાએ રાશિદીનના વિરૂધ્ધ છે. એટલા માટે મુસાફર બે રકાત ફર્ઝ પઢે, બાકી કાંઈ ન પઢે.

જવાબ : આ વાંધાના કેટલાક જવાબો છે : **એક** એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે જેમ કે આ હદીષથી પણ સાબિત થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તથા ખુલફાએ રાશિદીન સફરમાં કયાંય બે ફર્ઝથી અધિક પઢતા ન હતા. અને તમે કહો છો કે મુસાફરે જોઈએ કે કસ્ર પઢે અથવા પૂરી પઢે. તમે પૂરી નમાઝ પઢવાનો હુકમ આ હદીષની વિરૂધ્ધ કેમ આપ્યો ?

બીજુ એ કે આપની આ હદીષથી નફ્લ ન પઢવું સાબિત છે અને અમારી રજુ કરેલી ઘણી બધી હદીષોથી નફ્લ ન પઢવું સાબિત થયું. તો તમે તે ઘણી બધી હદીષોના મુકાબલામાં કેવળ આ એક હદીષ પર કેમ અમલ કરો છો ? તે હદીષો પર કેમ અમલ નથી કરતા ? કેવળ નફસાની ખ્વાહિશાતના કારણે કે નફ્સે અમ્મારા પર નમાઝ બોજ છે.

ત્રીજુ એ કે ખૂદ સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمَا ની તે હદીષો અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા છીએ, જેમાં તેઓ ફર્માવે છે કે મેં હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સફરમાં સવારી પર નફ્લ પઢતા જોયા. તો પછી તે સાબિતીવાળી હદીષોને તમે કેમ ન સ્વીકારી ? કેવળ એક આવી હદીષ પર જ કેમ અમલ કર્યો ? શું નમાઝો ઘટાડવાનો શોખ છે ?!

ચોથુ એ કે જયારે સાબિતી તથા ઈન્કાર (નફી)માં ટકરાવ હોય તો સાબિતીને નફી પર અગ્રિમતા આપવામાં આવે છે. જયારે હઝરત ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمَا ની બે રિવાયતો છે સાબિતીની પણ તથા ઈન્કારની પણ, તો સાબિતીની રિવાયત અમલને પાત્ર ઠરશે, નહીં કે નફીની. જુઓ, હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જિસ્માની મેઅરાજ નથી થઈ, અન્ય સહાબાએ કિરામ ફર્માવે છે કે થઈ, તો આજે તમામ દુનિયા જિસ્માની મેઅરાજને

માનવાવાળી છે, કેમ ? એટલા માટે કે સાબિતી નફી પર અગ્રિમતા ધરાવે છે.

પાંચમુ એ કે જ્યારે હદીષોમાં ટકરાવ જોવા મળે તો તેના એવા અર્થો કરવામાં આવે જેનાથી ટકરાવ (વિરોધાભાસ) દૂર થઈ જાય. જ્યારે હઝરત ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمَا ની રિવાયતોમાં વિરોધાભાસ છે તો તમારી આ હદીષનો અર્થ એ છે કે નફ્લ નમાઝ એહતેમામ સાથે પઢવી, તેના માટે સફર રોકવી, બાકાયદા ઉતરીને જમીન પર ઉભા રહીને પઢવી, ચાલુ સવારી પર નમાઝ દુરુસ્ત ન જાણવી એ ન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાબિત છે ન એ ખુલફાએ રાશિદીનથી સાબિત છે. જેમ કે આ હદીષના અમુક શબ્દો પણ એવું જ બતાવી રહયા છે. રાવી ફર્માવે છે કે આપે અમુક લોકોને જમીન પર ઉભા રહીને નફ્લ પઢતા જોઈને એવું ફર્માવ્યું : હાલત પણ સફરની હતી, સફર પણ હજ્જની હતી, માર્ગ ઘણો કાપવાનો હતો, જલ્દી પહોંચવાનું હતું. તે લોકોના આવી રીતના કાર્યથી સફરમાં દુશ્વારી થતી હતી. એટલા માટે આપે એ પ્રમાણે ફર્માવ્યું. જેથી આ હદીષ ન તો અન્ય હદીષોની વિરૂધ્ધ છે, ન ખૂદ હઝરત ઈબ્ને ઉમરની અન્ય રિવાયતોની વિરૂધ્ધ છે. હદીષોમાં ટકરાવ પેદા ન કરો બલ્કે મળતાપણુ પેદા કરવાની કોશિશ કરો.

છઠ્ઠુ એ કે તમારી આ હદીષમાં પણ સફરમાં નફ્લ પઢવાની મનાઈ નથી. હઝરત ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمَا એ કેવળ કયાસ કરીને એવું કહયું કે જો નફ્લ માટે આવી વ્યવસ્થા જરૂરી હોત તો ફર્ઝ નમાઝ જ પૂરી કેમ પઢવામાં ન આવત ?

વાંધા નં. ૨ : જ્યારે સફરમાં ફર્ઝ નમાઝ જ ચારને બદલે બે રકાત થઈ ગઈ તો સુન્નત તથા નફ્લ તો ફર્ઝથી કમ દરજાની છે. તો તે પણ કયાં તો ચારને બદલે બે થવી જોઈએ અથવા તદ્દન માફ થઈ જવી જોઈએ.

જવાબ : અલ્હમ્દુલિલ્લાહ ! કે તમે કયાસના માનવાવાળા થઈ ગયા ! કે સુન્નતને ફર્ઝ પર કયાસ કરવા લાગ્યા. પણ જેવા તમે તેવો તમારો કયાસ ! બેહતર હતું કે મુજતહિદીન ઈમામોની તકલીદ કરી લીધી હોત જેથી તમારે આવા કયાસો ન કરવા પડત ! જનાબ ! સુન્નત તથા નફ્લને ફર્ઝ પર કયાસ નથી કરી શકતા. ફર્ઝ નમાઝમાં કેવળ બે રકાતો ભરેલી પઢવામાં આવે

છે (જેમાં સૂરત મિલાવવામાં આવે છે) બાકીની ખાલી, પણ સુન્નત તથા નફ્લની ચારેવ રકાતો ભરેલી છે ! ફર્માવો, ત્યાં સુન્નત તથા નફ્લ ફર્ઝની જેમ કેમ ન થઈ ? ત્યાં પણ કહી દો ! કે જ્યારે ફર્ઝમાં બે રકાત ખાલી છે તો જોઈએ કે સુન્નતો તથા નફ્લની બે બે રકાત ખાલી હોય. જુમ્આની નમાઝમાં ફર્ઝ નમાઝ ચારને બદલે બે થઈ જાય છે તો જોઈએ કે જુમ્આ બાદની સુન્નતો ચારને બદલે બે જ રહી જાત. સુન્નત તથા નફલમાં કસ્ર ન હોવાનું કારણ પ્રથમ વિભાગમાં અકલી દલીલોમાં અમે રજુ કરી ચૂકયા છીએ કે મુસાફરને સુન્નતના માટે સફર રોકવી નથી પડતી, સવારી પર જ પઢી શકે છે, એટલા માટે તેમાં કસ્રનો સવાલ જ પેદા નથી થતો.

★ જરૂરી નોંધ ★

એ જે કહેવામાં આવે કે નફ્લ તથા સુન્નત સવારી પર પઢવામાં આવી શકે છે, ભલે સવારીનુ મોં ગમે તે દિશામાં હોય. એ મુસાફરને રસ્તો કાપવાની સ્થિતિમાં છે જ્યારે તે જંગલમાં હોય. શહેરમાં અથવા કોઈ સ્થળે રોકાવાની સ્થિતિમાં આ હુકમ નથી. જો મુસાફર કોઈ વસ્તીમાં બે ચાર દિવસ માટે રોકાયો હોય તો સુન્નત તથા નફ્લ પણ ફર્ઝની જેમ શરતો તથા અરકાનોની સાથે અદા કરશે. ગૈર મુકલ્લિદ વહાબીની નજીક મુસાફર ચાહે માર્ગમાં કે કયાંક રોકાણ બે ચાર દિવસ હોય ત્યાં હોય પણ સુન્નત તથા નફ્લ ન પઢે !

વાંધા નં. ૩ : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રહ્મતુલ્ લિલ્ આલમીન છે. જ્યારે રબ તઆલાએ સફરમાં પોતાની ફર્ઝ નમાઝમાં કન્શેશન કરી આપ્યું તો હુઝૂર પણ પોતાની સુન્નતોમાં કમી આપે. સુન્નતનું એ જ પ્રમાણે રહેવું હુઝૂરની રહમતની વિરૂધ્ધ છે !

જવાબ : જી હા ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રહમતે આલમ છે. એટલા માટે જ હુઝૂરે પોતાની સુન્નતો ઓછી ન કરી, નમાઝ રહમત છે બોજ નથી. કદાચ વહાબીઓના નફ્સ પર નમાઝ બોજ હશે એટલા માટે તેમને આવા સવાલો સુઝે છે. જનાબ ! અલ્લાહના ફર્ઝો મોમિનના બાલિગ થયા બાદ લાગુ પડે છે અને મૃત્યુ બાદ છોડી દેવામાં આવે છે. પણ સુન્નતે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم

કોઈ વખત અને કોઈ હાલતમાં મોમિનનો સાથ નથી છોડતી. મોમિન સુન્નતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આગોશમાં પેદા થાય છે, સુન્નતના સાયામાં ઉછેર પામે છે, સુન્નતના દામનમાં મરે છે અને ઈન્શાઅલ્લાહ સુન્નતવાળા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાછળ કિયામતમાં ઉઠશે. જુઓ, ખત્ના, અકીકો, બાળકને બે વરસ સુધી દૂધ પીવડાવવું સુન્નત જ તો છે. પછી મરતી વખતે વુઝૂ, કિબ્લાની તરફ મોઢું હોવું, મર્દનું કફન ત્રણ કપડાં ઔરતનાં કફનમાં ચાર કપડાં, આ સૌ સુન્નતો જ છે. એટલા માટે અમારું નામ અહલે ફર્ઝ નથી કે અહલે વાજિબ નથી બલ્કે અહલે સુન્નત છે. અમારા હુઝૂરની સુન્નત રહમત છે બોજ નથી, માટે રહમતનુ ઓછુ ન થવું જ સારું ! રબ તઆલા માલિકુલ્ મુલ્ક છે, જેટલી ચાહે રહમત આપે, તેની રહમતો એક સરખી નથી હોતી, કયારેક ઓછી કયારેક વધારે. એ જ પ્રમાણે ફર્ઝ નમાઝ મુકીમના માટે પૂરી મુસાફરના માટે અડધી.

સફરમાં કસર વાજિબ છે

શરઈ મસ્અલો એ છે કે મુસાફર પર ચાર રકાતવાળી ફર્ઝ નમાઝમાં કસર ફર્ઝ છે. મુસાફર એ નમાઝ પૂરી નથી પઢી શકતો. જો ભૂલથી બેને બદલે ચાર પઢી લે તો તેનો એ જ હુકમ થશે, જો કોઈ ફજરના ફર્ઝ ચાર પઢી લે કે જો પ્રથમ અત્તહિય્યાત પઢીને ત્રીજી રકાતમાં ઉભો થયો તો સજદાએ સહવ કરે, નહીં તો નમાઝ દોહરાવે. પરંતુ જો જાણીબુઝીને બેના બદલે ચાર પઢે તો થશે નહીં. પણ ગૈર મુકલ્લિદ વહાબી કહે છે કે મુસાફરને ઈખ્તિયાર છે ચાહે કસર પઢે ચાહે પૂરી, મુસાફર કોઈ ચીજનો પાબંદ નથી. એટલા માટે આ પ્રકરણના બે વિભાગ કરીએ છીએ. પ્રથમ વિભાગમાં આપણી દલીલો અને બીજા વિભાગમાં આ મસ્અલા પર સવાલો તથા જવાબો. રબ તઆલા કબૂલ ફર્માવે.

(પ્રથમ વિભાગ)

★ સફરમાં કસર અનિવાર્ય છે ★

સફરમાં કસર અનિવાર્ય હોવા પર હનફીઓની પાસે ઘણી દલીલો છે જેમાંથી કેટલીક રજુ કરવામાં આવે છે.

હદીષ નં. ૧ થી ૪ : બુખારી, મુસ્લિમ, મોઅત્તા ઈમામ મુહમ્મદ, મોઅત્તા ઈમામ માલિકમાં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી અમુક શાબ્દિક ફર્કની સાથે રિવાયત કરી. આ શબ્દો મુસ્લિમ તથા બુખારીના છે :

قَالَتْ فُرِضَتِ الصَّلٰوةُ رَكْعَتَيْنِ ثُمَّ هَاجَرَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَفُرِضَتْ اَرْبَعاً وَ تُرِكَتْ صَلٰوةُ السَّفَرِ عَلَى الْفَرِيْضَةِ الْاُوْلٰى

"ફર્માવે છે કે પ્રથમ નમાઝ બે બે રકાતો ફર્ઝ થઈ, પછી હુઝૂરે હિજરત કરી તો નમાઝો ચાર રકાત ફર્ઝ કરવામાં આવી અને સફરની નમાઝ પહેલા જ **ફરીઝા** પર રહી."

આ હદીષથી જાણવા મળ્યું કે હિજરતથી પહેલાં દરેક નમાઝની બે રકાત હતી, હિજરત બાદ અમુકની બેની ચાર કરી દેવામાં આવી પણ સફરની નમાઝ એવી જ રહી. તો જેવી રીતે હિજરત પહેલાં જો કોઈ ચાર રકાત પઢી લેત તો તેની નમાઝ ન થાત એવી જ રીતે હવે પણ જો મુસાફર સફરમાં ચાર ફર્ઝ પઢી લે તો પણ નમાઝ થશે નહીં. **ફર્ઝ** તથા **ફરીઝા** શબ્દનો ધ્યાનથી અભ્યાસ કરો.

મોઅત્તા ઈમામ મુહમ્મદ તથા ઈમામ માલિકની રિવાયતના શબ્દો આ છે !

فُرِضَتِ الصَّلٰوةُ رَكْعَتَيْنِ رَكْعَتَيْنِ فِىُ الْحَضَرِ وَ السَّفَرِ فَاُقِرَّتْ صَلٰوةُ السَّفَرِ وَ زِيْدَ فِىُ صَلٰوةِ الْحَضَرِ

''પ્રારંભમાં સફર તથા ઘરે નમાઝમાં બે બે રકાતો ફર્ઝ થઈ હતી પછી સફરની નમાઝ તો એવી જ રહી અને મુકીમની નમાઝમાં વધારો કરી દેવામાં આવ્યો.''

હદીષ ૫ થી ૭ : મુસ્લિમ શરીફ, નિસાઈ, તિબ્રાનીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِىَ اللّٰهُ عَنْهُمَا થી રિવાયત કરી :–

قَالَ فَرَضَ اللّٰهُ الصَّلٰوةَ عَلٰى لِسَانِ نَبِيِّكُمْ فِىُ الْحَضَرِ اَرْبَعاً وَ فِىُ السَّفَرِ رَكْعَتَيْنِ وَ فِىُ الْخَوْفِ رَكْعَةً

''ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ તમારા નબીની ઝબાન શરીફ પર વતનમાં ચાર રકાતો અને સફરમાં બે રકાતો ખૌફમાં એક રકાત ફર્ઝ કરી. (એટલે જમાઅતથી એક રકાત.)

આમાં સ્પષ્ટપણે જાણવા મળ્યું કે સફરમાં બે રકાતો જ ફર્ઝ છે જેવી રીતે વતનમાં ફજરની નમાઝ.

હદીષ નં. ૮ થી ૧૩ : મુસ્લિમ, બુખારી, અબૂદાઉદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ્એ અનસ رَضِىَ اللّٰهُ عَنْهُ થી રિવાયત કરી :–

قَالَ خَرَجْنَا مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مِنَ الْمَدِيْنَةِ اِلٰى مَكَّةَ فَكَانَ يُصَلِّىُ رَكْعَتَيْنِ

''ફર્માવે છે કે અમે હુઝૂર صلى الله تعالى عليه وسلم ની સાથે મદીના મુનવ્વરાથી મક્કા મોઅઝ્ઝમાની તરફ ગયા તો હુઝૂર صلى الله تعالى عليه وسلم બે બે રકાત જ પઢતા હતા.''

હદીષ નં. ૧૪ થી ૧૬ : બુખારી, મુસ્લિમ, નિસાઈએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત કરી :

قَالَ صَلَّيْتُ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِمِنىٰ رَكْعَتَيْنِ وَ اَبِىْ بَكْرٍ وَّ عُمَرَ وَ مَعَ عُثْمَانَ صَدْراً مِنْ اِمَارَتِهٖ ثُمَّ اَتَمَّهَا

''ફર્માવે છે કે મેં મિનામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને અબૂબક્ર તથા ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمَا ની પાછળ બે બે રકાતો પઢી અને ખિલાફતે ઉષ્માનીના પ્રારંભમાં પણ બે જ પઢી. પછી હઝરત ઉષ્માને પૂરી પઢવાનું શરૂ કરી દીધું.''

હદીષ નં. ૧૭ : તિબ્રાનીએ હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત કરી :

قَالَ اِفْتَرَضَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ رَكْعَتَيْنِ فِىْ السَّفَرِ كَمَا اِفْتَرَضَ فِىْ الْحَضَرِ اَرْبَعاً

''ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ બે રકાત ફર્ઝ ફર્માવી જેવી રીતે વતનમાં ચાર રકાત ફર્ઝ છે.''

હદીષ નં. ૧૮ થી ૨૦ : નિસાઈ, ઈબ્ને માજહ્, ઈબ્ને હબ્બાને હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ صَلٰوةُ السَّفَرِ رَكْعَتَانِ وَ صَلٰوةُ الضُّحٰى رَكْعَتَانِ وَ صَلٰوةُ الْفِطْرِ رَكْعَتَانِ وَ صَلٰوةُ الْجُمُعَةِ رَكْعَتَانِ تَمَامٌ غَيْرُ قَصْرٍ عَلٰى لِسَانِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

''ફર્માવે છે કે સફરની નમાઝ બે રકાતો છે, ચાશ્તની નમાઝ બે રકાતો, ઈદુલ ફિત્રની નમાઝ બે રકાતો છે, જુમ્આની નમાઝ બે રકાતો છે, આ બે રકાતો પૂરી છે અપૂર્ણ નથી, હુઝૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝબાન શરીફ પર.''

એનાથી સાફ જાણવા મળ્યું કે સફરમાં બે રકાતો પઢવી એવું જરૂરી છે જેવી રીતે જુમ્મા તથા ઈદૈનની બે રકાતો પઢવું.

હદીષ નં. ૨૧ : મુસ્લિમ શરીફે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી થોડીક લાંબી હદીષ નકલ થઈ જેના આખરી શબ્દો આ છે :–

فَسَأَلْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ صَدَقَةٌ تَصَدَّقَ اللّٰهُ بِهٖ فَاقْبَلُوْا صَدَقَتَهٗ

''મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી કસર નમાઝના બારામાં પૂછયું તો હુઝૂરે ફર્માવ્યું, આ અલ્લાહનો સદકો છે, જે સદકો ફર્માવ્યો એ સદકાને કબૂલ કરો.''

આ હદીષમાં **ફક્બલૂ** સેગાએ અમ્ર છે, અમ્ર વજૂબના માટે આવે છે. જાણવા મળ્યું કે જે શખ્સ સફરમાં ચાર રકાત પઢે તે ખુદા તઆલાના સદકાથી મોઢું ફેરવે છે.

હદીષ નં. ૨૨ : તિબ્રાનીએ મોઅજમે સગીરમાં સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત કરી :

قَالَ صَلَّيْتُ مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِى السَّفَرِ رَكْعَتَيْنِ وَ مَعَ اَبِىْ بَكْرٍ رَكْعَتَيْنِ وَ مَعَ عُمَرَ رَكْعَتَيْنِ ثُمَّ تَفَرَّقَتْ بِكُمُ السُّبُلُ فَوَاللّٰهِ لَوَدِدْتُّ اَنَّ اُحْظٰى مِنْ اَرْبَعِ رَكْعَاتٍ رَكْعَتَيْنِ مُتَقَبَّلَتَيْنِ

''મેં સફરમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાછળ બે રકાતો પઢી અને અબૂબક્ર સિદ્દીક, ઉમર ફારૂકની પાછળ બે બે રકાતો પઢી. પછી તમને લોકોને વિવિધ માર્ગોએ છૂટા પાડી દીધા. કસમ છે રબની ! હું તમન્ના કરું છું કે મને ચાર રકાતોને બદલે બે મકબૂલ રકાતોનો હિસ્સો મળે.''

અમે નમૂના રૂપે કેવળ ૨૨ હદીષો રજુ કરી, નહીં તો એના સંબંધે અસંખ્ય હદીષો છે. આ રજુ કરેલી રિવાયતોથી જાણવા મળે છે કે સફરમાં કસર જે ફર્ઝ છે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તથા ખુલફાએ રાશિદીને કસર જ પઢી. ચાર રકાત પઢવાથી સહાબાએ મના ફર્માવ્યું અથવા એના પર નારાજી દર્શાવી.

બુદ્ધિનો તકાદો પણ છે કે સફરમાં કસર ફર્ઝ છે. મુસાફરને કસર તથા પૂર્ણ બંનેનો અધિકાર આપવો શરઈ બુદ્ધિની તદ્દન વિરૂધ્ધ છે. એટલા માટે કે સફરમાં દરેક ચાર રકાતવાળી નમાઝની પ્રથમ બે રકાતો સર્વ સંમતિથી ફર્ઝ છે, છેવટની બે રકાતોના વિશે પ્રશ્ન થાય છે કે તે પણ મુસાફર પર ફર્ઝ છે કે નહીં ? જો ફર્ઝ છે તો તેના પઢવાનો અધિકાર શાથી ? ફર્ઝમાં ઈખ્તિયાર નથી હોતો. ફર્ઝ તથા ઈખ્તિયાર જમા નથી થતા. અને જો ફર્ઝ નથી બલ્કે નફ્લ છે

તો એક તેહરીમાથી ફર્ઝ તથા નફ્લ નમાઝોનું અદા થવું શરઈ કાયદાની વિરૂધ્ધ છે. જેનું દ્રષ્ટાંત કયાંય મળશે નહીં. ફર્ઝની તકબીરે તેહરીમા અલગ હોય છે અને નફ્લની અલગ. એક તેહરીમાથી એક જ નમાઝ થઈ શકે છે ન કે બે.

સારાંશ કે એ ઈખ્તિયાર કે બે રકાત પઢે કે ચાર, તો એ શરઈ અકલથી તદ્દન વિરૂધ્ધ છે તેમ જ જેવી રીતે વતનમાં ચાર જ ફર્ઝ છે ઓછા વત્તાનો અધિકાર નથી એવી જ રીતે સફરમાં કેવળ બે રકાતો પઢવી જોઈએ, ઓછા વત્તાનો કોઈ ઈખ્તિયાર નથી.

(બીજો વિભાગ)

★ સફરમાં કસ્ર ફર્ઝ વિશે વાંધાઓ તથા જવાબો ★

આ મસ્અલા પર અમે ગૈર મુકલ્લિદ વહાબીઓ તરફથી વકીલાત કરતાં આટલા વાંધાઓ જવાબસહ રજુ કરી દઈએ છીએ જે ઈન્શાઅલ્લાહ ! ખૂદ તેમને પણ યાદ નહીં હોય. રબ તઆલા કબૂલ ફર્માવે.

વાંધા નં. ૧ : રબ તઆલા ફર્માવે છે :–

وَ اِذَا ضَرَبْتُمْ فِیْ الْاَرْضِ فَلَیْسَ عَلَیْکُمْ جُنَاحٌ اَنْ تَقْصُرُوْا مِنَ الصَّلٰوةِ اِنْ خِفْتُمْ اَنْ یَّفْتِنَکُمُ الَّذِیْ کَفَرُوْا

"અને જ્યારે તમે જમીનમાં સફર કરો તો તમારા પર ગુનાહ નથી કે અમુક નમાઝો કસરથી પઢો, જો તમને અંદેશો હોય કે કાફિર તમને ઈજા આપશે."

આ આયતથી જાણવા મળ્યું કે સફરમાં કસર ફર્ઝ નથી, બલ્કે તેની ઈજાઝત છે. કેમ કે ઈર્શાદે બારી થયો કે તમારા પર કસરમાં ગુનોહ નથી, ન કસર પઢવામાં ગુનોહ છે ન કસર ન પઢવામાં.

જવાબ : આ એતરાઝના અમુક જવાબો છે. **એક** એ કે આ આયત જાહેરી અર્થમાં તો તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે અહીં કસરના માટે કાફિરોના ખૌફની શર્ત છે કે જો તમને કાફિરોનો ડર હોય તો કસ્રમાં ગુનોહ નથી. અને તમે કહો છો કે અમ્નના સફરમાં પણ કસરની ઈજાઝત છે. હવે જે જવાબ તમે આપશો તે જ અમારો જવાબ છે !

બીજુ એ કે આ **લાજુનાહ** હાજીની સફા તથા મરવાની સઈના બારામાં પણ ઈર્શાદ થયું છે. રબ તઆલા ફર્માવે છે :

فَمَنْ حَجَّ الْبَيْتَ اَوِ اعْتَمَرَ فَلَا جُنَاحَ عَلَيْهِ اَنْ يَّطَّوَّفَ بِهِمَا

"તો જેઓ બૈતુલ્લાહની હજ્જ તથા ઉમરો કરે તેના પર એમાં ગુનોહ નથી કે સફા તથા મરવાનો તવાફ કરે."

ત્રીજુ એ કે સફરમાં કસર જો કેવળ મુબાહ હોત તો કુર્આને કરીમ આ પ્રમાણે ઈર્શાદ ફર્માવતે કે તમારા પર કસર ન કરવામાં ગુનોહ નથી. કેમ કે મુબાહની પેહચાન એ છે કે તેના કરવા ન કરવામાં ગુનોહ નથી. નહીં તો ફર્ઝ કામ કરવામાં ગુનોહ નથી થતો, બલ્કે તેના ન કરવામાં ગુનોહ થાય છે. જેથી કરવામાં ગુનોહ ન થવો મુબાહ હોવાની દલીલ નથી. ફર્ઝ વાજિબ પણ એવા જ હોય છે.

ચોથુ એ કે નબવી યુગમાં સહાબાએ કિરામને પણ ખયાલ થયો કે ચાર રકાતને બદલે બે રકાતો પઢવી ગુનોહ હશે કેમ કે આ નમાઝ અધુરી છે તેમને સમજાવવાના માટે આ ઈર્શાદ થયો. જેથી આયત તદ્દન સ્પષ્ટ છે, તમારા માફક નથી.

વાંધા નં. ૨ : શરહુસ્સુન્નહ્માં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે :

قَالَتْ كُلُّ ذَالِكَ قَدْ فَعَلَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَصَرَ الصَّلٰوةَ وَ اَتَمَّ

"ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સર્વ કાંઈ કર્યું, કસ્ર પણ કરી અને પૂરી નમાઝ પણ પઢી."

આ હદીષથી જાણવા મળ્યું કે સફરમાં કસ્ર પણ સુન્નત છે અને પૂરી પણ સુન્નત. કેવળ કસ્ર ફર્ઝ નથી.

જવાબ : આ વાંધાના અમુક જવાબો છે. **એક** એ કે એની અસ્નાદમાં ઈબ્રાહીમ ઈબ્ને યહ્યા છે જે તમામ મુહદ્દિષોની નજીક ઝઈફ છે જેથી આ હદીષ તદ્દન અમલને પાત્ર નથી. જુઓ મિર્કાત શરહે મિશ્કાતમાં આ હદીષની શરહ.

બીજુ એ કે આ હદીષ તે તમામ હદીષોની વિરૂધ્ધ છે જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા છીએ કે જલીલુલ કદર સહાબા ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હમેશાં સફરમાં બે રકાતો પઢી.

ત્રીજુ એ કે આ હદીષ ખૂદ ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની એ રિવાયતની પણ વિરૂધ્ધ છે જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી. આપ ફર્માવે છે કે "પ્રથમ નમાઝ બે બે રકાત ફર્ઝ હતી પછી સફરની તો બે બે જ રકાતો ફર્ઝ કરી પણ વતનમાં અમુક નમાઝોમાં ઉમેરો કરી દેવામાં આવ્યો." આવું કેમ કરીને થઈ શકે છે કે સફરમાં બે રકાતો ફર્ઝ પણ હોય અને કદી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ચાર રકાત પણ પઢી લીધી હોય ?! જેથી આ હદીષની તાવીલ કરવી વાજિબ છે.

ચોથુ એ કે આ હદીષમાં સફર શબ્દ નથી. એટલે કે આપે એવું નથી ફર્માવ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સફરમાં કસર તથા પૂર્ણ પઢી. જેથી હદીષનો અર્થ એ છે કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પ્રારંભિક ઈસ્લામમાં શરૂમાં કસર એટલે દરેક નમાઝ બે બે રકાત પઢી, પછી જ્યારે રકાતો વધારી દેવામાં આવી અને અમુક ત્રણ, તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂર્ણ પઢી, એટલે કે બેથી વધારે. આ સ્થિતિમાં આ હદીષ તદ્દન સ્પષ્ટ થઈ ગઈ અને આ હદીષની વિરૂધ્ધ પણ ન રહી.

પાંચમુ એ કે જો અહીં સફરની હાલતમાં કસર તથા પૂર્ણતા મુરાદ હોય તો પણ મતલબ એ થશે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સફરની હાલતમાં કસ્ર પઢી. અને જ્યારે કયાંક ૧૫ દિવસ રોકાવાની નિય્યત કરી તો પૂર્ણપણે પઢી. હજી પણ હદીષ તદ્દન સ્પષ્ટ છે.

★ અજબનો લતીફો ! ★

ગૈર મુકલ્લિદ વહાબી હમેશાં હનફીઓની મુસ્લિમ, બુખારીની હદીષોની માંગણી કરે છે, પણ તેમણે ખૂદ રજુ કરવી પડે તો બુખારી કે મુસ્લિમની હોય કે ન હોય, સહીહ હોય કે ન હોય ગમે તે પ્રકારની હદીષ રજુ કરી દેવામાં શરમ નથી અનુભવતા.

આ હદીષ એવી ઝઈફ છે કે એને સિહાહ સિત્તહે રિવાયત ન કરી, ઈમામ તિર્મિઝીએ પણ એ હદીષનો ઉલ્લેખ સુધ્ધાં ન કર્યો, બલ્કે તે એવુ કહેવા પર મજબૂર થઈ ગયા કે કસ્ર તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને ખુલફાએ રાશિદીનથી સાબિત છે, ઈત્મામ (પૂર્ણતા) એ કેવળ આઈશા સિદીકા رضی اللہ عنہا નો પોતાનો અમલ છે. જેમ કે ઈમામ તિર્મિઝી કસ્ર નમાઝના પ્રકરણમાં ઈર્શાદ ફર્માવે છે :

وَقَدْ صَحَّ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ كَانَ يَقْصِرُ فِيْ السَّفَرِ وَ اَبُوْبَكْرٍ وَ عُمَرَ وَ عُثْمَانُ صَدْراً مِّنْ خِلَافَتِهٖ وَ الْعَمَلُ عَلٰى هٰذَا عِنْدَ اَكْثَرِ اَهْلِ الْعِلْمِ مِنْ اَصْحَابِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَغَيْرِهِمْ

''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સહીહ હદીષ એ જ સાબિત છે કે આપ હમેશાં સફ઼રમાં કસ્ર કરતા હતા. અને અબૂબક્ર સિદીક પણ ઉમર ફારૂક પણ હઝરત ઉષ્માન પણ પોતાની ખિલાફતની શરૂઆતમાં અને એના પર જ મોટા ભાગના ઉલમા સહાબા તથા ગૈર સહાબાનો અમલ છે.''

આ સફ઼રમાં પૂર્ણ પઢવાના બારામાં ઈમામ તિર્મિઝી ખૂબ જ ઝઈફ તરીકાથી ફર્માવે છે કે :–

وَقَدْ رُوِيَ عَنْ عَائِشَةَ اَنَّهَا كَانَتْ تُتِمُّ الصَّلٰوةَ فِيْ السَّفَرِ

''હા ! આઈશા સિદીકા رضی اللہ عنہا થી રિવાયત છે, આપ સફ઼રમાં પૂર્ણ પઢતાં હતાં.''

જો આઈશા સિદીકા رضی اللہ عنہا ની તે મરફૂઅ હદીષ વિશ્વાસપાત્ર હોત જે પેશ કરી તો ઈમામ તિર્મિઝી મરફૂઅ હદીષને છોડીને કેવળ આઈશા સિદીકા رضی اللہ عنہا ના અમલ શરીફનો ઉલ્લેખ ન કરતા.

મજાની વાત એ છે જે આગળ ફર્માવે છે :–

وَالْعَمَلُ عَلٰى مَا رُوِيَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ اَصْحَابِهٖ

''અમલોના પર છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તથા આપના સહાબાથી મરવી છે. (એટલે કસર).

ઈમામ તિર્મિઝીના આ કથનથી પણ કસ્ર તથા પૂર્ણ બંનેનો ઈખ્તિયાર

આપતાં ન હતાં. બલ્કે આપ હમેશાં સફરમાં પૂર્ણ કરતાં હતાં. ઈલ્મવાળાઓએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અમલ શરીફ પર અમલ કર્યો એટલે હમેશાં કસ્ર પઢી.

વાંધા નં. ૩ : નિસાઈ તથા દારકુત્ની તથા બૈહકીએ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી :

قَالَتْ خَرَجْتُ مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِىْ عُمْرَةِ رَمَضَانَ فَطَرَ وَ صُمْتُ وَ قَصَرَ وَ اَتْمَمْتُ فَقُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ قَصَرْتَ وَ اَتْمَمْتُ وَ اَفْطَرْتَ وَ صُمْتُ قَالَ اَحْسَنْتِ يَا عَائِشَةُ وَ مَا عَابَ عَلَىَّ

"ફર્માવે છે કે હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે રમઝાનના ઉમરામાં ગઈ. તો આપે રોઝો ન રાખ્યો મેં રાખ્યો. આપે નમાઝ કસર પઢી મેં પૂરી પઢી, એટલે પૂર્ણ (ચાર). તો મેં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! આપે કસર કરી, મેં પૂરી પઢી, આપે ઈફતાર કર્યો મેં રોઝો રાખ્યો. ફર્માવ્યું, હે આઈશા ! તમે સારું કર્યું મારા પર વાંધો ન ઉઠાવ્યો."

આ હદીષથી જાણવા મળ્યું કે સફરમાં કસર પણ જાઈઝ અને પૂર્ણ પઢવું પણ જાઈઝ છે.

જવાબ : આ હદીષ ઝઈફ જ નથી બલ્કે તદ્દન ગલત અને બનાવટી છે. કેમ કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈ ઉમરો રમઝાનમાં નથી કર્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કુલ ચાર ઉમરા કર્યા છે જે સૌ ઝીલ કઅદામાં હતા. અલબત્ત હજ્જતુલ વિદાઅના ઉમરાનો એહરામ તો ઝીલ કઅદામાં હતો અને ઉમરાની વિધિ ઝીલહજ્જમાં અદા થઈ. ખાસ કરીને હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا નું રમઝાનના ઉમરામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે હોવું એવો વિચિત્ર તથા ગુંચવણયો મસ્અલો છે કે જેને વહાબી સાહેબો જ હલ કરી શકે છે ! વહાબીઓ ! પહેલાં પોતાની વાત બુધ્ધિના ત્રાજવામાં તોલો પછી કાંઈ બોલો !

વાંધા નં. ૪ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત કરી :

قَالَ صَلّٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِمِنىٰ رَكْعَتَيْنِ وَ اَبُوْبَكْرٍ وَ عُمَرُ بَعْدَ اَبِىْ بَكْرٍ وَ عُثْمَانُ صَدْراً مِّنْ خِلَافَتِهٖ ثُمَّ اِنَّ عُثْمَانَ صَلّٰى بَعْدُ اَرْبَعاً فَكَانَ ابْنُ عُمَرَ اِذَا صَلّٰى مَعَ الْاِمَامِ صَلّٰى اَرْبَعاً وَ اِذَا صَلّٰى وَحْدَهٗ صَلّٰى رَكْعَتَيْنِ

''ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મિનામાં બે રકાતો પઢી. અબૂબક્રએ તેમના પછી ઉમર ફારૂકે તથા ઉષ્માન ગનીએ પોતાની શરૂ ખિલાફતમાં. પછી હઝરત ઉમરે ચાર રકાતો મિનામાં પઢી. હઝરત ઈબ્ને ઉમર જ્યારે ઈમામની સાથે પઢતા હતા તો ચાર પઢતા, જ્યારે એકલા પઢતા તો બે પઢતા.''

જો સફરમાં કસર ફર્ઝ અને પૂરી પઢવી નાજાઈઝ હોત તો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ મિના શરીફમાં પૂરી કેમ પઢતા ?

જવાબ : એના કેટલાક જવાબો છે. **એક** એ કે આ હદીષ આપની તદ્દન વિરૂધ્ધ છે. તમે તો મુસાફરને કસ્ર પૂરી પઢવાનો ઈખ્તિયાર આપ્યો છે કે ચાહે કસ્ર કરે ચાહે પૂરી પઢે પણ આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અને સિદ્દીક તથા ફારૂક رَضِیَ اللّٰہُ عَنْہُمَا એ હમેશાં કસ્ર પઢી. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ એ પોતાની ખિલાફતના પ્રારંભમાં જ્યારે કસ્ર પઢી તો પૂરી ન પઢી, પછી જ્યારે પૂરી પઢવા લાગ્યા તો કસ્ર ન પઢી. પણ ઈખ્તિયાર કોઈ બુઝુર્ગે નથી આપ્યો. તમારો આ ઈખ્તિયાર કયાંથી સાબિત છે ?!

બીજુ એ કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ કેવળ મિનામાં પૂરી પઢી, આમ સફરોમાં નહીં. જાણવા મળ્યું કે હઝરત ઉષ્માનગની પણ આમ સફરોમાં પૂરી પઢવાનું માનવાવાળા ન હતા. કોઈ ખાસ કારણે મિના શરીફમાં પૂરી પઢતા હતા.

ત્રીજુ એ કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નું મિનામાં પૂર્ણ પઢવું એટલા માટે ન હતું કે આપ કસ્ર તથા પૂર્ણ બંનેને જાઈઝ માનતા હતા બલ્કે તેનુ કારણ અન્ય હતું. શું કારણ હતું એના વિશે બે રિવાયતો છે. ઈમામ અહમદ ઈબ્ને હંબલે રિવાયત કરી કે જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ મિનામાં ચાર

રકાતો પઢી તો લોકોએ ઈન્કાર કર્યો. તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે હું મક્કા મોઅઝ્ઝમામાં અલ્લાહવાળો (ઘરવાળો) થયો છું અને મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે જે કોઈ મક્કા મોઅઝ્ઝમામાં અહલવાળો થઈ જાય તે ત્યાં મુકીમની નમાઝ પઢે. જેમ કે મુસ્નદે ઈમામ અહમદની હદીષના અંતિમ શબ્દો આ છે :–

اَنَّهٗ صَلّٰی بِمِنیٰ اَرْبَعَ رَکْعَاتٍ فَاَنْکَرَ النَّاسُ عَلَیْهِ فَقَالَ اَیُّهَا النَّاسُ اِنِّیْ تَاَهَّلْتُ بِمَکَّةَ مُنْذُ قَدِمْتُ وَ اِنِّیْ سَمِعْتُ الخ

''હઝરત ઉષ્માને મિના શરીફમાં ચાર રકાત પઢી તો લોકોએ આપના પર વાંધો ઉઠાવ્યો. તો આપે ફર્માવ્યું કે જ્યારથી હું મક્કા મોઅઝ્ઝમામાં આવ્યો છું, હું ઘરવાળો થઈ ગયો છું.'' (મિર્કાત, ફત્હુલ કદીર)

આ રિવાયતથી ત્રણ મસ્અલા જાણવા મળ્યા. એક એ કે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ એ કેવળ મિનામાં ચાર રકાતો પઢી, દરેક સફરમાં નહીં. બીજુ એ કે સર્વ સહાબાએ આપના આ કૃત્યનો વિરોધ કર્યો જેનાથી જાણવા મળે છે કે સહાબા હમેશાં સફરમાં કસર જ કરતા હતા, પૂરી કદી કરતા ન હતા, નહીં તો આપ વાંધો ન ઉઠાવતે. ત્રીજુ એ કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ મક્કા મોઅઝ્ઝમામાં જમીન ખરીદી લીધી, ત્યાં મકાન બનાવી લીધું, ત્યાં પોતાની એક પત્નીને રાખી એટલે મક્કા મોઅઝ્ઝમા આપનું એક પ્રકારનું વતન બની ગયું. અને પોતાના વતનમાં કોઈ એક દિવસ માટે પણ જાય તો મુકીમ થશે અને કસ્ર ન પઢે, પૂરી નમાઝ પઢે. જેથી હઝરત ઉષ્માન رضی اللہ عنہ નો આ અમલ ઈખ્તિયારવાળા મસ્અલાથી કોસો દૂર છે.

બીજી રિવાયત એ છે કે ઉષ્માની યુગના નવ મુસ્લિમોએ હજ્જમાં હઝરત ઉષ્માન رضی اللہ عنہ ને બે રકાત પઢતા જોઈને સમજ્યા કે ઈસ્લામમાં નમાઝો બે બે રકાતો જ ફર્ઝ છે. જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને આ ગલત ફહમીની જાણ થઈ તો આપે આ ગલત ફહમીને દૂર કરવાના માટે કેવળ મિનામાં પૂરી પઢી, એટલે ચાર રકાતો પઢી.

જેમ કે અબ્દુર્રઝ્ઝાક તથા દારકુત્નીએ ઈબ્ને જરીહથી રિવાયત કરી :

بَلَغَنِیْ اَنَّهٗ اَوْفٰی اَرْبَعاً بِمِنٰی فَقَطْ مِنْ اَجْلِ اَنَّ اَعْرَابِیاً نَادَاهُ فِیْ مَسْجِدِ خِیْفٍ بِمِنٰی یَا اَمِیْرَالْمُؤْمِنِیْنَ مَازِلْتُ اُصَلِّیْهَا رَکْعَتَیْنِ مُنْذُ رَأَیْتُکَ عَامَ الْاَوَّلِ صَلَّیْتُهَا رَکْعَتَیْنِ فَخَشِیَ عُثْمَانُ اَنْ یَّظُنَّ جُهَّالُ النَّاسِ الصَّلٰوةَ رَکْعَتَیْنِ وَ اِنَّمَا کَانَ اَوْفَاهَا بِمِنٰی

"મને એ ખબર પહોંચી છે કે હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ કેવળ મિનામાં જ ચાર રકાતો પઢી. કેમ કે એક ગામડિયાએ મસ્જિદે ખૈફમાં આપને પોકારીને કહ્યું કે, હું બરાબર બે રકાતો જ પઢી રહ્યો છું જ્યારથી કે ગયા વર્ષે મેં તમને બે રકાતો પઢતાં જોયા ! તો ઉષ્માન ગની رضی اللہ عنہ ને ખતરો પેદા થયો કે જાહિલો નમાઝની બે રકાતો જ સમજી લેશે એટલા માટે આપે મિનામાં ચાર રકાતો પઢી."

ઈમામ અહમદ તથા અબ્દુર્રઝ્ઝાકની આ બંને રિવાયતો એવી રીતે ભેગી કરી શકાય છે કે જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને લોકોની આ ગલત ફહમીની જાણ થઈ તો આપે મક્કા મોઅઝ્મામાં પોતાનું ઘરબાર બનાવી લીધું જેથી આપ ત્યાં મુકીમ થયા કરે અને નમાઝ પૂરી પઢયા કરે.

જેથી હઝરત ઉષ્માન رضی اللہ عنہ ના અમલ શરીફથી વહાબી ગૈર મુકલ્લિદ કોઈ રીતે દલીલ નથી પકડી શકતો.

વાંધા નં. ૫ : જેવી રીતે શરીઅતે મુસાફરને રોઝાનો ઈખ્તિયાર આપ્યો છે કે રોઝા રાખે અથવા ન રાખે. મુસાફિર પર સફર દરમ્યાન ન રોઝા રાખવા ફર્ઝ છે ન કઝા કરવા ફર્ઝ, એવી જ રીતે જોઈએ કે મુસાફરને સફરમાં નમાઝનો ઈખ્તિયાર હોય કે ચાહે તો કસ્ર કરે ચાહે તો પૂરી પઢે. એના પર કસર અનિવાર્ય કરી દેવી રોઝાના ઈખ્તિયારની વિરૂધ્ધ છે.

જવાબ : શુક છે તમે પણ કયાસના માનવાવાળા થઈ ગયા ! કે નમાઝના કસ્રને રોઝાની કઝા પર કયાસ કરવા લાગ્યા. મુકલ્લિદ હનફી કયાસને માને તો તમારી નજીક મુશ્રિક થઈ જાય ! અને તમે કયાસ કરો તો મજબૂત તૌહિદીયા રહો ! અફસોસ !

જનાબ ! રોઝા સફરમાં માફ નથી થયા, બલ્કે મુસાફરને રોઝા કઝા કરવાની ઈજાઝત મળી. જો સફરમાં રાખે તો પૂરા અને જો કઝા કરે તો પૂરાની. પણ

ફર્ઝ નમાઝ સફરમાં અડધી માફ થઈ ગઈ છે કે ચાર રકાતવાળી નમાઝની કેવળ બે રકાત બાકી રહી ગઈ, બાકી બે રકાતો ન હમણા પઢે ન વતન પહોંચીને. માફી ઓર ચીજ છે અને મોડુ કરવાની ઈજાઝત કાંઈ ઓર. જેની નમાઝની કસ્રને રોઝાના મોડેથી (પાછળથી) રાખવા પર કયાસ કરવું નિરર્થક છે. મુસાફિર પર રોઝા માફ ન થયા, નહીં તો તેની કઝા વાજિબ ન થાત. તેના પર રોઝા ફર્ઝ છે.

પણ આ બે રકાતો તેને માફ છે એટલા માટે એની કઝા નથી. જેથી આ રકાતો તેના માટે નફલ છે અને નફ્લ નમાઝ ફર્ઝની તેહરીમાથી અદા થવી શરઈ કાયદાની વિરૂધ્ધ છે.

મસ્અલા : મુસાફિર પર ફર્ઝ છે કે વતનમાં પહોંચતાં જ સફરના રહેલા રોઝાની કઝા શરૂ કરી આપે. જો સફરમાં આઠ રોઝા કઝા થયા તો વતનમાં પહોંચીને ચાર દિવસ બાદ મૃત્યુ પામ્યો તો કિયામતમાં તે ચારેવની પકડ થશે, બાકી ચાર રોઝાઓ પર પકડ નથી, કેમ કે તેને કઝા કરવાનો સમય જ નથી પામ્યો. એ જ પ્રમાણે બીમાર તથા હૈઝવાળી સ્ત્રીનો હુકમ છે કે શિફા પામતાં જ રોઝાઓની કઝા શરૂ કરી આપે.

ફજરની નમાઝ અજવાળામાં પઢો

હનફીઓની નજીક બેહતર એ છે કે ફજરની નમાઝ ખૂબ ઉજાસમાં પઢવામાં આવે, જ્યારે સૂરજ ઉગવામાં અડધો કલાક બાકી હોય તો જમાઅત ઉભી થાય. પણ ગૈર મુકલ્લિદ વહાબીઓની નજીક ફજરની નમાઝ તદ્દન શરૂ સમયમાં એટલે ખૂબ અંધારામાં પઢવી જોઈએ. એટલા માટે અમે આ પ્રકરણના પણ બે વિભાગો પાડીએ છીએ. પ્રથમ વિભાગમાં તેની સાબિતી અને બીજા વિભાગમાં તેના સવાલો જવાબસહ.

જરૂરી નોંધ : યાદ રાખશો કે હનફી મઝહબમાં બે નમાઝો એટલે મગરિબની નમાઝ અને શિયાળાની ઝોહર આ બે નમાઝો સિવાય તમામ નમાઝ થોડે મોડેથી પઢવી અફઝલ છે. મગરિબની નમાઝમાં જલ્દી કરવું મુસ્તહબ છે એવી જ રીતે ઠંડીની ઋતુમાં ઝોહરની નમાઝમાં જલ્દી કરવું મુસ્તહબ છે. જો અમને આ કિતાબ લાંબી થવાનો ભય ન હોત તો અમે નમાઝને મોડુ કરવા પર દલીલો રજુ કરત. અહીં કેવળ ફજરની તાખીર (મોડુ કરવા) પર સંપૂર્ણ ચર્ચા કરીએ છીએ. જેથી વાંચકો વિચાર કરે કે હનફી મઝહબ કેટલો પુખ્તા તથા દલીલપૂર્ણ છે.

(પ્રથમ વિભાગ)

★ ફજરની નમાઝમાં અજવાળુ સવાબનો સબબ છે ★

દરેક જમાનામાં તથા ઋતુમાં મુસ્તહબ એ છે કે ફજરની નમાઝ ખૂબ રોશની ફેલાઈ જાય ત્યારે પઢવામાં આવે, અલબત્ત ૧૦મી ઝીલહજ્જના રોજ હાજી લોકો મુઝદલ્ફામાં ફજર અંધારામાં પઢે. એના માટે ઘણી હદીષો સાક્ષી છે. જેમાંથી અમુક નમૂના પેશ કરવામાં આવે છે.

હદીષ ૧ થી ૮ : તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ્, બયહકી, ઈબ્ને હબ્બાન, અબૂ દાઉદ તયાલસી તથા તિબ્રાનીએ થોડા ફેરફાર સાથે હઝરત રાફેઅ ઈબ્ને ખદીજ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَسْفِرُوْا بِالْفَجْرِ فَاِنَّهٗ اَعْظَمُ لِلْاَجْرِ وَ قَالَ التِّرْمِذِىُ حَدِيْثٌ صَحِيْحٌ

''તેઓ ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે ફજરની નમાઝ ખૂબ અજવાળુ કરીને પઢો કે તેનો સવાબ વધારે છે. તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ સહીહ છે.''

યાદ રાખશો કે આ હદીષમાં અજવાળુ કરવાથી મુરાદ ખૂબ ઉજાસ કરવું છે જ્યારે કે રોશની ફેલાઈ જાય. એ મતલબ નથી કે ફજર યકીનન થઈ જાય, કેમ કે તેના વગર તો નમાઝ થતી જ નથી. જે અજવાળાથી સવાબ વધી જાય છે તે એ જ રોશની છે જે અમે જણાવી.

હદીષ નં. ૯ થી ૧૦ : બુખારી તથા મુસ્લિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ مَا رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَلّٰى صَلٰوةً بِغَيْرِ وَقْتِهَا اِلَّا بِجَمْعٍ فَاِنَّهٗ جَمَعَ بَيْنَ الْمَغْرِبِ وَ الْعِشَاءِ بِجَمْعٍ وَ يُصَلِّىْ صَلٰوةَ الصُّبْحِ مِنَ الْغَدِ قَبْلَ وَقْتِهَا

''મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કયારેય ન જોયા કે આપે કોઈ નમાઝ ગૈર વકતમાં પઢી, એકલા મુઝદલ્ફા સિવાય કે ત્યાં હુઝૂરે મગરિબ તથા ઈશા જમા કરી અને તેની સવારે ફજરની નમાઝ તેના સમયથી પહેલાં પઢી.''

એનાથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم હમેશાં ફજરની નમાઝ ખૂબ જ રોશનીમાં પઢતા હતા. પણ મુઝદલ્ફામાં દસમી ઝીલ હજ્જના રોજ અંધારામાં એટલે ફજરના તદ્દન શરૂ સમયમાં પઢયા. તો જો હુઝૂર હમેશાં જ અવ્વલ વકતમાં ફજર પઢતા હોત તો મુઝદલ્ફામાં પઢવાનો શો અર્થ ? કેમ કે એનાથી પહેલાં તો ફજરનો સમય થતો જ નથી.

યાદ રાખશો કે મુઝદલ્ફામાં કોઈ નમાઝ પોતાના સમયથી વહેલી નથી થતી, હા ! મગરિબની નમાઝ ઈશાના સમયમાં અદા થાય છે કે અને ફજરની નમાઝ પોતાના સમયમાં થાય છે. એના પર આખી ઉમ્મતનો ઈત્તેફાક છે અને આ હદીષનો એ અર્થ નથી કે હુઝૂરે ફજરની નમાઝ સમય થતા પહેલાં પઢી એટલે રાતમાં પઢી બલ્કે દર રોજના નિયમિત સમય કરતાં પહેલાં પઢી. આ અર્થ પર હદીષ તદ્દન સ્પષ્ટ છે.

હદીષ નં. ૧૦ થી ૧૪ : અબૂ દાઉદ તયાલ્સી, ઈબ્ને અબી શૈબા, ઈસ્હાક ઈબ્ને રાહવિયહ્, તિબ્રાનીએ મોઅજમમાં હઝરત રાફેઅ ઈબ્ને ખદીજથી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لِبِلَالٍ يَا بِلَالُ نَوِّرْ بِصَلٰوةِ الصُّبْحِ حَتّٰى يَبْصُرَ الْقَوْمُ مَوَاقِعَ نَبْلِيْهِمْ مِنَ الْاِسْفَارِ

''ફર્માવે છે કે હુકમ આપ્યો હુઝૂરે હઝરત બિલાલને. ફર્માવ્યું, હે બિલાલ ! સવારની નમાઝમાં અજવાળુ કરી લીધા કરો. ત્યાં સુધી કે લોકો અજવાળાના કારણે પોતાના ફેંકેલા તીરની જગા જોઈ લીધા કરે.''

આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફજ્રની નમાઝ એવા સમયે પઢવાનો હુકમ આપ્યો જ્યારે તે તીરંદાઝ પોતાનું તીર પડવાની જગાને જોઈ શકે અને એ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે ખૂબ ઉજાસ થઈ જાય.

હદીષ નં. ૧૫ : દયલમીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ نَوَّرَ بِالْفَجْرِ نَوَّرَ اللّٰهُ فِىْ قَبْرِهٖ وَ قَلْبِهٖ وَ قِيْلَ صَلٰوتِهٖ

''ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જે ફજરની નમાઝ રોશનીમાં પઢે અલ્લાહ તેની કબ્ર અને તેના દિલમાં રોશની કરે. એક રિવાયતમાં છે કે, તેની નમાઝમાં રોશની કરે.''

હદીષ નં. ૧૬–૧૭ : તિબ્રાનીએ અવસતમાં અને બઝ્ઝારે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا تَزَالُ اُمَّتِىْ عَلَى الْفِطْرَةِ مَا اَسْفَرُوْا بِصَلٰوةِ الْفَجْرِ

''ફર્માવે છે કે ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે મારી ઉમ્મત દીને ફિતરત પર રહેશે જ્યાં સુધી કે ફજરની નમાઝ અજવાળામાં પઢે.''

હદીષ નં. ૧૮ થી ૨૩ : તહાવી, બુખારી, મુસ્લિમ, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ્એ થોડા તફાવત સાથે હઝરત યસાર ઈબ્ને સલામહ્થી રિવાયત કરી :–

قَالَ دَخَلْتُ مَعَ اَبِىْ عَلٰى اَبِىْ بَرْزَةَ يَسْئَلُهٗ اَبِىْ بِصَلٰوةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ كَانَ يَنْصَرِفُ مِنْ صَلٰوةِ الصُّبْحِ وَ الرَّجُلُ يَعْرِفُ وَجْهَ جَلِيْسِهٖ وَ كَانَ يَقْرَأُ فِيْهَا بِالسِّتِّيْنَ اِلَى الْمِأَةِ

''હું મારા વાલિદની સાથે હઝરત અબૂ બરઝહ્ સહાબીની પાસે ગયો. મારા વાલિદ તેમને હુઝૂરની નમાઝના વિશે પૂછતા હતા. તો તેમણે ફર્માવ્યું કે હુઝૂર ફજરની નમાઝથી એ સમયે ફારિગ થતા જ્યારે દરેક શખ્સ પોતાના સાથીનો ચહેરો ઓળખી લેતો હતો. જો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાઈઠથી સો આયતો સુધી પઢતા હતા.

હદીષ નં. ૨૪ : તહાવી શરીફે હઝરત અબ્દુર્રહ્માન ઈબ્ને યઝીદથી રિવાયત કરી :–

قَالَ كُنَّا نُصَلِّىْ مَعَ اِبْنِ مَسْعُوْدٍ فَكَانَ يُسْفِرُ بِصَلٰوةِ الصُّبْحِ

''ફર્માવે છે કે અમે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની સાથે ફજરની નમાઝ પઢતા હતા. આપ ખૂબ જ ઉજાસમાં નમાઝ પઢતા હતા.''

હદીષ નં. ૨૫ : બયહકીએ સુનને કુબરામાં અબૂ ઉષ્માન નહદીથી રિવાયત કરી :–

قَالَ صَلَّيْتُ خَلْفَ عُمَرَ الْفَجْرَ فَمَا سَلَّمَ حَتّٰى ظَنَّ الرِّجَالُ ذُوالْعُقُوْلِ اَنَّ الشَّمْسَ طَلَعَتْ

''ફર્માવે છે કે મેં હઝરત ઉમરની પાછળ ફજર પઢી તો આપે ન સલામ ફેરવી ત્યાં સુધી કે અક્કલવાળા લોકો સમજ્યા કે

فَلَمَّا سَلَّمَ قَالُوْا يَا اَمِيْرَالْمُؤْمِنِيْنَ كَادَتِ الشَّمْسُ تَطْلَعُ قَالَ فَتَكَلَّمَ بِشَيْءٍ لَمْ اَفْهَمْهُ فَقُلْتُ اَيَّ شَيْءٍ قَالَ قَالُوْا لَوِ الطَّلَعَتِ الشَّمْسُ لَمْ تَجِدْنَا غَافِلِيْنَ

સૂરજ નીકળી આવ્યો. જ્યારે આપે સલામ ફેરવી તો લોકોએ કહ્યું કે હે અમીરુલ મોમિનીન! સૂરજ નીકળવાની તૈયારી જ છે. આપે કાંઈક ફર્માવ્યું જે હું ન સમજી શકયો. મેં લોકોને પૂછયું કે હઝરત ઉમરે શું ફર્માવ્યું ? લોકોએ જણાવ્યું કે એવું ફર્માવ્યું કે જો સૂરજ નીકળી આવત તો આપણને ગાફેલ ન પામત."

હદીષ નં. ૨૬ : બયહકીએ સુનને કુબરામાં હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરી :–

قَالَ صَلّٰى بِنَا اَبُوْبَكْرٍ صَلٰوةَ الصُّبْحِ فَقَرَأَ اٰلَ عِمْرَانَ فَقَالُوْا كَادَتِ الشَّمْسُ تَطْلَعُ قَالَ لَوِ اطَّلَعَتْ لَمْ تَجِدْنَا غَافِلِيْنَ

"ફર્માવે છે કે અમને અબૂબક્ર સિદ્દીકે ફજરની નમાઝ પઢાવી તેમાં સૂરએ આલે ઈમરાન પઢી. લોકોએ કહ્યું કે સૂરજ નીકળવાની તૈયારી છે, આપે ફર્માવ્યું કે જો નીકળી આવત તો અમને ગાફિલ ન પામત."

હદીષ નં. ૨૭–૨૮ : તહાવી અને મુલ્લા ખુસરૂ મુહદ્દિષે પોતાની સનદમાં ઈમામે આઝમ અબૂ હનીફાથી તેમણે હમ્માદથી તેમણે ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી :–

قَالَ مَا اجْتَمَعَ اَصْحَابُ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلٰى شَيْءٍ كَاجْتِمَاعِهِمْ عَلَى التَّنْوِيْرِ فِى الْفَجْرِ وَالتَّعْجِيْلِ فِى الْمَغْرِبِ قَالَ الطَّحَاوِىُ لَا يَصِحُّ اَنْ يَّجْتَمِعُوْا عَلٰى خِلَافِ مَا كَانَ عَلَيْهِ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

"ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબા કોઈ મસ્અલા પર એવા એકમત નથી થયા જેવા ફજરની નમાઝની રોશની અને મગરિબની જલ્દી પર એકમત થયા. ઈમામ તહાવી ફર્માવે છે કે એ અશકય છે કે સહાબાએ કિરામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિરૂધ્ધ અમલ પર એકમત થઈ જાય."

આ હદીષોથી જાણવા મળ્યું કે હઝરત અબૂબક્ર તથા ઉમર ફારૂક ખૂબ ઉજાસમાં ફજરની નમાઝ પઢતા હતા, ત્યાં સુધી કે લોકોને સૂરજ નીકળી આવવાની શંકા થઈ હતી. અને સહાબાએ કિરામની સંમતિપૂર્વકનો અમલ એના પર હતો કે ફજરની નમાઝ ખૂબ જ અજવાળામાં પઢવામાં આવે.

હદીષ નં. ૨૯ : તહાવી શરીફે હઝરત અલી ઈબ્ને રબીઅહ્થી રિવાયત કરી :–

قَالَ سَمِعْتُ عَلِياً يَقُوْلُ يَا قَنْبَرُ اَسْفِرْ اَسْفِرْ

"ફર્માવે છે કે મેં હઝરત અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريم ને ફર્માવતાં સાંભળ્યા કે ફર્માવતા હતા, હે કમ્બર ! અજવાળુ કરો."

જાણવા મળ્યું કે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ખૂબ જ અજવાળામાં ફજર પઢતા હતા, જેમ કે **અસ્ફિર** બે વાર ફર્માવવાથી જણાય છે.

અમે અહીં આ ૨૯ હદીષો નમૂનારૂપે પેશ કરી. જો અધિક સંશોધન કરવું હોય તો તહાવી શરીફ અને સહીહુલ બિહારી શરીફનો અભ્યાસ કરો. સારાંશ કે જાણવા મળ્યું કે અજવાળામાં ફજર પઢવી સુન્નતે રસૂલ, સુન્નતે સહાબા તથા સહાબાએ કિરામનો સર્વસંમતિપૂર્વકનો અમલ છે.

બુદ્ધિનો તકાદો પણ એ જ છે કે ફજરની નમાઝ અજવાળામાં પઢવામાં આવે. એના કેટલાક કારણો છે. **એક** એ કે ફજરનો શાબ્દિક અર્થ છે અજવાળુ અને રોશની. જેથી ફજરની નમાઝ અજવાળામાં પઢવાથી કામ પણ નામના પ્રમાણે થઈ જશે. અને અંધારામાં પઢવું નામથી વિરૂધ્ધ જશે. **બીજુ** એ કે અજવાળામાં નમાઝ પઢવી જમાઅતથી અધિકતાનો સબબ છે. કેમ કે મોટા ભાગના મુસલમાન સવારે મોડા ઉઠે છે. જો જલ્દી પણ ઉઠે તો તે વખતે ઈસ્તિન્જા કરવો, વુઝૂ કરવું, સુન્નતો પઢવાની હોય છે. કેટલાક લોકો તે સમયે સુન્નતો બાદ ઈસ્તિગ્ફાર અને કાંઈક અમલો, ઝિક્રો કરે છે. શરૂ સમયમાં જમાઅત કરી લેવાથી ઘણા લોકો જમાઅતથી અથવા તકબીરે ઉલાથી રહી જાય છે. અજવાળામાં પઢવાથી તમામ નમાઝી બખૂબી જમાઅતની તકબીરે ઉલામાં શિર્કત કરી શકે છે. જુઓ ! નબી કરીમ صلى الله تعالى عليه وسلم એ હઝરત મઆઝને લાંબી

કિરાઅતથી એટલા માટે મના ફર્માવી દીધુ હતું કે તેમના મુકતદીઓ પર ભારરૂપ બનતી હતી, જેના કારણે જમાઅત ઘટી જાય એના પર પરહેઝ કરવું બેહતર છે. જે જમાઅતની અધિકતાનો સબબ હોય તો તે બેહતર છે. અંધારું જમાઅતની કમી (ઘટાડો)નો સબબ છે, અજવાળુ જમાઅતની અધિકતા અને મુસલમાનોની આસાનીનો ઝરીયો છે જેથી અજવાળુ કરીને નમાઝ પઢવી બેહતર છે. ત્રીજુ એ કે અંધારામાં મુસલમાનોને મસ્જિદમાં આવવું મુશ્કેલ થશે, અજવાળામાં આસાન પડે. જેમ કે હઝરત ઉમરને જ્યારે અંધારામાં બરાબર નમાઝની હાલતમાં શહીદ કરવામાં આવ્યા તો સહાબાએ કિરામે ફજરમાં ખૂબ જ અજવાળુ કરવાની ગોઠવણ કરી. જુઓ તહાવી શરીફ, સહીહુલ બિહારી તથા ઈબ્ને માજહ વગેરે.

ચોથુ એ કે ફજરની નમાઝને અમુક બાબતોમાં ફજરની નમાઝથી મળ તાપણુ છે. મગરિબ રાતની પ્રથમ નમાઝ છે તો ફજર દિવસની પ્રથમ નમાઝ છે. મગરિબ કારોબાર બંધ થવાનો સમય છે તો ફજર કારોબાર ખુલવાનો સમય છે; મગરિબ ઊંઘવાનો તો ફજર જાગૃત થવાની શરૂઆતનો સમય છે. હમેશાં ફજરનો સમય મગરિબના સમયના બરાબર હોય છે. એટલે કે જે સમયમાં જેટલો વખત મગરિબનો હશે એટલો જ ફજરનો. જ્યારે મગરિબની નમાઝ ફજરથી મળતી આવે છે તો જેવી રીતે મગરિબ અજવાળામાં પઢવી અફઝલ છે એવી જ રીતે ફજરની નમાઝ પણ અજવાળામાં પઢવી બેહતર છે.

(બીજો વિભાગ)

★ ફજર અજવાળામાં પઢવા પર વાંધાઓ તથા જવાબો ★

ફજરને મોડુ કરવા બાબત પર અત્યાર સુધીમાં વહાબી ગૈર મુકલ્લિદોના તરફથી જેટલા પ્રમાણમાં વાંધાઓ અમારી જાણમાં આવ્યા છે તેને અમે વિગતવાર જવાબસહ અર્ઝ કરીએ છીએ. જો બાદમાં અન્ય કોઈ વાંધા જણાશે તો ઈન્શાઅલ્લાહ નવી આવૃત્તિમાં તેનો જવાબ પણ આપી દેવામાં આવશે.

વાંધા નં. ૧ : તિર્મિઝી શરીફમાં હઝરત અલી كرم الله تعالى وجهه الكريم થી રિવાયત છે :

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ يَا عَلِيُّ ثَلٰثٌ لَا تُؤَخِّرْهَا الصَّلٰوةُ اِذَا اَتَتْ وَ الْجَنَازَةُ اِذَا حَضَرَتْ وَ الْاَيِّمُ اِذَا وَجَدْتَّ لَهَا كُفُواً

''કે હુઝૂર ﷺ એ તેમને ફર્માવ્યું, હે અલી ! ત્રણ ચીજોમાં મોડુ ન કરો : નમાઝ જ્યારે સમય થઈ જાય, જનાઝો જ્યારે હાજર થઈ જાય, છોકરીના નિકાહ જ્યારે તેના માટે યોગ્ય ઠેકાણુ મળી જાય.''

તેમજ એ જ તિર્મિઝીમાં સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَلْوَقْتُ الْاَوَّلُ مِنَ الصَّلٰوةِ رِضْوَانُ اللّٰهِ وَالْوَقْتُ الْاٰخِرُ عَفْوُ اللّٰهِ

''ફર્માવે છે કે ફર્માવ્યું હુઝૂર ﷺ એ કે નમાઝનો શરૂ સમય રબની રઝા તથા ખુશનૂદી છે અને નમાઝ છેવટમાં અલ્લાહની માફી છે.''

આ હદીષોથી જાણવા મળ્યું કે દરેક નમાઝ અવ્વલ વકતમાં પઢવામાં આવે. હનફી લોકો ફજર મોડેથી પઢીને રબ તઆલાની રઝામંદીથી મેહરૂમ છે !

જવાબ : આ વાંધાના કેટલાક જવાબો છે : એક એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે તમે પણ ઈશાની નમાઝ અને ગરમીઓની ઝોહરમાં તાખીર મુસ્તહબ તથા બેહતર સમજો છો ! તો તમે ખુદાની ખુશનૂદીથી મહરૂમ છો ! હવે તમારો જે જવાબ હશે તે જ અમારો જવાબ !

બીજુ એ કે આ હદીષોમાં પ્રથમ સમયથી મુસ્તહબનો અવ્વલ મુરાદ છે ન કે મુત્લક સમયનો અવ્વલ. એટલે જ્યારે નમાઝનો મુસ્તહબ સમય આવી જાય તો ત્યાર પછી મોડુ ન કરો. ફજરની નમાઝમાં રોશની–અજવાળુ જ અવ્વલ સમય છે જેવી રીતે ઈશાના માટે રાતનો ત્રીજો ભાગ અવ્વલ વકત છે.

વાંધા નં. ૨ : મુસ્લિમ, બુખારી તથા તમામ મુહદ્દિષોએ રિવાયત કરી કે હુઝૂર ﷺ હમેશાં ફજરની નમાઝ 'ગલસ' એટલે અંધારામાં પઢતા હતા. જેથી હનફીઓનું મોડેથી ફજર પઢવું સુન્નતથી વિરૂધ્ધ છે.

જવાબ : આ વાંધાના પણ બે જવાબો છે. **એક** એ કે 'ગલસ'નો અર્થ છે

અંધારામય સમય એટલે સમયના એતબારથી અંધારુ હોય અથવા મસ્જિદોમાંનું અંધારું. હુઝૂર ﷺ ફજરની નમાઝ અજવાળામાં જ પઢતા હતા.

પણ મસ્જિદમાં અંધારુ રહેતુ હતું. કેમ કે મસ્જિદે નબવી શરીફ ખૂબ જ ગહરી બની હતી. હાલમાં પણ છતમાં રોશનદાન વગેરે ન હોય તો અંદર ખૂબ જ અંધારું રહે કેમ કે ખૂબ જ ગહરી બનેલી છે, સહન દૂર છે. આ સ્થિતિમાં આ હદીષ તે હદીષોની વિરૂધ્ધ નથી જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા. બીજુ એ કે જો **ગલસ** થી સવારનું અંધારું મુરાદ હોય તો એ ખાસ હુઝૂર ﷺ નો અમલ શરીફ છે અને કૌલ શરીફ તે છે જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા એટલે અંધારામાં ફજૂર પઢી પણ અમને અજવાળામાં પઢવાનો હુકમ આપ્યો. અને જ્યારે કૌલી તથા ફેઅલી હદીષમાં વિરોધાભાસ જણાય તો કૌલી હદીષને અગ્રિમતા આપવામાં આવે છે કેમ કે ફેઅલી હદીષમાં વિશિષ્ટતાની શકયતા છે. જુઓ સરકાર ﷺ એ ખૂદ નવ બીબીઓ નિકાહમાં રાખી પણ આપણને ચાર બીવીઓની ઈજાઝત આપી. આપણે શરઈ હુકમ પર અમલ કરીને ચાર બીવીઓ રાખી શકીએ છીએ. આપના ફેઅલ પર અમલ કરીશું નહીં. આ કાયદો યાદ રાખવો જોઈએ કે કૌલ અમલ પર વધુ વજનદાર છે.

ત્રીજું એ કે અમે પ્રથમ વિભાગમાં અર્ઝ કરી ચૂકયા છીએ કે આમ સહાબાએ કિરામ અજવાળામાં ફજૂર પઢતા હતા, જો કે તેમણે હુઝૂરનો આ અમલ શરીફ જોયો હતો. જાણવા મળ્યું કે કૌલી હદીષને અગ્રિમતા આપીને એના પર અમલ કરતા હતા, બીજી હદીષને અમલને લાયક સમજતા ન હતા.

ચોથુ એ કે ફજરની નમાઝનું અંધારામાં હોવું શરઈ કયાસની વિરૂધ્ધ છે. અજવાળામાં હોવું કયાસ મુજબ છે, જેથી અજવાળાવાળી હદીષને અગ્રિમતા આપવામાં આવશે. કેમ કે જ્યારે હદીષોમાં વિરોધાભાસ હોય તો તે હદીષને અગ્રિમતા આપવામાં આવે છે જે કયાસના મુજબ હોય.

જુઓ ! એક હદીષમાં છે : **અલૂદૂઉ મિમ્મા મસત્હુન્નાર** "આગની પાકેલી ચીજ ખાવાથી વુઝૂ વાજિબ થઈ જાય છે." બીજી હદીષમાં એ છે કે હુઝૂરે ખાવા ખાઈને નમાઝ પઢી લીધી, વુઝૂ ન કર્યું. પ્રથમ હદીષની તાવીલ

કરવામાં આવે કે **ગલસ**થી મુરાદ મસ્જિદનુ અંધારું છે ન કે સમયનું. સારાંશ અગ્રિમતા રોશનીવાળી હદીષને છે.

અમારું એલાન છે કે કોઈ વહાબી સાહબ એવી મરફૂઅ હદીષ પેશ કરે જેમાં ફજર અંધારામાં પઢવાનો હુકમ આપવામાં આવ્યો હોય. જેવી રીતે અમે ફજર પઢવા વિશેની બે નહીં ઘણી હદીષો પેશ કરી દીધી જેમાં હુકમ આપવામાં આવ્યો છે.

પાંચમું એ કે અંધારાની તમામ હદીષો (અંધારામાં નમાઝ) જાઈઝ હોવાના બારામાં છે અને અજવાળાની હદીષો મુસ્તહબના બયાન માટે છે, જેથી બંને હદીષો એકબીજાના માફકની છે વિરોધી નથી. એટલે કે અંધારામાં ફજર પઢવી જાઈઝ છે, કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેના પર અમલ કર્યો અને અજવાળામાં ફજર પઢવું મુસ્તહબ છે, કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેનો હુકમ આપ્યો.

વાંધા નં. ૩ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી :–

قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّىْ الصُّبْحَ فَتَنْصَرِفُ النِّسَآءُ مُتَلَفِّعَاتٍ بِمُرُوْطِهِنَّ مَا يُعْرَفْنَ مِنَ الْغَلَسِ

''ફર્માવે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم સવારની નમાઝથી એવા સમયે ફારિગ થતા હતા કે ઔરતો પોતાની ચાદરોમાં લપેટાઈને મસ્જિદથી પાછી ફરતી હતી અને અંધારાને કારણે ઓળખી ન શકાતી.''

જાણવા મળ્યું કે ફજર એટલી જલ્દી શરૂ કરવી સુન્નત છે કે જ્યારે સાઈઠ અથવા સો આયતો પઢીને નમાઝથી ફારિગ થાય તો કોઈ નમાઝી નમાઝથી અંધારાના કારણે ઓળખી શકાય નહીં. હનફીઓ એટલુ અજવાળુ કરીને ફજર પઢે છે કે શરૂ નમાઝના સમયે જ લોકો ઓળખી શકાતા હોય છે જેથી તેમનો અમલ સુન્નતથી વિરૂધ્ધ છે.

જવાબ : તેના જવાબો વાંધા નં. ૨ માં આવી ચૂકયા છે કે કયાં તો એ મસ્જિદનું અંધારું હોય છે ન કે સમયનું. અથવા આ અમલ શરીફ પર હુઝૂર

صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન તથા હુકમને અગ્રિમતા છે, વગેરે. અહીં એક જવાબ અન્ય પણ હોઈ શકે છે. તે એ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાના મુબારકમાં ઔરતોને નમાઝની જમાઅતમાં હાજરીનો હુકમ હતો તેમના લેહાઝથી ફજરની નમાઝ જલ્દી પઢવામાં આવતી હતી, જેથી બીવીઓ પર્દા હેઠળ ઘરે ચાલી જાય. પછી ફારૂકી યુગમાં ઔરતોને મસ્જિદથી રોકી દેવામાં આવી, તો એ રિઆયત (છૂટ) પણ ખત્મ થઈ ગઈ. ઔરતોને જમાઅતથી રોકવાની પૂરી તેહકીક અને તેનું કારણ અમારી કિતાબ ઈસ્લામી જિંદગીમાં જુઓ.

વાંધા નં. ૪ : તિર્મિઝી શરીફે ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી :–

قَالَتْ مَا صَلّٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَلٰوةً لِوَقْتِهَا الْاٰخِرِ مَرَّتَيْنِ حَتّٰى قَبَضَهُ اللّٰهُ

''ફર્માવે છે કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે બે વખત પણ કોઈ નમાઝ અંતિમ સમયમાં નથી પઢી ત્યાં સુધી કે રબે આપને વફાત આપી.''

એનાથી જાણવા મળ્યું કે તમામ નમાઝો ખાસ કરીને અવ્વલ વકતમાં પઢવી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કાયમી સુન્નત છે. આ હુકમ મન્સૂખ ન થયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હયાતના છેવટ સુધી એના પર અમલ કર્યો. અફસોસ ! કે હનફીઓ આવી કાયમી સુન્નતથી વંચિત છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હમેશાં કરી.

જવાબ : આ વાંધાઓના કેટલાક જવાબો છે. એક એ કે આ હદીષ સહીહ પણ નથી અને તેની અસ્નાદ મુત્તસિલ પણ નથી, કેમ કે આ હદીષને ઈસ્હાક ઈબ્ને ઉમરે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી અને ઈસ્હાક ઈબ્ને ઉમરે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી કદી મુલાકાત નથી કરી. જેથી દરમ્યાનમાં રાવી રહી ગયેલ છે, એટલા માટે ઈમામ તિર્મિઝીએ આ હદીષની સાથે ફર્માવ્યું :

قَالَ اَبُوْعِيْسٰى هٰذَا حَدِيْثٌ غَرِيْبٌ وَّ لَيْسَ اِسْنَادُهٗ بِمُتَّصِلٍ

''અબૂ ઈસાએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે અને તેની અસ્નાદ સળંગ નથી.''

તેના હાશિયામાં છે :–

"કેમ કે ઈસ્હાકની મુલાકાત હઝરત لِاَنَّهٗ لَمْ يَثْبُتْ مُلَاقَاةُ اِسْحَاقَ مَعَ عَائِشَةَ (رَضِىَ اللّٰه تَعَالٰى عَنْهَا) આઈશાથી સાબિત નથી."

જેથી આ હદીષ અમલને પાત્ર નથી. અફસોસ ! કે વહાબી અમારી પાસે તો સહીહ તથા સ્પષ્ટ હદીષની માંગણી કર્યા કરે છે. અને ખૂદ એવી ઝઈફ અને અમલને અપાત્ર હદીષો પેશ કરી દેવામાં ખચકાતા નથી.

બીજુ એ કે આ હદીષ ઘણી હદીષોની વિરૂધ્ધ છે કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઘણી વેળા નમાઝો અંતિમ સમયમાં પઢી. જ્યારે હઝરત જિબ્રઈલ નમાઝના સમયો અર્ઝ કરવા આવ્યા તો તેમણે બે દિવસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને નમાઝો પઢાવી, પ્રથમ દિવસે તમામ નમાઝો અવ્વલ વકતમાં, બીજા દિવસે આખર વકતમાં. એકવાર એક શખ્સે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને નમાઝના સમયો પૂછયા તો આપે તેને બે દિવસ પોતાની પાસે રાખ્યો. એક દિવસ નમાઝો પ્રારંભિક સમયમાં પઢાવી બીજા દિવસે નમાઝો અંતિમ સમયમાં. તઅરીસની રાત્રે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફજરની નમાઝો કઝા પઢી. ગઝવએ ખંદકમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કેટલીયે નમાઝો કઝા કરીને પઢી. સામાન્યતઃ સફરમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઝહોર આખર વકતમાં અને અસ્ર અવ્વલ વકતમાં પઢતા હતા. એ જ પ્રમાણે મગરિબ આખર વકતમાં ઈશા અવ્વલ વકતમાં પઢતા હતા. એકવાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફજરની નમાઝના માટે તદ્દન અંતિમ સમયે તશરીફ લાવ્યા અને ખૂબ જ જલ્દી ફજર પઢાવી, પછી ફર્માવ્યું કે આજે હું એક ખ્વાબ જોઈ રહ્યો હતો કે રબ તઆલાએ પોતાનો દસ્તે કુદરત મારા મુબારક સીના પર રાખ્યો. (મિશ્કાત બાબુલ મસાજિદ)

સારાંશ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઘણીવાર નમાઝો આખર વકતમાં પઢી, અને આ હદીષમાં છે કે આપે કોઈ નમાઝ આખર વકતમાં બે વાર પણ ન પઢી, જેથી આ રિવાયત અમલને પાત્ર નથી.

ત્રીજુ એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, તો પછી તમે ઈશાની નમાઝ આખર વકત એટલે ૧/૩ રાત ગયા બાદ પઢવાને મુસ્તહબ શા માટે કહો છો ?

અને ગરમીઓમાં ઝોહર આખર વકતમાં મુસ્તહબ કેમ બતાવો છો ? જે જવાબ તમારો તે જ અમારો જવાબ.

વાંધા નં. ૫ : તમે જે હદીષ રજુ કરી હતી કે ફજરને અજવાળામાં પઢો, એમાં અજવાળાથી મુરાદ સુબ્હ સાદિકની તે રોશની છે જેમાં ફજરનો સમય આવી જવો યકીની થઈ જાય અને હદીષનો મતલબ એ છે કે ફજરની નમાઝ શકની હાલતમાં ન પઢો બલ્કે જ્યારે યકીન થઈ જાય કે સમય થઈ ગયો ત્યારે પઢો. ત્યાં **ઈસ્ફાર**થી એ રોશની મુરાદ નથી જે હનફીઓએ સમજી એટલે કે ખૂબ અજવાળુ. ઘણા મુહદ્દિષોએ આ હદીષનો એ જ મતલબ બયાન કર્યો.

જવાબ : હરગિઝ નહીં ! કેમ કે એટલુ અજવાળુ કરવું તો ફર્ઝ છે, શકની હાલતમાં ફજરની નમાઝ પઢવી જાઈઝ જ નથી, અને અહીં ફર્માવવામાં આવ્યું કે તે અજવાળાનો સવાબ વધારે છે એટલે આ અજવાળુ મુસ્તહબ છે ન કે ફર્ઝ. જેથી આ અજવાળાથી મુરાદ તે જ સવારની રોશની છે જેમાં ફજર પઢવી મુસ્તહબ છે અને જે અમે અર્થ કર્યો તે જ દુરુસ્ત છે, હદીષ સમજવા માટે તફક્કુહ (દીની સમજ) જરૂરી છે.

ઝોહર ઠંડી કરીને પઢો

ઝોહરનો સમય સૂરજ ઢળતાં શરૂ થાય છે અને તે સમય સુધી રહે છે જ્યારે કે દરેક ચીજનો સાયો તેના મધ્યાહ્નના સાયાના સિવાય ડબલ થઈ જાય, શિયાળામાં ઝોહરની નમાઝ જલ્દી પઢવી અને ઉનાળામાં થોડીક મોડેથી પઢવી કે બપોરની તીવ્રતા જતી રહે, કાંઈક ઠંડક થઈ જાય એ સુન્નત છે. પણ ગૈર મુકલ્લિદ વહાબીઓ ઝોહરની નમાઝ તીવ્ર ચમચમતી ધુપમાં જ પઢી લે છે અને એક મિષલ સાયા પછી અસર પઢી લે છે. જુદી જુદી રીતે હનફીઓને બહેકાવે છે કે તમારો મઝહબ હદીષની વિરૂધ્ધ છે. એટલા માટે આ પ્રકરણના બે વિભાગ કરવામાં આવે છે. પહેલા ભાગમાં એની સાબિતી અને બીજા ભાગમાં આ મસ્અલા પર વિરોધીઓના વાંધા જવાબસહ. હનફીઓએ જોઈએ કે પોતાની દલીલો અને વહાબીઓના જવાબો યાદ રાખે.

(પ્રથમ વિભાગ)

★ ઝોહર ઠંડી કરીને પઢો ★

શિયાળામાં કેમ કે બપોર ઠંડી હોય છે જેથી એ સમયમાં સૂરજ ઢળતાં જ ઝોહર પઢવી સુન્નત છે. પરંતુ ગરમીઓમાં મોડેથી પઢવી સુન્નત જ્યારે કે ઠંડક થઈ જાય અને બપોરનો તાપ ઓછો થઈ જાય. દલીલો નીચે પ્રમાણે છે :

હદીષ નં. ૧ થી ૫ : બુખારી, મુસ્લિમ, નિસાઈ, અબૂ દાઉદ અને તિર્મિઝીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا اشْتَدَّ الْحَرُّ فَاَبْرِدُوْا بِالصَّلٰوةِ وَ قَالَ التِّرْمِذِىُّ هٰذَا حَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ

''ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જ્યારે ગરમી તેજ હોય તો ઝોહરની નમાઝ ઠંડક કરીને પઢો. તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ હસન સહીહ છે.

હદીષ નં. ૯ થી ૧૦ : અબૂ દાઉદ તયાસીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મુસ્લિમ, બુખારી, નિસાઈ, બયહકીએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી થોડાક મતભેદની સાથે રિવાયત કરી :

اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ قَالَ شِدَّۃُ الْحَرِّ مِنْ فَیْحِ جَھَنَّمَ فَاَبْرِدُوْا بِالظُّھْرِ وَ اشْتَکَتِ النَّارُ اِلٰی رَبِّھَا فَقَالَتْ رَبِّ اَکَلَ بَعْضِیْ بَعْضًا فَاَذِنَ لَھَا بِنَفَسَیْنِ نَفَسٍ فِیْ الشِّتَاءِ وَ نَفَسٍ فِیْ الصَّیْفِ الخ

''ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે ગરમીની તેજી દોઝખની ભડકથી છે જેથી ઝોહર ઠંડી કરો. આગળ રબની બારગાહમાં શિકાયત કરી : અર્ઝ કરી કે મૌલા ! મારા અમુકને અમુકે ખાઈ નાખ્યું તો રબે એને બે શ્વાસોની ઈજાઝત આપી, એક શ્વાસ ઠંડીમાં એક શ્વાસ ગરમીમાં.''

હદીષ નં. ૧૧ : નિસાઈ શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ کَانَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ اِذَا کَانَ الْحَرُّ اَبْرَدَ بِالصَّلٰوۃِ وَ اِذَا کَانَ الْبَرْدُ عَجَّلَ

''ફર્માવે છે કે જ્યારે ગરમી વધારે પડતી હતી તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઝોહરની નમાઝ ઠંડી કરીને પઢતા હતા અને જ્યારે ઠંડી પડતી હતી તો જલ્દી પઢી લેતા હતા.''

આ હદીષોથી જાણવા મળ્યું કે ગરમીઓમાં ઝોહર જલ્દી પઢવી સુન્નતથી વિરૂધ્ધ છે.

હદીષ નં. ૧૨ થી ૧૯ : બુખારી, અબૂ દાઉદ, ઈબ્ને અબી શૈબા, તિર્મિઝી, અબૂ દાઉદ ન્યાસી, તહાવી અબૂ અવાના બયહકીએ હઝરત અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ کُنَّا مَعَ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ فِیْ سَفَرٍ فَاَرَادَ الْمُؤَذِّنُ اَنْ یُّؤَذِّنَ لِلظُّھْرِ فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ

''ફર્માવે છે કે અમે એક સફરમાં હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે હતા તો મોઅઝ્ઝિને ઝોહરની અઝાન દેવાનું

وَسَلَّمَ اَبْرِدْ ثُمَّ اَرَادَ اَنْ يُّؤَذِّنَ فَقَالَ اَبْرِدْ حَتّٰى رَأَيْنَا فَيْئَ التُّلُوْلِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّ شِدَّةَ الْحَرِّ مِنْ فَيْحِ جَهَنَّمَ فَاِذَا اشْتَدَّ الْحَرُّ فَاَبْرِدُوْا بِالصَّلٰوةِ قَالَ التِّرْمِذِيُّ هٰذَا حَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ

વિચાર્યું તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે ઠંડી કરો ! પછી એમણે અઝાનનો ઈરાદો કર્યો તો ફર્માવ્યું, ઠંડી કરો ! ત્યાં સુધી કે અમે ટેકરાઓનો પડછાયો જોઈ લીધો તો ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે ગરમીની તેજી દોઝખની ભડકથી છે જેથી જ્યારે ગરમી તેજ હોય તો નમાઝ ઠંડી કર્યા કરો. તિર્મિઝીએ ફર્માવ્યું : આ હદીષ હસન તથા સહીહ છે.

હદીષ નં. ૨૦ : તહાવી શરીફે હઝરત અબૂ મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

اَنَّهٗ رَاٰى النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُعَجِّلُهَا فِيْ الشِّتَآءِ وَ يُؤَخِّرُهَا فِيْ الصَّيْفِ

''એમણે જોયું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઝોહરની નમાઝ શિયાળામાં જલ્દી જ પઢતા અને ગરમીઓમાં મોડેથી પઢતા હતા.

એના વિશે બીજી કેટલીયે હદીષો રજુ કરી શકાય છે, પણ ટૂંકાણ કરવાના હિસાબે આ જ વીસ હદીષોથી સંતોષ માનું છું. જો વિસ્તારપૂર્ણ વિગત જોવી હોય સહીહુલ બિહારી, તહાવી વગેરેનો અભ્યાસ કરો.

યાદ રાખશો કે જુમ્આની નમાઝનો સમય પણ ઝહોરની જેમ છે કે ગરમીના દિવસોમાં ઠંડક કરીને પઢવામાં આવે. કેટલાક લોકો સખત ગરમીમાં પણ જુમ્આની નમાઝ તદ્દન શરૂ સમયમાં પઢી લે છે, એ સુન્નતથી વિરૂધ્ધ છે. ગૈર મુકલ્લિદ વહાબી તો ઝવાલથી પહેલાં જુમ્આની નમાઝ પઢી લેતાં અચકાતો નથી !

બુખારી શરીફે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ

''ફર્માવે છે કે જ્યારે સખ્ત ઠંડી હોય

وَسَلَّمَ اِذَا اشْتَدَّ الْبَرْدُ يُكَوِّرُ بِالصَّلٰوةِ وَ اِذَا اشْتَدَّ الْحَرُّ اَبْرَدَ بِالصَّلٰوةِ يَعْنِىْ الْجُمُعَةَ

છે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝ જલ્દી પઢી લેતા હતા અને જ્યારે ગરમી તીવ્ર હોય તો નમાઝ ઠંડીને કરીને પઢતા હતા, એટલે નમાઝે જુમ્અહ્.

સારાંશ કે જુમ્આની નમાઝ ઝોહરની જેમ ઠંડી ઋતુમાં જલ્દી અને ઉનાળામાં થોડીક લેટ કરીને ગરમીની તીવ્રતા નરમ પડયા પછી પઢવી જોઈએ.

બુદ્ધિનો તકાઝો પણ એ જ છે કે ઝોહરની નમાઝ ઠંડી કરીને પઢવી જોઈએ. કેમ કે તીવ્ર ગરમીમાં નમાઝ પઢવી એ મુસલમાનો માટે તકલીફનો સબબ થાય છે. એનાથી જમાઅત ઘટી જવાનો ડર છે, કેમ કે ઉનાળામાં સામાન્ય કારોબાર કરનારા લોકો બપોરનું ભોજન જમીને કયલૂલા એટલે બપોરનો આરામ કરે છે અને બપોરના તાપના કારણે ઘરમાં ગુજારવા ચાહે છે. જો આવા સંજોગોમાં ઝોહર પઢવામાં આવે તો કયલૂલાની સુન્નતથી વંચિત પણ રહેશે અને તેમને મસ્જિદમાં હાજરી આપવી તે સમયે કઠિન લાગશે. એવા પ્રસંગે શરીઅતે મુતહ્હરા સરળતા કરી આપે છે.

પરિણામ : ઉપરોકત મુબારક હદીષોથી તથા અકલી દલીલોથી જાણવા મળ્યું કે ઝોહરની નમાઝનો સમય અસલી પડછાયો બમણો થતા સુધીનો છે અને અસ્રનો સમય અસલી પડછાયો બમણો થતાં શરૂ થાય છે. એની કેટલીક દલીલો છે :

એક એ કે ઉપરોકત હદીષોથી જણાયું કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ઝોહર ઠંડક કરીને પઢતા હતા અને એનો હુકમ આપતા હતા. અને જાહેર છે કે તમામ ઠેકાણે ખાસ કરીને અરબસ્તાનમાં એક ગણો પડછાયો થયા બાદ બપોરની ગરમી મંદ પડે છે. એક ઘણો પડછાયો થતાં સુધી તીવ્ર તાપ રહે છે. જો એક ગણો પડછાયો થતાં ઝોહરનો સમય નીકળી જતો હોય તો આ હદીષો ગલત ઠરશે !

બીજુ એ કે ઉપરોકત હદીષોથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે સમયે ઝોહરની નમાઝ પઢી જ્યારે ટેકરીઓનો પડછાયો જાહેર થયો. એક ગણા પડછાયાના વખતે ટેકરીનો પડછાયો પ્રદર્શિત નથી થતો, કેમ કે ફેલાવાના

કારણે તેનો પડછાયો એક ગણો થયા પછી જાહેર થાય છે. જો એક ગણો પડછાયો થવાથી ઝોહરનો સમય નીકળી જાય તો આ હદીષ પણ ગલત ઠરશે.

ત્રીજુ એ કે અસ્રની નમાઝનો સમય હમેશાં ઝોહરના સમયથી ઓછો હોવો જોઈએ. જો એક ગણા પડછાયા સુધી સમયથી અસ્રનો સમય ગણવામાં આવે તો ઝોહરનો સમય જેટલો બલ્કે કયારેક ઝોહરથી વધી જશે, એ શરીઅતના કાનૂનની વિરૂધ્ધ છે. કેમ કે બુખારી શરીફે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી એક હદીષ મરફૂઅ નકલ કરી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની ઉમ્મતનું દ્રષ્ટાંત યહૂદી તથા નસારા (ઈસાઈ)ની સરખામણીમાં એ રીતે આપ્યું કે કોઈ શખ્સ કોઈ મજૂરને સવારથી બપોર સુધી એક કીરાત (દિરહમના ૧૨મા ભાગ જેટલુ વજન) પર રાખે, બીજાને બપોરથી અસ્રની નમાઝ સુધી એક કીરાત પર રાખે, ત્રીજાને અસ્રની નમાઝથી સૂર્યાસ્ત સુધી બે કીરાત મજૂરી પર રાખે. પહેલો મજૂર યહૂદી છે, બીજો મજૂર નસારા અને ત્રીજો મજૂર મુસલમાન, કે તેમના અમલનો સમય થોડો અને મજૂરી બમણી. હદીષના અંતિમ શબ્દો આ પ્રમાણે છે :–

اَلَا فَاَنْتُمُ الَّذِيْنَ يَعْمَلُوْنَ مِنْ صَلٰوةِ الْعَصْرِ اِلٰى مَغْرِبِ الشَّمْسِ اَلَا لَكُمُ الْاَجْرُ مَرَّتَيْنِ

"ખબરદાર રહો ! કે તમે જ તે લોકો છો જેઓ અસ્રની નમાઝથી સૂર્યાસ્ત સુધી કામ કરો છો, તમારી મજૂરી બમણી છે."

જો અસ્રનો સમય એક ગણો પડછાયો થતાં શરૂ થઈ જતો હોય તો ઝોહરના જેટલો બલ્કે કયારેક એનાથી પણ વધારે થાય. એવા સંજોગોમાં મુસલમાનો માટે આ પ્રમાણે દ્રષ્ટાંત રજુ કરવામાં ન આવતે. માટે અસ્રનો સમય ઝોહરથી ઓછો હોવો જોઈએ, એ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે કે તે બમણો પડછાયો થતાં શરૂ થાય. જો એક ગણો પડછાયો થતાં અસ્ર થઈ થઈ જાય તો બુખારી શરીફની આ હદીષ ગલત ઠરશે. એટલા માટે માનવું પડશે કે અસ્ર (નો સમય) પડછાયો બમણો થતાં શરૂ થઈ જાય છે.

(પ્રથમ વિભાગ)

ઝોહરના સમય બાબતે વાંધા અને જવાબો

આ મસ્અલા પર ગેર મુકલ્લિદ વહાબીઓના કેટલાક વાંધાઓ તે છે જેના જવાબો આના પહેલા વિભાગમાં આપી ચૂકયા છીએ. જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે "નમાઝ શરૂ સમયમાં પઢવી અફઝલ છે." અથવા જેમ કે, "ત્રણ ચીજોમાં મોડુ ન કરો, નમાઝ, જનાઝો અને યુવાન પુત્રીના નિકાહ." કેટલાક વાંધા એ સિવાય પણ છે. અમે તે વાંધાઓ જવાબ સહ રજુ કરીએ છીએ. રબ તઆલા કબૂલ ફર્માવે.

વાંધો-૧ : અબૂ દાઉદ, તિર્મિઝીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી એક લાંબી હદીષ રિવાયત કરી જેમાં ઈર્શાદ ફર્માવ્યો કે હઝરત જિબ્રઈલે મને બે દિવસ નમાઝ પઢાવી, એક દિવસે દરેક નમાઝ પ્રારંભિક સમયમાં પઢાવી અને બીજા દિવસે દરેક નમાઝ અંતિમ સમયમાં પઢાવી. તેના કેટલાક શબ્દો આ પ્રમાણે છે :–

وَ صَلّٰی بِیَ الْعَصْرَ حِیْنَ صَارَ ظِلُّ کُلِّ شَیْءٍ مِثْلَهٗ

"હઝરત જિબ્રઈલે મને પ્રથમ દિવસે અસ્ર તે સમયે પઢાવી જ્યારે દરેક ચીજનો પડછાયો એક ગણો થઈ ગયો."

આ હદીષથી જાણવા મળ્યું કે અસ્રનો સમય એક ગણો પડછાયો થતાં શરૂ થઈ જાય છે અને ઝોહરનો સમય તેનાથી પહેલાં નીકળી જાય છે. (ખત્મ થાય છે.)

જવાબ : આ વાંધાના કેટલાક જવાબો છે : એક એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે. કેમ કે આ હદીષમાં એ જગાએ એ પણ છે કે :–

فَلَمَّا كَانَ الْغَدُ صَلَّى بِيَ الظُّهْرَ حِيْنَ كَانَ ظِلُّهُ مِثْلَهُ

''જ્યારે બીજો દિવસ થયો તો મને હઝરત જિબ્રઈલે ઝોહર પઢાવી જ્યારે કે દરેક ચીજનો પડછાયો બમણો થઈ ગયો.''

જણાવો ! પ્રથમ દિવસે એક ગણો પડછાયો થતાં અસ્ર પઢાવી અને બીજા દિવસે ખાસ તે જ સમયે ઝોહર પઢાવી ! જ્યારે કે અસ્રનો સમય ઝોહરનો સમય નીકળી ગયા બાદ શરૂ થાય છે. એક ગણો પડછાયો થતાં અસ્ર શરૂ થઈ જાય છે તો બીજા દિવસે એ જ સમયે ઝોહર કેમ પઢાવી ? બીજુ એ કે આ હદીષમાં એ જ જગાએ આ શબ્દો છે :–

وَصَلَّى بِيَ الْعَصْرَ حِيْنَ كَانَ ظِلُّهُ مِثْلَيْهِ

''અને બીજા દિવસે અસ્રની નમાઝ મને ત્યારે પઢાવી જ્યારે કે દરેક ચીજનો પડછાયો બમણો થઈ ગયો.''

આ પરથી જણાય છે કે અસ્રની નમાઝનો શરૂ સમય બમણો પડછાયો છે, જ્યારે કે અંતિમ સમય સૂર્યાસ્ત સુધીનો છે.

ત્રીજુ એ કે આ હદીષમાં પહેલા દિવસની અસ્રની નમાઝ માટે કેવળ એક ગણા પડછાયાનો ઉલ્લેખ છે અને બીજા દિવસે અસ્રના અંતમાં બમણા પડછાયાનો ઉલ્લેખ છે. અસ્લ પડછાયો કે જે મધ્યાહ્ન સમયે હોય છે તેનો તદ્દન ઉલ્લેખ જ નથી. જ્યારે કે તમે પણ કહો છો કે એક ગણો કે બે ગણો પડછાયો અસલ પડછાયાથી ઉપરાંત હોવો જોઈએ. તો જે તમારો જવાબ છે તે અમારો રહેશે.

ચોથુ એ કે આ હદીષમાં તો એ છે કે હુઝૂરને એક ગણા પડછાયા પર અસ્રની નમાઝ પઢાવવામાં આવી અને જે હદીષો અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા છીએ તેમાં વર્ણન છે કે હુઝૂરે ઉનાળામાં ઝહોરની નમાઝ ઠંડી કરીને (નમતા પહોરે) અને ટેકરીઓનો પડછાયો પડી ગયા પછી અદા ફર્માવી, જે એક ગણા પડછાયા પછી પડે છે. તો હદીષો આપસમાં ટકરાય છે ! જેથી અમારી રજુ કરેલી હદીષોને અગ્રતા આપવામાં આવશે, કેમ કે તે શરીઅત મુજબના કયાસ પ્રમાણે છે અને આ હદીષ અમલને પાત્ર નથી કેમ કે શરઈ કયાસની

વિરૂધ્ધ છે. ટકરાવના સમયે હદીષોને કયાસથી અગ્રિમતા આપવામાં આવે છે.

પાંચમુ એ કે હઝરત જિબ્રઈલનો આ અમલ પહેલાં અસ્તિત્વમાં આવ્યો. કેમ કે શબે મેઅરાજની સવારે થયો જ્યારે કે નમાઝ ફર્ઝ થઈ હતી અને હુઝૂરનો અમલ જે અમે સાબિત કરી ચૂકયા છીએ એટલે કે ઠંડકમાં નમાઝ પઢવું એ બાદનો અમલ છે. જેથી તમારી રજુ કરેલી હદીષ મન્સૂખ છે અને અમારી રજુ કરેલી હદીષો તેની નાસિખ છે. એટલા માટે આ હદીષ અમલપાત્ર નથી.

છઠ્ઠુ એ કે શરઈ કાયદો છે કે યકીની ચીજ શકથી નષ્ટ નથી થતી. યકીનને યકીન જ દૂર કરી શકે છે. આ કાયદાના આધારે સેંકડો મસાઈલ કાઢવામાં આવ્યા છે. સૂરજ ઢળવાના સમયથી ઝોહર યકીનન આવી ગયો અને એક ગણો પડછાયો થતાં તે સમયનું નીકળી જવું શંકામય છે જેથી આ શકથી ઝોહરનો સમય નીકળશે (ખત્મ થશે) નહીં, અને અસ્રનો સમય દાખલ (શરૂ) થશે નહીં. બમણો પડછાયો થતાં ઝોહરનું નીકળી જવું (ખત્મ થવું) યકીની છે જેથી એ જ હુકમ અમલને પાત્ર છે, ન કે તમારો કૌલ !

વાંધો-૨ : સહાબાએ કિરામ ફર્માવે છે કે અમે હુઝૂરની સાથે ઝોહરની નમાઝ એટલા જલ્દી પઢતા હતા કે ફર્શ ખૂબ ગરમ હાલમાં હોતું, અમે તેના પર સજદો કરી શકતા ન હતા એટલા માટે સજદાની જગાએ કપડુ અથવા ઠંડા પથ્થર રાખતા હતા. આ પરથી જાણવા મળ્યું કે ઝોહરની નમાઝ ઉનાળામાં પણ અવ્વલ સમયમાં જ પઢવી જોઈએ.

જવાબ : એના કેટલાક જવાબો છે : એક એ કે આ હદીષ તે તમામ હદીષોની વિરૂધ્ધ છે જેમાં ઉનાળાની ઝોહરને લેટ કરવાનો હુકમ છે. અને તે હદીષો શરઈ કયાસ મુજબની છે જેથી એ જ અમલને પાત્ર છે. અને આ હદીષ અમલને અપાત્ર તથા મન્સૂખ છે.

બીજુ એ કે ફર્શની ગરમી ખાસ કરીને અરબસ્તાનમાં ઘણો મોડે સુધી એટલે કે એક ગણા પડછાયાના બાદ સુધી રહે છે. આ ગરમી અગાઉની હોય છે પણ સમય ઠંડો પડી ચૂકતો હતો. જેથી આ હદીષ તે હદીષોની તદન વિરૂધ્ધ નથી જેમાં ઠંડકનો હુકમ છે. જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી હદીષોમાં મેળાપ કરવામાં આવે.

વાંધો-૩ : સહાબાએ કિરામ ફર્માવે છે : અમે હુઝૂરની સાથે અસ્ર એટલી જલ્દી પઢતા હતા કે અસ્રની નમાઝ બાદ ઊંટ ઝબહ કરીને બોટીઓ બનાવીને શેકીને સૂર્યાસ્ત પહેલાં ખાઈ લેતા હતા અને અમારામાંથી અમુક જણ અસ્રની નમાઝ બાદ ત્રણ માઈલનુ અંતર કાપીને પોતાના ઘરે પહોંચી જતા હતા અને હજી સૂરજ ચમકતો રહેતો હતો, જેમ કે મુસ્લિમ શરીફ વગેરેમાં છે. એના પરથી જાણવા મળ્યું કે અસ્રની નમાઝ પડછાયો બમણો થતાં પહેલાં પઢવામાં આવતી હતી, કેમ કે બમણો પડછાયો થયા બાદ એટલો સમય નથી બચતો કે આ કામ કરવામાં આવે.

જવાબ : આ તમામ હદીષો દુરુસ્ત છે પણ તમારું આ પરિણામ તારવવું ગલત છે. પડછાયો બમણો થયા બાદ અસ્ર પઢીને ત્રણ માઈલનું અંતર સારી રીતે કાપી શકાય છે. અરબવાસીઓ ખૂબ ઝડપી ચાલવાળા હોય છે. આપણે ત્યાં પણ અમુક માણસો દસ મિનિટમાં એક માઈલ ચાલી કાઢે છે. ત્રણ માઈલ અડધા કલાકમાં ચાલ્યા જાય છે. અસ્રનો સમય અમુક વખતે તે કલાકથી પણ વધારે હોય છે. એવી જ રીતે ઊંટને ઝબહ કરીને પકાવવામાં પણ ખૂબ જ ઝડપવાળા હોય છે, જેમ કે અનુભવસિધ્ધ છે.

વાંધો-૪ : મુસ્લિમ બુખારીમાં હઝરત સલ ઈબ્ને સઅદથી રિવાયત છે :

قَالَ مَا كُنَّا نَقِيْلُ وَ لَا نَتَغَدّٰى اِلَّا بَعْدَ الْجُمُعَةِ "અમે સહાબા ન તો કૈલૂલા કરતા હતા ન નાશતો ખાતા હતા પણ જુમ્આ બાદ."

આ પરથી જણાયું કે જુમ્આની નમાઝ સખ્ત ગરમીમાં પણ ખૂબ જ જલ્દી પઢવી જોઈએ કે બપોરનો સમય બલ્કે સવારનો નાશતો પણ નમાઝ બાદ કરવામાં આવે. પછી તમે કેમ કરીને કહો છો કે ઉનાળામાં જુમ્આ ઠંડક કરીને પઢો !

જવાબ : એના બે જવાબો છે : એક એ કે આ હદીષ જાહેરી અર્થમાં તો અમારી પણ વિરૂધ્ધ છે. કેમ કે એનાથી લાઝિમ થાય છે કે જુમ્આની નમાઝ નાશતા અને કૈલૂલાથી એટલે બપોરના આરામથી પહેલાં પઢવામાં આવે. તો જોઈએ કે ફજર બાદ તુરત જ જુમ્આ પઢી લેવામાં આવે ! કેમ કે નાશતો તો

બિલ્કુલ સવારમાં થાય છે. અને તમે પણ એટલી જલ્દી જુમ્આ પઢી લેવાને માનનારા નથી. **બીજુ** એ કે હદીષનો મતલબ એ છે કે અમે જુમ્આના દિવસે જુમ્આની તૈયારીના કારણે નમાઝથી પહેલાં ન નાશતો કરતા હતા ન બપોરનો આરામ, નમાઝ પછી આ સર્વ કરતા હતા. એટલે કે નમાઝના કારણે નાશતો તથા આરામને લેટ કરી દેતા હતા, ન કે નાશતો તથા આરામના લીધે જુમ્આ પહેલી પઢી લેતા હતા, જેવું કે તમે સમજ્યા ! **ત્રીજુ** એ કે આ હદીષમાં શિયાળાની જુમ્આનો ઉલ્લેખ છે કે એ સમયમાં દિવસ ટૂંકો હોય છે. બપોરે ગરમી નથી હોતી. એટલા માટે સૂરજ ઢળતાં જ જુમ્આ પઢી લેતા હતા. બપોરનું ખાણુ તથા આરામ જુમ્આ બાદ કરતા હતા. અત્યારે પણ મદીનાવાળા એવું જ કરે છે. બુખારી શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે :–

اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ کَانَ یُصَلِّیُ الْجُمُعَۃَ حِیْنَ تَزُوْلُ الشَّمْسُ

''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સૂર્ય નમ્યા (ઢળ્યા) પછી જુમ્આ પઢતા હતા.''

જેથી તમે વર્ણન કરેલ હદીષનો અર્થ એ નથી કે સૂરજ ઢળવાથી પહેલાં પઢી લેવામાં આવતી હતી. કેમ કે જુમ્આની નમાઝ ઝોહરની નાઈબ છે જેથી ઝોહરના સમયમાં જ અદા થશે. અને ઉનાળામાં ઠંડક કરીને અને શિયાળામાં સૂરજ ઢળતાં જ પઢવામાં આવશે. ઝોહરની જેમ આમાં પણ. હવે હદીષોના વિરોધાભાસ નથી.

અઝાન તથા તકબીરના શબ્દો

શરીઅતમાં અઝાન તથા ઈકામત (તકબીર)ના શબ્દો અને અહકામ (હુકમો) લગભગ સરખા છે, જે શબ્દો અઝાનના છે તે જ તકબીરના છે, કેવળ **હય્ય અલલ્ ફલાહ** પછી **કદકા મતિસ્સલાત** બે વાર વધારે છે. 'તરજીઅ' ન અઝાનમાં છે ન ઈકામતમાં. અઝાનમાં કુલ ૧૫ વાકયો છે અને ઈકામતમાં ૧૭ છે જેમ કે સામાન્યતઃ મુસલમાનોમાં રિવાજ પામેલ છે. પણ ગૈર મુકલ્લિદો વહાબીઓની અઝાન પણ એ અઝાનથી અલગ છે ! અને ઈકામત પણ એ ઈકામતથી જુદી છે ! તેઓ અઝાનની બંને શહાદતો **(અશ્હદુઅલ્લાઈલાહ ઈલ્લલ્લાહ** તથા **અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ)**ને ચાર ચાર વાર કહે છે. પ્રથમ બે વાર ધીરેથી પછી મોટા અવાજથી કહે છે એને 'તરજીઅ' કહે છે, એટલે કે પ્રથમ **અશ્હદુઅલ્લાઈલાહ ઈલ્લલ્લાહ** ધીમેથી કહે છે પછી ચીખ મારીને કહે છે ! એ જ પ્રમાણે **અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ**ને એ જ પ્રમાણે કહે છે. તેમની નજીક અઝાનના વાકયો ૧૫ ને બદલે ૧૯ છે. અને ઈકામત (તકબીર)નાં વાકયો એક એક વાર કહે છે. જેથી તેમની નજીક ઈકામતનાં વાકયો ૧૭ને બદલે ૧૩ છે. અને દાવો કરે છે કે ઈસ્લામી અઝાન તથા ઈકામત એ જ છે જે અમે કહીએ છીએ. અને હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ પર એના કારણે ટીકા ટીપ્પણ કરે છે અને તેમની મુબારક જાતને ગાળો આપે છે. અહીં પ્રથમ વિભાગમાં આ રિવાજ પામેલ ઈસ્લામી અઝાનની સાબિતી અને બીજા વિભાગમાં એના પર વાંધાઓ અને તેના જવાબો રજુ કરીએ છીએ. અલ્લાહ વ રસૂલ કબૂલ ફર્માવે.

(પ્રથમ વિભાગ)

★ વર્તમાન અઝાન તથા ઈકામતની સાબિતી ★

હક્ક એ છે કે અઝાન તથા ઈકામતનાં વાકયો બે બે છે. ન અઝાનમાં 'તરજીઅ' છે ન ઈકામત (તકબીર)માં છે. પ્રથમ તકબીર (અલ્લાહુ અકબર) ચાર વખત અને છેવટમાં **લાઈલાહ ઈલ્લલ્લાહ** એકવાર, બાકી તમામ શબ્દો બે બે વાર છે. દલીલો નીચે પ્રમાણે છે :–

હદીષ નં. ૧ થી ૬ : અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને ખુઝૈમા, ઈબ્ને હબ્બાન, બૈહકી, દારકુત્નીએ સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِيَ اللّٰهُ عَنْهُمَا થી રિવાયત કરી :–

اَنَّهٗ قَالَ كَانَ الْاَذَانُ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَرَّتَيْنِ مَرَّتَيْنِ وَالْاِقَامَةُ مَرَّةً مَرَّةً غَيْرَ اَنَّهٗ يَقُوْلُ قَدْ قَامَتِ الصَّلٰوةُ الخ

''તેઓ ફર્માવે છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ના જમાનામાં અઝાનના વાકયો બબ્બે વાર હતા, અને તકબીર એક એક વાર. એ સિવાય તકબીરમાં **કદકા મતિસ્સલાત** પણ કહેતા હતા.''

આ હદીષના વિશે ઈબ્ને જવઝી જેવા નિષ્ણાત કહે છે :–

هٰذَا اِسْنَادٌ صَحِيْحٌ سَعِيْدُ الْمَقْبَرِىُّ وَ ثَقَّهٗ ابْنُ حَبَّانَ وَغَيْرُهٗ (صحيح النبهارى)

''આ સનદો સહીહ છે. સઈદ મુકબરીની ઈબ્ને હબ્બાને તસ્દીક કરી. (સમર્થન કર્યું).

આ હદીષથી જાણવા મળ્યું કે અઝાનમાં 'તરજીઅ' નથી, નહીં તો અઝાનના વાકયો બબ્બે ન હોત, શહાદતો ચાર ચાર વાર હોત. ઈકામતના એકવાર હોવાનો જવાબ બીજા વિભાગમાં રજુ કરવામાં આવશે.

હદીષ નં. ૭ : તિબ્રાનીએ મોઅજમ અવસતમાં અબૂ મહઝૂરા રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ના મોઅઝ્ઝિનના પ્રપૌત્રે હઝરત ઈબ્રાહીમ ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને અબ્દુલ મલિક ઈબ્ને અબી મહઝૂરા رضى الله عنه થી રિવાયત કરી :–

قَالَ سَمِعْتُ جَدِّیْ عَبْدَالْمَلِكِ ابْنِ اَبِیْ مَحْذُوْرَةَ یَقُوْلُ اَنَّهٗ سَمِعَ اَبَاهُ اَبَا مَحْذُوْرَةَ یَقُوْلُ اَلْقٰی عَلَیَّ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ الْاَذَانَ حَرْفاً حَرْفاً اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اِلٰی اٰخِرِهٖ وَ لَمْ یَذْكُرْ فِیْهِ تَرْجِیْعاً

"ફર્માવે છે કે મેં મારા દાદા અબ્દુલ મલિક ઈબ્ને અબી મહઝૂરાને સાંભળ્યા: તે કહેતા હતા કે તેમણે પોતાના વાલિદ અબૂ મહઝૂરાને કહેતાં સાંભળ્યા કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને અઝાનનો એક એક શબ્દ જણાવ્યો, અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબરથી છેવટ સુધી, એમાં 'તરજીઅ'નો ઉલ્લેખ નથી કર્યો."

આ હદીષથી જણાય છે કે અઝાનમાં 'તરજીઅ'નો હુકમ હુઝૂરે આપ્યો નથી. જેથી 'તરજીઅ' સુન્નતની વિરૂધ્ધ છે.

હદીષ નં. ૮-૯ : ઈબ્ને અબી શૈબા, તિર્મિઝીએ હઝરત ઈબ્ને અબી લૈલા તાબઈથી થોડા શાબ્દિક ફેરફારની સાથે રિવાયત કરી :

قَالَ كَانَ عَبْدُاللّٰهِ ابْنُ زَیْدٍ الْاَنْصَارِیُّ مُؤَذِّنُ رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ یُشَفِّعُ الْاَذَانَ وَ الْاِقَامَةَ

"ફર્માવે છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઝૈદ અન્સારી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મોઅઝ્ઝિન અઝાન તથા તકબીર બે બે વાર કહેતા હતા."

આ હદીષથી બે મસ્અલા માલૂમ પડયા, એક એ કે અઝાનમાં 'તરજીઅ' નથી. બીજુ એ કે ઈકામત એટલે તકબીરના શબ્દો બે બે વાર કહેવામાં આવે, ન કે એક એક વાર.

હદીષ નં. ૧૦ : બયહકીએ હઝરત અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી :

اَنَّهٗ كَانَ یَقُوْلُ الْاَذَانُ مَثْنٰی مَثْنٰی وَالْاِقَامَةُ مَثْنٰی مَثْنٰی وَ مَرَّ بِرَجُلٍ یُقِیْمُ مَرَّةً مَرَّةً فَقَالَ اِجْعَلْهَا مَثْنٰی مَثْنٰی لَا اُمَّ لَكَ

"આપ ફર્માવે છે કે અઝાન પણ બે બે વાર છે, તકબીર પણ બે બે વાર, અને આપ (હઝરત અલી) એક શખ્સ પાસેથી પસાર થયા જે ઈકામત એક એકવાર કહી રહ્યો હતો તો આપે ફર્માવ્યું, એને બે બે વાર કહે કે એકવાર કહેવું બુરૂ છે."

હદીષ નં. ૧૧ : અબૂ દાઉદ શરીફે હઝરત મઆઝ ઈબ્ને જબલથી એક લાંબી હદીષ બયાન કરી જેમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઝૈદ અન્સારીના ખ્વાબનો પ્રસંગ વર્ણન થયેલો છે જે તેમણે અઝાનના વિશે જોયો હતો. તેમણે હુઝૂરની ખિદમતમાં આવીને અર્ઝ કરી કે મેં ફરિશ્તાને ખ્વાબમાં જોયો જેણે કિબ્લા તરફ મોઢું કરીને **અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, અશ્હદુઅલ્લાઈલાહ ઈલ્લાહ...** છેવટ સુધી કહ્યું. પછી થોડીકવાર થોભીને અઝાનની જેમ તકબીર પણ કહી. (છેવટ સુધી) હદીષના અંતિમ શબ્દો આ પ્રમાણે છે :–

قَالَ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَقِّنْهَا بِلَالًا فَاَذَّنَ بِهَا

''રાવી કહે છે કે હુઝૂરે અબ્દુલ્લાહને ફર્માવ્યું કે આ અઝાન હઝરત બિલાલને શીખવાડો. તો હઝરત બિલાલે અઝાન એ જ શબ્દોમાં આપી.''

આ હદીષથી જાણવા મળ્યું કે ન તો ખ્વાબમાં આવેલ ફરિશ્તાએ 'તરજીઅ'ની તાલીમ આપી ન તો ઈસ્લામની પ્રથમ અઝાનમાં 'તરજીઅ' હતી જે હઝરત બિલાલે હુઝૂરની મૌજૂદગીમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઝૈદની તાલીમથી કહી. એ પણ જાણવા મળ્યું કે ઈકામત પણ અઝાનની જેમ બે બે વાર છે. પરંતુ એમાં **કદકા મતિસ્સલાહ** પણ છે.

હદીષ નં. ૧૨–૧૩ : ઈબ્ને અબી શયબા અને બયહકીએ અબ્દુર્રહ્માન ઈબ્ને અબી લૈલાથી રિવાયત કરી :

قَالَ حَدَّثَنَا اَصْحَابُ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّ عَبْدَاللّٰهِ ابْنَ زَيْدِ الْاَنْصَارِىْ جَاءَ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ رَاَيْتُ فِىْ الْمَنَامِ كَاَنَّ رَجُلًا قَامَ وَ عَلَيْهِ بُرْدَانِ اَخْضَرَانِ فَقَامَ عَلٰى حَآئِطٍ فَاَذَّنَ مَثْنٰى مَثْنٰى وَ اَقَامَ مَثْنٰى

''ફર્માવે છે કે અમને હુઝૂરના ઘણાયે સહાબાએ ખબર આપી કે અબ્દુલ્લાહ ઈબ્ને ઝૈદ અન્સારી હુઝૂરની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી કે મેં ખ્વાબમાં જોયું, જાણે એક મર્દ ઉભો થયો એના પર બે લીલાં (Green) કપડાં છે પછી તે દીવાલ પર ઉભો થયો અને અઝાન પણ બે બે વાર કહી અને તકબીર પણ બે બે વાર કહી.''

યાદ રાખશો કે અઝાનની તાલીમ રબ તઆલાએ સહાબાએ કિરામને ખ્વાબમાં ફરિશ્તા થકી આપી. એ ખ્વાબમાં ન તો અઝાનમાં 'તરજીઅ' છે ન ઈકામત એક એક વાર છે. જાણવા મળ્યું કે હનફી અઝાન તથા તકબીર તે છે જેની રબ તઆલાએ તાલીમ આપી.

હદીષ નં. ૧૪ થી ૧૬ : દારકુત્ની અબ્દુર્રઝ્ઝાક, તહાવી શરીફે હઝરત ઈબ્ને યઝીદથી રિવાયત કરી :–

اَنَّ بِلَالًا كَانَ يُثَنِّى الْاَذَانَ وَ يُثَنِّى الْاِقَامَةَ وَ كَانَ يَبْدَأُ بِالتَّكْبِيْرِ وَ يَخْتِمُ بِالتَّكْبِيْرِ

''બેશક ! હઝરત બિલાલ અઝાન પણ બે વાર કહેતા હતા અને ઈકામત પણ બે બે વાર. તે બંનેને તકબીરથી જ શરૂ કરતા હતા, તકબીર પર જ ખત્મ કરતા હતા.''

હદીષ–૧૭ : તિબ્રાનીએ પોતાની કિતાબ મુસ્નદે ષામીનમાં હઝરત જનાદા ઈબ્ને અબી ઉમૈયાથી રિવાયત કરી :–

عَنْ بِلَالٍ اَنَّهٗ كَانَ يَجْعَلُ الْاَذَانَ وَ الْاِقَامَةَ سَوَاءً مَثْنٰى مَثْنٰى

''હઝરત બિલાલથી રિવાયત છે કે અઝાન અને ઈકામત તેઓ સરખી કહેતા હતા એટલે બે બે વાર.''

હદીષ–૧૮ : દારકુત્નીએ હઝરત અબૂ હજીફાથી રિવાયત કરી :

اِنَّ بِلَالًا كَانَ يُؤَذِّنُ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَثْنٰى مَثْنٰى وَ يُقِيْمُ مَثْنٰى مَثْنٰى

''હઝરત બિલાલ હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સામે અઝાન બે બે વાર કહેતા હતા તથા ઈકામત બે બે વાર.''

હદીષ–૧૯ : તહાવીએ હઝરત હમ્માદ ઈબ્ને ઈબ્રાહીમથી રિવાયત કરી :

قَالَ كَانَ ثَوْبَانُ يُؤَذِّنُ مَثْنٰى مَثْنٰى ''હઝરત ષૌબાન અઝાન બે બે વાર કહેતા હતા.''

હદીષ–૨૦ : તહાવીએ હઝરત ઓબૈદ મૌલા સલ્મા ઈબ્ને અકૂઅથી રિવાયત કરી :

اَنَّ سَلَمَةَ بْنَ الْاَكْوَعِ كَانَ يُثَنِّىْ الْاَذَانَ وَ الْاِقَامَةَ

''હઝરત સલ્મા ઈબ્ને અકૂઅ رَضِىَ اللّٰهُ عَنْهُمَا અઝાન તથા ઈકામત બે બે વાર કહેતા હતા.''

અમે આ ૨૦ હદીષો નમૂના રૂપે રજુ કરી છે, નહીં તો એના સંબંધે ઘણી હદીષો છે. જો વિગતે ચર્ચા જોવી હોય તો સહીહુલ બિહારી, તહાવી શરીફ વગેરેનો અભ્યાસ કરો. આ હદીષોથી નીચે પ્રમાણેની ચીજો જાણવા મળી :–

(૧) અબ્દુલ્લાહ ઈબ્ને ઝૈદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ષઅલ્બા رضی اللہ عنہ ના ખ્વાબમાં જે અસલ ઈસ્લામી અઝાન છે તેમાં ન 'તરજીઅ'નો ઉલ્લેખ છે ન ઈકામત એક એક વાર વિશે. બલ્કે એ જ અઝાન તથા તકબીરનું વર્ણન છે જે સામાન્ય રિવાજમાં છે.

(૨) ફરિશ્તાએ જે અઝાનની તાલીમ આપી તેમાં 'તરજીઅ' પણ નથી અને ઈકામત એક એક વાર પણ નથી. એ જ આપણી અઝાન છે.

(૩) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મશહૂર મોઅઝ્ઝિન હઝરત બિલાલ, હઝરત ષૌબાન વગેરે હમેશાં એ જ અઝાન તથા ઈકામત આપતા હતા જે આમ (સામાન્યતઃ) મુસલમાનોમાં રિવાજ પામેલ છે એટલે કે હનફી અઝાન તથા ઈકામત.

(૪) જલીલુલ કદ્ર સહાબા તથા તાબઈન જેમ કે હઝરત અલી, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, સલમા ઈબ્ને અકૂઅ, અબ્દુલ્લાહ ઈબ્ને ઝૈદ, ઈબ્રાહીમ નખઈ, હઝરત ઓબૈદ, હજીફા વગેરે رَضِىَ اللّٰهُ عَنْهُمْ એ જ અઝાન કહેતા અને કહેવડાવતા હતા જે અત્યારે ચાલે છે. 'તરજીઅ' કે ઈકામતમાં એક એક વારને માનવાવાળા ન હતા.

(૫) હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ એક એક વાર ઈકામત કહેનારા પર નારાજ થતા હતા અને બે બે વાર કહેવડાવતા હતા. જો 'તરજીઅ' કે ઈકામત એક એક વાર સુન્નત હોત તો આ હઝરાત જેઓ રસૂલના મિજાઝને પહેચાનનાર, સુન્નતના પાબંદ અને બિદઅતથી નફરત કરનારા હતા તેઓએ તેને શા માટે ત્યજી દીધી અને તેમ કરનારને શા માટે રોકયા ?

અને તેમની શા માટે બુરાઈ (મલામત) કરી ?

બુદ્ધિનો તકાદો પણ એ છે કે અઝાનની શહાદતો (અશ્હદુ....)માં 'તરજીઅ' ન હોવી જોઈએ કેમ કે અઝાનમાં મૂળ ચીજ સલાત તથા ફલાહ છે કેમ કે અઝાન નમાઝના જ એલાન તથા દાવત માટે છે. અન્ય તકબીર તથા શહાદત વિગેરેનાં વાકયો બરકત અથવા તમહીદ (હમ્દ)કે નમાઝની તરગીબના માટે છે. જ્યારે સલાત તથા ફલાહમાં તકરાર (વારંવાર બોલવું) તથા 'તરજીઅ' નથી તો જે અસલ અઝાન છે તેમાં પણ 'તરજીઅ' ન હોવી જોઈએ જે એના તાબે (હેઠળ) છે.

બીજુ એ કે અઝાનનો મકસદ નમાઝનું જાહેર એલાન કરવું છે એટલા માટે અઝાન ઊંચા સ્થળ પર ઊંચા અવાજે કહેવામાં આવે, કાનોમાં આંગળીઓ રાખવામાં આવે જેથી અવાજ ખૂબ મોટો નીકળે, હવે તે બે શહાદતો (અશ્હદુ....)ને પ્રથમ ધીરે ધીરે કહેવું એ અઝાનના મકસદની તદ્દન વિરૂધ્ધ છે, તેનું દરેક વાકય મોટા અવાજથી જ હોવું જોઈએ. જુઓ ! અઝાનના શરૂમાં તકબીર ચાર વાર કહેવામાં આવે છે, પણ ચારેવ વાર ખૂબ જ મોટા અવાજે કહેવાય છે, જો શહાદતો (અશ્હદુ....) પણ ચાર વખત હોત તો ચારેવ વખત મોટા અવાજે જ હોત.

ત્રીજુ એ કે ઈકામત અઝાનની જેમ જ છે ત્યાં સુધી કે તેને અમુક હદીષોમાં અઝાન કહેવામાં આવી. કે હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "દર બે અઝાનોના દરમ્યાન નમાઝ છે." એટલે કે અઝાન તથા ઈકામતની દરમ્યાનમાં નમાઝ છે. હા ! ફરક **કદકા મતિસ્સલાત**નો છે કે તે ઈકામતમાં છે પણ અઝાનમાં નથી. જેથી ઈકામતના શબ્દો પણ અઝાનની જેમ બે બે વાર હોવા જોઈએ.

ચોથુ એ કે અઝાનમાં અમુક શબ્દો ડબલવાર આવે છે કે શરૂમાં પણ છે અને છેલ્લે પણ છે. જેમ કે તકબીર (અલ્લાહુ અકબર) તથા કલ્મો (લાઈલાહ ઈલ્લલ્લાહ). અને અમુક શબ્દો ડબલવાર નથી કે જે એક જ જગાએ આવે છે જેમ કે 'સલાત' તથા 'ફલાહ'. જે શબ્દો ડબલવાર આવે છે તે પ્રથમવાર બમણા છે અને બીજીવાર આવે છે તો એથી અડધા છે. જેમ કે તકબીર (અલ્લાહુ

અકબર) પ્રથમ વાર ચાર વખત છે અને પછી આવે છે તો બે વાર છે. તૌહીદની શહાદત પ્રથમ વાર બે વખત પઢાય છે તો છેલ્લે એક જ વાર છે. જેથી તકબીર (ઈકામત)માં પણ એવું જ હોવું જોઈએ.

જેથી હનફી અઝાન તથા ઈકામત જે આજે સામાન્યતઃ મુસલમાનોમાં પ્રચલિત છે તે તદ્દન સહીહ તથા સુન્નતના પ્રમાણે છે. તેના પર ટીકા કરવી જેહાલત તથા મૂર્ખાઈ છે.

(બીજો વિભાગ)

★ અઝાન તથા ઈકામત બાબતે વાંધાઓ તથા જવાબો ★

હનફી અઝાન તથા ઈકામત પર ગૈર મુકલ્લિદ વહાબી અત્યાર સુધી જે વાંધાઓ રજુ કરી શકયા છે અને જે ખબર અમને પહોંચી છે તે તમામ જવાબોની સાથે રજુ કરીએ છીએ. જો ભાવિમાં અધિક નવા વાંધા અમારી જાણમાં આવશે તો ઈન્શાઅલ્લાહ બીજી આવૃત્તિમાં તેના જવાબો પણ રજુ કરી દેવામાં આવશે.

વાંધા નં. ૧ : મુસ્લિમ શરીફે હઝરત અબૂ મહઝૂરા رضی اللہ عنہ થી પૂરી અઝાનની હદીષ નકલ કરી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને જાતે પોતે અઝાન શીખવાડી એમાં આ શબ્દો છે :–

''બંને શહાદતો (અશ્હદુ...) પછી ثُمَّ تَعُوْدُ فَتَقُوْلُ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ، اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ، اَشْهَدُ اَنَّ مُحَمَّداً رَّسُوْلُ اللّٰهِ، اَشْهَدُ اَنَّ مُحَمَّداً رَّسُوْلُ اللّٰهِ બોલો અને કહો **અશ્હદુઅલ્લાઈલાહ ઈલ્લલ્લાહ...** અઝાનની છેવટ સુધી.''

એનાથી જણાયું કે ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અબૂ મહઝૂરાને અઝાનની શહાદતોમાં 'તરજીઅ' શીખવાડી, જેથી અઝાનમાં 'તરજીઅ' સુન્નત છે.

જવાબ : આ વાંધાના કેટલા જવાબો છે : **એક** એ કે હઝરત અબૂ મહઝૂરા رضی اللہ عنہ ની રિવાયતો સખ્ત વિરોધાભાસી છે. આ હદીષમાં તો તેઓ 'તરજીઅ'નો ઉલ્લેખ કરે છે અને તેમની જ જે રિવાયત અમે પ્રથમ વિભાગમાં તિબ્રાનીના હવાલાથી રજુ કરી ચૂકયા છીએ એમાં 'તરજીઅ'નો તદ્દન ઉલ્લેખ નથી ! તહાવી

શરીફે આ જ અબૂ મહઝૂરાથી જે હદીષ નકલ કરી એમાં પ્રથમ અઝાનમાં ચારને બદલે બે વાર તકબીરનો ઉલ્લેખ છે જેથી અબૂ મહઝૂરાની રિવાયત વિરોધાભાસી હોવાને કારણે અમલને પાત્ર નથી, જેવો કે વિરોધાભાસી રિવાયતનો હુકમ છે.

બીજુ એ કે હઝરત અબૂ મહઝૂરાની આ 'તરજીઅ'વાળી હદીષ તે તમામ હદીષોની વિરૂધ્ધ છે જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા છીએ, જેમાં 'તરજીઅ'નો ઉલ્લેખ નથી. જેથી તે મશહૂર હદીષો અમલને પાત્ર છે, ન કે આ એકલી હદીષ.

ત્રીજુ એ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મશહૂર મોઅઝ્ઝિન હઝરત બિલાલ તથા હઝરત ષૌબાન رَضِیَ اللّٰہُ عَنْہُمَا છે. તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં અને બાદમાં કદાપી અઝાનમાં 'તરજીઅ' નથી કરી, જેથી તેમનો અમલ અધિક સ્વીકારપાત્ર છે.

ચોથુ એ કે અબૂ મહઝૂરાની આ હદીષને આમ સહાબીઓએ ત્યજી દીધી, તેમનો અમલ 'તરજીઅ' પર ન હતો બલ્કે 'તરજીઅ'ના વિરૂધ્ધ હતો જેથી એ જ અધિક કવી (સ્ટ્રોંગ) છે.

પાંચમું એ કે આ અબૂ મહઝૂરાની હદીષ શરઈ કયાસની પણ વિરૂધ્ધ છે અને અમારી રજુ કરેલી હદીષો કયાસના મુજબની છે. જેથી તે હદીષો અમલને પાત્ર છે ન કે આ હદીષ, જેવો કે વિરોધાભાસી હુકમ છે.

છઠ્ઠો જવાબ એ છે કે જે 'એનાયહ શરહે હિદાયહ્'એ આપ્યો છે કે સૈયેદેના અબૂ મહઝૂરાને કુફના જમાનામાં તૌહીદ તથા રિસાલતથી સખ્ત નફરત હતી અને તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ખૂબ જ વિરોધ કર્યો હતો. જયારે તેમણે ઈસ્લામ સ્વીકાર્યો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને અઝાન આપવાનો હુકમ આપ્યો તો તેમણે શરમના કારણે **અશ્હદુઅલ્લાઈલાહ ઈલ્લલ્લાહ** અને **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ધીમે ધીમે કહ્યું, મોટા અવાજથી ન કહ્યું. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને ફરીથી મોટા અવાજે એ વાકયો અદા કરવાનો હુકમ આપ્યો. આ

ફરીવાર કહેવડાવવાનું તે વખતે તાલીમના માટે તથા શરમ દૂર કરવા માટે હતું. જેથી એ હુકમ ટેમ્પરરી છે. જેમ કે આજે જો કોઈ માણસ ધીમે ધીમે અઝાન કહી દે તો ફરીવાર મોટા અવાજે કહેવડાવવામાં આવે છે. આ સ્થિતિમાં અબૂ મહઝૂરા رضی اللہ عنہ ની આ હદીષ અમારી પ્રથમ વિભાગમાં દર્શાવેલી હદીષોથી વિરૂધ્ધ નથી.

સાતમો જવાબ એ છે કે જે ફત્હુલ કદીરમાં આપ્યો છે કે હઝરત અબૂ મહઝૂરાએ આ બંને શહાદતો (અશ્હદુ....) મદ (ખેંચ્યા) વગર કહી દીધી હતી એટલા માટે ફરીવાર મદની સાથે કહેવડાવી. સારાંશ કે આ 'તરજીઅ'નો એક ખાસ પ્રસંગ બન્યો હતો, ન કે ઈસ્લામમાં સુન્નત છે.

વાંધા નં. ૨ : અબૂ દાઉદ, નિસાઈ, અને દારમીએ હઝરત અબૂ મહઝૂરાથી રિવાયત કરી :

اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ عَلَّمَهُ الْاَذَانَ تِسْعَ عَشَرَةَ كَلِمَةً وَالْاِقَامَةَ سَبْعَ عَشْرَةَ كَلِمَةً

''બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને અઝાન ૧૯ વાકયો અને તકબીરના ૧૭ વાકયો શીખવાડયાં.''

આ હદીષથી જાણવા મળ્યું કે અઝાનાં વાકયો ૧૯ છે એ 'તરજીઅ'થી જ બને છે. જો અઝાનમાં 'તરજીઅ' ન હોય તો કુલ ૧૫ વાકયો છે જેથી 'તરજીઅ' અઝાનમાં હોવી જોઈએ.

જવાબ : એના કેટલાક જવાબો છે. એક એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે જો આ હદીષથી અઝાનમાં 'તરજીઅ' સાબિત થાય છે તો ઈકામતના વાકયો બે બે વાર છે. જો તમારી જેમ એક એક વાર ઈકામતના વાકયો હોત તો તેના વાકયો ૧૭ ને બદલે ૧૩ થાય છે. શું તમે અડધી હદીષ પર ઈમાન લાવો છો અને અડધીના મુન્કિર (નકારનાર) છો ?

'તરજીઅ' વાળી અઝાનના તમામ જવાબો છે. વાંધા નં. ૧ ના જવાબ હેઠળ આવી ગયા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અબૂ મહઝૂરા થકી એક ખાસ કારણને લીધે ત્યારે 'તરજીઅ' થઈ હતી વગેરે...

વાંધા નં. ૩ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત અનસ رضی اللہ عنہ થી

રિવાયત કરી :–

قَالَ ذَكَرُوْا النَّارَ وَالنَّاقُوْسَ فَذَكَرُوْا الْيَهُوْدَ وَ النَّصَارٰى فَاُمِرَ بِلَالٌ اَنْ يُشَفِّعَ الْاَذَانَ وَ يُوْتِرَ الْاِقَامَةَ

''ફર્માવે છે કે સહાબાએ નમાઝના એલાનના માટે આગ તથા શંખની તજવીઝ કરી તો યહૂદીઓ તથા ઈસાઈઓનો ઉલ્લેખ પણ કર્યો કે તેઓ પણ એ ચીજો વડે ઈબાદતનું એલાન કરે છે. તો હઝરત બિલાલને હુકમ આપવામાં આવ્યો કે અઝાન બે બે વાર કહે અને ઈકામત એક એકવાર.''

આ હદીષથી જાણવા મળ્યું કે ઈકામતના વાકયો એક એક વાર કહેવામાં આવે.

જવાબ : તેના કેટલાક જવાબો છે. **એક** એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે એનાથી જણાયું કે ઈકામતના સર્વ વાકયો એક એકવાર હોય. જ્યારે તમે તો કહો છો કે ઈકામતમાં પ્રથમ તકબીર (અલ્લાહુ અકબર) ચાર વાર હોય, **કદકા મતિસ્સલાહ** બે વાર હોય, પછી તકબીર (અલ્લાહુ અકબર બે વાર હોય, જેથી એનો જે જવાબ તમારો હશે તે જ અમારો પણ. જો તમે એવું કહો કે બીજી હદીષોમાં એ પણ છે કે ઈકામતના સર્વ વાકયો બે વાર કહેવામાં આવે, તો તે હદીષો અમલને પાત્ર કેમ નથી ?

બીજુ એ કે આ હદીષમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝૈદના ખ્વાબનો તદ્દન ઉલ્લેખ નથી બલ્કે ફર્માવવામાં આવ્યું કે જ્યારે સહાબાએ આગ કે શંખ વડે નમાઝના એલાનનો મશ્વરો આપ્યો અને અમુક સહાબાએ કહ્યું કે એમાં યહૂદ તથા ઈસાઈથી મળતાપણુ (મુશાબહત) છે, ઈસ્લામી એલાન એનાથી અલગ હોવું જોઈએ. તો તુરત જ હઝરત બિલાલને અઝાન તથા ઈકામતનો હુકમ આપવામાં આવ્યો. તો એ અઝાન તથા ઈકામતથી વર્તમાન પ્રચલિત શરઈ અઝાન મુરાદ નથી બલ્કે શાબ્દિક અઝાન એટલે નમાઝનુ એલાન છે જે મહોલ્લામાં જઈને કરવામાં આવે અને ઈકામતથી મુરાદ જમાઅતના સમયે તે એલાન જે મસ્જિદવાળાઓને એકત્ર કરવા માટે કરવામાં આવે કે, ''આવી જાવ ! જમાઅત ઉભી થઈ રહી છે.'' એક એલાન એક જ વાર પૂરતુ હતું એટલા માટે એકવાર ઉલ્લેખ થયો. પછી તેના પછી અબ્દુલ્લાહ ઈબ્ને ઝૈદ

رضی اللہ عنہ ના ખ્વાબનો પ્રસંગ ઉપસ્થિત થયો જેમાં વર્તમાન પ્રચલિત અઝાન તથા ઈકામત કાયમ કરવામાં આવી અને તે એલાનો ત્યજી દેવામાં આવ્યાં.

ત્રીજું એ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝૈદના ખ્વાબમાં ફરિશ્તાએ જે ઈકામતની તાલીમ આપી એમાં ઈકામતના શબ્દો બે બે વાર છે અને તે ખ્વાબ જ અઝાન તથા ઈકામતની મૂળ ચીજ છે જેથી એ જ રિવાયત અમલને પાત્ર છે. બીજી રિવાયત જે તેની વિરૂધ્ધ છે તે તાવીલ (અર્થઘટન) કરવાને પાત્ર છે, અમલને પાત્ર નથી.

યાદ રાખશો કે આ ખ્વાબ કેવળ હઝરત અબ્દુલ્લાહનો જ નથી બલ્કે તેમના સિવાય સાત સહાબીઓએ એ જ ખ્વાબ જોયો. આ પરથી જાણે આ હદીષ મુતવાતિરના હુકમમાં થશે.

ચોથુ એ કે રિવાયતોની એના પર એકમતી છે કે હઝરત બિલાલ અને ઈબ્ને ઉમ્મે મકતૂમ رَضِیَ اللّٰہُ عَنْہُمَا એ અઝાનમાં 'તરજીઅ' પોતાના અંતિમ શ્વાસ સુધી નથી કરી. જુઓ મિર્કાત શરહે મિશકાત તેમજ એ બુઝુર્ગોની ઈકામતમાં ઈકામતના વાકયો બે બે જ રહયાં. તો કેવી રીતે થઈ શકે છે કે હઝરત બિલાલ જેવા મશહૂર મોઅઝ્ઝિન અને હઝરત ઈબ્ને ઉમ્મે મકતૂમ પોતાની આખી જિંદગી ન તો અઝાનમાં 'તરજીઅ' કરે ન તકબીરના વાકયો એક એકવાર કહે જ્યારે કે તેમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવો હુકમ આપ્યો હોય ! (મતલબ એ શકય નથી.) જેથી સિધ્ધ થયું કે 'તરજીઅ' વગેરેની સર્વ રિવાયતોની તાવીલ કરવી જરૂરી છે.

પાંચમું એ કે આ રિવાયતો શરઈ કયાસની વિરૂધ્ધ છે અને અમારી રજુ કરેલી હદીષો કયાસ મુજબની છે, જેથી તેને જ અગ્રતા મળશે. જ્યારે હદીષોમાં વિરોધાભાસ (તઆરુઝ) હોય તો કયાસથી (કોઈ એકને) અગ્રતા આપવામાં આવે છે. જુઓ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''આગથી પકવેલી (રાંધેલી) ચીજનો ઉપયોગ કરવાથી વઝૂ વાજિબ થાય છે.'' બીજી રિવાયતમાં આવ્યું કે, ''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગોશ્ત ખાઈને નમાઝ પઢી, વઝૂ ન કર્યું.'' આ હદીષોમાં તઆરુઝ (વિરોધાભાસ) થયો. તો હવે કયાસ થકી બીજી હદીષને અગ્રિમતા આપવામાં આવી. હવે કોઈ નથી કહેતું કે ખાણુ ખાવાથી વુઝૂ તૂટી જાય છે, આ કુલ્લી કાનૂન છે.

નફ્લવાળા પાછળ ફર્ઝ નમાઝ

શરીઅતનો મસ્અલો એ છે કે નફ્લવાળા પાછળ ફર્ઝ નમાઝ અદા થતી નથી, હા ! ફર્ઝવાળા પાછળ નફ્લ નમાઝ થઈ જાય છે. ફર્ઝ નમાઝમાં એ પણ જરૂરી છે કે ઈમામ પણ ફર્ઝ પઢી રહ્યો હોય, એ પણ જરૂરી છે કે ઈમામ તથા મુકતદી બંને એક જ નમાઝ પઢતા હોય. ઝોહરવાળો અસ્રવાળાની પાછળ નમાઝ નથી પઢી શકતો. પણ ગેર મુકલ્લિદ વહાબી કહે છે કે ફર્ઝ નમાઝ નફ્લવાળા પાછળ જાઈઝ છે.

જરૂરી નોંધ : બાલિગ મુસલમાનની કોઈ નમાઝ નાબાલિગ બાળકની પાછળ જાઈઝ નથી, ન ફર્ઝ ન તરાવીહ ન નફ્લ. કેમ કે બાળક પર નમાઝ ફર્ઝ નથી કેવળ નફ્લ છે. અને બાળકની નફલ શરૂ કર્યા બાદ પણ નફ્લ જ રહે છે. જો બાળક નફ્લ શરૂ કરીને તોડી નાખે તો કઝા લાઝિમ નથી. પણ બાલિગની નફ્લ શરૂ થઈને જરૂરી બની જાય છે કે જો તોડે તો કઝા લાઝિમ છે. એટલા માટે બાલિગ કોઈ નમાઝ બાળક પાછળ નથી પઢી શકતો. પણ ગૈર મુકલ્લિદ વહાબીઓની નજીક આ બધું જ જાઈઝ છે. એટલા માટે અમે આ પ્રકરણના પણ બે વિભાગ કરીએ છીએ, પ્રથમ વિભાગમાં આ મસ્અલાની સાબિતી અને બીજા વિભાગમાં તેના પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ નફ્લવાળા પાછળ ફર્ઝવાળાની નમાઝ નાજાઈઝ છે ★

ફર્ઝ નમાઝ નફ્લવાળા પાછળ નથી અદા થઈ શકતી. એના વિશે ઘણી મુબારક હદીષો અને શરીઅત અનુસારના કયાસો છે, જેમાંથી અમુક રજુ કરવામાં આવે છે :–

હદીષ નં. ૧ થી ૪ : તિર્મિઝી, અહમદ, અબૂ દાઉદ, શાફઈ મિશ્કાતે અઝાનના પ્રકરણમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَلْاِمَامُ ضَامِنٌ وَ الْمُؤَذِّنُ مُؤْتَمِنٌ اَللّٰهُمَّ اَرْشِدِ الْاَئِمَّةَ وَ اغْفِرْ لِلْمُؤَذِّنِيْنَ

''ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈમામ જામિન છે અને મોઅઝ્ઝિન અમીન છે. હે અલ્લાહ ! ઈમામોને હિદાયત આપ અને મોઅઝ્ઝિનોને બખ્શી દે.''

આ હદીષથી જાણવા મળ્યું કે ઈમામે સર્વ મુકતદીઓની નમાઝને પોતાની નમાઝ હેઠળ લીધેલ હોય છે અને સ્પષ્ટ છે કે આ'લા ચીજે અદનાને પોતાની નમાઝ હેઠળ લીધેલ હોય છે અને સ્પષ્ટ છે કે આ'લા ચીજે અદનાને પોતાના હેઠળ લઈ શકે છે, ન કે અદના ચીજ આ'લાને પોતાના અંદરમાં લે. ફર્ઝ નફ્લને પોતાના અંદર લઈ શકે છે કેમ કે તે નફલથી આ'લા છે પણ નફ્લ ફર્ઝને પોતાના હેઠળ નથી લઈ શકતી કેમ કે તે ફર્ઝથી અદના છે. એ જ પ્રમાણે દરેક ફર્ઝ નમાઝ પોતાના જેવા ફર્ઝને પોતાના હેઠળ લઈ શકે છે ન કે અન્ય ફર્ઝને. જેથી જો ઈમામ અસ્રની નમાઝ પઢી રહ્યો હોય તો તેની પાછળ ઝોહરની કઝા નથી પઢી શકાતી, કેમ કે અસ્રની નમાઝ ઝોહરને પોતાના હેઠળ નથી લઈ શકતી, કેમ કે એ બંને અલગ છે.

હદીષ નં. ૫ : ઈમામ અહમદે હઝરત સલીમ સલ્લમીથી રિવાયત કરી :–

اَنَّهٗ اَتَى النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّ ابْنَ مَعَاذَ ابْنَ جَبَلٍ يَاتِيْنَا بَعْدَ مَا نَنَامُ وَ نَكُوْنُ فِيْ اَعْمَالِنَا بِالنَّهَارِ فَيُنَادِيْ

''હઝરત સલીમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! હઝરત મઆઝ અમારી પાસે અમારા સૂઈ ગયા બાદ આવે છે. અમે દિવસભર અમારા કારોબારમાં મશગૂલ રહીએ છીએ, પછી

بِالصَّلٰوةِ فَنَخْرُجُ اِلَيْهِ فَيُطَوِّلُ عَلَيْنَا فَقَالَ لَهٗ عَلَيْهِ السَّلَامُ يَا مَعَاذُ لَا تَكُنْ فَتَّاناً اِمَّا اَنْ تُصَلِّيَ مَعِيَ وَ اِمَّا اَنْ تُخَفِّفَ عَلٰى قَوْمِكَ

નમાઝની અઝાન આપે છે અમે નીકળીને તેમની પાસે આવીએ છીએ, તેઓ નમાઝ ખૂબ લાંબી પઢાવે છે. તો તેમને હુઝૂરે ફર્માવ્યું કે હે મઆઝ ! ફિત્નાનો સબબ ન બનો, કયાં તો મારી સાથે નમાઝ પઢી લીધા કરો અથવા તમારી કૌમને હળવી નમાઝ પઢાવ્યા કરો."

યાદ રાખશો કે હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ ઈશાની નમાઝ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાછળ પઢીને પોતાની કૌમમાં પહોંચીને તેમને નમાઝ પઢાવતા અને લાંબી પઢાવતા હતા જેની ફરિયાદ બારગાહે નબવીમાં થઈ જેનો પ્રસંગ અહીં વર્ણન થયો છે.

જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ ને એની ઈજાઝત ન આપી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે નમાઝ પઢીને પોતાની કૌમને પઢાવે કેમ કે નફ્લવાળાની પાછળ ફર્ઝ જાઈઝ નથી, બલ્કે ફર્માવ્યું કે મારી પાછળ પઢો તો કૌમને ન પઢાવો અથવા કૌમને પઢાવો તો મારી પાછળ ન પઢો.

હદીષ નં. ૬ : ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ એ હઝરત હમ્માદથી તેમણે હઝરત ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી :

قَالَ اِذَا دَخَلْتَ فِيْ صَلٰوةِ الْقَوْمِ وَ اَنْتَ لَا تَنْوِيْ صَلٰوتَهُمْ لَاتُجْزِيْكَ وَ اِنْ صَلّٰى الْاِمَامُ صَلٰوتَهٗ وَ نَوَى الَّذِيْ خَلْفَهٗ غَيْرَهَا اَجْزَأَتِ الْاِمَامَ وَ لَمْ تُجْزِهِمْ رَوَاهُ الْاِمَامُ مُحَمَّدٌ فِي الْاٰثَارِ

"ફર્માવે છે કે જ્યારે તમે કૌમની નમાઝમાં સામેલ થાવ અને તમે તેમની નમાઝની નિય્યત ન કરો તો તેમને એ નમાઝ પૂરતી નથી અને જો ઈમામ એક નમાઝ પઢે અને પાછળવાળા મુકતદી બીજી નમાઝની નિય્યત કરે તો ઈમામની નમાઝ તો થઈ જશે અને પાછલાઓની ન થઈ."

એનાથી જાણવા મળ્યું કે મિલ્લતના ઉલમાનો પણ એ જ મસ્લક છે કે

નફ્લવાળાની પાછળ ફર્ઝ નમાઝો નથી પઢી શકાતી. એ જ પ્રમાણે એક ફર્ઝની પાછળ બીજો ફર્ઝ અદા નથી થઈ શકતો.

બુદ્ધિનો તકાઝો પણ એ છે કે નફ્લવાળા પાછળ ફર્ઝ અદા ન થશે, કેમ કે ઈમામ પેશવા છે અને મુકતદી તેનો તાબેદાર છે. ઈમામની નમાઝ અસ્લ (મૂળ) છે મુકતદીની નમાઝ તેના પર શાખ છે. એટલા માટે ઈમામની સહ્વ (ભૂલ)થી મુકતદી પર સહ્વનો સજદો વાજિબ થઈ જાય છે. પરંતુ મુકતદીની સહ્વથી ન ઈમામ પર સહ્વનો સિજદો વાજિબ થશે ન ખૂદ તે મુકતદી પર. ઈમામની કિરાઅત મુકતદીના માટે પૂરતી છે પણ મુકતદીની કિરાઅત ઈમામના માટે પૂરતી નથી, [હનફીઓની નજીક મુત્લકન (કિરાઅત ઈમામ પાછળ મુકતદી ન કરે) અને વહાબીઓ ગૈર મુકલ્લિદોની નજીક સૂરએ ફાતિહા મુકતદી પઢે છે, બીજી નહીં.] જો ઈમામ બેવઝૂ નમાઝ પઢાવી દે તો મુકતદીની નમાઝ પણ થશે નહીં પણ જો મુકતદી બેવઝૂ પઢી લે તો ઈમામની નમાઝ દુરુસ્ત થશે. ઈમામ સજદાની આયત તિલાવત કરે તો મુકતદી પર તિલાવતનો સજદો વાજિબ છે, મુકતદી સાંભળે કે ન સાંભળે. પરંતુ જો મુકતદી ઈમામની પાછળ સિજદાની આયત તિલાવત કરે તો ન ઈમામ પર તિલાવતનો સિજદો વાજિબ થશે ન ખૂદ તે મુકતદી પર. જો ઈમામ મુકીમ હોય અને મુકતદી મુસાફિર હોય તો મુકતદીએ પૂરી નમાઝ પઢવી પડશે. પરંતુ જો ઈમામ મુસાફિર હોય અને મુકતદી મુકીમ હોય તો ઈમામ પૂરી નમાઝ પઢશે નહીં, બલ્કે કસર પઢશે. આ પ્રકારના ઘણા મસાઈલ છે, જેનાથી જણાય છે કે ખૂદ મુકતદી અને તેની નમાઝ ઈમામ તથા ઈમામની નમાઝના તાબા હેઠળ છે. ઈમામની નમાઝ તથા સરદાર છે. સરદાર તાબા હેઠળનાથી કયાં તો સમાન હોય અથવા તેનાથી ઉચ્ચ હોય. અને નફ્લ નમાઝ ફર્ઝ નમાઝ કરતાં દરજામાં ઓછી છે તો નફ્લની પાછળ ફર્ઝ અદા ન થાય જેથી ઉચ્ચ તથા અફઝલ અદનાના તાબા હેઠળ ન થઈ જાય. એ જ પ્રમાણે એક ફર્ઝ બીજા ફર્ઝની પાછળ નથી થઈ શકતો, કેમ કે એક પ્રકાર બીજા પ્રકારના તાબે નથી થઈ શકતો. જયારે ઈદની નમાઝ પઢાવવાવાળા ઈમામની પાછળ ફજરની નમાઝ નથી થઈ શકતી. અને મગરિબ પઢાવનારની પાછળ વિત્ર નથી થઈ શકતી તો ઝોહ્રવાળાની પાછળ

ઈશાની કઝા નમાઝ પણ નથી થઈ શકતી. સારાંશ કે જરૂરી એ છે કે કયાં તો ઈમામ તથા મુકતદીની નમાઝ એક હોય અથવા મુકતદીની નમાઝ ઈમામની નમાઝ કરતાં અદના હોય એટલે કે ઈમામ ફર્ઝ પઢી રહ્યો હોય તો મુકતદી નફલ.

(બીજો વિભાગ)

★ નફ્લવાળા પાછળ ફર્ઝ નમાઝ નથી થતી એ સંબંધે વાંધા તથા તેના જવાબ ★

અમે આ સંબંધે ગૈર મુકલ્લિદ વહાબીઓની વકાલતમાં તેમની તરફથી તે વાંધાઓ પણ રજુ કરીએ છીએ જે તેઓ ઉઠાવ્યા કરે છે, અને તે વાંધાઓ પણ જે આજ સુધી તેમને સુઝયા પણ નહીં હોય અને તે તમામના જવાબો પણ આપી દઈએ છીએ.

વાંધા નં. ૧ : આમ મુહદ્દિષોએ હદીષ રિવાયત કરી કે મેઅરાજની રાત્રે પંજગાના નમાઝ ફર્ઝ થઈ, ત્યાર બાદ બે દિવસ સુધી હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم એ હુઝૂરને પાંચેવ નમાઝો પઢાવી. પહેલા દિવસે દરેક નમાઝ શરૂ સમયમાં, બીજા દિવસે આખર સમયમાં અને પછી અર્ઝ કરી કે, હુઝૂર ! આ સમયો દરમ્યાન આ નમાઝોના સમયો છે. જુઓ ! હુઝૂર પર આ નમાઝો ફર્ઝ હતી અને હઝરત જિબ્રઈલના માટે નફ્લ. કેમ કે પંજગાના નમાઝો ફરિશ્તાઓ પર ફર્ઝ નથી પણ તેમ છતાં હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم ઈમામ છે અને હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم મુકતદી છે. જાણવા મળ્યું કે નફ્લવાળાની પાછળ ફર્ઝ નમાઝ દુરુસ્ત છે, બલ્કે ઈસ્લામમાં પ્રથમ નમાઝ એ જ પ્રમાણે થઈ. એટલે નફ્લની પાછળ ફર્ઝ પઢવામાં આવી અને આ કાર્ય સુન્નતે નબવી પણ છે અને સુન્નતે જિબ્રઈલ પણ છે.

જવાબ : એના બે જવાબો છે : એક એ કે : બતાવો ! જિબ્રઈલ عليه الصلوٰة والتسليم આ નમાઝો પઢાવવા રબના હુકમથી આવ્યા હતા કે રબના હુકમ વગર પોતાના તરફથી આવી ગયા ? બીજી વાત તો બાતિલ જ છે કેમ કે હઝરત જિબ્રઈલ

عليه الصلوٰة والتسليم અલ્લાહના હુકમ વગર કદી નથી આવતા. રબ ફર્માવે છે :

وَمَا نَتَنَزَّلُ اِلَّا بِاَمْرِ رَبِّكَ "અમે રબના હુકમના વગર નથી ઉતરતા."

જેથી માનવું પડશે કે રબ તઆલાના હુકમથી આવ્યા. જ્યારે હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم ને એ નમાઝોનો હુકમ અલ્લાહે આપ્યો જેથી એ તેમના માટે ફર્ઝ થઈ ગઈ. રબનો હુકમ જ ફર્ઝ કરનાર ચીજ છે જેથી એ નમાઝો નફ્લની પાછળ ફર્ઝ પઢવામાં નથી આવી બલ્કે ફર્ઝ પાછળ ફર્ઝ જ પઢવામાં આવી છે.

બીજુ એ કે તે બે દિવસોમાં હુઝૂર પર ન એ નમાઝો ફર્ઝ હતી ન સહાબા પર. કેમ કે મેઅરાજની રાતમાં નમાઝો ફર્ઝ કરી દેવામાં આવી હતી, પરંતુ હજી તેને અદા કરવાનો તરીકો તથા નમાઝોના સમયની તાલીમ આપવામાં આવી ન હતી. કાનૂનની સમજ સ્પષ્ટ થયા વિના અમલને પાત્ર નથી હોતો, એટલા માટે તમામ મુસલમાનોએ ન તો હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم ની પાછળ એ નમાઝો પઢી ન તો એ દિવસની નમાઝો કઝા થઈ. જેથી જણાયુ કે હુઝૂરે હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم ની પાછળ નફ્લ પઢી. અલ્હમ્દુલિલ્લાહ ! કે તમારો વાંધો જડથી ઉખડી ગયો.

વાંધા નં. ૨ : મુસ્લિમ તથા બુખારીએ હઝરત જાબિર رضى الله عنه થી રિવાયત કરી :

قَالَ كَانَ مَعَاذُ ابْنُ جَبَلٍ يُّصَلِّىْ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ يَاتِىْ قَوْمَهٗ فَيُصَلِّىْ بِهِمْ

"ફર્માવે છે કે હઝરત મઆઝ ઈબ્ને જબલ હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم ની સાથે નમાઝો પઢતા હતા. પછી પોતાની કૌમમાં આવતા અને તેમને નમાઝ પઢાવતા હતા."

જુઓ ! હઝરત મઆઝ ઈશાના ફર્ઝ હુઝૂરની પાછળ પઢી લેતા હતા પછી પોતાની કૌમમાં આવીને પઢાવતા હતા. આપની નમાઝ નફ્લ હતી અને સર્વ મુકતદીઓની નમાઝ ફર્ઝ હોતી. આ પરથી જાણવા મળ્યું કે નફ્લવાળા પાછળ ફર્ઝ પઢવી સહાબાની સુન્નત છે.

જવાબ : આ વાંધાના કેટલાક જવાબો છે : એક એ કે શકય છે કે હઝરત

મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાછળ નફ્લ પઢતા હોય અને કૌમની સાથે ફર્ઝ અદા કરતા હોય. હઝરત મઆઝ رضی اللہ عنہ એ એવું કયાંય નથી ફર્માવ્યું કે હું હુઝૂરની પાછળ ફર્ઝ પઢી લીધા કરું છું અને મુકતદીઓની આગળ નફ્લની નિય્યત કરું છું. જેથી તમારા માટે આ હદીષ તદ્દન ફાયદા વિહોણી છે.

બીજુ એ કે આ હદીષમાં એવું નથી આવ્યું કે હઝરત મઆઝે આ કામ હુઝૂરની ઈજાઝતથી કર્યું કે તેમને હુઝૂરે ઈજાઝત આપી હોય કે ફર્ઝ મારી પાછળ પઢી લીધા કરો અને નફ્લ મુકતદીઓની સાથે પઢો. બલ્કે એ તો હઝરત મઆઝ رضی اللہ عنہ નો ઈજતેહાદ હતો કે જે ખરેખર દુરુસ્ત ન હતો. ઘણીવાર સહાબાથી ઈજતેહાદી ખતા થયેલી છે.

ત્રીજુ એ કે અમે પ્રથમ વિભાગમાં હદીષ રજુ કરી ચૂકયા છીએ કે જ્યારે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં હઝરત મઆઝના આ અમલની ખબર આપવામાં આવી તો હુઝૂરે તેમને એનાથી મના કરી દીધું અને હુકમ આપ્યો કે કયાં તો મારી પાછળ નમાઝ પઢયા કરો અથવા મુકતદીઓને હળવી નમાઝ પઢાવ્યા કરો. જાણવા મળ્યું કે હઝરત મઆઝનો આ ઈજતેહાદ જણાવેલ હદીષની વિરૂધ્ધ હોવાને કારણે અમલને પાત્ર નથી.

વાંધા નં. 3 : બયહકી તથા બુખારીએ તે જ હઝરત જાબિર رضی اللہ عنہ થી હઝરત મઆઝનો આ વાકયો રિવાયત કર્યો તેના શબ્દો આ પ્રમાણે છે :

قَالَ كَانَ مُعَاذٌ يُصَلِّيْ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْعِشَاءَ ثُمَّ يَرْجِعُ اِلٰى قَوْمِهٖ فَيُصَلِّيْ بِهِمُ الْعِشَآءَ وَهِيَ لَهٗ نَافِلَةٌ

''ફર્માવે છે કે હઝરત મઆઝ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે ઈશાની નમાઝ પઢી લેતા હતા પછી પોતાની કૌમ તરફ પાછા ફરતા હતા તો તેમને ઈશા પઢાવતા હતા. એ નમાઝ તેમની નફ્લ હોતી હતી.''

આ હદીષથી સ્પષ્ટ જણાયું કે હઝરત મઆઝ ઈબ્ને જબલ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે નફ્લ પઢતા ન હતા બલ્કે ફર્ઝ જ પઢતા હતા અને મુકતદીઓની આગળ નફ્લ અદા કરતા હતા. જેથી એવું નથી કહી શકાતુ કે આપ હુઝૂરની પાછળ નફ્લ અને મુકતદીઓની સાથે ફર્ઝ પઢતા હતા.

જવાબ : તમારી રજુ કરેલી આ હદીષ હઝરત જાબિર رضی اللہ عنہ થી નકલ થયેલી છે. તેઓ હઝરત મઆઝનો આ પ્રસંગ રજુ કરીને પોતાના અંદાઝા તથા કયાસ થકી જણાવે છે કે હુઝૂરની સાથે ફર્ઝ પઢતા હતા. એમાં એવું નથી કે હઝરત મઆઝે પોતાની નિય્યત કે ઈરાદાની જાણ કરી છે. બીજુ એ કે નિય્યતના વિશે તેમને પૂછયા વિના યકીનની સાથે એવું નથી કહી શકાતુ, અને ન એમાં એવું છે કે તેમને હુઝૂરે એની ઈજાઝત આપી, જેથી આ હદીષ કોઈ રીતે તમારી દલીલ નથી બની શકતી.

વાંધા નં. ૪ : બુખારી શરીફે હઝરત અમ્ર ઈબ્ને સલ્મા رضی اللہ عنہما થી એક લાંબી હદીષ રિવાયત કરી જેમાં તેઓ ફર્માવે છે કે અમારી કૌમ એક ઘાટ પર રહેતી હતી જ્યાંથી કાફલા પસાર થયા કરતા હતા. હું હિજાઝી કાફલાઓને નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સ્થિતિ તથા કુર્આની આયતો પૂછયા કરતો હતો. ફતહે મક્કા પછી મારા વાલિદે મદીના મુનવ્વરા હાજર થઈને પોતાની કૌમના તરફથી ઈસ્લામ સ્વીકાર્યો અને ત્યાંથી નમાઝના હુકમો માલૂમ કર્યા. તેમને હુઝૂરે ફર્માવ્યું કે અઝાન કોઈ આપી દીધા કરે પણ નમાઝ તે પઢાવે જેને અધિક કુર્આને કરીમ યાદ હોય. જ્યારે પાછા વળ્યા તો જાણ થઈ કે મને કુર્આને કરીમ સૌથી અધિક યાદ હતું તો મને ઈમામ બનાવી દીધો. એ સમયે મારી ઉંમર છ વરસની હતી. હું કૌમને નમાઝ પઢાવતો હતો. હદીષના અંતિમ શબ્દો આ પ્રમાણે છે :

فَكَانَتْ عَلَيَّ بُرْدَةٌ كُنْتُ إِذَا سَجَدْتُ قَلَصَتْ عَنِّيْ فَقَالَتْ اِمْرَأَةٌ مِنَ الْحَيِّ اَلَا تُغَطُّوْنَ عَنَّا اِسْتَ قَارِئِكُمْ فَاشْتَرَوْا فَقَطَعُوْا لِيْ قَمِيْصاً

"મારા પર એક ચાદર રહેતી હતી કે જ્યારે હું સજદો કરતો તો ખુલી જતી. તો કબીલાની એક સ્ત્રીએ કહ્યું કે આપણા કારી સાહબનાં ઢગડાં કેમ નથી ઢંકાતા ? તો લોકોએ મારા માટે કપડુ ખરીદીને કમીઝ સીવડાવી દીધી." (મિશ્કાત, બાબુલ ઈમામત)

જુઓ ! ઈબ્ને સલ્લમહ્ સહાબી છે અને તમામ સહાબીઓ તેમની પાછળ ફર્ઝ નમાઝ પઢે છે. અમ્ર ઈબ્ને સલ્લમહ્ની ઉંમર શરીફ છ વરસ છે. તેમના

પર કોઈ નમાઝ ફર્ઝ નથી, બાળકની નફ્લ પણ ખૂબ જ અદના હોય છે, પરંતુ જવાન વૃધ્ધ તેમની પાછળ ફર્ઝ અદા કરે છે. જાણવા મળ્યું કે નફ્લવાળા પાછળ ફર્ઝ અદા થઈ જાય છે.

જવાબ : એના તે જ જવાબો છે જે વાંધા નં. ૨ ના હેઠળ આવી ગયા કે તેમનો એ અમલ પોતાની રાયથી હતો કે હુઝૂરે એવું ફર્માવ્યું હતું ? આ લોકો નવો નવો ઈસ્લામ લાવ્યા હતા જેથી શરઈ હુકમોની ખબર ન હતી તો બેખબરીમાં એવું કર્યું. જો તમે આ હદીષથી એ મસ્અલો સાબિત કરો છો તો એ પણ માની લો કે નગ્ન ઈમામની પાછળ પણ નમાઝ જાઈઝ છે ! કેમ કે અમ્ર ઈબ્ને સલ્લમહ્ ખૂદ ફર્માવે છે કે મારું કપડું એટલું ટૂંકુ હતું કે સજદામાં ચાદર ખસી જતી હતી અને ઢગડાં ઉઘાડાં થઈ જતાં હતાં, તેમ છતાં એ લોકો નમાઝ પઢતા રહ્યા. કોઈએ નમાઝ ન દોહરાવી, કેમ કે શરઈ મસાઈલથી બેખબરીના કારણે આવું થયું. અફસોસ ! કે તમે લોકો આંખો બંધ કરીને હદીષ પઢો છો.''

આ તમામ ચર્ચાથી જાણવા મળ્યું કે આ મસ્અલાના વિશે વહાબીઓની પાસે સ્પષ્ટ મરફૂઅ હદીષ મૌજૂદ નથી ન કૌલી હદીષ ન ફેઅલી, પણ આમ જ અમુક શંકાઓના આધારે આ મસ્અલાની પાછળ પડેલા છે અને ઈમામે આઝમ અબૂ હનીફા رضی اللہ عنہ પર કેવળ અદાવતથી તબર્રા કરે છે તથા તેમને ગાળ ગલોચ બકતા રહે છે.

લોહી તથા ઊલ્ટીથી વઝૂ તૂટી જાય છે

શરઈ મસ્અલો એ છે કે **આઠ ચીજો વુઝૂ તોડી નાખે છે :** જે ચીજ પેશાબ કે પાખાનાના માર્ગેથી નીકળે, ગફલતની ઊંઘ, બેહોશી, નશો, પાગલપન, નમાઝમાં જોરથી હસવું, વહેતુ લોહી અને મોઢુ ભરીને ઊલ્ટી. જેની વિગત ફિકહની કિતાબોમાં મૌજૂદ છે.

પણ ગૈર મુકલ્લિદ વહાબીઓની નજીક ન તો વહેતુ લોહી વુઝૂ તોડે છે ન મોઢુ ભરીને ઊલ્ટી વુઝૂ તોડે છે ! જેથી કોઈ હનફી કોઈ ગૈર મુકલ્લિદની પાછળ નમાઝ ન પઢે, કેમ કે આ લોકો બદ અકીદા પણ છે અને તેમના વુઝૂનો પણ ભરોસો નથી. શું ખબર કે ઊલ્ટી કરીને અથવા નસ્કોરી વગેરે ફૂટી ગયા પછી આવ્યો હોય અને વુઝૂ વિના મુસલ્લા પર ઉભો થઈ જાય. ગૈર મુકલ્લિદો આ મસ્અલા બાબતે પણ ખૂબ જ શોર મચાવે છે, એટલા માટે આ પ્રકરણના પણ બે વિભાગ કરીએ છીએ. પ્રથમ વિભાગમાં તેની સાબિતી અને બીજા વિભાગમાં તેના પર વાંધાઓ તથા જવાબો. રબ તઆલા કબૂલ ફર્માવે.

(પ્રથમ વિભાગ)

★ ઊલ્ટી તથા વહેતુ લોહી પણ વુઝૂ તોડે છે ★

હનફીઓની નજીક (દ્રષ્ટિએ) મોઢુ ભરીને ઊલ્ટી અને શરીરથી લોહીનું નીકળીને જાહેરી શરીર પર વહીને પહોંચી જવું વુઝૂ તોડી નાખે છે. જાહેરી શરીર તે છે જેને ધોવું ગુસ્લમાં ફર્ઝ છે. દલીલોનો અભ્યાસ કરો :–

હદીષ નં. ૧ : દારકુત્નીએ હઝરત તમીમદારી رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَلْوُضُوْءُ مِنْ كُلِّ دَمٍ سَائِلٍ

"ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે વુઝૂ વાજિબ છે દરેક વહેતા લોહીથી."

હદીષ નં. ૨ : ઈબ્ને માજહ્એ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી :

قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ اَصَابَهٗ قَيْءٌ اَوْ رُعَافٌ اَوْ قَلْسٌ اَوْ مَذِيٌّ فَلْيَنْصَرِفْ وَ لْيَتَوَضَّا

''ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જે કોઈને ઊલ્ટી થાય કે નસકોરી ફૂટે અથવા મઝી આવી જાય તો નમાઝથી અલગ થઈ જાય અને વુઝૂ કરે.''

હદીષ નં. ૩ : ઈબ્ને માજહ્એ હઝરત સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં ફાતેમા બિન્તે અબી જયૂશ હાજર થઈને અર્ઝ કરવા લાગ્યાં કે મને ઈસ્તેહાઝાનું લોહી એટલુ છે કે હું કદી પાક નથી થતી તો શું નમાઝ ત્યજી દઉં ? ફર્માવ્યું કે આ હૈઝ નથી પણ રગનું લોહી છે. જેથી

اَجْتَنِبِى الصَّلٰوةَ اَيَّامَ حَيْضِكِ ثُمَّ اغْتَسِلِىْ وَ تَوَضِّئِىْ لِكُلِّ صَلٰوةٍ وَ اِنْ قَطَرَ الدَّمُ عَلَى الْحَصِيْرِ

''હૈઝના સમયમાં નમાઝથી બચો, પછી ગુસ્લ કરો અને દરેક નમાઝના માટે વુઝૂ કરો પછી નમાઝ પઢો ભલે લોહી ચટાઈ પર ટપકતુ રહે.''

આ હદીષથી જાણવા મળ્યું કે ઈસ્તેહાઝાનું લોહી વુઝૂ તોડી કાઢે છે, નહીં તો હુઝૂર عليہ الصلوٰۃ والتسليم તે બીબી સાહેબા પર ''મઅ્ઝૂર''ના હુકમો લાગુ ન કરત. અને દરેક નમાઝના વખતે તેમના પર વુઝૂ લાઝિમ ન કરત. જુઓ, જેવી રીતે હવા સરવાની કે ટીપાં (પેશાબનાં)ની બીમારી હોય તે દરેક નમાઝના સમયે એક વુઝૂ કરીને નમાઝ પઢતો રહે, કેમ કે હવા સરવાથી અને પેશાબ તોડનાર ચીજો છે.

હદીષ નં. ૪ : ઈબ્ને માજહ્એ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કઈરી :

رَفَعَهٗ قَالَ اِذَا رَعُفَ اَحَدُكُمْ فِىْ صَلٰوتِهٖ فَلْيَنْصَرِفْ فَلْيَغْسِلْ عَنْهُ الدَّمَ ثُمَّ لِيُعِدْ وَضُوْءَهٗ

''આપ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેને નમાઝમાં ઊલ્ટી થાય કે નસકોરી ફૂટી

જાય તે નમાઝથી અલગ થઈ જાય અને વુઝૂ કરે અને પોતાની નમાઝ ત્યાંથી શરૂ કરે (જ્યાંથી છોડી હતી) જ્યાં સુધી વાત ન કરી હોય.''

હદીષ નં. ૫-૬ : તિર્મિઝી તથા અબૂ દાઉદે હઝરત તલક ઈબ્ને અલીથી રિવાયત કરી :

قَالَ اَعْرَابِيٌّ يَا رَسُوْلَ اللّٰهِ الرَّجُلُ مِنَّا يَكُوْنُ فِىْ الْفَلَاةِ فَتَكُوْنُ مِنْهُ رَوِيْحَتُهٗ وَ يَكُوْنُ فِىْ الْمَآءِ قِلَّةٌ فَقَالَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا قَاءَ اَحَدُكُمْ فَلْيَتَوَضَّأْ مُلَخَّصاً كَذَا فِىْ جَمِيْعِ الْفَوَائِدِ مِنْ جَامِعِ الْاُصُوْلِ وَ مَجْمَعِ الزَّوَائِدِ

''એક બદવીએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! અમારામાંથી કોઈ શખ્સ જંગલમાં હોય છે તેને હવા સરી જાય છે અને પાણીની તંગી હોય છે. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ ઊલ્ટી કરે તો વુઝૂ કરે. (નીચોડ)''

હદીષ નં. ૭ : તિર્મિઝીએ હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત કરી :

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَاءَ فَتَوَضَّأَ فَلَقِيْتُ ثَوْبَانَ فِىْ مَسْجِدِ دِمَشْقَ فَذَكَرْتُ ذٰلِكَ لَهٗ فَقَالَ صَدَقَ اَنَا صَبَبْتُ لَهٗ وُضُوْءَهٗ وَ حَدِيْثُ حُسَيْنٍ اَصَحُّ شَىْءٍ فِىْ هٰذَا الْبَابِ

''એકવાર નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઊલ્ટી આવી તો આપે વુઝૂ કર્યું. પછી હું દમિશ્કની મસ્જિદમાં હઝરત ષૌબાનને મળ્યો તો અબૂ દરદાની આ હદીષ બયાન કરી. આપે ફર્માવ્યું, અબૂ દરદાએ સાચુ કહ્યું, પાણી મેં જ નાખ્યું હતું એટલે કે મેં જ વુઝૂ કરાવ્યું હતું. ..... હુસૈનની આ હદીષ આ બારામાં ખૂબ જ સહીહ છે.

હદીષ નં. ૮ : તિબ્રાનીએ કબીરમાં હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْهُمَا થી રિવાયત કરી :

رَفَعَهٗ قَالَ اِذَا رَعُفَ اَحَدُكُمْ فِيْ صَلٰوتِهٖ فَلْيَنْصَرِفْ فَلْيَغْسِلْ عَنْهُ الدَّمَ ثُمَّ لِيُعِدْ وَضُوْءَهٗ

''આપ મરફૂઅ ફર્માવતાં કહે છે કે જ્યારે તમારામાંથી કોઈને નમાઝમાં નસકોરી ફૂટી જાય તો અલગ થઈ જાય અને લોહીને ધોઈ નાખે પછી ફરી વુઝૂ કરે.''

હદીષ નં. ૯ : દારકુત્નીએ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا قَاءَ اَحَدُكُمْ اَوْ رَعُفَ وَهُوَ فِي الصَّلٰوةِ اَوْ اَحْدَثَ فَالْيَنْصَرِفْ وَ لْيَتَوَضَّأْ

''ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જ્યારે તમારામાંથી કોઈને નમાઝમાં ઊલ્ટી થાય અથવા નસકોરી ફૂટે અથવા અન્ય કોઈ હદષ કરે (હવા સરે) તો અલગ થઈ જાય અને વુઝૂ કરે.

હદીષ નં. ૧૦ : ઈબ્ને અબી શૈબાએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત કરી :–

قَالَ مَنْ رَعُفَ فِيْ صَلٰوةٍ فَلْيَنْصَرِفْ فَالْيَتَوَضَّأْ فَاِنْ لَّمْ يَتَكَلَّمْ بَنٰى عَلٰى صَلٰوتِهٖ وَ اِنْ تَكَلَّمَ اِسْتَانَفَ

''ફર્માવે છે કે જેને નમાઝમાં નસકોરી ફૂટે (નાકમાંથી લોહી નીકળે) તો તે અલગ થઈ જાય અને વુઝૂ કરે પછી જો કોઈથી વાત ન કરી હોય તો બાકી નમાઝ પૂરી કરે અને જો વાત કરી લીધી હોય તો નવેસરથી પઢે.''

હદીષ નં. ૧૧ : ઈમામ માલિકે હઝરત યઝીદ ઈબ્ને કસત લૈષીથી રિવાયત કરી :–

اَنَّهٗ رَاٰى سَعِيْدَ ابْنَ الْمُسَيِّبِ رَعُفَ وَهُوَ يُصَلِّيْ فَاَتٰى حُجْرَةَ اُمِّ سَلَمَةَ زَوْجَةِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَاُتِيَ الْوَضُوْءُ فَتَوَضَّأَ ثُمَّ رَجَعَ

''તેમણે હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબને જોયા કે તેમને નમાઝમાં નાકમાં લોહી નીકળ્યું તો આપ હઝરત ઉમ્મે સલ્મા ઝવજએ રસૂલુલ્લાહ (હુઝૂરના બીબી સાહેબા)ના ઘરમાં આવ્યા તો તેમને પાણી

فَبَنٰى عَلٰى مَا قَدْ صَلّٰى

આપવામાં આવ્યું. તેમણે વુઝૂ કર્યું પછી પાછા ફર્યા અને બાકીની નમાઝ પૂરી કરી.

હદીષ નં. ૧૨ : અબૂ દાઉદે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી :–

قَالَتْ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا اَحْدَثَ اَحَدُكُمْ فِيْ صَلٰوتِهٖ فَلْيَاخُذْ بِاَنْفِهٖ ثُمَّ لِيَنْصَرِفْ

''ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જ્યારે નમાઝમાં કોઈનું વુઝૂ તૂટી જાય તો તે પોતાનું નાક પકડી લે પછી ચાલ્યો જાય.''

આ હદીષમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નમાઝીને તદબીર એ બતાવી કે જો નમાઝમાં કોઈની હવા સરે તો પોતાના ઐબને છુપાવવાના માટે નાક પર હાથ રાખે જેથી લોકો એવું સમજે કે એની નસકોરી ફૂટી છે. પછી મસ્જિદથી નીકળીને વુઝૂની જગ્યાએ જઈને વુઝૂ કરી લે. જો નસકોરી ફૂટી જવાથી વુઝૂ ન તૂટતે તો આ તદબીર ફાયદા વિહોણી હોત. અમે નમૂના રૂપે ૧૨ હદીષો રજુ કરી દીધી, નહીં તો એના વિશે ઘણી હદીષો મૌજૂદ છે. જેને શોખ હોય તે ''સહીહુલ બિહારી શરીફ''નો અભ્યાસ કરે.

બુદ્ધિનો તકાઝો પણ એ જ છે કે વહેતુ લોહી અને મોં ભરીને ઊલ્ટી વુઝૂને તોડી દે, કેમ કે વુઝૂ તહારત તથા પાકી છે, નાપાકી નીકળવાથી વુઝૂ તૂટી જવું જોઈએ. એટલા માટે પેશાબ પાખાના અને હવા સરવાથી વુઝૂ જતુ રહે છે. વહેતુ લોહી, મોઢુ ભરીને ઊલ્ટી નાપાક છે. કુર્આને કરીમ ફર્માવે છે : اَوْ دَمًا مَّسْفُوْحًا એટલા માટે વહેતા લોહીવાળુ જાનવર ઝબહ કરવાથી હલાલ થાય છે જેથી નાપાક લોહી અલ્લાહના નામ પર નીકળી જાય. તો જેવી રીતે પેશાબ, પાખાના અને હવા સરવાથી વુઝૂ તૂટી જાય છે. કેમ ? એટલા માટે કે નાપાક ચીજ નીકળી. એવી જ રીતે વહેતુ લોહી અને ઊલ્ટી નીકળવાથી પણ વુઝૂ તૂટી જવું જોઈએ, કેમ કે એ પણ નાપાક છે જે શરીરેથી નીકળ્યું છે. તેમ જ ઈસ્તેહાઝા અને મસાના લોહીથી અને પુરૂષની પેશાબની જગાએથી લોહી નીકળવાથી સર્વસંમતિએ વુઝૂ તૂટી જાય છે. ઈસ્તેહાઝાના લોહીના વિશે તો

મરફૂઅ હદીષ પણ આવેલી છે, જેમ કે અમે આ જ વિભાગમાં રજુ કરી ચૂકયા. જ્યારે આ ત્રણ પ્રકારનાં લોહી વુઝૂ તોડી નાખે છે તો એ જ રીતે અન્ય જગાએ લોહી નીકળીને પણ વુઝૂ તોડશે.

(બીજો વિભાગ)

★ ઊલ્ટી તથા લોહીથી વુઝૂ તૂટી જાય એના પર વાંધાઓ અને જવાબો ★

હકીકત એ છે કે ગૈર મુકલ્લિદ વહાબીઓની પાસે આ મસ્અલા પર કોઈ મજબૂત દલીલ નથી. કેવળ અમુક શંકાઓ અને વહેમો છે પણ સંપૂર્ણ ચર્ચાને ખાતર એના પણ જવાબ આપી દઈએ છીએ.

વાંધા નં. ૧ : અહમદ તથા તિર્મિઝીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا وُضُوْءَ اِلَّا مِنْ صَوْتٍ اَوْ رِيْحٍ

''ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે નથી વુઝૂ પણ અવાજથી કે ધીરેથી હવા સરવાથી.''

એનાથી જાણવા મળ્યું કે વુઝૂ કેવળ હવા સરવાથી તૂટે છે, લોહી તથા ઊલ્ટી એનાથી પર છે જેથી એનાથી વુઝૂ તૂટવું ન જોઈએ. ''ઈલ્લા'' હસ્ર (સીમિત કરવા)ના માટે છે.

જવાબ : એના બે જવાબો છે. એક એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે તમે પણ કહો છો કે પેશાબ, પાખાનુ બલ્કે સ્ત્રીને તથા શર્મગાહને અડકવાથી પણ વુઝૂ તૂટી જાય છે. અને **ઈલ્લા** હસ્ર (સીમિત સૂચક)થી જાણવા મળે છે કે હવા સરવા સિવાય કોઈ ચીજથી વુઝૂ જશે નહીં ! તો આનો જે જવાબ તમારો છે તે અમારો પણ રહેશે.

બીજુ એ કે આ હસ્ર ઈઝાફી છે ન કે હકીકી. મતલબ એ છે કે કોઈને હવા સરવાની શંકા હોય તો અવાજ વિના કે બદબૂકે યકીની એહસાસ થયા વિના

વુઝૂ તૂટશે નહીં.

એની તફસીર તે હદીષ છે જે મુસ્લિમ શરીફે હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરી :

اِذَا وَجَدَ اَحَدُكُمْ فِيْ بَطْنِهٖ شَيْأً فَاَشْكَلَ عَلَيْهِ اَخَرَجَ مِنْهُ شَيٌ اَمْ لَا فَلَا يَخْرُجَنَّ مِنَ الْمَسْجِدِ حَتّٰى يَسْمَعَ صَوْتاً اَوْ يَجِدَ رِيْحاً

''જ્યારે તમારામાંથી કોઈ પોતાના પેટમાં હરકત પામે એટલા માટે તેને શંકા થઈ જાય કે કાંઈક હવા નીકળી કે નહીં, તો મસ્જિદથી ન નીકળે ત્યાં સુધી કે અવાજ સાંભળે અથવા ગંધ પામે.''

આ હદીષ શરીફથી જાણવા મળ્યું કે તમારી રજુ કરેલી હદીષ એ શખ્સના વિશે છે જેને હવા નીકળવાની શંકા હોય. હદીષનો આશય કાંઈક જુદો છે અને તમે કાંઈ જુદુ કહી રહ્યા છો !

વાંધા નં. ૨ : હાકિમે હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત કરી :

اِنَّهٗ كَانَ فِيْ غَزْوَةِ ذَاتِ الرِّقَاعِ فَرُمِيَ رَجُلٌ مِّنْهُ فَنَزَفَهُ الدَّمُ فَرَكَعَ وَ سَجَدَ وَ مَضٰى فِيْ صَلٰوتِهٖ

''કે આપ ગઝવાએ ઝાતિર્રિકાઅમાં હતા. એવામાં એક શખ્સને તીર વાગ્યું અને તેમને લોહી નીકળ્યું. પણ તેમણે રુકૂઅ કર્યો સિજદો કર્યો અને નમાઝ પૂર્ણ કરી.''

એનાથી જાણવા મળ્યું કે સહાબીને નમાઝની ચાલુ હાલતમાં જ તીર વાગ્યું અને લોહી નીકળ્યું પણ તેમણે નમાઝ ન તોડી બલ્કે રુકૂઅ, સિજદા કરીને નમાઝ પૂર્ણ કરી. જો લોહી નીકળવાથી વુઝૂ તૂટી જાત તો તે જ સમયે આપ નમાઝ તોડી કાઢત.

જવાબ : આ વાંધાના કેટલાક જવાબો છે; એક એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે જ્યારે તે સહાબીને તીર વાગ્યું અને લોહી વહ્યું તેમ છતાં તે નમાઝ પઢતા જ રહ્યા. તો જોઈએ કે તમે લોહી, પેશાબ, પાખાનાથી ભરેલ કપડાંમાં નમાઝને જાઈઝ કહો ! જ્યારે કે તમામ મુસલમાનોની એકમતિ છે કે નમાઝીનું શરીર તથા કપડાં પાક હોવાં જોઈએ. જેથી આ હદીષ કોઈ રીતે અમલને પાત્ર નથી.

બીજુ એ કે એ વર્ણન નથી કે તે સહાબીએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજાઝતથી આ અમલ કર્યો. માલૂમ પડે છે કે મસ્અલાની જાણકારી તેમને ન હતી એટલા માટે આવું કરી કાઢયું.

ત્રીજુ એ કે આ હદીષ તે તમામ 'મરફૂઅ' તથા 'મૌકૂફ' હદીષોની વિરૂધ્ધ છે જે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા છીએ, જેથી પણ અમલને પાત્ર નથી.

ચોથુ એ કે આ હદીષે કુર્આને કરીમની પણ વિરૂધ્ધ છે, કેમ કે રબ તઆલાએ શરીર તથા કપડાં પણ પાક રાખવાનો હુકમ આપ્યો છે. રબ તઆલા ફર્માવે છે : وَالرُّجْزَ فَاهْجُرْ "ગંદકીથી દૂર રહો." અને ફર્માવે છે : وَثِيَابَكَ فَطَهِّرْ "પોતાનાં કપડાં પાક રાખો." અને આ હદીષથી જણાયું કે તે બુઝુર્ગે ગંદા શરીર અને ગંદા કપડાંથી નમાઝ પઢી લીધી. જેથી આ હદીષ હરગિઝ અમલને પાત્ર નથી.

પાંચમુ એ કે, ખબર નથી પડતી કે તે સહાબી જેમનો પ્રસંગ છે તે કોણ છે ? ફકીહ કે ગૈર ફકીહ ? જો ફકીહ છે તો તેમણે ઈજતેહાદથી આ કામ કર્યું જે મરફૂઅ હદીષ અને તમામ ફકીહ સહાબીઓની વિરૂધ્ધ છે, અને જો ઈજતેહાદ હદીષની વિરૂધ્ધ હોય તો તે ત્યજી દેવો વાજિબ છે, અને જો તે સહાબી ગૈર ફકીહ છે તો તેમનાથી ખતાના કારણે એવું થયું. સારાંશ કે કોઈ રીતે આ હદીષ અમલને પાત્ર નથી.

વાંધા નં. ૩ : જો લોહી વુઝૂ તોડે છે તો જોઈએ કે થોડુ લોહી જે વહેતુ ન હોય તે પણ વુઝૂ તોડી કાઢે. જેમ કે પેશાબ વુઝૂ તોડે છે તો તે વહે કે એક ટીપુ નીકળે. જો થોડુ લોહી એટલે ન વહેનારું વુઝૂ નથી તોડતુ તો વધુ લોહી પણ વુઝૂ તોડશે નહીં. એ જ પ્રમાણે ઊલ્ટી જો વુઝૂ તોડનાર છે તો ભલે મોઢુ ભરીને હોય કે થોડી વુઝૂ તોડી નાખે છે, આ ફરક તમે કયાંથી કાઢયો ?

જવાબ : અલ્હમ્દુલિલ્લાહ ! તમે કયાસને માનવાવાળા તો બન્યા ! કે વધારે લોહીને થોડા લોહી પર અને લોહીને પેશાબ પર કયાસ કરવા માંડયા ! પણ જેવા તમે તેવો તમારો કયાસ ! જનાબ ! ગંદકીનું નીકળવું વુઝૂ તોડે છે. પેશાબ મુત્લકન ગંદો છે, થોડો હોય કે વધારે. વહેતુ લોહી ગંદુ (નાપાક) છે.

રબ તઆલા ફર્માવે છે : اَوْدَمًا مَّسْفُوْحًا "ન વહેનાર ગંદુ નથી." તમારો આ કયાસ કુર્આની આયતની વિરૂધ્ધ છે. તેમ જ દરેક ગંદકી પોતાના સ્થાનમાં જ્યાં તે પેદા થાય પાક હોય છે. તે સ્થાનમાંથી નીકળીને નાપાક બને છે. જુઓ, આંતરડાંમાં મળ અને મૂત્રાશયમાં પેશાબ (મૂત્ર) ભરેલું છે પણ પાક છે એટલા માટે તમારી નમાઝ દુરુસ્ત થાય છે. જો એ નાપાક હોત તો નમાઝ કોઈ રીતે જાઈઝ ન થાત કેમ કે ગંદકી ઉઠાવેલ વ્યકિતની નમાઝ નથી થતી. એ જ પ્રમાણે ગંદુ ઈંડુ જે અંદરથી લોહી બની ગયું છે તેને ખિસ્સામાં રાખીને નમાઝ પઢી શકાય છે. તેની અંદરનું લોહી કેમ કે પોતાના સ્થાનમાં છે જેથી પાક છે. જ્યારે એ સમજી લીધું તો હવે પેશાબ તથા લોહીને નીકળવાનો તફાવત સમજો. પેશાબનું સ્થાન મૂત્રાશય છે તે મૂત્રાશયથી હટીને પેશાબની નળીમાં આવીને ચમકે છે જેથી નાપાક છે, ભલે એક ટીપુ હોય. જ્યારે લોહી આખા શરીરમાં દોડી રહ્યું છે અને લોહીની નીચે તેનું સ્થાન છે. કયાંક સોય ભોંકાઈ ગઈ અને લોહી ચમકી આવ્યું પણ વહ્યું નહીં તો તે પોતાના સ્થાનમાં રહીને ચમકયું છે જેથી નાપાક નથી, હા ! જ્યારે વહેશે તો સમજો કે પોતાના સ્થાનેથી અલગ થઈ ગયું અને નાપાક છે. આ તફાવતના કારણે પેશાબ તો ચમકીને પણ વુઝૂ તોડી નાખે છે પણ લોહી વહીને તોડશે. સારાંશ કે લોહીનું નીકળવું અલગ ચીજ છે અને ચમકવું કાંઈ અલગ છે. જેથી લોહીને પેશાબ પર કયાસ કરવું નિરર્થક છે.

વાંધા નં. ૪ : અયની શરહે બુખારીએ આવી ઘણી બધી હદીષો નકલ કરી છે :–

"બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઊલ્ટી اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَاءَ وَلَمْ يَتَوَضَّا કરી અને વુઝૂ ન કર્યું."

જવાબ : માશાઅલ્લાહ ! કેટલો ઉમદા વાંધો છે ! જનાબ એ પણ હદીષોમાં આવ્યું છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બૈતુલ ખલાથી તશરીફ લાવ્યા અને વુઝૂ માટે પાણી પેશ કરવામાં આવ્યું પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વુઝૂ ન કર્યું, તો કહી દેજો કે પેશાબ પાખાનું પણ વુઝૂ નથી તોડતુ ! જનાબ ! વુઝૂ ન કરવાનું કારણ એ

હતું કે તે વખતે વુઝૂ કરવાની જરૂરત ન હતી. વુઝૂ તૂટી જતાં તુરત જ વુઝૂ કરી લેવું વાજિબ નથી. હા ! જો હુઝૂર ફર્માવત કે ઊલ્ટી વુઝૂ નથી તોડતી તો તમે આ હદીષ રજુ કરી શકતા હતા. જો આ હદીષો આ મસ્અલાની દલીલ થઈ શકતી હોત તો ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہ જરૂર રજુ કરતે. ઈમામ તિર્મિઝીએ લોહી તથા ઊલ્ટીના વુઝૂ તોડવા બાબતે એકદમ સહીહ હદીષ રજુ કરી અને વુઝૂ તોડનાર ન હોવા બાબતે કોઈ હદીષ રજુ નથી કરી, કેવળ ઉલમાનો મઝહબ બયાન કર્યો. જાણવા મળ્યું કે તેમની નજરમાં ઊલ્ટી તથા લોહીના વુઝૂ ન તોડવા અંગે કોઈ હદીષ નથી, નહીં તો તેઓ દરેક મસ્અલા પર હદીષ પેશ કરે છે.

વાંધા નં. ૫ : લોહી તથા ઊલ્ટીના સંબંધે તમે જે હદીષો પેશ કરી, જેમાં ઈર્શાદ થયો કે જે નમાઝીને નમાઝમાં ઊલ્ટી કે નસકોરી ફૂટે તો તે વુઝૂ કરે. તો એ વુઝૂથી મુરાદ લોહી તથા ઊલ્ટીવાળુ કપડુ ધોઈ લેવું છે, ન કે શરઈ વુઝૂ, કેમ કે હદીષમાં આવ્યું છે કે اَلْوُضُوْءُ مِمَّا مَسَّتْهُ النَّارُ "આગની પાકેલી ચીજ ખાવાથી વુઝૂ છે." એનો અર્થ હાથ ધોવો, કુલ્લી કરવી છે, ન કે શરઈ વુઝૂ. કેમ કે ખાવા ખાઈને હાથ ધોવા, કુલ્લી કરવી સુન્નત છે, આ વુઝૂ તોડનાર નથી. એવું જ અહીં પણ છે જેથી તમારી દલીલો ગલત છે.

જવાબ : ખરેખર તમારો આ પ્રશ્ન એવો છે જે આજ સુધી કોઈને ન સુઝયો ! દિમાગે ખાસ્સુ જોર લગાડયું ! આનુ નામ 'તેહરીફ' (ફેરફાર કરવો) છે. પ્રથમ તો તમે એ ન વિચાર્યું કે ત્યાં વુઝૂનો અરબી અર્થ ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બયાન કરી આપ્યો છે કે એકવાર ખાવા ખાઈને હાથ ધૂએ, કુલ્લી કરે અને ફર્માવ્યું : هٰذَا وُضُوْءُ مِمَّا مَسَّتْهُ النَّارُ "આગની પાકેલી ચીજ ખાવાથી વુઝૂ આ છે." અહીં તમે એ અર્થ છોડીને ગૈર મઅરુફ (મશહૂર ન હોય તે) અર્થ કેમ લો છો ? તેમ જ આ હદીષમાં એ છે કે જેને નમાઝમાં ઊલ્ટી તથા નસકોરી ફૂટે તો વુઝૂ કરે અને જ્યાંથી નમાઝ છોડી ત્યાંથી આગળ પૂર્ણ કરે. જો કપડુ ધોવુ એ અર્થ હોત તો નમાઝ જ્યાંથી છોડી ત્યાંથી આગળ પૂર્ણ કરવું જાઈઝ ન થાત, બલ્કે ફરીવાર પઢવી પડત. જેનું કપડુ નમાઝમાં નાપાક થઈ જાય અને તે ધૂએ તે જ્યાંથી છોડી ત્યાંથી આગળ નમાઝ નથી પઢી શકતો બલ્કે ફરીથી જ નમાઝ પઢશે. જેથી તમારી આ સ્પષ્ટતા તદ્દન ગલત છે.

નાપાક કૂવો પાક કરવા વિશે

શરઈ મસ્અલો એ છે કે જો કૂવા કે ખાડા વગેરેમાં થોડી પણ નાપાકી પડી જાય તો તેનું પાણી નાપાક થઈ જશે, કે તેને ન પી શકાશે ન તેનાથી વુઝૂ વગેરે જાઈઝ થશે. એક ટીપુ પેશાબ કૂવાને નાપાક કરી નાખે છે. સમુદ્ર, તળાવ કે વહેતુ પાણી તેના હુકમો જુદા છે. પણ ગૈર મુકલ્લિદ વહાબીઓ કહે છે કે જ્યારે પાણી બે માટલાં હોય તો તેમાં ભલે કેટલીય નાપાકી પડી જાય, તે નાપાક થશે નહીં જ્યાં સુધી કે તે રંગ, ગંધ કે સ્વાદ ન બદલાઈ જાય. જેથી તેમની દ્રષ્ટિએ કૂવામાં ખૂબ સંડાસ કરો, પેશાબ કરો તો પણ કૂવો પાક છે ! મજાથી તેનું પાણી પીઓ ! વુઝૂ કરો ! વળી હદ તો એ કે આ મસ્અલા પર ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ને ગાળો આપે છે કે તેમણે ગંદકી પડી જવાથી કૂવાને નાપાક શા માટે ઠરાવ્યો ! મુસલમાનોને પેશાબ કેમ પીવા ન દીધો ! હનફીઓએ જોઈએ કે ન તો ગૈર મુકલ્લિદ વહાબીઓની પાછળ નમાઝ પઢે ન તેમના કૂવાનું પાણી ખાત્રી કર્યા વિના પીએ. તેમના કૂવા મોટા ભાગે ગંદા (નાપાક) હોય છે જેનાથી એ લોકો કપડાં ધૂએ છે, નહાય છે અને વુઝૂ કરે છે. ન તેમનાં શરીર પાક ન કપડાં પાક હોય છે, કેમ કે આ મસ્અલાની એ લોકો ખૂબ જ ઠેકડી ઉડાડે છે અને ઠઠ્ઠા ઉડાડે છે અને ઠઠ્ઠા મશ્કરી કરે છે. અને કહે છે કે આ મસ્અલો હદીષોની તદ્દન વિરૂધ્ધ છે. એટલા માટે અમે આ મસ્અલાના પણ બે વિભાગ કરીએ છીએ, પ્રથમ વિભાગમાં આ મસ્અલાની દલીલો અને બીજા વિભાગમાં તેના પર ઉઠેલા સવાલો અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ કૂવાનું નાપાક હોવું ★

કૂવો ભલે ગમે તેટલો ઊંડો હોય એમાં ગમે તેટલુ પાણી હોય પણ જો

તેમાં એક ટીપુ શરાબ કે પેશાબ કે ઉંદર, બિલાડી વગેરે પડીને મરી જાય તો તે નાપાક થઈ જશે. તેને પાક કર્યા વિના તેનું પાણી વાપરવાને લાયક નથી. એના વિશે ઘણી હદીષો આવેલી છે જેમાંથી અમે નમૂના રૂપે અમુક પેશ કરીએ છીએ તેનો અભ્યાસ કરો.

હદીષ નં. ૧ થી ૪ : મુસ્લિમ, નિસાઈ, ઈબ્ને માજહ્, તહાવીએ હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત કરી :

عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ نَهٰى اَنْ يُّبَالَ فِى الْمَآءِ الرَّاكِدِ ثُمَّ يَتَوَضَّاءُ فِيْهِ

''મના ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એનાથી કે રોકાયેલા પાણીમાં પેશાબ કરવામાં આવે, પછી તેનાથી વુઝૂ કરવામાં આવે.''

હદીષ નં. ૫ થી ૯ : મુસ્લિમ તથા તહાવીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَغْتَسِلُ اَحَدُكُمْ فِى الْمَآءِ الدَّائِمِ وَهُوَ جُنُبٌ فَقَالَ كَيْفَ يَفْعَلُ يَا اَبَاهُرَيْرَةَ قَالَ يَتَنَاوَلُهٗ تَنَاوُلًا

''ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે કોઈ શખ્સ રોકાયેલા પાણીમાં જનાબતથી ગુસ્લ ન કરે. અબૂ સાઈબે પૂછયું કે, હે અબૂ હુરૈરહ્ ! તો જુનૂબી શું કરે ? ફર્માવ્યું, અલગ પાણી લઈ લે.''

આ હદીષ અહમદ, ઈબ્ને હબ્બાન, અબ્દુર્રઝ્ઝાક વગેરે ઘણાયે મુહદ્દિષોએ વિવિધ રાવીઓ થકી શબ્દોની ફેરબદલી સાથે રિવાયત કરી.

આ હદીષોથી જાણવા મળ્યું કે ખાડા, કૂવા તથા તમામ બંધિયાર પાણીઓમાં ન પેશાબ કરવામાં આવે ન જનાબતનું ગુસ્લ, જો એવું કરી લેવામાં આવ્યું તો પાણી નાપાક થઈને વાપરવા લાયક રહેશે નહીં. જો બે મટકાં પાણી ગંદકી પડવાથી નાપાક ન થાત તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આ મનાઈ ન ફર્માવત.

હદીષ નં. ૧૦ થી ૧૨ : તિર્મિઝી, હાકિમ (મુસ્તદરક), ઈબ્ને અસાકિરે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી વિવિધ શબ્દોમાં રિવાયત કરી :

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا وَلَغَ الْكَلْبُ فِىْ الْاِنَاءِ غُسِلَ سَبْعَ مَرَّاتٍ اَوْلٰهُنَّ بِالتُّرَابِ وَ اِذَا وَلَغَ الْهِرَّةُ غُسِلَ مَرَّةً اَللَّفْظُ لِابْنِ عَسَاكِرَ

''ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જ્યારે વાસણમાં કૂતરું ચાટી જાય તો સાત વાર ધોવામાં આવે. પ્રથમ વાર માટી વડે માંજવામાં આવે અને જ્યારે બિલાડી ચાટી જાય તો એકવાર ધોવામાં આવે.''

આ હદીષોથી જાણવા મળ્યું કે જો વાસણમાં કૂતરું મોઢું નાખી દે તો વાસણ સાત વાર ધોવામાં આવશે અને એકવાર માટી વડે પણ માંજવામાં આવે. અને જો બિલાડી વાસણથી પી લે તો એક જ વાર ધોવામાં આવે, વાસણ ભલે નાનુ હોય કે મોટું, જેમ કે હાંડલી, લોટો અથવા મોટુ પાત્ર જેમાં બે વાર માટલા પાણી સમાઈ જાય. જો બે માટલાં પાણી કોઈ નાપાકીથી નાપાક નથી થતું તો એ વાસણ શાથી નાપાક થઈ જાય છે જેમાં એ પાણી છે ?! કૂતરાનું મોઢું તો પાણીમાં પડયું અને પાણી વાસણને સ્પર્શેલું છે. જ્યારે વાસણ નાપાક થઈ ગયું તો પાણી યકીનન નાપાક થઈ ગયું, બે માટલાં હોય કે ઓછુ વત્તુ હોય.

હદીષ નં. ૧૩ થી ૧૫ : દારકુત્ની, તહાવીએ અબૂ તુફૈલથી અને બયહકીએ હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત કરી :–

اَنَّ غُلَامًا وَقَعَ فِىْ بِئْرِ زَمْزَمَ فَنُزِحَتْ

''સહાબાના જમાનામાં ઝમઝમના કૂવામાં કોઈ છોકરો પડી ગયો તો કૂવાનુ પાણી કાઢવામાં આવ્યું.''

હદીષ નં. ૧૬–૧૭ : ઈબ્ને અબી શૈબા અને તહાવીએ હઝરત અતાથી રિવાયત કરી. અતા તાબઈ છે :–

اَنَّ حَبْشِيًا وَّقَعَ فِىْ زَمْزَمَ فَمَاتَ فَاَمَرَ بِهٖ اِبْنُ الزُّبَيْرِ فَنُزِحَ مَاءُ هَا فَجَعَلَ الْمَآءُ لَا يَنْقَطِعُ فَنَظَرَ فَاِذَا عَيْنٌ تَجْرِىْ مِنْ قِبَلِ الْحَجَرِ الْاَسْوَدِ فَقَالَ الزُّبَيْرُ حَسْبُكُمْ

''કે એક હબ્શી ઝમઝમના કૂવામાં પડીને મરી ગયો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરે હુકમ આપ્યો તો પાણી કાઢવામાં આવ્યું. પણ ખત્મ થતુ ન હતું. અંદર જોયું તો એક પાણીનું ઝરણુ સંગે અસ્વદની

તરફથી આવી રહ્યું હતું. ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ એ કહ્યું કે, પૂરતુ છે.

હદીષ નં. ૧૮ : બયહકીએ હઝરત કતાદાથી રિવાયત કરી :–

اَنَّهٗ قَالَ فِیْ دُجَاجَةٍ وَقَعَتْ فِیْ بِئْرٍ فَمَاتَتْ قَالَ یُنْزَحُ قَدْرُ اَرْبَعِیْنَ دَلْوًا اَوْ خَمْسِیْنَ ثُمَّ یَتَوَضَّاءُ مِنْهَا

''તેઓ હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરે છે કે ઝમઝમના કૂવામાં એક હબ્શી પડીને મરી ગયો તો આપે એક માણસને ઉતાર્યો જેણે તેને કાઢયો. પછી ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે જે પાણી કૂવામાં છે તેને કાઢી લો.''

આ હદીષોથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે જો કૂવામાં કોઈ લોહીવાળુ જાનદાર મરી જાય તો કૂવો નાપાક થઈ જશે. બીજુ એ કે નાપાક કૂવાને પાક કરવાનો તરીકો એ છે કે તેનું પાણી કાઢી નાખવામાં આવે, તેની દીવાલો વગેરે ધોવાની જરૂરત નથી. ત્રીજુ એ કે જો કૂવાનું પાણી તૂટી ન શકે (પૂરું જ ન થાય) તો પરવા કરવામાં ન આવે પણ જે પાણી હાલ મૌજૂદ છે તે જ કાઢી નાખવામાં આવે, જે પછીથી આવતુ રહે તેનો વાંધો નથી. ચોથુ એ કે જે ડોલ તથા રસ્સીથી નાપાક કૂવાનુ પાણી કાઢવામાં આવે તેને ધોવું જરૂરી નથી, કૂવાની સાથે તે પણ પાક થઈ જશે. જો ગૈર મુકલ્લિદ વહાબી આ હદીષોમાં વિચાર કરી લે તો ઈમામ સાહબને ગાળો આપવાનું, હનફીઓની મઝાક ઉડાડવાનું, બકવાસ કરવાનું છોડી દે.

હદીષ નં. ૧૯ : તહાવી શરીફે ઈમામ શબઈ તાબઈ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

عَنِ الشَّعْبِیِّ فِی الطَّیْرِ وَ السِّنَّوْرِ وَ نَحْوِهِمَا یَقَعُ فِی الْبِئْرِ قَالَ یُنْزَحُ مِنْهَا اَرْبَعُوْنَ دَلْوًا

''ઈમામ શબઈ ચકલી, બિલાડી વગેરેના વિશે ફર્માવે છે કે જો તે કૂવામાં મરી જાય તો ચાલીસ ડોલ પાણી કાઢવામાં આવે.''

હદીષ નં. ૨૦ : તહાવીએ હઝરત હમ્માદ ઈબ્ને સુલૈમાન તાબઈ

رضی اللہ عنہ થી રિવાયત કરી :

اَنَّهٗ قَالَ فِیْ دُجَاجَةٍ وَقَعَتْ فِیْ بِئْرٍ فَمَاتَتْ قَالَ یُنْزَحُ قَدْرُ اَرْبَعِیْنَ دَلْواً اَوْ خَمْسِیْنَ ثُمَّ یَتَوَضَّاءُ مِنْهَا

''આપ ફર્માવે છે કે જ્યારે કૂવામાં મરઘી પડીને મરી જાય તો તેમાંથી ચાલીસ કે પચાસ ડોલ કાઢી લેવામાં આવે, પછી તેનાથી વુઝૂ કરવામાં આવે.''

હદીષ નં. ૨૧ : તહાવી શરીફે હઝરત મૈસરા અને ઝાદાનથી રિવાયત કરી :–

عَنْ عَلِیٍّ رَضِیَ اللّٰهُ عَنْهُ قَالَ اِذَا سَقَطَتِ الْفَارَّةُ اَوِ الدَّابَّةُ فِیْ الْبِئْرِ فَانْزِحُهُمَا حَتّٰی یَغْلِبَكَ الْمَاءُ

''હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે આપે ફર્માવ્યું, જ્યારે ઉંદર અથવા કોઈ અન્ય પ્રાણી કૂવામાં મરી જાય તો તેનું પાણી કાઢી લો ત્યાં સુધી કે પાણી તમારા પર ગાલિબ આવી જાય.''

હદીષ નં. ૨૨ : તહાવીએ હઝરત ઈબ્રાહીમ નખઈ તાબઈથી રિવાયત કરી :–

عَنْ اِبْرَاهِیْمَ فِیْ الْبِئْرِ تَقَعُ فِیْهَا الْفَارَّةُ قَالَ یُنْزَحُ مِنْهَا دِلَاءٌ

''ઈબ્રાહીમ નખઈ ફર્માવે છે કે જ્યારે કૂવામાં ઉંદર મરી જાય તો તેમાંથી અમુક ડોલ કાઢી લો.''

હદીષ નં. ૨૩ : શૈખ અલાઉદ્દીન મુહદ્દિષે તહાવીના હવાલાથી હઝરત અનસથી રિવાયત કરી છે કે આપે ફર્માવ્યું કે :–

عَنْ اَنَسٍ اَنَّهٗ قَالَ فِیْ الْفَارَّةِ اِذَا مَاتَتْ فِیْ الْبِئْرِ وَ اُخْرِجَتْ مِنْ سَاعَتِهَا یُنْزَحُ مِنْهَا عِشْرُوْنَ دَلْواً

''જ્યારે ઉંદર કૂવામાં પડીને મરી જાય અને તુરત કાઢી લેવામાં આવે તો ૨૦ ડોલી પાણી કાઢી લો.''

હદીષ નં. ૨૪ : અબૂ બક્ર ઈબ્ને અબી શૈબાએ હઝરત ખાલિદ ઈબ્ને મુસ્લિમાથી રિવાયત કરી :

اَنَّ عَـلِيـاً سُئِلَ عَمَّنْ بَـالَ فِىْ بِيْرٍ قَالَ يُنْزَحُ

''હઝરત અલીને પૂછવામાં આવ્યું એના બારામાં કે કોઈ કૂવામાં પેશાબ કરી દે તો ? ફર્માવ્યું, કૂવાનુ પાણી કાઢી લેવામાં આવે.'' (ઈન્તેસારુલ હક્ક, પેજ–૨૫૭)

આ ૨૪ રિવાયતો નમૂના રૂપે રજુ કરવામાં આવી જેનાથી જાણવા મળ્યું કે નાપાક ચીજ પડી જવાથી કૂવો નાપાક થઈ જાય છે અને પાણીને કાઢી લેવાથી તે પાક થઈ જશે. જો અધિક તેહકીક જોવી હોય તો તહાવી શરીફ અને સહીહુલ બિહારી શરીફનો અભ્યાસ કરો.

બુદ્ધિનો પણ તકાઝો છે કે કૂવો વગેરે નાપાકી પડવાથી નાપાક થઈ જાય, કેમ કે જ્યારે નાપાકી લાગી જવાથી કપડુ, શરીર, વાસણ વગેરે તમામ ચીજો નાપાક થઈ જાય છે તો પાણી જે પાતળી ચીજ છે તેમાં નાપાકી ખૂબ જ વધુ ફેલાઈ જાય છે તે અધિકતર નાપાક થવુ જોઈએ. તેમજ જ્યારે બે માટલાં દૂધ, તેલ, પાતળુ ઘી, મધ, લસ્સી નાપાકી પડવાથી નાપાક થઈ જાય છે તો પાણી તો એ ચીજો કરતાંય પાતળુ છે, તો તે પણ જરૂર નાપાક થઈ જવું જોઈએ, નહીં તો તફાવત સમજાવો કે બે માટલાં દૂધ શાથી નાપાક થઈ જાય છે અને એટલુ પાણી કેમ નાપાક નથી થતું ?! એટલા માટે સરકાર صلى الله تعالى عليه وسلم ફર્માવે છે કે સૂઈને ઉઠો તો ધોયા વિના હાથને પાણીમાં ન નાખો. (મુસ્લિમ તથા બુખારી) પાણી ભલે બે કુલ્લા (લગભગ ૨૦ મણ) હોય કે ઓછુ વત્તુ. જુઓ, બેવુઝૂ માણસને પાણીમાં હાથ નાખવાથી મના ફર્માવ્યું. હા, નાપાક ચીજાને પાક કરવાના તરીકા વિવિધ છે, તાંબા, શીશાના વાસણ કેવળ લુછી લેવાથી પાક થઈ જાય છે, નાપાક કપડુ તથા શરીર ધોવાથી પાક થઈ જાય છે, એવી જ રીતે નાપાક કૂવો પાણી કાઢવાથી પાક થઈ જાય છે. નાપાક દૂધ, તેલ, પાક દૂધ તથા તેલ સાથે વહી જવાથી પાક થઈ જાય છે. સારાંશ કે હક્ક એ છે કે કૂવો વગેરે નાપાકી પડવાથી નાપાક થઈ જાય છે. વળી તેમને પાક કરવાના વિવિધ તરીકા છે.

(બીજો વિભાગ)

★ કૂવો નાપાક થવા વિશે વાંધા અને જવાબો ★

અત્યાર સુધી ગૈર મુકલ્લિદ વહાબી આ મસઅલા પર જેટલા પ્રમાણમાં વાંધા ઉઠાવી ચૂકયા છે તેના વિગતવાર જવાબો અમે રજુ કરીએ છીએ. જો અત્યાર પછી કોઈ અન્ય વાંધા અમારી જાણમાં આવશે તો ઈન્શાઅલ્લાહ આ કિતાબના બીજા વિભાગમાં એનો જવાબ પણ આપી દેવામાં આવશે.

વાંધા નં. ૧ : તિર્મિઝી શરીફમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ قِيْلَ يَا رَسُوْلَ اللّٰهِ اَنَتَوَضَّاءُ مِنْ بِئْرِ بُضَاعَةَ وَهِىَ بِئْرٌ يُّلْقىٰ فِيْهَا الْحَيْضُ وَ لُحُوْمُ الْكِلَابِ وَ النَّتِنُ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّ الْمَآءَ طَهُوْرٌ لَّا يُنَجِسُهٗ شَئٌ

"ફર્માવે છે, અર્ઝ કરવામાં આવી કે યા રસૂલલ્લાહ ! શું અમે બુદાઆ કૂવાથી વુઝૂ કરી શકીએ છીએ ? બુદાઆ એવો કૂવો હતો જેમાં હૈઝ (માસિક)નાં કપડાં, કૂતરાંનો ગોશ્ત અને બદબૂદાર ચીજો નાખવામાં આવતી હતી. તો હુઝૂરે ફર્માવ્યું કે પાણી પાક છે તેને કોઈ ચીજ નાપાક નથી કરી શકતી."

બુદાઆ એ મદીના પાકમાં એક કૂવો હતો જેમાં દરેક પ્રકારની ગંદકી એટલે સુધી કે મરેલા કૂતરાં પણ ફેંકી દેવામાં આવતાં હતાં, પણ છતાં સરકારે કૂવાની નાપાકીનો હુકમ ન આપ્યો. આશ્ચર્ય છે કે હુઝૂર તો બુદાઆ કૂવાને કૂતરાં, હૈઝવાળાં કપડાં અને દરેક પ્રકારની ગંદકી પડવાથી પણ નાપાક નથી કહેતા, પણ ઈમામ અબૂ હનીફા એક ટીપુ પેશાબ પડી જવાથી પણ આખા કૂવાને નાપાક કહી આપે છે ! હનફીઓનો આ મસઅલો હદીષની તદ્દન વિરૂધ્ધ છે. શું અબૂ હનીફા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી અધિક પાક તથા સુથરા હતા ?

જવાબ : આ વાંધાના કેટલાક જવાબો છે, એક એ કે આ હદીષ તમારી પણ વિરૂધ્ધ છે, કેમ કે અહીં પાણીમાં કોઈ મર્યાદા નથી કે કેટલુ પાણી નાપાક

નથી થતું. તો એવું હોવું જોઈએ ઘડા તથા લોટામાં પણ હૈઝનાં કપડાં, કૂતરાંનો ગોશ્ત નાખીને પીયા કરો ! કેમ કે પાણીને કોઈ ચીજ નાપાક નથી કરતી !

બીજુ એ કે અહીં પાણીથી કૂવાનું પાણી મુરાદ હોય અને મતલબ એ હોય કે કૂવાને કોઈ ચીજ નાપાક નથી કરતી તો પણ તમારી તો વિરૂધ્ધ જ છે, કેમ કે તમે કહો છો કે જો નાપાકીથી કૂવાના પાણી રંગ કે ગંધ કે સ્વાદ બદલાઈ જાય તો નાપાક થઈ જશે. તે કયો કૂવો છે જે મરેલા કૂતરાં, હૈઝવાળાં કપડાં અને બદબૂદાર ચીજોના પડવા છતાં તેનો રંગ, ગંધ, સ્વાદ ન બદલાય ?! રાત દહાડાનો અનુભવ છે કે જો મરઘી પણ કૂવામાં ફૂલી ફાટી જાય તો પાણીમાં સખ્ત દુર્ગંધ આવી જાય છે. આ હદીષની રૂએ તમારે ફત્વા આપવા જોઈએ કે વહાબીઓના કૂવાઓમાં મરેલાં કૂતરાં, સુવ્વર, હૈઝવાળાં કપડાં ખૂબ નાખી જાવ ! અને તમે એ જ બદબૂદાર પાણીને પીતા રહો ! તમે ગંધ અને સ્વાદ બદલવાની શરત કયાંથી લગાડી ?

ત્રીજુ એ કે આ હદીષ તે તમામ હદીષોની વિરૂધ્ધ છે જે અમે પ્રથમ વિભાગમાં બયાન કરી ચૂકયા છીએ. આશ્ચર્ય છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રોકાયેલા (બંધિયાર) પાણીમાં પેશાબ કરવાની પણ મના ફર્માવે છે અને અહીં મુરદાર કૂતરાં નાખવાથી મના નથી ફર્માવતા ! જેથી આ હદીષ અમલને પાત્ર નથી અને તમામ મશહૂર હદીષોની વિરૂધ્ધ છે.

ચોથુ એ કે આ હદીષ શરઈ કયાસની પણ વિરૂધ્ધ છે, જેમ કે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂકયા છીએ અને જ્યારે હદીષોમાં કોન્ટ્રાસ (વિરોધાભાસ) હોય તો જે હદીષ કયાસની વિરૂધ્ધ હોય તેને ત્યજી દેવી વાજિબ છે અને જે કિયાસ પ્રમાણે હોય તેના પર અમલ કરવો વાજિબ છે, જેથી એ હદીષો પર અમલ કરો જે પ્રથમ વિભાગમાં આવી ગઈ છે.

પાંચમુ એ કે બુદાઆ કૂવો આપણા દેશના કૂવાઓ જેવો ન હતો, બલ્કે તેની નીચે પાણી વહેતુ હતું જેમ કે આજે મક્કા મોઅઝ્ઝમાના કૂવા નહેર જુબૈદા પર બનેલા છે અને મદીના મુનવ્વરાના કૂવાઓ ઝરકા નહેર પર બનેલા છે, તે જાહેરી રીતે તો કૂવા દેખાય છે પણ હકીકતમાં તે વહેતા પાણીની નહેરો

છે, જેથી (ત્યાં એ પ્રમાણે) પાણી ચાલુ હતું એટલા માટે જે ગંદકી પડી તે વહી ગઈ અને પાક તથા સાફ પાણી આવી ગયું, ન તેમાં ગંધ હતી ન કોઈ ગંદકી હતી. વહેતી નહેર અને વહેતી નદીનો એ જ હુકમ છે.

જેમ કે ઈમામ તહાવીએ ઈમામ વાકેદીથી નકલ કર્યું :

اَنَّ بِئْرَ بُضَاعَةَ كَانَتْ طَرِيْقاً لِلْمَآءِ اِلَى الْبَسَاطِيْنَ فَكَانَ الْمَآءُ لَا يَسْتَقِرُّ فِيْهَا

''બુદાઆ કૂવો એ પાણીનો માર્ગ હતો જે બાગોમાં જતો હતો, તેમાં પાણી રોકાતુ ન હતું.''

આ સ્થિતિમાં તમામ હદીષો સહમત થઈ ગઈ અને મસ્અલો બિલકુલ હલ થઈ ગયો, જેથી ફલિત થયું કે કૂવો નાપાકી પડવાથી નજીસ (નાપાક) થઈ જાય છે.

વાંધા નં. ૨ : તિર્મિઝી શરીફે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ هُوَ يُسْئَلُ عَنِ الْمَآءِ يَكُوْنُ فِى الْفَلَاةِ مِنَ الْاَرْضِ وَمَا يَنُوْبُهٗ مِنَ السَّبَاعِ وَالدَّوَابِّ قَالَ اِذَا كَانَ الْمَآءُ قُلَّتَيْنِ لَمْ يَحْمِلِ الْخُبْثَ

''ફર્માવે છે કે મેં સાંભળ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને કહેતાં કે જ્યારે કે આપને તે પાણીના વિશે પ્રશ્ન થયો જે જંગલોમાં હોય છે જેના પર ફાડી ખાનાર જાનવર (દરિન્દા) તથા અન્ય જાનવર આવતાં હોય છે. તો હુઝૂરે ફર્માવ્યું કે, જ્યારે પાણી બે માંટલાં હોય તો નજાસત (નાપાકી) નથી ઉઠાવતુ.''

એનાથી જાણવા મળ્યું કે બે માટલાં પાણી નાપાકી પડવાથી નાપાક નથી થતું. ઈમામ તિર્મિઝીએ મુહમ્મદ ઈબ્ને ઈસ્હાકથી રિવાયત કરી કે બે કુલ્લા (માટલાં) પાંચ મશકો હોય છે. જ્યારે પાંચ મશકો પાણી નાપાક નથી થતું તો કૂવામાં તો સેંકડો મશકો પાણી હોય છે તે કેમ કરીને નાપાક થઈ જશે ?!

જવાબ : એના અમુક જવાબો છે. **એક** એ કે આ હદીષ તમારી પણ

વિરૂધ્ધ છે, કેમ કે એનાથી તો જણાય છે કે બે માટલાં પાણી કદી પણ નાપાક નથી થતું ! ભલે ગમે તેટલી નાપાકી પડે, નાપાક થવામાં નજાસતના પ્રમાણની શરત નથી. તો પછી એવું હોવું જોઈએ કે જો બે માટલાં પાણીમાં ચાર માટલાં પેશાબ પડી જાય અને તેની ગંધ, સ્વાદ, રંગ સૌ પેશાબ જેવાં થઈ જાય તો પણ વહાબી પીતા રહે ! રંગ તથા ગંધ બદલવાની શરત તમે કયાંથી લગાડી ? એ પણ હદીષની વિરૂધ્ધ છે.

બીજુ એ કે **લમ્ યહ્મિલિલ્ ખુબ્ષ**નો અર્થ કેવી રીતે થયો કે "નાપાક નથી થતું !" એનો અર્થ છે "નાપાકી સહન નથી કરતું" એટલે કે નાપાક થઈ જાય છે. જ્યારે આ શકયતા પણ મૌજૂદ છે, જેથી તમારી દલીલ બાતિલ છે.

ત્રીજુ એ કે જો એ જ અર્થ કરવામાં આવે (જે તમે કહો છો) કે બે માટલાં પાણી કદી નાપાક નથી થતું તો આ હદીષ તે તમામ હદીષોની વિરૂધ્ધ જાય છે જે અમે પ્રથમ વિભાગમાં વર્ણન કરી ચૂકયા કે હુઝૂરે બંધિયાર પાણીમાં પેશાબ કરવાથી મના ફર્માવ્યું, ભલે બે માટલાં હોય અથવા ઓછાં વત્તાં હોય. અને સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا એ ઝમઝમના કૂવામાં એક હબ્શી પડી જતાં તેનું પાણી કઢાવી લીધું, એવું શાથી કર્યું ? ત્યાં તો હજારો માટલાં પાણી હતું ! જેથી જણાયું કે આ હદીષ અમલને પાત્ર નથી.

ચોથુ એ કે **કુલ્લતૈન** "કુલ્લતુન"નું બમણુ છે. "કુલ્લહ્" મટકાને પણ કહે છે અને માણસના કદ બાંધાને પણ અને પહાડની ટોચને પણ કહે છે. અહીં "કુલ્લહ્"નો અર્થ માનવ કદ બાંધો છે અને એનાથી ઊંડાઈનું પ્રમાણ બતાવવાનો હેતુ નથી બલ્કે લંબાઈનો અંદાઝો વર્ણન કરવાનો હેતુ છે. એટલે કે જ્યારે પાણી વહી રહ્યું હોય અને માનવ કદની લંબાઈ જેટલું અંતર તેને વહેવા માટે મળી જાય તો હવે તે કોઈ ચીજથી નાપાક થશે નહીં, કેમ કે તે પાણી નહેરોની જેમ જારી તથા વહેતુ હોવાથી ગંદકીને વહાવીને લઈ જશે, અને તરત બીજુ પાણી આવી જશે. આ અર્થથી હદીષમાં ટકરાવ પણ નહીં રહે અને દરેક હદીષ અમલને પાત્ર રહેશે. આ સબબ ખૂબ જ બેહતર છે કેમ કે જો "કુલ્લહ્"નો અર્થ માટલુ થાય તો ખબર પડશે નહીં કે કેટલુ મોટુ માટલુ,

કયાંનું માટલુ ! અને પાંચ મશકનું પ્રમાણ નક્કી કરવું પણ યોગ્ય નથી કેમ કે હદીષમાં આ માપ જણાવેલ નથી. તેમ જ એ ખબર નથી કે મશક કેટલુ મોટુ હોય અને કયાંનું હોય ? સારાંશ કે હદીષ મુજમલ થશે, મુજમલ પર અમલ અશકય છે.

પાંચમુ એ કે હદીષમાં તે સ્થિતિ મુરાદ છે કે બે કુલ્લા પાણી જમીન પર ખૂબ જ ફેલાયેલું મોટા હોજના સમાન હોય એટલે કે સો ચોરસ હાથની સપાટી જેટલુ હોય, જેથી હવે પાણી તળાવના હુકમમાં આવી ગયું જેથી મામૂલી ગંદકી પડવાથી નાપાક થશે નહીં. આ સ્થિતિમાં પણ હદીષમાં ટકરાવ નથી.

વાંધા નં. ૩ : હનફીઓની ડોલ મહાન કમાલવાળી છે કે નાપાક કૂવાથી કેવળ નાપાક પાણી અલગ પાડીને કાઢી લાવે છે અને પાક પાણી છોડતી આવે છે ! આશ્ચર્ય છે કે જ્યારે કૂવામાં ચકલી મૃત્યુ પામી જેનાથી આખો કૂવો નાપાક થઈ ગયો અને હનફીઓએ તેમાંથી કેવળ ત્રીસ ડોલો કાઢી લીધી તો કયાં તો કહો કે આખો કૂવો નાપાક જ ન થયો હતો, કેવળ ત્રીસ ડોલ પાણી નાપાક થયું હતું જેને આ કરામતી ડોલ છટણી કરીને કાઢી લાવી ! જો આખો કૂવો નાપાક થઈ ગયો હતો તો કેવળ ત્રીસ ડોલ નીકળી જવાથી સઘળુ પાણી પાક કેમ કરીને થઈ ગયું ?!

જવાબ : આ કરામત તો વહાબીઓની ડોલમાં પણ જાહેર થાય છે. જ્યારે કૂવાના પાણીનો ગંધ, સ્વાદ તથા રંગ બદલાઈ જવાથી નાપાક થઈ જાય અને કૂવો ઝરણાવાળો હોય જેનું પાણી તૂટી ન શકે, તો હવે વહાબી બંધુ તેને પાક કરે ! બતાવો ! આ સ્થિતિમાં આખો કૂવો નાપાક થયો કે અમુલ ડોલ ?! જો અમુક ડોલ પાણી નાપાક થયું છે તો વહાબીઓની ડોલ ખરેખર કરામાતી છે કે છટણી કરી કરીને કેવળ ગંદુ પાણી કાઢી લાવી અને પાક પાણીને હાથ ન લગાડયો ! અને જો આખો કૂવો નાપાક થયો હતો તો કૂવાનું સઘળુ પાણી કાઢયું પણ નહીં, પાણીના આસપાસની દીવાલો ધોવામાં પણ ન આવી અને કૂવો પાક થઈ ગયો ! એવું શાથી થયું ? એનો જે જવાબ વહાબી આપશે તે જ અમારા તરફથી પણ સમજી લે. જનાબે આલી ! ચકલી મરી જવાથી આખો જ

કૂવો નાપાક થઈ જાય છે, પણ નાપાક ચીજોને પાક કરવાનો તરીકો વિવિધ પ્રકારનો છે. કોઈ ચીજ સૂકાઈને કોઈ સળગીને કોઈ વહીને કોઈ કેવળ લુછી લેવાથી પાક થઈ જાય છે. એ જ પ્રમાણે એ કૂવાનું પાણી કેવળ આસાનીના માટે ચાલીસ ડોલ કાઢી લેવાથી પાક થઈ જાય છે. જુઓ, વિર્ય નાપાક છે પરંતુ જ્યારે કપડામાં લાગીને સૂકાઈ જાય તો કેવળ ઘસીને ખંખેરી લેવાથી કપડુ પાક થઈ જાય છે, તમારો પણ એ અકીદો છે. કહો ! આ કપડુ ધોયા વિના કેવી રીતે પાક થઈ ગયુ ? કેવળ આસાનીના માટે. એ જ પ્રમાણે આસાનીના માટે કેવળ ૪૦ ડોલ કાઢી લેવાથી આખો કૂવો પાક થઈ જાય છે.

વાંધા નં. ૪ : જો ચકલી, ઉંદર મરી જવાથી કૂવો નાપાક થઈ જાય છે તો નાપાક પાણીના કારણે કૂવાની દીવાલો પણ નાપાક થઈ ગઈ અને જ્યારે તેને પાક કરવાના માટે દીવાલ પણ ધોવી જોઈતી હતી અને ડોલ રસ્સી પણ પાક કરવામાં આવતે.

જવાબ : આ વાંધાનો જવાબ વાંધા નં. ૩ ના જવાબમાં આવી ગયો કે એવા પ્રસંગે શરીઅત આસાની કરે છે. કૂવાની દીવાલો અને ડોલ તથા રસ્સી ધોવામાં સખત મુશ્કેલી પડતે એટલા માટે તેનાથી માફી આપવામાં આવી. તમે પણ તમારા નાપાક કૂવા પાક કરતી વખતે ન કૂવાની દીવાલો ધુઓ છો, ન ડોલ તથા રસ્સી ધુઓ છો. આપનો આ કયાસ હદીષની વિરૂધ્ધ છે. અને નસ (કુર્આન–હદીષની દલીલ)ની વિરૂધ્ધ કયાસ કરવું જાઈઝ નથી. અમે પ્રથમ વિભાગમાં બતાવી ચૂકયા કે હઝરત અબ્દુલ્લા ઈબ્ને અબ્બાસ વગેરે સહાબા رَضِیَ اللّٰہُ عَنۡہُمۡ એ ઝમઝમનો કૂવો પાક કર્યો પણ ન તેની દીવાલો ધોઈ ન ડોલ તથા રસ્સી ધોઈ.

ખાત્મો

અંતે કિતાબમાં અમે અમુક મહત્વના મસાઈલ રજુ કરીએ છીએ જેનાથી અહલે સુન્નત હનફીઓનાં દિલ બાગ બાગ થઈ જાય, તકલીદના ગુલશનનાં એવાં ફૂલો સુંઘે જેનાથી તેમનાં ઈમાન મહેકી ઉઠે કેમ કે વહાબી ગૈર મુકલ્લિદની શુષ્ક ચર્ચા સાંભળી સાંભળીને દિલ ગભરાઈ ગયું.

(પ્રથમ મસ્અલો)

હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની વિશિષ્ટતાઓ

શુષ્ક મિજાઝના ગૈર મુકલ્લિદ વહાબીઓ ઈમામે આઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના સખ્ત દુશ્મન છે. તેમના બારામાં ખૂબ જ બકવાસ કરે છે, તેમના મસાઈલની ઠેકડી ઉડાવે છે, હંસી મજાક કરે છે. અમુક બદનસીબોએ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની જન્મ તારીખ 'સગ' અને મૃત્યુની તારીખ 'બૂકમ જહાં પાક' લખી છે. નઊઝુબિલ્લાહ ! જેવી રીતે રાફઝીઓ નજીક મહાન સહાબા પર તબર્રા (સહાબાની બુરાઈ) બેહતરીન પેશો છે એવી જ રીતે આ વહાબીઓનો પ્રિય ધંધો હઝરત ઈમામની બુરાઈ કરવી છે. સાચું છે, **વહાબી** અને **ગીધ**ના અદદ સરખા છે. **ગીધ** પણ મુરદાર ખાય છે અને **વહાબી** પણ પૂર્વજ બુઝુર્ગોની બુરાઈ તથા ગીબત કરીને કુર્આનના હુકમાનુસાર મરેલા ભાઈનો ગોશ્ત ખાનાર ઠરે છે. **વહાબી** અને **ગીધ** સંખ્યા (અદદ)માં પણ અને ધંધામાં પણ સમાન ! યાદ રાખશો કે વહાબીના અદદ ૨૪ અને **ચૂહા ઉંદર**ના અદદ પણ ૨૪ છે. આ ત્રણેવ એક જાતિમાંથી છે, **વહાબી ઉંદરની જેમ દીનને કોતરે છે, ગીધ**ની જેમ ગીબત કરીને મુરદારનો ગોશ્ત ખાય છે. મને એ બકવાસ સાંભળીને સદમો થયો, દિલે ચાહ્યું કે એ આલી જનાબ (ઈમામે

આ'ઝમ)ની હાલતો તથા પ્રશંસાઓ મુસલમાનોને સંભળાવી દઉં અને બતાવું કે હઝરત ઈમામનો ઈસ્લામમાં શું દરજ્જો છે, શકય છે કે રબ તઆલા આ બુઝુર્ગોની પ્રશંસાને મારા માટે ગુનાહોનો કફ્ફારો બનાવી આપે અને મને એ બુઝુર્ગોના ગુલામોમાં હશ્ર નસીબ કરે. મુસલમાન પોતાના ઈમામની પ્રશંસાઓ સાંભળે અને ઈમાન તાજુ કરે.

★ ઈમામે આ'ઝમનુ નામ તથા વંશ ★

હઝરત ઈમામ અબૂ હનીફાનું નામ મુબારક નોઅમાન બિન ષાબિત બિન ઝવૂતી છે. હઝરત ઝવૂતી એટલે ઈમામના દાદા ફારસી વંશજના છે. હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ના અતિ આશિક અને આપના ખાસ નિકટવર્તીમાંથી હતા. આપની મહોબ્બતના કારણે કૂફામાં વસવાટ કર્યો જે હઝરત અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريم નું પાટનગર હતું. હઝરત ઝવૂતી પોતાના ફરઝંદ હઝરત ષાબિતને જે બાળક હતા તેમને હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની પાસે દુઆ માટે લઈ ગયા. હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ ષાબિતના માટે દુઆ ફર્માવી અને ખૂબ જ બરકતની બશારત આપી. હઝરત ઈમામે આ'ઝમે હઝરત كرم الله تعالى وجهه الكريم ની કરામત તથા બશારત છે.

હઝરત ઈમામ અબૂ હનીફા હિ.સ. ૮૦માં કૂફામાં પેદા થયા અને હિ.સ. ૧૫૦માં બગદાદમાં વિસાલ પામ્યા અને ખૈરઝાન કબ્રસ્તાનમાં દફન થયા. આપની કબ્ર આમ તથા ખાસ લોકો માટે ઝિયારતગાહ બનેલી છે. આપની વય ૭૦ વરસની થઈ હતી.

હઝરત ઈમામે ઘણાયે સહાબાનો સમય પામ્યો જેમાંથી ચાર સહાબા સાથે મુલાકાત કરી. અનસ ઈબ્ને માલિક જે બસરામાં હતા, અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફી જે કૂફામાં હતા, સોહેલ ઈબ્ને સઅદ સાઅદી જેઓ મદીના મુનવ્વરામાં હતા, અબૂ તુફૈલ આમિર ઈબ્ને વાસિલા જેઓ મક્કા મોઅઝ્ઝમામાં હતા. એના વિશે અન્ય પણ રિવાયતો છે પણ આ કૌલ રાજેહ (સમર્થન પામેલ) છે, ઈમામે આ'ઝમ હઝરત હમ્માદના પ્રિય શાગિર્દ અને

હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ ના ખાસ વિદ્યાર્થી અને વિશેષ સોહબત પામેલા હતા. બે વરસ સુધી ઈમામ જાફર رضی اللہ عنہ ની સોહબત નસીબ થઈ.

હઝરત ઈમામને મન્સૂર બાદશાહ કૂફાથી બગદાદ લાવ્યો પછી આપને કાઝીયુલ કુઝાનો હોદ્દો સ્વીકારવાની દરખાસ્ત કરી. આપે ઈન્કાર કર્યો જેથી આપને કૈદ કરવામાં આવ્યા અને કૈદમાં જ આ ઈલ્મ તથા અમલનો આફતાબ ગુરૂ થયો. رضی اللہ عنہ

★ ઈમામે આ'ઝમની ખૂબીઓ તથા વિશિષ્ટતાઓ ★

હઝરત એ છે કે ઈમામે આ'ઝમની ફઝીલતો તથા ખૂબીઓ અગણિત છે. હઝરત ઈમામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો જીવતો જાગતો મો'જિઝો અને હઝરત અમીરુલ મો'મિનીન અલી મુર્તઝા હૈદરે કરાર كرم اللہ تعالیٰ وجہہ الکریم ની ન મિટનારી કરામત છે. દીની મુશ્કેલીઓને હલ કરનાર ઉમ્મતે મુસ્તફાના ચિરાગ છે. અલ્હમ્દુલિલ્લાહ ! અહલે અહનાફ (હનફીઓ) ઘણા જ ખુશ નસીબ છે ! આપણા રસૂલ રસૂલે આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم આપણા પીર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ, આપણા ઈમામ ઈમામે આ'ઝમ ! رضی اللہ عنہ અઝમત તથા ઈજ્જત આપણા જ નસીબમાં છે. બિફદ્લિહી તઆલા વ કરમહૂ અમે તબર્રુકના તૌર પર અમુક ખૂબીઓ રજુ કરીએ છીએ જેને હનફીઓ સાંભળે અને બાગ બાગ થઈ જાય ! :

(૧) હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની પેશનગોઈ અને ફઝીલત ખૂબ જ વ્યવસ્થિતપણે બયાન ફર્માવી. જેમ કે મુસ્લિમ તથા બુખારીએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી અને તિબ્રાનીએ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી અબૂ નુઐમ, શીરાઝી, તિબ્રાનીએ કૈસ ઈબ્ને ષાબિત ઈબ્ને ઓબાદાથી રિવાયત કરી :–

لَوْ كَانَ الْاِيْمَانُ عِنْدَ الثُّرَيَّا لِتَنَاوَلَهٗ رِجَالٌ مِنْ اَبْنَاءِ فَارِسٍ وَ فِىْ رِوَايَةِ الْبُخَارِىْ وَ الْمُسْلِمِ

''જો ઈમાન સુરૈયા તારાની પાસે હોત તો ફારસી ઔલાદમાંથી અમુક લોકો ત્યાંથી લઈ આવત. મુસ્લિમ બુખારીની બીજી રિવાયતમાં છે કે કસમ તેની જેના કબજામાં

મારી જાન છે, જો દીન સુરૈયા તારામાં લટકેલો હોત તો ફારસનો એક માણસ તેને હાંસલ કરી લેત.''

وَالَّذِیْ نَفْسِیْ بِیَدِہٖ لَوْ کَانَ الدِّیْنُ مُعَلَّقاً بِالثُّرَیَّا لَتَنَاوَلَہٗ رَجُلٌ مِّنْ فَارِسٍ

બતાવો ! ફારસી વંશમાં આ શાનનો માણસ ઈમામે આ'ઝમ અબૂ નોઅમાન બિન ષાબિત رضی اللہ عنہ સિવાય કોણ થયો ?

(૨) અલ્લામા ઈબ્ને હજર મક્કી શાફઈ رضی اللہ عنہ એ હઝરત ઈમામે આ'ઝમના ફઝાઈલમાં એક ખાસ કિતાબ લખી જેનું નામ ''ખૈરાતુલ હસ્સાન ફી તર્જુમતિ અબી હનીફતિન્નોઅ્માન'' છે. એમાં એક હદીષ નકલ ફર્માવી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : تُرْفَعُ زِیْنَتُ الدُّنْیَا سَنَۃَ خَمْسِیْنَ وَ مِائَۃٍ ''સન ૧૫૦માં દુનિયાની ઝીનત (શોભા) ઉઠાવી લેવામાં આવશે.''

સન. હિ. ૧૫૦માં હઝરત ઈમામે આ'ઝમની વફાત શરીફ છે. જાણવા મળ્યું કે ઈમામે આ'ઝમ શરીઅતની દુનિયાની શોભા તથા શરીઅતની રોનક, ઈલ્મ તથા અમલનો શણગાર હતા. ઈમામ કુરૂરીએ ફર્માવ્યું કે, આ હદીષથી હઝરત ઈમામે આ'ઝમની પ્રતિ નિર્દેશ છે.

(૩) હઝરત ઈમામે આઝમ ઈસ્લામી દુનિયામાં પહેલા તે આલિમે દીન છે જેમણે ફિકહ તથા ઈજતેહાદની બુનિયાદ રાખીને આખી ઉમ્મતે રસૂલ પર મહાન એહસાન કર્યું. અન્ય તમામ ઈમામો જેમ કે ઈમામ શાફઈ, ઈમામ માલિક, ઈમામ અહમદ ઈબ્ને હંબલ વગેરે رَضِیَ اللّٰہُ عَنْہُمْ એ એ જ પાયા પર ઈમારત રચી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે ઈસ્લામમાં જે સારો તથા નેક તરીકો કાઢે તેને પોતાનો પણ સવાબ મળશે અને તમામ અમલ કરનારાઓનો પણ સવાબ મળશે.

(૪) હઝરત ઈમામે આ'ઝમ તમામ ફકીહો તથા મુહદ્દિષોના વાસ્તાથી અથવા ડાયરેકટ ઉસ્તાદ છે અને એ તમામ હઝરાત ઈમામે આ'ઝમના શાગિર્દ છે. જેમ કે ઈમામ શાફઈ હઝરત ઈમામ મુહમ્મદના મત્રાઈ પુત્ર અને તેમના શાગિર્દ છે. એ જ પ્રમાણે ઈમામ માલિકે હઝરત ઈમામે આ'ઝમની કિતાબોથી

ફૈઝ હાંસલ કર્યો. તેમ જ ઈમામ બુખારી મુહદ્દિષોના ઉસ્તાદ છે અને ઈમામ બુખારીના ઘણા ઉસ્તાદ તથા શૈખ હનફી છે. સારાંશ કે ઈલ્મના આકાશના સૂરજ ઈમામે આ'ઝમ છે અને અન્ય ઉલમા તારાઓ છે.

(૫) ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ના ડાયરેકટ શાગિર્દ એક લાખથી પણ વિશેષ છે જેમાંથી મોટા ભાગના મુજતહિદ છે. જેમ કે ઈમામ મુહમ્મદ, ઈમામ અબૂ યૂસુફ, ઈમામ ઝફર, ઈમામ ઈબ્ને મુબારક જે ઈલ્મી દુનિયાના ચમકતા તારાઓ છે. હઝરત ઈમામ મુહમ્મદ સાહબે ૯૯૦ શાનદાર કિતાબો લખી, જેમાંથી છ કિતાબો ખૂબ જ પાયાની છે જેને 'કુતુબે ઝાહિરુર્રિવાયહ્' કહેવામાં આવે છે, અને એ તમામ કિતાબો ફિકહનું મૂળ માનવામાં આવે છે.

(૬) તમામ નબીઓના સરદાર ચાર નબી છે, આસ્માની સહીફાઓના સરદાર ચાર કિતાબો, ફરિશ્તાઓના સરદાર ચાર ફરિશ્તા, સહાબામાં ચાર અફઝલ તથા આ'લા ચાર યાર, મુજતહિદ ઉલમામાં અફઝલ ચાર ઈમામ છે. વળી તે ચાર નબીઓમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અફઝલ, ચાર કિતાબોમાં કુર્આન અફઝલ, ચાર ફરિતઓમાં હઝરત જિબ્રઈલ અફઝલ, ચાર યારમાં અબૂબક્ર સિદ્દીક અફઝલ, ચાર ઈમામોમાં ઈમામે આ'ઝમ અફઝલ. એટલા માટે ઈમામ શાફઈએ ફર્માવ્યું કે, ફકીહો અબૂ હનીફાની ઔલાદ છે તે તેમના સૌ બાપ.

(૭) ઈમામે આ'ઝમ જેવી રીતે ઈલ્મના આકાશના સૂર્ય છે એ જ પ્રમાણે અમલના મેદાનના મુજતહિદ છે. જેમ કે આપે ૪૦ વરસ સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢી. ૪૦ વરસ એવા રોઝા રાખ્યા કે કોઈને ખબર ન પડી. ઘરેથી ખાવા લાવે અને તલબાને ખવડાવી દીધું. ઘરવાળાં પણ સમજ્યાં કે બહાર જઈને ખાધુ અને બહારવાળા સમજ્યા કે ઘરમાં ખાઈને તશરીફ લાવ્યા! હમેશાં રમઝાન શરીફમાં ૬૧ (એકસઠ) કુર્આન ખત્મ કરતા હતા. એક કુર્આન દિવસમાં એક રાતમાં અને એક આખા મહીનામાં તરાવીહમાં મુકતદીઓની સાથે અને ૫૫ (પંચાવન) હજો કરી.

(૮) ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝારે પુર અન્વાર દુઆની કુબૂલિયતના માટે અકસીરે આઝમ છે. જેમ કે ઈમામ શાફઈ કુદ્દેસ સિર્રહૂ ફર્માવે છે કે

જ્યારે મને કોઈ હાજત પેશ આવે છે તો હું બગદાદ શરીફ ઈમામે આ'ઝમના મઝાર શરીફ પર હાજર થાઉં છુ, બે રકાત નફલ પઢીને ઈમામે આ'ઝમની કબ્ર શરીફની બરકતથી દુઆ કરું છું તો ખૂબ જ જલ્દી હાજત પૂરી થાય છે. ઈમામ શાફઈ જ્યારે ઈમામે આ'ઝમ કુદ્દેસ સિર્રહૂની કબ્રે અન્વર પર હાજર થતા તો હનફી નમાઝ પઢતા હતા કે કુનૂતે નાઝેલા પઢતા ન હતા. કોઈએ પૂછયું કે એનું કારણ શું છે ? તો ફર્માવ્યું કે આ કબ્રવાળાની અદબ તથા એહતેરામ કરું છું. (શામી)

યાદ રાખશો ! એનો મતલબ એ નથી કે ઈમામ શાફઈ બગદાદ શરીફમાં ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની મઝારના અદબમાં સુન્નત ત્યજી દેતા હતા, બલ્કે મતલબ એ છે કે કોઈ ઈમામ કે મુકલ્લિદ યકીનની સાથે એવું નથી કહી શકતો કે હું જ હક્ક પર છું અને અન્ય ઈમામો ગલતી પર છે. બલ્કે પોતાના હક્ક પર હોવાની ધારણાને મજબૂત કરે છે અને એ પણ કહે છે કે કદાચ અન્ય ઈમામનો કૌલ હક પર હોય. અકીદાઓમાં યકીન છે અને ઈમામોના મતભેદવાળા મસાઈલમાં દરેક અધિક મજબૂત ગુમાન છે. તો એમ સમજો કે હઝરત ઈમામ શાફઈએ ત્યાં હાજર થઈને એના પર અમલ કર્યો જેને ઈમામે આ'ઝમ સુન્નત સમજે છે. એમાં એક સુન્નતને ત્યજવું છે તો બીજી સુન્નત પર અમલ છે જેથી એના પર કોઈ વાંધો નથી.

(૯) ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ એ ૧૦૦ વાર રબ તઆલાને ખ્વાબમાં જોયો, છેલ્લી વાર જે દુઆ રબને પૂછી અને રબે જે જવાબ આપ્યો તે રદ્દુલ મુહ્તારમાં વિગતવાર લખેલ છે.

(૧૦) ઉમ્મતે મુહમ્મદિયહ્ના મહાન મહાન ઔલિયા, ગૌષ તથા કુતૂબ, અબ્દાલ, અવતાદ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના દામનથી જોડાયેલા છે અને આપના મુકલ્લિદ છે. જેટલા પ્રમાણમાં ઔલિયા હનફી મઝહબમાં છે તેટલા અન્ય મઝહબમાં નથી. જેમ કે હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ, શકીક બલ્ખી, મઅ્રૂફ કર્ખી, હઝરત બાયઝીદ બોસ્તામી, ફુઝૈલ ઈબ્ને અયાઝ ખુરાસાની, દાઉદ ઈબ્ને નસ્ર ઈબ્ને નસીર ઈબ્ને સુલૈમાન તાઈ, અબૂ હામિદ

લેફાફ, ખુઝરદી બલ્ખી, ખલફ ઈબ્ને ઐયૂબ અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક વલી, ફકીહ મુહદ્દિષ, વકીઅ ઈબ્ને જેરાહ, શૈખુલ ઈસ્લામ અબૂબક્ર ઈબ્ને વરાક તિર્મિઝી જેવા ઔલિયાઓના સરદાર હનફી છે અને હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ના દામનથી જોડાયેલા છે. સારાંશ કે હનફી મઝહબ એ ઔલિયાનો મઝહબ છે. આજે પણ લગભગ તમામ ઔલિયા અલ્લાહ હનફી જ છે. ફખ્રે પાકો હિંદ હઝરત દાતાગંજ બખ્શ હિજવૈરી જેમનું મઝાર શરીફ લોકોનું શરણસ્થાન છે તે હનફી હતા. આપે આપની કિતાબ કશ્ફુલ મહજૂબમાં હઝરત ઈમામે આ'ઝમના મહાન ફઝાઈલ કશ્ફથી બયાન ફર્માવ્યા. એ જ પ્રમાણે તમામ ચિશ્તી, કાદરી, નકશબંદી, સુહરવર્દી મશાઈખ સૌ હનફી છે.

(૧૧) હઝરત ઈમામે આ'ઝમનો હનફી મઝહબ વિશ્વમાં એટલો પ્રસર્યો એટલો ફેલાયો કે જ્યાં ઈસ્લામ છે ત્યાં હનફી મઝહબ છે, મોટા ભાગના મુસલમાન હનફી છે. હરમૈન તૈયેબૈન (મક્કા–મદીનામાં) મોટા ભાગના હનફી બલ્કે ઈસ્લામી જગતના અમુક પ્રદેશો એવા પણ છે જ્યાં કેવળ હનફી મઝહબ જ છે, બીજા મઝહબને લોકો જાણતા પણ નથી, જેમ કે બલ્ખ, બુખારા, કાબુલ, કંદહાર અને લગભગ આખા હિંદ તથા પાકિસ્તાનમાં કે અહીં શાફઈ, હંબલી, માલિકી જોવામાં પણ નથી આવતા. અમુક ગૈર મુકલ્લિદ વહાબી જેઓ કયાંયના નથી તેઓ જોવા મળે છે પણ આ મુટ્ઠીભર જમાઅત એવી ગુમ છે કે તેમનું હોવું ન હોવા બરાબર છે. આ આમ મુકબૂલિયતથી જણાય છે કે ઈમામે આ'ઝમ અલ્લાહની બારગાહના મકબૂલ અને હનફી મઝહબ અલ્લાહની નજીક મહબૂબ છે.

(૧૨) ઈમામે આ'ઝમના વિરોધીઓએ પણ ઈમામે આ'ઝમના ફઝાઈલ તથા ખૂબીઓમાં ખૂબ જ અઝીમુશ્શાન કિતાબો લખી. જેમ કે અલ્લામા ઈબ્ને હજર મક્કીએ ''ખૈરાતુલ હસનાત ફી તર્જમતિ અબૂ હનીફતુન્નુઅ્માન'' લખી અને સબ્ત ઈબ્ને જવઝીએ ''કિતાબુલ ઈન્તેસાર લિ ઈમામિ અઈમ્મતિલ ઈમ્સાર'' બે ભાગમાં લખી. ઈમામ જલાલુદ્દીન સિયૂતી શાફઈએ ''તબ્યીઝુસ્સહીફા ફી મનાકિબે અબી હનીફા'' લખી. અલ્લામા યૂસુફ ઈબ્ને

અબી હાદી હંબલીએ "તન્વીરુસ્સહીફા ફી તર્જમતિ અબી હનીફા" લખી જેમાં ઈબ્ને અબ્દુલ્લાહનો કૌલ નકલ ફર્માવ્યો : તેઓ ફર્માવે છે કે "મેં ઈમામ અબૂ હનીફા જેવો બેહતરીન આલિમ, ફકીહ, મુત્તકી નથી જોયો."

સારાંશ કે ઉમ્મતે મર્હૂમા હઝરત ઈમામ અબૂ હનીફા કુદ્દેસ સિર્રહૂના ફઝલો કમાલના સાક્ષી છે. જો મુટ્ઠીભર વહાબી તેમની શાનમાં બકવાસ કરે તો તેનો શું એ'તેબાર ! શી ગણત્રી ! જો ચામાચીડીયુ સૂર્યને બુરો કહે તો સૂર્ય કાળો નથી થઈ જતો, જેમ કે વર્તમાન રાફઝીઓ સહાબીઓને ભલુ બુરુ કહે છે, એ જ પ્રમાણે વહાબી ગેર મુકલ્લિદો ઈમામે આઝમ પર કરે છે. رضی اللہ عنہ

(૧૩) તમામ મુજતહિદ ઈમામોમાં હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ નો સમય હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી અતિ નિકટ છે કેમ કે આપનો જન્મ મુબારક સ.હિ. ૮૦માં છે. આપ તાબઈ છે. આપે ચાર સહાબીઓથી મુલાકાત તથા રિવાયત કરી. જેમણે આપના તાબઈ હોવાનો ઈન્કાર કર્યો તે કેવળ પૂર્વગ્રહ હેઠળ જ કર્યો છે કેમ કે એવું કેમ કરીને થઈ શકે છે કે સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફી જેવા સહાબી ઈમામે આ'ઝમના જમાનામાં કૂફામાં હોય અને હઝરત ઈમામ તેમને ન મળે ! આજે બુઝુર્ગોને મળવા દુનિયા ખેંચાઈને આવે છે તો પછી સહાબાની શાનનું તો પૂછવુ જ શું ? સારાંશ કે આપ તાબઈ છે અને આપને સહીહ હદીષો હુઝૂરથી મળી. આપ ખૈરે કુરૂનમાં થઈ ગયા.

યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિલાદતે પાક (જન્મ) હિ.સ. ૮૦માં છે, **વફાત ૧૫૦** હિ.સ. માં થઈ જેથી આપની ઉમ્ર શરીફ ૭૦ વરસની થઈ, આપનું મઝાર શરીફ બગદાદમાં છે, **ઈમામ માલિક**ની વિલાદત શરીફ હિ.સ. ૯૦માં અને વફાત હિ.સ. ૧૭૯માં થઈ, આપની વય ૮૯ વરસની થઈ અને મઝાર શરીફ મદીના પાકમાં છે. **ઈમામ શાફઈની વિલાદત** હિ.સ. **૧૫૦** માં, વફાત હિ.સ. ૨૦૪માં તથા ઉમ્ર ૫૪ વરસની થઈ. આપ ઈમામે આ'ઝમની વફાતના દિવસે પેદા થયા. **ઈમામ અહમદ ઈબ્ને હંબલ**ની વિલાદત હિ.સ. **૧૬૪** માં થઈ અને વફાત હિ.સ. ૨૪૧ માં થઈ, ઉમ્ર શરીફ ૭૭ વરસની થઈ.

(૧૪) હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ અહ્લે બયૂતે નબુવ્વતથી ખાસ ફુયૂઝો બરકાત હાંસલ કર્યા જે અન્ય ઈમામોને હાંસલ થયા, કેમ કે ઈમામે આ'ઝમ હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ ની મજલિસે પાકમાં બે વરસ હાજર રહ્યા, ખૂદ ફર્માવે છે : **"જો તે બે વરસ ન મળત તો નોઅ્માન (પોતે) હલાક થઈ જાત !"**

(૧૫) હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ હઝરત અબૂબક્ર સિદ્દીકના ઉત્તમ મઝહર છે. હઝરત અબૂબક્ર સિદ્દીક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રથમ ખલીફા છે અને ઈમામે આ'ઝમ હુઝૂરની ઉમ્મતના પ્રથમ મુજતહિદ છે. સિદ્દીકે અકબર જામેએ કુર્આન છે, તો ઈમામે આ'ઝમ ફિકહી મસાઈલો તથા દીની કાનૂનોના એકત્રીકરણ કરનાર છે. હઝરત સિદ્દીકે અકબરે હુઝૂર પછી પ્રથમ અદ્લો ઈન્સાફના કાનૂનો પર ખિલાફતનો પાયો રચ્યો, તો ઈમામે આ'ઝમે ઈજતેહાદ તથા તફક્કોહ (દીની સમજ)નો પાયો રાખ્યો. અબૂબક્ર સિદ્દીકે ઉમ્મતે મુસ્તફવીની યોગ્ય સમયે મદદ કરી કે તેમને મતભેદથી ઉગારી લીધા, અને માળખુ વિખેરાવા ન દીધું. તો ઈમામે આ'ઝમે મુસલમાનોની એટલી મહાન મદદ કરી કે તેમને કુફ્ર તથા અધર્મતા તથા બેદીનીની આંધીઓથી બચાવી લીધા. આજે તેમના ઈલ્મી ઈજતેહાદની બરકતથી મુસ્લિમ ઉમ્મત કાફિરો તથા મુર્તદોના ફિત્નાથી મેહફૂઝ છે.

(૧૬) જેવી રીતે હુઝૂર ગૌષે આ'ઝમ તમામ ઔલિયાના સરદાર છે કે સૌની ગરદનો પર હુઝૂર ગૌષે આ'ઝમનો પાક કદમ છે, આપ તરીકતના પ્રથમ ઈમામ છે. કોઈએ શું સરસ કહ્યું છે :–

ગૌષે આ'ઝમ દરમિયાને ઔલિયા
ચૂં જનાબે મુસ્તફા દર અંબિયા

એ જ પ્રમાણે ઈમામે આ'ઝમ તમામ ઉલમાના સરદાર છે કે શરીઅતના ઉલમા આપના સાયા હેઠળ છે. એટલા માટે તરીકતના પ્રથમ ઈમામનો લકબ ગૌષે આ'ઝમ થયો અને શરીઅતના પ્રથમ ઈમામનો લકબ ઈમામે આ'ઝમ થયો અને બગદાદ શરીફ બંને સમુદ્રોનું સંગમસ્થાન છે કે બંને ઈમામ ત્યાં આરામ ફર્માવે છે.

(બીજો મસ્અલો)

★ તકલીદનું રહસ્ય ★

અમે ખુદાના ફઝલો કરમથી જાઅલ હક્ક (ભાગ–૧)માં તકલીદનો મસ્અલો ઘણા વિસ્તારપૂર્વક લખી આપ્યો છે, જેનો જવાબ આજ સુધી વહાબી ગૈર મુકલ્લિદથી નથી બની શકયો, જો શોખ હોય તો તેનો અભ્યાસ કરી લો. અહીં કિતાબની પૂર્ણાહુતિ માટે સંક્ષિપ્તમાં તકલીદની જરૂરત, તકલીદના ફાયદા, તકલીદ ન કરવાનાં નુકસાનો રજુ કરવામાં આવે છે. રબ તઆલા કબૂલ ફર્માવે. આમીન...

યાદ રાખશો કે ઉમ્મતે મુહમ્મદિયા صلی اللہ تعالیٰ علیہ وسلم માં અમુક ખુશનસીબ લોકો છે જેમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબત નસીબ થઈ અને તેમણે પોતાની આંખો વડે યારનો દીદાર કર્યો, તે હઝરાત નબુવ્વતના આસમાનના તારા આખી ઉમ્મતના હાદી (માર્ગદર્શક) તથા ઈમામ છે, તેમના હકમાં ખૂદ હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બશારત આપી :–

اَصْحَابِیْ كَالنُّجُوْمِ بِاَیِّهِمْ اِقْتَدَیْتُمْ اِهْتَدَیْتُمْ

''મારા સહાબીઓ તારાઓ સમાન છે તેમનામાંથી તમે જેની પૈરવી કરો હિદાયત પામશો.''

રબ તઆલાએ તેમને પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાક સોહબતની બરકતથી ગુમરાહી, બદઅકીદગી, ફિસ્કો ફુજૂરથી સુરક્ષિત રાખ્યા. ખૂદ ઈર્શાદ ફર્માવે છે :–

وَاَلْزَمَهُمْ كَلِمَةَ التَّقْوٰى وَ كَانُوْا اَحَقَّ بِهَا وَاَهْلَهَا

''રબ તઆલાએ તે સહાબા માટે પરહેઝગારીનો કલ્મો લાઝિમ કરી આપ્યો અને તેઓ તેના મુસ્તહિક છે.''

બીજા ઠેકાણે સહાબાએ કિરામને સંબોધન કરતાં ઈર્શાદ ફર્માવે છે :–

وَكَرَّهَ اِلَيْكُمُ الْكُفْرَ وَ الْفُسُوْقَ وَ الْعِصْيَانَ

"હે સહાબાએ કિરામ ! રબ તઆલાએ કુફ્ર તથા ફિસ્ક અને ગુનાહોથી દિલોમાં નફરત નાખી દીધી."

અને તમામ સહાબાથી રબ તઆલાએ જન્નતી હોવાનો વાયદો કરી લીધો. ઈર્શાદ ફર્માવે છે : وَكُلًّا وَعَدَ اللّٰهُ الْحُسْنٰى "રબે સર્વ સહાબાથી જન્નતનો વાયદો કર્યો."

બલ્કે રબ તઆલાએ સહાબાની જમાઅતને તમામ જહાનના ઈમાનનું માપદંડ બનાવ્યું કે જેમનું ઈમાન તેમના જેવું હોય તે મોમિન છે, જેમનું ઈમાન તેમનાથી વિરૂધ્ધ હોય તે બેદીન છે. ફર્માવ્યું :–

فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ فَقَدِ اهْتَدَوْا

"જો એ લોકો તમારા ઈમાનની જેમ ઈમાન લાવે તો હિદાયત પર હશે."

★ સહાબા મુકલ્લિદ કેમ ન હતા ? ★

જો સહાબાએ કિરામના ફઝાઈલ તથા મર્તબા જોવા હોય તો અમારી કિતાબ "હઝરત અમીર મુઆવિયહ્"નો અભ્યાસ કરો. સારાંશ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક સોહબતની બરકતથી સહાબાએ કિરામનાં દિલ રોશન તથા સીના નૂરાની હતા. તે હઝરાત ફર્શ પર કુદસી સિફાત (ફરિશ્તા જેવી સિફતો)ને ધરાવનાર હતા, ન તેમનામાં દીની ઝઘડા હતા, ન ઘણા બધા ફિર્કા ન મઝહબી ઈખ્તેલાફ ન ફિત્ના ફસાદ હતા, જેથી તે ખૈરે કુરૂનને બાકાયદા તકલીદની જરૂરત ન હતી. તેઓ તમામ વિશ્વના ઈમામ હતા જેથી તેઓ કોની તકલીદ કરતા ?

બાદમાં મુસલમાનોમાં મઝહબોનો મતભેદ, ખયાલોનો વિખવાદ, મસાઈલોની ભરમાર અને મન્તિક તથા ફિલોસોફી (મનોવિજ્ઞાન તથા તત્વ ચિંતન)ની દખલ ઉભી થઈ, ત્યારે મિલ્લતના ઉલમાએ કુર્આન તથા હદીષથી મસાઈલ કાઢયા અને દીને મુહમ્મદીના અહકામોને આયનાની જેમ સાફ કરી આપ્યા. ઉમ્મતે મુહમ્મદીએ મેહસૂસ કર્યું કે હવે ઈમામોની તકલીદ વિના

ચારો નથી. સારાંશ કે બાદમાં મુસલમાન ત્રણ પ્રકારના થઈ ગયા : અવામ (પબ્લિક), ઉલમા તથા મુજતહિદો. અવામે ઉલમાની પયરવી (અનુસરણ) કરી અને ઉલમાએ મુજતહિદ ઈમામોની તકલીદને લાઝિમ તથા અનિવાર્ય સમજી. આ તકલીદ તથા ઈજતેહાદ સમયના અનુરૂપ અનિવાર્ય થઈ.

એનું દ્રષ્ટાંત એમ સમજો કે શરૂમાં જ્યાં સુધી જરૂરત ઉપસ્થિત થઈ ન હતી ત્યાં સુધી સહાબાએ કિરામે કુર્આને કરીમ પણ કિતાબના રૂપમાં એકત્ર ન કર્યું. ઉષ્માની યુગમાં જ્યારે જરૂરત પડી તો કુર્આન શરીફ કિતાબ સ્વરૂપે જમા થયું પછી ખૂબ જ અરસા પછી કુર્આનમાં ઝેર, ઝબર લગાડવામાં આવ્યા. પછી ઘણા સમય બાદ તેમાં રુકૂઅ, સિપારા સંપાદિત કરવામાં આવ્યા. તે વખતે કોઈ સહાબીએ હદીષના એકત્રીકરણ અને હદીષના પ્રકારો તથા હુકમો બનાવવાની જરૂરત ન અનુભવી. બુખારી, મુસ્લિમ વગેરે સહાબાના યુગના ઘણા પછીની કિતાબો છે. સારાંશ કે દીની જરૂરતો વધતી ગઈ તેમ તેમ એ ચીજો બનતી ગઈ. એ જ સ્થિતિ ઈમામોની તકલીદની છે, જેમ કે આજે એવું નથી કહી શકાતું કે કુર્આનનું એકત્રીકરણ, એઅરાબ, સિપારા બનાવવા, ઈલ્મે હદીષ તથા હદીષની કિતાબો બિદઅત છે કેમ કે નબવી યુગમાં અથવા સહાબાના યુગમાં એ બધું ન હતું. એ જ પ્રમાણે એવું કહેવું પણ મૂર્ખાઈ છે કે ઈમામોની તકલીદ તથા ફિકહનો ઈલ્મ બિદઅત છે કેમ કે સહાબાના યુગમાં એનો રિવાજ ન હતો. આજે જો જમા થયેલ કુર્આન અને મુસ્લિમ તથા બુખારી જરૂરી છે તો ઈમામોની તકલીદ પણ લાઝિમ છે. અમે અહીં ખૂબ જ સંક્ષિપ્તમાં તકલીદનું મહત્વ કુર્આન, હદીષ, ઉમ્મતના અમલ તથા અકલી દલીલોથી સાબિત કરીએ છીએ તેને સાંભળો અને ઈમાન તાજુ કરો. રબ તઆલા ફર્માવે છે :–

(૧) فَسْئَلُوْا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ "જો તમે ન જાણતા હોઉ તો ઈલ્મવાળાથી પૂછો."

આ આયતે શરીફાથી જાણવા મળ્યું કે દીની વાતમાં પોતાની અટકળ ન ચલાવો પણ ન જાણનારા માટે જરૂરી છે કે જાણકારને પૂછે. જાહિલ આલિમને પૂછે, ગૈર મુજતહિદ આલિમ મુજતહિદ આલિમોને પૂછે, એનું જ નામ 'તકલીદ' છે.

(૨)

(૨) يٰۤاَيُّهَاالَّذِيْنَ اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَ اَطِيْعُوا الرَّسُوْلَ وَ اُولِى الْاَمْرِ مِنْكُمْ

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહની ફર્માંબરદારી કરો અને રસૂલની ફર્માંબરદારી કરો અને તમારામાંથી અમ્રવાળા (હાકિમ) ઉલમાની."

કુર્આને કરીમ પર અમલ અલ્લાહની ફર્માંબરદારી (ઈતાઅત) છે, હદીષ શરીફ પર અમલ હુઝૂરની ફર્માંબરદારી અને ફિકહ પર અમલ ઉલિલ અમ્રે (ઉલમા)ની ફર્માંબરદારી છે. આ ત્રણેવ ફર્માંબરદારીઓ જરૂરી છે. ઈમામ રાઝીએ તફસીરે કબીરમાં ફર્માવ્યું કે અહીં ઉલિલ અમ્રિથી મુરાદ દીનના ઉલમા છે ન કે સુલતાનો. કેમ કે બાદશાહો પર ઉલમાની ફર્માંબરદારી ગમે તે ભોગે જરૂરી છે, પણ ઉલમા પર બાદશાહોની ફર્માંબરદારી દરેક હાલતમાં વાજિબ નથી. કેવળ તે જ અહકામ (હુકમો)માં વાજિબ છે જે શરીઅત મુજબના હોય. એ જ રીતે હાકિમો તથા સુલ્તાનો ઉલમાથી હુકમો મેળવશે.

(૩)

(૩) وَالسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ وَالَّذِيْنَ اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ رَّضِىَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ

"પ્રથમ અગ્રતા પામનારા મુહાજિર તથા અન્સાર અને તેઓ જેમણે તેમની પયરવી કરી, અલ્લાહ તેમનાથી રાજી થયો, તેઓ અલ્લાહથી રાજી."

એનાથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલા મુસલમાનોની ત્રણ જમાઅતોથી રાજી છે : મુહાજિરો, અન્સાર અને કિયામત સુધી તેમની પયરવી તથા તકલીદ કરનારા મુસલમાન. ગૈર મુકલ્લિદો આ ત્રણેવ જમાઅતોથી બહાર છે કેમ કે ન તો તેઓ મુહાજિર સહાબી છે ન અન્સારી ન તો તેમના મુકલ્લિદ છે. તેમની નજીક તકલીદ શિર્ક છે.

(૪) وَاتَّبِعْ سَبِيْلَ مَنْ اَنَابَ اِلَىَّ "તેના માર્ગે ચાલો જે મારી પ્રતિ વળ્યો."

આ આયતથી જાણવા મળ્યું કે દરેક મુસલમાન પર લાઝિમ છે કે

અલ્લાહના મકબૂલ બંદાઓનો માર્ગ અપનાવે. ચારેવ ઈમામો ખૂદ પણ અલ્લાહના મકબૂલ બંદા છે અને તમામ ઔલિયા, ઉલમા, સાલેહીન મોમિનો તેમના મુકલ્લિદ છે, જેથી તકલીદ મકબૂલ થયેલાઓનો માર્ગ છે. ગૈર મુકલ્લિદ વહાબિયત એ મરદૂદોનો માર્ગ છે.

(૫)

(૫) يٰٓاَيُّهَاالَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَ كُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો ! અને સાચાઓની સાથે રહો."

જાણવા મળ્યું કે કેવળ આપણો તકવો તથા પરહેઝગારી બખ્શિશના માટે પૂરતી નથી, પરહેઝગારીની સાથે સારા લોકોની સોહબત પણ અનિવાર્ય છે. નહીં તો માર્ગમાં ડાકૂગીરીનો ભય છે. ચારેવ ઈમામો સારા છે અને ઉમ્મતના સર્વ સારા લોકોએ તકલીદ કરી. સર્વ ઔલિયા, ઉલમા, મોહદ્દિષો, મુફસ્સિરો મુકલ્લિદ હતા. ગૈર મુકલ્લિદોમાં જો કોઈ વલી થયો હોય તો બતાવો ?! જે ડાળીમાં ફળ, ફૂલ, પાંદડાં ન લાગે તે તે ઉંદરના લાયક હોય છે કેમ કે તેનો સંબંધ મૂળથી કપાઈ ચૂકયો છે. એ જ પ્રમાણે જે ફિર્કામાં ઔલિયા અલ્લાહ ન હોય તે દોઝખને લાયક છે, કેમ કે તેનો સંબંધ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી તૂટી ચૂકયો છે.

(૬)

(૬) اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ

"અમને હિદાયત આપ સીધા માર્ગની તેમનો માર્ગ જેમના પર તેં ઈનામ કર્યું."

એનાથી જાણવા મળ્યું કે સીધા માર્ગની પેહચાન એ છે કે તેના પર ઔલિયા અલ્લાહ, ઉલમા, સાલેહીન હોય. જોઈ લો ! સર્વ ઔલિયા, સાલેહીન મુકલ્લિદ છે. હુઝૂર ગૌષે પાક, ખ્વાજા અજમેરી, ખ્વાજા બહાઉદ્દીન નકશબંદ, ઈમામ તિર્મિઝી વગેરે જેવા પાયાના બુઝુર્ગ મુકલ્લિદો થઈ ગયા છે. જેથી તકલીદ સીધો જન્નતનો માર્ગ છે અને વહાબિયત ગૈરમુકલ્લિદિયત ગલત રસ્તો છે જે દોઝખ સુધી પહોંચશે.

(૭)

(૭)وَ مَنْ يُّشَاقِقِ الرَّسُوْلَ مِنْ بَعْدِ مَاتَبَيَّنَ لَهُ الْهُدىٰ وَ يَتَّبِعْ غَيْرَ سَبِيْلِ الْمُؤْمِنِيْنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَ نُصْلِهٖ جَهَنَّمَ

''જે કોઈ હિદાયત જાહેર થયા બાદ રસૂલની મુખાલેફત (વિરૂધ્ધ) કરે અને મુસલમાનોના માર્ગની વિમુખ અન્ય માર્ગ અપનાવે. તે જે તરફ ફરશે તે જ તરફ ફેરવી દઈશું અને તેને દોઝખમાં પહોંચાડીશું.''

આ આયતથી જાણવા મળ્યું કે જે સજા હુઝૂરની વિરૂધ્ધ કરનારા કાફિરોની છે તે જ સજા તે કલમો પઢનારા બેદીનોની પણ છે જેઓ મુસલમાનોનો માર્ગ છોડીને પોતાની દોઢ ઈંટની મસ્જિદ અલગ બનાવે. તકલીદ આમ મુસલમાનોનો માર્ગ છે, જ્યારે ગૈર મુકલ્લિદ તે સૌથી અલગ છે તો તેઓ પોતાનો અંજામ વિચારી લે.

(૮)

(૮) وَكَذَالِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطاً لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْداً

''એ જ પ્રમાણે અમે તમને મધ્યમ ઉમ્મત બનાવી જેથી તમે લોકો પર ગવાહ છો અને નબી તમારા ગવાહ.''

આ આયતથી જાણવા મળ્યું કે મુસલમાન રબ તઆલાના દુનિયા આખેરતમાં ગવાહ છે. જે માણસ અથવા જે માર્ગ અથવા જે મસ્અલાને આમ મુસલમાન સારો કહે તે ખરેખર સારો છે અને જેને બુરો કહે તે ખરેખર જ બુરો છે. આમ મુસલમાન તકલીદને સારી કહે છે અને મુકલ્લિદ છે અને ગૈરમુકલ્લિદોને બુરા જાણે છે જેથી તકલીદ જ સારો માર્ગ છે અને મુકલ્લિદોની જમાઅત જ સારી જમાઅત છે.

★ તકલીદ વિશે મુબારક હદીષો ★

એના અનુસંધાનમાં ઘણી જ હદીષો છે જેમાંથી અમુક નમૂનારૂપે પેશ કરવામાં આવે છે.

હદીષ નં. ૧ : ઈબ્ને માજહ્એ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી :

اِتَّبِعُوا السَّوَادَ الْاَعْظَمَ فَاِنَّهٗ مَنْ شَذَّ شُذَّ فِی النَّارِ (مشکوۃ)

''મોટી જમાઅતની પૈરવી (અનુસરણ) કરો કેમ કે જે મુસલમાનની જમાઅતથી અલગ રહ્યો તે દોઝખમાં અલગથી જ જશે.''

જાણવા મળ્યું કે દરેક મુસલમાને મુસલમાનોની મોટી જમાઅતની સાથે રહેવું જોઈએ. જમાઅતથી અલગતા દોઝખમાં જવાનો માર્ગ છે. સામાન્ય મુસ્લિમો મુકલ્લિદ છે, ગૈર મુકલ્લિદ પોતાનો અંજામ વિચારી લે.

હદીષ નં. ૨ થી ૪ : મુસ્લિમ, તિર્મિઝી, અહમદે હઝરત હારિષા અશ્અરીથી રિવાયત કરી :–

مَنْ خَرَجَ مِنَ الْجَمَاعَةِ قَیْدَ شِبْرٍ فَقَدْ خَلَعَ رِبْقَةَ الْاِسْلَامِ مِنْ عُنُقِهٖ

''જે માણસ વેંત બરાબર જમાઅતથી નીકળી ગયો તેણે ઈસ્લામનો પટ્ટો પોતાની ગરદનથી કાઢી નાખ્યો.''

હદીષ નં. ૫ : મુસ્લિમ તથા બુખારીએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ اِنَّ الْاِیْمَانَ لَیَاْرِزُ اِلَی الْمَدِیْنَةِ کَمَا تَاْرِزُ الْحَیَّةُ اِلٰی جُحْرِهَا

''ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે ઈમાન મદીના મુનવ્વરાની તરફ એવું સમેટાઈને આવશે કે જેવી રીતે સાપ પોતાના દરની તરફ.''

જાણવા મળ્યું કે મદીના મુનવ્વરા હમેશાંથી ઈસ્લામનું મરકઝ રહ્યું છે અને રહેશે. ત્યાં ઈન્શાઅલ્લાહ કદી શિર્ક ન થશે. અલ્હમ્દુલિલ્લાહ ! આખા હિજાઝ ખાસ કરીને મક્કા મોઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરામાં સઘળા મુસલમાન મુકલ્લિદ હતા, અને મુકલ્લિદ છે, ત્યાં ગૈર મુકલ્લિદ એક પણ નથી. ગૈર મુકલ્લિદ મોલ્વી નઝીર હુસૈન દહેલ્વી, શરીફ હુસૈનના સમયમાં હરમૈન શરીફ ગયો તો ગૈર મુકલ્લિદ હોવાને કારણે પકડી લેવામાં આવ્યો.

ત્યાં તકિય્યહ કરીને મુકલ્લિદ બનીને જાન છોડાવવી પડી ! પછી હિંદુસ્તાન આવીને ગૈર મુકલ્લિદ બની ગયો. નઝીર હુસૈન ગૈર મુકલ્લિદોનો સરદાર ગુજર્યો છે. જો કે અત્યારે ત્યાં નજદીઓની સલ્તનત છે છતાં નજદી પણ પોતાને ગૈર મુકલ્લિદ કહેતાં ડરે છે અને પોતાને હંબલી કહે છે. જો તકલીદ શિર્ક હોત તો હરમૈન તૈયેબૈન તેનાથી પાક રહેત.

હદીષ નં. ૬ : ઈમામ અહમદે હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ થી રિવાયત કરી :

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنَّ الشَّيْطَانَ ذِئْبُ الْاِنْسَانِ كَذِئْبِ الْغَنَمِ يَاخُذُ الشَّانَةَ وَ الْقَاصِيَةَ وَالنَّاحِيَةَ وَ اِيَّاكُمْ وَ الشِّعَابَ وَ عَلَيْكُمْ بِالْجَمَاعَةِ وَ الْعَامَّةِ

"ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે શૈતાન ઈન્સાનનો વરૂ છે જેવી રીતે વરૂ ગોવાળથી અલગ રહેનાર અથવા કિનારાવાળી અથવા વિખૂટી પડી જનારનો શિકાર કરે છે એવી જ રીતે શૈતાન મુસલમાનોની જમાઅતથી અલગ રહેનારાનો શિકાર કરે છે. તમે ઘાટીઓથી બચો અને જમાઅત તથા આમ મુસ્લિમોની સાથે રહો."

(મિશ્કાત, બાબુલ એઅ્તેસામ)

હદીષ નં. ૭ : મારી ઉમ્મત ગુમરાહી પર કદી એકમત થશે નહીં. જમાઅત પર અલ્લાહની રહમત છે, જે જમાઅતથી અલગ રહ્યો તે દોઝખમાં અલગ થઈને જશે." (મિશ્કાત)

(٧)لا يَجْتَمِعُ اُمَّتِىْ عَلَى الضَّلَالَةِ وَ يَدُ اللّٰهِ عَلَى الْجَمَاعَةِ فَاِنَّ مَنْ شَذَّشُذَّ فِى النَّارِ (مشكوة)

આ હદીષથી જાણવા મળ્યું કે મુસલમાનની નજાતની કેવળ એ સ્થિતિ છે કે પોતાના અકીદાઓ આમ મુસલમાનોના જેવા રાખે. જે મુસલમાનોની જમાઅતથી અલગ રહ્યો તે શૈતાનના શિકારમાં આવી ગયો. મુસલમાનોની આમ જમાઅત મુકલ્લિદ છે, જેથી ગૈર મુકલ્લિદ રહેવું મુસલમાનોની જમાઅતથી અલગ રહેવું છે.

★ મુસલમાનોનો અમલ ★

હમેશાંથી દરેક તબકાના મુસલમાન મુકલ્લિદ થયા. મુહદ્દિષો, મુફસ્સિરો, ફકીહો, ઔલિયા અલ્લાહ એમાંથી કોઈ ગૈર મુકલ્લિદ વહાબી નથી. જેમ કે ઈમામ કસ્તલાની અને તાજુદ્દીન સુબ્કીએ સ્પષ્ટપણે અને ઈમામ નવવીએ ઈશારાની રીતે ફર્માવ્યું કે ઈમામ બુખારી શાફઈ છે, તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, દારકુત્ની વગેરે તમામ મુહદ્દિષો શાફઈ છે, તહાવી તથા ઈમામ ઝૈલઈ, ઐની શારેહે બુખારી, તીબી, અલી કારી, અબ્દુલહક્ક દહેલ્વી વગેરે તમામ મુહદ્દિષો હનફી છે.

તફસીરે કબીર, તફસીરે ખાઝિન, બયઝાવી, જલાલૈન, તન્વીરુલ મિકયાસ વાળા સર્વ મુફસ્સિરો શાફઈ છે. તફસીરે મદારિક, તફસીરે સાવીવાળા સર્વ મુફસ્સિરો હનફી છે. ફકીહો તથા ઔલિયા અલ્લાહ તમામે તમામ મુકલ્લિદ છે અને સામાન્યતઃ બધા ઔલિયા અલ્લાહ હનફી છે જેમ કે અમે ઉપર વર્ણન કરી ચૂકયા. ગૈર મુકલ્લિદ વહાબી વિચારે કે એમનામાં કેટલા મુહદ્દિષ થયા છે, કેટલા મુફસ્સિર, ફકીહો, કેટલા ઔલિયા છે ?! તેમની જડ કઈ જમીન પર સ્થાપિત છે અને તે કયા ઝાડની શાખ કે કઈ શાખનુ ફળ છે ?!

★ બુધ્ધિનો તકાદો ★

બુધ્ધિનો તકાદો પણ એ છે કે તકલીદ સખત જરૂરી ફરીઝો છે અને ગૈર મુકલ્લિદિયત નજદિયત કાતિલ ઝહેર છે, ઈમાનના માટે અતિશય ખતરનાક છે. એના અમુક કારણો છે : એક એ કે કુર્આન તથા હદીષ મસાઈલ કાઢવા માટે આસાન નથી, તેમાંથી મસાઈલ કાઢવું સખ્ત મુશ્કેલ છે. એટલા માટે રબ તઆલાએ કુર્આન શીખવાડવા માટે આટલા મહાન રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મોકલ્યા. જો તેને સમજવાના માટે કેવળ માનવ બુધ્ધિ પૂરતી હોત તો તેની તાલીમના માટે હુઝૂર સૈયદુલ અંબિયા ન મોકલવામાં આવત. ફર્માવે છે : يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ "તે રસૂલ મુસલમાનોને કુર્આન તથા હિકમત શિખવાડે છે."

જેવી રીતે કુર્આન સમજાવવા માટે હુઝૂરને મોકલવામાં આવ્યા, એવી જ રીતે હદીષ સમજાવવા માટે મુજતહિદ ઈમામોને પેદા કરવામાં આવ્યા. જે લોકો આજે તકલીદથી મોઢુ ફેરવી બેઠા છે તેઓ કુર્આન તથા હદીષમાં એવી ઠોકરો ખાય છે કે ખુદાની પનાહ ! મેં મોટા મોટા ગૈર મુકલ્લિદ વહાબીઓને વારંવાર ચેલેન્જ કરી કે હદીષ સમજવાનું તો દૂર રહ્યું તમે કેવળ એ જ બતાવો કે હદીષ અને સુન્નતમાં શું ફરક છે ? હદીષ કોને કહે છે ? અને સુન્નત કોને કહે છે ? તમે પોતાને અહલે હદીષ કહો છો, અને અમે અહલે સુન્નત છીએ તો બતાવો ! તમારામાં અને અમારામાં શો ફરક છે ? પણ આ ફરક હદીષથી સાબિત કરવામાં આવે ! તમે આજ સુધી નથી બતાવી શકયા અને ઈન્શાઅલ્લાહ કિયામત સુધી બતાવી શકશો નહીં ! અમારું જાહેર એલાન છે કે આજે પણ કોઈ વહાબી તકલીફ કરીને જવાબ આપે. હદીષ સમજવી, તેનાથી મસાઈલ કાઢવા સાથે તો એ બિચારાઓને સંબંધ જ શો ? કેવળ રફએ યદૈન અને જોરથી આમીનની ચાર હદીષો સમજ્યા વિના રટી લીધી અને અહલે હદીષ બની ગયા ! હદીષ સમજવાનું તો ખુદાના ફઝ્લથી મુકલ્લિદોનું જ કામ છે. જો હદીષની સમજની મજા માણવી હોય તો અમારો 'હાશિયા બુખારી અરબી' એટલે કે 'નઈમુલ્બારી'નો અભ્યાસ કરો જેમાં બિફઝ્લિ તઆલા એક એક હદીષથી આઠ આઠ દસ દસ મસાઈલનો ઈસ્તંબાત કર્યો છે (મસાઈલ કાઢયા છે) કે જેને જોઈને ઈમાન તાજુ થઈ જાય છે. દ્રષ્ટાંત રૂપે એક આમ મશહૂર સંક્ષિપ્ત હદીષ રજુ કરું છું : اُحَدٌ جَبَلٌ يُحِبُّنَا وَ نُحِبُّهٗ ''ઓહદ પહાડ મારાથી મહોબ્બત કરે છે અને હું ઓહદ પહાડથી મહોબ્બત કરું છું.''

અમે નીચે પ્રમાણે શરીઅત તથા તરીકતના મસાઈલ એના પરથી કાઢયા છે :–

૦૧. હુઝૂરની મહબૂબિયત કેવળ ઈન્સાનો સાથે ખાસ નથી બલ્કે બેઅકલ જાનવર, બેજાન લાકડી, પથ્થર પણ હુઝૂરને ચાહવાવાળાં છે. હુસ્ને યૂસુફ લાખોએ જોયું પણ આશિક કેવળ ઝુલૈખા થઈ, જ્યારે હુસ્ને મુહમ્મદી આજ સુધી કોઈએ નથી જોયું છતાં તેના આશિક કરોડો છે. હુઝૂર

આખી મખ્લૂકના પ્રિય છે કેમ ન હોય કે આપ ખાલિકના મહબૂબ છે.

૦૨. જે માણસને હુઝૂરથી મહોબ્બત ન હોય તે પથ્થરોથી વધુ સખ્ત અને જાનવરોથી પણ ગયો ગુજર્યો છે.

૦૩. જ્યારે હુઝૂર પથ્થરના દિલની હાલતો જાણે છે જેમ કે ફર્માવે છે કે "ઓહદ મારાથી મહોબ્બત કરે છે." તો પછી માણસોના દિલનાં રાઝ કેમ ન જાણે ? તેમનાથી કોઈ ગૈબ છુપુ નથી.

૦૪. હુઝૂરની બારગાહમાં ઈશ્કો મહોબ્બત અને દિલી કેફિયત જીભ વડે કહેવાની જરૂરત નથી, આપ દિલની ગહરાઈઓને જાણે છે. ઓહદ પહાડે જીભ વડે કાંઈ નથી કહ્યું પણ તેના અંતરની સ્થિતિ હુઝૂર પર રોશન હતી. તો જો હુઝૂર માણસોની દિલી હાલતો ન જાણે તો કાલે કિયામતમાં શફાઅત કેમ કરીને કરશે ? કેમ કે ન જાણતા હોય તો એ જ થાય કે જે પણ હુઝૂરને શફાઅતની દરખાસ્ત કરે તો હુઝૂર ફર્માવે કે મને ખબર નથી કે તુ મુસલમાન હતો કે કાફિર ?! શફાઅત કેવી રીતે કરું ?! કેમ કે અમુક એવા પણ હશે જેઓ વુઝૂ પણ કર્યા વિના મૃત્યુ પામ્યા.

૦૫. તમામ ઈબાદતોનો બદલો જન્નત છે પણ મહબ્બતે રસૂલનું પરિણામ મહોબ્બત છે કે ફર્માવ્યું, "ઓહદ મને મહોબ્બત કરે છે અને હું તેને મહોબ્બત કરું છું." જેથી ઈશ્કે રસૂલ તમામ ઈબાદતોથી ઉચ્ચ છે કે તેનો બદલો જન્નતવાળા મેહબૂબ છે.

બુખારી શરીફની એક વધુ હદીષ સાંભળો અને એનાથી ઈમાની તથા ઈર્ફાની મસાઈલ કાઢવાને જુઓ અને ઈમાન તાજુ કરો.

હદીષ : હુઝૂર ખચ્ચર પર સવાર થઈને જઈ રહ્યા છે. સામે બે કબરો આવી તો ખચ્ચર બે પગો પર ઉભુ થઈ ગયું. હુઝૂર ઉતરી પડયા અને ફર્માવ્યું કે આ કબ્રવાળાઓ પર અઝાબ થઈ રહ્યો છે જેને જોઈને ખચ્ચર ગભરાઈ ગયું. એમાંથી એક તો ઊંટોનો ચરાવનાર હતો જે ઊંટોના પેશાબના છાંટાઓથી

બચતો ન હતો, બીજો ચુગલખોર (ચાડીયા) હતો એટલા માટે કબ્રના અઝાબમાં સપડાયા. આવું ફર્માવીને ખજૂરની ડાળીના બે ટૂકડા કરીને બંને કબરો પર ખોસી દીધી અને ફર્માવ્યું કે જ્યાં સુધી આ તર (લીલી) છે ત્યાં સુધી કબ્રના અઝાબમાં ઘટાડો થશે.

ફાયદો : આ હદીષથી કેટલાક ફાયદા હાંસલ થયા :–

૦૧. હુઝૂરની મુબારક આંખો સામે કોઈ ચીજ આડ નથી થઈ શકતી. આપ પડદા પાછળ પણ જુએ છે. જુઓ, અઝાબ હજારો મણ માટીની નીચે કબ્રની અંદર થઈ રહ્યો છે પણ નિગાહે પાકે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم કબ્રની ઉપરથી તેને જોઈ રહી છે.

૦૨. જે જાનવર પર હુઝૂર સવાર થઈ જાય તે જાનવરની આંખ આડેથી પણ પડદા હટી જાય છે કેમ કે ખચ્ચરે હુઝૂરની બરકતથી કબ્રનો અઝાબ પણ જોઈ લીધો અને ભડકી ગયો. નહીં તો આપણા ખચ્ચર રાત દિવસ કબ્રસ્તાનથી પસાર થાય છે પણ ભડકતાં નથી. જેથી જણાયુ કે જો હુઝૂર કોઈ વલી પર નજરે કરમ ફર્માવી દે તો તેની નિગાહથી પણ ગૈબી પદડા ઉઠી જશે.

૦૩. હુઝૂર દરેક શખ્સના જાહેર તથા છુપા, આગલા તથા પાછલા તમામ અમલો જાણે છે. કેમ કે જણાવી આપ્યું કે એક ચુગલખોર હતો અને બીજો પેશાબથી બચતો ન હતો. જ્યારે કે તે બંનેએ એ અમલો હુઝૂરની સામે કર્યા ન હતા. જેથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપણા તમામ અમલોથી માહિતગાર છે.

૦૪. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અઝાબે ઈલાહીથી બચાવવાનું અને તેને દૂર કરવાનું પણ જાણે છે. એટલે રૂહાની બીમારીઓ અને તેના ઈલાજોથી માહિતગાર છે કેમ કે કબ્રવાળાઓનો અઝાબ દૂર કરવા માટે લીલી ડાળીઓ કબ્રો પર ખોસીને જણાવ્યું કે એનાથી અઝાબ હળવો થશે.

૦૫. લીલી વનસ્પતિની તસ્બીહની બરકતથી મોમિનની કબ્રનો અઝાબ હળવો થાય છે જેથી જો કબર પર તિલાવત, કુર્આન કે ઝિકુલ્લાહ કરવામાં

આવે તો મૈયતને જરૂર ફાયદો થશે. કેમ કે મોમિનની તસ્બીહ તથા તહલીલ લીલી વનસ્પતિની તસ્બીહ તથા તહલીલથી આ'લા છે.

૦૬. જો કે સૂકી ચીજો પણ તસ્બીહ પઢે છે : **વઇમ્ મિન્ શૈઇમ્ ઇલ્લા યુસબ્બિહ બિહમ્દિક.** પણ તેની તસ્બીહથી કબરનો અઝાબ દૂર નથી થતો. ઝિકની તાસીરના માટે જીભ પણ તાસીરવાળી હોવી જોઈએ. જેથી વહાબી વગેરે શુષ્ક લોકોની તિલાવતે કુર્આન વગેરે નિરર્થક છે. જેના દિલમાં મહબ્બતે મુસ્તફાની તરી તથા ભીનાશ હોય તેવા મોમિનનું ઝિક્ર તાસીરવાળુ છે.

૦૭. મોમિનની કબ્ર પર લીલી વનસ્પતિ, ફૂલ વગેરે નાખવું લાભદાયી છે કે તેનાથી કબ્રને ફાયદો પહોંચે છે. હુઝૂરે લીલી ડાળી કબ્ર પર લગાડી અને ફર્માવ્યું કે જ્યાં સુધી એ તર રહેશે ત્યાં સુધી અઝાબમાં ઘટાડો થશે.

૦૮. હલાલ જાનવરનો પેશાબ નાપાક છે, એનાથી બચવું જરૂરી છે. તેના છાંટા અઝાબે કબ્રનો સબબ છે. જુઓ, ઊંટ હલાલ છે પણ તેના છાંટા કબ્રના અઝાબનો સબબ છે.

અહીં સુધી તો મેં મારા "હાશિયા બુખારી"ની થોડીક સૈર કરાવી. હવે મારા "હાશિયાએ કુર્આન"ની પણ થોડીક સૈર કરી લો. કેવળ એક આયતના ફાયદા રજુ કરું છું.

مَا دَلَّهُمْ عَلٰى مَوْتِهٖۤ اِلَّا دَآبَّةُ الْاَرْضِ تَاْكُلُ مِنْسَاَتَهٗ

"જિન્નાતને હઝરત સુલૈમાનની વફાત ન બતાવી પણ જમીનની ઉધઈએ જે આપની લાકડી ખાઈ ગઈ."

હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم ની વફાત નમાઝની હાલતમાં થઈ, ત્યારે બૈતુલ મુકદ્દસનું બાંધકામ ચાલુ હતું. આપ એ જ પ્રમાણે લાકડીના સહારે ઉભા રહ્યા. છ માસ બાદ ઉધઈએ લાકડી ખાધી. તો લાકડી પડવાને કારણે આપનુ શરીર મુબારક પર જમીન પર આવી ગયું, ત્યારે જિન્નાત જેઓ બૈતુલ મુકદ્દસનું બાંધકામ કરી રહ્યા હતા તેઓ કામ છોડીને ભાગી ગયા.

ફાયદો : આ આયત અને પ્રસંગથી અમુક ફાયદા જાણવા મળ્યા.

૦૧. અંબિયાએ કિરામનાં શરીરો વફાત પછી સડવા કે બગડવાથી મેહફૂઝ છે, કેમ કે હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم નું શરીર મુબારક છ મહીના સુધી યથાવત રહ્યું છતાં કોઈ ફરક તેમાં ન પડયો.

૦૨. અંબિયાએ કિરામનાં મુબારક શરીરોને કીડો નથી ખાઈ શકતો. જુઓ, ઉધઈએ હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم ની લાઠી ખાધી પણ પગ મુબારક ન ખાધો, જેથી યાકૂબ عليه الصلوٰة والتسليم ને યકીન હતું કે યૂસુફને વરૂએ નથી ખાધા, આ પુત્રો ગલત કહી રહ્યા છે.

૦૩. પયગંબરનું કફન પણ સડવા તથા મેલુ થવાથી સુરક્ષિત છે. જુઓ, હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم નો લિબાસ મુબારક તે છ મહીનામાં ન સડયો ન મેલો થયો. નહીં તો જિન્નાતને આપની વફાતની ખબર થઈ જાત.

૦૪. અંબિયાએ કિરામ વફાત બાદ પણ દુનિયવી તથા દીની હાજતો પૂરી કરે છે. જુઓ, હઝરત સુલૈમાને વફાત પછી પણ બૈતુલ મુકદ્દસ મસ્જિદનું બાંધકામ પૂર્ણ કરાવ્યું.

૦૫. દીની જરૂરતના કારણે પયગંબરના કફન દફનમાં મોડુ કરવું સુન્નતે ઈલાહિયા છે. જુઓ, રબ તઆલાએ મસ્જિદના બાંધકામની પૂર્ણતા માટે હઝરત સુલૈમાનને વફાત પછી છ મહીના સુધી વિના કફન દફન રાખ્યા. જેથી સહાબાએ કિરામનું ખિલાફતની ગોઠવણના માટે હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم ના કફન દફનમાં મોડું કરવું તદ્દન સહીહ હતું કેમ કે ખિલાફતની ગોઠવણ એ મસ્જિદની પૂર્ણતા કરતાં ખૂબ અધિક મહત્વની છે.

૦૬. હાર્ટ ફેલ એટલે અચાનક મૌત. અલ્લાહના નેક બંદાઓના માટે ઈનાયત નથી પણ રહમત છે. જુઓ, હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم ની વફાત અચાનક થઈ પણ રહમત હતી. હા ! ગાફિલના માટે અઝાબ છે કેમ કે તેને તૌબાનો મોકો નથી મળતો.

વહાબીઓ ! બોલો ! આજ સુધી કુર્આન તથા હદીષના આવા ઈમાન અફરોઝ આરિફાના મસાઈલ કોઈ વહાબીના દિમાગમાં આવ્યા ?! આ નેઅમત તો અલ્લાહ તઆલાએ મુકલ્લિદોને જ બખ્શી છે ! તમે તો કેવળ ખરા ખોટા તર્જુમા કરવાનું જ જાણ્યું છે.

હનફી ભાઈઓ ! જો તમને આના જેવા સેંકડો આરિફાના આશિકાના ઈમાની મસાઈલ જોવાનો શોખ હોય તો અમારો હાશિયાએ કુર્આન ઉર્દૂ અને હાશિયાએ બુખારી અરબીનો અભ્યાસ કરો.

બીજુ એ કે કુર્આન તથા હદીષ ઈમાની તિબ્બ (ડોકટરી)ની દવાઓ છે. જ્યારે યૂનાની ડોકટરીની દવાઓ દરેક માણસ પોતાની રાયથી નથી કરી શકતો, અને જો કરશે તો જાનથી હાથ ધોઈ નાખશે ! એવી જ રીતે કુર્આન તથા હદીષથી દરેક વ્યકિત મસ્અલા નથી કાઢી શકતો, જો કાઢશે તો વહાબીઓની જેમ ઈમાનથી હાથ ધોઈ કાઢશે !

ત્રીજુ એ કે કુર્આન તથા હદીષ સમુદ્ર છે. જેવી રીતે સમુદ્રથી દરેક વ્યકિત મોતી નથી કાઢી શકતો એવી જ રીતે કુર્આન તથા હદીષથી દરેક વ્યકિત મસ્અલા નથી કાઢી શકતી. તમને મોતી સમુદ્રથી મળશે નહીં બલ્કે જૌહરીની દુકાનેથી મળશે, એ જ રીતે તમને મસાઈલ કુર્આન હદીષથી મળશે નહીં બલ્કે ઈમામ અબૂ હનીફા તથા શાફઈ વગેરે رَضِیَ اللّٰہُ عَنْہُمْ ની દુકાનોએથી મળશે.

ચોથુ એ કે દુનિયામાં દરેક શખ્સ કોઈ પેશવાનો મુકલ્લિદ હોય છે. ખાવા પકાવવું, કપડાં સીવવાં, પહેરવાં મતલબ કે દુનિયાનું કોઈ કામ એવું નથી જેમાં તેના માહિરોની તકલીદ ન કરવામાં આવે. તો પછી દીન તો દુનિયા કરતાં કેટલાય અંશે અધિક મહત્વનો છે, જો તેમાં દરેક વ્યકિત લગામ વિનાના ઊંટની જેમ બેકૈદ થઈને જેનું જે તરફ મોઢું ઉઠે એ તરફ ભાગવા માંડે તો દીન તબાહ થઈ જાય. ગૈર મુકલ્લિદ વહાબીઓએ જોઈએ કે પગમાં ટોપી, માથા પર જોડા, પગોમાં કુર્તો અને ખભે પાયજામો પહેર્યા કરે ! કેમ કે આમ લોકોની જેમ લિબાસ પહેરવામાં પણ તકલીદ જ થાય છે ! આ છે ગૈર મુકલ્લિદ ! એ કેવી વાત કે તમે દરેક કામમાં દરેક બાજુ તો મુકલ્લિદ બનો અને કેવળ અને

કેવળ ત્રણ ચાર મસ્અલા ઈમામ પાછળ કિરાઅત, રફએ યદૈન વગેરેમાં ગૈર મુકલ્લિદ રહો છો ! ગૈર મુકલ્લિદ છો તો સંપૂર્ણ પણે ગૈર મુકલ્લિદ બનો અને દરેક કામ અનોખુ જ કરો ! અને દરેક વાત નોવેલ્ટી જ કહો !

પાંચમું એ કે જાહેરી રીતે જોતાં હદીષોમાં એટલો વિરોધાભાસ જોવા મળે છે કે ખુદાની પનાહ ! એક મસ્અલાના વિશે જ્યારે હદીષો જોવામાં આવે તો ચક્કર આવી જાય છે. જો તકલીદ ન કરવામાં આવે અને કેવળ હદીષો જોવામાં આવે તો પરેશાની થાય છે કે, યા અલ્લાહ ! શું કરીએ ? કઈ બાજુ જઈએ ?! વહાબી સાહબ બે રકાત નમાઝ એવી પઢીને બતાવે જેમાં સર્વ હદીષો પર અમલ થતો હોય ! એક એક મસ્અલા પર દસ દસ પ્રકારની રિવાયતો મૌજૂદ છે. હુઝૂર વિત્ર એક રકાત પઢતા હતા, ત્રણ પઢતા હતા, પાંચ પઢતા હતા, સાત પઢતા હતા, નવ, અગીયાર, તેર રકાતો પઢતા હતા. તો હવે ગૈર મુકલ્લિદ એવી વિત્ર પઢીને દેખાડે કે સર્વ હદીષો પર અમલ થઈ જાય. એક વહાબીએ આમીન જોરથી પઢવા વિશેની હદીષ પઢી. મેં આમીન ધીરેથી પઢવા વિશે પાંચ હદીષો પઢી તો બીચારો મોઢું તાકતો રહી ગયો ! આ કામ મુજતહિદનું છે કે જુએ કે કઈ હદીષ નાસિખ છે કઈ મન્સૂખ છે, કઈ હદીષ જાહેરી અર્થ પર છે અને કઈની તાવીલ કરવી વાજિબ છે. હદીષ પર તે અમલ કરે જે મિજાઝ શનાસે રસૂલ હોય અને રાઝદારે પયગંબર હોય. આ મિજાઝ શનાસી, રાઝદારી દરેક ઐરા ગૈરાનુ કામ નથી.

★ વહાબી અને હદીષ ★

ગૈર મુકલ્લિદોનું અસલી નામ વહાબી છે અને લકબ નજદી છે, કેમ કે તેમનો મૂળ પેશવા મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ છે, જે નજદનો રહેવાસી હતો. જો તેમને મૂળ પેશવાની પ્રતિ નિસ્બત કરવામાં આવે તો વહાબી કહેવામાં આવે છે અને જો તેની પેદાઈશની જગા પ્રતિ નિસ્બત કરવામાં આવે તો નજદી કહેવામાં આવે છે જેમ કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીની ઉમ્મતને મિર્ઝાઈ પણ કહે છે અને કાદયાની પણ કહેવાય છે. પ્રથમ નિસ્બત મૂળ પેશવાની પ્રતિ અને બીજી નિસ્બત તેના જન્મસ્થળ પ્રતિ છે. તમામ ઈસ્લામી ફિર્કાઓમાં

અધિક ખતરનાક વહાબી ફિર્કો છે, જેની પેશનગોઈ ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કરી હતી. જેમ કે નજદના વિશે ઈર્શાદ ફર્માવ્યો :–

هُنَاكَ الزَّلَازِلُ وَ الْفِتَنُ وَ يَخْرُجُ مِنْهَا قَرْنُ الشَّيْطَانِ

"નજદમાં ધરતીકંપો અને ફિત્ના થશે અને ત્યાંથી એક શૈતાની ફિર્કો નીકળશે."

મતલબ એ કે ફિર્કાનો સ્થાપક મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબ નજદી છે. અને તેને હિન્દુસ્તાનમાં ઉછેરનાર ઈસ્માઈલ દહેલ્વી છે, એ ફિર્કાની વિગતો અમારી કિતાબ જાઅલ હક્ક (ભાગ–૧)માં જુઓ. આ ફિર્કો આમ મુસલમાનોને મુશ્રિક અને કેવળ પોતાની જમાઅતને મુવહ્હિદ કહે છે. મુકલ્લિદોનો જાની દુશ્મન છે અને ચારેવ ઈમામો ઈમામે આઝમ અબૂ હનીફા, ઈમામ શાફઈ, ઈમામ માલિક, ઈમામ અહમદ ઈબ્ને હંબલ رَضِیَ اللّٰہُ عَنْہُمْ ની શાને અકદસમાં એવી ગુસ્તાખીઓ કરી છે જેવી કે શિઆઓ સહાબાની કરે છે.

પણ પોતાની ઐબો છુપાવવા માટે પોતાને અહલે હદીષ અથવા આમિલ બિલ્ હદીષ કહે છે. આ લોકો પહેલાં તો પોતાને ગર્વભેર વહાબી કહેતા હતા. જેમ કે તેમની ઘણી કિતાબોનાં નામ તોહફુલ વહાબિયહ્ વગેરે છે, પણ હવે વહાબી નામથી ચીડાય છે ! તેમના અકીદા તથા અમલો ખૂબ જ ગંદા અને ઈસ્લામ તથા મુસલમાનના દામન પર કલંક સમાન છે. અમે અહીં અહલે હદીષ નામ બાબતે સંક્ષિપ્તમાં ચર્ચા કરીએ છીએ. જેથી જાણવા મળે કે તેમનું નામ પણ જૂઠુ છે. મુસલમાનો પાસે ઈન્સાફની આશા રાખીએ છીએ અને અલ્લાહ તઆલા તથા તેના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم થી ઉમ્મીદ કે કબૂલ ફર્માવે.

યાદ રાખશો કે દુનિયામાં કોઈ શખ્સ 'અહલે હદીષ' અથવા 'આમિલ બિલ હદીષ' થઈ શકતો જ નથી. કોઈનું અહલે હદીષ કે આમિલ બિલ હદીષ થવું એવું અશકય છે જેવી રીતે બે વિરોધાભાસીનું એકત્ર થવું અશકય છે. કેમ કે હદીષનો શાબ્દિક અર્થ છે વાત, વાણી અથવા કલામ. રબ તઆલા ફર્માવે છે :

(૧) فَبِاَیِّ حَدِیْثٍ بَعْدَهٗ یُؤْمِنُوْنَ કુર્આન પછી કઈ વાત પર ઈમાન લાવશો ?

(૨) اَللّٰهُ نَزَّلَ اَحْسَنَ الْحَدِيْثِ અલ્લાહ તઆલાએ સૌથી શ્રેષ્ઠ કલામ નાઝિલ ફર્માવ્યું.

(૩) وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِىْ لَهْوَ الْحَدِيْثِ لِيُضِلَّ عَنْ سَبِيْلِ اللّٰهِ અમુક લોકો એવા છે જેઓ ખેલની વાતો તથા નોવેલ, કિસ્સા ખરીદે છે જેથી અલ્લાહના માર્ગેથી બેહકાવે.

આ ત્રીજી આયતમાં નોવેલ, કિસ્સા, કહાનીઓને હદીષ કહેવામાં આવે છે.

શરીઅતની બોલીમાં હદીષ તે કલામ (વાણી) તથા લખાણનું નામ છે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કથનો અથવા અમલો હોય, એ જ પ્રમાણે સહાબાએ કિરામના કથનો તથા અમલો વર્ણન કરવામાં આવ્યાં હોય. હવે આ આમિલ બિલ હદીષ ફિર્કાથી પ્રશ્ન છે કે તમે કઈ હદીષ પર અમલ કરો છો શાબ્દિક અર્થવાળી કે ઈસ્તેલાહી પર ? જો શાબ્દિક અર્થવાળી હદીષ પર આમિલ છો તો હોવું જોઈએ કે દરેક નોવેલ કહેનારો કિસ્સા કહેનારો અહલે હદીષ હોય કેમ કે તે હદીષ એટલે કે વાતો કરે છે, દરેક સાચી જૂઠી વાત પર અમલ કરે છે. અને જો ઈસ્તેલાહી હદીષ પર આમિલ હોઉ તો પછી સવાલ એ છે કે દરેક હદીષ પર આમિલ છો કે અમુક પર ? બીજુ તો ગલત છે કેમ કે હુઝૂરના કોઈ ન કોઈ ફર્માન પર તો દરેક માણસ જ અમલ કરે છે. હુઝૂર ફર્માવે છે, "સત્ય નજાત આપે છે અને જૂઠ હલાક કરે છે." દરેક મુશ્રિક તથા કાફિર એને માનનારો છે તો શું તે સૌ પણ એહલે હદીષ બની ગયા ! તમે હનફી, શાફઈ, માલિકી તથા હંબલી મુસલમાનોને અહલે હદીષ કેમ નથી માનતા ? તેઓ તો હજારો હદીષો પર અમલ કરે છે ?! અને જો અહલે હદીષનો મતલબ એ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તમામ હદીષો પર અમલ કરવાવાળા છે તો એ અશકય છે કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અમુક હદીષો મન્સૂખ છે અમુક નાસિખ, અમુક હદીષમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તે ખાસ આમાલ શરીફ વર્ણન થયા જે હુઝૂરના માટે મુબાહ કે ફર્ઝ હતા અને આપણા માટે હરામ. જેમ કે મિમ્બર પર નમાઝ પઢવી, ઊંટ પર તવાફ કરવો, હઝરત હુસૈન સૈયદુશ્શોહદા رضی اللہ عنہ ના માટે સિજદો લંબાવવું, હઝરત ઉમામા બિન્તે અબિલ આસને ખભા

પર લઈને નમાઝ પઢવી, નવ પત્નીઓ નિકાહમાં રાખવી, મહેર વિના નિકાહ કરવા, પત્નીઓમાં અદલ વાજિબ ન હોવું.... બલ્કે હદીષથી સાબિત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કલ્મો આ પ્રમાણે પઢતા હતા : **લાઈલાહ ઈલલ્લાહ વ ઈન્ની રસૂલુલ્લાહ !** "અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને હું અલ્લાહનો રસૂલ છું !" હવે ગૈર મુકલ્લિદ આ હદીષ પર અમલ કરીને આ પ્રમાણે કલમાનો વિર્દ કરે તો જો મિર્ઝા કાદયાનીની જેમ તમામ દુનિયા તેની પર લા'નત ન કરે તો મારું નામ નહીં ! સારાંશ કે હદીષમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના એવાં કથનો તથા અમલો પણ વર્ણન થયેલા છે જે હુઝૂરના માટે કમાલ છે અને આપણા માટે કુફ્ર છે.

એ જ પ્રમાણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તે મુબારક કાર્યો જે નિસ્યાન કે ઈજતેહાદી ખતાથી અમલમાં આવ્યાં તે હદીષમાં વર્ણન થયેલાં છે તો આમિલ બિલ હદીષવાળા સાહેબોએ જોઈએ કે તેના પર પણ અમલ કર્યા કરે જેથી દરેક હદીષ પર આમિલ થઈ જાય ! કહેવાનો આશય એ કે કોઈ વ્યકિત દરેક હદીષ પર અમલ નથી કરી શકતો. અને જે એ અર્થમાં પોતાને અહલે હદીષ અથવા આમિલ બિલ હદીષ કહે તે જૂઠો છે. જ્યારે નામમાં જ જૂઠ છે તો કામ પણ સર્વ ખોટાં જ હશે ! એટલા જ માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

"લાઝિમ પકડો મારી અને ખુલફાએ રાશિદીનની સુન્નતને." عَلَيْكُمْ بِسُنَّتِيْ وَ سُنَّةُ الْخُلَفَاءِ الرَّاشِدِيْنَ

એવું નથી ફર્માવ્યું કે મારી હદીષને લાઝિમ પકડો ! કેમ કે દરેક હદીષ અમલને પાત્ર નથી, પણ દરેક સુન્નત અમલને પાત્ર છે, હુઝૂરના તે પાક અમલો જે મન્સૂખ પણ ન થયા હોય અને હુઝૂર સાથે ખાસ પણ ન હોય, ખતાથી કે ભૂલી જવાથી પણ ન અમલમાં આવ્યાં હોય. બલ્કે ઉમ્મતને માટે અમલને પાત્ર હોય તેને સુન્નત કહેવામાં આવે છે. જેથી અમારું નામ **અહલે સુન્નત** બિલકુલ હક્ક તથા યોગ્ય છે. કેમ કે બિફદ્લિહી તઆલા અમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દરેક સુન્નત પર આમિલ છીએ, પણ વહાબીઓનું "અહલે

હદીષ'' નામ તદ્દન ગલત છે કેમ કે દરેક હદીષ અમલ અશકય છે.

હવે હદીષોની એ તારવણી કે કઈ હદીષ મન્સૂખ છે, કઈ મોહકમ, કઈ હદીષ હુઝૂરની વિશિષ્ટતાઓમાંથી છે, કઈ સૌની પયરવીના માટે છે અને કયુ કાર્ય અનુસરવા માટે છે અને કયુ નહીં. કયા ફર્માનનો શો આશય છે, કઈ હદીષથી કયો મસ્અલો સ્પષ્ટપણે સાબિત છે અને કયો મસ્અલાનો નિર્દેશ થાય છે, દલીલોની રીતે કઈ તકાઝાની રીતે કઈ, એ સર્વ કાંઈ મુજતહિદ ઈમામ જ બતાવી શકે છે આપણી જેવી અવામ ત્યાં નથી પહોંચી શકતી. જેવી રીતે કુર્આન પર અમલ કરાવવું હદીષનું કામ છે એવી જ રીતે હદીષ પર અમલ કરાવવું મુજતહિદ ઈમામનું કામ છે. એમ સમજો કે હદીષ શરીફ રબ તઆલા સુધી પહોંચવાનો માર્ગ છે અને મુજતહિદ ઈમામ એ માર્ગનો પ્રકાશ છે. જેવી રીતે પ્રકાશ વિના માર્ગ પસાર નથી કરી શકતો એવી જ રીતે ઈમામ તથા મુજતહિદ વિના હુઝૂરની સુન્નતો પર અમલ અશકય છે. એટલા માટે ઉલમા ફર્માવે છે : اَلْقُرْاٰنُ وَالْحَدِيْثُ يُضِلَّانِ اِلَّا بِالْمُجْتَهِدِ "મુજતહિદ વિના કુર્આન તથા હદીષ ગુમરાહીનો સબબ છે." રબ તઆલા કુર્આને કરીમના વિશે ફર્માવે છે: يُضِلُّ بِهٖ كَثِيْرًا وَّ يَهْدِىْ بِهٖ كَثِيْرًا

يُضِلُّ بِهٖ كَثِيْرًا وَّ يَهْدِىْ بِهٖ كَثِيْرًا

''અલ્લાહ તઆલા કુર્આને કરીમના થકી ઘણાને ગુમરાહ કરી નાખે છે અને ઘણાને હિદાયત આપે છે.''

ચકળાલ્વીઓ એટલા માટે જ ગુમરાહ છે કે તેઓ કુર્આન શરીફ હદીષના પ્રકાશ વિના સમજવા માંગે છે અને ડાયરેકટ ખુદા સુધી પહોંચે છે અને વહાબી ગૈર મુકલ્લિદ એટલા માટે રસ્તેથી ભટકેલા છે કે તેઓ હદીષને ઈલ્મની રોશની વિના અને મુજતહિદ ઈમામના નૂર વિના સમજવા માંગે છે. મુકલ્લિદ અહલે સુન્નતનો ઈન્શાઅલ્લાહ બેડો પાર છે કેમ કે તેમની પાસે કિતાબુલ્લાહ પણ છે, સુન્નતે રસૂલુલ્લાહ પણ અને સિરાજે ઉમ્મત ઈમામ મુજતહિદનું નૂર પણ છે.

સારાંશ કે અહલે હદીષ બનવું અશકય અને જૂઠુ છે અને અહલે સુન્નત બનવું હક્ક તથા યોગ્ય છે. અહલે સુન્નત તે જ થઈ શકશે જે કોઈ ઈમામનો

મુકલ્લિદ હશે. કિયામતમાં રબ તઆલા પણ પોતાના બંદાઓને ઈમામોની સાથે પુકારશે. રબ ફર્માવે છે : يَوْمَ نَدْعُوْا كُلَّ اُنَاسٍ بِاِمَامِهِم "તે દિવસે અમે દરેક વ્યકિતને તેના ઈમામની સાથે પુકારીશું."

યાદ રાખશો કે કુર્આન તથા સુન્નતનો સમુદ્ર આપણે મુકલ્લિદ પણ પાર કરીએ છીએ અને ગૈર મુકલ્લિદ વહાબી પણ પાર કરે છે, પરંતુ આપણે તકલીદના જહાઝ થકી જેના નાખુદા હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ છે, તેમની જિમ્મેદારી પર આ સફર કરી રહ્યા છીએ, ગૈર મુકલ્લિદ વહાબી ખૂદ પોતાની જિમ્મેદારી પર આ સમુદ્રમાં છલાંગ લગાડી રહ્યા છે ! તો ઈન્શાઅલ્લાહ ! મુકલ્લિદોનો બેડો પાર છે અને વહાબીઓનો અંજામ ગર્કયાબ (ડૂબી મરવાનુ) છે.

ખુદાનો શુક્ર છે કે આ કિતાબ ૧–૨મઝાન, હિ.સ. ૧૩૭૬ ઈ.સ. પ્રમાણે એપ્રિલ–૧૯૫૭ના રોજ પીરના દિવસે (Monday) શરૂ થઈને ૨–ઝીલ હજ્જ, હિ.સ. ૧૩૭૬ બરોઝ પીર ઈ.સ. પ્રમાણે ૧–૭–૧૯૫૭ એટલે ત્રણ મહીના અને બે દિવસમાં પૂર્ણ થઈ. રબ તઆલા પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં એને કબૂલ ફર્માવે, એને મારા માટે ગુનાહોનો કફ્ફારો અને સદકાએ જારિયહ્ બનાવે. મુસલમાનોના માટે એને લાભકારક પુરવાર કરે. જે કોઈ આ કિતાબથી ફાયદો ઉઠાવે મુઝ બેકસ ગુનેહગારના માટે ખૈર સાથે ખાત્મો થાય તેની અને ગુનાહોની માફીની દુઆ કરે કે એ જ લાલચ સાથે મેં આ મહેનત કરી છે. (અનુવાદકની પણ એ જ અપીલ છે.)

وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ وَنُوْرِ عَرْشِهٖ سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَصَحْبِهٖ
اَجْمَعِيْنَ اٰمِيْنَ بِرَحْمَتِكَ يَااَرْحَمَ الرَّاحِمِيْنَ

(હઝરત અલ્લામા) અહમદ યારખાં
નઈમી અશરફી બદાયૂની رحمۃ اللہ علیہ

(૨ ઝિલ હજ્જ, હિ.સ. ૧૩૭૬, સોમવાર/૦૧–૦૭–૧૯૫૭)

મીલાદ શરીફ વિશે ચર્ચા

આ ચર્ચાના બે ભાગ છે : પ્રથમ ભાગમાં મીલાદ શરીફની સાબિતી બીજા ભાગમાં તેના પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ મીલાદ શરીફની સાબિતી ★

પ્રથમ તો એ જાણવું જોઈએ કે મીલાદ શરીફની હકીકત શું છે ? અને એનો હુકમ શું છે ? પછી એ જાણવું જરૂરી છે કે તેની દલીલોનું વર્ણન કરવું, હમલ શરીફના પ્રસંગો, નૂરે મુહમ્મદીની કરામતો, પેઢીનામુ અથવા દૂધ પીવાના સંજોગો તથા હઝરત હલીમા ના ઉછેર પામવાના પ્રસંગો વર્ણન કરવા અને હુઝૂર ﷺ ની નઅતે પાક ગદ્ય કે પદ્યમાં પઢવી સૌ એના હેઠળ આવી જાય છે. હવે વિલાદતનો પ્રસંગ ચાહે એકાંતમાં પઢો કે મજલિસ એકત્ર કરીને અને ગદ્યમાં પઢો કે પદ્યમાં, ઉભા થઈને કે બેસીને જે રીતે પણ થાય... એને મીલાદ શરીફ કહેવામાં આવશે. મીલાદ શરીફની મેહફિલ ગોઠવવી અને વિલાદતે પાકની ખુશી મનાવવી, તેના વર્ણનના પ્રસંગે ખુશ્બુ લગાડવી, ગુલાબ જલ છાંટવું, શીરીની વહેંચવી, મતલબ કે ખુશીનું પ્રદર્શન જે જાઈઝ તરીકાથી થાય તે કરવું મુસ્તહબ અને ઘણો જ બરકતનો તથા રહમતે ઈલાહીના નુઝૂલનો સબબ છે.

ઈસા عليه السلام એ દુઆ કરી હતી :–

رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِيْدًا لِّاَوَّلِنَا وَاٰخِرِنَا જાણવા મળ્યું કે **માઇદા** આવવાના દિવસને હઝરત મસીહ عليه السلام એ ઈદનો દિવસ બનાવ્યો. આજે પણ રવિવારે ઈસાઈ એટલા માટે ઈદ મનાવે છે કે તે દિવસે દસ્તરખાન ઉતર્યું હતું અને હુઝૂર ﷺ ની તશરીફ આવરી (આગમન)એ **માઇદા**થી કેટલીય

વધીને નેઅમત છે જેથી તેમની વિલાદતનો દિવસ પણ ઈદનો દિવસ છે. હા ! આ મજલિસે પાકમાં હરામ કામ કરવું સખ્ત જુર્મ તથા ગુનોહ છે, જેમ કે ઔરતોનું એટલા ઊંચા અવાજે નઅત શરીફ પઢવું કે નામહરમ મર્દો સાંભળે એ સખ્ત મના છે, સ્ત્રીનો અવાજ પર પુરૂષે (નામહરમ) સાંભળવો જાઈઝ નથી, જો કોઈ મર્દ નમાઝની હાલતમાં કોઈને સામેથી પસાર થતો રોકે તો અવાજ વડે **સુબ્હાનલ્લાહ** કહી દે, પરંતુ જો સ્ત્રી કોઈને સામેથી પસાર થતો રોકે તો **સુબ્હાનલ્લાહ** ન કહે બલ્કે ડાબા હાથની પીઠ પર જમણો હાથ મારે. જેનાથી જણાયું કે સ્ત્રી નમાઝમાં જરૂરતના સમયે પણ કોઈને પોતાનો અવાજ ન સંભળાવે, **એ જ પ્રમાણે મીલાદ શરીફમાં વાજિંત્રો સાથે નઅત ખ્વાની કરવી ઘણો જ મહાન ગુનો છે,** કેમ કે આ વાજિંત્રો મનોરંજન તથા ખેલકૂદમાંથી છે. આમ પણ વાજિંત્રો સાથે ખેલવું હરામ છે અને ખાસ નઅત ખ્વાની કે જે ઈબાદત છે તેમાં વાજિંત્રોનો ઉપયોગ કરવો એથી ય વિશેષ મોટો જુર્મ છે. જો કોઈ જગાએ મીલાદ શરીફમાં આ ખરાબીઓ પેદા કરી દેવામાં આવી હોય તો એ ખરાબીઓ દૂર કરવામાં આવે, પરંતુ અસલ મીલાદ શરીફને બંધ કરવામાં ન આવે. જો સ્ત્રી મોટા અવાજે કુર્આન શરીફની તિલાવત કરે અથવા લોકો વાજિંત્ર સાથે કુર્આન પઢવા લાગે તો તે બેહૂદગીઓને મિટાવી દો, પણ કુર્આન પઢવાનું ન રોકો કેમ કે એ ઈબાદત છે.

મીલાદ શરીફ કુર્આન તથા હદીષો તથા ઉલમાના કથનો (અકવાલ) અને ફરિશ્તા તથા પયગંબરોના અમલથી સાબિત છે. કુર્આન કરીમમાં ઈર્શાદ થયો :

(૧) وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ "અલ્લાહની નેઅમતોની ચર્ચા કરો." અને હુઝૂરનું આગમન અલ્લાહની મહાન નેઅમત છે, અને મીલાદ પાકમાં એનો જ ઝિક્ર છે જેથી મીલાદની મેહફિલ કરવી એ આયત પર અમલ છે.

(૨) وَاَمَّا بِنِعْمَتِ رَبِّكَ فَحَدِّثْ "તમારા રબની નેઅમતોની ખૂબ ચર્ચા કરો" અને હુઝૂર ﷺ ની દુનિયામાં તશરીફ આવરી તમામ નેઅમતોથી વધીને એવી નેઅમત છે કે રબ તઆલાએ એના માટે એહસાન જતાવ્યું છે. જેથી એની ચર્ચા કરવી આ આયત પર અમલ છે. આજે કોઈના ત્યાં ફરઝંદ પૈદા થાય તો દર વર્ષે જન્મ તારીખે જન્મ દિવસ (બર્થ ડે)નો જશ્ન મનાવે છે, કોઈને સત્તા

મળે તો દર વર્ષે તે તારીખે જશ્ન મનાવાય છે, તો પછી જે તારીખે દુનિયામાં સૌથી મહાન નેઅમત આવી તેના પર ખુશી મનાવવી શાથી મના થશે ? ખૂદ કુર્આને કરીમે હુઝૂર ﷺ નો મીલાદ ઠેકઠેકાણે ઈર્શાદ ફર્માવ્યો છે. ફર્માવે છે : لَقَدْ جَآئَكُمْ رَسُوْلٌ۔۔الاية ''હે મુસલમાનો ! તમારી પાસે મહાનતાવાળા રસૂલ તશરીફ લાવ્યા.'' એમાં તો વિલાદતનું વર્ણન થયું. પછી ફર્માવ્યું : مِنْ اَنْفُسِكُمْ હુઝૂર ﷺ નું પેઢી નામુ વર્ણન પામ્યું કે તે તમારામાંથી અથવા તમારી બેહતરીન જમાઅતમાંથી છે. حَرِيْصٌ عَلَيْكُم થી છેવટ સુધી. એમાં હુઝૂર ﷺ ની નઅત વર્ણન થઈ. આજે મીલાદ શરીફમાં આ જ ત્રણ વાતો વર્ણન થાય છે.

(3) لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْبَعَثَ فِيْهِمْ رَسُوْلًا ''અલ્લાહે મુસલમાનો પણ ઘણું જ (મહાન) એહસાન કર્યું કે તેમનામાં પોતાના રસૂલને મોકલી આપ્યા.'' هُوَالَّذِىْٓ اَرْسَلَ رَسُلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ ''રબ્બુલ આલમીન તે કુદરતવાળો છે જેણે પોતાના પયગંબર ﷺ ને હિદાયત અને સાચા દીનની સાથે મોકલ્યા.''

સારાંશ કે ઘણી આયતો છે જેમાં હુઝૂર ﷺ ની વિલાદતનું વર્ણન કરવામાં આવ્યું. જાણવા મળ્યું કે **મીલાદનો ઝિક્ર સુન્નતે ઈલાહિયા** છે. હવે જો જમાઅતની નમાઝમાં ઈમામ આ જ વિલાદતની આયત પઢે તો બરાબર નમાઝની હાલતમાં મારા આકાની મીલાદ થાય છે. જુઓ ઈમામ સાહબની પાછળ મજમો પણ છે અને કિયામ પણ થઈ રહ્યો છે, વળી વિલાદતે પાકનું વર્ણન પણ છે. બલ્કે ખૂદ કલ્મએ તેયેબહમાં મીલાદ શરીફ છે, કેમ કે એમાં **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** છે, એટલે કે ''મુહમ્મદ અલ્લાહના રસૂલ છે.'' રસૂલનો અર્થ છે મોકલવામાં આવેલા અને મોકલવા માટે આવવું જરૂરી છે. આમ હુઝૂર ﷺ ની તશરીફ આવરીનો ઉલ્લેખ થઈ ગયો જેથી મીલાદની અસ્લ એમાં જોવા મળી.

કુર્આને કરીમમાં અંબિયાએ કિરામ عليهم السلام ની પણ મીલાદ વર્ણન કરવામાં આવેલ છે. સૂરએ મરયમમાં હઝરત મરયમનું સગર્ભા થવું તથા હઝરત ઈસાના જન્મ પાકને થવાનો ઉલ્લેખ છે, એટલે સુધી કે હઝરત મરમયની પ્રસુતિની પીડા અને તે પીડામાં જે શબ્દો ઉચ્ચાર્યા તે એ કે يٰلَيْتَنِىْ مِتُّ قَبْلَ هٰذَا પછી તેમનું ફરિશ્તા તરફથી સાંત્વન પામવું, વળી એ કે તે

વખતે હઝરત મરયમે કયો ખોરાક ખાધો, પછી હઝરત ઈસા عليه السلام નું કૌમને સંબોધન ફર્માવવું, પછી આ રીતે જન્નતની હૂરો આપની સહાયતા માટે આવી, પછી કાબા મોઅઝ્ઝમાએ આમેના ખાતૂનના ઘરને સજદો કર્યો.... વગેરે વગેરે, આ બધું એ જ કુર્આની સુન્નત છે. એ જ પ્રમાણે કુર્આને હઝરત મૂસા عليه السلامની પેદાઈશ, તેમના દૂધ પીવાનો અરસો, તેમનો ઉછેર, તેમનું બકરીઓ ચરાવવું, તેમનો નિકાહ, તેમને નબુવ્વત મળવું સર્વ કાંઈ ફર્માવ્યું. તો આ જ વાતો મીલાદે પાકમાં થાય છે.

મદારિજુન્નબુવ્વત વગેરેમાં ફર્માવ્યું છે કે સર્વ પયગંબરોએ પોતપોતાની ઉમ્મતોને હુઝૂર عليه السلامની તશરીફ આવરીની (આગમનની) ખબર આપી. હઝરત ઈસા عليه السلامનું ફર્માન તો કુર્આને પણ નકલ ફર્માવ્યું :– وَمُبَشِّرًا بِرَسُوْلٍ يَّأْتِىْ مِنْ بَعْدِى اسْمُهٗ اَحْمَدُ ''હું એવા રસૂલની ખુશખબરી આપનાર છું જે મારા પછી તશરીફ લાવશે તેમનું નામે પાક અહમદ છે.'' સુબ્હાનલ્લાહ ! બાળકોનાં નામ જન્મના સાતમા દિવસે માં બાપ રાખે છે પણ વિલાદતે પાકના ૫૭૦ વરસો પહેલાં મસીહ عليه السلام ફર્માવે છે કે તેમનું નામ અહમદ છે ! હશે નથી ફર્માવ્યું. જાણવા મળ્યું કે એમનું નામે પાક રબ તઆલાએ રાખ્યું. કયારે રાખ્યું ? એ તો રાખનાર જાણે !

આ પણ મીલાદ શરીફ છે, કેવળ ફરક એટલો થયો કે તે હઝરાતે પોતાની કૌમના મજમાઓમાં ફર્માવ્યું કે ''તેઓ તશરીફ લાવશે'' અને આપણે આપણા મજમાઓમાં કહીએ છીએ કે ''તશરીફ લાવ્યા.'' ફરક ભૂતકાળ તથા ભવિષ્યનો છે પણ વાત તો સરખી જ છે. સાબિત થયું કે **મીલાદ સુન્નતે અંબિયા** છે.

રબ તઆલા ફર્માવે છે : قُلْ بِفَضْلِ اللّٰهِ وَ بِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا એટલે ''અલ્લાહના ફઝ્લ તથા રહમત પર ખૂબ ખુશીઓ મનાવો.'' જાણવા મળ્યું કે ફઝ્લે ઈલાહી પર ખુશી મનાવવી ઈલાહીનો હુકમ છે અને હુઝૂર عليه السلام રબનો ફઝ્લ પણ છે અને રહમત પણ છે. જેથી તેમની વિલાદત પર ખુશી મનાવવી એ આ આયત પર અમલ કરવું છે અને કેમ કે અહીં ખુશી મનાવવું મુત્લક (બેકેદ, બિનશરતી) છે જેથી દરેક જાઈઝ ખુશી એમાં દાખલ છે. જેથી મહફિલે મીલાદ કરવી ત્યાં ડેકોરેશન કરવું, સજાવટ કરવી વગેરે સૌ સવાબનો સબબ છે.

(૪) મવાહિબે લદુન્નિયા અને મદારિજુન્નબુવ્વત વગેરેમાં ઝિકે વિલાદત છે કે, ''વિલાદત (જન્મ)ની રાતે ફરિશ્તાઓએ આમેના ખાતૂન رضی اللہ عنہا ના દરવાજે ઉભા રહીને સલાતો સલામ અર્ઝ કરી. હા ! અઝલી (હમેશાંથી) મરદૂદ શૈતાન રંજો ગમમાં નાસતો ફરતો હતો.'' આથી જાણવા મળ્યું કે મીલાદ ફરિશ્તાની સુન્નત પણ છે. વધુમાં જાણવા મળ્યું કે **વિલાદતના વખતે ઉભા રહેવું ફરિશ્તાઓનો અમલ** છે અને **ભાગતા નાસતા ફરવું એ શૈતાનનો અમલ** છે. હવે લોકોને ઈખ્તિયાર છે કે ચાહે તો મીલાદ પાકના ઝિક્ર વખતે ફરિશ્તાના કામ પર અમલ કરે અથવા શૈતાનના કામ પર અમલ કરે.

(૫) ખૂદ હુઝૂર ﷺ એ સહાબીઓના મજમા સામે મિમ્બર પર ઉભા રહીને પોતાની વિલાદત પાક અને પોતાના અવસાફ (ખૂબીઓ) વર્ણન કર્યા. જેનાથી જાણવા મળ્યું કે **મીલાદ પઢવી સુન્નતે રસૂલ** ﷺ પણ છે. જેમ કે મિશ્કાત, ભાગ–૨, બાબ ફઝાઈલે સૈયદુલ મુરસલીન, ફસ્લ ષાનીમાં હઝરત અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક દિવસે હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થયો. કદાચ હુઝૂર ﷺ સુધી ખબર પહોંચી હતી કે અમુક લોકો અમારા પાક નસબ પર ટોણા મારે છે. فَقَامَ النَبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَ سَلَّمَ عَلَی الْمِنْبَرِ فَقَالَ مَنْ اَنَا પછી મિમ્બર પર ઉભા રહીને પૂછયું, બતાવો ! હું કોણ છું ? સૌએ અર્ઝ કરી કે આપ રસૂલુલ્લાહ છો. ફર્માવ્યું, હું મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ છું. અલ્લાહે મખ્લૂકને પેદા ફર્માવી તો મને બેહતરીન મખ્લૂકમાંથી કર્યો, પછી તેના બે હિસ્સા કર્યા અરબ તથા અજમ. મને એમાંથી બેહતર એટલે કે અરબમાંથી કર્યો. પછી અરબના અમુક કબીલા કર્યા મને એમાંથી બેહતર એટલે કુરૈશમાંથી કર્યો. પછી કુરૈશના અમુક ખાનદાન કર્યા અને મને તેમાંથી સૌથી બેહતર ખાનદાન એટલે કે બની હાશિમમાંથી કર્યો. એ જ મિશ્કાતના એ જ વિભાગમાં છે કે હું ખાતમુન્નબીય્યીન છુ અને હું હઝરત ઈબ્રાહીમની દુઆ, હઝરતે ઈસાની બશારત અને મારી વાલિદાનો દીદાર છું, કે એમણે મારી વિલાદતના સમયે જોયું કે એમનાથી એક નૂર ચમકયું જેનાથી

શામ (સીરીયા)ની ઈમારતો એમણે જોઈ. એમાં હુઝૂર ﷺ એ પોતાનું પેઢીનામુ, પોતાની નઅત શરીફ, પોતાની વિલાદતે પાકનો બનાવ રજુ કર્યો. એ જ મીલાદ શરીફમાં થાય છે. આવી સેંકડો હદીષો રજૂ કરી શકાય છે.

(૬) સહાબાએ કિરામ એક બીજાની પાસે જઈને ફર્માઈશ કરતા હતા કે અમને હુઝૂર ﷺ ની નઅત શરીફ સંભાળાવો. જાણવા મળ્યું કે મીલાદ સહાબાની સુન્નત પણ છે. જેમ કે મિશકાત બાબે ફઝાઈલે સૈયદુલ મુરસલીન પ્રથમ વિભાગમાં છે કે હઝરત અતા ઈબ્ને યસાર ફર્માવે છે કે હું અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ ની પાસે ગયો અને અર્ઝ કરી કે મને હુઝૂર ﷺ ની તે નઅત સંભળાવો જે તૌરાત શરીફમાં છે. તેમણે પઢી સંભળાવી. એ જ પ્રમાણે હઝરત કઅબ અહબાર ફર્માવે છે કે અમે હુઝૂર ﷺ ની નઅત તૌરાતમાં આ પ્રમાણે જોઈ છે કે, મુહમ્મદ અલ્લાહના રસૂલ થશે, મારા પસંદીદા બંદા છે, ન કુટેવવાળા ન સખ્ત તબીયતવાળા હશે. તેમનો જન્મ મક્કા મુકર્રમામાં થશે અને તેમની હિજરત તયબાહ ખાતે થશે. તેમનો મુલ્ક શામમાં હશે. તેમની ઉમ્મત ખુદાની ખૂબ જ હમ્દ કરશે કે રંજ તથા ખુશી દરેક હાલમાં ખુદાની હમ્દ કરશે. *(મિશ્કાત બાબે ફઝાઈલે સૈયદુલ મુરસલીન)*

(૭) આ તો મકબૂલ બંદાઓનું વર્ણન હતું. પણ કાફિરોએ પણ વિલાદતે પાકની ખુશી મનાવી તો કાંઈ ન કાંઈ ફાયદો પ્રાપ્ત કરી લીધો. જેમ કે બુખારી, ભાગ–૨, કિતાબુન્નિકાહ : وَاُمَّهٰتُكُمُ الّٰتِى اَرْضَعْنَكُمْ وَمَايُحَرِّمُ مِنَ الرَّضَاعَةِ બાબમાં છે :–

فَلَمَّامَاتَ اَبُوْلَهَبٍ اُرِيَهٗ بَعْضُ اَهْلِهٖ بِشَرِّحَيْبَةٍ قَالَ لَهٗ مَاذَا لَقِيْتَ قَالَ اَبُوْلَهَبٍ لَمْ اَلْقَ بَعْدَكُمْ خَيْرًا اِنِّىْ سُقِيْتُ فِىْ هٰذِهٖ بِعَتَاقَتِىْ ثُوَيْبَةَ

“જ્યારે અબૂ લહબ મૃત્યુ પામ્યો તો તેને તેનાં ઘરવાળાઓએ ખ્વાબમાં બુરી હાલતમાં જોયો. પૂછયું કે શું ગુજરી ? અબૂ લહબ બોલ્યો કે તમારાથી અલગ થઈને મને કોઈ ભલાઈ નસીબ નથી થઈ. હા ! મને આ કલમાની આંગળીએથી પાણી મળે છે, કેમ કે મેં ષૌબિયા લોંડીને આઝાદ કરી હતી. વાત એ હતી કે અબૂ લહબ હઝરત અબ્દુલ્લાહનો ભાઈ હતો, તેની લોંડી

ષૌબિયાએ તેને ખબર આપી કે આજે તારા ભાઈ અબ્દુલ્લાહના ઘરે ફરઝંદ (મુહમ્મદુર્રસૂલુલ્લાહ) પેદા થયા. ﷺ તો તેણે ખુશીમાં તે લોંડીને આંગળીના ઈશારા વડે કહ્યું કે, જા ! તું આઝાદ છે ! આ સખત કાફિર હતો જેની બુરાઈ કુર્આનમાં આવી રહી છે પણ એ ખુશીની બરકતથી અલ્લાહે એના પર એ કરમ કર્યો કે જ્યારે દોઝખમાં તે તરસ્યો થાય છે તો પોતાની તે આંગળીને ચૂંસે છે તો પ્યાસ બુઝાઈ જાય છે. જો કે તે કાફિર હતો, આપણે મોમિન અને તે દુશ્મન હતો જ્યારે આપણે તેમના બેદામ બંદા છીએ. તેણે ભત્રીજાની પેદાઈશની ખુશી વ્યક્ત કરી હતી ન કે રસૂલુલ્લાહની, જ્યારે આપણે રસૂલુલ્લાહ ﷺ ની વિલાદતની ખુશી મનાવીએ છીએ તો તે કરીમ છે અને આપણે તેમના ભીખારી છીએ તો તેઓ શું કાંઈ નહીં આપે ?!

દોસ્તાંરા કુજા કુની મેહરૂમ-તૂ કે બા દુશ્મનાં નઝરદારી

મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, હુઝૂર ﷺ ને દૂધ પીવડાવવાના સંબધે એ જ અબૂલહબના પ્રસંગને વર્ણન કરીને ફર્માવે છે, (અર્થ) :

આ બનાવમાં મૌલૂદવાળાઓ માટે મહાન દલીલ છે કે હુઝૂર ﷺ ની વિલાદતની રાત્રે ખુશીઓ મનાવે તથા માલ ખર્ચ કરે એટલે કે અબૂ લહબ જે કાફિર હતો. જ્યારે હુઝૂરની વિલાદતની ખુશી અને લોંડીના દૂધ પીવડાવવાના કારણે ઈનામ પામ્યો, તો તે મુસલમાનનો શો હાલ થશે જે મહોબ્બત તથા ખુશીથી ભરેલો છે અને માલ ખર્ચ કરે છે. પરંતુ જોઈએ કે મહફિલે મીલાદ અવામની બિદઅતો એટલે વાજિંત્રો સાથે ગાવા વગાડવા વગેરેથી ખાલી હોય.

(૮) દરેક જમાના અને દરેક સ્થળે ઉલમા, ઔલિયા, મશાઈખ તથા આમ મુસ્લિમો આ મીલાદ શરીફને મુસ્તહબ સમજીને કરતા રહ્યા છે અને કરે છે હરમૈન શરીફૈનમાં પણ ખૂબ આયોજનપૂર્વક આ મેહફિલે પાક ગોઠવવામાં આવે છે. જે દેશમાં પણ જાવ ત્યાંના મુસલમાનોમાં આ અમલ જોવા મળશે. ઔલિયા અલ્લાહ તથા ઉમ્મતના ઉલમાએ તેના મોટા મોટા ફાયદા તથા બરકતો વર્ણન કરી છે અને અમે હદીષ નકલ કરી ચૂકયા છીએ કે, "જે કામને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું છે." કુર્આન કુર્આને

છે : لِتَكُوْنُوْا شُهَدَآءَ ''જેથી હે મુસલમાનો તમે ગવાહ છો.''

હદીષે પાકમાં પણ છે : اَنْتُمْ شُهَدَآءُ اللّٰهِ فِىْ الْاَرْضِ ''તમે જમીનમાં અલ્લાહના ગવાહ છો.'' જેથી **મહફિલે મીલાદ પાક મુસ્તહબ** છે.

આખિર મજમઉલ બિહાર, પેજ–૫૫૦માં છે કે શૈખ મુહમ્મદ ઝાહિર મુહદ્દિષ રબીઉલ અવ્વલના વિશે ફર્માવે છે :–

فَاِنَّهٗ شَهْرُ اَمَرَنَا بِاِظْهَارِالْحُبُوْرِفِيْهِ كُلُّ عَامٍ જાણવા મળ્યું કે રબીઉલ અવ્વલમાં દર વર્ષે ખુશી મનાવવાનો હુકમ છે.

તફસીરે રૂહુલ બયાન, પારા–૨૬, સૂરએ ફતહમાં આયત **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** હેઠળ છે :–

وَمِنْ تَعْظِيْمِهٖ عَمَلَ الْمَوْلِدِ اِذَالَمْ يَكُنْ فِيْهِ مُنْكَرٌ قَالَ الْاِمَامُ السِّيُوْطِىُّ يُسْتَحَبُّ لَنَا اِظْهَارُالشُّكْرِبِمَوْلِدِهٖ عَلَيْهِ السَّلَامُ

''મીલાદ શરીફ કરવી હુઝૂર ﷺ ની તાઝીમ છે જ્યારે કે તે બુરી વાતોથી ખાલી હોય. ઈમામ સિયૂતી ફર્માવે છે કે, આપણે હુઝૂર ﷺ ની વિલાદત પર શુકનો ઈઝહાર કરવો મુસ્તહબ છે.'' પછી ફર્માવે છે :–

قَالَ ابْنُ الْحَجَرَ الْهَيْتَمِىُّ اِنَّ الْبِدْعَةَ الْحَسَنَةَ مُتَّفَقٌ عَلٰى نُدْبِهَا وَعَمَلُ الْمَوْلِدِ وَاِجْتِمَاعُ النَّاسِ لَهٗ كَذٰلِكَ بِدْعَةٌ حَسَنَةٌ قَالَ السَّخَاوِىُّ لَمْ يَفْعَلْهُ اَحَدٌ مِّنَ الْقُرُوْنِ الثَّلٰثَةِ وَاِنَّمَا حَدَثَ بَعْدُ ثُمَّ لَازَالَ اَهْلُ الْاِسْلَامِ مِنْ سَائِرِ الْاَقْطَارِ وَالْمُدُنِ الْكِبَارِ يَعْلَمُوْنَ الْمَوْلِدَ وَيَتَصَدَّقُوْنَ بِاَنْوَاعِ الصَّدَقٰتِ وَيَعْتَنُوْنَ بِقِرَائَةِ مَوْلِدِهِ الْكَرِيْمِ وَيَظْهَرُوْنَ مِنْ بَرَكَاتِهٖ عَلَيْهِمْ كُلُّ فَضْلٍ عَظِيْمٍ قَالَ ابْنُ الْجَوْزِىِّ مِنْ خَوَّاصِهٖ اَنَّهٗ اَمَانٌ فِىْ ذٰلِكَ الْعَامِ وَبُشْرٰى عَاجِلَةٌ بِنَيْلِ الْبُغْيَةِوَالْمَرَامِ وَاَوَّلُ مَنْ اَحْدَثَهٗ مِنَ الْمُلُوْكِ صَاحِبِ اَرْبُلٍ وَصَنَّفَ لَهٗ ابْنُ دَحْيَةَ كِتَابًا فِىْ الْمَوْلِدِ فَاَجَازَهٗ بِاَلْفِ دِيْنَارٍ وَقَدِاسْتَخْرَجَ لَهٗ الْحَافِظُ ابْنُ حَجَرٍ اَصْلاً مِّنَ السُّنَّةِ وَكَذَا الْحَافِظُ السُّيُوْطِىُّ وَرَدَّ عَلٰى اِنْكَارِهَا فِىْ قَوْلِهٖ اِنَّ عَمَلَ الْمَوْلِدِ بِدْعَةٌ مَّذْمُوْمَةٌ

''ઈબ્ને હજર હતીમીએ ફર્માવ્યું કે બિદઅતે હસના (સારી બિદઅત)ના મુસ્તહબ હોવા પર સૌની એકમતિ છે અને મીલાદ શરીફ કરવી અને એમાં લોકોનું ભેગા થવું પણ એ જ રીતે **બિદઅતે હસના** છે.

ઈમામ સખાવીએ ફર્માવ્યું કે મીલાદ શરીફ ત્રણેવ ભાષાઓમાં કોઈએ ન કહી એ બાદમાં નીકળ્યું છે. વળી દરેક બાજુએ દરેક શહેરના મુસલમાન મૌલૂદ શરીફ કરતા રહ્યા અને કરે છે અને જાત જાતના સદકા તથા ખૈરાત કરે છે અને હુઝૂર ﷺ ની મીલાદ પઢવાની ઘણી વ્યવસ્થા કરે છે અને આ મજલિસે પાકની બરકતોથી એમના પર અલ્લાહનો ઘણો જ ફઝ્લ થાય છે.

ઈમામ ઈબ્ને જવઝી ફર્માવે છે કે મીલાદ શરીફની તાસીર એ છે કે વરસભર તેની બરકતથી અમ્ન (સલામતી) રહે છે અને એમાં મુરાદો પૂરી થવાની ખુશખબરી છે. જે બાદશાહે તેને પ્રથમ ચાલુ કરી તે શાહ અરબલ છે અને ઈબ્ને દહીયાએ એના માટે મીલાદ શરીફની એક કિતાબ લખી જેના માટે બાદશાહે તેને હજાર અશરફીઓ ભેટમાં આપી અને હાફિઝ ઈબ્ને હજર અને હાફિઝ સિયૂતીએ તેની અસ્લ સુન્નતથી સાબિત કરી છે અને તેમની રદ કરી છે કે જેઓ તેને બિદઅતે સૈયેઆ (બુરી બિદઅત) કહીને મના કરે છે.

મુલ્લા અલી કારી મૌરૂદુર્રવીમાં પ્રસ્તાવના સાથે ફર્માવે છે :–

لَازَالَ اَهْلُ الْاِسْلَاءِ يَحْتَفِلُوْنَ فِىْ كُلِّ سَنَةٍ جَدِيْدَةٍ وَيَعْتَنُوْنَ بِقِرَائَةِ مَوْلِدِهٖ الْكَرِيْمِ وَيَظْهَرُ عَلَيْهِمْ مِنْ بَرَكَاتِهٖ كُلِّ فَضْلٍ عَظِيْمٍ

અને એ જ કિતાબની પ્રસ્તાવનામાં આ શેઅરો લખે છે :–

لِهٰذَاالشَّهْرِ فِى الْاِسْلَامِ فَضْلٌ وَّمَنْقَبَةٌ تَفُوْقُ عَلَى الشُّهُوْ رَبِيْعٌ فِىْ رَبِيْعٍ فِىْ رَبِيْعٍ وَنُوْرٌ فَوْقَ نُوْرٍفَوْقَ نُوْر(انوارساطعه)

આ લખાણથી ત્રણ વાતો જાણવા મળી : એક એ કે પૂર્વ તથા પશ્ચિમના મુસલમાન તેને સારું જાણીને કરે છે. બીજુ એ કે મોટા મોટા ઉલમા ફકીહો, મુહદ્દિષો, મુફસ્સિરો તથા સૂફીઓએ તેને સારું જાણ્યું છે, જેમ કે ઈમામ સિયૂતી, અલ્લામા ઈબ્ને હજર, હતીમી, ઈમામ સખાવી, ઈબ્ને જવઝી, હાફિઝ ઈબ્ને હજર વગેરે.

ત્રીજુ એ કે મીલાદ મુબારકની બરકતથી વરસભર સુધી ઘરમાં અમ્ન, મુરાદ પૂરી થવી, મકસદો બર આવવાનું નસીબ થાય છે.

(૯) બુદ્ધિનો પણ તકાઝો છે કે મીલાદ શરીફ ખૂબ જ લાભદાયી મેહફિલ છે. એમાં કેટલાક ફાયદા છે. મુસલમાનોના દિલમાં હુઝૂર ﷺ ના ફઝાઈલ સાંભળીને હુઝૂર ﷺ ની મહોબ્બત વધે છે. શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી તથા અન્ય સૂફિયાએ કિરામ ફર્માવે છે કે હુઝૂર ﷺ ની મોહબ્બત વધારવાના માટે દુરૂદ અને હુઝૂર ﷺ ની જિંદગીની હાલતોનો અભ્યાસ જરૂરી છે. ભણેલા ગણેલા લોકો તો કિતાબોમાં હાલાત જોઈ શકે છે પણ અજ્ઞાની લોકો નથી વાંચી શકતા તેમને આ રીતે સાંભળવાનો મોકો મળી જાય છે. આ મજલિસે પાક ગૈર મુસ્લિમોમાં અહકામની તબ્લીગનો ઝરીયો છે કે જેથી તેઓ પણ એમાં શરીક થાય, હુઝૂર ﷺ ની પાક જિંદગીની હાલતો વિશે સાંભળે, ઈસ્લામની ખૂબીઓ જુએ અને ખુદા તૌફીક આપે તો ઈસ્લામ સ્વીકારી લે. ત્રીજુ એ કે આ મજલિસ થકી મુસલમાનોને દીની મસાઈલ બતાવવાનો મોકો મળે છે. અમુક ગામડાના લોકો જુમ્આમાં આવતા નથી અને એ રીતે બોલાવો તો ભેગા નથી થતા, પણ હા ! મેહફિલે મીલાદ શરીફનું નામ લો તો તુરત જ ઘણા શોખપૂર્વક ભેગા થઈ જાય છે. ખૂદ મેં પણ આનો ઘણો અનુભવ કર્યો છે. હવે એ જ મજલિસમાં દીની મસાઈલ બતાવવા તથા તેમને હિદાયત કરવાનો સારો મોકો મળે છે. ચોથુ એ કે મીલાદ શરીફમાં એવી નઝમો બનાવીને પઢવામાં આવે જેમાં દીની મસાઈલ હોય અને મુસલમાનોને હિદાયત કરવામાં આવે, કેમ કે ગદ્ય કરતાં પદ્ય (કાવ્ય) દિલમાં અધિક અસર કરે છે અને જલ્દી યાદ રહી જાય છે. પાંચમું એ કે આ મજલિસમાં સાંભળતાં સાંભળતાં મુસલમાનોને હુઝૂર ﷺ નો નસબ (પેઢી–વંશ) શરીફ, ઔલાદ પાક, પાક બીવીઓ તથા વિલાદત પાક, ઉછેરની હાલતો યાદ થઈ જાય છે. આજે મિઝાઈ, રાફઝી વગેરેને પોતાના મઝહબોની પૂરેપૂરી માહિતી હોય છે. રાફઝીનાં બાળકોને પણ બાર ઈમામોનાં નામો, ખુલફાએ રાશિદીનનાં નામો તબર્રા કરવા માટે યાદ હશે પણ અહલે સુન્નતના બાળકને તો શું વૃદ્ધો પણ એનાથી ગાફેલ છે ! મેં ઘણા વૃદ્ધોને પૂછયું કે હુઝૂર ﷺ ની ઔલાદ કેટલી છે ? જમાઈ કેટલા છે ? તો તેમને બેખબર પામ્યા ! જો

આ મજલિસોમાં તેમની ચર્ચા રહે તો ઘણો ફાયદો થાય. બનેલી ચીજને ન બગાડો બલ્કે બગડેલી ચીજને બનાવવાની કોશિશ કરો.

(૧૦) વિરોધીઓના પીરો મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ સાહબે ''ફૈસલાએ હફ્ત મસાઈલ''માં મહફિલે મીલાદ શરીફને જાઈઝ તથા બરકતનો સબબ ફર્માવ્યું. જેમ કે આપ તેના પેજ–૮ ઉપર લખે છે કે ''ફકીર (એટલે પોતે **[હાજી ઈમ્દાદુલ્લાહ)નો મઝહબ એ છે કે મૌલૂદ શરીફની મેહફિલમાં શરીક થાઉં છું, બલ્કે બરકતોનો ઝરીયો સમજીને દર વર્ષે ગોઠવું છું અને કિયામમાં લુત્ફ તથા લજ્જત (મજા, ખુશી) પામું છું.''**] વિચિત્ર વાત છે કે પીર સાહબ તો મૌલૂદ શરીફને બરકતોની ઝરીયો સમજીને ખૂદ દર વર્ષે કરે અને મુખ્લિસ મુરીદોનો અકીદો હોય કે મહફિલે મીલાદ શિર્ક તથા કુફ્રની મેહફિલ છે ! ખબર નહીં ! હવે પીર સાહબ પર કયો ફત્વો લાગશે ?!

(૧૧) અમે ઉર્સની ચર્ચામાં વર્ણન કરીશું કે ફકીહોની દષ્ટિએ દલીલ વિના તન્ઝીહી કરાહતની સાબિતી પણ નથી શકતી, હરામ હોવું તો બહું દૂરની વાત ! અને મુસ્તહબ હોવાના માટે કેવળ એટલું જ પૂરતુ છે કે મુસલમાન એને સારું જાણે. તો જે કામ શરીઅતમાં મના નથી તેને મુસલમાન સારી નિય્યતે કરે અથવા એ કે આમ મુસલમાન તેને સારું જાણતા હોય તે મુસ્તહબ છે. તેની સાબિતી બિદઅતની ચર્ચામાં પણ થઈ ચૂકી. જેથી મેહફિલે મીલાદ શરીફના વિશે કહી શકાય છે કે શરીઅતની રૂએ એ મના નથી અને મુસલમાન એને સવાબનું કામ સમજે છે અને સારી નિય્યતે કરે છે જેથી એ મુસ્તહબ છે. પણ એને હરામ કહેવાવાળા તેની હુર્મત (હરામ હોવા) પર કઈ કતઈ સબૂત તથા કતઈ દલીલ પૂરી પાડતી હદીષ કે કુર્આની આયત લાવશે ? ! કેવળ બિદઅત કહી દેવાથી કામ ચાલશે નહીં !

(બીજો વિભાગ)

★ મીલાદ શરીફ પર વાંધાઓ અને તેના જવાબો ★

વિરોધીઓના એના પર નીચે પ્રમાણેના વાંધાઓ છે અને તેના નીચે પ્રમાણેના જવાબો છે :–

વાંધો (૧) મેહફિલે મીલાદ બિદઅત છે કેમ કે ન હુઝૂર ﷺ ના જમાનામાં થઈ અને ન સહાબાના જમાનામાં અને ન તાબઈનના જમાનામાં થઈ અને દરેક બિદઅત હરામ છે જેથી મૌલૂદની મેહફિલ હરામ છે.

જવાબ : મીલાદ શરીફને બિદઅત કહેવું નાદાની છે. અમે પ્રથમ વિભાગમાં બતાવી ચૂક્યા કે અસ્લ મીલાદ સુન્નતે ઈલાહિયા, સુન્નતે અંબિયા, સુન્નતે મલાઈકા, સુન્નતે રસૂલુલ્લાહ ﷺ , સુન્નતે સહાબાએ કિરામ رضی اللہ عنہم, સુન્નતે સલફે સાલેહીન તથા આમ મુસલમાનોમાં રિવાજ પામેલ છે, પછી બિદઅત કેવી ? અને બિદઅત હોય તો પણ દરેક બિદઅત **વાજિબ** પણ હોય છે અને **મુસ્તહબ** પણ, **જાઇઝ** પણ હોય છે અને **મકરૂહ** તથા **હરામ** પણ હોય છે. તેમજ પ્રથમ વિભાગમાં તફસીરે રૂહુલ બયાનના હવાલાથી જણાવી ચૂક્યા કે આ મેહફિલ **બિદઅતે હસ્ના મુસ્તહબા** છે. હુઝૂર ﷺ નો ઝિક્ર કેમ કરીને હરામ હોઈ શકે છે ?

વાંધો (૨) આ મજલિસમાં ઘણી બધી હરામ વાતો હોય છે, દા. ત. સ્ત્રી પુરૂષોની ભેળસેળ, દાઢી મૂંડાનું નઅતખ્વાની કરવું, ગલત રિવાયતો પઢવી જાણે કે આ મેહફિલ હરામ વાતોનો સમુહ છે જેથી હરામ છે.

જવાબ : પ્રથમ વાત તો એ કે આ હરામ ચીજો દરેક મજલિસમાં હોતી નથી બલ્કે મોટા ભાગે નથી હોતી, સ્ત્રીઓ પર્દામાં અલગ બેસે છે અને પુરૂષો અલગ બેસે છે, પઢવાવાળા શરીઅતના પાબંદ હોય છે, રિવાયતો પણ સહીહ હોય છે બલ્કે અમે તો એ જોયું છે કે પઢવાવાળા તથા સાંભળવાવાળા બાવુઝૂ બેસે છે, સૌ દુરૂદ શરીફ પઢતા રહે છે અને રિક્કત તારી થાય છે. ઘણીવાર આંસૂંઓ વહે છે અને મહબૂબ ﷺ નો ઝિક્રે પાક થાય છે.

લઝ્ઝતે બાદએ ઈશ્કશ ઝમને મસ્ત મપુર્સ
ઝૌકે ઈં મૈ ન શનાસી બખુદા તા ન ચશી

તર્જુમો : તેમના ઈશ્કની મજા જમાનાના મસ્ત ને ન પૂછ. ખુદાની કસમ ! આ જામને મજા તું ત્યાં સુધી નહીં ઓળખે જ્યાં સુધી તેને નહીં ચાખે.

હાય ! કમ્બખ્ત ! તૂને પી હી નહીં

અને જો કોઈ જગાએ એ વાતો થતી પણ હોય તો એ વાતો હરામ ગણાશે, અસ્લ મીલાદ શરીફ એટલે કે મુસ્તફા ﷺ ની વિલાદતનો ઝિક્ર શાથી હરામ થશે ? ઉર્સની ચર્ચામાં અમે દર્શાવીશું કે હરામ ચીજના સામેલ થઈ જવાથી કોઈ સુન્નત કે જાઈઝ કામ હરામ નથી થઈ જતું નહીં તો સૌ પ્રથમ દીની મદ્રસા હરામ થવા જોઈએ, કેમ કે ત્યાં દાઢી વિના બાળકો યુવાનોની સાથે પઢે છે, તેમનો આપસમાં મેલ જોલ પણ થાય છે, કદી કદી તેનાં ખરાબ પરિણામો પણ બહાર આવે છે. અને તિર્મિઝી તથા બુખારી, ઈબ્ને માજહ વગેરે હદીષની તથા તફસીરની કિતાબો પઢે છે તેમાં તમામ રિવાયતો સહીહ જ નથી હોતી, અમુક ઝઈફ બલ્કે મૌઝૂઅ (બનાવટી) પણ હોય છે. અમુક તલબા બલ્કે અમુક મુદર્રિસો દાઢીમૂંડા (કે કતરવાવાળા) હોય છે. તો શું તેના કારણે મદ્રસા બંધ કરી દેવામાં આવશે ? નહીં બલ્કે તે હરામ ચીજોને રોકવાની કોશિશ કરવામાં આવશે. બતાવો ! જો દાઢી મૂંડો કુર્આન પઢે તો કેવું ? કુર્આન પઢવાનું બંધ કરશો ? હરગિઝ નહીં ! તો પછી દાઢી મૂંડો મીલાદ પઢે તો શાથી બંધ કરો છો ?

વાંધો (૩) મેહફિલે મીલાદના કારણે રાતે સૂવામાં મોડું થાય છે જેના કારણે ફજરની નમાઝ કઝા થાય છે અને જેના લીધે ફર્ઝ છૂટે તે હરામ છે જેથી મીલાદ હરામ છે.

જવાબ : પ્રથમ વાત તો એ કે મીલાદ શરીફ હમેશાં રાત્રે નથી થતી, ઘણીવાર દિવસમાં પણ થાય છે. જ્યાં રાતમાં થાય છે તો બહુ મોડે સુધી નથી થતી ૧૦–૧૧ વાગતા સુધીમાં ખત્મ થઈ જાય છે, એટલીવાર તો લોકો આમ પણ જાગતા જ હોય છે. અને જો મોડુ થઈ પણ જાય તો પણ જમાઅતથી નમાઝ પઢવાના પાબંદ માણસો સવારે નમાઝના સમયે જાગી જાય છે, જેમ કે

વારંવારનો અનુભવ છે. જેથી આ વાંધો પણ કેવળ રસૂલે પાક ﷺ નો ઝિક્ર રોકવાનું બહાનું છે અને જો કદી મીલાદ શરીફ મોડેથી પૂરી થઈ અને તેના કારણે કોઈની નમાઝના સમયે આંખ ન ખુલી તો તેના કારણે મીલાદ શરીફ શાથી હરામ થઈ ગઈ ?! દીની મદ્રસાઓના વાર્ષિક જલસા તથા અન્ય ધાર્મિક તથા સામાજિક જલસા રાત્રે મોડે સુધી ચાલે છે, રાત્રે રેલગાડીમાં સફર કરવાનું થાય છે તો મોડી રાત સુધી જાગવાનું થાય છે, તો કહો જોઈએ આ જલસા આ નિકાહ, આ રેલગાડીની મુસાફરી હલાલ છે કે હરામ ? જ્યારે આ તમામ ચીજો હલાલ છે તો ફક્ત મીલાદ પાક જ કેમ હરામ થશે ? કારણ દર્શાવવું જરૂરી છે !

વાંધો (૪) : અલ્લામા શામીએ શામી, ભાગ–૨, કિતાબુસ્સોમ, બહષે નઝરે અમ્વાતમાં કહ્યું કે મીલાદ શરીફ સૌથી બદતર ચીજ છે. એ જ પ્રમાણે તફસીરાતે અહમદિયા શરીફમાં મહફિલે મીલાદ શરીફને હરામ બતાવી અને તેને હલાલ જાણનારાઓને કાફિર કહ્યા. જેનાથી જાણવા મળ્યું કે મેહફિલે મીલાદ સખત બુરી ચીજ છે.

જવાબ : શામીએ મીલાદ શરીફની મજલિસને હરામ નથી કહી પણ જે મજલિસમાં વાજિંત્રો સાથે ગીતો તથા ફુઝૂલ ચીજો હોય અને તેને લોકો મીલાદ કહે તથા સવાબનું કામ સમજે તેને મના ફર્માવ્યું છે. જેમ કે આપ આ ચર્ચામાં ફર્માવે છે :–

وَاَقْبَحُ مِنْهُ النَّذْرُ بِقَرَائَةِ الْمَوْلِدِ فِیْ الْمَنَائِرِ مَعَ اِشْتِمَالِهٖ عَلَی الْغَنَاءِ وَاللَّعَبِ وَاِیْهَابِ ثَوَابِ ذٰلِكَ اِلٰی حَضْرَتِ الْمُصْطَفٰی

''એનાથી પણ બુરું મીનારાઓમાં મૌલૂદ પઢવાની નઝર માનવું છે તેમ છતાં કે મૌલૂદમાં ગાવાનું તથા ખેલકૂદ (મનોરંજન) હોય છે તેનો સવાબ હુઝૂર ﷺ ને હદિયો કરવું. એ જ પ્રમાણે તફસીરાતે અહમદિયાએ તે ગાવાની મજલિસને મના કરી કે જેમાં ખેલ તમાશા (વાજિંત્રો વગેરે) બલ્કે શરાબપાન પણ હોય, અને લોકો તેને સમાઅ કહીને નેક કાર્ય જાણે. તફસીરાતે અહમદિયાએ એ નિરર્થક ચીજોનો ઉલ્લેખ પણ કરી

આપ્યો છે. જુઓ તફસીરાતે અહમદિયા, સૂરએ લુકમાનની આયત :– وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِىْ لَهْوَالْحَدِيْثِ ''અમે પણ પહેલાં જણાવ્યું કે મહફિલે મીલાદમાં નિરર્થક ચીજો ન હોય. **મેં (લેખક) ખૂદ કરાચીમાં જોયું કે અમુક ઠેકાણે વાજિંત્રો સાથે નઅત પઢે છે અને તેને મીલાદ શરીફ કહે છે !** એકવાર સહસવાં જિલ્લા બદાયૂંની નજીક કોઈ ગામમાં એક વ્યક્તિએ પોતાના પિતાની ફાતેહા કરાવી તો કુર્આન શરીફની તિલાવત કરાવવાને બદલે ગ્રામોફોન રેકોર્ડ પર યાસીન વગાડીને તેનો સવાબ પિતાની રૂહને બખ્શ્યો ! આવી બેહૂદા તથા હરામ વાતોને કોણ જાઈઝ કહે છે ?! એ જ પ્રમાણે તે હઝરાતના જમાનામાં પણ આવી બેહૂદા નિરર્થક મજલિસો થતી હશે તેને તેઓ મના કહી રહ્યા છે. જો મુત્કલન (તદન જ) મીલાદ શરીફને જાઈઝ માનવું કુફ્ર છે, તો હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ દેવબંદીઓના પીરો મુર્શિદ પણ તેમાં સામેલ થઈ જશે !

વાંધો (૫) : નઅત ખ્વાની હરામ છે કેમ કે એ પણ એક પ્રકારનું ગાણુ છે અને ગાવાની હદીષોમાં બુરાઈ આવેલી છે, એ જ પ્રમાણે સીરીની વહેંચવું પણ છે કે એ ફુઝૂલખર્ચી છે.

જવાબ : નઅત કહેવી અને નઅત પઢવી બેહતરીન ઈબાદત છે. આખુ કુર્આન હુઝૂર ﷺ ની નઅત છે. જુઓ એની તેહકીક માટે અમારી કિતાબ ''શાને હબીબુર્રહમાન.'' પાછલા અંબિયાએ કિરામે હુઝૂર ﷺ ની નઅત ખ્વાની કરી, સહાબાએ કિરામ અને સર્વ મુસલમાન નઅત શરીફને મુસ્તહબ જાણતા રહ્યા. ખૂદ હુઝૂર ﷺ એ પોતાની નઅત પાક સાંભળી અને નઅતખ્વાનોને દુઆઓ આપી. હઝરત હસ્સાન رضی اللہ عنہ નઅતિયા શેઅરો અને અને કાફિરોની બુરાઈઓ પદ્યમાં ગોઠવીને હુઝૂર ﷺ ની ખિદમતમાં લાવતા હતા, તો હુઝૂર ﷺ તેમના માટે મસ્જિદમાં મિમ્બર બિછાવતા હતા અને હઝરત હસ્સાન તેના પર ઉભા રહીને નઅત શરીફ સંભળાવ્યા કરતા હતા અને હુઝૂર ﷺ દુઆઓ આપતા હતા કે: اَللّٰهُمَّ اَيِّدْهُ بِرُوْحِ الْقُدُوْسِ ''હે અલ્લાહ ! હસ્સાનની રૂહુલ કુદ્સ થકી મદદ કર.''

(જુઓ મિશ્કાત શરીફ ભાગ–૨, બાબુશ્શેઅર)

આ હદીષથી એ જાણવા મળ્યું કે નઅત કહેવું (નઅતગોઈ) તથા નઅતખ્વાની (નઅત પઢવી) એવી ઉચ્ચ ઈબાદત છે કે તેના કારણે હઝરત હસ્સાન رضی اللہ عنہ ને મુસ્તફા ﷺ ની મજલિસમાં મિમ્બર આપવામાં આવ્યું. અબૂતાલિબે નઅત લખી, ખરપૂતી શરહે કસીદા બુરદામાં છે કે કસીદા બુરદાના લેખકને લકવો થઈ ગયો હતો અને કોઈ ઈલાજ કારગત નીવડતો ન હતો, છેવટે કસીદા બુરદા શરીફ લખી તો રાત્રે ખ્વાબમાં હુઝૂર ﷺ ની ખિદમતમાં ઉભા રહીને સંભળાવ્યો તો શિફા (તંદુરસ્તી) પણ પામી અને ઈનામમાં ચાદર મુબારક પણ મળી. નઅત શરીફથી દીન તથા દુનિયાની નેઅમતો મળે છે. મૌલાના જામી, ઈમામ અબૂ હનીફા, હુઝૂર ગૌષે رضی اللہ عنہم પાક મતલબ કે સર્વ ઔલિયા તથા ઉલમાએ નઅતો લખી અને પઢી છે. તે હઝરાતના નઅતિયા કસીદાઓ મશહૂર છે. હદીષ તથા ફિકહમાં ગાવા વગાડવાની બુરાઈઓ છે પણ નઅતની નહીં, પણ જે ગીતોમાં અખ્લાકને ખરાબ કરનાર વિષય હોય, ઔરતો તથા શરાબની તારીફો હોય તે ગીતો ખરેખર નાજાઈઝ છે. તેની પૂરી તહકીકના માટે મિર્કાત શરહે મિશકાત બાબ માયુકાલુ બઅ્દત્તકબીર (કિતાબુ સ્સલાત) અને બાબુશ્શેઅરમાં જુઓ.

ફકીહો ફર્માવે છે કે ફસીહ તથા બલીગ અશ્આરનું શીખવું ફર્ઝે કિફાયહ છે ભલે તેના વિષય ખરાબ હોય પણ તેના શબ્દો વડે ઈલ્મોમાં મદદ મળે છે. 'દીવાને મુતનબ્બી' વગેરે ઈસ્લામી મદ્રસાઓમાં દાખલ છે, જો કે તેના વિષય ગંદા છે, તો પછી નઅતિયા અશ્આર શીખવા, યાદ કરવા, પઢવા જેના વિષય પણ ઉચ્ચ અને શબ્દો પણ પાકીઝા હોય તો કઈ રીતે નાજાઈઝ થઈ શકે છે ! શામીના મુકદ્દમા (પ્રસ્તાવના)માં શેઅરની ચર્ચામાં છે :–

وَمَعْرِفَةُ شِعْرِهِمْ رِوَايَةً وَدِرَايَةً عِنْدَ فُقَهَاءِ الْاِسْلَامِ فَرْضُ كِفَايَةٍ لِاَنَّهٗ تَثْبُتُ بِهٖ قَوَاعِدِ الْعَرَبِيَّةِ وَكَلَامُهُمْ وَاِنْ جَازَفِيْهِ الْخَطَاءِ فِى الْمَعَانِىْ فَلَا يَجُوْزُ فِيْهِ الْخَطَاءِ فِى الْاَلْفَاظِ

''શાયરોના જાહિલિયતના શેઅરોને જાણવા, સમજવા, રિવાયત કરવા એ ઈસ્લામના ફકીહોની નજીક ફર્ઝે કિફાયા છે, કેમ કે એનાથી અરબી કાયદા

સાબિત કરવામાં આવે છે અને તેમના કલામમાં જો કે અર્થની દષ્ટિએ શક્ય છે પણ શાબ્દિક ગલતી નથી હોઈ શકતી. ગાવાની પૂરી તેહકીક ઉર્સની ચર્ચામાં કવ્વાલીના હેઠળ આવશે, ઈન્શાઅલ્લાહ ! શીરીની (મીઠી ચીજ) વહેંચવી ઘણું જ સારું કામ છે. ખુશીના પ્રસંગે ખાવા ખવડાવવું, મીઠાઈ વહેંચવી હદીષોથી સાબિત છે. અકીકો, વલીમો વગેરેમાં ખાવાની દાવત સુન્નત છે, કેમ ? એટલા માટે કે એ ખુશીનો મોકો છે. ખાસ, નિકાહના વખતે ખારેક વહેંચવી, એને લૂટાવવી ખુશી પ્રદર્શિત કરવા માટે સુન્નત છે. મુસલમાન મહબૂબે પાક ﷺ ના ઝિક્ર પર ખુશી થાય છે જેથી દાવત કરે છે, સદકો ખૈરાત કરે છે, શીરીની વહેંચે છે. એ જ પ્રમાણે ઉસ્તાદોનો તરીકો છે કે દીની કિતાબ શરૂ કરતાં તથા પૂર્ણ થતાં પઢવાવાળા પાસે શીરીની વહેંચાવે છે. મેં મેન્ડુ જિ. અલીગઢમાં અમુક સમય માટે તાલીમ મેળવી છે ત્યાં દેવબંદીઓનો મદ્રસો હતો પણ કિતાબ શરૂ થતાં શીરીની વહેંચવામાં આવતી હતી. એનાથી જાણવા મળ્યું કે દીની કામ કરતાં પહેલાં અને પૂર્ણ થતાં શીરીની વહેંચવી સલફે સાલેહીનની (પૂર્વજ બુઝુર્ગો) સુન્નત છે અને મહફિલે મીલાદ પણ એક દીની કામ છે એમાં સંબંધીઓને મીલાદખ્વાનોને તથા મહેમાનોને ખાવા ખવડાવવું બાદમાં હાજરજનોમાં શીરીની વહેંચવી એમાં જ દાખલ છે. આ વહેંચણીની અસ્લ કુર્આન તથા હદીષથી મળે છે.

કુર્આન ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا نَاجَيْتُمُ الرَّسُوْلَ فَقَدِّمُوْا بَيْنَ يَدَىْ نَجْوٰىكُمْ صَدَقَةً ذٰلِكَ خَيْرٌ لَّكُمْ وَاَطْهَرُ (પારા૨૮ સૂરહ મુજાદલહ)

''હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે રસૂલને કાંઈ આહિસ્તા અર્ઝ કરવા ચાહો તો એથી પહેલાં કાંઈક સદકો આપી દો એ તમારા માટે બેહતર તથા ઘણું જ સુથરુ છે.'' *(પારા–૨૮, સૂરએ મજાદિલહ્)*

આ આયતથી જાણવા મળ્યું કે ઈસ્લામની શરૂઆતમાં માલદારો માટે જરૂરી હતું કે જ્યારે હુઝૂર ﷺ થી કોઈ જરૂરી મશ્વરો કરે તો પ્રથમ ખૈરાત

કરે. જેમ કે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ એક દીનાર ખૈરાત કરીને હુઝૂર ﷺ ને દસ મસ્અલા પૂછયા અને બાદમાં તેનો વાજિબ પણ મન્સૂખ (રદ) થઈ ગયું. (જુઓ તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન તથા ખાઝિન તથા મદારિક) ભલે વાજિબપણુ મન્સૂખ થઈ ગયું પણ મુબાહ હોય તથા મુસ્તહબ હોવું તો બાકી છે. એનાથી જાણવા મળ્યું કે ઔલિયા અલ્લાહના મઝારો પર કાંઈક શીરીની લઈને જવું, મુર્શિદો અને સાલેહ લોકો પાસે કાંઈક લઈને હાજર થવું મુસ્તહબ છે. એ જ પ્રમાણે હદીષો તથા કુર્આન કે દીની કિતાબોને શરૂ કરતી વખતે કાંઈક સદકો કરવો બેહતર છે. મીલાદ શરીફ પઢતાં પહેલાં કાંઈક ખૈરાત કરવી સવાબનું કામ છે, કેમ કે એમાં હકીકતમાં હુઝૂર સાથે વાત કરવું છે.

તફસીરે ફત્હુલ અઝીઝ પેજ–૮૬ માં શાહ અબ્દુલ અઝીઝ સાહબે એક હદીષ નકલ કરી છે : "બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે હઝરત ફારૂકે સૂરએ બકરહ બાર વરસની મુદતમાં તેના રમૂઝ તથા અસ્રાર (રહસ્યો)ની સાથે પઢી. જ્યારે ફારિગ થયા તો ખત્મના દિવસે એક ઊંટ ઝબહ કરીને ઘણુ બધું ખાણુ પકાવીને સહાબાએ કિરામને ખવડાવ્યું. મહત્વના ભલાઈના કાર્યથી ફારિગ થઈને શીરીની વહેંચવી તથા ખવડાવવાનું સાબિત થયું. મીલાદે પાક પણ મહત્વનું કામ છે. બુઝુર્ગાને દીન તો ફર્માવે છે કે કોઈ સગા સંબંધીને ત્યાં જાવ તો ખાલી ન જાવ પણ કાંઈક લઈને જાવ. تَهَادُوْا وَتَحَابُّوْا "એકબીજાને હદિયો આપો તો મહોબ્બત વધશે." ફકીહો ફર્માવે છે કે જ્યારે દયારે મહબૂબ એટલે કે મદીનાપાકમાં જાવ તો ત્યાંના ફકીરોને સદકા આપો કે તેઓ અલ્લાહના રસૂલના પડોશી છે. રબ તઆલાને ત્યાં પણ પ્રથમ સવાલ એ જ થશે કે શું અમલો લાવ્યા ?

હક બ ફર્માયદ યે આવુર્દી મરા
અન્દરા મોહલત કે મન દારમ તૂરા

(**અર્થ** : રબ ફર્માવશે કે તેં શું કર્યું તે મોહલતના દિવસોમાં જે મેં તને આપ્યા હતા ?)

આ વહેંચણી ફુઝૂલખર્ચી નથી. કોઈકે સૈયદેના ઈબ્ને ઉમર رضى الله عنه ને કહ્યું

કે, لَاخَيْرٌفِى السَّرْفِ "ફુઝૂલખર્ચીમાં ભલાઈ નથી" તો આપે તુરત જ જવાબ આપ્યો, لَاسَرْفٌ فِى الْخَيْرِ "ભલાઈમાં ખર્ચ કરવો ફુઝૂલખર્ચી નથી."

વાંધો (૬) : મહફિલે મીલાદના માટે એકબીજાને બોલાવવા હરામ છે. જુઓ ! લોકોને બોલાવીને નફલની જમાઅત પણ મના છે. તો શું મીલાદ એનાથી વધીને છે ? *(બરાહીન)*

જવાબ : વઅઝની મજલિસ, વલીમાની દાવત, ઈમ્તેહાનની મજલિસ તથા નિકાહની તથા અકીકાની મજલિસ વગેરેમાં લોકોને બોલાવવામાં જ આવે છે, તો બોલો આ કામો હરામ થઈ ગયાં કે હલાલ રહ્યા ? જો કહો કે નિકાહ તથા વાઅઝ વગેરે ઈસ્લામના ફર્ઝોમાંથી છે જેથી તેના માટે મજમો કરવો હલાલ છે, તો જનાબ તાઝીમે રસૂલ ﷺ મહત્વના ફર્ઝોમાંથી છે ! જેથી એના માટે પણ મજમો કરવો હલાલ છે. નમાઝ પર અન્ય હાલતોનો કયાસ કરવો સખ્ત જહાલત છે. જો કોઈ કહે કે નમાઝ વઝૂ વિના મના છે જેથી કુર્આનની તિલાવત પણ વુઝૂ વિના મના હોવી જોઈએ, તે મૂર્ખ છે. આ વાતને વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ નથી.

વાંધો ૭ : કોઈની યાદગાર મનાવવી અને દિવસ, તારીખ નિશ્ચિત કરવી શિર્ક છે અને મીલાદ શરીફમાં આ બંને છે જેથી એ પણ શિર્ક છે.

જવાબ : ખુશીની યાદગાર મનાવવી પણ સુન્નત છે અને દિવસ તથા તારીખ નક્કી કરવી મસ્નૂન છે, તેને શિર્ક કહેવું અત્યંત દરજાની જહાલત તથા બેદીની છે. રબ તઆલાએ મૂસા عليه الصلوٰة والسلام ને હુકમ આપ્યો : وَذَكِّرْهُمْ بِاَيّٰمِ اللّٰهِ એટલે બની ઈસ્રાઈલને તે દિવસ પણ યાદ અપાવો જેમાં અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલ પર નેઅમતો ઉતારી દીધી. જેમ કે ફિરઔનનું ગર્ક થવું, મન્ન તથા સલ્વાનું ઉતરવું વગેરે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

જાણવા મળ્યું કે જે દિવસોમાં રબ તઆલા પોતાના બંદાઓને નેઅમત આપે તેની યાદગાર મનાવવાનો હુકમ છે. મિશકાત કિતાબુસ્સૌમ બાબે સોમુત્તલૂઅ ફસ્લ અવ્વલમાં છે :–

سُئِلَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ صَوْمِ الْاِثْنَيْنِ فَقَالَ فِيْهِ وُلِدْتُّ وَفِيْهِ اُنْزِلَ عَلَيَّ

હુઝૂર ﷺ ને પીર (Monday) ના દિવસના બારામાં પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે, "તે દિવસે હું પેદા થયો અને એ જ દિવસે મારા પર વહીનો પ્રારંભ થયો." સાબિત થયું કે પીરના દિવસનો રોઝો એટલા માટે સુન્નત છે કે એ દિવસ હુઝૂર ﷺ ની વિલાદતનો છે. એનાથી ત્રણ વાતો જાણવા મળી : યાદગાર મનાવવી સુન્નત છે તથા એના માટે દિવસ નક્કી કરવો સુન્નત છે, હુઝૂર ﷺ ની વિલાદતની ખુશીમાં ઈબાદત કરવી સુન્નત છે, ઈબાદત ચાહે શારીરિક હોય જેમ કે રોઝા અથવા નવાફિલ અથવા માલી જેવા કે સદકા, ખૈરાત, શીરીની વહેંચવી વગેરે. મિશ્કાતમાં એ જ બાબ તથા ફસ્લમાં સાબિત છે કે જ્યારે હુઝૂર ﷺ મદીના પાકમાં તશરીફ લાવ્યા તો ત્યાં યહૂદીઓને જોયા કે આશૂરાના દિવસે રોઝા રાખી રહ્યા છે, સબબ પૂછયો તો તેમણે અર્ઝ કરી કે આ દિવસે હઝરત મૂસા عليه الصلوٰة والسلام ને રબતઆલાએ ફિરઔનથી નજાત આપી હતી તો અમે તેના શુક્રિયામાં રોઝા રાખીએ છીએ. તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું : فَنَحْنُ اَحَقُّ وَاَوْلٰى بِمُوْسٰى مِنْكُمْ અમે મૂસા عليه الصلوٰة والسلام થી તમારા કરતાં અધિક નિકટ છીએ : فَصَامَهٗ وَاَمَرَ بِصِيَامِهٖ ખૂદ પણ તે દિવસે રોઝો રાખ્યો અને લોકોને પણ આશૂરાના રોઝાનો હુકમ ફર્માવ્યો. જેમ કે ઈસ્લામના શરૂમાં આ રોઝો ફર્ઝ હતો, હવે ફર્ઝિયત મન્સૂખ થઈ ચૂકી છે પણ મુસ્તહબ હોવું બાકી છે.

એ જ મિશ્કાતમાં એ જ બાબ (પ્રકરણ)માં છે કે આશૂરાના રોઝાના વિશે કોઈએ હુઝૂર ﷺ ને અર્ઝ કરી કે, "એમાં યહૂદીઓ સાથે મુશાબેહત (મળતાપણું) છે." તો ફર્માવ્યું કે, સારું ! જો આવતા વરસે જિંદગી રહી તો અમે બે રોઝા રાખીશું. એટલે કે છોડયો નહીં પણ વધારો કરીને અહલે કિતાબની મુશાબેહતથી બચી ગયા. અમે શાને હબીબુર્રહમાન"માં કિતાબોના હવાલાથી બયાન કર્યું છે કે પંજગાના નમાઝોની રકાતો વિવિધ શા માટે છે ? ફજરમાં બે, મગરિબમાં ત્રણ, અસરમાં ચાર... ત્યાં જવાબ આપ્યો છે કે આ નમાઝો પાછલા

અંબિયાની યાદગારો છે કે હઝરત આદમ عليه الصلوة والسلام એ દુનિયામાં આવીને રાત જોઈ તો પરેશાન થઈ ગયા, સવારના સમયે બે રકાત શુક્રિયાની અદા કરી. હઝરત ઈબ્રાહીમ عليه الصلوة والسلام એ પોતાના ફરઝંદ હઝરત ઈસ્માઈલ عليه الصلوة والسلام ના ફિદયામા દુમ્બો પામ્યો, લખ્તે જિગરની જાન બચી કુર્બાની મંઝૂર થઈ તો ચાર રકાત શુક્રિયામાં અદા કરી એ ઝોહર બની વગેરે વગેરે. જાણવા મળ્યું કે નમાઝની રકાતો પણ અન્ય અંબિયાની યાદગારો જ છે. હજ્જ તો શરૂથી આખર સુધી હાજરા તથા ઈસ્માઈલ તથા ઈબ્રાહીમ عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُની યાદગાર છે. હવે ન તો ત્યાં પાણીની તલાશ છે અને ન શૈતાનનું કુર્બાનીથી રોકવું છે, પણ સફા તથા મરવા વચ્ચે ચાલવું, દોડવું, મિના શૈતાનને કાંકરી મારવી એ જ દસ્તૂર પ્રમાણે મૌજૂદ છે, આ કેવળ યાદગારના માટે છે. તેની ઉમદા ચર્ચા માટે જુઓ ''શાને હબીબુર્રહમાન.''

રમઝાન મહીના તથા ખાસ શબે કદ્ર એટલા માટે અફઝલ થયાં કે તેમાં કુર્આન કરીમનું ઉતરાણ થયું છે.રબ તઆલા ફર્માવે છે :– اِنَّاۤاَنْزَلْنٰهُ فِیْ لَیْلَةِ الْقَدْرِ : જ્યારે شَهْرُ رمضان الذى انزل فيه القران અને ફર્માવે છે કુર્આનના નુઝૂલના કારણે આ મહીનો તથા આ રાત કિયામત સુધીના માટે ઉચ્ચ થઈ ગઈ, તો સાહિબે કુર્આન ﷺ ની વિલાદત પાકથી કિયામત સુધી રબીઉલ અવ્વલ તથા તેની ૧૨મી તારીખ આ'લા તથા અફઝલ થઈ ગયાં. હઝરત ઈસ્માઈલ عليه الصلوة والسلام ની કુર્બાનીના દિવસને ઈદનો દિવસ ઠરાવવામાં આવ્યો. જાણવા મળ્યું કે જે દિવસે જે તારીખમાં કોઈ અલ્લાહવાળા પર અલ્લાહની રહમત આવી હોય તે દિવસ તે તારીખ કિયામત સુધી રહમતનો દિવસ બની જાય છે. જુઓ, જુમ્આનો દિવસ એટલા માટે અફઝલ છે કે એ દિવસમાં પાછલા અંબિયા عَلَيْهِمُ السَّلَامُ પર રબનાં ઈનામો થયાં કે આદમ عليه الصلوة والسلامની પેદાઈશ, તેમને સજદો કરાયો, તેમનું દુનિયામાં આવવું, નૂહ عليه الصلوة والسلام ની કશ્તીનું પાર લાગવું, યૂનુસ عليه الصلوة والسلام નું માછલીના પેટથી બહાર આવવું, યાકૂબ عليه الصلوة والسلامનું પોતાના ફરઝંદથી મળવું, મૂસા عليه الصلوة والسلام નું ફિરઔનથી નજાત પામવું, પછી ભાવિમાં કયામતમાં આવવું સૌ જુમ્આના દિવસે છે જેથી જુમ્આ ''સૈયદુલ ઐયામ'' થઈ ગયો.

એથી ઊલ્ટુ જે સ્થળો જે તારીખોમાં કૌમો પર અઝાબ આવ્યો તેનાથી ડરો ! મંગળના દિવસે પછના ન લો (ખરાબ લોહી ન ચૂંસાડવું) કે એ ખૂનનો દિવસ છે, એ દિવસે હાબિલનું ખૂન થયું, તે દિવસ હઝરત હવ્વાને હૈઝ શરૂ થયું. જુઓ, એ દિવસોમાં આ પ્રસંગો કયારેક એક વાર થઈ ગયા પણ એ પ્રસંગોના કારણે એ દિવસોમાં અઝમત અથવા હિકારત હમેશાના માટે થઈ ગઈ.

જાણવા મળ્યું કે બુઝુર્ગોની ખુશી કે ઈબાદતની યાદગારો મનાવવી ઈબાદત છે. આજે પણ વિરોધીઓ પોતાના ઈસ્માઈલ શહીદની યાદગાર, મૌલાના કાસિમની યાદગાર ખૂદ વિરોધીઓ મનાવે છે. જો કોઈ ચીજને નિશ્ચિત કરવું શિર્ક છે તો દેવબંદ મદ્રસાની ઈમ્તેહાનની નક્કી તારીખ, છુટ્ટીઓના માટે રમઝાન માસનું મુકર્રર કરવું, દસ્તારબંદી માટે દિવસ નક્કી કરવો, મુદર્રિસોનો પગાર મુકર્રર, ખાવા તથા સૂવા માટેનો સમય મુકર્રર, જમાઅતના માટે કલાક મિનિટ મુકર્રર, નિકાહ, વલીમા તથા અકીકાના માટે દિવસો મુકર્રર !! મીલાદ શરીફને શિર્ક સાબિત કરવાના શોખમાં પોતાના ઘરને તો આગ ન લગાડો ! આ તારીખો કેવળ એક આદત પ્રમાણે નિશ્ચિત કરવામાં આવે છે, એવું કોઈ નથી સમજતુ કે આ તારીખો સિવાય અન્ય તારીખોમાં મેહફિલે મીલાદ જાઈઝ નથી. એટલા માટે અમારા યુ.પી.માં દરેક મુસીબતના સમયે કોઈના ઈન્તેકાલના પછી મીલાદ શરીફ કરે છે. કાઠિયાવાડમાં ખાસ શાદીના દિવસે, મૈયતના ત્રીજયા, દસમા કે ચાલીસાના દિવસે મીલાદ શરીફ કરે છે. પછી માહે રબીઉલ અવ્વલમાં દરેક જગાએ આખો મહીનો મીલાદ શરીફ થતી રહે છે. દેવબંદ સિવાય દરેક જગાએ દસ્તૂર છે બલ્કે સાંભળવામાં આવ્યું છે કે ત્યાં પણ આમ લોકો મીલાદ શરીફ કરતા રહે છે.

યાદ રાખશો કે દિવસ કે જગા નિશ્ચિત કરવી અમુક કારણોસર મના છે, એક એ કે તે દિવસ કે જગાએ કોઈ મૂર્તિ સાથે નિસ્બત ધરાવતાં હોય જેમ કે હોળી, દીવાળીને તેની તાઝીમના માટે દેગ પકાવે અથવા મંદિરમાં જઈને સદકો કરે. એટલા માટે મિશ્કાતના નઝરના પ્રકરણમાં છે કે કોઈકે બવાનામાં ઊંટ ઝબહ કરવાની નિય્યત કરી. તો ફર્માવ્યુ કે ત્યાં કોઈ મૂર્તિ કે કાફિરોનો મેળો હતો ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, જા તારી નઝર પૂરી કર. અથવા આ નિશ્ચિત

કરવામાં કાફિરો સાથે મળતાપણું થતુ હોય અથવા નિશ્ચિત કરવાને વાજિબ જાણે. એટલા માટે મિશ્કાત બાબે સૌમુન્નફલમાં છે કે કેવળ જુમ્આના દિવસે રોઝાથી મના કરવામાં આવ્યું, કેમ કે એનાથી યહૂદીઓ સાથે મળતાપણું છે અથવા એને વાજિબ જાણવું મના છે અથવા જુમ્આ ઈદનો દિવસ છે તેને રોઝાનો દિવસ ન બનાવો.

આ વાંધોઓથી જાણવા મળ્યું કે વિરોધીઓ પાસે હરામ હોવાની (હુર્મતની) કોઈ દલીલ મૌજૂદ નથી, આમ જ એક ચીડ પેદા થઈ ગઈ છે એટલા માટે કેવળ બાતિલ કયાસો વડે હરામ કરે છે. પણ યાદ રાખશો કે :–

मिट गये मिटते हैं मिट जाएँगे आ'दा तेरे
न मिटा है न मिटेगा कभी चर्चा तेरे

મીલાદમાં કિયામ કરવા વિશે ચર્ચા

(આ ચર્ચામાં એક પ્રસ્તાવના તથા બે વિભાગ છે.)

પ્રસ્તાવનામાં કિયામના સંબંધી જરૂરી વાતો છે. નમાઝમાં બે પ્રકારની ઈબાદતો છે, કૌલી તથા ફેઅલી. કૌલી તો કુર્આને કરીમની તિલાવત, રુકૂઅ સજદાઓની તસ્બીહ, અત્તહિય્યાત વગેરેનું પઢવું અને ફેઅલી ઈબાદત ચાર છે : કિયામ, રુકૂઅ, સજદા, બેસવું. **કિયામ**નો અર્થ છે એ રીતે સીધા થવું કે હાથ, ગુથણો સુધી ન પહોંચી શકે. **રુકૂઅ**નો અર્થ છે કે એટલા સુધી ઝુકવું કે ગુથણો સુધી હાથ પહોંચી જાય. એટલા માટે વધારે પીઠ વાંકી વળી ગઈ હોય તેવાની પાછળ તંદુરસ્તની નમાઝ જાઈઝ નથી, કેમ કે તે કિયામ નથી કરી શકતો, દરેક વખત રુકૂઅ માં રહે છે. **સજદા**નો અર્થ છે : સાત અંગોનું જમીન પર લાગવું. બંને હાથોના પંજા, બંને ગુથણો, બંને હથેળીઓ, નાક તથા પેશાની. ઈસ્લામથી પહેલાં બીજા અંબિયાની ઉમ્મતોમાં કોઈની તાઝીમ માટે ઉભા થવું, રુકૂઅ કરવો, સિજદો કરવો અને બેસવું દરેક કામ જાઈઝ હતું પણ ઈબાદતની નિય્યતથી નહીં બલ્કે તાઝીમના માટે હતું. ખુદા પાકે હઝરત આદમ عليه الصلوٰة والتسليم ને ફરિશતાઓ થકી તાઝીમી સિજદો કરાવ્યો, અને યાકૂબ عليه الصلوٰة والتسليم અને તેમના ફરઝંદોએ યૂસુફ عليه الصلوٰة والتسليم ને તાઝીમી સજદો કર્યો. (કુર્આન કરીમ) પણ ઈસ્લામે તાઝીમી કિયામ તથા તાઝીમ માટે બેસવાને તો જાઈઝ રાખ્યું પણ **તાઝીમી રુકૂઅ અને તાઝીમી સિજદાને હરામ કરી આપ્યા.**

જાણવા મળ્યું કે કુર્આન હદીષ થકી મન્સૂખ થાય છે કેમ કે ગૈરુલ્લાહ માટે તાઝીમી સજદાની સાબિતી તો કુર્આનથી છે અને તે હુકમનું રદ થવું હદીષથી છે. એ પણ યાદ રાખશો કે કોઈની સામે ઝુકવું અને જમીન પર માથુ રાખવું ત્યારે હરામ થશે જ્યારે રૂકુઅ તથા સજદાની નિય્યતે એ કામ કરે. પરંતુ જો કોઈ બુઝુર્ગનાં પગરખાં સીધાં કરવાં અથવા હાથ કે પગો ચૂમવાના માટે ઝૂકયો તો જો કે ઝુકવાનું તો જોવા મળ્યું પણ એમાં રુકૂઅની નિય્યત નથી જેથી એ

રુકૂઅ નથી. હા ! **રુકૂઅ જેટલા વાંકા વળીને સલામ કરવી હરામ છે** એટલે કે તાઝીમના માટે રુકૂઅની હદ સુધી ઝુકવું હરામ છે અને ઝુકવું કોઈ અન્ય કામ માટે હતું ભલે તે કામ તાઝીમ માટેનું હોય તો તે જાઈઝ છે, જેમ કે કોઈનાં પગરખાં સીધાં કરવાં વગેરે. આ ફરક જરૂરથી ધ્યાનમાં રાખશો કે ખૂબ જ બારીક છે. શામી, જિલ્દ પંજુમ, કિતાબુલ કરાહત બાબુલ ઈસ્તબરાના છેવટમાં છે :

اَلْاِيْمَاءُ فِى السَّلَامِ اِلٰى قَرِيْبِ الرُّكُوْعِ كَالسُّجُوْدِوَفِى الْمُحِيْطِ اَنَّهٗ يَكْرَهُ الْحِنَاءُ لِلسُّلْطٰنِ وَغَيْرِهٖ

ઈસ્લામમાં રુકૂઅ સમાન ઝુકીને ઈશારો કરવો સજદાની જેમ (હરામ) છે. મુહીતમાં છે કે બાદશાહ સામે ઝુકવું મકરૂહે તહરીમી છે.

(પ્રથમ વિભાગ)

★ મીલાદમાં કિયામની સાબિતી ★

કિયામ એટલે ઉભા થવું છ રીતનું છે : જાઈઝ કિયામ, કિયામ ફર્ઝ, સુન્નત કિયામ, મુસ્તહબ કિયામ, મકરૂહ કિયામ, હરામ કિયામ. દરેકને ઓળખવાનો કાયદો રજુ કરી આપીએ છીએ, જેથી મીલાદના કિયામની સ્થિતિ આપોઆપ સમજાઈ જશે, કે એ કિયામ કેવો છે.

(૧) દુનિયાવી જરૂરતો માટે ઉભા થવું જાઈઝ છે. એનાં સેંકડો દૃષ્ટાંતો છે : ઉભા થઈને ઈમારત બનાવવી તથા અન્ય દુનિયવી કારોબાર કરવો. فَاِذَا قُضِيَتِ الصَّلٰوةُ فَانْتَشِرُوْا فِى الْاَرْضِ ''જ્યારે જુમ્આની નમાઝ થઈ જાય તો ધરતી પર ફેલાઈ જાવ.'' ફેલાવું ઉભા થયા વિના શક્ય નથી.

(૨) પંજવક્તા નમાઝ અને વાજિબ નમાઝમાં કિયામ ફર્ઝ છે. وَقُوْمُوْا لِلّٰهِ قَانِتِيْنَ ''અલ્લાહની સમક્ષ ઈતાઅત કરતાં ઉભા રહો.'' એટલે કે જો કોઈ શખ્સ શક્તિ હોવા છતાં બેસીને એ નમાઝ અદા કરે તો નમાઝ થશે નહીં.

(૩) નવાફિલ (નફલો)માં ઉભા રહેવું મુસ્તહબ છે અને બેસીને પણ જાઈઝ છે, એટલે કે ઉભા રહીને પઢવામાં અધિક સવાબ છે.

(૪) અમુક પ્રસંગોએ ઉભા રહેવું સુન્નત છે : પ્રથમ તો દીની અઝમતવાળી ચીજની તાઝીમના માટે ઉભા થવું. એટલા માટે આબે ઝમઝમ તથા વુઝૂના વધેલા પાણીને ઉભા થઈને પીવું મસ્નૂન (સુન્નત પ્રમાણે) છે. હુઝૂર ﷺ ના રોઝાપાક પર અલ્લાહ હાજરી નસીબ કરે તો નમાઝની જેમ હાથ બાંધીને ઉભા રહેવું સુન્નત છે. આલમગીરી, ભાગ–૧ આખિર કિતાબુલ હજ્જ, આદાબે ઝિયારતે કબ્રિન્નબી ﷺ માં છે :–

وَيَقِفُ كَمَا يَقِفُ فِى الصَّلٰوةِ وَ يُمَثِّلُ صُوْرَتِهِ الْكَرِيْمَةَ كَاَنَّهٗ نَائِمٌ فِىْ لَحْدِهٖ عَالِمٌ بِهٖ يَسْمَعُ كَلَامَهٗ

''રોઝા પાકની સામે એ રીતે ઉભા રહો જેવી રીતે નમાઝમાં ઉભા રહો છો અને તે જમાલે પાકનો નકશો દિમાગમાં જમાવો, જાણે કે તે સરકાર પોતાની કબ્રે અન્વરમાં આરામ ફર્માવી રહ્યા છે, તેને જાણે છે અને તેની વાત સાંભળે છે. એ જ પ્રમાણે આમ (સામાન્ય) મુસલમાનોની કબ્ર પર ફાતેહા પઢે તો કિબ્લા તરફ પીઠ અને કબ્ર તરફ ચહેરો કરીને ઉભા રહેવું સુન્નત છે. આલમગીરી કિતાબુલ કરાહિયહ્ બાબે ઝિયારતિ કુબૂરમાં છે : يَخْلَعُ نَعْلَيْهِ ثُمَّ يَقِفُ مُسْتَدْبِرَالْقِبْلَةِ مُسْتَقْبِلاًلِوَجْهِ الْمَيِّتِ પોતાના જોડા ઉતારી દે અને કા'બાની તરફ પીઠ અને મૈયતની તરફ મોઢું કરીને ઉભો થાય. રોઝા પાક, આબે ઝમઝમ, વુઝૂનું પાણી, મોમિનની કબર સૌ મોતબર્રક ચીજો છે તેમની તાઝીમ કિયામ થકી કરાવવામાં આવી. બીજું એ કે જ્યારે કોઈ દીની પેશ્વા આવે તો તેની તાઝીમના માટે ઉભા થઈ જવું સુન્નત છે, એ જ પ્રમાણે દીની પેશ્વા સામે ઉભા હોય તો તેમના માટે ઉભા રહેવું સુન્નત અને બેઠેલા રહેવું બેઅદબી છે. મિશ્કાત, જિલ્દ–૧, કિતાબુલ જિહાદ બાબિ હુકિમલ અસ્રાર તથા બાબે કિયામ માં છે કે જ્યારે સઅદ ઈબ્ને મઆઝ رضی اللہ عنہ મસ્જિદમાં દાખલ થયા તો હુઝૂર ﷺ એ અન્સારને હુકમ આપ્યો قُوْمُوْا اِلٰى سَيِّدِكُمْ ''તમારા સરદારના માટે ઉભા થઈ જાવ !'' આ આ તાઝીમી

કિયામ હતો. તેમની કેવળ મજબૂરીના કારણે ઘોડા પરથી ઉતારવાના માટે હોત તો "સૈયિદિકુમ" ફર્માવવામાં ન આવત. આ શબ્દથી જણાય છે કે સરદારીના કારણે કિયામ કરાવવામાં આવ્યા. તેમ જ ઘોડા પરથી ઉતારવા માટે એક બે સાહબ પણ પૂરતા હતા, સૌને શા માટે ફર્માવ્યું કે, ઉભા થઈ જાવ ! તેમજ ઘોડા પરથી ઉતારવાના માટે હોત તો મજલિસમાં હાજરજનોમાંથી કોઈપણ ચાલ્યો જાત, ખાસ અન્સારને કેમ હુકમ ફર્માવ્યો ? તો માનવું પડશે કે આ કિયામ તાઝીમી જ હતો અને હઝરત સઅદ અન્સારના જ સરદાર હતા જેથી તેમના થકી તાઝીમ કરાવવામાં આવી. જે લોકોએ "ઈલા"થી ધોકો ખાઈને કહ્યું કે આ કિયામ ઈમદાદના માટે હતો તેઓ આ આયતમાં શું કહેશે ? اِذَاقُمْتُمْ اِلَى الصَّلٰوةِ શું નમાઝ પણ બીમાર છે ? તેની ઈમદાદના માટે ઉભા થવાનું થાય છે ! અશઅતુલ લમ્આતમાં એ જ હદીષ હેઠળ છે! **(અર્થ)** : આ પ્રસંગે હઝરત સઅદની તાઝીમ તથા અદબ કરાવવામાં એ હિકમત હતી કે તેમને બની કરીઝા પર હુકમ કરવાના માટે બોલાવ્યા હતા, તે જગાએ તેમની શાનનો ઈઝહાર બેહતર તથા મુનાસિબ હતો. મિશકાત બાબે કિયામમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની રિવાયત છે :–

فَاِذَا قَامَ قُمْنَا قِيَامًا حَتّٰى نَرَاهُ قَدْ دَخَلَ بَعْضَ بُيُوْتِ اَزْوَاجِهٖ

"જ્યારે હુઝૂર ﷺ મજલિસથી ઉઠતા તો અમે પણ ઉભા થઈ જતા હતા એટલે સુધી કે અમે જોઈ લેતા હતા કે આપ આપની કોઈ બીવી પાકના ઘરમાં દાખલ થઈ ગયા. અશઅતુલ લમ્આત, કિતાબુલ અદબ, બાબે કિયામમાં હદીષ قُوْمُوْا اِلٰى سَيِّدِكُمْ હેઠળ છે : "આ હદીષના કારણે જમહૂર ઉલમાએ, ઉલમાએ સાલેહીનની તાઝીમ કરવા સંબંધે એકમતિ સાધી છે. નવવીએ ફર્માવ્યું કે બુઝુર્ગોનું આગમન થતાં ઉભા થવું મુસ્તહબ છે, એના બારામાં હદીષ આવી છે અને એની મનાઈમાં સ્પષ્ટપણે કોઈ હદીષ નથી આવી. કનીયહથી નકલ કર્યું કે બેઠેલા માણસનું કોઈ આવનારાની તાઝીમમાં ઉભા થઈ જવું મકરૂહ નથી."

આલમગીરી કિતાબુલ કરાહત મુલાકાતુલ મલૂકમાં છે :–

تَجُوْزُ الْخِدْمَةَ لِغَيْرِاللّٰهِ تَعَالٰى بِالْقِيَامِ وَاَخَذِالْيَدَيْنِ وَالْاِنْحِنَاءِ

ગૈરે ખુદાની અઝમત કરવી ઉભા થઈને, મુસાફો કરીને, ઝુકીને દરેક રીતે જાઈઝ છે. અહીં ઝુકવાનો મતલબ રુકૂઅની હદથી ઓછું ઝુકવું છે, રુકૂઅની હદ (એટલે એટલા વાંકા વળવું કે હાથ ગુથણ પર પહોંચી જાય) સુધી ઝુકવું તો નાજાઈઝ છે, જેમ કે અમે પ્રસ્તાવનામાં દર્શાવી ચૂક્યા છીએ.

દુર્રે મુખ્તાર, ભાગ–૫, કિતાબુલ કરાહત અને ઈસ્તબરાઅના છેવટમાં છે :

يَجُوْزُ بَلْ يُنْدَبُ الْقِيَامِ تَعْظِيْمًا لِلْقَادِمِ يَجُوْزُالْقِيَامِ وَلَوْلِلْقَارِئِ بَيْنَ يَدَيِ الْعَالِمِ

''આવનારના માનમાં ઉભા થઈ જવું જાઈઝ બલ્કે મુસ્તહબ છે જેમ કે કુર્આન પઢવાવાળાએ આલિમની સામે ઉભા થવું જાઈઝ છે.''

એનાથી જાણવા મળ્યું કે કુર્આને પાકની તિલાવત દરમ્યાન પણ કોઈ આલિમે દીન આવી જાય તો તેના માટે ઉભા થવું મુસ્તહબ છે. તેના હેઠળ શામીમાં છે :–

وَقِيَامُ قَارِئُ الْقُرْاٰنِ لِمَنْ يَّجِئُ تَعْظِيْمًا لَا يُكْرَهُ اِذَا كَانَ مِمَّنْ يَسْتَحِقُّ التَّعْظِيْمَ

કુર્આન પઢવાવાળાનું આવનારની તાઝીમમાં ઉભા થવું મકરૂહ નથી જ્યારે કે તે તાઝીમને પાત્ર હોય. શામી, ભાગ–૧, બાબુલ ઈમામતમાં છે કે જો કોઈ શખ્સ મસ્જિદમાં પ્રથમ સફ જમાઅતના ઈન્તેઝારમાં બેઠો છે અને કોઈ આલિમ માણસ આવી ગયો તેના માટે જગા છોડી આપવી અને ખૂદ પાછળ ખસી જવું મુસ્તહબ છે બલ્કે તેના માટે પ્રથમ સફમાં નમાઝ પઢવાથી એ અફઝલ છે. આ તાઝીમ તો ઉમ્મતના ઉલમાની છે, પરંતુ સિદ્દીકે અકબરે તો અયન નમાઝ પઢાવતી વખતે જ્યારે હુઝૂર ﷺ ને તશરીફ લાવતાં જોયા તો ખૂદ મુક્તદી બની ગયા અને નમાઝના દરમ્યાન હુઝૂર ﷺ ઈમામ બન્યા.

(મિશ્કાત બાબે મઝ્ન્નબી)

આ બાબતોથી જાણવા મળ્યું કે બુઝુર્ગાને દીનની તાઝીમ ઈબાદતની હાલતમાં પણ કરવામાં આવે. મુસ્લિમ, ભાગ–૨, બાબે તૌબા ઈબ્ને માલિક કિતાબુતૌબામાં છે:–

فَقَامَ طَلْحَةُ ابْنُ عُبَيْدِاللّٰهِ يُهَرْوِلُ حَتّٰى صَافَحَنِىْ وَ هَنَّانِىْ

''પછી તલ્હા ઈબ્ને ઓબૈદુલ્લાહ ઉભા થઈ ગયા અને દોડતા આવ્યા અને મારી સાથે મુસાફો કર્યો અને મુબારકબાદ આપી.''

આ જગ્યાએ નવવીમાં છે :–

فِيْهِ اِسْتِحْبَابُ مُصَافَحَةِ الْقَادِمِ وَالْقِيَامِ لَهٗ اِكْرَامًا وَالْهَرْوَلَةِ اِلٰى لِقَائِهٖ

એનાથી સાબિત થયું કે આવનાર સાથે મુસાફો કરવો, તેની તા'ઝીમ માટે ઉભા થવું અને તેને મળવા માટે દોડવું મુસ્તહબ છે.

ત્રીજુ એ કે જ્યારે કોઈ આપણું પ્રિય પાત્ર આવી જાય તો તેની ખુશીમાં ઉભા થઈ જવું, હાથ પગ ચૂમવા સુન્નત છે. મિશ્કાત કિતાબુલ અદબ બાબુલ મુસાફામાં છે કે ઝૈદ ઈબ્ને હારિષા હુઝૂર ﷺ ના દરવાઝા પાક પર હાજર થયા અને દરવાજો ખટખટાવ્યો.

فَقَامَ اِلَيْهِ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عُرْيَانًا فَاعْتَنَقَهٗ وَقَبَّلَهٗ

''તેમની તરફ હુઝૂર ﷺ ચાદર શરીફ વિના ઉભા થઈને ગયા, પછી તેમને ગળે લગાડી લીધા અને બોસો લીધો. મિશ્કાત એ જ પ્રકરણમાં છે કે જ્યારે હઝરત ખાતૂને જન્નત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થતાં قَامَ اِلَيْهَا فَاَخَذَبِيَدِهَا فَقَبَّلَهَاوَاَجْلَسَهَافِىْ مَجْلِسِهٖ ''તો એમના માટે ઉભા થઈ જતા અને તેમનો પકડતા, તેને ચૂમતા અને પોતાની જગાએ તેમને બેસાડતા,'' એ જ પ્રમાણે હુઝૂર ﷺ ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا ની પાસે તશરીફ લઈ જતા તો આપ પણ ઉભાં થઈ જતાં અને હાથ મુબારકનો બોસો આપતાં અને પોતાની જગાએ હુઝૂર ﷺ ને બેસાડતાં.'' મિર્કાત બાબિલ જનાઝા, ફસ્લ દોમમાં છે :–

وَفِيْهِ اِيْمَاءٌ اِلٰى نَدْبِ الْقِيَامِ لِتَعْظِيْمِ الْفُضَلَآءِ وَالْكُبَرَآءِ જાણવા મળ્યું કે ફુઝલાના માટે તાઝીમ માટેનો કિયામ જાઈઝ છે. ચોથુ જ્યારે કે કોઈ પ્યારાનો ઝિક્ર સાંભળો અથવા કોઈ અન્ય ખુશીની ખબર સાંભળો તો તે જ વખતે ઉભા થઈ જવું મુસ્તહબ અને સહાબાની તથા પૂર્વ જ બુઝુર્ગોની સુન્નત છે.

મિશ્કાત, કિતાબુલ ઈમાન, ફસ્લ ષાલિષ (ત્રીજા વિભાગ)માં હઝરત

ઉષ્માન (થી રિવાયત છે કે મને સિદ્દીકે અકબરે એક ખુશખબરી સંભળાવી فَقُمْتُ اِلَيْهِ وَقُلْتُ بِاَبِىْ اَنْتَ وَاُمِّىْ اَنْتَ اَحَقُّ بِهَا "હું તો ઉભો થઈ ગયો અને મેં કહ્યું કે આપના પર મારાં મા બાપ કુર્બાન થાય ! તમે જ એ લાયક છો."

તફસીરે રૂહુલ બયાન, પારા–૨૨, સૂરએ ફતહની આયત **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** હેઠળ છે કે ઈમામ તકીઉદ્દીન સુબ્કી رحمۃ اللہ علیہ ની પાસે ઉલમાનો મજમો હાજર હતો એવામાં એક નઅતખ્વાંએ નઅતના બે શેઅર પઢયા :–

فَعِنْدَ ذٰلِكَ قَامَ الْاِمَامُ السُّبْكِىُّ وَجَمِيْعُ مَنْ فِى الْمَجْلِسِ فَحَصَلَ اُنْسٌ عَظِيْمٌ بِذٰلِكَ الْمَجْلِسِ

"તો તુરત ઈમામ સુબ્કી અને તમામ હાઝરીને મજલિસ ઉભા થઈ ગયા અને એ મજલિસમાં ઘણો જ લુત્ફ આવ્યો.

પાંચમુ એ કે કોઈ કાફિર પોતાની કૌમના નેતા (સરદાર) હોય અને તેના ઈસ્લામ લાવવાની ઉમ્મીદ હોય તો એના આગમન પર તેની તાઝીમના માટે ઉભા થવું સુન્નત છે. જેમ કે હઝરત ઉમર رضی اللہ عنہ જયારે ઈસ્લામ લાવવાના માટે હુઝૂરની ખિદમતમાં હાજર થયા તો હુઝૂર ﷺ એ ઉભા થઈને તેમને પોતાના પાક સીનાથી લગાડયા. *(કુતુબે તારીખ)*

આલમગીરી કિતાબુલ કરાહિય્યહ બાબે અહલે મદીનામાં છે :–

اِذَادَخَلَ ذِمِّىٌّ عَلٰى مُسْلِمٍ فَقَامَ لَهٗ طَمَعًا فِىْ اِسْلَامِهٖ فَلَا بَاْسَ

"કોઈ ઝિમ્મી કાફિર મુસલમાનની પાસે આવ્યો. મુસલમાન તેના ઈસ્લામની ઉમ્મીદ પર તેના માટે ઉભો થઈ ગયો તો જાઈઝ છે."

(૫) અમુક જગાએ કિયામ મકરૂહ કે હરામ છે. પ્રથમ : આબે ઝમઝમ તથા વુઝૂના વધેલા પાણી સિવાયનાને પીતી વખતે ઉભા થવું વિના મજબૂરીએ હોય તો "મકરૂહ" છે. બીજુ : દુનિયાદારની તાલીમના માટે મજબૂરી વિના દુનિયાવી લાલચ સાથે ઉભા થવું "મકરૂહ" છે. ત્રીજુ : કાફિરની તાઝીમના માટે ઉભા થવું તેની માલદારીના કારણે "મકરૂહ" છે. આલમગીરી કિતાબુલ કરાહિય્યહ બાબે અહલે મદીનામાં છે :–

وَاِنْ قَامَ لَهٗ مَنْ غَيْرِ اَنْ يَنْوِىَ شَيْئًا مِمَّا ذَكَرْنَا اَوْ قَامَ طَمَعًا لِغِنَاهُ كُرِهَ لَهٗ ذٰلِكَ

''જો તેના માટે ઉપરોક્ત સ્થિતિઓ સિવાય ઉભો થયો અથવા તેની માલદારીની ખાતર ઉભો થયો તો ''મકરૂહ'' છે. ચોથું : જે શખ્સ પોતાની તાઝીમ કરાવવા ચાહતો હોય તેની તાઝીમના માટે ઉભા થવું મના છે. પાંચમું : જો કોઈ મોટો માણસ વચ્ચે બેઠો હોય અને તેની આજુબાજુ હાથ બાંધીને લોકો ઉભા હોય તો આ રીતે ઉભા રહેવું સખ્ત મના છે. પોતાના માટે કિયામ પસંદ કરવો (કે લોકો ઉભા રહે) પણ મના છે. તેના હવાલા બીજા વિભાગમાં આવશે, ઈન્શાઅલ્લાહ. આ વહેંચણી ધ્યાનમાં રાખશો.

જ્યારે આ તેહકીક થઈ ચૂકી તો હવે માલૂમ પડી ગયું કે મીલાદ પાકમાં વિલાદતના ઝિક્ર વખતે કિયામ કરવો સહાબા તથા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ની સુન્નતથી સાબિત છે, કેમ કે અમે સુન્નત કિયામમાં ચોથો કિયામ તે બતાવી ચૂક્યા કે જે ખુશીની ખબર પામીને અથવા કોઈ પ્રિય વ્યક્તિના ઝિક્ર પર કરવામાં આવે અને પ્રથમ કિયામ તે બતાવ્યો જે કોઈ દીની અઝમત (મહાનતા)વાળી ચીજની તાઝીમના માટે કરવામાં આવે. બીજુ એ કે ઝિક્રે વિલાદતથી વધીને મુસલમાનના માટે કઈ ખુશી હોઈ શકે છે ? અને ખુશીની ખબર પર કિયામ મસ્નૂન છે. ત્રીજુ એ કે હુઝૂર ﷺ થી વધીને મુસલમાનની નજીક કોણ મહબૂબ છે ! તે તો જાન, ઔલાદ, માં–બાપ, માલ સંપત્તિ સૌથી વિશેષ મહબૂબ છે. તેમના ઝિક્ર પર ઉભા થવું સલફે સાલેહીનની સુન્નત છે. ચોથું એ કે વિલાદતે પાકના સમયે ફરિશ્તા હુઝૂરના દરવાજે ઉભા હતા એટલા માટે વિલાદતના ઝિક્ર વખતે ઉભા રહેવું ફરિશ્તાઓના અમલથી સામ્યતા ધરાવે છે. પાંચમું એટલા માટે કે અમે મીલાદની ચર્ચામાં હદીષથી સાબિત કરી ચૂકયા છીએ કે હુઝૂર ﷺ એ પોતાના ગુણો તથા પોતાનો નસબ (વંશવેલો) શરીફ મિમ્બર પર ઉભા રહીને વર્ણન કર્યો જેથી આ કિયામની અસ્લ (સાબિતી) મળી ગઈ. છઠ્ઠુ એટલા માટે કે શરીઅતે એને મના ન કર્યો અને દરેક દેશના સામાન્ય (આમ) મુસ્લિમો એને સવાબ સમજીને કરી રહ્યા છે. અને જે કામને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું છે. અમે એની તેહકીક મીલાદની ચર્ચા તથા બિદઅતની ચર્ચામાં કરી ચૂક્યા છીએ. તેમજ પહેલાં

દર્શાવી ચૂક્યા છીએ કે મુસલમાન જે કામને મુસ્તહબ જાણે તે શરીઅતમાં મુસ્તહબ છે. શામી, ભાગ–૩, કિતાબુલ વક્ફમાં વક્ફે મન્કૂલાતની ચર્ચામાં ફર્માવે છે :–

لِاَنَّ التَّعَامُلَ يُتْرَكُ بِهِ الْقِيَاسُ لِحَدِيْثِ مَارَاٰهُ الْمُؤْمِنُوْنَ حَسَنًا فَهُوَ عِنْدَ اللّٰهِ حَسَنٌ

''દેગચી તથા જનાઝો વગેરેનું વક્ફ કિયાસની રૂએ નાજાઈઝ હોવું જોઈએ પણ આમ મુસ્લિમો એના આમિલ (એવું કરનારા) છે જેથી કિયાસ ત્યજી દેવામાં આવ્યો અને તેને જાઈઝ માનવામાં આવ્યું. જુઓ ! આમ મુસલમાનો જે કામને સારું સમજવા લાગે અને તેની હુર્મત (હરામ હોવાની) નસ (કુર્આની દલીલ) ન હોય તો કિયાસને છોડવો લાઝિમ છે.

દુર્રે મુખ્તાર, જિલ્દ પંજુમ, કિતાબુલ ઈજારાત બાબે ઈજારાતિલ ફાસિદામાં છે :–

وَجَازَاِجَارَةُالْحَمَّامِ لِاَنَّهٗ عَلَيْهِ السَّلَامُ دَخَلَ حَمَّامَ الْجُحْفَةِ وَلِلْعُرْفِ وَقَالَ النَّبِيُّ عَلَيْهِ السَّلَامُ مَارَاٰهُ الْمُؤْمِنُوْنَ حَسَنًا فَهُوَ عِنْدَاللّٰهِ حَسَنٌ

''હમ્મામનું ભાડુ જાઈઝ છે કેમ કે હુઝૂર ﷺ જહફા શહેરના હમ્મામમાં તશરીફ લઈ ગયા અને એટલા માટે કે ઉર્ફ જારી થઈ ગયો અને હુઝૂર ﷺ ફર્માવે છેકે જેને મુસલમાન સારું સમજે તે ઈન્દલ્લાહ (અલ્લાહની નજીક) સારું છે.

તેના હેઠળ શામીમાં છે :–

قَالَ مُلَّا عَلِيٌّ الْقَارِى ذَكَرَالدُّمَيْرِىُ وَالنَّوْوِى اَنَّهٗ ضَعِيْفٌ جِدًّا

એટલે ''હુઝૂર ના હુજફાના હમ્મામમાં દાખલ થવાની રિવાયત સખ્ત ઝઈફ છે. અમુકે કહ્યું કે મૌઝૂઅ (બનાવટી) છે જેથી હવે હમ્મામના જાઈઝ હોવાની દલીલ કેવળ એક રહી ગઈ, એટલે કે ઉર્ફે આમ. જેથી સાબિત થયું કે મુસલમાન જે કામ સામાન્યત : જાઈઝ સમજીને કરે તે જાઈઝ છે.

શામીમાં એ જગાએ છે કે :–

لِاَنَّ النَّاسَ فِیْ سَائِرِالْاَمْصَارِیَدْفَعُوْنَ اُجْرَةَالْحَمَّامِ فَدَلَّ اِجْمَاعُهُمْ عَلٰی جَوَازِ ذٰلِكَ وَاِنْ كَانَ الْقِيَاسُ يَاْبَاهُ

કેમ કે તમામ શહેરોમાં મુસલમાન લોકો હમ્મામનું ભાડુ આપે છે. વળી તેમના ઈજમાઅથી તેનું જાઈઝ હોવાનું જાણવા મળ્યું ભલે એ કિયાસની વિરૂદ્ધ હોય.

સાબિત થયું કે હમ્મામનું ભાડુ કિયાસની રૂએ જાઈઝ ન હોવું જોઈએ કેમ કે ખબર નથી કે કેટલું પાણી વપરાશે અને ભાડામાં નફો તથા મજૂરી માલૂમ હોવું જરૂરી છે, પરંતુ કેમ કે મુસલમાનો સામાન્યતઃ તેને જાઈઝ સમજે છે જેથી એ જાઈઝ છે. મીલાદના કિયામને પણ સામાન્ય મુસલમાનો મુસ્તહબ સમજે છે જેથી તે મુસ્તહબ છે. સાતમુ એટલા માટે કે રબ તઆલા ફર્માવે છે : وَتُعَزِّرُوْاهُ وَتُوَقِّرُوْاهُ "હે મુસલમાનો ! અમારા નબીની મદદ કરો અને તેમની તાઝીમ કરો." તાઝીમમાં કોઈ પાબંદી નથી બલ્કે જે જમાના અને જે જગ્યાએ જે પણ તરીકો તાઝીમનો ચાલતો હોય એ રીતે કરો, શર્ત એ કે શરીઅતે તે તરીકાને હરામ ન કર્યો હોય, જેમ કે સજદાએ તાઝીમી તથા રુકૂઅ (કે એ હરામ છે) અને આપણા જમાનામાં શાહી હુકમો ઉભા રહીને પણ વાંચવામાં આવે છે જેથી મહબૂબનો ઝિક્ર પણ ઉભા રહીને થવો જોઈએ. જુઓ : كُلُوْا وَاشْرَبُوْا માં મુત્લકન (કોઈ પાબંદી, શર્ત વિના) ખાવા પીવાની ઈજાઝત છે કે દરેક હલાલ ખોરાક ખાવ તથા પીઓ. તો બિર્યાની, જરદો, કુર્મા સૌ બધુ હલાલ છે, ચાહે (તે ચીજો) ખૈરે કુરૂન (રસૂલ, સહાબી, તાબઈના જમાના)માં હોય કે ન હોય. એ જ પ્રમાણે : تُوَقِّرُوْاهُનું કર્મ મુત્લક (બેકૈદ) છે કે દરેક પ્રકારની જાઈઝ તાઝીમ કરો, ખયરે કુરૂનથી એ સાબિત હોય કે ન હોય.

આઠમુ એટલા માટે કે રબ તઆલા ફર્માવે છે :–

وَمَنْ يُّعَظِّمْ شَعَائِرَاللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ

"અને જે શખ્સ અલ્લાહની નિશાનીઓની તાઝીમ કરે તો એ દિલના તકવાથી છે."

રૂહુલ બયાને આયત :–

وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى وَلَاتَعَاوَنُوْاعَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ હેઠળ લખ્યું કે જે ચીજને પોતાની અઝમત હાંસલ હોય અલ્લાહની નિશાનીઓમાંથી છે તેની તાઝીમ કરવી જરૂરી છે. જેમ કે અમુક મહીના, અમુક દિવસ, અમુક સ્થળો, અુમક સમયો વગેરે. એટલા જ માટે સફા તથા મરવા, કાબા મુઅઝ્ઝમા, રમઝાનનો મહીનો, શબેકદ્રની તાઝીમ કરવામાં આવે છે અને ઝિક્રે વિલાદત પણ અલ્લાહની નિશાનીઓમાંથી છે જેથી તેની તાઝીમ કરવી પણ બેહતર છે તે કિયામથી હાંસલ છે.

અમે આઠ દલીલો વડે આ કિયામનું મુસ્તહબ હોવું સાબિત કર્યું પણ વિરોધીઓ પાસે ખુદા ચાહે તો એક પણ દલીલ હુર્મત (હરામ હોવા) વિશેની નથી, કેવળ પોતાની રાયથી હરામ કહે છે.

(બીજો વિભાગ)

★ મીલાદમાં કિયામ કરવા બાબતે વાંધાઓ અને તેના જવાબો ★

વાંધો (૧) : મીલાદમાં કિયામ પ્રથમ ત્રણ જમાનાઓમાં ન હતો જેથી બિદઅત છે અને દરેક બિદઅત હરામ છે. હુઝૂરની તે જ તાઝીમ કરવામાં આવે કે જે સુન્નતથી સાબિત હોય, પોતાની શોધખોળોને એમાં દાખલ ન કરે. શું આપણને સહાબાએ કિરામ કરતાં પણ હુઝૂરથી વધુ મહોબ્બત છે ? જ્યારે તેમણે એ (કિયામ) ન કર્યો તો આપણે શાથી કરીએ ?

જવાબ : બિદઅતનો જવાબ તો વારંવાર આપવામાં આવી ચૂક્યો છે કે દરેક બિદઅત હરામ નથી. રહ્યું તે કહેવું કે "હુઝૂર ﷺ ની તે જ તાઝીમ કરવામાં આવે જે સુન્નતથી સાબિત હોય. તો શું આ કાયદો કેવળ હુઝૂરે અકદસ ﷺ ની તાઝીમના માટે જ છે કે અન્ય દેવબંદી આલિમો વગેરેના માટે પણ છે ? ! આલિમ, કિતાબ, મદ્રસો દરેક ચીજોની તેવી જ તાઝીમ હોવી જોઈએ જે સુન્નતથી સાબિત હોય. જેથી દેવબંદી મોલ્વીના આગમન પર સ્ટેશન જવું, તેમના ગળામાં ફૂલહાર નાખવો, તેમના માટે જુલૂસ કાઢવો, ઝંડાઓ વડે

જલ્સાગાહ તથા માર્ગોને સજાવવા, ખુરશીઓ ગોઠવવી, વઅઝ વખતે ઝિંદાબાદના નારા મારવા, મસ્નદ તથા કાલીન (કાર્પેટ) બિછાવવો વગેરે આ પ્રકારની તાઝીમની તમો કોઈ સાબિતી રજુ કરી શકો છો કે સહાબાએ કિરામ હુઝૂર ﷺ ની આવી રીતે તાઝીમ કરી હોય ? નથી રજુ કરી શકતા ! તો જણાવો કે આ તાઝીમ હરામ છે કે હલાલ ?! તો આપનો આ કાયદો જ ગલત છે બલ્કે રુકૂઅ તથા સજદા હરામ હોવા સિવાય તાઝીમનો જે દેશમાં જે રિવાજ હોય તે જાઈઝ છે, અને દિલનો જઝબો જે પ્રમાણે દોરે તે ઈબાદત છે. લખનૌમાં '' મહેતર'' ભંગીને કહે છે અને ફારસીમાં તેમજ ઉર્દૂમાં અમુક ઠેકાણે ''મેહતર'' એટલે સરદાર બોલવામાં આવે છે. જેમ કે ચિત્રાલના નવાબને મેહતર કિયામ કહે છે. લખનૌમાં જે શખ્સ આ શબ્દ ''મેહતર'' કોઈ નબીના માટે વાપરે તો તે કાફિર છે, અને ચિત્રાલ તથા ફારસીમાં નહીં.

મિર્કાત તથા અશઅતુલ લમ્આતની પ્રસ્તાવના (મુકદ્દમા)માં ઈમામ માલિક رضی اللہ عنہ ના અહવાલમાં લખ્યું છે કે આપ મદીનાપાકની પાક જમીનમાં કદી પણ ઘોડા પર સવાર થયા ન હતા. અને જ્યારે હદીષ બયાન કરતા તો ગુસ્લ કરતા, ઉમદા લિબાસ પહેરતા, ખુશ્બુ લગાડતા અને ઠાઠમાઠની સાથે (પ્રભાવશાળી બનીને) બેસતા હતા. કહો ! મદીના શરીફ કે હદીષ શરીફની આવી તાઝીમ કોઈ સહાબીએ કરી હતી ? નહીં ! પણ ઈમામ માલિકના દિલનો જઝબો છે જે અયન સવાબ છે.

તફસીરે રૂહુલ બયાન, આયત :–

مَاكَانَ مُحَمَّدٌ اَبَااَحَدٍ مِّنْ رِّجَالِكُمْ હેઠળ છે કે અયાઝના પુત્રનું નામ મુહમ્મદ હતું. સુલ્તાન તેને નામ લઈને બોલાવતા હતા. એક દિવસે ગુસલખાનામાં જઈને કહ્યું, હે અયાઝના પુત્ર ! પાણી લાવ ! અયાઝે વિનંતિ કરી કે શો કસૂર થયો કે ગુલામઝાદાનું નામ ન લીધું ? ! તો જણાવ્યું કે હું તે વખતે બેવઝૂ હતો ! આ મુબારક નામ (મુહમ્મદ)ને વુઝૂ વિના નથી બોલતો.

હઝાર બાર બશોયમ દહન બમુશ્કો ગુલાબ
હનૂઝ નામે તૂ ન ગુફતન કમાલે બેઅદબિસ્ત

કહો ? આ તાઝીમ ક્યાં સાબિત છે ? કહો ? શું સુલ્તાન મહમૂદ તથા ઈમામ માલિક رَضِیَ اللّٰہُ عَنْہُمَا ને સહાબાએ કિરામ કરતાં અધિક ઈશ્કે રસૂલ ﷺ હતો !

(૨) જો ઝિકે રસૂલ ﷺ ની તાઝીમ માન્ય છે તો દરેક ઝિક્ર વખતે ઉભા થતા રહો અને મીલાદ શરીફમાં પહેલેથી જ ઉભા રહ્યા કરો, આ કેવું કે પહેલાં બેઠેલા રહો અને પછી પણ બેઠેલો રહો અને દરમ્યાનમાં ઉભા રહો ?

જવાબ : આ તો કોઈ વાંધો નથી ! જો અલ્લાહ કોઈને તૌફીક આપે અને દરેક ઝિક્ર ઉભા રહીને કર્યા કરે અને મીલાદ શરીફ શરૂથી અંત સુધી ઉભા ઉભા પઢયા કરે તો અમે મના કરીશું નહીં. ચાહે બધો સમય ઉભા રહો કે અમુક સમય દરેક રીતે જાઈઝ છે. આ'લા હઝરત قدس سرہٗ હદીષની કિતાબો ઉભા રહીને પઢયા કરતા હતા. જોનારાઓએ અમને જણાવ્યું કે ખૂદ પણ ઉભા રહેતા અને પઢનારા પણ ઉભા રહેતા. તેમનું આ કાર્ય ઘણું જ મુબારક હતું. લોકો માટે શરૂથી અંત સુધી ઉભા રહેવું મુશ્કેલ પડે એટલા માટે કેવળ વિલાદતના ઝિક્ર વખતે ઉભા થઈ જાય છે. તેમજ બેઠા બેઠા કેટલાક લોકો ઊંઘી જાય છે તો ઉભા કરવાથી ઊંઘ જતી રહે છે. એટલા માટે એ વખતે ગુલાબજળ છાંટવામાં આવે છે જેથી પાણી વડે ઊંઘ ઉડી જાય. કેમ સાહબ ! નમાઝમાં તો અમુક ઝિક્ર ઉભા રહીને કરો છો અને અમુક રુકૂઅમાં કરો છો, અમુક બેસીને કરો છો તો સૌ ઝિક્ર ઉભા રહીને કેમ ન કર્યું ? તેમજ જ્યારે અત્તહિય્યાતમાં **અશ્હદુઅલ્લાઈલાહ ઈલ્લલ્લાહ** પઢે છે ત્યારે હુકમ છે કે આંગળીનો ઈશારો કરે અને હજારો પ્રસંગોએ તમે એ જ કલ્મો પઢો છો ત્યાં આંગળી કેમ નથી ઉઠાવતા ? સૂફિયાએ કિરામ અમુક વઝીફાઓમાં અમુક ઈશારાની પાબંદી લગાડે છે, દા. ત. જ્યારે કેસમાં હાકિમની સામે જાવ તો كٓهٰيٰعٓصٓ એવી રીતે પઢે કે તેના દરેક અક્ષર પર એક આંગળી બંધ કરે. **કાફ** પર, **હા** પર, **યા** પર, **અયન** પર વગેરે. પછી حٰمٓعٓسٓقٓ પઢે, અને દરેક અક્ષર પર એક આંગળી ખોલે, પછી હાકિમ તરફ દમ કરે. તો જ્યારે કુર્આનની તિલાવત દરમ્યાન આ શબ્દો આવે છે તો

ત્યાં આ ઈશારો કેમ નથી કરવામાં આવતો ? અને આ ઈશારો સહાબાએ કિરામથી ક્યાં સાબિત છે ? હિઝબુલ બહર વગેરે પઢનારા હઝરાત અમુક ઠેકાણે ખાસ ઈશારા કરે છે, અન્ય પ્રસંગે કેમ નથી કરતા. તેમજ ખાનએ કાબામાં પ્રથમ ત્રણ તવાફના ચાર ચક્કરોમાં ઈઝતેબાઅ પણ કરે છે અને રમલ પણ કરે છે, બાદમાં કેમ નથી કરતા ? આવા પ્રકારના સેંકડો સવાલો કરવામાં આવી શકે છે. ઈમામ બુખારીએ અમુક હદીષોને અસનાદ સાથે બયાન કરી અમુકને તઅલીકન બયાન કરી, સૌને એક સરખી રીતે કેમ બયાન ન કરી. ભલા આ પ્રકારની વાતોથી હુર્મત સાબિત થઈ શકે છે ?

વાંધો (૩) : લોકોએ મીલાદમાં કિયામને જરૂરી સમજી લીધો છે કે ન કરનારાઓની ટીકા કરે છે અને ગૈર જરૂરીને જરૂરી સમજવું નાજાઈઝ છે જેથી કિયામ નાજાઈઝ છે.

જવાબ : આ મુસલમાનો પર કેવળ આક્ષેપ છે કે તેઓ મીલાદમાં કિયામને વાજિબ સમજે છે, ન કોઈ આલિમે દીને લખ્યું કે કિયામ વાજિબ છે અને ન તકરીરોમાં એવું કહ્યું. અવામ પણ એવું જ કરે છે કે મીલાદ શરીફમાં કિયામ સવાબનું કાર્ય છે પછી તમે તેમના પર વાજિબ સમજવાનો આક્ષેપ કેમ કરીને મૂકો છો ? અને જો વાજિબ પણ સમજે તો તેનું એવું સમજવું બુરું ગણાશે, પણ કિયામ હરામ નહીં થઈ જાય. નમાઝમાં દુરૂદ શરીફ પઢવું ઈમામ શાફઈ સાહબ જરૂરી સમજે છે અને હનફીઓ ગૈર વાજિબ સમજે છે તો અમારી દષ્ટિએ તેમનો એ કૌલ સહીહ ગણાશે નહીં, પણ એવું નથી કે દુરૂદ તથા નમાઝ જ મના થઈ જાય. તેની તેહકીક હાજી ઈમ્દાદુલ્લાહ સાહબે ''હફત મસ્અલા''માં સારી રીતે કરી છે. રહ્યું એ કે મુસલમાન તેને પાબંદી સાથે કરે છે અને ન કરનારાઓને ''વહાબી'' કહે છે એ બિલકુલ બરાબર છે.

મિશ્કાત બાબુલ કસ્દ ફિલ અમલમાં છે :–

اَحَبُّ الْاَعْمَالِ اِلَى اللّٰهِ اَدْوَمُهَاوَاِنْ قَلَّ ''અલ્લાહની નજીક સારું કામ તે છે કે જે હમેશાં થાય ભલે થોડું હોય.'' દરેક નેક કામને હમેશાં નિયમિત પ્રમાણે કરવું મુસ્તહબ છે. મુસલમાન દરેક ઈદે સારાં કપડાં પહેરે છે, દર જુમ્આએ

ગુસ્લ કરે છે, ખુશ્બુ લગાડે છે, મદ્રસાઓમાં દર જુમ્આ તથા રમઝાનમાં છૂટ્ટીઓ પાડવામાં આવે છે, દર વર્ષે ઈમ્તેહાન લેવામાં આવે છે. મુસલમાન દર રાત્રે સૂએ છે, દર બપોરે ખાવા ખાય છે તો શું તેને વાજિબ સમજે છે ?! અથવા આ નિયમિતતા વાજિબ હોવાની નિશાની છે ?! રહ્યું કિયામ ન કરાનારાઓને વહાબી સમજવું, તો એનું કારણ એ છે કે વર્તમાનકાળમાં હિંદુસ્તાનમાં એ વહાબીઓની નિશાની થઈ ગઈ છે. ઈમાનવાળાઓની દરેક જમાનામાં નિશાની અલગ રહી છે. અને સમયાનુસાર કાફિરોની નિશાનીથી બચવું અને ઈમાનવાળાઓની નિશાની અપનાવવું જરૂરી છે. ઈસ્લામના પ્રારંભમાં કહેવામાં આવ્યું કે જેણે **''લા ઈલાહ ઈલ્લલ્લાહ''** કહી લીધું તે જન્નતી થઈ ગયો. (મિશ્કાત કિતાબુલ ઈમાન) કેમ કે તે વખતે કલ્મો પઢવું જ ઈમાનવાળાઓની નિશાની હતું. પછી જ્યારે કલ્મો પઢનારાઓમાં મુનાફિક પેદા થયા તો કુર્આને પાકે ફર્માવ્યું કે, ''તમારી સામે મુનાફિક આવીને કહે છે કે અમે ગવાહ છીએ કે તમે અલ્લાહના રસૂલ છો, અલ્લાહ પણ જાણે છે કે તમે અલ્લાહના રસૂલ છો પરંતુ ખુદા ગવાહ છે કે મુનાફિક જૂઠા છે.'' કહો ! વાત તો સાચી જ કરી રહ્યા છે પણ છે જૂઠા ! પછી હદીષમાં આવ્યું કે, ''એક કૌમ ખૂબ જ ઈબાદતગુઝાર હશે પણ દીનથી એવા નીકળી જશે જેવી રીતે તીર શિકારથી.'' તેમજ હદીષમાં આવ્યું કે, ''ખારજીની ઓળખ માથુ મુંડાવવું છે.'' (જુઓ બંને હદીષો મિશ્કાત કિતાબુલ કેસાસ બાબત કત્લુર્રિદા) આ ત્રણ બાબતો ત્રણ જમાનાના એતબારથી છે. શર્હે ફિકહે અકબરમાં મુલ્લા અલી કારી ફર્માવે છે કે કોઈએ ઈમામ અબૂહનીફા رضی اللہ عنہ ને પૂછયું કે સુન્નીની નિશાની શું છે ?

ફર્માવ્યું :– حُبُّ الْخَتَنَيْنِ تَفْضِيْلُ الشَّيْخَيْنِ وَالْمَسْحُ عَلَى الْخُفَّيْنِ

''બે જમાઈઓ એટલે કે સૈયદના અલી તથા ઉષ્માન સાથે મહોબ્બત રાખવી. શૈખેન સિદ્દીક તથા ફારૂક رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ને તમામ પર અફઝલ જાણવા અને ચામડાના મોજા પર મસહ કરવો.'' તફસીરાતે અહમદિયામાં સૂરએ અન્આમ આયત : وَاَنَّ هٰذَا صِرَاطِىْ مُسْتَقِيْمًا છે કે સૈયદેના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જેમાં દસ આદતો હોય તે સુન્ની છે :–

تَفْضِيْلِ الشَّيْخَيْنِ، تَوْقِيْرِالْخَتَنَيْنِ، تَعْظِيْمِ الْقِبْلَتَيْنِ، اَلصَّلٰوةُعَلَى الْجَنَازَتَيْنِ، اَلصَّلٰوةُخَلْفَ الْاِمَامَيْنِ، تَرْكَ الْخُرُوْجِ عَلَى الْاِمَامَيْنِ، اَلْمَسْحُ عَلَى الْخُفَّيْنِ، وَالْقَوْلُ بِالتَّقْدِيْرَيْنِ، وَالْاِمْسَاكُ عَنِ الشَّهَادَتَيْنِ، وَاَدَاءُ الْفَرِيْضَيْنِ.

મિર્કાત શુરૂઅ બાબુલ મસહ અલલ ખફીનમાં છે :–

سُئِلَ اَنَسُ ابْنُ مَالِكٍ عَنْ عَلَامَةِ اَهْلِ السُّنَّةِوَالْجَمَاعَةِ فَقَالَ اَنْ تُحِبُّ الشَّيْخَيْنِ وَلَا تَطْعَنَ الْخَتَنَيْنِ وَتَمْسَحُ عَلَى الْخُفَّيْنِ.

દુર્રે મુખ્તાર બાબુલ મિયાહમાં છે :–

''હોજથી વુઝૂ કરવું અફઝલ છે મોઅતઝલાને જલાવવા માટે.'' وَالتَّوَضُّوءِ مِنَ الْحَوْضِ اَفْضَلُ رَغْمًا لِلْمُعْتَزِلَةِ. **એ જ જગાએ શામીમાં છે :–**

لِاَنَّ الْمُعْتَزِلَةَ لَايُجِيْزُوْنَهٗ مِنَ الْحِيَاضِ فَرَغْمَهُمْ بِالْوُضُوْءِ مِنْهَا.

''મોઅતઝલા હોજથી વુઝૂ કરવાને નાજાઈઝ કહે છે જેથી અમે તેમને હોજથી વુઝૂ કરીને જલાવીશું.''

જુઓ ! હોજથી વુઝૂ કરવું, ચામડાના મોજાં પર મસહ કરવો વગેરે વાજિબોમાંથી નથી, પરંતુ કેમ કે એ જમાનામાં એના મુન્કિરો પેદા થઈ ગયા જેથી તેને સુન્નીની ઓળખ ઠરાવવામાં આવી. એ જ મીલાદમાં કિયામ, ફાતેહા વગેરે વાજિબોમાંથી નથી, પરંતુ તેના મુન્કિર પેદા થઈ ગયા હોવાથી વર્તમાનકાળમાં આ સુન્ની હોવાની નિશાની છે અને મીલાદની મજલિસમાં એકલા બેસી રહેવું એ દેવબંદીની નિશાની છે. مَنْ تَشَبَّهَ بِقَوْمٍ فَهُوَ مِنْهُمْ **જેથી એનાથી બચવું જોઈએ. તેમજ શામીથી એ પણ જણાયું કે જો કોઈ જાઈઝ કે મુસ્તહબ કામથી વિના કારણે લોકો રોકે તો તેને જરૂર કરે. આજે હિંદુસ્તાનમાં હિંદુ ગાયની કુર્બાનીથી રોકે છે. ખાસ ગાયની કુર્બાની વાજિબ નથી પણ મુસલમાનોએ પોતાનું લોહી વહાવીને તેને ચાલુ રાખી. એ જ પ્રમાણે મહફિલે મીલાદ તથા કિયામ વગેરે છે. ફકીહોની નજીક જનોઈ બાંધવી અને હિંદુઓ જેવી ચોટલી માથા પર રાખવી, કુર્આને પાકને ગંદકીમાં ફેંકવું કુફ્ર છે કેમ કે એ**

કાફિરોની મઝહબી નિશાની છે.

જરૂરી નોંધ : આ ત્રીજો સવાલ મોટા ભાગે દેવબંદીઓ કર્યા કરે છે કે ફાતેહા, મીલાદ, ઉર્સ વગેરે સૌ આ કારણે હરામ છે. એવું પણ કહે છે કે તમે પોતે સુન્ની હોવાની નિશાની ઉભી કરેલી છે, કુર્આન તથા હદીત્રમાં એ નિશાની નથી. સૌ ઠેકાણે આ જ જવાબ આપવામાં આવે તો ઘણો જ લાભદાયી પુરવાર થશે, ઈન્શાઅલ્લાહ !

વાંધો ૪ : કોઈની તાઝીમના માટે ઉભા થવું મના છે. મિશ્કાત બાબુલ કિયામમાં છે :–

وَكَانُوْا اِذَا رَاَوْهُمْ لَمْ يَقُوْمُوْا لِمَا يَعْلَمُوْنَ مِنْ كَرَاهِيَتِهٖ لِذٰلِكَ۔

''સહાબાએ કિરામ જ્યારે હુઝૂર ﷺ ને જોતા તો ઉભા થતા ન હતા કેમ કે તેઓ જાણતા હતા કે હુઝૂર ﷺ ને નાપસંદ છે.''

મિશ્કાત એ જ પ્રકરણમાં છે :–

مَنْ سَرَّهٗ اَنْ يَتَمَثَّلَ لَهُ الرِّجَالُ قِيَامًا فَلْيَتَبَوَّءْ مَقْعَدَهٗ مِنَ النَّارِ۔

"જેને પસંદ હોય કે લોકો તેની સામે ઉભા રહે તે પોતાની જગા દોઝખમાં શોધે.''

لَاتَقُوْمُوْا كَمَا تَقُوْمُ الْاَعَاجِمُ۔ ''અજમી લોકોની જેમ ઉભા ન રહ્યા કરો.'' આ હદીષોથી જાણવા મળ્યું કે, જિંદગીમાં પણ જો કોઈ મોટો માણસ આવે તો તેની તાઝીમના માટે ઉભા ન થયા કરો. તો પછી મીલાદ શરીફમાં તો હુઝૂર ﷺ આવતા પણ નથી છતાં તાઝીમી કિયામ કેમ કરીને જાઈઝ થશે ?!

જવાબ : આ હદીષોમાં સદંતર (મુત્લક) કિયામથી મના નથી ફર્માવવામાં આવ્યું. નહીં તો પ્રથમ વિભાગમાં અમે જે હદીષો અને ફકીહોનાં કથનો નકલ કર્યાં તેની વિરૂદ્ધ થશે બલ્કે નીચે પ્રમાણેની બાબતોમાં મનાઈ છે કે પોતાના માટે કિયામ ચાહવો (કે લોકો ઉભા રહે) લોકોનું હાથ બાંધીને સામે ઉભા રહેવું અને પેશવાનું વચ્ચે બેસેલા રહેવું, અમે પણ લખ્યું છે કે આ પ્રકારના બંને કિયામ મના છે. પ્રથમ હદીષના હેઠળ 'અશઅતુલ લમ્આત'માં છે :

(અર્થાત) : ''કયામે તાઝીમી કરવો અને ન કરવો સમય તથા સંજોગો

તથા વ્યક્તિઓના હિસાબથી અલગ અલગ હોય છે. એટલા માટે સહાબાએ કિરામે ક્યારેક તો હુઝૂરના માટે કિયામ કર્યો અને ક્યારેક ન કર્યો.'' જાણવા મળ્યું કે સહાબાએ કિરામ કયારેક તો હુઝૂર ﷺ ના આગમન પર ઉભા થઈ જતા હતા અને ક્યારેક નહીં. કિયામ ન કરવાનો ઉલ્લેખ તો અહીંયા થઈ ગયો અને કિયામ કરવાનો ઉલ્લેખ અગાઉ થઈ ગયો અને આપનું કિયામને નાપસંદ કરવું નમ્રતાના ધોરણે હતું. જેથી આ જગાએ હમેશાં ઉભા થવાનું નકારમાં વર્ણન છે ન કે સદંતર ઉભા જ ન થવું. બીજી અને ત્રીજી હદીષના હેઠળ 'અશઅતુલ લમ્આત'માં છે :–

(અર્થાત) ''ખૂદ કિયામ મકરૂહ નથી બલ્કે કિયામ ચાહવો (એટલે ઈચ્છવું કે લોકો મારી સામે હાથ બાંધી ઉભા રહે) મકરૂહ છે, જો તે કિયામ ન ચાહતો હોય તો તેના માટે મકરૂહ નથી.'' કાઝી અયાઝે ફર્માવ્યું કે ''કિયામ એના માટે મના છે જે પોતે તો બેસેલો રહે અને લોકો ઉભા હોય અને દુનિયાદારોના માટે તાઝીમી કિયામ બાબતે વઈદ (ધમકી) આવેલી છે અને તે મકરૂહ છે.'' એ જ પ્રમાણે હાશિયા મિશ્કાત, કિતાબુલ જેહાદ બાબો હુકમિલ અસ્રારમાં હદીષ قُوْمُوْا اِلٰى سَيِّدِكُمْ છે :–

قَالَ النَّوَوِيُّ فِيْهِ اِكْرَامُ اَهْلِ الْفَضْلِ وَتَلَقِّيْهِمْ وَالْقِيَامُ اِلَيْهِمْ وَاحْتَجَّ بِهِ الْجَمْهُوْرُوَقَالَ الْقَاضِىْ عِيَاضُ لَيْسَ هٰذَا مِنَ الْقِيَامِ الْمَنْهِيِّ عَنْهُ وَاِنَّمَا ذٰلِكَ فِيْمَنْ يَّقُوْمُوْنَ عَلَيْهِ وَهُوَ جَالِسٌ وَيُمَثِّلُوْنَ لَهٗ قِيَامًا طُوْلَ جُلُوْسِهٖ۔

''નવવીએ ફર્માવ્યું કે એનાથી બુઝુર્ગોની તાઝીમ, એમને મળવું, તેમના માટે ઉભા થવું સાબિત છે. જમહૂર ઉલમાએ એનાથી દલીલ લીધી છે, આ કિયામ મના કિયામોમાંથી નથી. મના તો ત્યારે છે જ્યારે કે લોકો તેની સામે ઉભેલા હોય અને તે બેઠેલો હોય અને લોકો તેના બેસેલા રહેતાં સુધી ઉભા રહે.''

આ લખાણોથી જાણવા મળ્યું કે આ બંને હદીષોમાં અમુક ખાસ કિયામથી મના છે અને મહફિલે મીલાદનો કિયામ એમાંથી નથી. તેમજ જો તાઝીમી કિયામ મના છે તો દેવબંદી આલિમો વગેરેના આગમન પર લોકો એકદમ ઉભા થઈ જાય છે તે શાથી જાઈઝ છે ?!

ફાતેહા, ત્રીજીયા, દસમા, ચાલીસવાંનું બયાન

(આ ચર્ચામાં એક પ્રસ્તાવના અને બે વિભાગ છે.)

★ પ્રસ્તાવના ★

શારીરિક તથા આર્થિક ઈબાદતોનો સવાબ અન્ય મુસલમાનને બખ્શવું જાઈઝ છે અને તેને પહોંચે છે. જેની સાબિતી કુર્આન તથા હદીષ અને ફકીહોના કથનોથી છે. કુર્આને કરીમે મુસલમાનોને એકબીજાના માટે દુઆ કરવાનો હુકમ આપ્યો, નમાઝે જનાઝા અદા કરવામાં આવે છે. મિશકાત બાબે ફઝલુસ્સદકામાં છે કે હઝરત સઅદે કૂવો ખોદાવીને ફર્માવ્યું કે, هٰذِهٖ لِاُمِّ سَعْدٍ "આ સઅદની માનો કૂવો છે." ફકીહોએ ઈસાલે સવાબનો હુકમ આપ્યો. હા, બદની (શારીરિક) ઈબાદતમાં નાયબપણુ જાઈઝ નથી એટલે કે કોઈ વ્યક્તિ કોઈના વતીની નમાઝ પઢી આપે તો તેની નમાઝ અદા થશે નહીં, હા, નમાઝનો સવાબ બખ્શવામાં આવી શકે છે. મિશકાત બાબિલ ફિતન બાબિલ મલાહમ ફસ્લ દોમમાં છે કે :–

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કોઈકને કહ્યું કે :–

مَنْ يَّضْمَنُ لِیْ مِنْكُمْ اَنْ يُّصَلِّیَ فِیْ مَسْجِدِ الْعَشَّارِ رَكْعَتَيْنِ وَيَقُوْلُ هٰذِهٖ لِاَبِیْ هُرَيْرَةَ۔

એનાથી ત્રણ મસ્અલા જાણવા મળ્યા. એક એ કે ઈબાદત બદની (શારીરિક) એટલે નમાઝ પણ કોઈકના ઈસાલે સવાબની નિય્યતે અદા કરવી જાઈઝ છે. બીજું એ કે જીભ વડે ઈસાલે સવાબ કરવું કે, "હે ખુદા! આનો સવાબ ફલાણાને આપ." એ ઘણું બેહતર છે. ત્રીજુ એ કે બરકતની નિય્યતે બુઝુર્ગાને દીનની મસ્જિદોમાં નમાઝ પઢવું સવાબનો સબબ છે. રહી ઈબાદતે માલી અથવા માલી તથા બદનીનો સમુહ જેમ કે ઝકાત તથા હજ્જ, એમાં જો

કોઈ વ્યક્તિ કોઈને કહી આપે કે તમે મારા તરફથી ઝકાત આપી દો, તો તે આપી શકે છે અને માલદારમાં હજ કરવાની શારીરિક શક્તિ ન રહી તો બીજા પાસે હજ્જે બદલ કરાવી શકે છે. પરંતુ સવાબ દરેક ઈબાદતનો જરૂર પહોંચે છે. જો હું કોઈને મારો માલ આપી દઉં તો તે માલિક બની જશે એ જ પ્રમાણે આનું પણ છે. હા, ફરક એ છે કે માલ તો કોઈને આપી દીધો તો પોતાની પાસે ન રહ્યો અને જો કેટલાકને આપ્યો તો વહેંચણી થઈને મળ્યો, પણ સવાબ જો સૌને બખ્શી દેવામાં આવે તો સૌને પૂરો પૂરો મળ્યો અને પોતે પણ મેહરૂમ ન રહ્યો. જેમ કે કોઈને કુર્આન પઢાવ્યું તો સૌને પૂરુ કુર્આન આવડી ગયું અને પઢાવનારનું જતુ ન રહ્યું.

શામી, ભાગ–૧, બહષે દફને મૈયતમાં છે :–

''એટલા માટે નાબાલિગ બાળકથી હદિયો લેવો મના છે પણ સવાબ લેવો જાઈઝ છે.'' અમુક લોકો કહે છે કે કોઈને સવાબ નથી પહોંચતો કેમ કે કુર્આને અઝીઝમાં છે : لَهَا مَاكَسَبَتْ وَعَلَيْهَامَااكْتَسَبَتْ۔ ''દરેક નફસના માટે તે જ ફાયદાકારક તથા નુકસાનકારક છે જે ખૂદ તેણે કરી લીધું.'' તેમજ કુર્આનમાં છે : لَيْسَ لِلْاِنْسَانِ اِلَّامَاسَعٰى۔ ''ઈન્સાનના માટે નથી પણ તે જે ખૂદ કરે. '' જેનાથી જાણવા મળ્યું ગૈરનું કામ (અમલ) આપણા માટે ફાયદાકારક નથી. પરંતુ એ ગલત છે કેમકે આ **લામ** માલિકીપણાનો છે એટલે ઈન્સાનના માટે ભરોસાપાત્ર અને પોતાનું માલિકીપણું પોતાના જ અમલો છે. કોને ખબર કોઈ બીજો ઈસાલે સવાબ કરે કે ન કરે, એ ભરોસા પર પોતાના અમલથી ગાફેલ ન રહે. (જુઓ તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન વગેરે) આ હુકમ ઈબ્રાહીમ તથા મૂસા عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُ ના સહીફા (કિતાબો)નો હતો ન કે ઈસ્લામનો, અહીં તેની નકલ છે. અથવા એ આયત આ આયતથી મન્સૂખ છે : وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُمْ بِاِيْمَانٍ۔ એ જ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો કૌલ છે. એટલા માટે મુસલમાનોનાં બાળકો મા–બાપના તુફૈલથી જન્નતમાં જશે, વગર અમલે દરજાઓ પામશે. (જુઓ જુમલ તથા ખાઝિન) અથવા આ આયત શારીરિક અમલોમાં નાયબપણાનો ઈન્કાર કરે છે. એટલા માટે એમાં કસમ તથા સઈ (કોશિશ)નું વર્ણન છે ન કે સવાબની ભેટ ધરવાનું અથવા આ ઝિક્ર

અદ્લ છે અને તે ફઝ્લ છે. સારાંશ કે એના ઘણા ખુલાસાઓ છે.

ફાતેહા, ત્રીજીયું, દસમી, ચાળીસુ વગેરે એ જ ઈસાલે સવાબની શાખાઓ છે. ફાતેહામાં કેવળ એવું થાય છે કે કુર્આનની તિલાવત કે જે બદની (શારીરિક) ઈબાદત છે અને સદકો એટલે માલી ઈબાદતને ભેગી કરીને સવાબ પહોંચાડવામાં આવે છે.

(પ્રથમ વિભાગ)

★ ફાતેહાની સાબિતીમાં ★

તફસીરે રૂહુલ બયાનના પારા–૭, સૂરએ અન્આમ, આયત : وَهٰذَا كِتَابٌ اَنْزَلْنَاهُ مُبَارَكٌ. હેઠળ છે :–

وَعَنْ حَمِيْدِ الْاَعْرَجِ قَالَ مَنْ قَرَءَ الْقُرْاٰنَ وَخَتَمَهٗ ثُمَّ دَعَا اَمَّنَ عَلٰى دُعَائِهٖ اَرْبَعَةُ اٰلَافِ مَلَكٍ ثُمَّ لَايَزَالُوْنَ يَدْعُوْنَ لَهٗ وَيَسْتَغْفِرُوْنَ وَيُصَلُّوْنَ عَلَيْهِ اِلَى الْمَسَاءِ اَوْ اِلَى الصَّبَاحِ.

''હઝરત અઅ્રજથી મરવી છે કે, **જે શખ્સ કુર્આન ખત્મ કરે પછી દુઆ માંગે તો તેની દુઆ પર ચાર હજાર ફરિશ્તા આમીન કહે છે** કે પછી એના માટે દુઆ કરતા રહે છે અને મગફેરત માંગતા રહે છે, સાંજે તથા સવારે.'' એ જ લખાણ નવવીની કિતાબુલ અઝકાર કિતાબુ ત્તિલાવતિલ કુર્આનમાં પણ છે.

જાણવા મળ્યું કે કુર્આનમાં ખત્મ વખતે દુઆ કબૂલ થતી હોય છે અને ઈસાલે સવાબ જ દુઆ છે, જેથી એ વખતે ખત્મ પઢવો બેહતર છે.

'અશઅતુલ લમ્આત' બાબિ ઝિયારતિલ કુબૂરમાં છે :–

(અર્થ) : ''મૈયતના મૃત્યુ બાદ સાત દિવસો સુધી સદકો કરવામાં આવે.''

એ જ 'અશઅતુલ લમ્આત'માં એ જ પ્રકરણમાં છે :–

(અર્થ) : ''જુમેરાતે મૈયતની રૂહ પોતાના ઘરે આવે છે અને જુએ છે કે

તેના તરફથી સકદો લોકો કરે છે કે નહીં.''

એના પરથી જાણવા મળ્યું કે અમુક જગ્યાએ જે રિવાજ છે કે મૌત પછી સતત સાત દિવસ સુધી રોટીઓ ખૈરાત કરે છે અને હમેશાં જુમેરાતે ફાતેહા કરે છે તેની અસ્લ્ આ છે. અન્વારુલ સાતિઆ, પેજ ૧૪૫ અને હાશિયા ખઝાઈનતુર્રિવાયાતમાં છે કે હુઝૂર ﷺ એ અમીર હમ્ઝા رضی اللہ عنہ ના માટે ત્રીજા અને સાતમા દિવસે અને સાતમા અને ચાલીસમા દિવસે અને છઠ્ઠા મહીને તથા વરસ થતાં સદકો આપ્યો. આ ત્રીજીયું, છમાહી અને વરસીની અસ્લ છે.

નવવીએ કિતાબુલ અઝકાર બાબિ તિલાવતિલ કુર્આનમાં ફર્માવ્યું કે અનસ બિન ખત્મે કુર્આનના વખતે પોતાનાં ઘરવાળાંઓને એકઠાં કરીને દુઆ માંગતા. હકમ ઈબ્ને ઉત્બા ફર્માવે છે કે એક મજમો મુજાહિદ તથા ઓબૈદા ઈબ્ને અબી લુબાબાએ બોલાવ્યો અને ફર્માવ્યું કે અમે તમને એટલા માટે બોલાવ્યા છે કે આજે અમે કુર્આને પાક ખત્મ કરી રહ્યા છીએ, ખત્મે કુર્આનના વખતે દુઆ કુબૂલ થાય છે. હઝરત મુજાહિદથી સહીહ રિવાયતથી નકલ થયેલ છે કે બુઝુર્ગાને દીન ખત્મે કુર્આનના સમયે મજમો કરતા હતા અને કહેતા હતા કે એ સમયે રહમત નાઝિલ થાય છે. *(નવવી કિતાબુલ અઝકાર)*

જેથી ત્રીજીયા, ચાળીસાનો મજમો પૂર્વજ બુઝુર્ગો (સલફ)ની સુન્નત છે.

દુર્રે મુખ્તાર બહષે કિરાઅત લિલ મૈયત બાબિદફનમાં છે :–

وَفِى الْحَدِيْثِ مَنْ قَرَءَ الْاِخْلَاصَ اَحَدَ عَشَرَ مَرَّةً ثُمَّ وَهَبَ اَجْرَهَا لِلْاَمْوَاتِ اُعْطِىَ مِنَ الْاَجْرِ بِعَدَدِ الْاَمْوَاتِ ـ

હદીષમાં છે કે જે વ્યક્તિ ૧૧ વાર સૂરએ ઈખ્લાસ (કુલ્ હુવલ્લાહ) પઢે પછી તેનો સવાબ મુડદાંને બખ્શે તો તેને તમામ મુડદાંઓના જેટલો સવાબ મળશે. શામીમાં એ જ જગાએ છે :–

يَقْرَءُ مِنَ الْقُرْاٰنِ مَاتَيَسَّرَ لَهٗ مِنَ الْفَاتِحَةِوَاَوَّلِ الْبَقَرَةِاِلَى الْمُفْلِحُوْنَ وَاٰيَةِالْكُرْسِىِّ وَاٰمَنَ الرَّسُوْلُ وَسُوْرَةيٰسٓ وَتَبَارَكَ الَّذِىْ بِيَدِهِ الْمُلْكُ

وَسُوْرَةُالتَّكَاثُرُوَالْاِخْلَاصِ اِثْنٰى عَشَرَ مَرَّةً اَوْاِحْدٰى عَشَرَ اَوْسَبْعًااَوْثَلَاثًاثُمَّ

يَقُوْلُ اَللّٰهُمَّ اَوْصِلْ ثَوَابَ مَاقَرَءْنَاهُ اِلٰى فُلَانٍ اَوْ اِلَيْهِمْ۔

''જે શક્ય હોય તે કુર્આન પઢે, સૂરએ ફાતિહા, સૂરએ બકરહની પ્રારંભિક આયતો અને આયતુલ કુર્સી તથા આમનર્રસૂલ અને સૂરએ યાસીન તથા મલક તથા સૂરએ તકાષુર અને સૂરએ ઈખ્લાસ ૧૨ કે ૧૧ કે ૭ કે ૩ વાર પઢે, પછી કહે કે હે અલ્લાહ ! જે કાંઈ મેં પઢયું તેનો સવાબ ફલાણાને અથવા ફલાણાને પહોંચાડી આપ !'' આ લખાણોમાં વર્તમાનમાં ચાલતા ફાતેહાનો પૂરો તરીકો બતાવવામાં આવ્યો છે. એટલે કે વિવિધ ઠેકાણેથી કુર્આન પઢવું, પછી ઈસાલે સવાબની દુઆ કરવી અને દુઆમાં હાથ ઉઠાવવા સુન્નત છે, જેથી હાથ ઉઠાવે. સારાંશ કે રિવાજ પામેલ ફાતેહા પૂરી પૂરી સાબિત થઈ.

ફતાવાએ અઝીઝિયા, પેજ–૭૫માં છે :–

(અર્થ) : ''જે ખાણા પર હઝરાત હસ્નૈનની ન્યાઝ કરો તેના પર કુલ તથા ફાતેહા અને દુરૂદ પઢવું બરકતનો સબબ છે, અને તેને ખાવું ઘણું સારું છે.'' એ જ ફતાવાએ અઝીઝિયા, પેજ–૪૧માં છે :–

(અર્થ) : જો દૂધ, મલીદો કોઈ બુઝુર્ગના ફાતેહાના માટે ઈસાલે સવાબની નિય્યતથી પકાવીને ખવડાવે તો જાઈઝ છે, કોઈ વાંધો નથી.''

વિરોધીઓના પેશ્વા શાહ વલીયુલ્લાહ સાહબનું પણ ત્રીજીયું થયું. જેમ કે એનું વર્ણન શાહ અબ્દુલ અઝીઝ સાહબે પોતાના મલ્ફૂઝાત, પેજ–૮૦માં આ પ્રમાણે ફર્માવ્યું :–

(અર્થ) : ''ત્રીજા દિવસે લોકોની એટલા પ્રમાણમાં ભીડ હતી કે ગણત્રી બહાર હતી, એક્યાસી કલામુલ્લાહ ગણત્રીમાં આવ્યાં અને અધિક પણ થયાં હશે, કલ્માએ તૈયેબહનો તો અંદાજો જ નથી.''

આના પરથી ત્રીજીયાનું હોવું અને એમાં કલામુલ્લાહનો ખત્મ કરવું સાબિત થયું. મોલ્વી મુહમ્મદ કાસિમ સાહબ નાનોત્વી મદ્રસા દેવબંદના સ્થાપક તહઝીરુન્નાસ, પેજ–૨૪ પર જણાવે છે : ''જુનૈદના કોઈ મુરીદનો રંગ

એકાએક બદલાઈ ગયો, આપે સબબ પૂછયો તો કશ્ફ થકી તેણે એ કહ્યું કે મારી માંને દોઝખમાં જોઉં છું ! હઝરત જુનૈદે એક લાખ પચાસ હજાર વાર કલમો પઢેલો હતો. તો એમ સમજીને કે અમુક રિવાયતોમાં આટલા પ્રમાણમાં કલ્માના સવાબ પર મગફેરતનો વાયદો છે. આપે મનમાંને મનમાં તે મુરીદની માંને બખ્શી આપ્યો, અને તેને જાણ ન કરી, બખ્શતાં જ શું જુએ છે કે તે યુવાન ખુશખુશાલ છે ! આપે સબબ પૂછયો તો તેણે વિનંતિ કરી કે મારી માંને જન્નતમાં જોઉં છું ! આપે એના પર એ ફર્માવ્યું કે તે યુવાનનો કશ્ફ સાચો હોવાનું તો મને હદીષથી જાણવા મળ્યું, અને હદીષનું સહીહ હોવું તેના કશ્ફ દ્વારા જણાયું. આ લખાણથી જાણવા મળ્યું કે કલ્માએ તૈયેબહ એક લાખ પાંચ હજાર બખ્શવાથી મુડદાની બખ્શિશની ઉમ્મીદ છે અને ત્રીજીયામાં ચણાઓ ઉપર એ જ પઢવામાં આવે છે.

આ તમામ લખાણોથી ફાતેહા તથા ત્રીજીયા વગેરેની તમામ રસ્મોનું જાઈઝ હોવું માલૂમ પડયું. ફાતેહામાં પંજ આયત પઢવી પછી ઈસાલે સવાબના માટે હાથ ઉઠાવીને દુઆ કરવી, ત્રીજીયાના દિવસે કુર્આન ખ્વાની, કલ્મા શરીફનો ખતમ, ખાવા પકાવીને ન્યાઝ કરવી સૌ માલૂમ થઈ ગયું. કેવળ એક વાત બાકી છે કે ખાવા સામે રાખીને હાથ ઉઠાવીને દુઆ માંગવી. એના વિશે વિવિધ રિવાજ છે. કાઠિયાવાડમાં તો પહેલાં જ ખાવા ફકીરોને ખવડાવી આપે છે પછી બાદમાં ઈસાલે સવાબ કરે છે. અને યુ. પી. તથા પંજાબ અને અરબ શરીફમાં ખાવા સામે રાખીને ઈસાલે સવાબ કરાવે છે પછી ખવડાવે છે, બંને રીતે જાઈઝ છે અને હદીષોથી સાબિત છે. મિશ્કાતમાં પણ ઘણી રિવાયતો મૌજૂદ છે કે હુઝૂર ﷺ એ ખાણું ખાઈને ખાવા ખવડાવનારના માટે દુઆ ફર્માવી બલ્કે હુકમ આપ્યો કે દાવત ખાઈને મેજબાનને દુઆ આપો. એ જ પ્રમાણે મિશ્કાત બાબિ આદાબિત્તઆમમાં છે કે હુઝૂર ﷺ જ્યારે ખાવાથી પરવારતા તો ફર્માવતા :–

اَلْحَمْدُلِلّٰهِ حَمْدًا كَثِيْرًا طَيِّبًا مُّبَارَكًا فِيْهِ غَيْرَمَكْفِيٍّ وَلَامُوَدَّعٍ وَلَامُسْتَغْنًى عَنْهُ رَبَّنَا۔

જેનાથી જાણવા મળ્યું કે ખાવા પછી બે ચીજો સુન્નત છે, અલ્લાહની પ્રશંસા (હમ્દ) અને ખાવા ખવડાનાર માટે દુઆ કરવી અને ફાતેહામાં આ બંને વાતો સમાયેલી છે અને લગભગ આ પ્રકારનો ઈન્કાર તો વિરોધીઓ પણ કરતા નહીં હોય. રહ્યું ખાવા સામે રાખીને હાથ ઉઠાવીને દુઆ કરવું તો એની ઘણી બધી હદીષો આવેલી છે : મિશ્કાત બાબિલ મો'જિઝાત, ફસ્લ દોમમાં છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હું થોડીક ખારેકો હુઝૂર ﷺ ની ખિદમતમાં લાવ્યો અને અર્ઝ કરી કે એના માટે બરકતની દુઆ કરી આપો ! فَضَمَّهُنَّ ثُمَّ دَعَالِیْ فِیْهِنَّ بِالْبَرَكَةِ. આપે તેને મિલાવી અને બરકતની દુઆ કરી. મિશ્કાત બાબિલ મોઅ્જિઝાત ફસ્લ અવ્વલમાં છે કે ગઝવએ તબૂકમાં ઈસ્લામી લશ્કરમાં ખાવા ખૂટી પડયું. હુઝૂર ﷺ એ તમામ લશ્કરવાળાઓને હુકમ આપ્યો કે જેની પાસે જે કાંઈ હોય તે લાવો ! દરેક વ્યક્તિ કાંઈ ન કાંઈ લાવ્યા. દસ્તરખાન બિછાવવામાં આવ્યું એના પર એ સઘળુ રાખવામાં આવ્યું فَدَعَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِالْبَرَكَةِ ثُمَّ قَالَ خُذُوْا فِیْ اَوْعِيَتِكُمْ. પછી એના પર દુઆ ફર્માવી અને ફર્માવ્યું કે હવે એને પોતાના વાણસોમાં રાખી લો ! એ જ મિશ્કાત એ જ પ્રકરણમાં છે : હુઝૂર ﷺ એ હઝરત ઝૈનબ رضی اللہ عنہا થી નિકાહ કર્યા. હઝરત ઉમ્મે સુલૈમે થોડકુ ખાણુ વલીમાના રૂપે પકાવ્યું પરંતુ ઘણા લોકોને બોલાવવામાં આવ્યા.

فَرَاَيْتُ النَّبِیَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَضَعَ يَدَهٗ عَلٰى تِلْكَ الْحَيْسَةِ وَتَكَلَّمَ بِمَاشَاءَ اللّٰهِ.

તે ખાણા પર હાથ મુબારક રાખીને હુઝૂર ﷺ એ કાંઈ પઢયું.

એ જ મિશ્કાતના એ જ પ્રકરણમાં છે કે હઝરત જાબિર رضی اللہ عنہ એ ગઝવએ ખંદકના દિવસે અમુક થોડુક ખાવા પકાવીને હુઝૂર ﷺ ની દાવત કરી. હુઝૂર ﷺ તેમના મકાન પર તશરીફ લાવ્યા. فَاَخْرَجَتْ لَهٗ عَجِيْنَا فَبَصَقَ فِيْهِ وَبَارَكَ. આપની સમક્ષ ગુંદેલો લોટ રજૂ કરવામાં આવ્યો તો એમાં લુઆબ (થૂંક) શરીફ નાખ્યું અને બરકતની દુઆ કરી. આ પ્રકારની ઘણી રિવાયતો રજૂ કરી શકાય છે પણ આટલાથી જ સંતોષ માનીએ છીએ.

હવે ફાતેહાની તમામ બાબતો સારી રીતે સાબિત થઈ ગઈ. વલ્હમ્દુલિલ્લાહ ! બૌદ્ધિક દૃષ્ટિએ પણ ફાતેહામાં કોઈ વાંધો નથી કેમ કે જેવું પ્રથમ પ્રસ્તાવનામાં રજુ કરવામાં આવી ચૂક્યું છે કે ફાતેહા બે ઈબાદતોના સંગમનું નામ છે, તિલાવતે કુર્આન અને સદકો અને જ્યારે આ બંનેનું કામ અલગ અલગ રીતે જાઈઝ છે, તો તેને ભેગી કરવી શાથી હરામ થશે ?! બિર્યાની ખાવાનું ક્યાંય સાબિત નથી પણ હલાલ છે, શા માટે ? એટલા માટે કે બિર્યાની ચાવલ, ગોશ્ત, ઘી વગેરેનું મિશ્રણ છે, અને જ્યારે તેના સર્વ અંશો હલાલ છે જેથી બિર્યાની પણ હલાલ છે. હા ! જ્યાં અમુક હલાલ ચીજોને ભેગી કરવાનું હરામ હોય, જેમ કે બે બહેનો એક સાથે એકના નિકાહમાં અથવા અમુક હલાલ ચીજોના મળવાથી કોઈ હરામ ચીજ ઉદ્ભવ પામે દા. ત. મિશ્રણમાં નશો પેદા થઈ ગયો તો એ મિશ્રણ આ નશાના લીધે હરામ થશે. અહીં કુર્આનની તિલાવત અને સદકાને જમા કરવું શરીઅતે હરામ નથી કહ્યું અને એના મિશ્રણથી કોઈ હરામ ચીજ પેદા નથી થતી ! તો પછીએ હરામ કામ કઈ રીતે થશે ? જુઓ ! બકરી મરી રહી છે, તે જો આમ જ મરી જાય તો મુરદાર છે પણ જો મરતા પહેલાં અલ્લાહનું નામ લઈને તેને ઝબહ કરવામાં આવી તો હલાલ થઈ ગઈ. કુર્આને કરીમ તો મુસલમાનોના માટે રહમત અને શિફા છે. شِفَاءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ. પછી જો તેની તિલાવત કરી દેવાથી ખાવા હરામ થઈ જાય તો કુર્આન રહમત ક્યાં રહ્યું ? ! જેહમત બન્યુ ! પણ હા ! મોમિનો માટે રહમત છે, કાફિરો માટે જેહમત છે ! وَلَا يَزِيْدُ الظّٰلِمِيْنَ اِلَّا خَسَارًا. એનાથી જાલિમો તો નુકસાનમાં રહે છે કે એના પઢી કાઢવાથી ખાવાથી વંચિત રહી ગયા ! તેમ જ જેના માટે દુઆ કરવાની હોય તેને સામે રાખીને દુઆ કરવી જોઈએ. જનાઝામાં મૈયતને સામે રાખીને નમાઝે જનાઝા પઢાય છે, કેમ કે તેના માટે દુઆ છે જેથી તેને સામે રાખી લીધો. એ જ પ્રમાણે ખાણાને સામે રાખીને દુઆ કરી તો કઈ ખરાબી છે ! એ જ પ્રમાણે કબ્રની સામે ઉભા રહીને દુઆ કરવામાં આવે છે. હુઝૂર ﷺ એ પોતાની ઉમ્મતની તરફથી કુર્બાની કરીને ઝબહ કરેલું જાનવર સામે રાખીને પઢયું :

اَللّٰهُمَّ هٰذَا مِنْ اُمَّةِ مُحَمَّدٍ ''હે અલ્લાહ ! આ કુર્બાની મારી ઉમ્મત તરફથી છે.'' હઝરત ખલીલુલ્લાહે કાબાની ઈમારત સામે રાખીને દુઆ કરી, رَبَّنَا تَقَبَّلْ مِنَّا આજે પણ અકીકાનું જાનવર સામે રાખીને જ દુઆ પઢવામાં આવે છે. જેથી જો ફાતેહામાં પણ ખાવા સામે રાખીને ઈસાલે સવાબ કરવામાં આવે તો શું વાંધો છે **બિસ્મિલ્લાહ**થી ખાવા શરૂ કરવામાં આવે છે અને **બિસ્મિલ્લાહ** પણ કુર્આન શરીફની આયત છે. જો ખાવા સામે રાખીને કુર્આન પઢવું મના છે તો **બિસ્મિલ્લાહ** પઢવું પણ મના હોવું જોઈએ.

વિરોધીઓના પેશ્વા પણ હાલમાં પઢાતા ફાતેહાને જાઈઝ સમજે છે. જેમ કે શાહ વલીયુલ્લાહ સાહબ 'અલ ઈન્તિબાહ ફી સલાસિલે ઔલિયા અલ્લાહ'માં ફર્માવે છે :–

(અર્થ) : ''પછી દસવાર દુરૂદ પઢે અને પૂરો ખત્મ કરે અને થોડી શીરીની પર તમામ ખ્વાજગાને ચિશ્તની ફાતેહા આપે પછી ખુદાથી દુઆ કરે.''

શાહ વલીયુલ્લાહ સાહબ ઝુબ્દતુન્નસાએહ પેજ–૧૩૨ પર એક સવાલના જવાબમાં લખે છે કે :–

(અર્થ) : ''દૂધ ચાવલ કોઈ બુઝુર્ગાની ફાતેહાના માટે તેમની રૂહને સવાબ પહોંચાડવાની નિય્યતથી પકાવે અને ખાય અને જો કોઈ બુઝુર્ગની ફાતેહા આપવામાં આવે તો માલદારોએ પણ ખાવું જાઈઝ છે.''

મોલ્વી અશરફ અલી થાણવી તથા રશીદ અહમદ ગંગોહીના મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ ''ફૈસલા હફ્ત મસ્અલા''માં ફર્માવે છે:–

(અર્થ) : મૈયતોની રૂહોને ઈસાલે સવાબ કરવા સંદર્ભે કોઈને મતભેદ નથી, એમાં પણ ખાસ તથા નિયત દિવસે જ સવાબ પહોંચાડાય એમ સમજે અથવા વાજિબ કે ફર્ઝનો અકીદો ધરાવે તો મના છે અને જો એ માન્યતા નથી બલ્કે કોઈ મસ્લેહત સંજોગોને આધિન હોય તો કોઈ વાંધો નથી જેમ કે મસ્લેહત સાથે નમાઝમાં ખાસ સૂરતોને નિશ્ચિત કરવાનું મુહક્કિક ફકીહોએ જાઈઝ રાખ્યું છે, તો તહજ્જુદમાં મોટાભાગના મશાઈખનો મામૂલ છે.'' પછી ફર્માવે છે :

''જેમ કે નમાઝમાં નિય્યત બધી રીતે પૂરતી છે છતાં દિલ તથા જીભની એકરૂપતા માટે અવામે જીભ વડે કહેવી પણ મુસ્તહસન છે. એ જ પ્રમાણે જો અહીં પણ જીભ વડે કહી લેવામાં આવે કે આ ખાણાનો સવાબ ફલાણી વ્યક્તિને પહોંચી જાય તો બેહતર છે. પછી કોઈને ખયાલ આવ્યો કે જો રૂબરૂ મૌજૂદ છે એની સાથે જો કાંઈક અલ્લાહનું કલામ પણ પઢવામાં આવે તો દુઆની કબૂલિયતની પણ ઉમ્મીદ છે અને આ કલામનો સવાબ પણ પહોંચી જશે તો બે ઈબાદતોનું સંગમ છે.

પછી ફર્માવે છે :–

''અને ગ્યારહવીં હઝરત ગૌષે પાકની, દસમુ, વીસમું, ચાળીસુ, છમાહી, વરસી વગેરે અને હઝરત શૈખ અબ્દુલ હક્કનો તોશો અને હઝરત શાહ બૂઅલી'' કલંદર અને શબે બરાતનો હલ્વો અને અન્ય ઈસાલે સવાબની રીતોના માટે આ કાયદો આધારભૂત છે.''

પીર સાહબના આ લખાણે તદ્દન ફૈસલો જ કરી આપ્યો. અલ્હમ્દુલિલ્લાહ ! કે ફાતેહાનો મસ્અલો અકલી તથા નકલી દલીલો તથા વિરોધીઓના કથનોથી પણ ખૂબ સારી પેઠે સ્પષ્ટ થઈ ગયો. અલ્લાહ તઆલા કબૂલ કરવાની તૌફીક આપે, આમીન.

(બીજો વિભાગ)

★ ફાતેહા પર વાંધાઓ અને તેના જવાબો ★

આ ફાતેહાના મસ્અલા પર વિરોધીઓના નીચે પ્રમાણેના વાંધાઓ મશહૂર છે :–

વાંધો (૧) : ઘણા ફકીહોએ ત્રીજા અને સાતમા દિવસે મૈયતના માટે ખાવા પકાવવું મના કર્યું છે. (જુઓ શામી, આલમગીરી) બલ્કે બઝ્ઝાઝિયહ્એ તો લખ્યું છે : وَبَعْدَ الْاُسْبُوْعِ એટલે કે ''અઠવાડિયા પછી પણ પકાવવું મના છે.'' ''એમાં વરસી, છમાહી, ચાળીસુ સૌ આવી ગયાં. તેમ જ કાઝી ષનાઉલ્લાહ પાનીપતીએ વસિયત કરી હતી કે :–

(અર્થ) : મારા મૃત્યુ બાદ દુનિયાવી રસમો દસમુ, વીસમું, ચાળીસુ, છમાહી તથા વરસી કરશો નહીં, કેમ કે રસૂલુલ્લાહ ﷺ ત્રણ દિવસથી વિશેષ શોક પાડવાને જાઈઝ સમજતા ન હતા.'' તેમ જ રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે મૈયતનું ખાણુ દિલને મુર્દા કરે છે.... વગેરે વગેરે.

જવાબ : ફકીહોએ મૈયતના ઈસાલે સવાબથી મના નથી કર્યું બલ્કે હુકમ આપ્યો જેમ કે અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂક્યા છીએ. જેને ફકીહો મને કરે છે તે ચીજ જ ઔર છે અને તે મૈયતના નામ પર બિરાદરીની રોટી લેવી એટલે કે કૌમના મહેણા ટોણાથી બચાવ માટે જે મૈયતના ત્રીજીયા, દસમા વગેરેમાં બિરાદરીની દાવતો કરવામાં આવે છે તે નાજાઈઝ છે એટલા માટે કે તે નામના મેળવવા માટે હોય છે અને મૌત નામના કમાવાનો સંજોગ નથી. જો ગરીબોને ઈસાલે સવાબના માટે ફાતેહા કરીને ખાવા ખવડાવવામાં આવે તો સૌની નજીક જાઈઝ છે. શામી, ભાગ–૧, કિતાબુલ જનાઈઝ બાબે દફનમાં છે :–

وَيُكْرَهُ اِتِّخَاذُالضِّيَافَةِمِنْ اَهْلِ الْمَيِّتِ لِاَنَّهٗ شُرِعَ فِى السُّرُوْرِ لَافِى الشُّرُوْرِ۔

''એટલે મૈયતવાળાઓથી દાવત લેવી મકરૂહ છે કેમ કે એ તો ખુશીના પ્રસંગે હોય છે ન કે ગમીના પ્રસંગે. દાવત લેવાના તે જ અર્થ છે કે બિરાદરીના મહેણા ટોણાથી મજબૂર થવાથી કરે.

પછી ફર્માવે છે :–

وَهٰذِهِ الْاَفْعَالُ كُلُّهَا لِلسُّمْعَةِ وَالرِّيَاءِ فَيَحْتَرِزُعَنْهَا لِاَنَّهُمْ لَايُرِيْدُوْنَ بِهَا وَجْهَ اللّٰهِ۔

આ સર્વ કામો કેવળ દેખાડો કરવા માટેનાં હોય છે, જેથી એનાથી બચે કેમ કે એનાથી અલ્લાહની રઝા નથી ચાહતા. સ્પષ્ટ રીતે જણાયું કે ગર્વના તૌર પર બિરાદરીની દાવત મના છે.

પછી ફર્માવે છે :–

وَاِنِ اتَّخَذَطَعَامًا لِلْفُقَرَآءِ كَانَ حَسَنًا۔ મૈયતનાં ઘરવાળાંઓને ગરીબો માટે ખાણું પકાવ્યું તો સારૂં છે. આ ફાતેહાનો જવાઝ (જાઈઝ હોવું) છે.

કાઝી ષનાઉલ્લાહ પાનીપતીનું પોતાના ત્રીજીયા, દસમાથી મના કરવું

બિલકુલ દુરુસ્ત છે. તે ફર્માવે છે દુનિયાવી રસમ મુજબ જે ત્રીજીયા વગેરે છે તે ન કરે. દુનિયાની રસમ શું છે ? સ્ત્રીઓનું ત્રીજીયા વગેરેએ એકત્ર થઈને રડવું, પીટવું, નોહા કરવું તે ખરેખર હરામ છે. એટલા માટે ફર્માવે છે કે ત્રણ દિવસથી અધિક માતમ (શોક) જાઈઝ નથી. આ જગાએ ઈસાલે સવાબ કે ફાતેહા વગેરેનો ઉલ્લેખ નથી. જેનો મસકદ એ થયો કે તીજીયા વગેરેમાં માતમ ન કરે. તમારું એ કહેવું કે મૈયતનું ખાવા દિલને મુર્દા કરે છે, અમે એ હદીષ કયાંય નથી જોઈ, જો એ હદીષ હોય તો એ હદીષોનો શો મતલબ થશે જેમાં મુડદાંઓ તરફથી ખૈરાત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ છે ? ! તેમ જ તમે પણ કહો છો કે તારીખ નિશ્ચિત કર્યા વિના મુડદાના નામ પર ખૈરાત જાઈઝ છે. તો એ ખૈરાતને કોણ ખાશે ? જે માણસ ખાઈ લે તેનું દિલ મુર્દા થઈ જશે ! તો શું તેને ફરિશ્તા ખાશે ?!

મસ્અલા : મૈયતના ફાતેહાનું ખાણું કેવળ ગરીબોને ખવડાવવામાં આવે. આ'લા હઝરત કુદ્દેસસિર્રહૂએ એના પર એક આખી પુસ્તિકા ''જલીઉસ્સૂ નહ અદ્દઅવતિ અન અહલિલ મૈયિત'' લખી છે બલ્કે જોનારાઓ તો કહે છે કે ખૂદ આ'લાહઝરત કુદ્દેસ સિર્રહૂ કોઈ મૈયતવાળાને ત્યાં આશ્વાસન માટે જતા તો ત્યાં પાન, હુક્કો વગેરે પણ ન ઉપયોગમાં લેતા હતા. અને ખૂદ વસાયા શરીફમાં વસિયત મૌજૂદ છે કે અમારા ફાતેહાનું ખાણું કેવળ ગરિબોને ખવડાવવામાં આવે. તેમજ જો મૈયતની ફાતેહા મૈયતના છોડેલા માલમાંથી કરી છે તો ખયાલ રહે કે ગાયબ વારસ અથવા નાબાલિગના હિસ્સાથી ફાતેહા ન કરવામાં આવે. એટલે પ્રથમ મૈયતનો માલ વહેંચાય જાય પછી કોઈ બાલિગ વારસ પોતાના હિસ્સામાંથી એ નેક કાર્ય કરે, નહીં તો એ ખાવા કોઈના માટે પણ જાઈઝ થશે નહીં, કે માલિકની રજા વિના અથવા નાબાલિગનો માલ ખાવો જાઈઝ નથી એનો જરૂર ખયાલ રાખવામાં આવે.

વાંધો (૨) ફાતેહાના માટે તારીખ નિશ્ચિત કરવી જાઈઝ નથી. ગ્યારવીં તારીખ અથવા ત્રીજયું, દસમુ, વીસમુ, ચાળીસુ, છમાહી તથા વરસી વગેરે આ દિવસોને નિશ્ચિત કરવું તદ્દન બેકાર છે :–

કુર્આન ફર્માવે છે :- وَهُمْ عَنِ اللَّغْوِ مُعْرِضُوْنَ- "મુસલમાન નિરર્થક કામોથી બચે છે." બલ્કે જેટલા પ્રમાણમાં જલ્દી શક્ય હોય ઈસાલે સવાબ કરો. ત્રીજા દિવસનો ઈન્તેઝાર કેવો ? ! તેમજ તીજયાના માટે ચણા નિશ્ચિત કરવા તે પણ ભૂંજેલા, એ તદ્દન બેકાર તથા બેહૂદા છે. એટલા માટે ત્રીજયું વગેરે કરવું મના છે.

જવાબ : તારીખ દિવસ નક્કી કરવાનો જવાબ તો અમે કિયામે મીલાદની ચર્ચામાં આપી ચૂકયા છીએ કોઈ જાઈઝ કામના માટે દિવસ તારીખ નક્કી કરવાનો કેવળ એ મકસદ હોય છે કે નિયત દિવસે લોકો ભેગા થઈ જશે અને ભેગા મળીને એ કામ કરશે. જો કોઈ સમય નિશ્ચિત જ ન હોય તો સારી રીતે આ કામો નથી થતાં એટલા માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رَضِیَ اللّٰہُ عَنْہُمَا એ પોતાના વઅઝના માટે જુમરાતનો દિવસ નિશ્ચિત કર્યો હતો. લોકોએ અર્ઝ કરી કે દરરોજ વઅઝ કર્યા કરો તો ફર્માવ્યું કે, તમને તકલીફમાં નાખવું મને પસંદ નથી. (જુઓ મિશ્કાત, કિતાબુલ ઈલ્મ) બુખારીએ તો વારી નક્કી કરવા માટે તો પ્રકરણ રચ્યું. આ કેવળ આસાની માટે હોય છે. આજે પણ મદ્રસાનાં ઈમ્તેહાનના જલસાના મહીના અને તારીખો નિશ્ચિત થાય છે કે જેથી લોકો દરવર્ષે વિના બુલાવ્યે એ તારીખોમાં પહોંચી જાય, કેવળ એ જ મકસદ તેમનો છે. હવે રહ્યો એ પ્રશ્ન કે એ તારીખો નિશ્ચિત શા માટે કરી ? તો સાંભળો ! ૧૧મીને નિશ્ચિત કરવાનું કારણ એ બન્યું કે ઈસ્લામી સુલ્તાનોની તમામ કચેરીઓ દસમી તારીખે પગાર વહેંચાતો હતો અને કર્મચારીઓનો ખ્યાલ એ હતો કે અમારા પગારની પ્રથમ રકમ હુઝૂર ગૌષપાક رضی اللہ عنہ ની ફાતેહા પર વપરાય જેથી જ્યારે તેઓ રાત્રે ઓફીસથી ઘરે આવતા તો થોડીક શીરીની લેતા આવતા અને મગરિબની નમાઝ બાદ ફાતેહા આપતા એ ૧૧મીની રાત હોતી. એ રિવાજ એવો પડયો કે મુસલમાનોમાં એ ફાતેહાનું ૧૧મી નામ જ પડી ગયું. હવે જે તારીખે પણ હુઝૂર ગૌષે પાકની ફાતેહા કરશો અથવા અમુક રકમ તેમના નામે ખર્ચ કરશો તેનું નામ ગ્યારહવી જ હોય છે. યુ. પી. અને કાઠિયાવાડમાં રબીઉલ આખર શરીફના મહીનામાં આખો મહીનો ફાતેહા થાય છે પણ તેનું નામ ૧૧વી જ હોય છે.

તદ્ ઉપરાંત બુઝુર્ગોના મહાન મહાન પ્રસંગો દસમી તારીખે થયા જેના પછી ૧૧મી રાત આવે છે. આદમ عليه الصلوٰة والتسليم નું જમીન પર આવવું, તેમની તૌબાનું કબૂલ થવું, નૂહની કશ્તીનું પાર લાગવું, ઈસ્માઈલ عليه الصلوٰة والتسليم નું ઝબહથી નજાત પામવું, યૂનુસ عليه الصلوٰة والتسليم નું માછલીના પેટથી બહાર આવવું, યાકૂબ عليه الصلوٰة والتسليم નું ફરઝંદથી મળવું, મૂસા عليه الصلوٰة والتسليم નું ફિરઔનથી નજાત પામવું, ઐયૂબ عليه الصلوٰة والتسليم નું શિફા પામવું, ઈમામ હુસૈન عليه الصلوٰة والتسليم નું શહીદ થવું અને સૈયદુશ્શોહદાનો દરજ્જો પામવું, દસમી તારીખે બન્યું છે. એના પછી જે પ્રથમ રાત આવી તે ૧૧ મી રાત હતી જેથી એ રાત બરકતવંત છે એટલા માટે ૧૧ વી શરીફના ફાતેહા મોટા ભાગે ૧૧મીની રાતમાં થાય છે, કેમ કે બરકતી રાતોમાં સદકા ખૈરાત વગેરે કરવું જોઈએ.

અને એ વાત અનુભવસિદ્ધ છે બલ્કે ખૂદ મારો પણ અનુભવ છે કે જો ૧૧વીં તારીખે અમુક નક્કી રકમ સાથે પાબંદીથી ફાતેહા કરવામાં આવે તો ઘરમાં ખૂબ જ બરકત રહે છે. હું બિહમ્દિહી તઆલા એનો ખૂબ જ સખ્તી સાથે પાબંદ છું અને એની ખૂબ જ બરકત પામું છું ''કિતાબ યઝદહુ મજલિસ''માં લખ્યું છે કે હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ હુઝૂર ﷺ ની બારહવીં એટલે કે ૧૨ મી તારીખે મીલાદના ખૂબ જ પાબંદ હતા. એકવાર ખ્વાબમાં સરકાર ﷺ એ ફરમાવ્યું કે અબ્દુલ કાદિર ! તમે બારમીથી મને યાદ કર્યો તો અમે તમને અગ્યારમી આપીએ છીએ. એટલે કે લોકો ગ્યારવીથી તમને યાદ કર્યા કરશે. એટલા માટે રબીઉલ અવ્વલમાં સામાન્યતઃ મીલાદની મેહફિલ થતી હોય છે તો રબીઉષ્ષાનીમાં હુઝૂર ગૌષે પાકની ગ્યારહવીં થાય છે. કેમ કે આ સરકાર ﷺ તરફથી અતા થયેલ તોહફો હતો જેથી તમામ દુનિયામાં ફેલાઈ ગયો. લોકો તો શિર્ક તથા બિદઅત કહીને ઘટાડવાની કોશિશ કરતા રહ્યા પરંતુ તેની તરક્કી થતી ગઈ.

तू घटानेसे किसीके न घटा है न घटे
जब बढ़ाये तुझे अल्लाह तआला तेरा

તીજીયાના માટે ત્રીજો દિવસ નક્કી કરવામાં પણ મસ્લેહત છે. પ્રથમ

દિવસે તો લોકો મૈયતની દફનવિધિમાં મશગૂલ રહે છે. બીજા દિવસે વિસામો ખાવા માટે ખાલી છોડવામાં આવ્યો, ત્રીજા દિવસે સામાન્યતઃ ભેગા મળીને ફાતેહા, કુલ વગેરે પઢે છે. આ ત્રીજો દિવસ આશ્વાસનનો છેલ્લો દિવસ છે કે તેના પછી આશ્વાસન માટે જવું મના છે.

આલમગીરી કિતાબુલ જનાઈઝ બાબે દફનમાં છે :–

وَوَقْتُهَامِنْ حِيْنَ يَمُوْتُ اِلىٰ ثَلٰثَةِ اَيَّامٍ وَيُكْرِهُ بَعْدَهَا اِلَّا اَنْ يَّكُوْنَ الْمُعَزِّىْ اَدِالْمُعَزِّىْ اِلَيْهِ غَائِبًا۔

અને શોકનો સમય મૃત્યુ પછીથી ત્રણ દિવસ સુધીનો છે, તેના પછી મકરૂહ છે, પણ એ કે આશ્વાસન આપનાર અથવા લેનારો ગાયબ હોય, આજ સુધી તો લોકો આશ્વાસનના માટે આવતા રહ્યા હવે આવશે નહીં જેથી કાંઈક ઈસાલે કરી લઈએ. તેમ જ બહારના પરદેશી, સગાં સંબંધી પણ આ ફાતેહામાં ભાગ લે છે કે ત્રણ દિવસમાં મુસાફર પણ પોતાના ઠેકાણે પહોંચી શકે છે. ચાળીસુ, વરસી વગેરેનું કારણ એ છે કે મુસલમાનની ઈચ્છા એ છે કે વરસભર સુધી મૈયતને સમયાંતરે સવાબ પહોંચતો રહે, કેમ કે મૃત્યુબાદ શરૂ શરૂમાં મુડદાનું દિલ પોતાના મિત્રો તથા સગાંઓથી લાગેલું રહે છે પછી ક્રમે ક્રમે તદ્દન એ તરફ સંબંધ જતો રહે છે. છોકરીના નિકાહ કરીને સાસરે વળાવે છે તો શરૂ શરૂમાં તેને બોલાવવા ચલાવવામાં દાવત વગેરે કરવામાં આવે છે, ભેટ વગેરે મોકલતા રહેવામાં આવે છે. પછી જેમ જેમ સમય જતો જાય છે તેમ એ કામો પણ ઓછાં થતાં જાય છે. કેમ કે શરૂ શરૂમાં તેણીને ત્યાં દિલ જામતું નથી. એની અસ્લ હદીષથી મળે છે. દફન કર્યા બાદ અમુક સમય સુધી કબરે ઉભા રહીને ઈસાલે સવાબ અને તલ્કીનથી મૈયતની મદદ કરવી જોઈએ. હઝરત અમ્ર ઈબ્ને આસ એ વસિય્યત કરી હતી કે દફન બાદ થોડીકવાર મારી કબરે ઉભા રહેશો જેથી તમારા કારણે મારું દિલ લાગી જાય અને નકીરૈનને જવાબ આપી દઉં.

જેમ કે મિશ્કાત બાબિદ્દફનમાં તેમના એ શબ્દો નકલ થયેલા છે :–

ثُمَّ اَقِيْمُوْا حَوْلَ قَبْرِىْ حَتّٰى اَسْتَانِسَ بِكُمْ وَاَعْلَمُ مَاذَااُرَاجِعُ رُسَلَ رَبِّىْ۔

એટલા માટે જલ્દી જલ્દી તેને ઈસાલે સવાબ કરવામાં આવે છે. શાહ અબ્દુલઅઝીઝ સાહબ તફસીરે અઝીઝી પારા ـ عَمَّ وَالْقَمَرِ اِذَا التَّسَقَ ની તફસીરમાં લખે છે : "મુડદાની પ્રથમ કે જે ફક્ત શરીરથી રૂહ નીકળવાનો સમય છે, તેમાં કાંઈ ન કાંઈ પહેલી જિંદગીની અસર અને શરીર તથા સગા સંબંધીઓથી સંબંધ બાકી હોય છે, આ સમય જાણે બરઝખ છે કે કાંઈક આ તરફ સંબંધ અને કાંઈક તે તરફ. આ હાલતમાં જીવતાઓની મદદ મુડદાંઓને ઘણી જ જલ્દી પહોંચે છે અને મુડદાં આ મદદ પહોંચવાની રાહ જોતા હોય છે, એ સમયમાં સદકા, દુઆઓ, ફાતેહા તેને ખૂબ જ કામ લાગે છે. એના કારણે લોકો એક વરસ સુધી ખાસ કરીને મૃત્યુ બાદથી ચાલીસ દિવસ સુધી આ પ્રકારની મદદ પહોંચાડવામાં ખૂબ જ કોશિશ કરે છે. એ જ હાલ જીવતાંઓનો પણ થાય છે કે શરૂ શરૂમાં ખૂબ જ ગમ રહે છે પછી ક્રમે ક્રમે સમય જતાં ગમ દૂર થતો જાય છે. તો મતલબ એ જ હોય છે કે વરસભર દર અડધા દિવસોમાં સદકો કરવામાં આવે અને વરસ થતાં વરસી, તેના અડધા પર છ માહી તેના અડધા પર ત્રીમાહીના ફાતેહા અને તેના અડધા ૪૫ દિવસમાં ફાતેહા થવી જોઈતી હતી પણ ૪૦નો આંકડો રૂહાની તથા જિસ્માની તરક્કીનો છે એટલા માટે ચાળીસુ નિશ્ચિત કરવામાં આવ્યું, પછી તેનું અડધુ વીસમું પછી તેનું અડધુ દસમું.

ચાલીસમાં શું તરક્કી છે તે સાંભળો ! હઝરત આદમ عليه الصلوٰة والسلام નું ખમીર ચાલીસ વરસ સુધી એક હાલતમાં રહ્યું પછી ચાલીસ વરસમાં તે સૂકાયું. માંના પેટમાં બાળક ચાલીસ દિવસ સુધી વિર્ય રૂપે રહે છે, પછી ૪૦ દિવસ સુધી જામેલુ લોહી, પછી ચાલીસ દિવસ સુધી માંસનો લોચો રહે છે. (જુઓ મિશ્કાત બાબિલ ઈમાન બિલ કદર) પેદા થયા પછી ૪૦ દિવસ સુધી માંને નિફાસ આવી શકે છે, પછી ૪૦ વરસની વયે પહોંચીને બુદ્ધિ પાકટ બને છે. એટલા માટે મોટાભાગના અંબિયાએ કિરામને ૪૦ વરસની ઉમરમાં નબુવ્વત આપવામાં આવી. સૂફિયાએ કિરામ વઝીફાઓના માટે ચિલ્લાં એટલે ૪૦–૪૦ દિવસ સુધી મહેનતો કરે છે જેનાથી તેમને રૂહાની તરક્કી થાય છે. મૂસા عليه الصلوٰة والسلام ને પણ હુકમ થયો કે કોહે તૂર પર આવીને ૪૦ દિવસ સુધી

એ'તેકાફ કરો ત્યારે તૌરાત આપવામાં આવી. - وَاِذْ وَاعَدْنَا مُوْسٰى اَرْبَعِيْنَ لَيْلَةً

અન્વારે સાતિઆએ બયહકીની રિવાયત સૈયેદના અનસથી વર્ણન કરી ચાળીસાની ચર્ચામાં કે :

اَنَّ الْاَنْبِيَآءَ لَايُتْرَكُوْنَ فِىْ قُبُوْرِهِمْ اَرْبَعِيْنَ لَيْلَةً وَّلٰكِنَّ هُمْ يُصَلُّوْنَ بَيْنَ يَدَىِ اللّٰهِ حَتّٰى يُنْفَخُ فِى الصُّوْرِ۔

આ હદીષનો ભાવાર્થ ઝુર્કાની શરહે મવાહિબે આ પ્રમાણે વર્ણન કર્યો છે કે અંબિયાએ કિરામની રૂહનો સંબંધ એ દફન થયેલા શરીર સાથે ચાલીસ દિવસ સુધી ખૂબ અધિક રહે છે ત્યાર પછી તે રૂહ કુર્બે ઈલાહીમાં ઈબાદત કરે છે અને શરીરનુ રૂપ ધારણ કરીને જ્યાં જવા ચાહે ત્યાં જાય છે. અવામમાં તો એ પણ મશહૂર છે કે ૪૦ દિવસ સુધી મૈયતની રૂહને ઘરની સંબંધ રહે છે શક્ય છે કે એની કોઈ અસ્લ (સાબિતી) હોય એનાથી જાણવા મળ્યું કે ૪૦ની સંખ્યામાં ફેરફાર તથા અદલા બદલી છે. જેથી યોગ્ય થયું કે ૪૦ દિવસ પર ફાતેહા કરવામાં આવે અને એની મનાઈ તો છે નથી.

તીજયાના વિશે વિવિધ રિવાજ છે. કાઠિયાવાડમાં સામાન્યતઃ ત્રીજા દિવસે કુર્આને પાક જ પઢે છે. પંજાબમાં સામાન્યતઃ ત્રીજા દિવસે દૂધ અને કાંઈક ફળો પર ફાતેહા કરે છે, યુ. પી.માં ત્રીજા દિવસે કુર્આન ખ્વાની પણ કરે છે અને ભુંજેલા ચણા પર કલમાએ તૈયેબહ પઢીને ઈસાલે સવાબ કરે છે. અમે પ્રથમ વિભાગમાં મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી બાનીએ મદ્રસા દેવબંદના હવાલાથી વર્ણન કરી ચૂક્યા છીએ કે મૈયતને એક લાખ પાંચ હજાર વાર કલ્મો પઢીને બખ્શવાથી તેની મગફેરત થાય છે. એમાં વિવિધ રિવાયતો આવી છે. જેથી એક લાખ કલ્મએ તૈયેબહ પઢાવવાના માટે સાડા બાર શેર જેટલા ચણા નક્કી કરવામાં આવ્યા છે, કેમ કે એટલા ચણા એક લાખ જેટલા થઈ જાય છે, આ કેવળ ગણત્રીના ખાતર છે. જો એટલી તસ્બીહો અથવા એટલા પ્રમાણમાં ઠળીયા કે કાંકરીઓ એકત્ર કરવામાં આવે તો તેમાં તકલીફ પડે છે કે દરેક વ્યક્તિ પોતાને ત્યાં મૌત થતાં લાખ કાંકરીઓ ભેગી કરતો ફરે એટલા માટે ચણા નક્કી કરવામાં આવ્યા કે એમાં કલ્માની ગણત્રી પણ છે અને બાદમાં

સદકો પણ. ભૂંજેલા એટલા માટે રાખવામાં આવ્યા કે કાચા ચણા લોકો ફેંકી દેશે, ઘોડાને ખવડાવશે તો એમાં બેહુર્મતી છે. ભૂંજેલા ચણા કેવળ ખાવાના જ કામમાં આવી શકે છે.

વાંધો : ૩ : ફાતેહા વગૈરમાં હિંદુ સાથે મળતાપણું છે તેઓ પણ મુદડાનું તેરમું કરે છે, અને હદીષમાં છે કે, مَنْ تَشَبَّهَ بِقَوْمٍ فَهُوَمِنْهُمْ- ''જે કોઈ જે કૌમની સાથે મુશાબેહત (મળતાપણું) કરે તે તેમનામાંથી છે'' જેથી ફાતેહા મના છે.

જવાબ : કાફિરો સાથે દરેક મળતાપણું મના નથી બલ્કે બુરી વાતોમાં મળતાપણું મના છે. વળી એ પણ જરૂરી છે કે તે કામ એવું હોય જે કાફિરોની દીની અથવા કૌમી નિશાની બની ચૂક્યું છે કે જેને જોઈને લોકો તેને કાફિર કૌમનો માણસ સમજે, જેમ કે ધોતી, ચોટી, જનોઈ, માથા પર ટીકો વગેરે, તો એ ન થઈ શકે. નહીં તો આપણે પણ આબે ઝમઝમ મક્કા શરીફથી લાવીએ છીએ અને હિંદુ પણ ગંગાથી ગંગાજળ લાવે છે. આપણે પણ મોઢા વડે ખાઈએ છીએ અને પગો વડે ચાલીએ છીએ અને કાફિરો પણ એવું કરે છે ! હુઝૂર ﷺ એ આશૂરાના રોઝાનો હુકમ આપ્યો હતો જ્યારે કે તેમાં યહૂદીઓ સાથે મળતાપણુ હતું, તો ફર્માવ્યું કે, સારું ! આપણે બે રોઝા રાખીશું, આમ થોડોક ફરક કરી આપ્યો પણ તેને બંધ ન કર્યું. એ જ પ્રમાણે આપણે ત્યાં કલમો, કુર્આન પઢવામાં આવે છે જ્યારે મુશ્રિકોને ત્યાં એ નથી થતુ, તો પછી મુશાબેહત (મળતાપણું) શાથી રહી ? એની ચર્ચા શામીમાં બાબે મકરૂહાતે સલાતમાં જુઓ.

વાંધો ૪ : જો ફાતેહામાં બદની તથા માલી ઈબાદતનું નામ છે તો નાપાક ચીજ ખૈરાત કરતી વખતે પણ ફાતેહા પઢી લીધા કરો ! જેથી છાણા (ગોબર) વગેરે પર પણ ફાતેહા પઢીને કોઈને આપતા રહો ! જ્યારે ચાકર છાણ ઉઠાવે તો તમે ફાતેહા પઢીને તેને ઘરથી બહાર જવા દો. *(દેવબંદી તેહઝીબ)*

જવાબ : નાપાક પર અને નાપાક સ્થળે કુર્આનની તિલાવત હરામ છે જેથી તેમની ખૈરાત પર તિલાવત નથી કરી શકતા. ઓડકાર પર **અલ્હમ્દુલિલ્લાહ** પઢે છે ન કે વા સરતાં, કેમ કે તે નાપાક તથા વુઝૂ તોડનાર છે. એ જ પ્રમાણે છીંક પર **અલ્હમ્દુલિલ્લાહ** કહેવાય છે ન કે નસકોરી ફૂટતાં કહેવાય.

જનાઝાની નમાઝ બાદની દુઆ વિશે તેહકીક

આ ચર્ચામાં બે વિભાગો છે : પ્રથમ વિભાગ એ દુઆની સાબિતીમાં અને બીજો વિભાગ તેના પર વાંધાઓ અને તેના જવાબોમાં.

(પ્રથમ વિભાગ)

★ જનાઝાની નમાઝ બાદ દુઆની સાબિતી ★

મુસલમાનની મૃત્યુ બાદ ત્રણ હાલતો છે : નમાઝે જનાઝાથી પહેલાં, જનાઝાની નમાઝ પછી, દફન થયા પહેલાં તથા દફન થયા પછી. આ ત્રણેય હાલતોમાં મૈયતના માટે દુઆ કરવી, ઈસાલે સવાબ કરવો જાઈઝ બલ્કે બેહતર છે, હા ! મૈયતના ગુસલ પહેલાં જો તેની પાસે બેસીને કુર્આન પઢવું હોય તો તેને ઢાંકી દો કેમ કે અત્યારે તે નાપાક છે. જ્યારે ગુસ્લ આપી દીધું પછી દરેક રીતે કુર્આન વગેરે પઢે. વિરોધીઓ નમાઝથી પહેલાં અને દફન બાદ તો દુઆ વગેરે કરવાને જાઈઝ માને છે પણ નમાઝ બાદ દફનથી પહેલાં દુઆને નાજાઈઝ, હરામ, બિદઅત, શિર્ક અને ન જાણે શું શું કહે છે ! એની અત્યારે તહકીક કરવાની છે. તેની જાઈઝ બાબતની સાબિતીઓ જુઓ :–

મિશ્કાત બાબિસ્સલાતિલ જનાઝા ફસ્લ ષાનીમાં છે :–

اِذَا صَلَّيْتُمْ عَلَى الْمَيِّتِ فَاَخْلِصُوْا لَهُ الدُّعَاءَ۔ ''જ્યારે તમે મૈયત પર નમાઝ પઢી લો તો તેના માટે ખાલિસ દુઆ કરો.'' **ફે** થી માલૂમ પડે છે કે નમાઝ બાદ તુરત જ મોઢુ કર્યા વિના દુઆ કરવામાં આવે. જે લોકો એનો અર્થ કરે છે કે નમાઝમાં એના માટે દુઆ માંગો તેઓ **ફે** થી ગફલત કરે છે. **સલ્લૈતુમ** શર્ત છે અને અને **ફઅખ્લિસૂ** જઝાએ શર્ત છે અને અને જઝામાં તગાયુર (વિરોધાભાસ) જોઈએ ન એ કે એમાં દાખલ થાય. પછી **સલ્લૈતુમ** માઝી છે અને **ફખ્લિસૂ** અમ્ર છે. જેનાથી જાણવા મળ્યું કે દુઆનો હુકમ પઢી ચૂક્યા પછી છે.

જેમ કે فَاِذَا طَعِمْتُمْ فَانْتَشِرُوْا. માં ખાઈને જવાનો હુકમ છે ન કે ખાતાં દરમ્યાન અને اِذَا قُمْتُمْ اِلَى الصَّلٰوةِ فَاغْسِلُوْا. માં નમાઝના માટે ઉઠવું મુરાદ છે ન કે નમાઝનો કિયામ. જેમ કે **ઈલા** થી જાણવા મળ્યું. જેથી અહીં પણ વુઝૂ નમાઝના ઈરાદા પછી જ થયું અને **ફે** થી તાખીર જ માલૂમ પડી. હકીકી માયનાને છોડીને કરીના વિના મજાઝી માયનો મુરાદ લેવો જાઈઝ નથી.

એ જ મિશ્કાતમાં એ જ જગાએ છે :–

قَرَءَ عَلَى الْجَنَازَةِ بِفَاتِحَةِ الْكِتَابِ. ﷺ હુઝૂર એ જનાઝા પર સૂરએ ફાતિહા પઢી એની શરહમાં "અશઅતુલ લમ્આત" માં છે :–

(અર્થ) "શક્ય છે કે હુઝૂર ﷺ એ સૂરએ ફાતિહા નમાઝના બાદ અથવા નમાઝથી પહેલાં બરકતના માટે પઢી હોય જેમ કે આજકાલ રિવાજ છે. એનાથી જાણવા મળ્યું કે શૈખ અબ્દુલહક્ક عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના જમાનામાં પણ રિવાજ હતો કે નમાઝે જનાઝાની પહેલાં તથા પછી સૂરએ ફાતેહા વગેરે બરકતના માટે પઢતા હતા અને હઝરત શયખે એને મના ન ફર્માવ્યુ બલ્કે હદીષ પર એના પર આધારિત કર્યું.

ફત્હુલ કદીર કિતાબુલ જનાઈઝ ફસલિ સલાતુલ જનાઝામાં છે કે હુઝૂર ﷺ એ મિમ્બર પર ઉભા રહીને ગઝવએ મૌતાની ખબર આપી અને એ જ સમયે જઅફર ઈબ્ને અબી તાલિબ رَضِىَ اللّٰهُ عَنْهُ ની શહાદતની ખબર આપી.

فَصَلّٰى عَلَيْهِ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَدَعَالَهٗ وَقَالَ اِسْتَغْفِرُوْا لَهٗ.

પછી તેમના પર નમાઝે જનાઝા પઢી અને તેમના માટે દુઆ ફર્માવી અને લોકોને કહ્યું કે તમે પણ એમના માટે મગફિરતની દુઆ કરો. **વ દઆ**ના **વાવ**થી માલૂમ પડે છે કે એ દુઆ નમાઝ સિવાયની હતી. મવાહિબે લદુન્નિયહ, ભાગ–૨, અલકિસ્મુષ્ષાની ـ فِيْمَا اَخْبَرَ مِنَ الْغُيُوْبِ માં આ જ પ્રસંગ નકલ કરીને કહ્યું : ثُمَّ قَالَ اِسْتَغْفِرُوْا اِسْتَغْفِرُوْا لَهٗ. એ જ પ્રમાણે અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા માટે નમાઝ બાદ દુઆ કરી. એનાથી જાણવા મળ્યું કે જનાઝાની નમાઝ બાદ મગફેરતની દુઆ જાઈઝ છે.

મુન્તખબે કન્ઝુલ ઉમ્માલ કિતાબુલ જનાઈઝમાં ઈબ્રાહીમ હિજરીની રિવાયત છે :–

قَالَ رَءَ يْتُ ابْنَ اَوْفٰى وَكَانَ مِنْ اَصْحَابِ الشَّجَرَةِ مَاتَتْ اِبْنَتَهٗ اِلٰى اِنْ قَالَ ثُمَّ كَبَّرَ عَلَيْهَا اَرْبَعًا ثُمَّ قَامَ بَعْدَ ذٰلِكَ قَدْرَمَابَيْنَ التَّكْبِيْرَتَيْنِ يَدْعُوْا وَقَالَ رَءَ يْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَضَعُ هٰكَذَا ـ

મેં ઈબ્ને અબી ઔફાને જોયા એ બયઅતે રિદ્વાનવાળા સહાબી છે કે તેમની પુત્રીનો ઈન્તેકાલ થયો પછી તેના પર ચાર તકબીરો કહી પછી એના પછી બે તકબીરો જેટલી વાર ઉભા રહીને દુઆ કરી અને કહ્યું કે મેં હુઝૂર ﷺ ને આવું જ કરતાં જોયા.

બયહકીમાં છે :–

وَعَنِ الْمُسْتَظِلِّ ابْنُ حُصَيْنٍ اَنَّ عَلِيًّا صَلّٰى عَلٰى جَنَازَةٍبَعْدَ مَاصَلّٰى عَلَيْهِ ـ

મુસ્તઝિલ ઈબ્ને હસીનથી રિવાયત છે કે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ એક જનાઝા પર નમાઝ બાદ દુઆ માંગી.

મદ્નતુલ કુબ્રામાં છે :–

يَقُوْلُ هٰكَذَا كُلَّمَا كَبَّرَ وَاِذَا كَانَ التَّكْبِيْرُالْاٰخِرُ قَالَ مِثْلَ ذٰلِكَ ثُمَّ يَقُوْلُ اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ ـ

દરેક તકબીર પર આ પ્રમાણે કરે અને જ્યારે છેલ્લી તકબીર હોય તો એ પ્રમાણે કહે પછી કહે : اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ ـ એનાથી જાણવા મળ્યું કે જનાઝાની નમાઝ બાદ દુરૂદ શરીફ પઢે. કશીફુલ ગતામાં છે : મૈયતને માટે દફનથી પહેલાં ફાતેહા તથા દુઆ કરવી દુરૂસ્ત છે. એ જ રિવાયત પર અમલ છે એ જ પ્રમાણે ખુલાસતુલ ફતહમાં છે.

મબસૂત શમ્સુલ અઈમ્મા સરખસી, ભાગ–૨, પેજ–૬૦, બાબે ગસ્લિલ મૈયતમાં રિવાયત છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِيَ اللّٰهُ عَنْهُمَا એક જનાઝા પર નમાઝ બાદ પહોંચ્યા અને કહ્યું :–

اِنْ سَبَقْتُمُوْنِیْ بِالصَّلٰوةِ عَلَیْهِ فَلَا تَسْبِقُوْنِیْ بِالدُّعَآءِ۔ ''જો તમે મારાથી પહેલાં નમાઝ પઢી લીધી તો દુઆમાં તમે મારાથી આગળ ન વધશો એટલે કે, આવો ! મારી સાથે મળીને દુઆ કરી લો.'' એ જ મબસૂતમાં એ જ જગાએ એટલે કે ગસ્લિલ મૈયતમાં ઈબ્ને ઉમર તથા અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہم થી સાબિત કર્યું છે કે તે હઝરાતે જનાઝાની નમાઝ બાદ દુઆ કરી અને **ફલાતસ્બિકૂથી** જાણવા મળે છે કે આ દુઆ પર સહાબાએ કિરામનો અમલ હતો. મિફતાહુસ્સલાત, પેજ–૧૧૨ લેખક : મૌલાના ફતહ મુહમ્મદ સાહબ બુરહાનપૂરીમાં છે : (અર્થ) : જ્યારે જનાઝાની નમાઝથી પરવારો તો મુસ્તહબ છે કે ઈમામ અથવા કોઈ નેક માણસ સૂરએ બકરહનો શરૂ રુકૂઅ **મુફલિહૂન** સુધી જનાઝાના સિરહાને અને સૂરએ બકરહ્ની આખરી આયતો **આમનર્રસૂલ** મૈયતના પગો તરફ પઢે કે હદીષમાં આવ્યું છે કે ઝાદુલ્ આખેરતમાં નહરે ફાઈક શરહે કન્ઝુદ્ દકાઈક અને બહરે ઝખ્ખાર થી નકલ ફર્માવ્યુ, સલામ બાદ પઢે કે :–

اَللّٰهُمَّ لَاتُحْرِمْنَا اَجْرَهٗ وَلَاتَفْتِنَّا بَعْدَهٗ وَاغْفِرْلَنَاوَلَهٗ۔ ''હે અલ્લાહ ! અમને તેના અજર (બદલા)થી મહેરૂમ ન કર અને એના પછી ફિત્નામાં ન સપડાવ અને અમારી તથા તેની મગફેરત ફર્માવ.''

તહતાવીમાં છે :–

وَاِنَّ اَبَاحَنِیْفَةَ لَمَّامَاتَ فَخُتِمَ عَلَیْهِ سَبْعُوْنَ اَلْفًاقَبْلَ الدَّفْنِ۔

''જ્યારે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની વફાત થઈ તો તેમના પર **દફનથી પહેલાં સિત્તેર હજાર કુર્આન ખત્મ થયાં.''**

કશ્ફુલ ગમ્મા, ફતાવા આલમગીરી શામી બાબિ દફન બહષે તઅઝિયતમાં છે : وَهِیَ بَعْدَ الدَّفْنِ اَوْلٰی مِنْهَا قَبْلَهٗ۔ ''દફન પછી તઅઝિયત કરવી (આશ્વાસન માટે બેસવા જવું) દફનાવ્યા પહેલાં તઅઝિયત કરવા કરતાં બહેતર છે.'' એ જ જગાએ શામી તથા આલમગીરીએ એ પણ ફર્માવ્યું : وَهٰذَا لَمْ یُرَمِنْهُمْ جَزْعٌ شَدِیْدٌ وَاِلَّاقُدِّمَتْ۔ ''એ ત્યારે છે જ્યારે કે તે વારસો સખત

ગભરાહટમાં ન હોય, નહીં તો તઅઝિયત દફનથી પહેલાં કરવામાં આવે.''

હસન ઝહીરિયામાં છે :–

''وَهِيَ بَعْدَ الدَّفْنِ اَوْلٰى مِنْهَا قَبْلَهٗ. દફન પછી તઅઝિયત કરવી દફનથી પહેલાં તઅઝિયતથી અફઝલ છે.''

મીઝાનુલ કુબરા, લેખક : ઈમામ શઅરાનીમાં છે :–

قَالَ اَبُوْحَنِيْفَةَ وَالثَّوْرِىُّ اَنَّ التَّعْزِيَةَ سُنَّةٌ قَبْلَ الدَّفْنِ لَابَعْدَهٗ لِاَنَّ شِدَّةَ الْحُزْنِ تَكُوْنُ قَبْلَ الدَّفْنِ فَيُعَزّٰى وَيَدْعُوْالَهٗ.

''ઈમામ અબૂ હનીફા અને ઈમામ ષૌરી رحمۃ اللہ علیہما એ ફર્માવ્યું કે તઅઝિયત કરવી દફનથી પહેલાં સુન્નત છે ન કે બાદમાં, કેમ કે રંજમાં અધિકતા દફનથી પહેલાં હોય છે પછી તઅઝિયત કરે અને તેના માટે દુઆ કરે. આ લખાણોથી સાબિત થયું કે દફનથી પહેલાં ચાહે નમાઝથી પણ પહેલાં હોય અથવા નમાઝ બાદ તઅઝિયત કરવી જાઈઝ બલ્કે મસ્નૂન છે અને તઅઝિયતમાં મૈયત તથા રંજમય ઘરવાળાંઓના માટે અજર તથા સબ્રની જ દુઆ તો થાય છે.

બુદ્ધિનો પણ તકાદો છે કે જનાઝાની બાદ દુઆ જાઈઝ હોવી જોઈએ. કેમ કે નમાઝે જનાઝા એક હૈસિયતથી તો દુઆ છે કે મૈયતને સામે રાખવામાં આવેલી છે અને એમાં રુકૂઅ, સજદા, અત્તહિય્યાત વગેરે નથી. અને એક હૈષિયતથી નમાઝ છે એટલા માટે કે એમાં ગુસ્લ, વુઝૂ, સતરે ઔરત, કિબ્લા તરફ મોં કરેલું હોવું, જગા તથા કપડાંઓનું પાક હોવું શર્ત છે અને જમાઅત મસ્નૂન છે. એ જો કેવળ દુઆ જ હોત તો નમાઝની જેમ આ શરતો એમાં શાથી હોતી ? બસ દુઆઓની જેમ એ પણ દરેક રીતે અદા થઈ જતી. માનવું પડશે કે એક હૈષિયતથી એ નમાઝ પણ છે, અને દરેક નમાઝ બાદ દુઆ મસ્નૂન છે અને અધિક કબૂલને પાત્ર છે.

જેમ કે મિશ્કાત બાબિઝ્ ઝિક્ર બઅદ સ્સલાતમાં છે :–

قِيْلَ يَارَسُوْلَ اللّٰهِ اَىُّ الدُّعَآءِ اَسْمَعُ قَالَ جَوْفَ اللَّيْلِ الْاٰخِرِ وَدُبُرَالصَّلَوَاتِ الْمَكْتُوْبَاتِ.

''હુઝૂર ﷺ ને પ્રશ્ન કરવામાં આવ્યો કે કઈ દુઆ અધિક કબૂલ થાય છે ? ફર્માવ્યુ કે અંતિમ રાતના મધ્ય ભાગમાં અને ફર્ઝ નમાઝો પછી.'' અને નમાઝે જનાઝા પણ ફર્ઝ નમાઝ છે તો તેના પછી શા માટે દુઆ કરવામાં ન આવે ? તેમ જ દુઆ માંગવાની દરેક સમયે ઈજાઝત આપવામાં આવી છે. અને ખૂબ જ તાકીદ કરવામાં આવેલી છે. મિશ્કાત કિતાબુદ્દઅવાત માં છે કે એ ـ اَلدُّعَاءُ هُوَ الْعِبَادَةِ જગાએ એ પણ છે اَلدُّعَاءُ مُخُّ الْعِبَادَةِ ''દુઆ ઈબાદત પણ છે'' અથવા ''દુઆ ઈબાદતની અસ્લ છે.'' દુઆ માંગવા માટે કોઈ સમય વગેરેની પાબંદી નથી. તો એનું શું કારણ છે કે જનાઝાની નમાઝ પહેલાં તો દુઆ જાઈઝ અને દફન પછી પણ જાઈઝ અને દફનથી પહેલાં હરામ ?! જનાઝાની નમાઝ શું કોઈ જાદૂ છે કે તેને પઢતાં જ દુઆ કરવી, ઈસાલે સવાબ કરવો સૌ હરામ થઈ જાય ? અને મૈયતની દફનવિધિ એનો ઉતાર છે કે દફન થતાં સૌ જાઈઝ થઈ ગયું ? ! જેથી દરેક વખતે દુઆ તથા ઈસાલે સવાબ જાઈઝ છે. કોઈ સમયે પણ પાબંદી નથી.

(બીજો વિભાગ)

★ દુઆ પર વાંધાઓ અને તેના જવાબો ★

આ દુઆ પર ચાર વાંધાઓ છે, ત્રણ અકલી અને એક નકલી, એના સિવાય અન્ય કોઈ વાંધો નથી

વાંધો (૧) : એ જ પૂરાણો યાદ કરેલો સબક કે આ દુઆ બિદઅત છે અને દરેક બિદઅત હરામ છે, જેથી આ દુઆ હરામ છે, શિર્ક છે, બેદીની છે.

જવાબ : આ દુઆ બિદઅત નથી એની સાબિતી હુઝૂર ﷺ ની મુબારક વાણી તથા વર્તનથી થઈ ચૂકી તેમજ સહાબાએ કિરામનો એના પર અમલ રહ્યો. ફકીહોએ એની ઈજાઝત આપી જેમ કે આ ચર્ચાના પ્રથમ વિભાગમાં આવી ગયું અને જો માની પણ લેવામાં આવે કે એ બિદઅત છે તો દરેક બિદઅત હરામ નથી, બલ્કે બિદઅતના પાંચ પ્રકારો છે. જુઓ : બિદઅતની ચર્ચા.

વાંધો (૨) : જનાઝાની નમાઝમાં ખૂદ દુઆ છે, જેથી બીજીવાર દુઆ

માંગવું નાજાઈઝ છે, પ્રથમ દુઆ પૂરતી થઈ ગઈ.

જવાબ : આ વાંધો તદ્દન નિરર્થક છે. પંજગાના નમાઝમાં દુઆ છે. નમાઝે ઈસ્તેખારા, નમાઝે કસૂફ અને નમાઝે ઈસ્તિસ્કા સૌ દુઆના માટે છે પણ તે સૌના પછી દુઆ માંગવી જાઈઝ બલ્કે સુન્નત છે. હદીષે પાકમાં છે : اَكْثِرُوا الدُّعَآءَ દુઆ પુષ્કળ માંગો. દુઆ પછી દુઆ માંગવી અધિકતા છે. ત્રીજુ એટલા માટે કે આ તો કેવળ દુઆ છે, અમુક સંજોગોમાં તો જનાઝાની નમાઝ પછી જનાઝાની નમાઝ બે વાર થઈ છે. જો મૈયતના વલીએ નમાઝ ન પઢી અને અન્ય લોકોએ પઢી લીધી તો ફરીવાર પઢી શકે છે. હુઝૂર ﷺ નો વિસાલ પીરના રોજ થયો અને દફન શરીફ બુધવારે થઈ. (શામી કિતાબુસ્સલાત બાબુલ ઈમામત) અને એ બે દિવસો દરમ્યાન લોકો ટોળે ટોળાં આવતા રહ્યા અને જનાઝાની નમાઝ અદા કરતા રહ્યા, કેમ કે હજી સુધી સિદ્દીકે અકબર કે જેઓ વલી હતા તેમણે પઢી ન હતી પછી જયારે અંતિમ દિવસે હઝરત સિદ્દીકે અકબરે નમાઝ પઢી લીધી તો હવે કિયામત સુધી કોઈના માટે જાઈઝ ન રહ્યું કે હુઝૂર ﷺ પર નમાઝે જનાઝા પઢે.(જુઓ શામી બાબુસ્સલાતિલ જનાઝા બહષે વમન અહક્કિ બિલ ઈમામત) હવે કહો જોઈએ કે એ પ્રથમ નમાઝ તો દુઆ હતી જે અદા થઈ ગઈ તો ફરીવાર નમાઝો કેવી થઈ રહી છે ? આ સવાલ તો એવો છે કે કોઈ કહે કે ખાધા પછી પાણી ન પીઓ કેમ કે ખાણામાં પાણી મૌજૂદ છે ! તે પાણીથી પકવ્યું છે !

વાંધો (૩) : દુઆ માંગવાના કારણે દફનમાં મોડુ થાય છે અને એ હરામ છે, જેથી દુઆ માંગવી પણ હરામ છે.

જવાબ : આ વાંધો પણ તદ્દન નિરર્થક છે. પ્રથમ તો એટલા માટે કે તમે તો એ દુઆને તદ્દન મના જ કરો છો અને આ વાંધા પરથી તો જણાય છે કે જો દફનમાં મોડુ થાય તો મના, નહીં તો નહીં. તો બતાવો કે જો હજી કબર તૈયાર થવામાં વાર છે અને જનાઝાની નમાઝ થઈ ગઈ તો હવે દુઆ વગેરે પઢીએ કે નહીં ?! કેમ કે અહીં મોડું થવાનું કારણ દુઆ નથી બલ્કે કબરની તૈયારીના કારણે છે. બીજુ એટલા માટે કે આ દુઆમાં વધુવાર નથી લાગતી, કેવળ બે કે

ત્રણ મિનિટ મુશ્કેલીથી વપરાય છે, આટલા પ્રમાણમાં માલમ ન પડે એટલી વાર લાગે તે મોડામાં ગણાશે નહીં એના કરતાં વધુ તો માર્ગમાં ધીરેથી જનાઝો લઈ જવામાં, ગુસ્લનું કામ ધીમે ધીમે કરવામાં અને કબરને ઈત્મિનાનથી ખોદવામાં પણ લાગી જાય છે. જો આટલા પ્રમાણમાં વાર લાગે તે પણ હરામ હોય તો જરૂરી થશે કે ગુસ્લ તથા દફન આપવાવાળા ખૂબ જ ઝડપભેર આ કામ કરે, અને કબ્રને ખોદવાવાળા મશીનની જેમ ઝટપટ કબર ખોદે અને મૈયતને લઈ જનારા એંજીનની ગતિએ ભાગતા ભાગતા જાય અને તુરંત કબરમાં ફેંકીને ચાલ્યા આવે ! ત્રીજુ એટલા માટે કે અમે પ્રથમ વિભાગમાં જણાવી ચૂક્યા છીએ કે દફનથી પહેલાં મૈયતવાળાઓની તાઝીયત કરવી, તેમને તસલ્લી આપવી જાઈઝ બલ્કે સુન્નત છે; ચાહે નમાઝ પછી કરે કે નમાઝ પહેલાં કરે તો અહીં આશ્વાસનના શબ્દો કહેવામાં તસલ્લી આપવામાં વાર લાગશે કે નહીં ? ચોક્કસ લાગશે જ ! પણ કેમ કે એ એક દીની કામના લીધે છે એટલે જાઈઝ છે. ચોથુ એટલા માટે કે અમે હમણા જણાવી ચૂક્યા કે હુઝૂર ﷺ ની વફાત શરીફ પીરના રોજ અને દફનવિધિ બુધવારે થઈ. અલ્લામા શામી એ જ કિતાબુસ્સલાત બાબુલ ઈમામતમાં એ વાક્યો વર્ણન કરીને જણાવે છે :–

''وَهٰذِهِ السُّنَّةُ بَاقِيَةٌ اِلَى الْاٰنِ لَمْ يُدْفَنْ خَلِيْفَةٌ حَتّٰى يُوَلّٰى غَيْرَهٗ'' એ સુન્નત હજી સુધી બાકી છે કે ખલીફાને ત્યાં સુધી દફન કરવામાં ન આવતો જ્યાં સુધી બીજો ખલીફા ન બની જાય. એ પરથી જાણવા મળ્યું કે દફનમાં મોડું કરવું મકરૂહ છે પણ જ્યારે દુનિયવી કારણે હોય, દીની કારણસર જાઈઝ છે કેમ કે ખલીફા બનાવવું દીની કામ છે. એના કારણે દફનમાં મોડુ કરી દીધું અને દુઆ માંગવી પણ દીની કામ છે. જો કોઈ નમાઝી અંતમાં (નમાઝમાં) જોડાય તો દુઆ પઢીને સલામ ફેરવે. પરંતુ જો નમાઝ પછી તુરત જ મૈયત ઉઠાવી લેવામાં આવે તો એ શખ્સ દુઆ પૂરી કરી શકશે નહીં કેમ કે ઉઠાવેલા જનાઝા પર નમાઝ નથી થતી. જેથી નમાઝ બાદ દુઆમાં મસ્બૂક નમાઝીઓનો પણ ખયાલ રાખવામાં આવે છે કે તેમના માટે થોડીક વાર મોડુ થાય તો જાઈઝ છે. પાંચમુ એટલા માટે કે શું દફનમાં તદ્દન જ મોડુ કરવું હરામ લખ્યું છે ? ફકીહો ફર્માવે છે કે જુમ્આના

દિવસે મૈયતનો ઈન્તેકાલ થઈ ગયો તો જુમ્આની નમાઝની રાહ ન જુઓ બલ્કે શક્ય હોય તો જુમ્આ પહેલાં જ દફન કરો.'' એવું નથી કહ્યું કે આ ઈન્તેઝાર કરવો હરામ છે, શિર્ક છે, કુફ્ર છે ! મઆઝલ્લાહ !

વાંધો (૪) : જનાઝાની નમાઝ પછી દુઆ કરવાને ફકીહો મના કરે છે. જેમ કે 'જામિઉર્રમૂઝ'માં છે : لَايَقُوْمُ دَاعِيًا لَهٗ ''નમાઝ બાદ દુઆ માટે ન ઉભા રહે.''

ઝખીરતુલ કુબરા અને મુહીતમાં છે :–

لَايَقُوْمُ بِالدُّعَاءِ بَعْدَصَلٰوةِالْجَنَازَةِ۔''નમાઝ બાદ દુઆ માટે ન ઉભા રહે.''

આલમગીરીમાં છે : لَايَدْعُوْابَعْدَهٗ فِىْ ظَاهِرِالْمَذْهَبِ ''એના બાદ દુઆ ન કરે જાહેર મઝહબમાં.''

મિર્કાત શરહે મિશ્કાતમાં છે :–

وَلَايَدْعُوْالِلْمَيِّتِ بَعْدَ صَلٰوةِ الْجَنَازَةِلِاَنَّهٗ يُشْبِهُ الزِّيَادَةِفِىْ صَلٰوةِ الْجَنَازَةِ۔

''જનાઝાની નમાઝ બાદ મૈયતના માટે દુઆ ન કરે, કેમ કે એ નમાઝે જનાઝા પર ઝિયાદતીના સમાન છે.''

કશ્ફુલ ગતારમાં છે કે :–

لَايَقُوْمُ دَاعِيًا لَهٗ''નમાઝ બાદ દુઆ માટે ઉભા ન રહે.''

જામિઉર્રમૂઝમાં છે :–

لَايَقُوْمُ بِالدُّعَاءِ بَعْدَصَلٰوةِالْجَنَازَةِلِاَنَّهٗ يُشْبِهُ الزِّيَادَةَ۔

''જનાઝાની નમાઝ પછી દુઆ માટે ઉભા ન રહે કેમ કે એ ઝિયાદતીના સમાન છે.''

અબૂબક્ર ઈબ્ને હામિદથી રિવાયત થયેલ છે :–

اِنَّ الدُّعَاءَ بَعْدَ صَلٰوةِالْجَنَازَةِ مَكْرُوْهٌ۔''જનાઝાની નમાઝ બાદ દુઆ મકરૂહ છે.''

જામિઉર્રમૂઝમાં છે :–

وَلَايَقُوْمُ بِالدُّعَاءِ بَعْدَ صَلٰوةِ الْجَنَازَةِلِاَنَّهٗ تُشْبِهُ الزِّيَادَةَ

''જનાઝાની નમાઝ બાદ દુઆ માટે ઉભા ન રહે કેમ કે એ ઝિયાદતીના સમાન છે.'' આ ફિકહી લખાણોથી જાણવા મળ્યું કે જનાઝાની નમાઝ પછી દુઆ વગેરે નાજાઈઝ છે.

જવાબ : આ વાંધાઓના બે જવાબો છે : એક સંક્ષિપ્ત એક વિગતવાર. સંક્ષિપ્ત જવાબ તો એ છે કે આ દુઆથી મનાઈનાં ત્રણ કારણો છે : એક એ કે ચોથી તકબીર પછી સલામથી પહેલાં હોય. બીજું એ કે દુઆઓ અધિક લાંબી ન હોય જેનાથી દફનમાં ખૂબ મોડુ થાય. એટલા માટે જુમ્આની નમાઝની રાહ જોવામાં દફનમાં મોડુ કરવું મના છે. ત્રીજુ એ કે એવી રીતે સફબંધી રાખી દુઆ કરવામાં આવે કે જોનાર સમજે કે નમાઝ થઈ રહી છે એ ઝિયાદતીના સમાન છે. જેથી જો સલામ બાદ બેસીને અથવા સફો તોડીને થોડીકવાર દુઆ કરવામાં આવે તો કરાહત વિના જાઈઝ છે. આ કારણો એટલા માટે ઉપસ્થિત કરવામાં આવ્યાં કે ફકીહોનાં લખાણોમાં આપસમાં વિરોધાભાસ ન થાય અને એ કથનો અગાઉ વર્ણન કરેલ હદીષો તથા સહાબાએ કિરામની વાણી તથા વર્તન (કૌલ તથા અમલ)ની વિરૂદ્ધ ન થાય.

વિસ્તૃત જવાબ એ છે કે ઈબારતોમાંથી જામિઉર્રમૂઝ, ઝખીરા મુહીત, કશ્ફુલ ગતાના લખાણોમાં તો દુઆથી મનાઈ જ નથી બલ્કે ઉભા રહીને દુઆ કરવાથી મનાઈ કરી છે, તેને તો અમે પણ મના કરીએ છીએ. મિર્કાત અને જામિઉર્રમૂઝમાં એ પણ છે : ''لِاَنَّهٗ يُشْبِهُ الزِّيَادَةَ એ ઝિયાદતીના સમાન છે.'' એટલે કે એ દુઆથી ધોકો થાય છે કે નમાઝે જનાઝા લાંબી થઈ ગઈ. એનાથી જાણવા મળ્યું કે એ પ્રમાણે દુઆ માંગવી મના છે. જેમાં ઝિયાદતીનો ધોકો થાય, તે એ જ રીતે થાય કે સફબંધી સાથે ઉભા રહી દુઆ કરે. જો સફ તોડીને અથવા બેસીને દુઆ કરે તો વાંધો નથી. જેમ કે ફર્ઝ જમાઅત પછી હુકમ છે કે લોકો સફો તોડીને સુન્નતો પઢે જેથી કોઈને એવો ધોકો ન થાય કે જમાઅત થઈ રહી છે. (જુઓ શામી અને મિશ્કાત શરીફ બાબુ સ્સુન્નહ) તો એનાથી એ જરૂરી નથી થતુ કે ફર્ઝ બાદ સુન્નતો જ પઢવી મના છે. બલ્કે ફર્ઝથી મિલાવીને પઢવી મના છે ! એ જ પ્રમાણે આ પણ છે. આલમગીરીનું લખાણ ગલત નકલ કર્યું છે, એનું અસલ લખાણ આ પ્રમાણે છે :–

وَلَيْسَ بَعْدَ التَّكْبِيْرِ الرَّابِعَةِ قَبْلَ السَّلَامِ "એટલે કે ચોથી તકબીર પછી સલામથી પહેલાં કોઈ દુઆ નથી." એટલે કે નમાઝે જનાઝામાં પ્રથમ ત્રણ તકબીરો પછી કાંઈ ન કાંઈ પઢવામાં આવે છે, પણ ચોથી તકબીર પછી કાંઈ પઢવામાં ન આવે. જેમ કે અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા. જેમ કે બદાએઅ્, કિફાયહ, એનાયહ્માં છે :–

لَيْسَ بَعْدَالتَّكْبِيْرِ الرَّابِعَةِ قَبْلَ السَّلَامِ دُعَاءٌ "અબૂબક્ર ઈબ્ને હામિદનું જે લખાણ રજુ કર્યું એ કુનિયહ્નું લખાણ છે, પણ કુનિયહ ગૈર મોઅતબર કિતાબ છે, તેના પર ફત્વો નથી આપવામાં આવતો. મુકદમા શામી રસ્મુલ મુફતાની ચર્ચામાં છે કે, "કુનિયહના લેખક ઝઈફ રિવાયત પણ લખે છે એનાથી ફત્વો આપવો જાઈઝ નથી."

તેઓ ફર્માવે છે :–

اَوْلِنَقْلِ الْاَقْوَالِ الضَّعِيْفَةِفِيْهَا كَالْقُنْيَةِلِلرَّاهِدِيِّ فَلَايَجُوْزُ الْاِفْتَاءُ مِنْ هٰذِهٖ

આ'લા હઝરત કુદ્દેસ સિર્રહૂએ 'બઝ્તુલ જવાહિર'માં ફર્માવ્યું કે, "કુનિયહવાળો મોઅતઝલી બદમઝહબ છે." અને જો કુનિયહનું આ લખાણ સહીહ માની પણ લેવામાં આવે તો ખૂદ વિરોધીઓની પણ વિરૂદ્ધ છે ! કેમ કે તે કહે છે કે જનાઝાની નમાઝ બાદ દુઆ કરવી મના છે, તો દફન પછી પણ દુઆ નાજાઈઝ થવી જોઈએ, કેમ કે એ સમય પણ નમાઝ પછી જ આવે છે. સારાંશ કે કોઈ પણ લખાણ આપના સમર્થનમાં નથી. નમાઝે જનાઝા પછી દુઆ કરવી જાઈઝ બલ્કે સુન્નત છે.

ઔલિયાના મઝારો પર ગુંબદ બનાવવો કેવો?

મુસલમાનો બે પ્રકારના છે : એક તો સામાન્ય મુસલમાનો અને બીજા આલિમો, શયખો, ઔલિયા અલ્લાહ જેમની તાઝીમ તથા તૌકીર હકીકતમાં ઈસ્લામની તાઝીમ છે. આમ મુસલમાનોની કબરોને પાકી બનાવવી અથવા એના પર કુબ્બો (ગુંબદ) વગેરે બનાવવો નિરર્થક છે. એટલા માટે મના છે. હા ! એના પર માટી વગેરે નાખતા રહેવું કે જેથી તેની નિશાની સચવાઈ રહે, તેના પર ફાતેહા વગેરે પઢવામાં આવી શકે, એ જાઈઝ છે અને આલિમો, મશાઈખે એઝામ તથા ઔલિયા અલ્લાહ જેમના મઝારો પર લોકોની ભીડ રહે છે, લોકો ત્યાં બેસીને કુર્આન ખ્વાની કરે છે, ફાતેહા વગેરે પઢે છે તેમની સગવડ તથા મઝારવાળાની અઝમતના માટે તેની આસપાસ સાયાના માટે ગુંબદ વગેરે બનાવવો શરીઅતની રૂએ જાઈઝ બલ્કે સહાબીઓની સુન્નતથી સાબિત છે. જ્યારે આમ મુસલમાનોની કબરો પાકી બનાવવી અથવા એના પર ગુંબદ બનાવવો મના છે, જો તેમની કબરો પાકી બની ગઈ તો તેને તોડી પાડવી હરામ છે. પ્રથમ મસ્અલામાં સૌની એકમતી છે, છેવટના બે મસ્અલામાં મતભેદ છે. એટલા માટે અમે આ ચર્ચાના બે વિભાગ કરીએ છીએ, પ્રથમ વિભાગમાં તો એની સાબિતી છે અને બીજામાં વિરોધીઓના વાંધાઓ અને તેના જવાબો રજૂ કરીશું.

(પ્રથમ વિભાગ)

★ ઔલિયાના મઝારો પર ઈમારતની સાબિતી ★

અહીંયા ત્રણ બાબતો છે : એક તો ખૂદ કબ્રને પાકી કરવી, બીજુ વલીની કબરને સુન્નત માપ કરતાં એટલે કે એક હાથથી અધિક ઊંચી કરવી, ત્રીજુ કબર પાસે ઈમારત બનાવવી. વળી કબરને પાકી કરવાની બે સ્થિતિઓ છે : એક તો કબરને અંદરથી કે જે મૈયતથી સ્પર્શેલ હિસ્સો છે તેને પાકી બનાવવી

બીજું કબરનો બહારનો ભાગ કે જે ઉપર જોવા મળે છે તેને પાકો કરવો.

(૧) કબરના અંદરના હિસ્સાને પાકી ઈંટ વડે ચણવો, પાકો કરવો ત્યાં લાકડી લગાડવી મના છે. હા ! ત્યાં પથ્થર કે વાંસ લગાડવામાં આવે તો જાઈઝ છે, કેમ કે લાકડી તથા ઈંટમાં આગની અસર છે, કબ્રનો બહારનો હિસ્સો પાકો બનાવવો સામાન્ય મુસ્લિમો માટે મના છે અને ખાસ ઉલમા તથા મશાઈખ માટે જાઈઝ છે.

(૨) કબ્રનું તાવીઝ એક હાથથી વધુ ઊંચું કરવું મના છે અને જો આસપાસ ચબૂતરો ઊંચો કરીને તેના પર તાવીઝ હાથથી વધુ ઊંચું કર્યું તો જાઈઝ છે.

(૩) કબ્રની આસપાસ અથવા કબરની પાસે કોઈ ઈમારત બનાવવી સામાન્ય મુસ્લિમોની કબ્રો પર તો મના છે અને ફકીરો તથા ઉલમાની કબ્રો પર જાઈઝ છે. દલીલો નીચે પ્રમાણે છે :–

(અ) મિશ્કાત કિતાબુલ જનાઈઝ બાબે દફનમાં અબૂ દાઉદની રિવાયતથી છે કે જ્યારે હુઝૂર عليه الصلوٰة والسلام એ હઝરત ઉષ્માન ઈબ્ને મઝઊનને દફન ફર્માવ્યા તો તેમની કબ્રના સિરહાને એક પથ્થર લગાડયો અને ફર્માવ્યું કે :–

اَعْلَمُ بِهَاقَبْرَاَخِیْ وَاَدْفَنَ اِلَیْهِ مَنْ مَّاتَ مِنْ اَهْلِیْ ''અમે એનાથી અમારા ભાઈની કબ્રનું નિશાન લગાડયું અને એ જગાએ આપણા અહલે બયતનાં મુડદાંઓને દફન કરીશું.''

(બ) બુખારી કિતાબુલ જનાઈઝ બાબુલ જરીદ અલલ કબ્રમાં તઅલકીન્ છે કે : હઝરત ખારિજહ્ ફર્માવે છે કે અમે ઉષ્માનના જમાનામાં હતાં.

اَنَّ اَشَدَّنَا وَثْبَةً الَّذِیْ یَثِبُ قَبْرَ عُثْمَانَ ابْنِ مَظْعُوْنٍ حَتّٰی یُجَاوِزَهٗ

'' અમારામાં મોટો કૂદનારો તે હતો જે ઉષ્માન ઈબ્ને મઝઊનની કબ્રને ઓળંગી જતો.

મિશ્કાતની રિવાયતથી જાણવા મળ્યું કે ઉષ્માન ઈબ્ને મઝઊનની સિરહાને પથ્થર હતો. અને બુખારીની આ રિવાયતથી જાણવા મળ્યું કે ખૂદ હઝરત ઉષ્માનનું તાવીઝ આ પથ્થરનું હતું અને બંને રિવાયતો આ રીતે એકત્ર થઈ

શકે છે કે મિશ્કાતમાં જે આવ્યું કે કબ્રના સિરહાના પર પથ્થર લગાડયો એનો મતલબ એ નથી કે કબ્રથી અલગ સિરહાને ઉભો કરી આપ્યો હતો. બલ્કે મતલબ એ છે કે ખૂદ કબ્રમાં જ માથાની તરફ એને લગાડયો અથવા મતલબ એ કે આખી કબ્ર એ પથ્થરની હતી પણ સિરહાનાનો ઉલ્લેખ કર્યો. આ બંને હદીષોથી એ સાબિત થયું કે જો કોઈ ખાસ કબ્રનું નિશાન કાયમ રાખવાના માટે કબ્ર કાંઈક ઊંચી કરી દેવામાં આવે અથવા પથ્થર વગેરે વડે પાકી કરી દેવામાં આવે તો જાઈઝ છે કે જેથી ખબર પડે કે આ કોઈ બુઝુર્ગની કબ્ર છે. એનાથી પહેલા બે મસ્અલા હલ થઈ ગયા. તેમજ ફકીહો ફર્માવે છે કે જો કોઈ જમીન નરમ હોય તો લોખંડ કે લાકડીની પેટીમાં રાખીને દફન કરવું પડે તો તેના આંત્રિક ભાગમાં ચારેવ બાજુ માટી વડે લીપી દેવામાં આવે. (જુઓ શામી અને આલમગીરી વગેરે બાબે દફને મૈયત) એનાથી એ પણ જાણવા મળ્યું કે કબ્ર અંદરથી કાચી હોવી જોઈએ. બે મસાઈલ સાબિત થયા.

(ક) મશાઈખે કિરામ, ઔલિયાએ એઝામ તથા ઉલમાએ કિરામના મઝારોની આસપાસ અથવા એની નજીકમાં કોઈ ઈમારત બનાવવી જાઈઝ છે એની સાબિતી કુર્આને કરીમ અને સહાબા એ કિરામ તથા આમ મુસલમાનોના અમલ તથા ઉલમાના કથનોથી સાબિત છે.

કુર્આને કરીમે અસ્હાબે કહફનો કિસ્સો બયાન કરતાં ફર્માવ્યું :–

قَالَ الَّذِيْنَ غَلَبُوْا عَلٰى اَمْرِهِمْ لَنَتَّخِذَنَّ عَلَيْهِمْ مَّسْجِدًا

''તેઓ બોલ્યા, જેઓ આ કામમાં ગાલિબ રહ્યા કે અમે તો એ અસ્હાબે કહફ પર મસ્જિદ બનાવીશું.'' રૂહુલ બયાનમાં આ આયતમાં **બુન્યાનન્**ની તફસીરમાં ફર્માવ્યું :–

لَايَعْلَمُ اَحَدٌ تُرْبَتَهُمْ وَتَكُوْنُ مَحْفُوْظَةً مِّنْ تَطَرُّقِ النَّاسِ كَمَا حُفِظَتْ تُرْبَتُ رَسُوْلُ اللّٰهِ بِالْحَظِيْرَةِ

''તેમણે કહ્યું કે અસ્હાબે કહફ પર એવી દીવાલ બનાવો જે તેમની કબ્રને ઘેરી લે અને તેમનાં મઝારો લોકોના જવાથી મેહફૂઝ થઈ જાય જેમ કે હુઝૂર ﷺ ની કબ્ર શરીફ ચાર દીવાલો વડે ઘેરી લેવામાં આવી છે. પણ એ વાત નામંઝૂર

થઈ ત્યારે મસ્જિદ બનાવવામાં આવી. **મસ્જિદન્**ની તફસીર રૂહુલ બયાનમાં છે : يُصَلِّىْ فِيْهِ الْمُسْلِمُوْنَ وَيَتَبَرَّكُوْنَ بِمَكَانِهِمْ "લોકો એમાં નમાઝ પઢે અને તેમનાથી બરકત પામે." કુર્આને કરીમે લોકોની બે વાતોનો ઉલ્લેખ કર્યો, એક તો અસ્હાબે કહફની આસપાસ ગુંબદ તથા મકબરો બનાવવાનો મશ્વરો કર્યો, બીજુ તેની નજીક મસ્જિદ બનાવવી અને કોઈ વાતનો ઈન્કાર ન કર્યો. જેનાથી જાણવા મળ્યું કે બંને કામો ત્યારે પણ જાઈઝ હતાં અને આજે પણ જાઈઝ છે. જેમ કે કુતુબે ઉસૂલથી સાબિત છે.

હુઝૂર ﷺ ને હઝરત સિદ્દીકાના હુજરામાં દફન કરવામાં આવ્યા, જો એ નાજાઈઝ હોત તો પ્રથમ સહાબાએ કિરામ તેને પાડી નાખત પછી દફન કરત. પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાના ખિલાફતકાળમાં તેની આસપાસ કાચી ઈંટોની ગોળ દીવાલ બનાવી દીધી. પછી વલીદ ઈબ્ને અબ્દુલ મલિકના જમાનામાં સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરે તમામ સહાબાએ કિરામની મૌજૂદગીમાં હિ. સ. ૮૮માં એ ઈમારત અતિ મજબૂત બનાવી અને એમાં પથ્થરો લગાડાવ્યા. જેમ કે ખુલાસતુલ વફા બિ અખ્બારિ દારિલ મુસ્તફા સૈયદ સમ્હૂદીમાં છે :–

عَنْ عَمْرِوابْنِ دِيْنَارٍوَعُبَيْدِاللّٰهِ ابْنِ اَبِىْ زَيْدٍ قَالَ لَمْ يَكُنْ فِىْ عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلٰى بَيْتِ النَّبِيِّ عَلَيْهِ السَّلَامُ جِدَارٌ فَكَانَ اَوَّلُ مَنْ بَنٰى عَلَيْهِ جِدَارًا عُمَرُ ابْنُ الْخَطَّابِ : ثُمَّ بَنَاهُ عَبْدُاللّٰهِابْنُ الزُّبَيْرُفَكَانَتْ حُجْرَتُهٗ مِنَ الْكَعْسَةِ مِنْ سَعِيْرٍ مَّرْبُوْطَةٍ فِىْ خُشُبٍ عَرْعَرَةٍ .

(અર્થ) : એ જ કે જે ઉપર વર્ણન થઈ ચૂક્યો.

બુખારી, ભાગ–૧, કિતાબુલ જનાઈઝ બાબ 'માજાઅ ફી કબ્રિન્નબીય્યિ વ અબી બક્ર વ ઉમર'માં છે. હઝરત ઉરવહ رضی اللہ عنہ ફર્માવે છે કે વલીદ ઈબ્ને અબ્દુલ મલિકના જમાનામાં રૌઝએ રસૂલ ﷺ ની એક દીવાલ પડી ગઈ. સહાબાએ કિરામ તેને બનાવવામાં વ્યસ્ત થઈ ગયા. એ દરમ્યાન એક કદમ જાહેર થઈ ગયો તો લોકો ગભરાઈ ગયા અને સમજ્યા કે આ હુઝૂર ﷺ નો

કદમે પાક છે. હઝરત ઉરવાએ કહ્યું કે અલ્લાહની કસમ ! આ હુઝૂર ﷺ નો કદમ નથી, આ હઝરત ફારૂકનો કદમ છે. 'જઝબુલ કુલૂબ ઈલા દયારિલ મહબૂબ'માં શયખ અબ્દુલહક્ક ફર્માવે છે કે હિ. સ. ૫૦૫માં જમાલુદ્દીન અસ્ફાનીએ ઉલમાએ કિકરામની મૌજૂદગીમાં સંદલની લાકડીની જાળી તે દીવાલની આસપાસ બનાવી અને હિ.સ. ૫૫૭માં અમુક ઈસાઈ આબિદોની જમાઅત મદીના મુનવ્વરામાં આવી અને સુરંગ લગાડીને લાશ મુબારકને જમીનથી કાઢવા ચાહ્યું. તો હુઝૂરે ત્રણવાર બાદશાહને ખ્વાબમાં જણાવ્યું જેથી બાદશાહે તેમને કત્લ કર્યા અને રોઝા મુબારકની આસપાસ પાણી સુધી પાયો ખોદીને સીસુ પીગાળીને તેને ભરી આપ્યું. પછી હિ.સ. ૬૭૮માં સુલ્તાન કલાઉન સાલહીએ લીલો ગુંબદ જે આજ સુધી મૌજૂદ છે તે બનાવ્યો.

આ લખાણોથી જાણવા મળ્યું કે રોઝા પાકને સહાબાએ બનાવ્યો હતો. જો કોઈ કહે કે એ તો હુઝૂર ﷺ ની વિશિષ્ટતા છે, તો કહેવામાં આવશે કે આ રોઝામાં હઝરત સિદ્દીક તથા ફારૂક પણ દફન છે અને હઝરત ઈસા عليه الصلوة والسلام પણ દફન થશે, જેથી વિશિષ્ટતા ન રહી. બુખારી, ભાગ–૧, કિતાબુલ જનાઈઝ અને મિશ્કાત 'બાબિલ બકા અલલ મૈયત'માં છે કે હઝરત ઈમામ હસન ઈબ્ને હસન ઈબ્ને અલી رضى الله عنه નો ઈન્તેકાલ થઈ ગયો. તો તેમની પત્નીએ તેમની કબ્ર પર એક વરસ સુધી ગુંબદ નાખેલો રાખ્યો. એ પણ સહાબાએ કિરામના જમાનામાં સૌની હાજરીમાં થયું. કોઈએ ઈન્કાર ન કર્યો. તેમજ તેમનાં પત્ની એક વરસ સુધી ત્યાં રહ્યાં પછી ઘરે પાછાં આવ્યાં, જેમ કે એ જ હદીષમાં છે. એનાથી બુઝુર્ગોની કબરો પર મુજાવરોનું બેસવું પણ સાબિત થયું.

અહીં તો કુર્આન તથા હદીષથી સાબિત થયું, હવે ફકીહો, મુહદ્દિષો તથા મુફસ્સિરોનાં કથનો જુઓ : રૂહુલ બયાન, ભાગ–૩, પારા–૧૦, આયત : اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ માં છે :–

فَبِنَاءُ الْقُبَّتِ عَلٰى قُبُوْرِ الْعُلَمَآءِ وَالْاَوْلِيَاءِ وَالصُّلَحَاءِ اَمْرٌ جَائِزٌاِذَا كَانَ الْقَصْدُبِذٰلِكَ التَّعْظِيْمِ فِىْ اَعْيُنِ الْعَآمَّةِ حَتّٰى لَايَحْتَقِرُوْا صَاحِبَ هٰذَا الْقَبْرِ

''ઉલમા, ઔલિયા તથા સાલેહીનની કબરો પર ઈમારત બનાવવી જાઈઝ કામ છે જ્યારે કે એનાથી લોકોની નજરોમાં અઝમત પેદા કરવાનો હેતુ હોય જેથી લોકોએ કબ્રવાળાને તુચ્છ ન જાણે.

મિર્કાત શરહે મિશ્કાત કિતાબુલ જનાઈઝ બાબિ દફનિલ મૈયતમાં છે :–

قَدْ اَبَاحَ السَّلَفُ الْبِنَاءِ عَلٰى قُبُوْرِ الْمَشَائِخِ وَالْعُلَمَاءِ الْمَشْهُوْرِيْنَ لِيَزُوْرَهُمُ النَّاسُ وَيَسْتَرِيْحُوْا بِالْجُلُوْسِ

''પહેલાંના આલિમોએ આલિમો તથા મશાઈખની કબરો પર ઈમારતો બનાવવાનું જાઈઝ ફર્માવ્યું છે જેથી તેની લોકો ઝિયારત કરે અને ત્યાં બેસીને આરામ પામે. શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી શરહે સફરિસ્સઆદતમાં ફર્માવે છે : ''આખર જમાનામાં સામાન્ય લોકો જાહેરને જોનારા રહી જશે જેથી મશાઈખ તથા સુલહાની કબરો પર ઈમારત બનાવવામાં મસ્લેહત જોઈને ઝિયાદતી કરી આપી, જેથી મુસલમાનો તથા ઔલિયા અલ્લાહની શાન (પ્રભાવ) જાહેર થાય, ખાસ કરીને હિંદમાં કે અહીં ગૈર કોમો ઘણી છે જેમના પર ઈસ્લામનો પ્રભાવ રહે. અને ઘણાં કામો પહેલાં મકરૂહ હતાં અને આખર જમાનામાં મુસ્તહબ થઈ ગયાં. શામી, ભાગ–૧ બાબુ દફનમાં છે :–

وَقِيْلَ لَايُكْرَهُ الْبِنَاءُ اِذَاكَانَ الْمَيِّتُ مِنَ الْمَشَائِخِ وَالْعُلَمَاءِ وَالسَّادَاتِ

''કહેવામાં આવ્યું છે કે જો મૈયત મશાઈખ તથા ઉલમા તથા સાદાતે કિરામમાંથી હોય તો તેમની કબ્ર પર ઈમારત બનાવવી મકરૂહ નથી.

દુર્રે મુખ્તારમાં એ જ પ્રકરણ બાબુ દફનમાં છે :–

لَايُرْفَعُ عَلَيْهِ بِنَاءٌ وَقِيْلَ لَابَاْسَ بِهٖ وَهُوَالْمُخْتَارُ ''કબ્ર પર ઈમારત ન બનાવવામાં આવે, અને કહેવામાં આવ્યું છે કે એમાં કોઈ વાંધો નથી અને એ જ કૌલ પસંદીદા છે.'' અમુક લોકો કહે છે કે કેમ કે શામી અને દુર્રે મુખ્તારે ઈમારતના જાઈઝ હોવાને 'કીલ'થી વર્ણન કર્યું છે એટલા માટે એ કૌલ ઝઈફ છે, પરંતુ એ સહીહ નથી, ફિકહમાં કીલ ઝોઅફ (ઝઈફ હોવાની) નિશાની નથી અને અમુક જગાએ એક મસ્અલામાં બે કૌલ બયાન કરે છે અને બંને કીલથી. હા, મન્તિકમાં કીલ ઝઈફપણાની નિશાની છે. કીલની સંપૂર્ણ ચર્ચા અઝાને કબ્રના વર્ણનમાં જુઓ.

તહતાવી અલલ મરાકીઉલ ફલાહ, પેજ–૩૩૫માં છે :–

وَقَدْ اِعْتَادَ اَهْلُ الْمِصْرِوَضْعَ الْاَحْجَارُ حِفْظًا لِلْقُبُوْرِ عَنِ الْاِنْدِرَاسِ وَالنَّبْشِ وَلَابَاْسَ بِهٖ وَفِى الدُّرَرِوَلَايُجَصَّصُ وَلَايُطَيَّنُ وَلَايُرْفَعُ عَلَيْهِ بِنَاءٌ وَقِيْلَ لَابَاْسَ بِهٖ وَهُوَالْمُخْتَارُ

''મિસ્રના લોકો કબ્રો પર પથ્થર રાખવાના આદી છે જેથી તે નષ્ટ થવા તથા ઉખડવાથી મેહફૂઝ રહે અને કબ્રને પાકી ન કરવામાં આવે ન લીપવામાં આવે ન એના પર ઈમારત બનાવવામાં આવે અને કહેવામાં આવ્યું છે કે જાઈઝ છે અને એજ પસંદીદા છે.

મીઝાનુલ કુબરા આખિર, ભાગ–૧, કિતાબુલ જનાઈઝમાં ઈમામ શઅરાની ફર્માવે છે :–

وَمِنْ ذٰلِكَ قَوْلُ الْاَئِمَّةِ اَنَّ الْقَبْرَلَايُبْنٰى وَلَايُجَصَّصَ مَعَ قَوْلِ اَبِىْ حَنِيْفَةَ يَجُوْزُ ذٰلِكَ قَالَ الْاَوَّلُ مُشَدَّدٌ وَالثَّانِىْ مُخَفَّفٌ

''એમાંથી છે અન્ય ઈમામોનું એ કહેવું કે કબ્ર પર ન ઈમારત બનાવવામાં આવે અને ન તેને પાકી કરવામાં આવે, તેમ છતાં કે ઈમામ અબૂ હનીફાનો એ કૌલ છે કે એ સર્વ જાઈઝ છે. તો પ્રથમ કથનમાં સખ્તી છે અને બીજામાં સરળતા છે.

હવે તો રજીસ્ટર્ડ થઈ ગયું કે ઈમામે મઝહબ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ નું ફર્માન મળી ગયું કે **કબ્ર પર ગુંબદ વગેરે બનાવવું જાઇઝ** છે.

અલ્હમ્દુલિલ્લાહ ! કે કુર્આન તથા હદીષ ફિકહી લખાણો બલ્કે ખૂદ ઈમામ અબૂહનીફા رضی اللہ عنہ ના ફર્માન પાકથી સાબિત થઈ ગયું કે ઔલિયા તથા ઉલમાની કબ્રો પર ગુંબદ વગેરે બનાવવું જાઈઝ છે. બુદ્ધિ પણ ચાહે છે કે એ જાઈઝ હોવું જોઈએ. તેનાં કેટલાક કારણો છે : પ્રથમ તો એ કે જોવામાં આવ્યું છે કે સામાન્ય કાચી કબરોની સામાન્ય લોકોમાં અદબ તથા એહતેરામ નથી હોતો અને ન અધિક ફાતેહાખ્વાની ન એવો બંદોબસ્ત હોય છે, બલ્કે લોકો પગો વડે તેને ચગડે છે અને જો કોઈ કબ્રને પાકી જુએ છે, ગિલાફ ચઢાવેલો

જુએ છે તો સમજે છે કે આ કોઈ બુઝુર્ગની કબ્ર છે અને ત્યાંથી સાવધાનીપૂર્વક પસાર થાય છે અને આપોઆપ ફાતેહા માટે હાથ ઉઠી જાય છે, અને બાબુ દફનમાં અને મિર્કાતમાં છે કે મુસલમાનની જિંદગીમાં તથા મૃત્યુ બાદ સરખી અદબ થવી જોઈએ. એ જ પ્રમાણે આલમગીરી કિતાબુલ કરાહિયત અને અશ્અતુલ લમ્આત બાબુ દફનમાં છે કે વાલિદૈનની કબ્રને ચૂમવું જાઈઝ છે. એ જ પ્રમાણે ફુકહા લખે છે કે, કબ્રથી એટલે દૂર બેસે જેટલે દૂર કબ્રવાળાની જાહેરી જિંદગીમાં બેસતો હતો. એનાથી જાણવા મળ્યું કે મૈયતનો એહતરામ જિંદગી જેટલો જ છે અને ઔલિયા અલ્લાહ તો જિંદગીમાં વાજિબુત્તાઝીમ હતા જેથી મૃત્યુ બાદ પણ તેમની તાઝીમ વાજિબ ઠરે છે. અને કબ્રની ઈમારત તે તાઝીમનો ઝરીયો છે જેથી મૃત્યુ બાદ પણ તેમની તાઝીમ વાજિબ ઠરે છે અને કબ્રની ઈમારત તે તાઝીમનો ઝરીયો છે જેથી કમસે કમ મુસ્તહબ છે. બીજુ એટલા માટે કે જેવી રીતે તમામ ઈમારતોમાં સરકારી ઈમારતો તથા મસ્જિદો વિશિષ્ટ રહે છે કે તેને ઓળખીને લોકો તેનાથી ફાયદો ઉઠાવે છે. ઉલમાએ જોઈએ કે પોતાનો દેખાવ લિબાસ ઈલ્મવાળા જેવો રાખે જેથી કરીને લોકો તેમને ઓળખીને તેમને મસાઈલ પૂછે. એ જ પ્રમાણે ઉલમા તથા મશાઈખની કબરો સામાન્ય કબરો કરતાં વિશિષ્ટ હોવી જોઈએ જેથી લોકો ઓળખીને ફયઝ ઉઠાવે. ત્રીજુ એટલા માટે કે ઔલિયા અલ્લાહના મકબરા શઆઈરિલ્લાહ (અલ્લાહની નિશાનીઓ) છે જેમ કે આથી પહેલાં અમે તફસીરે રૂહુલ બયાનના હવાલાથી વર્ણન કરી ચૂક્યા છીએ, અને શઆઈરિલ્લાહની અદબ જરૂરી છે એ કુર્આનથી સાબિત છે જેથી કબ્રોની અદબ થવી જોઈએ. અદબના દરેક દેશ અને દરેક જમાનામાં વિવિધ તરીકા હોય છે, અદબનો તરીકો જે પણ હોય ઈસ્લામ વિરુદ્ધ ન હોય તો તે જાઈઝ છે. હુઝૂર ﷺ ના જમાનામાં કુર્આન પાક હાડકાં તથા ચામડાઓ પર લખેલ હતું, મસ્જિદે નબવી કાચી હતી અને છતમાં ખજૂરનાં પાંદડાં હતાં જે વરસાદમાં ટપકતી હતી. પણ બાદના જમાનામાં મસ્જિદે નબવી અતિશય શાનદાર અને રૌઝએ રસૂલ ﷺ ખૂબ જ વ્યવસ્થિત રીતે બનાવવામાં આવ્યો અને કુર્આનને સારા ઉમદા કાગળો પર છાપવામાં આવ્યું.

દુર્રે મુખ્તાર કિતાબુલ કરાહિયાતમાં છે :–

وَجَازَ تَحْلِيَةُ الْمُصْحَفِ لِمَافِيْهِ مِنْ تَعْظِيْمِهٖ كَمَافِىْ نَقْشِ الْمَسْجِدِ

એના હેઠળ શામીમાં છે : اَىْ بِالذَّهَبِ وَالْفِضَّةِ એટલે ''કુર્આને કરીમને ચાંદી સોના થકી સજાવવું જાઈઝ છે કેમ કે એમાં એની તાઝીમ છે, જેમ કે મસ્જિદોને નકશીકામ કરવું.'' એ જ પ્રમાણે સહાબાએ કિરામના જમાનામાં હુકમ હતો કે કુર્આનને આયતો, રુકૂઅ અને એઅરાબથી ખાલી રાખો, પરંતુ એ જમાના પછી જરૂરત ઉભી થવાથી તો એ તમામ કામો જાઈઝ બલ્કે અનિવાર્ય બની ગયાં.

શામીમાં એ જ જગાએ છે :–

وَمَارُوِىَ عَنِ ابْنِ مَسْعُوْدٍ جَرِّدُوالْقُرْاٰنَ كَانَ فِىْ زَمَنِهِمْ وَكَمْ مِنْ شَىْءٍ يَخْتَلِفُ بِاخْتِلَافِ الزَّمَانِ وَالْمَكَانِ

''ઈબ્ને મસઊદ رَضِىَ اللّٰهُ عَنْهُمَا થી મરવી છે કે કુર્આનને એઅ્રાબ વગેરેથી ખાલી રાખો, એ તે જમાનામાં હતું અને ઘણી બધી ચીજો જમાનાના અને જગાના બદલાવની સાથે બદલાઈ જાય છે.'' એ જ સ્થળે શામીમાં છે કે કુર્આનને નાનુ કરીને ન છાપો એટલે હમાઈલ ન બનાવો બલ્કે તેનું લખાણ પહોળુ હોય અને અક્ષરો ફેલાયેલા હોય, સાઈઝ મોટી હોય. આ સર્વ હુકમો શા માટે છે ? કેવળ કુર્આનની અઝમત (મહાનતા)ના માટે છે. એ જ પ્રમાણે એ પણ છે કે શરૂ જમાનામાં કુર્આનની તાલીમ, અઝાન તથા ઈકામત પર મહેનતાણું લેવું હરામ હતું, જેમ કે હદીષ તથા ફિકહમાં મૌજૂદ છે, પણ બાદમાં જરૂરતના તૌર પર જાઈઝ કરવામાં આવ્યું. હુઝૂર ﷺ ના જમાનામાં ખૂદ જીવંત લોકોને પાકુ મકાન બનાવવાની મનાઈ હતી. એક સહાબીએ પાકુ મકાન બનાવ્યું તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું :–

اِذَا لَمْ يُبَارَكْ لِلْعَبْدِ فِىْ مَالِهٖ جَعَلَهٗ فِى الْمَاءِ وَالطِّيْنِ ''જ્યારે બંદાના માલમાં બેબરકતી થાય છે તો તેને ઈંટ તથા ગારામાં ખર્ચ કરે છે.'' પરંતુ આ હુકમો છતાં સામાન્ય મુસ્લિમોએ બાદમાં પાકા મકાનો પણ બનાવ્યા અને મસ્જિદો

પણ બનાવી. આશ્ચર્ય છે કે જે હઝરાત ઔલિયા અલ્લાહની કબરોને પાકી બનાવવા અથવા તેના પર ગુંબદ બનાવવાને હરામ કહે છે તેઓ પોતાનાં મકાનો શા માટે ઉમદા તથા પુખ્તા બનાવે છે ! શું અમુક હદીષો પર ઈમાન છે અને અમુકનો ઈન્કાર ! અલ્લાહ સમજ આપે. ચોથુ એટલા માટે કે ઔલિયા અલ્લાહના મકબરાઓનું પાકુ હોવું, તેના ઈમારત બનાવવું ઈસ્લામની તબ્લીગનો ઝરીયો છે. અજમેર શરીફ વગેરેમાં જોવામાં આવ્યું છે કે મુસલમાનોથી વધારે ત્યાં હિંદુ અને અન્ય કાફિરો ઝિયારત માટે આવે છે. ઘણાં હિંદુઓ તથા રાફઝીઓને મેં જોયા કે ખ્વાજા સાહબની ધુમ ધામ જોઈને મુસલમાન થઈ ગયા.

હિંદુસ્તાનમાં હવે કાફિરો મુસલમાનોની તે વકફ મિલ્કતો પર કબ્જો કરી રહ્યા છે. જેનામાં કોઈ નિશાની ન હોય, ઘણી મસ્જિદો, ખાનકાહો, કબ્રસ્તાન નિશાન વિનાનાં બનીને તેમના કબ્જામાં પહોંચી ગયાં, જો કબ્રસ્તાનની સર્વ કબરો કાચી હોય તો થોડાક દિવસોમાં પડીને સપાટ થઈ જાય છે અને સાદી જમીન પર કાફિરો કબજો જમાવી લે છે. જેથી હવે સખ્ત જરૂરત છે કે દરેક કબ્રસ્તાનમાં અમુક કબરો પાકી હોય જેથી તેનાથી તે જમીનનું કબ્રસ્તાન હોવું બલ્કે તેની હદો માલૂમ પડે.

મેં મારા વતનમાં ખૂદ જોયું કે મુસલમાનોનાં બે કબ્રસ્તાન ભરાઈ ચૂકયાં હતાં, એકમાં બે ત્રણ કબરો સિવાય સર્વ કબરો કાચી હતી, બીજા કબ્રસ્તાનના અમુક ભાગમાં પાકી કબરો પણ હતી. તો મુસલમાન ફકીરોએ તે બંને કબ્રસ્તાનો છુપી રીતે વેચી નાખ્યાં. તેના પર કેસ ચાલ્યો તો પ્રથમ કબ્રસ્તાન તો પાકી કબરો સિવાય પૂરેપુરું મુસ્લિમોના કબજામાંથી ચાલ્યુ ગયું અને કેમ કે હાકિમોએ તેને ગોરી માટીવાળી જમીન માન્યું. બીજા કબ્રસ્તાનનો અડધો ભાગ જ્યાં સુધી પાકી કબરો હતી તે મુસલમાનોને મળ્યું. બાકીનો તે ભાગ જેમાં સર્વ કબરો કાચી હતી અને ફાટી ચૂકી હતી તે કાફિરો પાસે પહોંચી ગયું, કેમ કે તે કબરોની હદો પાકી કબરો પરથી નક્કી કરવામાં આવી, બાકીનું વેચાણનામુ દુરુસ્ત માનવામાં આવ્યું, એનાથી મને થયું કે કબ્રસ્તાનમાં અમુક

કબરો પાકી જરૂર બનાવવી જોઈએ, કેમ કે એ વકફની સાચવણીનો ઝરીયો છે જેમ કે મસ્જિદના માટે મિનારા.

(બીજો વિભાગ)

★ કબ્ર પર ઈમારતો બાબતે વાંધા અને તેના જવાબો ★

વિરોધીઓના આ મસ્અલા પણ કેવળ બે જ વાંધાઓ છે : **પ્રથમ** તો એ કે મિશ્કાત બાબુ દફનમાં મુસ્લિમની રિવાયતથી છે :–

نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنْ يُجَصَّصَ الْقُبُوْرُ وَاَنْ يُّبْنٰى عَلَيْهِ وَاَنْ يُّقْعَدَ عَلَيْهِ

હુઝૂર ﷺ એ મના ફર્માવ્યુ એનાથી કે કબ્રો પર ઘુમ્મટ કરવામાં આવે અને એનાથી કે તેના પર ઈમારત બનાવવામાં આવે અને એનાથી કે એના પર બેસવામાં આવે. તેમ જ આમ ફકીહો ફર્માવે છે કે "આ હદીષથી જાણવા મળ્યું કે ત્રણ કામો હરામ છે :–

કબ્રને પાકી બનાવવી, કબ્ર પર ઈમારત બનાવવી અને કબ્ર પર મુજાવર બનીને બેસવું."

જવાબ : કબ્રને પાકી કરવાથી મના કરવામાં ત્રણ સ્થિતિઓ છે, એક તો એ કે કબ્રનો આંત્રિક ભાગ કે જે મૈયતને સ્પર્શે છે તેને પાકો કરવામાં આવે. એટલા માટે હદીષમાં ફર્માવવામાં આવ્યું : اَنْ يُجَصَّصَ الْقُبُوْرُ એવું નથી ફર્માવવામાં આવ્યું : **અલલ કુબૂરિ.** બીજુ એ કે સામાન્ય મુસ્લિમોની કબરોને પાકી કરવામાં ન આવે, કેમ કે એ ફાયદાહિન છે. તો અર્થ એ થયો કે દરેક કબ્રને પાકી બનાવવાથી મના ફર્માવ્યું. ત્રીજું એ કે કબ્રને સજાવટ, દેખાડો કે ગર્વ માટે પાકી કરી; આ ત્રણેય સ્થિતિઓ મના છે, અને જો નિશાન બાકી રાખવાના માટે કોઈ વલીઅલ્લાહની કબરને પાકી કરવામાં આવે તો જાઈઝ છે. કેમ કે હુઝૂર ﷺ એ ઉષ્માન ઈબ્ને મઝઊનની કબ્રને મજબૂત પથ્થરની

બનાવી, જેમ કે પ્રથમ વિભાગમાં જણાવવામાં આવ્યું. લમ્આતમાં એ જ لِمَافِيْهِ مِنَ الزِّيْنَةِوَالتَّكَلُّفِ : اَنْ يُجَصَّصَ الْقُبُوْرُના હેઠળ છે એમાં કેવળ સજાવટ તથા દેખાડો છે. જેનાથી જાણવા મળ્યું કે જો એના માટે ન હોય તો જાઈઝ છે. اَنْ يُّبْنٰى عَلَيْهِ એટલે કબ્ર પર ઈમારત બનાવવી મના ફર્માવ્યું છે, એના પણ અમુક અર્થો છે : પ્રથમ તો એ કે ખૂદ કબ્ર ઉપર ઈમારત બનાવવામાં આવે, એ રીતે કે કબ્ર દીવાલમાં સામેલ થઈ જાય. જેમ કે શામી બાબુ દફનમાં છે :–

وَتَكْرَهُ الزِّيَادَةُ عَلَيْهِ كَمَافِى الْمُسْلِمِ نَهٰى رَسُوْلُ اللّٰهِ عَلَيْهِ السَّلَامَ اَنْ يُّجَصَّصَ الْقَبْرُ وَاَنْ يُّبْنٰى عَلَيْهِ

''કબ્રને એક હાથથી વધુ ઊંચી કરવી મના છે.'' કેમ કે મુસ્લિમમાં છે કે હુઝૂર ﷺ એ કબ્રને પાકી કરવા અને એના પર કાંઈ બનાવવાથી મના ફર્માવ્યું :

દુર્રે મુખ્તાર એ જ પ્રકરણમાં છે :–

وَتُكْرَهُ الزِّيَادَةِعَلَيْهِ مِنَ التُّرَابِ لِاَنَّهٗ بِمَنْزِلَةِالْبِنَاءِ ''કબ્ર પર માટીથી વધારો કરવો મના છે કેમ કે એ ઈમારત બનાવવાના દરજામાં છે.'' એનાથી જાણવા મળ્યું કે કબ્ર પર બનાવવું એ છે કે કબ્ર દીવાલમાં આવી જાય અને ગુંબદ બનાવવો એ હૌલુલ કબ્ર એટલે કબ્રની આસપાસ બનાવવું છે, એ મના નથી. બીજુ એ કે આ હુકમ આમ મુસ્લિમોની કબરો માટે છે, ત્રીજુ એ કે આ બનાવવાની તફસીર ખૂદ બીજી હદીષે કરી આપી જે મિશ્કાત બાબુલ મસાજિદમાં છે :–

اَللّٰهُمَّ لَاتَجْعَلْ قَبْرِىْ وَثَنًا يُعْبَدُ اِشْتَدَّ غَضَبُ اللّٰهِ عَلٰى قَوْمٍ اتَّخَذُوْا قُبُوْرَ اَنْبِيَائِهُمْ مَسَاجِد

''હે અલ્લાહ ! મારી કબ્રને મૂર્તિ ન બનાવતો જેની પૂજા કરવામાં આવે. તે કૌમ પર ખુદાનો સખ્ત ગઝબ છે જેણે પોતાના પયગંબરોની કબ્રોને મસ્જિદ બનાવી લીધી.''

એના પરથી જાણવા મળ્યું કે કોઈ કબ્રને મસ્જિદ બનાવવી, એના ઉપર

ઈમારત બનાવવી તેના તરફ નમાઝ પઢવી હરામ છે. એ જ એ હદીષનો મકસદ છે. કબ્રોને મસ્જિદ ન બનાવો, કબ્રને મસ્જિદ બનાવવાનો અર્થ છે કે તેની ઈબાદત કરવામાં આવે અથવા કમસે કમ તેને કિબ્લો બનાવીને તેના પ્રતિ સિજદો કરવામાં આવે. અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની ફત્હુલબારી શરહે બુખારીમાં ફર્માવે છે :–

قَالَ الْبَيْضَاوِيُّ لِمَاكَانَتِ الْيَهُوْدُوَالنَّصٰرٰى يَسْجُدُوْنَ لِقُبُوْرِالْاَنْبِيَاءِ تَعْظِيْمًا لِشَانِهِمْ وَيَجْعَلُوْنَهَا قِبْلَةً يَّتَوَجَّهُوْنَ فِى الصَّلٰوةِ نَحْوَهَا وَاتَّخَذُوْاهَااَوْثَانًالَعَنَهُمْ وَمُنِعَ الْمُسْلِمُوْنَ عَنْ مِثْلِ ذٰلِكَ

''બયઝાવીએ ફર્માવ્યું કે જ્યારે કે યહૂદીઓ તથા નસ્રાનીઓ પયગંબરોની કબરોને તાઝીમના તૌર પર સજદા કરતા હતા અને તેને કિબ્લો બનાવીને તેની તરફ નમાઝ પઢતા હતા. અને તે કબરોને તેમણે મૂર્તિ બનાવી રાખી હતી, જેથી એના પર હુઝૂર ﷺ એ લઅનત ફર્માવી અને મુસલમાનોને એનાથી મના ફર્માવ્યું. આ હદીષ વાંધો ઉઠાવનારની હદીષની તફસીર થઈ ગઈ. જાણવા મળ્યું કે ગુંબદ બનાવવાથી મના નથી કર્યું બલ્કે કબ્રને સજદાગાહ બનાવવાથી મના કર્યું છે. ચોથુ એ કે આ મનાઈ શરીઅતનો હુકમ નથી બલ્કે ઝોહદ તથા તકવાની તાલીમ છે જેમ કે અમે પ્રથમ વિભાગમાં રજૂ કરી ચૂક્યા કે રહેવાનાં મકાનોને પાકાં કરવાથી પણ રોકવામાં આવ્યું અને તોડી પડાયાં. પાંચમુ એ કે જ્યારે બનાવવાવાળાની એ માન્યતા હોય કે આ ઈમારત બનાવવાથી મૈયતને રાહત કે ફાયદો પહોંચે છે તો મના છે કે એ ગલત ખયાલ છે. અને જો ઝાઈરીન (આવનારાઓ)ની આસાનીના માટે ઈમારત બનાવી દેવામાં આવે તો જાઈઝ છે.

અમે આ ખુલાસાઓ એટલા માટે કર્યા કે ઘણા સહાબાએ કિરામે ખાસ ખાસ કબરો પર ઈમારત બનાવી છે, આ કાર્ય સહાબાની સુન્નત છે. જેમ કે હઝરત ફારૂકે આ'ઝમે (કબ્રે અન્વરની આસપાસ ઈમારત બનાવી.) સૈયદેના ઈબ્ને ઝુબૈરે તેના પર ખૂબસૂરત ઈમારત બનાવી. ઈમામ ઝૈનુલ આબિદીનના આ કાર્યના હેઠળ મુલ્લા અલી કારી મિર્કાત મિશ્કાત બાબુલ બકાઅમાં ફર્માવે છે :–

اَلظَّاهِرُاَنَّهٗ لِاجْتِمَاعِ الْاَحْبَابِ لِلذِّكْرِوَالْقِرَائَةِ وَحُضُوْرِ الْاَصْحَابِ بِالْمَغْفِرَةِاَمَّاحَمْلُ فِعْلِهَاعَلَى الْعَبْثِ الْمَكْرُوْهِ فَغَيْرَلَائِقٍ لِصَنِيْعِ اَهْلَ الْبَيْتِ

''જાહેર છે કે આ કુબ્બો (ગુંબદ) દોસ્તો તથા સહાબીઓના એકત્ર થવા માટે હતો જેથી ઝિકુલ્લાહ તથા તિલાવતે કુર્આન કરે, અને મગફેરતની દુઆ કરે, પરંતુ તે બીબીના તે કામને કેવળ બેફાયદા બનાવવું મકરૂહ છે, એ અહલે બૈતની શાનની વિરૂદ્ધ છે. જાણવા મળ્યું કે ફાયદા વિના ઈમારત બનાવવી મના અને મુલાકાતીઓના આરામના માટે બનાવવી જાઈઝ છે. તદ્ઉપરાંત હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہا ની કબ્ર પર કુબ્બો બનાવ્યો. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ પોતાના ભાઈ અબ્દુર્રહમાનની કબ્ર પર અને હઝરત મુહમ્મદ ઈબ્ને હનફિયાએ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا ની કબ્ર પર કુબ્બો (ગુંબદ) બનાવ્યો. મુન્તકા શરહે મુઅત્તા ઈમામ માલિકમાં અબૂ અબ્દે સુલૈમાન رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

وَضَرَبَهٗ عُمَرُ عَلٰى قَبْرِ زَيْنَبِ بِنْتِ جَحْشٍ وَضَرَبَتْهُ عَائِشَةَ عَلٰى قَبْرِ اَخِيْهَاعَبْدِالرَّحْمٰنِ وَضَرَبَهٗ مُحَمَّدُ ابْنُ الْحَنْفِيَّةِ عَلٰى قَبْرِ ابْنِ عَبَّاسٍ وَاِنَّمَاكَرِهَهٗ لِمَنْ ضَرَبَهٗ عَلٰى وَجْهِ السُّمْعَةِ وَالْمُبَاهٰةِ ـ

''હઝરત ઉમરે ઝૈનબ બિન્તે જહશની કબ્ર પર ગુંબદ બનાવ્યો. હઝરત આઈશાએ પોતાના ભાઈ અબ્દુર્રહમાનની કબ્ર પર ગુંબદ બનાવ્યો. મુહમ્મદ ઈબ્ને હનફિયા (ઈબ્ને હઝરત અલી)એ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا ની કબ્ર પર ગુંબદ બનાવ્યો અને જેણે ગુંબદ બનાવવો મકરૂહ કહ્યો છે તો તેમણે તેના માટે કહ્યું છે કે, ''જો તેને ગર્વના માટે તથા રિયા ખાતર બનાવે.''

બદાએઅ વ સનાએઅ ભાગ–૧, પેજ–૩૨૦માં છે :–

رُوِىَ اَنَّ ابْنَ عَبَّاسٍ لَمَّا مَاتَ بِالطَّائِفِ صَلّٰى عَلَيْهِ مُحَمَّدُ ابْنُ الْحَنَفِيَّةِوَجَعَلَ قَبْرَهٗ مُسَنَّمًاوَضَرَبَ عَلَيْهِ قُسْطَاطًا

''જ્યારે કે તાઈફમાં ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا નો ઈન્તેકાલ થયો તો એમના પર મુહમ્મદ ઈબ્ને હનફિયાએ નમાઝ પઢી અને તેમની કબ્ર બનાવી અને કબ્ર પર ગુંબદ બનાવ્યો.''

અયની શરહે બુખારીમાં છે :–

ضَرَبَهٗ مُحَمَّدُ ابْنُ الْحَنَفِيَّةُ عَلٰى قَبْرِ اِبْنِ عَبَّاسٍ

''એ સહાબા એ કિરામે એ કામો કર્યાં અને સઘળી ઉમ્મત રોઝાએ રસૂલ ﷺ પર જતી રહી, કોઈ મુહદ્દિષ, કોઈ ફકીહ, કોઈ આલિમે એ રોઝા પર વાંધો ન ઉઠાવ્યો. જેથી આ હદીષના એ જ ખુલાસા કરવામાં આવે કે જે અમે કર્યા છે. કબ્ર પર બેસવું મના છે, એટલે કબ્ર પર ચઢીને તેના ઉપર બેસવું મના છે, ન કે ત્યાં મુજાવર બનવું મના છે, મુજાવર બનવું તો જાઈઝ છે. મુજાવર તેને કહે છે કે જે કબ્રની વ્યવસ્થા કરે, ખોલ બંધ કરવાની ચાવી પોતાની પાસે રાખે વગેરે વગેરે, એ સહાબાએ કિરામથી સાબિત છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا મુસલમાનોની માં હુઝૂર ﷺ ની કબ્રે અન્વરની વ્યવસ્થાપક તથા ચાવી ધરાવનાર હતાં, જ્યારે સહાબાએ કિરામને ઝિયારત કરવી હોય તો તેમની પાસે જ ખોલાવીને ઝિયારત કરતા. જુઓ મિશ્કાત બાબુ દફન. આજ સુધી રોઝાએ મુસ્તફા ﷺ પર મુજાવર રહે છે તેમને કોઈએ નાજાઈઝ નથી કહ્યું.

વાંધો : (૨) મિશ્કાત બાબુ દફનમાં છે :–

وَعَنْ اَبِیْ هَيَّاجِ نِ الْاَسَدِيِّ قَالَ قَالَ لِیْ عَلٰى اِلَّا اَبْعَثُكَ عَلٰى مَابَعَثَنِیْ رَسُوْلُ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ اَنْ لَّاتَدَعَ تِمْثَالًا اِلَّا طَمَسْتَهٗ وَلَا قَبْرًا مُشْرِفًااِلَّاسَوَّيْتَهٗ

''અબૂ હૈયાજ અસદીથી મરવી છે કે મને હઝરત અલી كرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે શું હું તમને એ કામ માટે ન મોકલું જેના માટે મને હુઝૂર ﷺ એ મોકલ્યો હતો ? તે એ કે તમે કોઈ તસ્વીર ન છોડો પણ મિટાવી દો અને ન કોઈ ઊંચી કબર, પણ તેને સરખી કરી દો. બુખારી, ભાગ–૧, કિતાબુલ જનાઈઝ બાબુલ જરીદ અલલ બક્રમાં છે :–

وَرَاٰى اِبْنُ عُمَرَ فُسْطَاطًا عَلٰى قَبْرِعَبْدِالرَّحْمٰنِ فَقَالَ اِنْزِعْهُ يَاغُلَامُ فَاِنَّمَايُظِلُّهُ عَمَلُهُ

''ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ અબ્દુર્રહમાનની કબ્ર પર કુબ્બો જોયો પછી આપે ફર્માવ્યું કે હે છોકરા ! એને અલગ કરી દો ! કેમ કે એમના પર એમના અમલ સાયો કરી રહ્યા છે.'' આ બંને હદીષોથી જાણવા મળ્યું કે જો કોઈ કબ્ર પર ઈમારત બની હોય અથવા કબ્ર ઊંચી હોય તો તેને પાડી નાખવી જોઈએ.

જરૂરી નોંધ : આ હદીષને આડ બનાવીને નજદી વહાબીઓએ સહાબાએ કિરામ તથા અહલે બૈતનાં મઝારોને તોડી પાડીને જમીન દોસ્ત કરી નાખ્યાં.

જવાબ : જે કબ્રોને પાડી નાંખવા હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હું તમને એ કામ માટે મોકલુ છું જેના માટે હુઝૂર ﷺ એ મોકલ્યો હતો. હુઝૂર ﷺ ના જમાનામાં જે કબ્રોને હઝરત અલીએ તોડી પડાવી તે મુસલમાનોની કબ્રો નથી હોઈ શકતી, કેમ કે દરેક સહાબીની દફન ક્રિયામાં હુઝૂર ﷺ શિર્કત કરતા હતા. તેમ જ સહાબાએ કિરામ કોઈ કામ પણ હુઝૂર ﷺ ના મશ્વરા વિના કરતા ન હતા જેથી તે વખતે જેટલી કબરો મુસલમાનો માટે બની તે ક્યાં તો હુઝૂરની મૌજૂદગીમાં અથવા આપની ઈજાઝતથી બની. તો તે કયા મુસલમાનોની કબરો હતી કે જે નાજાઈઝ બની ગઈ અને તેને મિટાવવી પડી ? હા ! ઈસાઈઓની કબરો ઊંચી હોય છે. બુખારી શરીફમાં મસ્જિદે નબવીની તામીરના બયાનમાં છે : –

اَمَرَالنَّبِىُّ عَلَيْهِ السَّلَامُ بِقُبُوْرِالْمُشْرِكِيْنَ فَنُبِشَتْ

''હુઝૂર ﷺ એ મુશ્રિકોની કબ્રો માટે હુકમ આપ્યો તો તેને ઉખાડી કાઢવામાં આવી.'' શયખ ઈબ્ને હજર મક્કી ફત્હુલ બારી, ભાગ–૨, પેજ–૨૬૦ માં ફર્માવે છે :–

هَلْ تُنْبَشُ قُبُوْرُ مُشْرِكِى الْجَاهِلِيَّةِ اَىْ دُوْنَ غَيْرِهَا مِنْ قُبُوْرِ الْاَنْبِيَاءِ وَاَتْبَاعِهِمْ لِمَ فِىْ ذٰلِكَ اِهَانَةٌ لَّهُمْ

''શું જાહિલિયતના મુશ્રિકોની કબરો ઉખેડી નાખવામાં આવે ? ફર્માવે છે

અંબિયા તથા તેમના અનુયાયીઓ સિવાય, કેમ કે તેની કબરો તોડી પાડવામાં તેમનું અપમાન છે.''

બીજા ઠેકાણે ફર્માવે છે :–

وَفِى الْحَدِيْثِ جَوَازُ تَصَرُّفٍ فِى الْمَقْبَرَةِالْمَمْلُوْكَةِ وَجَوَازُ نَبْشِ قُبُوْرِالدَّارِسَةِاِذَالَمْ يَكُنْ مُحَرَّمَةً

આ હદીષમાં એના પર દલીલ છે કે જે કબ્રસ્તાન માલિકીમાં આવી ગયું તેમાં તસર્રુફ (ખોદકામ વગેરે) કરવો જાઈઝ છે અને પૂરાણી કબરો ઉખાડી નાખવામાં આવે શરત એ કે સન્માનનીય ન હોય.

આ હદીષ તથા તેની શરહે વિરોધીઓની રજૂ કરેલી હદીષે અલી رضی اللہ عنہ ની તફસીર કરી આપી કે મુશ્રિકોની કબરો પાડી નાખવામાં આવે. બીજુ એટલા માટે કે એમાં કબરોની સાથે ફોટાઓનો ઉલ્લેખ શાથી છે ? **મુસલમાનની કબર પર ફોટો ક્યાં હોય છે ?! જાણવા મળ્યું કે કાફિરોની કબરો જ મુરાદ છે કેમ કે તેમની કબરો પર મૈયતનો ફોટો પણ હોય છે.** ત્રીજુ એટલા માટે કે, ફર્માવે છે કે ઊંચી કબરને જમીનની બરાબર કરી આપો, જ્યારે મુસલમાનની કબરના માટે સુન્નત છે કે જમીનથી એક હાથ ઊંચી રહે, એને બરાબર સપાટ કરવી સુન્નતની વિરૂદ્ધ છે. તો માનવું પડશે કે એ કાફિરોની કબરો હતી, નહીં તો આશ્ચર્યની વાત છે કે સૈયદેના અલી તો ઊંચી કબરો ઉખેડાવે અને તેમના ફરઝંદ મુહમ્મદ ઈબ્ને હનફિયા, ઈબ્ને અબ્બાસ رَضِیَ اللہُ عَنْہُمَا ની કબર પર ગુંબદ બનાવે ! જો કોઈ મુસલમાનની કબર ઊંચી બની પણ ગઈ તો પણ તેને નથી ઉખાડી શકતા, કેમ કે એમાં મુસલમાનની તૌહીન છે. પ્રથમ તો એ કે ઊંચી ન બનાવો, પણ જ્યારે બની જાય તો ન મિટાવો.

કુર્આન શરીફ નાની સાઈઝમાં છપાવવું મના છે. જુઓ શામી કિતાબુલ કરાહિયત. પણ જ્યારે છપાઈ ગયું તો તેને ન ફેંકો ન સળગાવો, કેમ કે એમાં કુર્આનની બેઅદબી છે. હદીષોમાં આવેલ છે કે મુસલમાનની કબ્ર પર બેસવું,

ત્યાં પેશાબ જાજરૂ કરવું, ત્યાં જોડાભેર ચાલવું, આમ પણ તેના પણ ચાલવું મના છે. પણ અફસોસ છે કે નજદીએ સહાબાએ કિરામના મઝારો તોડી પાડયાં અને જાણવા મળ્યું છે કે હવે જિદ્દામાં અંગ્રેજો ઈસાઈઓની ઊંચી ઊંચી કબરો બની રહી છે. સાચું કહ્યું રસૂલુલ્લાહ ﷺ એ يَقْتُلُوْنَ اَهْلَ الْاِسْلَامِ وَيَتْرُكُوْنَ اَهْلَ الْاَصْنَامِ "દરેકને પોતાની જાતીથી મહોબ્બત હોય છે." હઝરત ઈબ્ને ઉમર رَضِيَ اللّٰهُ عَنْهُمَا ની હદીષથી સનદ લાવવી તદ્દન અસ્થાને છે, તેઓ તો ખૂદ ફર્માવી રહ્યા છે કે મૈયત પર અમલોનો સાયો પૂરતો છે. જેનાથી જાણવા મળ્યું કે જો મૈયત પર સાયા માટે ગુંબદ બનાવો તો મના છે, પણ મુલાકાતીઓની સગવડને ખાતર બનાવ્યો તો જાઈઝ છે.

અયની શરહે બુખારી એના હેઠળ ફર્માવે છે :–

وَهِىَ اِشَارَةٌ اِلٰى اَنَّ ضَرْبَ الْفُسْطَاطِ بِغَرَضٍ صَحِيْحٍ كَالتَّسْتَرِمِنَ الشَّمْسِ مَثَلًا لِلْاَحْيَاءِ لَالِاِظْلَالِ الْمَيِّتِ جَازَ

"એ તરફ ઈશારો છે કે કબ્ર પર યોગ્ય હેતુસર તંબુ તાણવો જેમ કે જીવતાઓને તડકાથી બચાવવાના માટે ન કે મૈયતને સાયો કરવાના માટે, તો એ જાઈઝ છે. એનો અનુભવ ખૂદ મને એ રીતે થયો કે હું એકવાર બપોરના સમયે એક કલાક માટે સિયાલકોટ ગયો. ખૂબ જ શોખ હતો કે મુલ્લા અબ્દુલ હકીમ ફાઝિલે સિયાલકોટી عليهما الرحمة والرضوان ના મઝાર પર ફાતેહા પઢું, કેમ કે તેમના હાશિયા જોવામાં મોટા ભાગે મશગૂલ રહ્યો છું. ત્યાં પહોચ્યો તો કબ્ર પર કોઈ છત્ર ન હતું, જમીન ગરમ હતી, તાપ સખત હતો. જેથી મુશ્કેલીથી અમુક આયતો પઢીને ત્યાંથી તુરત જ ચાલ્યા જવું પડયું. દિલની ભાવના દિલમાં જ રહી ગઈ. તે દિવસે જાણવા મળ્યું કે મઝારો પર ઈમારત ખૂબ જ લાભદાયી છે. તફસીરે રૂહુલ બયાન, પારા–૨૬, સૂરએ ફતહ આયત اِذْ يُبَايِعُوْنَكَ تَحْتَ الشَّجَرَةِ: હેઠળ છે કે અમુક લોકો કહે છે કે આજકાલ ઔલિયા અલ્લાહની કબરોની તાઝીમ કરે છે જેથી અમે તે કબરોને તોડી પાડીશું જેથી એ લોકો જોઈ લે કે ઔલિયા અલ્લાહમાં કોઈ કુદરત નથી, નહીં તો તેઓ પોતાની કબરોને તોડવાથી બચાવી લેત."

فَاعْلَمْ اَنَّ هٰذَاالصَّنِيْعَ كُفْرٌ صُرَاحٌ مَاخُوْذٌ مِنْ قَوْلِ فِرْعَوْنَ ذَرُوْنِىْ اَقْتُلْ مُوْسٰى
وَلْيَدْعُ رَبَّهٗ اِنِّىْٓ اَخَافُ اَنْ تُبَدِّلَ دِيْنَكُمْ اَوْاَنْ يُّظْهِرَ فِى الْاَرْضِ الْفَسَادِ

"તો જાણી લો કે આ કામ તદ્દન કુફ્ર છે, ફિરઔનના તે કથનના માખૂઝ છે કે, છોડી દો મને ! હું મૂસાને કત્લ કરી દઉં ! તે પોતાના ખુદાને બોલાવી લે ! હું ડરું છું કે તમારો દીન બદલી નાખશે અથવા જમીનમાં તોફાન ફેલાવશે." મને એકવાર કોઈને કહ્યું કે જો ઔલિયા અલ્લાહ તથા સહાબાએ કિરામમાં કાંઈ તાકાત હતી તો નજદી વહાબીઓથી પોતાની કબરોને કેમ ન બચાવી ! જાણવા મળ્યું કે તે કેવળ મુડદાં છે તો પછી તેમની તાઝીમ તથા તૌકીર કેવી ? મેં કહ્યું કે હુઝૂર ﷺથી પહેલાં કાબા મોઅઝ્ઝમામાં ત્રણસો સાઈઠ (૩૬૦) મૂર્તિઓ હતી અને હદીષોમાં છે કે કિયામતની નજીક એક શખ્સ કા'બા શરીફને પાડી નાખશે. આજે લાહોરમાં મસ્જિદ શહીદ ગંજ શીખોનું ગુરુદ્વારા બની ગઈ, ઘણી મસ્જિદો છે કે બર્બાદ કરી દેવામાં આવી. તો જો હિંદુ કહે કે જો ખુદામાં તાકાત હોત તો તેણે પોતાનું ઘર અમારા હાથોથી કેમ ન બચાવ્યું ? ઔલિયા અલ્લાહ તથા તેમના મકબરાઓની તાઝીમ તેમની મહબબૂબિયતના કારણે કરવામાં આવે કે કેવળ કુદરતને લીધે, જેમ કે મસ્જિદો અને કા'બાશરીફની તાઝીમ કરવામાં આવે છે. ઈબ્ને સઊદે ઘણી મસ્જિદો તોડી પાડી જેમ કે મસ્જિદે સૈયદેના બિલાલને સફા પર વગેરે.

મઝારો પર ફૂલો નાખવાં, ચાદરો ચઢાવવી તથા ચિરાગો કરવા વિશે ચર્ચા

આ ચર્ચામાં ત્રણ મસાઈલ છે : કબ્રો પર ફૂલો નાખવાં, ચાદરો ચઢાવવી અને ચિરાગો સળગાવવા. **ઉલમાએ અહલે સુન્નતનું ફર્માન છે કે ફૂલો નાખવાં એ તો દરેક મુસલમાનની કબ્ર પર જાઇઝ છે, ચાહે તે વલીયુલ્લાહ હોય કે ગુનેહગાર, અને ચાદરો ચઢાવવી એ ઔલિયા, ઉલમા તથા સાલેહ લોકોની કબરો પર જાઇઝ છે. અને સામાન્ય મુસલમાનોની કબરો પર નાજાઇઝ છે,** કેમ કે એનો અર્થ નથી. કબ્ર પર દીવો સળગાવવો એ બાબતે વિગતવાર ચર્ચા છે. સામાન્ય મુસલમાનોની કબરો પર વિના જરૂરતે નાજાઈઝ છે, અને જરૂરત મુજબ જાઈઝ છે અને ઔલિયા અલ્લાહની કબરો પર મઝારવાળાની મહાનતાવાળી શાનને પ્રદર્શિત કરવા માટે પણ જાઈઝ છે. અને જરૂરતો ત્રણ છે : કયાં તો રાતમાં મુડદાને દફન કરવું છે તો રોશનીની જરૂરત છે જેથી જાઈઝ છે. કબ્ર રસ્તાના કિનારે છે તો એના પર એટલા માટે દીવો સળગવવામાં આવે કે કોઈને ઠોકર ન લાગે અથવા કોઈ ખબર થતાં ફાતેહા પઢે, તો જાઈઝ છે અથવા કોઈ શખ્સ રાતમાં કોઈ મુસલમાનની કબ્ર પર ગયો ત્યાં કોઈ કુર્આન વગેરે જોઈને પઢવા ચાહે છે જેથી રોશની કરે તો જાઈઝ છે. જો આ બધામાંથી કોઈ વાત પણ નથી તો ચિરાગ જલાવવો ફુઝૂલખર્ચી અને ઈસ્રાફ છે જેથી મના છે. **ઔલિયાના મઝારો પર જો તેમાંથી કોઈ જરૂરત પણ ન હોય તો પણ વલીની તાઝીમના માટે જાઇઝ છે.** ચાહે એક ચિરાગ સળગાવે કે અધિક સળગાવે. આ ત્રણે ય વાતોનો વિરોધીઓ ઈન્કાર કરે છે. એટલા માટે આ ચર્ચાના બે વિભાગ કરવામાં આવે છે, પ્રથમ ભાગમાં તેની સાબિતી અને બીજા ભાગમાં તેના પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ ફૂલ તથા ચાદર ચઢાવવા તથા દીવો સળગાવવા વિશે સાબિતી ★

અમે આનાથી આગલી ચર્ચામાં વર્ણન કરી ચૂક્યા છીએ કે ઔલિયા અલ્લાહ અને તેમના મઝારો શઆઈરિલ્લાહ છે,અને શઆઈરિલ્લાહ એટલે અલ્લાહના દીનની નિશાનીઓની તાઝીમ કરવાનો કુર્આની હુકમ છે : وَمَنْ يُّعَظِّمْ شَعَائِرَاللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ આ તાઝીમમાં કોઈ શર્ત નથી, જે દેશમાં અને જે જમાનામાં જે પણ જાઈઝ તાઝીમનો રિવાજ છે તે કરવી જાઈઝ છે. તેમની કબરો પર ફૂલો રાખવા,ચાદરો ચઢાવવી,લાઈટિંગ કરવું સૌમાં એમની તાઝીમ છે જેથી જાઈઝ છે. લીલાં(તર) ફૂલમાં જિંદગી છે જેથી તે તસ્બીહ તથા તહલીલ કરે છે, જેનાથી મૈયતને સવાબ થાય છે અથવા તેના અઝાબમાં કમી થાય છે, મુલાકાતીઓને ખુશ્બુ મળે છે જેથી એ દરેક મુસલમાનની કબ્ર પર રાખવું જાઈઝ છે, જો મુડદાને અઝાબ થઈ રહયો છે તો તેની તસ્બીહની બરકતથી ઓછો થશે તેની અસ્લ (દલીલ) તે હદીષ છે જે મિશકાત બાબે આદાબિલ ખલા, ભાગ–૧માં છે કે એકવાર હુઝૂર ﷺ બે કબરો પાસે થઈને પસાર થયા તો ફર્માવ્યું કે આ બંને મૈયતોને અઝાબ થઈ રહયો છે, એમાંથી એક તો પેશાબના છાંટાથી ન બચતો હતો અને બીજો ચુગલી કર્યા કરતો હતો.

ثُمَّ اَخَذَ جَرِيْدَةً رَطْبَةً فَشَقَّهَا نِصْفَيْنِ ثُمَّ غَرَزَ فِىْ كُلِّ قَبْرٍ وَاحِدَةٍ قَالُوْا يَارَسُوْلَ اللّٰهِ لِمَاصَنَعْتَ هٰذَا فَقَالَ لَعَلَّهٗ اَنْ يُّخَفَّفَ عَنْهُمَا مَالَمْ يَيْبَسَا

''આપે લીલી ડાળખી લીધી અને તેને ચીરીને દરેક કબ્ર પર એક એક ખોસી આપી. લોકોએ અર્ઝ કરી કે આપે આવું શા માટે કર્યું ? તો કહ્યું કે જ્યાં સુધી એ સુકાય નહી ત્યાં સુધી તેમના અઝાબમાં કમી રહે.''

એની શરહમાં ઈમામ નવવી ફર્માવે છે :–

وَقِيْلَ اِنَّهُمَا يُسَبِّحْنَ مَادَامَ رُطْبَتَيْنِ وَاسْتَحَبَّ الْعُلَمَآءُ قِرَائَةَ الْقُرْاٰنَ عِنْدَ الْقَبْرِ لِهٰذَا الْحَدِيْثِ اِذْ تِلَاوَةُ الْقُرْاٰنِ اَوْلٰى بِالتَّخْفِيْفِ مِنْ تَسْبِيْحِ الْجَرِيْدِ

''કહેવામાં આવ્યું છે કે એટલા માટે અઝાબ ઓછો થશે કે જ્યાં સુધી લીલી રહેશે ત્યાં સુધી તસ્બીહ પઢશે.'' આ હદીષથી ઉલમાએ કબ્રની પાસે કુર્આન પઢવાને મુસ્તહબ જણાવ્યું કેમ કે કુર્આનની તિલાવત ડાળીની તસ્બીહ કરતાં અધિક એની હક્કદાર છે કે એનાથી અઝાબ કમ થાય.

અશ્અતુલ લમ્આતમાં એ જ હદીષના હેઠળ છે :–

(અર્થ) ''આ હદીષથી એક જમાઅત દલીલ પકડે છે કબરો પર લીલોતરી, ફૂલ તથા ખુશ્બુ નાખવાના માટે.''

મિકાર્તમાં એ જ હદીષની શરહમાં છે :–

وَمِنْ ثُمَّ اَفْتٰى بَعْضُ الْاَئِمَّةِ مِنْ مُتَاَخِّرِىْ اَصْحَابِنَا بِاَنَّ مَا اعْتِيْدَ مِنْ وَّضْعِ الرَّيْحَانِ وَالْجَرِيْدِ سُنَّةٌ لِهٰذَا الْحَدِيْثِ وَقَدْذَكَرَ الْبُخَارِىُّ اَنَّ يَزِيْدَابْنَ الْحَضِيْبِ الصَّحَابِىَّ اَوْصٰى اَنْ يَّجْعَلَ فِىْ قَبْرِهٖ جَرِيْدَتَانِ

જાણવા મળ્યું કે મઝારો પર લીલાં ફૂલ નાખવાં સુન્નત છે.

તહતાવી અલલમરાકિયુલ ફલાહ, પેજ–૩૬૪ માં છે :–

قَدْاَفْتٰى بَعْضُ الْاَئِمَّةِ مِنْ مُّتَاَخِّرِىْ اَصْحَابِنَا بِاَنَّ مَاعْتِيْدَ مِنْ وَّضْعِ الرَّيْحَانِ وَالْجَرِيْدَسِنَّةٌ بِهٰذَا الْحَدِيْثِ

''અમારા અમુક મુતાખ્ખેરીને (પાછલા ઉલમાએ) આ હદીષના સબબથી ફત્વો આપ્યો કે ખુશ્બુ તથા ફૂલ ચઢાવવાની જે આદત છે તે સુન્નત છે, આ લખાણોમાં જે ફર્માવવામાં આવ્યું કે અમુકે ફત્વો આપ્યો એનો મતલબ એ નથી કે અમુક આલિમો તેને નાજાઈઝ પણ કહે છે બલ્કે મતલબ એ છે કે અમુકે સુન્નત માન્યું છે, જાઈઝ તો સર્વ કહે છે કેવળ સુન્નત હોવામાં જ મતભેદ છે.

આલમગીરી કિતાબુલ કરાહિયત,ભાગ–૫,ઝિયારતે કુબૂરના પ્રકરણમાં છે : وَضْعُ الْوُرُوْدِوَالرَّيَاحِيْنِ عَلَى الْقُبُوْرِحَسَنٌ ''કબરો પર ફૂલ તથા ખુશ્બુ રાખવી સારું છે ''

શામી, ભાગ–૧ ઝિયારતે કુબૂરની ચર્ચા હેઠળ છે :–

وَيُؤْخَذُمَنْ ذٰلِكَ وَمِنَ الْحَدِيْثِ نُدْبُ وَضْعِ ذٰلِكَ لِلْاِتِّبَاعِ وَيُقَاسُ عَلَيْهِ مَااعْتِيْدَفِىْ زَمَانِنَا مِنْ وَّضْعِ اَغْصَانِ الْاٰسِ وَنَحْوِه

''એનાથી પણ અને હદીષથી પણ એ ચીજોને કબ્રો પર રાખવાનું મુસ્તહબ હોવું માલૂમ પડે છે અને એ જ કારણે કબ્રો પર ઝાડની ડાળીઓ વગેરે ચઢાવવાનું પણ કિયાસ કરવામાં આવશે જેનો આપણા જમાનામાં જ રિવાજ છે.''

શામીમાં એ જ જગાએ છે :–

وَتَعْلِيْلِهٖ بِالتَّخْفِيْفِ عَنْهُمَا مَالَمْ يَيْبَسَا اَىْ يُخَفَّفُ عَنْهُمَا بِبَرْكَةِ تَسْبِيْحِهِمَا اِذْهُوَاَكْمَلُ مِنْ تَسْبِيْحِ الْيَابِسِ لِمَا فِىْ الْاَخْضَرِ نَوْعُ حَيَاةٍ

''અઝાબમાં કમી થવાનો સબબ છે તેમનું સુકૂ ન હોવું એટલે એમની તસ્બીહની બરકતથી કબ્રમાં અઝાબમાં ઘટાડો થશે કેમ કે દરેક લીલી ડાળખીની તસ્બીહ સૂકી ડાળખીની તસ્બીહ કરતાં અધિક કામિલ છે.''કેમ કે તેનામાં એક પ્રકારની જિંદગી છે. આ હદીષ તથા મુહદ્દિષો તેમજ ફકીહોનાં લખાણો પરથી બે વાતો જાણવા મળી : એક તો એ કે દરેક લીલી ચીજને દરેક મુસલમાનની કબર પર રાખવું જાઈઝ છે. હુઝૂર ﷺ એ એ કબ્રો પર ડાળીઓ રાખી જેમના પર અઝાબ થઈ રહ્યો હતો અને બીજુ એ કે કબ્રના અઝામની કમી લીલી ડાળીની તસ્બીહની બરકતથી છે ન કે કેવળ હુઝૂર ﷺ ની દુઆથી. જો કેવળ દુઆથી જ કમી થાત તો હદીષમાં સુકાઈ જવાની શરત શા માટે લગાડી ? જેથી આજે આપણે પણ ફૂલ વગેરે રાખીએ તો પણ ઈન્શાઅલ્લાહ મૈયતને ફાયદો થશે,બલ્કે સામાન્ય મુસલમાનોની કબ્રોને કાચી રાખવામાં આ જ મસ્લેહત છે કે વરસાદમાં તેના લીલાઘાસ જામે અને તેની તસ્બીહથી મૈયતના અઝાબમાં કમી થાય. સાબિત થયું કે ફૂલ વગેરે તર ચીજ દરેક મોમિનની કબ્ર પર રાખવી જાઈઝ છે. મોલ્વી અશરફ અલી થાનવીએ **ઇસ્લાહુર્રુસૂમમાં લખ્યું કે ''ફૂલ વગરે ફાસિકો,ફાજિરોની કબ્રો પર રાખવા જોઈએ ન કે ઔલિયાની કબરો પર, તેમના મઝારો પર અઝાબ છે જ નથી જેમાં ફૂલ વગેરેથી કમી**

થાય.'' પણ યાદ રાખશો કે જે અમલો ગુનેહગારના માટે મુસીબતો દૂર કરે છે તે નેક લોકો માટે દરજાઓની બુલંદીનો ફાયદો આપે છે જુઓ મસ્જિદની તરફ ચાલવું આપણા ગુનાહોને માફ કરાવે છે પણ અલ્લાહવાળાઓના દરજામાં વધારો કરે છે. એ જ પ્રમાણે કેટલીક દુઆઓ ગુનેહગારોના ગુનાહોને મિટાવે છે તો સાલેહીનના દરજાઓ તથા મર્તબાઓને વધારે છે. તમારા એ કાયદાથી તો લાઝિમ થાય છે કે સાલેહીન લોકો ન મસ્જિદમાં આવે ન ઈસ્તિગફાર પઢે ! કેમ કે તેઓ તો ગુનાહોથી પાક છે! જનાબ ! આ ફૂલોની તસ્બીહથી તે કબરોમાં અલ્લાહની રહમત ઓર વધી જશે જેવી રીતે ત્યાં કુર્આનની તિલાવતથી થાય છે.

(૨) ઔલિયા અલ્લાહની કબરો પર ચાદરો ચઢાવવી જાઈઝ છે કેમ કે તેના કારણે આમ મુલાકાતીઓ (ઝિયારતે આવનારા ઝાઈરીન)ની નિગાહમાં કબ્રવાળાની અઝમત (બુઝુર્ગી) જાહેર થાય છે.

શામી ભાગ–૫, કિતાબુલ કરાહિયત બાબુલ લબસમાં છે :–

قَالَ فِىْ فَتَاوَى الْحُجَّةِ وَتُكْرَهُ السُّتُوْرُ عَلَى الْقُبُوْرِ وَلٰكِنْ نَحْنُ نَقُوْلُ الْاٰنَ اِذَا قُصِدَ بِهِ التَّعْظِيْمِ فِىْ عُيُوْنِ الْعَامَّةِ حَتّٰى لَايَحْتَقِرُوْا صَاحِبِ الْقَبْرِ بَلْ جَلْبُ الْخُشُوْعِ وَالْاَدَبِ لِلْغٰفِلِيْنَ وَالزَّائِرِيْنَ فَهُوَ جَائِزٌ لِاَنَّ الْاَعْمَالُ بِالنِّيَّاتِ

''ફતાવાએ હુજ્જહમાં છે કે કબરો પર ગિલાફ પર્દા મકરૂહ છે પણ અમે કહીએ છીએ કે આજકાલ જો એનાથી અવામ(પબ્લિક)ની દૃષ્ટિમાં તાઝીમનો હેતુ હોય જેથી તેઓ કબ્રવાળાને હલકો ન જાણે બલ્કે ગાફિલોને તેનાથી અદબ તથા ખુશૂઅ હાંસલ થાય તો જાઈઝ છે કેમ કે અમલનો દારોમદાર નિય્યત પર છે. શામીના આ લખાણે ફૈસલો કરી આપ્યો કે જે જાઈઝ કામ ઔલિયા અલ્લાહની અઝમત જાહેર કરવાના માટે હોય તે જાઈઝ છે અને ચાદરની અસ્લ એ છે કે હુઝૂર ﷺ ના પવિત્ર સમયમાં પણ કાબા મોઅઝ્ઝમાને ગિલાફ હતો આપે તેને મના નથી ફર્માવ્યું. સદીઓથી હુઝૂર ﷺ ના રોઝા મુબારક પર લીલો રેશમી ગિલાફ ચઢેલો છે જે અતિશય કિંમતી છે તેને આજ સુધી કોઈએ મના નથી કર્યું, મકામે ઈબ્રાહીમ એટલે કે તે પથ્થર જેના પર

ઉભા રહીને હઝરત ખલીલે કાબા મોઅઝઝમા બનાવ્યો તેના ઉપર પણ ગિલાફ ચઢેલો છે અને ઈમારત બનેલી છે અને અલ્લાહની શાન કે નજદી વહાબીઓએ પણ તેને એ જ પ્રમાણે યથાવત રાખેલ છે ! એના પર ગિલાફ શા માટે ચઢેલો છે ? તો જાણવા મળશે કે તે ચીજોની અઝમતના કારણે. તો ઔલિયા અલ્લાહની અઝમતના કારણે તેમની કબરો પર ગિલાફ ચઢાવવો પણ મુસ્તહબ છે. તફસીરે રૂહુલ બયાન, પારા–૧૦, સૂરએ તૌબા,આયત : اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ હેઠળ છે કે :–

فَبِنَاءُ الْقُبَّاتِ عَلٰى قُبُوْرِ الْعُلَمَآءِ وَالْاَوْلِيَآءِ وَالصُّلَحَآءِ وَوَضْعُ السُّتُوْرِ وَالْعَمَآئِمِ وَالثِّيَابِ عَلٰى قُبُوْرِهِمْ اَمْرٌ جَائِزٌ اِذَا كَانَ الْقَصْدُ بِذٰلِكَ التَّعْظِيْمِ فِىْ اَعْيُنِ الْعَآمَّةِ حَتّٰى لَايَحْتَقِرُوْا صَاحِبَ هٰذَا الْقَبْرِ

''ઉલમા ઔલિયા તથા સાલેહીનની કબરો પર ઈમારત બનાવવી અને તેના પર ગિલાફ તથા અમામા અને કપડાં ચઢાવવા જાઈઝ કામ છે જ્યારે કે એનાથી હેતુ હોય કે અવામની દૃષ્ટિએ તેમની ઈજ્જત થાય અને લોકો તેમને તુચ્છ ન જાણે.

(૩) આમ મુસલમાનોની કબરો પર જરૂરત પ્રમાણે અને ઔલિયા અલ્લાહની મઝારો પર અઝમત (બુઝુર્ગી) પ્રદર્શિત કરવા માટે ચિરાગ રોશન કરવો જાઈઝ છે જેમ કે હદીકતુન્નદિય્યહ શરહે તરીકએ મુહમ્મદિય્યહ, ભાગ–૨, પેજ–૪૨૯ માં છે:–

اِخْرَاجُ الشُّمُوْعِ اِلَى الْقُبُوْرِ بِدْعَةٌ وَاِتْلَافُ مَالٍ كَذَا فِى الْبَزَازِيَةِ وَهٰذَا كُلُّهٗ اِذَا خَلَا عَنْ فَائِدَةٍ وَاَمَّا اِذَا كَانَ مَوْضَعُ الْقُبُوْرِ مَسْجِدًا اَوْ عَلٰى طَرِيْقٍ اَوْ كَانَ هُنَاكَ اَحَدٌ جَالِسًا اَوْ كَانَ قَبْرَوَلِيٍّ مِنَ الْاَوْلِيَآءِ اَوْ عَالِمٍ مِنَ الْمُحَقِّقِيْنَ تَعْظِيْمًا لِرُوْحِهٖ اِعْلَامًا لِلنَّاسِ اَنَّهٗ وَلِىٌّ لِيَتَبَرَّكُوْابِهٖ وَيَدْعُوا اللّٰهَ تَعَالٰى عِنْدَهٗ فَيُسْتَجَابَ لَهُمْ فَهُوَاَمْرٌ جَائِزٌ

''કબરો પર ચિરાગ લઈ જવો બિદઅત અને માલને વેડફવું છે એ જ

પ્રમાણે બઝ્ઝાઝિયહમાં છે પણ આ તમામ હુકમ ત્યારે છે જ્યારે ફાયદો હોય. જો કોઈ કબરની જગાએ મસ્જિદ હોય અથવા કબ્રસ્તાનમાં હોય અથવા ત્યાં કોઈ બેઠું હોય અથવા કોઈ વલી કે કોઈ મોહક્કિક આલિમની કબર હોય તો તેમની રૂહની તાઝીમ કરવા અને લોકોને બતાવવાના માટે કે આ વલીની કબર છે જેથી લોકો તેનાથી બરકત હાંસલ કરી લે અને ત્યાં અલ્લાહથી દુઆ કરી લે તો ચિરાગ સળગાવવો જાઈઝ છે.

તફસીરે રૂહુલ બયાન,પારા–૧૦, સૂરએ તૌબા, આયત: હેઠળ છે :– اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ ۔

وَكَذَا اِيْقَادُ الْقَنَادِيْلِ وَالشَّمْعِ عِنْدَ قُبُوْرِالْاَوْلِيَاءِ وَالصُّلَحَاءِ لِلْاِجْلَالِ لِلْاَوْلِيَاءِ فَالْمَقْصَدُ فِيْهَا مَقْصَدٌ حَسَنٌ وَنَذْرُالزَّيْتِ وَالشَّمْعِ لِلْاَوْلِيَاءِ يُوْقَدُ عِنْدَ قُبُوْرِهِمْ تَعْظِيْمًالَّهُمْ وَمَحَبَّةً فِيْهِمْ جَائِزٌ لَايَنْبَغِى النَّهْىُ عَنْهُ

"એ જ પ્રમાણે ઔલિયા,સાલેહીનની કબરો પાસે કંદીલો(લેમ્પ) તથા મીણબત્તીઓ સળગાવવી, તેમની અઝમતના માટેના મકસદ ખાતર જાઈઝ છે અને ઔલિયાના માટે તેલ તથા મીણબત્તીની નઝર માનવી જેથી તેમની ઈજ્જતને પ્રદર્શિત કરવા માટે કબરની પાસે સળગાવવામાં આવે જાઈઝ છે એનાથી મના કરવું જોઈએ નહી." અલ્લામા નાબેલ્સી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ તેની કિતાબ કસ્ફુન્નૂર અન અસ્હાબિલ કુબૂર માં પણ તદ્દન આ જ પ્રમાણેનું લખાણ આપ્યું છે. બુદ્ધિનો પણ તકાદો છે કે આ કામો જાઈઝ હોય જેમ કે અમે ગુંબદની ચર્ચામાં રજૂ કરી ચૂક્યા છીએ કે આ ઔલિયા અલ્લાહના મઝારોની રોનકથી ઈસ્લામની રોનક છે. આલિમે તથા વાઈઝે જોઈએ કે ઉમદા પોશાક પહેરે, ઈદના દિવસે સુન્નત છે કે દરેક મુસલમાન ઉમદા પોશાક પહેરે અને ખુશ્બુ વગેરે લગાડે, શા માટે ? એટલા માટે કે એનાથી લોકો મુલાકાત કરવાનું પસંદ કરશે જાણવા મળ્યું કે જેનો સંબંધ આમ મુસલમાનો સાથે હોય તેણે સારી રીતે રહેવું જોઈએ અને ઔલિયાના મઝારો તો લોકોના માટે ઝિયારતગાહ છે તો તેને પણ વ્યસ્થિત કરવું જરૂરી છે. હું નજદી

વહાબીઓની હુકૂમતમાં હજ માટે ગયો ત્યાં જઈને જોયું કે કાબા મોઅઝ્ઝમાની આસપાસ વર્તુળની જેમ ઘણા વીજળીક લેમ્પો સળગતા હતા અને હતીમ શરીફની દીવાલ પર પણ રોશની હતી. કાબાના ખાસ દરવાજા પર મર્કયૂરી લેમ્પ ચાર ચાર સળગાવવામાં આવતી હતી જ્યારે મદીના મુનવ્વરા હાજરી નસીબ થઇ તો ત્યાં રોઝએ રસૂલ ﷺ પર કાબા મોઅઝ્ઝમાથી કેટલાય અંશે વધીને રોશની જોવા મળી. અહીના લેમ્પો ત્યાંના કરતાં તેજ તથા અધિક હતા, ખૂબ જ રોનક હતી. એક ભાઈએ કહ્યું કે કા'બા બયતુલ્લાહ છે અને હુઝૂર ﷺ નૂરલ્લાહ છે અને જાહેર છે કે ઘરમાં રોશની પ્રકાશથી જ થાય છે. જાણવા મળ્યું કે નબવી જમાનામાં આનાથી કેટલાય અંશે અધિક રોશની થતી હતી. આ તમામ વ્યવસ્થા શા માટે છે ? લોકોની નજરોમાં અઝમત પેદા કરવા માટે ! તો ઔલિયાના મકબરાઓ પર પણ તો ત્યાંની જ તજલ્લી છે તો પછી જો અહીં રોશનીની વ્યવસ્થા કરવામાં આવે તો શું બુરાઇ છે ? આજે આપણે આપણા ઘરમાં શાદી વિવાહના પ્રસંગે લાઈટિંગ કરીએ છીએ અથવા ગેસ લેમ્પ સળગાવીએ છીએ જેમાં ઘણો ખર્ચ થાય છે, હજી થોડાક વરસો થયાં મુરાદાબાદમાં દેવબંદીઓએ જમીઅતુલ ઉલમાનો જલસો કર્યો જેમાં વીજળીની રોશની આંખોને આંજી દેતી હતી,મારા ખયાલમાં ત્રણ રાતોમાં કમસે કમ (ત્યારના) દોઢસો રૂપિયા કેવળ રોશની પાછળ ખર્ચ કર્યા હશે ! એ કેવળ મજમાને ખુશ કરવા માટે જ હતું ! એ જ પ્રમાણે દીની જલસાઓમાં ઝંડીઓ લગાડવામાં આવે છે, વાઈઝોના ગળામાં ફૂલોના હારો પહેરાવવામાં આવે છે એ ન ઈસ્રાફ છે ન હરામ ! તો આ ઉર્સની મજલિસો એ દીની જલસા છે જેથી એમાં પણ આ કામો જાઈઝ છે.

(બીજો વિભાગ)

★ ફૂલ, ચાદર ચઢાવવા, લાઇટિંગ કરવા પર વાંધાઓ અને જવાબો ★

આ ત્રણેય મસાઈલ પર વિરોધીઓના નીચે મુજબના વાંધાઓ છે જેને તેમણે વિવિધ રીતે વર્ણન કર્યા છે.

વાંધો (૧) : હુઝૂર ﷺ એ ફર્માવ્યુ :–

اِنَّ اللّٰهَ لَمْ يَأْمُرْنَا اَنْ نَكْسُوا بِحِجَارَةٍ وَالطِّيْنَ "રબ તઆલાએ અમને હુકમ નથી આપ્યો કે પથ્થરો અને માટીને કપડાં પહેરાવો." *(મિશ્કાત, બાબુત્તસાબીર)* એનાથી જાણવા મળ્યું કે કબ્રો પર ચાદર કે ગિલાફ નાખવો હરામ છે કેમ કે ત્યાં પણ પથ્થર માટી જ છે.

જવાબ : એનાથી મકાનોની દીવાલો પર વિના જરૂરતે તકલીફ કરીને પડદા નાખવા મુરાદ છે અને એ પણ તકવા તથા ઝોહદનું બયાન છે. એટલે કે મકાનોની સજાવટ ઝોહદની વિરૂદ્ધ છે. એ જ હદીષમાં છે કે આઈશા સિદ્દીકાએ દીવાલ પર ગિલાફ નાખ્યો હતો તેને ફાડીને આ પ્રમાણે ફર્માવ્યું. અવલિયાની કબરોની ચાદરને એની સાથે કોઈ સંબંધ નથી. કા'બા મોઅઝ્ઝમા પર કિંમતી કાળો ગિલાફ છે અને હુઝૂર ﷺ ના રોઝા પર લીલો અને કાબાનો ગિલાફ નબવી યુગમાં પણ હતો, તો બતાવો ! તે જાઈઝ છે ? માટે કબરોની ચાદરો પણ જાઈઝ છે.

વાંધો (૨) : કબરો પર ફૂલ, ચાદર ચઢાવવી, ત્યાં રોશની કરવી એ ફુઝૂલખર્ચી (ઈસ્રાફ) છે જેથી મના છે. ઔલિયાની કબરો પર ઘણાં ફૂલો તથા ચિરાગ હોય છે, જરૂરત પૂરી કરવા માટે તો એક ફૂલ કે એક ચિરાગ પણ બસ છે !

જવાબ : ઈસ્રાફનો અર્થ છે ફાયદા વિના માલ ખર્ચ કરવો. એ ફૂલો એ ચાદરો અને એ ચિરાગોમાં તે ફાયદા છે જે અમે પ્રથમ વિભાગમાં વર્ણન કરી ચૂક્યા છીએ જેથી એ ઈસ્રાફ (ફુઝૂલખર્ચી) નથી. રહ્યું કામ ચાલી જવાનું બહાનું ! તો એના વિશે જણાવવાનું કે આપણે કુર્તો, તેના પર વોસ્કેટ, તેના પર

અચકન પહેરીએ છીએ, વળી તે પણ કિંમતી કપડાની ! જ્યારે કે કામ તો કેવળ એકમાં જ ચાલી શકે છે. અને સામાન્ય કપડુ પણ પૂરતુ હોય છે તો મોંઘુ કપડુ લેવું, બતાવો ! એ ફુઝૂલખર્ચી છે કે નહીં ? એ જ પ્રમાણે ઈમારતો અને સ્વાદિષ્ટ ખોરાક, સવારીઓ અને અન્ય દુનિયવી સુખ સગવડની સાધન સામગ્રી કે એમાં ખૂબ અધિકતા કરવામાં આવે છે, કેમ કે એનાથી ઓછામાં પણ અને અદના ચીજોથી પણ કામ ચાલી શકતું હતું પરંતુ એ ઈસ્રાફ (ફુઝૂલખર્ચી) નથી કેમ કે જેને શરીઅતે હલાલ કર્યું તે તદ્દન (મુત્લકન્) જ હલાલ છે. قُلْ مَنْ حَرَّمَ زِيْنَةَ اللّٰهِ الَّتِىْ اَخْرَجَ لِعِبَادِهٖ

વાંધો (૩) : મિશ્કાત બાબુલ મસાજિદમાં :–

لَعَنَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ زَائِرَاتِ الْقُبُوْرِ وَالْمُتَّخِذِيْنَ عَلَيْهَا الْمَسٰجِدَ وَالسُّرُجَ

"હુઝૂર ﷺ એ લઅનત ફર્માવી કબ્રોની ઝિયારત કરવાવાળાઓ પર અને કબ્રો પર મસ્જિદ બનાવનારાઓ પર અને ચિરાગ સળગાવવાળાઓ પર." એનાથી જાણવા મળ્યું કે કબ્રો પર દીવો સળગાવવો લઅનતનો સબબ છે.

ફતાવા આલમગીરીમાં છે : اِخْرَاجُ الشُّمُوْعِ اِلَى الْمَقَابِرِ بِدْعَةٌ لَااَصْلَ لَهٗ એ જ પ્રમાણે ફતાવા બઝ્ઝાઝિયહ્માં પણ છે : "કબ્રસ્તાનમાં ચિરાગ લઈ જવો બિદઅત છે, એની કોઈ અસ્લ (દલીલ) નથી."

શામી, ભાગ–૨, કિતાબુસ્સૌમમાં છે :–

اَمَّا لَوْنَذَرَزَيْتًا لِاِيْقَادِ قِنْدِيْلٍ فَوْقَ ضَرِيْحِ الشَّيْخِ اَوْفِى الْمَنَارَةِ كَمَا تَفْعَلُ النِّسَآءُ مِنْ نَذْرِ الزَّيْتِ لِسَيِّدِىْ عَبْدِالْقَادِرِ وَيُوْقَدُ فِى الْمَنَارَةِ جِهَةُ الشِّرْقِ فَهُوَ بَاطِلٌ

"પરંતુ જો શૈખની કબ્ર પર અથવા મીનારામાં ચિરાગ જલાવવાના માટે તેલની નઝર માની જેમ કે ઔરતો હુઝૂર ગૌષપાકના માટે તેલની નઝર માટે છે અને તેને પૂર્વી મીનારામાં સળગાવે છે, એ સર્વ બાતિલ છે."

કાઝી ષનાઉલ્લાહ પાનીપતીએ ઈર્શાદુત્તાલિબીનમાં લખ્યું કે : "ચિરાંગાં કરવું

બિદઅત છે, હુઝૂર ﷺ એ કબ્રની પાસે દીવા સળગાવવાવાળા અને સિજદો કરવાવાળાઓ પર લઅનત કરી.''

શાહ અબ્દુલ અઝીઝ સાહબના ફત્વામાં પેજ–૧૪ પર છે : ''પરંતુ ઉર્સોમાં હરામ કામ કરવાં જેમ કે દીવા સળગાવવા, તે કબ્રોને ગિલાફ ઓઢાડવા એ સૌ બિદઅતે સૈયિઅહ્ (બુરી બિદઅત) છે.''

આ લખાણોથી સાફ જાણવા મળ્યું કે મઝારો પર લાઈટો સળગાવવી તદ્દન હરામ છે. રહ્યું એ કે હરમૈન શરીફૈન (મક્કા–મદીના)માં લાઈટિંગ થાય છે તો એ ફેઅલ કોઈ દલીલ નથી, કેમ કે એ ખયરુલ કુરૂન પછી નીકળ્યું, જેનો એતબાર નથી, એ તો તુર્કી સલ્તનતે કાઢયું છે.

જવાબ : આ વાંધો હકીકતમાં છ વાંધાઓનો સમૂહ છે, તેના આધારે વિરોધીઓ ખૂબ જ શોર મચાવે છે. જવાબો જુઓ ! અમે આ ચર્ચાના પ્રથમ વિભાગમાં અરજ કરી ચૂક્યા છીએ કે કોઈ કબ્ર પર ફાયદા વિના ચિરાગ જલાવવો મના છે કે એ ફુઝૂલખર્ચી છે, અને જો કોઈ ફાયદા માટે હોય તો જાઈઝ છે. ફાયદા કુલ ચાર છે. ત્રણ તો સામાન્ય મુસ્લિમોની કબ્ર માટે અને ચોથો ઉલમા, વલી તથા મશાઈખની રૂહની તાઝીમના માટે તેમની કબ્ર માટે. આ હદીષમાં જે કબ્ર પર ચિરાગ સળગાવવાની મના છે તે એના માટેની છે જે બેફાયદા હોય. જેમ કે હાશિયા મિશ્કાતમાં એ જ હદીષના હેઠળ છે : وَالنَّهْيُ عَنِ اتِّخَاذِ السُّرُجِ لِمَافِيْهِ مِنْ تَضْيِيْعِ الْمَالِ ''કબ્રો પર ચિરાગ સળગાવવાથી એટલા માટે મનાઈ છે કે એમાં માલને બર્બાદ કરવું છે.'' એ જ પ્રમાણે મિર્કાત શરહે મિશ્કાત વગેરેએ સ્પષ્ટતા (તસ્રીહ) કરી. હદીકએ નદિય્યહ્ શરહે તરીકએ મહુમ્મદિયહ્, ભાગ–૨, પેજ–૪૨૯ મિસ્રીમાં એ હદીષનો ઉલ્લેખ કરતાં ફર્માવે છે:–

اَىْ اَلَّذِيْنَ يُوْقِدُوْنَ السُّرُجَ عَلَى الْقُبُوْرِ عَبَثًا مِّنْ غَيْرِ فَائِدَةٍ ''તે લોકો પર લઅનત ફર્માવી કે જેઓ કબરો પર નિરર્થક દીવા સળગાવે છે.''

મિશ્કાત બાબુ દફનમાં છે :–

اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ دَخَلَ لَيْلاً فَاُسْرِجَ لَهٗ بِسِرَاجٍ

''હુઝૂર ﷺ એક રાત્રે મૈયતને દફન કરવાના માટે કબ્રમાં તશરીફ લઈ ગયા તો આપના માટે દીવો સળગાવવામાં આવ્યો.''

બીજુ એ કે આ હદીષમાં છે : وَالْمُتَّخِذِيْنَ عَلَيْهَا الْمَسٰجِدَ وَالسُّرُجَ હુઝૂર ﷺ એ તેમના પર લઅનત ફર્માવી કે જેઓ કબ્રો પર મસ્જિદો બનાવે અને દીવો સળગાવે.'' મુલ્લા અલી કારી અને શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી તથા અન્ય શારેહો (હદીષની શરહ કરનારાઓ) આ હદીષની શરહમાં ફર્માવે છે કે ખૂદ કબ્ર પર મસ્જિદ બનાવવી કે કબ્રની તરફ સિજદો થાય અથવા કબ્ર મસ્જિદની ફર્શમાં આવી જાય એ મના છે, પરંતુ જો કબ્રની પાસે મસ્જિદ હોય બરકતના માટે તો જાઈઝ છે. એટલે કે આ જગ્યા તેમણે **અલા**ને પોતાના હકીકી અર્થ પર રાખ્યું જેનાથી એ લાઝિમ થયું કે ખૂદ કબ્રના તાવીઝ પર દીવો સળગાવવો મના છે પરંતુ જો કબ્રની આસપાસ હોય તો તે કબ્ર ઉપર નથી જેથી જાઈઝ છે, જેમ કે અમે ગુંબદની ચર્ચામાં લખી ચૂક્યા છીએ. તેમજ હદીકએ નદિય્યહ્માં અલ્લામા નાબેલ્સી એ જ હદીષની શરહમાં લખે છે :–

اَلْمُتَّخِذِيْنَ عَلَيْهَا اَىْ عَلَى الْقُبُوْرِ يَعْنِىْ فَوْقَهَا. એટલે કે **ખાસ કબરોની ઉપર.** અને કારણ એનું એ છે કે દીવો આગ છે અને આગને કબ્ર ઉપર રાખવું બુરૂ છે. એટલા માટે ખાસ કબ્રની અંદર લાકડીના તખ્તા લગાડવાને ફકીહો મના કરે છે કે એમાં આગની અસર છે. પરંતુ જો લાકડી કબ્રની પાસે પડી હોય તો તે મના નથી. તો ચિરાગની મનાઈ આગ હોવાના કારણે છે, નહીં કે કબ્રની તાઝીમના કારણે મના છે. તેમ જ અહીં એક જ **અલા** છે અને ઉલ્લેખ છે મસ્જિદનો તથા ચિરાગનો. મસ્જિદના માટે તો તમે **અલા**નો હીકીકી અર્થ મુરાદ લો એટલે કે ખાસ કબરના ઉપર અને ચિરાગના માટે મજાઝી કે, કબ્રની પાસે તો હકીકત અને મજાઝનું સંગમ લાઝિમ થશે અને એ મના છે, જેથી બંને જગાએ **અલા**નો હકીકી અર્થ જ મુરાદ છે.

મિર્કાતમાં મુલ્લા અલી કારી આ હદીષના હેઠળ જણાવે છે: قَيْدُ عَلَيْهَايُفِيْدُ اَنَّ اِتِّخَاذَ الْمَسْجِدِ بِجَنْبِهَا لَابَأْسَ بِهٖ ''ઉપર''ની કૈદ (શરત) લગાડી, જેનાથી માલૂમ થયું કે કબ્રની લગોલગ મસ્જિદ બનાવવામાં વાંધો નથી. શબ્દ **અલા**થી સાબિત કર્યું કે લગોલગ મસ્જિદ બનાવવી જાઈઝ છે. એ

જ પ્રમાણે શબ્દ **અલા**થી એ પણ નીકળ્યું કે કબ્રની લગોલગ દીવો સળગાવવો જાઈઝ છે. ત્રીજુ એ કે ગુંબદની ચર્ચામાં શામી અને અન્ય કિતાબોના હવાલાથી લખી ચૂક્યા છીએ કે ઘણી વાતો સહાબાના જમાનામાં મના હતી પણ હવે મુસ્તહબ છે. રૂહુલ બયાન, પારા–૧૦, સૂરએ તૌબા, આયત اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَاللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ હેઠળ છે :–

وَفِى الْاَحْيَآءِ اَكْثَرُ مَعْرُوْفَاتِ هٰذِهِ الْاَعْصَارِمُنْكَرَاتٌ فِىْ عَصْرِ الصَّحَابَةِ

એટલે કે અહયાઉલઉલૂમમાં ઈમામ ગિઝાલીએ ફર્માવ્યું કે, ''આ જમાનાનાં ઘણા મુસ્તહબો તે જમાનામાં નાજાઈઝ હતાં.'' મિશ્કાત કિતાબુલ અમારતમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ હુકમ આપ્યો હતો કે ''કોઈ મુસલમાન હાકિમ ખચ્ચર પર સવાર ન થાય અને ચપાટી રોટી ન ખાય, અને બારીક કપડાં ન પહેરે અને પોતાના દરવાજાને હાજતમંદો માટે બંધ ન કરે.''

અને ફર્માવતા : فَاِنْ فَعَلْتُمْ شَيْئًا مِّنْ ذٰلِكَ فَقَدْ حَلَّتْ بِكُمُ الْعُقُوْبَةُ ''જો તમે એમાંથી કાંઈપણ કર્યું તો તમને સજા આપવામાં આવશે.''

એ જ મિશ્કાત બાબુલ મસાજિદમાં છે કે : اَىْ بِاَعْلَاءِ بِنَائِهَا وَتَزْيِيْنِهَا એટલે, ''મસ્જિદો ઊંચી બનાવવા અને તેને શણગારવાનો હુકમ નથી.''

એ જ મિશ્કાતમાં છે : وَلَاتَمْنَعُوْا اِمَاءَ اللّٰهِ مَسٰجِدَ اللّٰه ''સ્ત્રીઓને મસ્જિદોથી ન રોકો'' કુર્આનમાં ઝકાતના મસ્રફ (જ્યાં ઝકાત ખર્ચી શકાય) આઠ ચાર છે, એટલે મુઅલ્લિફુલ કુલૂબ પણ ઝકાતના મસ્રફ છે, પરંતુ ફારૂકી યુગમાં કેવળ મસ્રફ સાત રહી ગયા, મુઅલ્લિફુલકુલૂબને અલગ કરી દેવામાં આવ્યું. (જુઓ હિદાયહ વગેરે) કહો ! હજી પણ તેના પર અમલ છે ! હવે જો હાકિમો મામૂલી હાલતમાં રહે તો તેમનો પ્રજા પર પ્રભાવ પડતો નથી. જો કાફિરોનાં મકાનો અને તેમનાં મંદિરો તો ઊંચાં હોય પણ અલ્લાહનું ઘર મસ્જિદ નીચી અને કાચી તથા સામાન્ય હોય તો એમાં ઈસ્લામની તૌહીન છે. જો સ્ત્રીઓ મસ્જિદમાં જાય તો સેંકડો ખતરાઓ છે, કોઈ કાફિરને ઝકાત આપવી જાઈઝ નથી, આ હુકમો શાથી બદલાયા ? એટલા માટે કે તેની ઈલ્લતો (સબબો) બદલાઈ ગઈ. તે વખતે જાહેરી શણગાર વિના મુસલમાનોનાં દિલોમાં ઔલિયા અલ્લાહની તથા મકબરાઓની ઈજ્જત તથા હુર્મત હતી, કેમકે જિંદગી તથા

મૌત દરેક કામમાં સાદગી હતી. હવે દુનિયાની આંખો જાહેરી ટીપટોપ જુએ છે, જેથી એને જાઈઝ ઠરાવવામાં આવ્યું. જેથી પહેલાં હુકમ હતો કે મઝારો પર રોશની ન કરો પણ હવે જાઈઝ ઠર્યું.

તફસીરે રૂહુલ બયાન આયત : اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ ۔ છે કે હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم એ બૈતુલ મુકદ્દસના મીનારા પર એવી રોશની કરી હતી કે બાર ચોરસ માઈલમાં સ્ત્રીઓ તેના પ્રકાશમાં ચરખો કાંતતી હતી ! અને ઘણા જ સોના ચાંદી વડે તેને સજાવી હતી. આલમગીરીનું લખાણ ખોટું નકલ કર્યું છે, અસલ લખાણ આ છે :–

اِخْرَاجُ الشُّمُوْعِ اِلٰى رَاْسِ الْقُبُوْرِ فِى اللَّيَالِى الْاُوَلِ بِدْعَةٌ

"શરૂની રાતોમાં કબ્રસ્તાનમાં દીવો લઈ જવો બિદઅત છે. "એમાં બે શબ્દો વિચારવા પાત્ર છે : એક તો **ઈખ્રાજ** અને બીજો **ફીલ્લિયાલિલ ઉવલ.** એનાથી સાફ જણાઈ રહ્યું છે કે તે જમાનામાં લોકો પોતાનાં નવાં મુંડદાઓની કબરો પર દીવા લઈ જઈને સળગાવી આવતા હતા, એવું સમજીને કે એવું કરવાથી મુડદુ કબ્રમાં ગભરાઈ નહીં. જેમ કે આજકાલ અમુક ઔરતો ચાલીસ દિવસો સુધી મુડદાને ગુસ્લની જગાએ દીવો સળગાવે છે અને એમ સમજે છે કે રોજ મુડદાની રૂહ આવે છે અને અંધારું જોઈને જતી રહે છે, જેથી રોશની કરી આપ ! તો એ હરામ છે, કેમ કે તેલનો વિના જરૂરતે વપરાશ છે અને બદઅકીદાપણુ પણ છે તો એને એ મના ફર્માવી રહ્યા છે. ઉર્સના ચિરાગો ન તો એ નિય્યતથી હોય છે અને ન શરૂની રાતોમાં હોય છે. જો મતબલ ન હોય તો પ્રારંભિક રાતોની શરત શાથી છે ? શામીનું આ લખાણ તો તદ્દન સ્પષ્ટ છે ! તે પણ ઉર્સના ચિરાગોને મના નથી કરી રહ્યા. તે ફર્માવી રહ્યા છે કે ચિરાગ સળગાવવાની નઝર માનવી જેમાં ઔલિયા અલ્લાહથી નઝદીકી પ્રાપ્ત કરવાનો હેતુ હોય તો તે હરામ છે, કેમ કે શામીનું આ લખાણ દુર્રે મુખ્તારના આ લખાણ હેઠળ છે :–

وَاعْلَمْ اَنَّ النَّذْرَ الَّذِىْ يَقَعُ لِلْاَمْوَاتِ مِنْ اَكْثَرِ الْعَوَامِ وَمَا يُؤْخَذُ مِنَ الدَّرَاهِمِ وَالشَّمْعِ وَالزَّيْتِ وَنَحْوِهَا اِلٰى ضَرَائِحِ الْاَوْلِيَاءِ تَقَرُّبًا اِلَيْهِمْ بِلِاجْمَاعِ بَاطِلٌ

''જાણવું જાણવું જોઈએ કે અવામ જે મુડદાંની નઝર માને છે અને તેમનાથી જે પૈસા અથવા મીણ અથવા તેલ વગેરે કબરો પર સળગાવવા માટે લેવામાં આવે છે ઔલિયાથી કુર્બ (નઝદીકી) હાંસલ કરવા માટે. એ ઈજમાઅથી બાતિલ છે.'' અને ખૂદ શામીના લખાણમાં છે : لَوْنَذَرَ ''જો એની મન્નત માની.'' વળી એ જ શામી ના લખાણમાં છે : فَوْقَ ضَرِيْحِ الشَّيْخِ - ''શયખની કબ્રની ઉપર ચિરાગ જલાવવો.'' **ઝરીહ** કહે છે કેવળ કબ્રના તાવીઝને. મુન્તખબુલ્લુગાતમાં છે : **ઝરીહ** એટલે ચિરાગ જલાવવો. અને અમે પણ જણાવી ચૂક્યા છીએ કે, ''ખૂદ કબરના તાવીઝની ઉપર દીવો સળગાવવો મના છે.'' એ જ પ્રમાણે કબર ન હોય અને આમ જ કોઈ બુઝુર્ગના નામનો ચિરાગ કોઈ જગાએ મૂકીને સળગાવે જેમ કે **અમુક જાહિલો અમુક ઝાડો અથવા અમુક તાખલામાં કોઈના નામના ચિરાગ જલાવે છે એ પણ ''હરામ'' છે.** એના વિશે ફર્માવી રહ્યા છે કે હુઝૂર ગૌષપાકનાં નામના ચિરાગ લઈ પૂર્વી મીનારામાં સળગાવવા બાતિલ છે. હુઝૂરે ગૌષપાકની કબ્ર શરીફ તો બગદાદમાં છે અને તેમના ચિરાગ સળગે શામના મીનારામાં ! એ પણ મના છે. સારાંશ એ કે શામીએ ત્રણ ચીજાને મના કરી :–

(૧) ચિરાગ સળગાવવાની મન્નત માનવી તે પણ વલી અલ્લાહની કબર પર બરકત હાંસલ કરવા માટે, **(૨)** ખાસ કબ્રની ઉપર દીવો પ્રગટાવવો **(૩)** કબ્રના વિના કોઈકના નામનો ચિરાગ પ્રગટાવવો. તો ઉર્સના ચિરાગોમાં આ ત્રણેય વાતો નથી.

મસ્અલા : અમુક જાહિલો કોઈ ઝાડ કે કોઈ જગાની એવું સમજીને ઝિયારત કરે છે અને ત્યાં ચિરાગો કરે છે કે ત્યાં ફલાણા બુઝુર્ગનું ચિલ્લુ છે, એટલે કે ત્યાં તે આવ્યા કરે છે એ તદ્દન બાતિલ છે. હા ! કોઈ સમયે કોઈ બુઝુર્ગ કોઈ જગાએ બેઠા હોય અથવા ત્યાં તેમણે ઈબાદત કરી હોય તો ત્યાં એમ સમજીને ઈબાદત કરવી કે એ જગા મોતબર્રક છે તો એ જાઈઝ છે. બુખારી, ભાગ–૧, કિતાબુસ્સલાતિ બહષિલ મસાજિદમાં એક પ્રકરણ પાડયું છે : 'બાબુલ્ મસાજિદિલ્લતી અલા તરીકિલ મદીના' એમાં વર્ણન કર્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ રસ્તામાં દરેક તે જગાએ નમાઝ અદા કરતા હતા જયાં

હુઝૂર ﷺ એ નમાઝ પઢી હતી.

فَلَمْ يَكُنْ عَبْدُاللّٰهِ ابْنِ عُمَرَ يُصَلِّى فِىْ ذٰلِكَ الْمَسْجِدِ كَانَ يَتْرُكُهٗ عَنْ يَّسَارِهٖ

આ શું હતું ? કેવળ બરકત હાંસલ કરવું. આજે પણ કેટલાક હાજીઓ ગારે હિરામાં જ્યાં હુઝૂર ﷺ એ છ મહીના ઈબાદત કરી હતી, નમાઝો પઢે છે. જેથી ખ્વાજા અજમેરી વગેરે رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ની ઈબાદતગાહોમાં નમાઝો અદા કરવી તેને મોતબર્રક સમજવું સહાબાની સુન્નતથી સાબિત છે.

મસ્અલા : ઔલિયા અલ્લાહના નામની જે નઝર (મન્નત) માનવામાં આવે છે એ શરઈ નઝર નથી, શાબ્દિક નઝર છે જેનો અર્થ છે (સવાબનું) નઝરાણું. જેમ કે હું મારા ઉસ્તાદને કહું કે, "આપની નઝર છે" એ બિલકુલ જાઈઝ છે અને ફકીહો એને હરામ કહે છે જે ઔલિયાના નામની શરઈ નઝર માનવામાં આવે. એટલા માટે ફર્માવે છે **તકર્રુબન્ ઈલૈહિમ** "નઝર શરઈ ઈબાદત છે," તે ગૈરુલ્લાહના માટે માનવી યકીનન કુફ્ર છે. કોઈ કહે છે કે, "યા હુઝૂર ગૌષે પાક !' તમે દુઆ કરો ! જો મારો બીમાર સારો થઈ ગયો તો હું તમારા નામની દેગ પકાવીશ." તો તેનો મતલબ હરગિઝ એ નથી થતો કે તમે મારા ખુદા છો ! આ બીમારના સારા થવાથી આપની આ ઈબાદત કરીશ ! બલ્કે મતલબ એ થાય છે કે હું પુલાવનો સદકો કરીશ અલ્લાહના માટે, તેના પર જે સવાબ મળશે તે તમને બખ્શી દઈશ. જેમ કે કોઈ શખ્સ કોઈ ડોકટરને કહે કે જો મારો બીમાર સારો થઈ ગયો તો પચાસ રૂપિયા તમને ભેટ (નઝર) આપીશ. તો એમાં શું ગુનોહ છે ?! એને શામીએ કિતાબુસ્સૌમ બહષ નઝરે અમ્વાતમાં આ પ્રમાણે વર્ણવ્યું છે :–

بِاَنْ تَكُوْنَ صِيْغَةَ النَّذْرِ لِلّٰهِ تَعَالٰى لِلتَّقَرُّبِ اِلَيْهِ وَيَكُوْنَ ذِكْرُ الشَّيْخِ مُرَادًا بِهٖ فُقَرَآئِهٖ

નઝર મૂળ અલ્લાહની ઈબાદતના માટે હોય અને શયખની કબ્ર પર રહેવાવાળાં ગરીબો એના મસ્રફ (એને ઉપયોગમાં લેનારા) હોય એ તદ્દન જાઈઝ છે. તો એમ સમજો કે, **"આ સદકો અલ્લાહના માટે છે અને તેનો સવાબ હદિયારૂપે શૈખના માટે છે."** એ સદકાના મસ્રફ (ઉપયોગમાં લેનારા) મઝારે પાકના ખાદિમો ગરીબો છે જેમ કે હઝરત મરયમની માંએ નઝર માની હતી કે પોતાના પેટનું બાળક હે ખુદા ! તારા માટે નઝર કરું છું કે

જે બૈતુલ મુકદ્દસની ખિદમતના માટે વકફ થશે. નઝર અલ્લાહની અને મસ્રફ બૈતુલ મુકદ્દસ. اِنِّیْ نَذَرْتُ لَکَ مَافِیْ بَطْنِیْ مُحَرَّرًا۔ જુઓ ગૈરુલ્લાહની કસમ ખાવું શરીઅતની રૂએ મના છે, અને ખૂદ કુર્આને કરીમ અને નબી ﷺ એ ગૈરુલ્લાહની કસમો ખાધી وَالتِّیْنِ وَالزَّیْتُوْنِ وَطُوْرِسِنِیْنَ વગેરે અને હુઝૂર ﷺ એ اَفْلَحَ وَاَبِیْہِ "તેના બાપની કસમ ! તે કામયાબ થઈ ગયો." મતલબ એ જ છે કે શરઈ કસમ જેના પર કસમ તથા કફ્ફારાના હુકમો લાગુ પડે તે ખુદાના સિવાય કોઈની ન ખાવામાં આવે. પણ શાબ્દિક કસમ જે કેવળ બોલીની તાકીદના માટે હોય તે જાઈઝ છે. એ જ સ્થિતિ નઝરની પણ છે. એક શખ્સે નઝર માની હતી કે હું બૈતુલ મુકદ્દસમાં ચિરાગના માટે તેલ મોકલીશ. હુઝૂર عليه الصلوٰة والتسليم એ ફર્માવ્યું, કે એ નઝરને પૂરી કરો. મિશ્કાત બાબુન્નઝરમાં છે કે કોઈકે નઝર માની હતી કે હું બવાના સ્થળે ઊંટ ઝબહ કરીશ. તો ફર્માવવામાં આવ્યું કે જો ત્યાં કોઈ મૂર્તિ વગેરે ન હતું તો નઝર પૂરી કરો. કોઈએ નઝર માની હતી કે બૈતુલ મુકદ્દસમાં નમાઝ પઢીશ, તો ફર્માવ્યું કે મસ્જિદે હરામમાં નમાઝ પઢી લો. આ હદીષોથી જાણવા મળ્યું કે સદકા તથા ખૈરાતની નઝરમાં કોઈ જગા અથવા કોઈ ખાસ ફકીરોની જમાઅતની શરત લગાડી દેવી જાઈઝ છે. એ જ પ્રમાણે આ પણ છે. ફતાવા રશીદિયહ, ભાગ–૧, કિતાબુલ ખતર વલ અબાહત, પેજ–૫૪માં છે : **અને જે ઔલિયા અલ્લાહની નઝર છે તો તેનો જો એ અર્થ છે કે તેનો સવાબ તેમની રૂહને પહોંચે તો સદકો છે, દુરુસ્ત** K[અને જો નઝર તેમના નામ પર છે તો હરામ છે. *–રશીદ અહમદ*

મિશ્કાત બાબે મનાકિબે ઉમરમાં છે કે કેટલીક સ્ત્રીઓએ નઝર માની હતી કે જો હુઝૂર જંગે ઓહદથી ખૈરિયત સાથે પાછા આવશે તો આપની સમક્ષ દફ વગાડશે. આ નઝર પણ ઉર્ફી હતી ન કે શરઈ, એટલે કે હુઝૂરની ખિદમતમાં સવાબનું નઝરાણું. સારાંશ કે "નઝર" શબ્દના બે અર્થો છે. એક શાબ્દિક બીજો શરઈ. શાબ્દિક અર્થથી બુઝુર્ગાને દીનન માટે નઝર માનવી જાઈઝ છે. એટલે સવાબનું નઝરાણું પેશ કરવું. જેમ કે તવાફના બે અર્થો છે, શાબ્દિક અર્થ આસપાસ ઘુમવું થશે અને શરઈ અર્થ રબ તઆલા ફર્માવે છે : وَلْیَطَّوَّفُوْا بِالْبَیْتِ الْعَتِیْقِ "પૂરાના ઘરનો તવાફ કરે." અહીં તવાફ શરઈ અર્થમાં

છે, અને ફર્માવે છે : يَطُوْفُوْنَ بَيْنَهَاوَبَيْنَ حَمِيْمٍ اٰنٍ અહીં તવાફ શાબ્દિક અર્થમાં છે, આવવું જવું, ઘુમવું.

(૪) હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબ તથા કાઝી ષનાઉલ્લાહ સાહબ પાનીપતી رحمۃ اللہ علیہما બેશક ! બુઝુર્ગ હસ્તીઓ છે, પરંતુ એ હઝરાત મુજતહિદ નથી કે જેથી તહરીમી કરાહત તથા હુર્મત કેવળ તેમના કથનથી સાબિત થાય. એટલા માટે મુસ્તકિલ શરઈ દલીલની જરૂરત છે. એક આલિમના કથનથી મુસ્તહબ હોવું અથવા જાઈઝ હોવું સાબિત થઈ શકે છે. મુસ્તહબ એને પણ કહે છે જેને ઉલમા મુસ્તહબ જાણે, પણ કરાહત તથા હુર્મતમાં ખાસ દલીલની જરૂરત છે. તેમજ શાહ અબ્દુલ અઝીઝ સાહબ તથા કાઝી સાહબ તો ચિરાગાં અને મઝારોની ચાદરોને હરામ કહે છે પણ શામી ચારેવને અને તફસીરવેત્તા રૂહુલબયાન તથા હદીકએ નદિય્યહના લેખક આ ચિરાગાંને (દીવા સળગાવવાને) જાઈઝ બલ્કે મુસ્તહબ કહે છે. યકીનન ! એમનું કથન અધિક કબૂલને પાત્ર છે. તેમ જ શાહ અબ્દુલ અઝીઝ તથા કાઝી સાહબો علیہما الرحمۃ والرضوان ના કથનોથી લાઝિમ બને છે કે હરમૈન શરીફૈન ખાસ કરીને રોઝાએ મુતહ્હરા સરવરે કૌનૈન ﷺ બિદઅતો તથા હરામ કામોનું મર્કઝ છે ! કેમ કે ત્યાં ગિલાફ પણ ચઢે છે અને ચિરાગો પણ જલે છે અને આજ સુધી કોઈ આલિમ કે ફકીહે તેના માટે ઈન્કાર નથી કર્યો, તો તે હઝરાત બિદઅતી તથા ગુમરાહ ઠર્યા. તો આ બે સાહબોનો ફત્વો કઈ રીતે માનવામાં આવે જેમાં આ સખ્ત ખરાબી ઉપસ્થિત થતી હોય. શાહ રફીઉદ્દીન સાહબ રિસાલા નુઝૂરમાં ફર્માવે છે કે, (અર્થ) : અહીં શરઈ અર્થમાં વપરાયેલ નથી કેમ કે ઉર્ફમાં એ છે કે જે કાંઈ બુઝુર્ગોની સામે લઈ જાય છે તેને નઝરો નિયાઝ કહે છે.

(૫) હરમૈન શરીફૈનના આલિમોનું કોઈક ચીજને સારું સમજવું બેશક ! તેના ઈસ્તેહબાબ (મુસ્તહબ હોવા)ની દલીલ છે. એ પવિત્ર ભૂમી તે છે જ્યાં કદાપિ શિર્ક નથી થઈ શકતું. હદીષે પાકમાં છે કે શૈતાન નિરાશ થઈ ચૂક્યો કે અરબવાસીઓ તેની પૂજા કરે અને મદીના પાકની જમીન ઈસ્લામની પનાહની જગા અને કાફિરો તથા મુશ્રિકોથી મેહફૂઝ રહેનારી છે. મિશ્કાત 'બાબિલ હરમિલ મદીના'માં છે કે મદીના પાક બુરા લોકોને એવી રીતે કાઢીને

ફેંકી મૂકે છે જેવી રીતે કે લુહારની ભટ્ટી લોખંડના મેલને, ચાહે તુરત કાઢે અરસા બાદ કાઢે અથવા મૃત્યુ બાદ કાઢે. જઝબુલ કુલૂબમાં હઝરત શૈખ અબ્દુલ હક્ક ફર્માવે છે : ''મદીના પાકની પાક જમીન તમામ બુરાઓને બગડેલાઓને કાઢી નાખે છે અને આ ખાસિયત તેમાં કાયમી બાકી છે. જેથી મદીનાના આલિમોની ઈબાદતને બેધડક શિર્ક તથા બિદઅત કહી દેવું સખ્ત ગલતી છે. એવું કહેવું પણ ગલત છે કે આ ચિરાગો કરવાનું તુર્કી સલ્તનતનું કાઢેલું છે, કેમ કે ઈમામે અજલ્લ સૈયદ નૂરુદ્દીન સમ્હૂદી અને જલાલુદ્દીન સિયૂતી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ની વફાત હિ. સ. ૯૧૧માં થઈ અને ઈમામ નૂરુદ્દીન સમ્હૂદીએ કિતાબ 'ખુલાસતુલ વફા' શરીફ હિ. સ. ૮૯૩માં લખી. તેઓ એ કિતાબ ના ચોથા પ્રકરણના ૧૬મા ભાગમાં મદીનાપાકમાં ચિરાગ જલાવવા વિશે વર્ણન કરતાં લખે છે :–

وَاَمَّا مَعَالِيْقُ الْحُجْرَةِ الشَّرِيْفَةِ الَّتِىْ تُعَلَّقُ حَوْلَهَا مِنْ قَنَادِيْلِ الذَّهَبِ وَالْفِضَّةِ وَنَحْوِهِمَافَلَمْ اَقِفْ عَلٰى اِبْتِدَاءِ حُدُوْثِهِمَا

''પરંતુ જે સોના ચાંદીની કંદીલો (ફાનસો) રોઝા મુબારકની આસપાસ લટકી રહી છે તેના વિશે મને ખબર નથી કે તે ક્યારથી શરૂ થઈ.''

એ જ સ્થળે ફર્માવે છે :–

وَقَدْاَلَّفَ السُّبْكِىُّ تَالِيْفًا سَمَّاهُ تَنَزُّلِ السَّكِيْنَةَ عَلٰى قَنَادِيْلِ الْمَدِيْنَةِ وَ ذَهَبَ فِيْهِ اِلٰى جَوَازِهَا وَصِحَّةِ وُقُفِهَاوَعَدَمِ جَوَازِ صَرْفِ شَىْءٌ مِّنْهَا لِعِمَارَةِ الْمَسْجِدِ

''ઈમામ સુબ્કીએ એક કિતાબ લખી જેનું નામ રાખ્યુ 'તન્ઝિલિસ્સકીના અલા કનાદિલિલ મદીના.'' તેઓ ફર્માવે છે કે રોઝા પાકની આ કંદીલો જાઈઝ છે તેનો વકફ દુરુસ્ત છે, એમાંથી કોઈ ચીજ મસ્જિદ માટે વપરાય નથી શકતી.''

અલ્હમ્દુલિલ્લાહ ! અલ્લાહના વિરોધીઓના સર્વ સવાલોનો સંપૂર્ણ જવાબ થઈ ગયો.

ઉપસંહાર : પંજાબ, યુ.પી. તથા કાઠિયાવાડમાં આમ રિવાજ છે કે રમઝાનમાં ખત્મે કુર્આને તરાવીહની રાતમાં મસ્જિદોમાં ચિરાગાં કરવામાં આવે છે. કેટલાક દેવબંદીઓ એને પણ શિર્ક તથા હરામ કહે છે, એ કેવળ

તેમની બેદીની છે, મસ્જિદોની ઝીનત (શણગાર) ઈમાનની નિશાની છે. તફસીરે રૂહુલ બયાનમાં આયત. اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ હેઠળ છે : ''હઝરત સુલૈમાન عليه الصلوٰة والسلام એ ૧૭૦૦ કંદીલો બૈતુલ મુકદ્દસમાં રોશન કરવાનો હુકમ આપ્યો અને મસ્જિદે નબવી શરીફમાં શરૂમાં ખજૂરની લાકડીઓ વગેરે સળગાવીને રોશની કરવામાં આવતી હતી. પછી તમીમદારી કેટલીક કંદીલો તથા રસ્સીઓ તથા તેલ લાવ્યા અને તેને મસ્જિદે નબવી શરીફના થાંભલાઓમાં લટકાવીને સળગાવી તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું : نَوَّرَتَ مَسْجِدَنَا نَوَّرَاللّٰهُ عَلَيْكَ **''તમે અમારી મસ્જિદને રોશન કરી આપી, અલ્લાહ તઆલા તમને નૂરાની રાખે.''** અને હઝરત ઉમર رضي الله عنه એ દીવાઓ પ્રગટાવ્યા અને કંદીલો લટકાવી. હઝરત અલી رضي الله عنه એ ફર્માવ્યું : –

نَوَّرَتْ مَسْجِدَنَا نَوَّرَاللّٰهُ قَبْرَكَ يَااِبْنَ الْخَطَّابِ **''હે ઉમર ! તમે અમારી મસ્જિદને રોશન કરી, અલ્લાહ તમારી કબ્રને રોશન કરે.''** તફસીરે કબીરમાં આયતની اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ ની તફસીરમાં છે :–

وَعَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ اَسْرَجَ فِيْ مَسْجِدٍ سِرَاجًا لَمْ تَزَلِ الْمَلٰئِكَةُ وَحَمَلَةُ الْعَرْشِ يَسْتَغْفِرُوْنَ لَهٗ مَادَامَ فِي الْمَسْجِدِ ضَوْءُهٗ

''જે કોઈ મસ્જિદમાં ચિરાગ જલાવે તો જ્યાં સુધી મસ્જિદમાં તેની રોશની રહે ત્યાં સુધી ફરિશ્તા અને અર્શ ઉઠાવનારા (ફરિશ્તા) તેના માટે મગફેરતની દુઆ કરે છે.''

'ફતાવા રશીદિયહ' ભાગ–૨, કિતાબુલ હઝર વલ અબાહત, પેજ–૧૧૨માં એવું સ્વીકાર્યું છે કે ફારૂકી યુગમાં કેટલાક સહાબીઓ બૈતુલ મુકદ્દસથી ત્યાંની રોશની જોઈને આવ્યા અને મસ્જિદે નબવીમાં વિવિધ ચિરાગો સળગાવવામાં આવ્યા. પછી મામૂન રશીદ બાદશાહે આમ હુકમ આપ્યો હતો કે મસ્જિદોમાં પુષ્કળ પ્રમાણમાં ચિરાગો સળગાવવામાં આવે. સારાંશ કે મસ્જિદની રોશની નબીઓની સુન્નત, સહાબીઓની સુન્નત તથા આમ મુસલમાનોની સુન્નત છે.

કબ્ર પર અઝાન અપવા વિશે ચર્ચા

મુસલમાન મૈયતને કબરમાં દફન કરીને અઝાન આપવી એ અહલે સુન્નતની નજીક જાઈઝ છે જેની ઘણી દલીલો છે. પણ વહાબી દેવબંદી એને બિદઅત, હરામ, શિર્ક અને ન જાણે શું શું કહે છે ! એટલા માટે આ ચર્ચાના બે ભાગ પાડવામાં આવે છે, પહેલા ભાગમાં તેની સાબિતી અને બીજા ભાગમાં તેના પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ અઝાને કબ્રની સાબિતી ★

કબ્ર પર દફન બાદ અઝાન આપવી જાઈઝ છે. હદીષો તથા ફિકહી લખાણોથી એની સાબિતી છે. મિશકાત શરીફ, કિતાબુલ જનાઈઝ, પ્રકરણ "મા યકાલ ઈન્દમન હદ્રહુલ મૌતુ"માં છે : لَقِّنُوْا مَوْتَاكُمْ لَآاِلٰهَ اِلَّااللّٰه "પોતાનાં મુડદાંઓને શીખવાડો **લા ઈલાહ ઈલલ્લાહ.**" દુનિયવી જિંદગી ખત્મ થતાં માણસના માટે બે મહાન ખતરનાક સમયો છે, એક જાંકની (સકરાત)નો બીજો દફન બાદ કબ્રમાં સવાલોનો. કે જો સકરાત વખતે ખાત્મો ખૈરની સાથે ન થયો તો આગામી જિંદગી બર્બાદ થઈ. દુનિયામાં તો જો એક વરસ નાપાસ થયા તો બીજા વરસે પરીક્ષા આપી દો, પણ ત્યાં એવું પણ નથી, એટલા માટે જીવતા લોકોએ જોઈએ કે એ બંને સમયોમાં મરનારની મદદ કરે, કે મરતી વખતે કલ્મો પઢી પઢીને સંભળાવે અને દફન બાદ તેના સુધી કલ્માનો અવાજ પહોંચાડે કે મરતી વેળા તે કલ્મો પઢીને દુનિયાથી જાય અને હવે કબરમાં એ પરીક્ષામાં સફળ થાય. જેથી આ હદીષના બે અર્થો થઈ શકે છે : એક તો એ કે જે મરી રહ્યો છે તેને કલ્મો શીખવાડો, બીજુ એ કે જે મરી ચૂક્યો હોય તેને કલ્મો શીખવાડો. પ્રથમ અર્થ મજાઝી છે અને બીજો હકીકી, અને વિના જરૂરતે મજાઝી

અર્થ લેવો ઠીક નથી. જેથી હદીષનો એ જ તર્જુમો થયો કે તમારાં મુડદાંઓને કલ્મો શીખવાડો અને એ સમય દફન પછીનો છે. જેમ કે શામી ભાગ–૧, બાબુ દફન, બહષે તલ્કીન બઅ્દલ મૌતમાં છે :–

اَمَّا عِنْدَ اَهْلِ السُّنَّةِ فَالْحَدِيْثُ اَىْ لَقِّنُوْا مَوْتٰكُمْ مَحْمُوْلٌ عَلٰى حَقِيْقَتِهٖ وَقَدْ رُوِىَ عَنْهُ عَلَيْهِ السَّلَامُ اَنَّهُ اَمَرَ بِالتَّلْقِيْنِ بَعْدَ الدَّفْنِ فَيَقُوْلُ يَافُلَانُ ابْنُ فُلَانٍ اُذْكُرْ دِيْنَكَ الَّذِىْ كُنْتَ عَلَيْهَا

''અહલે સુન્નતની નજીક આ હદીષ 'લક્કિનૂ મૌતાકૂમ' પોતાના હકીકી અર્થ પર આધારિત છે અને હુઝૂર ﷺ થી રિવાયત છે કે આપે દફન બાદ તલ્કીન કરવાનો હુકમ આપ્યો. તો કબ્ર પર કહે કે હે ફલાણાના પુત્ર ફલાણા ! તું તે ધર્મને યાદ કર જેના પર હતો.

શામી માં એ જ જગાએ છે :–

وَاِنَّمَا لَايُنْهٰى عَنِ التَّلْقِيْنِ بَعْدَ الدَّفْنِ لِاَنَّهٗ لَاضَرَرَ فِيْهِ بَلْ نَفْعٌ فَاِنَّ الْمَيِّتَ يَسْتَانِسُ بِالذِّكْرِ عَلٰى مَا وَرَدَ فِيْهِ الْاٰثَارُ

''દફન બાદ તલ્કીન કરવાથી મના ન કરવું જોઈએ કેમ કે એમાં કોઈ નુકસાન તો છે નથી, બલ્કે એમાં નફો છે કેમ કે મૈયત ઝિક્રે ઈલાહીથી હુંફ હાંસલ કરે છે, જેવું કે હદીષોમાં આવ્યું છે.''

આ હદીષ અને આ લખાણોથી જાણવા મળ્યું કે મૈયતને દફન કર્યા બાદ તેને કલ્માએ તૈયેબહની તલ્કીન (શીખવાડવું) મુસ્તહબ છે. જેથી મુડદુ નકીરૈનના સવાલોમાં કામયાબ થાય, અને અઝાનમાં પણ કલ્મો છે જેથી આ મૈયતની તલ્કીન છે મુસ્હતબ છે. બલ્કે અઝાનમાં પૂરી તલ્કીન છે, કેમ કે નકીરૈન મૈયતને ત્રણ સવાલો કરે છે : પ્રથમ તો એ કે તારો રબ કોણ છે ? પછી એ કે તારો દીન કયો છે ? પછી એ કે એ સુનેહરી જાળીવાળા, લીલા ગુંબદવાળા આકાને તું શું કહેતો હતો ? પ્રથમ સવાલનો જવાબ થયો : **અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ.** બીજાનો જવાબ થયો : **હય્ય અલસ્સલાહ** એટલે મારો દીન તે છે જેમાં પાંચ નમાઝો ફર્ઝ છે (ઈસ્લામ સિવાય કોઈ ધર્મમાં પાંચ નમાઝો

ફર્ઝ ન હતી) ત્રીજાનો જવાબ **અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ.** દુર્રે મુખ્તાર, ભાગ–૧, અઝાનના પ્રકરણમાં છે કે દસ જગાએ અઝાન કહેવી સુન્નત છે. જેને શેઅરોમાં આ પ્રમાણે દર્શાવ્યું :–

فَرْضِ الصَّلٰوةِوَفِىْ اُذُنِ الصَّغِيْرِوَفِىْ وَقْتِ الْحَرِيْقِ وَلِلْحَرْبِ الَّذِىْ وَقَعَا

خَلْفِ الْمُسَافِرِ وَ الْغِيْلَانِ اِنْ ظَهَرَتْ فَاحْفَظْ لِسِتٍّ مِّنَ الَّذِىْ قَدْ شَرَعَا

وَ زِيْدَ اَرْبَعٌ ذُوْ هَمٍّ وَ ذُوْغَضَبٍ مُسَافِرٌ ضَلَّ فِىْ قَفْرٍ وَمَنْ صَرَعَا

''પંજગાના નમાઝના માટે, બાળકના કાનમાં, આગ લાગે ત્યારે, જ્યારે જંગ ચાલતો હોય, મુસાફિરની પાછળ, જિન્નાત જાહેર થતાં, ગુસ્સાવાળા પર, જે મુસાફર રસ્તો ભૂલી જાય અને ખેંચવાળા માટે.'' શામીમાં એના હેઠળ છે :

قَدْيُسَنُّ الْاَذَانُ بِغَيْرِالصَّلٰوةِ كَمَافِىْ اَذَانِ الْمَوْلُوْدِوَالْمَهْمُوْمِ وَالْمَصْرُوْعِ

وَالْغَضْبَانِ وَمَنْ سَاءَ خُلُقُهٗ مِنْ اِنْسَانٍ اَوْ بَهِيْمَةٍوَعِنْدَ مُرْدَهَمِ الْجَيْشِ

وَعِنْدَالْحَرِيْقِ وَقِيْلَ عِنْدَ اِنْزَالِ الْمَيِّتِ الْقَبْرِ قِيَاسًا عَلٰى اَوَّلِ خُرُوْجِهٖ لِلدُّنْيَا

لٰكِنْ رَدَّهٗ اِبْنِ حَجَرٍفِىْ شَرْحِ الْعُبَابِ وَعِنْدَ تَغَوُّلِ الْغِيْلَانِ اَىْ تَمَرُّدِالْجِنِّ

''નમાઝના સિવાય અમુક જગાએ અઝાન આપવી સુન્નત છે. : બાળકના કાનમાં, ગમગીનના, વાઈવાળાના, ગુસ્સાવાળાના કાનમાં, જે જાનવર કે માણસની આદત ખરાબ હોય તેની સામે, લશ્કરોમાં જંગ વખતે, આગ લાગી જવાના સમયે, મૈયતને કબ્રમાં ઉતારતી વખતે એના પેદા થવા પર કિયાસ કરીને. પરંતુ આ અઝાનના સુન્નત હોવાનું ઈબ્ને હજર عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان એ ઈન્કાર કર્યો છે. જિન્નાતની સરકશીના વખતે અલ્લામા ઈબ્ને હજરના ઈન્કારનો જવાબ બીજા વિભાગમાં આપવામાં આવશે. ઈન્શા અલ્લાહ !

મિશ્કાત બાબે ફઝ્લે અઝાનમાં છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે તમે બિલાલની અઝાનથી રમઝાનની સહરી ખત્મ ન કરી દો. તેઓ તો લોકોને જગાડવા માટે અઝાન આપે છે. જાણવા મળ્યું કે નબવી યુગમાં સહરીના સમયે નગારૂ વગાડવાને બદલે અઝાન આપવામાં આવતી હતી જેથી સૂતેલાને જગાડવા માટે અઝાન આપવી સુન્નતથી સાબિત છે.

અઝાનથી સાત ફાયદા છે જેની ભાળ હદીષ તથા ફકીહોના કથનોથી મળે છે. અમે બે ફાયદા રજૂ કરીએ છીએ, તો આપોઆપ જણાઈ જશે કે મૈયતને આમાંથી કયા કયા ફાયદા પ્રાપ્ત થશે. પ્રથમ તો એ કે મૈયતને જવાબોની તલ્કીન છે જેમ કે વર્ણન કરવામાં આવી ચૂકયું છે. બીજુ એ કે અઝાનના અવાજથી શૈતાન નાસે છે. મિશ્કાત બાબિલ અઝાનમાં છે :–

اِذَا نُوْدِیَ لِلصَّلٰوةِ اَدْبَرَالشَّیْطٰنُ لَهٗ ضِرَاطٌ حَتّٰی لَایَسْمَعُ التَّذْرِیْنَ

"જ્યારે નમાઝની અઝાન થાય છે તો શૈતાન હવા સારતો સારતો ભાગે છે એટલે સુધી કે અઝાન સાંભળતો નથી." અને જેવી રીતે કે મૌતના સમયે શૈતાન મૃત્યુ પામનારને બેહકાવે છે કે તું મને ખુદા કહી આપ, જેથી મૈયત તે અંતિમ પરીક્ષામાં ફેલ થઈ જાય. અલ્લાહુમ્મહ્ફઝના મિન્હૂ. જેમ કે નવાદિરુલ ઉસૂલમાં ઈમામ મુહમ્મદ ઈબ્ને અલી તિર્મિઝી ફર્માવે છે :–

اِنَّ الْمَیِّتَ اِذَا سُئِلَ مَنْ رَّبُّكَ یُرٰی لَهُ الشَّیْطٰنُ فَیُشِیْرُ اِلٰی نَفْسِهٖ اِنِّیْ اَنَارَبُّكَ

فَلِهٰذَا وَرَدَ سَوَالُ التَّشَبُّتِ لَهٗ حِیْنَ سُئِلَ

જ્યારે કે મૈયતને સવાલ થાય છે કે તારો રબ કોણ છે ? તો શૈતાન પોતાની તરફ ઈશારો કરીને કહે છે કે હું તારો રબ છું. એટલા માટે સાબિત છે કે હુઝૂર ﷺ એ મૈયતના સવાલોના સમયે અડગ રહેવાની દુઆ ફર્માવી. હવે અઝાનની બરકતથી શૈતાન દૂર થઈ ગયો, મૈયતને અમ્ન મળી ગઈ અને બહેકાવનાર ગયો.

ત્રીજુ એ કે અઝાન દિલની ગભરાહટને દૂર કરે છે. અબૂનુઐમ અને ઈબ્ને અસાકિરે અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત ફર્માવી :–

نَزَلَ اٰدَمَ بِالْهِنْدِ وَاسْتَوْحَشَ فَنَزَلَ جِبْرِیْلُ فَنَادٰی بِالْاَذَانِ

હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم હિંદુસ્તાનમાં ઉતર્યા અને તેમને સખ્ત ગભરાહટ થઈ. પછી જિબ્રઈલ આવ્યા અને અઝાન આપી. એ જ પ્રમાણે મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૬૨, પ્રકરણ ત્રીજામાં છે : "અને મૈયત પણ એ સમયે સગાવહાલાંથી છૂટીને અંધાર્યા મકાનમાં પહોંચે છે જેથી ગભરાહટમાં હોશ ગુમાવીને ઈમ્તેહાનમાં નાકામીનો ખતરો છે. અઝાનથી

દિલને ઈત્મિનાન થશે અને યોગ્ય જવાબો આપશે.'' ચોથુ એ કે અઝાનની બરકતથી ગમ દૂર થાય છે અને દિલને ખુશી મળે છે. મુસ્નદુલ્ ફિરદૌસમાં હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે :–

رَاٰنِی النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ حَزِیْنًا فَقَالَ یَااِبْنَ اَبِیْ طَالِبٍ اِنِّیْ اَرَاكَ حَزِیْنًا فَمُرْ بَعْضَ اَھْلِكَ یُؤَذِّنْ فِیْ اُذُنِكَ فَاِنَّہٗ دَارُ اللَّھْمِ

''મને હુઝૂર ﷺ એ ગમગીન જોયો તો ફર્માવ્યું કે, હે અબી તાલિબના પુત્ર ! શું કારણ છે કે તમે ગમગીન જણાવ છો ? તમે કોઈને હુકમ આપો કે તમારા કાનમાં અઝાન કહી દે, કેમ કે અઝાન ગમને દૂર કરનાર છે.'' બુઝુર્ગાને દીને એટલે સુધી કે ઈબ્ને હજર عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان ફર્માવે છે કે جَرَّبْتُہٗ فَوَجَدْتُّہٗ كَذٰلِكَ كَذَا فِی الْمِرْقَاتِ ''મિર્કાત બાબે અઝાનના શરૂમાં છે, મેં એને અજમાવ્યું અને લાભકારક પામ્યું. હવે મુડદાના દિલ પર આ સમયે જે સદમો છે તે અઝાનની બરકતથી દૂર થઈ જશે અને ખુશી અનુભવશે.''

પાંચમુ એ કે અઝાનની બરકતથી લાગી ગયેલ આગ બુઝાય છે. અબૂ લયલાએ અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી :–

اَطْفِئُوا الْحَرِیْقَ بِالتَّكْبِیْرِ અને اِذَا رَاَیْتُمُ الْحَرِیْقَ فَكَبِّرُوْا فَاِنَّہٗ لِیُطْفِی النَّارَ

''લાગી ગયેલ આગને તકબીર વડે બુઝાવો અને જ્યારે કે તમે આગ લાગેલી જુઓ તો તકબીર કહો કેમ કે એ આગને બુઝાવે છે અને અઝાનમાં તકબીર તો છે અલ્લાહુ અકબર, જેથી મૈયતની કબ્રમાં આગ લાગેલી હોય તો ઉમ્મીદ છે કે ખુદાપાક તેની બરકતથી બુઝાવી આપે.''

છઠ્ઠુ એ કે અઝાન ઝિક્રુલ્લાહ છે અને ઝિક્રુલ્લાહની બરકતથી કબ્રનો અઝાબ દૂર થાય છે અને કબ્ર વિશાળ થાય છે અને કબ્રની સંકડાશથી નજાત મળે છે. ઈમામ અહમદ તથા તિબ્રાની તથા બયહકીએ જાબિર رضی اللہ عنہ થી સઅદ ઈબ્ને મઆઝ رضی اللہ عنہ ના દફનનો પ્રસંગ વર્ણન કરતાં રિવાયત કરી :–

سَبَّحَ النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ثُمَّ كَبَّرَ وَكَبَّرَ النَّاسُ قَالُوْا یَارَسُوْلَ اللّٰہِ لَمْ سَبَّحْتَ قَالَ لَقَدْ تَضَایَقَ عَلٰی ھٰذَا الرَّجُلُ الصَّالِحُ قَبْرُہٗ حَتّٰی فَرَّجَ اللّٰہُ تَعَالٰی عَنْہُ

''દફન પછી હુઝૂર ﷺ એ **સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ !** ફર્માવ્યું

પછી **અલ્લાહુ અકબર** હુઝૂરે પણ ફર્માવ્યું અને અન્ય લોકોએ પણ કહ્યું. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તસ્બીહ તથા તકબીર શા માટે કહી ? ઈર્શાદ ફર્માવ્યો કે આ સાલેહ બંદા પર કબ્ર તંગ થઈ ગઈ હતી, અલ્લાહે કબ્રને વિશાળ કરી આપી. એની શરહમાં અલ્લાહમા તયબી ફર્માવે છે :–

اَىْ مَازِلْتُ مُكَبِّرًا وَتُكَبِّرُوْنَ وَاُسَبِّحُ وَتُسَبِّحُوْنَ حَتّٰى فَرَّجَهُ اللّٰه

''અમે અને તમે લોકો તકબીર તથા તસ્બીહ કરતા રહ્યા એટલે સુધી કે અલ્લાહે કબ્રને વિશાળ કરી આપી.'' સાતમુ એ કે અઝાનમાં હુઝૂર ﷺ નો ઝિક્ર છે અને સાલેહીનના ઝિક્ર વખતે રહમતનું ઉતરાણ થાય છે. ઈમામ સુફયાન ઈબ્ને ઐનિયહ્ ફર્માવે છે :–

عِنْدَ ذِكْرِالصَّالِحِيْنَ تَنْزِلُ الرَّحْمَةُ ''અને મૈયતને એ સમયે રહમતની સખ્ત જરૂરત છે.'' સારાંશ કે આપણી જીભની થોડી સરખી હરકતથી જો મૈયતને આટલા મહાન મહાન સાત ફાયદા પહોંચી જાય તો વાંધો શો છે ?

સાબિત થયું કે કબ્ર પર અઝાન આપવી સવાબનું કામ છે. શામી બાબિ સુનને વુઝૂમાં છે : اَلْاَصْلُ فِى الْاَشْيَاءِ الْاِبَاحَةِ ''તમામ ચીજોમાં અસ્લ એ છે કે તે મુબાહ છે.'' એટલે કે જેને શરીઅતે મુતહ્હરા મના ન કરે તે મુબાહ છે, અને જે મુબાહ કામ ભલાઈની નિય્યતે કરવામાં આવે તે મુસ્તહબ છે. મિશ્કાતના શરૂમાં છે :

اِنَّمَاالْاَعْمَالُ بِالنِّيَّاتِ ''અમલોનો દારોમદાર નિય્યત પર છે.'' શામી બહષે સુનને વુઝૂમાં છે :–

اَنَّ الْفَرْقَ بَيْنَ الْعَادَةِوَالْعِبَادَةِهُوَالنِّيَّةُالْمُتَضَمِّنَةُ لِلْاِخْلَاص

''આદત તથા ઈબાદતમાં ફરક નિય્યતના ઈખ્લાસથી છે.'' એટલે કે જે કાર્ય પણ ઈખ્લાસ (નિખાલસતાપૂર્વક) કરવામાં આવે તે ઈબાદત છે અને જે કામ વિના ઈખ્લાસે હોય તે આદત છે. દુર્રે મુખ્તાર, બહષે મુસ્તહબ્બાતિલવુઝૂ માં છે :–

وَمُسْتَحَبُّهُ هُوَمَا فَعَلَهُ النَّبِىُّ عَلَيْهِ السَّلَامُ كَرَّةً وَتَرَكَهُ اُخْرٰى وَمَا حَبَّهُ السَّلَفُ

''મુસ્તહબ તે કામ છે જેને હુઝૂર ﷺ એ કદીક કર્યું અને કદી ન કર્યું અને એ પણ છે કે જેને આગળ થયેલા મુસલમાનો સારું જાણતા હોય. શામી બહષે દફનમાં છે :–

وَقَالَ عَلَيْهِ السَّلَامُ مَارَاٰهُ الْمُؤْمِنُوْنَ حَسَنًافَهُوَعِنْدَاللّٰهِ حَسَنٌ

''જેને મુસલમાનો સારું સમજે તે અલ્લાહની નજીક પણ સારું છે.''

આ લખાણોથી સાબિત થયું કે, અઝાને કબ્ર શરીઅતમાં મના નથી જેથી જાઈઝ છે અને એને ઈખ્લાસ નિય્યતે મુસલમાન ભાઈના લાભ ખાતર આપવામાં આવે છે જેથી તે મુસ્તહબ છે અને મુસલમાનો એને સારું સમજે છે જેથી અલ્લાહની નજીક પણ સારું છે. ખૂદ દેવબંદીઓના પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહી 'ફતાવા રશીદિયા'' ભાગ–૧, કિતાબુલ અકાઈદ, પેજ–૧૪માં ફર્માવે છે, ''કોઈએ સવાલ કર્યો છે કે દફન બાદ તલ્કીન સાબિત છે કે નથી ? તો જવાબ આપ્યો કે આ મસ્અલો સહાબીના કાળથી વિવાદાસ્પદ છે એનો ફૈસલો કોઈ નથી કરી શકતું. દફન બાદ તલ્કીન કરવું એના પર આધારિત છે. જેના પર અમલ કરે દુરુસ્ત છે.'' *–રશીદ અહમદ*

(બીજો વિભાગ)

★ અઝાને કબ્ર પર વાંધાઓ અને તેના જવાબો ★

આ મસ્અલામાં વિરોધીઓના નીચે મુજબના વાંધાઓ છે. ઈન્શાઅલ્લાહ ! એનાથી વિશેષ મળશે નહીં.

વાંધો (૧) : કબ્ર પર અઝાન આપવી બિદઅત છે અને દરેક બિદઅત હરામ છે જેથી એ પણ હરામ છે. હુઝૂર ﷺ થી સાબિત નથી. એ જ પૂરાણો સબક !

જવાબ : અમે પ્રથમ વિભાગમાં સાબિત કરી ચૂક્યા છીએ કે દફન બાદ ઝિકુલ્લાહ, તસ્બીહ તથા તકબીર હુઝૂર ﷺ થી સાબિત છે અને જેની અસ્લ સાબિત હોય તે સુન્નત છે, છતાં એના પર જબરદસ્તી કરવી મના છે. ફકીહો ફર્માવે છે કે હજ્જમાં તલબિયાના જે શબ્દો હદીષોમાં આવેલ છે તેમાં કમી ન

કરે. જો કાંઈક વધારી આપે તો જાઈઝ છે. (હિદાયહ્ વગેરે) અઝાનમાં તકબીર પણ છે અને કાંઈ અધિક પણ. જેથી એ સુન્નતથી સાબિત છે અને જો બિદઅત પણ હોય તો હસના (સારી) છે, જેમ કે અમે બિદઅતોની ચર્ચામાં રજૂ કરી ચૂક્યા છીએ. ફતાવા રશીદિયા, ભાગ–૧, કિતાબુલ બિદઆત, પેજ–૮૯, ઉપર છે કે કોઈએ દેવબંદીઓના સરદાર રશીદ અહમદ સાહબને પૂછયું કે કોઈ મુસીબતના સમયે બુખારી શરીફનો ખત્મ કરાવવો કુરૂને ષલાષા (રસૂલ, સહાબી, તાબઈના યુગ)થી સાબિત છે કે નહીં ? અને બિદઅત છે કે નહીં ? (તો જવાબ આપ્યો)

અલજવાબ : કરૂને ષલાષામાં બુખારી લખાઈ ન હતી પણ તેનો ખત્મ દુરુસ્ત છે કેમકે ઝિકે ખૈર પછી દુઆ કબૂલ થાય છે. તેની અસ્લ શરીઅતથી સાબિત છે, બિદઅત નથી. *–રશીદ અહમદ અઝી અન્હૂ*

એ જ કિતાબમાં પેજ–૮૮ ઉપર છે કે, ''ખાવા નિશ્ચિત તારીખે ખવડાવવું બિદઅત છે જો કે સવાબ પહોંચશે.'' *–રશીદ અહમદ*

કહો જનાબ ! આ ખત્મે બુખારી અને વરસીની ફાતેહા પર સવાબ શાથી થઈ રહ્યો છે ? એ તો બિદઅત છે ! અને તમે કહો છો તેમ દરેક બિદઅત હરામ છે ! તો હરામ પર સવાબ કેવો ?!

જરૂરી નોંધ : દેવબંદ મદ્રસામાં મુસીબતના સમયે ખત્મે બુખારી ત્યાંના તલબા થકી કરાવવામાં આવે છે, હાજતવાળા તલબાને શીરીની આપે છે અને રૂપિયા નફામાં રહ્યા. કમસે કમ પંદર રૂપિયા વસૂલ કરવામાં આવે છે. કદાચ આ બિદઅત એટલા માટે જાઈઝ હોય કે મદ્રસાને રૂપિયાની જરૂરત છે અને આ રૂપિયા પામવાનો ઝરીયો છે. પણ હવે મોમિનની કબર પર અઝાન શાથી હરામ થઈ ગઈ ?

વાંધો (૨) : શામી બાબિલ અઝાનમાં જ્યાં અઝાનના પ્રસંગો ગણાવવામાં આવ્યા છે ત્યાં અઝાને કબ્રનો પણ ઉલ્લેખ કર્યો છે પણ સાથે જ ફર્માવ્યું કે આ અઝાનને ઈબ્ને હજરે શરહે ઓબાબમાં રદિયો આપ્યો છે. જાણવા મળ્યું કે અઝાને કબ્ર મરદૂદ છે.

જવાબ : પ્રથમ એ કે ઈબ્ને હજર શાફઈ મઝહબવાળા છે. ઘણા

આલિમો જેમાં અમુક હનફી પણ સામેલ છે, ફર્માવે છે કે અઝાને કબ્ર સુન્નત છે અને ઈમામ ઈબ્ને હજર શાફઈ તેની રદ કરે છે, તો બતાવો કે હનફીઓએ જમહૂર મસ્અલા પર અમલ કરવો જોઈએ કે શાફઈના કૌલ પર ? બીજુ કે ઈમામ ઈબ્ને હજરે પણ અઝાને કબ્રને મના નથી કરી, બલ્કે એના સુન્નત હોવાનો ઈન્કાર કર્યો છે એટલે કે એ સુન્નત નથી. જો હું કહું કે બુખારી છાપવી સુન્નત નથી, તો એ તદ્દન દુરુસ્ત છે કેમ કે હુઝૂર ﷺના જમાનામાં ન બુખારી હતી ન પ્રેસ હતા. પરંતુ એનો મતલબ એ નથી કે તે જાઈઝ નથી. શામી એ આ પ્રસંગે ફરમાવ્યું, **"આ પ્રસંગોએ અઝાન આપવી સુન્નત છે."** આગળ ફર્માવ્યુ કે, **"તેની ઈબ્ને હજર રદ કરી"** તો કઈ ચીજની રદ થઈ ? સુન્નતની. શામી સમજવાના માટે બુદ્ધિ તથા ઈમાનની જરૂરત છે. ત્રીજુ એ કે જો માની પણ લો કે અલ્લામા ઈબ્ને હજર رحمة الله عليه والرضوان એ ખૂદ અઝાન આપવાને રદિયો આપ્યો, તો શું કોઈ આલિમના રદિયાથી કરાહત કે હુર્મત સાબિત થઈ શકે છે ? હરગિઝ નહીં ! શામી વઝૂના મુસ્તહબોની ચર્ચામાં છે : وَلَايَلْزَمُ مِنْ تَرْكِ الْمُسْتَحَبِّ ثُبُوْتُ الْكَرَاهَةِاِذْ لَابُدَّ لَهٗ مِنْ دَلِيْلٍ خَاصٍ

"મુસ્તહબ તર્ક કરવાથી કરાહત સાબિત નથી થતી કેમ કે કરાહતના માટે ખાસ દલીલની જરૂરત છે. શામી, ભાગ–૧, "મકરૂહાતે સલાત બયાને મુસ્તહબ્બાત વ સુન્નત વલ મન્દૂબ"ની ચર્ચામાં છે :–

تَـرْكُ الْـمُسْتَحَبِّ لَايَلْزَمُ مِنْهُ اَنْ يَّكُوْنَ مَكْرُوْهًا اِلَّابِنَهْيٍ خَاصٍ لِاَنَّ الْكَرَاهَةَ حُكْمٌ شَرْعِيٌّ فَلَابُدَّ لَهٗ مِنْ دَلِيْلٍ خَاصٍ ـ

"મુસ્તહબ તર્ક કરવાથી (ત્યજવાથી) એ જરૂરી નથી થતુ કે ખાસ મનાઈ વિના તે મકરૂહ થઈ જાય, કેમ કે કરાહત શરઈ હુકમ છે એના માટે ખાસ દલીલની જરૂરત છે. તમે તો અઝાને કબ્રને હરામ કહો છો ! જ્યારે ફકીહો તો ખાસ મનાઈ વિના કોઈ ચીજને મકરૂહે તન્ઝીહી પણ નથી માનતા.

જો કહેવામાં આવે કે શામીએ અઝાને કબ્રને **કીલ**થી બયાન કરી અને **કીલ** ઝોઅફ (કમઝોરી)ની નિશાની છે, તો જવાબ એ છે કે ફિકહમાં **કીલ** ઝોઅફના માટે લાઝિમ નથી. શામી કિતાબુસ્સૌમ, ફસ્લે કફ્ફારામાં છે :

فَتَعْبِيْرُ الْمُصَنِّفِ بِقِيْلَ لَيْسَ يَلْزَمُ الضُّعْفَ ـ એ જ પ્રમાણે શામી, બહષે દફને મૈયતમાં ઝિક્ર મઅલ જનાઝાના માટે ફર્માવ્યું : قِيْلَ تَحْرِيْمًا وَقِيْلَ تَنْزِيْهًا ـ જુઓ ! અહીં બે કૌલ છે, અને બંને **કીલ**થી નકલ કર્યા. આલમગીરી કિતાબુલ વકફ, બહષે મસ્જિદમાં છે : وَقِيْلَ هُوَ مَسْجِدٌ اَبَدًا وَ هُوَ الْاَصَحُّ અહીં સહીહ કૌલ **કીલ**થી વર્ણન કર્યો. જાણવા મળ્યું કે કીલ ઝોઅફની દલીલ નથી, અને જો માની પણ લેવામાં આવે તો પણ તે અઝાનને સુન્નત કહેવી ઝોઅફ થશે, નહીં કે નાજાઈઝ કહેવું. કેમ કે એ સુન્નતનો જ કૌલ છે. અમે પણ અઝાને કબ્ર સુન્નત નથી કહેતા, કેવળ જાઈઝ તથા મુસ્તહબ કહીએ છીએ.

વાંધો (૩) : કબ્ર પર જઈને ફાતેહા સિવાય કાંઈ ન કરે. અને અઝાને કબ્ર ફાતેહા સિવાય છે જેથી હરામ છે.

જેમ કે બહરુર્રાઈકમાં છે :–

وَيُكْرَهُ عِنْدَ الْقَبْرِ كُلُّ مَالَمْ يُعْهَدْ مِنَ السُّنَّةِوَالْمَعْهُوْدُ مِنْهَا لَيْسَ اِلَّا زِيَادَتُهَا وَالدُّعَاءُ عِنْدَهَا قَائِمًا

શામી કિતાબુલ જનાઈઝમાં છે :–

لَايُسَنَّ الْاَذَانُ عِنْدَاِدْخَالِ الْمَيِّتِ فِىْ قَبْرِهٖ كَمَاهُوَالْمُعْتَادُ الْاٰنَ وَقَدْصَرَّحَ اِبْنُ حَجَرٍبِاَنَّهٗ بِدْعَةٌوَقَالَ مَنْ ظَنَّ اَنَّهٗ سُنَّةٌفَلَمْ يُصِب

''મૈયતને કબ્રમાં ઉતારતી વખતે અઝાન આપવી સુન્નત નથી, જેમ કે આજકાલ રિવાજ છે અને ઈબ્ને હજરે સ્પષ્ટતા ફર્માવી આપી કે એ બિદઅત છે અને જે કોઈ એને સુન્નત જાણે તે દુરુસ્ત નથી કહેતો. દુર્રે બિહારમાં છે :–

مِنَ الْبِدَعِ الَّتِىْ شَاعَتْ فِىْ بِلَادِ الْهِنْدِ الْاَذَانُ عَلَى الْقَبْرِ بَعْدَ الدَّفْنِ

''જે બિદઅતો કે જે હિંદુસ્તાનમાં પ્રસરી ગઈ એમાંથી દફન પછી કબ્ર પર અઝાન આપવું છે. ''

તૌશીહે શરહે તન્કીહમાં મહમૂદ બલ્ખી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ફર્માવે છે : اَلْاَذَانُ عَلَى الْقَبْرِ لَيْسَ بِشَىْءٍ ''કબ્ર પર અઝાન આપવી કાંઈ નથી.'' મોલ્વી ઈસ્હાક સાહબ માઈતાહે મસાઈલમાં ફર્માવે છે કે કબ્ર પર અઝાન આપવી

મકરૂહ છે કેમ કે સાબિત નથી અને જે સુન્નતથી સાબિત ન હોય તે મકરૂહ થાય છે.

જવાબ : બહરુર્રાઈકનું એ ફર્માવવું કે કબ્ર પર જઈને ઝિયારત તથા દુઆ સિવાય કાંઈ કરવું મકરૂહ છે એ તદ્દન દુરુસ્ત છે, એ કબરોની ઝિયારતના વખતે ફર્માવ્યું છે, એટલે જ્યારે ત્યાં ઝિયારતની નિય્યતથી જાવ તો કબ્રને ચૂમવું અથવા સિજદો કરવો વગેરે નાજાઈઝ કામ ન કરે, અને અહીં ચર્ચા ચાલે છે દફન ક્રિયા વખતની, આ ઝિયારતનો સમય નથી. જો દફન ક્રિયા પણ એમાં સામેલ છે તો લાઝિમ થશે કે મૈયતને કબ્રમાં ઉતારવું, તખ્તો આપવો, માટી નાખવી અને દફન બાદ તલ્કીન કરવી જેને ફતાવાએ રશીદિયહ્માં પણ જાઈઝ કહ્યું છે, એ બધું જ મના થશે. નહીં તો મુડદાંને જંગલમાં રાખીને ફાતેહા પઢીને ભાગી આવવું જોઈએ. અને કબ્રની ઝિયારતના વખતે પણ મના કામ કરવું મના છે. એ જ બહરુર્રાઈકના લખાણનો હેતુ છે : નહીં તો મુદડાંને સલામ કરવી અથવા તેમની કબરો પર લીલી વનસ્પતિ કે ફૂલ નાખવું સર્વ સંમતિથી જાઈઝ છે, હુઝૂર ﷺ થી સાબિત છે અને બહરુર્રાઈકમાં ફર્માવે છે કે ત્યાં ઝિયારત અને ઉભા રહીને દુઆ કરવા સિવાય કાંઈ પણ ન કરે. મોલ્વી અશરફ અલી થાનવીની 'હિફ્ઝુલ ઈમાન'માં એક સવાલ છે કે શાહ વલીયુલ્લાહ સાહબ કશ્ફે કુબૂરનો તરીકો બયાન ફર્માવે છે : ત્યાર બાદ સાત ચક્કર તવાફ કરે અને એમાં તકબીર કહે અને જમણી બાજુથી શરૂ કરે અને કબ્રના પગોથી તરફ ચહેરો રાખે.'' તો શું કબ્રનો તવાફ અને સજદો જાઈઝ છે ? તેનો જવાબ 'હિફ્ઝુલ ઈમાન' પેજ–૬ ઉપર આપે છે, એ તવાફ ઈસ્તેલાહી નથી કે જે તાઝીમ તથા તકર્રુબના માટે કરવામાં આવે છે. અને જેની મનાઈ શરીઅતની નુસૂસ (દલીલો)થી સાબિત છે બલ્કે તવાફ લુગ્વી (શાબ્દિક અર્થમાં) છે એટલે કે એની આસપાસ ફરવું કબ્રવાળા સાથે રૂહાની નિસ્બત પેદા કરવા તથા ફયઝ પામવા માટે. એનું દ્રષ્ટાંત હઝરત જાબિરના કિસ્સામાં આવેલ છે. જ્યારે કે તેમના વાલિદ કરજદાર થઈને વફાત પામી ગયા અને કરજ માંગનારાઓએ હઝરત જાબિરને તંગ કર્યા તો તેમણે હુઝૂર ﷺ ને અર્ઝ કરી કે બાગમાં તશરીફ લાવીને છૂટકારો કરાવી આપો. હુઝૂર

ﷺ બાગમાં રોનક અફરોઝ થયા અને ખારેકોના ઢગલો લગાડીને મોટા ઢગલાની આસપાસ ત્રણવાર ઘુમ્યા. طَافَ حَوْلَ اَعْظَمِهَا بَيْدَرًا હુઝૂરનું આ ફરવું કોઈ તવાફ ન હતો બલ્કે તેમાં અસર પહોંચાડવા માટે તેની ચારો તરફ ફર્યા. એ જ પ્રમાણે કશ્ફે કુબૂરના અમલમાં છે. કહો જોઈએ, જો અઝાને કબ્ર એટલા માટે મના છે કે કબ્ર પર ઝિયારત તથા દુઆ સિવાય કોઈ કામ જાઈઝ નથી તો આ કબ્રનો તવાફ અને એનાથી ફયઝ લેવો કેવી રીતે જાઈઝ છે ? જેથી બહરુર્રાઈકનું જાહેરી લખાણ તમારા પણ માફક નથી. મજાની વાત તો એ છે કે (મોલ્વી અશરફઅલી થાનવી દેવબંદીની કિતાબ) 'હિફઝુલ ઈમાન'ના એ લખાણથી માલૂમ થાય છે કે કબ્રોથી ફયઝ મળે છે, અને ફયઝના માટે ત્યાં જવું અને તવાફ કરવો, કબ્ર પર ચહેરો રાખવો જાઈઝ છે, એને જ (દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ) 'તકવિયતુલ ઈમાન'માં શિર્ક કહ્યું છે ! શામી ને તૌશીહ વગેરેનાં લખાણોનો જવાબ સવાલ નં. ૧ હેઠળ આવી ગયો કે એમાં અઝાને કબ્ર સુન્નત હોવાના ઈન્કાર છે, નહીં કે જાઈઝ હોવાનો. તૌશીહનું ફર્માવવું **'લૈસ બિશૈઈન'** એનો અર્થ એ નથી કે હરામ છે, પણ મુરાદ એ છે કે ન ફર્ઝ છે ન વાજિબ ન સુન્નત, કેવળ જાઈઝ તથા મુસ્તહબ છે અને એને સુન્નત તથા વાજિબ સમજવું તદ્દન ગલત છે. જે ફકીહો એને બિદઅત કહે છે તે જાઈઝ બિદઅત અથવા મુસ્તહબ બિદઅત કહે છે, મકરૂહ બિદઅત નથી કહેતા, કેમ કે દલીલ વિના કરાહત (મકરૂહ હોવું) સાબિત નથી. મોલ્વી ઈસ્હાક સાહબ દેવબંદીઓના પેશ્વા છે એમનું કથન હુજ્જત નથી. અને ન એ કાયદો સહીહ છે કે જે સુન્નતથી સાબિત ન હોય તે મકરૂહ છે. નહીં તો કુર્આનના સીપારા તથા એઅ્રાબ અને બુખારી પણ મકરૂહ થશે કેમ કે એ સુન્નતથી સાબિત નથી. દુર્રે મુખ્તાર બાબે સલાતિલ ઈદૈન મતલબ ફી તકબીરિશશરીકમાં છે :

وَوُقُوْفِ النَّاسِ يَوْمَ عَرَفَةَ فِىْ غَيْرِهَا تَشْبِيْحًا بِالْوَاقِفِيْنَ لَيْسَ بِشَىْءٍ۔

એના હેઠળ શામીમાં છે :–

وَهُوَ نَكِرَةٌ فِىْ مَوْضِعِ النَّفِىْ فَتَعُمُّ اَنْوَاعَ الْعِبَادَةِ مِنْ فَرْضٍ وَّ وَاجِبٍ وَمُسْتَحَبٍّ فَبَقِيَتِ الْاِبَاحَةِ قِيْلَ يَسْتَحِبُّ

હિદાયહ્ના હાશિયામાં **લૈસ બિશૈઈન**ના હેઠળ ફર્માવ્યું છે કે :–

اَیْ لَیْسَ بِشَیْءٍ یَتَعَلَّقُ بِهِ الثَّوَابُ وَهُوَیَصْدُقُ عَلَی الْاِبَاحَةِ

આ લખાણોથી જાણવા મળ્યું કે **લૈસ બિશૈઈન્** મુબાહને પણ કહે છે.

વાંધો (૪) : અઝાન તો નમાઝની ખબરના માટે છે, દફનના વખતે કઈ નમાઝ થઈ રહી છે કે જેની ખબર આપવાનો હેતુ છે. કેમ કે આ અઝાન નિરર્થક છે જેથી નાજાઈઝ છે.

જવાબ : એ ખયાલ ગલત છે કે અઝાન કેવળ નમાઝની ખબર કરવા માટે છે. અમે પ્રથમ વિભાગમાં રજુ કરી ચૂક્યા છીએ કે અઝાન કેટલી જગાએ કહેવામાં આવે છે. બાળકના કાનમાં અઝાન આપવામાં આવે છે તો ત્યાં કઈ નમાઝનો સમય છે ? હુઝૂર ﷺ ના જમાનામાં રમઝાનની રાતમાં બે અઝાનો થતી હતી, એક તો શહરીના માટે જાગૃત કરવા અને બીજી ફજરની નમાઝના માટે.

તસ્કીફો : કાઠિયાવાડમાં રિવાજ છે કે ફજરની નમાઝ બાદ મુસાફો કરે છે અને યુ.પી.માં રિવાજ છે કે ઈદની નમાઝ બાદ મુઆનિકા (ગળે મળવું) કરે છે. એક ભાઈએ મને પૂછયું કે મુઆનિકા તથા મુસાફો પ્રથમ મુલાકાત વખત કરવો જોઈએ, નમાઝ બાદ તો લોકો વિદાય થઈ રહ્યા હોય છે તો પછી તે વખતે એ શા માટે થાય છે ? આ મુસાફો તથા મુઆનિકા બિદઅત છે ! જેથી હરામ છે. મેં કહ્યું, મુઆનિકા હુઝૂર ﷺ થી સાબિત છે. મિશકાત કિતાબુલ અદબમાં એક પ્રકરણ જ એનું રચવામાં આવ્યું છે : બાબુલ મુસાફા વ મુઆનિકા અને ત્યાં લખ્યું કે હુઝૂર عليه الصلوٰة والسلام એ ઝૈદ ઈબ્ને હારિષા رضی اللہ عنہ થી મુઆનિકો કર્યો. હદીષની રવિશ દર્શાવે છે કે મુઆનિકો ખુશીનો હતો અને ઈદનો દિવસ પણ ખુશીનો દિવસ છે એટલા માટે ખુશી પ્રદર્શિત કરવામાં મુઆનિકા કરે છે તેમ જ દુર્રે મુખ્તાર, ભાગ–૫, બાબુલ કરાહિયતે બાબિલ ઈસ્તિબરાઅ્માં છે :–

اَیْ کَمَا تَجُوْزُ الْمُصَافَحَةُ وَلَوْ بَعْدَ الْعَصْرِ وَقَوْلُهُمْ اَنَّهٗ بِدْعَةٌ اَیْ مُبَاحَةٌ حَسَنَةٌ

كَمَا اَفَادَهُ النَّوَوِیُّ فِیْ اَذْكَارِهٖ

મુસાફો જાઈઝ છે ભલે અસ્રની નમાઝ બાદ હોય, અને ફકીહોનું ફર્માવવું કે અસ્ર બાદ મુસાફો બિદઅત છે. એટલે મુબાહ મુસ્તહબ બિદઅત. જેમ કે નવવીએ પોતાના અઝકારમાં ફર્માવ્યું. એના હેઠળ શામીમાં ફર્માવે છે :–

اِعْلَمْ اَنَّ الْمُصَافَحَةَ مُسْتَحَبَّةٌ عِنْدَ كُلِّ لِقَاءٍ وَاَمَّا مَاعْتَادَهُ النَّاسُ مِنَ الْمُصَافَحَةِ بَعْدَ صَلٰوةِ الصُّبْحِ فَلَا اَصْلَ لَهٗ فِى الشَّرْعِ عَلٰى هٰذَا الْوَجْهِ وَلٰكِنْ لَا بَاْسَ بِهٖ وَتَقْيِيْدِهٖ بِمَا بَعْدَ الصُّبْحِ وَالْعَصْرِ عَلٰى عَادَةٍ كَانَتْ فِىْ زَمَنِهٖ وَاِلَّافَعَقِبَ الصَّلَوَاتِ كُلِّهَا كَذٰلِكَ

દરેક મુલાકાત વખતે મુસાફો કરવો મુસ્તહબ છે અને ફજર બાદ મુસાફાનો જે રિવાજ છે એની શરીઅતમાં કોઈ અસ્લ નથી. પરંતુ એમાં વાંધો પણ નથી અને સવાર તથા અસરની કૈદ કેવળ લોકોની આદતના કારણે છે, નહીં તો દરેક નમાઝ બાદ મુસાફાનો આ જ હુકમ છે. એના પરથી જણાય છે કે છેવટે મુસાફો જાઈઝ છે, છતાં તેને તસલ્લી ન થઈ અને એ જ કહેતો રહ્યો કે મુસાફો તથા મુઆનિકો પ્રથમ મુલાકાતના સમયે જ હોવો જોઈએ. મેં કહ્યું કે સારું બતાવો ! પ્રથમ મુલાકાત કોને કહે છે ? બોલ્યો, ગાયબ થવા બાદ જ્યારે મળે તો એ પ્રથમ મુલાકાત છે. મે કહ્યું, ગાયબ થવાની બે સ્થિતિઓ છે ! એક તો એ કે શરીરથી ગાયબ થાય, બીજી એ કે દિલી તૌર પર ગાયબ થાય. નમાઝની હાલતમાં જો કે જાહેરી રીતે તમામ મુક્તદી તથા ઈમામ એક જગાએ જ રહ્યા પણ હુકમી લેહાઝથી સૌ એકબીજાથી ગાયબ હતા કે ન કોઈનાથી વાતચીત કરી શકે ન એકબીજાની મદદ, બલ્કે એ તમામ લોકો દુનિયાથી જ ગાયબ છે કે ખાવા, પીવા, હરવા ફરવા તમામ દુનિયાવી કામ હરામ છે અને اَلصَّلٰوةُ مِعْرَاجُ الْمُؤْمِنِيْنَ નો નકશો નજર આવી રહ્યો છે, દુનિયાથી તદ્દન તઅલ્લુક કપાયેલો છે અને અલ્લાહને મળી ગયા છે, જ્યારે સલામ ફેરવી તો હવે દુનિયામાં આવ્યા ! તમામ દુનિયાવી કામ હલાલ થઈ ગયાં. હવે આ સમય ગાયબ થવા બાદ મળવાનો છે જેથી મુસાફો સુન્નત છે. તે કહેવા લાગ્યો કે આ તો ફિલોસોફીથી સમજાવી આપ્યું, શરીઅતે તો એને મુલાકાતનો સમય

નથી માન્યો ! મેં કહ્યું કે માન્યો છે. એ વખતે સલામ કોને કરો છો અને શા માટે કરો છો ? ઈમામે જોઈએ કે સલામમાં મુક્તદીઓ અને ફરિશતાઓને સલામ કરવાની નિય્યત કરે અને મુક્તદીઓ ઈમામને તથા ફરિશતાઓને, અને એકલો નમાઝી કેવળ ફરિશતાઓની નિય્યત કરે અને સલામ કયાં તો મુલાકાતના સમયે થાય છે ક્યાં તો વિદાય વેળાએ, તો બતાવો ! આ સલામ કેવી ? શું આ લોકો ક્યાંકથી આવી રહ્યા છે કે જઈ રહ્યા છે ? જઈ તો નથી રહ્યા કેમ કે હજી દુઆ માંગશે, વઝીફો પઢશે, અમુક લોકો ઈશરાક પઢીને ઊઠશે મુસાફો પણ કરે તો શો વાંધો છે ? અલ્હમ્દુલિલ્લાહ ! કે તેને તસલ્લી થઈ ગઈ. એ જ પ્રમાણે આ અઝાનનો મસ્અલો છે.

બુઝુર્ગોના ઉર્સની ચર્ચા

આ ચર્ચાના બે વિભાગો છે : પ્રથમ વિભાગ ઉર્સની સાબિતીમાં, બીજો વિભાગ ઉર્સના મસ્અલા પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ ઉર્સની સાબિતી બાબતે ચર્ચા ★

ઉર્સનો શાબ્દિક અર્થ છે શાદી (ખુશી). એટલા માટે દુલ્હા તથા દુલ્હનને **ઉરૂસ** કહે છે. દીનના બુઝુર્ગોની વફાતની તારીખને એટલા માટે ઉર્સ કહે છે કે મિશ્કાત બાબે અષ્બાતે અઝાબે કબ્રમાં છે કે જ્યારે નકીરૈન મૈયતની પરીક્ષા લે છે અને તે કામયાબ થાય છે તો તે કહે છે :–

لَمْ كَنَوْمَةِ الْعُرُوْسِ الَّذِىْ لَايُوْقِظُهٗ اِلَّا اَحَبُّ اَهْلِهٖ اِلَيْهِ "તું એ દુલ્હનની જેમ સૂઈ જા જેને તેના પ્યારા સિવાય કોઈ નથી ઉઠાડી શકતું." તો એ દિવસને નકીરૈને **ઉરૂસ** કહ્યો. એટલા માટે તે દિવસ ઉર્સનો દિવસ કહેવાયો. અથવા એટલા માટે કે તે જમાલે મુસ્તફા ﷺ ને જોવાનો દિવસ છે, કેમ કે નકીરૈન બતાવીને પૂછે છે, કે તું એમને શું કહેતો હતો ? અને તે તો ખલ્કતના દુલ્હા છે તમામ આલમ એમના જ દમની બહાર (વસંત) છે અને અને મહબૂબના વિસાલ (મિલન)નો દિવસ ઉર્સનો દિવસ છે જેથી એ દિવસ ઉર્સ કહેવાયો. અથવા ઉર્સની હકીકત કેવળ એટલી જ છે કે દર વર્ષે વફાતની તારીખે કબ્રની ઝિયારત કરવી અને કુર્આન ખ્વાની તથા સદકાઓનો સવાબ પહોંચાડવો. આ અસલ ઉર્સની સાબિતી હદીષે પાક અને ફકીહોના કથનો (અકવાલ)થી છે.

શામી, ભાગ–૧, બાબિ ઝિયારતિલ્ કુબૂરમાં છે :–

رَوٰى اِبْنُ اَبِىْ شَيْبَةَ اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَاْتِىْ قُبُوْرَ الشُّهَدَاءِ بِاُحُدٍ عَلٰى رَاسِ كُلِّ حَوْلٍ

ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી કે હુઝૂર ﷺ દર વર્ષે ઓહદના શહીદોની કબ્રો પર તશરીફ લઈ જતા હતા તફસીરે કબીર અને તફસીરે દુર્રે મન્થૂરમાં છે :–

عَنْ رَسُوْلِ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ اَنَّهٗ كَانَ يَاْتِىْ قُبُوْرَ الشُّهَدَاءِ عَلٰى رَاسِ كُلِّ حَوْلَ فَيَقُوْلُ سَلَامٌ عَلَيْكُمْ بِمَا صَبَرْتُمْ فَنِعْمَ عُقْبَى الدَّارِ وَالْخُلَفَاءِ الْاَرْبَعَةِ هٰكَذَا كَانُوْا يَفْعَلُوْنَ ـ

હુઝૂર ﷺ થી સાબિત છે કે આપ દર વર્ષે શહીદોની કબરો પર જતા હતા અને તેમને સલામ કહેતા હતા અને ચારેય ખલીફા પણ આવું જ કરતા હતા.

શાહ અબ્દુલ અઝીઝ સાહબ ફતાવા અઝીઝિયા, પેજ–૪૫ માં ફર્માવે છે :

(અર્થ) : ''બીજુ એ કે ઘણા બધા લોકો ભેગા થાય અને ખત્મે કુર્આન કરે અને ખાવા તથા શીરીની પર ફાતેહા કરીને હાજરજનોમાં વહેંચે આ રીત હુઝૂર ﷺ ના જમાનામાં રિવાજ પામેલ ન હતી, પરંતુ જો કોઈ કરે તો વાંધો નથી બલ્કે જીવતાઓથી મુડદાઓને ફાયદો હાંસલ થાય છે.''

''ઝુબ્દતુન્નસાએહ્ ફી મસાઈલુ ઝ્ઝબાએહ્''માં શાહ અબ્દુલ અઝીઝ સાહબ અને મોલ્વી અબ્દુલ હકીમ સાહબ સિયાલકોટી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ને જવાબ આપતાં ફર્માવે છે કે :–

(અર્થ) : ''આ તાણો લોકોનું હાલાતથી ખબરદાર ન હોવાના કારણે છે, કોઈ શખ્સ પણ શરીઅતના નિશ્ચિત કરેલા ફર્ઝોના સિવાયને ફર્ઝ નથી જાણતો. હા, સાલેહીનની કબરોથી બરકત લેવી અને ઈસાલે સવાબ અને તિલાવતે કુર્આન અને શીરીની તથા ખાવાની વહેંચણીથી તેમની મદદ કરવી ઉમ્મતના ઈજમાઅથી સારું છે.'' હઝરત શૈખ અબ્દુલ કુદ્દુસ ગંગોહી મકતૂબ ૧૮૨માં મૌલાના જલાલુદ્દીનને લખે છે : ''પીરોનો ઉર્સ પીરોના તરીકાથી કવ્વાલી (વાજિંત્રો વિનાની) તથા સફાઈની સાથે ચાલુ રાખો.'' મોલ્વી રશીદ અહમદ ગંગોહી દેવબંદી તથા અશરફ અલી થાણવીના પીર હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ પોતાના ''ફૈસલા હફ્ત મસાઈલ''માં ઉર્સના જાઈઝ હોવા વિશે ખૂબ ભારપૂર્વક

જણાવે છે અને ખૂદ પોતાનો અમલ આ પ્રમાણે વર્ણવે છે કે : ફકીરનો મઝહબ આ બાબતે એ છે કે દર વર્ષે મારા પીરો મુર્શિદની રૂહ મુબારક પર ઈસાલે સવાબ કરું છું. પ્રથમ કુર્આન ખ્વાની થાય છે અને ક્રમે ક્રમે જો સમય વધારે હોય તો મૌલૂદ પઢવામાં આવે છે. પછી હાજરજનોને ખાવા ખવડાવવામાં આવે છે અને એનો સવાબ બખ્શી આપવામાં આવે છે. મોલ્વી રશીદ અહમદ સાહબ અસલ ઉર્સને જાઈઝ માને છે. જેમ કે ફતાવા રશીદિયહ્, ભાગ–૧, કિતાબુલ બિદઆત, પેજ–૯૨માં ફર્માવે છે : "ઘણી બધી ચીજો છે કે પહેલાં મુબાહ હતી પછી કોઈ વખત મના થઈ ગઈ. ઉર્સ તથા મૌલૂદની મજલિસનું પણ એવું જ છે. અરબવાસીઓથી જાણવા મળ્યું કે અરબ શરીફના લોકો હઝરત સૈયદ અહમદ બદવી عليه الرحمة والرضوان નો ઉર્સ ખૂબ જ ધામ ધૂમથી કરે છે, ખાસ કરીને મદીના મુનવ્વરાના આલિમો હઝરત હમ્ઝા رضي الله عنه નો ઉર્સ કરતા રહ્યા છે, જેમનો મઝાર મુબારક ઓહદ પહાડ પર છે. (અત્યારે નજદીઓએ મઝાર રહેવા દીધો નથી સૌ જમીન દોસ્ત કરી નાખ્યું છે. અલ્લાહ નજદી બલાથી બચાવે. *-अनुवादक*)

મતલબ કે દુનિયાભરના મુસલમાન ખાસ કરીને મદીનાવાસીઓ ઉર્સ કરતા રહ્યા છે અને જેને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું છે. બુદ્ધિ પણ ચાહે છે કે બુઝુર્ગોનો ઉર્સ ઉમદા ચીજ છે. પ્રથમ તો એટલા માટે કે ઉર્સ કબ્રોની ઝિયારત તથા સદકા ખૈરાતનો સમૂહ છે. કબ્રોની ઝિયારત પણ સુન્નત સદકો પણ સુન્નત, તો પછી બે સુન્નતોનું સંગમ હરામ કઈ રીતે થઈ શકે છે ? મિશ્કાત ઝિયારતિલ કુબૂરમાં છે કે હુઝૂર ﷺ ફર્માવે છે કે "મેં તમને કબ્રોની ઝિયારતથી મના કર્યું હતું, હવે જરૂરથી ઝિયારત કર્યા કરો." આનાથી દરેક રીતે કબ્રોની ઝિયારતનું જાઈઝ હોવું જણાઈ ગયું, ચાહે દરરોજ હોય કે વરસ પછી, અને ચાહે એકલા ઝિયારત કરવામાં આવે અથવા ભેગા મળીને. હવે પોતાના તરફથી એમાં પાબંદીઓ લગાડવી કે મજમા સાથે ઝિયારત કરવી મના, વરસ પછી નિશ્ચિત દિવસ ઝિયારત કરવી મના, વગેરે તદ્દન નિરર્થક વાતો છે. નિશ્ચિત કરીને હોય કે વગર નિશ્ચિત કર્યે દરેક રીતે જાઈઝ છે. બીજુ એટલા માટે કે ઉર્સની તારીખ નિશ્ચિત થવાથી લોકોને એકત્ર થવામાં

સરળતા રહે છે અને લોકો ભેગા મળીને કુર્આન ખ્વાની, કલ્મા તૈયેબહ, દુરૂદે પાક વગેરે પઢે છે, ઘણી બરકતો ભેગી થઈ જાય છે. ત્રીજુ એટલા માટે કે એક પીરના મુરીદો તે તારીખમાં વિના તકલીફે પોતાના પીર ભાઈઓથી મળી લે છે જેનાથી એક બીજાના હાલાતથી વાકેફિયત થાય છે અને આપસમાં મહોબ્બત વધે છે. ચોથુ એ કે તલબવાળાઓને પીર શોધવામાં સરળતા રહે છે. જો કોઈ ઉર્સમાં પહોંચે તો ત્યાં વિવિધ જગાના બુઝુર્ગાને દીન જમા થાય છે, ઉલમા તથા સૂફીઓનો મજમો હોય છે, સૌને જોઈને જેનાથી અકીદત હોય તેનાથી બયઅત કરી લે. વળી હજ્જ તથા મદીનાની ઝિયારત પણ નિશ્ચિત તારીખે જ થાય છે તેમાં પણ એ જ ફાયદા સમાયેલા છે. અમે દેવબંદીઓના મોટેરાઓની કબ્રો પણ જોઈ છે, ન ત્યાં રોનક ન કોઈ ફાતેહા ખ્વાં ન તેને ઈસાલે સવાબ ન કોઈને તેનાથી ફયઝ ! નેક કામો બંધ કરવાની આ બરકતો છે !

(બીજો વિભાગ)

★ ઉર્સના મસ્અલા પર વાંધાઓ અને તેના જવાબો ★

વાંધો (૧) : જેને તમે મૃત્યુ બાદ વલી સમજો છો અને ઉર્સ કરો છો, તો તમને શું ખબર કે એ વલી છે ? કોઈના ખાત્મા પર યકીન નથી કરી શકાતું કે તે મુસલમાન મર્યો કે બેદીન થઈને મર્યો. તો પછી કોઈની વિલાયત કેમ કરીને જાણી શકાય છે ? મોટા મોટા સાલેહ લોકો કાફિર થઈને મરે છે !

જવાબ : જિંદગીના જાહેરી હુકમો મૌત પછી ચાલુ રહે છે. જે જિંદગીમાં મુસલમાન હતો તો મૃત્યુ પછી પણ તેને મુસલમાન સમજીને તેની નમાઝે જનાઝા, કફન દફન, વારસાની વહેંચણી વગેરે કરવામાં આવશે અને જે જિંદગીમાં કાફિર હતો તો મૌત પછી ન તેની જનાઝાની નમાઝ થશે ન કબ્ર કે કફન ન વારસાની વહેંચણી. શરીઅતનો હુકમ જાહેર પર થાય છે, કેવળ શંકા વિશ્વસનીય નથી. એ જ પ્રમાણે જે જિંદગીમાં વલી હોય તે મૃત્યુ બાદ પણ વલી છે. જો કેવળ શંકા પર હુકમો લાગુ થાય તો કાફિરોની નમાઝે જનાઝા પઢી લીધા કરો ! કદાચ મુસલમાન થઈને મર્યો હોય ! અને મુસલમાનને જનાઝાની નમાઝ પઢયા વિના આગમાં ઝોંકી દીધા કરો ! કદાચ કાફિર થઈને

મર્યો હોય ! તેમ જ મિશ્કાત કિતાબુલ જનાઈઝ બાબિલ મસ્સા બિલ જનાઝામાં મુસ્લિમ તથા બુખારીની રિવાયતથી છે કે હુઝૂર ﷺ ની સામેથી એક જનાઝો ગુજર્યો જેની લોકોએ તારીફ કરી તો આપે ફર્માવ્યું, "વાજિબ થઈ ગઈ." બીજો જનાઝો પસાર થયો જેની લોકોએ બુરાઈ કરી. તો ફર્માવ્યું, "વાજિબ થઈ ગઈ." હઝરત ઉમરે પૂછયું કે શું વાજિબ થઈ ગઈ ? ફર્માવ્યું, "પહેલાના માટે જન્નત અને બીજાના માટે દોઝખ." પછી ફર્માવ્યું, "તમે જમીનમાં અલ્લાહના ગવાહ છો." જેનાથી જાણવા મળ્યું કે આમ મુસલમાનો જેને વલી સમજે તે અલ્લાહની નજીક પણ વલી છે મુસલમાનોના મોઢેથી એ જ વાત નીકળે છે કે જે અલ્લાહને ત્યાં થાય છે. એ જ પ્રમાણે જે ચીજને મુસલમાન સવાબ જાણે, હલાલ માને તે અલ્લાહના નજીક પણ સવાબનો સબબ તથા હલાલ છે, કેમ કે મુસલમાન અલ્લાહના ગવાહ છે.

એની હદીષે સ્પષ્ટતા કરી :–

مَارَاٰهُ الْمُؤْمِنُوْنَ حَسَنًا فَهُوَ عِنْدَ اللّٰهِ حَسَنٌ "જેને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું છે."

કુર્આન ફર્માવે છે :–

وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ "અમે તમને ઉમ્મતે આદિલા બનાવી જેથી તમે લોકો પર ગવાહ રહો." મુસલમાન કયામતમાં પણ ગવાહ અને દુનિયામાં પણ ગવાહ. રબ્બે કરીમની હક્કાનિયત તથા રસૂલુલ્લાહ ﷺ ની સદાકત (સચ્ચાઈ)ની સાબિતીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ તથા અન્ય બુઝુર્ગોની ગવાહી પેશ કરી, કે ફર્માવ્યું : وَشَهِدَ شَاهِدٌ مِّنْ بَنِىْ اِسْرَائِيْلَ عَلٰى مِثْلِهٖ જ્યારે સાલેહ મોમિનની ગવાહીથી નબુવ્વત સાબિત કરવામાં આવી શકે છે તો વિલાયત તો એથીય વિશેષ રીતે સાબિત થઈ શકે છે અને જ્યારે એ ગવાહીથી આખા કુર્આને પાકની સાબિતી થઈ શકે છે તો કોઈ શરઈ મસ્અલાની સાબિતી એથીય વિશેષ કક્ષાએ સાબિત થશે ?

જરૂરી નોંધ : આ સવાલ મક્કા મુકર્રમામાં હરમ શરીફના નજ્દી ઈમામ

કર્યો હતો. એક મજમાની સામે તેનો મેં આ જ જવાબ આપ્યો હતો. જેના પર તેણે કહ્યું કે એ સહાબાએ કિરામના માટે હતું કે તેઓ જેના વિશે જે ગવાહી આપે તેવો જ થઈ જાય, કેમ કે ત્યાં ફર્માવ્યું છે **અન્તુમ** આપણે એ સંબોધનમાં સામેલ નથી, કેમ કે તે સમયે મૌજૂદ ન હતા. મેં કહ્યું કે એ જ મિશ્કાતમાં એ જ જગાએ છે :–

وَفِىْ رِوَايَةٍ اَلْمُؤْمِنُوْنَ شُهَدَاءُ اللّٰهِ فِى الْاَرْضِ ''એક રિવાયતમાં છે કે મુસલમાન અલ્લાહના ગવાહ છે જમીનમાં ''એમાં **અન્તુમ** નથી તેમજ કુર્આનમાં સર્વ અહકામ (હુકમો) સંબોધન વાચક રીતે આવ્યા. اَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ વગેરે અને આપણે કુર્આનના નુઝૂલના સમયે ન હતા જેથી આપણે તે તમામ હુકમોથી અલિપ્ત છીએ ?! એ સૌ બાબતો કેવળ સહાબા માટે હતી ?! કુર્આન હદીષનાં સંબોધનોમાં કયામત સુધીના મુસલમાનો સામેલ હોય છે. અલ્હમ્દુલિલ્લાહ ! ઈમામ સાહબને આ જવાબ પર ગુસ્સો તો આવી ગયો પણ જવાબ ન આવડયો !

વાંધો (૨) : હદીષ શરીફમાં છે : لَاتَتَّخِذُوْا قَبْرِىْ عِيْدًا ''મારી કબ્રને ઈદ ન બનાવો.'' જેનાથી જાણવા મળ્યું કે કબ્ર પર લોકોનો મજમો કરવો, ભીડ લગાડવી મના છે કેમ કે ઈદથી મુરાદ મેલો (ભીડ) છે, અને ઉર્સમાં ઈજતેમા થાય છે, મેળો (ભીડ) લાગે છે જેથી હરામ છે.

જવાબ : એ ક્યાંથી માલૂમ પડયું કે ઈદથી મતલબ છે લોકોનું એકત્ર થવું અને હદીષનો અર્થ છે કે મારી કબ્ર પર ભેગા ન થાવ, એકલા એકલા આવ્યા કરો ! ઈદના દિવસે ખુશીઓ મનાવવામાં આવે છે, મકાનોને શણગારવામાં આવે છે, ખેલકૂદ પણ થાય છે. એ જ આ જગાએ મુરાદ છે એટલે કે અમારી કબ્રે અન્વર પર હાજર થાવ તો બાઅદબ આવો. અહીં આવીને શોર ન મચાવો, ખેલકૂદ ન કરો. જો કબ્ર પર જમા થવું મના છે તો આજે મદીના મુનવ્વરાની તરફ કાફલા પણ જાય છે, નમાઝ બાદ લોકો હાજર થઈને સલામ અર્ઝ કરે છે. હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ 'ફૈસલા હફત મસ્અલા'માં ઉર્સની ચર્ચા હેઠળ જણાવે છે : لَاتَتَّخِذُوْا قَبْرِىْ عِيْدًا એનો સહીહ અર્થ એ છે કે કબ્ર પર મેળો લગાડવો અને ખુશીઓ અને શણગાર, ધુમધામની વ્યવસ્થા એ

મના છે અને એ અર્થ નથી કે કબ્ર પર ભેગા થવું મના છે, નહીં તો મદીનાપાક કાફલાઓનું રોઝા શરીફની ઝિયારતના માટે જવું પણ મના થાય, જેથી એ બાતિલ છે. તો હક્ક એ છે કે વ્યક્તિગત રીતે કે સામૂહિક રીતે ઝિયારત બંને રીતે જાઈઝ છે અથવા હદીષનો મતલબ એ છે કે તમો અમારી કબ્ર પર જલ્દી જલ્દી આવ્યા કરો, ઈદની જેમ વરસભર પછી ન આવશો.

વાંધો (૩) : આમ ઉર્સોમાં સ્ત્રીઓ, પુરૂષોની ભેળસેળ થાય છે, નાચ રંગ થાય છે, કવ્વાલી ગાવામાં આવે છે. મતલબ કે બુઝુર્ગોનો ઉર્સ સેંકડો હરામ કામોનો સમૂહ છે એટલા માટે એ હરામ છે.

જવાબ : એનો સંક્ષિપ્ત જવાબ તો એ છે કે મસ્નૂન કે જાઈઝ કામમાં હરામ ચીજોના ભળી જવાથી અસલ હલાલ કામ હરામ નથી થઈ જતું, બલ્કે હરામ તો હરામ રહે છે અને હલાલ, હલાલ રહે છે.

શામી ઝિયારતે કુબૂરની ચર્ચામાં કિતાબુલ જનાઈઝમાં છે :–

وَلَاتُتْرَكُ لِمَا يَحْصُلُ عِنْدَهَا مِنْ مُنْكَرَاتٍ وَمَفَاسِدَ كَاِخْتِلَاطِ الرِّجَالِ بِالنِّسَآءِ وَغَيْرِهَا لِاَنَّ الْقُرُبَاتِ لَاتُتْرَكُ لِمِثْلِ ذٰلِكَ بَلْ عَلَىَ الْاِنْسَانِ فِعْلُهَا وَاِنْكَارُ الْبِدَعِ قُلْتُ وَيُؤَيِّدُهٗ مَامَرَّ مِنْ عَدَمِ تَرْكِ اِتِّبَاعِ الْجَنَازَةِ وَاِنْ كَانَ مَعَهَا نِسَآءٌ نَائِحَاتٌ

"ઝિયારતે કુબૂર એટલા માટે ન છોડે કે ત્યાં નાજાઈઝ કામો થાય છે, જેમ કે સ્ત્રી પુરૂષોની ભેળસેળ. કેમ કે એના જેવી નાજાઈઝ વાતોથી મુસ્તહબો નથી છોડવામાં આવતા બલ્કે ઈન્સાન પર જરૂરી છે કે કબ્રોની ઝિયારત કરે અને બિદઅતને રોકે. તેનું સમર્થન તે પાછલો મસ્અલો કરે છે કે જનાઝાની સાથે જવાનું ન છોડે ભલે તેની સાથે તોહા કરનારીઓ (રડવા પીટવાવાળીઓ) હોય." ફતહે મક્કાથી પહેલાં ખાનાએ કાબામાં મૂર્તિઓ હતી અને સફા મરવા પહાડ ઉપર પણ મૂર્તિઓ હતી પણ મૂર્તિઓના કારણે મુસલમાનોએ ન તો તવાફ છોડયા અને ન ઉમરા. જ્યારે અલ્લાહે શક્તિ આપી તો મૂર્તિઓને નાબૂદ કરી દીધી. આજે બજારોમાં, રેલ્વેની મુસાફરીઓમાં અને દુનિયાવી જલસાઓમાં સ્ત્રી પુરૂષોની ભેળસેળ થાય છે, ખૂદ હાજીઓના જહાઝોમાં (વિમાનોમાં), કેટલીકવાર તવાફમાં, મિના તથા મુઝદલ્ફામાં સ્ત્રી પુરૂષોની

ભેળસેળ થઈ જાય છે પણ તેના કારણે અસલી ચીજને કોઈ નથી મના કરતુ. દીની મદ્રસાઓમાં પણ મોટાભાગના પ્રસંગોએ કાળજી નથી રહેતી પણ તેના કારણે મૂળ મદ્રસાનાં કામો હરામ નથી થઈ જતાં. એ જ પ્રમાણે ઉર્સનું છે કે સ્ત્રીઓનું ત્યાં જવું હરામ છે, નાચ રંગ હરામ છે, પરંતુ તેના કારણે અસલ ઉર્સ શાથી હરામ થાય ?! બલ્કે ત્યાં જઈને તેના જેવી નાજાઈઝ રસમોને રોકો, લોકોને સમજાવો. જુઓ, ઈબ્ને કૈસ મુનાફિકે અર્ઝ કરી હતી કે મને ગઝવએ તબૂકમાં શરીક ન કરો કેમ કે રોમ તથા શામની સ્ત્રીઓ ખૂબસૂરત છે અને હું સ્ત્રીઓનો શયદાઈ છુ, મને ફિત્નામાં ન નાખો. પણ કુર્આને કરીમે આ ઉઝરની રદ આ રીતે ફર્માવી કે اَلَافِى الْفِتْنَةِ سَقَطُوْا وَاِنَّ جَهَنَّمَ لَمُحِيْطَةٌ بِالْكَافِرِيْنَ આ બહાનાને રબે કુફ તથા જહન્નમનો ઝરીયો બતાવ્યો. જુઓ તફસીરે કબીર તથા રૂહુલ બયાન એ જ બહાનું આજે દેવબંદી કેવળ રોકવા માટે જ કરે છે.

આજે શાદી વિવાહમાં સેંકડો હરામ રસ્મો થાય છે જેનાથી મુસલમાન તબાહ પણ થાય છે અને ગુનેહગાર પણ બને છે, પરંતુ એ રસ્મોના કારણે નિકાહને હરામ કહીને કોઈ બંધ નથી કરતુ.

કવ્વાલી આજકાલ જે સામાન્યત : રિવાજ પામેલ છે જેમાં ગંદા વિષયના શેઅરો ગાવામાં આવે છે અને ફાસિક તથા અમરદોની ભીડ તથા કેવળ અવાજ પર નાચ થાય છે એ ખરેખર હરામ છે, પરંતુ જો કોઈ જગાએ તમામ શરતો સાથે કવ્વાલી **(વાજિંત્રો વિના)** થાય, ગાનારા, સાંભળનારા સૌ અહલ (લાયક) હોય તો તેને હરામ નથી કહી શકતા. મોટા મોટા સૂફીયાએ કિરામે કવ્વાલીને ખાસ અહ્લ (લાયકાતવાળા) માટે જાઈઝ ફર્માવી અને નાઅહલના માટે હરામ કરી. તેની અસ્લ તે હદીષ છે જે મિશકાત કિતાબુલ મનાકિબ બાબિ મનાકિબે ઉમરમાં છે કે હુઝૂર ﷺ ની સામે એક લોંડી દફ વગાડી રહી હતી, સિદ્દીકે અકબર આવ્યા તો તે વગાડતી રહી, ઉષ્માન ગની આવ્યા તો વગાડતી રહી પણ જ્યારે ફારૂકે આ'ઝમ આવ્યા તો દફને પોતાની નીચે રાખીને બેસી ગઈ. હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે, અય ઉમર ! તમારાથી શૈતાન ડરે છે. સવાલ એ છે કે આ દફ વગાડવી શૈતાની કામ હતુ કે નહીં ? જો હતું તો શું

હુઝૂર ﷺ અને સિદ્દીકે અકબર તથા ઉષ્માનગની رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી શૈતાનને ડર ન લાગ્યો અને એમાં ખૂદ હુઝૂર ﷺ તથા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ એ શિર્કત શા માટે કરી ? જો શૈતાની કામ ન હતું તો હુઝૂર ﷺ ના આ ફર્માનનો શો અર્થ ? જવાબ એ જ છે કે હઝરત ફારૂકના આવતા પહેલાં એ કામ શૈતાની ન હતું જેથી થતુ રહ્યું, અને ફારૂકે આ'ઝમના આવતાં જ શૈતાની બની ગયું તો બંધ થઈ ગયું. **એટલા માટે સૂફિયાએ કિરામે એના પર છ શર્તો લગાડી છે.** એમાંથી એક શરત એ પણ છે કે મજલિસમાં કોઈ ગૈર અહલ ન હોય, નહીં તો શૈતાનની એમાં શિર્કત થઈ જશે. જેમ કે ખાણાની મજલિસમાં જો કોઈ 'બિસ્મિલ્લાહ' પઢયા વિના ખાવાનું શરૂ કરી આપે તો શૈતાન પણ તેમાં શરીક થઈ જાય છે. એનાથી એ લાઝિમ નથી થતું કે હઝરત ઉમરનો દરજ્જો કાંઈક કમ છે, બલ્કે સહાબાએ કિરામના મશરબ (મઝહબ) અલગ અલગ છે, અમુકની ઉપર ઈત્તેબાઅ (ફર્માબરદારી) ગાલિબ છે તો અમુક પર મહોબ્બતનો જઝબો ગાલિબ છે એટલા માટે અસરો વિભિન્ન છે. જો કોઈ ગૌષ અથવા કુતુબ બિસ્મિલ્લાહ વિના ખાવામાં શિર્કત કરે તો એમાં શૈતાનની શિર્કત થઈ જાય છે, એનાથી એ ગૌષની તૌહીન નથી થતી.

શામી, ભાગ–૫, કિતાબુલ કરાહિયત ફસ્લ ફિલ્લબસથી થોડેક આગળ છે :

اَلَّهُ اللَّهُوِ لَيْسَتْ مُحَرَّمَةً لِعَيْنِهَا بَلْ لِقَصْدِ اللَّهُوِ مِنْهَا اَلَا تَرٰى اَنَّ ضَرْبَ تِلْكَ الْاٰلَةِ بِعَيْنِهَا اُحِلَّ تَارَةً وَّحُرِّمَ اُخْرٰى وَفِيْهِ دَلِيْلٌ لِسَادَاتِنَا الصُّوْفِيَةِ الَّذِيْنَ يَقْصُدُوْنَ بِسَمَاعِهَا اُمُوْرًا هُمْ اَعْلَمُ بِهَا فَلَا يُبَادِرُ الْمُعْتَرِضُ بِالْاِنْكَارِ كَيْ لَا يَحْرُمُ بَرَكَتَهُمْ فَاِنَّهُمُ السَّادَةُ الْاَخْيَارِ

તફસીરાતે અહમદિયા, પારા–૨૧, સૂરએ લુકમાન આયત :–

وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِىْ لَهْوَ الْحَدِيْثِ હેઠળમાં આ કવ્વાલીની ખૂબ જ તેહકીક કરી, છેવટે ફૈંસલો એ ફર્માવ્યો કે અહલના માટે હલાલ છે અને નાઅહલના માટે હરામ છે.

પછી ફર્માવે છે કે :—

وَبِهٖ نَاخُذُ لِاَنَّا شَهِدَنَا اَنَّهٗ نَشَآءَ مِنْ قَوْمٍ كَانُوْا عَارِفِيْنَ وَمُحِبِّيْنَ لِرَسُوْلِ اللّٰهِ وَكَانُوْا مَعْذُوْرِيْنَ لِغَلَبَةِ الْحَالِ وَيَسْتَكْثِرُوْنَ السِّمَاعَ لِلْغِنَاءِ وَكَانُوْا يَحْسَبُوْنَ ذٰلِكَ عِبَادَةً اَعْظَمَ وَجِهَادًا اَكْبَرَ فَيَحِلُّ لَهُمْ خَاصَّةً اِنْتَهٰى مُلْحِضًا

હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ ફૈસલા હફ્ત મસ્અલામાં ઉર્સ કવ્વાલીની ચર્ચા હેઠળ જણાવે છે કે, ''મુહકિક્કોનું કથન છે કે જો જાઈઝની શરતો જમા હોય અને અવરોધો દૂર થઈ જાય તો જાઈઝ છે, નહીં તો નાજાઈઝ. મોલ્વી રશીદ અહમદ ગંગોહી ફતાવા રશીદિયહ્, પેજ—૬૧ પર લખે છે, ''વાંજિત્રો વિના રાગનું સાંભળવું જાઈઝ છે.'' જો ગાનારો ફસાદ (ખરાબી) પેદા કરનાર ન હોય અને રાગનું મઝમૂન શરીઅત વિરૂદ્ધ ન હોય અને ધુનની જેમ હોવું કાંઈ વાંધાજનક નથી'' સારાંશ એ કે **કવ્વાલી (વાજિંત્રો વિના)** અહલ (લાયક)ના માટે શરતો સાથે જાઈઝ છે અને શર્તો વિના અને નાઅહલના માટે **હરામ** છે. કવ્વાલી એની શરતો સાથે જાઈઝ છે. અને શર્તો વિના અને નાઅહલના માટે હરામ છે. કવ્વાલીની શરતો અલ્લામા શામીએ એ જ કિતાબુલ કરાહિયહ્માં છ વર્ણવી છે :—

(૧) મજલિસમાં કોઈ અમરદ કે દાઢી વિનાનો છોકરો ન હોય (૨) સૌ લોકો અહલ હોય, એમાં કોઈ નાઅહલ ન હોય. (૩) કવ્વાલની નિય્યત સાફ હોય, ભાડુ (પૈસા) લેવાની ન હોય (૪) લોકો પણ ખાવા અને મજા માણવા ન આવ્યા હોય. (૫) ગલ્બા વિના વજદમાં ઉભા ન થાય (૬) શેઅરો શરીઅત વિરૂદ્ધના ન હોય અને કવ્વાલીનો **અહલ** (લાયક) તે છે **તેને વજદની હાલતમાં જો કોઈ તલ્વાર મારે તો ખબર ન પડે.** અમુક સૂફીઓ ફર્માવે છે કે અહલ તે છે કે જો સાત દિવસ સુધી જો તેને ખાવા ન આપવામાં આવે, પછી એક તરફ ખાણુ હોય અને બીજી તરફ ગાણું તો ખાણું છોડીને ગાણું અપનાવે. **અમારી આ ચર્ચાનો મતલબ એ નથી કે આજકાલની આમ કવ્વાલીઓ હલાલ છે અથવા આમ લોકો કવ્વાલી સાંભળે** બલ્કે અમે ઘણા વિરોધીઓને સાંભળ્યા છે કે મહાન સૂફીઓને કેવળ કવ્વાલીના

કારણે ગાળો આપે છે (શરતોવાળી કવ્વાલી છતાં) અને કવ્વાલીને ઝિનાની જેમ હરામ કહે છે, એટલા માટે રજુઆત કરવી પડી કે ખૂદ તો કવ્વાલી ન સાંભળો પણ તે ઔલિયા અલ્લાહ જેમનાથી સમાઅ સાબિત છે તેમને બુરા ન કહો. કવ્વાલી એક દર્દની દવા છે, જેને દર્દ હોય તે પીએ જેને દર્દ ન હોય તે બચે. હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہ ફર્માવે છે :–

(અર્થ) : "આ કામ ન કરવુંને ન ઈન્કાર કરવો." મેં લોકોને કહેતાં ખૂદ સાંભળ્યા કે હદીષમાં કેમ કે ગાવાની બુરાઈઓ આવી ગઈ જેથી તેની સામે ખ્વાજા અજમેરી કે ઈમામ ગિઝાલીના કૌલનો એતબાર નથી, એ સૌ ફાસિક હતા, મઆઝલ્લાહ ! એ વાક્યોથી દુઃખ થયું જેથી આ લખાણ લખી આપ્યું.

વાંધો (૪) : જો એ કાયદો સહીહ છે કે હલાલ કામમાં હરામ ભળી જવાથી હલાલ હરામ નથી થઈ જતુ, તો તાઝયાદારી, મૂર્તિપૂજકોના મેળા, ખેલ તમાશા, સિનેમા થિયેટરો વગેરે સૌ જાઈઝ થયાં ! કેમ કે એમાં કોઈ ન કોઈ કામ જાઈઝ પણ હોય જ છે, તો ત્યાં પણ એ જ કહો કે એ મજમા હરામ નથી બલ્કે એમાં બુરાં કામો છે તે હરામ છે, જે જાઈઝ છે તે હલાલ છે. તેમજ ફકીહો ફર્માવે છે કે જે વલીમામાં નાચ રંગ દસ્તરખ્વાન પર હોય ત્યાં જવું મના છે, જ્યારે કે દાવતને કબૂલ કરવું સુન્નત છે પણ તેમાં હરામ કામ ભળવાથી હરામ થઈ ગઈ, એ જ પ્રમાણે ઉર્સ પણ છે. વિરોધીઓનો આ બહુ ભારપૂર્વકનો વાંધો છે.

જવાબ : એક તો છે હરામનું કૃત્ય હલાલમાં સામેલ થવું, એક છે દાખલ થવું કે જ્યાં હરામ કાર્ય તેનું અંગ બની જાય કે એના વિના તે કામ થતુ જ ન હોય અને જો થતુ હોય તો તેનું એ નામ ન હોય. આ સંજોગોમાં હરામ કામ હલાલને પણ હરામ કરી દેશે. અને જો હરામ કાર્ય આ રીતે અંગ બનીને દાખલ ન થઈ ગયું હોય બલ્કે કદીક એમાં થતુ હોય અને કદીક નહીં જેને ભેળસેળ થવું કહે છે તો એ હરામ મૂળ હલાલને હરામ કરશે નહીં, જેમ કે કપડામાં પેશાબ લાગી ગયો અને પાણીમાં પડી ગયું તો તો કપડાનો ભાગ ન હતું પણ પાણીનો હિસ્સો બની ગયું તો હુકમમાં ખૂબ જ ફરક પડી ગયો. નિકાહ, સફર, બજાર વગેરેમાં હરામ ચીજો ભેગી થઈ જાય છે, પણ તેનો

ભાગ નથી સમજવામાં આવતી કે એના વિના નિકાહ જ ન થાય, અને તાઝીયાદારીમાં ફુઝૂલખર્ચી, વાજિંત્રો, નાજાઈઝ મેળા એ રીતે અંગ બનીને પ્રવેશી ગયાં કે કોઈ તાઝીયાદારી વગેરે એનાથી ખાલી નથી હોતી અને જો ખાલી હોય તો એને તાઝીયાદારી નથી કહેતા. જો કોઈ શખ્સ કર્બલા મુઅલ્લાનો નકશો બનાવીને ઘરમાં રાખી લે ન તો જમીનમાં દફન કરે ન હરામ ચીજો હોય તો જાઈઝ છે કેમ કે જાનદાર વિનાની તસ્વીર બનાવવી મુબાહ છે. અલ્હમ્દુલિલ્લાહ ! કે ઉર્સમાં નાચ ગાન વગેરે દાખલ નથી થયાં, ઘણા ઉર્સો આ હરામ ચીજોથી ખાલી હોય છે અને એને ઉર્સ જ કહેવામાં આવે છે. 'સરહિંદ શરીફમાં મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہ નો ઉર્સ હરામ ચીજોથી તદ્દન ખાલી હોય છે. સામાન્યત : લોકો હઝરત આમેના ખાતૂન, સૈયદેના અબ્દુલ્લાહ, ઈમામ અબૂ હનીફા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ નો ઉર્સ કરે છે તો કેવળ વાઅઝ તથા ખાવા તથા શીરીનીની વહેંચણી થાય છે. તેમ જ દરેક દાવત કબૂલ કરવી સુન્નત નથી, નાબાલિગ બાળકની દાવત, મૈયતવાળાની રિવાજ પામેલ દાવત, માલદારો જેમને ત્યાં કેવળ હરામ માલ જ હોય તેને કબૂલ કરવી નાજાઈઝ છે. એ જ પ્રમાણે જે વલીમામાં નાચ તથા રંગ રાગ ખાસ દસ્તરખાન પર હોય તેને કબૂલ કરવું મના છે એથી ઉલ્ટુ કબરોની ઝિયારત કે તે ગમે તેમ પણ સુન્નત છે જેથી હરામકામની ભેળસેળથી દાવત તો સુન્નત જ ન બની. અને ઝિયારતે કુબૂર કેમ કે મુત્લકન સુન્નત હતી તે હરામ ન થઈ. જેમ કે દફન વિધિમાં શરીક થવું સુન્નત છે તો જો ત્યાં હરામ ચીજો હોય તો એનાથી એ સુન્નત હરામ થશે નહીં. ઘણો જ બારીક ફરક છે જેને ખયાલમાં રાખવો જોઈએ.

કબરની ઝિયારત માટે સફર કરવી કેવી ?

બુઝુર્ગોના ઉર્સો, કબ્રોની ઝિયારતના માટે સફર કરવી પણ જાઈઝ તથા સવાબનો સબબ છે, દેવબંદી વગેરે તેને પણ હરામ કહે છે એટલા માટે આ ચર્ચાના પણ બે વિભાગ કરવામાં આવે છે. પ્રથમ વિભાગમાં જાઈઝ હોવાની સાબિતી અને બીજામાં એના પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ ઉર્સ માટે સફર કરવાની સાબિતી ★

સફરનો હુકમ તેના મકસદ પર આધારિત છે, એટલે કે હરામ કામના માટે સફર કરવી હરામ, જાઈઝના માટે જાઈઝ, સુન્નતના માટે સુન્નત, ફર્ઝના માટે ફર્ઝ, ફર્ઝ હજના માટે સફર કરવી પણ ફર્ઝ છે. ક્યારેક જેહાદ તથા વેપારના માટે સફર કરવી સુન્નત છે, કેમ કે એ કામ ખૂદ સુન્નત છે. રૌઝએ મુસ્તફા ﷺ ની ઝિયારતના માટે સફર વાજિબ છે કેમ કે એ ઝિયારત વાજિબ છે. દોસ્તોની મુલાકાત, શાદી, ખત્નામાં, સગાંસંબંધીઓની હાજરી, તબીબોથી ઈલાજ કરાવવા માટે સફર કરવી જાઈઝ કેમ કે એ ચીજો ખૂદ જાઈઝ છે. ચોર, ડાકૂગીરી, માટે સફર કરવી હરામ છે કેમ કે એ કામો ખૂદ હરામ છે. સારાંશ કે સફર વિશે હુકમ માલૂમ કરવો હોય તો તેના મકસદનો હુકમ જોઈ લો. ઉર્સ ખાસ કબ્રની ઝિયારતનું નામ છે જેથી એના માટેની સફર પણ સુન્નતમાં જ ગણાશે. કુર્આને કરીમમાં ઘણી સફરો સાબિત છે :–

وَمَنْ يَخْرُجْ مِنْ بَيْتِهٖ مُهَاجِرًا اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ يُدْرِكْهُ الْمَوْتُ فَقَدْ وَقَعَ اَجْرُهٗ عَلَى اللّٰهِ

''જે શખ્સ પોતાના ઘરેથી હિજરતના માટે અલ્લાહ તથા રસૂલની તરફ નીકળી ગયો પછી તેનું મૃત્યુ થયું તો એનો બદલો અલ્લાહને ત્યાં સાબિત થઈ

ગયો.'' તેનાથી હિજરતની સફર સાબિત થઈ. لِاِيْلَافِ قُرَيْشٍ اِلٰفِهِمْ رِحْلَةَ الشِّتَآءِ وَالصَّيْفِ ''એટલા માટે કે કુરેશને ઉત્સાહ અપાવ્યો તેમના ઠંડી તથા ગરમીના દિવસોમાં સફરોમાં.'' એનાથી વેપાર માટે મુસાફરી કરવી સાબિત થઈ.

وَاِذْ قَالَ مُوْسٰى لِفَتٰىهُ لَآ اَبْرَحُ حَتّٰى اَبْلُغَ مَجْمَعَ الْبَحْرَيْنِ اَوْ اَمْضِىَ حُقُبًا

''અને યાદ કરો કે જ્યારે મૂસાએ પોતાના ખાદિમને કહ્યું કે હું રોકાઈશ નહીં જ્યાં સુધી કે ત્યાં ન પહોંચી જાઉં જ્યાં બે સમુદ્રો મળે છે.'' હઝરત મૂસા عليه الصلوٰة والتسليم હઝરત ખિઝર عليه الصلوٰة والتسليم ને મળવાને માટે ગયા. એનાથી મશાઈખની મુલાકાત માટે સફર કરવી સાબિત થઈ.

يَابَنِىَّ اِذْهَبُوْا فَتَحَسَّسُوْا مِنْ يُّوْسُفَ وَاَخِيْهِ وَلَاتَيْئَسُوْا مِنْ رَّوْحِ اللّٰهِ

''હે મારા પુત્રો ! જાવ ! યૂસુફ અને તેમના ભાઈની ભાળ કાઢો અને અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થાવ.'' યાકૂબ عليه الصلوٰة والتسليم એ પુત્રોને યૂસુફ عليه الصلوٰة والتسليم ની તલાશ કરવાનો હુકમ ફર્માવ્યો. અહીંથી મહબૂબની તલાશ માટે સફર કરવી સાબિત થઈ. હઝરત યૂસુફ عليه الصلوٰة والتسليم એ ફર્માવ્યું :

اِذْهَبُوْا بِقَمِيْصِىْ هٰذَا فَاَلْقُوْهُ عَلٰى وَجْهِ اَبِىْ يَاْتِ بَصِيْرًا ''મારો આ કુર્તો લઈ જાવ અને મારા પિતાના મોઢા પર રાખી દો તો એમની આંખો ખુલી જશે.'' આનાથી ઈલાજના માટે સફર કરવું સાબિત થયું. فَلَمَّا دَخَلُوْا عَلٰى يُوْسُفَ اٰوٰى اِلَيْهِ ''પછી જ્યારે તેઓ યૂસુફ عليه الصلوٰة والتسليم ની પાસે પહોંચ્યા તો તેમણે તેમનાં માબાપોને પોતાની પાસે જગા આપી.'' આનાથી ફરઝંદની મુલાકાત માટે સફર કરવી સાબિત થઈ. યાકૂબ عليه الصلوٰة والتسليم ના ફરઝંદોએ પોતાના વાલિદને અર્ઝ કરી :–

فَاَرْسِلْ مَعَنَا اَخَانَا نَكْتَلْ وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ ''અમારા ભાઈને અમારી સાથે મોકલી આપો અને અનાજ લાવીશું અને તેની જરૂર રક્ષા કરીશું.'' આ પરથી રોજી મેળવવા માટે સફર સાબિત થઈ. મૂસા عليه الصلوٰة والتسليم ને હુકમ થયો : اِذْهَبْ اِلٰى فِرْعَوْنَ اِنَّهٗ طَغٰى ''ફિરઔનની તરફ જાવ કેમ કે તે સરકશ થઈ ગયો છે.'' તબ્લીગના માટે સફર સાબિત થઈ. મિશકાત કિતાબુલ ઈલ્મમાં છે :

مَنْ خَرَجَ فِیْ طَلَبِ الْعِلْمِ فَهُوَ فِیْ سَبِیْلِ اللّٰهِ ''જે શખ્સ ઈલ્મની તલાશમાં નીકળ્યો તે અલ્લાહની રાહમાં છે.''

હદીષમાં છે :– اُطْلُبُوْا الْعِلْمَ وَلَوْكَانَ بِالصِّيْنِ ''ઈલ્મ તલબ કરો ભલે તે ચીનમાં હોય.''

કરીમામાં છે :–

(અર્થ) : ઈલ્મનું તલબ કરવું તારા પર ફર્ઝ છે એના માટે સફર કરવી પણ જરૂરી છે ઈલ્મ પ્રાપ્તિ માટે સફર સાબિત થઈ.

ગુલિસ્તાંમાં છે :–

(અર્થ) : ''જાવ ! દુનિયાની સૈર કરો મરતાં પહેલાં.'' સૈર કરવા સફર કરવી સાબિત થઈ.

કુર્આન મજીદમાં છે :–

قُلْ سِيْرُوْا فِی الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ

''કાફિરોને ફર્માવવા દો કે જમીનમાં સૈર કરો અને જુઓ કે કાફિરોનો શો અંજામ થયો.'' જે દેશો પર અલ્લાહનો અઝાબ આવ્યો તેને જોઈને ઈબ્રત પકડવા (બોધપાઠ લેવા) સફર કરવી સાબિત થઈ.

જ્યારે આટલા પ્રમાણમાં સફરો સાબિત થઈ તો ઔલિયાના મઝારોની ઝિયારતના માટે સફર કરવી એથીય વિશેષ રીતે સાબિત થઈ. એ હઝરાત રૂહાની તબીબો છે અને તેમના ફયઝ વિવિધ છે. તેમના મઝારો પર પહોંચવાથી શાને ઈલાહી નજરે પડે છે કે અલ્લાહવાળા વફાત પછી પણ દુનિયા પર રાજ કરે છે, તેમનાથી ઈબાદતનો શોખ પેદા થાય છે, તેમના મઝારો પર દુઆ જલ્દી કબૂલ થાય છે.

શામી, ભાગ–૧, ઝિયારતે કુબૂરની ચર્ચામાં છે :–

وَهَلْ تُنْدَبُ الرِّحْلَةُ لَهَا كَمَا اعْتِيْدَ مِنَ الرِّحْلَةِ اِلٰى زِيَارَةِ خَلِيْلِ الرَّحْمٰنِ وَزِيَارَةِ السَّيِّدِالْبَدَوِیْ لَمْ اَرَ مَنْ صَرَّحَ بِهٖ مِنْ اَئِمَّتِنَا وَمَنَعَ مِنْهُ بَعْضُ الْاَئِمَّةِ الشَّافِعِيَّةِ قِيَاسًا عَلٰى مَنْعِ الرِّحْلَةِ بِغَيْرِ الْمَسْجِدِ الثَّلٰثِ وَرَدَّهُ الْغَزَّالِیُّ بِوُضُوْحِ الْفَرْقِ

''અને ઝિયારતે કુબૂરના માટે સફર કરવી મુસ્તહબ છે જેમ કે આજકાલ ખલીલુલ્લાહ عليه الصلوٰة والسلام અને સૈયદ બદવી عليه الرحمة والرضوان ની ઝિયારતના માટે સફર કરવાનો રિવાજ છે. મેં ઈમામોમાંથી કોઈની તસ્રીહ નથી જોઈ. અમુક શાફઈ ઉલમાએ મના કર્યું છે મસ્જિદોનો સફર પર કયાસ કરીને પરંતુ ઈમામ ગિઝાલીએ એ મનાને રદિયો આપ્યો અને ફરક સ્પષ્ટ કરી આપ્યો.'' શામીમાં આ જગાએ છે :–

وَاَمَّا الْاَوْلِيَاءُ فَاِنَّهُمْ مُتَفَاوِتُوْنَ فِى الْقُرْبِ اِلَى اللّٰهِ وَنَفْعِ الزَّائِرِيْنَ بِحَسْبِ مَعَارِفِهِمْ وَاِسْرَارِهِمْ

''પરંતુ ઔલિયા અલ્લાહની નિકટતા અને ઝાઈરીનને લાભ પહોંચાડવામાં વિવિધ રીતના છે પોતાની મઅરેફત તથા અસ્રારના લેહાઝથી. શામીની પ્રસ્તાવનામાં ઈમામ અબૂ હનીફાના મનાકિબમાં ઈમામ શાફઈ رضى الله عنه થી નકલ કર્યું છે :–

اِنِّىْ لَاَتَبَرَّكُ بِاَبِىْ حَنِيْفَةَ وَاَجِىْءُ اِلٰى قَبْرِهٖ فَاِذَا عَرَضَتْ لِىْ حَاجَةٌ صَلَّيْتُ رَكْعَتَيْنِ وَسَاَلْتُ اللّٰهِ عِنْدَ قَبْرِهٖ فَتُقْضٰى سَرِيْعًا

''હું ઈમામ અબૂ હનીફાથી બરકત હાંસલ કરું છું અને તેમની કબ્ર પર આવું છું જો મને કોઈ હાજત ઉપસ્થિત થાય છે તો બે રકાતો પઢું છું અને તેમની કબ્રની પાસે જઈને અલ્લાહથી દુઆ કરું છું. તો જલ્દી હાજત પૂરી થાય છે.'' એનાથી કેટલીક બાબતો સાબિત થઈ, જેમ કે કબ્રોની ઝિયારત માટે સફર કરવી કેમ કે ઈમામ શાફઈ પોતાના વતન ફિલીસ્તીનથી ઈમામ અબૂ હનીફાની કબ્રની ઝિયારત માટે બગદાદ આવ્યા હતા. જેથી સાબિત થયું કે કબ્રવાળાથી બરકત લેવી, તેમની કબરો પાસે જઈને દુઆ કરવી, કબ્રવાળાને હાજતરવાઈનો ઝરીયો માનવો તેમજ રૌઝએ રસૂલ ﷺ ની ઝિયારતના માટે સફર કરવી જરૂરી છે. ફતાવા રશીદિયહ્, ભાગ–૧, પેજ–૫૯, કિતાબુલ ખતર વલ અબાહામાં છે : બુઝુર્ગાને દીનની ઝિયારતના માટે સફર કરીને જવું ઉલમાએ અહલે સુન્નતમાં એ વિશે વિવાદ છે અમુક દુરુસ્ત કહે છે, અમુક નજાઈઝ. બંને અહલે સુન્નતના ઉલમા છે. મસ્અલો વિવાદાસ્પદ છે જેથી એમાં તકરાર યોગ્ય

નથી, અને ફૅસલો પણ આપણે મુકલ્લિદોથી અશક્ય છે." *—રશીદ અહમદ અફી અન્હૂ*

હવે કોઈ દેવબંદીને હક્ક નથી કે ઉર્સની સફર માટે કોઈને મના કરે, કેમ કે મોલ્વી રશીદ અહમદ સાહબ તકરાર કરવાની મના કરે છે અને તેનો ફૅસલો નથી કરી શક્યા ?

બુદ્ધિ પણ ચાહે છે કે આ ઝિયારતની સફર જાઈઝ હોય. એટલા માટે કે અમે દર્શાવી ચૂક્યા કે સફરનું હરામ કે હલાલ હોવું તેના મકસદથી જાણવા મળે છે અને આ સફરનો મકસદ તો કબ્રોની ઝિયારતનો છે અને એ મના નથી, કેમ કે કબ્રોની ઝિયારતની ઈજાઝત મુત્લકન (કશીય શર્ત વિના) છે, તો સફર કેમ કરીને હરામ થશે. તેમ જ દીની તથા દુનિયવી કારોબારના માટે સફર કરવામાં જ આવે છે, તો આ પણ એક દીની કામના માટે સફર છે એ કઈ રીતે હરામ થશે ?

(બીજો વિભાગ)

★ ઉર્સ માટે સફર કરવા પર વાંધાઓ અને તેના જવાબો ★

વાંધો (૧) : મિશ્કાત બાબુલ મસાજિદમાં છે :—

لَاتُشَدُّالرِّحَالُ اِلَّا اِلٰى ثَلٰثِ مَسٰجِدَ مَسْجِدِالْحَرَامَ وَالْمَسْجِدِ الْاَقْصٰى وَمَسْجِدِىْ هٰذَا

"ત્રણ મસ્જિદો સિવાય અન્ય કોઈના તરફ સફર કરવામાં ન આવે : મસ્જિદે બૈતુલ્લાહ, મસ્જિદે બૈતુલ મુકદ્દસ, અને મારી મસ્જિદ." આ હદીષથી જાણવા મળ્યું કે આ ત્રણ મસ્જિદો સિવાય અન્ય કોઈના તરફ સફર જાઈઝ નથી અને કબ્રોની ઝિયારત પણ આ ત્રણના સિવાયની છે.

જવાબ : આ હદીષનો એ મતલબ છે કે આ ત્રણ મસ્જિદોમાં નમાઝનો સવાબ વધારે મળે છે, જેમ કે મસ્જિદે બૈતુલ હરામમાં એક નેકીનો સવાબ એક લાખ નેકી બરાબર, બૈતુલ મુકદ્દસ અને મદીનાપાકની મસ્જિદમાં એક નેકીનો સવાબ પચાસ હજારના બરાબર. જેથી એ મસ્જિદોમાં એવી નિય્યત કરીને દૂરથી આવવું લાભકારક છે, અને જાઈઝ છે, પરંતુ કોઈ અન્ય મસ્જિદની

તરફ સફર કરવી એવું સમજીને કે ત્યાં સવાબ અધિક મળે છે એ નિરર્થક છે, અને નાજાઈઝ છે. તો કોઈ મસ્જિદની તરફ સફર કરવી એવી નિય્યતથી કે વધારે સવાબ મળે એ મના થયું. જો હદીષની આ સ્પષ્ટતા ન કરવામાં આવે તો અમે પ્રથમ વિભાગમાં ઘણી સફરો કુર્આનથી સાબિત કરી ચૂક્યા છીએ તે સૌ હરામ થશે. આજે વેપારના માટે, ઈલ્મે દીનના માટે, દુનિયાવી કામોના માટે સેંકડો પ્રકારની સફરો કરીએ છીએ તે સૌ હરામ ઠરશે. જેમ કે આ હદીષની શરહ''અશઅતુલ લમ્આત'માં છે : ''અમુક આલિમોએ ફર્માવ્યું કે અહીં ચર્ચા મસ્જિદોના વિશે છે, એટલે કે એ ત્રણ મસ્જિદો સિવાય કોઈ અન્ય મસ્જિદની તરફ સફર જાઈઝ નથી. મસ્જિદો સિવાયનાં અન્ય સ્થળો તે આ ચર્ચાના ભાવાર્થથી પર છે.''

મિર્કાત શરહે મિશ્કાતમાં એ જ હદીષના હેઠળ છે કે :–

فِیْ شَرْحِ الْمُسْلِمِ لِلنَّوْوِیْ قَالَ اَبُوْمُحَمَّدٍ یُحَرَّمُ شَدُّالرِّحَالُ اِلٰی غَیْرِ الثَّلٰثَةِ وَھُوَ غَلَطٌ وَفِی الْاَحْیَاءِ ذَھَبَ بَعْضُ الْعُلَمَاءِ اِلَی الْاِسْتِدْلَالِ عَلَی الْمَنْعِ مِنَ الرِّحْلَةِ لِزِیَارَةِالْمَشَاھِدِ وَقُبُوْرِ الْعُلَمَاءِ وَالصّٰلِحِیْنَ وَمَا تَبَیَّنَ لِیْ اَنَّ الْاَمْرَ لَیْسَ کَذٰلِكَ بَلِ الزِّیَارَةُ مَامُوْرٌ بِھَا لِخَبَرِ اَلَافَزُوْرُھَا اِنَّمَا وَرَدَنَھْیًا عَنِ الشَّدِّ بِغَیْرِ الثَّلٰثَةِ مِنَ الْمَسٰجِدِلِتَمَاثِلُھَا وَاَمَّا الْمَشَاھِدُ فَلَاتُسَاوِی بَلْ بَرَکَةُ زِیَارَتِھَاعَلٰی قَدْرِ دَرَجَاتِھِمْ عِنْدَاللّٰهِ ھَلْ یَمْنَعُ ذٰلِكَ الْقَائِلُ عَنْ شَدِّالرِّحَالِ بِقُبُوْرِالْاَنْبِیَاءِ کَاِبْرَاھِیْمَ وَمُوْسٰی وَیَحْیٰی وَالْمَنْعُ مِنْ ذٰلِكَ فِیْ غَایَةِ الْاِحَالَةِ وَالْاَوْلِیَاءِ فِیْ مَعْنَاھُمْ فَلَایَبْعُدُ اَنْ ذٰلِكَ مِنْ اَغْرَاضِ الرِّحْلَةِ کَمَا اَنَّ زِیَارَةَ الْعُلَمَآءِ فِی الْحَیٰوةِ

''નવવીની શરહે મુસ્લિમમાં છે કે અબૂ મુહમ્મદે ફર્માવ્યું કે આ ત્રણ મસ્જિદો સિવાય અન્ય તરફ સફર કરવી હરામ છે, પણ એ તદ્દન ગલત છે. અહ્યાઉલ ઉલૂમમાં છે કે અમુક ઉલમા મોતબર્રક (બરકતવંત) સ્થાનો અને ઉલમાની કબરોની ઝિયારતના માટે સફર કરવાને મના કરે છે. મને જે તેહકીક થઈ તે એ છે કે એવું નથી બલ્કે કબ્રોની ઝિયારતનો તો હુકમ છે. આ હદીષના

કારણે કે اَلَافَزُوْرُهَا આ ત્રણ મસ્જિદો સિવાય કોઈ અન્ય મસ્જિદની તરફ સફર કરવાથી એટલા માટે મના ફર્માવ્યું કે તમામ મસ્જિદો સરખી છે પણ મોતબર્રક સ્થળો એ બંધા સરખાં નથી બલ્કે તેની બરકતો દરજાઓના પ્રમાણે છે. શું આ મનાઈ અંબિયાએ કિરામની કબ્રોની સફરથી પણ મના કરશે ? જેમ કે હઝરત ઈબ્રાહીમ તથા મૂસા તથા યહ્યા عَلَيْهِمُ السَّلَامُ એનાથી મના કરવું સખ્ત મુશ્કેલ છે અને ઔલિયા અલ્લાહ પણ અંબિયાના હુકમમાં છે તો એમની તરફ સફર કરવામાં પણ કોઈ ખાસ કારણ હોય જેમ કે ઉલમાની જિંદગીમાં તેમની ઝિયારત કરવી. એ જ મિશ્કાત કિતાબુલ જેહાદ ફી ફઝાઈલામાં છે :–

اَتَرْكَبِ الْبَحْرَ اِلَّا حَاجًا اَوْ مُعْتَمِرًا اَوْغَازِيًا فَاِنَّ تَحْتَ الْبَحْرِ نَارًا اَوْ تَحْتَ النَّارِ بَحْرًا۔

''દરિયામાં સવાર ન થાય પણ હાજી અથવા ગાઝી અથવા ઉમરા કરનારા.'' કહો ! શું આ ત્રણના સિવાય અન્ય લોકો માટે દરિયાની સફર હરામ છે ? સારાંશ કે હદીષનો એ જ મતલબ છે જે અમે દર્શાવ્યો છે, નહીં તો દુનિયાની જિંદગી મુશ્કેલ બની જશે.

વાંધો (૨) : અલ્લાહ દરેક ઠેકાણે છે તેની રહમત દરેક ઠેકાણે છે, પછી કઈ ચીજને ખોળવાના માટે ઔલિયા અલ્લાહના મઝારો પર સફર કરીને જાય છે ! આપનારો રબ છે તે દરેક જગાએ છે.

જવાબ : ઔલિયા અલ્લાહ રબની રહમતના દરવાજા છે. રહમત દરવાજાઓએથી જ મળે છે. રેલ્વે પોતાની આખી લાઈન પરથી પસાર થાય છે પણ તેને પકડવા માટે સ્ટેશન પર જવામાં આવે છે. જો કોઈ અન્ય જગાએ લાઈન પર ઉભા થઈ ગયા તો રેલ્વે ગાડી પસાર તો થશે પણ તમને મળશે નહીં. આજે દુનિયાવી હેતુઓ એટલે નોકરી, વેપાર વગેરેના માટે સફર શા માટે કરો છો ? ખુદા રાઝિક છે તે દરેક જગાએ આપશે ! તબીબની પાસે બીમાર સફર કરીને શા માટે આવે છે ? ખુદા શાફીયુલ ઈમરાઝ છે અને તે તો દરેક જગાએ છે. આબોહવા બદલવાના માટે પહાડ તથા કાશ્મિરની સફર શા માટે કરો છો ? ત્યાંની આબોહવા તો તંદુરસ્તી માટે લાભદાયી છે પણ ઔલિયાના સ્થાનોની આબોહવા ઈમાન માટે લાભદાયી છે. રબે મૂસા عليه الصلوٰة والتسليم ને

હઝરત ખિઝર عليه الصلوة والتسليم ની પાસે શા માટે મોકલ્યા ? તે સર્વ કાંઈ એમને અહીં જ આપી શકતો હતો. કુર્આને કરીમમાં છે : هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهُ "જાણવા મળ્યું કે ઝકરિયા عليه الصلوة والتسليم એ હઝરત મરયમની પાસે ઉભા રહીને બાળકના માટે દુઆ કરી એટલે કે નબીએ વલિય્યાની પાસે દુઆ કરવું કબૂલનો સબબ જાણ્યું. જાણવા મળ્યું કે ઔલિયાની કબ્રોની પાસે દુઆ વધુ કબૂલ થાય છે.

વાંધો (૩) : જે ઝાડની નીચે બયઅતે રિદ્વાન થઈ હતી તેને લોકોએ ઝિયારતગાહ બનાવી લીધી હતી. હઝરત ઉમર رضی اللہ عنہ એ એના કારણે તેને કપાવી નાખ્યું. જેથી કબરોને ઝિયારતગાહ બનાવવું હઝરત ઉમરના કાર્યની વિરૂદ્ધ છે.

જવાબ : એ તદ્દન **ગલત** છે. હઝરત ઉમર رضی اللہ عنہ એ એ ઝાડને કદી પણ કપાવ્યું નથી બલ્કે તે અસલ ઝાડ કુદરતી રીતે લોકોની નજરોએથી અદ્રશ્ય થઈ ગયું હતું અને લોકોએ એના ભ્રમમાં અન્ય ઝાડની ઝિયારત કરવાનું શરૂ કરી આપ્યું હતું એ ગલતીથી બચાવવાના માટે ફારૂકે આઝમે એ બીજા ઝાડને કપાવ્યું. જો ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ તબર્રુકાતની ઝિયારતના વિરોધી હોત તો હુઝૂર ﷺ ના બાલ મુબારક, તેહબંદ શરીફ અને કબ્રે અન્વર સૌ તો ઝિયારતગાહ બનેલ હતાં તેને શા માટે બાકી રહેવા દેત ?! મુસ્લિમ, ભાગ–૨, કિતાબુલ અમારત બાબિ બયાને બયઅતુર્રિદ્વાન, બુખારી, ભાગ–૨, બાબે ગઝવાએ હુદૈબિયહ્માં ઈબ્ને મુસૈયબહથી રિવાયત છે :–

كَانَ اَبِىْ مِمَّنْ بَايَعَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عِنْدَ الشَّجَرَةِ قَالَ فَانْطَلَقْنَا فِىْ قَابِلٍ حَاجِّيْنَ فَخَفِىَ عَلَيْنَا مَكَانُهَا ـ

બુખારીમાં આટલું અધિક છે :–

فَلَمَّا خَرَجْنَا مِنَ الْعَامِ الْمُقْبِلِ نَسِيْنَاهَا فَلَمْ نَقْدِرْ عَلَيْهَا

"મારા વાલિદ પણ એમનામાંથી છે જેમણે હુઝૂર ﷺ થી ઝાડની પાસે બયઅત કરી હતી, તેમણે ફર્માવ્યું કે અમે બીજા વરસે હજને માટે ગયા તો તેની જગા અમારાથી અદ્રશ્ય થઈ ગઈ." બુખારીમાં છે : "પછી જ્યારે કે અમે બીજા વરસે ગયા તો તેને ભૂલી ગયા અને તેને મેળવી ન શકયા." પછી એવું કઈ રીતે કહી શકાય કે હઝરત ઉમરે અસલ ઝાડ કપાવી નાખ્યું ?

કફની કે અલ્ફી લખવાનું વર્ણન

આ ચર્ચામાં બે મસ્અલા છે : પ્રથમ તો કબ્રમાં શજરો કે કાબાનો ગિલાફ કે અહદનામુ અથવા અન્ય તબર્રુકો રાખવાં. બીજું : મુડદાના કફન કે પેશાની પર આંગળી અથવા માટી અથવા કોઈ ચીજથી અહદનામુ કે કલમાએ તૈયેબહ લખવો, આ બંને કામ જાઈઝ તથા સહીહ હદીષો તથા ફકીહોનાં કથનોથી સાબિત છે. વિરોધીઓ તેના મુન્કિર છે. જેથી આ ચર્ચાના પણ બે વિભાગ કરવામાં આવે છે : પ્રથમમાં તેની સાબિતી અને બીજામાં તેના પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ કફની કે અલ્ફી લખવાની સાબિતી ★

કબ્રમાં દીનના બુઝુર્ગોના તબર્રુકો અને કાબાનો ગિલાફ તથા શજરો અથવા અહદનામુ રાખવું મુડદાની બખ્શિશનો વસીલો છે.

કુર્આન ફર્માવે છે :–

اِذْهَبُوْا بِقَمِيْصِیْ هٰذَا فَاَلْقُوْهُ عَلٰی وَجْهِ اَبِیْ یَأْتِ بَصِیْرًا

"મારી કમીઝ લઈ જઈને વાલિદ માજિદના મોઢા પર રાખી દો તે જોતા થઈ જશે." જાણવા મળ્યું કે બુઝુર્ગોનો લિબાસ શિફા બખ્શે છે. કેમ કે એ ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم ની કમીઝ હતી. તો ઉમ્મીદ છે કે બુઝુર્ગોનું નામ મુડદાની બુદ્ધિને ખોલી નાખે અને જવાબો યાદ આવી જાય.

મિશ્કાત બાબે ગુસ્લિલ મૈયતમાં ઉમ્મે અતિય્યહ્ رضی الله عنها થી રિવાયત છે કે જ્યારે અમે ઝયૂનબ બિન્તે રસૂલુલ્લાહ ﷺ ને ગુસ્લ આપીને ફારિગ થયાં તો નબી કરીમ ﷺ ને ખબર કરી તો અમને હુઝૂર ﷺ એ પોતાનું તેહબંદ શરીફ

આપ્યું અને ફર્માવ્યું કે એને તમે કફનની અંદર મૈયતના શરીર સાથે રાખી દો. એના હેઠળ લમ્આતમાં છે :–

هٰذَا الْحَدِيْثِ اَصْلٌ فِى التَّبَرُّكِ بِاٰثَارِ الصّٰلِحِيْنَ وَلِبَاسِهِمْ كَمَايَفْعَلُهُ بَعْضُ مُرِيْدِى الْمَشَائِخِ مِنْ لُبْسِ اَقْمُصِهِمْ فِى الْقَبْرِ

''આ હદીષ સાલેહીનની ચીજો અને તેમનાં કપડાંથી બરકત પામવાની અસ્લ છે જેમ કે શયખોના અમુક મુરીદો કબ્રમાં મશાઈખના કુર્તા પહેરાવી દે છે.'' એ હદીષના હેઠળ 'અશઅતુલ્ લમ્આત' શરીફમાં છે :–

(અર્થ) ''એનાથી સાબિત થયું કે સાલેહીનના લિબાસ તથા તેમના તબર્રુકોથી મૌત પછી કબ્રમાં પણ બરકત મેળવવી મુસ્તહબ છે, જેમ કે મૌતથી પહેલાં હતું.'' આજ શૈખ અબ્દુલ હક્ક દહેલ્વી અખ્બારુલ અખ્યારમાં પોતાના વાલિદ માજિદ સૈફુદ્દીન કાદરી કુદ્દેસ સિર્રહૂના અહવાલમાં ફર્માવે છે : ''જ્યારે તેમની વફાતનો સમય નજીક આવ્યો તો ફર્માવ્યું કે, ''અમુક તે શેઅરો તથા કલેમાત કે જે માફી તથા બખ્શિશના યોગ્ય હોય કોઈ કાગળ પર લખીને મારા કફનની સાથે રાખી દેજો.'' શાહ અબ્દુલ અઝીઝ સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان પોતાના ફતાવામાં ફર્માવે છે : ''કબ્રમાં શજરો રાખવો દીનના બુઝુર્ગોનો નિયમ છે પરંતુ એના બે તરીકા છે એક એ કે મુડદાની છાતી પર કફનની ઉપર કે નીચે રાખે, એને ફકીહો મના કરે છે. બીજુ એ કે મુડદાના માથાની તરફ કબ્રમાં તાખલો બનાવીને શજરાનો કાગળ એમાં રાખે.'' મિશકાત બાબે ગુસ્લિલ મૈયતમાં હઝરત જાબિર رَضِىَ اللّٰهُ عَنْهُ થી રિવાયત છે કે હુઝૂર ﷺ અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયની કબ્ર પર તશરીફ લાવ્યા જ્યારે કે તે કબ્રમાં રાખવામાં આવી ચૂક્યા હતા, તેમને કઢાવ્યા, એમના પર પોતાનું થુંક મુબારક રાખ્યું અને પોતાની કમીઝ મુબારક તેને પહેરાવી.'' બુખારી, ભાગ–૧, કિતાબુલ જનાઈઝ બાબ ''મન અદ્ખલ કફન''માં છે કે એક દિવસે હુઝૂર ﷺ તેહબંદ શરીફ પહેરીને બહાર તશરીફ લાવ્યા. કોઈએ તે તેહબંદ શરીફ હઝરતથી માંગી લીધું. સહાબાએ કિરામે તેને કહ્યું કે હુઝૂર ﷺ ને અત્યારે તેહબંદની જરૂરત હતી અને માંગનારને ના પાડવી આપની આદતે કરીમા નથી, તમે શા માટે

માંગી લીધી ?! તેમણે કહ્યું કે, "અલ્લાહની કસમ ! મેં પહેરવા માટે નથી લીધી. મેં તો એટલા માટે લીધી છે કે આ મારું કફન છે." સહલ ફર્માવે છે કે તે જ એનું કફન બન્યું. અબૂ નુઐમે 'મઅરિફતુસ્સહાબા'માં અને દયલમીએ 'મુસ્નદુલ્ ફિરદૌસ'માં હસન સનદ સાથે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે સૈયદેના અલીનાં વાલિદા માજિદા ફાતિમા બિન્તે અસદને હુઝૂર ﷺએ પોતાની કમીઝમાં કફન આપ્યું અને થોડીકવાર માટે તેમની કબ્રમાં ખૂદ આરામ ફર્માવ્યો. લોકોએ કારણ પૂછયું તો ફર્માવ્યું :–

اِنِّیْ اَلْبَسْتُهَا لِتَلْبَسَ مِنْ ثِیَابِ الْجَنَّةِ وَاضْطَجَعْتُ مَعَهَا فِیْ قَبْرِهَا لِاُخَفِّفَ عَنْهَا ضَغْطَةَ الْقَبْرِ

"કમીઝ એટલા માટે પહેરાવી કે તેમને જન્નતનો લિબાસ મળે અને તેમની કબ્રમાં આરામ એટલા માટે કર્યો કે તેમનાથી કબ્રની તંગી દૂર થાય. ઈબ્ને અબ્દુલબરે કિતાબુલ ઈસ્તિઆબ ફી મઅરિફતિલ્ અસ્હાબમાં ફર્માવ્યું છે કે અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ એ ઈન્તેકાલના સમયે વસિય્યત કરી કે મને હુઝૂર ﷺ એ પોતાનું એક કપડુ આપ્યું હતું તે મેં આ દિવસના માટે મૂકી રાખ્યું છે. આ કમીઝ પાકને મારા કફનની નીચે રાખજો.

وَخُذْ ذٰلِكَ الشَّعْرَ وَالْاَظْفَارَ فَاجْعَلْهُ فِیْ فَمِیْ وَعَلٰی عَیْنَیَّ وَمَوَاضِعِ السُّجُوْدِ مِنِّیْ

અને આ મુબારક બાલો તથા નખોને લો એને મારા મોઢામાં અને મારી આંખો પર અને મારાં સજદાનાં અંગો પર રાખી દેજો. હાકિમે મુસ્તદરકમાં હમીદ ઈબ્ને અબ્દુર્રહ્માન રવાસીથી નકલ કર્યું કે હઝરત અલી رضی اللہ عنہ ની પાસે થોડુક મુશ્ક (કસ્તૂરી) હતું. આપે વસિયત કરી કે મને એનાથી ખુશ્બુ આપજો અને ફર્માવ્યું કે આ હુઝૂર ﷺ ની ખુશ્બુનું બચેલું છે. આ ઉપરાંત અન્ય હવાલા પણ રજુ કરી શકાય છે પણ આટલેથી જ સંતોષ માનું છું અધિક સંશોધન કરવું હોય તો હરફુલ હસન લેખક : આ'લા હઝરત قدس سرہ નો અભ્યાસ કરો.

★ અહદનામુ વગેરે લખવા વિશે ★

મૈયતની પેશાની અથવા કફન પર અહદનામું અથવા કલમો લખવો, એ જ પ્રમાણે અહદનામુ કબ્રમાં રાખવું જાઈઝ છે, ચાહે તે આંગળી વડે લખાવામાં આવે અથવા કોઈ અન્ય ચીજ વડે. ઈમામ તિર્મિઝી હકીમ મુહમ્મદ ઈબ્ને અલીએ નવાદિરુલ ઉસૂલમાં રિવાયત કરી કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું :–

مَنْ كَتَبَ هٰذَا الدَّعَاءُ وَجَعَلَهُ بَيْنَ صَدْرِالْمَيِّتِ وَكَفَنِهٖ فِىْ رُقْعَةٍ لَمْ يَنَلْهُ عَذَابُ الْقَبْرِ وَلَا يَرٰى مُنْكَرًا وَّ نَكِيْرًا

''જે શખ્સ આ દુઆને લખે અને મૈયતની છાતી તથા કફનની વચમાં કોઈ કાગળમાં લખીને રાખે તો તેને કબ્રનો અઝાબ થશે નહીં, અને ન મુન્કર નકીરને જોશે.''

ફતાવા કુબ્રા મક્કીમાં આ હદીષને નકલ કરી :–

اَنَّ هٰذَا الدُّعَآءُ لَهٗ اَصْلٌ وَاِنَّ الْفَقِيْهَ ابْنَ عَجِيْلٍ كَانَ يَاْمُرُ بِهٖ ثُمَّ اَفْتٰى بِجَوَازِ كِتَابَتِهٖ قِيَامًا عَلٰى كِتَابَةِ اللّٰهِ فِىْ نَعَمِ الزَّكٰوةِ

''આ દુઆની અસ્લ છે અને ફકીહ ઈબ્ને અજીલ એનો હુકમ આપતા હતા અને તેને લખવાનું જાઈઝ હોવાનો ફત્વો આપતા હતા, એ કયાસ પર કે ઝકાતનાં ઊંટો પર અલ્લાહ લખવામાં આવે છે.''

તે દુઆ આ છે :–

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

અલ્હરફુલ્ હસનમાં તિર્મિઝીથી નકલ કર્યું કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ થી રિવાયત છે કે જે કોઈ અહદનામુ પઢે તો તેને મહોર લગાડીને કિયામતના માટે રાખી લેશે. જ્યારે બંદાઓ કબ્રથી ઉઠાડવામાં આવશે તો ફરિશ્તો તે લખાણને સાથે લાવીને એલાન કરશે કે અહદવાળા ક્યાં છે ? તેમને એ અહદનામુ આપવામાં આવશે.

ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું કે :–

وَعَنْ طَاؤُسٍ اَنَّهٗ اَمَرَ بِهٰذِهِ الْكَلِمٰتِ فَكُتِبَ فِىْ كَفَّيْهِ હઝરત તાઉસથી મરવી છે કે તેમણે હુકમ આપ્યો તો તેમના કફનમાં આ લખાણ લખવામાં આવ્યું (અલ્હરકુલ્ હસન) વજીઝ ઈમામ કુરદરી કિતાબુલ્ ઈસ્તિહસાન માં છે :

ذَكَرَ الْاِمَامُ الصَّفَّارُ لَوْ كُتِبَ عَلٰى جَبْهَةِ الْمَيِّتِ اَوْعَلٰى عِمَامَتِهٖ اَوْكَفْنِهٖ عَهْدِنَامَهْ يُرْجِىْ اَنْ يَّغْفِرَ اللّٰهُتَعَالٰى لِلْمَيِّتِ وَيَجْعَلَهٗ اٰمِنًا مِّنْ عَذَابِ الْقَبْرِ

''ઈમામ સફ્ફારે ફર્માવ્યું કે જો મૈયતની પેશાની અથવા અમામા અથવા કફન પર અહદનામુ લખી આપ્યું તો ઉમ્મીદ છે કે ખુદા મૈયતની બખ્શિશ ફર્માવી દે અને કબ્રના અઝાબથી અમ્ન આપે.

દુર્રે મુખ્તાર, ભાગ–૧, બાબુશ્શહીદથી થોડાક આગળ છે :–

كَتَبَ عَلٰى جَبْهَةِ الْمَيِّتِ اَوْ عِمَامَتِهٖ اَوْ كَفْنِهٖ عَهْدِنَامَهْ يُرْجٰى اَنْ يَّغْفِرَ اللّٰهُ لِلْمَيِّتِ

''મૈયતની પેશાની કે અમામા કે કફન પર અહદનામુ લખ્યું તો ઉમ્મીદ છે કે રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે. દુર્રે મુખ્તારમાં એ જ જગાએ એક પ્રસંગ નકલ કર્યો કે કોઈએ વસિયત કરી હતી કે તેના સીના કે પેશાની પર بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ લખી દેવામાં આવે. જેથી એ જ પ્રમાણે કરવામાં આવ્યું. કોઈએ ખ્વાબમાં જોયો તો પૂછયું કે કેવી હાલત રહી ? તેણે કહ્યું કે કફન બાદ અઝાબના ફરિશ્તા આવ્યા પણ જયારે તેમણે **બિસ્મિલ્લાહ** લખેલી જોયી તો કહ્યું, તું અલ્લાહના અઝાબથી બચી ગયો ! ફતાવા બઝ્ઝાઝિયહ્માં કિતાબુલ્ જનાયાતથી કાંઈક આગળ છે :–

وَذَكَرَ الْاِمَامُ الصَّفَّارُ لَوْكَتَبَ عَلٰى جَبْهَةِ الْمَيِّتِ اَوْ عَلٰى عِمَامَتِهٖ اَوْ كَفْنِهٖ عَهْدِنَامَهْ يُرْجٰى اَنْ يَّغْفِرَاللّٰهُ لِلْمَيِّتِ وَيَجْعَلَهٗ اٰمِنًا مِنْ عَذَابِ الْقَبْرِ قَالَ نَصِيْرٌ هٰذِهٖ رِوَايَةٌ فِىْ تَجْوِيْزِ ذٰلِكَ وَقَدْ رُوِىَ اَنَّهٗ كَانَ مَكْتُوْبًا عَلٰى اَفْخَاذِ اَفْرَاسٍ فِىْ اَصْطَبَلِ الْفَارُوْقِ حُبِسَ فِىْ سَبِيْلِ اللّٰهِ

''જો મૈયતની પેશાની અથવા અમામો અથવા કફન પર અહદનામુ લખ્યું તો ઉમ્મીદ છે કે અલ્લાહ તેની બખ્શિશ કરી આપે અને તેને કબ્રના અઝાબથી

સુરક્ષિત રાખે. ઈમામ નસીરે ફર્માવ્યું કે આ રિવાયતથી જાણવા મળ્યું કે એ લખવું જાઈઝ છે. અને રિવાયત થયેલ છે કે ફારૂકે આ'ઝમના તબેલાના ઘોડાઓની જાંગો પર લખ્યું હતું : حُبِسَ فِىْ سَبِيْلِ اللّٰهِ આ ઉપરાંત અન્ય ઘણી ફિકહની રિવાયતો પેશ કરી શકાય છે પણ આટલેથી જ અટકીએ છીએ, જેને અધિક તેહકીક કરવી હોય તે અલ્ હરફુલ હસન અથવા ફતાવાએ રઝવિય્યહ શરીફનો અભ્યાસ કરે.

બુદ્ધિ પણ ચાહે છે કે આ અહદનામુ વગેરે લખવું કે કબ્રમાં રાખવું જાઈઝ હોવું જોઈએ, તેનાં કેટલાક કારણો છે : પ્રથમ તો એ કે જ્યારે કબ્રની ઉપર લીલી ઘાસ તથા ફૂલની તસ્બીહ મૈયતને ફાયદો પહોંચાડી શકે છે તો કબ્રમાં જે તસ્બીહ વગેરે લખેલ હોય તેનાથી ફાયદો કેમ ન પહોંચે ? બીજું એટલા માટે કે કબ્રની બહારથી મૈયતને તલ્કીન કરવાનો હુકમ છે કે અલ્લાહનું નામ તેના કાનમાં પહોંચી જાય તો તેનાથી ઈમ્તેહાનમાં કામયાબ થાય, તે એ જ અલ્લાહનું લખેલ નામ જોઈને પણ મુડદાને નકીરૈન યાદ આવવાની ઉમ્મીદ છે. તો એ પણ એક પ્રકારની તલ્કીન છે અને હદીષ ـ لَقِّنُوْا مَوْتٰكُمْ માં તલ્કીન મુત્લક (બિનશરતી) છે દરેક રીતે દુરુસ્ત છે, લખીને કે કહીને. ત્રીજુ એટલા માટે કે અલ્લાહવાળાઓના નામની બરકતથી મુસીબત ટળે છે, સળગેલી આગ ઓલવાઈ છે, ગભરાયેલું દિલ રાહત અનુભવે છે. રબ તઆલા ફર્માવે છે : اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ "અલ્લાહના ઝિકથી દિલ ચૈનમાં આવે છે." તફસીરે નીશાપૂરી તથા રૂહુલ બયાન સૂરએ કહફ આયત مَايَعْلَمُهُمْ اِلَّاقَلِيْلٌ અને તફસીરે સાવી શરીફમાં એ જ આયત હેઠળ છે કે અસ્હાબે કહફનાં નામો આટલા ઠેકાણે કામ આવે છે :–

(૧) ચીજને શોધવામાં (૨) જંગ વખતે ભાગતી વેળા (૩) આગ ઓલવવા માટે એક કાગળ પર લખીને આગમાં નાખી દો. (૪) બાળકના રડવાના સમયે લખીને ઘોડીયામાં બાળકના માથાની નીચે મૂકી દેવામાં આવે અને (૫) ખેતીના માટે જો કોઈ કાગળ પર લખીને લાકડીમાં લગાડીને ખેતરની વચ્ચે ઉભી કરી દેવામાં આવે અને (૬) તાવ તથા (૭) માથાના દુઃખાવા માટે (૮) હાકિમની

પાસે જતી વખતે જમણી જાંગ પર બાંધે (૯) જ્યારે બાળક પેદા થવામાં મુશ્કેલી પડી રહી હોય તો સ્ત્રીની જમણી જાંગ પર લખીને બાંધે (૧૦) માલની હિફાઝતના માટે (૧૧) દરિયામાં સવાર થતી વખતે અને (૧૨) કત્લથી બચવાના માટે. *(અઝ : અલ્ હરફુલ્ હસન તથા તફસીરે ખઝાઈનુલ ઈરફાન તથા જુમલ)* અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે અસ્હાબે કહફ સાત છે : યમલીખા, મકશીલીના, મુશ્લીના, મરનૂશ, તથા બરનૂશ, શાઝનૂશ, મરતૂશ.

(રૂહુલ બયાન, સૂરએ કહફ, આયત مَايَعْلَمُهُمْ اِلَّاقَلِيْلٌ *–*

મુહદ્દિષો કદીક સહીહ અસ્નાદ નકલ કરીને ફર્માવી આપે છે :–

''જો આ અસ્નાદ કોઈ દીવાના પર પડી જાય તો તેને આરામ મળી જાય.'' અસ્નાદમાં શું છે ? બુઝુર્ગાને દીન હદીષના રાવીઓનાં નામો જ તો છે. અસ્હાબે બદરના નામના વઝીફા પઢવામાં આવે છે તો જિંદગીમાં તે બુઝુર્ગોનાં નામ લાભદાયી થાય, અને મૌત પછી બેકાર થઈ જાય ?! એવું નથી થઈ શકતુ, જરૂર એનાથી ફાયદો થશે. જેથી મૈયતના માટે કફન વગેરે પર જરૂર અહદનામુ લખવામાં આવે.

(બીજો વિભાગ)

★ કફની લખવા પર વાંધાઓ અને તેના જવાબો ★

આ મસ્અલા પર નિમ્ન લિખિત વાંધાઓ છે :–

વાંધો (૧) : એક એ જ પૂરાણો સબક ! કફની (અલ્ફી) લખવું બિદઅત છે જેથી હરામ છે.

જવાબ : અમારી આગળની ચર્ચાથી જાણવા મળ્યું કે એ બિદઅત નથી, એની અસ્લ સાબિત છે, અને જો બિદઅત પણ હોય તો દરેક બિદઅત હરામ નથી. જુઓ અમારી બિદઅત વિશેની તેહકીક.

વાંધો (૨) : કફનીને તલ્કીન સમજવી ગલત છે, કેમ કે જો મુડદુ અભણ છે તો સવાલો વખતે લખેલું કેવી રીતે પઢશે ?

જવાબ : મૃત્યુ પછી દરેક વ્યક્તિ લખેલું વાંચી શકે છે, અજ્ઞાનતા આ

દુનિયામાં હોઈ શકે છે ત્યાં નથી. હદીષે પાકમાં આવ્યું છે કે જન્નતવાળાઓની ભાષા અરબી છે. (જુઓ શામી કિતાબુલ કરાહિયહ્) જ્યારે કે ઘણા જન્નતીઓ દુનિયામાં અરબીથી નાવાકેફ છે. એ જ પ્રમાણે દરેક મુડદાને અરબી ભાષામાં ફરિશ્તા સવાલ કરે છે, અને તે અરબી સમજી લે છે. રબ તઆલાએ મીષાકના દિવસે અરબીમાં જ સૌથી વાયદો લીધો. તો શું મૃત્યુ બાદ મૈયતને કોઈ મદ્રસામાં અરબી પઢાવવામાં આવે છે ?! નહીં ! બલ્કે આપોઆપ આવડી જાય છે. કિયામતના દિવસે સૌને આમાલનામાં લખેલાં જ આપવામાં આવશે અને જાહિલ તથા આલિમ સૌ પઢશે. જેનાથી જાણવા મળે છે કે મૃત્યુ બાદ દરેક શખ્સ અરબી સમજે છે અને લખેલું પઢે છે જેથી આ લખાણ તેના માટે લાભદાયી છે.

વાંધો (૩) : અલ્લામા શામીએ શામી ભાગ–૧માં બાબુત્તશહહુદથી થોડેક આગળ કફન પર લખવાને મના કહ્યું. એ જ રીતે શાહ અબ્દુલ અઝીઝ સાહબે ફતાવા અઝીઝિયામાં એને મના ફર્માવ્યું કેમ કે જ્યારે મૈયત ફૂલે ફાટે તો તેના લોહી તથા પરૂમાં એ હરફો ખરાબ થશે અને તેની બેઅદબી થશે જેથી એ નાજાઈઝ છે. (વિરોધીઓ સામાન્યત : આ જ સવાલ કરે છે.)

જવાબ : એના કેટલાક જવાબો છે : પ્રથમ તો એ કે દલીલ દાવા પ્રમાણેની નથી. દાવો તો એ છે કે કબ્રમાં કોઈ પ્રકારનું લખાણ રાખવું જાઈઝ નથી, પણ આ દલીલથી જાણવા મળ્યું કે શાહી કે માટીથી લખીને કફનમાં રાખવું મના છે અને જો આંગળી વડે મૈયતની પેશાની અથવા સીના પર લખી આપ્યું કે અહદનામું કબરમાં તાખલામાં રાખી દીધું તો જાઈઝ છે, એમાં હરફોની બેઅદબીનો અંદેશો નથી. જેથી આ વાંધો આપના માટે પૂરતો નથી. બીજુ એ કે અલ્લામા શામીએ લખાણને મના નથી ફર્માવ્યું, એ જ સ્થાને ખૂદ ફર્માવે છે :

نَعَمْ نُقِلَ عَنْ بَعْضِ الْمُحَشِّيْنَ عَنْ فَوَائِدِ الشُّرُجِيْ اَنَّ مِمَّا يُكْتَبُ عَلٰى جَبْهَةِالْمَيِّتِ بِغَيْرِ مِدَادٍ بِالْاَصْبَعِ الْمُسَبِّحَةِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَعَلَى الصَّدْرِ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَسُوْلُ اللّٰهِ وَذٰلِكَ بَعْدَ الْغَسْلِ قَبْلَ التَّكْفِيْنِ

''કેટલાક મુહક્કિકોએ ફવાઈદુલ શરજીથી નકલ કર્યું કે મૈયતની પેશાની પર શાહી વિના આંગળી વડે લખી દેવામાં આવે بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ અને છાતી પર **લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ,** અને આ લખાણ ગુસ્લ આપ્યા પછી કફન પહેરાવતાં પહેલાં હોય.'' જાણવા મળ્યું કે લખવાનું સદંતર મના નથી કર્યું. ત્રીજુ એ કે અલ્લામા શામીએ ફતાવા બઝ્ઝાઝિયાથી જાઈઝનો ફત્વો નકલ કર્યો છે.

એનાથી જાણવા મળ્યું કે હનફી અકાબિર જાઈઝના માનવાવાળા છે અને ઈબ્ને હજરે હરામ હોવાનો ફત્વો નકલ કર્યો. ઈબ્ને હજર શાફઈ છે તો શું હનફીઓના હુકમના નામે શાફઈઓના ફત્વા પર અમલ થશે ? હરગિઝ નહીં તેમજ હુર્મતનો ફત્વો કેવળ શૈખ ઈબ્ને હજરનું પોતાનું કથન છે, કોઈનાથી નકલ નથી કરતા. ચોથુ એ કે મૈયતના ફૂલવા ફાટવાનું યકીન નથી, ઘણી બધી મૈયતો ફૂલતી ફાટતી નથી, તો કેવળ બેઅદબીના વહેમથી મુડદાને ફાયદાથી વંચિત રાખવું ક્યાંનો ઈન્સાફ છે ? પાંચમુ એ કે અમે પ્રથમ વિભાગમાં સહાબાએ કિરામનાં કાર્યો નકલ કરેલ છે કે તેમણે પોતાનાં કફનોમાં હુઝૂર عليه الصلوٰة والسلام નાં તબર્રુકો રાખવાની વસિય્યત કરી. ખૂદ હુઝૂર ﷺ એ પોતાનું તેહબંદ શરીફ પોતાની લખ્તે જિગર ઝૈનબ બિન્તે રસૂલુલ્લાહના કફનમાં રખાવી. હઝરત તાઉસે પોતાના કફન પર દુઆનાં લખાણો લખવાની વસિયત કરી. કહો, અહીં લોહી તથા પરૂમાં ખરાબ થવાનો અંદેશો ન હતો ? કે પછી આ ચીજો મોઅઝ્ઝમ ન હતી ? છઠ્ઠુ એ કે શરઈ મસ્અલો એ છે કે મોતબર્રક ચીજોનું નજાસતમાં નાખવું હરામ છે, પરંતુ જો કોઈ શખ્સ સારી નિય્યત સાથે પાક જગાએ જરૂરત પૂરતુ રાખે તો કેવળ ખરાબીના ભયથી તે નાજાઈઝ થશે નહીં. એની ઘણી દલીલો છે. આબે ઝમઝમ ખૂબ જ મોતબર્રક પાણી છે તેનાથી ઈસ્તિન્જા કરવો હરામ છે પણ તેને પીવું જાઈઝ છે, કુર્આની આયતો લખીને ધોઈને પીવી મુબાહ છે, હુઝૂર ﷺ ના ફુઝલાત મુબારક ખાવુ પીવુ હલાલ છે જ્યારે કે એ પેટમાં પહોંચીને મળદ્વારમાં જાય છે અને ત્યાંથી પેશાબ બનીને બહાર નીકળશે. પ્રથમ વિભાગમાં અમે નકલ કરી ચૂક્યા કે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના તબેલાના ઘોડાઓની જાંગો પર લખ્યું હતું :

حُبِسَ فِیْ سَبِیْلِ اللّٰہِ જ્યારે કે ત્યાં લખવામાં પેશાબના છાંટા પડવાની શક્યતા વધારે છે, ઘોડા નાપાક જમીન પર બેસીને આળોટે છે પણ એનો એતબાર ન થયો. એ દલીલથી ઈમામ નસીર અને ઈમામ સફાર કે જેઓ હનફીઓના મહાન જલીલુલ કદર ઈમામ છે તે આ લખાણને જાઈઝ કહે છે. રહ્યું શૈખ ઈબ્ને હજર رضی اللہ عنہ નું એ ફર્માવવું કે ફારૂકે આ'ઝમના ઘોડાઓનું આ લખાણ ફરક કરવા (ઓળખ) માટે હતું જેથી એનો હુકમ બીજો થઈ ગયો, એ સહીહ નથી કેમ કે ગમે તે હેતુસર હોય પણ અક્ષરો તો તે જ છે. નિય્યતના ફરકથી હુરૂફનો હુકમ બદલાતો નથી. સારાંશ કે આ વાંધો તદ્દન નિરર્થક છે. હદીષ તથા સહાબીઓનો અમલ અને ઈમામોના કથનોના મુકાબલામાં કોઈ શાફઈ મઝહબવાળા ગૈર મુજતહિદનો કેવળ કયાસ વિશ્વસનીય નથી. હા, કોઈ હનફી ઈમામનો કૌલ અથવા સ્પષ્ટ હદીષ મનાઈની રજુ કરો ! અને તે તો મળશે નહીં. સાતમુ એ કે ઉલમાના કથનથી મુસ્તહબ કે જાઈઝ હોવું સાબિત થઈ શકે છે પણ કરાહિયતના માટે ખાસ દલીલની જરૂરત છે જેમ કે અમે પ્રથમ સાબિત કરી ચૂક્યા છીએ. તો આ કથનોમાં મુસ્તહબ હોવા વિશેનો કૌલ સ્વીકારને પાત્ર છે ન કે કરાહિયતનું કથન. કેમ કે તે દલીલ વિહોણું છે.

વાંધો (૪) : અહદનામુ કે શજરો કબરમાં રાખવું ઈસ્રાફ (ફુઝૂલખર્ચી) છે, કેમ કે ત્યાં રહીને કોઈને કામ તો લાગશે નહીં, બર્બાદ થઈ જશે અને ઈસ્રાફ હરામ છે.

જવાબ : એનાથી મૈયતને ઘણા ફાયદા છે અને મૈયતને કામ આવે છે, જેથી બેકાર નથી માટે ઈસ્રાફ પણ નથી.

વાંધો (૫) : હુઝૂર عليہ الصلوٰۃ والسلام એ અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય મુનાફિકને તેના મૃત્યુ બાદ પોતાની કમીઝ પહેરાવી અને તેના મોઢામાં પોતાનું લુઆબે દહન (થૂંક મુબારક) નાખ્યું અને તેને કોઈ ફાયદો, ન થયો. જાણવા મળ્યું કે કફની બેકાર છે. તેમજ જાણવા મળ્યું કે હુઝૂરને ઈલ્મે ગયબ નથી, નહીં તો આપ એને પોતાનું લુઆબે દહન તથા લિબાસ ન આપત. તેમજ જાણવા મળ્યું કે નબીના શરીરના અંશો દોઝખમાં જઈ શકે છે. કેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને

ઉબય મુનાફિક દોઝખી છે અને તેના મોઢામાં હુઝૂરનું લુઆબ, જેથી લુઆબ પણ ત્યાં જ પહોંચ્યું.

જવાબ : આ પ્રસંગ પરથી તો કફની આપવાની સાબિતી થઈ ! કેમ કે હુઝૂર ﷺ એ મુનાફિકને પોતાની કમીઝ કફની તરીકે જ પહેરાવી હતી. હા ! V [Ô6 JFD?I]S[**ઈમાન વિના આ તબર્રુકો ફાયદો નથી આપતાં !** અમે પણ એ જ કહીએ છીએ કે મોમિનની મૈયતને કફની લાભદાયી છે ન કે કાફિરને ! હુઝૂર ﷺ એ અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયનું મુનાફિક હોવાની જાણ હતી, કેમ કે આપના બતાવવાથી જ તો આપણે જાણ્યું ! એ પણ અબર હતી કે ઈમાન વિના તબર્રુકો લાભકારક નથી કેમ કે એ અકીદાનો મસ્અલો હતો જેનો ઈલ્મ નબીને હોવો જરૂરી છે. જ્યારે ખેડૂત વેરાન તથા ખેતીલાયક જમીનને ઓળખે છે તો નબી ઈમાનની જમીન એટલે કે માનવ દિલોને કેમ ન જાણે ? ત્રણ કારણે આપે તેને તબર્રુકો આપ્યાં : એક તો એ કે એનો પુત્ર મુખ્લિસ મોમિન હતો જેના દિલને ખુશ કરવું મંઝૂર હતું, બીજુ એ કે તેણે એકવાર હઝરત અબ્બાસને પોતાની કમીઝ પહેરાવી હતી, તો આપે ચાહ્યું કે મારા કાકા પર એનું એહસાન ન રહી જાય. ત્રીજુ એ કે પોતાના રહમતે આલમ હોવાનો ઈઝહાર કર્યો હતો કે અમે તો દરેક પર કરમ ફર્માવવા માટે તૈયાર છીએ, કોઈ ફયઝ લે કે ન લે. વાદળ દરેક જમીન પર વરસે છે પણ નાળી વગેરે ગંદી જમીન એનાથી લાભ નથી મેળવતી. નબી શરીરનાં અંશો એ હાલતમાં રહીને દોઝખમાં નથી જઈ શકતાં. ફરિશતાઓએ તે લુઆબ તેના મોઢામાં શોષાળા ન દીધું, બલ્કે કાઢી લીધુ હશે, કિન્આત ઈબ્ને નૂહનું દોઝખમાં જવું ઈન્સાની શકલમાં છે, એટલે કે તે નુત્ફો જ્યારે કાંઈક અન્ય બની ગયો ત્યારે જહન્નમાં ગયો, નહીં તો હઝરત તલ્હાએ હુઝૂર ﷺનું પછનાથી નીકળેલ લોહી પીધું તો ફર્માવ્યું કે તમારા પર દોઝખની આગ હરામ છે.

મોટા અવાજે ઝિક્ર કરવું

પંજાબ વગેરેમાં કાયદો છે કે ફજર તથા ઈશાની નમાઝ બાદ મોટા અવાજે દુરૂદ શરીફ પઢે છે, વિરોધીઓ એને હરામ કહે છે અને જાત જાતના બહાને એને રોકવા ચાહે છે. એક બહાનું એ છે કે જોરથી ઝિક્ર કરવું બિદઅત છે, હનફીઓના ઉસૂલની વિરૂદ્ધ છે, એનાથી નમાઝી લોકો નમાઝમાં ભૂલી જાય છે, જેથી એ હરામ છે.

મોટા અવાજે ઝિક્ર જાઈઝ છે બલ્કે અમુક પ્રસંગો પર જરૂરી છે. જેથી આ ચર્ચાના બે વિભાગ પાડવામાં આવે છે, પહેલા વિભાગમાં એની સાબિતી અને બીજા વિભાગમાં આ મસ્અલા પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ જોરથી ઝિક્ર કરવા વિશે સાબિતી ★

મોટા અવાજથી ઝિક્ર જાઈઝ છે. કુર્આન તથા હદીષ તથા અકવાલે ઉલમાથી (આલિમોના કથનોથી) સાબિત છે.

કુર્આન ફર્માવે છે :– فَاذْكُرُوا اللّٰهَ كَذِكْرِكُمْ اٰبَآءَكُمْ اَوْاَشَدَّ ذِكْرًا

"અલ્લાહનો એવી રીતે ઝિક્ર કરો જેવી રીતે પોતાના બાપ દાદાઓનો ઝિક્ર કરો છો બલ્કે એથીયે વિશેષ." મક્કાના કાફિરો હજ્જથી ફારિગ થઈને મજમઊનમાં પોતાની કૌમી ખૂબીઓ અન વંશિક મહાનતાઓ વર્ણન કરતા હતા એને મના ફર્માવ્યું અને એના બદલે ઝિકુલ્લાહ કરવાનો હુકમ આપ્યો. અને જાહેર છે કે એ મોટા અવાજે જ હશે એટલા માટે તલબિય્યહ્ મોટા અવાજે પઢવું સુન્નત છે, ખાસ કરીને જમાઅતોના મળવાના વખતે.

રબ તઆલા ફર્માવે છે :–

وَاِذَا قُرِءَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْالَهٗ وَاَنْصِتُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ કે "જ્યારે કુર્આન પઢવામાં આવે તો કાન લગાડીને સાંભળો ને ખામોશ રહો." જાણવા મળ્યું કે મોટા

અવાજે તિલાવત કરવી જાઈઝ છે કેમ કે મોટા અવાજનું ઝિક્ર સાંભળી શકાય છે, નહીં કે ધીમુ. *(તફસીરે કબીર એ જ આયત)*

મિશ્કાત 'બાબુઝ્ ઝિક્ર બઅદસ્સલાત'માં છે :–

كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ صَلٰوتِهٖ يَقُوْلُ بِصَوْتِهِ الْاَعْلٰى لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ

''હુઝૂર ﷺ જ્યારે પોતાની નમાઝથી ફારિગ થતા તો મોટા અવાજે ફર્માવતા : લા ઈલાહ ઈલ્લલ્લાહ વહ્દહૂ લા શરીક લહૂ.''

મિશ્કાતમાં એ જ જગાએ છે :–

عَنْ اِبْنِ عَبَّاسٍ قَالَ كُنْتُ اَعْرِفُ اِنْقِضَآءِ صَلٰوةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِالتَّكْبِيْرِ

''અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે હું તકબીરના અવાજ વડે હુઝૂર ﷺ ની નમાઝની પૂર્ણાહૂતીને માલૂમ કરતો હતો.'' એટલે કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَا નાની વયના કારણે અમુક નમાઝની જમાઅતમાં શરીક થતા ન હતા તો ફર્માવે છે કેનમાઝ બાદ મુસલમાન એટલા મોટા અવાજે તકબીર કહેતા હતા કે અમે ઘરોવાળા લોકો સમજી જતા હતા કે હવે નમાઝ ખત્મ થઈ.

લમ્આતમાં આ હદીષ હેઠળ છે :–

اَنَّ ابْنَ عَبَّاسٍ كَانَ لَمْ يَحْضُرِ الْجَمَاعَةَ لِاَنَّهٗ كَانَ صَغِيْرًا مِّمَّنْ لَايَوَاظِبُ عَلٰى ذٰلِكَ

''હઝરત ઈબ્ને અબ્બાસ બાળક હતા એટલા માટે પાબંદી સાથે જમાઅતમાં આવતા ન હતાં.'' મુસ્લિમ, ભાગ–૧, 'બાબુઝ્ઝિક્ર બઅદસ્સલાત'માં એ જ ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَا થી રિવાયત છે :–

ان رفع الصوت بالذكر حين ينصرف الناس من المكتوبة كان على عهدالنبى صلى الله عليه وسلم

"ફર્ઝોથી ફારિગ થઈને મોટા અવાજે ઝિકુલ્લાહ કરવું હુઝૂર ﷺ ના જમાનામાં રિવાજ પામેલ હતું."

મિશ્કાત બાબુઝ્ઝિકુલ્લાહ ﷻ માં છે કે રબ તઆલા ફર્માવે છે :–

فَاِنْ ذَكَرَنِىْ فِىْ نَفْسِهٖ ذَكَرْتُهٗ فِىْ نَفْسِىْ وَاِنْ ذَكَرَنِىْ فِىْ مَلَاءٍ ذَكَرْتُهٗ فِىْ مَلَاءٍ خَيْرٍمِّنْهُمْ

"જે શખ્સ મને પોતાના દિલમાં યાદ કરે છે અમે પણ તેને અમારા નફસમાં યાદ કરીએ છીએ અને જે મજમામાં અમારો ઝિક્ર કરે તો અમે પણ એનાથી બેહતર મજમામાં તેનો ઝિક્ર કરીએ છીએ. (એટલે ફરિશ્તાના મજમામાં)."

જામેઅ સગીરમાં છે :–

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَكْثِرُوْا فِى الْجَنَازَةِقَوْلَ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, "જનાઝામાં **લા ઈલાહ ઈલ્લલ્લાહ** અધિક કહ્યા કરો." એનાથી જાણવા મળ્યું કે જનાઝાની સાથે કલમાએ તૈયેબહ અથવા અન્ય કોઈ ઝિક્ર કરવો દરેક રીતે જાઈઝ છે, ધીમા અવાજે કે મોટા અવાજે. રિસાલા દલાઈલુલ્ અઝ્કાર, પ્રેસ દિલ્હી, લેખક : શૈખ મુહમ્મદ થાનવી (મોલ્વી રશીદ અહમદ ગંગોહીના હદીષના ઉસ્તાદ) પેજ નં. ૭૯માં છે :–

اَنَّ النَّبِىَّ ﷺ كَانَ يَجْهَرُ مَعَ الصَّحَابَةِ بِالْاَذْكَارِ وَالتَّهْلِيْلِ وَالتَّسْبِيْحِ بَعْدَ الصَّلٰوةِ

"હુઝૂર ﷺ નમાઝ પછી સહાબાએ કિરામની સાથે તસ્બીહ તથા તહલીલ મોટા અવાજથી પઢતા હતા."

તફસીરે રૂહુલ બયાન પારા–૪, આયત :–

رَبَّنَامَاخَلَقْتَ هٰذَا بَاطِلًا سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ـ اَلذِّكْرُ بِرَفْعِ الصَّوْتِ جَائِزٌ بَلْ مُسْتَحَبٌّ اِذَالَمْ يَكُنْ عَنْ رِّيَاءٍ لِيَغْتَنِمَ النَّاسُ بِاِظْهَارِ الدِّيْنَ وَوُصُوْلِ

بَـرَكَةِ الـذِّكْرِ اِلَى السَّامِعِيْنَ فِى الدُّوْرِ وَالْبُيُوْتِ وَيُوَافِقُ الذَّاكِرَمَنْ سَمِعَ صَوْتَهٗ وَيَشْهَدُ لَهٗ يَوْمَ الْقِيَامَةِ كُلُّ رُطَبٍ وَّيَابِسٍ سَمِعَ صَوْتَهٖ

હેઠળ છે : **"મોટા અવાજથી ઝિક્ર કરવું જાઇઝ બલ્કે મુસ્તહબ છે જ્યારે કે રિયાથી ન હોય કે દીનનો ઈઝહાર થાય, ઝિક્રની બરકત ઘરોમાં સાંભળનારાઓ સુધી પહોંચે અને જે કોઈ એનો અવાજ સાંભળે તે ઝિક્રમાં મશગૂલ થઈ જાય અને કિયામતના દિવસે દરેક સૂકી તથા ભીની ચીજો ઝિક્ર કરનારના ઈમાનની ગવાહી આપશે."** એનાથી જાણવા મળ્યું કે મોટા અવાજથી ઝિક્રમાં ઘણા દીની ફાયદાઓ છે, તફસીરે ખાઝિન, રૂહુલ બયાન, પારા–૬માં આયત : وَاٰتَيْنَا دَاوٗدَ زَبُوْرًا હેઠળ એક રિવાયત નકલ કરવામાં આવી છે કે હુઝૂર ﷺ એ સૈયદેના અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ ને ફર્માવ્યું કે, "આજે રાત્રે અમે તમારી કુર્આનની કિરાઅત સાંભળી, તમને દાઉદી અવાજ આપવામાં આવ્યો છે !" અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ ફર્માવે છે કે :–

فَقُلْتُ اَمَا وَاللّٰهِ لَوْعَلِمْتَ اِنَّكَ تَسْمَعُ لَحَبَّرْتُهٗ تَحْبِيْرًا ـ اَلتَّحْبِيْرُ حُسْنُ الصَّوْتِ

મેં અર્ઝ કરી કે રબની કસમ ! જો મને ખબર હોત કે મારું કુર્આન સાહિબે કુર્આન સાંભળી રહેલા છે તો હું ઓર પણ અવાજ બનાવીને પઢતે." આ હદીષથી બે વાતો માલૂમ પડી : પ્રથમ તો એ કે સહાબાએ કિરામ મોટા અવાજે ઝિક્ર કરતા હતા કે બહાર અવાજ આવતો હતો. બીજુ એ કે ઝિક્રુલ્લાહ તિલાવતે કુર્આન અલ્લાહની ઈબાદત છે અને અયન ઈબાદતમાં અલ્લાહના રસૂલને ખુશ કરવા એ સહાબાએ કિરામની તમન્નામાં હતું.

મિશ્કાત કિતાબુસ્સલાત બાબિસ્સલાતિલ્લૈલમાં રિવાયત છે કે એક રાત્રે હુઝૂર ﷺ પોતાના જાંનિષાર સહાબીઓની ઈમ્તેહાન લેવાના માટે તશરીફ લઈ ગયા કે તેમની રાતની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે. જોયું કે સિદ્દીકે અકબર તો મોટા ભાગે ધીમા અવાજે કુર્આન પઢી રહ્યા છે અને ફારૂકે આ'ઝમ ખૂબ મોટા અવાજથી પઢતા હતા. સવારે તે સાહબોને સિદ્દીકે અકબરે એનું કારણ

પૂછયું તો કે, "યા હબીબલ્લાહ ! જેને સંભળાવવાનો હેતુ હતો તેને મેં સંભળાવી આપ્યું એટલે કે રબને. ફારૂકે આ'ઝમે અર્ઝ કરી કે સૂતેલાઓને જગાડી રહ્યો હતો, શૈતાનને ભગાડી રહ્યો હતો. સુબ્હાનલ્લાહ ! બંને જવાબો કેવા મુબારક છે ! કોઈના પર નારાજગી ન દર્શાવી બલ્કે ફર્માવ્યું કે તમે તમારો અવાજ કાંઈક બુલંદ કરો અને ફારૂકે આ'ઝમને કહ્યું કે તમે થોડોક ધીમો કરો.

મિશ્કાત કિતાબે અસ્માએ અલ્લાહ તઆલામાં હઝરત બુરીદાથી રિવાયત છે કે એકવાર હું હુઝૂર ﷺ ની સાથે ઈશાના સમયે મસ્જિદમાં ગયો, જોયું કે એક વ્યક્તિ મોટા અવાજે કુર્આન પઢી રહેલ છે. મેં અર્ઝ કરી કે, યા હબીબલ્લાહ ! આ રિયાકાર છે ? ફર્માવ્યું, નહીં ! બલ્કે તૌબા કરનાર મોમિન છે. આલમગીરી કિતાબુલ કરાહિયહ્ બાબે ચહારુમ ફીસ્સલાતુ વત્તસ્બીહ વ કિરાઅતિલ કુર્આનમાં છે :–

قَاضٍ عِنْدَهٗ جَمْعٌ عَظِيْمٌ يَرْمَهُوْنَ اَصْحَابِهِمْ بِالتَّسْبِيْحِ وَالتَّهْلِيْلِ جُمْلَةً لَابَاْسَ بِهٖ

"કોઈ કાઝીની પાસે ઘણી મોટી જમાઅત હોય અને તેઓ સૌ ભેગા મળીને મોટા અવાજે 'સુબ્હાનલ્લાહ' અથવા 'લા ઈલાહ ઈલ્લલ્લાહ' કહે તો એમાં વાંધો નથી.

આલમગીરીમાં એ જ જગાએ છે :–

اَلْاَفْضَلُ فِىْ قِرَاءَةِ الْقُرْاٰنِ خَارِجَ الصَّلٰوةِ الْجَهْرُ "નમાઝ સિવાય બેહતર છે કે કુર્આન મોટા અવાજે પઢે. આલમગીરીમાં એ જ સ્થાને છે : اَمَّا التَّسْبِيْحُ وَالتَّهْلِيْلُ لَابَاْسَ بِذٰلِكَ وَاِنْ رَفَعَ صَوْتَهٗ **સુબ્હાનલ્લાહ** કે **લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહેવામાં વાંધો નથી, ભલે મોટા અવાજે કહે. શામી, ભાગ–૧, મતલબ ફી અહકામિલ મસ્જિદ સાથે છે :–

اَجْمَعَ الْعُلَمَاءُ سَلَفًا وَخَلَفًا عَلٰى اِسْتِحْبَابِ ذِكْرِالْجَمَاعَةِ فِى الْمَسْجِدِ اِلَّا اَنْ يُّشَوِّشَ جَهْرُهُمْ عَلٰى نَائِمٍ اَوْ مُصَلٍّ اَوْ قَارِىٍ

"મુતકદ્દેમીન અને મુતાખ્ખેરીન આલિમોએ એના પર એકમતી સાધી છે કે મસ્જિદોમાં જમાઅતોનું મોટા અવાજે ઝિક્ર કરવું મુસ્તહબ છે, પણ એ કે

તેમના જોરથી ઝિક્રથી કોઈ સૂઈ રહેલા કે નમાઝી અથવા કારીને પરેશાની ન થાય.

શામીમાં એ જ જગાએ છે :–

فَقَالَ بَعْضُ اَهْلِ الْعِلْمِ اِنَّ الْجَهْرَ اَفْضَلُ لِاَنَّهٗ اَكْثَرُ عَمَلاً وَلِتَعَدِّیْ فَائِدَتِهٖ اِلَی السَّامِعِیْنَ وَیُوْقِظُ قَلْبَ الْغَافِلِیْنَ فَیَجْمَعُ هَمَّهٗ اِلَی الذِّکْرِ وَیُصْرِفُ سَمْعَهٗ اِلَیْهِ وَیَطْرُدُ النَّوْمَ وَیَزِیْدَ النِّشَاطَ

''અમુક અહલે ઈલ્મે ફર્માવ્યું છે કે બુલંદ અવાજથી ઝિક્ર કરવું અફઝલ છે, કેમ કે એમાં કામ વધારે છે, એનો ફાયદો સાંભળનારાઓને પણ પહોંચે છે અને તે ગાફિલોના દિલને જાગૃત કરે છે. તેમના ખયાલો અને તેમના કાનોને ઝિક્રે ઈલાહીની તરફ ખેંચે છે, ઊંઘને ભગાડે છે, ખુશી વધારે છે.''

દુર્રે મુખ્તાર બાબુ સ્સલાતિલ ઈદૈન બહષે તકબીરે તશરીકમાં છે :–

وَلَایُمْنَعُ الْعَامَّةُ مِنَ التَّکْبِیْرِ فِی الْاَسْوَاقِ فِی الْاَیَّامِ الْعَشْرِ وَبِهٖ نَاخُذُ

''બકરા ઈદના દસ દિવસોમાં બજારોમાં આમ મુસલમાનોને નારએ તકબીર કહેવાથી ન રોકો.'' એને અમે અપનાવીએ છીએ. લગભગ તે દિવસોમાં આમ મુસલમાનો બજારોમાં ના'રએ તકબીર લગાડતા હશે. એ જો કે બિદઅત છે પણ ફર્માવ્યું કે એને મના ન કરો. એ જ લખાણના હેઠળ શામીમાં છે :–

قِیْلَ لِاَبِیْ حَنِیْفَةَ یَنْبَغِیْ لِاَهْلِ الْکُوْفَةِ وَغَیْرِهَا اَنْ یُّکَبِّرُوْا اَیَّامَ الْعَشْرِ فِی الْاَسْوَاقِ وَالْمَسْجِدِ قَالَ نَعَمْ قَالَ الْفَقِیْهُ اَبُوْ جَعْفَرٍ وَالَّذِیْ عِنْدِیْ اَنَّهٗ لَایَنْبَغِیْ اَنْ نَمْنَعَ الْعَامَّةَ عَنْهُ لِقِلَّةِ رَغْبَتِهِمْ فِی الْخَیْرِ وَبِهٖ نَاخُذُ فَاَدَاَنَّ فِعْلَهٗ اَوْلٰی

''ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે શું કૂફા વગેરેના લોકોને એ મુસ્તહબ છે કે ઝીલ હજ્જના દસ દિવસોમાં બજારોમાં અને મસ્જિદોમાં તકબીરો કહે ? ફર્માવ્યું કે,''હા, ઈમામ અબૂ જાફર قدس سرہ એ ફર્માવ્યું કે મારો ખયાલ એ છે અવામ (પબ્લિક) ને એ તકબીરથી ન રોકવામાં

આવે, કેમ કે તેઓ પહેલેથી જ ભલા કામોમાં ઓછું આકર્ષણ ધરાવે છે. એને અમે અપનાવીએ છીએ.'' એનાથી જાણવા મળ્યું કે આ બજારોની તકબીરો મુસ્તહબ છે.

કિતાબુલ અઝકાર, લેખક : ઈમામ નવવી કિતાબુસ્સલાત અલન્નબીમાં છે :–

يُسْتَحَبُّ لِقَارِئِ الْحَدِيْثِ وَغَيْرِهٖ مِمَّنْ فِىْ مَعْنَاهُ اِذَا ذَكَرَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنْ يَّرْفَعَ صَوْتَهٗ بِالصَّلٰوةِ عَلَيْهِ وَالتَّسْلِيْمِ بِهٖ وَقَدْ نَصَّ الْعُلَمَآءُ مِنْ اَصْحَابِنَا وَغَيْرِهِمْ عَلٰى اَنَّهٗ يُسْتَحَبُّ اَنْ يَّرْفَعَ صَوْتَهٗ بِالصَّلٰوةِ عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِى التَّلْبِيَةِ

એટલે હદીષ શરીફ પઢનારાઓ વગેરેએ જોઈએ કે જ્યારે હુઝૂરનો ઝિક્ર થાય તો મોટા અવાજે સલાતો સલામ પઢે. આપણા ઉલમાએ સ્પષ્ટતા કરી કે તલબિય્યહ્માં હુઝૂર પર મોટા અવાજે દુરૂદ પઢે.

એ ઉપરાંત અન્ય પણ હદીષો તેમ જ ફિકહી લખાણો રજુ કરી શકાય છે. પણ લખાણ ટૂકાવતાં આટલેથી જ અટકીએ છીએ. બિહમ્દિહી તઆલા વિરોધીઓના પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહી પણ આ બાબતમાં અમારી સાથે સહમત છે, જેમ કે ફતાવા રશીદિયા, ભાગ–૩, કિતાબુલ ખતર વલ અબાહા, પેજ–૧૦૪માં એક સવાલનો જવાબ છે :

સવાલ : એ છે કે જોરથી ઝિક્ર તથા દુરૂદ ચાહે મોટા અવાજે હોય છે ઓછા મોટા અવાજે, એ જાઈઝ છે ?

જવાબ : જોરથી ઝિક્ર ચાહે ગમે તે ઈમામ અબૂ હનીફાની નજીક આ પ્રસંગો સિવાય જોરથી હોય એની સાબિતી નસ (દલીલ) છે, ત્યાં મકરૂહ છે અને સાલેહીન તથા અન્ય ફકીહો તથા મુહદ્દિષો જાઈઝ કહે છે અને અમારા મશાઈખનો મઝહબ સાલેહીનના મઝહબને અપનાવવુ છે. વસ્સલામ ૧૬–રબીઉષ્ષાની હિ.સ. ૧૩૧૨ –રશીદ અહમદ.

મુદ્દઈ લાખ પે ભારી હૈ ગવાહી તેરી !

હવે તો કોઈ દેવબંદી વહાબીને હક્ક નથી કે કોઈ સુન્ની મુસલમાનને મોટા અવાજથી ઝિક્ર કરવાથી રોકે, કેમ કે એના કરાહત વિના જાઈઝ હોવાનું રજીસ્ટર્ડ થઈ ચૂક્યું છે.

બુદ્ધિ પણ ચાહે છે કે જોરથી ઝિક્ર કરવું જાઈઝ હોય એનાં કેટલાક કારણો છે : પ્રથમ તો એ કે શરીઅતનો કાયદો છે કે મહેનતના પ્રમાણે સવાબ મળે છે. એટલા માટે ઠંડીમાં વુઝૂ કરવું, અંધારી રાતોમાં મસ્જિદોમાં જમાઅતના માટે આવવું દૂરથી મસ્જિદમાં આવવું વધુ સવાબનો સબબ છે. (જુઓ મિશ્કાત વગેરે) અને જોરથી ઝિક્ર કરવામાં ધીરેથી ઝિક્ર કરવા કરતાં મહેનત વધુ પડે છે, જેથી એ અફઝલ છે. ત્યાં સુધીનાં તમામ ઝાડો, પાંદડાં, ઘાસ, જિન્નાત તથા માણસ કિયામતમાં તેના ઈમાનની ગવાહી આપશે. તો ઝિક્ર બિલ્‌જહ્‌ર (મોટેથી)માં પણ એ જ ફાયદાની ઉમ્મીદ છે. ત્રીજુ એટલા માટે કે ધીમા ઝિક્રનો ફાયદો કેવળ ઝિક્ર કરનારને જ છે પણ મોટેથી ઝિક્રનો ફાયદો ઝાકિરને પણ છે કે કલ્મા વગેરેની ઝર્બથી દિલ બેદાર થાય છે અને સાંભળનારાઓને પણ કે શક્ય છે તેઓ પણ ઝિક્ર સાંભળીને ઝિક્ર કરે, અને ન કરે તો પણ સાંભળવુ પણ સવાબ છે અને લાઝિમથી મુતઅદ્દી સારું. ચોથુ એટલા માટે કે મિશ્કાત બાબુલ અઝાનમાં છે કે અઝાનના અવાજથી શૈતાન ભાગે છે. હમણા ફારૂકે આઝમ رضی اللہ عنہ નો જવાબ નકલ થઈ ચૂક્યો છે કે તેમણે અર્ઝ કરી હતી اَطْرُدُ الشَّيْطَانَ. જેનાથી જાણવા મળ્યું કે અન્ય ઝિક્રોથી પણ શૈતાન ભાગે છે એટલા માટે મોટેથી ઝિક્ર કરવામાં શૈતાનથી પણ સલામતી છે. પાંચમું એટલા માટે કે મોટેથી ઝિક્ર કરવાથી ઊંઘ તથા આળસ, સુસ્તી દૂર થાય છે. ધીમા ઝિક્રમાં મોટાભાગે ઊંઘ પણ આવી જાય છે. આ તમામ વાતો ત્યારે છે જ્યારે કે રિયાકારીના માટે ન હોય, જો રિયા માટે છે તો રિયાની નિય્યતથી મુરાકેબો કરવો, નમાઝો પઢવી ગુનાહનો સબબ છે. નક્શબંદી હઝરાત કુદ્દેસત અસ્રારહુમનો મશગલો ઝિક્રે ખફી (ધીમુ ઝિક્ર) છે. તેઓ તો આના પર આલિમ છે :–

दिलमें हो याद तेरी गोशए तन्हाई हो
फिर तो ख़ल्वतमें अजब्ब अंजुमन आराई हो

બાકીના સિલસિલાના ઔલિયા ઝિક્ર બિલ્ જહર (મોટેથી ઝિક્ર)માં મશ્ગૂલ રહે છે અને આના પર અમલ કરે છે.

सारा आलम हो मगर दीदाअे दिल देखे तुम्हें
अंजुमन गर्म हो और लज़्ज़ते तन्हाई हो

બંને હઝરાત ખુદાના પ્યારા છે. નકશબંદી હઝરાત તો ખલ્વતમાં જલ્વત કરે છે અને બાકી હઝરાત જલ્વતમાં ખલ્વત. પણ كُلًّا وَّعَدَاللّٰهُ الْحُسْنٰى અલ્લાહ તઆલા એ સૌથી જન્નતનો વાયદો ફર્માવી લીધો. પણ તેમનો આ ઈખ્તેલાફ ઈલ્લત તથા હુર્મતમાં નથી, દરેક દરેકનો તરીકો છે. ન તો ખફી (ધીમા ઝિક્ર)વાળા જહર્ (જોરથી ઝિક્ર) વાળાની ટીકા કરે ન જહ્રવાળા ખફીવાળાની કરે. આ સર્વ ચર્ચા તે દેવબંદીઓ વગેરે માટે છે કે જેઓ જહ્ર (જોરથી ઝિક્ર) પર હરામ હોવાના ફત્વા લગાડે છે. મુજદ્દિદ સાહબ قدس سرہ ના આ ફર્માન પર કુર્બાન કે :–

न ईं कार मी कुनम न ईंन्कार मी कुनम رضی اللہ عنہم

(બીજો વિભાગ)

★ જોરથી ઝિક્ર કરવા પર વાંધા અને તેના જવાબો ★

આ મસ્અલા પર વિરોધીઓ બે પ્રકારના વાંધા ઉઠાવે છે, નકલી તથા અકલી, અમે નકલી વાંધાઓ જવાબ સાથે રજૂ કરીએ છીએ.

વાંધો (૧) :–

وَاذْكُرْ رَّبَّكَ فِىْ نَفْسِكَ تَضَرُّعًا وَّخِيْفَةً وَّدُوْنَ الْجَهْرِ مِنَ الْقَوْلِ بِالْغُدُوِّ وَالْاٰصَالِ

"તમારા રબને તમારા દિલમાં યાદ કરો અને રૂદન કાકલૂદી તથા ડર સાથે અને અવાજ નીકળ્યા વિના સવાર–સાંજ." એના પરથી જાણવા મળ્યું કે ઝિક્રે ઈલાહી દિલમાં જોઈએ, મોટા અવાજે મના છે.

જવાબ : એના કેટલાક જવાબો છે : એક તો એ કે આ આયતમાં ઝિક્ર નમાઝની હાલતમાં મુરાદ છે એટલે કે ધીમા અવાજથી કિરાઅતવાળી નમાઝોમાં

કિરાઅત અથવા મુક્તદી અથવા અત્તહિય્યાત વગેરે દિલમાં પઢે અથવા ઈમામ જરૂરતથી વધારે પ્રમાણમાં અવાજ ન કાઢે. તફસીરે રૂહુલ બયાનમાં આ જ આયત હેઠળ છે :–

فَمَنْ اَمَّ فِیْ صَلٰوةِ الْجَهْرِ یَنْبَغِیْ لَهٗ اَنْ لَّایَجْهَرَ جَهْرًا شَدِیْدًا بَلْ یَقْتَصِرُ عَلٰی قَدْرِمَا یَسْمَعُهٗ مَنْ خَلْفَهٗ قَالَ فِی الْکَشْفِ لَایَجْهَرُ فَوْقَ حَاجَةِ النَّاسِ وَاِلَّا فَهُوَمُسِیْٓءٌ ۔

''જે શખ્સ જહ્રી (જોરથી) નમાઝમાં ઈમામત કરે તે બહુ અવાજ સાથે કિરાઅત ન કરે બલ્કે એટલા પ્રમાણે રાખે કે પાછળવાળા સાંભળી લે.'' કશ્ફમાં ફર્માવ્યું કે, **''જરૂરત કરતાં વધુ પ્રમાણમાં ન ચીખે, નહીં તો ગુનેહગાર થશે.''** તફસીરે કબીરમાં આ આયતના હેઠળ છે :

وَالْمُرَادُ مِنْهُ اَنْ یَّقَعَ ذٰلِكَ الذِّکْرُ بِحَیْثِ یَکُوْنُ مُتَوَسِّطًا بَیْنَ الْجَهْرِ وَالْمَخَافَةِ کَمَا قَالَ اللّٰهُ تَعَالٰی وَلَاتَجْهَرْ

''એટલે મુરાદ એ છે કે જહ્ર તથા ઈખ્ફાની દરમ્યાન (મધ્યમ અવાજમાં) ઝિક્રુલ્લાહ થવો જોઈએ.'' તફસીરે ખાઝિનમાં એ જ આયત હેઠળ છે : –

قَالَ ابْنُ عَبَّاسٍ یَعْنِیْ بِالذِّکْرِالْقُرْاٰنِ فِی الصَّلٰوةِ یُرِیْدُ اِقْرَءْ سِرًّا فِیْ نَفْسِكَ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે આ આયતમાં ઝિક્રથી મુરાદ નમાઝમાં તિલાવતે કુર્આન છે.'' મકસદ એ છે કે દિલમાં કિરાઅત કરો. ખૂદ કુર્આને કરીમે બીજા ઠેકાણે એની આ પ્રમાણે તફસીર ફર્માવી : وَلَاتَجْهَرْ بِصَلٰوتِكَ وَلَاتُخَافِتْ بِهَا وَابْتَغِ بَیْنَ ذٰلِكَ سَبِیْلًا ''અને પોતાની નમાઝ ન બહુ અવાજથી પઢો ન તદ્દન ધીરેથી, એ બંનેની વચમાં માર્ગ શોધો.'' અને અમે પ્રસ્તાવનામાં અર્ઝ કરી ચૂક્યા છીએ કે તફસીરે કુર્આન બિલ કુર્આન સૌના પર અગ્રતા ધરાવે છે. બીજુ એ કે આ આયતનો મકસદ એ છે કે ઝિક્ર કેવળ કૌલી ન હોય બલ્કે કૌલ (કથન)ની સાથોસાથ દિલ પણ મશ્ગૂલ હોય કે એના વિના ઝિક્ર બેકાર છે.

ખાઝિનમાં આ જ આયતના હેઠળ છે :–

وَقِيْلَ الْمُرَادُ بِالذِّكْرِ فِى النَّفْسِ اَنْ يَّسْتَحْضِرَفِىْ قَلْبِهٖ عَظْمَةَ الْمَذْكُوْرِ جَلَّ جَلَالَهٗ ـ

''કહેવામાં આવ્યું છે કે દિલમાં ઝિક્ર કરવાથી એ મુરાદ છે કે દિલમાં ખુદાએ કુદ્દુસની અઝમત મૌજૂદ હોય.''

એ જ ખાઝિનમાં છે :–

وَاِذَا كَانَ الذِّكْرُ بِاللِّسَانِ عَارِيًا عَنْ ذِكْرِ الْقَلْبِ كَانَ عَدِيْمَ الْفَائِدَةِ لِاَنَّ فَائِدَةَالذِّكْرِحُضُوْرُ الْقَلْبِ وَاِسْتِشْعَارُهٗ عَظْمَةَالْمَذْكُوْرِ جَلَّ جَلَالَهٗ

''જ્યારે કે જીભ થકી ઝિક્ર દિલના ઝિક્રથી ખાલી હોય તો નિરર્થક છે, કેમ કે ઝિક્રનો ફાયદો તો દિલને હાજર કરવું અને ખુદાની અઝમત દિલમાં લાવવું છે.'' અથવા એનો મતલબ એ છે કે અમુક સમયે ઝિક્રે કલ્બી ઝિક્રે જહર (જોરથી) થી બેહતર છે. એટલે કે અમરે ઇસ્તેહબાબી છે અને ઈસ્તિહબાબ પણ દરેક વખતે અને દરેક હૈસિયતથી નથી બલ્કે અમુક સંજોગોમાં છે. એટલા માટે આ આયત એ આયતના પછી છે કે وَاِذَا قُرِءَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ તો બંને આયતોને મિલાવવાથી માલૂમ પડયું કે ઝિક્રે ઈલાહી કદીક જોરથી હોવું જોઈએ અને ક્યારેક ધીરેથી. જ્યારે જોરથી હોય તો ખામોશી સાથે સાંભળો અને જ્યારે ધીરેથી હોય તો એમાં ચિંતન મનન કરો. જો જોરથી ઝિક્રમાં રિયાનો ડર હોય તો મૌન બેહતર છે. અને જો હેતુ એ હોય કે શૈતાન દૂર થાય અને દિલ જાગૃત થાય અને સૂવાવાળા જાગી જાય અને તમામ ચીજો કિયામતના દિવસે ઝાકિરના ઈમાનની ગવાહી આપે તો જોરથી બેહતર છે. રૂહુલ બયાનમાં એ જ આયતના હેઠળ છે :–

وَاذْكُرْ رَبَّكَ فِىْ نَفْسِكَ وَهُوَالذِّكْرُ بِالْكَلَامِ الْخَفِيِّ فَاِنَّ الْاِخْفَاءَ اَدْخَلُ فِى الْاِخْلَاصِ وَاَقْرَبُ مِنَ الْاِجَابَةِ وَهٰذَا الذِّكْرُ يَعُمُّ الْاَذْكَارَ كُلَّهَا مِنَ الْقِرَئَةِ وَالدُّعَاءُ وَغَيْرِهَا ـ

એનાથી મુરાદ છે ઝિક્રે ખફી (ધીરેથી ઝિક્ર) કેમ કે ધીરેથી ઝિક્રને (ઈખ્ફાને) ઈખ્લાસમાં વધારે દખલ છે અને એ કબૂલિયતની અધિક નિકટ

છે. અને એ ઝિક્ર તમામ ઝિક્રો અને કિરાઅત તથા દુઆઓમાં સામેલ છે. રૂહુલ બયાનમાં એ જ આયતના હેઠળ છે :–

بِاَنَّ الْاِخْفَاءَ اَفْضَلُ حَيْثُ خَافَ الرِّيَاءَ اَوْ تَاَذَّى الْمُصَلُّوْنَ اَوِ النَّائِمُوْنَ وَالْجَهْرُ اَفْضَلُ فِىْ غَيْرِ ذٰلِكَ لِاَنَّ الْعَمَلَ فِيْهِ اَكْثَرُ وَلِاَنَّ فَائِدَتَهٗ تَتَعَدّٰى اِلَى السَّامِعِيْنَ وَلِاَنَّهٗ يُوْقِظُ قَلْبَ الذَّاكِرِوَيَجْمَعُ هَمَّهٗ وَيَصْرِفُ سَمْعَهٗ اِلَيْهِ ـ

ધીરેથી ઝિક્ર ત્યાં અફઝલ છે જ્યાં કે રિયાનો ડર ન હોય અથવા નમાઝીઓ અથવા સૂનારાઓને તકલીફ થાય અને તે ઉપરાંતના અન્ય સ્થાનોએ ઝિક્ર બિલ્ જહ્ર (જોરથી) અફઝલ છે, કેમ કે એમાં અમલ વધારે છે અને એનો ફાયદો સાંભળનારાઓને પણ પહોંચે છે અને એટલા માટે કે એ ઝાકિરના દિલને જાગૃત કરે છે, ખયાલોને ભેગા કરે છે અને ઝાકિરની તરફ કાનોને ધ્યાનિત કરે છે.

વાંધો (૨) : اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعًا وَّخُفْيَةً اِنَّهٗ لَايُحِبُّ الْمُعْتَدِيْن "તમારા રબથી ગદ્ગદિત થઈને અને ધીમેથી દુઆ કરો, બેશક ! હદથી વધી જનારા એને પસંદ નથી." એનાથી પણ જાણવા મળ્યું કે બુલંદ અવાજથી ઝિક્ર ખુદાને નાપસંદ છે.

જવાબ : એના પણ કેટલાક જવાબો છે : પ્રથમ તો એ કે આયતમાં દુઆનો ઝિક્ર છે ન કે ઝિક્રે ઈલાહીનો. અને ખરેખર દુઆ છુપી રીતે કરવી જ અફઝલ છે જેથી કામિલ ઈખ્લાસ થાય.

તફસીરે રૂહુલ બયાનમાં આ આયત હેઠળ છે :–

اَىْ مُتَضَرِّعِيْنَ مُتَذَلِّلِيْنَ مُخْفِيْنَ الدُّعَاءَ لِيَكُوْنَ اَقْرَبَ اِلَى الْاِجَابَةِ لِكَوْنِ الْاِخْفَاءِ دَلِيْلَ الْاِخْلَاصِ وَالْاِحْتِرَازِعَنِ الرِّيَاءِ

એટલે "ઝારી (રૂદન) અને આજિઝી કરતાં કરતાં છુપી રીતે દુઆ કરો જેથી કબૂલિયતથી નિકટ થાય, કેમ કે ચુપકીદીથી દુઆ કરવી ઈખ્લાસની નજીક અને રિયાથી દૂર હોવાની દલીલ છે."

તફસીરે ખાઝિનમાં એ જ આયત હેઠળ છે :–

وَقِيْلَ الْمُرَادُ بِهٖ حَقِيْقَةُ الدُّعَاءِ وَهُوَ الصَّحِيْحُ لِاَنَّ الدُّعَاءَ هُوَ السُّوَالُ وَالطَّلَبُ وَهُوَ نَوْعٌ مِّنَ الْعِبَادَةِ

''કહેવામાં આવ્યું છે કે એનાથી મુરાદ હકીકતમાં દુઆ છે અને એ જ સહીહ છે, કેમ કે દુઆ સવાલ તથા માંગણી છે અને એ એક પ્રકારની ઈબાદત છે.''

તફસીરે ખાઝિનમાં એ જ આયત હેઠળ છે :–

وَالْاَدَبُ فِى الدُّعَاءِ اَنْ يَّكُوْنَ خَفِيًّا لِهٰذِهِ الْاٰيَةِ قَالَ الْحَسَنُ بَيْنَ دَعْوَةِ السِّرِّ وَدَعْوَةِ الْعَلَانِيَةِ سَبْعُوْنَ ضِعْفًا

''દુઆનો તરીકો એ છે કે છુપી હોય.'' એ જ આયતના કારણે હસને ફર્માવ્યુ કે, **''છુપી એક દુઆ એલાનિયા સિત્તેર દુઆઓના સમાન છે.''** અથવા એ મુરાદ છે કે અમુક સંજોગોમાં ઝિક્રે ઈલાહી છુપી રીતે બેહતર છે. એટલે ''ઉદઅુ''થી દરેક ઝિક્રે ઈલાહી મુરાદ છે અને આ અમ્ર ઈસ્તેહબાબી છે અને તે પણ અમુક સમયોના લેહાઝથી છે.

તફસીરે ખાઝિનમાં એના હેઠળ છે :–

فَذَهَبَ بَعْضُهُمْ اِلٰى اَنَّ اِخْفَاءَ الطَّاعَاتِ وَالْعِبَادَاتِ اَفْضَلُ مِنْ اِظْهَارِهَا لِهٰذِهِ الْاٰيَةِ وَلِكَوْنِهَا اَبْعَدَ مِنَ الرِّيَاءِ وَذَهَبَ بَعْضُهُمْ اِلٰى اَنَّ اِظْهَارَهَا اَفْضَلُ لِيَقْتَدِىَ بِهِ الْغَيْرُ فَيَعْمَلُ مِثْلَ عَمَلِهٖ وَذَهَبَ بَعْضُهُمْ اِلٰى اَنَّ اِظْهَارَ الْعِبَادَاتِ الْمَفْرُوْضَةِ اَفْضَلُ مِنْ اِخْفَاءِ هَا

''કેટલાક મુફસ્સિરો એ તરફ ગયા છે કે ઈબાદતોને છુપી રીતે કરવી જાહેર કરવાથી બેહતર છે. એ જ આયતના કારણે અને એટલા માટે કે એ રિયાથી અધિક દૂર છે અને અમુક ફર્માવે છે કે જાહેર કરવું અફઝલ છે જેથી બીજા લોકો પણ એનું અનુકરણ કરીને ઈબાદત કરે અને અમુક ફર્માવે છે કે ફર્ઝ ઈબાદતોને જાહેર રીતે કરવી છુપી રીતે કરવા કરતાં બેહતર છે.''

વાંધો (૩) :–

وَاِذَا سَئَلَكَ عِبَادِى عَنِّى فَاِنِّىْ قَرِيْبٌ اُجِيْبُ دَعْوَةِ الدَّاعِ اِذَادَعَانِ

"અને જ્યારે હે મહબૂબ ! તમારાથી મારા બંદા મારા વિશે પૂછે તો હું નજીક છું દુઆ કબૂલ કરું છું પોકારનારની જ્યારે મને પોકારે." આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે રબ તઆલા આપણાથી નજીક છે, દિલના ખયાલો અને ધીમી વાતોને સાંભળે છે, તો પછી મોટા અવાજથી પોકારવું નિરર્થક છે.

જવાબ : આ આયતે કરીમામાં એ લોકોના ખયાલને બાતિલ ઠરાવવામાં આવ્યો જેઓ જોરથી ઝિક્ર એવું સમજીને કરે કે ખુદા અમારાથી દૂર છે અને મોટા અવાજ વિના અમારું સાંભળશે નહીં, તો એ ખયાલ તદ્દન જેહાલત છે. ઝિક્ર બિલ્ જહ્ર (મોટેથી) તો ગાફિલ કલ્બને જગાડવા માટે હોય છે.

તફસીરે રૂહુલ બયાનમાં એ જ આયત હેઠળ છે :–

وَسَبَبُ نُزُوْلِهٖ مَارُوِىَ اَنَّ اَعْرَابِيًّا قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَقَرِيْبٌ رَبُّنَا فَنُنَاجِيْهِ اَمْ بَعِيْدٌ فَنُنَادِيْهِ فَقَالَ تَعَالٰى

"આ આયતનું શાને નુઝૂલ એ છે કે એક બદવીએ હુઝૂર ﷺ થી અર્ઝ કરી કે રબ તઆલા નજીક છે, જેથી એનાથી દુઆ કરીએ અથવા દૂર છે કે તેને પોકારીએ ? તો એના પર રબે ફર્માવ્યું. જાણવા મળ્યું કે રબ તઆલાને દૂર સમજીને પોકારવો બુરૂ છે. એ પણ રિવાયત છે કે આ આયતે કરીમા ગઝવએ ખયબરના પ્રસંગે ઉતરી જ્યારે કે લોકો નારએ તકબીર લગાડવા ચાહતા હતા અને હુઝૂર ﷺ ની ઈચ્છા એવી હતી કે આપણે છુપી રીતે ત્યાં પહોંચી જઈએ જેથી કાફિરોને ખબર ન પહોંચે.

જેમ કે રૂહુલ બયાનમાં આ આયત હેઠળ છે :–

قَالَ اَبُوْمُوْسٰى الْاَشْعَرِىُّ لَمَّا تَوَجَّهَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِلٰى خَيْبَرَ اَشْرَفَ النَّاسُ عَلٰى وَادٍ فَرَفَعُوْا اَصْوَاتَهُمْ بِالتَّكْبِيْرِ فَقَالَ عَلَيْهِ السَّلَامُ اِرْبَعُوْا عَلٰى اَنْفُسِكُمْ لَاتَدْعُوْنَ اَصَمَّ وَلَا غَائِبًا ـ

"લગભગ જ્યારે કે હુઝૂર ખૈબરની તરફ ધ્યાનિત થયા તો લોકો કોઈ

ઊંચા જંગલની ઉપર ચડયા તો તેમણે મોટા અવાજથી તકબીર કહી. પછી હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે પોતાની જાનો પર નરમી કરો ! તમો કોઈ બહેરા કે ગાયબને નથી પોકારી રહ્યા.''

રૂહુલ બયાન આ જ આયત હેઠળ જણાવે છે :–

وَهٰذَا بِاِعْتِبَارِ الْمَشَارِبِ وَالْمَقَامَاتِ وَاللَّائِقِ بِحَالِ اَهْلِ الْغَفْلَاتِ الْجَهْرُ لِقَلْعِ الْخَوَاطِرِ۔

''આ મોકા તથા મહલ (સમય અને સંજોગ)ના હિસાબે છે, અને ગાફેલ લોકોના માટે ઝિક્ર બિલ્ જહ્ર (મોટેથી ઝિક્ર) છે, બુરા ખયાલોને દૂર કરવા માટે.''

વાંધો (૪) : મિશ્કાત કિતાબુલ અસ્મા બાબે સવાબુત્તસ્બીહ વ ત્તમહીદમાં છે :–

فَجَعَلَ النَّاسُ يَجْهَرُوْنَ بِالتَّكْبِيْرِ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يٰاَيُّهَا النَّاسُ اِرْبَعُوْا عَلٰى اَنْفُسِكُمْ اِنَّكُمْ لَاتَدْعُوْنَ اَصَمَّ وَلَا غَائِبًا اِنَّكُمْ تَدْعُوْنَ سَمِيْعًا بَصِيْرًا وَهُوَ مَعَكُمْ وَالَّذِىْ تَدْعُوْنَهٗ اَقْرَبُ اِلٰى اَحَدِكُمْ مِنْ عُنُقِ رَاحِلَتِهٖ

''મોટા અવાજે તકબીર કહેવા લાગ્યા કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે હે લોકો ! તમારી જાનો પર નરમી કરો ન તો તમે બહેરાને પુકારો છો ન તો ગાયબને, તમે સમીઅ (સાંભળનાર) તથા બસીર (જોનાર)ને પોકારો છો અને તે તમારી સાથે છે અને જેને તમે પોકારો છો તે તમારા કરતાં તમારી સવારીઓની ગરદનોની અધિક નજીક છે.'' આ હદીષથી જાણવા મળ્યું કે જોરથી ઝિક્ર મના છે અને હુઝૂર ﷺ ની નારાજગીનો સબબ છે.

જવાબ : એનો જવાબ વાંધા–૨ હેઠળ આવી ગયો છે કે આ હદીષ એક જેહાદના સફરના પ્રસંગની છે, એ વખતે જરૂરત હતી કે મુસલમાનોનું લશ્કર વિના ખબર પડયે ખૈબરમાં દાખલ થઈ જાય જેથી કાફિરો ખૈબરના જંગની તૈયારી ન કરી શકે. અમુક લોકોએ મોટા અવાજે તકબીર કહી જે સમય તથા સંજોગોને અનુરૂપ ન હતી જેથી રોકી દેવામાં આવી.

એ હદીષની શરૂઆત આ પ્રમાણે છે :–

كُنَّا مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِىْ سَفَرٍ فَجَعَلَ النَّاسُ يَجْهَرُوْنَ الخ

''અમે એક સફરમાં હતા કે લોકો મોટા અવાજે તકબીર કહેવા લાગ્યા..'' અથવા એ કે મુસલમાનો પર આસાનીના માટે મશ્વરા રૂપે એવું ફર્માવવામાં આવ્યું કે તમે સફરની તકલીફમાં છો છતાં ચીખવાની તકલીફ પણ ઉઠાવો છો, એની શું જરૂરત છે.

લમ્આતમાં એ હદીષ હેઠળ છે :–

فِيْهِ اِشَارَةٌ اِلٰى اَنَّ الْمَنْعَ مِنَ الْجَهْرِ لِلتَّيْسِيْرِ وَالْاِرْفَاقِ لَالِكَوْنِ الْجَهْرَ غَيْرَمَشْرُوْعٍ ـ

આ હદીષમાં એ તરફ ઈશારો છે કે, ''આ જોરથી તકબીરની મનાઈ કેવળ આસાનીના માટે છે, એટલા માટે નહીં કે જહ્ર (જોરથી ઝિક્ર કરવો) મના છે.'' અશઅતુલ લમ્આતમાં આ જ હદીષ હેઠળ છે : ''આ હદીષમાં એ તરફ ઈશારો છે કે જહ્રથી (જોરથી ઝિક્ર કરવાથી) મનાઈ નરમી તથા આસાનીના માટે છે ન એટલા માટે કે જહ્ર મના છે, અને હક્ક એ છે કે જોરથી ઝિક્ર વિના શંકાએ શરીઅત મુજબ છે પરંતુ કોઈ કારણસર, અને અમે એની સાબિતી રિસાલા અવરાદમાં આપેલ છે.''

વાંધો (૫) : હિદાયા, ભાગ–૧, ફસ્લ ફી તકબીરાતિત્તશરીકમાં છે :

وَاَخَذَ بِقَوْلِ ابْنِ مَسْعُوْدٍ اَخَذًا بِالْاَقَلِّ لِاَنَّ الْجَهْرَ بِالتَّكْبِيْرِ بِدْعَةٌ ـ

''ઈમામ અબૂહનીફા رضی اللہ عنہ એ સૈયદેના ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ નો કૌલ લીધો ઓછાને લેવાને માટે, કેમ કે મોટા અવાજે તકબીર કહેવી બિદઅત છે અને બિદઅતમાં કમી બહેતર છે. ઈમામ અબૂ હનીફા عليه الرحمة والرضوان ની નજીક નવમી ઝીલ હજ્જની ફજરથી દસમીની અસ્ર સુધી દરેક નમાઝ બાદ તકબીરે તશરીક કહેવી જોઈએ અને સાહિબૈનની નજીક નવમીની ફજરથી ૧૩મી અસ્ર સુધી. ઈમામ સાહબ ફર્માવે છે કે જોરથી તકબીર બિદઅત છે અને બિદઅતમાં કમી બેહતર. એટલા માટે કેવળ બે દિવસ તકબીર કહેવી. જેનાથી જાણવા મળ્યું કે જોરથી ઝિક્ર બિદઅત છે. એ જ હિદાયામાં એ જ ફસ્લ તકબીરાતિત્તશરીકમાં છે :–

وَلِاَنَّ الْجَهْرَ بِالتَّكْبِيْرِ خِلَافُ السُّنَّةِ وَالشَّرْعُ وَرَدَبِهٖ عِنْدَ اِسْتِجْمَاعِ هٰذِهِ الشَّرَآئِطِ

અને એટલા માટે કે જોરથી તકબીર સુન્નતની વિરૂદ્ધ છે અને તેનો હુકમ આ શરતોના એકત્ર થવાના સંજોગોમાં છે.

જવાબ : ઈમામ સાહબ અને સાહિબૈનનો મતભેદ આ તકબીરે તશરીકના વાજિબ હોવામાં છે, નહીં કે જાઈઝ હોવા બાબતમાં. એટલે ઈમામ સાહબ તો કેવળ બે દિવસ જરૂરી (વાજિબ) કહે છે અને સાહિબૈન પાંચ–દિવસ કહે છે. ઈમામ સાહબ એને બિદઅત અથવા સુન્નતની વિરૂદ્ધ કહીને વાજિબ હોવાનો ઈન્કાર કરે છે. અમે આ જ ચર્ચાના પ્રથમ વિભાગમાં શામીથી નકલ કરી ચૂક્યા છીએ કે ખૂદ ઈમામ સાહબે કૂફાવાળાઓને બજારોમાં નારાએ તકબીરની ઈજાઝત આપી. કહો ! બિદઅતની ઈજાઝત શા માટે આપી ? શામી બાબુસ્સલાતિલ ઈદૈનમાં ઈદુલ ફિત્રની બહષમાં ફર્માવે છે :–

وَالْخِلَافُ فِى الْاَفْضَلِيَّةِ اَمَّاالْكَرَاهَةَ فَمُنْتَفِيَةٌ عَنِ الطَّرَفَيْنِ

"મતભેદ કેવળ અફઝલિયતમાં છે પરંતુ કરાહત એ કોઈ તરફ નથી." એ જ જગાએ છે :–

اَلتَّكْبِيْرُ بِالْجَهْرِفِىْ غَيْرِاَيَّامِ التَّشْرِيْقِ لَايُسَنُّ اِلَّابِاِزَاءِ الْعَدُوِّ اَوِاللُّصُوْصِ وَقَاسَ عَلَيْهِ بَعْضُهُمُ الْحَرِيْقَ وَالْمُخَاوِفَ كُلَّهَازَادَ الْقَهُسْتَانِىْ اَوْ عَلَاشَرَفًا ـ

''અૈયામે તશરીક (ઝીલ હજ્જની ૯ થી ૧૩ સુધી)ના સિવાય અન્ય દિવસોમાં નારાએ તકબીર કહેવું સુન્નત નથી, પણ દુશ્મન કે ચોપગાંઓના મુકાબલામાં. અને એના પર અમક લોકોએ કયાસ કર્યો છે. આગ લાગવા અને તમામ ખૌફનાક ચીજોને અને કહેસતાનીએ બુલંદી પર ચઢતી વખતે એટલો વધારો કર્યો છે.''

દુર્રે મુખ્તાર બાબુલ ઈદૈનમાં છે :–

وَهٰذَا لِلْخَوَاصِ اَمَّاالْعَوَامُ فَلَايُمْنَعُوْنَ عَنْ تَكْبِيْرٍ وَلَاتَنَفُّلٍ اَصْلًا

''આ હુકમો ખાસ લોકો માટે છે, અવામને (સામાન્ય લોકોને) તો તકબીરથી રોકો ન નફ્લથી.''

શામીમાં આ ચર્ચા હેઠળ છે : لَافِى الْبَيْتِ اَىْ لَايُسَنُّ وَاِلَّافَهُوَ ذِكْرٌ مَشْرُوْعٌ ۔ ''સારાંશ કે સાબિત થયું કે હિદાયહની પૂરી ચર્ચા સુન્નત હોવા વિશેમાં છે ન કે જાઈઝ હોવામાં.'' તેમજ તકબીરે તશરીકમાં આ ફત્વો સાહિબૈનમાં કૌલ પર છે. તેમજ અમે પ્રથમ વિભાગમાં દર્શાવી ચૂક્યા છીએ કે મોલ્વી રશીદ અહમદ દેવબંદીનો ફત્વો એ જ છે કે જોરથી ઝિક્ર જાઈઝ છે. નહીં તો જો આ આયતો તથા હદીષોની એ સ્પષ્ટતા ન કરવામાં આવે તો વિરોધીઓની પણ વિરૂદ્ધ છે. કેમ કે અમુક ઝિકુલ્લાહ તો તેઓ પણ મોટા અવાજે કરે છે, જેમ કે અઝાન, બક્ર ઈદના મોકા પર તકબીરે તશરીક, હજ્જમાં તલબિયહ્, જલ્સાઓના પ્રસંગે નારાએ તકબીર તથા ફલાણા સાહબ ઝિંદાબાદ વગેરે. કેમ કે તેમની આ દલીલો તો જોરથી ઝિક્રને સદંતર મના કરી રહેલ છે અને હદીષે આહ્દના કારણે કુર્આની આયતમાં પાબંદી લગાડવી જાઈઝ નથી જેથી એવું નથી કહી શકતા કે આ પ્રસંગોમાં જોરથી ઝિક્ર હદીષમાં આવી ગયું જેથી જાઈઝ છે, કેમ કે કુર્આની આયતોમાં હદીષથી પાબંદી લગાડવી ક્યાં જાઈઝ છે ?

વિરોધીઓના બૌદ્ધિક વાંધાઓ કેવળ ત્રણ છે : **પ્રથમ** તો એ કે ખુદા નજીક છે પછી જોરથી ચિલ્લાવું શા માટે ? તો જવાબ આવી ગયો છે કે મોટો અવાજ કરવો ખુદાને સંભળાવવા માટે નથી બલ્કે અન્ય ફાયદાઓ માટે છે, જેમ કે અઝાન વગેરે જોરથી આપવામાં આવે છે. **બીજો** એ કે, صَلَّى اللّٰه عَلَيْهِ وَسَلَّمَ يَارَسُوْلَ اللّٰهِ દુરૂદ હદીષથી સાબિત નથી એટલા માટે નાજાઈઝ છે. એનો જવાબ એ જ કિતાબમાં અને એ જ સ્થાને આવી ગયો કે દવા, ખોરાક, દુઆમાં નકલની ખાસ જરૂરત નથી બલ્કે જે નાજાઈઝની હદમાં ન આવે તે જાઈઝ છે, અને તેની પૂરી તેહકીક કે કયુ દુરૂદે પાક અફઝલ છે એ અમારી કિતાબ 'શાને હબીબુર્રહમાન'માં જુઓ.

ત્રીજો વાંધો એ કે નમાઝ બાદ જે મોટા અવાજે દુરૂદ પઢે છે એનાથી નમાઝીઓને તકલીફ થાય છે કે નમાઝમાં ભૂલ પડે છે જેથી નાજાઈઝ છે.

જવાબ : એના કેટલાક જવાબો છે : **પ્રથમ** એ કે આ વાંધો દાવાના મુજબનો નથી, કેમ કે તમે કહો છો કે જોરથી ઝિક્ર મના છે અને એનાથી એ

સાબિત થયું કે કોઈ નમાઝીને એનાથી તકલીફ થાય તો મના, નહીં તો જાઈઝ. તો જો કોઈ વખતે કોઈ નમાઝ ન પઢી રહ્યું હોય ત્યારે જાઈઝ હોવું જોઈએ. (જેમ કે જુમ્આની જમાઅત બાદ) **બીજું** એ કે અહીં પંજાબમાં જોવામાં આવ્યું છે કે ફજરની નમાઝ પઢીને થોડુંક રોકાઈને અને ઈશાની સુન્નતો તથા વિત્રથી ફારિગ થઈને આ દુરૂદ પઢવામાં આવે છે અને એ વખતે સર્વ લોકો નમાઝથી ફારિગ થયેલા હોય છે. **ત્રીજુ** એ કે અમે આ ચર્ચાના પ્રથમ વિભાગમાં હદીષો રજુ કરી ચૂક્યા છીએ કે હુઝૂર ﷺ અને સહાબાએ કિરામ નમાઝ બાદ મોટા અવાજથી ઝિક્ર કરતા હતા, તેમજ આજે પણ અમુક મસ્જિદોમાં કુર્આનના મદ્રસા છે જ્યાં તલબા ઝોહર તથા ઈશાની નમાઝ બાદ જોરથી કુર્આન યાદ કરે છે, કયારેક મસ્જિદોમાં ઈશા બાદ દીની જલ્સાઓ થાય છે જેમાં નારા પણ લાગે છે, તકરીરો પણ થાય છે, બક્ક ઈદના દિવસોમાં જમાઅતના ફર્ઝો પછી તરત જ સર્વ લોકો મોટા અવાજે તકબીરે તશરીક કહે છે. કહો ! આ ઝિક્રોથી નમાઝીનું ધ્યાનભંગ થાય છે કે નહીં ? અને આ જાઈઝ છે કે મના ? ફકીહો જે ફર્માવે છે કે **જોરથી ઝિક્ર થકી જમાઅતનો સમય હોય અને લોકો નમાઝમાં મશ્ગૂલ હોય અને એ જોરથી ઝિક્ર કરી રહ્યો હોય તો એ મના છે, ન કે નમાઝ થઈ ચૂકી હોય ત્યારે લોકો ફારિગ થઈને હવે ઝિક્ર તથા તિલાવતમાં મશ્ગૂલ થઈ ગયા અને હવે કોઈ શખ્સ જમાઅત ત્યજનાર બાદમાં આવ્યો તો તેની નમાઝના બહાના હેઠળ સૌને ખામોશ કરતો ફરે કે મારે હવે નમાઝ પઢવી છે જેથી હે નમાઝીઓ ! હે કુર્આન યાદ કરનારાઓ ! હે વાઈઝો ! તમે બધા ચૂપ થઈ જાવ !** યાદ રાખશો કે મસ્જિદમાં અધિકતર કાળજી પ્રથમ જમાઅતની હોય છે જેના પર ઘણા શરઈ મસ્અલા નીકળવા આધારિત છે. મક્કા મોઅઝ્ઝમામાં કેવળ જમાઅતે ઉલા (પ્રથમ જમાઅત)ના માટે તવાફ બંધ થાય છે, જેવી જમાઅત પતી ગઈ કે તવાફ ચાલુ થઈ જાય છે અને તવાફ દુઆઓનો એટલા પ્રમાણમાં શોર થાય છે કે કાને પડયો અવાજ સંભળાઈ શકતો નથી. કહો ! ત્યારે આ જોરથી ઝિક્ર વિશે શો હુકમ છે ? શું નમાઝીઓની ખલેલના કારણે તવાફ બંધ કરી દેવામાં આવશે ?

ઔલિયા અલ્લાહના નામ પર જાનવર પાળવું

અમુક લોકો કે જેઓ ફાતેહા ગ્યારહવીં કે મીલાદ શરીફના પાબંદ છે તેઓ એના માટે અમુક સમય અગાઉથી અમુક બકરા, મરઘા વગેરે પાળે છે અને તેને તાજા તગડા કરે છે અને ફાતેહાની તારીખે તેને **બિસ્મિલ્લાહ** પર ઝબહ કરીને ખાણું પકાવીને ફાતેહા કરે છે અને ફકીરો, સાલેહોને ખવડાવે છે. એ જાનવર આ પ્રસંગની નિય્યતથી પાળે છે એટલા માટે કહેવામાં આવે છે કે ૧૧મીનો બકરો કે ગૌષ પાકની ગાય વગેરે એ શરીઅતની દૃષ્ટિએ હલાલ છે જેમ કે વલીમાનું જાનવર. પણ વિરોધીઓ આ કામને હરામ અને એ ગોશ્તને મુરદાર અને એવું કરનારને મુર્તદ તથા મુશ્રિક કહે છે. એટલા માટે આ ચર્ચાના પણ બે વિભાગો કર્યા છે. પ્રથમમાં તેના જાઈઝ હોવાની સાબિતી અને બીજા વિભાગમાં તેના પર વાંધાઓ અને તેના જવાબો.

(પ્રથમ વિભાગ)

★ ઔલિયા અલ્લાહના નામ પર જાનવર પાળવા વિશે સાબિતી ★

જે હલાલ જાનવરને મુસલમાન અથવા અહલે કિતાબ અલ્લાહનું નામ લઈને ઝબહ કરે છે તે હલાલ છે અને હલાલ જાનવરને મુશ્રિક અથવા મુર્તદ ઝબહ કરે તે મુરદાર છે. એ જ પ્રમાણે જો મુસલમાન જાણીબુઝીને ઈરાદાપૂર્વક **બિસ્મિલ્લાહ** પઢવાનું છોડી આપે અથવા ખુદા સિવાય કોઈ અન્યનું નામ લઈને ઝબહ કરે (એટલે કે **બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર** પઢવાના બદલે બોલે **યા ગૌષ** અને ઝબહ કરી નાખે) તો હરામ છે. યાદ રાખશો કે આ હિલ્લત તથા હુર્મત (હલાલ તથા હરામ હોવાના બારામાં)

ઝબહ કરવાવાળાનો એતબાર છે ન કે માલિકનો. જો મુસલમાનનું જાનવર મુશ્રિકે ઝબહ કરી દીધું તો મુરદાર થઈ ગયું. જો મુશ્રિકે મૂર્તિના નામથી જાનવર પાળ્યું પણ તેને મુસલમાને **બિસ્મિલ્લાહ**થી ઝબહ કર્યું તો હલાલ છે. એવી જ રીતે ઝબહ વખતે નામ લેવાનો એતબાર છે ન કે આગળ પાછળ જિંદગીમાં મૂર્તિના નામથી હતું, પણ ઝબહ અલ્લાહના નામથી થયું જેથી તે (માંસ) હલાલ છે. અને જિંદગીમાં જાનવર કુર્બાનીનું હતું પણ ઝબહ કરતી વખતે અન્ય કોઈ નામ લેવામાં આવ્યું તો તે મુરદાર છે એને કુર્આને ફર્માવ્યું : وَمَااُهِلَّ بِهٖ لِغَيْرِاللّٰهِ ''તે જાનવર પણ હરામ છે જે ગૈરે ખુદાના નામ પર પોકારવામાં આવ્યું.'' **અહીં પોકારવાથી મુરાદ ઝબહ વખતે પોકારવા વિશે છે.**

જેમ કે તફસીરે બયઝાવીમાં આ આયત હેઠળ છે :–

اَیْ رُفِعَ الصَّوْتُ لِغَیْرِاللّٰهِ بِهٖ کَقَوْلِهِمْ بِاسْمِ اللَّاتِ وَالْعُزّٰی عِنْدَ ذَبْحِهٖ

''એ જાનવર પર ગૈરુલ્લાહનું નામ લેવામાં આવ્યું હોય જેમ કે કાફિરો ઝબહ વખતે કહે છે બિસ્મિલાતુ ઉઝ્ઝા.''

તફસીરે જલાલૈનમાં આ આયત હેઠળ છે :–

یَعْنِیْ مَاذُکِرَ عَلٰی ذَبْحِهٖ غَیْرُاِسْمِ اللّٰهِ وَذٰلِكَ اَنَّ الْعَرَبَ فِی الْجَاهِلِیَّةِ کَانُوْا یَذْکُرُوْنَ اَسْمَاءَ اَصْنَامِهِمْ عِنْدَ الذَّبْحِ فَحَرَّمَ اللّٰه ذٰلِكَ بِهٰذِهِ الْاٰیَةِ وَبِقَوْلِهٖ وَلَا تَاْ کُلُوْا مِمَّالَمْ یُذْکَرِاسْمَ اللّٰهِ عَلَیْهِ

''તે જાનવર હરામ છે જેના ઝબહ પર ગૈરુલ્લાહનું નામ લેવામાં આવ્યું હોય અને એ એટલા માટે છે કે અરબવાસીઓ જાહિલિયતના જમાનામાં ઝબહ વખતે મૂર્તિઓનું નામ લેતા હતા. તો ખુદા તઆલાએ તેમને આ આયત વડે અને આયત وَلَاتَاْ كُلُوْا વડે હરામ ફર્માવ્યું.''

તફસીરે કબીર એ જ આયત :–

وَکَانُوْا یَقُوْلُوْنَ عِنْدَ الذَّبْحِ بِاسْمِ اللَّاتِ وَالْعُزّٰی فَحَرَّمَ اللّٰه تَعَالٰی ذٰلِكَ

''અરબવાસીઓ ઝબહના વખતે કહેતા હતા : **બિસ્મિલ્લાતુલ્ ઉઝ્ઝા**

તેને અલ્લાહ તઆલાએ હરામ ફર્માવી આપ્યું.''

તફસીરાતે અહમદિયામાં એ જ આયતના હેઠળ છે :–

مَعْنَاهُ مَاذُبِحَ بِهٖ لِاسْمِ غَيْرِاللّٰهِ مِثْلُ اللَّاتِ وَالْعُزّٰى وَاَسْمَاءِ الْاَنْبِيَآءِ۔

''આયતનો અર્થ એ છે કે એને ગૈરેખુદાના નામ પર ઝબહ કરવામાં આવેલ હોય'' અને તે એ છે જે મૂર્તિઓના માટે ઝબહ કરવામાં આવતુ હતું.

તફસીરે મદારિકમાં એ જ આયતના હેઠળ છે :–

اَىْ ذُبِحَ لِلْاَصْنَامِ فَذُكِرَ عَلَيْهِ غَيْرُ اِسْمِ اللّٰهِ اَىْ رُفِعَ بِهِ الصَّوْتُ لِلصَّنَمِ وَذٰلِكَ قَوْلُ اَهْلِ الْجَاهِلِيَّةِ بِاسْمِ اللّٰاتِ وَالْعُزّٰى

એટલે કે જાનવર હરામ છે તે કે જે મૂર્તિઓ માટે ઝબહ કરવામાં આવે વળી તેના પર ગૈરે ખુદાનું નામ લેવામાં આવે એટલે કે તેના પર મૂર્તિનો અવાજ આપવામાં આવ્યો હોય અને આ જાહિલિયતવાળાઓનું કહેવું હતું કે બિસ્મિલ્લાત વલ ઉઝ્ઝા.

તફસીરાતે લુબાબુત્તાવીલમાં આ આયતના હેઠળ છે :–

مَاذُبِحَ لِلْاَصْنَامِ وَالطَّوَاغِيْتِ وَاَصْلُ الْاَهْلَالِ رَفْعُ الصَّوْتِ وَذٰلِكَ اِنَّهُمْ كَانُوْا يَرْفَعُوْنَ اَصْوَاتَهُمْ بِذِكْرِ اٰلِهَتِهِمْ اِذَا ذَبَحُوْاهَا

તફસીરે અલ્લામા અબૂ સઊદમાં છે : اَىْ رُفِعَ بِهِ الصَّوْتُ عِنْدَ ذَبْحِهٖ لِلصَّنَمِ તફસીરે હુસૈનીમાં આ આયતના હેઠળ એ જ અર્થનું લખાણ છે. આ તમામ તફસીરોથી જાણવા મળ્યું કે આ આયત **માઉહિલ્લ**માં **ઉહિલ્લ**થી મુરાદ ઝબહના સમયે ગૈરેખુદાનું નામ પોકારવું મુરાદ છે, જેથી જાનવરની જિંદગીમાં કોઈ પણ રીતે નિસ્બત કરવાનો એતબાર નથી.

હવે અમે ફુકહા (ફકીહો)ના લખાણો પણ પેશ કરીએ છીએ. તફસીરાતે અહમદિયામાં આ આયત : وَمَااُهِلَّ بِهٖ لِغَيْرِاللّٰهِ ના હેઠળ છે :–

وَمِنْ هٰهُنَا عَلِمَ اَنَّ الْبَقَرَةَالْمَذْبُوْرَةَلِلْاَوْلِيَآءِ كَمَا هُوَ الرَّسْمُ فِىْ زَمَانِنَا حَلَالٌ طَيِّبٌ لِاَنَّهٗ لَمْ يُذْكَرِاسْمُ غَيْرَاللّٰهِ وَقْتِ الذَّبْحِ وَاِنْ كَانُوْا يُنْذِرُوْنَهَا

એનાથી જાણવા મળ્યું કે, ''જે ગાયની ઔલિયાના માટે નઝર માનવામાં આવી જેમ કે આપણા જમાનામાં રિવાજ છે એ હલાલ તૈયબ છે કેમ કે એના પર ઝબહના વખતે ગૈર ખુદાનું નામ નથી લેવામાં આવ્યું ભલે ને તે ગાયની નઝર માનવામાં આવે છે.'' આમાં તો ગ્યારવીં શરીફના બકરાનો ખાસ ફૈસલો ફર્માવી આપ્યો. તે પણ નામ લઈને ! અને આ કિતાબના લેખક મૌલાના અહમદ જીવન عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان તે બુઝુર્ગ છે કે જેઓ અરબ તથા અજમના ઉલમાના ઉસ્તાદ છે અને તમામ દેવબંદી પણ એમને માને છે.

શામી બાબુઝ્ઝબહમાં છે :–

اِعْلَمْ اَنَّ الْمَدَارَعَلَى الْقَصْدِ عِنْدَ اِبْتِدَاءِ الذَّبْحِ - જાણવું જોઈએ કે હરામ તથા હલાલ હોવાનો દારોમદાર ઝબહ વખતની નિય્યત પર છે. સ્પષ્ટ જાણવા મળ્યું કે ઝબહથી પહેલાંની નિય્યત કે નામનો એતબાર નથી.

આલમગીરી બાબુઝ ઝબહમાં છે :–

مُسْلِمٌ ذَبَحَ شَاةَ الْمَجُوْسِيِّ لِبَيْتِ نَارِهِمْ اَوْ لِكُفْرٍ لِاٰلِهَتِهِمْ تَوَكَّلَ لِاَنَّهٗ سَمَّى اللّٰه تَعَالٰى وَيُكْرَهُ لِلْمُسْلِمِ كَذَا فِى التَّتَارِ خَانِيَةِ نَاقِلاً عَنْ جَامِعِ الْفَتَاوٰى

''મુસલમાને મજૂસી (અગ્નિપૂજક)ની તે બકરી જે અગ્નિકુંડના માટે અથવા કાફિરની તે મૂર્તિઓ માટે હતી તે ઝબહ કરી તે હલાલ છે કેમ કે ઝબહ વખતે તે મુસલમાને અલ્લાહનું નામ લીધું છે પણ આ કામ મુસલમાનના માટે મકરૂહ છે. એ જ પ્રમાણે તાતારખાનિયામાં જામિઉલ ફતાવાથી નકલ કર્યું !'' જુઓ ! જાનવર પાળનાર કાફિર છે અને ઝબહ પણ કરાવે છે તે મૂર્તિ અથવા આગની પૂજાની નિય્યતથી. જો કે માલિકનું પાળવું તથા ઝબહ કરાવવું બંને ફાસિદ છે પણ કેમ કે ઝબહ વખતે મુસલમાને જીભ વડે બિસ્મિલ્લાહ કહીને ઝબહ કર્યું જેથી જાનવર હલાલ છે. કહો ! હવે કે ગ્યારહવીં તથા મીલાદ માટેનો બકરો એ મૂર્તિપૂજકના બકરા કરતાં પણ ગયા ખાતાનો છે કે તે તો હલાલ ઠરે અને આ હરામ ઠરે !! અલ્હમ્દુલિલ્લાહ ! ખૂબીપૂર્વક સાબિત થયું કે ગ્યારહવીં વગેરેનું જાનવર હલાલ છે અને આ અમલ સવાબનો સબબ છે.

(બીજો વિભાગ)

★ ઔલિયાના જાનવર વિશે વાંધાઓ તથા તેના જવાબો ★

વાંધો (૧) : આ આયત وَمَا اُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ માં શબ્દ ઉહિલ્લ અહલાલથી નીકળેલ છે અને અહલાલનો અર્થ શબ્દકોશમાં ''ઝબહ''નો નહીં બલ્કે મુત્લક રીતે પોકારવાનો છે જેથી જે જાનવર પર ગૈરખુદાનું નામ પોકાર્યું ચાહે તેની જિંદગીમાં અથવા ઝબહ વખતે, તો તે મુરદાર છે. જેથી ગૌષે પાકનો બકરો ભલે ખુદાના નામ પર ઝબહ થયો હોય તે હરામ છે.

નોંધ : આ વાંધો શાહ અબ્દુલઅઝીઝ સાહબ قدس سرہٗ નો છે, તે આ મસ્અલામાં સખ્ત ગલતી કરી ગયા.

જવાબ : 'અહલાલ'નો શાબ્દિક અર્થ તો મુત્લક રીતે પોકારવું છે પણ ઉર્ફી અર્થ છે ઝબહ વખતે પોકારવું અને આ ઉર્ફી અર્થજ આ જગ્યાએ મુરાદ છે. 'સલાત'નો શાબ્દિક અર્થ તો મુત્લક રીતે દુઆ છે પણ ઉર્ફી અર્થ 'નમાઝ' છે. **વઅકીમુસ્સલાત**થી નમાઝ ફર્ઝ થશે ન કે આમ દુઆ. તફસીરે કબીરમાં આ આયતના હેઠળ છે :–

اَلْاِهْلَالُ رَفْعُ الصَّوْتِ هٰذَا مَعْنَى الْاِهْلَالُ فِى اللُّغَةِ ثُمَّ قِيْلَ لِلْمُحْرِمِ--- الخ

અહલાલનો અર્થ છે અવાજ મોટો કરવો (પોકારવું), આ અર્થ શાબ્દિક છે, પછી મહરમને કહેવામાં આવ્યું''...(છેવટ સુધી) એ જ પ્રમાણે હાશિયા બયઝાવી લિલ શહાબમાં એ જ આયત માઉહિલ્લના હેઠળ છે : اَىْ رُفِعَ بِهِ الصَّوْتُ الخ هٰذَا اَصْلُهٗ ثُمَّ جُعِلَ عِبَارَةً عَمَّا ذُبِحَ لِغَيْرِ اللّٰهِ ''એને પોકારવામાં આવ્યો હોય, એ અહલાલનો શાબ્દિક અર્થ છે, પણ એ ઉહિલ્લથી મુરાદ લેવામાં આવેલ છે કે તે જાનવર જે ગૈરેખુદાના નામ પર ઝબહ કરવામાં આવે. જો અહીં અહલાલનો શાબ્દિક અર્થ મુરાદ હોય તો કેટલીક ખરાબીઓ ઉભી થશે. પ્રથમ એ કે તફસીર મુફસ્સિરોના ઈજમાઅ અને સહાબાઓના કથનોની વિરુદ્ધ થશે. મુફસ્સિરો (તફસીર વેત્તાઓ)ના કથનો તો અમે પ્રથમ વિભાગમાં વર્ણન કરી ચૂક્યા. હવે સહાબાએ કિરામ વગેરેનાં કથનો જોઈ લો :

તફસીરે દુર્રે મન્થૂરમાં એ આયત હેઠળ છે :–

اَخْرَجَ اِبْنُ الْمُنْذِرِ عَنِ ابْنِ عَبَّاسٍ فِیْ قَوْلِهٖ تَعَالٰی وَمَا اُهِلَّ الایة قَالَ ذُبِحَ وَاَخْرَجَ اِبْنُ جُمَایْرٍ عَنِ ابْنِ عَبَّاسٍ وَمَا اُهِلَّ یَعْنِیْ مَااُهِلَّ لِلطَّوَاغِیْتِ وَاَخْرَجَ ابْنُ اَبِیْ حَاتِمٍ عَنْ مُجَاهِدٍ وَمَا اُهِلَّ قَالَ مَاذُبِحَ لِغَیْرِ اللّٰهِ وَاَخْرَجَ ابْنُ حَاتِمٍ عَنْ اَبِی الْعَالِیَةِ وَمَااُهِلَّ یَقُوْلُ مَاذُکِرَ عَلَیْهِ اِسْمُ غَیْرِاللّٰهِ

તફસીરે મઝહરીમાં એ આયત હેઠળમાં છે :–

قَالَ الرَّبِیْعُ ابْنُ اَنَسٍ یَعْنِیْ مِاذُکِرَ عِنْدَ ذَبْحِهٖ اِسْمُ غَیْرِ اللّٰهِ જાણવા મળ્યું કે આટલા પ્રમાણમાં સહાબાએ કિરામ તથા તાબઈનનો એ જ ફૅસલો છે કે આ આયતથી મુરાદ છે ગૈરુલ્લાહના નામ પર ઝબહ કરવું. બીજો જવાબ એ છે કે તમારો દર્શાવેલ આ અર્થ ખૂદ કુર્આન કરીમની પણ વિરુદ્ધ છે.

કુર્આન કરીમ ફર્માવે છે :–

وَمَا جَعَلَ اللّٰهُ مِنْ بَحِیْرَةٍ وَّلَاسَآئِبَةٍ وَّلَاوَصِیْلَةٍ وَّلَاحَامٍ وَلٰکِنَّ الَّذِیْنَ کَفَرُوْا یَفْتَرُوْنَ عَلَی اللّٰهِ الْکَذِبَ

''અલ્લાહે બહીરા અને સાઈબા અને વસીલા અને હામ નથી મુકર્રર કર્યા, પંરતુ કાફિરો અલ્લાહ પર જૂઠ બાંધે છે.'' આ ચાર જાનવર બહીરા વગેરે તે હતાં જેને કાફિરો અરબ મૂર્તિઓના નામ પર છોડી દેતા હતા અને તેમને હરામ સમજતા હતા, કુર્આને આ હરામ સમજવાની રદ કરી જો કે તેમના પર જિંદગીમાં મૂર્તિઓનું નામ બોલવામાં આવ્યું હતું અને તેમને ખાવાનો હુકમ આપ્યો કે :–

كُلُوْا مَارَزَقَكُمُ اللّٰه الخ وَلَاتَتَّبِعُوْا خُطُوٰتِ الشَّیْطٰنِ الخ ''ખાવો એને જે તમને અલ્લાહે આપ્યું અને શૈતાનનાં ડગલાંનું અનુસરણ ન કરો.''

તફસીરે ફત્હુલ બયાનમાં આ આયત હેઠળ છે :–

مَاجَعَلَ اللّٰه مِنْ بَحِیْرَةٍ الخ ''અને નવવી શરહે મુસ્લિમ કિતાબુલ જન્નહ વ તઅલીમુહા પેજ–૪૮૫માં છે :–

اَلْمُرَادُ اِنْكَارُ مَاحَرَّمُوْا عَلٰى اَنْفُسِهِمْ مِنَ السَّآئِبَةِ وَالْبَحِيْرَةِ وَالْحَامِ وَاِنَّهَا لَمْ تَصِرْ حَرَامًا بِتَحْرِيْمِهٖ

એટલે કે આ આયતથી તે જાનવરોના હરામ હોવાનો ઈન્કારનો હેતુ છે જેને કાફિરો હરામ સમજતા હતા, બહીરા વગેરે કે એ જાનવરો તેમના હરામ કરવાથી હરામ નથી થઈ ગયાં. એનાથી જાણવા મળ્યું કે જે સાંઢ હિંદુ લોકો મૂર્તિઓના નામે છોડી મૂકે છે તે હરામ નથી થઈ જતુ. જો મુસલમાન **બિસ્મિલ્લાહ** કહીને ઝબહ કરે તો હલાલ છે, હા ! અન્યની માલિકીનું હોવાને કારણે એવું કરવું મના છે. તેમજ રબ તઆલા ફર્માવે છે : وَقَالُوْاهٰذِهٖ اَنْعَامٌ وَّحَرْثٌ حِجْرٌ لَّا يَطْعَمُهَآ اِلَّا مَنْ نَّشَآءُ بِزَعْمِهِمْ "અને કાફિરો બોલ્યા કે આ જાનવર અને ખેતી રોકી રાખેલી છે તેને તે જ આશે જેને અમે ચાહીએ, પોતાના જૂઠા ખયાલમાં."

તેમજ ફર્માવે છે :–

وَقَالُوْا مَافِىْ بُطُوْنِ هٰذِهِ الْاَنْعَامِ خَالِصَةٌ لِّذُكُوْرِنَا وَمُحَرَّمٌ عَلٰى اَزْوَاجِنَا ـ

"કાફિરો બોલ્યા કે જે એ જાનવરોનાં પેટમાં બચ્ચુ છે તે અમારા મર્દો માટે ખાસ છે અને અમારી સ્ત્રીઓ પર હરામ." આ તે જ ખેતીઓ અને જાનવરો હતાં જે મૂર્તિઓના નામ પર વકફ હતાં અને કાફિરો તેના હલાલ હોવા બાબતે પાબંદીઓ લગાડતા હતા એ પાબંદીની રદ કરી દેવામાં આવી.

તો જયારે મૂર્તિઓના નામ પર છોડેલાં જાનવરો હરામ ન થયાં તો અલ્લાહવાળાઓની ફાતેહાની નિય્યતથી પાળવામાં આવેલાં જાનવર કઈ રીતે હરામ થશે. ત્રીજુ એ કે **ઉહિલ્લ**નો અર્થ ફકીહોની તસ્રીહ (ખુલાસા)ની પણ વિરૂદ્ધ છે. અમે આ ચર્ચાના પ્રથમ વિભાગમાં આલમગીરીના લખાણોને રજુ કરી ચૂક્યા છીએ કે, "મુશ્રિક કે અગ્નિપૂજકે અથવા આગ પર ચઢાવવાના માટે જાનવર મુસલમાન પાસે ઝબહ કરાવ્યું અને મુસલમાને **બિસ્મિલ્લાહ**થી ઝબહ કર્યું તે હલાલ છે." એ જ રીતે 'તફસીરાતે અહમદિયા' નું લખાણ પણ રજૂ કરી દેવામાં આવ્યું કે, "ઔલિયા અલ્લાહની મન્નતનું પાળેલુ જાનવર

હલાલ છે.'' ચોથુ એ કે આ અર્થ બુદ્ધિની પણ વિરૂદ્ધ છે એટલા માટે કે **ઉહિલ્લ**નો શાબ્દિક અર્થ થયો '' જાનવર પર તેની જિંદગી કે ઝબહ કરતી વખતે ગૈરુલ્લાહનું નામ પોકારવું જાનવરને હરામ કરી આપે છે'' તો લાઝિમ થયું કે જાનવર સિવાય અન્ય ચીજો પણ ગૈરુલ્લાહની તરફ નિસ્બત કરવાથી હરામ થઈ જાય.

કેમ કે કુર્આનમાં છે : وَمَآاُهِلَّ لِغَيۡرِاللّٰهِ અને દરેક તે ચીજ કે જેને ગૈરુલ્લાહના નામ પર પુકારવામાં આવે ''માં'' (મીમ અલિફ)માં જાનવરની કૈદ (જાનવર જ હોય એવી શર્ત) નથી પછી ભલે તકર્રુબની નિય્યતે પુકારો અથવા કોઈ અન્ય નિય્યતથી, ગમે તેમ પણ હુર્મત (હરામ હોવું) આવવી જોઈએ કે ઝૈદનો બકરો, અમરની ભેંસ, ઝૈદની કેરીઓ, બકરના બાગનાં ફળ, ફલાણાની પત્ની, ઉમ્મે સઅદનો કૂવો, ફલાણાની મસ્જિદ, મારું ઘર, દેવબંદનો મદ્રસો, ઈમામ બુખારીની કિતાબ સર્વ નિસ્બતો નાજાઈઝ થઈ ગઈ અને એનો ઉપયોગ હરામ થયો ! અને બુખારી, તિર્મિઝી તો તદ્દન શિર્ક થઈ કે તેમની નિસ્બત તો બુખારા અને તિર્મિઝની પ્રતિ થઈ કે જે ગૈરુલ્લાહ છે ! જનાબ ! જે વખત સુધી કે સ્ત્રી કેવળ અલ્લાહની જ બંદી કહેવાઈ તે સૌને માટે હરામ રહી પણ જ્યારે એના પર ગૈરુલ્લાહનું નામ આવ્યું અને ફલાણાની પત્ની કહેવામાં આવી ત્યારે ફલાણા માટે હલાલ થઈ. ક્યારેક ગૈરુલ્લાહની નિસ્બતથી તેની કિંમત વધી જાય છે. હૈદ્રાબાદમાં હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ નું હસ્તલિખિત કુર્આન શરીફ હતું તેના અંગ્રેજો બે લાખ રૂપિયા આપતા હતા પણ આપવામાં ન આવ્યું. અમીર અબ્દુર્રહ્માનખાંની વાપરેલી કાલિન (ગાલીચો) પચાસ હજાર રૂપિયામાં અમેરિકાવાળાઓએ ખરીદયો. પૂરાણી ટિકિટો પણ કિંમતી હોય છે. (સરકાર અલીપૂરી) સારાંશ કે **ઉહિલ્લ**નો અર્થ એવો ગલત છે કે અકલ તથા નકલ દરેકની વિરૂદ્ધ છે. પાંચમુ એ કે જો કોઈએ જાનવર મૂર્તિના નામ પર પાળ્યું બાદમાં એનાથી તૌબા કરી અને ખાલિસ નિય્યતથી તેને ઝબહ કર્યું તો એ એકમતી સાથે જાઈઝ છે, જયારે કે **ઉહિલ્લ**માં તો એ પણ દાખલ થયું ! જો એકવાર પણ ગૈરુલ્લાહનું નામ એના પર બોલી દીધું તો મા **ઉહિલ્લ**ની

હદમાં આવી ગયું ! તો હવે માનવું જ પડયું કે ઝબહ વખતે અલ્લાહનું નામ પોકારવું વિશ્વસનીય છે ન કે પહેલાનું. જો કોઈ શખ્સ ગૈરુલ્લાહના નામ પર ઝબહ કરે પછી ગોશતમાં અલ્લાહની નિય્યત કરે એ બિલ્કુલ અવિશ્વનીય છે, એ જ રીતે જો જિંદગીનું પુકારવું વિશ્વસનીય હોત (હલાલ થવા ન થવા માટે) તો જે માણસ જાનવરની જિંદગીમાં ગૈરુલ્લાહનું નામ પોકારીને પછી તૌબા કરીને અલ્લાહના પર ઝબહ કરત તો પણ હરામ થાત. છટ્ઠુ એ કે શાબ્દિક અર્થ લેવામાં આવે તો પણ **બિહી**ના કારણે પુકારવામાં ખાસ થયું એ રીતે કે **બે ફી** ના અર્થમાં થશે અને મસારિફ છુપુ. એટલે ફી ઝબીહા. નહીં તો પછી **બીહી**થી શો ફાયદો થશે ? **બિહી** વિના પણ એ અર્થ તો પ્રાપ્ત થયેલ હતો ! જેમ કે સુલૈમાન જુમેલ આ مَآ اُهِلَّ ની તફસીરમાં લખ્યું છે. તો પણ મતલબ એ જ બન્યો કે જે જાનવર પર ઝબહ વખતે ગૈરુલ્લાહનું નામ લેવામાં આવ્યું હોય તે હરામ છે. સારાંશ કે આ તર્જુમો ફાસિદ (ખોટો) છે.

વાંધો (૨) : ફિકહી મસ્અલો છે કે જે જાનવરને **બિસ્મિલ્લાહ**થી ઝબહ કરવામાં આવે પણ ઝબહની નિય્યત ગૈર ખુદાથી નિકટતા હાંસલ કરવાની હોય તો તે હરામ છે કેમ કે ગ્યારહવીં કરવાવાળાની નિય્યત ગૌષપાકને રાજી કરવાની છે જેથી એ ઝબહમાં ગૈરુલ્લાહની પ્રતિ નઝદીકી થઈ. તો ભલે જાનવર ઝબહ તો **બિસ્મિલ્લાહ**થી થયું પણ આ કાયદા હેઠળ હરામ થઈ ગયું. આ કાયદાની તેહકીક સવાલ નં. ૩માં આવી છે.

જવાબ : ઝબહના ચાર પ્રકાર છે : **પ્રથમ** એ કે ઝબહ કરવાનો હેતુ કેવળ લોહી વહાવવાનો હોય અને ગોશ્ત કેવળ એના હેઠળ (તાબે) હોય. અને લોહી વહાવવું રબને રાજી કરવાને માટે હોય જેમ કે કુર્બાની, હદી, અકીકો અને નઝરનું જાનવર. આ ઝબહ ઈબાદત છે પણ એમાં જગા તથા સમયની પાબંદી છે કે કુર્બાની ખાસ તારીખોમાં ઈબાદત છે, આગળ પાછળ નહીં, હદી હરમમાં ઈબાદત છે અન્ય જગાએ નહીં. **બીજું** છરીની ધારની અજમાઈશ માટે ઝબહ કરવું એ ન ઈબાદત છે ન ગુનોહ. જો **બિસ્મિલ્લાહ**થી થયું તો

જાનવર હલાલ નહીં તો હરામ. **ત્રીજુ** ગોશ્ત ખાવા માટે ઝબહ કરવું જેમ કે શાદી વલીમાની દાવત અથવા ગોશતના વેપાર માટે ઝબહ કરવું એ જ પ્રમાણે બુઝુર્ગોના ફાતેહાના માટે ઝબહ કરવું, કે આ સૌ ઝબહ ગોશતના માટે છે, એ પણ જો **બિસ્મિલ્લાહ**થી ઝબહ કર્યું તો હલાલ, નહીં તો હરામ. **ચોથુ** ગૈરુલ્લાહને રાજી કરવાના માટે કેવળ લોહી વહાવવાની નિય્યતથી ઝબહ કરવું તો એમાં ગોશતનો હેતુ ન હોય. જેમ કે હિંદુ લોકો મૂર્તિઓ કે દેવી પર જાનવરોની ભેટ ચઢાવે છે કે એમાં કેવળ લોહી આપીને મૂર્તિને રાજી કરવાનો હેતુ છે. એ જાનવર બિસ્મિલ્લાહ કહીને પણ ઝબહ કરવામાં આવે તો પણ હરામ છે. પણ શરત એ કે ઝબહ કરનારની નિય્યત ભેટ ચઢાવવાની હોય ન કે ઝબહ કરાવનારની. એ ફિકહી લખાણથી એ જ મુરાદ છે કુર્આન ફર્માવે છે : وَمَاذُبِحَ عَلَى النُّصُبِ ''અને હરામ છે તે જાનવર જે મૂર્તિઓ પર ઝબહ કરવામાં આવે.''

આયતની તફસીરમાં સુલૈમાન જુમલ લખે છે :–

اَیْ مَاقُصِدَ بِذَبْحِهِ النُّصُبِ وَلَمْ یُذْکَرِ اسْمُهَاعِنْدَ ذَبْحِهِ بَلْ قُصِدَ تَعْظِیْمُهَا بِذَبْحِهِ فَعَلٰی بِمَعْنِی اللَّامِ فَلَیْسَ هٰذَا مُکَرَّرًا مَعَ مَاسَبَقَ مِنْ غَیْرِ ذِکْرِهٖ

એટલે કે એ જાનવર પણ હરામ છે જેના ઝબહથી મૂર્તિનો હેતુ હોય અને તેના ઝબહના વખતે મૂર્તિનું નામ ન લેવામાં આવ્યું હોય અથવા તો ઈરાદો મૂર્તિની તાઝીમનો કરવામાં આવ્યો હોય. વળી **અલા**એ_**લામ**ના અર્થમાં છે જેથી આ આયત આગળ આવી ગયેલથી મુકર્રર નથી, કેમ કે ત્યાં માઉહિલ્લમાં તો તે મુરાદ હતાં જેમના પર મૂર્તિઓનું નામ લેવામાં આવે અને આનાથી એ જાનવરો મુરાદ છે કે એમના ઝબહથી મૂર્તિની તાઝીમનો હેતુ હોય અને એનું નામ ન લેવામાં આવ્યું હોય. સુબ્હાનલ્લાહ ! શું ઉમદા ફૈસલો કર્યો કે જે મૂર્તિના નામ પર ઝબહ થાય તે તો માઉહિલ્લમાં સામેલ છે અને જેના ઝબહથી ગૈરુલ્લાહની તાઝીમનો હેતુ હોય તે مَاذُبِحَ عَلَى النُّصُبِમાં દાખલ છે. અમુક ફકીહોએ આ બંને સ્થિતિઓને માઉહિલ્લથી સાબિત કરી છે એ અર્થમાં مَاذُبِحَ لِتَعْظِيْمِ غَيْرِاللّٰهِ એના પર દુર્રે મુખ્તારનું લખાણ છે. સારાંશ કે જાનવરના

હરામ હોવા માટે બે ચીજોને દખલ છે એક તો ઝબહ વખતે ગૈરુલ્લાહનું નામ લેવું અને બીજું કે ગૈરુલ્લાહને રાજી કરવાના માટે જાનવરનું લોહી વહાવવું. એ અર્થમાં ગોશ્તનો મૂળ ધ્યેય ન હોય. આ જ ગૈરુલ્લાહથી તકર્રુબ નઝદીકી હાંસલ કરવું છે એને ફકીહો હરામ કહે છે. ગ્યારહવીં શરીફ અને ફાતેહાનું જાનવર ત્રીજા પ્રકારમાં દાખલ છે ન કે ચોથામાં, એટલા માટે હરામ નથી. કેમ કે ગ્યારહવીં કરનારનો હેતુ એ હોય છે કે એ ગોશ્તનું ખાવા પકાવીને ફાતેહા કરીને ફકીરોને વહેંચી દેવામાં આવે, જેથી એનાથી ગોશ્તનો હેતુ થયો. આ ફરક જરૂર ખયાલમાં રાખશો. કેટલાક દેવબંદી કહેતા હોય છે કે, ''ગ્યારહવીંવાળાનો હેતુ ગોશ્ત નથી હોતો કેમ કે જોવામાં આવ્યું છે કે જો તેને એટલો બધો ગોશ્ત આપવામાં આવે (જેટલુ એ જાનવર ઝબહ કરે છે.) અથવા અન્ય જાનવર કે તું એના પર ફાતેહા કરી દે, તો એ રાજી નથી થતો ! જો ગોશ્તનો મતલબ હોત તો અદલા બદલી કરી લેત, જેથી જાણવા મળ્યું કે ગૌષ પાકના નામ પર લોહી વહાવવાનો હેતુ છે.'' પરંતુ એવું કહેવું પણ ગલત છે કેમ કે નિય્યતનો હાલ તો નિય્યતવાળો જ જાણી શકે છે. اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ રહ્યું જાનવરનું ન બદલવું તો એનું કારણ કેવળ વ્યવસ્થા છે કે તે સમજે છે કે જેવી રીતે મેં ઉછેરીને તેને સારું કર્યું છે તો બીજો ગોશ્ત એવો મળશે નહીં. અમુક લોકો વલીમાના માટે જાનવર પાળે છે તેઓ પણ બીજા ગોશ્તથી અદલા બદલી માન્ય નથી કરતા, અમુક લોકો ફાતેહાના માટે નવા વાસણો વાપરે છે અને એ વાસણોને નથી બદલતા, અમુકનો ખયાલ છે કે જે જાનવર પર ફાતેહાનો વાયદો થઈ ગયો એને બદલવું જાઈઝ નથી, જેમ કે કુર્બાનીનું જાનવર. એ ખયાલ ગલત છે પણ ગલત ખયાલથી જાનવર શા માટે હરામ થશે ? સારાંશ કે વ્યવસ્થા અલગ ચીજ છે અને ભેટ ચઢાવવું અલગ છે. ખુલાસો એ થયો કે ઝબહના થકી ગૈરુલ્લાહને રાજી કરવાનો હેતુ હોય તો હરામ છે અને જો ઝબહ દાવત કે ફાતેહા માટે હોય અને ફાતેહા તથા દાવત કોઈને રાજી કરવા માટે હોય તો હલાલ છે. કોઈ અલ્લાહના બંદાને રાજી કરવો એ તેની (તે બંદાની) ઈબાદત નથી.

વાંધો (૩) : દુર્રે મુખ્તાર, આલમગીરી, બાબુઝ્ઝબહમાં નવવી શરહે મુસ્લિમમાં તસ્રીહ (સ્પષ્ટતા) કરવામાં આવી છે કે :–

ذُبِحَ لِقُدُوْمِ الْاَمِيْرِوَنَحْوِهٖ كَوَاحِدٍ مِّنَ الْعُلَمَاءِ يَحْرُمُ لِاَنَّهٗ اُهِلَّ بِهٖ لِغَيْرِاللّٰهِ وَلَوْذُكِرَ اسْمَ اللّٰهِ عَلَيْهِ

''બાદશાહ અથવા કોઈ મોટા માણસના આગમન પર જાનવર ઝબહ કર્યું તો તે હરામ છે કે એના પર ગૈરેખુદાનું નામ પોકારવામાં આવ્યું, ભલે એના પર અલ્લાહનું જ નામ લેવામાં આવ્યું હોય. એનાથી જાણવા મળ્યું કે કોઈને ખુશ કરવાને માટે જાનવર ઝબહ કરવું હરામ છે ભલે **બિસ્મિલ્લાહ**થી જ ઝબહ થાય. જેથી ગ્યારહવીંનું જાનવર દરેક રીતે હરામ છે કે હુઝૂર ગૌષેપાકની રઝાના માટે છે, ભલે ઝબીહા **બિસ્મિલ્લાહ**થી થાય.

જવાબ : એનો સંપૂર્ણ જવાબ સવાલ નં. ૨ના જવાબમાં આવી ગયો કે જો સુલ્તાન અથવા કોઈકની ભેટની નિય્યતથી ઝબહ થયું હોય તો જાનવર હરામ છે. ભેટનો અર્થ દર્શાવવામાં આવી ચૂક્યો કે લોહી વહાવવાથી તેને રાજી કરવાનો હેતુ હોય અને ગોશ્ત તેના હેઠળ આવે છે. અને જો સુલ્તાન વગેરેની દાવતના માટે જાનવર ઝબહ થયું તો ભલે દાવત કરવાથી રાજી કરવાનો હેતુ હોય છતાં જાનવર હલાલ છે.

દુર્રે મુખ્તાર કિતાબુઝ્ઝબાઈહમાં એ જ જગાએ ફર્માવે છે :–

وَلَوْلِلضَّيْفِ لَايُحْرِمُ لِاَنَّهٗ سُنَّةُ الْخَلِيْلِ وَاِكْرَامُ الضَّيْفِ اِكْرَامُ اللّٰهِ وَالْفَارَقُ اَنَّهٗ اِنْ قَدَّمَهَا لِيَاْكُلَ مِنْهَا كَانَ الذَّبْحُ لِلّٰهِ وَالْمَنْفَعَةُ لِلضَّيْفِ اَوْ لِلْوَلِيْمَةِ اَوْ لِلرِّبْحِ وَاِنْ لَمْ يُقَدِّمْهَا لِيَاْكُلَ مِنْهَا بَلْ يَدْفَعُهَا لِغَيْرِ اللّٰهِ كَانَ لِتَعْظِيْمِ غَيْرِاللّٰهِ فَتُحَرَّمُ

અને જો ઝબહ મહેમાનના માટે હોય તો હરામ નથી કેમ કે એ હઝરત ખલીલુલ્લાહનો તરીકો છે અને મહેમાનની તાઝીમ અલ્લાહની તાઝીમ છે. તફાવતનું કારણ એ છે કે જો એનો ગોશ્ત મહેમાનની સામે રાખ્યો જેથી એમાંથી ખાય તો એ ઝબહ અલ્લાહને માટે થયું અને લાભ મહેમાનને માટે અથવા વલીમો અથવા વેપારના માટે. અને જો મહેમાનની આગળ ન રાખ્યો બલ્કે આમ જ કોઈને આપી દીધો તો એ ગૈરુલ્લાહની તાઝીમના માટે છે જેથી હરામ છે.'' એનાથી સ્પષ્ટપણે જણાઈ ગયું કે ગોશ્તનું મકસૂદ હોવું ઈબાદત તથા ગૈરઈબાદતમાં ફરક કરનાર છે. એ જ જગાએ દુર્રે મુખ્તારમાં છે :–

وَفِىْ صَيْدِ الْمُنْيَةِ اِنَّهٗ يُكْرَهُ وَلَا يُكْفَرُ لِاَنَّا لَا نُسِيْئُ الظَّنَّ بِالْمُسْلِمِ اَنَّهٗ يَتَقَرَّبُ اِلَى الْاٰدَمِى بِهٰذَا النَّحْرِ

એવું કરવું મકરૂહ છે એનાથી ઝબહ કરનાર કાફિર ન થશે કેમ કે આપણે મુસલમાન પર બદગુમાની નથી કરતા કે તે આ ઝબહથી કોઈ માણસની ઈબાદત કરે છે." જાણવા મળ્યું કે મુસલમાન પર બદગુમાની કરવી ગુનોહ છે. એના હાશિયા રદ્દુલ મુહતારમાં એને અધિક સ્પષ્ટ કરી આપેલ છે પણ આ જેટલું વર્ણવી દેવામાં આવ્યું એટલું પૂરતુ છે. તફસીરે રૂહુલ બયાન, પારા–૬, وَمَا اُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ, આયત હેઠળ છે :–

مَا يُذْبَحُ عِنْدَ اِسْتِقْبَالِ السُّلْطٰنِ تَقَرُّبًا اِلَيْهِ اَفْتٰى اَهْلُ الْبُخَارِىْ بِتَحْرِيْمِهٖ وَقَالَ الرَّافِعِىُّ هٰذَا غَيْرُ مُحَرَّمٍ لِاَنَّهُمْ اِنَّمَا يَذْبَحُوْنَهٗ اِسْتِبْشَارًا بِقُدُوْمِهٖ فَهُوَ كَذَبْحِ الْعَقِيْقَةِ لِوَلَادَةِ الْمَوْلُوْدِ مِثْلُ هٰذَا لَا يُوْجِبُ التَّحْرِيْمَ كَذَا فِىْ شَرْحِ الْمَشَارِقِ

એટલે કે, "જે જાનવર સુલ્તાનના આવતાં ઝબહ કરવામાં આવે એનાથી કુર્બ હાંસલ કરવા માટે બુખારાવાસીઓએ તેની હુર્મત (હરામ હોવા વિશે)નો ફત્વો આપ્યો અને ઈમામ રાફઈએ ફર્માવ્યું કે એ જાનવર હરામ નથી, કેમ કે તે લોકો સુલ્તાનના આગમનની ખુશીમાં ઝબહ કરે છે, જેમ કે બાળકનો અકીકો બાળકની પેદાઈશની ખુશીમાં અને એનાં જેવાં કામને હરામ નથી કરી દેતો. એ જ રીતે શરહે મશારિકમાં છે." જાણવા મળે છે કે એ જમાનામાં એ રિવાજ હશે કે બાદશાહના આગમન પર ઘરે ઘર જાનવર ઝબહ થતાં હશે, આજકાલ એ રસ્મ નથી તો જો બાદશાહની ઈબાદતની નિય્યતથી ઝબહ કરતા હોય તો તે હરામ અને જો ખુશી પ્રદર્શિત કરવા માટે લોકોની દાવત કરતા હોય તો તે હલાલ ગણાશે. આ ફત્વાનો મતભેદ સમયના રિવાજના હિસાબે છે. મતલબ કે ગ્યારહવીંના ઝબીહાને પહેલાના સુલ્તાનો સાથે કોઈ સંબંધ નથી.

વાંધો (૪) : ગ્યારહવીંની નિય્યતની બકરો પાળનારો મુર્તદ છે, કેમ કે ગૈરે ખુદાની નઝર માનવી કુફ્ર છે, અને કાફિર તથા મુર્તદનું ઝબહ કરેલ હરામ છે જેથી ગ્યારહવીને માનનારાઓનું ઝબહ કરેલ હરામ થયું. શામી, ભાગ–૨, કિતાબુસ્સૌમ, બહષે નઝરે અમ્વાતમાં છે :–

وَالنَّذْرُ لِلْمَخْلُوْقِ لَايَجُوْزُ لِاَنَّهٗ عِبَادَةٌ وَالْعِبَادَةُ لَالِمَخْلُوْقٍ

જવાબ : એનો મુકમ્મલ જવાબ અમે અગાઉ આપી ચૂક્યા છીએ કે આ નઝરે શરઈ નથી નઝરે ઉર્ફી છે, હદીયો તથા નઝરાનું છે અથવા આ નઝર અલ્લાહના માટે છે અને તેનો મસ્રફ (ઉપયોગમાં લેનાર) આ છે, અને એમાંથી કોઈ પણ શિર્ક નથી. ઉસ્તાદને કહે છે કે આ રકમ આપની નઝર છે એટલે કે નઝરાણુ કે તોહફો છે.

બુઝુર્ગોના હાથ પગ ચૂમવા અને તબર્રુકોની તાઝીમ

અલ્લાહના વલીઓના હાથ પગ ચૂમવા અને એ જ પ્રમાણે એમના પછી તેમનાં તબર્રુકો, બાલ તથા લિબાસ વગેરેને બોસો આપવો, તેમની તાઝીમ કરવી મુસ્તહબ છે. હદીષો તથા સહાબીઓના અમલોથી સાબિત છે. પરંતુ અમુક લોકો એનો ઈન્કાર કરે છે એટલા માટે અમે આ ચર્ચાના પણ બે વિભાગ પાડીએ છીએ. પ્રથમ વિભાગ તેની સાબિતિમાં અને બીજો વિભાગ તેના પર વાંધાઓ અને તેના જવાબો પર આધારિત રહેશે.

(પ્રથમ વિભાગ)

★ તબર્રુકાતના બોસા (ચૂમવા) વિશે ★

તબર્રુકોને ચૂમવું જાઈઝ છે. કુર્આને કરીમ ફર્માવે છે :–

وَادْخُلُوا الْبَابَ سُجَّدًا وَّقُوْلُوْا حِطَّةٌ એટલે કે, "હે બની ઈસ્રાઈલ ! તમે બયતુલ મુકદ્દસના દરવાજામાં સિજદા કરતા કરતા દાખલ થાવ અને કહો અમારા ગુનાહ માફ થાય." આ આયતથી જાણવા મળ્યું કે બયતુલ મુકદ્દસ જે અંબિયાએ કિરામની આરામગાહ છે તેની તાઝીમ આ રીતે કરાવવામાં આવી કે ત્યાં બની ઈસ્રાઈલને સિજદા કરતા કરતા જવાનો હુકમ આપવામાં આવ્યો. એ પણ જાણવા મળ્યું કે બરકતવંત (મોતબર્રક) સ્થાનો પર તૌબા જલ્દી કબૂલ થાય છે. મિશ્કાત બાબુલ મુસ્તફા ફસ્લે ષાનીમાં છે :–

وَعَنْ زِرَاعٍ وَّكَانَ فِىْ وَفْدِ عَبْدِالْقَيْسِ قَالَ لَمَّا قَدِمْنَاالْمَدِيْنَةَ فَجَعَلْنَا نَتَبَادَرُ مِنْ رَّوَاحِنَا فَنُقَبِّلُ يَدَ رَسُوْلُ اللّٰهِ ﷺ وَرِجْلَهٗ

"હઝરત ઝરાઅથી રિવાયત થયેલ છે અને એઓ વફ્દે અબ્દુલ કૈસમાં હતા ફર્માવે છે કે જયારે અમે મદીના મુનવ્વરા આવ્યા તો પોતાની સવારીઓથી

ઉતરવામાં જલ્દી કરવા લાગ્યા. પછી અમે હુઝૂરના હાથ પગો ચૂમ્યા હતા.'' મિશ્કાત બાબુલ કબાઈર વ અલામાતિન્નફસમાં હઝરત સફવાન ઈબ્ને ઈસાલથી રિવાયત છે فَتَقَبَّلَ يَدَيْهِ وَرِجْلَيْهِ ''તેમણે હુઝૂર ﷺ ના હાથ પગ ચૂમ્યા.''

મિશ્કાત શરીફ :– مَايُقَالُ عِنْدَمَنْ حَضَرِهِ الْمَوْتُ۔

તિર્મિઝી તથા અબૂ દાઉદની રિવાયતથી છે :–

عَنْ عَائِشَةَ قَالَتْ قَبَّلَ رَسُوْلُ اللّٰهِ ﷺ عُثْمَانَ ابْنُ مَظْعُوْنٍ وَهُوَ مَيِّتٌ

હુઝૂર ﷺ એ ઉષ્માન ઈબ્ને મઝઊનને બોસો આપ્યો જ્યારે કે તેમનો ઈન્તેકાલ થઈ ચૂકયો હતો.

શિફા શરીફમાં છે :–

كَانَ ابْنُ عُمَرَ يَضَعُ يَدَهُ عَلَى الْمِنْبَرِ الَّذِىْ يَجْلِسُ عَلَيْهِ رَسُوْلُ اللّٰهِ ﷺ فِى الْخُطْبَةِ ثُمَّ يَضَعُهَا عَلٰى وَجْهِهٖ

''જે મિમ્બર પર હૂઝુર ﷺ ખુત્બો ફર્માવતા હતા તેના પર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِىَ اللّٰهُ عَنْهُمَا પોતાનો હાથ લગાડીને મોઢા પર રાખતા હતા.'' (ચૂમતા હતા) શરહે બુખારી લિ ઈબ્ને હજર, પારા–૬, પેજ –૧૧૫માં છે :–

اِسْتَنْبَطَ بَعْضُهُمْ مِنْ مَشْرُوْعِيَّةِ تَقْبِيْلِ الْاَرْكَانِ جَوَازِ تَقْبِيْلِ كُلِّ مَنْ يَّسْتَحِقُّ الْعَظَمَةَ مِنْ اٰدَمِيٍّ وَغَيْرِهٖ نُقِلَ عَنِ الْاِمَامِ اَحْمَدَ اَنَّهٗ سُئِلَ عَنْ تَقْبِيْلِ مِنْبَرِ النَّبِيِّ عَلَيْهِ السَّلَامَ وَتَقْبِيْلِ قَبْرِهٖ فَلَمْ يَرَبِهٖ بَاْسًا وَنُقِلَ عَنِ ابْنِ اَبِى الصِّنْفِ الْيَمَانِىُ اَحَدِ عُلَمَاءِ مَكَّةَ مِنَ الشَّافِعِيَّةِ جَوَازُ تَقْبِيْلِ الْمُصْحَفِ وَاَجْزَاءِ الْحَدِيْثِ وَقُبُوْرِ الصَّالِحِيْنَ مُلَخَّصًا۔

''કાબાના રુકનોને ચૂમવાથી અમુક ઉલમાએ બુઝુર્ગાને દીન વગેરેના તબર્રુકો ચૂમવાનું સાબિત કર્યુ છે. ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમને કોઈએ પૂછયું કે હુઝૂર ﷺ ના મિમ્બર કે કબ્રે અન્વર

ચૂમવી કેવી ? ફર્માવ્યું કે કોઈ વાંધો નથી. અને ઈબ્ને અલીસ્સનફથી કે જેઓ મક્કાના શાફઈ આલિમોમાંથી છે તેમનાથી નકલ થયેલ છે : કુર્આને કરીમ તથા હદીષનાં વરકો, બુઝુર્ગાને દીનની કબરો ચૂમવી જાઈઝ છે. તવશીહમાં અલ્લામા જલાલુદ્દીન સિયૂતી ફર્માવે છે :–

اِسْتَنْبَطَ بَعْضُ الْعَارِفِيْنَ مِنْ تَقْبِيْلِ الْحَجَرِ الْاَسْوَدِ تَقْبِيْلَ قُبُوْرِ الصَّالِحِيْنَ

હજરે અસ્વદને ચૂમવાથી અમુક આરિફોએ બુઝુર્ગાને દીનની કબરોને ચૂમવાનું સાબિત કર્યું છે. આ હદીષો તથા મુહદ્દિષો તથા આલિમોનાં લખાણોથી સાબિત થયું કે બુઝુર્ગાને દીનના હાથ પગો અને તેમના લિબાસ, નાલૈન, બાલ મતલબ કે સર્વ તબર્રુકો એ જ રીતે કાબા મોઅઝ્ઝમા, કુર્આન શરીફ, હદીષની કિતાબોના વરકો (પેજીસ)ને ચૂમવું જાઈઝ તથા બરકતનો સબબ છે. બલ્કે દીનના બુઝુર્ગોના વાળ તથા લિબાસ તથા તમામ તબર્રુકોની તાઝીમ કરવી, તેમનાથી લડાઈ વગેરે મુસીબતોમાં મદદ હાંસલ કરવી કુર્આને કરીમથી સાબિત છે.

કુર્આન ફર્માવે છે :–

وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ اِنَّ اٰيَةَ مُلْكِهٖ اَنْ يَّاْتِيَكُمُ التَّابُوْتُ فِيْهِ سَكِيْنَةٌ مِّنْ رَّبِّكُمْ وَبَقِيَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوْسٰى وَاٰلُ هٰرُوْنَ تَحْمِلُهُ الْمَلٰٓئِكَةُ

''બની ઈસ્રાઈલને તેમના નબીએ ફર્માવ્યું કે તાલૂતની બાદશાહીની નિશાની એ છે કે તમારી પાસે એક તાબૂત આવશે જેમાં તમારા રબની તરફથી દિલોને ચૈન છે અને કાંઈક બચેલી ચીજો છે મોઅઝ્ઝઝ્ મૂસા અને મોઅઝ્ઝઝ્ હારૂનના વારસાની, ઉઠાવી લાવશે તેને ફરિશ્તા.'' આ આયતની તફસીરમાં ખાઝિન તથા રૂહુલ બયાન તથા તફસીરે મદારિક અને જલાલૈન વગેરેએ લખ્યું છે કે તાબૂત એક શમશાદના લાકડીની પેટી હતી જેમાં નબીઓની તસ્વીરો (આ તસ્વીરો કોઈ માણસે ન બનાવી હતી બલ્કે કુદરતી હતી) તેમના મુબારક મકાનોના નકશા અને હઝરત મૂસા عليه الصلوٰة والسلام નો અસા મુબારક અને તેમનાં કપડાં અને આપનાં પગરખાં મુબારક અને હઝરત હારૂન عليه الصلوٰة والسلام નો અસા મુબારક અને તેમનો અમામા શરીફ વગેરે હતું. બની ઈસ્રાઈલ દુશ્મનથી

જંગ કરતા તો બરકતના માટે તેને સામે રાખતા હતા, જ્યારે ખુદાથી દુઆ કરતા તો તેને સામે રાખીને દુઆ કરતા હતા. જેથી સારી રીતે સાબિત થઈ ગયું કે બુઝુર્ગાને દીનના તબર્રુકોથી ફયઝ પામવો, તેની ઈજ્જત કરવી અંબિયાનો તરીકો છે. તફસીરે ખાઝિન તથા મદારિક તથા રૂહુલ બયાન તથા કબીર સૂરએ યૂસુફ પારા–૧૨ આયત–**ફલમ્મા ઝહબૂબિહી** હેઠળ જણાવે છે : જ્યારે યાકૂબ عليه الصلوٰة والسلام ને યૂસુફ عليه الصلوٰة والسلام એ તેમના ભાઈઓની સાથે મોકલ્યા તો તેમના ગળામાં ઈબ્રાહીમ عليه الصلوٰة والسلامની કમીઝ તાવીઝ બનાવીને નાખી દીધી જેથી મેહફૂઝ રહે. સર્વ પાણીઓ અલ્લાહનાં પેદા કરેલાં છે પણ આબે ઝમઝમની તાઝીમ એટલા માટે છે કે આ હઝરત ઈસ્માઈલ عليه الصلوٰة والسلام ના કદમ શરીફથી પેદા થયું છે. મકામને ઈબ્રાહીમથી નિસ્બત થઈ તો તેની ઈજ્જત એટલે સુધી વધી ગઈ કે રબ તઆલાએ ફર્માવ્યું : وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرَاهِيْمَ مُصَلّٰى સૌનાં માથાં એ તરફ ઝુકાવી દીધાં ! મક્કા મોઅઝ્ઝમાને હુઝૂર ﷺ થી નિસ્બત થઈ તો રબ તઆલાએ તેની કસમ ફર્માવી : لَآاُقْسِمُ بِهٰذَا الْبَلَدِ وَاَنْتَ حِلٌّ بِهٰذَا الْبَلَدِ

ઐયૂબ ﷺ ને ફર્માવ્યું :–

''ઐયૂબ عليه الصلوٰة والسلام ના પગોથી اُرْكُضْ بِرِجْلِكَ هٰذَا مُغْتَسَلٌ بَارِدٌ وَّشَرَابٌ જે પાણી પેદા થયું તે શિફા (બીમારી સાજી કરનાર) બન્યું. જાણવા મળ્યું કે નબીના પગોનું ધોવણ અઝમતવાળુ અને શિફા છે. મિશકાત કિતાબુલ્લિબાસના પ્રારંભમાં છે કે હઝરત અસ્મા બિન્તે અબી બકર સિદ્દીક رضى الله عنها ની પાસે હુઝૂર ﷺ નો ઝભ્ભો મુબારક (અચકન) હતો અને મદીના પાકમાં જ્યારે કોઈ બીમાર થતું તો આપ તેને ધોઈને તે બીમારને પીવડાવતાં હતાં. એ જ મિશકાત કિતાબુલ્અતમહ બાબુલ અશ્રબામાં છે કે હુઝૂર ﷺ હઝરત કબશા رضى الله عنه ના મકાન પર તશરીફ લઈ ગયા અને તેમના મશક સાથે મુબારક મોઢું લગાડીને પાણી પીધું તો તેમણે બરકતના માટે મશકનું મુખ કાપીને રાખી લીધું. એ જ મિશકાત કિતાબુસ્સલાત, બાબિલ મસાજિદ ફસ્લે ષાનીમાં છે કે એક જમાઅત હુઝૂર ﷺ ના હાથ મુબારક પર ઈસ્લામથી પાવન બની અને

અર્ઝ કરી કે બયઆ (યહૂદીની ઈબાદતગાહ) છે અમે ચાહીયે છીએ કે તેને તોડીને મસ્જિદ બનાવી લઈએ. હુઝૂર ﷺ એ એક વાસણમાં પાણી લઈને તેમાં કુલ્લી કરી આપી અને ફર્માવ્યું કે તે બયઆને તોડી નાખો અને આ પાણીને ત્યાંની જમીન પર છાંટી દો અને તેને મસ્જિદ બનાવી લો. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરનું લઆબે દહન શરીફ (થૂંક મુબારક) કુફ્રની ગંદકીને દૂર ફર્માવે છે. હઝરત ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہ પોતાની ટોપી શરીફમાં હુઝૂર ﷺ નો એક બાલ શરીફ રાખતા હતા અને જંગમાં ટોપી ચોક્કસ આપના સર મુબારક પર રહેતી હતી. મિશ્કાત બાબુસ્સુતરામાં છે કે હુઝૂર ﷺ એ વુઝૂ ફર્માવ્યું તો હઝરત બિલાલ رضی اللہ عنہ એ વુઝૂનું પાણી લીધું અને લોકો હઝરત બિલાલની તરફ દોડી પડયા જેને એ ગુસાલા શરીફની તરી મળી ગઈ તેણે પોતાના મોઢા પર ચોપડી લીધી અને જેને ન મળી તેણે કોઈ બીજાના હાથથી તરી લઈને મોઢા પર હાથ ફેરવી લીધો. આ હદીષોથી સાબિત થયું કે બુઝુર્ગાને દીનની વાપરેલી ચીજોથી બરકત હાંસલ કરવી સહાબીઓની સુન્નત છે.

હવે ફકીહોનાં કથનો જુઓ : આલમગીરી કિતાબુલ કરાહિયત બાબિ મુલાકાતિલ મલૂકમાં છે :–

'' اَنَّ قَبَّلَ يَدَ عَالِمٍ اَوْ سُلْطٰنٍ عَادِلٍ بِعِلْمِهٖ وَعَدْلِهٖ لَابَاْسَ بِهٖ ''જો આલિમ અથવા આદિલ બાદશાહના હાથ તેમના ઈલ્મ તથા ન્યાયના કારણે ચૂમે તેમાં કોઈ વાંધો નથી.'' એ જ આલમગીરી કિતાબિલ કરાહિયત બાબિ ઝિયારતિલ કુબૂરમાં છે : وَلَابَاْسَ بِتَقْبِيْلِ قَبْرِ وَالِدَيْهِ كَذَا فِى الْغَرَائِبِ ''પોતાનાં માં બાપની કબરો ચૂમવામાં વાંધો નથી.'' એ જ આલમગીરી કિતાબુલ કરાહિયત બાબે મુલાકાતિલ મલૂકમાં છે :–

اِنَّ تَـقْبِيْـلَ عَـلٰى خَـمْسَةِ اَوْجَهٍ قُبْلَةُ الرَّحْمَةِ كَقُبْلَةِ الْوَالِدِ وَلَدَهٗ وَقُبْلَةُ التَّحِيَّةِ لِـقُبْـلَةِ الْـمُـؤْمِـنِيْـنَ بَـعْـضُهُمْ لِبَعْضٍ وَقُبْلَةُ الشَّفَقَةِ كَقُبْلَةِ الْوَلَدِ لِوَالِدَيْهِ وَقُبْلَةُ الْـمَـوَدَّةِ كَـقُبْلَةِ الرَّجُلِ اَخَاهُ وَقُبْلَةُ الشَّهْوَةِ كَقُبْلَةِ الرَّجُلِ اِمْرَئَتِهٖ وَزَادَ بَعْضُهُمْ قُبْلَةُالدِّيَانَةِ وَهِىَ قُبْلَةُ الْحَجَرِالْاَسْوَدِ

''બોસો લેવો પાંચ રીતે છે : રહમતનો બોસો; જેમ કે બાપ પોતાના ફરઝંદને ચૂમે, મુલાકાતનો બોસો; જેમ કે અમુક મુસલમાન અમુકને ચૂમે, શફક્ત (હેત)નો બોસો; જેમ કે ફરઝંદ પોતાનાં મા–બાપને બોસો આપે, દોસ્તીનો બોસો; જેમ કે કોઈ માણસ પોતાના મિત્રને બોસો આપે, વાસનાનો બોસો; જેમ કે પતિ પોતાની પત્નીને બોસો લે. અમુકે ઉમેરો કર્યો, દીનદારીનો બોસો અને તે સંગે અસ્વદને ચૂમવું છે.

દુર્રે મુખ્તાર, જિલ્દ પંજુમ, કિતાબુલ કરાહિયત આખિર, બાબિલ ઈસ્તબરાઅ્ બહષે મુસાફામાં છે :– وَلَابَاْسَ يَدِ الْعَالِمِ وَالسُّلْطٰنِ الْعَادِلِ

''આલિમ તથા આદિલ બાદશાહના હાથ ચૂમવામાં વાંધો નથી.'' એ જગાએ શામીએ હાકિમની એક હદીષ નકલ કરી જેના અંતમાં છે:–

قَالَ ثُمَّ اَذِنَ لَهٗ فَقَبَّلَ رَاْسَهٗ وَرِجْلَيْهِ وَقَالَ لَوْكُنْتُ اٰمِرًا اَحَدًا اَنْ يَّسْجُدَ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْأَةَعَنْ تَسْجُدَ لِزَوْجِهَا وَقَالَ صَحِيْحُ الْاِسْنَادِ

''હુઝૂર ﷺ એ તે શખ્સને ઈજાઝત આપી તેણે આપના સર તથા પાંવ મુબારક પર બોસો આપ્યો અને હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે **જો અમે કોઈને સજદાનો હુકમ આપત તો ઔરતને હુકમ આપત કે પતિને સજદો કરે.** દુર્રે મુખ્તારે એ જગાએ પાંચ પ્રકારના બોસાનું વર્ણન કર્યું. આલમગીરીથી એટલું વધારે ઉમેર્યું કે :–

قُبْلَةُ الدِّيَانَةِ لِلْحَجَرِ الْاَسْوَدِ وَتَقْبِيْلُ عُتْبَةِ الْكَعْبَةِ وَتَقْبِيْلُ الْمُصْحَفِ قِيْلَ بِدْعَةٌ لٰكِنْ رُوِىَ عَنْ عُمَرَ اَنَّهٗ كَانَ يَاْخُذُ الْمُصْحَفِ كُلَّ غَدَاةٍ وَيُقَبِّلُهٗ وَاَمَّا تَقْبِيْلُ الْخُبْزِ فَجَوَّزَ الشَّافِعِيَّةِ اَنَّهٗ بِدْعَةٌ مُّبَاحَةٌ وَقِيْلَ حَسَنَةٌ مُّلَخَّصًا

એક બોસો દીનદારીનો છે તે હજરે અસ્વદનો બોસો અને કાબા શરીફની ચૌખટનો બોસો છે. કુર્આને પાકને ચૂમવું અમુક લોકોએ બિદઅત કહ્યું છે પણ ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે આપ દરેક સવારે કુર્આને પાક હાથમાં લઈને ચૂમતા હતા. અને રોટીને ચૂમવું એને શાફઈ લોકોએ જાઈઝ કહ્યું છે કે એ બિદઅત જાઈઝ છે. અમુકે કહ્યું કે બિદઅતે હસના (સારી બિદઅત) છે.

તેમજ રબ તઆલા ફર્માવે છે : وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرَاهِيْمَ مُصَلًّى મકામે ઈબ્રાહીમ તે પથ્થર છે જેના પર ઉભા રહીને હઝરત ખલીલ عليه الصلوٰة والسلام એ કા'બાનું બાંધકામ કર્યું. તેમના કદમે પાકની બરકતથી એ પથ્થરનો તે દરજ્જો થયો કે વિશ્વભરના હાજીઓ તેના પ્રતિ માથુ ઝુકાવવા લાગ્યા. આ લખાણોથી જાણવા મળ્યું કે બોસા વિવિધ પ્રકારના હોય છે અને બરકતવંત ચીજોને બોસો આપવો દીનદારીની નિશાની છે. અહીં સુધી તો સમર્થન કરનારાઓના કથનોનું વર્ણન થયું પણ વિરોધીઓના પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહી ફતાવા રશીદિયહ ભાગ–૧, કિતાબુલ ખતર વલ અબાહા, પેજ–૫૪ પર લખે છે : ''દીનદારની તાઝીમ માટે ઉભા થવું દુરુસ્ત છે અને એવી જ વ્યક્તિના પગો ચૂમવા દુરુસ્ત છે. હદીષથી સાબિત છે.'' ફક્ત રશીદ અહમદ અફી અન્હૂ.

આ સંબંધે અન્ય પણ હદીષો તથા ફકીહોનાં લખાણો રજુ કરી શકાય છે પણ અત્રે આટલુ પૂરતુ છે.

(બીજો વિભાગ)

★ બુઝુર્ગોના હાથ પગ તથા તબર્રુકો ચૂમવા પર વાંધા અને તેના જવાબ ★

બુઝુર્ગોના હાથ પગ ચૂમવા અને તબર્રુકોની તાઝીમ બાબતે વિરોધીઓ પાસે નીચે પ્રમાણેના વાંધાઓ છે : ઈન્શા અલ્લાહ એથી વિશેષ નહીં મળી શકે.

વાંધો (૧) : ફકીહો ફર્માવે છે કે ઉલમાની સામે જમીન ચૂમવી હરામ છે તેમજ ઝુકીને તાઝીમ કરવી હરામ છે, કેમ કે એ રૂકૂઅથી મળતાપણું છે અને જેવી રીતે તાઝીમી સજદો હરામ થઈ ગયો તાઝીમી રુકૂઅ પણ હરામ થઈ ગયો અને જ્યારે કે કોઈના પગો ચૂમવા માટે તેના કદમ પર મોઢું રાખ્યું તો એ રુકૂઅ તો શું સજદો થઈ ગયો જેથી એ પણ હરામ છે. દુર્રે મુખ્તાર કિતાબુલ કરાહિયહ બાબિલ ઈસ્તબરાઅ્ બહ્ષે મુસાફહામાં છે :

وَتَقْبِيْلُ الْاَرْضِ بَيْنَ يَدَى الْعُلَمَاءِ وَالْعُظَمَاءِ فَحَرَامٌ لِاَنَّهٗ يُشْبِهُ عِبَادَةَ الْوَثَنِ

''અને મોટા બુઝુર્ગોની સામે જમીન ચૂમવી એ હરામ છે કેમ કે એ

મૂર્તિપૂજાથી મળતાપણુ છે. એના જ હેઠળ શામીમાં છે :–

اَلْاِيْمَاءُ فِى السَّلَامِ اِلٰى قَرِيْبِ الرُّكُوْعِ كَالسُّجُوْدِ فِىْ الْمُحِيْطِ اَنَّهٗ يُكْرَهُ الْاِنْحِنَاءُ لِلسُّلْطَانِ وَغَيْرِهٖ وَظَاهِرُ كَلَامِهِمْ عَلٰى اِطْلَاقِ السُّجُوْدِ عَلٰى هٰذَا التَّقْبِيْلِ

''સલામમાં રુકૂઅની નજીક સુધી ઝુકવું સજદાની જેમ છે. અને મુહીતમાં છે કે બાદશાહ વગેરેની સામે ઝુકવું મકરૂહ છે. અને ફકીહોનું જાહેરી કલામ એ છે કે તેઓ આ ચૂમવાને સજદો જ કહે છે.'' જાણવા મળ્યું કે કોઈ માણસની આગળ ઝુકવું સજદો છે અને ગૈરેખુદાને સજદો કરવો શિર્ક છે, જેથી કોઈના પગો ચૂમવા શિર્ક છે. હઝરત મુજદ્દિદ સાહબ (અલ્ફેષાની)ને અકબરના દરબારમાં બોલાવવામાં આવ્યા અને દાખલ થવાનો દરવાજો નાનો રાખવામાં આવ્યો જેથી એ બહાના હેઠળ અકબરની સામે ઝુકી જાય. પણ આપ ત્યાં ગયા તો આપે પ્રથમ દરવાજામાં પગો દાખલ કર્યા જેથી ઝુકવાની જરૂર ન પડે. (આ વાંધો અતિશય કક્ષાનો છે અને સર્વ દેવબંદી સામાન્યત : એને રજૂ કરે છે.)

જવાબ : અમે પ્રથમ તો સજદાની વ્યાખ્યા કરીએ પછી સજદાના હુકમો, પછી અર્ઝ કરીએ કે કોઈની સામે ઝુકવાના શું હુકમો છે, જેનાથી આ વાંધો આપોઆપ દૂર થઈ જશે. શરીઅતમાં સજદો એ છે કે જમીન પર સાત અંગો લાગે; બંને પંજા, બંને ગુથણો, બંને હાથ અને નાક તથા પેશાની. વળી એમાં સજદાની નિય્યત પણ હોય. (જુઓ ફિકહની આમ કિતાબો, કિતાબુસ્સલાત, બહષે સજદા) જો સજદાની નિય્યત વગર કોઈ શખ્સ જમીન પર ઊંધો સૂઈ ગયો તો સજદો ન થયો. જેમ કે કેટલીકવાર બીમારી અથવા ઠંડીથી ખાટલા પર ઊંધા પડી જાય છે. સજદો બે પ્રકારનો છે : તાઝીમનો સજદો તથા ઈબાદતનો સજદો. તાઝીમનો સજદો એટલે કોઈની મુલાકાતના વખતે સજદો કરવો અને ઈબાદતનો સજદો એટલે કોઈને ખુદા કે ખુદાની જેમ જાણીને સજદો કરવો. ઈબાદતનો સજદો અલ્લાહ સિવાયના (ગૈરુલ્લાહ)ને કરવો શિર્ક છે એ કોઈ નબીના દીનમાં જાઈઝ ન હતો, કેમ કે દરેક નબી તૌહીદ (અલ્લાહ એક હોવાની માન્યતા) લાવ્યા, શિર્ક કોઈએ નથી ફેલાવ્યું, તાઝીમનો સિજદો આદમ عليه الصلوة والسلام થી હુઝુર ﷺ ના જમાના સુધી જાઈઝ રહ્યો.

ફરિશ્તાઓએ આદમ عليه الصلوٰة والسلام ને સજદો કર્યો, હઝરત યાકૂબ عليه الصلوٰة والسلام તથા હઝરત યૂસુફ عليه الصلوٰة والسلام ના ભાઈઓએ યૂસુફ عليه الصلوٰة والسلام ને સજદો કર્યો. તફસીરે રૂહુલબયાન, પારા–૧૨, સૂરએ હૂદ, આયત : وَقِيْلَ بُعْدًا لِّلْقَوْمِ الظّٰلِمِيْنَમાં હઝરત અબુલ આલિયાથી એક રિવાયત નકલ કરી કે નૂહ عليه الصلوٰة والسلام ના જમાનામાં શૈતાને તૌબા કરવા ચાહ્યું તો હઝરત નૂહ عليه الصلوٰة والسلامને હુકમ થયો કે શૈતાનને કહો કે હઝરત આદમ عليه الصلوٰة والسلام ની કબ્રને સિજદો કરે, શૈતાન બોલ્યો કે મેં જ્યારે આદમ عليه الصلوٰة والسلام ને જિંદગીમાં સજદો ન કર્યો તો એમની કબ્રને શું સજદો કરીશ ! પછી ઈસ્લામે આ તાઝીમી સજદાને હરામ ફર્માવ્યો. જેથી જો કોઈ મુસલમાન કોઈ માણસને તાઝીમનો સજદો કરે તો ગુનેહગાર છે, મુજરિમ છે, હરામમાં સપડાયેલો છે, પણ મુશ્રિક તથા કાફિર નથી. વાંધો ઉઠાવનારે જે દુર્રે મુખ્તારનું લખાણ રજુ કર્યું એ જ જગાએ દુર્રે મુખ્તારમાં છે :

اِنْ عَلٰى وَجْهِ الْعِبَادَةِ وَالتَّعْظِيْمِ كَفَرَوَاِنْ عَلٰى وَجْهِ التَّحِيَّةِ لَاوَصَارَ اٰثِمًا مُرْتَكِبًا لِلْكَبِيْرَةِ

''જો એ જમીનને ચૂમવું ઈબાદત તથા તાઝીમના માટે હોય તો **કુફ્ર** છે અને (કેવળ) તાઝીમના માટે હોય તો કુફ્ર નથી. હા ! ગુનેહગાર અને કબીરામાં સંડોવાનારો થશે.'' આ લખાણ હેઠળ શામીએ એને અધિક સ્પષ્ટ કરી આપ્યું છે. રહ્યું ગૈરની સામે ઝુકવું તો એની બે રીતો છે : એક એ કે તાઝીમને માટે ઝુકવાનું હોય જેમ કે ઝુકીને સલામ કરવી. અથવા મોઅઝ્ઝમ (ઈજ્જતદાર) વ્યક્તિની સામે જમીન ચૂમવા. એ જો રૂકૂઅની હદ સુધી છે તો હરામ છે, એને ફકીહોએ મના ફર્માવ્યું છે. બીજું એ કે કોઈ અન્ય કામ માટે ઝુકવું અને તે કામ તાઝીમ માટેનું હોય, જેમ કે કોઈ બુઝુર્ગના જૂતા સીધા કરવા અથવા તેમના પગો ચૂમવા માટે જો કે ઝુકવાનું તો એમાં પણ છે પણ જૂતા સીધા કરવા કે પગો ચૂમવા માટે છે અને એ કામો બુઝુર્ગની તાઝીમના હલાલ છે. જો સ્પષ્ટતા ન કરવામાં આવે તો અમારી રજૂ કરેલી હદીષો અને કિફ્હી લખાણોનો શો મતલબ થશે. તેમ જ આ પ્રશ્ન દેવબંદીઓની પણ વિરૂદ્ધ થશે કે તેમના પેશ્વ મોલ્વી રશીદ અહમદ ગંગોહી પણ પગોને ચૂમવું જાઈઝ દર્શાવે

છે. હઝરત મુજદ્દિદ સાહબનો એ ઈમાની તકવો હતો કે તેમણે સમજ્યું કે અકબરના દરબારમાં અકબરને સજદો કરાવવામાં આવે છે અને અકબર એ હેતુથી પોતાની સામે મને ઝુકાવવા ચાહે છે એટલા માટે આપ ન ઝુકયા, નહીં તો આપ ઝુકીને એ બારીએથી પ્રવેશ કરત તો પણ આપના પર કોઈ શરઈ આક્ષેપ ન લાગુ થાત, કેમ કે આપનો મકસદ એ રીતે ઝુકવામાં અકબરની તાઝીમનો ન હતો.

વાંધો (૨) : હદીષોમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ સંગે અસ્વદને બોસો આપીને કહ્યું :–

اِنِّیْ اَعْلَمُ اَنَّكَ حَجَرٌ لَاتَنْفَعُ وَلَاتَضُرُّوَلَوْلَا اَنِّیْ رَأَیْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ مَاقَبَّلْتُكَ

''હે કાળા પથ્થર ! (હજરે અસ્વદ) હું સારી રીતે જાણું છું કે તું એક પથ્થર છે ન લાભ કરી શકે ન નુકસાન ! જો મેં હુઝૂર ﷺ ને તને ચૂમતા ન જોયા હોત તો હું તને ન ચૂમત.'' આ પરથી જાણવા મળ્યું ફારૂકે આઝમને હજરે અસ્વદને ચૂમવું નાપસંદ હતું પણ કેમ કે નસ (દલીલ)માં આવી ગયું હોવાથી મજબૂરન ચૂમી લીધો. અને આ તબર્રુકોને ચૂમવાની નસ (દલીલ) નથી આવી જેથી ન ચૂમવું જ મુનાસિબ છે.

જવાબ : મોલ્વી અબ્દુલ હય સાહબે હિદાયહની પ્રસ્તાવનામાં હજરે અસ્વદના હેઠળ આ હદીષ નકલ કરીને ફર્માવ્યું કે હાકિમની રિવાયતમાં છે કે, ''હઝરત અલી رضی اللہ عنہ એ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને જવાબ આપ્યો કે હે અમીરુલ મો'મિનીન ! હજરે અસ્વદ નફો (લાભ) પહોંચાડનાર પણ છે અને નુકસાન કર્તા પણ છે. કાશ ! કે તમે કુર્આનની આ આયતની તફસીર પર ધ્યાન કર્યું હોત :–

وَاِذْ اَخَذَ رَبُّكَ مِنْ بَنِیْ اٰدَمَ مِنْ ظُهُوْرِهِمْ ذُرِّیَّتَهُمْ મીષાકના દિવસે રબ તઆલાએ અહદ તથા વાયદો લીધો તો તે અહદનામુ એક વરકમાં લખીને હજરે અસ્વદમાં રાખ્યું અને આ સંગે અસ્વદ કિયામતના દિવસે આવશે એ રીતે કે તેની આંખો, જીભ તથા હોઠ હશે અને મોમિનોની ગવાહી આપશે, જેથી એ અલ્લાહનો અમીન અને મુસલમાનોનો ગવાહ છે.'' હઝરત ફારૂકે

આઝમે ફર્માવ્યું, ''હે અલી ! જ્યાં તમે ન હોઉ ખુદા મને ત્યાં ન રાખે.'' જાણવા મળ્યું કે સંગે અસ્વદ નફો તથા નુકસાન પહોંચાડનાર છે અને તેની તાઝીમ દીનની તાઝીમ છે. તેમજ હઝરત ફારૂકે આ'ઝમનું સંગે અસ્વદને આ સંબોધન એટલા માટે હતું કે આપ હજરે અસ્વદને બોસા કરવાથી શું નારાજ હતા ?! સુન્નતથી નારાજગી કુફ્ર છે ! બલ્કે કેવળ એટલા માટે કે અરબવાસીઓ પહેલાં મૂર્તિપૂજક હતા તો એવું ન બને કે તેઓ એવું સમજી લે કે ઈસ્લામે અમુક મૂર્તિઓને હટાવીને એક પથ્થર પર અમને ધ્યાનિત કરી આપ્યા. આ ફર્માનથી લોકોને તફાવત માલૂમ પડી ગયો કે તે હતું પથ્થરોને પૂજવું અને આ છે પથ્થરને ચૂમવું. પૂજવું અલગ ચીજ છે અને ચૂમવું અલગ ચીજ છે. હઝરત અલી رضی اللہ عنہ એ એ મકસદને રદિયો નથી આપ્યો બલ્કે ''ન નફો આપે ન નુકસાન'' એ શબ્દથી સાંભળનારા ધોકો ખાત તેને સ્પષ્ટ કરી આપ્યું કે ફારૂકે આઝમ رضی اللہ عنہ નો મકસદ એ છે કે બિઝ્ઝાત (ઝાતી રીતે) એ પથ્થર નફા નુકસાનનો માલિક નથી જેમ કે અરબવાસીઓ મૂર્તિઓને સમજતા હતા. એનો એ અર્થ પણ નથી કે આ પથ્થરમાં તદ્દન નફો કે નુકસાન નથી. તો ફારૂકે આ'ઝમનું ફર્માન પણ લોકોને સમજાવવા માટે હતું અને હઝરત અલી મુર્તઝાનું ફર્માન પણ એટલે જ હતું. رضی اللہ عنہما અમારી આ ચર્ચાથી રાફઝીઓ તથા દેવબંદીઓ બંનેના વાંધા ઉઠી ગયા.

આશ્ચર્યની વાત છે કે ફારૂકે આઝમ અહીં તો તમારા કહ્યાનુસાર હજરે અસ્વદને બોસો આપવાથી વિરૂદ્ધ છે પરંતુ જાતે જ તેમણે હુઝૂર ﷺ ને અર્ઝ કર્યું કે અમે મકામે ઈબ્રાહીમને અમારો મુસલ્લો બનાવી લેત કે એમની સામે સજદો કરતા અને નફલ પઢતા. તેમની જ અર્ઝ પર આ આયત આવી કે وَاتَّخَذُوْا مِنْ مَّقَامِ اِبْرَاهِيْمَ مُصَلًّى મકામે ઈબ્રાહીમ પણ તો એ પથ્થર જ છે તેની સામે નફલો પઢવી અને સિજદ કરવો આપને પસંદ છે ?!

વાંધો (૩) : અમુક લોકો એવું પણ કહે છે કે આજકાલ જે તબર્રુકો હુઝૂર ﷺ ની પ્રતિ સંબંધિત છે તો એ ખબર નહીં, બનાવટી છે કે અસલી ?! કેમ કે એના અસલી હોવાની સાબિતી નથી. એટલા માટે એમને ચૂમવું તેની તાઝીમ કરવી મના છે. હિંદુસ્તાનમાં સેંકડો સ્થળે બાલ મુબારકની ઝિયારત

કરાવવામાં આવે છે, ન તો તેનો પતો છે અને ન સાબિતી કે એ હુઝૂર ﷺ ના બાલ છે ?!

જવાબ : તબર્રુકાતની સાબિતી માટે મુસલમાનોમાં એ મશહૂર હોવું કે એ હુઝૂર ﷺ ના તબર્રુકો છે એટલું પૂરતુ છે. એના માટે કુર્આની આયતો કે બુખારીની હદીષની જરૂર નથી. દરેક ચીજની સાબિતી એકસરખી નથી હોતી. ઝિના (વ્યભિચાર)ની સાક્ષી માટે ચાર મુત્તકી મુસલમાનોની સાક્ષી જરૂરી છે, અન્ય માલી મામલાઓની સાબિતીના માટે બેની ગવાહી પૂરતી છે, અને રમઝાનના ચાંદની ગવાહી માટે કેવળ એક સ્ત્રીની ખબર (ગવાહી) પણ વિશ્વસનીય છે. નિકાહ, વંશ, યાદગારો અને અવકાતની સાબિતીના માટે કેવળ ખ્યાતિ અથવા ખાસ નિશાની પૂરતી છે. એક પરદેશી આદમી કોઈ ઔરતને સાથે લાવીને પતિ–પત્નીની જેમ રહે છે તો તમે આ નિશાની જોઈને તેના નિકાહની ગવાહી આપી શકો છો. આપણે કરીએ છીએ કે ફલાણાના પુત્ર, ફલાણાના પૌત્ર છે. તો આની સાબિતી ન કુર્આનથી છે ન હદીષથી, ન આપણી માતાના નિકાહના સાક્ષી મૌજૂદ, પણ મુસલમાનોમાં એની ખ્યાતિ છે એટલું બસ છે, એ જ રીતે યાદગારોની સાબિતીમાં કેવળ ખ્યાતિ વિશ્વસનીય છે.

રબ તઆલા ફર્માવે છે :–

اَوَلَمْ يَسِيْرُوْا فِى الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ

''શું એ લોકો જમીનની સૈર નથી કરતા જેથી જુએ કે તેમના આગલાઓનો શો અંજામ થયો ?'' આ આયતમાં મક્કાના કાફિરોને આકર્ષિત કરવામાં આવ્યા કે આગલા કાફિરોની યાદગારો, તેમની ઉજડી ગયેલી વસ્તીઓને જોઈને ઈબ્રત પકડો કે નાફર્માનોનો આ અંજામ થાય છે. અત્યારે એ કઈ રીતે ખબર પડી કે ફલાણી જગાએ ફલાણી કૌમ વસતી હતી. કુર્આને પણ એ શોહરત (ખ્યાતિ)નો એતબાર કર્યો. શિફા શરીફમાં છે :–

وَمِنْ اِعْظَامِهٖ وَاِكْبَارِهٖ اِعْظَامُ جَمِيْعِ اَسْبَابِهٖ وَاِكْرَامُ مُشَاهِدِهٖ وَاَمْكِنَتِهٖ وَمَعَاهِدِهٖ وَمَالَمَسَهٗ عَلَيْهِ السَّلَامُ اَوْ عُرِفَ بِهٖ

''હુઝૂર ﷺ ની તાઝીમ તથા તૌકીરમાંથી એ પણ છે કે હુઝૂર ﷺ ના

અસબાબ, તેમનાં મકાનો અને જે આપના જિસ્મ પાક સાથે સ્પર્શી ગયેલ હોય અને જેના વિશે એ મશહૂર હોય કે આ હુઝૂર ﷺ ની છે, તે સૌની તાઝીમ કરે.''

શરહે શિફામાં મુલ્લા અલી કારી એ જ લખાણ હેઠળ ફર્માવે છે : – اِنَّ الْمُرَادَ جَمِيْعُ مَانُسِبَ اِلَيْهِ وَيُعْرَفُ بِهٖ عَلَيْهِ السَّلَامُ ''એનાથી મકસદ એ છે કે જે ચીજ હુઝૂર ﷺ ની તરફ મન્સૂબ મશહૂર હોય તેની તાઝીમ કરે.'' મૌલાના અબ્દુલ હલીમ સાહબ લખનવીએ પોતાની કિતાબ નૂરુલ ઈમાનમાં આજ લખાણ શિફા શરીફનું નકલ કરીને وَيُعْرَفُ بِهٖ પર હાશિયો લખ્યો કે :–

اَىْ وَلَوْكَانَ عَلٰى وَجْهِ الْاِشْتِهَارِمِنْ غَيْرِ ثُبُوْتِ اَخْبَارٍ فِىْ اٰثَارِهٖ كَذَا قَالَ عَلَى الْقَارِىْ

''ભલે એ નિસ્બત કેવળ શોહરત (ખ્યાતિ)ના કારણે હોય અને એની સાબિતી હદીષોથી ન હોય.'' એ જ પ્રમાણે મુલ્લા અલી કારીએ ફર્માવ્યું. મુલ્લા અલી કારી عليه الرحمة والرضوان એ પોતાની કિતાબ મસ્લકે મુતકિસ્તમાં આ જ લખાણ લખ્યું. એ જ પ્રમાણે ઉમ્મતના આલિમોએ અહકામે હજ્જમાં કિતાબો પ્રસિદ્ધ કરી અને ઝિયારત કરનારાઓને હિદાયત કરી કે હરમૈન શરીફૈનમાં દરેક તે સ્થળની ઝિયારત કરે જેની લોકો ઈજ્જત તથા હુર્મત કરતા હોય. આશ્ચર્ય છે કે ફુકહાએ કિરામ અમલોની ફઝીલતમાં ઝઈફને પણ વિશ્વનીય માને અને આ મહેરબાન તબર્રુકોની સાબિતીના માટે બુખારીની હદીષોનો અભ્યાસ કરે !

નતીજો : હું કાઠિયાવાડ ધોરાજીમાં નગીના મસ્જિદમાં બારમી રબીઉલ અવ્વલ શરીફના રોજ વાઅઝ શરીફ કહેવા ગયો ત્યાં બાલ મુબારકની ઝિયારત કરવામાં આવી રહી હતી. મુસલમાનો ઝિયારત કરી રહ્યા હતા, દુરૂદે પાકનો વિર્દ કરતા હતા, કોઈ રડતું હતું. સારાંશ અજીબ પુરકૈફ મંઝર હતો. એક ભાઈ એક ખૂણામાં મોઢું ચઢાવીને ઉભા હતા જાણે એમના મોઢે લકવો મારી ગયો હોય ! મેં પૂછયું કે હઝરત ! આપ ગુસ્સામાં કેમ છો ? કહેવા લાગ્યા કે

મસ્જિદોમાં શિર્ક થઈ રહ્યું છે ! આની શું સાબિતી છે કે આ બાલ હુઝૂર ﷺ નો છે ? અને જો હોય તો પણ આ તાઝીમની શું સાબિતી છે ? મેં એનો જવાબ ન આપ્યો બલ્કે પૂછયું કે જનાબ ! તમારું નામ શું છે ? કહ્યું કે અબ્દુર્રહમાન ! મેં પૂછયું, પિતાનું નામ શું છે ? કહ્યું કે અબ્દુર્રહીમ ! મેં પૂછયું કે એની સાબિતી શું છે કે તમે અબ્દુર્રહીમ સાહબના પુત્ર છો ? ! પ્રથમ તો એ નિકાહના ગવાહો નથી અને કોઈ હોય તો પણ તે નિકાહ થવાની સાક્ષી આપશે પણ એ કેવી રીતે ખબર પડે કે જનાબની પેદાઈશ તેમના જ નુત્ફાથી થઈ ?! તો તડપીને બોલ્યા કે જનાબ ! મુસલમાનો કહે છે કે હું એમનો પુત્ર છું અને મુસલમાનોની ગવાહી મોઅતબર છે. અમે કહ્યું કે જનાબ ! મુસલમાનો કહે છે કે આ રસૂલુલ્લાહ ﷺ ના બાલ મુબારક છે અને મુસલમાનોની ગવાહી મોઅતબર છે ! તો શરમાઈ ગયો અને કહેવા લાગ્યો કે એ જુદી વાત છે. મેં પૂછયું કે જનાબ ક્યાંના તાલીમ પામેલા છો ? જવાબ મળ્યો, દેવબંદના ! મેં કહ્યું, તો પછી શું પૂછવું ? તમે તો રજીસ્ટર્ડ થઈ ચૂક્યા છો ! મૌલાના કુત્બુદ્દીન બ્રહ્મચારી قدس سره ને એક દેવબંદી સાહબ કહેવા લાગ્યા કે હુઝૂર ﷺ ને હુઝૂર કહેવું બિદઅત છે, નામ લેવું જોઈએ ! કેમ કે હુઝૂર કહેવું ક્યાંય સાબિત નથી. તેમણે જવાબ આપ્યો કે, ચુપ રહે ! આ તું શું બોલે છે ? ફર્માવ્યું કે, આપને જનાબ કે આપ કહેવું બિદઅત છે, ક્યાંય પણ સાબિત નથી. હું યકીન કરું છું કે દેવબંદીઓને કિયામતના દિવસે ખૂબ જ ભારે પ્રમાણમાં તકલીફ થશે જ્યારે કે હુઝૂર ﷺ મકામે મહમૂદ પર જલ્વાગર થશે અને આપની શાન તમામ આલમ પર જાહેર થશે !

आज ले उन्की पनाह आज मदद मांग उनसे,
फ़िर न मानेंगें क़ियामतमें अगर मान गया.

વાંધો (૪) : નઅલૈન શરીફનો નકશો એ અસલ નાલૈન શરીફ નથી. એ તો તમારી શાહી તમારી કલમ વડે બનાવેલો ફોટો છે. પછી એની તાઝીમ શા માટે કરો છો ?

જવાબ : એ નક્શો અસલ નાલૈનશરીફની નકલ અને તેની હિકાયત છે

અને હિકાયતની પણ તાઝીમ થવી જોઈએ. લાહોરના છપાયેલા કુર્આન શરીફમાં તેના કાગળ તથા શાહી આસ્માનથી નથી ઉતર્યાં આપણી બનાવટ જ છે ! છતાં તાઝીમને પાત્ર છે કે તેની અસ્લની નકલ છે. દરેક માહે રબીઉલ અવ્વલ, દરેક પીરનો દિવસ અફઝલ છે કે તે અસ્લની છે.

અબ્દુન્નબી, અબ્દુર્રસૂલ નામ રાખવા વિશે

અબ્દુન્નબી, અબ્દુર્રસૂલ, અબ્દુલ મુસ્તફા, અબ્દુલ અલી વગેરે નામો રાખવાં જાઈઝ છે. એ જ પ્રમાણે પોતાને હુઝૂર ﷺ નો બંદો કહેવું જાઈઝ છે. કુર્આન તથા હદીષ તથા અકવાલે ફુકહા (ફકીહોનાં કથનો)થી સાબિત છે. પણ કેટલાક લોકો એનો ઈન્કાર કરે છે એટલા માટે આ ચર્ચાના પણ અમે બે વિભાગ કરીએ છીએ. પ્રથમ વિભાગમાં તેની સાબિતી અને બીજામાં તેના પર વાંધાઓ તથા જવાબો.

(પ્રથમ વિભાગ)

★ અબ્દુન્નબી, અબ્દુલ મુસ્તફા વગેરે નામ રાખવાની સાબિતી ★

કુર્આને કરીમ ફર્માવે છે :–

وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ وَاِمَائِكُمْ ''અને નિકાહ કરો તમારાઓમાં તેમના જે નિકાહ વિહોણા હોય અને તમારા લાયક બંદાઓ અને લોંડીઓનો.'' આ લખાણમાં એબાદ (બંદા)ને **કુમ**ની પ્રતિ સંબંધિત કરવામાં આવેલી છે એટલે કે ''તમારા બંદા'' قُلْ يٰعِبَادِيَّ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰى اَنْفُسِهِمْ لَاتَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ ''હે મહબૂબ ! ફર્માવી દો કે મારા તે બંદાઓ જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો, અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થાવ.'' આ **યા એબાદી** માં બે શક્યતાઓ છે : એક એ કે રબ ફર્માવે છે કે હે મારા બંદાઓ ! બીજું એ કે હુઝૂર ﷺ ને હુકમ આપવામાં આવ્યો કે તમે ફર્માવી દો, હે મારા બંદાઓ ! આ બીજી સ્થિતિમાં એબાદે રસૂલુલ્લાહ મુરાદ થયા, એટલે કે હુઝૂર ﷺ ના ગુલામ તથા ઉમ્મતી. બીજા અર્થને ઘણા બુઝુર્ગાને દીને અપનાવ્યો છે. મષ્નવી શરીફમાં ફર્માવે છે :

હુઝૂર ﷺ એ આખા જગતને પોતાના બંદા કહ્યું, કુર્આનમાં પઢી લો : **કુલ યા એબાદ** હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ રિસાલા નફહાએ મક્કિયહ્ તર્જુમા શમાઈમે ઈમ્દાદિયહ્, પેજ–૧૩૫માં લખે છે :– એબાદુલ્લાહને એબાદર્રસૂલ કહી શકાય છે. જેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે : قُلْ يٰعِبَادِيَّ الَّذِيْنَ اَلْاٰيَة અહીં યા ઈબાદીમાં **''દી''**ની યા (ى ઝમીરે મુતકલ્લિમ)થી મુરાદ આં હઝરત ﷺ છે.

તર્જુમો : મોલ્વી અશરફઅલી થાનવી قُلْ يٰعِبَادِيَّ الَّذِيْنَ اَلْاٰيَة ''તમે કહી દો કે મારા બંદાઓ ! ''ઈઝાલતુલ ખફાઅમાં શાહ વલીયુલ્લાહ સાહબ અર્રિયાઝુન્નુદરત વગેરેના હવાલાથી ફર્માવે છે : હઝરત ઉમર رضی اللہ عنہ એ જાહેરમાં મિમ્બર પર ઉભા રહીને ફર્માવ્યું :–

وَقَدْ كُنْتَ مَعَ رَسُوْلُ اللّٰهِ ﷺ فَكُنْتُ عَبْدَهٗ وَخَادِمِهٖ હું હુઝૂર ﷺ ની સાથે હતો. બસ ! હું આપનો બંદો અને ખાદિમ હતો. મખ્નવી શરીફમાં એ વાકયો નકલ કર્યો જયારે હઝરત સિદ્દીકે અકબર હઝરત બિલાલને હુઝૂર ﷺ ની બારગાહમાં ખરીદીને લાવ્યા તો અર્ઝ કરી :–

(અર્થ) : ''અર્ઝ કરી કે અમે બંને આપની બારગાહના બંદા છીએ, હું એમને આપની સામે આઝાદ કરું છું.''

દુર્રે મુખ્તારના લેખક દુર્રે મુખ્તારના ખુત્બામાં પોતાનો શજરએ ઈલ્મી વર્ણન કરે છે : فَاِنِّىْ اَرْوِيْهِ عَنْ شَيْخِنَا الشَّيْخِ عَبْدِ النَّبِىِّ الْخَلِيْلِىْ

''હું એને મારા શયખ અબ્દુન્નબી ખલીલીથી રિવાયત કરું છું.'' જાણવા મળ્યું કે દુર્રે મુખ્તારના લેખકના ઉસ્તાદનું નામ અબ્દુન્નબી હતું. મર્ષિયા રશીદ અહમદ ગંગોહીમાં મોલ્વી મહમૂદ હસન સાહબ દેવબંદીએ લખ્યું છે :–

કબૂલિયત ઈસે કહતે હૈ મકબૂલ ઐસે હોતે હૈં
ઓબ્દૈદ સૂદકા ઉન્કે લકબ હૈ યૂસુફ ષાની

જેનાથી જાણવા મળ્યું કે મોલ્વી રશીદ અહમદ સાહબના કાલા બંદા પણ યુસુફ ષાની કહેવાય છે. સારાંશ કે **અબ્દ** (બંદા)ની નિસ્બત ગૈરે ખુદા તરફ કુર્આન હદીષ તથા ફકીહોના કથનો અને વિરોધીઓનાં કથનોથી સાબિત છે.

અરબવાસીઓ સામાન્યત : કહે છે : **અબ્દી હુર્રુન** શાયર કહે છે : ع الواهب المائة الهجان وعبدها

ઃતીફો : તકવિયતુલ ઈમાનમાં અલી બખ્શ, પીર બખ્શ, ગુલામઅલી, મદાર બખ્શ, અબ્દુન્નબી નામ રાખવાને શિર્ક કહ્યું પણ તઝકેરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૧૧૩માં રશીદ અહમદ સાહબનું પેઢીનામુ આ પ્રમાણે છે : મૌલાના રશીદ અહમદ ઈબ્ને મૌલાના હિદાયત અહમદ ઈબ્ને કાઝી પીરબખ્શ ઈબ્ને ગુલામ હુસૈન ઈબ્ને ગુલામ અલી. અને માંના તરફથી પેઢીનામુ આ પ્રમાણે લખ્યું છે : રશીદ અહમદ ઈબ્ને કરીમુન્નિશા બિન્તે ફરીદબખ્શ ઈબ્ને ગુલામકાદિર ઈબ્ને મુહમ્મદ સાલેહ ઈબ્ને ગુલામ મુહમ્મદ. હવે દેવબંદીઓ બતાવે કે મોલ્વી રશીદ અહમદ સાહબના ખાનદાની બુઝુર્ગ મુશ્રિક મુર્તદ હતા કે નહીં ? જો નહીં તો શા માટે ? અને જો મુશ્રિક મુર્તદ હતા તો મુર્તદની ઔલાદ હલાલી કે હરામી ?!

(બીજો વિભાગ)

★ અબ્દુન્નબી, અબ્દુલ મુસ્તફા નામ રાખવા પર વાંધા અને તેના જવાબો ★

વાંધો (૧) : અબ્દનો અર્થ છે આબિદ, ઈબાદત કરનાર તો અબ્દુન્નબીનો અર્થ થશે નબીની ઈબાદત કરનાર, અને આ અર્થ સ્પષ્ટપણે શિર્કિયહ છે જેથી એવાં નામ મના છે.

જવાબ : અબ્દનો અર્થ ''આબિદ'' પણ છે અને ''ખાદિમ'' પણ છે. જ્યારે અબ્દને અલ્લાહની પ્રતિ નિસ્બત કરવામાં આવશે તો અર્થ થશે ખાદિમ, ગુલામ. જેથી અબ્દુન્નબીનો અર્થ થયો નબીનો ગુલામ. આલમગીરી કિતાબુત્ કરાહિયત તસ્મિયતુલ ઔલાદમાં છે :–

وَالتَّسْمِيَةُ بِاسْمٍ يُوْجَدُ فِىْ كِتَابِ اللّٰهِ تَعَالٰى جَائِزَةٌ كَالْعَلِيِّ وَالرَّشِيْدِ وَالْبَدِيْعِ لِاَنَّهٗ مِنَ الْاَسْمَاءِ الْمُشْتَرَكَةِ وَيُرَادُ فِىْ حَقِّ الْعِبَادِ مَالَايُرَادُ فِىْ حَقِّ اللّٰهِ تَعَالٰى كَذَا فِى السَّرَاجِيَّةِ

"જે નામ કુર્આન શરીફમાં જોવા મળે અને તેની સાથે નામ રાખવું જાઈઝ છે જેમ કે અલી અથા રશીદ તથા બદીઅ, કેમ કે એ અસ્માએ મુશતરકામાંથી છે અને બંદાના માટે તેના તે અર્થો મુરાદ થશે કે જે અલ્લાહના માટે મુરાદ નથી. એનાથી જાણવા મળ્યું કે અલ્લાહનું નામ પણ અલી છે અને હઝરત અલી كرم الله تعالى وجهه الكريم નું નામ પણ અલી છે, એ જ પ્રમાણે ખુદાનું નામ પણ રશીદ, બદીઅ વગેરે છે અને બંદાઓનાં પણ એ નામ હોઈ શકે છે. પણ અલ્લાહના નામમાં એ શબ્દોનો અર્થ અલગ છે અને બંદાઓ માટે જુદો અર્થ છે. એ જ પ્રમાણે અબ્દુલ્લાહનો અર્થ અલ્લાહનો આબિદ અને અબ્દુન્નબીનો અર્થ નબીનો ગુલામ. જો આ ખુલાસો ન હોય તો કુર્આનની આ આયતનો (مِنْ عِبَادِكُمْ) શો અર્થ થશે ? :–

વાંધો (૨) : મિશ્કાત કિતાબુલ અદબ બાબુલ અસ્માઈ અને મુસ્લિમ ભાગ–૨, કિતાબુલ અલ્ફાઝ મિન અદબ વગેરેમાં છે :–

لَايَقُوْلَنَّ اَحَدُكُمْ عَبْدِىْ وَاَمَتِىْ كُلُّكُمْ عَبِيْدُاللّٰهِ وَكُلُّ نِسَآءِكُمْ اِمَاءُ اللّٰهِ وَلٰكِنْ لِيَقُلْ غُلَامِىْ وَجَارِيَتِىْ

"તમારામાંથી કોઈ ન કહે અબદી (મારા બંદા), તમે સૌ અલ્લાહના બંદા છો અને તમારી તમામ ઔરતો અલ્લાહની લોંડીઓ છે. પરંતુ એવું કહે કે **ગુલામી વ જારિયતી.**" એનાથી જાણવા મળ્યું કે **અબ્દ** શબ્દની નિસ્બત ગૈરુલ્લાહની તરફ કરવી હદીષોની વિરૂદ્ધ છે જેથી હરામ છે અને અબ્દુન્નબીમાં પણ એ વાત મૌજૂદ છે જેથી મના છે.

જવાબ : આ મનાઈ તથા કરાહત તન્ઝીહીના રૂપે છે કે અબદી કહેવું બેહતર નથી બલ્કે ગુલામ કહેવું અફઝલ છે. એ જ હદીષના હેઠળ નબવી શરીફ મુસ્લિમમાં છે :–

فَاِنْ قِيْلَ قَدْ قَالَ النَّبِىُّ عَلَيْهِ السَّلَامُ فِىْ اَشْرَاطِ السَّاعَةِ اَنْ تَلِدَ الْاَمَةُ رَبَّتَهَا فَالْجَوَابُ مِنْ وَجْهَيْنِ اَحَدُهُمَا اَنَّ الْحَدِيْثَ الثَّانِىَ لِبَيَانِ الْجَوَازِ وَاَنَّ النَّهْىَ فِى الْاَوَّلِ لِلْاَدَبِ وَكَرَاهَةِالتَّنْزِيْهِ لَالِلتَّحْرِيْمِ

''જો કહેવામાં આવે કે હુઝૂર ﷺ એ કિયામતની નિશાનીઓમાં ફર્માવ્યું કે લોંડી પોતાના રબને (એટલે કે બંદાને રબ ફર્માવ્યું) એનો જવાબ બે રીતે છે : એક એ કે બીજી હદીષ જાઈઝ હોવાના વર્ણન માટે છે અને પહેલી હદીષમાં મનાઈ અદબના લીધે છે, અને કરાહત તન્ઝીહી છે ન કે તહરીમી. મુસ્લિમમાં એ જ જગાએ છે : –

لَايَقُوْلَنَّ اَحَدُكُمْ لِلْعِنَبِ الْكَرَمِ فَاِنَّ الْكَرَمَ الرَّجُلُ الْمُسْلِمُ એ જ જગાએ એ પણ છે : لَاتُسَمُّوا الْعِنَبُ الْكَرَمَ فَاِنَّ الْكَرَمَ الْمُسْلِمُ ''દ્રાક્ષને કરમ ન કહો કેમ કે કરમ તો મુસલમાન છે.''

મિશ્કાત કિતાબુલ અદબ બાબુલ અસામીમાં છે :–

اِنَّ اللّٰهَ هُوَالْحَكَمُ وَاِلَيْهِ الْحُكْمُ فَلِمَ تَكْنِى اَبَاالْحَكَمُ ''હકમ તો અલ્લાહ છે તેનો જ હુકમ છે તો તારું નામ અબુલ હકમ શાથી છે.''

મિશ્કાતમાં એ જ જગાએ છે :–

لَاتُسَمِيَنَّ غُلَامَكَ يَسَارًا وَّلَارَبَاحًا وَّلَانَجِيْحًا وَّلَااَفْلَحَ ''તમારા ગુલામનું નામ યસાર તથા રબાહ તથા નજીહ તથા અફલહ ન રાખો.'' આ સર્વ હદીષોમાં આ નામોથી જે મનાઈ છે તે કરાહતે તન્ઝીહીના કારણે છે, નહીં તો કુર્આન તથા હદીષ બલ્કે ખૂદ હદીષોમાં સખત વિરોધાભાસ પેદા થશે. જુઓ રબ ખુદાનું પણ નામ છે અને કુર્આન કરીમમાં બંદાઓને પણ રબ ફર્માવ્યું છે : كَمَا رَبَّيَانِىْ صَغِيْرًا ـ فَارْجِعْ اِلٰى رَبِّكَ જો કોઈ શખ્સ કોઈને પોતાનો મુરબ્બી કે રબ કહે તો મુશ્રિક થશે નહીં. હા, એનાથી બચે તો પણ કોઈ વાંધો નથી, કેમ કે એ નામ રાખવું વાજિબ નથી. હા ! જો આ જમાનામાં દેવબંદીઓ વહાબીઓને ચીઢવવાના માટે આ નામ રાખે તો સવાબનો સબબ છે. જેમ કે હિંદુસ્તાનમાં ગાયની કુર્બાની. અમે એની તહકીક ફાતેહાની ચર્ચામાં કરી ચૂક્યા છીએ કે જે મુસ્તહબ કામને દીનના દુશ્મનો રોકવાની કોશિશ કરે એને જરૂર કરવું જોઈએ.

ઈસ્કાતનું બયાન

આ ચર્ચામાં ત્રણ વાતો રજુ કરવી છે : ઈસ્કાતનો અર્થ, ઈસ્કાત કરવાનો સહીહ તરીકો, ઈસ્કાતની સાબિતી. પણ અમુક લોકો ઈસ્કાતના તદ્દન મુન્કિર છે, તેઓ વિવિધ જાતનાં વાંધા ઉઠાવે છે એટલા માટે આ ચર્ચાના બે વિભાગ કરવામાં આવે છે કે પ્રથમ વિભાગમાં જણાવેલ ત્રણ વાતો અને બીજા વિભાગમાં એના પર સવાલ તથા જવાબ.

(પ્રથમ વિભાગ)

★ ઈસ્કાતના તરીકા અને એની સાબિતી ★

આ વિભાગમાં ચાર વાતો રજૂ કરવામાં આવે છે : ઈસ્કાતનો અર્થ શું છે ? ઈસ્કાત કરવાનો સહીહ તરીકો કયો છે ? ઈસ્કાત કરવાના ફાયદા શું છે ? ઈસ્કાતની સાબિતી શું ? (૧) ઈસ્કાતનો શાબ્દિક અર્થ છે પાડી નાખવું અને ઈસ્તેલાહી અર્થ એ છે કે મૈયતના માથે જે શરઈ હુકમો રહી ગયા છે તેને તેના જિમ્મેથી દૂર કરવા જેમ કે વજીરતુસ્સિરાતમાં છે : ઈસ્કાતનો ફાયદો એ છે કે મુસલમાન પરથી ઘણા શરઈ હુકમો જાણી બુઝીને કે ભૂલચૂકથી રહી જાય છે જેને પોતાની જિંદગીમાં અદા ન કરી શક્યો અને હવે મૃત્યુ બાદ તેની સજામાં સપડાયેલો છે. હવે ન તો અદા કરવાની શક્તિ છે ન એનાથી છૂટવાની કોઈ રાહ છે. શરીઅતે મુતહ્હરાએ એ બેકસીની હાલતમાં એ મૈયતની મદદ કરવાના માટે કેટલાક તરીકા તજવીઝ કરી આપ્યા કે જો મૈયતનો વારસ વાલી તે તરીકો મૈયતના તરફથી કરી આપે તો બિચારુ મુડદુ છૂટી જાય. એ તરીકાનું નામ 'ઈસ્કાત' છે. હકીકતમાં એ મૈયતની એક પ્રકારની મદદ છે. વહાબી, દેવબંદી જેવી રીતે જીવતા મુસલમાનના દુશ્મન છે એ જ રીતે મુડદાંઓના પણ દુશ્મન છે કે તેમને નફો પહોંચાડવાથી લોકોને રોકે છે અને મૃત્યુ બાદ પણ પીછો નથી છોડતા. ઈસ્કાતનો તરીકો છે કે મૈયતની વય માલૂમ કરવામાં આવે એમાંથી નવ વરસ સ્ત્રી માટે અને બાર વરસ પુરૂષ માટે નાબાલિગીનાં

કાઢી નાખો. હવે જેટલાં વરસો બચ્યાં એમાં હિસાબ લગાડો કે કેટલા વરસો સુધી તે બેનમાઝી કે બરોઝા રહ્યો, અથવા નમાઝી હોવાના સમયમાં કેટલા પ્રમાણમાં નમાઝો તેની બાકી રહી ગઈ છે કે જે નથી પઢી નથી કઝા કરી એના માટે અધિકથી અધિક અંદાજ લગાડો. જેટલી નમાઝો થઈ તેના દર નમાઝના હિસાબે ૧૭૫ રૂા. આઠ આના ભાર ઘઉં ખૈરાત કરી છે એટલે કે જેટલાનો ફિત્રો થાય છે તે જ એક નમાઝનો ફિદીયો છે, તે જ એક રોઝાનો ફિદીયો છે તો એક દિવસની છ નમાઝો પાંચ ફર્ઝ અને એક વિત્ર વાજિબ તેનો ફિદીયો લગભગ બાર શેર ઘઉં થયા. (હાલના ચલણ પ્રમાણે ૨.૪૭ કિ.ગ્રા. ઘઉં જે 5MT[BFTMCMI TJGFIC; FA[VJSIONLI MH[YLZF$* & = 14.82 કિલો ગ્રામ એક દિવસના થાય) એક મહીનાની નમાઝોનો ફિદીયો નવ મણ (હાલતના ચલણ પ્રમાણે ૪૩૮ કિ.ગ્રામ એક મહીનોનો ફિદીયો) અને વરસની નમાઝોનો ફિદીયો ૧૦૮ મણ (હાલ ૫૨૫૬ કિ.ગ્રામ એટલે ૫૨.૫૬ કિવન્ટલ) હવે જો કોઈના માથે દસ વીસ વરસની નમાઝો છે તો સેંકડો મણ અનાજ ખૈરાત કરવું પડશે. કદાચ કોઈ મોટો દીનદાર માલદાર તો આ કરી શકે પણ ગરીબોથી અશક્ય છે. તેમના માટે એ તરીકો છે કે મૈયતનો વાલી વારસ શક્તિ પ્રમાણે ઘઉં અથવા તેની કિંમત લે. દા.ત. એક મહીનાની નમાઝોનો ફિદીયો ૯ મણ હતો તો ૯ મણ ઘઉં (હાલ ૪૩૮ કિ.ગ્રામ ઘઉં) લે અથવા તેની કિંમત લે અને કોઈ મિસ્કીનને તેનો માલિક બનાવી દે. તે મિસ્કીન બીજા મિસ્કીનને યા તો ખૂદ આપનારને ભેટરૂપે આપી દે. તે ફરીથી તે ફકીરને સદકો આપે. આ રીતે (શરઈ હીલો) કરતા રહે તો દરેક વખતના સદકામાં એક મહીનાની નમાઝોનો ફિદીયો થતો જશે. બાર વખત સદકો કર્યો તો એક વરસનો ફિદીયો અદા થયો. આ રીતે કેટલીકવાર ઘુમાવવામાં પૂરો ફિદીયો અદા થઈ જશે. નમાઝોના ફિદીયાથી ફારિગ થઈને એ જ રીતે રોઝા તથા ઝકાતનો ફિદીયો અદા કરે. અલ્લાહની રહમતથી ઉમ્મીદ છે કે મૈયતની મગફેરત ફર્માવી આપે. ઈસ્કાતનો આ તરીકો સહીહ છે. પંજાબમાં જે સામાન્યઃ રિવાજ છે કે મસ્જિદેથી કુર્આને પાકનો એક જ નુસ્ખો મંગાવ્યો એના પર એક રૂપિયો રાખ્યો અને અુમક લોકોએ તેને હાથ લગાડયો પછી મસ્જિદમાં પાછુ

મોકલી આપ્યું. એનાથી નમાઝીનો ફિદીયો અદા થશે નહીં. અમુક લોકો કહે છે કે કુર્આનની કોઈ કિંમત જ નથી જેથી જ્યારે કુર્આન શરીફનો નુસ્ખો ખૈરાત કરી આપ્યો તો સૌ નમાઝોનો ફિદીયો અદા થઈ ગયો ! પણ એ ગલત છે કેમ કે એમાં એતબાર તો કુર્આનના કાગળ, લખાણ, છપાઈનો છે, જો બે રૂપિયાનો આ નુસ્ખો છે તો તે બે રૂપિયાની ખૈરાતનો સવાબ મળશે. નહીં તો પછી તે માલદાર જેના પર હજારો રૂપિયા વરસે ઝકાત વાજિબ થાય છે તે શા માટે એટલો ખર્ચ કરે? કેવળ એક કુર્આન શરીફનો નુસ્ખો જ ખૈરાત કરી આપે ! સારાંશ કે એ તરીકો સહીહ નથી. તરીકો સહીહ ન હોવાનો અર્થ એ છે કે એનાથી ઈસ્કાતનો મકસદ હલ થશે નહીં, ન કે એ હરામ છે. વિના દલીલે કોઈ ચીજને કેવળ પોતાના હાથથી હરામ કહેવું તો દેવબંદના ફાઝિલોનું જ કામ છે ! ખૈરાત કર્યા જેટલો સવાબ તો મળશે.

નોંધ : અમે ફિદીયાનું જે વજન દર્શાવ્યું કે છ નમાઝોનો બાર શેર, એ દરેક જગા માટે નથી. તો દરેક સ્થળના લોકો પોતાના ત્યાંના હિસાબે હિસાબ લગાડી લે.

ઈસ્કાતની સાબિતીમાં ત્રણ ચર્ચાઓ કરવી છે : એક તો હરામથી બચવા અને હલાલ મેળવવા માટે અથવા શરઈ જરૂરત પૂર્ણ કરવા માટે **શરઈ હિલાઓ જાઈઝ છે.** બીજું એ કે નમાઝ રોઝાનો ફિદીયો માલથી થઈ શકે છે. ત્રીજુ એ કે ખૂદ ઈસ્કાતની શી સાબિતી છે ?

(પ્રકરણ : ૧)

★ શરઈ હિલો જાઈઝ હોવાની સાબિતી વિશે ★

જરૂરતના સમયે શરઈ હિલા કરવા જાઈઝ છે. કુર્આને કરીમ, સહીહ હદીષો તથા ફકીહોનાં કથનોથી એની સાબિતી છે. હઝરત ઐયૂબ عليه الصلوٰة والسلام એ કસમ ખાધી હતી કે હું મારી પત્નીને સો લાકડીઓ મારીશ. રબ તઆલાએ તેમને તાલીમ ફર્માવી કે તમે એક ઝાડુ લઈને એને મારો અને તમારી કસમ ન તોડો. કુર્આન આ જ કિસ્સાને વર્ણવે છે: وَخُذْ بِيَدِكَ ضِغْثًا فَاضْرِبْ بِهٖ وَلَاتَحْنَثْ "તમે તમારા હાથમાં ઝાડુ લઈને મારી

દો અને કસમ ન તોડો.'' હઝરત યુસુફ عليه الصلوة والسلام એ ઈચ્છયું કે બન્યામીનને પોતાની પાસે રાખે અને રાઝ જાહેર ન થાય. એના માટે પણ એક હિલો જ કર્યો જેનું વિગતવાર વર્ણન સૂરએ યૂસુફમાં છે. એકવાર હઝરત સારાએ કમસ ખાધી હતી કે હું કાબૂ પામીશ તો હઝરત હાજરાનું કોઈ અંગ કાપી નાખીશ. હઝરત ઈબ્રાહીમ عليه الصلوة والسلام પર વહી આવી કે એમની આપસમાં સુલેહ કરાવી દો. હઝરત સારાએ કહ્યું કે મારી કસમ કેવી રીતે પૂરી થશે ? તો તેમને તાલીમ આપવામાં આવી કે હઝરત હાજરાના કાન છેદી કાઢે.

મિશ્કાત કિતાબુલ બુયૂઅ બાબુર્રબૂમાં છે કે હઝરત બિલાલ رضى الله عنه હુઝૂરે અકરમ ﷺ ની ખિદમતમાં ઉમદા ખજૂરો લાવ્યા. હુઝૂર ﷺ એ પૂછયું કે ક્યાંથી લાવ્યા ? અર્ઝ કરી કે મારી પાસે કેટલીક રદ્દી ખજૂરો હતી, મેં બે સાઅ રદ્દી ખજૂરો આપીને એક સાઅ ઉમદા ખજૂરો લઈ લીધી. આપે ફર્માવ્યું કે એ વ્યાજ થઈ ગયું, હવે થી એવું કરજો કે રદ્દી ખજૂરો પૈસાના બદલામાં વેચી આપશો અને પછી તે પૈસાથી ઉમદા ખજૂરો લેજો. જુઓ વ્યાજથી બચવાનો એક હીલો છે. આલમગીરીએ હીલાનું એક અલગ પ્રકરણ લખ્યું છે જેનું નામ છે કિતાબુલ હીલ. એ જ રીતે અલઈશબાહુ વન્નઝાઈરમાં કિતાબુલ હીલ અલગ પાડેલ છે. જેમ કે આલમગીરી કિતાબુલ હીલ વ ઝખીરામાં છે :–

كُلُّ حِيلَةٍ يَّحْتَالُ بِهَا الرَّجُلُ لِإِبْطَالِ حَقِّ الْغَيْرِ اَوْ شُبْهَةٍ فِيْهِ اَوْ لِتَمْوِيْهِ بَاطِلٌ فَهِيَ مَكْرُوْهَةٌ وَّكُلُّ حِيْلَةٍ يَّحْتَالُ بِهَاالرَّجُلُ لِيَتَخَلَّصَ بِهَا عَنْ حَرَامٍ اَوْ لِيَتَوَصَّلَ بِهَا اِلٰى حَلَالٌ فَهِيَ حَسَنَةٌ وَالْاَصْلُ فِيْ جَوَازِ هٰذَا النَّوْعِ مِنَ الْحِيَلِ قَوْلُ اللّٰهِ تَعَالٰى خُذْ بِيَدِكَ ضِغْثًا وَهٰذَا تَعْلِيْمُ الْمَخْرَجِ لِاَيُّوْبَ النَّبِيِّ وَعَامَّةُ الْمَشَائِخِ عَلٰى اَنَّ حُكْمَهَا لَيْسَ بِمَنْسُوْخٍ وَهُوَالصَّحِيْحُ مِنَ الْمَذْهَبِ

''જે હિલો કોઈનો હક્ક મારવા અથવા એમાં શક પેદા કરવા અથવા બાતિલને ધોકો આપવાના માટે કરવામાં આવે તે મકરૂહ છે અને જે હીલો એટલા માટે કરવામાં આવે કે તેનાથી માણસ હરામથી બચી જાય અથવા હલાલને મેળવી લે તે સારો છે. આ પ્રકારના હિલાઓના જાઈઝ હોવાની દલીલ રબ તઆલાનું એ ફર્માન છે કે તમારા હાથમાં ઝાડુ લો એનાથી મારી દો. એ

હઝરત ઐયૂબ عليه الصلوٰة والسلام ને કસમથી બચવાની તાલીમ હતી અને આમ મશાઈખ એના પર છે કે એ આયતનો હુકમ મન્સૂખ નથી અને આ જ સહીહ મઝહબ છે. હમવી શરહે ઈશબાહ તથા તતાર ખાનિયામાં હીલો જાઈઝ હોવા વિશે ઘણી ઉમદા ચર્ચા દરમ્યાનમાં ફર્માવે છે :–

وَعَنْ اِبْنِ عَبَّاسٍ اَنَّهٗ قَالَ وَقَعَتْ وَحْشَةٌ بَيْنَ هَاجِرَةَ وَسَارَةَ فَحَلَفَتْ سَارَةُ اِنْ ظَفَرْتُ بِهَا قَطَعْتُ عُضْوًا مِنْهَا فَاَرْسَلَ اللّٰهُ جِبْرِيْلَ اِلٰى اِبْرَاهِيْمَ عَلَيْهِ السَّلَامُ اَنْ يُّصْلِحَ بَيْنَ هُمَا فَقَالَتْ سَارَةُ مَاحِيْلَةُ يَمِيْنِىْ فَاَوْحَى اللّٰهُ اِلٰى اِبْرَاهِيْمَ عَلَيْهِ السَّلَامُ اَنْ يَاْمُرَ سَارَةَ اَنْ تَثْقِبَ اُذُنَى هَاجِرَةَ فَمَنْ ثَمَّ تُثْقِبُ الْاُذُنُ

''ઈબ્ને અબ્બાસ رضى الله عنه થી રિવાયત છે કે એકવાર હઝરત સારા તથા હાજરા رضى الله عنها માં કાંઈક ઝઘડો થયો. હઝરત સારાએ કસમ ખાધી કે મને મોકો મળ્યો તો હાજરાનું કોઈ અંગ કાપીશ. રબ તઆલાએ હઝરત જિબ્રઈલને ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام ની ખિદમતમાં મોકલ્યા કે એમનામાં સુલહ કરાવી આપે. હઝરત સારાએ અર્ઝ કરી, તો મારી કસમનો શો હીલો થશે ? પછી હઝરત ઈબ્રાહીમ પર વહી આવી કે હઝરત સારાને હુકમ આપો કે તે હઝરત હાજરાના કાન છેદી દે. તે સમયથી ઔરતોના કાન છેદવામાં આવ્યા. આ કુર્આની આયતો તથા સહીહ હદીષો તથા ફિકહી લખાણોથી શરઈ હીલો જાઈઝ હોવાનું જાણવા મળ્યું.

(પ્રકરણ : ૦૨)

★ રોઝા નમાઝના ફિદયાનું વર્ણન ★

રોઝાનો ફિદિયો તો કુર્આનથી સાબિત છે રબતઆલા ફર્માવે છે :–

وَعَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ ''અને જેને એ રોઝાની શક્તિ ન હોય તે બદલો આપે એક મિસ્કીનનું ખાણું.'' એનાથી જાણવા મળ્યું કે મજબૂર વૃદ્ધા અથવા મૃત્યુ શૈયા પર પડેલો બીમાર જ્યારે રોઝો રાખવાને લાયક ન રહે તો દર રોઝાના બદલામાં એક મિસ્કીનને ખાવા આપે અને નમાઝ રોઝાની સરખામણીમાં અધિક મહત્ત્વની શાનવાળી છે એટલા માટે નમાઝને રોઝાના

હુકમમાં રાખવામાં આવી. જેમ કે એ જ આયતના હેઠળ તફસીરાતે અહમદિયા શરીફમાં મુલ્લા અહમદ જીવન قدس سرہٗ ફર્માવે છે :–

وَالصَّلٰوةُ نَظِيْرُالصَّوْمِ بَلْ اَهَمُّ مِنْهُ فَاَمَرْنَاهُ بِالْفِدْيَةِ اِحْتِيَاطًا وَرَجَوْنَا الْقُبُوْلَ مِنَ اللّٰهِ تَعَالٰى فَضْلاً

નમાઝ રોઝાના જેમ છે બલ્કે તેનાથી પણ મહત્વની જેથી અમે એમાં પણ ફિદયાનો સાવચેતી ખાતર હુકમ આપ્યો અને રબ તઆલાના ફઝ્લથી કબૂલની ઉમ્મીદ છે.

મિનારમાં છે : وَوُجُوْبُ الْفِدْيَةِ فِى الصَّلٰوةِ لِلْاِحْتِيَاطِ ''નમાઝમાં ફિદિયાનું વાજિબ હોવું સાવચેતીના રૂપમાં છે.''

શરહે વકાયામાં છે :– وَفِدْيَةُ كُلِّ صَلٰوةٍ كَصَوْمِ يَوْمٍ وَهُوَالصَّحِيْحُ

''દરેક નમાઝનો ફિદિયો એક દિવસના રોઝાની જેમ છે અને એ જ સહીહ છે.''

શરહે ઈલ્યાસમાં છે :–

وَيُعْتَبَرُفِدْيَةُ كُلِّ صَلٰوةٍ فَائِتَةٍ كَصَوْمِ يَوْمٍ اَىْ كَفِدْيَةِ يَوْمٍ ''દરેક છૂટેલી નમાઝના ફિદિયાનો એતબાર એક દિવસના રોઝા પર છે એટલે કે એક દિવસના રોઝાની જેમ છે.''

ફત્હુલ કદીરમાં છે :–

مَنْ مَّاتَ وَعَلَيْهِ قَضَاءُ رَمَضَانَ فَاَوْصٰى بِهٖ اَطْعَمَ عَنْهُ وَلِيُّهٗ لِكُلِّ يَوْمٍ مِسْكِيْنًا نِصْفُ صَاعٍ مِنْ بُرٍّ اَوْ صَاعًا مِنْ تَمْرٍ اَوْ شَعِيْرٍ لِاَنَّهٗ عَجَزَ عَنِ الْاَدَاءِ وَكَذَالِكَ اِذَا اَوْصٰى بِالْاِطْعَامِ عَنِ الصَّلٰوةِ ـ

''જે શખ્સ મૃત્યુ પામે અને એના પર રમઝાનની કઝા છે વળી તેણે વસિયત કરી તો તેના તરફથી તેના વારસ દરેક દિવસના બદલામાં એક મિસ્કીનને અડધો સાઅ ઘઉં (૨.૪૭ કિ.ગ્રામ) અથવા એક સાઅ ખજૂરો અથવા જે આપી દે. કેમ કે મૈયત હવે અદા કરવાથી લાચાર થઈ ગઈ. અને એ જ રીતે એણે જ્યારે કે નમાઝના બદલામાં ખાવા આપવાની વસિયત કરી હોય.''

તહતાવી અલલ મરાકીયુલ ફલાહમાં છે :–

اِعْلَمْ اَنَّهٗ قَدْ وَرَدَ النَّصُّ فِى الصَّوْمِ بِاِسْقَاطِهٖ بِالْفِدْيَةِ وَاتَّفَقَتْ كَلِمَةُ الْمَشَائِخِ عَلٰى اَنَّ الصَّلٰوةَ كَالصَّوْمِ اِسْتِحْسَانًا وَ اِذَا عَلِمْتَ ذٰلِكَ تَعْلَمُ جَهْلَ مَنْ يَّقُوْلُ اِنَّ اِسْقَاطَ الصَّلٰوةِ لَااَصْلَ لَهٗ اِذْ هٰذَا اِبْطَالٌ لِلْمُتَّفَقِ عَلَيْهِ مِنَ الْمَذْهَبِ

''આ લખાણોથી જાણવા મળ્યું કે નમાઝ રોઝાનો ફિદિયો આપવો જાઈઝ છે અને કબૂલની ઉમ્મીદ છે, બલ્કે હદીષો પણ તેને સમર્થન કરે છે, જેમ કે નિસાઈએ પોતાના સુનને કુબરા અને અબ્દુર્રઝઝાકે કિતાબુલ વસાયામાં સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી નકલ ફર્માવ્યું :–

لَايُصَلِّى اَحَدٌ عَنْ اَحَدٍ وَلَا يَصُوْمُ اَحَدٌ عَنْ اَحَدٍ وَلٰكِنْ يُّطْعِمُ عَنْهُ مَكَانَ كُلِّ يَوْمٍ مُّدَّيْنِ مِنْ حِنْطَةٍ

''કોઈ કોઈના વતીનો (તરફથી) નમાઝ પઢે ન રોઝા રાખે પરંતુ એના તરફથી દરેક દિવસના બદલે બે મુદ ઘઉં (૨.૪૭ કિ. ગ્રામ) ખૈરાત કરી આપે.''

મિશ્કાત કિતાબુસ્સૌમ બાબુલ કઝામાં છે :–

قَالَ مَنْ مَّاتَ وَعَلَيْهِ صِيَامُ شَهْرِ رَمَضَانَ فَلْيُطْعِمْ عَنْهُ مَكَانَ كُلِّ يَوْمٍ مِّسْكِيْنًا

''જે મરી જાય અને તેના માથે રમઝાન મહીનાના રોઝા હોય તો જોઈએ કે તેના તરફથી દરેક દિવસના બદલામાં એક મિસ્કીનને ખાવા આપવામાં આવે.'' મતલબ કે નમાઝ રોઝાનો ફિદિયો માલ વડે આપવો શરીઅતમાં આવેલ છે એનો ઈન્કાર કરવો જહાલત છે.

(પ્રકરણ : 03)

★ ઈસ્કાતના મસ્અલાની સાબિતી ★

ઈસ્કાતનો તરીકો અમે પહેલાં રજુ કરી ચૂક્યા છીએ. એની સાબિતી લગભગ દરેક ફિકહની કિતાબમાં છે. જેમ કે નૂરુલ ઈઝાહમાં આ ઈસ્કાતના મસ્અલાના માટે એક ખાસ વિભાગ નક્કી થયો ''ફસ્લુન ફી ઈસ્કાતિસ્સૌમિ વસ્સલાહ'' એટલે કે આ વિભાગ નમાઝ રોઝાના ઈસ્કાતમાં છે, એમાં ફર્માવે છે :–

وَلَا يَصِحُّ اَنْ يَّصُوْمَ وَلَا اَنْ يُصَلِّيَ عَنْهُ وَاِنْ لَّمْ يَفِ مَااَوْصٰى بِهٖ عَمَّا عَلَيْهِ يَدْفَعُ ذٰلِكَ الْمِقْدَارَ لِلْفَقِيْرِ فَيَسْقُطُ عَنِ الْمَيِّتِ بِقَدَرِهٖ ثُمَّ يَهَبُهُ الْفَقِيْرُ وَهٰكَذَا حَتّٰى يَسْقُطَ مَاكَانَ عَلَى الْمَيِّتِ مِنْ صِيَامٍ وَصَلٰوةٍ وَيَجُوْزُ اِعْطَاءُ فِدْيَةِ صَلَوَاتٍ لِوَاحِدٍ جُمْلَةً بِخِلَافِ كَفَّارَةِ الْيَمِيْنِ

એ જ છે જે અમે ઈસ્કાતના તરીકામાં વર્ણન કર્યું. દુર્રે મુખ્તાર બાબિ કાઝઈલ ફવાઈતમાં છે :–

وَلَوْ لَمْ يَتْرُكْ مَالًا يَسْتَقْرِضُ وَارِثُهٗ نِصْفَ صَاعٍ مَثَلًا وَيَدْفَعُهٗ لِفَقِيْرٍ ثُمَّ يَدْفَعُهُ الْفَقِيْرُ لِلْوَارِثِ ثُمَّ وَثُمَّ حَتّٰى يَتِمَّ

એનો તર્જુમો પણ એ જ છે જે ઈસ્કાતના તરીકામાં વર્ણન થયો. એની શરહમાં શામીમાં ઈસ્કાતની અધિક વિશેષ સ્પષ્ટતા કરી.

જેમ કે લખે છે :–

وَالْاَقْرَبُ اَنْ يُّحْسَبَ مَاعَلَى الْمَيِّتِ وَيُسْتَقْرَضَ بِقَدْرِهٖ بِاَنْ يُّقَدَّرَ عَنْ كُلِّ شَهْرٍ اَوْ سَنَةٍ اَوْ بِحَسْبِ مُدَّةِ عُمْرِهٖ بَعْدَ اِسْقَاطِ اثْنَىْ عَشَرَ سَنَةً لِلذَّكَرِ وَتِسْعِ سِنِيْنَ لِلْاُنْثٰى لِاَنَّهَا اَقَلُّ مُدَّةِ بُلُوْغِهِمَا فَيَجِبُ عَنْ كُلِّ شَهْرٍ نِصْفُ غَرَارَةٍ فَتْحُ الْقَدِيْرِ بِالْمُدِّ الدِّمَشْقِيْ مُدِّ زَمَانِنَا وَلِكُلِّ سَنَةٍ شَمْسِيَّةٍ سِتُّ غَرَائِرَ فَيَسْتَقْرِضُ قِيْمَتَهَا وَيَدْفَعُهَا لِفَقِيْرٍ ثُمَّ يَسْتَوْهِبُهَا مِنْهُ وَيَتَسَلَّمَهَا مِنْهُ لِتَتِمَّ الْهِبَةُ ثُمَّ يَدْفَعُهَا لِذٰلِكَ الْفَقِيْرِ اَوْ لِفَقِيْرٍ اٰخَرَ وَهٰكَذَا فَيَسْقُطُ فِيْ كُلِّ مَرَّةٍ كَفَّارَةُ سَنَةٍ بَعْدَ ذٰلِكَ يُعِيْدَ الدَّوْرَ بِكَفَّارَةِ الصِّيَامِ ثُمَّ الْاَضْحِيَّةِ ثُمَّ الْاِيْمَانِ لٰكِنْ لَّابُدَّ فِيْ كَفَّارَةِ الْاَيْمَانِ مِنْ عَشَرَةِ مَسٰكِيْنَ بِخِلَافِ فِدْيَةِ الصَّلٰوةِ فَاِنَّهٗ يَجُوْزُ اِعْطَاءُ فِدْيَةِ صَلَوَاتٍ لِلْوَاحِدِ

એટલે કે એનો આસાન તરીકો એ છે કે હિસાબ કરે કે મૈયતના માથે કેટલી નમાઝો અને રોઝા વગેરે છે અને એ અંદાઝાથી કર્ઝ લે એ રીતે કે એક એક મહીનો અથવા એક એક વરસના અંદાઝાથી લે અથવા મૈયતની કુલ

ઉમરનો અંદાઝો કરી લે અને આખી ઉમરમાંથી બાલિગ થવાના વરસોની મુદ્દત મર્દ માટે કમસે કમ ૧૨ વરસ છે અને સ્ત્રી માટે નવ વરસ છે તે કાઢી નાખે. પછી હિસાબ કરી લે, તો દરેક મહીનાની નમાઝોનો ફિદિયો અડધો ગરારા થશે. (ફત્હુલકદીર મુશ્કી મુદ વડે, એક માપ છે.) અને દરેક શમ્સી સાલનો કફ્ફારો ૬ ગરારા થયું. પછી વારસ તેની કિંમત કઝ્ર લે અને ફકીરને (ઝકાતના હકદારને) ઈસ્કાતના માટે આપે પછી ફકીર તેને પાછી આપી દે અને વારસ એ ભેટ કબૂલ કરીને તેના પર કબજો કરી લે. પછી તે જ કિંમત તે ફકીરને અથવા બીજાને ફિદિયામાં આપે. આ પ્રમાણે દોહરાવતો રહે તો દરેક વખતે એક વરસનો કફ્ફારો અદા થશે. ત્યારબાદ રોઝા તથા કુર્બાનીના કફ્ફારાના માટે દોહરાવતો રહે, પછી યમીનના કફ્ફારાના માટે કરે, પરંતુ કસમના કફ્ફારામાં નમાઝના ફિદિયાથી ઉલ્ટુ દસ મિસ્કીનોનું હોવું જરૂરી છે, કેમ કે અમુક નમાઝોનો ફિદિયો એક શખ્સને આપી શકાય છે. આ તદ્દન એ જ તરીકો છે જે અમે વર્ણન કર્યો.

અલઈશબાહુ વન્નઝાઈરમાં છે :–

اَرَادَ الْفِدْيَةَ عَنْ صَوْمِ اَبِيْهِ اَوْ صَلٰوتِهٖ وَهُوَ فَقِيْرٌ يُّعْطِىْ مَنْوِيْنَ مِنَ الْحِنْطَةِ فَقِيْرًا ثُمَّ يَسْتَوْهِبُهٗ ثُمَّ يُعْطِيْهِ وَهٰكَذَا اِلٰى اَنْ يُّتِمَّ

મરાકીયુલ ફલાહ શરહે નૂરુલ ઈઝાહમાં છે :–

فَحِيْلَتُهٗ لِاِبْرَآءِ ذِمَّةِالْمَيِّتِ عَنْ جَمِيْعِ مَاعَلَيْهِ اَنْ يَدْفَعَ ذٰلِكَ الْمِقْدَارَ الْيَسِيْرَ بَعْدَ تَقْدِيْرِهٖ بِشَىْءٍ مِّنْ صِيَامٍ اَوْ صَلٰوةٍ اَوْ نَحْوِهٖ وَيُعْطِيْهِ لِلْفَقِيْرِ بِقَصْدِ اِسْقَاطِ مَايَرُدُّ عَنِ الْمَيِّتِ ثُمَّ بَعْدَ قَبْضِهٖ يَهَبُهُ الْفَقِيْرُ لِلْوَلِيِّ اَوْ لِلْاَجْنَبِيِّ وَيَقْبِضُهٗ ثُمَّ يُدْفَعُهُ الْمَوْهُوْبُ لَهٗ لِلْفَقِيْرِ بِجِهَةِ الْاِسْقَاطِ مُتَبَرِّعًا بِهٖ عَنِ الْمَيِّتِ ثُمَّ يَهَبُهُ الْفَقِيْرُ لِلْوَلِيِّ (اِلٰى اَنْ قَالَ) وَهٰذَا هُوَ الْمُخْلِصُ اِنْ شَآءَ اللّٰهُ تَعَالٰى

તર્જુમો એ જ છે જે ઉપર ગુજર્યો.

આલમગીરીમાં છે :–

وَاِنْ لَّمْ يَتْرُكْ مَالًا يَسْتَقْرِضُ وَرَثَتُهٗ نِصْفَ صَاعٍ وَيَدْفَعُ اِلٰى مِسْكِيْنٍ ثُمَّ يَتَصَدَّقُ مِسْكِيْنٌ عَلٰى بَعْضِ وَرَثَتِهٖ ثُمَّ يَتَصَدَّقُ حَتّٰى يَتِمَّ الْكُلُّ كَذَا فِى الْخُلَاصَةِ

એ જ પ્રમાણે બહરુર્રાઈક, અયની શરહે કન્ઝુદ્દકાઈક, જામિઉર્રુમુઝ, મોઅતમદ ઝહીરિયહ્ શરહે મુખ્તસરિન્નકાયહ, ફતાવા કાઝીખાન, ફરાઈદ, ઝાવહિરુલ કૌલિલ મુખ્તસર વગેરે ફિકહની કિતાબોમાં છે પણ લખાણ લાંબુ થવાના વાંકે તમામનાં લખાણો નકલ નથી કર્યાં. ઈન્સાફપ્રિય માટે આટલા બસ છે. હવે વિરોધીઓના પેશ્વા મોલ્વી રશીદ અહમદ ગંગોહીનો ફત્વો પણ જોઈ લો. ફતાવા રશીદિયહ, ભાગ–૧, કિતાબુલ બિદઆત, પેજ–૧૦૩માં છે : ઈસ્કાતનો હીલો મુફલિસના વાસ્તે ઉલમાએ કાઢયો હતો. હવે આ હીલો પૈસા હાંસલ કરવાના વાસ્તે મુકર્રર થઈ ગયો છે. હક્ક તઆલા નિય્યતથી વાકેફ છે ત્યાં આ હીલો ઉપયોગી નથી. મુફલિસના માટે વારસની સારી નિય્યતની શર્તે શું અજબ છે કે લાભદાયક થાય અથવા બેકાર. અને હિલો દુનિયા પ્રાપ્તિ માટેનો છે. રશીદ અહમદ અફી અન્હૂ.

જો કે એમાં ઘણી હેરફેર કરી પણ જાઈઝ માની લીધો ! જેથી હવે કોઈ દેવબંદીને તો ઈસ્કાતના હીલા પર વાંધો ઉઠાવવાનો હક્ક નથી રહ્યો. મુફલિસની શરત મોલ્વી રશીદ અહમદે પોતાના ઘરેથી લગાડી છે, અમે ફિકહી લખાણો રજુ કરી ચૂક્યા છીએ જેમાં મુફલિસની શરત નથી. માલદાર માણસ પણ જો પૂરો ફિદિયો અદા કરે તો તમામ વારસો એમાં ચાલ્યો જશે તો વારસો માટે શું બચશે ? અને જો કોઈએ મૃત્યુ વેળા વસિયત પણ કરી દીધી હોય કે મારો ફિદિયો આપવામાં આવે તો વસિયત ૧/૩ માલથી વધારેનો જાઈઝ નથી. જો ૧/૩ માલથી તમામ ઉપરની નમાઝોનો ફિદિયો અદા ન થયો તો હીલો કરવામાં શું વાંધો છે ? રહ્યું હીલાનો હીલો કરવું એ તદ્દન ગલત છે કોઈ કહી શકે છે કે દેવબંદ મદ્રસાના મોલ્વીઓના પગાર લેવાનો હીલો છે જેથી બેકાર છે.

(બીજો વિભાગ)

★ ઈસ્કાતના હીલા પર વાંધાઓ અને તેના જવાબો ★

આ મસ્અલામાં કાદયાની અને દેવબંદી જમાઅતોનાં અમુક વાંધાઓ છે. હકીકત એ છે કે તેમને કોઈ યોગ્ય વાંધો ન મળી શક્યો, કેવળ લફ્ફાઝીથી કામ લે છે જેથી અમુક ભોળાભાળા મુસલમાન શંકામાં પડી જાય છે એટલા માટે અમે તેમના જવાબ આપીએ છીએ.

વાંધો (૧) : હીલો કરવો ખુદાને તથા મુસલમાનોને ધોકો આપવું છે. રબ તઆલા ફર્માવે છે :–

يُخٰدِعُوْنَ اللّٰهَ وَالَّذِيْنَ اٰمَنُوْا وَمَا يَخْدَعُوْنَ اِلَّا اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ

''આ મુનાફિકો અલ્લાહ અને મુસલમાનોને ધોકો આપે છે, અને નથી ધોકો આપતા પણ પોતાની જાનોને અને સમજતા નથી.'' એ કઈ રીતે શક્ય છે કે થોડા માલના બદલામાં આખા જીવનની નમાઝો માફ થઈ જાય ?!

જવાબ : હીલાને ધોકો કહેવો જેહાલત છે. હીલાનો અર્થ છે : ''શરઈ જરૂરત પૂર્ણ કરવાની શરઈ તદબીર'' ઉર્દૂમાં બોલે છે : ''હિલએ રિઝક બહાના મૌત.'' અને શરઈ હીલો તો રબ તઆલાએ શીખવાડયો અને હુઝૂર ﷺ એ એની તાલીમ આપી જેના હવાલા આગળ વર્ણન થઈ ચૂક્યા અને આલમગીરીનો હવાલો વર્ણન થઈ ચૂક્યો કે કોઈને ધોકો આપવાના માટે હીલો કરવો ગુનોહ છે, પરંતુ શરઈ જરૂરતને પૂર્ણ કરવા અથવા હરામથી બચવાની તદબીર કરવી ઐન સવાબ છે. કોઈ જગાએ મસ્જિદ બની રહી છે અને રૂપિયાની જરૂરત છે. ઝકાતના પૈસા એમાં નથી લાગી શકતા. કોઈ ફકીરને ઝકાત આપી દીધી તેણે માલિક બન્યા પછી પોતાના તરફથી તેના પર ખર્ચ કર્યો તો એમાં કોને ધોકો આપ્યો ? કોનો માલ મારી ખાધો ? કેવળ શરઈ જરૂરતને પૂર્ણ કરી. લેવા માટેનો હીલો કરવો બુરો અને આપવા માટેનો હીલો કરવો સારો હોય છે. એમાં ફકીરોને આપવાનો હીલો છે. ખુદાએ કુદ્રૂસની રહમતો પણ હીલાથી જ આવે છે. રહમતે હક બહાના મી જોયદ ! ખુદાની રહમત કિંમત નથી માંગતી, ખુદાની રહમત બહાનું ચાહે છે. આ આયત (જે

વાંધામાં દર્શાવી તે) મુનાફિકોના માટે ઉતરી તેઓ કલમાને પોતાના માટે આડ બનાવતા હતા અને દિલમાં કાફિર હતા. મુસલમાનોના ઉમદા તથા શરીઅત મુજબના અમલોને એના પર ફીટ કરવી સખત જુર્મ છે. ઈસ્કાતના માલના કારણે નમાઝ માફ નથી થતી બલ્કે જીવન દરમ્યાન નમાઝ ન પઢવાનો જે કસૂર મૈયતથી થઈ ચૂક્યો છે અને હવે તેનો બદલો મૈયતથી શક્ય નથી અને મૈયત એમાં ગિરફતાર છે. એનો કુસૂર માફ કરાવવાનું આ બહાનુ (હીલો) છે, કેમ કે સદકો અલ્લાહના ગઝબને ઠંડો કરે છે : اَلصَّدَقَةُ تُطْفِئُ غَضَبَ الرَّبِّ મિશ્કાત બાબુલ જુમ્આમાં છે કે જેનાથી જુમ્આની નમાઝ છૂટી જાય તે એક દીનાર ખૈરાત કરે. એ જ મિશ્કાત બાબુલ હૈઝમાં છે કે જે શખ્સ પોતાની પત્ની સાથે હૈઝની હાલતમાં સોહબત કરે, એક દીનાર અથવા અડધો દીના ખૈરાત કરે. આ ખૈરાત શું છે ? એ ગુનાહનો કફ્ફારો છે જેનો બદલો અશક્ય થઈ ગયો. જો અમે એવું કરીએ કે માણસ જિંદગીમાં જ આવનારી નમાઝોનો ફિદિયો માલ આપી દીધા કરે અને નમાઝ ન પઢે તો કહી શકાતુ હતું કે માલ વડે નમાઝો માફ કરાવી

વાંધો (૨) : નમાઝ રોઝા બદની (શારીરિક) ઈબાદત છે અને ફિદિયો માલથી છે, અને માલ બદની ઈબાદતનો કફ્ફારો કોઈ રીતે નથી થઈ શકતો. જેથી આ હીલો તદ્દન બાતિલ છે.

જવાબ : આ કયાસ કુર્આની આયતથી વિરૂદ્ધ છે કેમ કે કુર્આન તો ફર્માવે છે કે : وَعَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ ''જેઓ આ રોઝાની શક્તિ નથી ધરાવતા એમના પર ફિદિયો છે એક મિસ્કીનનું ખાણું.'' અને અલ્લાહના હુકમની વિરૂદ્ધ પોતાનો કયાસ કરવો શૈતાનનું કામ છે કેમ કે તેને અલ્લાહનો હુકમ થયો હતો કે હઝરત આદમ عليه الصلوٰة والسلام ને સજદો કર ! તેણે એ હુકમની વિરૂદ્ધ પોતાનો કયાસ દોડાવ્યો અને મરદૂદ થયો. વળી શારીરિક મહેનત સામે માલ હોવો બુદ્ધિના અનુસાર પણ છે કે આપણે કોઈની પાસે કામ કરાવી છીએ તો એનો બદલો માલ રૂપે આપીએ છીએ. કેટલાક સંજોગોમાં જાનનો બદલો પણ માલથી હોય છે. અને શરીઅતમાં અમુક કફ્ફારા કિયાસથી વિરૂદ્ધ પણ હોય છે, કોઈ નમાઝી પહેલી અત્તહિય્યાત ભૂલી ગયો

તો સહ્વનો સિજદો કરે. કોઈએ પોતાની પત્ની સાથે ઝેહાર કરી લીધો તો તેના કફ્ફારામાં ૬૦ રોઝા રાખે. હાજીએ એહરામની હાલતમાં શિકાર કરી લીધો, જો પૈસા છે તો તે શિકારની ખૈરાત કરે નહીં તો રોઝા રાખે. આ તમામ કફ્ફારા કિયાસની વિરૂદ્ધ છે, પણ શરીઅતે નિશ્ચિત કરી આપ્યા જેથી માથે ચઢાવી લેવામાં આવ્યા છે.

વાંધો (૩) : ઈસ્કાતના હીલાથી લોકો બેનમાઝી બની જશે કેમ કે જ્યારે તેમને ખબર થઈ ગઈ કે અમારા પછી અમારી નમાઝોનો ઈસ્કાત શક્ય છે તો પછી નમાઝ પઢવાની તકલીફ શા માટે ઉઠાવીએ ? એટલા માટે એ બંધ થવું જોઈએ.

જવાબ : આ વાંધો તો એવો છે જેમ કે અમુક આર્યોએ ઈસ્લામ પર વાંધો ઉઠાવ્યો છે કે ઝકાતના મસ્અલાથી મુસલમાનોમાં બેકારી પેદા થાય છે અને તૌબાના મસ્અલાને લીધે માણસ ગુનાહ માટે દિલેર બને છે. કેમ કે જ્યારે ગરીબને ખબર છે કે મને ઝકાતનો માલ વિના મહેનતે મળશે તો શા માટે મહેનત કરે ? એ જ રીતે જ્યારે માણસને માલૂમ થઈ ગયું કે તૌબાથી ગુનાહ માફ થઈ જાય છે તો ખૂબ ગુનાહ કરશે. જેમ કે આ વાંધો તદ્દન બેકાર છે એ જ રીતે એ પણ બેકાર છે. જે શખ્સ નમાઝના ફિદિયા પર દિલેર થઈ જાય અને નમાઝોને જરૂરી ન સમજે તે કાફિર થઈ ગયો અને આ માલ નમાઝનો ફિદયો છે કુફ્નો નહીં. જો કોઈ વ્યક્તિ સહીહ મસ્અલાનો ગલત ઉપયોગ કરે તો ગલતી તે ઉપયોગ કરનારની છે ન કે મસ્અલાની, તેમ જ આ ઈસ્કાતનો મસ્અલો સેંકડો વરસોથી મુસલમાનોમાં મશહૂર છે પણ આજ સુધી અમને તો કોઈ મુસલમાન એવો ન મળ્યો જે ઈસ્કાતના કારણે નમાઝથી બેપરવા થઈ ગયો હોય.

વાંધો (૪) : કેટલાક બની ઈસ્રાઈલીઓએ હીલો કરીને માછલીનો શિકાર કર્યો હતો જેનાથી એમના પર અલ્લાહનો અઝાબ આવી ગયો અને તેમને વાંદરા બનાવી દેવામાં આવ્યા. كُوْنُوْا قِرَدَةً خَاسِئِيْنَ જાણવા મળ્યું કે હીલો સખ્ત ગુનોહ છે અને અલ્લાહના અઝાબનો સબબ છે.

જવાબ : હીલાનું હરામ હોવું પણ બની ઈસ્રાઈલ પર અઝાબ હતો

જેમ કે ઘણા ગોશ્ત એમના પર હરામ હતા. એવી જ રીતે આ પણ એ ઉમ્મત પર હરામ હતું. જાઈઝ હીલાઓનું હલાલ હોવું રબની રહમત છે. તેમજ તેમણે હરામને હલાલ કરવાનો હિલો કર્યો હતો કે શનિવાર તેમના પર શિકાર હરામ હતો. એવા હીલા આજે પણ મના છે.

વાંધો (૫) : કુર્આન ફર્માવે છે : لَيْسَ لِلْاِنْسَانِ مَاسَعٰى "નથી ઈન્સાનના માટે પણ તે જે ખૂદ કમાઈ લે." અને ઈસ્કાતના ફિદિયામાં એ છે કે મૈયત નમાઝ ન પઢે અને તેની ઔલાદ માલ ખર્ચ કરીને તેને આ ગુનાહથી છૂટકારો અપાવે. જેનાથી જાણવા મળ્યું કે આ હીલો કુર્આનની વિરૂદ્ધ છે.

જવાબ : એનો જવાબ ફાતેહાની ચર્ચામાં આવી ગયો કે આ આયતના અમુક ખુલાસા છે, એક એ પણ છે કે આ **લામ** મિલ્કિયત (માલિકીપણા)નો છે એટલે કે ઈન્સાન પોતાની કમાઈનો જ માલિક છે ગૈરની બખ્શિશ માલિકીમાં નથી. તે કરે કે ન કરે. એટલા માટે ગૈરની સખાવત પર ફૂલાઈને પોતાની મહેનતને ભૂલી જવી એ બુદ્ધિવિહોણાનું કામ છે.

बाद मरनेके तुम्हें अपना पराया भूल जाऐ
फ़ातेहाको क़ब्र पर फ़िर कोई आये न आये

અથવા એ કે આ આયતે કરીમા બદની ઈબાદતના બારામાં આવી છે કે કોઈ વ્યક્તિ કોઈના તરફથી નમાઝ પઢી દે અથવા રોઝા રાખી દે તો તેના માથેથી તેના ફર્ઝો નમાઝો રોઝા અદા થશે નહીં વગેરે. જો આ સ્પષ્ટતાઓ ન કરવામાં આવે તો ઘણી બધી કુર્આની આયતો તથા હદીષોનો વિરોધ કરવું લાઝિમ થશે. કુર્આને કરીમે મુસલમાનોને હુકમ આપ્યો છે કે તેઓ મોમિનોના માટે, પોતાનાં મા–બાપના માટે દુઆ કરે, નમાઝે જનાઝા પણ મૈયતના માટે તથા તમામ મુસલમાનો માટે દુઆ જ છે, હદીષોએ મૈયતની તરફથી સદકા તથા ખૈરાત કરવાનો હુકમ આપ્યો છે એની પૂરી તેહકીક અમારા ફત્વામાં જુઓ.

જરૂરી હિદાયત : અમુક જગ્યાએ રિવાજ છે કે જો કોઈ મુસલમાનનો ઈન્તેકાલ જુમ્આના સિવાય કોઈ અન્ય દિવસે થાય તો મૈયતના વારસો તેની

કબ્ર પર હાફેઝ બેસાડીને જુમ્આ સુધી કુર્આન ખ્વાની કરાવે છે. કેટલાક દેવબંદી તેને પણ હરામ કહે છે, પણ હરામ કહેવું તદ્દન ગલત છે અને કબ્રની પાસે કુર્આન ખ્વાની કરવી ખૂબ જ સવાબનો સબબ છે. તેની અસ્લ (દલીલ) એ છે કે મિશ્કાત કિતાબુલ અઝાબે કબ્રમાં છે કે જ્યારે મૈયત કબરમાં રાખી દેવામાં આવે છે અને લોકો દફન કરીને પાછા આવી જાય છે ત્યારે મુન્કર નકીર ફરિશ્તા સવાલના માટે આવે છે. જેનાથી જાણવા મળ્યું કે દફન કરનારાઓની હાજરીમાં કબ્રનો સવાલ નથી થતો. અને વળી શામી, ભાગ–૧, બાબુસ્સલાતિલ જનાઈઝમાં છે કે આઠ શખ્સોને કબ્રના સવાલ નથી થતા : (૧) શહીદ (૨) જેહાદની તૈયારી કરનાર (૩) પ્લેગમાં મૃત્યુ પામનાર (૪) પ્લેગના સમયમાં કોઈ અન્ય બીમારી મરનાર (શર્ત એ કે એ દિવસોમાં સબ્ર કરનાર રહ્યો હોય) (૫) સિદ્દીક (૬) નાબાલિગ બાળક (૭) જુમ્આના દિવસ કે રાતમાં મરનાર (૮) દર રાત્રે સૂરએ મુલ્ક પઢનાર, અથવા મૃત્યુ શૈયાની બીમારીમાં દરરોજ સૂરએ ઈખ્લાસ પઢનાર (અમુકે ફર્માવ્યું કે નબીથી પણ). એનાથી જાણવા મળ્યું કે જે જુમ્આના દિવસે મરે તેનાથી કબ્રના સવાલ નથી થતા. તો જો કોઈનું મૃત્યું રવિવારે થયું અને દફન બાદ જુમ્આના દિવસે મરે તેનાથી કબ્રના સવાલ નથી થતા. તો જો કોઈનું મૃત્યું રવિવારે થયું અને દફન બાદથી જ માણસ ત્યાં મૌજૂદ રહ્યો તો તેની મૌજૂદગીના કારણે કબ્રના સવાલ થશે નહીં અને હવે જ્યારે કે જુમ્આ આવી ગયો તો કબ્રમાં સવાલનો સમય નીકળી ચૂક્યો. હવે કિયામત સુધી થશે નહીં. જાણે આ અલ્લાહના અઝાબથી મૈયતને બચાવવાની એક યુક્તિ છે અને અલ્લાહની રહમતથી ઉમ્મીદ છે કે એના પર રહમ ફર્માવી આપે. હવે જ્યારે કે માણસ ત્યાં બેઠો છે તો બેકાર બેઠો બેઠો શું કરે? કુર્આને પાકની તિલાવત કરે જેનાથી મૈયતને પણ ફાયદો થાય અને કારીને પણ ફાયદો થાય. કિતાબુલ અઝકાર, લેખક તિલાવત કરે જેનાથી મૈયતને પણ ફાયદો થાય અને કારીને પણ ફાયદો થાય. કિતાબુલ અઝકાર, લેખક ઈમામ નવવી માયકૂલુ બઅદદફનમાં છે કે :–

قَالَ الشَّافِعِيّ وَيُسْتَحَبُّ اَنْ يَّقْرَءُ وْا عِنْدَهٗ شَيْئًا مِنَ الْقُرْاٰنِ قَالُوْا فَاِنْ خَتَمُوا الْقُرْاٰنَ كُلَّهٗ كَانَ حَسَنًا

''કબ્રની પાસે કાંઈક તિલાવત કરવું મુસ્તહબ છે અને જો પૂરું કુર્આન પઢે તો પણ સારું છે.

અમે અઝાને કબ્રની ચર્ચામાં રજૂ કરી ચૂક્યા છીએ કે કબ્ર પર જે લીલોતરી ઉગી નીકળે છે તેની તસ્બીહની બરકતથી મૈયતને ફાયદો થાય છે, તો આ તો માણસની કુર્આનની તિલાવત છે જે જરૂર લાભદાયી થશે. ઈન્શાઅલ્લાહ ! પણ એવું થવું જોઈએ કે કોઈ સમય પણ કબર માણસથી ખાલી ન રહે, ભલે લોકો વારાફરતી બેસે.

જરૂરી નોંધ : અમુક જગ્યાએ મુસલમાનો રમઝાનના જુમ્તુલ વિદાઅ (છેલ્લી જુમ્આ)ના દિવસે કેટલાક નવાફિલ કઝાએ ઉમરી પઢે છે. કેટલાક લોકો એને હરામ કહે છે અને બિદઅત કહે છે અને લોકોને રોકે છે. કુર્આને કરીમ ફર્માવે છે : اَرَءَيْتَ الَّذِىْ يَنْهٰى عَبْدًا اِذَا صَلّٰى : ''ભલા જુઓ તો જે મના કરે છે બંદાને જ્યારે તે નમાઝ પઢે છે.'' જાણવા મળ્યું કે કોઈ નમાઝીને નમાઝથી રોકવો સખી જુર્મ છે. કઝાએ ઉમરી પણ તો નમાઝ છે એનાથી રોકવું હરગિઝ જાઈઝ નથી. કઝાએ ઉમરીની અસ્લ એ છે કે તફરસીરે રૂહુલ બયાન, પારા–૭, સૂરએ અન્આમ, આયત : وَلِتَسْتَبِيْنَ سَبِيْلُ الْمُجْرِمِيْنَ હેઠળ એક હદીષ નકલ કરી :–

اَيُّمَا عَبْدٍ اَوْ اَمَةٍ تَرَكَ صَلٰوتَهٗ فِىْ جِهَالَتِهٖ لَوْ تَابَ وَنَدِمَ عَلٰى تَرْكِهَا فَلْيُصَلِّ يَوْمَ الْجُمُعَةِ بَيْنَ الظُّهْرِ وَالْعَصْرِ اِثْنَتٰى عَشَرَةَ رَكْعَةً يَقْرَءُ فِىْ كُلِّ مِنْهَا الْفَاتِحَةِ وَاٰيَةُ الْكُرْسِىِّ وَالْاِخْلَاصَ وَالْمَعُوْذَتَيْنِ مَرَّتَيْنِ لَايُحَاسِبُهُ اللّٰهُ تَعَالٰى يَوْمَ الْقِيٰمَةِ ذَكَرَهٗ فِىْ مُخْتَصَرِ الْاِحْيَاءِ

''જે પુરૂષ કે સ્ત્રી નાદાનીથી નમાઝ છોડી બેસે પછી તૌબા કરે અને એના છૂટી જવાને કારણે શર્મિંદો થાય તો જુમ્આના દિવસે ઝોહર તથા અસ્રની વચ્ચે ૧૨ રકાતો નફલ પઢે દરેક રકાતમાં સૂરએ ફાતેહા અને આયતુલ કુર્સી અને કુલહુવલ્લાહ તથા સૂરએ ફલક તથા સૂરએ નાસ એક એકવાર પઢે. તો ખુદા તઆલા તેની પાસે કિયામતના દિવસે હિસાબ લેશે નહીં. આ હદીષને 'મુખ્તસરુલ અહ્યા''માં વર્ણવી. સાહિબે રૂહુલ બયાન આ હદીષનો મતલબ સમજાવે છે

કે તૌબા કરવા તથા શર્મિંદા થવાનો એ મતલબ છે કે તે નમાઝ ત્યજનાર બંદો શર્મિંદો થઈને તમામ નમાઝો કઝા પઢી લે, કેમ કે તૌબા તેને જ કહેવાય છે. **પછી કઝા કરવાનો જે ગુનોહ થયો હતો તે એ નમાઝ કઝાએ ઉમરીના સબબથી માફ થઈ જશે. એ મતલબ નથી કે કઝા નમાઝો ન પઢો કેવળ આ નમાઝ પઢી લો તો સૌ અદા થઈ ગઈ ! એવું તો રાફઝી પણ નથી કહેતા ! જ્યારે કે તેમને ત્યાં અમુક દિવસોની નમાઝો એક જ વખતમાં પઢવી જાઇઝ છે.** એવું કેવી રીતે થઈ શકે છે કે વરસભર નમાઝ ન પઢો પછી જુમ્અતુલ વિદાઅના દિવસે એ ૧૨ રકાતો પઢી લો તો સૌ માફ થઈ ગઈ ?! મતલબ એ જ છે કે જે સાહિબે રૂહુલ બયાને જણાવ્યો અને મુસલમાન એ જ નિય્યતથી પઢે છે. એનું દ્રષ્ટાંત એવું છે જેમ કે મિશ્કાત, કિતાબુલ હજ્જ, બાબુલ વુકૂફ બિઅરફામાં એક હદીષ છે કે હુઝૂર ﷺ એ અરફામાં હાજીઓના માટે મગફિરતની દુઆ ફર્માવી. બારગાહે ઈલાહીથી જવાબ આવ્યો કે અમે મગફેરત ફર્માવી દીધી બંદાઓના હક્કો સિવાય. હુઝૂર ﷺ એ મુઝદલ્ફામાં દુઆ કરી તો બંદાના હક્કો પણ માફ કરી આપ્યા. એનો મતલબ એ નથી કે કોઈ માણસનું કરજ મારી લો, કોઈને કત્લ કરી દો, કોઈની ચોરી કરી લો અને હજ્જ કરી આવો ! સૌ માફ થઈ ગયું ! નહીં ! બલ્કે કર્ઝ અદા કરવામાં જે વાયદાથી વિરૂદ્ધ મોડુ વગેરે થઈ ગયું તે માફ કરી દેવામાં આવ્યું, બંદાઓના હક્કો તો હર હાલતમાં અદા કરવા પડશે. જો કોઈ મુસલમાન આ કઝાએ ઉમરીને પઢવા તથા સમજવામાં ગલતી કરે તો એને સમજાવી દો ! પણ નમાઝથી શા માટે રોકો છો ?! અલ્લાહ સારી તૌફીક આપે. જો આ હદીષ ઝઈફ પણ હોય તો પણ અમલોના ફઝાઈલમાં મોઅતબર છે.

અઝાનમાં અંગૂઠા ચૂમવાનું બયાન

આ ચર્ચાને લખવાનો મારો ઈરાદો ન હતો પણ રમઝાનમાં મેં ખ્વાબમાં જોયું કે કોઈ બુઝુર્ગ ફર્માવી રહ્યા છે કે તમારી કિતાબમાં તકબીલે ઈબ્હાનો મસ્અલો પણ લખી આપો જેથી કિતાબ પરિપૂર્ણ થઈ જાય. જેથી એને પણ કિતાબમાં દાખલ કરીએ છીએ. રબ્બુલ આલમીન કબૂલ ફર્માવે. આમીન.

આ ચર્ચાના પણ બે વિભાગ કરવામાં આવે છે, પહેલા વિભાગમાં અંગૂઠા ચૂમવાની સાબિતી, બીજા વિભાગમાં એના પર વાંધાઓ તથા જવાબો.

(પ્રથમ વિભાગ)

★ અંગૂઠા ચૂમવાની સાબિતી ★

જયારે મોઅઝ્ઝિન કહે اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلَ اللّٰهِ તો તેને સાંભળીને આપણા બંને અંગૂઠાઓ અથવા કલમાની આંગળીઓ ચૂમીને આંખોથી લગાડવું મુસ્તહબ છે અને એનાથી દુનિયવી તથા દીની કેટલાક ફાયદાઓ છે. એના વિશે હદીષો આવેલી છે. સહાબીઓનો એના પર અમલ રહ્યો. સામાન્યત : મુસ્લિમો દરેક જગાએ એને મુસ્તહબ સમજીને અમલ કરે છે. સલાતે મસ્ઊદી, ભાગ–૨, બાબે નમાઝમાં છે :–

رُوِیَ عَنِ النَّبِیِّ ﷺ اَنَّهٗ قَالَ مَنْ سَمِعَ اِسْمِیْ فِی الْاَذَانِ وَ وَضَعَ اِبْهَامَیْهِ عَلٰی عَیْنَیْهِ فَاَنَا فِیْ صُفُوْفِ الْقِیٰمَةِ وَقَائِدُهٗ اِلَی الْجَنَّةِ

હુઝૂર ﷺ થી મરવી છે કે, "જે વ્યક્તિ અમારું નામ અઝાનમાં સાંભળે અને પોતાના અંગૂઠા આંખો પર રાખે તો અમે તેને કિયામતની સફોમાં તલાશ કરીશું અને તેને અમારી પાછળ પાછળ જન્નતમાં લઈ જઈશું." તફસીરે રૂહુલ બયાન, પારા–૬, સૂરએ માઈદહ, આયત : وَاِذَا نَادَیْتُمْ اِلَی الصَّلٰوةِ اَلْاٰیَة હેઠળ છે :–

وَضَعُفَ تَقْبِيْلُ ظُفُرٰى اِبْهَاسَيْهِ مَعَ مُسَبِّحَتَيْهِ وَالْمَسْحُ عَلٰى عَيْنَيْهِ عِنْدَ قَوْلِهٖ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ﷺ لِاَنَّهٗ لَمْ يَثْبُتْ فِى الْحَدِيْثِ الْمَرْفُوْعِ لٰكِنَّ الْمُحَدِّثِيْنَ اِتَّفَقُوْا عَلٰى اَنَّ الْحَدِيْثَ الضَّعِيْفَ يَجُوْزُ الْعَمَلُ بِهٖ فِى التَّرْغِيْبِ وَالتَّرْهِيْبِ

''મુહમ્મદુર્રસૂલુલ્લાહ કહેવાના સમયે પોતાના અંગૂઠાના નખોને કલ્માની આંગળીઓ સહિત ચૂમવું ઝઈફ છે. કેમ કે મરફૂઅ હદીષથી સાબિત નથી, પરંતુ મુહદ્દિષોની એના પર એકમતિ છે કે ઝઈફ હદીષ પર અમલ કરવો આકર્ષવા તથા ડરાવવાના પ્રસંગે જાઈઝ છે.'' શામી, ભાગ–૧, બાબુલ અઝાનમાં છે :–

يُسْتَحَبُّ اَنْ يُّقَالَ عِنْدَ سَمَاعِ الْاُوْلٰى مِنَ الشَّهَادَةِ صَلَّى اللّٰهُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ وَعِنْدَ الثَّانِيَةِ مِنْهَا قَرَّتْ عَيْنِىْ بِكَ يَارَسُوْلَ اللّٰهِ ثُمَّ يَقُوْلُ اَللّٰهُمَّ مَتِّعْنِىْ بِالسَّمْعِ وَالْبَصَرِ بَعْدَ وَضَعِ ظُفُرٰى الْاِبْهَامَيْنِ عَلَى الْعَيْنَيْنِ فَاِنَّهٗ عَلَيْهِ السَّلَامُ يَكُوْنُ قَائِدًا لَّهٗ اِلَى الْجَنَّةِ كَذَا فِىْ كَنْزِ الْعِبَادِ قهستانى ونحوه فى الْفَتَاوَى الصُّوْفِيَّةِ وَفِىْ كِتٰبِ الْفِرْدَوْسِ مِنْ قَبَّلَ ظُفُرٰى اِبْهَامَيْهِ عِنْدَ سَمَاعِ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ فِى الْاَذَانِ اَنَا قَائِدُهٗ وَمُدْخِلُهٗ فِىْ صُفُوْفِ الْجَنَّةِ وَتَمَامُهٗ فِىْ حَوَاشِى الْبَحْرِ لِلرَّمْلِيِّ

''અઝાનની પ્રથમ શહાદત પર એ કહેવું મુસ્તહબ છે :–

صَلَّى اللّٰهُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ **સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ !** અને બીજી શહાદત વખતે આ પ્રમાણે કહે : قُرَّةُ عَيْنِىْ بِكَ يَارَسُوْلَ اللّٰهِ **કુર્રતુ અયની બિક યા રસૂલલ્લાહ !** પછી પોતાના અંગૂઠાના નખો પોતાની આંખો પર રાખે અને કહે : اَللّٰهُمَّ مَتِّعْنِىْ بِالسَّمْعِ وَالْبَصَرِ **અલ્લાહુમ્મ મત્તિઅ્ની બિસ્સમ્અિ વલ્બસર** તો હુઝૂર તેને પોતાની પાછળ પાછળ જન્નતમાં લઈ જશે.'' એ જ પ્રમાણે ''કન્ઝુલ એબાદ''માં છે અને એ જ પ્રમાણે ''જે શખ્સ પોતાના અંગૂઠાઓના નખોને ચૂમે અઝાનમાં **અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ**

સાંભળીને, તો હું તેને મારી પાછળ પાછળ જન્નતમાં લઈ જઈશ. અને તેને જન્નતની સફોમાં દાખલ કરીશ.'' એની સંપૂર્ણ ચર્ચા બહરુર્રાઈકના હાશિયા રમલીમાં છે. આ લખાણથી છ કિતાબોના હવાલા જાણવા મળ્યા : શામી, કન્ઝુલ એબાદ, ફતાવાએ સૂફિયા, કિતાબુલ ફિરદૌસ, કોહિસ્તાની, બહરુર્રાઈકનો હાશિયો. આ સર્વ કિતાબોમાં એને મુસ્તહબ દર્શાવ્યું છે. મકાસિદે હસનહ્ ફિલ અહાદીષદાઈરા અલા અસ્સુન્નહ ઈમામ સખાવીએ ફર્માવ્યુ કે :–

ذَكَرَهُ الدَّيْلَمِيُّ فِى الْفِرْدَوْسِ مِنْ حَدِيْثِ اَبِىْ بَكْرِنِالصِّدِّيْقِ رَضِىَ اللّٰه عَنْهُ اَنَّهٗ لَمَّا سَمِعَ قَوْلَ الْمُؤَذِّنِ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ قَالَ هٰذَا وَقَبَّلَ بَاطِنَ الْاَنْمَلَتَيْنِ السَّبَابَتَيْنِ وَمَسَحَ عَيْنَيْهِ فَقَالَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ فَعَلَ مِثْلَ مَافَعَلَ خَلِيْلِىْ فَقَدْ حَلَّتْ لَهٗ شَفَاعَتِىْ وَلَمْ يَصِحَّ

દયલમીએ ફિરદૌસમાં અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થી રિવાયત કરી કે તેમણે જ્યારે મોઅઝ્ઝિનનો કૌલ **અશ્હદુઅન્નમુહમ્મદર્રસૂલુલ્લાહ** સાંભળ્યું તો એ જ ફર્માવ્યું અને પોતાની કલ્માની આંગળીના બાતિની (આંત્રિક) હિસ્સાઓને ચૂમ્યા અને આંખોથી લગાડયા. પછી હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે જે શખ્સ મારા આ પ્યારાની જેમ કરે તેના માટે મારી શફાઅત વાજિબ થઈ ગઈ. આ હદીષ સહીહ સુધી ન પહોંચી. એ જ 'મકાસિદે હસનહ્'માં મુસન્નિફ અબુલઆસે અહમદ અબી બક્ર દાદથી નકલ કર્યું :

عَنِ الْخِضَرِ عَلَيْهِ السَّلَامُ اَنَّهٗ قَالَ مَنْ قَالَ حِيْنَ يَسْمَعُ الْمُؤَذِّنَ يَقُوْلُ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ مَرْحَبًابِحَبِيْبِىْ وَقُرَّةُ عَيْنِىْ مُحَمَّدِ ابْنِ عَبْدِاللّٰهِ ثُمَّ يُقَبِّلُ اِبْهَامَيْهِ وَيَجْعَلُهُمَا عَلٰى عَيْنَيْهِ لَمْ يَرَ مُدَّ اَبَدًا

''હઝરત ખિઝર عليہ الصلوٰۃ والسلام થી રિવાયત છે કે જે શખ્સ મોઅઝ્ઝિનને એવું કહેતાં સાંભળે **અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ** તો કહે **મરહબન્ બિ હબીબી વ કુર્રતુ અયની મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ.** પછી પોતાના અંગૂઠાઓને ચૂમે અને પોતાની આંખોથી લગાડે તો તેની આંખો કદી

દુ:ખશે નહીં. પછી ફર્માવે છે કે ફકીહ મુહમ્મદ ઈબ્ને બાબાએ પોતાનો પ્રસંગ વર્ણન કર્યો કે એકવાર તેજ હવા ચાલી જેનાથી તેમની આંખમાં કાંકરી પડી ગઈ અને નીકળી ન શકી. સખ્ત દર્દ હતું. જ્યારે તેમણે મોઅઝ્ઝિનને કહેતાં સાંભળ્યો : **અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ** તો એ જ કરી આપ્યું તો તરત જ કાંકરી આંખમાંથી નીકળી ગઈ. એ જ મકાસિદે હસનામાં શમ્સ મુહમ્મદ ઈબ્ને સાલેહ મદનીથી રિવાયત કરી. તેમણે ઈમામ અમજદને ફર્માવતાં સાંભળ્યા. ઈમામ અમજદ મુતકદ્દેમીન (આગલા) મિસરના ઉલમામાંથી છે, કે ફર્માવતા હતા, ''જે અઝાનમાં હુઝૂર ﷺ નું નામ પાક સાંભળે તો પોતાના કલ્માની આંગળી અને અંગૂઠો ભેગો કરે અને બંનેને ચૂમીને આંખો થી લગાડે તો કદી આંખ દુ:ખશે નહીં. તેમણે ફર્માવ્યું કે જયારથી મેં આ અમલ કર્યો છે મારી પણ આંખો નથી દુ:ખી. એ જ મકાસિદે હસનામાં થોડુંક આગળ જઈને ફર્માવે છે : ઈબ્ને સાલેહે ફર્માવ્યું કે જયારથી મેં આ અમલ કર્યો છે મારી આંખો નથી દુ:ખી અને હું ઉમ્મીદ કરું છું કે ઈન્શાઅલ્લાહ ! આ આરામ હમેશાં રહેશે અને હું આંધળો થવાથી મેહફૂઝ રહીશ.'' પછી ફર્માવે છે કે ઈમામ હસન رضی اللہ عنہ થી રિવાયત છે કે જે શખ્સ **અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ** સાંભળીને એવું કહે **મરહબન બિ હબીબી વ કુર્રતુ અયની મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ** અને પોતાના અંગૂઠા ચૂમી લે અને આંખોથી લગાડે તો કદી આંધળો થશે નહીં અને ન કદી તેની આંખો દુ:ખશે. સારાંશ કે એ જ મકાસિદે હસનામાં ઘણા બધા દીનના ઈમામોથી આ અમલ સાબિત કર્યો.

શરહે નકાયામાં છે : જાણવું જોઈએ કે મુસ્તહબ એ છે કે બીજી શહાદતના પ્રથમ કલમાતે સાંભળીને એવું કહે કે **સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ** અને બીજો કલ્મો સાંભળીને એવું કહે **કુર્રતુ અયની બિક યા રસૂલલ્લાહ** અને પોતાના અંગૂઠાઓના નખોને આંખો પર રાખે તો હુઝૂર ﷺ તેને જન્નતમાં પોતાની પાછળ પાછળ લઈ જશે. એ જ પ્રમાણે કન્ઝુલ એબાદમાં છે મૌલાના જમાલ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર મક્કી قدس سرہٗ પોતાના ફતાવામાં ફર્માવે છે : અઝાનમાં હુઝૂર ﷺ નું નામ મુબારક સાંભળીને અંગૂઠા

ચૂમવા અને તેને આંખોથી લગાડવા જાઈઝ બલ્કે મુસ્તહબ છે અને અમારા મશાઈખે તસ્રીહ કરી છે. અલ્લામા મુહમ્મદ તાહિર عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ મજમઅ બહારિલ્ અન્વારમાં એ જ હદીષને લાસિહ્હુ ફર્માવીને ફર્માવે છે : એના અનુભવની રિવાયતો પુષ્કળ પ્રમાણમાં આવી છે. એ ઉપરાંત પણ લખાણો રજૂ કરી શકાય છે પણ ટૂંકાવવા ખાતર આટલેથી જ અટકું છું. હઝરત સદરુલ અફાઝિલ મૌલાઈ, મુર્શિદી, ઉસ્તાઝી મૌલાના અલ્હાજ સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન સાહબ કિબ્લા મુરાદાબાદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે, ''વિલાયત (ઈંગ્લેન્ડ)થી એક ઘણો જ પૂરાનો ઈન્જીલનો નુસ્ખો પ્રાપ્ત થયો જેનું નામ છે 'ઈન્જીલ બર્નબાસ' આજકાલ તો સામાન્ય લોકોમાં પ્રસિદ્ધ થઈ ચૂકેલ છે અને દરેક ભાષામાં તેના તર્જુમા કરવામાં આવ્યા છે, તેના મોટા ભાગના અહકામ ઈસ્લામી અહકામથી મલતા જુલતા છે. તેમાં લખ્યું છે કે, હઝરત આદમ عليه الصلوة والسلام એ રૂહુલ કુદ્સ (નૂરે મુસ્તફા)ને જોવાની તમન્ના કરી તો તે નૂર તેમના અંગૂઠાના નખોમાં ચમકાવવામાં આવ્યું. તેમણે મહોબ્બતના આવેશમાં તે નખોને ચૂમ્યા અને આંખોથી લગાડયા. રૂહુલ્ કુદ્સનો તર્જુમો મેં નૂરે મુસ્તફા શા માટે કર્યો તેનું કારણ અમારી કિતાબ **શાને હબીબુર્રહમાન**માં જુઓ. કે જ્યાં દર્શાવવામાં આવ્યું છે કે ઈસ્વી જમાનામાં રૂહુલ્ના નામથી જ હુઝૂર ﷺ મશહૂર હતા. હનફી ઉલમા સિવાય શાફઈ તથા માલિકી મઝહબના ઉલમાએ પણ અંગૂઠા ચૂમવા મુસ્તહબ હોવા વિશે સહમતી દર્શાવી છે. જેમ કે શાફઈ મઝહબની મશહૂર કિતાબ ''એઆનતુત્તાલિબીન અલા હલ્લિ અલ્ફાઝિ ફત્હે મુબીન'' મિસ્રી પેજ ૨૪૭ માં છે : –

ثُمَّ يُقَبِّلُ اِبْهَامَيْهِ وَيَجْعَلُ هُمَا عَلٰى عَيْنَيْهِ لَمْ يَعْمِ وَلَمْ يَرْمُدْ اَبَدًا

''પછી પોતાના અંગૂઠાને ચૂમે, આંખોથી લગાડે તો કદીપણ આંધળો ન થશે અને ન કદી આંખો દુ:ખશે.'' માલિકી મઝહબની મશહૂર કિતાબ કિફાયતુત્તાલિબ ભાગ–૧, પેજ–૧૬૯, મિસ્રીમાં ઘણુ બધું લખે છે પછી ફર્માવે : ثُمَّ يُقَبِّلُ اِبْهَامَيْهِ وَيَجْعَلُ هُمَا عَلٰى عَيْنَيْهِ لَمْ يَعْمِ وَلَمْ يَرْمُدْ اَبَدًا અંગૂઠા ચૂમે અને પછી આંખોથી લગાડે તો ન કદી ન આંધળો થાય ન આંખ દુ:ખે. એની શરહમાં અલ્લામા શયખ સઈદી અદવી પેજ–૧૭માં જણાવે છે. ''લેખકે

અંગૂઠા ચૂમવાની જગા ન બયાન કરી પરંતુ શયખ અલ્લામા મુફસ્સિર નૂરુદ્દીન ખુરાસાનીથી નકલ થયેલ છે કે અમુક લોકો તેમને અઝાનના સમયે મળ્યા. જ્યારે તેમણે મોઅઝ્ઝિનને **અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ** કહેતાં સાંભળ્યો તો તેમણે પોતાના અંગૂઠા ચૂમ્યા અને નખોને પોતાની આંખોના પાંપણો પર આંખોના ખૂણેથી લગાડયા અને કાનપટ્ટીના ખૂણા સુધી પહોંચાડયા. પછી દરેક શહાદત વખતે એક એકવાર કર્યું. મેં તેમને એના વિશે પૂછયું તો કહેવા લાગ્યા કે હું પહેલાં અંગૂઠા ચૂમ્યા કરતો હતો. પછી છોડી દીધું તો મારી આંખો બીમાર થઈ ગઈ. તો હુઝૂર ﷺ ને ખ્વાબમાં જોયા કે હુઝૂર ﷺ એ મને ફર્માવ્યું કે તમે અઝાનના સમયે અંગૂઠા આંખોથી લગાડવાનું શા માટે છોડી દીધું ? જો તમે ચાહો છો કે તમારી આંખો સારી થઈ જાય તો પછી આ અંગૂઠા આંખોથી લગાડવાનું શરૂ કરી દો. પછી જાગૃત થયો અને આ મસહ શરૂ કર્યો તો મને આરામ થઈ ગયો, અને પછી આજ સુધી તે બીમારી ફરી નથી થઈ. *(માખૂઝ અઝ નહજુસ્સલામહ્)*

આ તમામ ચર્ચાનો સાર એ નીકળ્યો કે અઝાન વગેરેમાં અંગૂઠા ચૂમવા, આંખોથી લગાડવા મુસ્તહબ છે. આદમ عليه الصلوٰة والسلام અને સિદ્દીકે અકબર તથા ઈમામ હુસૈન رَضِیَ اللّٰہُ عَنْہُمَا ની સુન્નત છે, ફકીહો, મુહદ્દિષો તથા મુફસ્સિરો એના મુસ્તહબ હોવા પર એકમત છે. શાફઈ ઈમામો તથા માલિકીએ પણ તેના મુસ્તહબ હોવાની સ્પષ્ટતા કરી. દરેક જમાના અને દરેક દેશના મુસલમાન તેને મુસ્તહબ જાણતા રહ્યા અને જાણે છે. એમાં નીચે મુજબના ફાયદાઓ છે :

આ અમલ કરનાર આંખના દુ:ખાવાથી મેહફૂઝ રહેશે અને ઈન્શાઅલ્લાહ કદી આંધળો ન થશે. જો આંખમાં કોઈ પ્રકારની તકલીફ હોય એના માટે આ અંગૂઠા ચૂમવાનો અલમ બેહતરીન ઈલાજ છે, વારંવારનો અનુભવ છે, તેના પર અમલ કરનારને હુઝૂર ﷺ ની શફાઅત થશે અને તેને હુઝૂર ﷺ કયામતની સફોમાં તલાશ ફર્માવીને પોતાની પાછળ જન્નતમાં દાખલ ફર્માવશે. **અલ્લાહુમ્મર્ઝુકના શફાઅત હબીબિકલ્ કરીમિ** (આમીન) એને નાજાઈઝ કહેવું તદ્દન જેહાલત છે. જ્યાં સુધી કે મનાઈની સ્પષ્ટ દલીલ ન મળે એને

મના નથી કરી શકતા. મુસ્તહબ માનવાના માટે મુસલમાનોનું મુસ્તહબ જાણવું જ પૂરતુ છે, પણ કરાહતના માટે ખાસ દલીલની જરૂરત છે, જેવું કે અમે બિદઅતની ચર્ચામાં સાબિત કરી ચૂકયા છીએ.

નોંધ : અઝાનના વિશે તો સાફ તથા સ્પષ્ટ રિવાયતો તથા હદીષો મૌજૂદ છે જે રજુ કરવામાં આવી શકે. તકબીર પણ અઝાનની જેમ છે. હદીષોમાં અઝાનને તકબીર કહેવામાં આવી છે. بَيْنَ كُلِّ اَذَانَيْنِ صَلٰوةٌ '' અઝાનોની વચ્ચે નમાઝ છે, એટલે કે અઝાન તથા તકબીરની વચ્ચે. જેથી તકબીર **અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ** પર અંગૂઠા ચૂમવા નફાકારક તથા બરકતનો સબબ છે. અને અઝાન તથા તકબીરના સિવાય પણ જો કોઈ શખ્સ હુઝૂર ﷺ નું નામ શરીફ સાંભળીને અંગૂઠા ચૂમે તો પણ વાંધો નથી, બલ્કે સારી નિય્યત સાથે હોય તો સવાબનો સબબ છે. મનાઈની દલીલ વગર મના નથી કરી શકતા. જે રીતે પણ હુઝૂર ﷺ ની તાઝીમ કરવામાં આવે સવાબનો સબબ છે.

(બીજો વિભાગ)

★ અંગૂઠા ચૂમવા પર વાંધાઓ અને તેના જવાબો ★

વાંધો (૧) : અંગૂઠા ચૂમવાના બાબતે જેટલા પ્રમાણમાં રિવાયતો બયાન કરવામાં આવી તે સૌ ઝઈફ છે અને ઝઈફ હદીષથી શરઈ મસ્અલો સાબિત નથી થઈ શકતો. જુઓ ''મકાસિદે હસના'માં ફર્માવ્યું : لَايَصِحُّ فِى الْمَرْفُوْعِ مِنْ كُلِّ هٰذَا شَىْءٌ એમાંથી કોઈ મરફૂઅ હદીષ સહીહ નથી. મુલ્લા અલી કારીએ મૌઝૂઆતે કબીરમાં આ હદીષોના વિશે ફર્માવ્યું كُلٌّ مَّايُرْوٰى فِىْ هٰذَا فَلَا يَصِحُّ رَفْعُهٗ ''અલ્બત્ત આ મસ્અલામાં જેટલી હદીષો મરવી છે તેમાંથી કોઈ સહીહ નથી. ખૂદ અલ્લામા શામીએ આ અઝાનની ચર્ચામાં એ જગાએ ફર્માવ્યું કે :–

لَمْ يَصِحَّ مِنَ الْمَرْفُوْعِ مِنْ هٰذَا شَىْءٌ એમાંથી કોઈ મરફૂઅ હદીષ સહીહ નથી. સાહિબે રૂહુલ બયાને પણ એ હદીષોના સહીહ હોવાથી ઈન્કાર કર્યો. પછી

એ હદીષોને રજૂ કરવી જ બેકાર છે.

જવાબ : એના કેટલાક જવાબ છે. પ્રથમ તો એ કે તમામ હઝરાત મરફૂઅ હદીષના સહીહ હોવા વિશેનો ઈન્કાર કરે છે જેનાથી જાણવા મળે છે કે એના બારામાં હદીષ મૌકૂફ સહીહ છે. જેમ કે મુલ્લા અલી કારી 'મૌઝૂઆતે કબીર'માં એ વર્ણન કરેલ લખાણ બાદ ફર્માવે છે :–

قُلْتُ وَاِذَا ثَبَتَ رَفْعُهٗ اِلَى الصِّدِّيْقِ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فَيَكْفِىْ لِلْعَمَلِ بِهٖ لِقَوْلِهٖ عَلَيْهِ الصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكُمْ بِسُنَّتِىْ وَسُنَّةِ الْخُلَفَاءِ الرَّاشِدِيْنَ

''હું કહું છું કે જ્યારે આ હદીષની પહોંચ સિદ્દીકે અકબર رضی اللہ عنہ સુધી સાબિત છે જેથી અમલના માટે પૂરતી છે કેમ કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે તમારા પર લાઝિમ કરું છું મારી સુન્નત તથા મારા ખુલફાએ રાશિદીનની સુન્નત.'' જાણવા મળ્યું કે હદીષે મૌકૂફ સહીહ છે અને મૌકૂફ હદીષ પૂરતી છે. બીજુ એ કે એ તમામ ઉલમાએ ફર્માવ્યુ : **લમ્ યસિહ્હ** એટલે આ તમામ હદીષો હુઝૂર સુધી મરફૂઅ થઈને સહીહ નથી. અને સહીહ ન હોવાથી ઝઈફ હોવું લાઝિમ નથી થતું. કેમ કે **સહીહ** પછી દરજો **હસન** બાકી છે. જેથી જો એ હદીષ હસન હોય તો પણ પૂરતી છે. ત્રીજુ એ કે ઉસૂલે હદીષ અને ઉસૂલે ફિકહનો મસ્અલો છે કે જો કોઈ ઝઈફ હદીષ અમુક સનદોથી રિવાયત પામે તો હસન બની જાય છે. જેમ કે દુર્રે મુખ્તાર, ભાગ–૧, બાબે મુસ્તહબ્બાતિલ્ વુઝૂમાં વઝૂના અંગની દુઆઓના વિશે ફર્માવે છે :–

وَقَدْ رَوَاهُ ابْنُ حَبَّانٍ وَغَيْرُهٗ عَنْهُ عَلَيْهِ السَّلَامُ مِنْ طُرُقٍ આ હદીષને ઈબ્ને હબ્બાન વગેરેએ કેટલી અસનાદ સાથે રિવાયત કરી એના હેઠળ શામીમાં ફર્માવે છે : اَىْ يُقَوِّىْ بَعْضُهَا بَعْضًا فَارْتَقٰى اِلٰى مَرْتَبَةِ الْحُسْنِ ''અમુક અસનાદ અમુકને કુવ્વત આપે છે, જેથી આ હદીષ **હસન** કક્ષાએ પહોંચી ગઈ અને અમે પ્રથમ વિભાગમાં જણાવી ચૂક્યા કે આ હદીષ કેટલાક તરીકાથી રિવાયત પામેલ છે જેથી હસન છે. ચોથું એ કે જો માની પણ લેવામાં આવે કે આ હદીષ ઝઈફ છે તો પણ અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ વિશ્વસનીય હોય છે. જેમ કે આ જ અલ્લામા શામી એ જ રદ્દુલ મુહતાર, ભાગ–૧, બાબુલ અઝાનમાં

અઝાનના મોકાઓની ચર્ચામાં ફર્માવે છે :–

عَلٰى اَنَّهٗ فِىْ فَضَائِلِ الْاَعْمَالِ يَجُوْزُ الْعَمَلُ بِالْحَدِيْثِ الضَّعِيْفِ كَمَا مَرَّ فِىْ اَوَّلِ كِتَابِ الطَّهَارَةِ

''ફઝાઈલે આમાલમાં ઝઈફ હદીષ પર અમલ કરવો જાઈઝ છે. અહીં પણ હલાલ તથા હરામ હોવાના મસાઈલ નથી કેવળ એ છે કે અંગૂઠા ચૂમવામાં આ ફઝીલત છે જેથી એમાં ઝઈફ હદીષ પણ અમલને પાત્ર છે. તેમજ મુસલમાનોનો અમલ ઝઈફ હદીષને મજબૂત (કવી) કરી દે છે.જેમ કે કિતાબુલ અઝકાર, લેખક–ઈમામ નવવી તલ્કીને મૈયતની ચર્ચામાં છે :

وَقَدْرَوَيْنَا فِيْهِ حَدِيْثًا مِّنْ حَدِيْثِ تَلْقِيْنِ الْمَيِّتِ اِلٰى (اِمَامَتِهٖ) لَيْسَ بِالْقَائِمِ اِسْنَادُهٗ وَلٰكِنْ اِعْتَضَدَ بِشَوَاهِدِ وَبِعَمَلِ اَهْلِ الشَّامِ

''તલ્કીને મૈયતની હદીષ કવીયુલ અસનાદ નથી પણ શામવાળાઓના અમલ તથા અન્ય સાક્ષીઓથી કવી થઈ ગઈ. અંગૂઠા ચૂમવા પર પણ ઉમ્મતનો અમલ છે જેથી એ હદીષ કવી થઈ ગઈ.'' આથી વિશેષ તેહકીક 'નૂરુલ અન્વાર' તથા 'તવઝીહ' વગેરેમાં જુઓ.

પાંચમુ એકે જો એના વિશે કોઈ પણ હદીષ ન મળતી તો પણ ઉમ્મતે મુસ્તફા ﷺ નું મુસ્તહબ માનવું જ પૂરતુ હતું કે હદીષમાં આવ્યું છે : مَارَوَاهُ الْمُؤْمِنُوْنَ حَسَنًا فَهُوَ عِنْدَ اللّٰهِ حَسَنٌ ''જેને મુસલમાન સારું જાણે તે કામ અલ્લાહની નજીક પણ સારુ છે.'' છઠ્ઠુ એ કે આ અંગૂઠા ચૂમવા આંખની બીમારીઓથી બચવાનો અમલ છે અને અમલમાં કેવળ સૂફિયાએ કિરામનો અનુભવ કાફી હોય છે. જેમ કે શાહ વલીયુલ્લાહ હવામઅહ્માં હવાઅઅહ્ના દસમા હામિઅહ્માં ફર્માવે છે :–

(અર્થ) : તસ્રીફી અમલોમાં ઈજતેહાદનો માર્ગ ખુલ્લો છે જેમ કે તબીબ લોકો હિકમતના નુસ્ખા શોધી કાઢે છે. ખૂદ શાહ વલીયુલ્લાહ સાહબે પોતાની કિતાબ ''અલકૌલુલ જમીલ'' વગેરેમાં સેંકડો અમલો તાવીઝ ગુંડા જિન્નાતને દૂર કરવા, જિન્નાતથી મેહફૂઝ રહેવા, હમલ (ગર્ભ) મેહફૂઝ રાખવાનાં તાવીઝ

લખેલાં છે કે ફલાણી દુઆ હરણના ચામડા પર લખીને સ્ત્રીના ગળામાં હારની જેમ નાખી દો તો ગર્ભ પડશે નહીં, કિસ્મનો રંગેલો દોરો સ્ત્રીના શરીર સાથે માપીને નવ ગાંઠ મારીને સ્ત્રીની ડાબી જાંગમાં બાધવું પ્રસુતિ પીડામાં ફાયદાકારક છે, વગેરે વગેરે. બતાવો કે આ અમલોના વિશે કઈ હદીષો આવી છે ? ખૂદ અલ્લામા શામીએ જાદૂથી બચવા, ખોવાયેલી ચીજની શોધ કરવા માટે ઘણા બધા તરીકાઓ શામીમાં બયાન ફર્માવ્યા. બતાવો કે તેની હદીષો ક્યાં છે ? તો જ્યારે કે અમે પ્રથમ વિભાગમાં સાબિત કરી ચૂક્યા કે આ અમલ આંખના દર્દ માટે મુજર્રબ (સચોટ) છે તો એને શા માટે મના કરવામાં આવે છે ? સાતમું એ કે અમે પ્રથમ વિભાગમાં વર્ણન કરી ચૂક્યા કે શામી અને શરહે નકાયા અને તફસીરે રૂહુલ બયાન વગેરેએ અંગૂઠા ચૂમવાને મુસ્તહબ કહ્યું, આ ઈસ્તિહબાબ પર કોઈ જેરહ કદહ ન કરી બલ્કે હદીષે મરફૂઅની સિહતનો ઈન્કાર કર્યો. જેનાથી જાણવા મળ્યું કે ઈસ્તિહબાબનો હુકમ તો બિલકુલ સહીહ છે, વાત હદીષની સાબિતીમાં છે. આ ઈસ્તિહબાબ હદીષના સહીહ હોવા પર આધારિત નથી. આઠમુ એ કે જો અગર માની લેવામાં આવે ઈસ્તિહબાબની સાબિતી ઝઈફ હદીષથી નથી થઈ શકતી તો કરાહતની સાબિતીની કઈ સહીહ હદીષ છે જેમાં એવું હોય કે અંગૂઠા ચૂમવા મકરૂહ છે અથવા ન ચૂમો વગેરે વગેરે. ઈન્શાઅલ્લાહ ! કરાહતના માટે સહીહ હદીષ તો શું ઝઈફ પણ મળશે નહીં ! કેવળ યારોનો ઈજતેહાદ અને અદાવતે રસૂલ ﷺ છે !

અલ્હમ્દુલિલ્લાહ ! કે આ વાંધાનાં ચિથડાં ઉડી ગયાં અને હક્ક જાહેર થઈ ગયું.

વાંધો (૨) : હઝરત આદમ عليه الصلوة والسلام એ જો નૂરે મુસ્તફા નખોમાં જોઈને એને ચૂમ્યું હતું તો તમે કયુ નૂર જુઓ છો ? ચૂમવાનું જે કારણ ત્યાં હતું તે અહીં નથી.

જવાબ : હઝરત હાજરા જ્યારે પોતાના ફરઝંદ હઝરત ઈસ્માઈલ عليه الصلوة والسلام ને લઈને મક્કા મુકરમાના જંગલમાં તશરીફ લાવ્યાં તો પાણીની તલાશના માટે સફા તથા મળવા પહાડની વચ્ચે દોડયાં, આજે તમે હજમાં ત્યાં શા માટે દોડો છો ? આજે ક્યાં પાણીની તલાશ છે ? હઝરત ઈસ્માઈલ

علیہ الصلوٰۃ والسلام એ કુર્બાનીના માટે જતાં માર્ગમાં ત્રણ જગાએ શૈતાનને કાંકરીઓ મારી તો આજે તમે હજ્જમાં શા માટે કાંકરી મારો છો ? ત્યાં હવે તમને કયો શૈતાન ધોકો આપી રહ્યો છે ? હુઝૂર ﷺ એ એક ખાસ જરૂરતના મક્કાના કાફિરોને દેખાડવાના માટે તવાફમાં રમલ કરાવીને પોતાની તાકાત દેખાડી. બતાવો ! તમે હવે તવાફે કદૂમમાં રમલ શા માટે કરો છો ? હવે ત્યાં કયા કાફિરો જોઈ રહ્યા છે ? જનાબ અંબિયાએ કિરામના અમુક અમલ એવા મકબૂલ થઈ જાય છે કે તેમની યાદગાર બાકી રાખવામાં આવે છે, ભલે તે જરૂરત બાકી ન રહે, એ જ પ્રમાણે આ પણ છે.

વાંધો (૩) : શું કારણ છે કે હુઝૂર ﷺ ના નામ પર અંગૂઠાના નખો ચૂમો છો ? કોઈ અન્ય ચીજ કેમ નથી ચૂમતા ? નખોમાં શું ખૂબી છે ? હાથ, પગો, કપડાં વગેરે ચૂમવું જોઈએ.

જવાબ : કેમ કે રિવાયતમાં નખોની જ સાબિતી છે એટલા માટે એને ચૂમીએ છીએ. મનસૂસાતમાં કારણ શોધવું જરૂરી નથી. એનો મુદ્દો જ માલૂમ કરવો છે તો તફસીરે ખાઝિન તથા રૂહુલ બયાન વગેરેએ પારા–૮, સૂરએ અઅ્રાફ, આયત : بَدَتْ لَهُمَا سَوْاٰتُهُمَا હેઠળ બયાન કર્યું કે જન્નતમાં હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام નો લિબાસ નખોનો હતો એટલે તમામ શરીર મુબારક પર નખો હતા કે જે અતિ ખૂબસૂરત અને નરમ હતા. જ્યારે એમના પર અલ્લાહનો એતાબ થયો તો એ કપડું ઉતારી લેવામાં આવ્યું પણ આંગળીઓનાં બેડકાં પર યાદગાર રૂપે બાકી રાખવામાં આવ્યો. આ પરથી જાણવા મળ્યું કે આપણા નખો જન્નતી લિબાસ છે અને હવે જન્નત તો આપણને હુઝૂર ﷺ ના તુફૈલથી મળશે જેથી તેમના નામ પર જન્નતી લિબાસ ચૂમી લઈએ છીએ. જેમ કે કાબા મોઅઝ્ઝમામાં સંગે અસ્વદ જન્નતી પથ્થર છે તેને ચૂમે છે. બાકી કાબા શરીફને નથી ચૂમતા, કેમ કે એ જન્નતી ઘરની યાદગાર છે કે જે હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ના માટે જમીન પર આવ્યો હતો અને તુફાને નૂહમાં ઉઠાવી લેવામાં આવ્યો અને આ પથ્થર તેની યાદગાર રહ્યો. એ રીતે નખો પણ જન્નતી લિબાસની યાદગાર છે.

જનાઝાની આગળ મોટા અવાજે કલ્મો કે નઅત પઢવું

કેટલીક જગાએ રિવાજ છે કે જ્યારે મૈયતને કબ્રસ્તાન લઈ જાય છે તો તેની આગળ મોટા અવાજે સૌ મળીને કલ્મા તૈયબહ પઢે છે અથવા નઅત શરીફ પઢે છે. મને એ વહેમ પણ ન હતો કોઈ એને પણ મના કરતુ હશે ! પણ પંજાબમાં આવીને જાણવા મળ્યું કે દેવબંદી એને પણ બિદઅત તથા હરામ કહે છે. આટલા જાહેર મસ્અલા પર લખવાનો ઈરાદો ન હતો પણ કેટલાક ભાઈઓએ મજબૂર કર્યો તો સંક્ષિપ્તમાં રજૂ કરું છું. આ ચર્ચાના પણ બે વિભાગ પાડવામાં આવે છે. પ્રથમ વિભાગ એની સાબિતીમાં અને બીજો વિભાગ તેના પર વાંધા અને તેના જવાબોમાં છે. વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહિલ્ અલીય્યિલ અઝીમ.

(પ્રથમ વિભાગ)

★ જનાઝા આગળ કલ્મો અથવા નઅત પઢવાની સાબિતી ★

જનાઝાની આગળ કલ્માએ તૈયેબહ, તસ્બીહ તથા તહલીલ અથવા દુરૂદ શરીફ અથવા નઅત શરીફ ધીરેથી કે મોટેથી પઢવું જાઈઝ અને મૈયત તથા હાજરજનો માટે લાભદાયી છે. એના પર કુર્આની આયતો તથા સહીહ હદીષો તથા ફકીહોનાં કથનો સાક્ષી છે.

રબ તઆલા ફર્માવે છે : اَلَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيَامًا وَّقُعُوْدًا وَّعَلٰى جُنُوْبِهِمْ ''તે લોકો જેઓ અલ્લાહનો ઝિક્ર કરે છે ઉભા રહીને, બેઠા બેઠા તથા પોતાનાં પડખાંઓ પર.'' એની શરહ તફસીરે રૂહુલ બયાનમાં છે :–

اَىْ يَـذْكُـرُوْنَـهٗ دَائِـمًا عَلَى الْحَالَاتِ كُلِّهَا قَائِمِيْنَ وَقَاعِدِيْنَ وَمُضْطَجِعِيْنَ فَاِنَّ الْاِنْسَانَ لَايَخْلُوْا عَنْ هٰذِهِ الْهَيْئَاتِ غَالِبًا

''આયતનો મલતબ એ છે કે દરેક હાલતમાં હમેશાં ઉભા રહી, બેઠા બેઠા સૂતા સૂતા અલ્લાહનો ઝિક્ર કરે છે, કેમ કે માણસ મોટા ભાગે આ હાલતોથી ખાલી નથી હોતો. તફસીરે અબૂસ્સઉદમાં એના હેઠળ છે :–

وَالْمُرَادُ تَعْمِيْمُ الذِّكْرِ لِلْاَوْقَاتِ وَتَخْصِيْصُ الْاَحْوَالِ الْمَذْكُوْرَةِ لَيْسَ لِتَخْصِيْصِ الذِّكْرِ بِهَا بَلْ لِاَنَّهَا الْاَحْوَالُ الْمَعْهُوْدَةُ الَّتِىْ لَايَخْلُوْعَنْهَا الْاِنْسَانُ

(તર્જુમો) લગભગ એ જ પ્રમાણે છે જે ઉપર વર્ણવ્યો. તફસીરે કબીરમાં આ આયત હેઠળ છે :–

اَلْمُرَادُ كَوْنُ الْاِنْسَانِ دَائِمَ الذِّكْرِ لِرَبِّهٖ فَاِنَّ الْاَحْوَالَ لَيْسَتْ اِلَّا هٰذِهِ الثَّلٰثَةَ ثُمَّ لَمَّا وَصَفَهُمْ بِكَوْنِهِمْ ذَاكِرِيْنَ فِيْهَا كَانَ ذٰلِكَ دَلِيْلًا عَلٰى كَوْنِهِمْ مُوَاظِبِيْنَ عَلَى الذِّكْرِ غَيْرُ فَاتِرِيْنَ عَنْهُ

એનો તર્જુમો પણ એ જ છે જે ઉપર વર્ણવ્યો. ઈબ્ને અદીએ કામિલમાં અને ઈમામ ઝીલઈએ નસબુરાતુત્તખરીજે અહાદીષિલ હિદાયહ, ભાગ–૨, પેજ–૨૯૨, પ્રેસ મજલિસે ઈલ્મી ડાભેલમાં લખ્યું છે :–

عَنِ ابْنِ عُمَرَ قَالَ لَمْ يَكُنْ يَسْمَعُ مِنْ رَّسُوْلِ اللّٰهِ ﷺ وَهُوَ يَمْشِىْ خَلْفَ الْجَنَازَةِ اِلَّا قَوْلَ لَآاِلٰهَ اِلَّااللّٰهُ مُبْدِيًا وَرَاجِعًا

આ હદીષ ઝઈફ પણ હોય તો પણ ફઝાઈલે આમાલમાં વિશ્વસનીય છે. અત્તરહરીરિલ મુખ્તાર અલા રદ્દિલ મુહતાર, મિસ્ર, પેજ–૧૨૩ પર છે :–

وَلٰكِنْ قَدْ اِعْتَادَ النَّاسُ كَثْرَةَ الصَّلٰوةِ عَلَى النَّبِيِّ ﷺ وَرَفْعَ اَصْوَاتِهِمْ بِذٰلِكَ وَهُمْ اِنْ مُنِعُوْا اَبَتْ نُفُوْسُهُمْ عَنِ السُّكُوْتِ وَالتَّفَكُّرِ فَيَقَعُوْنَ فِىْ كَلَامٍ دُنْيَوِيٍّ وَرُبَمَا وَقَعُوْا فِىْ غِيْبَةٍ وَاِنْكَارِ الْمُنْكَرِ اِذَا قَضٰى اِلٰى مَاهُوَ اَعْظَمُ مُنْكَرًا كَانَ تَرْكُهٗ اَحَبَّ لِاَنَّهٗ اِرْتِكَابُ بِاَخَفِّ الْمُضرتَيْنِ كَمَا هُوَالْقَاعِدَةُ الشَّرْعِيَّةُ

આ આયત અને તફસીરોનાં લખાણોથી બે વાતો જાણવા મળી. દરેક હાલતમાં અલ્લાહનો ઝિક્ર કરવાની ઈજાઝત છે અને દરેક રીતે મોટા અવાજે

હોય કે ધીરેથી કરવાની ઈજાઝત છે. હવે કોઈ મોકા પર કોઈ ઝિક્રથી મનાઈ કરવાના માટે કમસે કમ હદીષે મશહૂરની જરૂરત છે કેમ કે હદીષે વાહિદ તથા મુજતહિદના કયાસ થકી કુર્આની આમ (હુકમ)ને ખાસ નથી કરી શકાતો. ફકીહો તો જનાબતની હાલતમાં તથા હૈઝની હાલતમાં પણ તિલાવતે કુર્આન સિવાય તમામ ઝિક્રોને જાઈઝ ફર્માવે છે અને જો કુર્આની આયત પણ તિલાવતની નિય્યત વિના પઢે તો જાઈઝ છે. (જુઓ ફિકહની આમ કિતાબો) તો જ્યારે કે મૈયતને કબ્રસ્તાન લઈ જવામાં આવી રહ્યું છે આ પણ એક હાલત જ છે, એ હાલતમાં પણ દરેક રીતે ઝિક્રે ઈલાહી જાઈઝ થયું.

કુર્આન ફર્માવે છે : اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ "ખબરદાર થઈ જાવ કે અલ્લાહના ઝિક્રથી દિલોને ચૈન છે." એની તફસીરમાં સાહિબે રૂહુલ બયાન ફર્માવે છે :–

فَالْمُؤْمِنُوْنَ يَسْتَانِسُوْنَ بِالْقُرْاٰنِ وَذِكْرِاللّٰهِالَّذِىْ هُوَالْاِسْمُ الْاَعْظَمُ وَيُحِبُّوْنَ اِسْتِمَاعِهَا وَالْكُفَّارُ يَفْرَحُوْنَ بِالدُّنْيَا وَيَسْتَبْشِرُوْنَ بِذِكْرِ غَيْرِاللّٰهِ

"તો કુર્આનથી અને અલ્લાહના ઝિક્રથી (કે જે ઈસ્મે આઝમ છે.) મુસલમાન રાહત પામે છે અને એને સાંભળવું જોઈએ અને કાફિરો દુનિયાથી ખુશ થાય છે અને ગૈરુલ્લાહથી ખુશી પામે છે." આ આયત અને તફસીરી લખાણોથી જાણવા મળ્યું કે અલ્લાહનો ઝિક્ર મુસલમાનની ખુશી તથા રાહતનો સબબ છે અને કાફિરો તેનાથી રંજમય થાય છે અને બિહમ્દિલ્લાહ મૈયત પણ મુસલમાન છે અને સૌ હાજરજનો પણ મુસલમાન છે. સૌને એનાથી ખુશી જ થશે. તેમજ મૈયતને એ વખતે પોતાના કુટુંબીજનો સગાં વહાલાંથી છૂટવાનો ગમ છે તો આ ઝિક્ર તે ગમને દૂર કરશે. ખયાલ રાખશો કે આ આયતમાં પણ મુત્લકત (બેકેદ) ઝિક્ર છે, ચાહે ધીરેથી કે મોટેથી, જેથી દરેક રીતે જાઈઝ થયું. કેવળ પોતાની રાયથી એમાં શરત નથી રાખી શકતા. મુન્તખબે કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૬, પેજ–૯૯માં હઝરત અનસની રિવાયતથી છે :–

(અર્થ) : "જનાઝામાં પુષ્કળ પ્રમાણમાં લાઈલાહ ઈલ્લલ્લાહનો ઝિક્ર કરો."

મિશ્કાત કિતાબુદ્દઅવાત બાબે ઝિકુલ્લાહમાં છે :–

اِنَّ لِلّٰهِ مَلٰٓئِكَةً يَّطُوْفُوْنَ فِى الطُّرُقِ يَلْتَمِسُوْنَ اَهْلَ الذِّكْرِ فَاِذَا وَجَدُوْا قَوْمًا يَّذْكُرُوْنَ اللّٰهَ تَنَادَوْا هَلُمُّوْا اِلٰى حَاجَتِكُمُ الخ

''અલ્લાહના કેટલાક ફરિશ્તા માર્ગોમાં ચક્કર લગાડે છે અલ્લાહનો ઝિક્ર કરવાવાળાઓની તલાશ કરે છે. પછી જ્યારે કોઈ કૌમને ઝિક્રે ઈલાહી કરતાં જુએ છે તો એકબીજાને પુકારે છે કે આવો ! આપણા મકસદની તરફ ! પછી તે ઝિક્ર કરનારાઓને પાંખો વડે ઢાંકી લે છે.'' *–(છેવટ સુધી)*

જેથી જો મૈયતની સાથે લોકો ઝિકુલ્લાહ કરતા કરતા જશે તો ફરિશ્તા રસ્તામાં જ મળશે અને તે સૌને પોતાની પાંખો ઢાંકી લેશે. મૈયત પણ ફરિશ્તાઓની પાંખોના સાયામાં કબ્રસ્તાન સુધી જશે. ખયાલ રાખશો કે આ હદીષમાં પણ ઝિક્ર મુત્લક (બેકૈદ, કોઈ પણ રીતનું) છે, ચાહે ધીરેથી હોય કે મોટેથી હોય. મિશ્કાતના એ જ પ્રકરણમાં છે :–

اِذَا مَرَرْتُمْ بِرِيَاضِ الْجَنَّةِ فَارْتَعُوْا قَالُوْا وَمَارِيَاضُ الْجَنَّةِ قَالَ حِلَقُ الذِّكْرِ

હુઝૂર عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું કે, ''જ્યારે તમે જન્નતના બાગોમાંથી પસાર થાવ તો કાંઈક ખાઈ લીધા કરો. સહાબાએ કિરામે અર્ઝ કરી કે જન્નતના બાગ શું છે ? ફર્માવ્યું કે, ઝિક્રની મેહફિલો !'' એનાથી સાબિત થયું કે જો મૈયતની સાથે ઝિક્રે ઈલાહી થતુ જાય તો મૈયત જન્નતના બાગમાં કબ્રસ્તાન સુધી જશે. ખ્યાલ રાખશો કે અહીં પણ મુત્લક ઝિક્ર છે, મોટેથી કે ધીરેથી. એ જ મિશ્કાતમાં એ જ પ્રકરણમાં છે કે :–

اَلشَّيْطٰنُ جَاثِمٌ عَلٰى قَلْبِ ابْنِ اٰدَمَ فَاِنْ ذَكَرَ اللّٰهَ خَنَسَ

''શૈતાન ઈન્સાનના દિલ પર ચોંટેલો રહે છે. જ્યારે ઈન્સાન અલ્લાહનો ઝિક્ર કરે છે તો હટી જાય છે.'' જાણવા મળ્યું કે જો મૈયતને લઈ જતી વખતે ઝિકુલ્લાહ કરવામાં આવશે તો શૈતાનથી મૈયતને અમ્ન રહેશે. અહીં ઝિક્રમાં આહિસ્તા કે બુલંદ અવાજની કોઈ કૈદ નથી.

અહીં સુધી તો જનાઝા આગળ જોરથી ઝિક્ર કરવાને દલીલોથી સાબિત કર્યું. હવે ફકીહોના કથનોથી લો જેમાં તેનો ખુલાસો મળે છે. હદીકતુન્નદિય્યહ્ શરહે તરીકએ મુહમ્મદિય્યહમાં ઈમામ અબ્દુલગની નાબ્લ્સી

عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ આ મસ્અલા સંબંધે તેહકીક ફર્માવે છે કે ફકીહોએ જનાઝાની સાથે જોરથી ઝિક્ર કરવાને મના ફર્માવ્યું છે એ કરાહતે તન્ઝીહીની બિના પર છે અથવા કરાહતે તહરીમીની બિના પર છે. પછી ફર્માવે છે ! **(અર્થ)** : ''કેટલાક મશાઈખે એઝામે જનાઝાની આગળ અને પાછળ મોટા અવાજથી ઝિક્ર કરવાને જાઈઝ ફર્માવ્યું જેથી એના વડે એ મૈયત તેમજ જીવતાઓને તલ્કીન થાય અને ગાફિલોના દિલોથી ગફલત, સખ્તી, દુનિયાની મોહબ્બત દૂર થાય.લવાકિહુલ અન્વારિલ કુદ્સિયહ્ ફી બયાનિલ ઉહુદિલ્ મુહમ્મદિયહ્માં કુત્બે રબ્બાની ઈમામ શઅરાની قدس سرہٗ ફર્માવે છે :–

(અર્થ) : હઝરત અલી ખવાસ رضی اللہ عنہ ફર્માવતા હતા કે જ્યારે જાણ થાય કે જનાઝાની સાથે જનારા બેહૂદા વાતો નથી છોડતા અને દુનિયવી હાલતોમાં મશગૂલ છે તો મુનાસિબ છે કે તેમને કલ્મો પઢવાનો હુકમ આપો, કેમ કે આ કલ્મો પઢવું ન પઢયા કરતાં અફઝલ છે અને ફકીહ આલિમને માટે મુનાસિબ નથી તેનો ઈન્કાર કરે, પણ ક્યાં તો નસ (કુર્આની દલીલ)થી અથવા મુસલમાનના ઈજમાઅથી (હોય તો ઈન્કાર કરે). એટલા માટે કે શારેઅ ﷺ ની તરફથી મુસલમાનોને કલ્મો પઢવાનો આમ હુકમ છે, જે સમયે પણ ચાહે પઢે અને સખ્ત આશ્ચર્ય છે એ આંધળા દિલથી જે ઈન્કાર કરે !

ઈમામ શઅરાની પોતાની કિતાબ ઉહૂદુલ મશાઈખમાં ફર્માવે છે :

(અર્થ) : ''અમે અમારા ભાઈઓમાંથી કોઈને એ મોકો નહીં આપીએ કે કોઈ એવી ચીજનો ઈન્કાર કરે જેને મુસલમાનોએ સવાબ સમજીને કાઢેલ હોય અને તેને સારું જાણ્યું હોય. ખાસ કરીને તે કે જે અલ્લાહ તઆલા અને રસૂલ ﷺ ના સંબંધે હોય. જેમ કે લોકોનું જનાઝાની આગળ કોઈનું કુર્આને કરીમ વગેરે પઢવું. જે શખ્સ એને હરામ કહે તે શરીઅતેને સમજવાથી લાચાર છે. પછી ફર્માવે છે કે કલ્મો **લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** તમામ નેકીઓમાં બેહતર નેકી છે, એનાથી શા માટે મના કરવામાં આવી શકે છે ? જો તમે આજકાલના લોકો પર છવાયેલી હાલતનો અભ્યાસ કરો તો તેમને જનાઝાની સાથે સાથે દુનિયવી ચર્ચાઓમાં મશગૂલ જોશો, તેમનાં દિલો

મૈયતથી બોધ નથી ગ્રહણ કરતાં અને જે કાંઈ થઈ ગયું તેનાથી ગાફેલ છે, બલ્કે અમે તો ઘણા લોકોને હસતા જોયા ! અને જ્યારે લોકોનો આ જમાનામાં આ હાલ છે તો આપણે એના પર અમલ કરીને આ કલ્મો પહેલાંના જમાનામાં મૈયત સાથે જોરથી પઢવામાં ન આવતો હતો અને એના નાજાઈઝ હોવાનો હુકમ આપવો દુરુસ્ત નથી, બલ્કે એના જાઈઝ હોવાનો જ હુકમ કરવો જોઈએ. બલ્કે દુનિયાદારોની વાતોથી દરેક બેફાયદા વાતથી જનાઝામાં બેહતર છે. વળી જો તમામ લોકો મોટા અવાજે જનાઝાની સાથે **લા ઈલાહ ઈલ્લલ્લાહ** પઢે તો અમને કોઈ વાંધો નથી.''

આ લખાણોથી જાણવા મળ્યું કે જનાઝાની સાથે જો મોટા અવાજે ઝિક્ર કરવામાં આવે તો જાઈઝ છે. ખાસ કરીને આ જમાનામાં જ્યારે કે આમ લોકો મૈયતની સાથે હસતા હસતા દુનિયવી વાતો કરતા કરતા જાય છે. હવે તો ઘણું જ બેહતર છે કે તે સૌને ઝિક્રે ઈલાહીમાં મશગૂલ કરી દેવામાં આવે કેમ કે ઝિક્રે ઈલાહી દુનિયવી વાતોથી અફઝલ છે.

★ જનાઝા સાથે મોટેથી ઝિક્ર બાબતે વાંધા અને તેના જવાબો ★

એના પર વિરોધીઓના નીચે પ્રમાણેના વાંધાઓ છે. ઈન્શાઅલ્લાહ! એથી અધિક મળશે નહીં.

વાંધો (૧) : જનાઝાના સાથે મોટા અવાજે ઝિક્ર કરવાને ફકીહો મના ફર્માવે છે, જેમ કે આલમગીરી, ભાગ–૧, કિતાબુલ્ જનાઈઝ ફસ્લ ફી હમલિલ્ જનાઝામાં છે :–

وَعَلٰى مُتَّبِعِى الْجَنَازَةِ الصَّمْتُ وَيُكْرَهُ لَهُمْ رَفْعَ الصَّوْتِ بِالذِّكْرِوَقِرَاءَةِ الْقُرْاٰنِ

فَاِنْ اَرَادَ اَنْ يَّذْكُرَ اللّٰهِ يَذْكُرُهٗ فِىْ نَفْسِهٖ كَذَا فِى فَتَاوٰى قَاضِىْ خَاں

''જનાઝાની સાથે જનારાઓએ ખામોશ રહેવું વાજિબ છે અને મોટા આવજે ઝિક્ર કરવું અને કુર્આન પઢવું મકરૂહ છે, જો અલ્લાહનો ઝિક્ર કરવા ચાહે તો પોતાના દિલમાં કરે.''

ફતાવા સિરાજિયા બાબે હમલિલ્ જનાઝામાં છે :–

وَيُكْرَهُ النِّيَاحُ وَالصَّوْتُ خَلْفَ الْجَنَازَةِ وَفِىْ مَنْزِلِ الْمَيِّتِ رَفْعَ الصَّوْتِ بِالذِّكْرِ

وَقِرَائَةِ الْقُرْاٰنِ وَقَوْلُهُمْ كُلُّ حَيٍّ يَّمُوْتُ وَنَحْوُ ذٰلِكَ خَلْفَ الْجَنَازَةِ بِدْعَةٌ

''જનાઝાની પાછળ અને મૈયતના ઘરમાં નોહા (રડવું પીટવું) અને અવાજ કાઢવો અને મોટા અવાજે ઝિક્ર કરવો, કુર્આન પઢવું મકરૂહ છે અને જનાઝાની પાછળ એ કહેતા જવું કે ''દરેક જીવતો મૃત્યુ પામશે'' એ બિદઅત છે.'' દુર્રે મુખ્તાર, ભાગ–૧, કિતાબુલ જનાઈઝ મતલબે ફી દફનિલ મૈયતમાં છે : ''જેમ કે જનાઝામાં મોટા અવાજે ઝિક્ર કરવો અથવા કિરાઅત કરવી મકરૂહ છે.'' એના હેઠળ શામીમાં છે : ''જ્યારે કે દુઆમાં આટલા પ્રમાણમાં સખ્તી છે તો હવે તે ગાવાનો શો હાલ છે જે આ જમાનામાં પેદા થઈ ગયું છે.'' ઈબ્ને મુન્ઝરે અશ્રાફમાં નકલ કર્યું કે, ''સહાબાએ કિરામ જનાઝામાં બલંદ અવાજથી ઝિક્રને નાપસંદ કરતા હતા.'' આ ફિકહી લખાણોથી જાણવા મળ્યું કે મૈયતની સાથે મોટા અવાજથી ઝિક્ર કરવું મના છે, ખાસ કરીને તે ગાણુ જેને આજકાલ નઅત ખ્વાની કહે છે તે તો ઘણું જ બુરુ છે. (વિરોધીઓનો આ અતિભારપૂર્વક વાંધો છે.)

જવાબ : ફકીહોનાં આ લખાણોમાં કેટલીક જાતની ચર્ચા છે : પ્રથમ એ કે તેમણે જે મૈયતની સાથે જોરથી ઝિક્ર કરવાને મકરૂહ લખ્યું છે એનાથી તન્ઝીહી કરાહત મુરાદ છે કે તહરીમી ? (મકરૂહે તન્ઝીહી જાઈઝમાં દાખલ છે એટલે કે એને કરવું તો જાઈઝ છે પણ ન કરવું બહેતર છે.) બીજું એ કે આ હુકમ તે જમાનાના માટે હતો કે પછી દરેક જમાના માટે ? ત્રીજુ એ કે તદ્દન બોલવું મના છે કે ખાસ જોરથી ઝિક્ર મકરૂહ ફર્માવ્યું ? અથવા નોહા (રડવું પીટવું) વગેરે ? ચોથું એક બુલંદ અવાજથી ઝિક્ર કરવું દરેક શખ્સ માટે મના છે કે ખાસ શખ્સો માટે ? જ્યારે આ ચાર વાતો નક્કી થઈ જાય તો મસ્અલો તદ્દન સાફ થઈ જશે. હક્ક એ છે કે જે ફકીહોએ મૈયતની સાથે જોરથી ઝિક્રને મના ફર્માવ્યું તેમનો હેતુ મકરૂહે તન્ઝીહી છે. જેમ કે શામીમાં એ જ નકલ કરેલ લખાણની સાથોસાથ ફર્માવ્યું : (અર્થ) ''કહેવામાં આવ્યું છે કે મકરૂહે તહરીમી છે અને કહેવામાં આવ્યું છે કે મકરૂહે તન્ઝીહી. જેમ કે બહરુર્રાઈકમાં

ગાયતથી નકલ કર્યું એ જ બહરમાં ગાયતની રિવાયતથી છે કે જે શખ્સ જનાઝાની સાથે જાય તેને બહેતર છે કે ખામોશ રહે.'' તેનાથી જાણવા મળ્યું કે ખામોશ રહેવું બેહતર અને ખામોશ ન રહેવું બલ્કે ઝિક્ર કરવું બેહતર નથી, જાઈઝ છે. તેમજ તન્ઝીહી કરાહત અથવા તેહરીમી કરાહતની ઓળખ ખૂદ અલ્લામા શામીએ મકરૂહાતની વ્યાખ્યા દર્શાવતાં વર્ણન કરી. ફર્માવે છે, શામી, ભાગ–૧, કિતાબુત્તહારત મતલબે તઅરીફિલ મકરૂહમાં છે : જ્યારે ફકીહો મકરૂહ બતાવે તો અનિવાર્ય (જરૂરી) છે કે કરાહતની દલીલમાં નજર કરવામાં આવે જો તેની દલીલ મમાનેઅતે ઝન્ની હોય તો તે કોઈ અવરોધ સિવાય મકરૂહે તહરીમી છે અને જો દલીલ મનાઈની ન હોય બલ્કે ગૈર જરૂરી તર્કનો ફાયદો આપે તો મકરૂહે તન્ઝીહી છે અને જે ફુકહાએ પણ આ જોરથી ઝિક્ર કરવાને મના કર્યું છે એ કોઈ મનાઈની હદીષ કે આયત પેશ નથી કરી. કેવળ શામીએ એ દલીલ વર્ણવી કે રબ તઆલા ફર્માવે છે : اِنَّهٗ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ''અલ્લાહ હદથી વધનારાઓને મહબૂબ નથી રાખતો.'' જેનો તર્જુમો કર્યો ''મોટા અવાજથી ઝિક્ર કરનારાઓને'' જાણવા મળ્યું કે એની મનાઈની કોઈ સ્પષ્ટ હદીષ નથી મળી જેથી એ મકરૂહે તન્ઝીહી છે અને મકરૂહે તન્ઝીહી જાઈઝ હોય છે. તેમજ ઈમામ શઅરાનીએ 'ઉહૂદે મશાઈખ'માં આ જ જનાઝા સાથે જોરથી ઝિક્ર બાબતે ફર્માવ્યું : ''નવવીએ એને અગ્રતા આપી કે જનાઝા સાથે કલામ કરવું બેહતર નથી.'' તેમ જ શરહે તરીકએ મુહમ્મદિયહ્એ બયાન ફર્માવ્યું : ''જનાઝાના સાથે મોટા અવાજે ઝિક્ર કરવું મકરૂહ છે, એ અર્થમાં કે 'ખિલાફે ઉલા' છે એટલે બેહતર નથી. સારાંશ કે માનવું પડશે કે જે ફકીહોએ એને મકરૂહ કહ્યું છે તેમનો આશય 'મકરૂહે તન્ઝીહી' છે. બીજું એ કે આ મનાઈ તે જમાના માટે હતી હવે અત્યારે આ જમાનામાં લોકોની હાલતો બદલાઈ ગઈ જેથી આ કરાહતનો હુકમ પણ બદલાઈ ગયો. કેમ કે તે જમાનામાં જે પણ જનાઝા સાથે જતો હતો તે ખામોશ રહેતો હતો તેનાથી બોધ ગ્રહણ કરતો હતો, મૈયતવાળા સાથે રંજોગમમાં શરીક થતો હતો અને શરઈ હેતુ પણ એ છે કે મૈયતના જુલૂસમાં લોકો બોધ ગ્રહણ કરી લે. સૈયેદેના અલી ફર્માવે છે. ''જ્યારે તમે કબ્રસ્તાનની તરફ કોઈ જનાઝો લઈ જાવ તો ખયાલ રાખો કે

એક દિવસે તમને પણ આ જ રીતે લઈ જવામાં આવશે.'' આ હાલતમાં કાંઈપણ વાત બોલવી હિકમતની વિરૂદ્ધ હતું કે વાત કરવામાં ધ્યાનભંગ થાય અને દિલ અન્ય બાજુ ધ્યાનિત થઈ જશે. જેથી ફકીહોએ ફર્માવ્યું કે આ હાલતમાં મૌન ધરો. કિતાબુલ અઝકાર, લેખક ઈમામ નવવી બાબિ માયકૂનુલ્ માશી મઅલ્ જનાઝામાં છે :–

وَالْحِكْمَةُ فِيْهِ ظَاهِرَةٌ وَّهِىَ اَنَّهٗ اَسْكَنُ لِخَاطِرِهٖ وَاَجْمَعُ لِفِكْرِهٖ فِيْمَا يَتَعَلَّقُ بِالْجَنَازَةِ وَهُوَ الْمَطْلُوْبُ فِىْ هٰذَا الْحَالِ

મિશ્કાત બાબિ દફનિલ મૈયતમાં છે કે સહાબાએ કિરામ ફર્માવે છે કે અમે કબ્રસ્તાનમાં મૈયત દફન કરવાના માટે લઈ ગયા. કબ્રની તૈયારીમાં વાર હતી તો અમે એ રીતે ખામોશ બેસી ગયા જેમ કે અમારાં માથાંઓ પર પક્ષીઓ છે. (પક્ષીઓનો શિકારી જ્યારે જાળ લગાડીને બસે છે તો તદ્દન ખામોશ રહે છે જેથી અવાજથી પક્ષીઓ ઉઠી ન જાય) હવે અત્યારે એ જમાનો છે કે જનાઝા સાથે ચાલનારા દુનિયવી વાતો, હંસી મજાક, મુસલમાનોની ગીબતો કરતા કરતા ચાલે છે. જો કબ્રસ્તાનમાં થોડીવાર બેસવું પડે તો ગપ્પાં હાંકવા લાગે છે. મેં તો એ પણ જોયું છે કે કોઈ ખેલમાં પ્રવૃત્ત થઈને દિલ બેહલાવે છે. તો તેવાઓને ઝિક્રે ઈલાહીમાં મશગૂલ કરી દેવા એ આ બેહૂદા વાતોથી બેહતર છે. જેથી હવે એ પણ મુસ્તહબ છે કે મૈયતની સાથે સર્વ લોકો કલ્મો વગેરે બુલંદ અવાજથી પઢતા પઢતા જાય. હાલતો બદલાવાથી હુકમો બદલાઈ જાય છે અને જે મુફતી પોતાના જમાનાના લોકોની હાલતથી અજાણ છે તે જાહિલ છે. ઈમામ શઅરાની પોતાની કિતાબ ઉહૂદે મશાઈખમાં ફર્માવે છે : ''પાછલા જમાનામાં જનાઝાની આગળ વાતચીત કરવી, કુર્આન પઢવું, ઝિક્ર કરવો એટલા માટે ન હતું કે જ્યારે કોઈનો ઈન્તેકાલ થઈ જતો હતો તો સર્વ શરીક થનારાઓ રંજોગમમાં શરીક થઈ જતા હતા, એટલે સુધી કે મૈયતના સગાં સંબંધીઓ અને ગૈરોમાં ફરક ન રહેતો હતો અને એટલા પ્રમાણમાં મૌતનું ધ્યાન કરતા હતા કે બોલવા માટે એમના પાસે શક્તિ ન રહેતી હતી અને તેમની જીભો ગુંગી થઈ જતી. જો આજે આપણે પણ આવી ખાસિયતવાળા લોકો જોઈ લઈએ

તો તેમને કુર્આન પઢવા કે ઝિક્ર કરવાનો હુકમ ન આપીએ.'' સુબ્હાનલ્લાહ ! શું ઉમદા ફૈસલો ફર્માવ્યો ! કહો ? શું આજકાલ લોકોની આ સ્થિતિ છે ? ! હઝરત શયખ ઉષ્માન બહીરમી શરહે ઈકનાઅના હાશિયા ભાગ–૨માં લખે છે : ''જનાઝાની સાથે શોર કરવો મકરૂહ છે ચાહે તે શોર કુર્આન ખ્વાનીથી હોય કે ઝિકુલ્લાહથી કે દુરૂદ ખ્વાનીથી હોય. આ હુકમ તો હાલતના લેહાઝથી છે કે જે પહેલાંના જમાનાના મુસલમાનોમાં હતી. નહીં તો આ જમાનામાં હવે એમાં કોઈ વાંધો નથી. કેમ કે જોરથી ઝિક્ર મૈયતની નિશાની છે તેને છોડવામાં મૈયતની તૌહીન છે. જેથી એને જો જરૂરી પણ કહેવામાં આવે તો પણ ખોટું નથી જેમ કે મદાબગી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ થી નકલ ફર્માવ્યું.''

ઈમામ શઅરાનીએ ઉહૂદે મશાઈખમાં ફર્માવ્યું : ''મુસલમાનોએ જે કામને સારૂ સમજીને ચાલુ કર્યું છે તે એ છે કે જનાઝા આગળ કહે છે **લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** અથવા એવું કહે છે કે ખુદાની સમક્ષ કયામતના દિવસે આપણો વસીલો આ છે, **લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** અથવા એ રીતના અન્ય ઝિક્રો. આ જમાનામાં એનાથી મના કરવું જરૂરી નથી. કેમ કે જો તે લોકો આ ઝિક્રમાં મશગૂલ ન થાય તો દુનિયવી વાતો કરશે, કેમ કે તેમનાં દિલ મૌતની યાદથી ખાલી છે. બલ્કે અમે તો કેટલાક લોકોને જનાઝાની આગળ હસતા તથા મઝાક કરતા જોયા છે.'' ઈમામ શઅરાની قدس سرہٗ એ જે કાંઈ પોતાના સમયનો હાલ વર્ણન કર્યો એનાથી બદતર હાલ આજે છે. મેં અમુક જગ્યાએ જોયું કે કબ્રમાં વાર હતી તો લોકો અલગ અલગ ટોળી બનાવી બેસી ગયા અને વાતોમાં એવા મશગૂલ થઈ ગયા કે જણાતું હતું કે બજાર લાગ્યું છે. અમુક લોકો જમીનમાં લીટીઓ દોરીને કાંકરીઓથી રમવા ચાહતા હતા. આ હાલતને જોઈને મેં સૌને ભેગા કરીને વાઅઝ કહેવાનું શરૂ કરી આપ્યું, લોકોને કફન દફનના હુકમો બતાવ્યા કેમ કે તેના કરતાં આ જ બેહતર હતું.

ફાયદો : વિરોધીઓ જનાઝાની સાથે ઝિકુલ્લાહ કરવાને તો બિદઅત તથા હરામ કહે છે પણ વાતો કરવી, કદી મસાઈલ બયાન કરવા, કદીક શિર્ક

બિદઅતના ફત્વા સંભળાવવા, લોકોને આપસમાં હંસી મઝાક કરવાને ન મના કરે છે ન તેને બુરુ કહે છે. જ્યારે કે ફકીહો બિલ્કુલ ખામોશ રહેવાનો હુકમ આપે છે જેમ કે વાંધામાં નકલ કરેલાં લખાણોથી જાણવા મળ્યું. તો આ ઉલ્ટી ગંગા કેમ વહી રહી છે કે સલામ, કલામ, હસી મઝાક, વઅઝ, ફત્વા તો સૌ જાઈઝ ! અને હરામ છે તો કેવળ ઝિક્રુલ્લાહ જ ! અલ્લાહ સમજ આપે.

જરૂરી નોંધ : કદાચ કોઈ કહે કે ઈસ્લામી હુકમો તો કદી બદલતા નથી તો પછી આ ફરેફાર કેવો ?! એનો જવાબ અમે પહેલાં આપી ચૂક્યા છીએ કે જે અહકામ કોઈ ઈલ્લત (સબબ, કારણ)ના લીધે હોય તે સબબના બદલાવાથી બદલાઈ જશે. જેમ કે શરૂ જમાનામાં નમાઝ પઢાવવાનું, કુર્આનની તાલીમ આપવા વગેરે તે માટે મહેનતાણું લેવું હરામ હતું પણ હવે જાઈઝ છે, એ રીતે ઔલિયાની કબરો પર ચાદરો નાખવી હવે જરૂરતના હિસાબે જાઈઝ છે, એ જ પ્રમાણે માહે રમઝાનમાં કુર્આનના ખત્મ પર દુઆઓ માંગવી જાઈઝ ઠરાવવામાં આવી, કુર્આને પાકમાં આયતો તથા રુકૂઅ અને સૂરતોનાં નામ લખવાં પહેલાંના જમાનામાં ન હતું પરંતુ હવે પબ્લિકના ફાયદાનો લેહાઝ કરીને જાઈઝ ઠરાવવામાં આવ્યું. આલમગીરી કિતાબુલ કરાહિયત, બાબ આદાબે મુસ્હફમાં છે : "સૂરતોનાં નામ અને આયતોની સંખ્યા લખવામાં વાંધો નથી. એ ભલે બિદઅત છે પણ બિદઅતે હસના (સારી બિદઅત) છે અને ઘણી બધી ચીજો બિદઅત છે અને સારી છે. અને ઘણી ચીજો જમાનો અને સંજોગોના બદલાવાથી બદલાઈ જાય છે." એની ઘણી વિસ્તૃત ચર્ચા અમે આગલી ચર્ચાઓમાં કરી ચૂક્યા છીએ. ત્રીજુ એ કે કાઠિયાવાડ વગેરેમાં મૈયતની આગળ એ રીતે નઅત શરીફ પઢે છે કે સાંભળનારા જાણી લે છે કે જનાઝો જઈ રહ્યો છે જેથી ઘરોમાં જેઓ હોય છે તેઓ પણ નમાઝે જનાઝાના માટે નીકળી આવે છે. તો આ નઅત ખ્વાની મૈયતનું એલાન પણ થયું અને જનાઝાનું એલાન કરવું એ નિય્યતે કે લોકો નમાઝે જનાઝા અથવા દફનમાં શિર્કત કરી લે એ જાઈઝ છે.

જેમ કે દુર્રે મુખ્તાર દફને મૈયતની ચર્ચામાં છે :–

(અર્થ) "મૈયતને દફન કરતાં પહેલાં તેને મુન્તકિલ કરવું, તેના જનાઝાનું

એલાન કરવું, મૈયતનો મર્ષિયા પઢવો ચાહે શેઅરોના રૂપમાં હોય કે એ સિવાય એ જાઈઝ છે.''

એની શરહમાં શામીમાં છે :–

(અર્થ) ''જાઈઝ છે કે અમુક લોકો અમુકને ખબર આપે જેથી લોકો તે મૈયતના હક્કને અદા કરે, અને અમુક લોકોએ મકરૂહ જાણ્યું છે એ કે ગલી, કૂચાઓ અને બજારોમાં એનું એલાન કરવામાં આવે અને સહીહ એ છે કે એલાન મકરૂહ નથી જ્યારે કે એ એલાનમાં મૈયતની વધારે તારીફ ન હોય.'' જ્યારે કે જનાઝાના એલાન માટે મૈયતનો મર્ષિયા અથવા મૈયતના નામે એલાન જાઈઝ છે તો જનાઝાના એલાનની નિય્યતથી નઅત શરીફ અથવા કલમાએ તૈયબહ મોટા અવાજથી પઢવો શાથી હરામ છે ? કે એમાં જનાઝાનું એલાન પણ છે અને હુઝૂર ﷺ ની નઅત પણ ! આ પરથી જાણવા મળ્યું કે જે જોરથી પઢવાને ફકીહો મના કરે છે તે વિના લાભનું ઝિક્ર છે, જ્યારે કે એનાથી કોઈ ખાસ ફાયદો થાય તો જાઈઝ છે. એટલા માટે અલ્લામા શામીએ એ બહષમાં તતારખાનિયાથી નકલ કર્યું : ''પરંતુ જનાઝાઓની પાસે મોટા અવાજે ઝિક્ર કરવામાં એ ભય છે કે એનાથી નોહા કરવું, મૈયતની પાસે નમાઝ શરૂ થઈ ચૂક્યા પછી દુઆ કરવી, અથવા તેની તારીફમાં અતિશયોક્તિ કરવી છે કે જે જાહિલિયતના સમયના લોકોની આદત હતી, પરંતુ મૈયતની તારીફ કરવી એ મકરૂહ નથી.'' સાર એ કે બેફાયદા મોટો અવાજ કરવો મના છે અને બાફાયદા ઝિક્ર કરવું વિના કરાહતે જાઈઝ છે. વર્તમાનકાળમાં એમાં ઘણા ફાયદા છે કે જે આગળ વર્ણન થઈ ચૂક્યા છે. ચોથુ એ કે આ ઝિક્રની મનાઈ ખાસ ઈલ્મવાળાઓને છે, જો મુસ્લિમ પબ્લિક ઝિક્ર કરે તો તેને મના કરવામાં ન આવે. ફુકહાએ કિરામ ફર્માવે છે કે અવામને ઝિક્રે ઈલાહીથી ન રોકો કે તેઓ પહેલેથી ઝિક્રે ઈલાહી પ્રત્યે સુસ્ત છે, હવે જે રીતે ઝિક્ર કરે કરવા દો. દુર્રે મુખ્તાર બાબે સલાતિલ ઈદૈનમાં છે : ''ઈદગાહના માર્ગમાં તકબીર ન કહે અને ન ઈદથી પહેલાં નફલ પઢે અને ઈદની નમાઝ બાદ પણ ઈદગાહમાં નફલ ન પઢે. કેમ કે એ આમ ફકીહોની નજીક મકરૂહ છે. પછી ફર્માવે છે : આ હુકમ ખાસ લોકો માટે છે, પરંતુ અવામ (પબ્લિક)ને એનાથી મના ન કરવામાં આવે ન તકબીર કહેવાથી અને ન નફલથી કેમ કે તેમનું આકર્ષણ નેક કામ પ્રતિ ઓછું છે.''

એના હેઠળ શામીમાં છે : ''એમને ધીરેથી કે મોટેથી તકબીર કહેવાથી ન રોકવામાં આવે.'' તેમજ અમે જોરથી ઝિક્રની ચર્ચામાં શામીના હવાલાથી બાબુલ ઈદૈનમાં વર્ણન કરી ચૂક્યા છીએ કે કોઈએ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ને પૂછયું કે,''બજારોમાં મોટા અવાજથી તકબીર કહે છે તો શું તેમને રોકવામાં આવે ? ફર્માવ્યું કે, નહીં !'' આ તમામ લખાણોથી જાણવા મળ્યું કે અમુક પ્રસંગોએ ખાસ લોકોને કોઈ ખાસ ઝિક્રથી મના કરવામાં આવે છે, પરંતુ અવામ (પબ્લિક)ને રોકવાનો હુકમ નથી. એટલા માટે ફકીહોએ એ તો ફર્માવી દીધું કે જનાઝા આગળ મોટા અવાજે ઝિક્ર ન કરો, પરંતુ એ નથી ફર્માવ્યું કે ઝિક્ર કરનારાઓને એનાથી રોકી પણ દો.

સારાંશ કે જવાબનો નીચોડ એ થયો કે પ્રથમ તો કરાહત તન્ઝીહીની બિના પર છે. બીજુ એ કે પહેલાંના જમાના માટે હતી, હવે એ હુકમ બદલાઈ ગયો. કેમ કે હુકમની ઈલ્લત (સબબ) બદલાઈ ગઈ, ત્રીજુ એ કે આ ઝિક્રથી જનાઝાનું એલાન છે જે ફાયદામંદ હોવાથી જાઈઝ છે. ચોથુ એ કે આ હુકમ ખાસ લોકોના માટે છે, આમ મુસલમાનો જો એ ઝિક્રે ઈલાહી કરે તો તેમને મના કરવામાં ન આવે.

વાંધો (૨) : જનાઝા આગળથી મોટા અવાજે ઝિક્ર કરવું હિંદુઓથી મળતાપણુ છે, કેમ કે તેઓ બુમો પાડતા જાય છે, ''રામ રામ સત હૈ'' અને તમે પણ શોર મચાવતા જાવ છો. અને કાફિરો સાથે મુશાબેહત (મળતાપણુ) નાજાઈઝ છે. જેથી મના છે.

જવાબ : કાફિરો મૂર્તિઓનાં નામ પુકારે છે અને અમે ખુદાએ કુદુસનો ઝિક્ર કરીએ છીએ પછી મુશાબેહત ક્યાં રહી ? કાફિરો મૂર્તિઓના નામ સાથે જાનવરો ઝબહ કરે છે, આપણો ખુદાના નામ પર, કાફિરો ગંગાથી ગંગાનું પાણી લઈને આવે છે આપણે મક્કા શરીફથી આબે ઝમઝમ લાવીએ છીએ, એ મુશાબેહત ન થઈ ! તેમ જ જે કામો કાફિરોનાં કૌમી કે મઝહબી નિશાન બની ગયાં હોય એમાં મુશાબેહત કરવું મના છે ન કે દરેક કામ મના છે. જો કાફિર પણ તેમના જનાઝાઓની આગળ કલ્મો પઢવા લાગે તો શોખથી પઢે ! એ સારું કામ છે અને સારા કામમાં મુશાબેહત બુરી નથી હોતી.

વાંધો (૩) : માર્ગમાં કલ્મએ તૈયેબહ જોરથી પઢવાનો બેઅદબી છે કેમ કે ત્યાં ગંદકી વગેરે હોય છે, જેથી એ મના છે.

જવાબ : આ વાંધો તદ્દન નિરર્થક છે. ફુકહાએ કિરામે તસ્રીહ ફર્માવી છે કે માર્ગોમાં ચાલતાં ચાલતાં ઝિક્ર જાઈઝ છે, હા ! જે જગા ગંદકી નાખવાના માટે બનાવવામાં આવી હોય ત્યાં જોરથી ઝિક્ર કરવું મના છે. જેમ કે જાજરૂ અથવા જાનવરો બાંધવાની જગા. શામી બહષે કિરાઅત ઈન્દલ મૈયતમાં છે : ''સવાર અથવા પગપાળા ચાલતાં ચાલતાં કુર્આન પઢવામાં વાંધો નથી જ્યારે કે તે જગા નાપાકીના માટે ન બનાવવામાં આવી હોય. કુર્આન બગલમાં લઈને રસ્તેથી પસાર થવું જાઈઝ છે અને જાજરૂમાં લઈ જવું મના છે. તેમજ બક્ર ઈદના દિવસે હુકમ છે કે ઈદગાહના માર્ગમાં બુલંદ અવાજથી તકબીરે તશરીક કહેતા જાવ. દુર્રે મુખ્તાર બાબુસ્સલાતિ ઈદૈનમાં છે : ''માર્ગમાં મોટા અવાજથી તકબીર કહે.'' જ્યારે કે માર્ગમાં નજાસત (નાપાકી) હોય છે. એ જ પ્રમાણે ફકીહો ફર્માવે છે કે, હમામ (સ્નાનાગર)માં તસ્બીહ તથા તહલીલ મોટા અવાજે જાઈઝ છે, જ્યારે કે ત્યાં મોટા ભાગે ગંદકી હોય છે. આલમગીરી કિતાબુલ કરાહિયત, બાબુસ્સલાતુત્તસ્બીહમાં, ઉમ્દતુલ અબરાર, મજમુઉન્ન વાઝિલ, ખાનિયહ, સિરાજિયહ, મુત્લિકત, તજનીસ વગેરેમાં છે :–

(અર્થ) ''હમામમાં તસ્બીહ તથા તહલીલ મોટા અવાજે પણ જાઈઝ છે.''

વાંધો (૪) : જનાઝાની આગળ મોટા અવાજથી ઝિક્ર કરવામાં ઘરની સ્ત્રીઓ તથા બાળકો ડરી જાય છે કેમ કે તેમને મૌત યાદ આવી જાય છે. જેના કારણે તેઓ બીમાર થઈ જાય છે જેથી તિબ્બી કાયદા અનુસાર પણ એ મના થઈ જવું જોઈએ.

જવાબ : કુર્આન ફર્માવે છે :– اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ

''અલ્લાહના ઝિક્રથી દિલમાં ચૈન આવે છે.'' મુસલમાનોને તો એનાથી ચૈન તથા રાહત થાય છે. હા ! કાફિરો ડરતા હશે, તો એમને ડરવા દો ! કાફિરો તો અઝાનથી પણ ડરે છે, તો શું એમના કારણે અઝાન બંધ કરી દેવામાં આવશે ? હા ! જો કોઈ નિષ્ણાત તબીબે લખ્યું હોય કે કલ્મા તૈયેબહનો અવાજ વબાના સબબોમાંથી છે તો રજૂ કરો, પરંતુ તે તબીબ મુસલમાન અને નિષ્ણાત

હોય. કોઈ દેવબંદી અથવા કોઈ વહેમી (અપૂર્ણ) તબીબ ન હોય, વહેમી વાતોનો એતબાર નથી. સાબિત થયું કે મૈયતની આગળ મોટા અવાજથી ઝિક્ર ખૂબ બેહતર અને બરકતનો સબબ છે. વિરોધીઓની પાસે ગલતફહમી સિવાય કોઈ મજબૂત વાંધો નથી.

ઈસ્લામી અકીદા અને દેવબંદી અકીદા

ઉપસંહાર : અલ્લાહ તઆલાનો શુક્ર છે કે અત્યાર સુધી જેટલા પ્રમાણમાં મસાઈલમાં દેવબંદીઓ મતભેદ કરે છે તેની તેહકીક કરી દેવામાં આવી, પરંતુ આ વર્ણવેલ મસાઈલમાં ઘણા એવા છે જેના પર ઈમાનનો દારોમદાર નથી કેવળ કરાહત તથા ઈસ્તિહબાબમાં (મુસ્તહબ હોવામાં) જ મતભેદ છે. જે મસાઈલના કારણે અરબ તથા અજમના આલિમોએ દેવબંદીઓને કાફિર કહ્યા તે તેમના ઈસ્લામ વિરૂદ્ધના અકીદાઓ છે. અમે મુસલમાનોની જાણકારીના માટે એ અકીદાઓની યાદી રજુ કરીએ છીએ અને દરેકના સામે ઈસ્લામી અકીદા પણ બયાન કરીએ છીએ અને અમે આ યાદીમાં તેમનો જે અકીદો વર્ણન કર્યો છે તે તેમની કિતાબોમાં છવાયેલો મૌજૂદ છે. જો કોઈ ભાઈ ગલત સાબિત કરે તો તે ઈનામનો હકદાર છે. અમુક ભાઈઓનો આગ્રહ હતો કે તે બાતિલ (જૂઠા) અકીદાઓની રદ પણ કરી દેવામાં આવે, પણ અત્યારે કાગળ મળતા નથી જેથી અમે ઈન્શાઅલ્લાહ તેના માટે આ કિતાબનો બીજો ભાગ તૈયાર કરીશું જેમાં એ અકીદાઓથી જ ચર્ચા થશે. અત્યારે કેવળ યાદી રજૂ કરીએ છીએ :–

દેવબંદી અક़ીદા	ઈસ્લામી અક़ીદા
૧. ખુદા તઆલા જૂઠ્ઠ બોલી શકે છે *(મસ્અલા ઈમ્કાને કિઝબ)*– બરાહીને કાતિઅહ, લેખક મોલ્વી ખલીલ અહમદ સાહબ અંબેઠવી, જહદુલ મિકલ, લેખક *–મોલ્વી મહમૂદ હસન.*	**૧.** જૂઠ્ઠ બોલવું અયબ છે જેમ કે ચોરી અથવા ઝિના કરવો વગેરે અને રબ તઆલા દરેક અયબથી પાક છે وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا તેમજ ખુદાની સિફતો વાજિબ છે ન કે મુમ્કિન, જેથી ખુદાના માટે ''શકે, શકતો'' કહેવું બેદીની છે.

દેવબંદી અકીદા	ઈસ્લામી અકીદા
૨. અલ્લાહની શાન એ છે કે જ્યારે ચાહે ઈલ્મે ગયબ જાણી લે. કોઈ વલી, નબી, જિન, ફરિશ્તા, ભૂતને અલ્લાહે એ તાકાત નથી આપી. *(તકવિયતુલ ઈમાન, લેખક–ઈસ્માઈલ દહેલ્વી)*	**૨.** ખુદા તઆલા દરેક વખતે આલિમુલ ગયબ છે, તેનો ઈલ્મ તેની સિફત છે અને વાજિબ છે, જ્યારે ચાહે ત્યારે માલૂમ કરવાનો મતલબ એ થયો કે ન ચાહે તો અજાણ રહે, એ કુફ્ર છે. ખુદાની સિફતો ખુદાના ઈખ્તિયારમાં નહીં બલ્કે તે વાજિબ છે. (એટલે હમેશાંથી હમેશાં માટે છે) તેમ જ રબ તઆલાએ પોતાના મહબૂબોને પણ ગયબી ઈલ્મો અતા કર્યા. *(કુર્આને કરીમ)*
૩. ખુદા તઆલાને જગ્યા, જમાના તથા મુરક્કબ (અમુક ચીજોનું મિશ્રણ) અને (માદ્દા) ભૌતિકતાથી પાક માનવું બિદઅત છે. *(ઈઝાહુલ હક્ક, લેખક–મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*	**૩.** ખુદા તઆલા જગા તથા સમય તથા મિશ્રણ તથા (માદ્દ) ભૌતિકતાથી પાક છે, ન તે કોઈ જગામાં રહે છે ન તેની ઉમર છે ન તે અંગોથી બન્યો છે. એને દેવબંદીઓએ પણ અજાણતામાં કુફ્ર લખી આપ્યું છે ! *(કુતુબે ઈલ્મે કલામ)*
૪. ખુદા તઆલાને બંદાનાં કામોની પહેલેથી ખબર નથી હોતી જ્યારે બંદાઓ સારાં કે બુરાં કામો કરી લે છે ત્યારે તેને જાણ થાય છે. (બલગતુલ હયરાન, પેજ ૫૭, આયત :– اِلَّاعَلَى اللّٰهِ رِزْقُهَا وَيَعْلَمُ مُسْتَقَرَّهَا وَمُسْتَوْدَعَهَا كُلٌّ فِىْ كِتَابٍ مُّبِيْنٍ ۔ હેઠળ લેખક : મૌલ્વી હુસૈન અહમદ સાહબ ભચરાનવાલા, શાર્ગિદ મોલ્વી રશીદ અહમદ ગંગોહી	**૪.** ખુદા તઆલા હમેશાં દરેક ચીજને જાણવાવાળો છે, તેનો ઈલ્મ વાજિબ અને કદીમ (હમેશાંથી) છે જે એક ક્ષણને માટે કોઈ ચીજથી તેને બેઈલ્મ માને તે બેદીન છે. (આમ કુતુબે અકાઈદ) દેવબંદી ખુદાના ઈલ્મે ગૈબના પણ મુન્કિર છે તો નબી ﷺ ના ઈલ્મે ગયબનો ઈન્કાર કરે એમાં શી નવાઈ ?!

દેવબંદી અકીદા	ઈસ્લામી અકીદા
૫. 'ખાતિમુન્નબિય્યીન'નો અર્થ એ સમજવો ગલત છે કે હુઝૂર ﷺ અંતિમ નબી છે. બલ્કે એ અર્થ છે કે આપ અસલી નબી છે બાકી ટેમ્પરરી. જેથી જો હુઝૂર ﷺ પછી અન્ય પણ નબી આવી જાય તો પણ ખાત્મિયતમાં (અંતિમ હોવામાં) ફર્ક આવશે નહીં. *(તહઝીરુન્નાસ, લેખક : મુહમ્મદ કાસિમ નાનોત્વી, બાની દા. ઉ. દેવબંદ)*	**૫.** 'ખાતિમુન્નબિય્યીન'નો એ જ અર્થ છે કે હુઝૂર ﷺ અંતિમ નબી છે. હુઝૂર ﷺ ના જાહેરી જમાના અથવા બાદમાં કોઈ અસલી, અવતાર, મરાકી, મઝાકીનું નબી બનવું મુહાલ બિઝ્ઝાત (તદ્દન અશક્ય) છે. એ જ અર્થ પર સર્વ મુસલમાનોનો ઈજમાઅ છે અને આ જ અર્થ હદીષે વર્ણન કર્યો. જે આ અર્થનો ઈન્કાર કરે તે કાફિર છે. (જેમ કે કાદયાની તથા દેવબંદી)
૬. અમલોમાં જાહેરી રીતે ઉમ્મતી નબીથી બરાબર થઈ જાય છે બલ્કે વધી જાય છે. *(તહઝીરુન્નાસ, લેખક મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી)*	**૬.** કોઈ ગૈર નબી ચાહે તે વલી હોય કે ગૌષ કે સહાબી કોઈ કમાલ ઈલ્મી કે અમલીમાં નબીના સમાન નથી થઈ શક્તો બલ્કે ગૈર સહાબી સહાબીના બરાબર નથી થઈ શકતો. સહાબીનું થોડાક જવ ખૈરાત કરવું આપણા સેંકડો મણ સોનું ખૈરાત કરવા કરતાં પણ અત્યંતગણુ બેહતર છે. *(હદીષ)*
૭. હુઝૂર ﷺ ના જેવો તથા સમાન શક્ય છે. *(યકરોઝી, લેખક–મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*	**૭.** રબ તઆલા અજોડ ખાલિક છે અને તેના મહબૂબ અજોડ બંદા છે. તે રહ્મતુલ્લિલ્ આલમીન શફીઉલ મુઝ્નબીન છે આ ખૂબીઓને કારણે આપના જેવો મુહાલ બિઝ્ઝાત (અશક્ય) છે. *(રિસાલા ઈમ્તિનાઉન્નઝીર, લેખક : ફઝ્લે હક્ક ખૈરાબાદી)*

દેવબંદી અક़ીદા	ઈસ્લામી અક़ીદા
૮. હુઝૂરને ભાઈ કહેવા જાઈઝ છે કેમ કે આપ પણ ઈન્સાન છે. *(બરાહીને કાતિઅહ્, લેખક મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી, તકવિયતુલ ઈમાન, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*	**૮.** હુઝૂરને આમ (સામાન્ય) શબ્દો વડે પુકારવા હરામ છે અને જો તુચ્છકારની નિયત હોય તો કુફ્ર છે. (કુર્આને કરીમ) યા રસૂલલ્લાહ ! યા હબીબલ્લાહ ! કહેવું જરૂરી છે.
૯. શૈતાન તથા મલકુલ મૌતનો ઈલ્મ હુઝૂર ﷺ કરતાં વધારે છે. *(બરાહીને કાતિઆ, લેખક–મોલ્વી ખલીલ અહમદ અંભેઠવી)*	**૯.** જે વ્યક્તિ કોઈ મખ્લૂકને હુઝૂર ﷺ કરતાં ઈલ્મમાં વધારે માને તે કાફિર છે. *(જુઓ શિફા શરીફ)*
૧૦. હુઝૂર ﷺ નો ઈલ્મ બાળકો, પાગલો, જાનવરોની જેમ અથવા એમના સમાન છે. *(હિફ્ઝુલ ઈમાન, મૌલ્વી અશરફઅલી થાણવી)*	**૧૦.** હુઝૂર ﷺ અલ્લાહની તમામ મખ્લૂકમાં સૌથી મોટા આલિમ છે. હુઝૂર ﷺ ના કોઈ ગુણને અદના ચીજો સાથે સરખાવવો કે તેના સમાન બતાવવો ઉઘાડી તૌહીન છે અને એ કુફ્ર છે.
૧૧. હુઝૂર ﷺ ને ઉર્દૂ બોલવાનું મદ્રસા દેવબંદથી આવડી ગયું. *(બરાહીને કાતિઅહ્, મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી)*	**૧૧.** રબ તઆલાએ સર્વ ભાષાઓ હઝરત આદમ عليه الصلوٰة والسلام ને શીખવી દીધી અને હુઝૂર ﷺ નો ઈલ્મ એમનાથી કેટલાયે ગણો અધિક છે તો જે કહે કે હુઝૂર ﷺ ને આ ભાષા ફલાણા મદ્રસાથી આવડી તે બેદીન છે.
૧૨. દરેક નાની મોટી મખ્લૂક (નબી તથા ગૈર નબી) અલ્લાહની શાનની આગળ ચમાર (મોચી) કરતાં પણ	**૧૨.** રબ તઆલા ફર્માવે છે : وَكَانَ عِنْدَ اللّٰهِ وَجِيْهًا પછી ફર્માવ્યું اَلْعِزَّةُ لِلّٰهِ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ જે

દેવબંદી અકીદા	ઈસ્લામી અકીદા
ઝલીલ છે. *(તકવિયતુલ ઈમાન, લેખક–મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*	નબીને ખુદાની સામે ઝલીલ માને તે ખૂદ ચમાર છે ઝલીલ છે.
૧૩. નમાઝમાં હુઝૂરનો ખયાલ લાવવો પોતાના ગધેડા તથા બળદના ખયાલમાં ડૂબી જવાથી બદ્તર છે. *(સિરાતે મુસ્તકીમ, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*	**૧૩.** જે નમાઝમાં હુઝૂર ﷺ ની અઝમતનો ખયાલ ન હોય તે નમાઝ જ નામકબૂલ છે. એટલા માટે અત્તહિય્યાતમાં હુઝૂર ﷺ ને સલામ કરે છે. વો ભી કોઈ નમાઝ હૈ ? યાર ન હો, નમાઝ હો ! *(જુઓ બહષ–હાઝિરો નાઝિર)*
૧૪. મેં હુઝૂરને ખ્વાબમાં જોયા કે મને આપ પુલસિરાત પર લઈ ગયા અને જોયું કે હુઝૂર પડી રહ્યા છે તો મેં હુઝૂરને પડવાથી રોક્યા. *(બલગતુલ હયરાન, મુબશ્શિરાત, લેખક મોલ્વી હુસૈન અલી શાગિર્દ મોલ્વી રશીદ અહમદ ગંગોહી)*	**૧૪.** હુઝૂર ﷺ ના કેટલાક ગુલામો પુલસિરાત પરથી વીજળીની જેમ પસાર થઈ જશે અને પુલસિરાત પર ગબડી જનારા લોકો હુઝૂર ﷺ ની મદદથી સંભલી શક્શે. આપ દુઆ કરશે; **રબ્બિ સલ્લિમ.** (હદીષ) જે કહે કે મેં હુઝૂર ﷺ ને પુલસિરાતથી પડતાં બચાવ્યા તે બેઈમાન છે.
૧૫. મોલ્વી અશરફ અલીએ વૃદ્ધાવસ્થામાં એક કમસિન (નાની કુમળી વયની) શાગિર્દાની સાથે નિકાહ કર્યો. તે નિકાહથી પહેલાં તેના કોઈ મુરીદે ખ્વાબમાં જોયું કે મોલ્વી અશરફઅલીના ઘરમાં હઝરત	**૧૫.** હુઝૂર ﷺ ની સર્વ પત્નીઓ મુસલમાનોની માઓ છે. (કુર્આને કરીમ) ખાસ કરીને સિદ્દીકતુલ કુબરા رضی اللہ عنہا ની તો એ શાન છે કે દુનિયાભરની માઓ તેમના કદમો પર કુર્બાન થાય, કમીનો માણસ પણ

દેવબંદી અકીદા	ઈસ્લામી અકીદા
આઈશા સિદ્દીકા આવનારાં છે, જેની તાબીર મોલ્વી અશરફ અલી થાણવીએ એ કરી કે કોઈ કમસિન સ્ત્રી મારા હાથ લાગશે, કેમ કે હઝરત આઈશા સિદ્દીકાના નિકાહ જ્યારે હુઝૂર ﷺ સાથે થયા તો આપની વય સાત વરસની હતી. એ જ નિસ્બત અહીં છે કે હું વૃદ્ધ છું અને પત્ની છોકરી છે. *(રિસાલા ઈમ્દાદ, લેખક–મોલ્વી અશરફ અલી થાણવી, માહે–સફર, હિ.સ. ૧૩૩૫)*	માંને ખ્વાબની અંદર જોઈને પત્ની સાથે તાબીર નહીં આપે. આ હઝરત સિદ્દીકા رضی اللہ عنہا ની સખ્ત તૌહીન બલ્કે તે જનાબાના હક્કમાં સ્પષ્ટ ગાળ છે. એનાથી અધિક ઓર શું બેઈમાની અને બેશરમી થઈ શકે છે કે માંને પત્ની સાથે તાબીર દેવામાં આવે !

દેવબંદી અકીદાઓનો આ એક નમૂનો છે. જો સર્વ અકીદા બયાન કરાવમાં આવે તો એના માટે દફતર જોઈએ. હક્ક એ છે કે રાફઝીઓ તથા ખારજીઓએ સહાબાએ કિરામ અથવા અહલે બયતે એઝામ પર જ તબર્રા કર્યા છે. પણ દેવબંદીઓની કલમથી ન ખુદાની ઝાત બચી છે ન રસૂલ ﷺ ન સહાબાએ કિરામ ન અઝવાજે મુતહ્હરાત... સૌની તૌહીન કરવામાં આવી. જો કોઈ શખ્સ કોઈ શરીફ આદમીને કહે કે મેં તમારી વાલિદાને ખ્વાબમાં જોયાં અને તેને પત્નીથી તાબીર કરી તો તે એને સહન નથી કરી શકતો . આપણે તેમના ગુલામોના ગુલામ આપણી સિદ્દીકા માંના માટે આ વાતો કેવી રીતે સહન કરીએ? કેવળ કલમ હાથમાં છે એટલા માટે મુસલમાનોને માહિતગાર કરી દઈએ છીએ જેથી મુસલમાન તેમનાથી અલગ રહે, અથવા તે લોકો આ અકીદાથી તૌબા કરી લે.

સાહબઝાદાએ બુલંદ ઈકબાલ અઝીઝી મોલ્વી સૈયદ મહમૂદશાહ સાહબ સલ્લમહૂનો આગ્રહ હતો કે ઈમ્કાને કિઝ્બ, ઈમ્કાને નઝીર દેવબંદીઓના લખાણોના ખુલાસા પર પણ ચર્ચા કરવામાં આવે પણ કાગળની અછતને કારણે દેવબંદીઓના કેવળ અકીદા જ રજૂ કરી આપ્યા અને ઈન્શાઅલ્લાહુ તઆલા આ જ કિતાબના

બીજા ભાગમાં આ જણાવેલ મસાઈલને જોરદાર તેહકીકની સાથે રજૂ કરીશું, જેનાથી દેવબંદી આલિમોની મન્તિકદાનીની પણ ઈન્શાઅલ્લાહ ભાળ મળી જશે અને મોલ્વી હુસૈન અહમદ તથા મોલ્વી મુર્તઝા હસને જે કાંઈ લખાણોના ખુલાસા કર્યા છે તેની હકીકત પણ જાહેર થઈ જશે, ઈન્શાઅલ્લાહ ! અમારા અહલે સુન્નત પર ઈલ્ઝામ છે કે આપણે લોકો પીર પરસ્ત છીએ, નબી ﷺ અને પોતાના પીરોને ખુદાથી મિલાવી દઈએ છીએ જેથી મુશ્રિક છીએ ! અમે બતાવીએ છીએ કે ખૂદ દેવબંદી કેટલા અંશે પીર પરસ્ત છે અને એ લોકો પોતાના પીરોને શું સમજે છે ? મોલ્વી મહમૂદ હસન દેવબંદીએ પોતાના પીર મોલ્વી રશીદ અહમદ ગંગોહીના મર્ષિયામાં લખ્યું :–

तुम्हारी तुर्बते अन्वरको देकर तूरसे तस्बीह,
कहूं हूं बार बार अरेनी ! मेरी देजी भी नादानी !

મોલ્વી રશીદ અહમદની કબર તો તૂર (પર્વત) થઈ અને મોલ્વી મહમૂદ હસન સાહબ અરેની કહેવાવાળા મૂસા થયા ! તો મોલ્વી રશીદ અહમદ ગંગોહી સાહબ રબ જ થશે ને ?! આમાં તો પોતાના પીરને રબ બનાવ્યા ! એ મર્ષિયામાં લખે છે :–

ઞબાં पर अहले अहवाकी है क्यूं ओअलो हुब्बल शायद
उठा दुन्यासे कोई बानीअे ईस्लामका षानी,

એમાં મોલ્વી રશીદ અહમદ સાહબને બાનીએ ઈસ્લામ મુહમ્મદુર્રસૂલુલ્લાહના ષાની કહેવામાં આવ્યા ! પછી જણાવે છે :–

वो थे सिद्दीक और फारूक फिर कहीये अजब क्या है,
शहादतने तहज्जुदमें कदम बोसीकी गर ठानी

એમાં એમને (પીરને) સિદ્દીક તથા ફારૂક પણ બનાવ્યા. પછી ફર્માવે છે :

कुबूलियत ईसे कहते हैं मकबूल अैसे होते हैं
ओबैद सूदका उनके लकब है यूसुइे षानी

મોલ્વી રશીદ અહમદ સાહબના કાળા બંદા માશા અલ્લાહ ! એવા હસીન

છે કે તેમને યૂસુફ ષાનીનો લકબ આપવામાં આવ્યો ! વાંચકો ! વિચારો કે ખુદાથી લઈને ફારૂકે આઝમ સુધી કયો દરજો બાકી રહ્યો કે જ રશીદ અહમદ સાહબને ન આપવામાં આવ્યો ?! આખો મર્ષિયો જ જોવા જેવો છે ! એમાં આ શેઅર પણ છે :–

मुर्दोंको ज़िंदा किया ज़िंदोको मरने न दिया
ईस मसीहाईको देखे ज़री ईब्ने मरयम

આ શેઅરમાં મોલ્વી સાહબે હઝરત રૂહુલ્લાહ ઈસા عليه الصلوة والسلام ને પોતાના પીરો મુર્શિદ સાથે સરખામણી કરવાની ચેલેંજ આપી છે કે ઈસા عليه الصلوة والسلام તમે તો એક જ કામ કર્યું એટલે મુડદાંને જીવતાં કર્યાં પણ મારા રશીદ અહમદે તો બે કામો કર્યા, મુડદાંને જીવતાં કર્યાં અને જીવતાંને મરવા ન દીધાં ! **એટલે કે એમાં રશીદ અહમદને ઈસા** عليه الصلوة والسلام **કરતાં અફઝલ બતાવ્યા.**

મોલ્વી અશરફ અલી સાહબના એક મુરીદે મોલ્વી સાહબ મૌસૂફને લખ્યું કે, ''મેં ખ્વાબની હાલતમાં આ રીતે કલ્મો પઢયો : **લા ઈલાહ ઈલ્લલ્લાહ અશરફઅલી રસૂલુલ્લાહ !** ચાહતો હતો કે સહીહ કલ્મો પઢું પણ એ જ મોઢેથી નીકળતુ હતું. પછી જાગી ગયો તો દુરૂદ શરીફ પઢયું. તો આ પ્રમાણે : **અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના વ નબિય્યિના વ મૌલાના અશરફ અલી.** જાગૃત છું પણ દિલ કાબૂ બહાર છે.'' એનો જવાબ મોલ્વી અશરફઅલી થાનવી સાહબે એ આપ્યો કે, ''આ બનાવમાં સાંત્વન હતું કે જે તરફ તમે રુજૂઅ કરો છો તે બિઔનિહી તઆલા સુન્નતનો પાબંદ છે.''

(૨૪–શવ્વાલ, હિ.સ. ૧૩૩૫, રિસાલા ઈમદાદ, બાબત માહે સફર–હિ. સ. ૧૩૩૬, પેજ–૩૫ પરથી)

વિચારવું જોઈએ કે મોલ્વી અશરફ અલી થાનવીનો કલ્મો પઢી લો અને તેમના પર દુરૂદ પઢી લો પણ ઝબાનના બેકાબૂપણાનું બહાનું ન કરો ! બધું જ જાઈઝ છે ! કોઈ વ્યક્તિ પોતાની પત્નીને તલાક આપી દે અને કહે કે બેકાબૂ જીભેથી નીકળી ગયું, છતાં તલાક થઈ જાય છે. પણ અહીં એ બહાનું પૂરતું ગણવામાં આવ્યું ! અને તેને પીરના સુન્નતોના પાબંદ હોવાની દલીલ ઠરાવવામાં આવ્યું !

તઝકેરતુર્રશીદ, પેજ–૨૬માં છે કે હાજી ઈમ્દાદુલ્લાહ સાહબે ખ્વાબમાં જોયું કે આપની ભાભી તેમનાં મહેમાનોનું ખાવા પકાવી રહ્યાં છે. એવામાં હુઝૂર ﷺ તશરીફ લાવ્યા અને તેમને કહ્યું કે ઉઠ ! તું એ લાયક નથી કે ઈમ્દાદુલ્લાહનાં મહેમાનોનું ખાવા પકાવે ! તેમના મહેમાન આલિમો (આજ દેવબંદી મોલ્વીઓ !) છે ! તેમના મેહમાનોનું ખાવા હું પકાવીશ. (ચશ્મે બદદૂર)

મોલ્વી ઈસ્માઈલ સાહબ દહેલ્વી સિરાતે મુસ્તકીમના છેવટમાં પોતાના મુર્શિદ સૈયદ અહમદ સાહબની તારીફ કરતાં લખે છે કે, "એક દિવસે અલ્લાહ તઆલાએ તેમનો જમણો હાથ ખાસ પોતાના દસ્તે કુદરતમાં પકડીને ઉમૂરે કુદ્સિયહ્થી અતિબુલંદ અને દુર્લભ ચીજો તેમની સમક્ષ રજૂ કરી. પછી ફર્માવે છે કે, રબ તઆલાનો સૈય્યદ અહમદને હુકમ થયો કે જે શખ્સ તારા હાથ પર બયઅત કરશે તેઓ ભલે લાખો કેમ ન હોય અમે દરેકનો છૂટકારો કરીશું. એ જ સિરાતે મુસ્તકીમમાં અવલિયાનો ઉલ્લેખ કરતાં લખે છે; "અને તેમને અંબિયાની સાથે એ જ નિસ્બત છે જેવી નાના ભાઈઓને મોટા ભાઈઓ સાથે હોય છે, કેમ કે તેમની દરમ્યાન પણ **મિંવન્હિન્** નબુવ્વતનો ઈલાકો છે, અને **મિંવજ્હિન્** ઉખુવ્વતનો (ભાઈચારાનો) એટલે ઔલિયા અલ્લાહમાં નબુવ્વત મૌજૂદ છે. મઆઝલ્લાહ ! કહો, કોઈ મુરીદે આજ સુધી પોતાના પીરના માટે આવી બડાઈ હાંકી હશે ? પણ એ હઝરાત પર ન શિર્કનો ફત્વો છે ન કુફ્નો હુકમ ! ન તેઓ કબ્ર પરસ્ત કહેવાય !

જે કાંઈ કહેવામાં આવ્યું તેનાથી ન તો પોતાની ઈલ્મી કાબેલિયતનું પ્રદર્શન કરવાનો હેતુ છે ન મારી લાયકાત દેખાડવાનો , હુ શું અને મારી લાયકાત તથા કાબેલિયત શું ?! આ જે કાંઈ છે હઝરત મુર્શિદી તથા ઉસ્તાઝી કિબ્લા આલિમ હામીએ દીન, નાસિરે મુસ્લિમીન મૌલાના અલ્હાજ સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન સાહબ કિબ્લા મુરાદાબાદી رحمۃ اللہ علیہ والرضوان ના દરનો સદકો છે. હેતુ કેવળ એ છે કે મુસલમાન પોતાના દોસ્ત તથા દુશ્મનને ઓળખે, ઈમાનની દૌલતને દીનના ડાકૂઓથી મેહફૂઝ રાખે અને કોશિશ કરે કે દુનિયાથી ઈમાન સલામત લઈ જાય અને જે પણ એનાથી ફાયદો ઉઠાવે, આ ફકીર બેનવાંના માટે નાચીઝ

અનુવાદક માટે પણ) ખાત્મા બિલ ખૈરની દુઆ કરે, મૌલા તઆલા ઈસ્લામની બોલબાલા ફર્માવે, મુસલમાનોને રાહે મુસ્તકીમ પર કાયમ રાખે અને આ ફકીરના આ તૂટેલો ફૂટેલા શબ્દોને કબૂલ ફર્માવે. આમીન–યા રબ્બલ આલમીન બિજાહિ હબીબિ કર્રઉફૂર્રહીમિલ કરીમ વ સલ્લલ્લાહુ તઆલા અલા ખૈરિ વ નૂરિ અર્શિહી સૈયિદિના વ મૌલાના મુહમ્મદિંવ વ અલા આલિહી વ અસ્હાબિહી અજમઈન બિરહ્મતિહી વહુવ અર્રમુર્રાહિમીન.

–નાચીઝ અહમદ યા રખાં નઈમી અશરફી ઓઝાનવી બદાયૂની

મુદર્રિસ મદ્રસા ખુદ્દામુર્રસૂલ, ગુજરાત, ૬–ઝીકઅદા, રોઝ ઈમાન અફરોઝ દો શમ્બા મુબારક હિ. સ. ૧૩૬૧

આ કિતાબને લખી ચૂકયા પછી હુઝૂર અમીરે મિલ્લત કિબ્લા આલિમ મુહદ્દિષે અલીપૂરી દામ ઝિલ્લહુમનો મુબારક પત્ર મળ્યો. જેમાં એક અતિશય ઈમાન અફરોઝ બારીક ઈલ્મી પોઈન્ટ ઈર્શાદ ફર્માવવામાં આવ્યો છે અને મને હુકમ મળ્યો કે તે કિતાબમાં લખી દઉં. ખૂબ જ ગર્વ સાથે એને વાંચકોને ભેટ ધરું છું. જે લોકો હુઝૂર ﷺ ને પોતાના જેવા બશર કહે છે તેઓ નૂરે ઈમાનીથી વંચિત છે. હુઝૂર ﷺ ની શાન તો વર્ણનથીય ઉચ્ચતર છે, જે ચીજને એ ઝાતે ગિરામીથી નિસ્બત થઈ જાય તેના જેવું કોઈ નથી થઈ શકતું. તે બેમિષ્લ (અજોડ) છે. કુર્આન ફર્માવે છે : يَانِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ ''હે નબીની બીવીઓ ! તમે અન્ય ઔરતોની જેમ નથી.'' જાણવા મળ્યું કે આ પાક પત્નીઓ બે મિષ્લ (અજોડ) પત્નીઓ છે.. كُنْتُمْ خَيْرَاُمَّةٍ ''હે મુસલમાનો ! તમે શ્રેષ્ઠ ઉમ્મત છો.'' જાણવા મળ્યું કે ઉમ્મતે મુસ્તફા ﷺ અજોડ ઉમ્મત છે. મદીના મુનવ્વરા અજોડ શહેર, કબ્રે અન્વરની જમીન અજોડ જમીન, જે પાણી સરકાર ﷺ ની મુબારક આંગળીઓએથી વહ્યું તે અજોડ પાણી, હુઝૂર ﷺ નો પસીના મુબારક અજોડ પસીનો... સારાંશ કે જેને એ ઝાતે કરીમથી નિસ્બત થઈ ગઈ તે બેમિષ્લ તથા અજોડ છે. તો પછી શું કારણ છે તે ઝાત ખૂદ જેમની સર્વ બાગો બહાર છે તે અજોડ ન હોય !

ફાતેમા ઝોહરા એટલા માટે અફઝલ છે કે નબીની લાડલી, વલીની બીવી,

શહીદોની માં છે رضی اللہ عنہا સુબ્હાનલ્લાહ ! કેવો દલીલોનો ક્રમ છે ! આ'લા હઝરત قدس سرہ એ સરસ કહ્યું :–

અલ્લાહકી સરતા બકદમ શાન હૈં યહ
ઈનસા નહીં ઈન્સાન વો ઈન્સાન હૈં યહ

કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં
ઈમાન યહ કહતા હૈ મેરી જાન હૈ યહ

સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વઅલા આલિહી વ અસ્હાબિહી વબારક વસલ્લમ

–અહમદ યારખાન ઓઝનવી અફી અન્હૂ

અંબિયાની ઈજજતના મુન્કિરો પર અલ્લાહનો કહેર

દેવબંદીઓની જંગલીવાણી તથા અંબિયાની બેઅદબીએ લોકોને બારગાહે અંબિયામાં બેઅદબી માટે દિલેર કરી દીધા. હિંદુસ્તાનમાં એક ફિર્કો એ પણ પેદા થઈ ગયો જે અંબિયાએ કિરામને મઆઝલ્લાહ ગુનેહગાર બલ્કે મુશ્રિક કાફિર પણ કહે છે તે સૌ હઝરાત (એના મોંમાં ધૂળ !) પહેલાં મુશ્રિક તથા કાફિર હતા અને કબીરા ગુનાહોમાં સપડાયેલા પણ હતા, પછી તૌબા કરીને નબી બન્યા. મારી પાસે લાકડીની કલમ છે અને થોડાંક કાગળનાં પાનાંઓ જેનાથી તે બાતિલ અકીદાવાળાઓની રદ કરું છું અને નાઝ કરું છું કે મારી ઈજજત તથા આબરૂ, જીભ તથા કલમ અંબિયાની અઝમતના માટે ઢાલ બને. સૈયદેના હસ્સાને શું સરસ ફર્માવ્યું :

فَاِنَّ اَبِیْ وَوَالِدَتِیْ وَعِرْضِیْ لِعِرْضِ مُحَمَّدٍ مِّنْكُمْ وَقَاءٌ

આ રિસાલો ઘણા સમય પહેલાં 'અલફકીહ'માં હપ્તાવાર પ્રસિદ્ધ થયો. મુસલમાનોના આગ્રહને વશ થઈને **જાઅલ હક્ક**ની બીજી આવૃત્તિમાં વધારા રૂપે રજૂ કરું છું. રબ તઆલા કબૂલ ફર્માવીને લોકોના માટે લાભકારક બનાવે. એમાં એક પ્રસ્તાવના અને બે વિભાગ છે.

★ પ્રસ્તાવના ★

ગુનાહ કેટલીક જાતના છે : શિર્ક, કુફ્ર, કબીરા, સગીરા. પછી સગીરા બે પ્રકારના છે : અમુક તે જે નીચ તથા બેઈજજત પ્રકૃતિવાળા જેમ કે ચોરી, ઓછું તોલવું વગેરે અને અુમક એવા નથી. વળી તે ગુનાહોમાં પણ બે જાતો છે : જાણી જોઈને તથા ભૂલથી. તેમજ અંબિયાએ કિરામની પણ બે હાલતો છે : એક નબુવ્વતના જાહેર થતા પહેલાંનો સમય બીજો નબુવ્વત પછી નો સમય. અંબિયાએ કિરામ શિર્ક, કુફ્ર, બદઅકીદગી, ગુમરાહી અને નીચ હરકતોથી દરેક સમયે અલ્લાહના ફઝ્લથી મઅસૂમ છે. કે એ હઝરાત નબુવ્વતથી પહેલાં

અને ત્યારબાદ જાણી જોઈને કે ભૂલથી એક ક્ષણ માટે પણ બદઅકીદા નથી થઈ શકતા કેમ કે તેઓ આરિફ બિલ્લાહ જ પેદા થાય છે. મદારિજ અને મવાહિબમાં છે કે આદમ عليه الصلوة والسلام એ પેદા થતાં જ અર્શની પિંડલી પર લખેલું જોયું **લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** એનાથી આદમ عليه الصلوة والسلام નું પેદાઈશી આરિફ બિલ્લાહ હોવું પણ સાબિત થયું અને ઉસ્તાદ વગર લખવું વાંચવું પણ, કેમ કે પેદા થતાં જ લખેલુ લખાણ વાંચી લીધું. ઈસા عليه الصلوة والسلام એ પેદા થતાં જ ફર્માવ્યું : اِنِّیۡ عَبۡدُ اللّٰهِ اٰتٰنِیَ الۡکِتٰبَ وَجَعَلَنِیۡ نَبِیًّا ''હું અલ્લાહનો બંદો છું કે એણે મને કિતાબ અતા કરી અને નબી બનાવ્યો.''

તેમ જ ફર્માવ્યું : وَاَوۡصٰنِیۡ بِالصَّلٰوةِ وَالزَّكٰوةِ مَادُمۡتُ حَيًّاوَّبَرًّا بِوَالِدَتِیۡ એટલે કે ''મને જીવનપર્યંત હયાત સુધી નમાઝ, ઝકાતનો હુકમ આપ્યો અને મારી વાલિદા સાથે સુલૂક કરનારો પણ છું.'' આ આયતથી જાણવા મળ્યું કે જનાબ મસીહ પેદાઈશના સમયથી હિકમતપૂર્ણ દૃષ્ટિવાન એટલે કે રબની રબૂબિયત અને પોતાની નબુવ્વત તથા ઈન્જીલ અતા થવાને પણ જાણતા હતા હતા અને હિકમતે અમલી, અખ્લાકની તહઝીબ તથા તદબીરની મંઝિલને પણ જાણતા હતા. હઝરત ઈબ્રાહીમ عليه الصلوة والسلام એ બચપન શરીફમાં જ પોતાની કાફિર કૌમ પર તૌહીદની એવી મજબૂત દલીલ સ્થાપિત કરી કે સુબ્હાનલ્લાહ ! આફતાબ તથા ચાંદ તારાઓના ડૂબવા અને તેમની હાલતો બદલવાને તેમના મખ્લૂક હોવાની દલીલ બનાવી કે તારાઓને જોઈને કહ્યું કે હે કાફિરો ! મારો રબ આવો હોઈ શકે ? અને ડૂબતા જોઈને કહ્યું, હું ડૂબવાવાળાઓને પસંદ નથી કરતો. બચપન શરીફની આ સાદી વાતચીત પર બૂ અલી સીના અને ફારાનીની સર્વ મન્તિક (ફિલોસોફી) કુર્બાન ! એ મુન્તકી લોકો આ રીતે વર્ણવે છે ! اَلۡعَالَمُ مُتَغَيِّرٌ وَكُلُّ مُتَغَيِّرٌ حَادِثٌ વળી આ પ્રમાણે કહે છે :– اَلۡعَالَمُ حَادِثٌ وَلَاشَیۡءٍ مِنَ الۡحَادِثِ بِمَعۡبُوۡدٍ فَالۡعَالَمُ لَيۡسَ بِمَعۡبُوۡدٍ આ દલીલ કરવાની ઢબને રબે પસંદીદગીની સનદ બખ્શીને ફર્માવ્યું :– وَتِلۡكَ حُجَّتُنَا اٰتَيۡنٰهَا اِبۡرَاهِيۡمَ عَلٰى قَوۡمِهٖ હુઝૂર સૈયદુલ અંબિયા ﷺ એ પેદા થતાં જ સજદો કરીને ઉમ્મતની શફાઅત ફર્માવી. (મદારિજ તથા મબાહિબ) જાણવા

મળ્યું કે રબને, પોતાને, પોતાના મર્તબાઓને તથા પોતાના દરજાઓને તેમજ ઉમ્મતે મર્હૂમાને જાણતા પહેચાનતા પેદા થયા છે. બચપન શરીફમાં બાળકોએ ખેલ પ્રતિ આકર્ષિત કર્યા તો આપે તે જવાબ આપ્યો કે જેના પર અરસ્તૂ તથા અફલાતૂનની સર્વ હિકમતો કુર્બાન તે જ એક જવાબ માનવ જીવનનો મૂળ મકસદ છે. ફર્માવ્યું, مَاخُلِقْنَا لِهٰذَا "અમે એટલા માટે પેદા નથી થયા." રબે એનું સમર્થન આ રીતે કર્યું : وَمَاخَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّالِيَعْبُدُوْنَ "અમે જિન તથા ઈન્સાનને કેવળ મારી ઈબાદત માટે પેદા કર્યા."

ખૂદ ફર્માવે છે ﷺ કે : كُنْتُ نَبِيًّا وَّاٰدَمُ بَيْنَ الْمَاءِ وَالطِّيْنِ "હું તે વખતે નબી હતો જ્યારે કે આદમ عليه الصلوٰة والسلام પાણી તથા માટીમાં જલ્વાગર હતા." તફસીરાતે અહમદિયામાં لَايَنَالُ عَهْدِ الظّٰلِمِيْنَ ની તફસીરમાં ફર્માવે છે : اِنَّهُمْ مَعْصُوْمُوْنَ عَنِ الْكُفْرِ قَبْلَ الْوَحْيِ وَبَعْدَهٗ بِاِجْمَاعٍ અંબિયાએ કિરામ વહીથી પહેલાં અને વહી બાદ કુફ્રથી મઅસૂમ છે. આ સંક્ષિપ્ત ચર્ચાથી જાણવા મળ્યું કે હઝરાત અંબિયાએ કિરામ આરિફ બિલ્લાહ પેદા થયા છે, તેમનો દામને અસ્મત ગુમરાહીથી કદાપિ દાગદાર નથી થઈ શકતો. રહ્યા ગુનાહ, એની તફસીલ એ છે કે અંબિયાએ કિરામ ઈરાદાપૂર્વક ગુનાહે કબીરા કરવાથી હમેશાં પાક છે, જાણી બુઝીને ન તો નબુવ્વતથી પહેલાં ગુનાહે કબીરા કરી શકે છે અને ન તેના બાદ. હા ! ભૂલથી ખતાથી સાદિર થઈ શકે છે પણ તેના પર કાયમ નથી રહેતા, બલ્કે રબની તરફથી તેમને ધ્યાનિત કરાવી દેવામાં આવે છે તેઓ એનાથી અલગ થઈ જાય છે. સગીરા ગુનાહોમાં ઝલીલ હરકતોથી હમેશાં મઅસૂમ કે નબુવ્વતથી પહેલાં તથા પછી તેમનાથી કદાપિ એવી હરકતો સાદિર નથી થતી જે નીચતા તથા છીછરાપણાની દલીલ બને અને તે સગીરાઓ જે એવા ન હોય કે અંબિયાથી સાદિર થઈ છે. એ પણ ખયાલ રાખશો કે આ તફસીલ તે બાબતોમાં છે જેનો તબ્લીગ સાથે સંબંધ નથી રહ્યો. તબ્લીગ સંબંધી અહકામ એમાં વધઘટ કે છુપાવવાથી અંબિયા હંમેશાં મઅસૂમ છે કે એ હરકત તેમનાથી ન તો જાણીબુઝીને સાદિર થાય ન તો ભૂલથી થાય. એ પણ ખયાલ રાખશો કે ગુનાહોની આ તફસીલ અન્ય અંબિયાએ કિરામના માટે છે કે

તેમનાથી અમુક સગીરા ગુનાહ સાદિર થઈ શકે છે પણ સૈયદુલ અંબિયા હુઝૂર મુહમ્મદ મુસ્તફા ﷺ ના વિશે ઉમ્મતનો ઈજમાઅ છે કે આપનાથી કદાપિ કોઈપણ પ્રકારનો ગુનોહ સાદિર નથી થયો એટલે કે નબુવ્વતના ઝહૂર પહેલાં તથા તેના પછી આપે કોઈ પણ ગુનોહ સગીરા કે કબીરા જાણીબુઝીને નથી કર્યો. જેમ કે તફસીરાતે અહમદિયહ્માં આયત : لَايَنَالُ عَهْدِ الظَّالِمِيْنَ ની તફસીરમાં છે :–

لَاخِلَافَ لِاَحَدٍ فِىْ اَنَّ نَبِيَّنَاعَلَيْهِ السَّلَامُ لَمْ يَرْتَكِبْ صَغِيْرَةً وَّلَاكَبِيْرَةً طُرْفَةَ عَيْنٍ قَبْلَ الْوَحْيِ وَبَعْدَهٗ كَمَا ذَكَرَهٗ اَبُوْحَنِيْفَةَ فِى الْفِقْهِ الْاَكْبَرِ

તફસીરે રૂહુલ બયાન આયત : مَاكُنْتَ تَدْرِىْ مَالْكِتٰبُ ની તફસીરમાં છે :

يَدُلُّ عَلَيْهِ اَنَّهٗ عَلَيْهِ السَّلَامُ قِيْلَ لَهٗ هَلْ عَبَدْتَّ وَثَنًا قَطُّ قَالَ لَاقِيْلَ هَلْ شَرِبْتَ خَمْرًا قَطُّ قَالَ لَافَمَازِلْتُ اَعْرِفُ اَنَّ الَّذِىْ هُمْ عَلَيْهِ كُفْرٌ۔

એટલે કે હુઝૂર عليه الصلوٰة والسلام ને પૂછવામાં આવ્યું કે આપે કદી મૂર્તિપૂજા કરી હતી ? ફર્માવ્યું, નહીં ! શું આપે કદી શરાબનો ઉપયોગ કર્યો હતો ? ફર્માવ્યુ, નહીં ! હું તો હમેશાંથી જાણતો હતો કે અરબવાસીઓના આ અકીદા કુફ્ર છે.

(પ્રથમ વિભાગ)

★ ઈસ્મતે અંબિયાની (પવિત્રતા) સાબિતી ★

અસ્મતે અંબિયા કુર્આની આયતો તથા સહીહ હદીષો, ઈજમાએ ઉમ્મત, અકલી દલીલોથી સાબિત છે, તેનો ઈન્કાર તે જ કરશે જેની પાસે દિલો દિમાગની આંખો ન હોય.

અંબિયાની પવિત્રતા સંબંધે કુર્આની આયતો :–

(૧) રબ તઆલાએ શૈતાનને ફર્માવ્યું કે :–

اِنَّ عِبَادِىْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطٰنٌ "હે ઈબ્લીસ ! મારા ખાસ બંદાઓ પર તારી પકડ નથી."

(૨) શૈતાને પોતે પણ સ્વીકાર કર્યો હતો કે :–

وَلَاُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلِصِيْنَ ۔ ''હે મૌલા ! હું તે સૌને ગુમરાહ કરીશ સિવાય તારા ખાસ બંદાઓ.'' જાણવા મળ્યું અંબિયાએ કિરામ સુધી શૈતાનની પહોંચ નથી અને ન તે તેમને ગુમરાહ કરી શકે છે અને ન બેરાહ ચલાવી શકે, પછી તેમનાથી ગુનાહ કેવી રીતે અસ્તિત્વમાં આવે ? **આશ્ચર્ય છે કે શેતાન તો અંબિયાને મઅસૂમ માનીને બહેકાવવાથી પોતાની મજબૂરી પ્રદર્શિત કરી આપે પણ આ જમાનાના બેદીનો આ હઝરાતને મુજરિમ (ગુનેહગાર) માને ! યકીનન ! એ લોકો શૈતાનથીય બદ્તર છે.**

(૩) યુસૂફ عليه الصلوٰة والسلام ને ફર્માવ્યું હતું :–

مَاكَانَ لَنَا اَنْ نُّشْرِكَ بِاللّٰهِ مِنْ شَىْءٍ ۔ ''અમ અંબિયાના ગિરોહને એ લાયક નથી કે ખુદાની સાથે શિર્ક કરે.

(૪) હઝરત શોએબ عليه الصلوٰة والسلام એ પોતાની કૌમને ફર્માવ્યું હતું કે : مَااُرِيْدُاَنْ اُخَالِفَكُمْ اِلٰى مَا اَنْهٰكُمْ ۔ ''હું એનો ઈરાદો પણ નથી ધરાવતો કે જે ચીજથી તમને મના કરું તેને ખૂદ કરવા લાગું.''જાણવા મળ્યું કે અંબિયાએ કિરામ શિર્ક તથા ગુનોહ કરવાનો ઈરાદો પણ નથી ધરાવતા. આ જ ઈસ્મતની હકીકત છે.

(૫) યૂસુફ عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું :–

وَمَااُبَرِّئُ نَفْسِىْ اِنَّ النَّفْسَ لَاَمَّارَةٌ بِالسُّوْءِ اِلَّا مَارَحِمَ رَبِّىْ ''અહીં એ નથી કહ્યું કે મારો નફસ બુરાઈનો હુકમ કરે છે બલ્કે એવું ફર્માવ્યું કે, ''સામાન્ય નફસો માનવોને બુરાઈનો હુકમ કરે છે. સિવાય તે નફસોના જેના પર રબ રહમ ફર્માવે.'' અને તે નફસો અંબિયાના છે. જાણવા મળ્યું કે તે હઝરાતના નફસો તેમને ધોકો આપતા નથી.

(૬) રબ તઆલા ફર્માવે છે :–

اِنَّ اللّٰهَ اصْطَفٰى اٰدَمَ وَنُوْحًا وَّاٰلَ اِبْرَاهِيْمَ وَاٰلَ عِمْرَانَ عَلَى الْعٰلَمِيْنَ

જેનાથી જાણવા મળ્યું કે અંબિયાએ કિરામ આખા વિશ્વથી અફઝલ છે અને વિશ્વમાં મા'સૂમ ફરિશ્તા પણ સામેલ છે. ફરિશ્તાઓનો ગુણ (સિફત)

એ છે કે તેઓ કદી નાફર્માની કરતા જ નથી. જો અંબિયા ગુનેહગાર હોય તો ફરિશ્તા તેમનાથી વધી જાય.

(૭) રબ તઆલા ફર્માવે છે : لَايَنَالُ عَهْدِى الظّٰلِمِيْنَ અમારો નબુવ્વતનો અહદ જાલિમો એટલે ફાસિકોને મળશે નહીં.''જાણવા મળ્યું કે ફિસ્ક (ગુનાહ) અને નબુવ્વત એકત્ર થઈ શકતાં જ નથી.''

કુર્આને કરીમે અંબિયાએ કિરામનાં કથનને નકલ ફર્માવ્યો :–

يٰقَوْمِ لَيْسَ بِىْ ضَلٰلَةٌ وَّلٰكِنِّىْ رَسُوْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ''હે મારી કૌમ ! મારામાં તદ્દન ગુમરાહી નથી પણ હું રબ્બુલ આલમીનનો રસૂલ છું.'' **લાકિન્ની**થી જાણવા મળ્યું કે ગુમરાહી તથા નબુવ્વત બે એકત્ર નથી થઈ શકતાં કેમ કે નબુવ્વત નૂર છે અને ગુમરાહી અંધકાર છે. પ્રકાશ તથા અંધકારનું ભેગું થવું અશક્ય છે.

★ અંબિયાની પવિત્રતા સંબંધે હદીષો ★

૦૧. મિશ્કાત, બાબુલ વસવસામાં છે કે દરેક શખ્સની સાથે એક શૈતાન રહે છે જેને 'કરીન' કહેવામાં આવે છે પણ મારો 'કરીન' મુસલમાન થઈ ગયો જેથી તે હવે મને નેક મશ્વરા જ આપે છે.

૦૨. એ જ મિશ્કાત, બાબુલ વસવસામાં છે કે દરેક બાળકને વિલાદતના સમયે શૈતાન મારે છે પણ ઈસા عليه الصلوٰة والسلام ને પેદાઈશમાં સ્પર્શી પણ ન શક્યો. જાણવા મળ્યું કે આ બે પયગંબરો શૈતાની વસવસાઓથી પણ મેહફૂઝ છે.

૦૩. મિશ્કાત, કિતાબુલ ગુસ્લથી જાણવા મળે છે કે અંબિયાએ કિરામને ખ્વાબથી એહતેલામ (સ્વપ્નદોષ) નથી થતો, કેમ કે એમાં શૈતાની અસર છે. બલ્કે તેમની પત્નીઓ પણ એહતેલામથી પાક છે.

૦૪. અંબિયાએ કિરામને બગાસુ નથી આવતું કેમ કે એ પણ શૈતાની અસર છે એટલા માટે તે વખતે લાહૌલ પઢીએ છીએ.

૦૫. મિશ્કાત શરીફમાં બાબે અલામાતે નબુવ્વતમાં છે કે હુઝૂર عليه الصلوٰة والسلام નો સીના મુબારક ચાક કરીને તેમાંથી એક ટૂકડો ગોશ્ત કાઢી લેવામાં આવ્યો

અને કહેવામાં આવ્યું કે આ શૈતાની હિસ્સો છે. જાણવા મળ્યું કે હુઝૂર ﷺ નો નફસે કુદ્સિયહ્ શૈતાની અસરથી પાક છે અને પછી તેને આબે ઝમઝમથી ધોવામાં આવ્યો.

૦૬. મિશ્કાત શરીફ બાબે મનાકિબે ઉમરમાં છે કે, "ઉમર رضی اللہ عنہ જે માર્ગે થઈને પસાર થાય છે ત્યાંથી શૈતાન નાસી જાય છે." જાણવા મળ્યું કે જેના પર પયગંબરની નઝરે કરમ થઈ જાય તે પણ શૈતાનથી સુરક્ષિત રહે છે, તો ખૂદ તે હઝરાતનું પૂછવું જ શું ?!

★ નબીઓની પવિત્રતા સંબંધો ઉલમાનાં કથનો ★

હમેશાંથી ઉમ્મતે મુસ્તફા ﷺ નો ઈસ્મતે અંબિયા (નબીઓના પવિત્રતા) પર ઈજમાઅ રહ્યો, ફિર્કા મલઊનહ્ હશ્વિયહ સિવાય કોઈ એનો મુન્કિર નથી થયો. જેમ કે શહરે અકાઈદે નસફી, શરહે ફિકહે અકબર, તફસીરાતે એહમદિયા, તફસીરે રૂહુલ બયાન, મદારિજુન્નબુવ્વત, મવાહિબે લદુન્નિયહ, શિફા શરીફ, નસીમુર્રિયાઝ વગેરેમાં એની સ્પષ્ટતા છે.

તફસીરે રૂહુલ બયાન, આયત : مَاكُنْتَ تَدْرِىْ مَاالْكِتَابَ اَلْاٰيَةَની તફસીરમાં છે :

فَاِنَّ اَهْلَ الْوُصُوْلِ اِجْتَمَعُوْا عَلٰى اَنَّ الرُّسُلَ عَلَيْهِمُ السَّلَامُ كَانُوْا مُؤْمِنِيْنَ قَبْلَ الْوَحْيِ مَعْصُوْمِيْنَ مِنَ الْكَبَائِرِ وَمِنَ الصَّغَائِرِ الْمُوْجِبَةِ لِنَفْرَةِالنَّاسِ عَنْهُمْ قَبْلَ الْبِعْثَةِ وَبَعْدَهَا فَضْلًا عَنِ الْكُفْرِ

"એના પર એકમતી છે કે અંબિયાએ કિરામ વહીથી પહેલાં મોમિન હતા અને ગુનાહે કબીરા તેમજ તે સગીરાઓથી જે ઘૃણાપાત્ર હોય તેનાથી નબુવ્વતથી પહેલાં અને પછીથી પણ માસૂમ હતા. તો પછી કુફનો તો અવકાશ ક્યાં રહ્યો ?"

તફસીરાતે અહમદિયામાં છે :–

اِنَّهُمْ مَعْصُوْمُوْنَ عَنِ الْكُفْرِ قَبْلَ الْوَحْيِ وَبَعْدَهٗ بِالْاِجْمَاعِ وَكَذَا عَنْ تَعَمُّدِ الْكَبَائِرِ عِنْدَ الْجَمْهُوْرِ

''અંબિયાએ કિરામ કુફ્રથી વહીથી પહેલાં અને બાદમાં પણ એકમતિ સાથે મા'સૂમ છે.'' એવી જ રીતે આમ ઉલમાની દૃષ્ટિએ જાણી જોઈને ગુનાહે કબીરા કરવાથી પણ મા'સૂમ છે. સારાંશ કે મુસ્લિમ ઉમ્મતનો અંબિયાએ કિરામની ઈસ્મત (પાકીઝગી) પર ઈજમાઅ છે અને તદ્દન જાહેર છે એટલા માટે અધિક લખાણો રજુ કરવાની જરૂરત નથી.

★ નબીઓની ઈસ્મત સંબંધે બૌદ્ધિક દલીલો ★

બુદ્ધિ પણ ચાહે છે કે અંબિયાએ કિરામ કુફ્ર તથા ફિસ્કથી (ગુનાહથી) હમેશાં મા'સૂમ હોય. તેનાં કેટલાંક કારણો છે :–

(૦૧) કુફ્ર ક્યાં તો અકીદાની અજ્ઞાનતાથી થાય છે અથવા નફ્સની સરકશીથી અથવા શૈતાનના વસવસાથી થાય છે અને અમે સાબિત કરી ચૂકયા કે અંબિયાએ કિરામ આરિફ બિલ્લાહ પેદા થયા છે. તેમજ તેમના નફ્સો પાક છે. અને તેઓ શૈતાની હુમ્લાઓથી મેહફૂઝ છે. જ્યારે આ ત્રણેવ કારણો નથી તો હવે તેમનાથી કુફ્ર તથા ફિસ્ક કઈ રીતે અસ્તિત્વમાં આવે. **(૦૨)** ફિસ્ક પણ નફ્સે અમ્મારા અથવા શૈતાનની અસરથી છે અને તે હઝરાતએ બંનેથી મેહફૂઝ છે. **(૦૩)** ફાસિકની મુખાલિફત (વિરોધ) જરૂરી છે અને નબીની ઈતાઅત(આજ્ઞાપાલન) ફર્ઝ છે કે કોઈ પણ સંજોગોમાં તેમની ફર્માબરદારી કરવામાં આવે. જો નબી પણ ફાસિક હોય તો તેમની ફર્માંબરદારી પણ જરૂરી થાય અને વિરોધ પણ ! અને મિશ્રણ વિરોધાભાસ છે. **(૦૪)** ફાસિકની વાત તેહકીક વિના માનવી ન જોઈએ. રબ તઆલા ફરમાવે છે. اِنْ جَآءَكُمْ فَاسِقٌ بِنَبِإٍ فَتَبَيَّنُوْا અને નબીની દરેક વાત વિના તેહકીક માનવી ફર્ઝ છે.

રબ તઆલા ફરમાવે છે :–

مَاكَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗ اَمْرًا اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ

જેથી જો નબી પણ ફાસિક હોય તો તેમની વાત વિના તેહકીકે માનવી

પણ જરૂરી અને ન માનવી પણ જરૂરી ! અને આ મિશ્રણ વિરોધભાસી છે.

(૫) ગુનેગારથી શૈતાન રાજી છે એટલા માટે તે હિઝબુશ્શૈતાનમાં દાખલ છે અને નેક કામથી રહમાન ખુશ થાય છે જેથી તે હિઝબુલ્લાહમાંથી છે. જો પયગંબર એક ક્ષણ માટે પણ ગુનેગાર હોય તો મઆઝલ્લાહ તે શૈતાની ગિરોહમાંથી થશે અને એ અશકય છે. **(૬)** ફાસિકથી મુત્તકી અફઝલ. રબ તઆલા ફરમાવે છે : اَمْ نَجْعَلُ الْمُتَّقِيْنَ كَالْفُجَّارِ જો નબી કોઈ વખતે ગુનોહ કરે અને તે વખતે તેમનો ઉમ્મતી નેકી કરી રહયો હોય તો લાઝિમ થશે કે તે ઉમ્મતી એક ક્ષણ માટે નબીથી અફઝલ થાય, અને એ બાતિલ છે. કોઈ ઉમ્મતી એક ક્ષણ માટે પણ નબીના સમાન નથી થઈ શકતો. **(૭)** બદ અકીદાની તાઝીમ હરામ છે.

હદીષમાં છે : مَنْ وَقَّرَ صَاحِبَ بِدْعَةٍ فَقَدْ اَهَانَ عَلٰى هَدْمِ الْاِسْلَامِ જેણે બદઅકીદાની તાઝીમ કરી તેણે ઈસ્લામને તોડી પાડવામાં મદદ કરી.' અને નબીની તાઝીમ વાજિબ છે. રબ તઆલા ફરમાવે છે : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ જો નબી એક ક્ષણ માટે પણ બેદીન હોય તો તેમની તાઝીમ વાજિબ પણ અને હરામ પણ. **(૮)** ગુનેહગારોની બખ્શિશ હુઝૂર ﷺ વસીલાથી છે.

રબ ફરમાવે છે : وَلَوْاَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ الاية આ આયતમાં આમ ગુનેગારોને બારગાહે મુસ્તફવીમાં હાજર થઈને તેમના વસીલાથી ઈસ્તિગફાર (તૌબા)ની દાવત આપવામાં આવી. જો (કહેનારના મોઢામાં ધૂળ !) આપનો દામને ઈફફત ગુનાહોથી ખરડાયેલો હોય તો બતાવો પછી આપનો વસીલો કોણ થશે ? અને કોના થકી તમારી માફી થશે ? જે સૌ મુજરિમોની મગફિરતનો વસીલો થશે તો જરૂરી છે કે તે ખૂદ જુર્મથી ગુનાહોથી પાક હોય. જો તે પણ ગુનેહગાર હોય તો પછી "વિના કારણે અગ્રતા"નો પ્રશ્ન ઉભો થશે **(૯)** કિંમતી ચીજ કિંમતી પાત્રમાં રાખવામાં આવે છે.મોતીનો ડબ્બો પણ કિંમતી હોય છે. સોનેરી ઘરેણાનું બોકસ પણ કિંમતી હોય છે. દૂધનું વાસણ પણ દરેક ગંદકી તથા ખટાશથી મહેફૂઝ રાખવામાં આવે છે. જેથી દૂધ ખરાબ ન થઈ જાય. કુદરતના કારખાનામાં અંબિયાનાં દિલ કુફ્ર તથા ફિસ્ક દરેક પ્રકારની ગંદકી પાક તથા સાફ હોય એટલા માટે રબે ફરમાવ્યું :

اَللّٰهُ يَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ અલ્લાહ જ તે નફસોને જાણે છે જે તેની રિસાલતને , FSKP(૧૦) ફાસિક તથા ફાજિર (ઉઘાડે છોગે ગુનોહ કરનાર) ની ખબર ગવાહી વિના વિશ્વસનીય નથી. જો અંબિયાએ કિરામ પણ ફાસિક હોત તેમણે પોતાની દરેક ખબર માટે ગવાહી પેશ કરવાની વાત થાત. જ્યારે કે તેમનુ દરેક કથન સેંકડો ગવાહોથી વધીને છે. હઝરત અબૂ ખુઝૈમા અન્સારીએ ઊંટના વિશે એ જ તો કહ્યું હતું કે યા હબીબબલ્લાહ ! ઊંટનો વેપાર જન્નત તથા દોઝખ, હશ્ર તથા નશ્રથી વધીને નથી. જ્યારે અમે આપનાથી સાંભળીને ઈમાન લઈ આવ્યા તો અમે આપની જબાનથી સાંભળીને કેમ ન માની લઈએ કે ખરેખર આપે ઉંટ ખરીદી લીધું છે. (જ્યારે કે સોદો કરનાર ના પાડતો હતો ત્યારે આ સહાબીએ ગવાહી આપી હતી જો કે તે પોતે સોદા વખતે હાજર ન હતા છતાં) જેના ઈનામમાં તેમની ગવાહીને બેના બરાબર ઠરાવવામાં આવી. (એટલે કોઈ અન્ય ક્યાંક ગવાહી આપે તો તે એક ગવાહ ગણાય પણ આ સહાબી ગવાહી આપે તો ડબલ ગવાહ બરાબર ગણાય !)

★ ઈસ્મતે અંબિયા (નબીઓની ગુનાહોથી પવિત્રતા) સંબંધે વાંધા અને જવાબ ★

બુદ્ધિ પણ ચાહે છે કે અંબિયાએ કિરામ કુફ્ર તથા ફિસ્કથી (ગુનાહોથી પાક હોય) એ કતઈ તથા ઈજમાઈ મસ્અલો છે. તે હદીષો જેનાથી પયગંબરોનો ગુનોહ સાબિત છે જો મુતાવાતિર કતઈ નહીં બલ્કે મશહૂર અથવા આહાદ છે તે સૌ મરદૂદ છે. કોઈપણ વિશ્વસનીય નથી, ભલે સહીહ હોય. તફસીરે કબીર સૂરએ યૂસુફની તફસીરમાં છે કે જે હદીષો કરતાં સરળ છે અને તે કુર્આની આયતો અને મુતવાતિર રિવાયતો જેનાથી એ હઝરાતનું જૂઠ અથવા કોઈ અન્ય ગુનોહ સાબિત થતો હોય સૌ તાવીલ કરવાં વાજિબ છે. એના જાહેરી અર્થો મુરાદ નહી હોય. અથવા કહેવામાં આવશે કે આ પ્રસંગો નબુવ્વતની અતા પહેલાંના હતા. તફસીરાતે અહમદીયહ શરીફ, આયત : لَا يَنَالُ عَهْدِى الظّٰلِمِيْنَ ની તફસીરમાં છે :–

وَاِذَا تَـقَرَّرَ هٰذَا فَمَانُـقِلَ عَنِ الْاَنْبِيَاءِ مِمَّا يُشْعِرُ بِكِذْبٍ اَوْ مَعْصِيَةٍ فَمَا مَنْـقُوْلًا بِطَرِيْقِ الْاٰحَادِ فَمَرْدُوْدٌ وَمَاكَانَ مَنْـقُوْلًا بِطَرِيْقِ التَّوَاتِرُ فَمَصْرُوْفٌ عَنْ ظَاهِرِهٖ اِنْ اَمْكَنَ وَاِلَّا فَمَحْمُوْلٌ عَلٰى تَرْكِ الْاَوْلٰى اَوْ كُوْنِهٖ قَبْلَ الْبِعْثَةِ

બલ્કે મદારિજુન્નબુવ્વત શરીફ ભાગ–૧ પ્રકરણ ચારમાં તો ફર્માવ્યું કે આ પ્રકારની આયતો તશાબેહાતની જેમ છે જેમાં ખામોશી લાઝિમ છે. જુઓ રબ તઆલાનું કુદ્દુસ,ગની,અલીમ,કાદિરે મુત્લક બલ્કે તમામ કમાલની સિફતોથી મૌસૂફ હોવું કતઈ તથા ઈજમાઈ છે, પણ અમુક આયતો જાહેરી અર્થના લેહાઝથી તેની તદ્દન વિરુધ્ધ છે. રબ ફરમાવે છે: يُخَادِعُوْنَ اللّٰهَ وَهُوَخَادِعُهُمْ તેઓ રબને ધોકો આપે છે. રબ તેમને ફરમાવે છે : مَكَرُوْا وَمَكَرَاللّٰهُ તેમણે પ્રપંચ કર્યો. અને અલ્લાહે ફરમાવ્યું છે : فَاَيْنَمَاتُوَلُّوْا فَثَمَّ وَجْهُ اللّٰهِ જે તરફ તમે મોઢું કરો તે તરફ રબનું જ મોઢું છે. ફરમાવે છે : يَدُاللّٰهِ فَوْقَ اَيْدِيْهِمْ તેમના હાથો પર અલ્લાહનો હાથ છે. ફરમાવે છે: ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ "પછી અલ્લાહ અર્થ પર મુસ્તવા થઈ ગયો. રબ તઆલા ચહેરા,હાથ,ધોકા તથા પ્રપંચથી પાક તથા પવિત્ર છે જ્યારે આ આયતોમાં જાહેરી રીતે એ જ સાબિત થઈ રહયું છે. જેથી વાજિબ છે કે એમાં તાવીલ (અર્થઘટન) કરવામાં આવે બલ્કે તેના હકીકી અર્થો ખુદાના પર છોડવામાં આવે.જો કોઈ આ આયતોને દલીલ બનાવીને રબને અયબદાર માને તે બેઈમાન છે, એ જ પ્રમાણે જે કોઈ અમુક આયતોના જાહેરી અર્થો કરી અંબિયાએ કિરામને ફાસિક અથવા મુશ્રિક જાણે તે બેદીન છે. આ એક જવાબ જ ઈન્શાઅલ્લાહ તમામ વાંધાઓની જડ કાપી નાખશે. તેમ છતાં પણ અમે અમુક વિસ્તૃત જવાબો રજૂ કરી દઈએ છીએ.

વાંધો (૧) : ઈબ્લીસે પણ સિજદો ન કરીને ખુદાની નાફરમાની કરી અને આદમે પણ ઘઉં ખાઈને એ જ જુર્મ કર્યો. બન્નેને સજા પણ સરખી આપવામાં આવી કે તેને ફરિશ્તાઓની જમાતમાંથી અને તેમને જન્નતથી ખારિજ કરી દેવામાં આવ્યા. જુર્મ તથા સજામાં બંને બરાબર થયા. બાદમાં આદમ عليه الصلوٰة والسلام એ તૌબા કરીને માફી હાંસલ કરી ઈબ્લીસે એવું ન કર્યું. જાણવા

મળ્યું કે આપ માસૂમ ન હતા.

જવાબ : શૈતાન સિજદો ન કરવામાં મુજરિમ પણ હતો અને સજા પામનાર પણ હતો. આદમ عليه الصلوٰة والسلام ઘઉં ખાવામાં કસૂરવાર હતા અને ન તેમને કોઈ સજા આપવામાં આવી. કેમ કે શૈતાને જાણીબુઝીને સજદાથી ઈન્કાર નથી કર્યો બલ્કે રબના હુકમને ખોટો સમજીને તેના મુકાબલામાં દલીલ કરવાની હિંમત કરી, કે બોલ્યો : خَلَقْتَهٗ مِنْ نَّارٍ وَّخَلَقْتَهٗ مِنْ طِيْنٍ જેની સજામાં فَاخْرُجْ مِنْهَا فَاِنَّكَ رَجِيْمٌ ۔ وَاِنَّ عَلَيْكَ لَعْنَتِىْ اِلٰى يَوْمِ الدِّيْنِ فરમાવવામાં આવ્યું છે :

જાણે આ જમીન તેના માટે કાળા પાણીની જેમ સજાની જગા તજવીઝ કરવામાં આવી કે કિયામત સુધી અહીં ઝલીલોખાર રહે અને લાહૌલના કોરડા ખાતો ફરે. આદમના વિશે કુર્આને કરીમ વારંવાર એલાન કર્યું કે તેઓ ભૂલી ગયા, તેમણે ગુનાનો ઈરાદો પણ નથી કર્યો. فَوَسْوَسَ لَهُمَا الشَّيْطٰنُ فَنَسِىَ وَلَمْ نَجِدْ لَهٗ عَزْمًا ۔ فَاَزَلَّهُمَا الشَّيْطٰنُ ક્યાંક ફર્માવ્યું : તે (આદમ) ધોકો ખાઈ ગયા. તેમનાથી ખતા થઈ ગઈ. (ખતાએ ઈજતેહાદી) ધોકો એ થયો કે તેમનાથી રબે ફરમાવ્યું હતું કે તમે ઝાડની નજીક ન જશો. શૈતાને કહ્યું કે તમને ખાવાની મનાઈ નથી પણ ત્યાં જવાથી રોકેલા છે. અને ત્યાં ન જાવ. હું લાવી આપું છું આપ ખાઈ લો. અને જૂઠી કસમ ખાઈ ગયો કે આ ફળ ફાયદામંદ છે. અને હું આપનો ખૈરખ્વાહ (શુભેચ્છક) છું. આપ સમજ્યા કે કોઈ પણ રબની જૂઠી કસમ નથી ખાઈ શકતો. અથવા નજીક જવાની મનાને તન્ઝીહી સમજ્યા. એની પૂરી તેહકીક 'તફસીરે નઈમી' પ્રથમ પારામાં એજ આયત હેઠળ જુઓ. આ તો અમલોમાં ફર્ક થયો. હવે રહ્યુ જમીન પર આવવું તો રબ તઆલાએ તેમને જમીનની ખિલાફતના માટે જ પેદા કર્યા હતા, કે ફરમાવ્યું હતું : اِنِّىْ جَاعِلٌ فِى الْاَرْضِ خَلِيْفَةً જન્નતમાં તો અમુક દિવસો એટલા માટે રાખ્યા કે ત્યાં મકાનો તથા બાગો જોઈને એ પ્રમાણે જમીનને આબાદ કરે, જાણે એ જગા એમના માટે ટ્રેનિંગ હતી. કોઈને ટ્રેનિંગ સ્કૂલમાં હમેશાં માટે નથી રાખવામાં આવતો. એમને રડાવીને એટલા માટે મોકલવામાં આવ્યા કે તમામ ફરિશ્તાઓએ ગિર્યાઓ ઝારી (રૂદન કાકલૂદી)

સિવાય સર્વ ઈબાદતો કરી હતી. દર્દે દિલ જ એ ચીજ છે કે જેના કારણે માણસ ફરિશ્તાઓથી અફઝલ થયો. જન્નતનું બહાનું હતું. હકીકતમાં પોતાના ઈશ્કમાં રડાવવાનું હતું.

दर्दे दिलके वास्ते पेदा किया इन्सानको
वरना ताअतके लिये कुछ कम न थे फरिश्ते

अय ख्याले पार क्या करना था और क्या कर दिया
तू तो पर्दामें रहा और मुझको रुस्वा कर दिया

આ રાઝને તે જ સમજે જે ઈશ્કની લિજજતથી વાકેફ હોય. રબે શૈતાને ફર્માવ્યું હતું اِهْبِطُوْ مِنْهَا جَمِيْعًا અને અહીં ફર્માવવામાં આવ્યું : اُخْرُجْ مِنْهَا જેમાં બતાવવામાં આવ્યું કે તમને અરસાના માટે જમીનમાં મોકલવામાં આવી રહ્યા છે પછી તમારી કરોડો ઔલાદની સાથે અહીં પાછા આવશો. એટલે કે બે જઈ રહ્યાં છો અને કરોડોને સાથે લાવશો. દીનના બુઝુર્ગો ફર્માવે છે કે આદમ عليه الصلوٰة والسلام ને જન્નતમાંથી કાઢવામાં નથી આવ્યા બલ્કે આપણે જ તેમને ત્યાંથી અલગ કર્યા. કેમ કે તેમની પીઠમાં કાફિરો, ફાસિકો સૌની રૂહો હતી કે જે જન્નતને લાયક ન હતી જેથી હુકમ થયો કે હે આદમ ! નીચે જઈને આ ખબીષોને છોડી આવો ! પછી આપની જગા આ જ છે. (મિર્કાત બાબે ઈમાન બિલ કદર થતા રૂહુલ બયાન આયત : فَاَزَلَّهُمَا الشَّيْطٰنُ)

વાંધો (૨) : શૈતાનનું જમીનમાં આવવું પરદેશમાં આવવું છે પણ આદમ عليه الصلوٰة والسلام નું અહીં આવવું પરદેશમાં આવવું નથી કેમ કે આદમ શરીર તથા રૂહના સંગમનું નામ છે અને તેમનું શરીર જમીન પર તેમજ માટી વડે બન્યું જેથી જમીન તેમના શરીરનું વતન થઈ અને આલમે અરવાહ જાણે રૂહનું વતન છે. અને રૂહના વતનથી શરીરના વતન પ્રતિ આવ્યા. જે ઈન્સાન મૃત્યુ પામીને જન્નતમાં જાય તે પરદેશમાં નહીં બલ્કે શરીરના વતનથી રૂહના વતને ગયો. પણ શૈતાનની પેદાઈશ આગથી છે જેથી જમીનમાં એના માટે પરદેશ થયો.

જવાબ : જો આદમ عليه الصلوٰة والسلام નું જમીન પર આવવું અઝાબ હોત તો

અહીં તેમને ખલીફા ન બનાવવામાં આવત, તેમના માથા પર નબુવ્વતનો તાજ ન રાખવામાં આવત, તેમની ઔલાદમાં ઔલિયા તથા અંબિયા ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺ પેદા કરવામાં ન આવત. ગુનેગારને માફ કરવામાં આવે તો કૈદથી કાઢે છે, શાહી મહેલમાં લાવીને પછી તેના પર ઈનામોની વર્ષા કરવામાં આવે છે, ન કે જેલખાનામાં જ રાખીને ! હકીકત એ છે કે મોટાઓની જાહેરમાં જણાતી ખતા નાનાઓ માટે અતા હોય છે. દુનિયા અને અહીંની સર્વ નેઅમતો એ પ્રથમ ખતા (ખતાએ ઈજતેહાદી)નો જ સદકો છે. મજાની વાત તો એ છે કે આદમ عليه الصلوة والسلام ના માટે ઘઉંનો દાણો ખાવો ખતા ઠરાવવામાં આવ્યું અને તેમની ઔલાદના માટે એ જ ખોરાક નક્કી થયો.

વાંધો (૩) : હઝરત આદમ તથા હવ્વાએ પોતાના એક પુત્રનું નામ હારિષ રાખ્યું. હારિષ શૈતાનનું નામ છે તેને કુર્આને કરીમે ફર્માવ્યું : فَلَمَّا اٰتٰهُمَا صٰلِحًا جَعَلَا لَهٗ شُرَكَآءَ જેનાથી જાણવા મળ્યું કે આદમ عليه الصلوة والسلام નું આ કામ શિર્ક હતું. સાબિત થયું કે પયગમ્બર શિર્ક કરી લે છે. હાકિમની રિવાયતમાં છે કે આ આયતમાં હઝરત આદમ તથા હવ્વા મુરાદ છે.

જવાબ : આદમ عليه الصلوة والسلام આ પ્રકારની અયબોથી તદ્દન પાક છે. વાંધો ઉઠાવનારે આ આયતથી ધોકો આપ્યો. ઘણા બધા મુફસ્સિરો ફર્માવે છે કે **જઅલા**નો કર્તા કુસફ તથા તેની પત્ની છે. કેમ કે : خَلَقَكُمْ مِنْ نَّفْسٍ وَّاحِدَةٍ وَّجَعَلَ مِنْهَا زَوْجَهَا નો અર્થ એ છે કે હે કુરૈશ ! રબે તમને એક જાન એટલે કુસયથી પેદા કર્યા અને કુસયની પત્ની તેની જાતીથી બનાવી. કુસયએ એ ગજબ કર્યો કે પોતાના રબથી દુઆઓ કરીને પુત્ર માંગ્યો હતો અને તેનું નામ અબ્દુલહારિષ રાખી દીધું. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન વગેરે)* આ સ્થિતિમાં કોઈ વાંધો જ નથી અને અમુક ફર્માવ્યું કે **જઅલ**ની ઝમીરથી પહેલાં બે મઝાફ છુપાયેલા છે અને તેનો ફાઈલ આદમની ઔલાદ તથા હવ્વા જ છે. એટલે કે આદમ તથા હવ્વાની અમુક ઔલાદે શિર્ક શરૂ કરી આપ્યું. (જુઓ રૂહુલ બયાન તથા મદારિક વગેરે) એટલા માટે આગળ બહુવચનનો સેગો (સૂચક) ઈર્શાદ થયો : فَتَعٰلَى اللّٰهُ عَمَّا يُشْرِكُوْنَ જો આ કૃત્ય આદમ عليه الصلوة والسلام તથા હવ્વાનું હોત તો **યુશ્રકાન** ચેતવણીનો સેગો હોત. તેમજ એક મામૂલી

સરખી ખતા એટલે ઘઉં ખાઈ લેવા પર એતાબ થયો તો શિર્ક કરવા પર તો ઘણો સખત અઝાબ થતો, પણ તદ્દન નથી થયો. હાકિમની એ રિવાયત તદ્દન વિશ્વસનીય નથી કેમ કે એ ખબરે વાહિદ છે અને પયગંબરની ઈસ્મત યકીની તથા કતઈ છે.

વાંધો (૪) : રબ તઆલા ફર્માવે છે : وَعَصٰى اٰدَمُ رَبَّهٗ فَغَوٰى આદમ عليه الصلوٰة والسلام એ રબની ફર્માની કરી પછી ગુમરાહ થઈ ગયા. આનાથી આદમ عليه الصلوٰة والسلام નો ગુનોહ તથા ગુમરાહી બંને માલૂમ થયાં.

જવાબ : અહીં મજાઝન્ ખતાને ઈસ્યાં કહેવામાં આવ્યું અને **ગવા**નો અર્થ ગુમરાહી નથી બલ્કે હેતુ ન પામવો છે. એટલે કે કાયમી હયાતના માટે ઘઉં ખાધો તે તેમને મળ્યું નહીં. બલ્કે ઘઉંથી નફાને બદલે નુકસાન થયું. એટલે કે પોતાના હેતુની તરફ માર્ગ ન પામ્યો. જુઓ રૂહુલ બયાન એ જ આયત. જ્યારે રબે તેમના ભૂલી જવાનું વારંવાર એલાન કર્યું તો **અસા**થી ગુનોહ સાબિત કરવો કલામુલ્લાહમાં વિરોધાભાસ ઉભો કરવું છે.

વાંધો (૫) : ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام એ ચાંદ, સૂરજ બલ્કે તારાઓને પોતાનો ખુદા માન્યો, કેમ કે ફર્માવ્યું : **હાઝા રબ્બી** અને એ સ્પષ્ટ શિર્ક છે. જાણવા મળ્યું કે આપે પ્રથમ શિર્ક કર્યું પછી તૌબા કરી

જવાબ : એનો જવાબ પ્રસ્તાવનામાં આવી ગયો કે ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام એ પોતાની કૌમને પ્રશ્નના રૂપે ફર્માવ્યું કે શું આ મારો રબ છે?! પછી પોતે જ તેનો જવાબ પણ દલીલ સાથે ઈર્શાદ કર્યો કે, لَاۤ اُحِبُّ الْاٰفِلِيْنَ એનાથી પહેલાં પણ ઈર્શાદ થયો :–

وَكَذٰلِكَ نُرِيْۤ اِبْرٰهِيْمَ مَلَكُوْتَ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَلِيَكُوْنَ مِنَ الْمُوْقِنِيْنَ

પછી તારા જોવાનો પ્રસંગ બન્યો અને બાદમાં કહ્યું :– وَتِلْكَ حُجَّتُنَاۤ اٰتَيْنٰهَاۤ اِبْرٰهِيْمَ عَلٰى قَوْمِهٖ આ ક્રમથી જાણવા મળ્યું કે વિશ્વના મુલ્કો જોયા બાદ તારાઓનો પ્રસંગ બન્યો અને રબે એ કલામની પ્રશંસા કરી. જો એ વાત શિર્ક હતી તો પ્રશંસા કરવું કેવું ? એવું જ હોત તો સખ્ત એતાબ થવો જોઈતો હતો !

વાંધો (૬) : ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام ત્રણવાર જૂઠ્ઠુ બોલ્યા કે :–

(૧) આપ તંદુરુસ્ત હતા પણ કૌમને કહ્યું : اِنِّیْ سَقِیْمٌ (કુર્આન) હું બીમાર છું. **(૨)** જાતે મૂર્તિઓને તોડી અને કૌમના પૂછવા પર કહ્યું : بَلْ فَعَلَهٗ كَبِيْرُهُمْ هٰذَا ''આ મોટી મૂર્તિએ એ કામ કર્યું છે.'' **(૩)** પોતાની પત્ની હઝરત સારાને કહ્યું, هٰذِهٖ اُخْتِیْ ''આ મારી બહેન છે.'' અને યકીનન જૂઠ્ઠુ બોલવું ગુનોહ છે. જાણવા મળ્યું કે આપ મા'સૂમ નથી.

જવાબ : એના કેટલાક જવાબો છે : એક તો એ કે મજબૂરીની હાલતમાં જ્યારે કે જાનનો ખતરો હોય તો જૂઠ ગુનોહ નથી. એટલે સુધી કે એવી મજબૂરીમાં મોઢેથી કુફ્ર પર બોલી નાખવાની ઈજાઝત છે. اِلَّا مَنْ اُكْرِهَ وَقَلْبُهٗ مُطْمَئِنٌّ بِالْاِيْمَانِ જે પ્રસંગોએ આપે આ વાક્યો કહ્યાં ત્યાં ક્યાં તો જાનનો ખતરો હતો અથવા આબરૂનો ખતરો હતો. તે જાલિમ બાદશાહ આપની પાસેથી હઝરત સારાને બળજબરીથી છીનવા ચાહતો હતો. અને અન્ય પ્રસંગોએ આપને જાનનો ખતરો હતો એટલા માટે એવું ફર્માવ્યું, (રૂહુલ બયાન, આયત : بَلْ فَعَلَهٗ كَبِيْرُهُمْ) જેથી એ કાર્ય ગુનાહ ન થયું. બીજુ એ કે એમાંથી કોઈ વાત જૂઠી નથી, બલ્કે એમાં અધ્યાહન અર્થો લેવામાં આવ્યા છે જેને તૌરિયહ્ કહે છે, તો જરૂરતના પ્રમાણે જાઈઝ છે. નબી કરીમ ﷺ એ એક વૃદ્ધાને કહ્યું કે ''કોઈ વૃદ્ધા જન્નતમાં જશે નહીં.'' જુઓ એક શખ્સે ઊંટ માંગ્યું તો કહ્યું, ''તને ઊંટનું બચ્ચુ આપીશ.'' એક સહાબીની આંખ પર હાથ રાખીને કહ્યું કે, ''આ ગુલામને કોણ ખરીદે છે ?'' વગેરે (મિશકાત બાબુલ મઝાદ) હઝરત સારાને બહેન કહેવાથી દીની બહેન મુદ્દરા હતી ન કે વંશિક બહેન. જેમ કે દાઉદ عليه الصلوٰة والسلام ની પાસે બે ફરિશતાવાદી તથા પ્રતિવાદી બનીને હાજર થયા અને અર્ઝ કરી કે هٰذَا اَخِیْ لَهٗ تِسْعٌ وَّتِسْعُوْنَ نَعْجَةً ''આ મારો ભાઈ છે જેની પાસે ૯૯ બકરીઓ છે.'' અહીં ભાઈ તથા બકરીઓનો મજાઝી અર્થ લેવામાં આવ્યો છે એ જ પ્રમાણે આપનું એ ફર્માવવું اِنِّیْ سَقِیْمٌ એનો એ અર્થ છે કે હું બીમાર થનાર છું ન કે અત્યારે બીમાર છું. જેમ કે اِنَّكَ مَيِّتٌ وَّاِنَّهُمْ مَيِّتُوْنَ સકીય એટલે નારાજી તથા રંજ મુરાદ છે, એટલે મારું

દિલ તારાથી નારાજ છે. એ જ પ્રમાણે بَلْ فَعَلَهٗ كَبِيْرُهُمْ માં **કબીર**થી રબ તઆલા મુરાદ છે અને **હાઝા**થી એના પ્રતિ ઈશારો છે. કેમ કે કાફિરો રબ તઆલાને મોટો ખુદા અને મૂર્તિઓને નાના મઅબૂદ સમજતા હતા, એટલે આ કામ તે રબનું છે જેને તમે એ સૌથી મોટો સમજો છો. નબીનું કામ રબનું જ કામ છે, તેઓ સમજ્યા કે આ મોટામાં મોટી મૂર્તિ મુરાદ છે અથવા **ફઅલહૂ** શકના તરીકા પર ફર્માવ્યું, એટલે કે મોટી મૂર્તિએ કર્યું હશે ! અને શક છે જેમાં સત્ય કે જૂઠનો વહેમ નથી. સૌથી મોટી વાત એ છે કે રબે આ બનાવો વર્ણન કરતાં ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام પર કોઈ એતાબ નથી કર્યો બલ્કે તેમને પસંદીગીની સનદ અર્પણ કરી. જેમ કે મૂર્તિખંડનના વર્ણન પહેલાં ફર્માવ્યું: وَلَقَدْ اٰتَيْنَا اِبْرٰهِيْمَ رُشْدَهٗ જાણવા મળ્યું કે આપનું આ કાર્ય રુશ્દો હિદાયત હતું અને જાહેર છે જૂઠ રુશ્દો હિદાયત નથી. બીમારીનો બનાવ વર્ણન કરતાં ફર્માવ્યું : اِذْ جَآءَ رَبَّهٗ بِقَلْبٍ سَلِيْمٍ ۔ اِذْ قَالَ لِاَبِيْهِ الاية જેનાથી જાણવા મળ્યું કે આ કલામ સલામત તબીઅતની દલીલ પૂરી પાડે છે અને જૂઠ બીમારી છે ન કે સલામતી.

વાંધો (૭) : દાઉદ عليه الصلوٰة والسلام એ પરાઈ સ્ત્રી એટલે કે ઔરિયાની પત્નીને બદનજરે જોયી, જેનો પ્રસંગ સૂરએ(ص)સાદ માં છે. અને આ કૃત્ય યકીનન જુર્મ છે.

જવાબ : ઈતિહાસકારોએ દાઉદ عليه الصلوٰة والسلام ના કિસ્સામાં ઘણો બધો વધારો કરી દીધો છે અને જે કાંઈ અહાદીષે આહાદમાં છે તે પણ અયોગ્ય છે. એટલા માટે હઝરત અલી رضى الله عنه એ એલાન કર્યું હતું કે જે કોઈ દાઉદ عليه الصلوٰة والسلام નો કિસ્સો કહાનીઓની જેમ વર્ણન કરશે હું તેને ૧૮૦ કોરડા મારીશ ! એટલે કે તોહમતની સજા ૮૦ કોરડા છે તેના બમણા લાગશે. *(રૂહુલ બયાન, સૂ. ૭, કિસ્સાએ દાઉદ)* પ્રસંગ કેવળ એ હતો કે એક શખ્સ ઔરિયાએ એક સ્ત્રીને નિકાહનો પૈગામ આપ્યો. દાઉદ عليه الصلوٰة والسلام એ પણ તેને પયગામ પર પયગામ આપી દીધો. તેણે આપની સાથે નિકાહ કરી લીધા અને તે શખ્સ નિકાહ ન કરી શકયો. જેમ કે તફસીરાતે અહમદિયા, આયત : لَا يَنَالُ عَهْدِى الظّٰلِمِيْنَ ની તફસીરમાં છે :–

وَعَنْ دَاوٗدَ بِكَوْنِهٖ اِقْدَامًا عَلَى الْفِعْلِ الْمَشْرُوْعِ وَهُوَ نِكَاحُ الْمَخْطُوْبَةِ لِاَوْرِيَا لَانَظَرُهٗ مَنْكُوْحَتَهٗ

કેમ કે આ જાઈઝ કામથી પણ નબુવ્વતની શાન બુલંદો બાલા છે એટલા માટે રબ તઆલાએ તેમના એહતેરામને વિશેષ કરતાં બે ફરિશતાઓને એક કાલ્પનિક કેસ લઈને મોકલ્યા અને તેમણે પોતાના તરફ નિસ્બત કરીને આપનાથી ફૈસલો કરવાની ઈન્ડાયરેક્ટલી સમજાવી દીધું. સુબ્હાનલ્લાહ ! શું શાન છે ? અને અંબિયાનો રબ તઆલાને ત્યાં કેટલો એહતેરામ છે ! અતિશય ઉમદા તરીકાથી તેમને મામલો સમજાવવામાં આવ્યો. રબ તો તેમની આવી અઝમત ફર્માવે અને આ બેદીન એ હઝરાત પર બદનજર નો આક્ષેપ મૂકે ! અલ્લાહની પનાહ !

વાંધો (૮) : યૂસુફ عليه الصلوٰة والسلام એ અઝીઝે મિસ્રની પત્ની ઝુલૈખા સાથે ગુનાહનો ઈરાદો કર્યો જેને રબ ફર્માવે છે :–

وَلَقَدْ هَمَّتْ بِهٖ وَهَمَّ بِهَا لَوْلَا اَنْ رَّاٰ بُرْهَانَ رَبِّهٖ

"ઝુલૈખાએ યૂસુફ عليه الصلوٰة والسلام નો અને એમણે ઝુલૈખાનો ઈરાદો કરી લીધો. જો પોતાના રબની બુરહાન (દલીલ) ન જોવત તો ન જાણે શું થઈ જાત !" જુઓ આ કેટલો મોટો ગુનોહ હતો જે યૂસુફ عليه الصلوٰة والسلام થી સાદિર થયો !

જવાબ : યૂસુફ عليه الصلوٰة والسلام ગુનાહનો ઈરાદો તો શું એના ખયાલથી પણ મેહફૂઝ રહ્યા ! જે એવું કહે કે તેમણે એનો ઈરાદો કરી લીધો હતો તે **કાફિર** છે. રૂહુલ બયાનમાં આ જ આયતની તફસીરમાં છે :–

فَمَنْ نَسَبَ اِلَى الْاَنْبِيَآءِ الْفَوَاحِشَ كَالْعَزْمِ عَلَى الزِّنَاءِ وَنَحْوِهِ الَّذِىْ يَقُوْلُهُ الْحَشْوِيَّةُ كَفَرَ لِاَنَّهٗ شَتْمٌ لَّهُمْ كَذَا فِى الْقُنْيَةِ

રહ્યો તમારો વાંધો, તેનો જવાબ એ છે કે આ આયતની બે તફસીરો છે, એક એ કે **વલકદ હમ્મત બિહી** પર વકફ કરી દો અને **હમ્મબિહા**થી અલગ આયત શરૂ કરો તો અર્થ એ થયો કે "બેશક ! ઝુલૈખાએ યૂસુફનો ઈરાદો કરી લીધો એ પણ ઈરાદો કરી લેત જો પોતાના રબની દલીલ ન જોવત !"

તો કોઈ વાંધો રહ્યો નહીં. આ અર્થ નકલી તથા અકલી દરેક રીતે સહીહ છે ખાઝિને ફર્માવ્યું કે અસલ લખાણ આ પ્રમાણે છે :– وَلَوْلَا اَنْ رَّاٰبُرْهَانَ رَبِّهٖ لَهَمَّ بِهَا ''પઢનારે જોઈએ કે **બિહી** પર વકફ કરે અને **હમ્મબિહા**થી આયત શરૂ કરે અને એ જ વાત કયાસની નજીક પણ છે કેમ કે કુર્આન કરીમે આ મકામ પર ઝુલૈખાની તૈયારીઓ તો બયાન કરી وَغَلَّقَتِ الْاَبْوَابَ وَقَالَتْ هَيْتَ لَكَ કે તેણે તમને દરેક રીતે આકર્ષવાની કોશિશ પણ કરી અને બોલાવ્યા પણ, દરવાજો પણ બંધ કરી લીધો, પણ યૂસુફ عليه الصلوٰة والسلام ની બેઝારી, નફરત તથા પવિત્રતાનો પણ ઉલ્લેખ કર્યો, قَالَ مَعَاذَ اللّٰهِ اِنَّهٗ رَبِّیْ اَحْسَنَ مَثْوَایَ اِنَّهٗ لَایُفْلِحُ الظّٰلِمُوْنَ ''ખુદાની પનાહ, તે મારો મુરબ્બી છે, તેનાં મારા પર એહસાનો છે, આવી હરકત જુલ્મ છે અને જાલિમ કામયાબ નથી.''

અને પછી ફર્માવ્યું, كَذٰلِكَ لِنَصْرِفَ عَنْهُ السُّوْٓءَ وَالْفَحْشَآءَ ફહશાથી ઝિના અને સૂઅ્થી ઝિનાનો ઈરાદો મુરાદ છે. જાણવા મળ્યું કે રબે ઝિનાના ઈરાદાથી પણ તેમને મેહફૂઝ રાખ્યા. છેવટે ઝુલૈખાએ પણ એ જ કહ્યું કે : اَلْاٰنَ حَصْحَصَ الْحَقُّ اَنَا رَاوَدْتُّهٗ عَنْ نَّفْسِهٖ وَاِنَّهٗ لَمِنَ الصّٰدِقِيْنَ માં જ તેમને આકર્ષવાની કોશિશ કરી હતી, તે તો સાચા હતા.'' બલ્કે દૂધ પીતા બાળકથી પણ તેમની પાકદામની અને ઝુલૈખાની ખતાકારીની ગવાહી દેવડાવી દીધી, કે وَشَهِدَ شَاهِدٌ مِّنْ اَهْلِهَا અઝીઝે મિસ્રએ પણ એ જ કહ્યું :–

اَعْرِضْ عَنْ هٰذَا سكته وَاسْتَغْفِرِیْ لِذَنْبِكِ اِنَّكِ كُنْتِ مِنَ الْخٰطِئِيْنَ

હે ઝુલૈખા ! તમે તમારા ગુનાહથી તૌબા કરો ! તમે જ ખતાકાર છો. જુઓ ! દૂધ પીતા બાળકે, અઝીઝે મિસ્રએ, ખૂદ ઝુલૈખા બલ્કે અલ્લાહ તઆલાએ એમના નિર્દોષ હોવા સંબંધે ગવાહીઓ આપી. જો ઝુલૈખાની જેમ તેઓ પણ ગુનાહનો ઈરાદો કરી લેતે તો આપ પણ મુજરિમ ઠરત અને આ ગવાહીઓ ગલત થઈ જાત. હા ! કેવળ એ થાત કે ઝુલેખાએ જુર્મની શરૂઆત કરી પણ પછી આપ પણ શરીક થઈ ગયા. તેમજ જો યૂસુફ عليه الصلوٰة والسلام એ ઝિનાનો ઈરાદો કર્યો હોત તો તેમની તૌબા તથા ઈસ્તિગફારનો ઉલ્લેખ જરૂર થાત.

તફસીરે મદારિકમાં છે :–

وَلِاَنَّهٗ لَوْوُجِدَ مِنْهُ ذٰلِكَ لَذُكِرَتْ تَوْبَتُهٗ وَاِسْتِغْفَارُهٗ સારાંશ કે આ આયતનો એ અર્થ કરવો ખૂબ જ બેહતર છે કે, 'તે પણ ઈરાદો કરી લેતે જો રબની બુરહાન (દલીલ) ન જોવત.'' તફસીરે કબીરે ફર્માવ્યું કે (لو)નો જવાબ એના પર મુકદ્દમ પણ થઈ શકે છે જેમ કે આયતમાં છે :

اِنْ كَادَتْ لَتُبْدِىْ بِهٖ لَوْ لَآ اَنْ رَّبَطْنَا عَلٰى قَلْبِهَا (કબીર, આયત, વલકદ હમ્મતબિહી) બીજી તફસીર એ છે કે **બિહી** પર વકફ ન કરો બલ્કે **બિહા** સુધી એક જ વાક્ય માનો. અને આયતનો અર્થ એ થાય કે, બેશક ! ઝુલૈખાએ યૂસુફ عليه الصلوٰة والسلام નો અને તેમણે ઝુલૈખાનો **હમ્મ** કરી લીધો. પણ આ બંને હમ્મોમાં ફર્ક કરવો જરૂરી છે. **હમ્મતબિહી**માં **હમ્મ**નો અર્થ ઝિનાનો ઈરાદો છે અને **હમ્મબિહા**માં એનો અર્થ છે, દિલનું બેઈખ્તિયાર આકર્ષણ જેની સાથે ઈરાદો નથી હોતો. એટલે કે ઝુલેખાએ તો યૂસુફ عليه الصلوٰة والسلام નો ઈરાદો કર્યો અને તેમના દિલમાં ગૈર ઈખ્તિયારી આકર્ષણ ઉદ્ભવ્યું, કે જે ન ગુનોહ છે ન જુર્મ. જેમ કે રોઝામાં ઠંડુ પાણી જોઈને એ તરફ દિલ આકર્ષાય તો છે પણ તેને પી લેવાનો ઈરાદો તો શું પણ કલ્પના સુધ્ધાં નથી થતી. કેવળ ઠંડુ ઠંડુ પાણી સારું જણાય છે. જો બંને હમ્મોના સમાન અર્થ થાત તો તે બે જગાએ શબ્દ બોલવામાં ન આવત બલ્કે **વલકદ હમ્મા ખનિયહ**થી કહી દેવું પૂરતું હતું એટલે કે એ બંનેવે ઈરાદો કરી લીધો. જુઓ ! **મકરૂ વ મકરલ્લાહ** કે અહીં પ્રથમ મકરનો અર્થ જ જુદો છે અને બીજા મકરનો મકસદ જ કાંઈ ઓર છે.

અને તફસીરે ખાઝિનમાં છે :–

قَالَ الْاِمَامُ فَخْرُالدِّيْنُ اِنَّ يُوْسُفَ عَلَيْهِ السَّلَامُ كَانَ بَرِيْئًا مِّنَ الْعَمَلِ الْبَاطِلِ

والهم المحرم ـ

યાદ રાખશો કે ઝુલૈખાએ દરવાજા પર મિસ્રના અઝીઝને જોઈને યૂસુફ عليه الصلوٰة والسلام ને ઝિનાની તોહમત ન લગાડી બલ્કે ઝિનાના ઈરાદાની, કે કહ્યું : قَالَتْ مَاجَزَآءُ مَنْ اَرَادَ بِاَهْلِكَ سُوْٓءً اِلَّآ اَنْ يُّسْجَنَ ''જે તારી પત્નીની સાથે બુરાઈનો ઈરાદો કરે તેની સજા જેવી સિવાય બીજી કઈ છે?'' તેને રદિયો યૂસુફ

عليه الصلوٰة والسلام એ આપ્યો કે هِيَ رَاوَدَتْنِيْ عَنْ نَّفْسِيْ "બદકારીનો ઈરાદો તેણીએ કર્યો હતો." એનો દૂધ પીતા બાળકે પણ રદિયો આપ્યો અને તેની રદ ખૂદ અઝીઝે મિસ્રએ કમીઝ મુબારક ફાટેલી જોઈને કરી કે કહ્યું, اِنَّهٗ مِنْ كَيْدِكُنَّ અને તેને મિસ્રી ઔરતોએ પણ રદિયો આપ્યો અને તેને છેવટે ખૂદ ઝુલેખાએ પણ રદિયો આપીને પોતાનો જુર્મ સ્વીકારી લીધો. જો **હમ્મ બિહા**નો અર્થ હોય કે યૂસુફ عليه الصلوٰة والسلام એ ઝિનાનો ઈરાદો કરી લીધો હતો તો લાઝિમ આવે છે કે રબ તઆલાએ ઝુલેખાની તાકીદ કરી અને તે સૌ હઝરાતની રદ કરી. અને એ કલામના મકસદની વિરૂદ્ધ છે. આ ચર્ચા ખૂબ જ ધ્યાનમાં રાખશો. ઈન્શાઅલ્લાહ કામ લાગશે.

વાંધો (૯) : મૂસા عليه الصلوٰة والسلام એ એક કિબ્તીને જાનથી મારી નાખ્યો અને ફર્માવ્યું : هٰذَا مِنْ عَمَلِ الشَّيْطٰنِ કે આ શૈતાની કામ છે. જાણવા મળ્યું કે આપે જુલ્મની રીતે મારી નાખ્યો કે જે મહાન ગુનોહ છે !

જવાબ : આપનો ઈરાદો મારી નાખવાનો ન હતો બલ્કે કિબ્તી જાલિમ પાસેથી મઝલૂમ ઈસ્રાઈલીને છોડાવવાનો હતો. આપે હટાવવાના માટે થાપડ લગાડી દીધી તો તે નબીની તાકાતને સહન ન કરી શક્યો અને મરી ગયો. તો આ કત્લ ખતાથી થઈ અને અંબિયાથી ખતા થઈ શકે છે તેમજ આ બનાવ નબુવ્વત અતા થતાં પહેલાંનો છે. રૂહુલ બયાનમાં છે : **કાન હાઝા કબ્લન્ નુબુવ્વહ.** વળી તે કિબ્તી હર્બી કાફિર હતો જેનો કત્લ જુર્મ નથી. આપે તો એક જ કિબ્તીને માર્યો પણ અમુક દિવસો પછી તો સર્વ કિબ્તીઓને ગર્ક કરી દેવામાં આવ્યા ! રહ્યો એ ફેઅલને શૈતાનનો અમલ બતાવવું તો એ આપની (મૂસા عليه الصلوٰة والسلام ની) અતિશય કક્ષાની આજિઝીનો ઈઝહાર છે કે ખિલાફે ઉલા કામને પણ પોતાની ખતા જાણી એટલે કે એ કામ સમયથી પહેલાં થઈ ગયું, જ્યારે કિબ્તીઓની હલાકતનો સમય આવત તો એ પણ હલાક થાત. فَغَفَرَلَهٗ اور ظَلَمْتُ نَفْسِيْ થી ધોકો ન ખાવ ! કેમ કે આ શબ્દો ખતા માટે પણ બોલવામાં આવે છે.

વાંધો (૧૦) : રબ તઆલાએ આપણા નબી ﷺ ને ફર્માવ્યું : وَوَجَدَكَ ضَآلًّا فَهَدٰى જાણવા મળ્યું કે આપ પણ પહેલાં ગુમરાહ હતા બાદમાં હિદાયત મળી.

જવાબ : અહીં જે કોઈ **દ઼ાલ્લન**નો અર્થ ''ગુમરાહ'' કરે તે ખૂદ ગુમરાહ છે. રબ ફર્માવે છે : مَاضَلَّ صَاحِبُكُمْ وَمَاغَوٰى ''તમારા મહબૂબ ન કદી ગુમરાહ થયા ન બહેકયા.'' અહીં **દ઼ાલ્લન**નો અર્થ 'અલ્લાહની મહોબ્બતમાં ખોવાયેલ' છે અને હિદાયતથી મુરાદ સુલૂકનો દરજો છે. એટલે કે રબે તમને પોતાની મહોબ્બતમાં સરશાર અને ખોવાયેલા પામ્યા તો તમને સુલૂક અતા ફર્માવ્યો. યૂસુફ عليه الصلوٰة والسلام ના ભાઈઓએ યાકૂબ عليه الصلوٰة والسلام ને અર્ઝ કરી : اِنَّكَ لَفِىْ ضَلٰلِكَ الْقَدِيْمِ يا اِنَّكَ لَفِىْ ضَلٰلٍ مُّبِيْنٍ અહીં **દ઼લ્લ** મહોબ્બતમાં ગુમ થવાના અર્થમાં છે. શૈખ અબ્દુલ હક્કકે મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પ્રકરણ–પાંચમાં ફર્માવ્યું, કે અરબી **દ઼ાલ** તે ઊંચું ઝાડ છે જેનાથી ગુમ થયેલા લોકો હિદાયત પામે, એટલે હે મહબૂબ ! હિદાયત આપનાર ઊંચા ઝાડ રબે તમને પામ્યા કે જે અર્શ, ફર્શ દરેક જગાએ જોવા મળે, જેથી તમારા થકી સૌને હિદાયત આપી દીધી. એટલે કે હિદાયત **હદા** ના મફઉલ આમ લોકો છે, ન કે નબી ﷺ . અન્ય પણ તેના ઘણા અર્થો કરવામાં આવ્યા છે.

વાંધો (૧૧) : રબ ફર્માવે છે : لِيَغْفِرَلَكَ اللّٰهُ مَاتَقَدَّمَ مِنْ ذَنْبِكَ وَمَاتَاَخَّرَ એટલે કે ''જેથી રબ તઆલા તમારા આગલા પાછલા ગુનાહો માફ કરે.'' જાણવા મળ્યું કે આપ ગુનેહગાર હતા. હુઝૂર ﷺ પણ હંમેશા પોતાના માટે મગફેરતની દુઆ કરતા હતા. જો ગુનેહગાર ન હતા તો ઈસ્તિગફાર કેવી ?

જવાબ : એના કેટલાક જવાબો છે : **એક** એ કે મગફેરતથી મુરાદ ઈસ્મત અને હિફાઝત છે. મતલબ એ છે કે અલ્લાહ હમેશાં આપને ગુનાહોથી મેહફૂઝ રાખે.

રૂહુલ બયાનમાં છે :–

اَلْمُرَادُ بِالْمَغْفِرَةِ الْحِفْظُ وَالْعِصْمَةُ اَزْلًا وَاَبَدًا ۔ فَيَكُوْنُ الْمَعْنٰى يَسْتَحْفِظُكَ وَيَعْصِمُكَ مِنَ الذَّنْبِ الْمُتَقَدَّمِ وَالْمُتَاَخَّرِ

બીજુ એ કે **ઝન્બ**થી નબુવ્વતથી પહેલાંની ખતાઓ મુરાદ છે. ત્રીજુ એ કે **ઝન્બિક**માં એક મઝાફ છુપાયેલો છે. એટલે કે આપની ઉમ્મતના ગુનાહ જેમ કે **લક** ફર્માવવાથી માલૂમ થયું. એટલે તમારા સબબથી તમારી ઉમ્મતના ગુનાહ માફ કર્યા. જો આપના ગુનાહ મુરાદ હોત તો **લક**થી શો લાભ થાત ? (રૂહુલ બયાન તથા ખાઝિન) આ આયતની તફસીર બીજી આયત છે : **વલવ અન્ન હુમ ઇઝ્ઝલમૂ...** (છેવટ સુધી) કદીક ગુનાહની નિસ્બત ગુનેહગારની તરફ હોય છે કદી બખ્શિશના જિમ્મેદારની તરફ. જેમ કે ક્યારેક મુકદ્દમો (કેસ) મુજરિમની તરફ હોય છે અને ક્યારેક વકીલની તરફ. કે વકીલ કહે છે કે આ મારો કેસ છે જેનો હું જિમ્મેદાર છું. અહીં નિસ્બત બીજી તરફ કરી છે. એટલે આપના જિમ્મેવાળા ગુનાહ જેની શફાઅતના આપ જિમ્મેદાર છો.

વાંધો (૧૨) : હુઝૂર ﷺ થી રબ ફર્માવે છે:–

وَلَوْلَاۤ اَنْ ثَبَّتْنٰكَ لَقَدْ كِدْتَّ تَرْكَنُ اِلَيْهِمْ شَيْـًٔا قَلِيْلًا ''જો અમે તમને અડગ ન રાખત તો નજીક હતું કે તમે કાફિરોની તરફ કાંઈક વળી જાત.'' એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ કાફિરો પ્રતિ વળી ચૂક્યા હતા પણ રબે રોક્યા અને કુફની તરફ ખેંચાણ પણ ગુનોહ છે.

જવાબ : એના કેટલાક જવાબો છે : એક એ એમાં શર્ત તથા બદલો છે એટલે કે આ કજીયો શર્તી છે. જેમાં બંને મુકદ્દમાઓનું હોવું તો શું ઈમ્કાન (શક્યતા) પણ જરૂરી નથી.

રબ ફર્માવે છે : لَوْكَانَ لِلرَّحْمٰنِ وَلَدٌ فَاَنَا اَوَّلُ الْعٰبِدِيْنَ ''જો રબનો પુત્ર હોત તો તેનો પ્રથમ પૂજારી હું હોત.'' ન ખુદાનો પુત્ર હોવું શક્ય અને ન નબી عليه الصلوة والسلام નું તેની પૂજા કરવું.'' એજ પ્રમાણે અહીં ''ન રબ તઆલાનું હુઝૂર ﷺ ને મેહફૂઝ ન રાખવું શક્ય અને ન આપનું તેમના પ્રતિ ખેંચાવું શક્ય.'' બીજું એ કે અહીં ફર્માવવામાં આવ્યું કે જો હું તમને પહેલેથી જ માસૂમ તથા અડગ ન ફર્માવી ચૂક્યો હોત તો આપ તેમની પ્રતિ કાંઈક અંશે ઝુકવાની નિકટ થઈ જાત કેમ કે તેમના ધોકા તથા પ્રપંચો ઘણા જ સખ્ત ખતરનાક હતા. એટલે કે આપ માસૂમ છે જેથી આપ કાફિરોની પ્રતિ ન વળ્યા બલ્કે વળવાની નિકટ પણ ન થયા. એનાથી તો આપની ઈસ્મત (પવિત્રતા)

સાબિત થઈ ! (જુઓ ખાઝિન, મદારિક, રૂહુલ બયાન) ત્રીજુ એ કે એક તો હુઝૂર عليه الصلوٰة والسلام ની તબીઅત ''મુબારક'' છે બીજુ આપની નબુવ્વત અને ઈસ્મતે ઈલાહી. આ આયતથી જાણવા મળ્યું કે નબુવ્વત તથા ઈસ્મતથી નજર ફેરવીને આપની પાક ફિતરત અયબ તથા ગુનાહોથી એવી પાક છે જેમાં એની ક્ષમતા જ નથી, કેમ કે આપની રૂહાનિયત બશરિયત પર ગાલિબ (છવાયેલી) છે. એટલે કે જો અમે તમને માસૂમ પણ ન બનાવત તો પણ આપ કાફિરોથી ન મળત, એમના પ્રતિ ન ઝુકત બલ્કે કાંઈક ઝુકવાના નિકટ થઈ જાત. હવે જ્યારે ફિતરતે સલીમા (સારી પ્રકૃતિ) પર રબનો એ કરમ થયો કે આપને માસૂમ પણ બનાવ્યા, સર મુબારક પર નબુવ્વતનો તાજ પણ રાખ્યો, હવે તો સુબ્હાનલ્લાહ ! શું કહેવું ? કોઈ કુસૂરનો અવકાશ જ નથી ! એની તફસીર રૂહુલ બયાનમાં છે :–

اِنَّمَا سَمَّاهُ قَلِيْلًا لِاَنَّ رُوْحَانِيَّةَ النَّبِيِّ كَانَتْ فِيْ اَصْلِ الْخَلْقَةِ غَالِبًا عَلَى الْبَشَرِيَّتِ اِذْلَمْ يَكُنْ حِيْنَئِذٍ لِرُوْحِهٖ شَيْءٌ يُحِبُهٗ عَنِ اللّٰهِ تَعَالٰى فَالْمَعْنٰى لَوْلَا التَّثْبِيْتُ وَقُوَّةُ النُّبُوَّةِ وَنُوْرُ الْهِدَايَةِ وَاَثَرُ نَظَرِ الْعِنَايَةِ لَقَدْ كِدْتَّ تَرْكَنُ

વાંધો (૧૩) : રબ તઆલા ફર્માવે છે :–

مَاكُنْتَ تَدْرِىْ مَاالْكِتٰبُ وَلَاالْاِيْمَانُ ''હે નબી ﷺ આપ ન જાણતા હતા કે કિતાબ શું ચીજ છે અને ન એ કે ઈમાન શું છે ?'' જાણવા મળ્યું કે હુઝૂર ﷺ પેદાઈશી આરિફ બિલ્લાહ નથી. આપને તો ઈમાનની પણ ખબર ન હતી !

જવાબ : એના કેટલાક જવાબો છે : એક એ કે અહીં ઈલ્મની નફી (નકાર) નથી બલ્કે વરાયત એટલે અટકળ અને કયાસથી જાણવાની નફી (નકાર) છે.

આખી આયત આ પ્રમાણે છે :–

وَكَذٰلِكَ اَوْحَيْنَا اِلَيْكَ رُوْحًا مِّنْ اَمْرِنَا مَاكُنْتَ تَدْرِىْ مَاالْكِتٰبُ એટલે અમે આપના પર અમારા ફઝલથી કુર્આન વહી કર્યું, આપ જાતે પોતે જાણતા ન હતા. એટલે એ ઈલ્મનો ઝરીયો અલ્લાહની વહી છે ન કે કેવળ અટકળ કે

કયાસ. બીજું એ કે એનાથી પેદાઈશ મુબારકનો હાલ નથી બયાન થઈ રહ્યો બલ્કે નૂરે મુહમ્મદીની પેદાઈશનો હાલ છે. એટલે કે અમે તમને આલમે અરવાહમાં સફેદ તથા સિયાહ પેદા કર્યા હતા. પછી તેના પર ઈલ્મોના નકશો નિગાર કરીને નબુવ્વતનો તાજ માથા પર રાખીને દુનિયામાં મોકલ્યા. આપ આલમે અરવાહમાં જ નબી હતા. ખૂદ ફર્માવે છે : كُنْتُ نَبِيًّاوَّادَمُ بَيْنَ الْمَاءِ وَالطِّيْنِ ''હું એ સમયે નબી હતો જ્યારે કે આદમ عليه الصلوٰة والسلام માટી તથા પાણીમાં જલ્વાગર હતા.'' ત્રીજુ એ કે ઈમાન તથા કુર્આનના તફસીલી અહકામ મુરાદ છે એટલે કે આપ વહીથી પહેલાં ઈસ્લામી અહકામ તફસીલવાર જાણતા ન હતા. એની તફસીરમાં રૂહુલ બયાનમાં છે : اَىْ اَلْاِيْمَانُ بِتَفَاصِيْلِ مَافِىْ تَضَاعِيْفِ الْكِتٰبِ પછી ફર્માવે છે :

لِاَنَّهٗ عَلَيْهِ السَّلَامُ اَفْضَلُ مِنْ يَحْيٰى وَعِيْسٰى وَقَدْ اُوْتِىَ كُلَّ الْحِكْمَةِ وَالْعِلْمِ صَبِيًّا

એટલે કે નબી ﷺ યહ્યા અને અને ઈસા عليه السلام થી અફઝલ છે અને તેમને ઈલ્મ તથા હિકમત બચપનમાં જ અતા થઈ ગઈ હતી તો કઈ રીતે શકય છે કે આપ બચપન શરીફમાં ઈલ્મથી ખાલી રહી જાવ !

વાંધો (૧૪) : રબ ફર્માવે છે : فَاَزَلَّهُمَا الشَّيْطٰنُ આદમ તથા હવ્વા عليه السلام ને શૈતાને ફુસલાવી દીધાં. જાણવા મળ્યું કે શૈતાનનો દાવ અંબિયા પર ચાલી જાય છે. પછી તમે શા માટે કહો છો કે શૈતાન તેમના સુધી નથી પહોંચી શકતો ?

જવાબ : અમે એ કહ્યું છે કે શૈતાન તેમને ગુમરાહ નથી કરી શકતો અને ન તેમની પાસે જાણી બુઝીને કબીરા કરાવી શકે છે. તેણે ખૂદ કહ્યું હતું : لَاُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِيْنَ અને અહીં છે : فَاَزَلَّهُمَا الشَّيْطٰنُ ગુમરાહી ઓર ચીજ છે અને ફુસલાવવું ઓર ચીજ છે.

વાંધો (૧૫) : યૂસુફ عليه الصلوٰة والسلام ના ભાઈઓને ઘણા લોકોએ પયગંબર માન્યા છે. જ્યારે કે તેમણે મોટા મોટા ગુનાહો કર્યા, બેકુસૂર ભાઈને સતાવવો, આઝાદ ભાઈને વેચીને તેની કિંમત ખાવી, પોતાના વાલિદને જૂઠુ બોલીને તેમને ૪૦ વરસો સુધી રડાવવા મતલબ કે જુર્મોની હદ કરી નાખી અને તો પણ નબી થયા ! જાણવા મળ્યું કે નબીનું માસૂમ હોવું શર્ત નથી.

જવાબ : જમહૂર ઉલમાએ તેમને પયગંબર ન માન્યા, હા ! એક જમાઅતે અમુક ઝઈફ દલીલો વડે તેમની નબુવ્વતનો વહેમ કર્યો છે. એટલા માટે અમે પ્રસ્તાવનામાં દર્શાવ્યું કે અંબિયાએ કિરામનું નબુવ્વતથી પહેલાં બદઅકીદગીથી પાક હોવું ઈજમાઈ મસ્અલો છે અને ગુનાહે કબીરાથી પાક હોવું જમહૂરનો કૌલ છે અને નબુવ્વત (અતા થયા) પછી કબીરા ગુનાહથી પાક હોવા પર પણ ઈજમાઅ છે. આ હઝરાતની નબુવ્વત કોઈ સ્પષ્ટ દર્શાવતી આયત કે હદીષ અથવા સહાબીના કથનથી સાબિત નથી. હા ! રબે ફર્માવ્યું છે : لِيُتِمَّ نِعْمَتَهٗ عَلَيْكَ وَعَلٰى يَعْقُوْبَ અહીં નેઅમતથી નબુવ્વત મુરાદ નથી અને ન આલે યાકૂબથી તેમની સર્વ ઔલાદ મુરાદ છે. રબે મુસલમાનોને ફર્માવ્યું : وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِىْ

અમુક લોકોએ કહ્યું કે રબ ફર્માવે છે :–

وَمَآاُنْزِلَ اِلٰى اِبْرٰهِيْمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ

અસ્બાત યાકૂબ عليه الصلوٰة والسلام ના ૧૨ પુત્રો છે, એના પરથી જાણવા મળ્યું કે આ પણ સૌ વહીવાળા હતા. પણ એ પણ કમજોર જેવી વાત છે ન તો **ઉન્ઝિલ**માં વાસ્તા વિના વહી આવવાનું બયાન છે ન તેની કોઈ દલીલ છે કે અસ્બાત તેમના પુત્રોનો જ લકબ છે.

રબ ફર્માવે છે : قُوْلُوْا اٰمَنَّا بِاللّٰهِ وَمَآاُنْزِلَ اِلَيْنَا وَمَآاُنْزِلَ اِلٰى اِبْرٰهِيْمَ الاية અહીં **ઉન્ઝિલ ઈલૈના**નો એ મતલબ નથી કે અમારા સૌના પર વહી આવી અને અમે સૌ પયગંબર છીએ અને અસ્બાત બની ઈસરાઈલના બાર કબીલાઓનો લકબ છે અને ખરેખર તેમનામાં અંબિયા આવતા રહ્યા. રબ ફર્માવે છે : وَقَطَّعْنٰهُمُ اثْنَتَىْ عَشْرَةَ اَسْبَاطًا اُمَمًا તફસીરે રૂહુલ મઆનીમાં اِنَّ الشَّيْطَانَ لِلْاِنْسَانَ عَدُوٌّ مُّبِيْنٌ ની તફસીરમાં છે :–

فَالَّذِىْ عَلَيْهِ الْاَكْثَرُوْنَ سَلَفًا وَّخَلَفًا اَنَّهُمْ لَمْ يَكُوْنُوْا اَنْبِيَاءَ اَصْلاً فَلَمْ يَنْقَلْ مِنَ الصَّحَابَةِ اَنَّهٗ قَالَ بِنَبُوَّتِهِمْ

એ જ પ્રમાણે તફસીરે રૂહુલ બયાન વગેરએ પણ તેમની નબુવ્વતની ખૂબ રદ કરી. હા ! તે સૌ હઝરાત તૌબા પછી ઔલિયા અલ્લાહ બલ્કે પયગંબરના

સહાબી બન્યા, તેમને યૂસુફ عليه الصلوة والسلام એ ખ્વાબમાં તારાઓના રૂપમાં જોયા કેમ કે તેઓ નબીના સહાબી હતા. હુઝૂર ફર્માવે છે: **अस्हाबिकन्नुजूम** તેમ જ તે સર્વ ગુનાહો યાકૂબ عليه الصلوة والسلام ની મહોબ્બત પામવા માટે હતા. પછી તેમણે તેમનાથી પણ અને યૂસુફ عليه الصلوة والسلام થી પણ માફી મેળવી લીધી, અને બંને હઝરાતે તેમના માટે મગફેરતની દુઆ કરી જેથી તેઓ મગફૂર (બખ્શાયેલા) થયા. તેમની શાનમાં ગુસ્તાખી કરવી સખ્ત મેહરૂમીની નિશાની છે. કાબિલે એક સ્ત્રીની મહોબ્બતમાં ગુનોહ કર્યો અને પછી હઝરત આદમ عليه الصلوة والسلام થી માફી પણ ન હાંસલ કરી શકયો જેથી તે બેઈમાન રહ્યો અને આ ઈમાનદાર રહ્યા.

વાંધો (૧૬) : કુર્આને કરીમથી સાબિત છે કે ઝુલૈખાએ ઝિનાનો ઈરાદો કર્યો કે જે સખ્ત જુર્મ છે અને તમે કહી ચૂક્યા છો કે નબીની પત્ની ફાહિશા નથી હોતી. તો હઝરત યૂસુફ عليه الصلوة والسلام ની પત્ની કઈ રીતે થઈ શકે છે ? તે ફાહિશા બદકાર હતી ! જેથી માનો કે ક્યાં તો તેમનો નિકાહ નથી થયો અથવા એ કાયદો ગલત છે.

જવાબ : હઝરત ઝુલૈખા યૂસુફ عليه الصلوة والسلام ની પત્ની અને માનને પાત્ર પત્ની છે. તેમનું યૂસુફ عليه الصلوة والسلام ના નિકાહમાં આવવું આમ તફસીરોથી સાબિત છે. તેમનાથી જ યૂસુફ عليه الصلوة والسلام ના બે ફરઝંદ પેદા થયા, અફરાષીમ તથા મયશાઅ. તફસીરે ખાઝિન, તફસીરે કબીર, મદારિક, મુઆલિમુત્તન્ઝીલ વગેરેમાં તેની સ્પષ્ટતા છે. આપ ન તો ફાહિશા હતાં અને ન આપનાથી ઝિના જેવો ગુનોહ કદી સાદિર થયો. યૂસુફ عليه الصلوة والسلام સાથે સંભોગનો ઈરાદો ઈશ્કની બેખૂદીની હાલતમાં થઈ ગયો. જમાલે યૂસુફે તેમને દીવાનાં કરી મૂક્યાં. આ દીવાનગીની હાલતમાં એ ઈરાદો કરી બેઠાં. જ્યારે મિસ્રી સ્ત્રીઓએ એ જ જમાલ (ખૂબસૂરતી)થી બેખૂદ થઈને પોતાના હાથ કાપી નાખ્યા ! તો જો હઝરત ઝુલૈખાએ એ હુસ્ન પર દીવાના થઈને સબ્રનો દામન ચાક કરી દીધો તો શું આશ્ચર્ય છે ?! પછી એ તમામ ખતાઓથી તૌબા પણ કરી લીધી. એ પણ ખ્યાલ રાખશો કે ઝુલૈખાએ કેવળ યૂસુફ عليه الصلوة والسلام થી

જ કેવળ આકર્ષણ કર્યું ન કે કોઈ અન્યથી અને રબે તેમને દરેક રીતે મેહફૂઝ રાખ્યાં. અમે અંબિયાની પત્નીઓને ઝિના તથા ફુહશથી મેહફૂઝ માની છે ન કે માસૂમ. હઝરત ઝુલૈખાએ એ ગુનોહ (કેવળ ઈરાદો કરવાનો ગુનોહ) કરીને તૌબા કરી લીધી. જેમ કે અર્ઝ કરી : اَلْاٰنَ حَصْحَصَ الْحَقُّ اَنَارَاوَدْتُّهٗ عَنْ نَفْسِهٖ

ઝુલૈખાએ પોતાની ખતાઓનો ઈકરાર કર્યો અને શર્મિંદગી સાથે જુર્મનો સ્વીકાર તૌબા છે. રબ તઆલાએ ઝુલૈખાની ખતાનો ઉલ્લેખ તો કરી આપ્યો પણ તેમના પર એતાબ કે અઝાબનો ઉલ્લેખ નથી કર્યો. જેથી જાણવા મળે છે કે તેમના ગુનાહની માફી થઈ ચૂકી. હવે તેમની ખતાઓનો બેઅદબી સાથે ઉલ્લેખ કરવો સખ્ત બુરુ કામ છે. તેમનાથી ઝિના કે ફહશ કદી સાદિર નથી થયું. માલૂમ નહીં દેવબંદીઓની કયા શૈતાને બુદ્ધિ મારી નાખી કે તેમનો હુમ્લો હમેશાં અંબિયાએ કિરામની ઈજજત આબરૂ પર થાય છે. હઝરત ઝુલૈખા યૂસુફ عليه الصلوٰة والسلام ની અહલે બૈત છે, તેમની તૌહીન તે બાકમાલ પયગંબરની તૌહીન છે. રબ તઆલા સદ્‌બુદ્ધિ આપે.

ઉપસંહાર : યાદ રાખશો કે રબ તઆલા અંબિયાનો રબ છે અને અંબિયાએ કિરામ તેના પ્યારા બંદા છે. તે જે રીતે ચાહે તેમની લગઝિશો તથા ખતાઓનો ઉલ્લેખ કરે અને આ હઝરાત જે રીતે ઈચ્છે પોતાના રબથી પોતાની નિયાઝમંદી તથા બંદાપણાનો ઈઝહાર કરે. આપણને કોઈ રીતે હક્ક નથી કે તેમની લગઝિશોનું વર્ણન કરતા ફરીએ અથવા ગુસ્તાખીઓ કરીને આપણુ આમાલનામુ કાળુ કરી લઈએ. રબ તઆલાએ આપણને તાઝીમ તથા તૌકીરનો હુકમ આપ્યો. જુઓ ! યૂસુફ عليه الصلوٰة والسلام મિસ્રમાં જાહેરી રીતે વેચાયા હતા. મિસ્રવાળા સમજતા હતા કે આ અઝીઝે મિસ્રના ખરીદી કરેલા છે. રબ તઆલાએ એ દાગને એમના દામનથી મિટાવવાના માટે સાત વરસ ઘરેણા, જેવરાત આપીને, ત્રીજા વરસે જાનવરો તથા ચોપગાંઓ આપીને, ચોથા વરસે પોતાના ગુલામ તથા બાંદીઓ આપીને, પાંચમા વરસે પોતાનાં મકાનો આપીને, છઠ્ઠા વરસે પોતાની ઔલાદ આપીને, સાતમા વરસે મિસ્રવાળાઓએ પોતાને યૂસુફ عليه الصلوٰة والسلام ના હાથે વેચી નાખ્યા અને અર્ઝ કરી કે અમે આપના

લોંડી ગુલામ બનીએ છીએ અમને અનાજ આપો ! ત્યારે આપે એમના પર એહસાન કર્યું કે સૌને આઝાદ કરી આપ્યા અને તેમનો સર્વ માલ સંપત્તિ, જાનવર, જાયદાદ વગેરે પાછુ આપી દીધું. (જુઓ તફસીરે ખાઝિન, મદારિક તથા રૂહુલ બયાન વગેરે) આ શાથી થયું ? કેવળ એટલા માટે કે જ્યારે સર્વ મિસ્રવાળા આપના ગુલામ બની ગયા તો હવે તેમને ગુલામ કોણ રાખે ? જાણવા મળ્યું કે **એક પયગંબરની અઝમત સાચવી રાખવાના માટે આખા વિશ્વને મુસીબતમાં નાખી શકાય છે.** હઝરત ઉમર رضی اللہ عنہ ના જમાનામાં એક ઈમામ હમેશાં નમાઝમાં 'સૂરએ અબસ' પઢતો હતો. આપને ખબર મળી તો તેને કત્લ કરાવી નાખ્યો. *(જુઓ રૂહુલ બયાન, તફસીર સૂરએ અબસ)* આ સૂરતની ખૂબ જ ઉમદા તફસીર અમારી કિતાબ 'શાને હબીબુર્રહમાન'માં જુઓ, જેમાં સાબિત કરવામાં આવ્યું છે કે આ હુઝૂર ﷺની નેઅમત છે. રબ તઆલા દેવબંદીઓને હિદાયત આપે, તેમણે અંબિયાએ કિરામ પર બકવાસ બકવાની હિંમત પેદા કરી દીધી.

وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ وَنُوْرِ عَرْشِهٖ سَيِّدِنَا وَمَوْلٰنَا
مُحَمَّدٍ وَّاٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ۔